ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ



ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**


**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




**e-book**

Title : Ramcharitmanas
Language : Gujarati
Version : 2.0
Pages : 1008
Created : December 31st 2022


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*

## <u>સ્વકીય</u>



રામચરિતમાનસ, સંતશિરોમણિ તુલસીદાસ મહારાજની રસમય રચના.

ગોસ્વામી શ્રી તુલસીદાસ કૃત રામચરિતમાનસનો ભાવાત્મક પદ્યાનુવાદ કરવાની ઈચ્છાનો ઉદય લગભગ વીસેક વરસ પહેલાં થયેલો. ઈ.સ. ૧૯૮૧માં ચૈત્ર સુદ એકમથી એ ઈચ્છાએ સાકાર સ્વરૂપ ધર્યું. ઈ.સ. ૧૯૮૨માં અષાઢ સુદ અગિયારસે સવા વરસ જેટલા સમય પછી તે કાર્ય પૂરું થયું.

એ કાર્યથી મારો સમય સુધર્યો છે અને મને આનંદ મળ્યો છે તેમ અન્યને પણ મળશે એવી આશા છે. પદ્યાનુવાદ મૂળને વફાદાર રહીને લોકભોગ્ય આખ્યાનના રાગમાં કર્યો છે. મૂળ દોહા દોહાના રૂપમાં જ રાખ્યા છે. વાચકોને એ ગમશે.

પદ્યાનુવાદ સાથે પ્રત્યેક કાંડનું વિહંગાવલોકન કર્યું છે. પ્રત્યેક કાંડની સંક્ષિપ્ત આવશ્યક તટસ્થ નોંધ પણ મૂકી છે. એ અભ્યાસનોંધ રામચરિતમાનસ પ્રત્યેના પ્રબળ પ્રેમભાવથી પ્રેરાઈને કરાયેલી છે. અભ્યાસીઓને એ ગમશે.

પદ્યાનુવાદનું કલ્યાણકાર્ય ભગવદ્કૃપાપૂર્ણ ભગીરથ પ્રયત્ન પછી પરિસમાપ્તિ પર પહોંચ્યું. પરંતુ આવા વિશાળ કદના મહાગ્રંથને કોણ પ્રકાશિત કરે એવો પ્રશ્ન પેદા થયો. મોટામોટા ખ્યાતનામ પ્રકાશકો પણ એના પ્રકાશન માટે ભાગ્યે જ તૈયારી બતાવે એવી નાજુક પરિસ્થિતિમાં કુમકુમ પ્રકાશનવાળા શ્રી બાબુભાઈએ એને માટેની સહર્ષ સ્વૈચ્છિક તૈયારી બતાવી. એને માટે એમને જેટલા પણ ધન્યવાદ આપું એટલા ઓછા છે. એમના અસાધારણ ઉત્સાહ તથા સેવાભાવને માટે એમને અભિનંદન.

રામચરિતમાનસના પદ્યાનુવાદના પ્રસ્તુત ગ્રંથને શ્રી અનંતરાય રાવળ જેવા પરમ સાક્ષર તથા વીતરાગ વિવેચકે એમની લાક્ષાણિક વિશિષ્ટ રીતે આવકાર્યો છે એને માટે એમને પણ આત્મિક અભિનંદન આપું છું. પોતાના વિપુલ વ્યવસાયરત જીવનમાંથી સમયને ફાળવીને એમના અસામાન્ય સાહિત્યપ્રેમને લીધે જ એવું કાર્ય કરી શક્યા છે.

**- યોગેશ્વર**

## આવકાર

યોગેશ્વરજીનું નામ લેખક, પ્રવચનકાર અને સંતપુરુષ તરીકે ગુજરાતને હવે જરાય અજાણ્યુ રહ્યું નથી. પોલ બ્રન્ટનના 'A search in secret India' એ અંગ્રેજી પુસ્તકના એમના અનુવાદે તથા 'ભગવાન રમણ મહર્ષિ' એ રમણ મહર્ષિના જીવન અને કાર્યના એમના વિસ્તૃત ચરિત્રગ્રંથે એમના પોતાના વિશે વાચકોમાં જે સ્વાભાવિક જિજ્ઞાસા જન્માવી છે તેને એમની પ્રચ્છન્ન અને પ્રગટ આત્મકથા 'શ્રેય અને સાધના' તથા 'પ્રકાશના પંથે' એ બે ગ્રંથોએ સંતોષી આપવાનું કામ કર્યું છે. કૉલેજના અભ્યાસ સુધી પહોંચેલા પણ પૂર્વજન્મના સંસ્કારોને પ્રભાવે અધ્યાત્મ સાધના ભણી વળી જઈ ભારતનાં તીર્થધામોની તથા સંતમહાત્માઓના આશ્રમોની યાત્રા બાદ હિમાલયમાં સારો એવો સમય તપશ્ચર્યા અને સાધનામાં ગાળી પ્રાપ્તવ્યની પ્રાપ્તિ બાદ છેલ્લાં કેટલાંક વરસોથી ગુજરાત, ભારત અને પરદેશમાં વસતા જિજ્ઞાસુ અને મુમુક્ષ વૃત્તિના ભારતીયોને પ્રવચનો દ્વારા આપણા પ્રાચીન ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ-સાધનાનાં મૂળ તત્ત્વો સમજાવી તેમને ધર્માભિમુખ અને સાધનાતત્પર બનાવવાનો અંતર્યામીના આદેશે ચીંધેલો પુરુષાર્થ પોતે કેવો બજાવી રહ્યા છે તે આપણે જાણીએ છીએ.

પોતાના એ મિશનનું સાધન જેમ જીભને તેમ કલમને પણ તેમણે એટલા જ મોટા પ્રમાણમાં બનાવેલ છે. તેમનાં અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં પુસ્તકોની મોટી સંખ્યા એનો બોલતો પુરાવો બની રહે છે. એમાં બાદરાયણના બ્રહ્મસૂત્રો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, પાતંજલ યોગસૂત્રો, ભાગવત અને રામાયણ એમનાં સરળ લોકગમ્ય ભાષ્યવિવરણનાં વિષય બન્યાં છે, જે તેમને વેદાંત, યોગ અને ભક્તિપોષક પુરાણગ્રંથોના અભ્યાસી અવગાહક તરીકે પ્રગટ કરે છે. આવા શાસ્ત્રપારંગત સંત સાહિત્યના પણ જીવ છે. વાર્તા, નવલકથા, કવિતા, ચરિત્ર, પ્રવાસવર્ણન, આત્મકથા વિગેરે સાહિત્યસ્વરૂપોની સેવામાં પણ એમની કલમ અને કલ્પના સારા પ્રમાણમાં વિહર્યાં હોવાનું એ પ્રકારનાં એમનાં પ્રગટ થયેલાં પુસ્તકોની સંખ્યા બતાવી આપે છે. એ પ્રકારના સર્જનાત્મક સાહિત્યમાં પણ એમની દૃષ્ટિ અને વૃત્તિ માનવીના શ્રેય અને ઊર્ધ્વીકરણને લક્ષતી રહી હોય એ વગર કહ્યે સમજાય તેવું છે. પુસ્તકોનું લેખન-પ્રકાશન એમના અવિશ્રાન્ત કર્મયોગનું ફળ કહેવાય. નિત્યનો અંગત સાધનાક્રમ, નિદ્રા-ભોજન આરામના દેહધર્મ અને જાહેર પ્રવચનો બાદ કરતાં બાકી વધતા સમયની પળેપળનો ઉપયોગ પોતે સ્વાધ્યાય-ચિંતન અને લેખનમાં એવો કરતા હોય છે કે લેખન તેમના કર્મયોગનો એક ભાગ જ બની ગયેલ જણાય છે. ગીતાનું પતે કે તરત ભાગવતનું અને એ પતે કે તરત બ્રહ્મસૂત્રનું, એમ એક પછી એક કામ એમણે ઉપાડ્યું જ હોય. એ ક્રમમાં તુલસીકૃત 'રામચરિતમાનસ'ના ગુજરાતીકરણનો વારો આવતાં ભાવિકોને એમનો આ ગ્રંથ ઉપલબ્ધ થાય છે.

વિદેશી પંડિતોને ગ્રીક કવિ હોમરના 'ઈલિયડ' અને 'ઑડિસ્સી' કરતાં વિશેષ રસિક અને બોધપ્રદ જણાયેલ આપણો 'રામાયણ'નો ધર્મગ્રંથ અને તેમાંની રામકથા હિંદુધર્મ અને સંસ્કૃતિ સાથે એવાં તો જડાઈ ગયા છે કે ભારતમાંથી તો તે કદી ભૂંસાઈ જાય તેમ છે જ નહિ. એ સંસ્કૃત પુરાણ કાવ્યના સર્જકને બ્રહ્માએ આપેલી

यावत्स्थास्यन्ति गिरयः सरितश्च महीतले ।
तावद्रमायणकथा लोकेषु प्रचरिष्यति ॥

એ ખાતરી પૂરેપૂરી સાચી પડી છે. રામાયણકથા ભારતની બધી પ્રદેશભાષાઓમાં તો ખરી જ પણ દુનિયાની પણ ઘણી ભાષામાં ઊતરી છે, અને તેને આધારશિલા બનાવી પોતપોતાની ભાવના, દૃષ્ટિ અને કલાસંપત પ્રમાણે અનેકોની કલમે તે ફરી ફરી લખાયાં કરી છે. તે બાલ-કિશોર-ભોગ્ય સંક્ષેપો પણ કેટલા બધા થયા છે! ભારત અને જાવા-સુમાત્રામાં ચિત્ર શિલ્પ નૃત્ય વગેરે કલાઓએ પણ તેનું કેવું પુનર્નિર્માણ કરી પ્રજાની સંસ્કૃતિમાં વણી લીધી છે! રામાયણનાં પાત્રો અને પ્રસંગોને આધારે કાલિદાસાદિના સંસ્કૃત સાહિત્યના કાળથી આજ સુધીમાં કાવ્યો, નાટકો, વાર્તાઓ અને હવે નવલકથાઓ પણ સંસ્કૃત, પ્રાકૃત અને દેશી ભાષાઓમાં રચાતાં રહ્યાં છે. એમાંનાં પાત્રો અને પ્રસંગોને આજના યુગ સંદર્ભમાં બંધ બેસે એવા નવા અર્થઘટનનો લાભ આપી બધી ભારતીય ભાષાઓમાં પુનરાલેખવામાં આવ્યાં છે. લોકનાટ્ય, નૃત્ય, રંગભૂમિ અને સિનેમા પર રામકથા આજ સુધી રજૂ થતી રહી છે અને વર્ષો સુધી રજૂ થતી રહેવાની. રામાયણકથાના બ્રહ્મા-ભાખ્યા (અને બીજી રીતે વાલ્મિકીના આત્મવિશ્વાસ છલકતા) ચિરંજીવિત્વની એ નિશાની છે.

ભારતમાં મધ્યકાળમાં દેશી પ્રદેશભાષાઓમાં અવધી હિંદીમાં ચારસો વર્ષ પર લખાયેલી તુલસીદાસ વિરચિત રામકથા 'રામચરિતમાનસ' ઉત્તરપ્રદેશમાં અને તદનંતર પશ્ચિમ પૂર્વ અને મધ્ય ભારતમાં પ્રચંડ લોકાદર પામેલી છે. વાલ્મિકીએ રામને ધર્મમૂર્તિ અને સર્વગુણોપેત પુરુષોત્તમ આલેખી તેમના અન્ય પાત્રો દ્વારા વ્યક્તિ, કુટુંબ અને સમાજ માટેનો ધર્મ-સત્ય-પ્રતિષ્ઠિત શ્રેયસ્કર આચરણ કે વ્યવહારનો આદર્શ મૂર્ત કર્યો છે. ઉત્તર ભારતની આર્યસંસ્કૃતિ અને કૃષિનો દક્ષિણમાં પ્રચાર-પ્રસરણ તથા આર્ય-અનાર્યના સંઘર્ષ અને સહચાર-મિલન એમાં કથાના આડ પડદે નિરુપાયાં હોવાનું વિદ્વાનોએ જોયું છે. વાલ્મિકીની રચનામાં રામને ઈશ્વરાવતાર માનવાની શરૂઆત પાછળના ભાગમાં લંકાકાંડમાં એમને એની યાદ અપાવતા શબ્દોમાં જોઈ શકાય છે. પણ તુલસીદાસે તો પોતાના કથાનાયકને 'રામાખ્ય હરિ' જ સ્થાપી દઈ અત્યંત ભક્તિભાવપૂર્વક આખા ગ્રંથની રચના એવી કરી છે કે તેમનું 'રામચરિતમાનસ' હિંદુઓનો પ્રેરણાદાયી રામભક્તિગ્રંથ બની ગયો છે, જેમ 'શ્રીમદ્ ભાગવત' શ્રીકૃષ્ણભક્તિનો. અનેક રામાયણ, પુરાણ, કાવ્ય, નાટક, ઈતિહાસ, ઉપનિષદો વગેરેમાંથી ઉપાદેય વસ્તુ, મધુભોગી ભ્રમરની પેઠે લઈ પોતાની જ એકનિષ્ઠ પ્રભુભક્તિની અભિવ્યક્તિ તુલસીદાસજી પોતે કહે છે તેમ, 'સ્વાન્તઃ સુખાય' વાટે કરી છે તે

'રામચરિતમાનસ' લોકહૃદયમાં સીધો પ્રવેશ કરી ત્યાં પોતાનું અવિચલ્ય આસન જમાનાઓ સુધી જમાવી બેસે અને એમાંનાં ચોપાઈ-દુહા અને રામસ્તુતિઓ ભાવિકોને કંઠેથી આજ સુધી ભારતભરમાં લલકારાતાં રહે, એમાં કશી નવાઈ નથી. 'ભક્તિમાળ'ના કર્તા નાભાજી 'કલિકુટિલજીવનિસ્તારહિત વાલ્મિકી તુલસી ભયો' એમ અને કવિ અબ્દુર્રહીમ 'રામચરિતમાનસ'ને 'હિન્દુઆનકે વેદ સમ, જમનહિં પ્રગટ કુરાન' એમ કહી નાખવા પ્રેરાય અને ગ્રીયર્સન જેવા અંગ્રેજ વિદ્વાનને તુલસીદાસને એશિયાના ત્રણચાર મોટા કવિઓમાં ગણાવી ઈંગ્લેન્ડ સમસ્તમાં બાઈબલનો નથી એટલો પ્રચાર ગંગાજમનાના દોઆબ-પ્રદેશમાં એના રામાયણનો છે એમ કબૂલવું પડે, એ તુલસીકૃત રામકથાની આંતર સંપત્તિ અને લોકહૃદયમાં ભક્તિગ્રંથ તરીકે તેને પ્રાપ્ત થયેલા સ્થાનનો ખ્યાલ આપણને આપી રહે છે. તાજેતરમાં વિદેહ થયેલા પાદરી બુલકે તો તુલસીદાસના અને તેમના રામાયણના પ્રેમી ભક્ત બની ગયા હતા.

ભાષાંતર દ્વારા બીજી ભાષાઓમાં પરદેશ પહોંચેલ 'રામચરિતમાનસ' ગદ્યમાં તો ગુજરાતી ભાષાંતર વર્ષો પહેલાં પામ્યું હતું. પણ યોગેશ્વરજીને સ્ફુર્યું કે એને ગુજરાતીમાં તેની જેવાં જ પદ્યમાં ઉતાર્યું હોય તો ચારસો વર્ષ પહેલાંની અવધિ હિંદી સમજી ન શકનાર ભાવિક ગુજરાતીઓને અર્થસમજણ સાથે તેનું ગાન-પઠન કરવાનું સુગમ બને. બસ, સંકલ્પ થયો કે પછી એને કાર્યાન્વિત કરવા મંડી પડ્યાં યોગેશ્વરજી. પદ્યરચના તો એમને વિદ્યાર્થીકાળમાં કરેલા એના પ્રારંભિક વ્યાયામથી તેમજ ત્યાર પછી અત્યાર સુધીમાં એમણે કરેલી કાવ્યરચનાથી લગભગ હસ્તસિદ્ધ હતી. સમયને હાથમાં લઈ મગજને અને કલમને એવી ઉદ્યમશીલતાથી એમણે ચાલતાં કર્યા કે તુલસીદાસજીને હાથે સં.૧૬૩૧ ચૈત્ર સુદ નવમીને દિવસે આરંભાઈ સં. ૧૬૩૩ના માગશરમાં એટલે બે વરસ ને લગભગ આઠ મહિને પૂરા થયેલ 'રામચરિતમાનસ'ના આ ગુજરાતી રૂપાન્તરને પૂરું થતાં તેનાથી ત્રીજા ભાગનો સમય જ લાગ્યો. પાસે મૂળ હિંદી કૃતિ રાખી પોતે ગુજરાતીમાં ઉતારતા જાય અને એ એવું છેકભૂંસ વિનાનું હોય કે તે સીધું પ્રેસમાં મોકલાવાઈ શકે, એવી ચોકસાઈ અને શીઘ્રલેખનની એમની ફાવટે તેમ એમના ભાષાપ્રભુત્વે એમાં ધાર્યું કામ આપ્યું છે.

અનુવાદમાં એમણે સરળતા અને સુગમતા આણવા પૂરો પ્રયત્ન કર્યો દેખાશે. પ્રધાન કથાનાં પ્રવાહમાં વિક્ષેપ ન પડે તેટલા સારું તેમજ નિવાર્ય અને અનાવશ્યકપણે થતું લંબાણ નિવારવા એમણે મૂળ કૃતિમાંથી કેટલુંક છોડી દેવાનું ઉચિત માન્યું છે. એક બાલકાંડ જ જોઈએ તો તેમણે આરંભની સતીએ રામના ભગવાનપણાનાં કરેલા પારખાથી માંડી બીજા ભવમાં તેમના મહાદેવ સાથે થયેલા વિવાહની લાંબી કથા, નારદનું પોતે કામદેવને જીત્યાનું અભિમાન ભગવાને ઉતાર્યાનો અને નારદે તેમને શાપ આપ્યાનો પ્રસંગ, રાવણના પૂર્વાવતારની પ્રતાપભાનુ ને કાલકેતુની વાત, રાવણની આ જન્મની અભિમાનપ્રેરિત લીલાઓની હકીકત તથા સગરપુત્રો ને ભગીરથની તથા ગંગાની ઉત્પત્તિની વિશ્વામિત્રે રામલક્ષ્મણને પ્રવાસમાં સંભળાવેલી કથા આ દૃષ્ટિ કે સમજથી પ્રેરાઈ

છોડી દીધા છે. આવું થયેલું અન્યત્ર પણ ક્યાંક ક્યાંક મૂળની સાથે આ અનુવાદને સરખાવી જોનારને જણાશે. મૂળની સાથે આ ગુજરાતી અનુવાદને સરખાવી જોનારા આ પણ જોઈ શકશે કે યોગેશ્વરજીએ પદ્યરચનામાં બહુધા તુલસીદાસજીના 'દોહા છંદ ચારુ ચૌપાઈ'ને અનુસરવા-પ્રયોજવાનું રાખ્યું છે. પણ ક્યારેક તેમ નથી પણ કર્યું. દાખલા તરીકે, આરંભની ગણેશ, વિષ્ણુ, મહાદેવ અને ગુરુને વંદનાના પાંચ તુલસીદાસે પ્રયોજેલા સોરઠા આ ગુજરાતી અનુવાદમાં સોરઠામાં ઊતર્યા નથી. એ જ રીતે તુલસીદાસની-

જે જનમે કલિકાલ કરાલા, કરતબ બાયસ બેય મરાલા.
ચલત કુપંથ બેદમગ છાંડે, કપટ કલેવર કલિમલ ભાંડે.
બંચક ભક્ત કહાઈ રામ કે, કિંકર કંચન કોહ કામકે.
તિનમહં પ્રથમ રેખ જગ મોરી, ધીક ધરમ ધ્વજ ધંધક ધોરી.

એ ચોપાઈયો ગુજરાતી અનુવાદમાં

કરાળ કલિયુગમાં જે જન્મયા, વેશ તેમનો હંસ સમો,
કાગ સમા કરતૂત તેમના, મનમાં મેલ ભર્યો સઘળો;
વેદ માર્ગને મૂકીને તે કુમાર્ગ ગ્રહણ સદાય કરે,
કપટમૂર્તિ બનતા કલિયુગના ઘોર કુકર્મ કરી વિચરે.

*

રામભક્તનો સ્વાંગ સજીને, જનતાને ઠગતા ફરતા,
કામ ક્રોધને દાસ લોભના, ધતિંગ ધર્મતણા કરતાં;
ધર્મ તણો ધ્વજ ધરનારા પણ દંભી કપટી અવિચારી,
એવા ઠગ ભક્તોમાં કરજો ગણના સર્વ પ્રથમ મારી.

એ સવૈયામાં ઢળાય છે.

બીજી બાજુ, તુલસીદાસની

છંદ સોરઠા સુંદર દોહા, સોઈ બહુરંગ કમલકુલ સોહા,
અર્થ અનુપ સુભાવ સુભાસા, સોઈ પરાગ મકરંદ સુવાસા.

એ ચોપાઈયો

દોહા સોરઠા સુંદર છંદ કમળપંક્તિ શા છે બહુરંગ,
ભાષા ભાવ અર્થના રંગ, એ પરાગ મકરંદ સુગંધ.

એ ગુજરાતી ચોપાઈઓમાં જ ઉતરી છે. મૂળના 'કમળકુલ' અનુવાદમાં 'કમળપંક્તિ' અને મૂળના 'દુઈ દુઈ દસન અધર અરુણારે'માંના બે દાંત અનુવાદમાં 'અધર લાલ દંત તણી હાર' બને છે. અને અનુવાદના પૃષ્ઠ ૬૫ ની બીજી પંક્તિ મૂળ ચોપાઈ સાથે સરખાવતા તેમાંના 'જેમ પ્રજ્ઞા

પામીને પંડિત' એ શબ્દો તથા એ જ પૃષ્ઠની છેલ્લી પંક્તિ 'અને સાર્થક વચન કર્યું' એ શબ્દો અને તેમાનું કથન મૂળમાં ન હોતાં અનુવાદકનું પોતાનું ઉમેરણ જણાય છે, એ તથા આગળની હકીકત એ બતાવે છે કે ગુજરાતી અનુવાદ બહુધા મૂળ પ્રમાણે પણ કેટલીક વાર સહેજ મોકળાશથી કરવામાં આવ્યો છે. આ ગુજરાતી 'રામચરિતમાનસ'ને હિંદી 'રામચરિતમાનસ' સાથે શબ્દશ: અને પંક્તિશ: સરખાવવાની ચેષ્ટા કરવાની જરૂર નથી, એને મૂળનો સારો સારાનુવાદ કે સરલીકૃત રૂપાન્તર કહેશો તો ચાલશે, એટલું જ આ વિગતો પરથી તારવવાનું છે.

અનુવાદમાં ઘણે સ્થળે ઘણી પંક્તિઓ સાદાસીધા ગદ્ય જેવી જણાય છે. એનું કારણ અનુવાદ ઉતાવળે થયો હોય એ જ નથી, એને શક્ય તેટલો સરળ અને સુગમ બનાવવાના પ્રયાસનું પણ એ ફળ ખરું. યોગેશ્વરજીને ભજનો ગાતાં અને ઝીલાવતાં સાંભળનારાઓને માલૂમ હશે કે તેમનો કંઠ મધુર છે અને ગાનને ટેવાયેલો છે. એવા પોતે આવી પંક્તિઓને ગાવામાં સારી રીતે બેસાડી શકતા હશે એમ માની શકાય. એમની રીતે ગવાતાં એવી પંક્તિઓ કવિતાનો નહીં તો સંગીતનો સ્વાદ આપી શકશે. પૃષ્ઠ ૧૦૯ પરની હરિગીત છંદની ચાલમાં ગાઈ શકાતી પહેલી કડીની પ્રથમ બે પંક્તિઓ બરાબર છે, પણ તે પછીની

ખળભળ્યું જગ, હાથી દિશાના સર્વ ચિત્કારી રહ્યા,
સુર અસુર મુનિએ શ્રવણ બંધ કર્યા, જન પડ્યા ભ્રાંતિમાં.

એ બે પંક્તિઓમાં લય તૂટતો વર્તાય છે. ત્યાં તથા અન્ય સ્થળે જ્યાં ક્યારેક તાલભંગ કે લયમાં સહેજ વિક્ષેપ કે ખટકો વરતાવાનો સંભવ છે ત્યાં એ પંક્તિઓનું તેમના સર્જકે મનમાં બેસાડેલું સંગીત જાણી તેને અનુસરવાથી ખટકો ખટકવાનો નહિં. ટૂંકમાં, યોગેશ્વરજીનો આશય તુલસીદાસજીની રામકથાને સરળ ગુજરાતીમાં ગેય અને લોકસુગમ કરી આપવાનો છે, સાહિત્ય યશ કમાવાનો નહીં, એ સમજી લેવાની જરૂર છે. એમનો એ આશય આ ગુજરાતીકરણથી પૂરો બર આવ્યો છે, તુલસીદાસની સરળતા અને ઊભરાતો ભક્તિભાવ એમાં ઊતર્યાં જ છે.

એક વિચાર આ સંબંધમાં એ આવે છે કે 'રામચરિતમાનસ'નો આ ગુજરાતી અનુવાદ પ્રેમાનંદાદિ મધ્યકાલીન ગુજરાતી આખ્યાનાકારોની ઢબે રાગોના દેશીઓના ઢાળોમાં, કડવાં અને વલણોમાં એને વહેંચીને કરવામાં આવ્યો હોત તો? ગિરધરે એનું રામાયણ એ જ રીતે લખ્યું છે. એમાં ગેયતા વિશેષ પ્રમાણમાં સાધી શકાતી હોઈ, જેને આનો ઉપભોક્તા વર્ગ કલ્પવામાં આવ્યો છે તેને એ વધુ રુચિકર અને કંઠસ્થ કરવામાં અને ગાવામાં વધુ સુગમ બનત. ગિરધરકૃત રામાયણ પ્રજામાં ઠીક લોકપ્રિય બનેલું તેનું કારણ આ છે. યોગેશ્વરજીને એવી દેશીઓની પદ્યરચના પણ ફાવે તો છે જ, જેમ એમના 'શ્રીકૃષ્ણ-રુક્ષ્મિણી' એ આ અગાઉ દેખાડ્યું છે. પરંતુ તેમને તુલસીદાસને ગુજરાતીમાં લાવવા હતાં અને તેમની મહાન રચનાનું 'દોહા છંદ ચારુ ચૌપાઈ' ગુજારતુ વાતાવરણ

સરજવું હતું એ ભૂલવું જોઈએ નહીં. આ આશયે જ તુલસીદાસ-પ્રયુક્ત પદ્યશૈલીને યથાશક્ય પ્રમાણમાં ગુજરાતીમાં અનુસરવાનો અને ઉતારવાનો સારસ્વત પુરુષાર્થ એમની પાસે કરાવ્યો છે.

'રામચરિતમાનસ'ના અસલ રચયિતાના સમાનધર્મી બની યોગેશ્વરજીએ લોકાનુગ્રહાર્થે ગુજરાતી ભાષામાં તૈયાર કરેલા આ ગ્રંથને તેમાંના રામરસનું ભક્તિભાવથી પાન કરનારો બહોળો વાચકવર્ગ મળી રહો અને એને ગિરધરકૃત રામાયણને એક કાળે વરી હતી એટલી લોકપ્રિયતા સાંપડો તેમજ પોતે ઈશ્વરપ્રીત્યર્થે લીધેલા આ ભક્તિશ્રમની સફળતા અને સાર્થકતાનો સંતોષ યોગેશ્વરજીને મળી રહો એવી શુભ કામના સાથે એમને આ સત્પ્રયાસ માટે અભિનંદુ અને અભિવંદુ છું. બાકી એમણે તો આ ગ્રંથનો છેલ્લો શબ્દ લખ્યા પછી "અનેન અનુવાદાખ્યેન કર્મણા ભગવાન રામચંદ્રઃ પ્રીયતાં ન મમ" એમ જ ઉદગાર્યું હશે.

**- અનંતરાય રાવળ**

(અમદાવાદ, તા. ૧-૨-૧૯૮૩)

* * *

## અનુક્રમણિકા

# રામચરિતમાનસ

**૧. બાલ કાંડ** **(૧૩)**

મંગલાચરણ - પ્રારંભ * દુર્જનને વંદન * સ્વાત્મવિનય * વંદન * નામનો મહિમા * રામ કથા * રામચરિતમાનસ વિશે * ભરદ્વાજ તથા યાજ્ઞવલ્ક્ય મુનિ * શિવપાર્વતી પ્રસંગ * સતીની શંકા * પરીક્ષા * શંકરની પ્રતિક્રિયા * સતીનું દુઃખ * દક્ષસુતાને વિદાય * સતીનો ક્રોધ * હિમાલયને ત્યાં જન્મ * નારદજીની ભવિષ્યવાણી * ઉમાનું તપ * શંભુચરિત * સપ્તર્ષિનો સમાગમ * કામદહન * દેવો તથા શંકર * લગ્નની તૈયારી * શિવ-પાર્વતી વિવાહ * ઉપસંહાર * શિવપાર્વતી સંવાદ * અવતારનું કારણ * મનુ અને શતરૂપાનું તપ * રાવણ અને લંકા * બ્રહ્માની પ્રાર્થના * જન્મની ભૂમિકા * જન્મ * વિશ્વામિત્રની વાત * અહલ્યાનો ઉદ્ધાર * જનકપુરમાં * નગરદર્શન * સીતાનું દર્શન * સીતાના સ્વયંવરમાં * ધનુષ્યનો વિજય * પરશુરામનો મેળાપ * દશરથને ખબર આપે છે * જાનની તૈયારી * વિવાહ * વિવાહ પછી * અવધપુરીમાં

**૨. અયોધ્યા કાંડ** **(૩૦૫)**

આરંભ * રામના રાજ્યાભિષેકનો વિચાર * રામનો પ્રતિભાવ * મંથરાની દુર્બુદ્ધિ * કૈકેયીની કુબુદ્ધિ * કૈકેયીનાં વરદાન * રામની પ્રતિક્રિયા * કૌશલ્યાની ભાવના * સીતાની તૈયારી * લક્ષ્મણનો સંકલ્પ * રામનું વનગમન * નિષાદનો મેળાપ * કેવટનો પ્રસંગ * તાપસ * વાલ્મીકિ આશ્રમમાં * ચિત્રકૂટમાં * સુમંત્રનો શોક * દશરથનો દેહત્યાગ * ભરત-શત્રુઘ્નના પ્રતિભાવ * મુનિનો ઉપદેશ * ભરતની ભાવના * રામને મળવાની તૈયારી * ગુહના વિચાર * ભરત તથા ગુહ * શૃંગવેરપુરમાં * ભરત તથા ભરદ્વાજ મુનિ * ભરદ્વાજ મુનિનું આતિથ્ય * ઈન્દ્રને ઉપદેશ * લક્ષ્મણ તથા રામનો પ્રતિભાવ * ચિત્રકૂટમાં રામદર્શન * સૌનો મેળાપ * સત્કાર * ભરતના વિચાર * જનકના દૂત * જનકનું આગમન * સન્નારીઓના ભાવો * જનક અને સીતા * જનક તથા ભરત * મુનિ વસિષ્ઠ, રામ, ભરત * ભરતનો સંતોષ * પાદુકાપ્રદાન અને વિદાય * ભરતનું તપ

**૩. અરણ્ય કાંડ** **(૫૪૯)**

આરંભ * જયંતનો પ્રસંગ * અત્રિ મુનિના આશ્રમમાં * અનસૂયાનો ઉપદેશ * રાક્ષસોના નાશની પ્રતિજ્ઞા * સુતીક્ષ્ણ મુનિને દર્શન થાય છે * અગસ્ત્ય ઋષિના આશ્રમમાં * પંચવટીમાં * શૂર્પણખાનો પ્રસંગ * રાવણ અને મારીચ * સીતાહરણ * જટાયુની સેવા * જટાયુને રામદર્શન * શબરીનો સમાગમ * વનમાં આગળ * નારદજીનો મેળાપ * સંતના લક્ષણો

**૪. કિષ્કિન્ધા કાંડ** **(૬૦૫)**

આરંભ * હનુમાન અને સુગ્રીવ * વાલિનો નાશ * વન વર્ણન * સુગ્રીવને શિક્ષા * સંપાતિનો સમાગમ

**૫. સુંદર કાંડ** **(૬૩૫)**

આરંભ * સુરસા * વિભીષણ અને હનુમાન * અશોકવનમાં * રાવણ અને હનુમાન * લંકાદહન * રામનું દર્શન * મંદોદરી તથા વિભીષણની સલાહ * વિભીષણ અને રામ * દશાનનના દૂત

**૬. લંકા કાંડ** **(૬૮૮)**

આરંભ * સેતુરચના * મંદોદરીની શિખામણ * પ્રહસ્તની સલાહ * મંદોદરીનો ઉપદેશ * અંગદનું દૂતકાર્ય * મંદોદરીનાં વચન * યુદ્ધનો આરંભ * માલ્યવંતની સલાહ * મેઘનાદનો શક્તિપાત * સંજીવની માટે પ્રયાણ * કુંભકર્ણનો નાશ * મેઘનાદનું મૃત્યુ * રણમાં રાવણ * રામનો રથ * રાવણ સાથે યુદ્ધ * સીતા તથા ત્રિજટા * રાવણનો નાશ * મંદોદરીનો વિલાપ * વિભીષણનો રાજ્યાભિષેક * અગ્નિપરીક્ષા * દેવોની તથા બ્રહ્માની સ્તુતિ * ઈન્દ્રની સ્તુતિ * શિવની સ્તુતિ * પુષ્પક વિમાનમાં પ્રયાણ.

**૭. ઉત્તર કાંડ** **(૭૯૯)**

આરંભ * ભરત અને હનુમાન * સ્વાગતની તૈયારી * સ્વાગત તથા પ્રણામ * રાજ્યાભિષેક * વેદોની સ્તુતિ * શંકરની સ્તુતિ * સેવકોની વિદાય * રામરાજનું વર્ણન * સનકાદિની સ્તુતિ * સંત અસંતનાં લક્ષણ * રામનો સદ્‌પદેશ * કાકભુશુંડિની કથા * કાકભુશુંડિનો સત્સંગ * કાકભુશુંડિની કથા * કાકભુશુંડિને વરદાન * પૂર્વકથા * કલિના ધર્મ * શાપની વાત * શિવની સ્તુતિ તથા કૃપા * લોમશ મુનિનો પ્રસંગ * માયા વિશે * જ્ઞાન અને ભક્તિ * ભક્તિ પ્રતાપ * સપ્ત પ્રશ્નના ઉત્તર * ગરુડની વિદાય * ઉપસંહાર.

## વિહંગાવલોકન

**૧. બાલ કાંડ** **(૯૨૫)**

રચનાનો હેતુ * સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ * રામાયણનું રહસ્ય * શિવસ્તુતિ અને અન્ય સ્તુતિ વિશે * દુર્જનને વંદન * હનુમાનની પ્રશસ્તિ * રચનાની વિશિષ્ટતા * પરંપરાગત પ્રવાહ * નામ મહિમા * વાનરો વિશે * અતિ વિસ્તાર * પાર્વતીનું પાત્ર * દેવર્ષિ નારદની વાત * વિવાહ વખતનું વર્ણન * જન્માંતરમાં વિશ્વાસ * રામાવતાર * વિશ્વામિત્ર મુનિનો પુણ્યપ્રવેશ * રામના દર્શનની પ્રતિક્રિયા * વિશ્વામિત્રનું પાત્ર * પરશુરામનું પાત્ર * ગુરુનું સ્થાન * શિવ-પાર્વતી પ્રસંગ * સતીની શંકા તથા પરીક્ષા * સતીનો શરીરત્યાગ * હિમાલયને ત્યાં જન્મ * કઠોર તપ * સુદૃઢતા * કામદેવની પરહિતભાવના * પાર્વતીની પ્રતિક્રિયા * જાનાદિનું વર્ણન * સ્ત્રીઓને ગાળો * દહેજ * પૂર્ણાહુતિ

**૨. અયોધ્યા કાંડ** **(૯૬૦)**

સફેદ વાળનું દર્શન * સાંસ્કૃતિક પરંપરા * રામની પ્રતિક્રિયા * દેવોનો ઉદ્યોગ * સીતા તથા રામની પ્રતિક્રિયા * ઉર્મિલાની વિસ્મૃતિ * દશરથની દશા * કેવટનો પ્રસંગ * મહર્ષિ વાલ્મીકિનો મેળાપ * ભરતનો ભ્રાતૃપ્રેમ * એક અગત્યની વાત

**૩. અરણ્ય કાંડ** **(૯૭૧)**

જયંતની કથા * અનસૂયાનો ઉપદેશ * શૂપર્ણખાનો પ્રસંગ * સીતાની છાયામૂર્તિ * રામનો વિલાપ * શબરીનું વ્યક્તિત્વ * સ્ત્રી વિષયક ઉદગાર

**૪. કિષ્કિન્ધા કાંડ** **(૯૭૭)**

રામ તથા હનુમાન * વાલિનો નાશ * વર્ષા તથા શરદ ઋતુનું વર્ણન * સંપાતિની દૈવી દ્રષ્ટિ * હનુમાનની તૈયારી * સાગર ઓળંગાયેલો

**૫. સુંદર કાંડ** **(૯૮૨)**

વિભીષણ તથા હનુમાન * મંદોદરી * સીતાનો સંદેહ * હનુમાન અને રાવણ * વિભીષણ * સમુદ્રને દંડ

**૬. લંકા કાંડ** **(૯૮૮)**

શંકરની ભક્તિ * શબ્દપ્રયોગ * ચંદ્રની ચર્ચા * અંગદનું દૂતકાર્ય * કુંભકર્ણ * શુકન-અપશુકન * રાવણ * રામનો રથ * સીતાની અગ્નિપરીક્ષા * દશરથનું પુનરાગમન * પુષ્પક વિમાન

**૭. ઉત્તર કાંડ** **(૯૯૭)**

રામરાજ્યનું વર્ણન * કાકભુશુંડિની કથા * કાકભુશુંડિનો પૂર્વવૃતાંત * બીજો શાપપ્રસંગ * ભક્તિનો મહિમા * ઉપસંહાર * પૂર્ણાહુતિ

* * *

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## બાલ કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વર

# ૧.મંગલાચરણ - પ્રારંભ

## શ્લોકો

वर्णानामर्थसंघानां रसानां छन्दसामपि ।
मङ्गलानां च कर्तारौ वन्दे वाणीविनायकौ ॥१॥
भवानीशङ्करौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाःस्वान्तःस्थमीश्वरम् ॥२॥

(આખ્યાન)

અક્ષર અર્થ છંદ રસરચના કૃપા કરીને કરનારાં
મંગલકારક સરસ્વતીને આરંભે વંદન મારાં.
પ્રણામ ગણપતિને પ્રેમથકી કરું વળી સાથેસાથે,
વરદ હસ્તને સદાય રાખો સિદ્ધિપ્રદ મારે માથે.
રામકથાની રચના બંને સરળ કરો મારે માટે.

वन्दे बोधमयं नित्यं गुरुं शङ्कररूपिणम् ।
यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते ॥३॥
નિત્ય બોધમય ગુરુદેવશ્રી શંકર પ્રભુને કરું પ્રણામ,
જેમનો લઈ આશ્રય પામે વક્ર છતાં ચંદ્ર બધે માન.

सीताराम गुणग्राम पुण्यारण्य विहारिणौ ।
वन्दे विशुद्धविज्ञानौ कबीश्वर कपीश्वरौ ॥४॥
સીતારામગુણોના પાવન વનમાં નિત્ય વિહરનારા,
વિશુદ્ધ વિજ્ઞાની કવિવર ને કપિવરને વંદન મારાં.

उद्भवस्थितिसंहारकारिणीं क्लेशहारिणीम् ।
सर्वश्रेयस्करीं सीतां नतोऽहं रामवल्लभाम् ॥५॥
સર્જન સૃષ્ટિનું પાલન ને વિનાશ અંતે કરનારાં,
શરણાગતને શાંતિ અર્પતાં ક્લેશ બધાયે હરનારાં;
શ્રેયસ્કરી શ્રેય કરવાની પવિત્ર પ્રજ્ઞા ધરનારાં,
સીતા થાવ પ્રસન્ન આજ એ સ્વીકારી વંદન મારાં.

यन्मायावशवर्तिं विश्वमखिलं ब्रह्मादिदेवासुरा
यत्सत्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ।
यत्पादप्लवमेकमेव हि भवाम्भोधेस्तितीर्षावतां
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥६॥
પડ્યા જેમની માયામાં બ્રહ્માદિદેવ દાનવ સઘળા,
રજ્જુસર્પની જેમ ભ્રાંતિથી દેખે સર્જન સત્ય અહા;
ભવસાગર તરનારા માટે ચરણ જેમનાં નાવસમાં,
રામનામના કારણથી પર પ્રણામ તે હરિના પદમાં.

नानापुराण निगमागम सम्मतं यद्
रामायणे निगदितं क्वचिदन्यतोऽपि ।
स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथा
भाषा निबन्धमतिमञ्जुलमातनोति ॥७॥
વેદશાસ્ત્ર ને પુરાણસંમત રામાયણમાં ને અન્યત્ર,
કહેવાયું જે પ્રાજ્ઞજનોથી સ્વાનુભૂતિપૂર્વક સર્વત્ર;
તુલસી તે જ સ્વાત્મસુખ માટે રઘુનાથતણી કથામહીં,
મધુરથી મધુર ભાવ ભરીને ગાય પરમરસ સાથ અહીં.

*

ગણનાયક કરિવરવદન બુદ્ધિરાશિ શુભગુણસદન,
કરો અનુગ્રહ સિદ્ધિદાયક જેનું સુખમય સદા સ્મરણ,
જેનું મંગલ સદા શરણ.

મૂંગા બોલે દિવ્ય વચન, પંગુ ચઢે ગિરિવર ગહન,
કરો કૃપા એ આજ કૃપાળુ, કરો સકળ કલિમલદહન.
મંગલમય છે જેનું સ્મરણ,
શાંતિપ્રદાયક જેનું શરણ.

(અનુષ્ટુપ)

નીલકમળસમ શ્યામ તરુણ અરુણ વારિજ નયન,
કરો એ મુજ ઉર ધામ સદા ક્ષીરસાગરશયન.

કુંદઈન્દુસમ દેહ ઉમારમણ કરુણાઅયન,
કરે દીન પર પ્રેમ કૃપા કરો મર્દન મયન.

(આખ્યાન)

કૃપાસિંધુ નરરૂપ હરિ ગુરુચરણકમળમાં કરું નમન,
મહામોહ તમપુંજ ગણું તો વચન જેમનાં સૂર્યકિરણ.
વંદું શ્રીસદગુરુ ચરણ.

*

સરસ સુવાસિત રુચિકર નિર્મળ, સકળ રોગ ભવના હરનાર,
સંજીવની ઔષધિકેરા ચારુ શક્તિપ્રદ ચૂર્ણ સમાન,

ગુરુચરણકમળતણી રજને વંદન કરું સહિત અનુરાગ,
કલ્યાણ કરે સદાય રજ એ લગાવતાં શિર હૃદય લલાટ.

શ્રીશંકરના તનની પાવન ભસ્મ પરમ કલ્યાણ કરે,
સુકૃત કરાવે, સુકૃત વધારે, પ્રસન્નતાથી પ્રાણ ભરે;

ભક્તજનોના દિલદર્પણના યુગયુગકેરા મેલ હરે,
તિલક કરે જે એનું એને ગુણભંડાર સમસ્ત વરે.

ગુરુચરણની જ્યોતિનું થતાં સ્મરણ થાય દૈવી દૃષ્ટિ,
ભાગ્યવાનના પ્રાણે પ્રગટે મારી મોહતણી સૃષ્ટિ.

એ પ્રકાશથી નિર્મળ નેત્રો સાધકજનને પ્રાપ્ત થતાં,
ભવરજનીના દોષો ટળતા દુઃખ અવિદ્યાનાં મટતાં.

રામચરિત્ર મણી-માણેકો ગુપ્ત હોય કે પ્રગટ ભલે,
જોઈ પામી શકાય સત્વર ખાણ મેળવી સ્થળે સ્થળે.

(દોહરા)

જેમ દિવ્ય અંજનથકી સાધક સિદ્ધ સુજાન,
વન પર્વત પૃથ્વી ઉપર અચરજ જુએ મહાન.

*

(આખ્યાન)

ગુરુચરણની કોમળ સુંદર રજ દૈવી અંજન જેવી,
દૃષ્ટિદોષ બધા હરનારી લોચનને અમૃત એવી,

વિવેકરૂપી મુજ નેત્રોને એનાથી કરતાં નિર્મળ,
કરું મુક્ત કરનારા સુંદર રામચરિત્રતણું વર્ણન.

મોહજન્ય સંશય હરનારાં વંદન બ્રાહ્મણના ચરણે,
ગુણભંડાર સમા સજ્જનને પ્રણામ મધુવચને પ્રણયે.

કપાસના નીરસ નિર્મળ ગુણમય ફળ જેવાં સાધુચરિત,
કષ્ટ સહી બીજાને સુખ દે, ઢાંકે દોષ વળી અગણિત;

અન્યકાજ જીવે જે જગમાં, યશ જેઓના જગતપ્રસિદ્ધ,
વંદનીય છે સર્વકાજ એ ઉપકારોને કરતા નિત.

મંગલમય આનંદરૂપ છે જંગમ તીરથ સંતસમાજ,
બ્રહ્મવિચારપ્રચાર સરસ્વતી રામભક્તિ ગંગાની ધાર.

યમુના કલિમલને હરનારી વિધિનિષેધમય ધર્મકથા,
સુણતાં સુખ કલ્યાણ આપતી હરિ ને હરની વાત તથા.

એ જ ત્રિવેણી પરમપાવની, તીર્થરાજ શુચિ સંતસમાજ,
અક્ષય વટ ત્યાં સુદર સોહે નિજ ધર્મતણો દૃઢ વિશ્વાસ.

સર્વને સુલભ સર્વકાળમાં સર્વદેશમાં તીર્થ મહાન,
શુભ કર્મોનો મંગલ મેળો સેવ્યે શમતા ક્લેશ કરાળ.

મનવાણી ના શકે વર્ણવી મહિમા દિવ્ય પરમ એનો,
ફળ આપે તત્કાળ તીર્થ તે, પ્રભાવ પ્રગટ ગહન એવો.

(દોહરા)

સુણે સ્નેહથી સમજતા સેવે સંતપ્રયાગ,
જીવતાં જ ધર્માદિ તે પામી લે ફળ ચાર.

(આખ્યાન)

મજ્જન ફળ તત્કાળ જણાય, કાગ બની મધુ કોયલ જાય,
બગલા હંસ વિવેકી થાય, અચરજ એમાં નથી જરાય.

મહિમા સંતસમાગમકેરો શાસ્ત્રો ને સત્પુરુષો ગાય,
કાયાપલટ થતી જીવતણી સત્સંગનદીમાં જો નહાય.

અગસ્ત્ય નારદ વાલ્મીકિએ કહી એમની સત્યકથાને;
જલે સ્થળે ગગને ફરનારા જડચેતન જીવ જગે ન્યારા,

સન્મતિ કીર્તિ ભૂતિ ગતિ શ્રેય, જ્યાં જ્યારે પામ્યા સ્વયમેવ,
પ્રભાવ એ સત્સંગનો કહ્યો, એમાં લેશ નથી સંદેહ.

વિવેક ના સત્સંગ સિવાય, રામકૃપાવિણ તે ન પમાય;
હર્ષશ્રેયનું મંગલ મૂળ, સિદ્ધિ ફળ સાધન સૌ ફૂલ,
સંતસમાગમ કહ્યો અમૂલ.

પારસસ્પર્શે લોહ સુવર્ણ, શઠ સુધરે પામી સત્સંગ;
સજ્જન કદી કુસંગ કરે, મણિ નાગતણો ગુણ અનુસરે,
તેમ થાય ના ગુણનો ભંગ.

વિધિ હરિહર કવિકોવિદ વાણ કરી શકે ના સંતવખાણ,
કેમ કરીને કહી શકું હું, છેક અલ્પ મારી તો વાણ,
મણિના ગુણને કેમ વર્ણવે વેચનાર વેપારી શાક.

(દોહરા)

એક હાથનું ફૂલ દે બીજાનેય સુગંધ,
સમતાવાળા મિત્ર ને શત્રુ વિનાના સંત

તેમ કરે હિત સર્વનું, સૌને ધરે સુગંધ,
વંદું પ્રેમે એમને પૂર્ણ પ્રગટ ભગવંત.

સંત સરળ કલ્યાણકર જાણી અરજ કરું,
રામચરણરતિ આપજો એવી આશ ધરું.

*

## ૨. દુર્જનને વંદન

(દોહરા)

દુર્જનને વંદન કરું ખરા ભાવથી હું,
કારણ વિના અહિત કરે જે હિતકરતાનું.

બીજાની હિતહાનિને લાભ માનતા જે,
હરખે બગડ્યે અન્યનું સુધર્યે પામે ખેદ.

પ્રભુયશપુનમચંદ્રના રાહુરૂપ છે તે,
હજાર હાથે અન્યને નિત નુકસાન કરે.

હજાર આંખે અન્યના દેખે દોષ સદાય,
પરહિત ઘી તો એમનાં મન છે માખી સમાન.

તેજ તેમનું અગ્નિશું, ક્રોધ કાળ વિકરાળ,
દુર્ગુણ પાપધને થયા ધની કુબેર સમાન.

ઉદય એમનો સર્વના હિતનો નાશ કરે,
કુંભકર્ણ જેવા સૂવે તો કલ્યાણ ખરે.

નાશ કરીને કૃષિતણો હિમ પણ પામે નાશ
તેમ તજે તન અન્યનું બગાડવાને ખાસ.

શેષ નાગ જેવા ગણી વંદું એ ખલને
અન્ય દોષને વર્ણવે જે હજાર વદને.

દશ હજાર કાને સુણ્યો પૃથુએ પ્રભુયશને,
દસ હજાર કાને, સુણે દુર્જન પરઅઘને.

સુરા જેમને પ્રિય સદા વચનો વજ્ર સમાન,
કુકર્મ પરનિંદા તથા વિષયને ગણે પ્રાણ.

મિત્ર શત્રુ મધ્યસ્થનું શુભ સુણતાં જ જલે,
અરજ કરું છું એમને પ્રણમીને પ્રણયે.

કરી અરજ મેં એમને સુણશે પણ ના એ,
પાળો પ્રેમે કાગ પણ માંસ નહીં તજશે.

ચરણે સંત અસંતના વંદું છું પ્રેમે,
બંને દુઃખપ્રદ તોય છે ભેદ સૂક્ષ્મ કેમે.

સંત પડે જો અલગ તો હરી પ્રાણને લે,
દુર્જનને મળતાં જ એ અતિ દારુણ દુઃખ દે.

*

(આખ્યાન)

બંને પેદા થાય જગે કમળ જળોની જેમ જળે,
ગુણ બંનેના જુદા જુદા; દર્શનથી જ કમળ સુખ દે,

જળો સ્પર્શથી ચૂસે ખૂન, જાણી લેજો ભેદ નિગૂઢ,
સંત સુધામય પ્રાણ કરે, દુર્જન સુરા બનીને હણે.

બંને જગતસમુદ્રથકી પ્રગટી કાર્ય વિભિન્ન કરે,
જતાં એક પ્રાણ હરી લે મળ્યે અન્ય દારુણ દુઃખ દે.

ભલાબૂરા જન કર્મ કરે યશ-અપયશ-ફળ તેમ લહે;
સુધા ચંદ્ર ગંગા સજ્જન વિષ અગ્નિ પારધિ દુર્જન

પાપનદી કલિકાળ તણી જાણે બોલો કોણ નહીં,
ગમે જેમને જેવું તેવું તેને દીસે સારું અહીં.

(દોહરા)

ભલો ભલાઈને ગ્રહે નીચ નીચતાને,
અમી અમરતા અર્પતું વિષ તો મૃત્યુને.

ખલના દુર્ગુણ દોષની સજ્જનતા ગુણની
કથા અગાધ સમુદ્રશી તેમ અનંત કહી.

એમાંથી અલ્પ જ અહીં ગુણદોષ કહ્યા મેં,
ગ્રહણ થાય જેથી ગુણો તજાય દુર્ગુણને.

ભલાબૂરાની સૃષ્ટિ છે બ્રહ્માએ સરજી,
વેદે ગુણ ને દોષ પણ રાખ્યા અલગ કરી.

પાપ-પુણ્ય સુખ-દુઃખ ને દિવસ-રાત સજ્જન
દુર્જન દાનવ દેવ ને અમૃત વિષ જીવન

મૃત્યુ ઉચ્ચ ને નીચ ને બ્રહ્મ વળી માયા
ઈશ્વર જીવ સ્થળે સ્થળે રંક તથા રાયા,

દેશકાળ વૈરાગ્ય ને રાગ નરક ને સ્વર્ગ,
વિવિધ યોનિનાં બંધનો ઉત્તમ ને અપવર્ગ,

વિભાગ ગુણદોષોતણા વેદોએ જ કર્યા,
ડગલેપગલે સૃષ્ટિમાં ભેદ અસંખ્ય ભર્યા.

જડચેતન ગુણદોષમય વિભુએ વિશ્વ કર્યું,
સંત હંસ જળ ત્યાગતાં દૂધ ગ્રહે ગુણનું.

*

(આખ્યાન)

એવો વિવેક જો ઉદભવે, દોષ તજી મન ગુણે રમે,
કાળ સ્વભાવ કર્મના બળથી ભલા ભલાઈને પરહરે.
માયામાં આસક્ત બનીને ભવાટવીમાં રોજ ભમે.

હરિજન ભક્ત સુધારી લે, નિર્મળ યશ જીવનને દે,
ઉત્તમ પામી સંગ ઘડી દુર્જન સજ્જન થાય કદી,
મટે તોય ના મલિન સ્વભાવ, પ્રકૃતિ કેરો ગાઢ પ્રભાવ.

ઠગને ઉત્તમ જોઈ વેશ પૂજે સમાજ વધુ કે લેશ,
કાલનેમિ રાવણની જેમ ખુલ્લા પડે છતાં હંમેશ,
પામે કાયમ માટે ક્લેશ.

જાંબવાન હનુમાન સમાન સજ્જન પામે છે સન્માન,
સુંદર વેશ ભલે ના હોય, આદર આપે છે સૌ કોય.

લાભ થતો સત્સંગ થકી કુસંગથી નિત હાનિ વળી,
વેદલોકમાં એવી વાત વિદ્વાન કહે છે વિખ્યાત.

ગગન ચઢે રજ પવન પ્રસંગ, પામી તે નાળાનો સંગ
ભળે કાદવે ધારી રંગ, પ્રભાવ સંગતણો બળવંત.

રામને રટે મેના પોપટ સજ્જન પ્રભુજનના ઘરનાં,
ગણી ગણીને ગાળો દેતાં પંખી તે દુર્જનઘરમાં.

ધૂમ્ર કુસંગે કાળો થાય, અળતાસંગે પણ પલટાય,
લખે સુલેખ બની શાહી શંકા એમાં ના કાંઈ.

એ જ ધૂમ્ર વાદળ બનતાં, અગ્નિ વાયુ પાણી મળતાં,
જીવન બને જગત કેરું, જોયું દૃશ્ય અમે એવું.

(દોહરા)

ગ્રહ ઔષધ પાણી પવન વસ્ત્ર કુસંગ સુસંગ,
પામી બને શુભાશુભ, પ્રબળ સંગનો રંગ.

શુકલ કૃષ્ણના નામથી ઓળખાય છે પક્ષ,
નામ અલગ અર્પણ કર્યાં બ્રહ્માજીએ દક્ષ.

પોષક સમજી ચંદ્રનો શોષક અન્ય વળી,
યશ અપયશ જગતે ધર્યો વિવેક લેશ કરી.

*

## ૩. સ્વાત્મવિનય

જડચેતન સૌ જીવને ગણી રામમય હું
જોડી બંને હાથને પ્રેમપ્રણામ કરું.

દાનવ દેવ મનુષ્ય ને નાગ પિતૃ ગંધર્વ
વિહંગ પ્રેત વનસ્પતિ યક્ષ તથા કિન્નર

નિશાચરોને સર્વને વંદું પ્રેમ કરી,
સર્વે કૃપા કરો હવે, વંદું ફરી ફરી.

*

(આખ્યાન)

યોનિ ચાર ચોરાસી લાખ, એમાં જીવ કરે છે વાસ,
જળ પૃથ્વી ને વ્યોમમહીં જીવે છે જે જીવ રહી;

સીયરામમય જાણી જગને કરું પ્રણામ જોડતાં કરને,
ગણી મને પોતાનો દાસ કૃપા કરો છળ છોડી ખાસ.
નથી બુદ્ધિબળનો વિશ્વાસ, તેથી કરું કૃપાની આશ.
મને કરશો ના સ્વપ્નેય હતાશ.

રઘુપતિગુણ મારે ગાવાં, ઈચ્છું લેવાને લ્હાવા,
બુદ્ધિ કિન્તુ છે અતિશય અલ્પ, કહી રહ્યો છોડીને દર્પ.

રામકથા છે ખૂબ અગાધ, થાય સફળ કેમ કરી સાધ,
મનમતિ રંક મનોરથરાજ, કરી શકું કેમ કરી કાજ.

અમૃતનો અભિલાષ કરું, બિંદુ તકનું નથી મળ્યું,
ધૃષ્ટતા કરો મારી માફ સજ્જન દયા કરીને આજ.

શિશુના શબ્દો સ્નેહ કરી સુણે સજ્જનો ધ્યાન દઈ,
એવી આશ સદા રાખું, ચરિત રામકેરું ભાખું.

સુણી તોતડી શિશુની વાત પ્રસન્ન માત બને ને તાત,
સજ્જન તેમજ હર્ષ પામશે સુણતાવેંત જ મારી વાત.

ક્રૂર કુટિલ પણ કુવિચારી કરતા જે પરદોષ વિચાર,
કરશે તે મારો ઉપહાસ અજ્ઞાની વિષયોના દાસ.

સારીનરસી પોતાની માને સૌ કવિતા સારી;
બીજાની રચના સુણતાં હર્ષ પામતા સ્તુતિ કરતા
એવા જન વધુ ના જગમાં પરગુણરુચિ જેની રગમાં.

સરિતાસર બીજાના જળે પુષ્ટિ પામે જોર કરે,
ચંદ્રકળાનું દર્શન કરી સમુદ્ર હરખે ને ઊછળે;

ઉન્નતિ પોતાની પામી પ્રસન્ન બનતા સૌ કોઈ,
ઉન્નતિ બીજાની જોઈ હરખે પણ કોઈ કોઈ.

(દોહરા)

ભાગ્ય અલ્પ ઈચ્છા અધિક તોપણ છે વિશ્વાસ,
સુજન સુણી સુખ પામશે, કરશે ખલ ઉપહાસ.

દુષ્ટોના ઉપહાસથી મારું હિત જ થશે,
કઠોર કોયલકંઠને કાગ સદા કહેશે.

મેઢક ચાતકની તથા બગલા હંસતણી
હાંસી કરતા તેમ મુજ નિર્મળ વાણ સુણી,
હસશે દુર્જન મલિનમન તો આશ્ચર્ય નહીં.

*

(આખ્યાન)

કવિતાનો રસ નથી જેમને રામચરણમાં પ્રેમ નથી,
એમનેય આ કવિતા હાસ્યરસે છોને સુખકર બનતી.

ભાષાની રચના છે આ તો, મતિ ભોળી ખૂબ જ મારી,
હાસ્યાસ્પદ છે તેથી દોષ નથી હસવામાં કૈં ભારી.

સજ્જન તો આ રામકથાને ભક્તિથી ભૂષિત જાણી
પ્રશંસા કરીને સાંભળશે બોલીને મધુમય વાણી;

કવિ નથી હું કાવ્યશાસ્ત્રમાં કુશળતા નથી કે મારી,
રચના શબ્દોની ના જાણું, વિદ્યાકળારહિત ન્યારી.

અક્ષર અર્થ અલંકારો ને રચના છંદોની ભારી
અનેકવિધ ભાવો ને રસ છે કવિતા સાધારણ ન્યારી;

ગુણદોષ કહ્યા કૈં કવિતાના વિદ્વાનોએ શાસ્ત્રમહીં,
કોરા કાગળ પર લખી દઉં એનું જ્ઞાન જરાય નથી.
કરવા બેઠો કવિતા કિન્તુ કવિતાકૌશલ લેશ નથી.

(દોહરા)

રચના મારી ગુણરહિત, વિશ્વવિદિત ગુણ એક,
સુણશે એમ વિચારતાં જ્ઞાની નિર્મળ નેક.

*

(આખ્યાન)

એમાં રઘુપતિ નામ ઉદાર અતિ પાવન પુરાણ શ્રુતિ સાર;
મંગલભવન અમંગલહારી ઉમાસંગ જપતા ત્રિપુરારી.

*

સર્વ પ્રકારે શણગારેલી હોય ચંદ્રવદની નારી
વસ્ત્ર વિના અધુરી જ રહે સુંદરતા એની ન્યારી;

ઉત્તમ કવિની કવિતા એમ અતિસુંદર કે અદભુત હોય,
રામનામથી વંચિત હોય શોભે ના વખણાયે તોય.

સર્વગુણોથી રહિત ભલે હો કુકવિતણી કવિતા કોઈ,
રામનામ ને રામતણા યશથી અંકિત એને જોઈ,

આદરપૂર્વક ગાય સાંભળે વાંચે વિદ્વાનો સઘળે,
સજ્જન સંત ભ્રમરના જેવા ગુણગ્રાહી વિશ્વે વિચરે.

નથી એક પણ રસ કવિતામાં, રામતણો છે પ્રગટ પ્રતાપ;
સર્વોત્તમ સંગે મોટાઈ મળે ન કોને કહો અમાપ.

અગર સંગથી સુગંધ પામી ધૂમ્ર તજી દે છે કડવાશ,
કવિતા મારી સાધારણ પણ રામકથાનો એમાં વાસ.

રામકથા કલ્યાણકારિણી કલિયુગના મળ હરનારી.
કવિતા વક્ર બની છે મારી જેમ વક્ર ગતિ ગંગાની.

શિવશરીરનો સંગ પામતાં ભસ્મ પવિત્ર સુશોભિત થાય,
તેમ રામગુણવાળી કવિતા સુખ ધરશે સૌનેય સદાય

*

(દોહરા)

મલયાચલના સંગથી વંદ્ય બને છે કાષ્ઠ
કવિતા તેમ જ પ્રિય થશે કહી રામયશ વાત.

શ્યામ ગાયના દૂધને ગુણિયલ પીતા લોક
તેમ ગ્રામ્ય ભાષામહીં રસનો દૈવી ધોધ.

મહિમા સીતારામનો ભર્યો અનંત અશોક
સુણે ગાય તે સજ્જનો થયો જેમને બોધ.

મોતી મણિ માણેકની કાંતિ અલૌકિક હોય
પર્વત હાથી સર્પના શિરે ન સોહે તોય.

તરુણીના તનની ઉપર રાજમુકુટ પર તેમ
શોભે છે સંપૂર્ણ એ શોભે જેવું હેમ.

કવિતા ઉત્તમ કવિતણી ઊપજે એક સ્થળે
શોભા પામે અન્ય સ્થળ એના તત્ત્વબળે.

સ્મરતાંવેંત સરસ્વતી બ્રહ્મલોક છોડી
ભક્તિ દેખતાં કવિતણી આવે છે દોડી.

રામરસસરે જ્યાં સુધી એ ના સ્નાન કરે
શ્રમ તેનો ના ત્યાં સુધી કોટિ ઉપાય ટળે.

એમ વિચારી કવિજનો પંડિત હરિગુણ ગાય,
કલિમલ હરનારા સદા હરિના યશમાં ન્હાય.

પ્રાકૃતજન ગુણગાન ના ગમે સરસ્વતીને,
થાય પ્રસન્ન કદી નહીં આવીને પ્રીતે.

હૃદય સિંધુ મતિ છીપ છે એમ વદે વિદ્વાન,
સ્વાતિ શારદાને ધરે ઉપમા તેમ સુજાન.

એમાં ઉત્તમ ભાવ કે વિચાર વરસે જો,
કવિતાકેરું કાંતિમય મોતી પ્રગટે તો.

એ મોતીને રામયશ સૂત્રમહીં ધારી
ધારે સજ્જન હૃદયમાં પ્રીતિથકી ન્યારી.

*

(આખ્યાન)

કરાળ કલિયુગમાં જે જન્મ્યા વેશ તેમનો હંસસમો,
કાગસમા કરતૂત તેમનાં, મનમાં મેલ ભર્યો સઘળો.

વેદમાર્ગને મૂકીને તે કુમાર્ગ ગ્રહણ સદાય કરે,
કપટમૂર્તિ બનતાં કલિયુગનાં ઘોર કુકર્મ કરી વિચરે.

રામભક્તનો સ્વાંગ સજીને જનતાને ઠગતા ફરતા,
કામક્રોધ ને દાસ લોભના ધતિંગ ધર્મતણાં કરતા;

ધર્મતણો ધ્વજ ધરનારા પણ દંભી કપટી અવિચારી,
એવા ઠગભક્તોમાં કરજો ગણના સર્વપ્રથમ મારી.

મારા અવગુણ સર્વ કહું તો કથાતણો વિસ્તાર વધે,
છતાં પાર ના પામું; શાણા સમજી લેશે સર્વ બધે.

મારા મેં અતિ અલ્પ અવગુણો અવગુણસાગર છતાં કહ્યા,
કથા સાંભળી દોષ નહીં દે કોઈ મુજને કરી દયા.

છતાંય શંકા જે કરશે તે મારાથી જડ અધિક હશે
બુદ્ધિહીન હશે તેમજ તે, સાંભળશે ના કથા રસે.

ચતુર ગણાવાને ના ચાહું, કવિ પણ નથી ખરેખર હું,
મતિ અનુસાર રામગુણ ગાઉં એમાં અનુચિત નથી કશું.

રઘુપતિનો ક્યાં અપાર મહિમા, વિષયી મારી ક્યાં બુદ્ધિ,
સંસારે આસક્ત બન્યો છું, નથી સ્વલ્પ સાધી શુદ્ધિ.

વાયુ ઉડાડે મેરુ પર્વત રૂની ત્યાં શી કહો વિસાત,
કથા કરું શે, રામતણો છે મહિમા અચિંત્ય તેમ અમાપ.

(દોહરા)

શેષ શારદા શિવ તથા બ્રહ્મા વેદપુરાણ
નેતિ શબ્દથી એમનાં ગુણનું ગાયે ગાન.

પ્રભુતા જાણે એમની મહિમા વળી અનંત
વર્ણવ્યા વિના તે છતાં રહી શક્યા ના સંત.

પ્રભાવ ભક્તિનો કહ્યો શાસ્ત્રોએ એવો
પ્રેમાસ્પદ ગુણગાનનો રસ અમૃત જેવો.

*

## ૪. વંદન

(આખ્યાન)

એક અરૂપ અનામી ઈશ્વર ઈચ્છારહિત અજન્મા જે
વિશ્વરૂપ વ્યાપક સર્વેશ્વર પરમધામ ઉત્તમપદ છે,

દિવ્ય સચ્ચિદાનંદરૂપ તે ભગવાને તનુ દિવ્ય ધરી,
લીલા અનેકવિધ ભક્તોના મંગલ માટે શ્રેષ્ઠ કરી.

પરમકૃપામય શરણાગતવત્સલ ભક્તોના અનુરાગી
કૃપા કરીને શીઘ્ર અર્પતા રિદ્ધિસિદ્ધિ વણમાગી,

દીનબંધુ એ સ્વામી સૌના સરળ પુનિત શક્તિશાળી,
એવા હરિનો યશ વર્ણવતાં સફળ કરે કવિજન વાણી.

એમના જ આધારે ગાઉં ગાથા રઘુપતિના ગુણની,
રામચરણમાં શીશ નમાવી કવિતા કરું પરમસુખની.

ઋષિમુનિએ પણ પ્રથમ પ્રેમથી શ્રીહરિની કીર્તિ ગાઈ,
સુગમ થશે તે મારે માટે, માર્ગ અનુસરું તે ભાઈ !

(દોહરા)

મહાનદી પર સેતુ જો શ્રમની સાથ કરાય,
નાની કીડીથીય તો સહેજે પાર જવાય.

એવી રીતે પ્રેરણા પામી શક્તિ વળી
કથા કરું રઘુપતિતણી અભિનવ ભાવ ભરી.

*

વ્યાસ આદિ આદર્શ કવિ હરિગુણના ગાનાર,
નમું એમનાં ચરણમાં, કરો મનોરથ પાર.

કલિયુગના કવિનેય હું નેહે નમન કરું,
રઘુપતિગુણનું જેમણે વર્ણન રસે કર્યું.

ભાષામાં હરિચરિતને વર્ણવનારા સૌ,
પ્રાકૃત કવિ વિદ્વાનને વંદું પ્રેમે હું.

ભૂતકાળના, હાલના, ભવિષ્યના સઘળા
કવિઓને છળ ને અહં છોડીને પ્રણમું.

પ્રસન્ન બનતાં આપજો એ મુજને વરદાન,
સન્માને મુજ કવનને જેથી સંતસમાજ.

વિદ્વાનો જે કાવ્યને આદર ના ધરતા,
તે માટેનો વ્યર્થ શ્રમ બાળકકવિ કરતા.

કીર્તિ કાવ્ય સંપત્તિને ઉત્તમ સ્થાન મળે,
જ્યારે ગંગા જેમ એ હિત સૌનુંય કરે.

રામકીર્તિ શુભ છે છતાં અશુભ કવન મારું,
મેળ મેળવું કેમ હું, ચિંતા શે ટાળું?

કૃપા તમારી પામતાં એ પણ સુલભ થશે,
સોહે રેશમ ટાટ પર સીવ્યે સ્વલ્પ કશે.

કવિજન સર્વ કૃપા કરો એ સઘળું જાણી,
ઉત્તમ હરિગુણ ગાય કે મારી મધુ વાણી.

કવિતા સરળ વિમળ કરે વર્ણન કીર્તિતણું ,
સજ્જન તેને શ્રેષ્ઠતા દે સન્માન ઘણું.

એને સુણતાં શત્રુ પણ સહજ વેર વીસરે,
રસમાં ડૂબી એહની પૂર્ણ પ્રશસ્તિ કરે.

વિમળ બુદ્ધિવિણ થાય ના પણ તેવી કવિતા,
પ્રાર્થું તેથી પદમહીં એ સઘળા કવિના.

મતિ મારી અતિ અલ્પ છે, કરો કૃપા કાંઈ,
હરિયશને જેથી શકું હેતથકી ગાઈ.

કવિપંડિત, છો રામના માનસરોવર હંસ,
અરજ સુણી રુચિ દેખતાં બનો તો કૃપાવંત.

*

ખર રાક્ષસની વાતનું વર્ણન છે જેમાં,
તોપણ અતિ કોમળ સુભગ મંજુલ સ્વર જેના.

દૂષણ સહિત છતાંય જે દૂષણ રહિત ગણાય,
રામાયણની મધુમયી રચના દિવ્ય મનાય.

તેના કવિ વાલ્મિકીને હવે કરું વંદન,
કવિકુળગુરુ મહાન જે રઘુવર યશચંદન.

ભવસાગર નૌકાસમા વંદું ચારે વેદ,
વર્ણવતાં યશ રામનો નથી જેમને ખેદ.

સંત સુધા શશિ ઘેનુ છે જેથી પ્રગટ થયાં,
ખલ વિષ તેમજ વારુણી સાથોસાથ બન્યાં,

ભવસાગર રચનાર તે વંદું બ્રહ્માને,
ચરણકમળરજને ધરું મસ્તક પર પ્યારે.

પંડિત બ્રાહ્મણ દેવતા ગ્રહોતણા ચરણે,
હાથ જોડતાં વંદતાં વંદું આજ શરણે.

આવ્યો છું સૌનાય તો પ્રસન્ન સર્વ બનો,
મંગલ મધુર મનોરથો મારા પૂર્ણ કરો.

(આખ્યાન)

પવિત્ર મનહર ચરિત્રવાળાં સુરગંગા ને સરસ્વતી,
વંદન કરું ઉભયને પ્રેમે આદર સાથે આજ અતિ.
સેવે જેમને સંત સતી.

એક સ્નાનથી હરે પાપને પાન તથા તપ ધ્યાન થકી,
અન્ય હરે અજ્ઞાન સર્વ તો ક્લેશ શકે ના મેલ ટકી.

દીનબંધુ દાનેશ્વરી સદા ગુરુ પિતા માતા સરખાં,
સ્વામી સેવક સખા રામના, તુલસીના પ્રિય હિત કરતા;

જનહિત માટે કલિમાં શાબરમંત્ર જેમણે પ્રગટ કર્યો,
મેળ વિનાના અક્ષરવાળો જેનો ભાવ વળી અઘરો.

પ્રભાવ એનો પ્રગટ છતાંયે કૃપા જેમની સાંપડતાં,
એ શંકર ને પાર્વતીતણા પ્રણામ હો પાવન પદમાં.

ઉમેશ એ મારા પર આજે કૃપા કરી અનુકૂળ બની,
રામકથાને આનંદ અને મંગલનું દો મૂળ કરી.

સ્મરી પાર્વતી ને શંકરને અંતરમાં ઉત્સાહ ધરી,
રામચરિત વર્ણન આરંભું લઘુતાગ્રંથિ સમસ્ત હરી.

ચંદ્ર તણા તારામંડળથી રાત પ્રકાશિત જેમ થતી,
કવિતા મારી સુંદર બનશે તેમજ શિવની કૃપાથકી;

સ્નેહથકી સાવધ બનતાં જે સમજીને સુણશે એને,
વળી કહેશે કલિકાળતણાં કિલ્મિષ ના અડશે તેને.

પરમ પવિત્ર બનીને ઉત્તમ પદનો તે ભાગી બનશે,
રામચરણનો પ્રેમી બનતાં દુસ્તર મોહનદી તરશે.

(દોહરા)

ગૌરીશંકરની કૃપા સ્વપ્ને મુજ પર હો,
પ્રભાવ પ્રાકૃત કવનનો યથાર્થ બનજો તો.

અવધપુરી અતિપાવની કલિમલ હરનારી,
સરિતા સરયૂને નમું મંગલ કરનારી

પ્રજા અયોધ્યાની પુનિત પ્રણમું છું એને,
મમતા રામતણી મળી અકલ્પ્ય અતિ જેને.

સીતાનિંદક પાપનો કર્યો એમણે નાશ,
શોકરહિત કરતાં ધર્યો દિવ્ય લોકમાં વાસ.

કૌશલ્યાને વંદના પૂર્વદિશા સમ જે,
કીર્તિ જેની વિશ્વમાં બધે જ વ્યાપક છે.

સુખદ સર્વને, હિમસમાં ખલનાં કમળોને,
રઘુપતિ પ્રગટ્યા ચંદ્રશા એ જનની ખોળે.

સૌ રાણી સાથે નમું રાજા દશરથને,
મૂર્તિ પુણ્ય કલ્યાણની તનમન ને વચને.

પિતા થવાને જેમના બ્રહ્મા આશ કરે,
સેવક સમજી એમનો મારું જાડ્ય હરે.

રામચંદ્રના ચરણમાં સત્ય સ્નેહવાળા,
દશરથને વંદન કરું પુણ્ય કર્મવાળા;

વિયોગ ના વેઠી શક્યા રામચંદ્રનો જે,
તૃણપેઠે તનને તજી ભેટ્યા મૃત્યુને.

અપાર પ્રેમ ધરાવતા રામચરણકમળે,
પરિજન સાથે પ્રેમથી નમું જનકને એ.

ભોગયોગમાં પ્રેમને જે રાખેલો ગુપ્ત,
જોતાંવેંત જ રામને પ્રગટ્યો તે જ પ્રસુપ્ત.

*

(આખ્યાન)

જેના વ્રત તપ નિયમ અપાર, રામને જ સમજે જે સાર,
મધુપ બની મન રામચરણ તજી કરે ના ક્યાંય ભ્રમણ,
એવા સુરતાસ્નેહસદન ભરતચરણમાં પ્રથમ નમન.

વંદન લક્ષ્મણ ચરણકમળ, શીતળ સુભગ ભક્તહિતકરન,
રઘુપતિ કીર્તિપતાકા પરમ, દંડસમો યશ જેનો વિમળ,
એ લક્ષ્મણને કરું નમન.

હજાર મસ્તકવાલા શેષ જગના કારણ જે પરમેશ,
હઠાવવા ધરતીનો ભાર લીધેલો જેણે અવતાર,

કૃપાસિંધુ ગુણના ભંડાર, માત સુમિત્રાના શિરતાજ,
વરસો કૃપાતણો વરસાદ, અનુકૂળ બનો એ પણ આજ.

ભરતને સદા અનુસરતા, શૂર સુશીલ અભય ધરતા,
રિપુસૂદન શત્રુઘ્નચરણ કરું ભાવથી ખૂબ નમન.

રામે કરી સ્વયં બહુમાન, કર્યાં જેમનાં પરમ વખાણ,
મહાવીર સેવક હનુમાન, કરું એમને આજ પ્રણામ.

(દોહરા)

ખલવનપાવક જ્ઞાનમય પવનકુમાર પ્રણામ,
ધનુષબાણ ધારી વસે હૃદય જેમના રામ.

જાંબવાન સુગ્રીવ ને અંગદ રાક્ષસરાજ,
વિભીષણે હલકા તને ભક્તોના શિરતાજ.

પામી લીધા રામને કર્યું પરમ કલ્યાણ,
એ સૌનાં ચરણે કરું આદર પ્રેમ પ્રણામ.

રામચરણના ભક્ત જે પશુપંખી કે દેવ,
માનવ દાનવ જે કરે રામચંદ્રની સેવ.

તે સૌનાયે ચરણમાં વંદું પ્રેમ કરી,
રહે હૃદયથી સર્વ તે આશીર્વાદ ધરી.

નારદ શુક સનકાદિ જે ભક્ત પરમજ્ઞાની,
વંદું તે સૌને, કરો કૃપા દાસ જાણી.

જનકસુતા જગદંબિકા અતિપ્રિય રઘુવરને,
સીતાનાં ચરણે નમું, દો નિર્મળ મતિને.

ધનુષ-બાણધારી વળી પદ્મનેત્ર પ્રભુ જે,
ભક્તતણાં સંકટ હરે સમર્થ સુખપ્રદ તે.

રઘુનાયકનાં મન વચન કર્મે વંદું હું,
ચરણકમળમાં શીશને ઢાળી વંદું છું.

પાણી તથા તરંગ ને વાણી અર્થ સદા,
કહેવાયે જુદાં છતાં જુદાં નથી કદા;

દીનબંધુ શ્રીરામ ને સીતા પણ એવાં,
અભિન્ન છે, વંદન કરું ઉત્તમ વર લેવા.

*

## ૫. નામનો મહિમા

(રાગ - ભજ ગોવિંદમ્)

કારણ સૂર્ય ચંદ્ર પાવકનું રામનામ છે રઘુવરનું,
બ્રહ્મા હરિહર સ્વરૂપ સાચે જીવન તેમજ વેદતણું;

નિર્ગુણ ગુણભંડાર નામ એ ઉપમારહિત સહિત ઉપમા,
મહામંત્ર એ જપી મહેશ્વર કાશીમાં મુક્તિ ધરતા.

મહિમા ગણપતિ ગૂઢ જાણતા, નામથી જ પૂજાય પ્રથમ,
રિદ્ધિસિદ્ધિ સેવા કરતી પામ્યા તોય પરમ ઉપરામ.

કવિવર શ્રીવાલ્મીકિ જાણતા રામનામનો પૂર્ણ પ્રતાપ,
બની ગયા જે પવિત્ર બનતાં રામનામના ઊલટા જાપ;

રામનામ છે સહસ્ત્રનામ બરાબર એવી શિવવાણી
સુણી પાર્વતી પતિ સંગાથે જમ્યાં નામમહિમા માણી.

પાર્વતીતણો પ્રેમ પેખતાં શંકર ખૂબ જ હરખાયા,
સ્ત્રીભૂષણ સર્વોચ્ચ શિવોને ભૂષણ કરતાં અપનાવ્યાં;

નામતણા ઉત્તમ મહિમાને શંકર ભગવાને જાણ્યો
કાલકૂટ વિષપાન કરીને એથી અમૃતરસ માણ્યો.

(દોહરા)

રામભક્તિ વર્ષતું તો ડાંગર જેવા દાસ,
રામનામના અક્ષરો શ્રાવણ ભાદ્રપદ માસ.

(રાગ - ભજ ગોવિંદમ્)

રામનામના બંને અક્ષર મધુર મનોહર આહલાદક,
વર્ણમાળનાં લોચન જેવા, ભક્તજનો કેરું જીવન;

સુલભ સ્મરણ કરનારા માટે, સુખદ સર્વ કોઈ કાજે,
મોક્ષ ધરે પરલોકે, લાભ અમૂલખ આ લોકે આપે.

કહેવા સુણવા ને સ્મરવાથી અક્ષર એ સુખશાંતિ ધરે,
લક્ષ્મણની જેમ જ રામ ઉપર તુલસી પણ અનુરાગ કરે;

રામનામના બંને અક્ષર પ્રીતિ જગાવે જુદીજુદી,
સ્વભાવથી સાથે જ રહેતા જીવબ્રહ્મની જેમ મળી.

બંને અક્ષર નર-નારાયણ સમાન સુંદર બે ભાઈ,
પાવન રક્ષણ જગનું કરતા, ભક્તજનોનું સૌ કાંઈ;

ભક્તિસ્ત્રીનાં કર્ણભૂષણો, સૂર્યચંદ્ર નિર્મળ જગના,
હિત કરનારા સૌનું બંને ભંડાર સનાતન સુખના.

મોક્ષરૂપી અમૃતના સ્વાદ તથા તૃપ્તિસમ એ અક્ષર,
પૃથ્વીને ધારણ કરનારા શેષનાગ મંગલ કચ્છપ;

ભક્તજનોના હૃદયકમળમાં સોહે છે એ ભ્રમર સમાન,
જિહ્વારૂપી યશોદા માટે કૃષ્ણ સુખદ બળદેવ મહાન.

(દોહરા)

સર્વે અક્ષર પર રહે રકાર છત્ર બની,
મકાર મુકુટમણિ બની કે અનુસ્વાર થઈ.

*

નામ અને નામીમહીં પૂર્વ એકતા છે,
પ્રીતિ ઉભયમાં સેવ્ય ને સેવકશી પણ છે;

સ્વામી પાછળ ચાલતો સેવક, નામી તેમ,
અનુસરે સદા નામને, અનુભવાય છે એમ.

રઘુવર પણ આવી જતા રામનામ લેતાં,
રામચરણમાં રત બધા સંત એમ કહેતા.

નામરૂપ ઈશ્વરતણી ઉપાધિ છે બંને,
અવર્ણનીય અનાદિ છે, જ્ઞાનીજન વંદે.

નાનું એમાં કોણ ને કોણ વળી મોટું,
કહેવામાં અપરાધ એ ચિંતન છે ખોટું;

નામરૂપના ભેદને છતાં સંત જાણે,
આધાર લઈ એમનો મુક્તિરસ માણે.

નામ વિના ના રૂપનું થઈ શકે છે જ્ઞાન,
અધીન એથી નામને રૂપ, કહે વિદ્વાન.

રૂપ હોય સામે છતાં નામ વિના ન જણાય;
રૂપને નિહાળ્યા વિના પરંતુ નામ જપાય.

પ્રેમ વધ્યાથી રૂપ તો હૃદયમહિં પ્રગટે,
કથા નામ ને રૂપની મતિ શે મંદ કથે.

અકથ કથા સુખપ્રદ સુણ્યે છતાં ન વર્ણન થાય.
નિર્ગુણ સગુણ સ્વરૂપનું સાક્ષી નામ ગણાય;

દુભાષિયા જેવું જ તે જ્ઞાન કરાવી દે,
નિર્ગુણ તેમજ સગુણનો ભેદ મિટાવી દે.

રામનામ મણિદીપને મુખમંદિરમાં ધાર,
તુલસી પ્રકાશ જો ચહે અંદર તેમ બહાર.

*

(આખ્યાન)

બ્રહ્માએ સર્જ્યું સર્જન, એમાં કરવા પ્રભુદર્શન,
જપે નામ જાગ્રત યોગીજન, ધન્ય બને પામી અનુભવધન.

ગૂઢ રહસ્ય જાણવા માગે નામ જપે તે નિશદિન રાગે;
બને નામજપમાં જે લીન અષ્ટસિદ્ધિથી થાયે સિદ્ધ.

પીડાગ્રસ્ત જપે જો નામ, તેનાં સંકટ મટે તમામ;
દુઃખ ટળે ને સુખ આપે, સિદ્ધ બને સઘળાંયે કામ.

અર્થાર્થી જ્ઞાની ને આર્ત ભક્ત કહ્યા જિજ્ઞાસુ કૃતાર્થ,
ભક્તોના એ ચાર પ્રકાર, ચારે અનઘ પવિત્ર ઉદાર.

ચારેને છે નામ આધાર, જ્ઞાની પર પ્રભુને વધુ પ્યાર;
ચાર વેદમાં પ્રગટ પ્રભાવ, કોઈ યુગમાં નથી અભાવ.

વિશેષ કલિયુગમાં મહિમા, નામતણો અતુલિત મહિમા,
નામ વિના કોઈ ન ઉપાય, બંધન નામથકી જ કપાય.

(દોહરા)

સકલ કામનાહીન જે રામભક્તિરસ લીન,
તે પણ નામસુધાસરે કરતા મનને મીન.

*

(આખ્યાન)

અગુણ સગુણ બે બ્રહ્મસ્વરૂપ, અકથ અગાધ અનાદિ અનૂપ,

મોટું એથી નામ રસાળ મારા નિશ્ચિત મત અનુસાર;
બંનેને વશ કરતું નામ સાધકને કરતું કૃતકામ.

સુજન ન સમજે ધૃષ્ટતા જરી, કહી કથા રુચિને અનુસરી;
પ્રતીતિ પ્રીતિ મારા મનની શ્રદ્ધાપૂર્વક મેં વર્ણવી.

દેખાયે ના નિર્ગુણ બ્રહ્મ પાવક ગુપ્ત કાષ્ઠમાં જ્યમ,
સગુણ બ્રહ્મ પ્રત્યક્ષ ગણાય, પાવક પ્રગટ સમાન મનાય.

નિર્ગુણ સગુણ કઠિન છે બે, નામથી સુલભ બનતા તે,
તેથી કહ્યું નામને મેં મોટું રામથકી પણ છે.

વ્યાપક એક બ્રહ્મ અવિનાશી, સત ચેતન ઘન આનંદરાશી,
એ અવિકારી હૃદય રહે તોપણ સુખ ના જીવ લહે.

મહિમા જાણી જપતાં નામ, રત્ન જાણતાં મૂલ્ય તમામ
જણાય તેમજ પ્રગટ બને બ્રહ્મ અશાંતિ સમસ્ત હણે.

(દોહરા)

નામ એમ મોટું ખરે નિર્ગુણ બ્રહ્મથકી,
નામપ્રભાવ અપાર છે, વર્ણન થાય નહીં.

સંકોચ વિના જો કહું મુજ વિચાર અનુસાર,
તો કહીશ કે રામથી મોટું નામ રસાળ.

*

(આખ્યાન)

ભક્તો માટે નરતનુ ધાર્યું, કષ્ટ સહીને સુખ વરસાવ્યું,
રામે વિપત્તિ અગણિત વેઠી સજ્જનના સંકટને ટાળ્યું;

ભક્તો પણ પ્રેમ સહિત નામ જપી બને મંગલ સુખધામ;
અનાયાસ આનંદ કરે, બીજાને પણ રંગ ધરે.

એક અહલ્યા તારી રામે, ધરી કોટિ ખલ સન્મતિ નામે;
વિશ્વામિત્ર યજ્ઞ રક્ષાર્થ સેના સહિત પુત્રનો નાશ

કરી તાટકાને મારી રામે પરાક્રમે ભારી.
સૂર્ય જેમ રજનીનો નાશ કરે તેમ દુ:ખોનો નાશ
દુરાશા હણે ભક્તતણી નામ સદાયે સ્વયંપ્રકાશ.

*

તોડ્યું શિવનું રામે ચાપ ભવભયભંજન નામપ્રતાપ.
સુશોભિત કર્યું દંડકવન રામે પૂર્ણ કર્યું પાવન;
પરંતુ મહિમા નામનો જુઓ, અગણિત કીધાં પાવન મન.

રાક્ષસસેના રામે હણી, નામે સૌ કલિકલુષતણી,
સેના હણી વિના હથિયાર, એનો પામે કોણ જ પાર ?

(દોહરા)

શબરી તથા જટાયુશા ભક્તશ્રેષ્ઠને રામ,
ઉત્તમ ગતિ આપી ગયા કરી અલૌકિક કામ.

કામ કિન્તુ ઉત્તમ અધિક નામતણું લાગે,
શઠ અસંખ્ય તાર્યા ભરી નામે નિજ રાગે.

કથા એમની શાસ્ત્ર ને સમાજમાં પ્રખ્યાત,
રામ ભક્તને તારતા, નામે ગરીબનવાજ.

(આખ્યાન)

સુગ્રીવ અને ભક્ત વિભીષણ, રામે રાખ્યા ઉભય શરણ,
નામે તાર્યા કૈંક ગરીબ કૃપા કરી છે વિશ્વવિદિત.

ભાલુ-કપિ કટકની સાથે સેતુ બાંધવાને માટે
રામે શ્રમ ના સ્વલ્પ કર્યો સિંધુ નાથવાને માટે;

કિન્તુ લેતાંવેંત જ નામ થાય અલૌકિક કેવું કામ,
ભવસાગર સંપૂર્ણ સુકાય, તરવા ચહો તો તરત તરાય.

રાવણને કુળસહિત હણ્યો, સીતાને આનંદ ધર્યો,
અયોધ્યામહીં કર્યો પ્રવેશ, રામે ધાર્યો નૃપનો વેશ;

દેવો મુનિજન ગુણને ગાય, દર્શન કરતાં સાર્થક થાય;
પરંતુ મંગલ મધુમય નામ વધી એ થકી આગળ જાય.

પ્રેમે કરતાં નામસ્મરણ, લેતાં નામીતણું શરણ,
પ્રબળ મોહનું સૈન્ય મરાય, વિના પરિશ્રમ રાજ્ય પમાય,

આત્મસુખસરે સ્નાન કરાય, શાંતિસીતાને સહેજ મળાય,
જપે નામ તે આત્મમગન બને, શોક ના કરે સ્વપન.

(દોહરા)

નામ બ્રહ્મથી અધિક ને મંગલકારક એમ,
મહિમા એનો શબ્દમાં કહી શકાયે કેમ ?

બ્રહ્મા વર દેતા છતાં એમને ય વર દે,
પ્રિય છે એથી રામનું નામ જ શંકરને.

રામકથામાંથી ગ્રહ્યું એમણે મધુર નામ;
કૃપામાત્રથી થાય છે સિદ્ધ બધાંયે કામ.

*

(આખ્યાન)

નામકૃપાથી શિવ અવિનાશી, વેશ અમંગલ મંગલરાશી,
શુક સનકાદિ સિદ્ધ મુનિ યોગી નામે થયા બ્રહ્મરસભોગી.

નારદ જાણે નામપ્રતાપ, જગપ્રિય હરિ હરિહરપ્રિય આપ;
જપથી પ્રભુએ કૃપા કરી પ્રહ્લાદ થયા શિરોમણિ
ભક્તો કેરા શિરોમણિ.

શોકિત ધ્રુવ હરિનામ જપી અવિચળ પદ પામ્યા તપથી;
પવનસુત સ્મરી પાવન નામ વશ કરી શક્યા રઘુપતિ રામ.

અજામીલ ગજ ગણિકા નીચ, કરી પૂર્ણ પ્રભુનામે પ્રીત,
મુક્તિ પામ્યાં ક્લેશ થકી પામી કૃપાતણું નવનીત.

મહિમા કહું નામનો શે, ગુણો નામના અનંત છે,
શેષ શારદા બ્રહ્મા ને ગાઈ રામ શકે ના તે.

(દોહરા)

રામનામ કલિકલ્પતરુ ને કલ્યાણ નિવાસ;
થયો સ્મરીને ભાગશો તુલસી તુલસીદાસ.

ત્રિકાળ કે ત્રણ લોકમાં ચારે યુગમાં તેમ,
શોકરહિત જીવો બન્યા કરી નામનો પ્રેમ.

વેદપુરાણ પરમ કહે સંત વાતને એક,
સકળ સુકૃત કે પુણ્યનું ફળ રામતણો સ્નેહ.

*

(આખ્યાન)

સત્યયુગમહીં ધ્યાન ધરી, ત્રેતાયુગમાં યજ્ઞ કરી,
દ્વાપરમાં પૂજન અર્ચન કરી કરાતું પ્રભુદર્શન.

મલિન દોષભંડાર સમા પરંતુ મન આ કલિયુગમાં,
પાપસમુદ્રે મીનસમા મગ્ન બને છે માનવનાં.

એવા કરાળ કલિયુગમાં નામ કલ્પદ્રુમને જપતાં,
જાળ જગતની દૂર થતી, પ્રશાંતિ પામે છે તપતાં.

રામનામ આપે ઈચ્છિત ફળ, આ લોકે પરલોકે હિતકર,
માતાપિતા સમાન સુખ ધરે, બને સર્વ માટે બંધનહર.

(દોહરા)

કલિયુગમાં ના કર્મ કે ભક્તિ જ્ઞાન વિવેક,
રામનામનો છે કહ્યો આધાર ખરે એક.

કપટમૂર્તિ કલિયુગતણા કાલનેમિનો નાશ,
કરવા નામ સમર્થ છે બજરંગબલી ખાસ.

રામનામ શ્રીનૃસિંહ ને કલિ હિરણ્યકશિપુ,
રક્ષણ કરશે ભક્તજન સૌ પ્રહલાદતણું.

*

(આખ્યાન)

ભાવ કભાવ ક્રોધ આળસથી, મંગલ બને દસે દિશ જપથી,
એવું સ્મરી રામનું નામ, કરી રામને પ્રેમપ્રણામ,
કરું રામગુણગાથા ગાન.

જેમની નથી વ્યર્થ કૃપા, અમોઘ કહેવાતી કરુણા,
સુધારશે તે મારી વાણ, પોષશે મને માની પ્રાણ.

રામસમા છે ઉત્તમ નાથ, મારાશો અધમાધમ દાસ,
છતાં ભાવને જાણી ખાસ દેશે પદ પોતાની પાસ.

રંક રાય પંડિત ને મૂર્ખ, પુરવાસી કે ગ્રામી મૂઢ,
મલિન પવિત્ર બુદ્ધિ અનુસાર, સુકવિ કુકવિ રાજાને દ્વાર
પ્રશંસા કરે રુચિ અનુસાર.

સુશીલ સજ્જન સુજ્ઞ કૃપાળ રાજા ઈશ્વરઅંશ સમાન,
ભક્તિ વિનય ને જાણી ભાવ, સન્માની આપે શિરપાવ;

નૃપનો એવો કહ્યો સ્વભાવ, આ તો જ્ઞાનીશિરમણિ રામ,
પવિત્ર પ્રેમે થાય પ્રસન્ન, મૂર્ખ મલિન કો મુજશો અન્ય ?

(દોહરા)

તાર્યા પથ્થર સિંધુમાં, સચિવ કર્યા કપિ ભાલુ,
પ્રીતિ રુચિ શઠ છું છતાં મારી તે જ કૃપાળુ

સ્વીકારી અપનાવશે મુજને દાસ ગણી,
સમાજમાં હું રામનો સેવક રહ્યો બની.

રામ સહી ઉપહાસ એ કૃપા કરી દો ખાસ,
સાહેબ સીતાનાથશા, સેવક તુલસીદાસ.

*

(આખ્યાન)

ધૃષ્ટતા ઘણી દોષ મહાન પાપો મારાં વળી વિરાટ,
સ્વર્ગ સાંપડે કેમ મને, મળે નરકમાં પણ ના સ્થાન.

સમજી એમ મને ભય રહે, કલ્પિત ચિંતા ચિત્ત કરે,
પરંતુ પ્રેમસિંધુ છે રામ સ્વપ્ને ધરે ન ત્રુટિનું ધ્યાન.

રામે વાત સુણી મારી ભક્તિભાવનાને જાણી,
પ્રશંસા કરી એની ખૂબ ભલે હોય મન મારું મૂઢ;

ભક્તનું હૃદય જોતા રામ કરતા પૂર્ણપણે નિષ્કામ,
વરસતા કૃપાની વર્ષા પ્રસન્ન ભક્ત ઉપર બનતાં.

ભૂલ ભક્તની કરે ન યાદ, કરે શુભ તરફ દૃષ્ટિપાત;
વાલીને રઘુવરે હણ્યો, એ જ દોષ સુગ્રીવતણો
હતો ભયંકર તોપણ ના દંડ કર્યો, ઉદ્ધાર કર્યો.

દોષ વિભીષણનો ભારે લીધો લેશ નહીં ધ્યાને.
ભરત ભેટતાં સન્માન કર્યું એનું ને ગુણગાન કર્યું.

(દોહરા)

પ્રભુએ વાનરને કર્યા સ્નેહે સ્વયં સમાન,
તુલસી એવા રામશા અન્ય ન શીલનિધાન.

રામ, આપના અનુગ્રહે થાય સૌનું કલ્યાણ,
તુલસીનું તેમજ થશે સદા પરમ કલ્યાણ.

*

## ૬. રામ કથા

નિજ ગુણદોષ કહી નમી સ્નેહથકી સહુને,
કલિમલનાશક વર્ણવું રામતણા યશને.

યાજ્ઞવલ્ક્ય મુનિએ કહી ભરદ્વાજને જે,
કથા કહું સજ્જન સુણો સુખની સાથે તે.

શિવે સંભળાવ્યું ચરિત શિવાને કરી રે'મ,
અર્પ્યું કાગભુસુંડિને રામભક્ત નિજ જેમ,
અધિકારી સાચા ગણી રામકથાના તેમ.

એમણે ચરિત એ કહ્યું યાજ્ઞવલ્ક્ય મુનિને,
કહ્યું યાજ્ઞવલ્ક્યે વળી ભરદ્વાજ ઋષિને.

વક્તા શ્રોતા એ હતા શીલવાન સઘળા,
સમદર્શી સૌ સમજતા લીલાગુણ હરિના.

દિવ્ય દૃષ્ટિથી દેખતા ત્રણે કાળને એ,
કરતલગત આમલકસમ ઋષિમુનિઓ સર્વે.

અન્ય વળી વિદ્વાન જે હરિભક્ત જગે છે,
કહે સુણે સમજે રસે આ ચરિત્રને તે.

વરાહક્ષેત્રે મેં સુણી ગુરુકૃપાથી કથા,
પરંતુ ના સમજી શક્યો ત્યારે શૈશવમાં.

શ્રોતાવકતા જ્ઞાનનિધિ, કથા રામની ગૂઢ,
જડ હું શે સમજી શકું કલિમલગ્રસ્ત વિમૂઢ.

તોપણ ગુરુદેવે કહી વારંવાર કથા,
મતિ અનુસાર શ્રમે કરી સમજી શક્યો જરા.

એ જ કથાને આજ હું કવિતાબદ્ધ કરું,
ભાવભક્તિ પ્રજ્ઞાથકી મનને લેશ ભરું.

મારામાં જે બુદ્ધિ ને વિવેકનું બળ છે,
પ્રેરણા વળી પ્રભુતણી ઉરની અંદર છે.

કથા કહું એ મુજબ હું શંકા ભ્રમ હરનાર,
ભવસાગરનૌકા સમી મોહમુક્ત કરનાર.

*

(આખ્યાન)

વિદ્વાનોને શાંતિ આપતી, રંજન સૌનું સદા કરે,
રામકથા કલિયુગનાં દૂષણ પાતક તેમ સમસ્ત હરે;

તક્ષક કલિયુગ કેરો મારે, પ્રજ્ઞા પાવન પ્રગટાવે,
રામભક્તિની ગંગા જગાવે, જીવનમંગલને લાવે.

કામધેનુ એ કલિકાળમહીં સંજીવની પરમબૂટી,
સરિતા સુધાતણી, ભયનાશક, જાય ભ્રાંતિ મનની લૂંટી;

અસુરોની સેના સમાન છે નાશ નરકનો કરનારી,
કુળનું હિત કરનારી, દુર્ગા દુ:ખ દેવનાં હરનારી.

ક્ષીરસમુદ્રમહીં સંતોના લક્ષ્મી સમાન એ ન્યારી,
પૃથ્વી ઉપાડનારી નિશદિન ભાર જગતકેરો ભારી.

યમદૂતોને નિરાશ કરતી એવી અદભુત યમુના એ,
રામકથા જ્યાં થતી હોય ત્યાં કાળ કદી ફાવી ન શકે;

મોક્ષદાયિની કાશી જેવી, તુલસીશી પ્રિય રઘુવરને,
તુલસીની માતા હુલસીશી કરનારી નિશદિન પ્રિયને.

નર્મદાસમી શંકરને પ્રિય, સિદ્ધિસુખ સંપત્તિ પરમ,
વૈભવ ધનભંડાર, સદગુણોતણી જનેતા અદિતિ અમર;

રામપ્રેમ શ્રદ્ધાભક્તિના પૂર્ણસ્વરૂપ સમાન કથા,
જે એનો આશ્રય લેતા તે વિસરી જાય બધીય વ્યથા.

(દોહરા)

રામકથા મંદાકિની ચિત્રકૂટ છે ચિત્ત,
તુલસી સુંદર વન વસે એમાં પાવન પ્રીત.

સીતા ને રઘુવીર ત્યાં નિત્ય વિહાર કરે,
ઝાંખી કરતાં એમની ભક્ત ત્રિતાપ તરે.

રામચરિત ચિંતામણિ સંત સુબુદ્ધિ સ્ત્રી,
એના શુભ શૃંગારશી કથા સમસ્ત કહી.

ગુણો રામના જગતનું મંગલ કરનારા,
ધર્મ મુક્તિ ધન ધામ ને સિદ્ધિ ધરનારા.

જ્ઞાન યોગ વૈરાગ્યના ગુરુ રામગુણ છે,
અશ્વિનીકુમારો સમા ભવના વ્યાધિને.

પ્રેમ રામસીતાતણો માત બની જગવે,
વ્રત નિયમો ને ધર્મનું બીજ સનાતન છે.

*

(આખ્યાન)

શોક પાપ સંતાપ શમાવે, આ ને પરલોકે સુખ દે,
જ્ઞાનરૂપી રાજાના મંત્રી, લોભસિંધુના અગસ્ત્ય એ,

ભક્તજનોના મનના વનમાં કલિમલના હાથી ફરતા,
કામક્રોધ ને મમતાકેરાં હિંસક પશુ તેમજ રમતાં,

રામગુણો સિંહતણા શાવક બની એમના પ્રાણ હરે,
શિવને પ્રિય ને પૂજ્ય, દૈન્યના દાવાનળને શાંત કરે.
એવા એ તો મેઘ ખરે.

મંત્ર મહામણિ વિષયોકેરા સર્પને તરત ઉતારતા,
લલાટે લખ્યા ઘોર લેખને રમત માત્રમાં મટાડતા.

સૂર્યકિરણશા અવિદ્યાતણા અંધકારને હરનારા,
રામકથાના ગુણ વર્ષાશા સમૃદ્ધિને ધરનારા.

ઈપ્સિત ફળને પ્રદાન કરતાં કલ્પવૃક્ષ જેવા છે એ.
સેવા કરવાથી હરિહરની પેઠે સુખદ સદાયે છે.

શરદઋતુસમા કવિના મનના આકાશે બનતાં તારા,
શોભા ધરતા, રામભક્તના જીવનની મંગલ માળા.

પુણ્યોના ફળરૂપ ભોગ એ, હિત કરનારા સંતસમા,
હંસસમાન વિહરતા ભક્તજનોના માનસરોવરમાં.

પવિત્ર ગંગાતરંગ પેઠે પુનિત પ્રાણને કરનારા,
વિષાદ જડતા પ્રમાદ ભય ને ભેદભાવને હરનારા.

(દોહરા)

પ્રચંડ પાવક કાષ્ઠને બાળી નાખે જેમ,
ગુણો રામના કપટ ને કુતર્ક બાળે તેમ.

દંભ કુચાલ ઘમંડ ને દૂર કરે પાખંડ,
સુખ આપે રઘુવરકથા બનતાં પૂનમચંદ.

સૌને સુખ આપે છતાં હિતકર વધુ એ,
સજ્જનરૂપી કુમુદને ને ચકોર મનને.

*

પ્રશ્ન પાર્વતીએ કર્યો જેવિધ શંકરને,
સવિસ્તર કથન જે કર્યું સ્નેહે તેમ શિવે,

અદભુત કથામહીં વણી એ ઘટના ગાઉં,
આશ્ચર્યચકિત એ સુણી નથી ઉચિત થાવું.

કથા સુણી વિદ્વાન સૌ વિસ્મય ના પામે,
સમજે કે આવી કરી લીલા કૈં રામે;

એમની કથાનો નથી અંત આવતો ક્યાંય,
અવતાર થયા રામના અનેકવિધ જગમાંહ્ય.

કલ્પ પ્રમાણે હરિચરિત ઋષિમુનિએ ગાયાં,
શંકા છોડી એટલે સાદર ગુણ ગાવા.

રામ અનંત, અનંત ગુણ, વિપુલ કથાવિસ્તાર;
તે ના વિસ્મય પામશે જેના વિમળ વિચાર.

*

## ૭. રામચરિતમાનસ વિશે

(આખ્યાન)

શંકા સઘળી દૂર કરી, ગુરુચરણરજ મસ્તક ધરી,
વિનવું સૌને કરી પ્રણામ કરવા સફળ કથાનું કામ.

સાદર શિવને કરી પ્રણામ ધરું કથા પ્રતિ મારું ધ્યાન;
હરિચરણોમાં મૂકી શીશ, સોળસો અને એકત્રીસ

વિક્રમ સંવત કરું કથા, રામગુણોથી મટે વ્યથા,
ચૈત્ર માસ સુદ નવમ વળી મંગળવારે મંગલમયી

અયોધ્યાપુરીમાં આરંભ કર્યો કથાનો છોડી દંભ,
રામજન્મ તે દિવસે થાય, તીર્થો સઘળાં મહિમા ગાય,

અસુર નાગ મુનિ માનવ દેવ આવી કરે રામની સેવ,
જન્મમહોત્સવને ઊજવે, સ્મરે રામકેરા યશને.

(દોહરા)

સ્નાન પાન સજ્જન કરે પવિત્ર સરયૂ નીર,
ધ્યાન ધરે રઘુવર રટે સુંદર શ્યામ શરીર.

(આખ્યાન)

દર્શન સ્પર્શ સ્નાન ને પાન હરે પાપને કહે પુરાણ,
નદી પુનિત મહિમાવાળી, બુદ્ધિ શારદાની હારી,
સાધારણ મતિ તો મારી, કેમ કરે વર્ણન વાણી.

અયોધ્યાપુરી પુનિત પ્રસિદ્ધ વસે દેવ મુનિ માનવ સિદ્ધ,
પરમધામને કરે પ્રદાન, એમાં જે ત્યાગે છે પ્રાણ,
મુક્ત બને તે સર્વપ્રકાર, કરી શકે ના કાંઈ કાળ.

મંગલ સિદ્ધિપ્રદાયક જાણી, સર્વપ્રકાર મનોહર માની,
વિમળ કથા આરંભ કરું શ્રોતાના મદ દંભ હરું,
કામ ક્રોધ અજ્ઞાન હણ્યું.

રામચરિતમાનસ છે નામ, સાંભળતાં જ મળે વિશ્રામ;
મદોન્મત હાથી મનનો વિષયાગ્નિમાં જલી રહ્યો.

રામચરિતમાનસના જો પડે સરોવરમાં તે તો,
શાંતિ મેળવે, સુખી બને, વિષયોના અનલે ન જલે.

રામચરિતમાનસ મુનિભાવન રચ્યું શિવે સુંદર અતિપાવન;
ત્રિવિધ તાપ દુઃખદોષનસાવન, દુરાચાર દુર્દૈન્યવિદારણ;
કથા કરીને કરું મતિ પાવન.

શિવે રચીને મનમાં રાખ્યું, સુયોગ્ય સમયે શિવાને ભાખ્યું,
એથી રામચરિતમાનસનું નામ શંકરે હરખી રાખ્યું.
બની ગયા બડભાગ ભક્તજન ફળ એ સ્વાદુ જેમણે ચાખ્યું.

*

(દોહરા)

રામચરિતમાનસ થયું જે રીતે જગમાં,
શિવા સ્મરી શિવને કહું તે પ્રસંગ શરૂમાં.

કવિ સન્મતિ પામી કૃપા શિવની થતાં થયો,
સજ્જન છતાં સુધારજો દોષ જણાયે તો.

સન્મતિ ભૂમિ હૃદયરૂપી સ્થળ છે તેમ અગાધ,
વેદપુરાણ સમુદ્ર તો સંતો મેઘ મહાન.

મેઘ સંતના એ બધા મધુમંગલ દિનરાત,
યશરૂપી શ્રીરામના વરસાવે વરસાદ.

લીલાવર્ણન સગુણનું તે પાણી નિર્મળ,
મેલ હરે, શુદ્ધિ ધરે, અર્પે નવજીવન.

પ્રેમભક્તિને વર્ણવી પૂર્ણપણે ન શકાય,
એ જ મધુરતા જલતણી શીતળતાય સદાય.

એ પાણી સત્કર્મની ડાંગરને પકવે,
રામભક્તની પ્રેરણા પ્રકાશ જીવન છે;

પડે બુદ્ધિરૂપી કદી પૃથ્વી પર પાણી,
શ્રવણમાર્ગથી જો વહે આગળ રસ માણી,

સ્થિરતા અંતરમાં ધરે રુચિકર લાગે તો,
શીતળ સુખદાયક બને, સંશય નથી કશો.

ભુશુંડિ ગરુડ શિવાશિવ યાજ્ઞવલ્ક્ય ભરદ્વાજ,
તુલસી ને સંતોતણા થયા ચાર સંવાદ.

અતિસુંદર ઉત્તમ સુખદ સંવાદ સરસ ચાર,
રામકથાસરના બન્યા એ જ મનોહર ઘાટ.

*

(આખ્યાન)

રામચરિતમાનસ સરવરનાં સાત કાંડ સુંદર સોપાન,
જ્ઞાનચક્ષુથી જોતાંવેંત જ થાય પ્રસન્ન સુખી વિદ્વાન.

રઘુપતિમહિમા અગુણ અપાર એ જ વારિ શુચિ અકથ અગાધ,
રામજાનકીયશનું સલિલ સુધાસમાન રસાળ પુનિત;

ઉપમા સુંદર વીચિવિલાસ, ચોપાઈ છે કમલિની ખાસ,
યુક્તિ-પ્રયુક્તિ છીપસમી પ્રગટાવે જે સુંદર મણિ.

દોહા સોરઠા સુંદર છંદ કમળપંક્તિશા છે બહુરંગ;
ભાષાભાવ અર્થના રંગ એ પરાગ મકરંદ સુગંધ.

ભ્રમરપંક્તિ સત્કર્મ અપાર, હંસ જ્ઞાન વૈરાગ્ય વિચાર;
કવિતાનો ધ્વનિ ગુણસમુદાય મીન મનોહર છે સરમાંહ્ય.

ધર્મ અર્થ કામાદિક ચાર, જ્ઞાન તથા વિજ્ઞાન વિચાર,
નવરસ જપ-તપ યોગ વિરાગ એ સૌ જલચર સમાં તડાગ.

સજ્જન સંત નામગુણગાન તે વિચિત્ર જલવિહગ સમાન,
આંબાવાડી સંતસભા, વસંતઋતુ શ્રદ્ધા અચલા.

ભક્તિનિરૂપણ વિવિધ પ્રકાર, ક્ષમા દયા શમ દમ સુવિશાળ,
લતામંડપો તે સઘળા, યમ ને નિયમ ફૂલ મધુરાં.

જ્ઞાન ફળસમું સર્વતણું, રસ પ્રભુપદરતિ પૂર્ણ ગણું,
કથાપ્રસંગ વિભિન્ન વિહંગ, કોયલ પોપટ મોર અનંત.

(દોહરા)

કથાશ્રવણ વાચનથકી રોમાંચ થતાં જે,
બાગ વાટિકા વન વળી જાણી લેજો તે.

સુખાનુભવ પંખીતણો પ્રેમભરેલ વિહાર,
નિર્મળ મન માળી અને પ્રેમ પુનિત જલધાર.

સાવધ બનતાં ચારુ આ ચરિત્રને જે ગાય,
તે સંરક્ષક ચતુર આ સરવરના કહેવાય.

સદા સાંભળે સ્નેહથી આદરપૂર્વક જે,
અધિકારી માનસતણા ઉત્તમ દેવો તે.

અતિ શઠ ને વિષયી જનો બગલા કાગસમા,
ભાગ્યહીન કોદી ન તે સરની પાસ જતા.

કારણ કે શેવાળ ને છીપ દેડકાંશી,
કથા વિષયરસથી ભરી આમાં એક નથી.

કાક તેમ બકના સમા એથી કામી લોક,
સમીપમાં ના આવતા હિંમત કરતાં ફોક.

કઠિન ખૂબ છે આવવું આ સરવરની પાસ,
રામકૃપાવિણ ના કરે કોઈ પાસે વાસ.

કુસંગ પંથ કરાળ ને કઠિન કહેલો છે,
કુસંગીવચન સર્પ ને વાઘ સિંહશાં છે;

વ્યવસાયો ઘરના અને અનેકવિધ જંજાળ,
પર્વત એ દુર્ગમ ખરે અતિ વિકરાળ વિશાળ.

મોહ મદ અહંકારનાં અરણ્ય છે એમાં,
નદી કુતર્કોની પ્રબળ નિત્ય વહે તેમાં.

શ્રદ્ધાનું ભાથું ન હો, હો ન સંતનો સાથ,
અગમ્ય માનસ તો ખરે, પ્રિય જો ના રઘુનાથ.

*

(આખ્યાન)

કષ્ટ સહી ત્યાં પહોંચી જાય, શિકાર શરદીકેરો થાય,
નિદ્રારૂપી આવે તાવ, મળે મૂર્ખતાનો શિરપાવ.

જડતા ઉરની બુદ્ધિ હરે, અભાગિયો ના સ્નાન કરે,
માનસ સરની પાસ પહોંચી પાછો ખાલી હાથ ફરે.

સરોવરમાં ના સ્નાન કરે, પ્રેમે ના જલપાન કરે,
અહંકારમાં અટવાઈ ના દાન કરે ના ધ્યાન ધરે;

સમાચાર કોઈ પૂછે તો નિંદા કરે સરોવરની,
જેમ તેમ કહેતાં સમજાવે, ભાગ્યતણી ન કહે કથની.

કૃપાદૃષ્ટિથી જુએ રામ તો વિઘ્નો કોઈ નડે નહીં,
સાદર સરમાં સ્નાન કરાવે ત્રિતાપ લેશ શકે ન દહી.

રામચરણમાં ઉત્તમ ભાવ, તે તો માની અમૂલખ લ્હાવ,
સરવરને ના તજે કદી, નિમજ્જન કરે ઘડીઘડી.
કરવા ચાહે સરવરસ્નાન, સત્સંગ કરે તે મતિમાન.

અંતરનાં નેત્રોથી ભાળી, માનસસરમાં અવગાહી,
કવિની બુદ્ધિ બની વિમળ ને હર્ષ વધ્યો અંતરમાંહી;
પ્રેમાનંદ પ્રવાહ પ્રગટતાં કૃતાર્થ લાગ્યું સૌ કાંઈ.

ચાલી કવિતાસરિતા એથી ભરી રામયશનું પાણી,
સરયૂ નામ એ સરિતાનું, કરે અમંગલની હાનિ.

માંગલ્યતણું મૂળ એ ખરે, એના બે સુંદર તટ છે,
લોકમત તથા વેદમત તણા, એ બંનેની મધ્ય વહે.

માનસસરની સુપુત્રી સમી સરિતા એ શુચિ દિવ્ય ખરે,
ઘાસ વૃક્ષશાં કલિ-કિલ્મિષનો નાશ મૂળની સાથ કરે.

(દોહરા)

નગર ગ્રામ પુર એ ત્રણે સરિતાના તટ પર,
સમાજ શ્રોતાનો કહ્યો, સંતો ને મુનિવર.

સભા મૂળ માંગલ્યનું દીસે છે એમાં,
અવધપુરી એ અનુપમા તીર્થ વસે જેમાં.

(આખ્યાન)

રામભક્તિની સુરસરિતામાં સરયૂ યશસ્વિની મળતી,
ગાથા યુદ્ધતણી રઘુવરની લક્ષ્મણની સાથે ભળતી.

એ જ મહાનંદ શોણ એ મહીં સુંદર મનભાવન સરતી.
જ્ઞાન અને વૈરાગ્ય સહિત એ બંનેની વચ્ચે રમતી.

ભક્તિધાર ગંગાની દૈવી; ત્રિમુખી બનતાં એમ વહે,
સરયૂ ત્રિતાપને હરનારી રામસિંધુનું મિલન ચહે.

જાન ઉમાશંકર-વિવાહની એને જલચર અગણિત માન;
રામજન્મની સુખદ વધાઈ ભમરી સરિતાકેરી જાણ,
મનહર માન તરંગ સમાન.

(દોહરા)

બાલચરિત સૌ બંધુનાં પદ્મ વિવિધ બહુરંગ,
નૃપ રાણી સેવક સુકૃત મધુકર વારિ વિહંગ.

(આખ્યાન)

સુંદર સીતા-સ્વયંવર કથા સરિતાની શોભા સમજો,
પ્રશ્ન અનેક નાવના જેવા, ઉત્તર નાવિકશા ગણજો.

કથા સાંભળી કરાય ચર્ચા સંઘ યાત્રિકોનો તે તો,
ધારા અતિશય ઘોર નદીની પરશુરામનો કોપ કહો.

ઘાટ વ્યવસ્થિત રીતે બાંધ્યા વાણી એ રઘુનાથતણી,
વિવાહનો ઉત્સાહ સર્વનો ભરતી સુખદાયિની ઘણી.

કથાતણી જે કથન શ્રવણથી રોમાંચિત ને હર્ષિત થાય,
સત્કર્મી તે પુણ્યાત્માઓ નદી નીરમાં હરખે ન્હાય.

રામચંદ્રના રાજતિલકનું મંગલ આયોજન સઘળું,
પર્વપ્રસંગે થયું એકઠું મંડળ તે તો ભક્તતણું.

લીલ નદીની કથામહીં આ કુમતિ ખરે કૈકેયીની,
જેના પરિણામે વરસેલી વર્ષા વિકટ વિપત્તિતણી.

(દોહરા)

શમાવતું ઉત્પાતને ભરતચરિત જપયાગ;
કલિમલ ખલ અવગુણકથન તે જલમળ બગ કાગ.

*

સરિતા કીર્તિની બધી ઋતુમાં સુંદર છે,
સુશોભિત પુનિત આપતી શાંતિ સતત સહુને.

પાર્વતી-શિવ વિવાહને ઋતુ હેમંત કહું,
જન્મોત્સવ શ્રીરામનો શિશિર સદા સમજું.

રામવિવાહ પ્રસંગનું વર્ણન છે ઋતુરાજ,
વસંત મંગલમય સદા અર્પનાર ઉલ્લાસ.

વનગમન વળી રામનું દુઃસહ ગ્રીષ્મ ગણાય,
કથા વનતણી તાપ ને લૂ વિકરાળ મનાય.

યુદ્ધ નિશાચર સાથનું વર્ષાઋતુ છે ઘોર,
સુરકુળ ડાંગરકાજ છે હિત કરનાર અમોલ.

રામરાજ્ય મહિમા વિનય સુખસંપત્તિ વળી,
સુખકારક સુંદર ખેર ઋતુ છે શરદ બની.

સતીશિરોમણિ જાનકી ગુણકેરી ગાથા,
સરિતા સલિલતણા કહ્યા નિર્મળ ગુણ સઘળા.

શીતળતા સરિતાતણી સ્વભાવ ભરતતણો,
સદા એકરસ વર્ણવે એને કોણ કહો.

દર્શન સંભાષણ મિલન ભ્રાતૃભાવ મધુ હાસ,
ચાર બંધુનો સ્નેહ છે સુવાસ ઉત્તમ ખાસ.

સરિતાના જળની કહો નિત્ય મધુરતા એ,
આર્તભાવ ને દીનતા વિનય મહારો જે,
ઉત્તમ પાણીની નથી લઘુતા થોડી તે.

અદભુત ગુણકારી બધા મનના મેલ હરે,
તૃષા હરે આશાતણાં બંધન દૂર કરે,
શ્રવણમાત્રથી સુખ ધરે રામચરિતજળ એ.

(આખ્યાન)

રામપ્રેમને પુષ્ટિ ધરે, કલિનાં કિલ્મિષ ગ્લાનિ હરે,
જીવનનો શ્રમ શાંત કરે, દુઃખ દોષ દારિદ્રય હણે,

શાશ્વત સુખ સંતોષ ધરે.

કામ ક્રોધ મદ મોહને મારે, વિમળ વિવેક વૈરાગ્ય વધારે;
સાદર સ્નાનપાન કરવાથી પાપતાપ સઘળાય શમાવે.

કથાજળે ના અંતર ધોયું, નિર્મળ મનમુકુરે ના જોયું,
કલિકાળથકી ઠગાઈ ગયા, એ સૌએ જીવનને ખોયું.

કાયર એ સૌ જીવ જાણવા, આત્મપ્રવંચક સમ પ્રમાણવા;
સૂર્યકિરણનાં મૃગજળ જોઈ દોડે મૃગલાં મતિને ખોઈ.

દુઃખી થઈને વ્યર્થ મરે, ભવાટવીમાં એમ ફરે,
મિથ્યાને સાચું માની, અજ્ઞ જીવ બેહાલ બને.
સુખ કે શાંતિ ન લેશ મળે.

(દોહરા)

સુંદર જલગુણનો કરી મતિ અનુસાર વિચાર,
મનને સ્નાન કરાવતાં એમાં સાંજ સવાર,

કથા કહું શ્રીરામની સ્મરતાં શંકરને,
માત ભવાનીને વળી, સુખ ધરવા મનને.

રઘુવરચરણકમળ હવે અંતરમાં ધારી,
મુનિવરના સંવાદને કહું કૃપા પામી.

*

## ૮. ભરદ્વાજ તથા યાજ્ઞવલ્ક્ય મુનિ

(આખ્યાન)

ભરદ્વાજ મુનિ વસે પ્રયાગ, કરી રામપદ અતિ અનુરાગ;
યોગી શમદમ દયાનિધાન, પ્રવીણ પરમારથ વિદ્વાન.

માઘમાસમાં મકરરાશિમાં સૂર્ય પ્રવેશે છે જ્યારે,
તીર્થરાજશા પ્રયાગરાજે આવે સૌ કોઈ ત્યારે.

દેવ દૈત્ય કિન્નર ને નર નહાય ત્રિવેણીમાં સાદર,
વેણીમાધવ ચરણકમળ પૂજે પ્રસિદ્ધ અક્ષયવટ.

ભરદ્વાજનો આશ્રમ ત્યાં સુંદરતા ને શુચિતા જ્યાં,
પરમરમ્ય મુનિમનમોહન તીર્થસમાન તીર્થસ્થળમાં.

ઋષિમુનિ ત્યાં સૌ ભેગા થાય તીર્થરાજ જે ન્હાવા જાય,
પ્રાતઃસમયે કરતાં સ્નાન કરે પરસ્પર હરિગુણગાન.

(દોહરા)

બ્રહ્મનિરૂપણ ધર્મવિધિ તેમજ તત્ત્વવિભાગ,
ભક્તિ જ્ઞાનવૈરાગ્યયુત કહે સહિત અનુરાગ.

માઘસ્નાન પૂરું કરી નિજ આશ્રમસ્થળ જાય,
પ્રતિવર્ષ કરે ઉત્સવ, ભક્તિનો રસ પાય.

(આખ્યાન)

એક વાર એ તીર્થરાજમાં આવેલા ઋષિમુનિ સઘળા,
માઘસ્નાન સંપૂર્ણ કરીને નિજ આશ્રમ કે સ્થાન ગયા.

ત્યારે ભક્ત ભરદ્વાજે ત્યાં પ્રણામ કરતાં પ્રેમથકી,
યાજ્ઞવલ્ક્ય મુનિને રોકાવા આગ્રહ કર્યો વિવેકથકી.

સાદર ચરણકમળને ધોઈ અતિ પવિત્ર અર્પ્યું આસન,
પૂજી મુનિમહિમા વર્ણવતાં કરવા લાગ્યા સંભાષણ.

શંકા એક સતાવે મુજને હે પ્રભુ વેદતત્ત્વજ્ઞાતા,
તમારા વિના કોણ શમાવે, પૂછું છું રાખી આશા;

સંકોચ સહજ થાય છે મને શંકા આજ રજૂ કરતાં,
સમાધાન પણ ના શોધું તો અસ્વસ્થતા રહે મનમાં.

(દોહરા)

સંતો નીતિ કહે વળી શ્રુતિ પુરાણ મુનિ ગાય,
ગુરુથી પડદો રાખતાં નિર્મળ જ્ઞાન ન થાય.

મારું એમ વિચારતાં અજ્ઞાન કરું વ્યક્ત,
સંશય સર્વ સમાવજો જાણીને નિજ ભક્ત.

રામનામનો અદભુત અવર્ણનીય પ્રભાવ,
સંત પુરાણ ઉપનિષદો ગાયે સહજ સ્વભાવ.

અવિનાશી શંકર જપે સતત નામને એ,
શિવ ભગવાન જ્ઞાન ને ગુણના સાગરયે.

જીવસમૂહ ચતુર્વિધ જગતમાં કહેવાય,
કાશીમાં તે પણ મરી જાય પરમપદ માંહ્ય.

મુનિવર, એ પણ રામનો સાચે પુનિત પ્રભાવ,
શિવ કૃપા કરી રામનું ઉપદેશે છે નામ.

રામ કોણ છે એ કહો મને કૃપાનિધિ હે,
સંશય મારો અનુગ્રહે શાંત કરો મુનિ, એ.

રામ એક દશરથતણા કહેવાય છે પુત્ર,
ચરિત જગમાં જેમનું સહેજે નથી ગુપ્ત.

પત્નીવિરહે જેમણે સંકટ સહ્યું અનંત,
ક્રોધાતુર બનતાં કર્યો યુદ્ધે રાવણ અંત.

એ જ રામ કે અન્ય છે જેને શંભુ જપે,
સત્યનિષ્ઠ સર્વજ્ઞ એ કહો સપ્રેમ મને.

જેથી ભ્રમ મારો મટે એવી કહો કથા;
યાજ્ઞવલ્ક્ય બોલ્યા, તમે જાણો છો પ્રભુતા.

(આખ્યાન)

પ્રભુતા તમે રામની જાણો, સંશય તોપણ કહેતા છાનો;
રામભક્ત મનક્રમવાણી, ચતુરતા તમારી જાણી;
સુણવા ચહો રામગુણ ગૂઢ તેથી પૂછો જેમ વિમૂઢ.

સુંદર રામકથાને ગાઉં, સાદર સુણો પ્રેમરસ પાઉં;
મહામોહ મહિષાસુર માનો, રામકથા કાલિકા પ્રમાણો.

રામકથા શશિકિરણ સમાન સંત ચકોર કરે છે પાન;
શિવપાર્વતીતણો સંવાદ કહું હવે મુજ મતિ અનુસાર.

(દોહરા)

સંશય એવો પાર્વતીમનમાં પણ પ્રગટ્યો,
મહાદેવ ત્યારે વદ્યા સુંદર મધુ વચનો.

સંવાદ કહું એમનો તમને ભાવ કરી,
વિષાદ ના આવો થશે જેથી કદી ફરી.

*

# શિવપાર્વતી પ્રસંગ

## સતીની શંકા

(ચોપાઈ)

એક વાર ત્રેતાયુગમાં ખાસ, ગયા શંકર કુંભજ[1] ઋષિ પાસ;
સાથે જગજનની સતી ભવાની, પૂજ્યા ઋષિએ અખિલેશ્વર જાણી.

કથા રામની ઋષિએ વખાણી, સુણી શંકરે અતિસુખ માની;
પૂછી ઋષિએ હરિભક્તિની વાત, કહી અધિકારી જાણીને જાત.

કથતાં સુણતાં રઘુપતિગુણગાથા રહ્યા અલ્પ સમય ગિરિનાથ;
મુનિની અનુમતિથી ત્રિપુરારી ચાલ્યા ગૃહે લઈ દક્ષકુમારી.

ત્યારે ભૂમિનો ભાંગવા ભાર લીધો હરિએ રઘુવંશે અવતાર;
ત્યાગી રાજ્ય બનીને ઉદાસી ફરતા દંડકવન અવિનાશી.

(દોહરા)

વિચારતાં શંકર જતા દર્શન કેમ જ થાય,
ગુપ્તરૂપે પ્રભુ અવતર્યા, જાણી સઘળા જાય.

શંકરમન અતિ ક્ષોભ, સતી ન જાણે મર્મ એ;
તુલસી દર્શનલોભ, મન ભય, લોચન લાલચ.

(ચોપાઈ)

માગ્યું રાવણે મરણ મનુજથી, વિધિવચન થશે સત્ય પ્રભુથી;
જઉં નહિ તો પશ્ચાત્તાપ રહેશે; શિવને જડતો ઉપાય ન લેશે.

[1] કુંભજ - અગસ્ત્ય

બન્યા એમ ચિંતામગ્ન ઈશ, એ જ સમયે ગયો દસશીશ,
નીચ મારીચને લીધો સંગ, બન્યો તરત તે કપટી કુરંગ.

મૂઢે છળથી હરી વૈદેહીને, ક્યાંથી પ્રભુનો પ્રતાપ કળે એ;
મારી મૃગ બંધુસહ હરિ આવ્યા આશ્રમ અવલોકી અશ્રુ છવાયાં.

વિરહે વ્યાકુળ જન જેવા રામ વનમાં શોધવા લાગ્યા નિષ્કામ;
યોગ તેમ વિયોગ ના જેને વ્યાપી વિરહની વેદના તેને.

(દોહરા)

અતિ વિચિત્ર રઘુપતિચરિત જાણે પરમ સુજાણ;
મંદબુદ્ધિ સંમોહિત માને કાંઈ આન.

*

(ચોપાઈ)

શંભુ રામને દેખીને ત્યારે બન્યા હર્ષાન્વિત અતિ ભારે;
ભરી લોચન રૂપ નિહાળ્યું જાણી કસમય મિલનને ટાળ્યું.

સચ્ચિદાનંદ હે જય જગપાવન બોલી ચાલ્યા મનોજનસાવન;
અંગે પુલકિત કરુણાનિકેત ચાલ્યા આનંદે સતી સમેત.

દેખી એવી દશા શંભુકેરી શંકા જાગી સતીને અનેરી;
શંકર જગતવંદ્ય જગદીશ, સુરનરમુનિ સૌ નમાવે છે શીશ.

કરી નૃપસુતને તે પ્રમાણે બોલ્યા સચ્ચિદાનંદ પરધામ,
શોભા જોઈ બન્યા મગ્ન કેવા, રોક્યા રોકાય ના પ્રેમરેલા.

(દોહરા)

બ્રહ્મ જે વ્યાપક વિરજ અજ અકળ અનીહ અભેદ,
બને કેમ તે માનવી, જાણે જે નવ વેદ.

(ચોપાઈ)

વિષ્ણુ સુરહિત નરતનધારી છે સર્વજ્ઞ જેવા ત્રિપુરારી;
ખોજે અજ્ઞ જેવા તે શું નારી જ્ઞાનધામ શ્રીપતિ અસુરારિ ?

વાણી શંકરની મિથ્યા ના હોય, શિવ સર્વજ્ઞ સમજે સૌ કોય;
પ્રગટ્યા સંશયો મનમાં અપાર, થયો ઉર ના પ્રબોધપ્રચાર.

બોલી પ્રગટ શક્યાં ના ભવાની, ગયા અંતર્યામી હર જાણી;
સુણો સતી, છે નારીસ્વભાવ, ઘટે સંશયનો હોવો અભાવ.

કથા કુંભજઋષિએ જેની ગાઈ, ભક્તિ ઋષિને સુણાવી મેં કાંઈ,
ઈષ્ટદેવ તે મુજ રઘુવીર સેવે જેને સદા મુનિ ધીર.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

મુનિ ધીર યોગી સિદ્ધ સંતત ધ્યાન શુચિ જેનું ધરે
ને નેતિસ્વરમાં નિગમ શાસ્ત્ર પુરાણ સ્તુતિ જેની કરે;
તે રામ વ્યાપક બ્રહ્મ ભુવન નિકાયપતિ માયાધણી
અવતર્યા છે નિજભક્ત હિત નિજ તંત્ર પ્રભુ રઘુકુલમણિ.

(દોહરા)

સમજાવ્યાં બહુ વાર પણ લાગ્યો ના ઉપદેશ;
હરિમાયાબળ જાણતાં હસતાં વદ્યા મહેશ.

*

# પરીક્ષા

(ચોપાઈ)

મનમાં હોય સંદેહ તમારા કરો પ્રેમે પરીક્ષા તો ન્યારા;
આવો જ્યાં સુધી સમીપે મારી બેઠો ત્યાં સુધા વટછાયામાંહી.

મોહ જેમ મટે ભ્રમ ભારી કરો તેમ વિવેકે વિચારી;
સતી ચાલ્યાં શિવઆજ્ઞા શિર ધારી, ચોક્કસ વિચારી ના શક્યાં કાંઈ

કર્યું એવું શિવે અનુમાન, દક્ષસુતાનું નવ કલ્યાણ,
મારા સમજાવ્યે સંશય ના જાય, વિધિ વિપરીત, શુભ નહિ થાય.

થશે તે જે રામે રચી રાખ્યું, કરી તર્ક આહુતિ શાને નાખું;
વદી જપવા લાગ્યા હરિનામ, પહોંચ્યાં સતી જ્યાં પ્રભુ સુખધામ.

(દોહરા)

વારંવાર વિચારતાં ધરતાં સીતારૂપ,
ચાલ્યાં આગળ પંથ પર જ્યાં આવ્યા નરભૂપ.

*

(ચોપાઈ)

લક્ષ્મણ પેખીને સતીવેશ ચકિત બન્યા ભ્રમથકી વિશેષ;
કહી શક્યા ન કશું અતિગંભીર પ્રભુપ્રભાવ સમજી મતિધીર.

કપટ ગયા રઘુવર જાણી અંતર્યામી સકળ જ્ઞાની;
સ્મરતાં જે હરતા અજ્ઞાન તે સર્વજ્ઞ રામ ભગવાન.

છળની સતીએ હામ કરી, સ્ત્રીસ્વભાવ નીરખો તો જરી;
માયાબળનાં કરી વખાણ બોલ્યા હસી રામ મૃદુ વાણ.

કરને જોડી કરી પ્રણામ, પિતા સમેત લઈ નિજ નામ,
પૂછ્યું પ્રભુએ શિવ છે ક્યાં, વિપિન એકલાં વિહરો કાં ?

(દોહરા)

રામવચન મૃદુ ગૂઢ સુણી ઊપજ્યો અતિ સંકોચ;
સતી સભીત મહેશ પ્રતિ ચાલ્યાં કરતાં શોક.

શિવનું માન્યું કથન ના, આરોપ્યું અજ્ઞાન,
મારું મેં રઘુવરમહીં સાશંક કરી પ્રાણ.

ઉત્તર શંકરને હવે શો આપીશ જઈ;
રહ્યો સતીના હૃદયને દારુણ દાહ દહી.

(આખ્યાન)

સતીનું સમજી રામે દુ:ખ પ્રભાવ દર્શાવ્યો અનુરૂપ;
સીતાલક્ષ્મણ આગળ રામ કૌતુક દેખાયું અભિરામ.

સતીએ પાછળ જોયું ફરી, લક્ષ્મણ સીતા રઘુવર વળી,
દેખાયા અતિસુંદર વેશ, સંશય રહ્યો નહીં લવલેશ.

જ્યાં જોયું ત્યાં પ્રભુ આસીન, સેવે સિદ્ધમુનીશ પ્રવીણ.
અનેક શિવ વિધિ વિષ્ણુ અનેક અમિત પ્રભાવ પ્રસિદ્ધ દરેક;
વંદી ચરણ કરે પ્રભુસેવ વિવિધ વેશ નીરખ્યા સહુ દેવ.

(દોહરા)

સતી વિધાત્રી[2] ઇંદિરા દેખી અમિત અનૂપ,
જે જે વેશ અજાદિ સુર તે તે તન અનુરૂપ.

(આખ્યાન)

જ્યાં ત્યાં રઘુપતિને જોયા શક્તિ સહિત સુર મનમોહ્યા;
જીવ ચરાચર જે સંસાર દેખ્યા સકળ અનેક પ્રકાર.

પૂજે પ્રભુને સુર બહુવેશ, રામરૂપ બીજું નવ લેશ;
અવલોક્યા સીતાસહ રામ એક જ વેશ ધરેલ તમામ.

સઘળે એ સીતા એ રામ, લક્ષ્મણ એ પેખી કૃતકામ
અતિશય સતી સભીત બન્યાં, અંગ કંપવા માંડ્યાં ઘણાં.

રહ્યું નહીં કાંઈ પણ ભાન, લાગ્યું અન્ય ન વિષયે ધ્યાન,
મીંચી લોચન માર્ગમહીં બેસી ગયાં અચેત તહીં.

આંખ ઉઘાડી જોયું વળી, દેખ્યું કશું ન ક્યાંય ફરી;
ઢાળી પુનઃ રામપદશીશ ચાલ્યાં મળવા પછી ગિરીશ.

(દોહરા)

હસી કુશળ પૂછ્યા શિવે, પૂછ્યું જતાં સમીપ,
કહો પરીક્ષા શે કરી રઘુવરની સપ્રીત.

*

[2] વિધાત્રી - બ્રહ્માણી

## શંકરની પ્રતિક્રિયા

(ચોપાઈ)

સતી સમજ્યાં રઘુવીરપ્રભાવ,ભયવશ ગુપ્ત રાખ્યો શિવથી ભાવ;
લીધી મેં ના પરીક્ષા નાથ, કર્યા પ્રણામ મેં પ્રેમસાથ.

મિથ્યા કથન તમારું ના હોય મારા મનમાં પ્રતીતિ છે તોય;
ધરી શંકરે એ પછી ધ્યાન, પામ્યા સતીના ચરિત્રનું જ્ઞાન.

રામમાયાને મસ્તક નમાવ્યું જેણે સતી પ્રેરી જૂઠ કહાવ્યું;
હરિની ઈચ્છા ભાવિ ને બળવાન રહ્યા સમજી શંકર એ સુજાણ.

લીધો સીતાનો સતીએ વેશ, થયો શિવને વિષાદ વિશેષ;
હવે કરતાં સતી સાથે પ્રીતિ મટે ભક્તિપથ થાય અનીતિ.

(દોહરા)

પરમ પવિત્ર તજાય ના, પ્રેમ કરું તો પાપ;
પ્રગટ કહી શિવ ના શક્યા, હૃદય અધિક સંતાપ.

(ચોપાઈ)

ઢાળ્યું પ્રભુપદમાં શિવે શીશ સ્ફુર્યું હૃદયે સમતાં જગદીશ,
આ તને સંગ સતીથી નહિ થાય, કર્યો સંકલ્પ શિવે મનમાંહી.

એવું સમજીને શિવ મતિધીર ચાલ્યા ભવને સ્મરતાં રઘુવીર;
થઈ ચાલતાં ગગનમાં વાણી, જય મહેશ ભક્તિ દૃઢ ન્યારી.

પણ આવું કરે કોણ આન, રામપ્રિય તમે શ્રેષ્ઠ ભગવાન;
સુણી નભવાણી વ્યગ્ર સતીએ પૂછ્યું શિવને સંકોચ કરીને.

કરી કેવી પ્રતિજ્ઞા કૃપાળ સત્યધામ પ્રભુ દીનદયાળ;
પૂછયું વિવિધ પ્રકાર સતીએ કહ્યું તોપણ કશુંયે ના શિવે.

(દોહરા)

કર્યું સહજ અનુમાન સૌ જાણે શિવ સર્વજ્ઞ,
કર્યું કપટ મેં શંભુથી, નારી સહજ જડ અજ્ઞ.

*

કરણી સમજાતાં થયો સતી મનમહીં શોક,
અવર્ણનીય અસહ્યશો પ્રગટ્યો ચિંતાધોધ.

પરમ અગાધ કૃપાતણા સિંધુ સદા શિવ છે,
અપરાધ કહ્યો એટલે સ્વમુખે ના મુજને.

(ચોપાઈ)

શિવનું વર્તન દેખી ભવાની ત્યાગી પ્રભુએ મુજને ગયાં જાણી,
ખૂબ અકળાયાં, અઘને વિચારી શક્યાં કિન્તુ કશું ના ઉચ્ચારી.
હૈયું નિભાડાની પેઠે બળતું તાપ ઉત્તરોત્તર વધુ ધરતું.

સમજી શોકિત ખૂબ સતીને શિવે સુંદર કથાને કહીને
વિવિધ વર્ણવતા ઈતિહાસ વિશ્વપતિ એ પહોંચ્યા કૈલાસ.

ત્યાં પણ પણને પોતાના જાણી બેઠા વટછાંયે પદ્માસન વાળી;
સહજ આત્મસ્વરૂપ સંભાર્યું મન અખંડ સમાધિમાં ધાર્યું.

*

## સતીનું દુઃખ

(દોહરા)

સતી વસ્યાં કૈલાસ પર અધિક શોકભર પ્રાણ;
મર્મ ન કોઈ જાણતું, પ્રતિદિન યુગ સમ જાય.

(ચોપાઈ)

નિત નવશોક સતીઉરભાર ક્યારે થઉં દુઃખસાગર પાર,
કર્યું રઘુપતિનું મેં અપમાન, માની મિથ્યા પતિની વળી વાણ.

ફળ વિધિએ એનું મુજને આપ્યું, હતું ઉચિત કરી તે જ રાખ્યું;
શિવથી વિમુખ કરી રાખે જીવન ઘટતું વિધિ એ તને ના જરી પણ.

કહી ગ્લાનિ સતીની ના જાય, મનમાં સ્મરણ શ્રીરામનું થાય,
પ્રભુ દીનદયાળ ગણાઓ વેદ યશ ગાય ક્લેશ શમાવો;

તો હું અરજ કરું કર જોડી દેહ જલદી શકું મારો છોડી;
મારો શિવના ચરણમાં હો સ્નેહ, સત્ય વ્રત મનવચને હંમેશ.

(દોહરા)

અંતર્યામી તો પ્રભુ જલદી કરો ઉપાય,
મૃત્યુ મળે જેથી મને અનાયાસ દુઃખ જાય.

જળ પયસમ વેચાય, જુઓ પ્રીતની રીત શુભ,
કપટ ખટાશ પડ્યે તરત અલગ થાય રસ જાય.

દક્ષસુતા એવી રીતે દુઃખી બન્યાં ભારે,
અકથનીય દારુણ દુઃખ કહી શકું ક્યારે ?

વરસ એમ વીતી ગયાં ત્યાં સત્યાસી હજાર,
સમાધિ છોડી શંકરે ત્યારે દીનદયાળ.

રામનામનું સંસ્મરણ કરવાને લાગ્યા,
જાણ્યું ભવાનીએ તદા જગતપતિ જ જાગ્યા.

જઈ શંભુના પદમહીં પ્રેમે કર્યા પ્રણામ,
આસન અર્પ્યું શંકરે સન્મુખ શુચિ અભિરામ.

કહેવા લાગ્યા હરિકથા અદભુત તેમ રસાળ,
દક્ષ પ્રજાપતિનો પરમ પામ્યા ત્યારે ભાર.

*

## દક્ષસુતાને વિદાય

(ચોપાઈ)

યોગ્ય સર્વ પ્રકારે વિચારી, અર્પી બ્રહ્માએ પદવી ભારી,
પ્રજાપતિઓનો નાયક કીધો, દૈવી અધિકાર દક્ષને દીધો.

પામી એવો મોટો અધિકાર થયો દક્ષને અતિ અહંકાર;
જન્મ્યો એવો નથી કોઈ જગમાં પ્રભુતા પામી થયો જેને મદ ના.

(દોહરા)

એકત્ર કરી મુનિ સકળ કરવા માંડ્યો યાગ,
સાદર સુરને નોતર્યા લેનારા મખભાગ.

(ચોપાઈ)

કિન્નર નાગ સિદ્ધ ને ગંધર્વ ચાલ્યા વધુઓ સાથે સુર સર્વ;
વિષ્ણુ વિરંચિ શંકર સિવાય ચાલ્યા વાહન સહિત બધાય.

ચારુ વિવિધ વળી વણરોક્યા વ્યોમે સતીએ વિમાન વિલોક્યા;
ગાતી સુરસુંદરી મધુગાન જેને સુણતાં છૂટે મુનિધ્યાન.

શિવે પૂછતાં વર્ણવી વાત, પિતાયજ્ઞથી હરખાઈ જાત;
આપે આજ્ઞા મહેશ મને જો જઉં અવસર પર અલ્પ દિવસ તો.

પતિત્યાગ હૃદયદુઃખ ભારી, મૌન રાખ્યું અપરાધ વિચારી;
ભય સંકોચ પ્રેમ ભરેલી વદ્યાં વાણી અંતે મન મેલી.

(દોહરા)

પિતાભવન ઉત્સવ પરમ, પ્રભુ આજ્ઞા જો દો,
કૃપાયતન, સાદર જઉં જોવા માટે તો.

(ચોપાઈ)

કહ્યું ઠીક, મારા મનને ભાવ્યું; દીસે અનુચિત નોતરું ના'વ્યું;
દક્ષે બોલાવી પુત્રીને સારી; મારા વિદ્વેષે તુજને વિસારી.

દુઃખી વિધિસભામાં થયો પ્રાણ કરે એથી એ હજુ અપમાન;
જશો આમંત્રણ વગર ભવાની, શીલ સ્નેહ મર્યાદા તો શાની ?

સ્વામી સુહૃદ પિતા ગુરુ ઘેર જવું આમંત્ર્યા વગર સુપેર,
રાખે ક્યાંય વિરોધ જો કોય શ્રેય ત્યાં તો જવાથી ના હોય.

શિવે સમજાવ્યાં વિવિધ પ્રકાર થયો ભાવિવશ પણ ના વિચાર;
વિના બોલાવ્યે પ્રભુ બોલ્યા જાઓ મળશે તમને તો શુભ ના લ્હાવો

(દોહરા)

કહ્યું વિવિધ રીતે છતાં દક્ષસુતા ન રહ્યાં;
ત્રિપુરારીએ મુખ્ય ગણ સહિત વિદાય કર્યાં.

*

## સતીનો ક્રોધ

(ચોપાઈ)

પિતાભવને પહોંચી ભવાની, દક્ષભયથી ના લેશ સન્માની;
મળી સાદર કેવળ માતા વળી ભગિની અધિક હરખાતાં.

દક્ષે પૂછી કુશળતા ના લેશ, દેખી ગાત્રો સૌ સળગ્યાં સદ્વેષ;
સતીએ જોયો જઈ મહાયાગ, દેખ્યો શંભુનો ક્યાંયે ના ભાગ.

ત્યારે શિવનાં વચનો આવ્યાં યાદ, પ્રભુઅપમાને ઉર લાગી આગ;
દુઃખ પ્રથમનું એવું ના લાગ્યું, પરિતાપનું તાંડવ જાગ્યું.

દુઃખ જગમાં અનેક કહ્યાં છે, જાતિઅપમાન સૌથી મહા છે;
સમજી વ્યાપ્યો સતીને ક્રોધ, કર્યો જનનીએ વિવિધ પ્રબોધ.

(દોહરા)

સહાયું શિવઅપમાન ના, લાગ્યો લેશ ન બોધ;
લેતાં ખબર સભાતણી વચનો વદ્યાં સક્રોધ.

(ચોપાઈ)

સુણો સર્વ સભાસદો મુનિઓ, નિંદા શિવની કરી કે સુણી હો,
ફળ સત્વર તે સૌને મળશે, દક્ષ ખૂબ પશ્ચાત્તાપ કરશે.

સંત શંભુ શ્રીપતિ અપવાદ, સુણતી વખતે એવી છે મર્યાદ,
કાપી લેવી નિંદક કેરી જીભ, બંધ કાને ચાલ્યા જવું શીઘ્ર.

જગના આત્મા મહેશ પુરારી, પિતા સૌના સુહૃદ હિતકારી;
પિતા મંદબુદ્ધિ નીંદે આજે, દક્ષશુક્રે થયું તન લાજે.

ચંદ્રમૌલિ શિવને ધારી ઉરમાં તજી તનને તેથી દઉં ક્ષણમાં;
બોલી યોગાગ્નિથી બાળ્યું તન, કરવા લાગ્યા હાહાકાર જન.

(દોહરા)

સુણી સતીમરણ શંભુગણ કરવા લાગ્યા નાશ;
ભૃગુએ યજ્ઞતણી કરી રક્ષા ત્યારે ખાસ.

*

## હિમાલયને ત્યાં જન્મ

(ચોપાઈ)

સુણી શંભુએ સમાચાર, કોપે વીરભદ્રને તત્કાળ,
યજ્ઞસ્થાનમાં મોકલ્યો ત્યારે; યજ્ઞનાશ કર્યો એણે ભારે.

શિવદ્રોહી પામે દશા જેવી, પામ્યો દુર્દશા દક્ષ ત્યાં તેવી;
જાણે જગ એ સકળ ઈતિહાસ, એથી આલેખ્યો સંક્ષેપે ખાસ.

મરતાં હરિ પાસે વરદાન માગ્યું, મન શિવમાં સતીતણું લાગ્યું,
જન્મોજન્મ શિવપદમાં હો પ્રીત, મળો સંનિધિ શંકરની નિત.

એથી હિમગિરિગૃહ લઈ જન્મ, ધાર્યું પાર્વતી સ્વરૂપે તન;
જન્મ્યાં જ્યારથી હિમગિરિ ઘેર, થઈ સિદ્ધિ સંપત્તિ મહેર.

મુનિએ આશ્રમો સ્થાપ્યા અનેક, કર્યાં તપવ્રત સાધન નેક;
અર્પ્યાં સ્થાન હિમાલયે ન્યારાં સૌને સમુચિત સુંદર સારાં.

(દોહરા)

અભિનવ ફૂલફળે થયાં વૃક્ષ વિવિધ સંપન્ન,
પર્વત પર પ્રગટી વિવિધ ખાણો મણિની ધન્ય.

*

(આખ્યાન)

સરિતા સૌ નિર્મળ જળ વહે, ખગ મૃગ મધુપ સુખી સહુ રહે;
કરી સહજ વેરતણો ત્યાગ, ગિરિ પર સકળ કરે અનુરાગ.

રામભક્તિથી ભક્ત સમાન સોહ્યો ગિરિજાથી ગિરિપ્રાણ;
નિતનૂતન મંગલ ત્યાં થાય, યશ બ્રહ્માદિક જેના ગાય.

સમાચાર સુણતાં સપ્રેમ, નારદ પહોંચ્યા ઉત્સુક જેમ;
હિમાલયે કરતાં સત્કાર, ધોયા પદ પ્રેમે તત્કાળ.

આસન આપી નમન કર્યું, મસ્તક સ્ત્રીસહ ચરણ ધર્યું;
ચરણોદક છાંટ્યું ઘરમહીં, નીર નયનથી રહ્યાં વહી.

(દોહરા)

વખાણતાં સૌભાગ્યને હિમાલયે સપ્રેમ,
મુનિપદમાં પુત્રી ધરી તરત જ નિધિની જેમ.

ત્રિકાળજ્ઞ સર્વજ્ઞ છો, ગતિ સર્વત્ર ગણાય;
કહો સુતાના દોષગુણ મુનિવર, મને બધાય.

*

## નારદજીની ભવિષ્યવાણી

(આખ્યાન)

હસી ગૂઢ બોલ્યા મુનિ વાણ, કન્યા સકળ ગુણોની ખાણ,
સુંદર સમજુ સહજ ગુણધામ, ઉમા ભવાની અંબિકા નામ.

સુલક્ષણા આ કન્યા શ્રેષ્ઠ બની જશે પતિપ્રિયા હંમેશ;
સૌભાગ્ય અચળ પ્રાપ્ત થશે, માતપિતાને યશ મળશે.

પૂજ્ય થશે અખિલ જગે આ, સેવ્યાથી કશું દુર્લભ ના;
સ્મરી નામ આનું સંસાર સ્ત્રી ચઢશે પતિવ્રત અસિધાર.

સુલક્ષણા તમ સુતા અપાર, અવગુણ એનામાં બે ચાર,
અગુણ અમાન પિતૃથી હીન ઉદાસીન સહુ સંશય છિન્ન.

(દોહરા)

જોગી જટિલ અકામ મન, નગ્ન અમંગલ વેશ,
મળશે પતિ આને, પડી એવી હાથે રેખ.

મુનિવચનો સાચાં ગણી ઉમા પ્રસન્ન બની,
મેના હિમાલયે વ્યથા વેઠી ગુપ્ત ઘણી.

ભેદ નારદે દ્વિવિધ એ જાણ્યો તરત નહીં;
દશા સર્વની એક પણ વિવેક ભિન્ન કહીં.

સકળ સખી ગિરિજા તથા ગિરિવર મેનાએ,
રોમાંચિત બનતાં સહી અશ્રુધારાને.

દેવર્ષિનાં વચન ના મિથ્યા હોય જરી,
ઉમા એમ સમજી રહી હૃદયે સર્વ ધરી.

*

(આખ્યાન)

ઊપજ્યો શિવપદપંકજ સ્નેહ, મિલન કઠિન જાગ્યો સંદેહ;
વિપરીત વખત જાણી પ્રેમ છુપાવ્યો જીવનધન જેમ.

મિથ્યા હોય ન નારદ વાણ, વ્યર્થ સખી માતપિતા પ્રાણ;
ધૈર્ય ધરી બોલ્યા ગિરિરાય, કરવો કયો અમોઘ ઉપાય ?

(દોહરા)

હિમવંત સુણો મુનિ વદ્યા, વિધિ જે લખે લલાટ,
દેવ દનુજ નર નાગ મુનિ મિથ્યા કરે ન લાખ.

તોપણ એક ઉપાય છે, દૈવસહાયે થાય,
વર એવો મળશે ખરે, સંશય નથી જરાય.

(આખ્યાન)

જે પણ વરના દોષ કહ્યા, શિવમાં તે છે સર્વ રહ્યા;
વિવાહ શિવ સાથે જો થાય, ગુણસમાન દોષ બની જાય.

અહિસેજે હરિ શયન કરે, પંડિત દોષ છતાં ન ધરે;
ભાનુકૃશાનુ બધા રસ ખાય તોપણ હીન ન તે કહેવાય.

શુભાશુભ સકળ સલિલ વહે ગંગ છતાં પણ પુનિત રહે;
સમર્થને દોષ અડે કેમ રવિ પાવક ગંગાની જેમ ?

(દોહરા)

સમતા કરવા જાય નર જડ રાખી અભિમાન,
પડે નરક તો કલ્પલગ, જીવ ન ઈશ સમાન.

(આખ્યાન)

ગંગાજલકૃત મદિરા હોય, સંત કરે પણ પાન ન કોય;
સુરસરી મળી પાવન થાય, એમ જીવ શિવ ભેદ મનાય.

સહજ સમર્થ શંભુ ભગવાન, સૌવિધ વિવાહમાં કલ્યાણ;
દુરારાધ્ય છે કહ્યા મહેશ, તપથી થાય પ્રસન્ન હંમેશ.

કરે કુમારી તપને જો, ભાવિ મટાડે શંકર તો;
જોકે વર છે જગે અનેક, આને માટે શિવ છે એક.

વરદાયક ભક્તનપ્રતિપાળ, કૃપાસિંધુ સેવક મનપ્રાણ;
કોટિયોગ જપયજ્ઞ કરાય, શિવારાધના પ્રીતિ સિવાય
ઈચ્છાનુસાર ફળ ના મળે, શાંતિપ્રદાયક તે ન ઠરે.

(દોહરા)

કહ્યું નારદે હરિ સ્મરી અર્પીને આશિષ,
શ્રેય સધાશે સર્વવિધ, સંશય તજો ગિરીશ!

(આખ્યાન)

બ્રહ્મલોકમાં મુનિવર ગયા, પ્રાણ પ્રસન્ન ઉમાના થયા;
પતિને પણ મેનાએ કહ્યું, મુનિનું કથન ગુપ્ત છે રહ્યું.

ઘર વર કુળ જો હોય અનૂપ, કરજો લગ્ન ઉમા અનુરૂપ,
નહિ તો ભલે કુંવારી રહે, ઉમા પ્રાણથી પ્યારી મને.

મળશે વર નવ ગિરિજા જોગ ગિરિ જડ સહજ કહેશે લોગ;
એમ વિચારી કરો વિવાહ જેથી જાગે ઉરે ન દાહ.

પડી પદમહીં ઢાળી શીશ, બોલ્યા સ્નેહ સમેત ગિરીશ,
પ્રગટે શશિમાં પાવક ભલે, નારદવચન ન મિથ્યા બને.

(દોહરા)

પ્રિયે, પરહરી શોકને સર્વ સ્મરો ભગવાન,
નિર્મી જેણે પાર્વતી તે કરશે કલ્યાણ.

*

(ચોપાઈ)

હોય તમને સુતા પર પ્રેમ, આપો શીખ તો એને સપ્રેમ,
જેથી મેળવે તપથી મહેશ, એ જ સાધને શમશે ક્લેશ.

વચનો નારદનાં ગૂઢ સાચાં, મુજને સકળ સહેતુક લાગ્યાં;
શંભુ ગુણનિધિ અકલંક તેમ, છોડો શંકા વિચારીને એમ.

પતિવચને પ્રસન્ન બનીને, મેના હરખી ઉમાને મળીને,
નીર નેત્રોમાં નેહે ભરાયાં, રોમ રંગથકી છલકાયાં.

લાગી આલિંગવા વારંવાર, પ્રાણે પ્રીતડી પ્રગટી અપાર,
કંઠ રૂંધાતા બોલી શકી ના, ઉરે જડતા જરાય ટકી ના.

(દોહરા)

જગતમાત સર્વજ્ઞ એ ભવાની વદી વાણ,
માતાનો સુખશાંતિથી પુલકિત કરવા પ્રાણ.

માત સ્વપ્ન આવ્યું મને કહી બતાવું તે,
સુંદર ગૌર સુવિપ્રવર એવું ઉપદેશે.

(ચોપાઈ)

વાણી મુનિકેરી સત્ય વિચારી, તપને આરંભ શૈલકુમારી !
માતતાતને વાત ગમી એ, તપ સુખ દે, દુઃખદોષ હરી લે.

રચે તપબલે જગને વિધાતા, તપથી વિષ્ણુ બને જગત્રાતા;
કરે તપબલે શંભુ સંહાર, તપબલે શેષ ધારે ભૂમિભાર.

તપના આધારે સૃષ્ટિ ભવાની, જઈને તપ કરજે એવું જાણી;
પામી વિસ્મય સાંભળી માત, કહી સઘળી હિમાલયને વાત.

માતતાતને બહુ સમજાવી, ચાલ્યાં તપવા ગિરિરાજકુમારી !
પ્રિય પરિવાર માત ને તાત, બન્યાં વિકળ સુણી મૂક વાત.

(દોહરા)

વેદશિરા મુનિએ કહ્યું સૌને સમજાવી;
મહિમા ઉમાતણો સુણી શાંતિ રહ્યાં પામી.

*

## ઉમાનું તપ

પ્રાણ પતિતણાં ચરણને અંતરમાં ધારી,
ઉમા જઈ વનમાં રહી તપને આરંભી.

અતિસુકુમાર શરીર ના તપને યોગ્ય હતું;
સ્મરતાં પતિપદ ભોગથી વાળ્યું ચિત્ત બધું.

નિતનૂતન ચરણોમહીં પ્રગટ્યો શુચિ અનુરાગ,
દેહભાવને ભૂલતાં પ્રાણ તપ્યો બડભાગ.

સહસ્ત્ર વર્ષ સુધી સતત ફળ ને કંદ લઈ,
શત વર્ષ સુધી શાકને ખાધું તીવ્ર તપી.

કેટલાક દિવસો સુધી વારિ વાયુ આહાર,
કર્યા કેટલા દિન સુધી ઉપવાસ અતિ કરાળ.

ત્રણ સહસ્ત્ર વરસો સુધી પર્ણ વલ્લરી તેમ,
પડેલ પૃથ્વી પર ગ્રહ્યાં સૂકાં નીરસ જેમ.

સૂકાં પર્ણ તજ્યા પછી પડ્યું અપર્ણા નામ,
તીવ્ર તપસ્યા આદરી છોડીને વિશ્રામ.

તપથી ક્ષીણ થઈ ગયું એમ સમસ્ત શરીર,
ત્યારે બ્રહ્મગિરા થઈ ગગનમહીં ગંભીર.

મનોરથ ફળ્યા સર્વ તુજ ગિરિરાજકુમારી,
તજ અસહ્ય ક્લેશો બધા, મળશે ત્રિપુરારી.

(ચોપાઈ)

આવું તપ ના કરાયું ભવાની, ધીર વિવિધ થયા મુનિ જ્ઞાની;
ઉરમાં ધારો હવે બ્રહ્મવાણી સદા સત્ય સંતત શુચિ જાણી.

આવે બોલાવવા પિતા જ્યારે હઠને તજતાં જજો ઘેર ત્યારે;
મળે સપ્તર્ષિ તેમજ તમને ત્યારે માનો પ્રમાણ વચનને.

સુણી બ્રહ્માની આકાશવાણી થઈ પુલકિત હરખી ભવાની;
સુંદર ચરિત ઉમાનું ગાયું, હવે શંભુ ચરિત સુણો ન્યારું.

*

## શંભુચરિત

(ચોપાઈ)

ત્યાગ્યું જ્યારથી તનને ઉમાએ, જાગ્યો વૈરાગ્ય શિવ મનમાંહે;
નિત્ય જપતા રઘુનાયક નામ, સુણતા જ્યાંત્યાં રઘુપતિગુણગ્રામ.

(દોહરા)

ચિદાનંદ સુખધામ શિવ વિગત મોહ મદ કામ,
ઉરમાં હરિ ધરી વિચરતા સકલ લોક અભિરામ.

*

(આખ્યાન)

ક્યાંક અર્પતા મુનિને જ્ઞાન કરતા ક્યાંક રામગુણગાન,
અકામ પૂર્ણ જોકે ભગવાન ભક્તવિરહ દુઃખદુઃખી સુજાણ.

વીતી એમ ગયો બહુ કાળ, રામચરણ નવ પ્રીત અપાર;
અવલોકી શંકરના નેમ અવિચળ ભક્તિ પુનિત અતિ પ્રેમ,

પ્રગટ્યા રામ કૃતજ્ઞ કૃપાળ રૂપ શીલ નિધિ તેજ વિશાળ,
કરી પ્રશંસા શિવની ઘણી, વ્રત આવું કો પાળે નહીં.

સમજાવી શિવ વિવિધ પ્રકાર કહ્યો ઉમાનો જન્મ રસાળ;
સાધના પુનિત ગિરિજાતણી કહી સવિસ્તર પ્રીતે ઘણી.

(દોહરા)

વિનતિ હવે શિવ સાંભળો, જો મુજ પર હો પ્રેમ,
કરો ઉમાસહ લગ્ન તો, માગું આજે એમ.

શિવે કહ્યું એ યોગ્ય ના, વચન ન મિથ્યા થાય,
તોપણ કોદી આપનાં, પ્રાણ ભલેને જાય.

આજ્ઞા ધારી મસ્તકે પાલન સદા કરું,
મારો શાશ્વત ધર્મ એ સંશયસિંધુ તરું.

(આખ્યાન)

માતપિતા ગુરુ પ્રભુની વાણ વગર વિચાર્યે ધરવી ધ્યાન,
શ્રેયસ્કર જ સદા ગણવી કરણીમાં સત્વર વણવી.

સુણી શંભુનાં સુખદ વચન ભક્તિ વિવેક ધર્મમય ધન્ય,
પ્રભુ બોલ્યા પણ પૂર્ણ થયું, હૃદયે રાખો જે મેં કહ્યું.

એમ કહી અદૃશ્ય થયા, મૂર્તિ શિવે ઉર ધરી મહા;
સપ્તર્ષિ ગયા શંકર પાસ, કહ્યાં વચન પ્રભુએ મધુ ખાસ.

(દોહરા)

મળી પાર્વતીને તમે પ્રેમપરીક્ષા લો,
પ્રેરિત હિમગિરિને કરી ગૃહે મોકલી દો.

સંદેહ શમાવો સકળ અનુગ્રહ દિવ્ય કરો,
વિનાવિલંબ વિયોગની વ્યથા અશાંતિ હરો.

*

## સપ્તર્ષિનો સમાગમ

મૂર્તિમંત તપસ્યા સમી ગૌરીને જોઈ,
ૠષિઓ બોલ્યા, તપથકી, કાયા કાં ધોઈ ?

(ચોપાઈ)

કોને આરાધો તેમ શું ચાહો, લેવા એવો શું માગો લ્હાવો ?
વદતાં વચન સંકોચાય મન, મારું મનડું માગે મહાધન,

કરી હઠ ના શિખામણ માને, ચહે ભીંત જલે ચણવાને,
સુણી મૂર્ખતા હસશો તમે એ, મન મુગ્ધ મહારું બન્યું છે.

વાણી દેવર્ષિની સત્ય માની ઊડવા પાંખ વગર માગે પ્રાણી,
જુઓ અવિવેક મારો નઠારો, ચહું કરવા શિવને વર ન્યારો.

(દોહરા)

સુણી શબ્દ ઋષિઓ હસ્યા, ગિરિસંભવ તવ દેહ;
નારદના ઉપદેશથી વસ્યાં કેટલાં ગેહ ?

(ચોપાઈ)

દક્ષસુતાને અર્પ્યો ઉપદેશ ઘેર આવ્યા પછી તે ના લેશ,
ઘર ચિત્રકેતુતણું ભાંગ્યું, ભાગ્ય કનકકશિપુનું ના સાંધ્યું.

સુણી નારદવચન નરનારી તજી ભવન બને છે ભિખારી;
મન કપટી તન સજ્જન જેવું, કરે જ્યાં ત્યાં પોતાના જેવું.

રાખી એમનાં વચને વિશ્વાસ ઈચ્છો પતિને સ્વભાવે ઉદાસ
ગુણહીન નિર્લજ્જ કપાલી કુળગેહરહિત નગ્ન વ્યાલી [3] .

સુખ પામશો શું એવા વરથી, ભૂલ્યાં ભોળવાઈ તમે ઠગથી;
કર્યો પંચસાક્ષીએ વિવાહ તોય કીધો ના સતી નિર્વાહ.

(દોહરા)

સુખે સૂએ ચિંતા વિના ભિક્ષાન્ન હવે ખાય;
એકાકીના ભવનમાં સ્ત્રીથી શે રહેવાય ?

*

(ચોપાઈ)

હજી માનો કહેલું અમારું, પાત્ર ઉત્તમ વરનું વિચાર્યું,
શુચિ સુંદર સુખદ સુશીલ યશ વેદો જેના ગાય દિવ્ય.

[3] વ્યાલી - સાપને ધારણ કરનાર

દોષરહિત સકળ ગુણધામ લક્ષ્મીસ્વામી વૈકુંઠ નિવાસ,
એવો મેળવીએ અમે વર, વરી જીવન કૃતકૃત્ય કર.

હસી બોલ્યા ભવાની વચન, તમે સત્ય વદ્યા મુનિજન,
જન્મ્યું પર્વતથી તન મારું છૂટે તોય આગ્રહ નવ ટાળું.

જન્મે કનક પાષાણથી તેને તપવે પાવકજ્વાળામાં કેમે,
તોય સહજ સ્વભાવ ના ત્યાગે, મારું મનડું મઢ્યું એવું રાગે.

નહીં નારદવચનોને છોડું, ચિત્ત અન્યની સાથે ના જોડું;
વસે ઘર કે વેરાન છો થાય સ્વપ્ને ડરતી નથી હું જરાય.

(દોહરા)

ગુરુવચનોમાં છે નહીં જેને દૃઢ વિશ્વાસ,
તેને સુખસિદ્ધિતણી સ્વપ્ને પણ ના આશ.

મહાદેવ અવગુણભવન, વિષ્ણુ સકળ સુખધામ;
જેનું મન જેમાં રમે તેને તેથી કામ.

*

(ચોપાઈ)

તમે પ્રથમ જો મળત મુનીશ સુણત ઉપદેશ તો ધરી શીશ;
જન્મ શિવને માટે હવે હારી, ગુણદોષ રહું કાં વિચારી ?

હોય આગ્રહ ખૂબ તમારો, હોય લગ્નનો વિષય જો પ્યારો,
વરકન્યા તો જગમાં અનેક, કરો કૌતુક આળસ છોડી છેક.

કોટિ જન્મોની હઠ રહેશે મારી, વરું શિવ રહું નહિ તો કુંવારી;
કહે શતવાર સ્વયં મહેશ તજું તોય ના ઋષિઉપદેશ.

પડું પગમાં વદ્યાં જગદંબ, જાઓ ઘેર થયો છે વિલંબ;
પેખી પ્રેમ બોલ્યા મુનિ જ્ઞાની જય જય જગદંબિકે હે ભવાની !

(દોહરા)

શિવ પ્રભુને માયા તમે માતપિતા જગનાં;
મુનિ ચાલ્યા ચરણે નમી હર્ષ ભરી રગમાં.

*

## કામદહન

મુનિપ્રેરિત હિમવંત ત્યાં ગયા પાર્વતી પાસ,
લાવ્યા ઘરમાં એમને પ્રાર્થના કરી ખાસ.

સપ્તર્ષિએ શંભુને કહી સમસ્ત કથા,
મગ્ન બન્યા શિવ સ્નેહને સુણતાં તજી વ્યથા.

મન સ્થિર કરતાં શંકરે ધર્યું રામનું ધ્યાન,
રસસાગરમાં રામના ડૂબ્યો પ્રેમલ પ્રાણ.

તારક નામે અસુર ત્યાં ખ્યાત થયો તે કાળ,
ભુજપ્રતાપ તેનો પરમ બળ ને તેજ વિશાળ.

જીત્યા સઘળા લોક ને લોકપાલ તેણે,
સુખસંપત્તિથી થયા વંચિત સૌ દેવે.

અજર અમર એ અસુરની થઈ ન ક્યાંયે હાર,
વિવિધ યુદ્ધમાં હારતાં દેવે ખાધો માર.

બ્રહ્મા પાસ પહોંચતાં સુરે કર્યો પોકાર;
વ્યથિત બનેલા સર્વ એ ચિંતાથકી અપાર.

બ્રહ્માએ સૌને કહ્યું દનુજનિધન તો થાય,
શંભુશુક્ર સંભૂતસુત જો જીતે રણમાંહ્ય.

*

(ચોપાઈ)

વાત સાંભળી કરો ઉપાય, કરશે ઈશ્વર તમને સહાય.
છોડ્યો સતીએ યજ્ઞમાં દેહ જન્મ્યાં એ જ હિમાલયગેહ.

તપ એમણે શિવકાજે કીધું, શિવે અમૃત સમાધિનું પીધું;
કથા અટપટી લાગે છે ભારે, સુણો પ્રસ્તાવ તોય અત્યારે.

કામદેવ શંકર પાસે જાય, કરે ક્ષોભ શંકર મનમાંહ્ય,
શીશ ઢાળી પછી સમજાવી લગ્ન શિવનું દઈશ કરાવી.

હિત દેવતાનું થશે એમ; વાત સૌએ વધાવી સપ્રેમ,
સ્તુતિ દેવતાએ કરી પ્રેમે, થયો કામ પ્રગટ ત્યાં કેમે.

(દોહરા)

વિપત્તિ દેવોની સુણી મનમાં કરી વિચાર,
શિવવિરોધથી શ્રેય ના, વદ્યો હસીને માર.

તોપણ કાર્ય કરીશ હું; શ્રુતિએ એમ કહ્યું,
બીજાના ઉપકારમાં ધર્મરહસ્ય રહ્યું.

પરહિત માટે જે તજે ગૌણ ગણીને દેહ,
તેને સંત પ્રશંસતા સદા કરીને નેહ.

(ચોપાઈ)

એવું બોલી ચાલ્યો શિર ઢાળી કરમાં સુમન ધનુષ્યને ધારી
સાથી સાથે કરીને વિચાર ગ્રસશે શિવના વિરોધથી કાળ.

કરી શીઘ્ર પ્રભાવ વિસ્તાર કર્યો વશ સકળ સંસાર;
કર્યો કામદેવે જ્યારે કોપ ક્ષણમાં સકળ શ્રુતિનો થયો લોપ.

બ્રહ્મચર્ય વ્રત સંયમ ધર્મ ધૈર્ય જ્ઞાનવિજ્ઞાનનો મર્મ
જપ યોગ વિરાગ આચાર નાઠું વિવેકકટક સૌ લાચાર.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

ભાગ્યો વિવેક સુહૃદ સહિત સુભટે બતાવી પીઠ ને
સદગ્રંથ પર્વતકંદરામાં ગયા દૂર સમસ્ત એ;
સંક્ષોભ સર્જનમાં થયો, રક્ષક ન કોઈયે રહ્યું,
રતિનાથ કોના પર કુપિત છે, ડરીને સૌએ કહ્યું.

(દોહરા)

જીવ ચરાચર જગતના પુરુષ તથા સ્ત્રીનામ,
મર્યાદા મૂકી બન્યાં રક્ત અનુભવી કામ.

*

(આખ્યાન)

ઉરમાં સર્વ મદનઅભિલાષ, નીરખી લતા નમી તરુશાખ;
સરિત સિંધુપ્રતિ દોડી તળાવ તળાવડીએ લીધો લ્હાવ.

જડની એવી અકળ દશા, ચેતનની ક્યમ કહું કથા;
પશુપક્ષી નભજળ સ્થળનાં થયાં કામવશ તરત જ ત્યાં.

મદનઅંધ વ્યાકુળ સહુ લોક, નિશા દિવસ ના દેખે કોક[4];
દેવ દનુજ કિન્નર કે વ્યાલ પ્રેત પિશાચ ભૂત વેતાલ

સદા કામના એ તો દાસ, દશા વર્ણવી મેં ના ખાસ;
સિદ્ધ વિરક્ત મહામુનિ યોગી બન્યા કામવશ સર્વ વિયોગી.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

થયા કામવશ યોગી તપસ્વી, વાત શી પામર તણી,
જે બ્રહ્મા જોતા જગતમાં તે દેખતા સ્ત્રીને ઘણી;
અબળા વિલોકે પુરુષમય જગ પુરુષ નારીને બધે,
બે ઘડી વ્યાપ્યું કામકૃત કૌતુક ચરાચરમાં ખરે.

(દોહરા)

ધૈર્ય રહ્યું ના, સર્વનાં હર્યાં મનોજે મન,
રઘુવીરે રક્ષા કરી ઊગર્યા તે શુચિ જન.

*

શિવની પાસે જ્યાં સુધી પહોંચ્યો મદભર કામ,
ત્યાં સુધી થયું કૌતુક જડચેતનમાં આમ.

---

[4] કોક - ચકવાચકવી

શિવને દેખી કામ એ શંકાયુક્ત થયો,
ત્યારે પ્રથમ સમાનશો સ્થિર સંસાર બન્યો.

(આખ્યાન)

સુખી જીવ સૌ તરત બન્યાં, મદ ઊતર્યે જન મત્તસમા;
દુરાધર્ષ [5] દુર્ગમ ભગવાન, દેખી ડર્યો મદનનો પ્રાણ.

લજ્જા પાછા ફરતાં થાય, અશુભ કશું નવ કરી શકાય;
નિરધાર કર્યો મરવાકાજ, પ્રગટ્યો તરત રુચિર ઋતુરાજ.
સજ્યો દ્રુમે સુમનોનો સાજ.

વન ઉપવન વાપિકા તડાગ, થયા સરસ સહુ દિશા વિભાગ;
જ્યાં ત્યાં ઊમટી પ્રેમ રહ્યો, મનસિજ મૃત મનમાંય થયો.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

જાગ્યો મનોજ મરેલ મનમાં, સુભગતા વનની વધી,
શીતળ સુગંધ પવન વહ્યો ત્યાં મદન અનલસખા બની;
વિકસ્યાં સરોવરમાં કમળ, ગૂંજન કરી ભમરા રહ્યા,
કલહંસ [6] પિક શુક સરસ બોલે, ગાય નાચે અપ્સરા.

(દોહરા)

કોટિ કળા કરતાં ગયો હારી સૈન્ય સમેત,
શિવની સમાધિ ના ટળી, કોપ્યો હૃદયનિકેત [7].

[5] દુરાધર્ષ - હરાવવા મુશ્કેલ

[6] કલહંસ - રાજહંસ

[7] હૃદયનિકેત - કામદેવ

આમ્રવૃક્ષ ડાળે ચઢ્યો ખૂબ જ ક્રોધ કરી,
સુમનચાપને શ્રવણ સુધી ખેંચી બાણ ધરી.

(આખ્યાન)

છોડ્યાં વિષમ બાણ, ઉર લાગ્યાં, છૂટી સમાધિ, શંકર જાગ્યા;
મનમાં ક્ષોભ થયો સવિશેષ. જોયો ખોલી નેત્ર પ્રદેશ.

પલ્લવ મધ્ય વિલોકી કામ ક્રુદ્ધ બન્યા શંકર સુખધામ;
કંપ્યા ત્રિલોક, ત્રીજી આંખ ઉઘાડતાં કામ થયો ખાખ.

હાહાકાર થયો જગમાંહ્ય, અસુર સુખી, સુર ડર્યા બધાય;
ભોગી કરવા લાગ્યા શોક યાદ કરી રતિસુખનો સ્ત્રોત.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

યોગી અકંટક બન્યા; પતિગતિ સુણી રતિ મૂર્છિત થઈ,
રોતી કકળતી વિલપતી શિવ સમીપે છેવટ ગઈ;
અતિ પ્રેમપૂર્વક અરજ જોડી હાથ આર્ત કરી રહી,
પ્રભુ આશુતોષ કૃપાળુ શિવના વદનથી વાણી વહી.

(દોહરા)

રતિ, તારા સ્વામીતણું પડશે નામ અનંગ,
વપુવિણ સહુને વ્યાપશે; સુણ નિજ મિલનપ્રસંગ.

(ચોપાઈ)

યદુવંશમાં કૃષ્ણ અવતાર, થશે હરવા મહા મહીભાર,
કૃષ્ણતનય થશે પતિ તારો, મિથ્યા શબ્દ થશે નહીં મારો.

*

## દેવો તથા શંકર

(ચોપાઈ)

ચાલી રતિ એ સુણી શિવવાણી; કહુ અન્ય કથાને વખાણી;
પામી બ્રહ્માદિ એ સમાચાર પહોંચ્યા વૈકુંઠધામે તત્કાળ.

વિષ્ણુ બ્રહ્મા સહિત સર્વ દેવ ત્યાંથી શિવ પાસે કૃપાનિકેત,
આવી કરવા લાગ્યા સ્તુતિ પ્રેમે, થયા શંભુ પ્રસન્ન ત્યાં કેમે.

કરુણાસિંધુ બોલ્યા વૃષકેતુ, કહો અમર, આગમનહેતુ;
વદ્યા વિધિ, પ્રભુ અંતરયામી ભક્તિવિવશ વિનવી રહ્યો સ્વામી !

(દોહરા)

સર્વ દેવના હૃદયમાં પ્રગટ થયો ઉત્સાહ,
તમારો ચહે દેખવા નાથ પવિત્ર વિવાહ.

(ચોપાઈ)

દેખે ઉત્સવ સકળ ભરી લોચન કરો એવું મદનમદમોચન !
કામ બાળી રતિને વર દીધું કૃપાસિંધુ એ ઉત્તમ કીધું.

એવો સ્વામીનો સહજ સ્વભાવ કરી દંડ કૃપાનો દે લ્હાવ;
કર્યું તપ ઉમાએ અપાર, કરો સત્વર એનો સ્વીકાર.

શિવે રામની સ્મરતાં વાણી થશે એવું કહ્યું સુખ માની;
ત્યારે દેવે દુંદુભિ વગાડ્યાં, કરી જયકાર પુષ્પો વરસાવ્યાં.

આવ્યા સપ્તર્ષિ અવસર જોઈ, વિધિએ ગિરિ પાસે મોકલ્યા મોહી;
પહોંચ્યા પ્રથમ ભવાની પાસ, વદ્યા મધુ છળવચનોને ખાસ.

(દોહરા)

નારદના ઉપદેશથી સુણી નહીં અમ વાત;
પ્રતિજ્ઞા તમારી મટી કામ બળ્યો સાક્ષાત.

*

(ચોપાઈ)

સુણી સ્મિત સાથે બોલ્યાં ભવાની, કહ્યું યોગ્ય મુનિવર વિજ્ઞાની;
શિવે કામને બાળ્યો અત્યારે, રમ્યા આજ સુધી એ વિકારે.

હું તો સમજું શિવને સદા યોગી અજ અનવદ્ય શુચિ ને અભોગી;
સેવ્યા શિવને હો મેં એવું માની પ્રેમે મનકર્મ અર્પીને વાણી

મારા સંકલ્પને તો મુનીશ, સત્ય કરશે કૃપાનિધિ ઈશ,
કહો તમે બાળ્યો શિવે માર એ તો અવિવેક દીસે મહાન.

પહોંચે હિમ ના પાવકની પાસ, કદી પહોંચે તો પામે છે નાશ;
એવો સહજ પાવકનો સ્વભાવ, દૈવી શંકરકેરો પ્રભાવ.

સમજો મન્મથ શંકરભાવ, ત્યાં છે આકર્ષણકેરો અભાવ,
ક્યાંથી સ્પર્શે શંકરને કામ, એ તો અહર્નિશ આત્મારામ.

(દોહરા)

હરખ્યા ઋષિ વચનો સુણી સ્તવી પ્રેમ વિશ્વાસ,
શીશ નમાવીને તરત ગયા હિમાલય પાસ.

હિમગિરિને અતિપ્રેમથી પ્રસંગ પૂર્ણ કહ્યો,
મદન દહન સુણતાં પરમ પીડિત પ્રાણ થયો.

મુનિએ રતિ વરદાનની કહી પછીથી વાત,
હિમાલયે સુખ અનુભવ્યું કૃતાર્થ સમજી જાત.

*

## લગ્નની તૈયારી

(ચોપાઈ)

શંભુ પ્રભુતાને મનમાં વિચારી મુનિને સાદર સહુ સત્કારી,
દિન નક્ષત્ર શુભ ઘડી શોધી લગ્ન નક્કી કરાવ્યું જોઈ.

લગ્નપત્રિકા ઋષિઓને આપી, કરી અરજ પદે શિર રાખી;
આપી ઋષિએ એ પત્રિકા વિધિને, પ્રેમ પ્રગટ્યો સમાયો ના હૃદયે.

(દોહરા)

પત્રિકા સુણીને દેવતા હર્ષિત સર્વ બન્યા;
વરસ્યાં પુષ્પો નભથકી, વાગ્યાં વાદ્ય ઘણાં.

દસે દિશામાં કળશને સજતાં દેવ બધા,
વિવિધ વાહનોને લઈ આવ્યા તરત; ઘણાં

વિમાન શણગાર્યાં સરસ; મંગલ શકુન થયાં;
ગાન અપ્સરાનાં સુણી મુગ્ધ બધાય બન્યા.

*

કરવા લાગ્યા શંભુગણ શંકરને શૃંગાર,
જટામુકુટ પર સર્પની કલગી કરી લગાર.

સર્પોનાં કુંડળ શિવે કંકણને ધાર્યાં,
વ્યાઘ્રચર્મ ધાર્યું સજી ભસ્મ તને ન્યારા.

(આખ્યાન)

શશિ લલાટ સુંદર શિર ગંગ, લોચન ત્રણ ઉપવીત ભુજંગ;
ગળે ગરલ ઉર નરશિરમાળ, અશિવ વેશ શિવધામ કૃપાળ.

કર ત્રિશૂળ ને ડમરુ રહ્યું, પ્રસ્થાન વૃષભ ઉપર થયું,
વાગ્યાં વાદ્ય વિવિધ તે સમે, પવન પ્રબળ તાંડવ શું રમે !

દેખી શિવ સુરલલના હસી, વરલાયક કન્યા જગ નથી.

વિષ્ણુ વિરંચિસમા સુર સર્વ ચાલ્યા જાને સમજી પર્વ;
સુરસમાજ સૌ હતો અનૂપ જાન કિન્તુ ના વર અનુરૂપ.

(દોહરા)

કહ્યું વિષ્ણુએ સ્મિત કરી, સકળ દિશાના રાજ,
અલગ અલગ ચાલો બધા નિજનિજ સહિત સમાજ.

વરને યોગ્ય નથી ખરે બંધુ, આપણી જાન,
પરપુરમાં હાંસી થશે મટશે સર્વ ગુમાન.

વિષ્ણુવચનને સાંભળી દેવ હસ્યા સઘળા,
નિજ નિજ સૈન્ય સહિત થયા અલગ પછી પળમાં.

મહેશ સ્મિત સાથે વદ્યા, હરિની ટેવ નથી
વ્યંગ વચન કેરી જતી, સાચી વાત કથી.

વિષ્ણુતણાં પ્રિય વચનને સુણી શંકરે એ,
ભૃંગીગણને મોકલી બોલાવ્યા ગણને.

શિવઆજ્ઞાને સાંભળી સર્વ ગણો આવ્યા,
પ્રભુપદપંકજ શીશને સૌએય નમાવ્યાં.

વિવિધ વેશ વાહનથકી સજ્જ બનેલ સમાજ,
જોઈ પોતાનો હસ્યા શંભુ ગરીબનવાજ.

કોઈ મુખવિણ વિપુલમુખ, પદ કર વિણ કોઈ,
કોઈને પદ કર વિવિધ, આંખરહિત કોઈ

કોઈ અનેક આંખથી જગત રહ્યા જોઈ,
હૃષ્ટપુષ્ટ કોઈક તો અતિ દુર્બળ કોઈ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

કોઈક દુર્બળ પુષ્ટ કોઈ શુચિ અશુચિ વેશે રહ્યા,
ભૂષણ કરાળ કપાલ [8] કરમાં રક્ત રંગાયા બધા;
ખર સ્વાન સૂવર મુખ શિયાળસમાં; ગણોને કો ગણે,
બહુ જિનસપ્રેત પિશાચ જાગણી જમાતો કો વર્ણવે ?

(અનુષ્ટુપ)

નાચી ગાતાં ભૂત સૌ પરમ તરંગી જાનમાં,
કુરૂપ દેખાવે બધાં અતિવિચિત્ર વચનો વદ્યાં.

[8] કપાલ - ખોપરી

(ચોપાઈ)

જેવા વર તેવી બની જાન, થયાં કૌતુક માર્ગે અજાણ;
અતિ અદભુત મંડપ બનાવ્યો હિમગિરીએ શે જાય વખાણ્યો ?

શૈલ સકળ નાનામોટા જગના જેનું વર્ણન થાય ના ક્ષણમાં,
વન સાગર સરિતા તળાવ સૌને આમંત્ર્યા સમજી સમાન.

કામરૂપ [9] સુંદર તન ધારી ચારુ સ્વજન સહિત નરનારી,
પહોંચ્યાં તરત હિમાલયગેહ ગાતાં મંગલ ગીત સસ્નેહ.

ગિરિએ ગૃહને તૈયાર કરાવ્યાં, ઊતરી અતિથિએ સહુને સજાવ્યાં;
શોભા પુરની કેવી હતી ભારી, દીસે તુચ્છ બ્રહ્મા ચતુરાઈ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

વિધિની નિપુણતા તુચ્છ લાગી નગરશોભા દેખતાં,
વન બાગ કૂપ તડાગ સરિતા સુભગ સઘળાં પેખતાં;
તોરણ વિપુલ મંગલ પતાકા કેતુ પ્રતિગૃહ સોહતાં,
વનિતા પુરુષ સુંદર ચતુર મુનિનાં મનો પણ મોહતાં.

(દોહરા)

જગદંબા જન્મેલ તે પુરવર્ણન શે થાય,
રિદ્ધિસિદ્ધિ સંપત્તિ સુખ ત્યાં નિત વધતાં જાય.

નગર ખળભળ્યું સાંભળી સમીપ આવી જાન,
સુશોભિત બન્યું અધિક એ અલંકૃત કરી પ્રાણ.

[9] કામરૂપ - ઇચ્છાનુસાર રૂપ ધરનારા

આગેવાન અનેકવિધ વાહનને તૈયાર,
કરતાં ચાલ્યા જાનનો કરવાને સત્કાર.

દેખી સુરસેના તથા હરિને સુખ પામ્યા,
શિવસમાજ જોતાં ડરી વાહન સહુ ભાગ્યાં.

સમજદાર ઊભા રહ્યા ધીરજને ધારી,
જીવ લઈ નાસી ગયાં શિશુ ડરતાં ભારી.

શું કહેવું કોને વળી; કહી શકાય ન વાત;
યમસેના કે જાન છે કે યમ આ સાક્ષાત્ ?

પાગલ બનતાં વર રહ્યા બળદ ઉપર બેસી,
વ્યાલ કપાલ પહેરતાં તન ભસ્મે લેપી.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

તન ભસ્મ વ્યાલ કપાલ ભૂષણ, નગ્ન જટિલ ભયંકર
છે ભૂત પ્રેત પિશાચ યોગિની સંગ ને રજનીચર;
જીવંત રહેશે પુણ્યશાળી પરમ પેખી જાનને,
તે લગ્નને જોશે ઉમાનું, કહ્યું સઘળાં બાળકે.

(દોહરા)

મહેશમંડળ દેખતાં માતપિતા હસતાં,
કહેવા લાગ્યાં બાળને લેશ નહીં ડરતાં

*

જાન લઈ આવ્યા પછી આગેવાનો ખાસ,
આપ્યા સમુચિત સર્વને સુંદર જાનીવાસ.

મેનાએ શુભ આરતી તરત કરી તૈયાર,
ગાવા મંગલ ગીતને લાગી સઘળી નાર.

સ્વર્ણ થાળને હાથમાં રાખીને મેના,
ઉતારવા શિવ આરતી ચાલી મધુનેમા.

વિકટ વેશમાં રુદ્રને દેખીને ત્યારે,
સ્ત્રીઓના મનમાં સતત ઊપજ્યો ભય ભારે.

(ચોપાઈ)

ભય પામીને ઘરમાં ગઈ એ, જાનીવાસમાં શંભુ ગયા ને;
મેનાહૃદયે થયું દુઃખ ભારી, એણે બોલાવી શૈલકુમારી.

અતિસ્નેહથી અંકે બેસાડી બોલી આંખમાં આંસુને આણી,
દીધું વિધિએ તને આવું રૂપ, કર્યો વરને જડ કેમ કુરૂપ ?

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

સૌન્દર્ય તુજને અર્પતા વરને બનાવ્યો મૂર્ખ કાં,
ફળ કલ્પવૃક્ષતણું વિવશ બાવળમહીં જોડાયું આ;
તુજસાથ પર્વતથી પડું, અનલે જલું, નદમાં પડું
ઘર જાય અપયશ થાય જીવી કિન્તુ લગ્ન નહીં કરું,

*

(દોહરા)

વિકળ બની નારી બધી ગિરિનારી દુઃખથી;
મેના રડતી વિલપતી સ્મરતાં સ્નેહ વદી.

નારદનું એવું હશે શું જ બગાડ્યું મેં,
જેથી મારું ઘર મધુર ઉજ્જડ કીધું છે ?

એવો અમંગલ વળી કાં આપ્યો ઉપદેશ,
પાગલ પતિને પામવા તપ કે કીધું લેશ ?

(ચોપાઈ)

ખરે એમને મોહ ન માયા, ઉદાસીન ન ધન ધામ જાયા;
પરઘરનાશક લાજ ન બીક, જાણે વાંઝ[10] શું પ્રસવની પીડ ?

જોઈ જનનીને વિકળ ભવાની બોલી મધુર વિનયવાળી વાણી,
ટળે તે ના રચે જે વિધાતા એવું સમજી શોકિત થા ના માતા !

પતિ ભાગ્યમાં આવો લખ્યો જો દોષ કોઈને શાને દેવો તો ?
મટશે તુજથી શું વિધિના અંક ? તુજને લાગશે વ્યર્થ કલંક.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ના દોષભાગી બન, રડ નહીં, રુદનનો આ સમય ના,
સુખદુઃખ લલાટે લખેલાં મળશે, જઉં જ્યાં ત્યાં બધાં;
કોમળ વિનીત વચન ઉમાનાં સુણી સ્ત્રી શોકિત બની,
વિધિને દઈને દોષ, વરસી આંખથી અશ્રુ રહી.

[10] વાંઝ - વાંઝણી

(દોહરા)

એ સમયે નારદ અને શુચિ સપ્તર્ષિ સમેત,
હિમગિરિ પામી માહિતી પહોંચ્યા તરત નિકેત.

નારદે કહી પૂર્વનો સૌને કથાપ્રસંગ,
સમજાવ્યાં વિસ્તારથી કરુણા કરી અનંત.

મેના, સાચી સાંભળી મારી લો વાણી,
જગદંબા પુત્રી ખરે તમારી ભવાની.

*

(આખ્યાન)

અજા અનાદિ શક્તિ અવિનાશીની, સદા શંભુ અર્ધાંગનિવાસિની;
જગ સંભવ પાલન લય કારિણી નિજ ઈચ્છા લીલાવપુધારિણી.

જન્મી પ્રથમ દક્ષગૃહમહીં નામ સતી સુંદર તન લઈ;
પરણી ત્યારે શંકરસાથ કથા સકળ જગમાં છે ખ્યાત.

એક વાર પથમાં શિવસંગ દેખી રઘુકુળકમળપતંગ,
માન્યું ન પતિનું મોહ થયો, ભ્રમવશ સીતાવેશ ગ્રહ્યો.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

એ વેશના અપરાધથી પતિએ સતીને પરહરી,
શિવવિરહથી યજ્ઞે પહોંચી દક્ષના છેવટ બળી;
જન્મી તમારે ભવન પતિને પામવા કટુ તપ કર્યું,
શંકા તજો એવું સમજતાં, શિવપ્રિયા ગિરિજા હજુ.

# શિવ-પાર્વતી વિવાહ

(દોહરા)

નારદના શબ્દો સુણી સૌનો મટ્યો વિષાદ,
પળમાં પ્રસર્યો પુરમહીં ઘરઘર એ સંવાદ.

મેના ને હિમવાનને થઈ રહ્યો આનંદ;
પાર્વતીપદે એમણે વંદન કર્યાં અનંત.

સ્ત્રીપુરુષો શિશુ ને યુવા નગર તણા સૌ લોક,
પ્રસન્નતા પામ્યા પરમ તજતાં સઘળો શોક.

(આખ્યાન)

ગવાયાં બધે મંગલ ગાન, સ્વર્ણ કળશ આકર્ષે ધ્યાન;
પાકશાસ્ત્રનું પામી જ્ઞાન થયાં વિવિધ ખાન તથા પાન.

વસે ભવાની ભવને જ્યાં ત્રુટિ ભોજનકેરી શું ત્યાં;
સાદર બોલાવી સહુ જાન વિષ્ણુ વિરંચિ દેવતા આન.

જમનારાની પંક્તિ બની નિપુણ સેવકો પીરસે વળી;
નારી સુર જમતા જાણી ગાળો દેતી મૃદુ વાણી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ગાળો મધુર સ્વરથી દઈને વ્યંગ વચનોને કહે,
દેવો વિનોદ સુણી નિરાંતે જમે સુખ ઉત્તમ લહે;
જમતાં વધ્યો આનંદ તે ન કથાય કોટિ વદનથકી,
તાંબુલ લઈ સૌ ઉતારા પર ગયા તૃપ્ત બન્યા પછી.

(દોહરા)

મુનિઓએ હિમવાનને કહી લગ્નવેળા,
સમય વિલોકી દેવને બોલાવ્યા ઘેલા.

(ચોપાઈ)

સુરને સાદર સકળ બોલાવ્યા, યોગ્ય આસન સહુએ શોભાવ્યાં;
વેદી વેદાનુસાર કરાવી, ગાતી સુભગ સુમંગલ નારી.

દિવ્ય સિંહાસન વિધિએ રચેલું, એનું વર્ણન કોઈ કરે શું;
બેઠા શિવ વિપ્રને શિર નામી સ્મરી હૃદયે નિજ પ્રભુ રઘુરાઈ.

પછી મુનિએ ઉમાને બોલાવી, સખી શણગારતાં લઈ આવી;
નીરખી રૂપ સકળ સુર મોહ્યા, કવિ એવો છે જગમાં કો આ
કરે વર્ણન સુંદરતાનું રૂપ દેખીને દિવ્ય ઉમાનું ?

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ના કોટિ વદને થાય વર્ણન જગતજનની રૂપનું,
સંકોચ પામે શેષ શારદ વેદ, મારું શું ગજું;
રસખાણ ગિરિજા શિવ સમીપે મધ્ય મંડપમાં ગઈ,
મનમધુપ પદકમળે ન પણ સંકોચવશ જોઈ શકી.

(દોહરા)

શંભુ ભવાનીએ કર્યું ગણપતિ પૂજન ત્યાં;
શંકા ના કરશો સુણી; સુર અનાદિ સઘળા.

વિવાહવિધિ વેદે કહી કરી મહામુનિએ,
કુશકન્યાકરને ગ્રહી સત્વર હિમગિરિએ
શંકરને અર્પણ કરી પછી ભવાનીને.

(ચોપાઈ)

પાણિગ્રહણને કરતા મહેશ પેખી હરખાયા સકળ સુરેશ;
થયો વેદમંત્રનો ઉચ્ચાર, સુરે શિવનો કર્યો જયકાર.

વાગ્યાં વાજાં વિવિધ પ્રકાર, થઈ સુમનની વૃત્તિ રસાળ;
થયો શિવપાર્વતીનો વિવાહ, વ્યાપ્યો સકળ જગતમાં ઉત્સાહ.

દાસી દાસ તુરગ રથ નાગ[11] ધેનુ વસન મણિ વસ્તુ વિભાગ,
અન્ન કનક વાસણ ભરી ગાડાં આપ્યાં, જાય ના કેમે વખાણ્યાં.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

અર્પી દહેજ વિવિધ હિમાલય હાથ જોડીને વદ્યો,
શિવ પૂર્ણકામ, દઈ શકું શું, પદકમળ પકડી રહ્યો;
સંતોષ આપ્યો શ્વસુરને સંપૂર્ણ કરુણાસાગરે,
શિવનાં ચરણકમળો ગ્રહી મેના રહી છેવટ રસે.

(દોહરા)

ઉમા પ્રાણપ્રિય છે મને; દાસી નાથ કરો,
ક્ષમા કરી અપરાધ સૌ વરને હવે ધરો.

મેનાને સમજાવતાં મનમાં શાંતિ થઈ,
ઢાળી મસ્તક ચરણમાં અંતે ઘેર ગઈ.

બેસાડી અંકે પછી પ્રેમે જનનીએ,
શીખ સુપુત્રીને ધરી પોતાની રીતે.

[11] નાગ - હાથી

(ચોપાઈ)

કરજે રોજ શંકરપદપૂજા, નારીધર્મ પતિ દેવ ના દૂજા;
વદતાં વચનો આવ્યું નયને વારિ, આપ્યું આલિંગન પુત્રીને ભારી.

શાને વિધિએ સરજી સ્ત્રીને જગમાં, પરાધીનને સ્વપ્નેય સુખ ના;
બની પ્રેમે વ્યાકુળ માતા ન્યારી, ધારી ધીરજ કુસમય વિચારી.

ભેટે પગને પકડે વારંવાર પડે, સ્નેહનો શે કહું સાર;
મળી સઘળી નારીને ભવાની પડી લપટી જનની નિજ જાણી.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ચાલી મળીને માતને આશિષ તદા સહુએ ધરી,
માતા તરફ જોતી ઉમા શિવને સખી સાથે મળી;
યાચક સકળ સંતોષતાં શિવ ઉમાસહિત ભવન ગયાં,
સુર સુમન વરસ્યા, ગગનમાં વાદ્યો વિભિન્ન બજી રહ્યાં.

(દોહરા)

હિમગિરિ પણ ચાલ્યા સુખે વળાવવા સપ્રેમ;
વિદાય આપી શંકરે સંતોષી નિજ જેમ.

*

## ઉપસંહાર

(આખ્યાન)

તરત ભવન આવ્યા ગિરિરાય; બોલાવી સરશૈલ બધાંય,
આદર દાન વિનય બહુમાન સહિત વિદાય કર્યાં હિમવાન.

શિવ પહોંચ્યા જ્યારે કૈલાસ, સુર સહુ નિજલોક ગયા ખાસ;
ઉમાશંભુ માત જગતતાત, કરું ન શૃંગારતણી વાત.

કરતાં બહુવિધ ભોગવિલાસ વસતાં ગણ સાથે કૈલાસ;
નૂતન નિત્ય વિહાર રસાળ, વીતી એમ ગયો બહુ કાળ.

પ્રગટ થયા ષટવદન કુમાર, બન્યા તારકાસુરના કાળ;
આગમ નિગમ પુરાણપ્રસિદ્ધ ષણ્મુખજન્મ જગત નવનીત.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

સુપ્રસિદ્ધ કાર્તિક જન્મ કર્મ પ્રતાપ ને પુરુષાર્થ છે,
સંક્ષેપથી અંકિત કર્યું છે ચરિત એથી એનું મેં;
આ ઉમાશંભુ વિવાહને ગાશે કહેશે ભક્ત જે
કલ્યાણકાર્યે લગ્નવિધિમાં પામશે સુખ નિત્ય તે.

(દોહરા)

શિવચરિત્ર સાગરસમું, વેદ ન પામે પાર;
તુલસીદાસ શે વર્ણવે અતિ મતિમંદ ગમાર !

**(શિવપાર્વતી પ્રસંગ સમાપ્ત)**

*

## ૯. શિવપાર્વતી સંવાદ

જટામુકુટ ગંગા શિરે કમળનયન સુવિશાળ,
નીલકંઠ સૌંદર્યસદન, બીજચંદ્ર છે ભાલ.

શરીર ધારી શાંત રસ બેઠેલો જાણે,
અનંગરિપુ એ શિવ મને પોતાનો માને.

(આખ્યાન)

પાર્વતી ગયાં શિવની પાસ, પ્રિયા ગણી સત્કાર્યાં ખાસ,
વરસાવ્યો અનુગ્રહ વરસાદ પૂર્વજન્મને કરતાં યાદ.

કરી પ્રેમકેરું અનુમાન, પાર્વતી વદ્યાં પ્રેમે વાણ;
સકળલોક હિતકારી જે પૂછે શૈલકુમારી તે.

વિશ્વનાથ ત્રિપુરારી નાથ, થયા ત્રિલોકમહીં પ્રખ્યાત;
ચર અચર મનુજ દેવો નાગ સેવે તમને કરી અનુરાગ.

(દોહરા)

સમર્થ ને સર્વજ્ઞ છો તમે પરમ કલ્યાણ,
સર્વ કળા ને ગુણતણા ધામ સનાતન સ્થાન.

યોગ જ્ઞાન વૈરાગ્યના ધર્મતણા ભંડાર,
શરણાગતને કલ્પદ્રુમ નામ તમારું સાર.

પ્રસન્ન જો મારા ઉપર હો સુખધામ તમે,
ચરણોની જો સેવિકા સમજો સાચ મને,

કથાતણું રઘુનાથની તો જયગાન કરો,
રહ્યુંસહ્યું અનુગ્રહથકી મુજ અજ્ઞાન હરો.

(આખ્યાન)

કલ્પવૃક્ષ નીચે ઘર હોય તેને દરિદ્રતા ના કોય,
ચંદ્રમૌલિ એમ વિચારી હરો બુદ્ધિભ્રમને ભારી.

મુનિ પરમાર્થતણા જ્ઞાતા કહે રામને પરમાત્મા,
શેષ શારદા વેદ પુરાણ ગાય સદા રઘુપતિ ગુણગાન.

તમે અહર્નિશ જપતા નામ, અવધનરેશ પુત્ર એ રામ,
અથવા નિર્વિકાર નિર્ગુણ અજ છે અન્ય પૂર્ણ કૃતકામ ?

(દોહરા)

રાજપુત્ર જો હોય તો હોય બ્રહ્મ તે કેમ,
બુદ્ધિ વ્યાકુળ શે બની પત્નીવિરહે તેમ ?

ચરિત નિહાળી ને સુણી મહિમા બુદ્ધિ ભમે;
સમાધાન સ્વમુખે કરો મારું આજ તમે

સ્નેહસહિત વંદન કરું, મને નિમિત્ત કરી,
નિર્મળ મહિમા રામનો વર્ણન કરો ફરી.

અધિકાર વિચારો નહીં, ભક્તિભાવ છે ખૂબ,
રામકથાને વર્ણવો યશની સાથે ગૂઢ.

મન કર્મે વચને સદા તમને સેવું હું,
છુપાવે જિજ્ઞાસુથી સંત કદી ન કશું.

નમ્ર સ્વરે પૂછી રહી દેવોના સ્વામી,
કૃપા કરી મુજને કહો કે શરીરધારી

બનતા નિર્ગુણ બ્રહ્મ કાં, રામે ક્યમ અવતાર,
પૃથ્વી પર ધારણ કર્યો કહો કરી સુવિચાર.

અવતાર કહો રામનો ઉદાર બાલચરિત્ર,
સીતાની સાથે થયો વિવાહ કેમ પવિત્ર,

રાજ્યત્યાગ શાને કર્યો, દોષ થયો કેવો,
લીલા વનમાં શી કરી; રાવણ યમ જેવો

સંહાર્યો શાને અને શી રીતે રામે,
રાજ્યાસન પામી કર્યું શું પૂરણકામે ?

આશ્ચર્યજનક કર્મ જે રામે વિવિધ કર્યાં,
કહો પરમધામે વળી અંતે કેમ ગયા.

(આખ્યાન)

તત્ત્વ કહો તે પરમ વખાણી જેમાં મગ્ન રહે મુનિ જ્ઞાની,
ભક્તિ જ્ઞાન વિજ્ઞાન વિરાગ સર્વ વર્ણવો સહિત વિભાગ.

બીજાં પણ હો રહસ્ય જે કહો નાથ જ્ઞાની સૌ તે;
જિજ્ઞાસા જે હોય કરી સમજાવો તે મને ફરી.

ત્રિભુવનના ગુરૂ વેદ કહે, પામર ક્યાંથી મર્મ લહે;
સહજ પ્રશ્નથી ઉમાતણા પ્રસન્ન શંકર થયા ઘણા.

રામચરિતનું સ્મરણ થયું, લોચન નીર છવાઈ ગયું,
રોમાંચ થયાં તરત તને, જીવન બની કૃતાર્થ રહ્યું.
રામસ્વરૂપ હૃદય આવ્યું, સુખ અનુપમ સાથે લાવ્યું.

(દોહરા)

ધ્યાનમગ્ન શંકર બન્યા ઘડી બે ઘડી ત્યાં,
પ્રસન્નતાપૂર્વક વદ્યા આવી જાગૃતિમાં.

(અનુષ્ટુપ)

જેમ અજ્ઞાનથી થાય રજ્જુમાં સર્પનો ભ્રમ,
જેમને તેમ ના જાણ્યે અસત્ય લાગતું સત;

જાગ્યા પછી રહેતો ના સ્વપ્નનો ભ્રમ જેવિધ,
જાણ્યાથી જેમને લોપ જગનો થાય તેવિધ;

બાલસ્વરૂપ વંદું તે સદા સાદર રામને,
સાંપડે જપતાં સિદ્ધિ જેમના દિવ્ય નામને.

(ચોપાઈ)

મંગલભવન અમંગલહારી, દશરથઆંગણ મધ્ય વિહારી,
કરો કૃપા મુજ પર શ્રીરામ, કરો મને મંગલનું ધામ.

(દોહરા)

પ્રણામ કરતાં રામને સુધાભરી વાણી,
બોલ્યા શંકર ધન્યતા જીવનની જાણી.

તમારા સમું અન્ય ના ત્રિભુવન હિતકારી,
ધન્ય ધન્ય તમને ખરે ગિરિરાજકુમારી.

પૂછી રામતણી કથા પાવન ગંગસમી,
રામચરણપ્રેમી તમે હિત સૌનું સમજી.

રામકૃપાથી પાર્વતી, તમારામહીં ક્લેશ
શોક મોહ સંદેહ ભ્રમ સ્વપ્ને પણ ના લેશ.

*

(આખ્યાન)

તોપણ શંકા તમે કરી હિતને સૌનું હૃદય ધરી,
જે ના કથા સુણે હરિની, તેનાં છિદ્ર ભલેને કાન,
મહત્વ એનું અધિક નહીં, છિદ્ર સર્પનાં ભવન સમાન.

જે નેત્રો ન કરે દર્શન સંતતણું દર્શન સ્પર્શન,
મોરપિચ્છની આંખ સમાં નેત્રો ગોળા કાચતણા.
ગુરુચરણ ના શીશ નમે હરિને તે ના લેશ ગમે.

પ્રભુભક્તિ ના પ્રાણમહીં તે જન જીવે મૃતજ બની;
જીભ કરે ના હરિ ગુણગાન તો દાદુરની જીભ સમાન.

કુલિશ કઠોર હૃદય નિષ્ઠુર પ્રસન્નતાનાં એમાં પૂર,
આવે ના હરિચરિત સુણી લીલા હરિની તેમ સ્મરી;

દેવોનું હિત કરનારી, મોહ અસુરને ધરનારી,
લીલા સુણો રામની આજ, શરણાગતના એ શિરતાજ.

(દોહરા)

રામકથા સુરધેનુશી સેવ્યે સુખ આપે,
અવિદ્યાતિમિર ટાળતાં બંધનને કાપે.

સંતસમાજ શ્રેષ્ઠ છે લોક દેવતાનો,
કથા સાંભળે કેમ ના ભક્તો વિદ્વાનો ?

*

રામકથા તાળીસમી સંશયનાં પક્ષી,
ઉડાડનારી હૃદયને સુખ શાશ્વત બક્ષી.

કલિયુગના વટવૃક્ષને કુહાડીસમી છે,
સાદર સુણો કથા તમે હિમાલયસુતા હે !

રામગુણચરિત જન્મ ને કર્મ વર્ણવે વેદ,
મહિમા ગાયે રામનો, સર્વ શમાવે ખેદ.

રામ અનંત, કથા ગુણો યશ પણ એમ અનંત,
તોપણ પ્રેમ જગાવતાં કહે પરસ્પર સંત.

બુદ્ધિ મુજબ કથા કહું રઘુનંદનની હું,
પ્રશ્ન તમારો સહજ ને સુંદર સુખદ ગણું.

તમે કહ્યું કે રામ એ કોઈ બીજા છે,
કથન તમારું ના ગમ્યું મુજને સાચે એ.

તમે તો કહ્યું રામના ગુણને સાંભળવા,
શંકા એના ચિત્તમાં એવી હોય છતાં

મોહપિશાચતણા અધમ પ્રભાવમાં જે હોય;
અજ્ઞ હરિથી વિમુખ ને પાખંડી પણ હોય.

સાચાખોટાનો વળી વિવેક ના જાણે,
માનવ એ એવું કહે સુણે તથા માને.

*

(આખ્યાન)

અજ્ઞ મૂર્ખ જે અંધ અભાગ, મન પર વિષયોના છે ડાઘ,
દર્પણ દિલનું સાફ નહીં, લંપટ કપટી કુટિલ વળી,

સ્વપ્ને કર્યો ન હો સત્સંગ, આવ્યો કુકર્મનો ના અંત,
લાભહાનિ ના સમજે જે, વેદ વિરોધી વાણી તે.

વેદશાસ્ત્રનાં નેત્ર વિહીન સ્વરૂપને શું સમજે દીન,
રામસ્વરૂપ નિહાળે શે, વિપરીત વેદ વાણી તે.

નિર્ગુણ સગુણતણો ન વિવેક, વચનો મિથ્યા વદે અનેક,
માયાવશ જે જગમાં ફરે, અનુચિત તે બહુ બોલ્યા કરે.

વાયુરોગવાળા મદમત્ત, ભૂતપ્રેતથી પીડાગ્રસ્ત.
વિચારી વદે તે ના વાણ, ધરે નહીં સત્યતણું ધ્યાન.
કર્યું મોહકેરું મદપાન તેનું કથન ન ધરવું ધ્યાન.

એમાં વિચારી હૃદયમહીં સંશય કરશો કદી નહીં,
રામચરણને ભજો સદા સમર્પનારાં સુખસંપદા.

સુણો હે ગિરિરાજકુમારી અનુપમ શ્રદ્ધાને ધારી,
ભ્રાંતિતણો અંધાર કરાળ, સૂર્યકિરણશી મારી વાણ

સગુણ અગુણમાં ના કૈં ભેદ, ગાય વિબુધ મુનિપુરાણ વેદ,
અજ અરૂપ નિર્ગુણ અવ્યક્ત, ભક્તપ્રેમથી થાયે વ્યક્ત.

નિર્ગુણ છતાં બને ગુણવાન, નિરાકાર બનતા સાકાર.

નિર્ગુણ સગુણ બને છે એમ, જલથી કરા કે હિમની જેમ,
અલગ નથી એ બંને રૂપ, દૃશ્ય જુદાં પણ એક સ્વરૂપ.

રામ સચ્ચિદાનંદ દિનેશ, ના ત્યાં મોહનિશાનો લેશ;
સહજ પ્રકાશરૂપ ભગવાન, ના ત્યાં પ્રભાતસમ વિજ્ઞાન.

હર્ષ વિષાદ જ્ઞાન અજ્ઞાન અહંભાવ જડતા અભિમાન,
જીવતણા ગુણધર્મ કહ્યા; પરમાત્મામાં એ ન રહ્યા.
રામ બ્રહ્મ વ્યાપક ભગવાન પરમાનંદ પરેશ પુરાણ.

(દોહરા)

પુરુષ પ્રસિદ્ધ પ્રકાશમય પ્રગટ સર્વના નાથ,
રઘુકુળમણિ સ્વામી કહી નમ્યા શંભુ સુખ સાથ.

*

(આખ્યાન)

નભમંડળમાં વાદળ જોઈ અજ્ઞાની જન એમ કહે,
સૂરજ ઢંકાયો વાદળથી હવે નહીં સ્વાયત્ત રહે,

અજ્ઞાની પણ એવી રીતે ભ્રાંતિ ન પોતાની સમજે,
મિથ્યા દોષમોહ આરોપણ પ્રભુ પર કરે વગર સમજ્યે.

અંગુલિ આંખે દબાવવાથી ચંદ્ર એક પણ બે ભાસે,
નિર્મળ નભમાં અંધકાર ને ધૂમ્ર ધૂળ રજકણ લાગે;

નિર્મળ ને નિર્લેપ રામમાં એવી રીતે મોહ નથી,
તોપણ અજ્ઞજનોએ મોહે મોહતણી છે કથા કથી.

ઈન્દ્રિયો વિષયોને આપે પ્રકાશ, ઈન્દ્રિયના દેવો,
ઈન્દ્રિયોને સચેત કરતા સંજીવન અથવા ધરતા,

ઈન્દ્રિયોના દેવો પામે પ્રકાશ ચેતન આત્મથકી,
રામ સર્વના પરમપ્રકાશક અનાદિ એકલ અવધપતિ.

રામ પ્રકાશક જગતતણા આ જ્ઞાન તથા ગુણના ભંડાર,
માયાના પતિ એમના થકી જડ પણ સત્ય જણાય.

(દોહરા)

રજત છીપમાં સૂર્યનાં કિરણે જલ દેખાય,
મિથ્યા એ ત્રણ કાળમાં ભ્રમ તોયે ન કપાય.

(આખ્યાન)

એવી રીતે અસત્ય તોપણ જગત રહે હરિઆશ્રયમાં,
મિથ્યા તોપણ દુઃખ આપતું નાખી મમતાબંધનમાં;

સ્વપ્નદશામાં કપાય મસ્તક દુઃખ રહે તેનું તોપણ,
જાગ્યા વિના શમે સંકટ ના તેમ ટળે ના મનનો ભ્રમ.

જેની કૃપાથકી ભ્રમ જાય એ જ કૃપાળુ ખરે રઘુરાય,
આદિ અંત ના પામ્યું કોઈ, વેદ વળી અનુમાને ગાય.

ચરણ વગર ચાલે છે તે, સુણે શ્રવણ ના છતાંય એ,
હાથ વિના પણ કર્મ કરે, વદન વિના રસ સકળ ગ્રહે;

વાણી નથી તોય છે વક્તા, નેત્ર નથી તોપણ છે દ્રષ્ટા,
સ્પર્શ કરે છે તન ના તોય સૂંઘે નાક ભલે ના હોય.

મનના વિના મનન કરતા, હૃદય વિના ભાવો ભરતા;
કર્મ અલૌકિક સઘળાં એમ, મહિમા વર્ણન કરાય કેમ ?

(દોહરા)

એમ ગાય છે જેમને વેદશાસ્ત્ર વિદ્વાન,
યોગી ઋષિ મુનિ જેમનું ધરે અંતરે ધ્યાન;

દશરથના સુત તે જ છે ભક્તજનોના પ્રાણ;
શરણાગતવત્સલ સ્વયં કોશલપતિ ભગવાન.

(આખ્યાન)

કાશીમાં મરતાં પ્રાણીને મંત્ર જેમનો હું આપીને,
શોકરહિત કે મુક્ત કરું, નામના બળે મુક્તિ ધરું,
તે પ્રભુ મારા અંતર્યામી રામ ચરાચર કેરા સ્વામી.

વિવશ બની નર નામ જપે તોપણ પાપ કદી ન ટકે,
જન્મજન્મનાં પાપ ટળે, છેક નવો અવતાર મળે.

સાદર સ્નેહે સ્મરણ કરે, એવાં પ્રભુનું મનન કરે,
ગોપદ જેમ સહેલાઈથી દુસ્તર ભવનો સિંધુ તરે.

પરમાત્મા છે રામ જ એ, શંકા એ વિષયે ના છે;
શંકા કરતાં જ્ઞાનવિરાગ સદગુણ સઘળા લુપ્ત બને.

શબ્દ સાંભળીને શિવના ટળી ગઈ સઘળી ભ્રમણા;
થઈ રામના પદમાં પ્રીત, થઈ ગઈ શ્રદ્ધાની જીત.

(દોહરા)

ચરણકમળ શંકરતણાં વારંવાર ગ્રહી,
પ્રેમરસ સભર પાર્વતી વચનો રહ્યાં કહી.

તમારી સુણી ચંદ્રના કિરણસમી વાણી,
શરદઋતુના તાપશો મોહ મટ્યો ભારી

કૃપા કરી શંકા બધી મારી તમે હરી,
મહિમા રામસ્વરૂપનો જાણ્યો આજ ફરી.

કૃપા તમારી મેળવી મારો મટ્યો વિષાદ,
સુખી થઈ છું પામતાં પ્રભુનો કૃપાપ્રસાદ.

પ્રસન્ન હો તો પ્રેમથી કહો આજ મુજને,
રામ બ્રહ્મ ચિન્મય વસે સૌના હૃદય વિશે,

માનવતન શાને ધરી પ્રગટ્યા એ જગમાં,
શબ્દ સાંભળી શિવ થયા પ્રસન્ન અંતરમાં.

કામજીત મર્મજ્ઞ ને કૃપાતણા ભંડાર,
શિવના મુખથી નીકળ્યા સહજ મધુર ઉદગાર.

*

## ૧૦. અવતારનું કારણ

(આખ્યાન)

કહું કથા કલ્યાણકારિણી રામચરિતમાનસ વિમળ,
કહી ઋષિ કાકભુશુંડીએ, કરી સમસ્ત ગરુડે શ્રવણ.
એનું કરીશ પછી વર્ણન.

કરો રામઅવતારશ્રવણ, ચરિત પરમ મંગલ મનન;
નામ કથા ગુણ રૂપ અપાર, એનો કોણ જ પામે પાર,
છતાં કહું મુજ મતિ અનુસાર, સાદર વચનો સુણો રસાળ.

વેદશાસ્ત્રમાં શ્રીહરિચરિત્ર પવિત્ર વિસ્તૃત કહ્યાં વિચિત્ર,
અવતારતણું કારણ ના સુનિશ્ચિતપણે એ કે આ.

એમ કહી ન શકાય કદી; વિદ્વાનોએ વાત વદી,
તોપણ પ્રભુની કળા અનંત, પામે રહસ્ય ક્યાંથી સંત ?

બુદ્ધિથી પર રામ રહ્યા, વાણીથીય અતીત કહ્યા,
મન ના કરે સમસ્ત મનન, વેદ સંત મુનિ વદે વચન;

કારણ મુજને જે સમજાય રામ પ્રકટ એ જેથી થાય,
કહી રહ્યો પ્રેમે તમને, સુણજો સ્વસ્થ કરી મનને.

હાનિ ધર્મની જ્યારે થાય, વધી અસુર અભિમાની જાય,
કુકર્મ કાયમ કાજ કરે, સમાજનાં સુખશાંતિ હરે,

ત્યારે વિવિધ રૂપ ધારી, સજ્જનનાં સંકટ ટાળી,
કૃપાનિધાન કરે લીલા સ્વેચ્છાપૂર્વક અવનીમાં.

(દોહરા)

હણે અસુરને, દેવને રક્ષે, સ્થાપે ધર્મ,
વિસ્તારે યશ, એ જ છે રામજન્મનો મર્મ.

એ યશ ગાઈ ભક્તજન ભવસાગર તરતા,
કૃપાસિંધુ હિત સાધવા નિજ તનને ધરતા.

રામજન્મ કારણ કહ્યાં ઘણાં પરમ અદભુત;
મર્મ સમજતાં સંતજન, મોહ પામતા મૂઢ.

*

(આખ્યાન)

જન્મ એક બે કહું વખાણી, સુણો સ્નેહથી સુમતિ ભવાની,
દ્વારપાળ હરિના પ્રિય બે જય ને વિજય નામના જે

સર્વ કોઈ જાણે છે તે, મુનિશાપે ભ્રષ્ટ થયા એ,
હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ બન્યા ઉભય વિશ્વે વિખ્યાત.

બંને બંધુ હતા મહાવીર, પ્રભુએ ધરી વરાહ શરીર,
એકને હણ્યો ભક્તને માટે, અન્યને માર્યો બની નૃસિંહ.
પ્રહલાદતણો યશ ફેલાવ્યો વરસાવી કરુણાનાં નીર.

(દોહરા)

બંને બીજા જન્મમાં બન્યા અસુર બળવાન,
કુંભકર્ણ રાવણતણાં ધર્યાં એમણે નામ.

હરિએ હણ્યા છતાંય ના અસુરો મુક્ત થયા,
કહેલ મુનિએ કેમ કે ત્રણ જન્મો ધરવા.

એથી પ્રભુએ એમનું કરવાને કલ્યાણ,
શરીરને ધારણ કર્યું; દીનબંધુ ભગવાન.

અદિતિ તથા કશ્યપ થયાં માતપિતા ત્યારે,
કૌશલ્યા દશરથ બન્યાં પ્રસિદ્ધ સંસારે.

એક કલ્પમાં ધારતાં એમ દિવ્ય અવતાર,
લીલા શ્રીપ્રભુએ કરી હરવા જગનો ભાર.

*

## ૧૧. મનુ અને શતરૂપાનું તપ

(આખ્યાન)

મનુ મહારાજ અને શતરૂપા માતપિતા સૃષ્ટિનાં અનૂપા,
ધર્માચરણ સદા કરનારાં પીડા અન્યતણી હરનારાં.

ઉત્તાનપાદ એમના પુત્ર, એના ને સુત ઉત્તમ ધ્રુવ;
પ્રિયવ્રત પણ સુત મનુકેરા ગુણો જેમનાય ઘણેરા.

દેવહૂતિ પુત્રી મનુની કર્દમ મુનિને હતી વરી,
કપિલ એમના પુત્ર થયા વિખ્યાત બન્યા ત્રિભુવનમાં.

સમર્થ આદિદેવ ભગવાન પ્રગટ્યા કરવાને કલ્યાણ,
તત્ત્વ વિચારે નિપુણ બની સાંખ્યશાસ્ત્રને રચ્યું મહાન.

(દોહરા)

વૃદ્ધાવસ્થા આવતાં વૈરાગ્ય થતાં ગાઢ,
મનુને થયો વિચાર, ના જાગ્યો પ્રભુનો રાગ,

ભક્તિ વિના જીવન બધું વીતી વ્યર્થ ગયું,
એ જાણીને એમના મનમાં દુઃખ થયું.

*

(આખ્યાન)

રાજ્ય સુતને કરી અર્પણ, મનુએ કીધું વનગમન;
શતરૂપાની સાથે પ્રસન્ન આવ્યા તીર્થ નૈમિષારણ્ય.

મુનિસિદ્ધસમૂહ વસે ત્યાં, સાધકોને સિદ્ધિ સાંપડે જ્યાં,
આવ્યાં રાજા અને મહારાણી, જાણે જ્ઞાનભક્તિ દેહધારી.

ગયાં સુંદર ગોમતી તીર, ન્હાયાં નેહથી નિર્મળ નીર;
જાણી ધર્મધુરંધર રાજ આવ્યા જ્ઞાનીમુનિ મળવા કાજ.

હતાં સુંદર તીરથ જ્યાં જ્યાં, મુનિ સાથ પહોંચ્યાં ત્યાં ત્યાં,
કૃશ કાયે મુનિવેશ સોહે, જોતાવેંત મુનિમન મોહે.

સંત દ્વારા સુણીને પુરાણ, કરવાને ચહે કલ્યાણ;
એવું મનને મળ્યું એકાંત, થયા વિકારો સહેજે શાંત.

(દોહરા)

દ્વાદશાક્ષર મંત્રને પ્રેમસહિત જપતાં,
વાસુદેવનાં ચરણનું ધ્યાન ધરી તપતાં.

વીત્યા દિવસ અનેક એ ભક્ત દંપતીના,
કંદમૂળ ફળ પર રહી બ્રહ્મસ્મરણ કરતાં.

સ્મરણ સચ્ચિદાનંદનું કરતાં ને જપતાં,
પ્રભુ માટે પાણી ઉપર ફક્ત રહ્યાં તપતાં.

*

(આખ્યાન)

અભિલાષ અંતરમાં એક પ્રભુદર્શન કરવા નેક.
જ્ઞાની ચિંતન કરતા જેનું, યોગી ધ્યાન ધરે છે એનું,

કહ્યા અગુણ અનાદિ અનંત, નેતિ નેતિ સ્વરૂપે અખંડ;
પરિપૂર્ણ ઉપાધિરહિત અલૌકિક આનંદ સહિત,
જગ જેમનામાંથી થાય શિવ બ્રહ્મા વિષ્ણુ બધાય.

સર્વસમર્થ સર્વાધાર છતાં ભક્તોને વશ થાય,
લીલાતનુ સ્વેચ્છાએ ધારે, શરણાગત પ્રેમે પાળે.

(દોહરા)

એવા પ્રભુ અભિલાષને સત્ય સફળ કરશે,
દેવોને દુર્લભ સુખદ દર્શનને ધરશે.

એવા દૃઢ વિશ્વાસથી પાણી પવન ગ્રહી,
વાયુ તજી તપને કર્યું વનમાં ઘોર રહી.

(ચોપાઈ)

એક પગે ઊભા રહી તપ્યાં, નામ પ્રભુનું પ્રેમથી જપ્યાં,
એવું તપ દેખી કરી દયા, બ્રહ્મા વિષ્ણુ મહેશ પધાર્યા.

વરદાને માગવા કીધું, ડગવા નવ મનને દીધું;
અસ્થિપીંજર જેવું શરીર તોય દંપતીને ના પીડ.

જાણી પ્રભુએ એમને દાસ શરણાગત શ્વાસોચ્છવાસ,
કરી ગંભીર આકાશવાણી તપસ્યાને તીવ્ર પ્રમાણી.

વરદાન ઈચ્છો તે માગો, જરા ભાવસમાધિથી જાગો,
સુણી સ્વાદુ અલૌકિક વાણી પામ્યાં જીવન રાજારાણી.

હમણાં જ ગૃહેથી આવ્યાં જાણે સજી શરીર મજાનાં,
એવાં સદ્ય બની ગયાં સ્વસ્થ, જોવા લાગ્યાં રહીને તટસ્થ.

(દોહરા)

સુધાસભર શબ્દો સુણી પુલકિત બનતાં પ્રાણ,
પ્રેમપરિપ્લાવિત ઉરે મનુ એ બોલ્યા વાણ.

કામધેનુ સુરતરુસમા તમે ભક્ત માટે,
બ્રહ્મા શંકર વિષ્ણુયે રજ રાખે માથે,

અમે તમારા ચરણમાં, તમે સર્વના નાથ,
સુખદ સુલભ સેવ્યે તમે શમાવતા સંતાપ.

(ચોપાઈ)

હિત કરતા અનાથતણા હો, નેહ હોય અમારે માટે જો,
વરદાન તો પ્રેમથી આપો, જુગજૂના કલેશને કાપો.

વસે શંકરના મનમાં જે, મુનિ જોવા પ્રયત્ન કરે છે,
બન્યા કાકભુશુંડિ સંત મન માનસરોવર હંસ;

કહે સગુણ નિર્ગુણ રૂપ વેદ વખાણે વિશ્વના ભૂપ.
પીડા પ્રપન્નની હરનારા, શાંતિ શાશ્વતને ધરનારા,
કૃપા એવી કરો ભરી આંખ અમે દર્શન કરીએ નાથ.

થાય એ જ સ્વરૂપનું દર્શન સંજીવનપ્રદાયક સ્પર્શન;
બીજી કામના અંતરમાં ના, કરો લોચન ધન્ય હવે આ.

શબ્દ દંપતીના પ્રિય લાગ્યા, વરદાન ગમ્યાં જે માગ્યાં,
ભક્તવત્સલ કૃપાનિધાન પ્રભુ પ્રગટ્યા શાંતિના સ્થાન.

(દોહરા)

નીલકમળ ને નીલમણિ નીલમેઘશા શ્યામ,
પ્રગટ્યા પ્રભુ અનુગ્રહ કરી સુખપ્રદ શોભાધામ.

કામદેવ અબજો ધરે એક જ દિવ્ય સ્વરૂપ,
તોપણ વધુ શોભા ધરે સુંદર સૃષ્ટિભૂપ.

(ચોપાઈ)

મુખડું શરદપૂનમનો ચંદ્ર, સુંદર મંગલ શીતલ વંદ્ય,
આંખ અધર આકર્ષક ગાલ, ગ્રીવા શંખસમી, મધુ ભાલ;

સુંદર દાંત નાસિકા શી, વાત કરું શું અભિનયની,
ચારુ ચંદ્રકિરણોથી સ્મિત, પ્રગટ થયું જાણે નવનીત.

નેત્રો કમળસમાં કમનીય, ચિત્તાકર્ષક ને દૃષ્ટિય;
ભ્રમર મનોજ ધનુષ શોભાહર, તિલક લલાટ ઉપર અભયંકર.

મુકુટ મસ્તકે કુંડળ કાને, કાળા કેશ આવતા ધ્યાને,
ભ્રમરસમૂહ સમા લાગે, પૂજ્યભાવ જોતાં જાગે.

ઉર શ્રીવત્સ રુચિર વનમાળ, મણિભૂષણ રત્નજડિત હાર.
સોહે કેસરી સિંહસમી ગરદન જાણે ભર્યું અમી,

યજ્ઞોપવીત ત્યાં સોહે, બાહુવિભૂષણ મન મોહે,
કરિકરસમા સુભગ ભુજદંડ, કટિ નિષંગ, કર શર કોદંડ.

(દોહરા)

ચારુ અધિક ચપલાથકી પીતાંબર ન્યારું,
ઉદર ઉપર સુંદર સુભગ ત્રણ રેખા ભાળું;

યમુનાના આવર્તની શોભાથી વધતી,
નાભિતણી શોભા સુખદ અમૃતથી અદકી.

(આખ્યાન)

ચરણોનું વર્ણન ના થાય, મુનિમન મધુપ રમે એ માંહ્ય.
જગનું મૂળ સદા અનુકૂળ સૌન્દર્યતણાં મૂળ સ્વરૂપ,
આદિશક્તિ સીતામાતા સોહે અંગ તરફ ડાબા.

જેના અંશથકી ગુણખાણ સ્નેહશીલ સુંદરતા પ્રાણ,
અસંખ્ય બ્રહ્માણી લક્ષ્મી ઉમાતણી બનતી સૃષ્ટિ.

શોભાસાગર હરિનું રૂપ નિહાળી રહ્યાં રાણીભૂપ,
નિર્નિમેષ નેત્રે નેહે તપઃપૂત દૈવી દેહે.

જોતાં તૃપ્તિ થઈ ન જરી, હર્ષે ભાન ગયાં વિસરી,
પ્રણામ અંતે કર્યા સપ્રેમ, પૂર્ણ થયેલો જાણી નેમ.

પ્રભુએ શીતળ સ્પર્શ કર્યો, અનુગ્રહરસ સવિશેષ ધર્યો,
કરુણા કરતાં કૃપાનિધાન બોલ્યા સ્વાદુ સુધાથી વાણ.

(દોહરા)

અતિપ્રસન્ન માની મને તેમ પરમદાની,
માગો ઈપ્સિત વર ઉભય, કૃપાસિંધુ જાણી.

(આખ્યાન)

વચન સુણીને જોડી હાથ બોલ્યા મનુ મૃદુ અંતર સાથ,
જોતવેંત જ ચરણકમળ થઈ કામના પૂર્ણ સકળ.

એક લાલસા મનમાં તોય સરળ કઠિન જેવી પણ હોય,
લાગે મુજને કઠિન ભલે, સરળ થાય જો કૃપા મળે.

કલ્પવૃક્ષને પામી જેમ સંકોચ કરે દરિદ્ર તેમ,
પ્રભાવને જાણે ન જરી, શંકા તેમજ ઉરે રહી.

સ્વામી હે અંતર્યામી, મારો એ સંશય જાણી,
કૃપાતણો વરસો વરસાદ, અર્પો પૂર્ણ પવિત્ર પ્રસાદ.

સુણી શબ્દ બોલ્યા ભગવાન, ભક્તો મારે માટે પ્રાણ;
એદેય ના કૈં મારે કાજ, ઈપ્સિત તો માગો વરદાન.

(દોહરા)

શિરોમણિ દાનીતણા, કૃપાતણા ભંડાર,
બોલ્યા મનુ, સર્જનતણા એકમાત્ર હે સાર,

તમારા સમા પુત્રને કેવળ ઈચ્છું છું,
અંતરના એ ભાવને કહો છુપાવું શું!

કરુણાનિધિ પ્રભુએ તરત તથાસ્તુ એમ કહ્યું,
લોચનમાંથી નેહનું નિર્જર દિવ્ય વહ્યું,

મારા સમાન પુત્ર ક્યાં મળશે મહીમહીં,
ઈચ્છા પૂર્ણ કરીશ હું સ્વયં સુપુત્ર થઈ.

શતરૂપાએ પણ કહ્યું એ જ દિવ્ય વરદાન,
પ્રસન્નતાપૂર્વક મને પણ આપો જગપ્રાણ !

વરદાન મને તે ગમે જ્ઞાની રાજા જેમ,
ધ્યાનમાં ન લો ધૃષ્ટતા લાગે તોય સપ્રેમ.

જગસ્વામી બ્રહ્માદિના જનક જગતકલ્યાણ,
તમારાં વચનને અમે માન્યાં પૂર્ણ પ્રમાણ.

એકનિષ્ઠ ભક્તો બધા ગતિસુખ પામે જે,
સુખ તે સદગતિ, ભક્તિ ને સ્નેહ તમારો તે.

સન્મતિ ને વ્યવહાર તે આપો અમને પણ,
અનુગ્રહ વરસાવો સદા સૌના જીવનધન.

(આખ્યાન)

ગૂઢ મૃદુ સરસ શબ્દ સુણીને કૃપાસિંધુ બોલ્યા પ્રેમે,
મનના ભાવ તમારા જાણી આપ્યાં વરદાનો રે'મે;

સ્વલ્પ પણ કરો હવે ન સંશય પ્રસન્નતા મનમાં ધારો,
જ્ઞાન અલૌકિક નષ્ટ થશે ના અનુગ્રહ પામ્યાથી મારો.

પ્રભુના પદમાં પ્રણામ કરતાં મનુ પણ ભાવવિભોર વદ્યા,
પિતા પુત્ર પર રાખે તેવી પ્રીત તમારી હોય સદા;

મણિના વિના રહે નાગ નહીં, મીન નીર વિણ રહે નહીં,
જીવન મારું તેમ તમારા સિવાય કોદી ટકે નહીં.

માગીને વરદાન એમ મનુ પ્રેમે પગમાં પડી રહ્યા,
કરુણાસાગર પ્રભુએ ત્યારે શબ્દો સ્નેહસમેત કહ્યા,

મનોરથ થશે પૂરા સઘળા, માની મારી આજ્ઞા ખાસ,
સાર્થક સમજી તપને જાઓ કરવા ઈન્દ્રપુરીમાં વાસ.

(દોહરા)

ભોગ ભોગવી સ્વર્ગના થોડા વખત પછી,
થશો અવધપતિ, પુત્ર હું તદા રહીશ બની.

(આખ્યાન)

ઈચ્છામય નરરૂપ ધરીને પ્રગટ થઈશ તમારે ત્યાં,
અંશ સમેત ધરીને કાયા ધરીશ સુખ લીલા કરતાં.

સાદર મુજ ચરિત્ર સાંભળી મહાભાગ્યશાળી માનવ,
મમતા મદને ત્યાગી તરશે ભવસાગર સહેજે દુસ્તર.

આદિશક્તિ મારી માયા જે કરે સૃષ્ટિને આ ઉત્પન્ન,
સહાયતા કરવાને મારી અવતરશે સાથે તે પણ.

વચન સત્ય છે સત્ય જ મારાં, અભિલાષા સૌ પૂર્ણ કરીશ,
જીવન ધન્ય કરી બંનેનું સુખ ને શાંતિ અનંત ધરીશ.

વારંવાર વદીને એવું અંતર્ધાન થયા ભગવાન,
બંનેએ અંતરમાં ધર્યા કાયમ માટે કૃપાનિધાન.

કેટલાક કાળ સુધી બંને એ આશ્રમમાં પછી રહ્યાં,
સુયોગ્ય સમયે વિના કષ્ટ ને તનને તજતાં સ્વર્ગ ગયાં.

(દોહરા)

યાજ્ઞવલ્ક્ય બોલ્યા, સુણો ભરદ્વાજ ઋષિ હે,
કહ્યો પુનિત ઈતિહાસ આ શિવે પાર્વતીને.

એના શ્રવણ કથન થકી નષ્ટ અવિદ્યા થાય,
જાગે ભક્તિ, પ્રભુકૃપા, ક્લેશ બધાયે જાય.

*

## ૧૨. રાવણ અને લંકા

(દોહરા)

વિપરિત વિધાતા થતાં પિતા યમસમા થાય,
ધૂળ સુમેરૂ, રજ્જુયે સર્પ ને બની જાય.

પૂર્વજન્મમાં રાજવી પ્રતાપભાનુ મહાન
જન્મ્યો રાવણ નામથી કર્મે અસુર સમાન.

નૃપનો નાનો બંધુ જે અરિમર્દન નામે,
કુંભકર્ણ બળવાન તે બન્યો નવા ઠામે.

મંત્રી એનો ધર્મરુચિ વિભીષણ થયો તે,
વિષ્ણુભક્ત વિજ્ઞાનનો ભંડાર હતો એ.

નૃપના પુત્રો સેવકો થયા રાક્ષસો તે,
કામરૂપ ખલ એમનું વર્ણન કોણ કરે?

નિર્દય અવિવેકી બલી દુષ્ટ હતા સઘળા,
પાપપરાયણ દુઃખપ્રદ ઘોર મલિન મનના

પુલસ્ત્ય ઋષિના શુચિકુળે એ સર્વે પ્રગટ્યા,
તોપણ પામી શાપને અઘભંડાર બન્યા.

(આખ્યાન)

ત્રણે બંધુએ કીધાં તપ, થાય એમનું ના વર્ણન;
તીવ્ર તપને પેખી બ્રહ્મા પાસે પહોંચ્યા વરને દેવા.

વદ્યા, ઈપ્સિત વરને માગો, જાણી પ્રસન્ન તપથી જાગો;
ત્યારે રાવણ બોલ્યો વચન, બન્યા સાચેસાચ પ્રસન્ન

જગદીશ સુણો અરજી તો મારું મૃત્યુ કદી પણ જો હો,
મરું માનવ વાનર છોડી બીજી જાતિથકી નહિ કોદી.

વરદાન બ્રહ્માએ આપ્યું, તપનું ફળ રાવણે ચાખ્યું;
પછી કુંભકર્ણની પાસે ગયા આશીર્વાદની આશે.

થયું આશ્ચર્ય એને જોઈ, એણે બુદ્ધિ સત્વર ખોઈ,
નિત્ય આહાર જો કરશે તો અવનીમાં અકાલ થશે શો,

એવું માનીને શારદાદેવી પ્રેરી બુદ્ધિને બદલી કેવી,
માગી છ મહિનાની નીંદ કુંભકર્ણે બની મતિમંદ.

(દોહરા)

પછી વિભીષણને કહ્યું ઈચ્છે તે વર માગ,
માગ્યો એણે પ્રભુચરણકમળ અચળ અનુરાગ.

(ચોપાઈ)

વર આપી વિધાતા ચાલ્યા, ત્રણે ભાઈ સુખે ગૃહે આવ્યા,
મયદાનવની મધુકન્યા નામ મંદોદરી અતિધન્યા.

અતિસુંદર ભૂષણરૂપ શીલવંતી રતિનું સ્વરૂપ,
થશે રાવણ રાક્ષસરાજ, સર્વ રીતે સજાવીને સાજ,
જાણી મયદાનવે એમ, કન્યા અર્પી એને સપ્રેમ.

અતિ આનંદ રાવણ પામ્યો, એના જીવનનો રસ જામ્યો.
ધરી અવનવો ઉત્સાહ કર્યા અન્ય બંધુના વિવાહ.

ગિરિ ત્રિકૂટ સિંધુમાં એક, કિલ્લો દુર્ભેદ્ય એમાં છેક,
મયદાનવે એને સુધાર્યો, વારંવાર સપ્રેમ સજાવ્યો.

મણિ રત્ન સુવર્ણ જડેલા હતા એમાં મહેલ મઢેલા;
પાતાળમાં ભોગાવતીપુરી અમરાપુરી સ્વર્ગ સલૂણી
એથી સુંદર સમૃદ્ધ ક્યાંયે એમાં નગરી લંકાના નામે.

(દોહરા)

કિલ્લાની ચારેતરફ હતો સિંધુ સુવિશાળ,
મણિથી મંડિત સુદૃઢ સુવર્ણનો ના પાર.

કળાતણું વર્ણન કરી એનું ના જ શકાય,
ભાગ્યવાન કોઈ બની એના રાજ ગવાય.

અતુલિત બળ સેના સહિત વસે નગરમાં એ,
પરમ પ્રતાપી શૂરમાં શ્રેષ્ઠ ગણાયે તે.

રાક્ષસ યોદ્ધાઓ પુરા વસતા એ પુરમાં,
દેવોએ યુદ્ધે હણ્યા એ સૌને ક્ષણમાં.

ઈન્દ્ર પ્રેરણા પામતાં કુબેરના કોટી,
રક્ષક ત્યાં વસતા હતા; સેના એ મોટી.

ઘેરી લંકા રાવણે સૈન્ય સાથ જ્યારે,
ભય પામી નાસી ગઈ જીવ લઈ ત્યારે.

પછી નગર એ રાવણે ગર્વથકી જોયું,
સુખાનુભવ કરતાં પરમ ભાન બધું ખોયું.

સુંદર દુર્ગમ જાણતાં અજેય એ સ્થળને,
પાટનગર સત્વર કર્યું અર્પી ગૌરવને.

યોગ્યતા મુજબ ઘર બધાં પછી વહેંચીને,
સંતોષ્યા સન્માનથી રજનીચર પ્રીતે.

એક વાર જીતી લઈ કુબેરને એણે,
પુષ્પક વિમાન મેળવ્યું શૌર્યથકી કેમે.

*

(આખ્યાન)

સુખ સંપત સુત સૈન્ય સહાય, વિજય વીર્ય યશ બુદ્ધિ સદાય,
વધતાં ખૂબ રહ્યાં સઘળાં વધે લોભ જ્યમ લાભ થતાં.

કુંભકર્ણ ભાઈ બળવાન, વીર અન્ય ના અધિક સમાન;
મદિરા પી સૂતો ષટ માસ, મચાવતો જાગીને ત્રાસ.

રોજ કરત જો તે આહાર મચત જગતમાં હાહાકાર;
નિપુણ હતો એ યુદ્ધમહીં તોપણ અનન્ય વીર નહીં,

લંકામાં યોદ્ધા રણધીર અસંખ્ય એના શા શૂરવીર
હતા, એમનો પરમ પ્રતાપ શકે વર્ણવી કોણ અમાપ.

સુભટ સૃષ્ટિમાં સૌથી શ્રેષ્ઠ મેઘનાદ રાવણસુત જ્યેષ્ઠ,
એની સામે સમરમહીં લડી શૂર કો શકે નહીં;

જીતી કોણ શકે એને, કેદ કરે ચાહે તેને,
ભયથી એના સ્વર્ગમહીં સુર પણ વસતા સુખે નહીં.

(દોહરા)

દુર્મુખ અને અકંપન ધૂમકેતુ અતિકાય,
વજ્રદંત જેવા મહાયોદ્ધા હતા ઘણાય.

ઈચ્છાનુસાર રૂપને ધારણ કરનારા,
દયા ધર્મ વંચિત મલિન માયા ધરનારા.

એમાંથી એક જ સુભટ જીતી જગત શકે,
અતુલિત બળ એ શૂરની સામે કોણ ટકે ?

(આખ્યાન)

એક દિવસ બેઠેલ સભામાં, જોયો નિજ પરિવાર પ્રબળ ત્યાં;
અગણિત અસુરસમૂહ નિહાળી બોલ્યો એ રાવણ અભિમાની.

રજનીચર રણધીર સુણી લો, દેવ આપણા છે શત્રુઓ,
સન્મુખ આવી લડે નહીં, જોતાં નાસી જાય કહીં.

સબળ શત્રુઓ ભય પામે, જંગ જરા પણ ના જામે,
કેમ કરીને થાય મરણ, કોઈ કોઈ આવે શરણ.

એક ઉપાય મરણકેરો સુણો હવે સર્વ અનેરો,
યજ્ઞ યાગ ને જ્યાં જ્યાં શ્રાદ્ધ ત્યાં ત્યાં ફેલાવી દો ત્રાસ.

(દોહરા)

ક્ષુધાર્ત ને દુર્બળ બધા દેવ શરણ લેશે,
ત્યારે દયા કરીશ ના સ્વપ્ને પણ દ્વેષે.

હણીશ સૌને કે પછી પરવશ પૂર્ણ કરી,
મુક્ત કરીશ મરણથકી જીવન નવલ ધરી.

મેઘનાદને રાવણે આપી પછી સલાહ,
વેર વધાર્યું દેવપ્રતિ કાઢીને ઉદગાર,

જે દેવો બળવાન હો ધીર વીર રણમાં,
અભિમાની હો એમને લાવ અહીં પળમાં,

જીતી સમરાંગણમહીં બાંધી લાવ અહીં,
તારાસમ કોઈ નથી યોદ્ધા વિશ્વમહીં.

ગદા સહિત રાવણ સ્વયં લડવાને ચાલ્યો,
ધરતી લાગી ડોલવા, સમીર ના હાલ્યો.

સમાચારને સાંભળી દેવ ગયા નાસી,
મેરુપર્વત ગહવરે રહ્યા ભયે વાસી.

દિગપાલોના લોકને નિર્જનશા જોઈ,
સિંહનાદ કરતાં ફર્યો રાવણ સુધ ખોઈ.

મદોન્મત્ત બનતાં ભમ્યો સમસ્ત જગમાં એ,
કિન્તુ શક્યો ના મેળવી યુયુત્સુ યોદ્ધાને.

*

(ચોપાઈ)

શશિ સૂર્ય ને વાયુ વરુણ, અગ્નિ કાળ કુબેર ને યમ,
સિદ્ધ કિન્નર નાગ ને દેવ, લાગ્યાં કરવા એની સેવ.

સૃષ્ટિ બ્રહ્માની કરી વશ પામ્યો અવર્ણનીય યશ;
પાળે આજ્ઞા સર્વે ભયભીત, મૂકે મસ્તક ચરણે નીત.
કર્યો સૌના પરે અધિકાર બની કાળ તણોયે કાળ.

(દોહરા)

બાહુબળે જગ વશ કર્યું, રહ્યું ન કોઈ સ્વતંત્ર,
સમ્રાટ બન્યો રાજવી સૌ કરતાં પરતંત્ર.

દેવ યક્ષ ગંધર્વ નર કિન્નર નાગકુમારી,
જીતી બાહુબળે વર્યો અન્ય સુંદરી નારી.

*

(આખ્યાન)

મેઘનાદને જે પણ કહ્યું પ્રથમથી જ તેણે તે કર્યું;
અન્ય રાક્ષસોકેરાં કામ સંક્ષેપમહીં સુણો તમામ.

જોતાંવેંત ભયંકર-રૂપ નિશિચરનિકર પાતકી ખૂબ,
દેવોને પણ દુઃખ દેનાર, કાળસ્વરૂપ બની રે'નાર.

અસુર વિવિધ માયા કરતા, રૂપ અનેક અશુભ ધરતા,
ઉપદ્રવી બનતાં નિશદિન શાંતિ સૃષ્ટિકેરી હરતા.

કરવા ધર્મવૃક્ષ નિર્મૂળ કરતા કર્મ શાસ્ત્રપ્રતિકૂળ,
સજ્જનને દેતા અતિ ત્રાસ, કરતા ઋષિમુનિ તપસી નાશ.

નગર ગ્રામને ભસ્મ કરી સ્ત્રી શિશુ ગૌ ને કષ્ટ ધરી,
સ્વર્ગસુખ કરી નષ્ટ બધે સૃષ્ટિ કરતા નરકતણી,

શુભ વ્યવહાર કરાતા ના, ધર્મનીતિ સચવાતાં ના;
ભક્તિ દાન તપ લુપ્ત થયાં, વેદ શાસ્ત્ર વંચાતાં ના.

સ્વપ્ને પણ ના હરિસ્મરણ અધ્યાત્મતણું લેશ મનન;
જપ તપ યોગ ભક્તિની વાત કરતી રાવણને ઉત્પાત.

સુણી થતો રાવણને ત્રાસ, કરી નાખતો શુભનો નાશ,
ધર્મીને ત્યાં પડતી ધાડ, કરાય ના વેદોના વાદ.

(દોહરા)

અનીતિ એ અસુરોતણી કેમ વર્ણવું હું,
હિંસાપ્રિય અતિ તે કહો પાપ કરે ના શું?

(આખ્યાન)

વધ્યા દુષ્ટ ને લંપટ ચોર, વ્યસની કરતા શોરબકોર,
પરધન પરદારા રત રોજ કરે ભોગ વૈભવની ખોજ.
માને માતપિતા ના દેવ, સંતન પાસ કરાવે સેવ.

એવો જેમનો હો વ્યવહાર, જાણે ના જીવનનો સાર,
કહે એમને અસુર સમાન, મલિન એમનાં મન ને પ્રાણ.

હાનિ ધર્મકેરી જોઈ પૃથ્વી આર્ત બની રોઈ,
સરિતા સાગર પર્વતમાળ ઉપાડતી એ સૌનો ભાર
પરંતુ દ્રોહી અન્યતણા ભારે લાગ્યા એને ઘણા.

રાવણથી ભયભીત બની એક ન શકતી શબ્દ કહી.
ધેનુરૂપને શીઘ્ર ધરી મુનિ દેવોને કથા કહી,

કહી બતાવ્યો નિજ સંતાપ અસુરોનાં અગણિત ને પાપ
વળ્યું કશું ના કિન્તુ રડ્યે, રાવણ સામે કોણ પડે?

*

## ૧૩. બ્રહ્માની પ્રાર્થના

(આખ્યાન)

સુરમુનિ ને ગંધર્વ મળીને બ્રહ્મલોકમાં સર્વ ગયા,
સાથે ભયભીત તથા શોકિત ગઈ ધેનુ સંત્રસ્ત ધરા;

બ્રહ્માએ અનુમાન કર્યું કે મદદ શકીશ કશી ન કરી,
બોલ્યા, સંરક્ષક પ્રભુ પોતે સકળ જગતના છે પૃથ્વી !

(દોહરા)

મારા ને તારાય છે રક્ષક પરમાત્મા,
સહાય તે કરશે સદા શાશ્વત વિશ્વાત્મા.

ધીરજ ધર ને સ્મરણ કર શ્રીહરિનું સ્નેહે,
ભીડ ભક્તની વિપદને હરશે સત્વર તે.

કરવા લાગ્યા દેવ સૌ ભેગા મળી વિચાર,
ક્યાં પ્રભુનું દર્શન કરી કરવા મળે પુકાર;

વસે ક્ષીરસાગરમહીં કોઈ દેવ કહે,
કોઈ દેવોએ કહ્યું વૈકુંઠે જ રહે.

પ્રેમભક્તિ પ્રભુ પેખતાં પ્રાણમહીં પ્રગટે,
શાસ્ત્ર વચન એવાં કહે કણકણમાં પ્રગટે.

(ચોપાઈ)

હરિ વ્યાપક સઘળે સમાન, થયું એવું અનુભૂતિજ્ઞાન,
પ્રભુ પ્રગટે પ્રેમથકી એ, કરે ધન્ય કૃપાથી પ્રાણ.

દેશકાળ દિશા-પ્રદિશામાં જ્ઞાત અજ્ઞાત સ્થાને હવામાં,
કોઈ બિંદુ બતાવો એવું પરમાત્મ રહિત હો તેવું.

હરિ વ્યાપક વિશ્વસ્વરૂપ વસે ચરાચરમાં અનૂપ,
સર્વાતીત સંપૂર્ણ વિરક્ત જાણે વિરલા જ્ઞાની ભક્ત.

પ્રેમે પાવક પેઠે પ્રકાશે જીવે ભક્ત જો એમની આશે,
અણુ પરમાણુમાં વિરાજે બની વિશ્વ વિશ્વભંર હાસે.

(દોહરા)

એવાં વચનો સાંભળી બ્રહ્મા હરખાયા,
અશ્રુ વહ્યાં આંખે, થઈ રોમાંચિત કાયા.

ભાવવિભોર બની કરી પ્રશસ્તિ પ્રેમથકી,
વૃતિ એમની સ્થૂળ ના વિષયે રહી ટકી.

(રાગ - ભયે પ્રગટ કૃપાલા)

શરણાગતવત્સલ સુરનાયક હે જય જયજય સુખદાતા,
સંતનહિતકારી જય અસુરારી મંગલ વિશ્વવિધાતા;

લક્ષ્મીના સ્વામી પૃથ્વીપાલક દેવોના સંરક્ષક હે,
કર્મ અલૌકિક લીલા અદભુત, રહસ્ય જાણી કોણ શકે ?

છો પૂર્ણ કૃપાળુ સ્વરૂપ ન્યારુ દયાતણા ભંડાર તમે,
કરો અનુગ્રહ શરણાગત પર સ્તવન કરીએ આજ અમે.

જય જય અવિનાશી ઘટઘટવાસી વ્યાપક પરમાનંદ,
ઈન્દ્રિયાતીત અગમ અવિચળ હે સુર નર સંતન વંદ્ય;

માયાથી પર હે મુક્તિપ્રદાયક, ચરિત્ર દિવ્ય તમારાં,
સંપૂર્ણ સચ્ચિદાનંદ તમોને વંદન લક્ષ અમારાં.

વૈરાગ્ય જ્ઞાન સંપન્ન તમારા ચરણકમળ અનુરાગી,
જે મોહમુક્ત યોગીન્દ્રવૃંદ કૃતકૃત્ય બન્યું બડભાગી

તે ધ્યાન તમારું ધરે અહર્નિશ, ગુણને ગાય તમારા,
અંતરને કરો સદા સમલંકૃત, દોષ જુઓ ને અમારા.

સૃષ્ટિને સરજી ત્રિવિધ ગુણમયી વિવિધ એકલે હાથે,
ના સાથી તેમ સહાયક રાખ્યો કદી જેમણે સાથે;

તે પાપનાશ કરનારા કરજો રક્ષા રોજ અમારી,
ના ભક્તિભાવ અને આરાધન, આશા એક તમારી.

હે ભવભયભંજન મુનિમનરંજન વિપત્તિને હરનારા,
મન વચન કર્મથી આવ્યા સ્નેહે શરણે અમે તમારા.

ના સરસ્વતી કે શેષ વેદ કે ઋષિઓ તમને જાણે,
છો દીનજનોને પ્રિય ગણનારા વેદો એવું માને;

ભવસાગરમંદર સુંદર મંગલગુણમંદિર પ્રભુપ્યારા,
હે સુખના ધામ કરીએ વંદન ચરણે ચારુ તમારા.

સિદ્ધો ને દેવો ઋષિઓ વંદે ચરણકમળને નેહે,
ભયભીત બધા છે કૃપા કરી દો રક્ષો પરમાત્મા હે.

(દોહરા)

દેવો ને પૃથ્વીતણો ભય સઘળો જાણી,
પ્રેમપ્રાર્થનાને સુણી દિવ્ય થઈ વાણી.

ગગનગિરા ગંભીર ત્યાં એકાએક થઈ,
શોક ભ્રાંતિ સંદેહ ને ચિંતા સર્વ શમી.

ભયને ત્યાગો સિદ્ધ મુનિ તથા દેવ સઘળા;
પ્રાર્થના સુણી પ્રેમથી તારી આર્ત ધરા.

માનવ રૂપે અંશ સહ સૂર્યવંશમાં હું
પ્રગટ બનીશ હરીશ ને દુઃખદર્દ સઘળું.

(આખ્યાન)

તીવ્ર તપ કર્યું કશ્યપ મુનિએ પત્ની સહિત પ્રશાંત અરણ્યે,
દશરથ ને કૌશલ્યા રૂપ ધારી પ્રગટ્યા તે બહુમૂલ.

કશ્યપ રાજ અયોધ્યાના બની શ્વાસ લે છે અધુના;
એમના ગૃહે જન્મ લઈશ, અન્ય બંધુસહ પ્રગટ થઈશ.

પરમશક્તિ લક્ષ્મી મારી તે પણ અવતરશે ન્યારી,
ધરતીકેરો ભાર હરીશ, નિર્ભયતા સૌનેય ધરીશ,

માટે નિશ્ચિંત બનો દેવ, કરો પરસ્પર સંપે સેવ.
બ્રહ્મગિરાથી થઈ પ્રસન્ન પાછા વળ્યા દેવતા ધન્ય,
હૃદય એમનાં શાંત થયાં, જીવનધારણ ધન્ય બન્યાં.

પૃથ્વીને પણ સમજાવી દેવોએ ધીરજ આપી,
સ્વલ્પ સમયમાં પ્રભુ પોતે રહેશે ક્લેશ બધા કાપી.

પૃથ્વી નિર્ભય ગઈ બની, શમી જ્વાળ સૌ પ્રાણતણી,
શ્રદ્ધા અંતરમાં જાગી, સિતાર આશાની વાગી.

(દોહરા)

પૃથ્વી પર પ્રગટો તમે વાનરતન ધારી,
સેવા શ્રીહરિની કરો ભક્તિથી ભારી.

દેવોને એવું કહી બ્રહ્મા પછી ગયા,
બ્રહ્મલોકમાં, દેવ સૌ કૃતસંકલ્પ થયા.

(આખ્યાન)

દેવ ગયા પોતાને ધામ, વિધાતા બનેલા જે વામ
અનુકૂળ થયા તે જાણે, વાણી તો જ સુણી કાને.

કર્યો વિશેષ વિલંબ નહીં, વિશ્વાસ લઈ હૃદયમહીં
વાનરદેહ ધરી જન્મ્યા મંડિત કરી પ્રસન્ન મહી.

અતુલિત બળ ને પ્રતાપવાળા વીર હતા એ વાનર સારા,
ગિરિતરુ નખનાં શસ્ત્ર સજી પ્રભુને કેવળ રહ્યા ભજી.

ધીર બુદ્ધિવાળા એ સર્વ વસવા લાગ્યા ધારી ગર્વ
પ્રતીક્ષા કરી પ્રભુની નીત પ્રભુચરણોમાં કરતાં પ્રીત,
ગિરિમાં વનમાં ફરી રહ્યા સેનાથકી સુસજ્જ થયા.

*

## ૧૪. જન્મની ભૂમિકા

(આખ્યાન)

સુંદર ચરિત્ર સર્વ કહ્યું, સુણો હવે જે શેષ રહ્યું;
અવધપુરીમાં દશરથરાજ જનહિતકેરાં કરતા કાજ,

રઘુકુળમણિશા ખ્યાત મહાન ધર્મધુરંધર ને વિદ્વાન,
ગુણના નિધાન પ્રભુના ભક્ત, બુદ્ધિ રાખતા પ્રભુમાં સક્ત.

(દોહરા)

પત્ની કૌશલ્યા સમી વિનયી શુચિ અનુકૂળ,
શ્રીહરિના પદકમળના પ્રેમથકી ભરપૂર.

એક વાર રાજાતણા મનમાં ગ્લાનિ થઈ,
વીત્યાં વરસો લગ્નને તોયે પુત્ર નહીં;

વસિષ્ઠ મુનિ પાસે ગયા ઉદ્વિગ્ન તરત એ,
સુખદુઃખની વાતો કહી પ્રણમીને ગુરુને.

કહ્યું વસિષ્ઠે એમને સમજાવી સપ્રેમ,
જ્ઞાની છો તોપણ તમે તજો ધૈર્યને કેમ,

ધીરજને ધારણ કરો થોડા દિવસ તમે,
તે જ થાય છે જે સદા ગમતું શ્રીપ્રભુને.

ત્રિભુવનમાં વિખ્યાત ને ભક્તન ભય હરનાર,
ચાર પુત્ર તમને થશે શાંતિ પરમ ધરનાર.

વસિષ્ઠે પછી સૂચવી શૃંગી મુનિ પાસે,
યજ્ઞ કરાવ્યો વિધિ સહિત પુત્રેષ્ટિ નામે.

મુનિએ અર્પી ભક્તિથી આહુતિ યજ્ઞમહીં,
ચરુને લઈ હાથમાં પ્રગટ્યા અગ્નિ તહીં.

બોલ્યા, દશરથ કાર્ય સૌ કપરું સિદ્ધ થયું.
વસિષ્ઠના અનુગ્રહ થકી જીવન ધન્ય બન્યું.

હવિષ્યાન્નને, પ્રેમથી હવે વહેંચી દો,
યોગ્ય ભાગમાં; ભાવિમાં ઉત્તમ ફળને લો.

અગ્નિદેવ એવું કહી અદૃશ્ય થયા એ,
હર્ષ સમાયો ના ઉરે રાજા દશરથને.

પરમાનંદે મગ્ન એ બન્યા વિચાર કરી,
ભાવવિભોર હૃદય બન્યું, અશ્રુ રહ્યાં સરી.

(આખ્યાન)

રાજાએ રાણી બોલાવી, કૌશલ્યાદિ તરત ત્યાં આવી;
કૌશલ્યાને અડધો ભાગ ધર્યો ખીરનો ધારી રાગ.

બાકીના બે ભાગ કર્યા, પ્રાણવાન તે ઉભય ઠર્યા;
કૈકેયીને અર્પ્યો એક, બે ભાગે વહેંચીને શેષ,
અનુમતિ પામી અન્યતણી ધર્યા સુમિત્રાનેય અશેષ.

થયો સર્વ રીતે પરિતોષ પામી પ્રસાદને નિર્દોષ.
હર્ષિત સર્વે સુખ પામી રહી કશીયે ના ખામી.

શ્રીહરિ આવ્યા ઉદરમહીં તે દિનથી કૃતકૃત્ય મહી,
સુખી બની, સંપત્તિતણો સમાજે રહ્યો પાર નહીં.

શોભા શીલ તેજની ખાણ રાણીથી વધુ મંગલ વાણ,
સુશોભિત બન્યા દિવ્ય મહેલ પામીને હેતતણી હેલ.

(દોહરા)

યોગ લગ્ન ગ્રહ વાર ને તિથિ સમસ્ત અનુકૂળ,
બન્યાં ચરાચર પુલકિત રામ જન્મ સુખમૂળ.

*

## જન્મ

(ચોપાઈ)

તિથિ નવમી ને ચૈત્ર માસ, શુચિ મુહૂર્ત અભિજિત ખાસ,
શુકલ પક્ષ વળી મધ્યાહ્ન, સમશીતોષ્ણ ને હવામાન.

કાળ પાવન શાંતિપ્રદાતા, અનુકૂળ બનેલા વિધાતા;
વાયુ શીતળ વાવા લાગ્યો, મંદ સૌરભથી ભર જાગ્યો;
સંત દેવતા થયા પ્રસન્ન, પામ્યા આહ્લાદ સૌ અવસન્ન.

પુષ્પ ઉપવને મધુ ખીલ્યાં, સરિતાએ સુધારસ ઝીલ્યા,
ગિરિ મણિથી બન્યા મંડિત જેમ પ્રજ્ઞા પામીને પંડિત.

જોઈ અવસર બ્રહ્મા ચાલ્યા, દેવતાઓ વિમાનોમાં મહાલ્યા,
વ્યોમ દેવસમૂહે ભરાયું, ગીત ગંધર્વગણથી ગવાયું.

સુર ગંધર્વ પુષ્પની વૃષ્ટિ કરી લાગ્યા સજાવવા સૃષ્ટિ,
સ્તુતિ કરવા લાગ્યા સર્વ આવ્યું હોય જેવી રીતે પર્વ.

(દોહરા)

સુરસમૂહ સ્તુતિને કરી પહોંચ્યા દિવ્ય સ્વધામ,
પ્રગટ્યા પ્રભુ વિશ્વંભર અખિલ વિશ્વવિશ્રામ.

(રાગ-ભયે પ્રગટ કૃપાલા)

થયા પ્રગટ કૃપાળુ દીનદયાળુ કૌશલ્યાહિતકારી,
હરખી માતા એ મુનિમનહારી અદભુત રૂપ નિહાળી;

આનંદ આપતા ક્લેશ કાપતા આકર્ષક ઘનશ્યામ,
આભૂષણ માળા ધારણ કરતા શોભાસાગર રામ.

બે કર જોડીને માતા બોલી સ્તુતિ કરું કેમ અનંત,
માયા ગુણ જ્ઞાનાતીત અમાની વેદ કહે ભગવંત.

કરુણા સુખ સાગર ગુણના આગર, ગાય સદા શ્રુતિ સંત,
પ્રેમી ભક્તોના મુજ હિત માટે પ્રગટ થયા શ્રીકંથ.

માયાથી નિર્મિત રોમરોમમાં અનંત છે બ્રહ્માંડ ભર્યાં,
મુજ ઉદરમાં રહ્યા તોય તમે પ્રભુ કરતાં અહેતુકી કરુણા.

માતાનું એવું જ્ઞાન ઓળખી સ્મિત ભગવાને દિવ્ય કર્યું,
ગતજન્મની કથા સર્વ કહીને માતાનું અજ્ઞાન હર્યું.

માતાની ડોલી મતિ તો બોલી, તમે રૂપ આ ન્યારું,
મુજને પ્રિય એવી શિશુલીલાથી ધરો સુખ મને પ્યારું.

એ સ્તવન સાંભળી રડવા લાગ્યા શિશુ સ્વરૂપ સુરભૂપ;
જે ચરિત ગાય તે પ્રભુપદ પામે, પડે ન માયાકૂપ.

(દોહરા)

વિપ્ર-ધેનુ-સુર-સંત હિત મનુજ શરીર ધર્યું,
સ્વેચ્છાથી પ્રભુએ અને સાર્થક વચન કર્યું.

માયા ગુણ ઈન્દ્રિય ને મનથી પર ભગવાન,
ભક્તોને માટે બન્યા શિશુ શીલ તણી ખાણ.

(આખ્યાન)

શિશુના રડવાની પ્રિય વાણી સુણી ગઈ દોડી સૌ રાણી,
હરખ ભરેલી દોડી દાસી, થયા પ્રસન્ન સકળ પુરવાસી.

દશરથ બ્રહ્માનંદે લીન પુત્રજન્મથી બન્યા અદીન;
મનમાં પ્રેમ પરમ જાગ્યો, જન્મ સફળ સહસા લાગ્યો.
રોમાંચ થયાં તરત તને, બુદ્ધિ ધીરજ કેમ ધરે ?

સુણતાં નામ થતું કલ્યાણ જેનું પ્રગટ્યા તે ભગવાન,
બોલ્યા નૃપતિ પ્રસન્ન બની ઘડી ધન્ય આ પર્વતણી.

ગુરુ વસિષ્ઠ પરમ વિદ્વાન આવ્યા પ્રેમ સહિત નૃપદ્વાર,
રૂપરાશિ બાળક ગુણવાન અનુપમ, કેમ કરાય વખાણ.

(દોહરા)

જાતકર્મસંસ્કાર સૌ કર્યા રાજવીએ,
સુવર્ણ ગૌ મણિ વસ્ત્રને દીધાં બ્રાહ્મણને.

દાન વિવિધ રીતે કર્યાં દીનજનોને તેમ,
ઉમંગ એ અવસરતણો વ્યક્ત કરાયે કેમ ?

*

(ચોપાઈ)

ધજા તોરણ તેમ પતાકા ધારી નગરે ધરી નવી આભા;
શણગાર્યું એને જે પ્રકારે એનું વર્ણન કેમ કરાયે ?

થઈ વ્યોમથી પુષ્પની વૃષ્ટિ, બ્રહ્માનંદે ભરાઈ સૃષ્ટિ.
સ્ત્રીઓ મસ્ત ઉમંગે મ્હાલી, જ્યાં ત્યાં ટોળે વળીને ચાલી.

સ્વાભાવિક શૃંગાર સજીને શીશ સ્વર્ણકળશ ધરીને,
થાળ મંગલ સામગ્રીવાળા ભરી રાજદ્વારે આવી બાળા.

લીધાં ઓવારણાં સ્નેહભીનાં કરી આરતી ભાવભરી ત્યાં;
સૂત બંદીજનો ગાયકોએ ગુણ ગાયા રઘુવરના એ.

દાન સર્વસ્વનું દીધું રાજે, એની આગળ ઈન્દ્રયે લાજે;
જ્યાં ત્યાં ચંદન કેસર સોહે, કસ્તુરી જોઈને મન મોહે.

(દોહરા)

વાગ્યાં વાદ્યો નગરમાં પ્રગટાવી આનંદ,
શોભાસાગર પ્રગટતાં પ્રેમ મધુરતા ચંદ.

(ચોપાઈ)

કૈકેયી ને સુમિત્રા શાણી બડભાગ બની બંને રાણી,
પ્રગટાવીને સુંદર પુત્ર ચાલુ રાખ્યું કુળનું સૂત્ર.

સુખસંપત્તિ સમય સમાજ વર્ણવી શે શકે સર્પરાજ,
કહે શારદા કેવી રીતે તે, કવિ કલ્પના એની કરે શે ?

પુરી સોહે એવી રીતે રાત પ્રભુને મળવા આવી પ્રીતે,
દેખી સૂર્યને સંકોચ સાથે બની સંધ્યા સુંદર જાણે.

ધૂપ અગરનો અંધારું જાણે સંધ્યા કેરું ન્યારું,
હતું અબીલ એની રતાશ, સૌને લાગતું 'તું અતિપ્યારું.

મણિસમૂહ મંદિરકેરા હતા તારલા જાણે અનેરા,
રાજપ્રસાદકેરો કળશ જાણે ચંદ્રમા ચારુ પ્રત્યક્ષ.

થતા વેદધ્વનિ હર્મ્યમાંહી સુણી તલ્લીન બનતા રાહી,
જાણે પંખીનો એ કલરવ કર્યો કુદરતે ઉત્સવ.

જોઈ કૌતુક સૂરજ ભૂલ્યો, મહિનો થયો ક્યારે પૂરો
તેની પડી ખબર ના કેમે, પરિપ્લાવિત બનેલો પ્રેમે.

(દોહરા)

એક માસ સૂરજતણો દિવસ સમાન થયો,
રથ સાથે સૂરજ રસે રોકાઈ જ રહ્યો.

પરંતુ એના મર્મને કોઈ સમજ્યું ના,
પડે રાત ક્યાંથી થયો સૂર્ય અસ્ત ના ત્યાં.

(ચોપાઈ)

જાણી મર્મ શક્યું ના કોઈ, ચાલ્યો સૂરજ સંજોગ જોઈ;
માણી ઉત્સવ સુરમુનિનાગ ગયા ઘેર બની બડભાગ.

ગયા શંકર કાકભુશુંડિ ઋષિ સાથે મનુષ્ય રૂપે ત્યાં;
કહ્યો શંકરે ઉમાને ભેદ, કોઈ ઓળખી અમને શક્યું ના.

પૂર્ણાનંદે પ્રફુલ્લ ને પ્રેમે ભાન ભૂલી ફર્યા અમે કેમે;
જાણે દિવ્ય ચરિત્રને એ જ કૃપા રામની જેને હંમેશ.

ગજ ને રથ હેમતુરંગ હીરા ગાય ને ચીર અનંત,
અર્પ્યું સૌનેય ઈચ્છાનુસાર દાન પર્વપ્રસંગે અપાર.

(દોહરા)

આશિષ આપી સૌ રહ્યા પામીને પરિતોષ,
જીવો સૌ ચિરકાળ સુત તુલસી પ્રભુ નિર્દોષ.

પ્રસન્નતાપૂર્વક રહ્યા દિવસો વીતી એમ,
રાતદિવસ ચાલી રહ્યાં સુખદ સ્વપ્નની જેમ.

નામકરણના સમયને સમીપમાં જાણી,
બોલાવ્યા ભૂપે મહામુનિ વસિષ્ઠ જ્ઞાની.

મુનિવરનું પૂજન કરી નૃપે સપ્રેમ કહ્યું,
નામકરણ માટે મને મન છે હવે થયું.

નામ વિચાર્યું હોય તે કહો કૃપાળુ મને;
વસિષ્ઠ બોલ્યા નામ છે અનેક પ્રિય મનને.

સ્વમતિ પ્રમાણે હું કહું જે સુખના ભંડાર,
સાગર પરમાનંદના સૌને સુખ ધરનાર;

એક જ કણથી અર્પતા જગને જીવન જે,
શાંતિપ્રદાયક ધારશે રામ નામને તે.

વિશ્વ ભરણ પોષણ કરે સત્યપરાયણ જે,
ભરત નામથી વિશ્વમાં પ્રખ્યાત થશે તે.

જેના કેવળ સ્મરણથી નાશ શત્રુ પામે,
શત્રુઘ્નતણા તે ભલે ઓળખાય નામે.

શુભ લક્ષણના ધામ ને જે છે સર્વાધાર,
રઘુવરપ્રિય હો તેમનું લક્ષ્મણ નામ ઉદાર.

*

(આખ્યાન)

કહ્યો વસિષ્ઠે વિમલ વિચાર વેદતત્ત્વ નૃપ આ સુત ચાર,
મુનિધન જનસુખ શિવના પ્રાણ, બન્યા પ્રેમવશ બનતાં બાળ.

શિશુસ્વરૂપમાં સુખ માન્યું, સાકેત ધરા પર જાણ્યું;
ભક્તોના સર્વસ્વ છતાં પ્રગટ્યા સાધારણ બનતાં.

શૈશવથી સ્વામી માની પોતાના હિતકર જાણી,
રામચરણમાં કરતા પ્રીત જોડ્યું સતત લક્ષ્મણે ચિત્ત.

ભરત તથા શત્રુઘ્ન ઉભય સ્નેહભરેલા શાંત સદૃય,
સ્વામી સેવક સખા બની રમતા રાખી પ્રીત ઘણી.

શ્યામ ગૌર સુંદર બે જોડી જોતી જનની તૃણને તોડી,
નજર ન લાગે જેથી લેશ, ચિત્તાકર્ષક સુતનો વેશ.

રૂપ શીલ ગુણ કેરા ધામ ચારે સુત અદભુત કૃતકામ,
તોપણ વિશેષ સુખના ધામ શોભાસાગર સૌથી રામ.

હૃદય અનુગ્રહ-ઈન્દુપ્રકાશ, કિરણ સમાન મનોહર હાસ,
જનની સમીપ કરતાં વાસ સંબોધે સ્નેહસ્વરે ખાસ.

(દોહરા)

વ્યાપક બ્રહ્મ નિરંજન નિર્ગુણ એક અજોડ,
પ્રેમભક્તિવશ અજ છતાં કે કૌશલ્યાગોદ.

*

(આખ્યાન)

નીલકમળ વારિદ-ગંભીર કોટિ કામમય શ્યામ શરીર,
અરુણ ચરણપંકજ નખજ્યોત કમળે જ્યમ મોતી ખદ્યોત.

વજ્ર ધજા અંકુશની રેખ સોહે ચરણે ચારુ સુરેખ,
નૂપુર શબ્દ સુણી મુનિમન મોહે વિસરી જાયે તન.

ઉદર ત્રિવલ્લી, કટિ પર તેમ કંદોરો પહેર્યો સપ્રેમ,
નાભિપ્રદેશ પ્રશાંત વિશાળ કોઈ વિરલા પામે પાર.

અનેક આભૂષણથી યુક્ત ભુજા વિશાળ અલૌકિક પુષ્ટ;
હૃદય સિંહનો નખ સોહાય, મણિમાળાથી મન મોહાય.
ઉર પર સુંદર વિપ્રચરણ, અશરણના એ એક શરણ.

કંઠ શંખશો ચિબુક પ્રસન્ન, વદન છવાયો દિવ્ય મદન,
અધર લાલ દંતતણી હાર, નાક તિલકની છટા અપાર.

સુંદર શ્રવણ સુચારુ કપોલ, અતિપ્રિય મધુર તોતડા બોલ,
નીલકમળશાં નેત્ર વિશાળ, ભ્રુકુટિ વક્ર કેરા રમે ભાલ.

સ્નિગ્ધ દીપ્ત વાંકડિયા વાળ વ્યવસ્થિત વળી ધારી માળ;
પીત વસન પહેર્યું તન પર, ચાલે ઢીંચણથી કે કર.

રૂપ વર્ણવે કેમ જ વેદ, કહી શકે કેમ કરી શેષ,
તે જ શકે સમજી જાણે સ્વપ્ને જે દેખે ધ્યાને.

(દોહરા)

સુખના સાગર મોહ પર જ્ઞાનગિરાગોતીત,
શુચિ શિશુચરિત કરી રહ્યા લઈ લક્ષમાં પ્રીત.

દશરથ કૌશલ્યાતણો જન્માંતરનો પ્રેમ,
પ્રભુએ એથી વશ થઈ વરસાવેલી રે'મ.

(આખ્યાન)

પિતૃ એમ જગના શ્રીરામ સૌને સુખ દેતા સુખધામ,
અવધપુરીનાં અનુરાગી વાસી બન્યાં સૌ બડભાગી.

રામચરણની રતિ માણી તેની ગતિ ઉત્તમ જાણી,
રઘુવરથી જે વિમુખ બને તેની દુર્ગતિ ના છાની.

રઘુપતિવિમુખ મનુષ્ય કરે યત્ન કરોડો પણ ન તરે,
જીવ ચરાચર વશ જેને માયા છે વશ તે પ્રભુને.

ભ્રકુટિવિલાસ નચાવે તેને; સુખ ને શાંતિ ગમે છે જેને,
પ્રભુને છોડી કોને તે સ્મરે ભજે સ્વપ્નમહીંયે ?

છળને છોડી ભજન કરે મનક્રમવચને ધ્યાન ધરે,
ભવસાગરને તે જ તરે પ્રભુ તેના પર કૃપા કરે.

(દોહરા)

દિવસરાત ક્યાં ચાલતાં પડતી ખબર નહીં,
કૌશલ્યા પ્રેમે મગન સુખમાં રહ્યાં વહી.

રમાડતાં ખોળે લઈ પુત્રપ્રેમવશ માત,
ઝુલાવીને પારણે કૃતાર્થ કરતાં જાત.

*

(આખ્યાન)

એક વાર રઘુવરને સ્નાન કરાવતાં કરતાં શૃંગાર,
પારણાંમહીં પોઢાડી સત્વર સ્વલ્પ સમય કાઢી.

ઈષ્ટદેવ કુળના ભગવાન આરાધવા કરીને સ્નાન,
માતાએ નૈવેદ્ય ધર્યું, ભોજનખંડ પ્રયાણ કર્યું,

પાછા ફરતાં પૂજાસ્થાન પ્રગટ્યા હોયે શ્રીભગવાન,
આરોગતા નિહાળ્યા એમ ભોજન રઘુપતિને સપ્રેમ.

ભયભીત બની માત ગયાં, આશ્ચર્યચકિત ખૂબ થયાં,
પારણામહીં દૃષ્ટિ કરી, સૂતેલા સુત ત્યાંય વળી.

જોયા ભોજન કરતા રામ ફરી વાર મંગલ કૃતકામ;
કાળજામહીં કંપ થયો, ધૈર્યતણો ના બંધ રહ્યો.

બે બાળકને બે સ્થળમાં જોયા તે બુદ્ધિભ્રમ આ ?
કૌશલ્યાએ કર્યો વિચાર, રહસ્યનો ના પામ્યાં પાર.

(દોહરા)

વ્યગ્ર નિહાળી માતને હસી પડયા શ્રીરામ,
અદભૂત અખંડ રૂપને વદનમહીં સુખધામ.

જોયું ત્યારે એમના, રોમેરોમ વળી,
કોટિ કોટિ બ્રહ્માંડને નીરખ્યાં રહ્યાં ફરી.

વિરાટ એવા રૂપને વિલોકી તરત માત,
વિસ્મય પામી, ના શકી સમજી કોઈ વાત.

(આખ્યાન)

અનેક રવિશશિ ચતુરાનન, ગિરિવર સરિત સિંધુ મહી કાનન,
કાળ કર્મ ગુણ જ્ઞાન સ્વભાવ જોયું જે ન સુણેલ અગાઉ.
પ્રભુનો એવો પરમ પ્રભાવ.

જોઈ પ્રબળ અતિપ્રબળ માયા રહી એહની કંપી કાયા.
માયાથી જે નાચે નાચ તે જીવોને જોયા સાચ.

ભક્તિનુંય કર્યું દર્શન કરી કૃપાનું જે વર્ણન,
માયાથી મુક્ત કરે જીવ ધરે પ્રભુતણું મધુ સ્પર્શન.

રોમાંચ થયાં એ ભાળી, કુંઠિત બની સકળ વાણી;
લોચન સત્વર બંધ કરી શીશ રહી પ્રભુચરણ ધરી.

અવલોકી જનનીની એ આર્ત અવસ્થા શ્રીહરિએ,
બાલસ્વરૂપ ફરી ધાર્યું બની ગયા તરત જ ચારુ.

માતાથી સ્તુતિ પણ ન થઈ, મનમાં જાગી ભીતિ ગઈ,
જગતપિતાને સુત માન્યા મળ્યા છતાં પણ ન પ્રમાણ્યા;
હરિએ પણ સાંત્વન અર્પ્યું, સંતપ્ત હૃદય સંતર્પ્યું.

(દોહરા)

કૌશલ્યાએ પ્રાર્થના વારંવાર કરી,
હવે મને માયા કદી વ્યાપે નહીં જરી.

*

બાલચરિત રઘુનંદને બહુવિધ પછી કર્યાં,
અંતર આનંદે સકળ સેવકતણાં ભર્યાં.

અલ્પ સમયમાં બંધુ સૌ મોટા ગયા બની,
સ્વજનોને સુખ આપતાં લીલાથકી ઘણી.

મંડન સંસ્કારો કર્યા સૌને ગુરુવરે,
દક્ષિણા વળી મેળવી બહુવિધ વિપ્રવરે.

પરમ મનોહર બંધુ એ લીલાને કરતા,
લાગ્યા સઘળે વિહરવા સુખ અક્ષય ધરતા.

મન કર્મ અને વચનથી અગોચર કહ્યા જે,
દશરથના આંગણમહીં વિચરે પ્રભુજી તે.

ભોજનસમયે સ્નેહથી રાજા બોલાવે,
ત્યારે સુહૃદસમાજને છોડી ના આવે.

કૌશલ્યાને દેખતાં કયાંયે ચાલ્યા જાય,
ત્યારે માતા પકડવા સત્વર ઉત્સુક થાય.

વેદ નેતિ શબ્દે કહે, પામે શિવ ના અંત,
પકડી કેમ શકાય એ, સમજી ન શકે સંત.

એ જ ધૂલિધૂસર તને આવે પ્રેમથકી,
બેસાડે નૃપ ખોળલે ત્યારે ધન્ય બની.

ભોજન કરતાં ચપલ મન અવસર અલ્પ મળ્યે,
દહીંભાતવાળા મુખે દોડી હાસ્ય કરે.

*

(આખ્યાન)

બાલચરિત શુચિ સરળ સોહાય, શારદ શેષ શંભુ શ્રુતિ ગાય;
એમનો નથી જેને રાગ માનો તે સૌને કમભાગ.

કૌમાર્યમાં પ્રવેશ કરી બ્રહ્મસૂત્રને રહ્યા ધરી;
પછી પહોંચી ગુરુને ઘેર વિદ્યાને પામ્યા સૌ પેર.

ચાર વેદ છે જેના શ્વાસ તે પ્રભુને વિદ્યાની આશ,
આશ્ચર્ય ખરે એ ભારે, કર્યો એમણે ગુરુકુળવાસ.

વિદ્યાવાન શીલ ગુણવાન નિપુણ બન્યા સર્વે વિદ્વાન;
નૃપલીલામાં આપ્યું ધ્યાન જાણ્યું એનું પણ વિજ્ઞાન.

ધનુષબાણ હાથે સોહે, દેખી રૂપ જગત મોહે;
બંધુ સર્વ જ્યાં જ્યાં રમતા મુગ્ધ સર્વને ત્યાં કરતા.

(દોહરા)

કોશલપુરવાસી નર વૃદ્ધ બાલ કે નાર,
પ્રિય પ્રાણથકી લાગતા સૌને રામ દયાળ.

મિત્ર બંધુ સાથે સદા વન મૃગયા રમતા,
પાવન મૃગને મારતાં સ્વૈરપણે ભમતા.

જે મૃગ મરતાં વાગતાં રામચંદ્રનાં બાણ,
સ્વર્ગલોકમાં શીઘ્ર તે કરતાં સર્વ પ્રયાણ.

નગરજનોના સુખતણા સંજોગો કરતા,
વેદપુરાણોને સુખી શિક્ષાને ધરતા.

અન્ય બંધુઓને વળી દેતા એ ઉપદેશ,
ધર્મતણી મર્યાદને ના તજતા લવલેશ.

પ્રભાતસમયે ઊઠતાં માત તાત ગુરુને
પ્રણામ કરતા પ્રેમથી માગી આશિષને.

સેવાનાં કરતા પછી જનહિતકેરાં કામ,
હર્ષ પ્રગટતો નૃપઉરે જોતાં એ અભિરામ.

વ્યાપક અકળ અનીહ અજ નિર્ગુણ શ્રીભગવાન
નામરૂપથી રહિત જે શરણાગતના પ્રાણ

ભક્તો માટે વિવિધ એ લીલાને કરતા,
શાશ્વત દૈવી પ્રેરણા જનમનને ધરતા.

*

# ૧૫. વિશ્વામિત્રની વાત

(આખ્યાન)

ચરિત રામનું એ મેં ગાયું, હવે કથા આગળની ગાઉં,
ધ્યાન દઈને સુણજો તે, નવીનવી ઘટનાને લાવું.
અભિનવ રસસરિતામાં ન્હાઉં, ભક્તિરસ પીઉં ને પાઉં.

વિશ્વામિત્ર મહામુનિ જ્ઞાની જંગલમાં અતિ મંગલ માની,
વસતા આશ્રમ કરતાં એક પરમાત્મામાં રાખી ટેક.

કરતા યોગ યજ્ઞ જપને સ્વાધ્યાય પ્રખરતમ તપને,
સુબાહુ રાક્ષસ ને મારીચ બનાવતા બંને ભયભીત.

નિશાચરો દોડી આવી કરતા ઉપદ્રવ સતાવી,
થતો યજ્ઞનો એથી ભંગ ઉદ્વેગ થતો શોક અનંત.

ગાધિતનયમન ચિંતા વ્યાપી, હરિ વિણ મરે ન રાક્ષસ પાપી;
મુનિએ મનમાં કર્યો વિચાર પ્રગટ્યા હરિ હરવા ભૂમિભાર.

(દોહરા)

અવધપુરીમાં તો જઈ દર્શન દિવ્ય કરું,
ધર્મ યજ્ઞ રક્ષાર્થ હું નૃપને શીઘ્ર મળું.

(આખ્યાન)

જ્ઞાન વિરાગ સકળ ગુણધામ પ્રભુને મળી બનું કૃતકામ,
સફળ મનોરથ જઉં બની નિહાળતાં રઘુનંદન રામ.

(દોહરા)

કરતાં વિવિધ મનોરથો જતાં ન લાગી વાર,
સ્નાન કરી સરયૂજલે ગયા રાજદરબાર.

(આખ્યાન)

મુનિનું સુણી આગમન રાજ ચાલ્યા લેતાં વિપ્રસમાજ,
સન્માન કર્યું કરી પ્રણામ, લાવ્યા હર્મ્યમહીં સુખધામ.

ચરણ પખાળી પૂજા કરી પોતાને અતિ ધન્ય ગણી,
ભોજન રસભરપૂર કરાવ્યું, રહ્યા મુદિત મુનિ ધન્ય બની.

સુત ચારેયે કર્યા પ્રણામ શોભાસાગર સુખના ધામ,
ભાન ભૂલ્યા દેખીને રામ મુનિવર નિર્મળ ને નિષ્કામ.

મુખમંડળની શોભા ઓર પૂર્ણચંદ્રને જુએ ચકોર,
સંમોહનવશ એમ થયા જોતાવેંત જ મગ્ન બન્યા.

પ્રસન્ન ને પરિતુષ્ટ બની દશરથ બોલ્યા મુગ્ધ થઈ,
કૃપા કરી ના આવી કદી, ધન્ય દિવસ આ ધન્ય ઘડી.

શુભાગમન સત્કર્મથકી સદા થાય છે સંતતણું,
શુભાગમનનો હેતુ કહો, અર્પું જે પણ તમે ચહો.

અસુરસમૂહ કરે હેરાન, મુનિવર વદ્યા શાંતિથી વાણ,
અંતરમાં રાખીને આશ કામના લઈ આવ્યો ખાસ,
અર્પો રામ અને લક્ષ્મણ અરણ્યમાં કરવા રક્ષણ.

(દોહરા)

નિશિચરનાશ કરાય તો મખ તપ સાધન થાય,
ઋષિમુનિ નિર્ભય સૌ વસે ચિંતા સૌની જાય.

અજ્ઞાન અને મોહને ત્યાગી હર્ષ ધરી,
કામના વિરલ આજ દો મારી પૂર્ણ કરી.

ધર્મ સુયશ સત્કર્મની પ્રાપ્તિ તો કરશો,
જીવન લક્ષ્મણ રામનાં મંગલથી ભરશો.

(આખ્યાન)

અતિ અપ્રિય એ સુણતાં વાત કંપ્યુ અંતર, પડતાં રાત,
દ્યુતિ હણાય સૌ દિવસતણી મુખ તેમ ગયું મ્લાન બની.

વાર્ધક્યમહીં પામ્યો પુત્ર સાચવવા કુળકેરું સૂત્ર,
વિચાર્યું તમે તે ન જરી, વદી વચનને શાંતિ હરી.

(રાગ – ભયે પ્રગટ કૃપાલા)

મુનિવર, ધરતી ધેનુ ધનતણો ભંડાર ભલે માગો,
સર્વસ્વ ધરું સહર્ષ આજે દેહપ્રાણ પણ માગો.

વિપળ માત્રમાં અર્પું સઘળું છોડીને અનુરાગો,
જ્ઞાની પરમપ્રાજ્ઞ કહેવાઓ વિવેકજગમાં જાગો.

(આખ્યાન)

પુત્રો સૌ પ્રિય પ્રાણસમાન, રામ પ્રાણકેરા પણ પ્રાણ,
અર્પી કેમ શકાય કહો કૌમાર્યે સપ્રેમ અહો.

નિશાચરો ક્યાં ઘોર કઠોર ક્યાં ને સુંદર પરમકિશોર,
પ્રેમરસભરી વાણી સુણી પામ્યા હર્ષ પ્રશાંત મુનિ.
વશિષ્ઠમુનિએ વચન કહ્યાં રાજા ગતસંદેહ થયા.

બોલાવી સુતને સપ્રેમ ઉપદેશ ધર્યો કરવા ક્ષેમ;
મુનિવર આ છે મારા પ્રાણ, સદા રાખજો વનમાં ધ્યાન.

પિતા ઉભયના હવે તમે જનક ભલેને થયા અમે.
પ્રાણથકી પણ ગણજો પ્રિય, સ્વપ્ને ના કરશો અપ્રિય.

(દોહરા)

આશિષ આપીને નૃપે સોંપ્યા સુત ઋષિને.
જનનીભવન જઈ ઉભય ચાલ્યા પ્રણમીને.

પુરુષસિંહ બે વીર એ મુનિભયને હરનાર
કૃપાસિંધુ સ્થિરબુદ્ધિના મુનિને સુખ ધરનાર

જગના કારણનાય એ કારણ, મુનિ સાથે
ચાલ્યા પ્રસન્ન ચિત્તથી ધનુષ લઈ હાથે.

(આખ્યાન)

લાલ નેત્ર ઉર બાહુ વિશાળ, નીલકમળ તન શ્યામ તમાલ,
કટિ પર પીતાંબર સોહે, ધનુષબાણથી મન મોહે.

શ્યામગૌર સુંદર બે ભ્રાત, વિશ્વામિત્ર વળી સંગાથ,
મુનિને મહાનિધિજ મળી, તીવ્ર તપસ્યા સર્વ ફળી.

તાડકા જતી માર્ગમહીં, ભય એને લવલેશ નહીં,
દોડી આવી સરોષ ત્યાં શબ્દ સાંભળીને ક્ષણમાં.

એક જ બાણે પ્રાણ હર્યો રામે એને મોક્ષ ધર્યો.
જોઈને મુનિ થયા પ્રસન્ન દિવ્ય ભાવમાં બન્યા મગન.

ઋષિએ નાથ પરમ જાણી વિદ્યાનિધિ સરખા માની,
વિદ્યા આપી કૃપા કરી રઘુનંદનને શાંતિ ધરી.

ક્ષુધાતૃષા ન કદી લાગે, નવજીવન નિશદિન જાગે,
એ વિદ્યાથી કરે નિવાસ તનમાં અતુલિત વીર્યપ્રકાશ.

(દોહરા)

આયુધ અર્પીને સકળ આશ્રમમાં લાવ્યા,
ભક્તોના પ્રિય સમજતાં દર્શાવી માયા

કંદમૂળ ફળને ધર્યાં ભાવભક્તિ સાથે,
સ્વીકાર્યાં સૌ સ્નેહથી ભક્તોના નાથે.

*

(આખ્યાન)

પ્રભાતકાળ થતાં શ્રીરામ બોલ્યા મુનિવર હે નિષ્કામ,
નિર્ભય બનતાં યજ્ઞ કરો, ચિંતા સઘળી હવે હરો.

ઋષિમુનિઓનો યજ્ઞ થયો, રામે રક્ષણભાર ગ્રહ્યો,
મારીચ મિત્રમંડળીસંગ યજ્ઞતણો કરવાને ભંગ.

સમાચાર સુણતાં આવ્યો, પરંતુ લેશ ન એ ફાવ્યો;
અસુરશ્રેષ્ઠ મુનિદ્રોહી એ આવ્યો તરત જ દોડીને,
રામે એને લક્ષ્ય કરી બળ દર્શાવ્યું દિવ્ય ફરી.

ફળા વિનાનું માર્યું બાણ સો યોજન સાગરની પાર,
એથી રાક્ષસ દૂર પડ્યો, કાળયોગ પ્રતિકૂળ નડ્યો.

સુબાહુને પણ પાવક બાણ માર્યું હણવા માટે પ્રાણ.
અસુરસૈન્ય સંહાર કર્યો, વીર લક્ષ્મણે ગર્વ હર્યો.

નિશાચર બધા મારી એમ કર્યું મુનિ ને દ્વિજનું ક્ષેમ,
નિર્ભયતા સહુનેય ધરી, અશાંતિ સૌની સફળ હરી.

રહ્યા દિવસ ત્યાં કૈં શ્રીરામ કરવા દીનજનોનાં કામ;
ઋષિમુનિઓએ કહી કથા પુરાણની વિસ્મરી વ્યથા.

કાળે ક્રીડા એમ કરી, પ્રારબ્ધ રહ્યું શીઘ્ર ફરી.
વિશ્વામિત્રે એક સવાર કહ્યું રામને દીનદયાળ,
ધનુષયજ્ઞ જ્યાં જનક કરે પધારવું ત્યાં ઘટે ખરે.

સમાચાર એ સુણતાં રામ ચાલ્યા મુનિ સાથે કૃતકામ,
લીલાતનુ ધાર્યું તેને લીલા કરવી રહે તમામ.

માર્ગમહીં આશ્રમ જોયો, આતમ અવલોકી મોહ્યો;
ખગ મૃગ જીવજંતુ ના ત્યાં, માનવની તો વાત જ ક્યાં.

શિલા નિહાળી પ્રશ્ન કર્યો, મુનિએ ઉત્તર તરત ધર્યો,
સવિસ્તર બધી કથા કહી, અશ્રુ આંખથી રહ્યાં વહી.

(દોહરા)

ગૌતમનારી શાપવશ પથ્થર તન ધારી,
ચરણકમળરજ ચાહતી સંકટની મારી.

કૃપા કરી રઘુનાથ તો સદગતિને આપો,
હર્ષ અહલ્યાને ધરો કષ્ટ કઠિન કાપો.

*

## ૧૬.અહલ્યાનો ઉદ્ધાર

(રાગ-ભયે પ્રગટ કૃપાલા)

પદસ્પર્શે પાવન શોકનસાવન તપોમૂર્તિ તરત જ પ્રગટી,
દેખી રઘુનાયક જનસુખદાયક કર જોડી સપ્રેમ રહી;

અતિપ્રેમ થવાથી અધીર બની ને રોમાંચિત તન છેક થયું,
મુખમાંથી શબ્દ શક્યા ના પ્રગટી, મનડું ભાવવિભોર બન્યું.

અતિશય બડભાગી જેવી જાગી ચરણોમાં પ્રણિપાત કર્યા,
એ સાધ્વીનાં નેત્રદ્વયમાંથી આહલાદતણાં અશ્રુ સર્યાં.

ધીરજને ધારી પ્રભુને જાણી રામકૃપાવૃષ્ટિ પામી,
નિર્મળ વાણીથી કરી પ્રશસ્તિ જ્ઞાનગમ્ય જય બહુનામી,

હે જગપાવન પ્રભુ મનભાવન રાવણરિપુ ભક્તનસુખ હે,
રાજીવલોચન ભવભયમોચન પાહિ પાહિ આવી શરણે.

મને શાપ મળ્યો જે સુખદ થયો તે, અનુગ્રહ જાણ્યો એને,
ભવભયમોચન શ્રીહરિને જોયા એથી નિર્મળ નેને;

છે એક પ્રાર્થના, અધિક જ્ઞાન ના, વર માગું બસ એક,
પદપદ્મપ્રેમરસપાન કરે મનમધુપ સદા સવિવેક.

જેથી સુરસરિતા પરમ પવિત્રા પ્રગટી, શિર પર શિવે ધરી,
જે પાવન ચરણકમળને પૂજે બ્રહ્મા ઉર અનુરાગ ભરી,

તે ચારુ ચરણનું દર્શન સ્પર્શન વંદન મુજને મળી ગયું,
સૌભાગ્યશાલિની બની એ થકી દુર્દૈન્ય બધું આજ ટળ્યું.

સ્તુતિ એવી કરતાં પ્રભુપદ પડતાં વારંવાર અહલ્યા એ,
ઈપ્સિત વર પામી શાંતિ સદાની ગઈ દિવ્યલોકે હર્ષે.

(દોહરા)

દીનબંધુ પ્રભુ રામ છે કારણરહિત કૃપાલ,
તુલસી શઠ ભજ એમને તજી કપટ જંજાળ.

*

## ૧૭.જનકપુરમાં

(આખ્યાન)

ચાલ્યા રામલક્ષ્મણ મુનિસંગ ગયા જ્યાં જગપાવની ગંગ,
કરી દર્શન આનંદ પામ્યા, તાપ તન ને મનના શમ્યા.

ગાધિપુત્રે કથા સંભળાવી ગંગા કેવી રીતે જગે આવી;
રામે ૠષિઓ સાથે કર્યું સ્નાન આપ્યું દાન ધર્યું ને ધ્યાન.

પછી ચાલ્યા મુનિવૃંદ સાથે આવ્યા જનકપુરની વાટે,
દેખી સુંદરતા પુરકેરી વાગી હર્ષતણી જાણે ભેરી.

વાવ કૂપ નદીસર કેવાં, જળ એમનાં અમૃત જેવાં,
મણિમંડિત સોપાન દીસે, ગુંજે ભ્રમર પુષ્પે અતીશે.

કૂજે વિવિધ રંગનાં વિહંગ ક્રીડા કરે જાણે કે અનંગ.
ભાતભાતનાં પ્રગટ્યા પદ્મ રાખ્યું એમણે કાંઈ ન છદ્મ.

મંદ શીતળ સૌરભવાળો વાય વાયુ સુખેભર ન્યારો
લઈ લહરીને રમે સંગ એનો રસનો થાયે ના ભંગ.

(દોહરા)

સુમનવાટિકા બાગ વન વિપુલ વિહંગ નિવાસ,
ફૂલે ફાલે પલ્લવિત સોહે ચારે પાસ.

(ચોપાઈ)

પુરસૌન્દર્ય એવું સોહાય મન જોઈ જોઈને મોહાય,
એનું વર્ણન કેમ કરાય, જડ લોચન તોય લોભાય.

જ્યાં ત્યાં ચારુ બજાર અટારી મણિમય ને અદભુત ન્યારી,
હોય બ્રહ્માએ પોતે બનાવી જાણે સુંદરતાથી સજાવી.

હોય જાણે કુબેર ધનિક બેઠા સંપત્તિવાળા વણિક,
શેરી સોહામણી ચૌટાં ચારુ, છાંટ્યું દ્રવ્ય સુવાસિત ન્યારું.

(આખ્યાન)

ઘર સુંદર મંગલ કેવાં ચીતર્યાં રતિનાથે એવાં,
અર્પે આહ્લાદ આકર્ષક મન આત્માને સંતર્પક.

પુરનાં નરનારી પવિત્ર શીલ સુંદરતાજ સચિત્ર;
ધર્મવાન જ્ઞાની ગુણવંત, નવ ઉદાત્તતાનો અંત.

(ચોપાઈ)

અતિ અનુપમ જનકનિવાસ ત્યાંના આહ્લાદ શ્રેષ્ઠ વિલાસ,
દેખી દેવને વિસ્મય થાય બુદ્ધિ પંડિતનીય ડઘાય.

રમ્ય રાજપ્રાસાદનો કોટ એની શોભાતણી ના ખોટ,
ત્રિભુવનની સુંદરતા જાણે બની કેન્દ્રિત એના પ્રાણે.

(દોહરા)

સુવર્ણમય મણિજડિત છે પડદા હર્મ્યમહીં,
ધવલ ધામ સમતા કરે કોઈ ધામ નહીં.

સીતાનું સુંદર સદન પ્રાસાદ પુનિત તે,
શોભે સર્વથકી અધિક, વર્ણવી શકું શે?

(ચોપાઈ)

રમ્ય પ્રાસાદકેરાં દ્વાર, વજ્ર જેવાં કઠોર કમાડ;
નૃપ ભાટ નટોની ભીડ માગધોની શમે ત્યાં પીડ.

અશ્વશાળા અને ગજશાળા મન મુગ્ધ કરે છે વિશાળા,
અશ્વ હસ્તિ ને રથે ભરેલી રહે સર્વકાળે ઉભરેલી.

શૂર સેનાપતિ ને સચિવ સૌનાં ધામ સુરમ્ય અતીવ,
સોહે રાજપ્રાસાદના જેવાં સાપડે સ્વર્ગમાંય ના એવાં.

ભાળી આંબાવાડી એક ન્યારી, આજ્ઞા કૌશિકની શિવ ધારી,
મુનિવૃંદ સાથે રહ્યા રામ રઘુનાથ કૃપાકેરા ધામ.

(દોહરા)

મહર્ષિ વિશ્વામિત્રના સુણી આગમનને,
પ્રબંધ સ્વાગતનો કર્યો પ્રિય મિથિલાપતિએ.

શતાનંદ ગુરુ સચિવ ને શુચિ શૂર લઈ સંગ,
વળી શ્રેષ્ઠ ભૂદેવને ધારી દિવ્ય ઉમંગ

મિથિલાપતિ મળવા ગયા સાદર મુનિવરને,
મનાવી રહ્યું પુર સકળ મંગલ ઉત્સવને.

(ચોપાઈ)

મુનિપદમાં મૂકી શીશ પામ્યા મિથિલાપતિ આશિષ,
કર્યા વિપ્રવૃંદેય પ્રણામ, થયા પુલકિત નૃપના પ્રાણ.

વારંવાર પૂછયા સમાચાર, નૃપે ઉત્તર આપ્યા સાભાર;
ફૂલવાડીને પેખીને પ્યારે આવ્યા રામ ને લક્ષ્મણ ત્યારે.

શ્યામ ગૌર શરીર કિશોર સુકુમાર એ ચિત્તના ચોર,
સુખ લોચનને ધરનારા શાંતિ આનંદને ભરનારા.

વિશ્વામિત્રની પાસે વિરાજ્યા, સર્વે સુખી બન્યા વણમાગ્યા,
આંખે અશ્રુબિંદુ ઉભરાયા, તન રોમાંચિત થયાં સારાં.

મનોહર મધુરવી મૂર્તિ પામ્યા જોઈને નૂતન સ્ફુર્તિ,
થયા વિદેહ જનક વિદેહી થતાં ભાવનાકેરી પૂર્તિ.

(દોહરા)

પ્રેમમગન મન જાણતાં વિવેક ધૈર્ય ધરી,
જનકે ગદગદ સ્વરે કહ્યું પુનઃ પ્રણામ કરી.

(આખ્યાન)

કહો કોણ આ સુંદર બાળ, મુનિકુળતિલક કે નૃપકુળપાળ,
નેતિનેતિ જે નિગમ કહે, મુનિવર જેનો મર્મ લહે,

તે જ તત્ત્વ આ ઉભયતણું સ્વરૂપ ધારી મૂર્ત બન્યું,
પરબ્રહ્મ સ્વયં પ્રગટ થયા ભક્તોકાજ કૃપાળુ બન્યા ?

સહજ વિરાગરૂપ મુજ મન મુગ્ધ બનીને વિસરે તન,
ચકિત ચંદ્રથી બને ચકોર એમ અનુભવે રસને ઓર.

ગુણજ્ઞ ભાવે પ્રશ્ન કરું, જિજ્ઞાસાને સત્ય ધરું,
સત્ય સ્વરૂપ કહો મુજને ઉભય કિશોરોનું પ્રણયે.

જોતાંવેંત જ અતિ અનુરાગ અનુભવી બને મન બડભાગ,
પરમ બ્રહ્મસુખને ત્યાગે મૂર્તિ મધુર જોવા માગે.

વિશ્વામિત્રે કહ્યું સપ્રેમ તમે યથાર્થ જણાવ્યું એમ,
વચન અસત્ય તમારાં ના, તમે મર્મ ના સમજો કાં ?

પ્રિય છે સૌને આ જગમાં, સૌની રમી રહ્યા રગમાં,
રામ સુણીને મંદ હસ્યા પરંતુ શબ્દ કહ્યા ન કશા.

રઘુકુળમણિ દશરથના પુત્ર, મુનિએ બદલ્યું વાર્તાસૂત્ર,
મુનિહિત માટે વન આવ્યા, નૃપતિએ સસ્નેહ વળાવ્યા.

(દોહરા)

રૂપ શીલ બલ ધામ બે બાંધવ લક્ષ્મણ રામ;
રક્ષા યજ્ઞતણી કરી હતી અસુર સંગ્રામ.

પરાક્રમ જગત એમનું પૂર્ણપણે જાણે,
દાનવ દેવો એમના પ્રભાવને માને.

મુનિવર, દર્શન ચરણનું આજ મળ્યું મુજને,
પુણ્યપ્રભાવ અનંત એ પ્રગટ્યો પૂર્ણપણે.

શ્યામ ગૌર બે બંધુવર આકર્ષક કેવા,
હર્ષ અર્પતા હર્ષને સ્વયં દિવ્ય એવાં.

પ્રીતિ પરસ્પર એમની પાવન મનભાવન,
વાણી ન શકે વર્ણવી કરતાં અવગાહન.

સ્નેહ એમનો સહજ છે જીવબ્રહ્મની જેમ,
પ્રસન્ન મન રાજા વદ્યા વળી વચનને એમ.

વારંવાર જુએ રસે જનક રામને એ,
રોમાંચિત કાયા થઈ હર્ષ વધ્યો હૃદયે.

મુનિને બડભાગી ગણી કરી પ્રશસ્તિ તેમ
લાવ્યા સૌને નગરમાં જનક પછી સપ્રેમ.

સર્વ સમય માટે સુખદ પ્રાસાદ હતો એક,
નિવાસ આપ્યો ત્યાં નૃપે સંતોષથકી છેક.

ઋષિ સાથે રઘુવંશમણિ જમી કરી વિશ્રામ
બેઠા મધ્યાહ્નોત્તર સમયે આત્મારામ.

*

## ૧૮. નગરદર્શન

(આખ્યાન)

લક્ષ્મણના અંતરમાં ખાસ મિથિલાને જોવા અભિલાષ,
ભય કિન્તુ હતો રામતણો મુનિકેરો સંકોચ ઘણો.
તેથી વાત શક્યા ન કહી, મનની તે મનમાં જ રહી.

અંતર્યામી પણ શ્રીરામ કરનારા શરણાગત કામ,
જાણી એનો ભાવ ગયા, વચનો હસતાં મધુર કહ્યાં.

ઈચ્છે પુર જોવા લક્ષ્મણ, પામે સંકોચ તપોધન,
આપો આદેશ મને જો નગર બતાવી આવું તો.

મુનીશ્વર વદ્યા નીતિ રામ જાણો રક્ષો તમે તમામ;
ધર્મસેતુના પાલક છો સજ્જનના સુખદાતા છો
સદા પ્રેમથી વશ બનતા, અભય આર્તજનને ધરતા.

(દોહરા)

ઉભય ભ્રાત સુખધામશા નગરમહીં વિહરો,
મધુર મુખાકૃતિ દર્શને લોચન સફળ કરો.

નગરજનોને ધન્યતા દર્શનથી અર્પી
પાછા આવો સ્નેહથી સૌને સંતર્પી.

(આખ્યાન)

મુનિના પદમાં કરી પ્રણામ, ચાલ્યા અભય ભ્રાત રસધામ,
લોચનને શુચિ સુખ દેતા, મનને લુબ્ધ કરી લેતા;
બાલવૃંદ સુરતા ખોઈ ચાલ્યાં સુંદરતા જોઈ.

પીતવસ્ત્ર કટિ પર ભાથુ કરમાં ધનુષબાણ ચારુ,
ચંદનલેપન સ્નિગ્ધ શરીર, શ્યામ ગૌર જોડી રણધીર.

સિંહસમી ગ્રીવા અતિપુષ્ટ, બાહુ વિશાળ લોચનો તુષ્ટ,
રક્તકમળશાં રસભરપૂર, મુખ પર શશાંક સરખું નૂર.

વદન વિલોકી શાંતિ મળે, અભિનવ રસની ધાર ઢળે,
છાતી પર ગજમુક્તામાળ વચનો સુમધુર શાંત રસાળ.

શ્રવણે સુવર્ણકેરાં ફૂલ ચિત્ત બને દેખી મશગૂલ,
ચારુ ભ્રુકુટિ દ્રષ્ટિ ન્યારી મંગલ મનહર ને પ્યારી.

તિલક-રેખ કેરું દર્શન જગવે સત્વર આકર્ષણ,
મહોર શોભા પર મારી એવી એ દીસે ન્યારી.

(દોહરા)

ટોપી સુંદર શોભતી શિર પર કુંચિત કેશ,
સર્વાંગ ઉભય સુંદર, કુરૂપતા ના લેશ.

જાણ્યું નગરજને ઉભય આવ્યા રાજકુમાર,
નિહાળવા મિથિલાપુરી સુંદરતા અવતાર.

ગૃહકાર્યોને ત્યાગતાં દોડ્યાં સૌ ત્યારે,
દોડે જન્મદરિદ્ર જ્યમ સુવર્ણનિધિ માટે.

(આખ્યાન)

સુંદર સુમધુર ભાળી ભ્રાત લોચનફળ પામ્યાં સાક્ષાત,
યુવતી ભવનઝરૂખે આવી રામરૂપ જોતી અનુરાગી.

વદે પરસ્પર વચન સપ્રેમ કોટિ કામની કાંતિ જ જેમ,
પ્રગટ થઈ આ બની યુવાન, મુગ્ધ બને છે જોતાં પ્રાણ.

સુરનર અસુર નાગમુનિ કયાંય સૌન્દર્યની ન આવી છાંય,
સાંભળવામાં આવું રૂપ આવ્યું ક્યાંયે નથી અનૂપ.

વિષ્ણુ ચતુર્ભુજ શિવનો વેશ અમંગલ જણાયે હંમેશ,
બ્રહ્માનાં મુખ ચાર કહ્યાં, અન્ય દેવ કોઈ ન મહા,
સમતા જેની સાથ કરાય, સુંદરતા આ અધિક મનાય.

(દોહરા)

કિશોરવય સૌન્દર્યમય શ્યામ-ગૌર સુખધામ,
વારી રૂપ ઉપર ભલે જાય કોટિ શત કામ.

(આખ્યાન)

એવો માનવ કોણ સખી, રૂપ ન રાખે હૃદય લખી,
રૂપ નિહાળી ના મોહાય આશ્ચર્યચકિત જે ના થાય.

સખી સસ્નેહ અન્ય બોલી, રહસ્યને નાખું ખોલી,
રાજા દશરથના સુત બે સાંભળવામાં આવ્યું એ;

યુગ્મ મરાલ બાલ જેવું જોયું ના ત્રિભુવન એવું.
મુનિ કૌશિકને અભય કર્યા, યુદ્ધે અગણિત અસુર હણ્યા.

શરીર ચિત્તાકર્ષક શ્યામ, લોચન લોલ ધરે આરામ,
સુબાહુ મારીચ મદ મોચન રઘુકુળને કરતા રોશન.

ધનુષબાણ કર સુખની ખાણ દર્શકને દે રસની લહાણ,
કૌશલ્યાસુત એ અભિરામ રામ એમનું રસમય નામ.

ગૌર વર્ણના પાછળ જે કિશોર વયના સુંદર છે,
ઉત્તમ વેશ કર્યો ધારણ, ધનુષબાણ રક્ષાકારણ
અનુજ રામના લક્ષ્મણ એ જનની ધન્ય સુમિત્રાને.

(દોહરા)

મુનિનું કાર્ય કરી કરી ઋષિપત્ની ઉદ્ધાર,
ધનુષયજ્ઞ જોવા ઉભય આવ્યા સુકુમાર.

સદગતિ સૌને અર્પતા કરી ક્લેશથી પાર,
સુણતાં હર્ષાન્વિત બની ગુણજ્ઞ સઘળી નાર

*

(ચોપાઈ)

દેખી રામના મુખની કાંતિ પામી સુંદરી કોઈક શાંતિ,
બોલી યોગ્ય વૈદેહી માટે વર મોકલ્યા વિશ્વના નાથે.

મિથિલેશ જો આને નિહાળે પણ પોતાનું તો ના પાળે,
હટપૂર્વક કરે વિવાહ, છોડે અન્ય અંતરની ચાહ.

કહ્યું કોઈએ, આમને જાણ્યા નૃપે ક્યારના પૂર્ણ પ્રમાણ્યા,
મુનિસાથ કર્યું સન્માન આપી સૌથી વધારે ધ્યાન.

કિન્તુ ત્યાગી પ્રતિજ્ઞા હજુ ના, અવિવેકની વૃત્તિ હઠી ના,
તોય પામશે સીતા સુફળ વિધાતાની કૃપાથી આ વર.

દૈવ સંયોગ એવો કરે જો પ્રજા સઘળી કૃતાર્થ બને તો,
પછી રામ કદી અહીં આવે, મને કલ્પના એ બહુ ભાવે.

(દોહરા)

દર્શન દુર્લભ ઉભયનું દેવોનેય ગણાય,
પુણ્ય પૂર્વનાં હોય તો એવો યોગ પમાય.

(ચોપાઈ)

બોલી અન્ય કહ્યું તેં ઠીક, લગ્ન સર્વનું સાધશે હિત.
વળી કોઈએ એવું જણાવ્યું, ધનુ શંકરકેરું રૂપાળું,
ક્યાં એ કુલિશથીય કઠોર ક્યાં આ કોમળ શ્યામ કિશોર.

મને દીસે ના શક્યતા કોઈ, ત્યારે સન્નારી બીજી બોલી,
ભલે દેખાવે હોય કિશોર સુણ્યો મેં તો પ્રભાવને ઓર.

જેના ચરણકમળની રજ પામી સત્વર બનતાં અનઘ
કરી ઉદ્ધાર શકી અહલ્યા, ધનુ શંભુનું તોડશે તે ના ?

જે બ્રહ્માએ છે સરજી સીતા અતિસુંદર શાંત પુનિતા,
તેણે સરજી રાખ્યો વર શ્યામ, કહ્યું સૌએ જય શ્રીરામ.

(દોહરા)

સુલોચના હર્ષિત બની નારી વિધુવદના,
સુમનોને વરસી રહી સ્નેહે સ્વાગતનાં.

ઉભય બંધુ જ્યાં જ્યાં જતાં, ત્યાં ત્યાં પરમાનંદ,
પ્રસરતો બધે સર્વને મળતી શાંતિ અનંત.

*

(આખ્યાન)

પૂર્વદિશામાં ઉભય ગયા, ધનુષ્યયજ્ઞનું સ્થાન મહા,
નિર્મિત આકર્ષક જોયું, સ્થાપત્યથકી મન મોહ્યું.

ઢાળી ત્યાં શુભ છત સુવિશાળ વેદિકા વળી શ્રેષ્ઠ રસાળ.
અવલોકી એ સર્વ રહ્યા, પ્રશસ્તિકેરાં વચન કહ્યાં.

ચોદિશ કંચનમંચ વિશાળ વિરાજવાના જ્યાં મહિપાલ,
તેની પાછળ ચારે કોર મંચસમૂહ સોહતા ઓર.

નગરજનોને માટે ખાસ આસન રાખ્યાં ત્યાં ચોપાસ;
વિશાળ ઉજ્જવળ ઉત્તમ ધામ વિવિધ રંગના શોભાઠામ
સ્વતંત્ર સ્ત્રીઓકાજ કર્યાં સ્વર્ગથકી વધુ સુખદ તમામ.

(દોહરા)

મિથિલાનાં શિશુએ સરસ સ્થાન બતાવ્યું એ,
પામ્યાં હર્ષ નિહાળતાં બંને બાંધવને.

સ્નેહ સમજતાં સર્વનો, રામે કર્યાં વખાણ,
યજ્ઞસ્થાનનાં, સર્વનું કરવાને કલ્યાણ.

રામે લક્ષ્મણને કરી પ્રશસ્તિ સ્થાનતણી,
લક્ષ્મણનું અંતર રહ્યું ભાવવિભોર બની.

નિમિષમાત્રમાં જેમનો પામીને આદેશ,
માયા ત્રિભુવનને રચે પરિશ્રમ વિના લેશ

માયાપતિ શ્રીરામ તે ચકિત બની જોતા,
ધનુષયજ્ઞના સ્થાનને દેહભાન ખોતાં.

ભક્તોના હિતકાજ તે લીલા એમ કરે,
દીનબંધુ દીનોતણી અશાંતિ ભીતિ હરે.

અદભુત રચના દેખતાં મુનિ પાસે આવ્યા,
વિલંબ ખૂબ થઈ જતાં ભય થોડો પામ્યા.

જેમના ભયે સર્વદા ભય ભયને પણ થાય,
સ્મરણ કર્યાનું જેમનું ભય ભક્તોતણો જાય

તે પ્રભુ દર્શાવી રહ્યા ભયથી ભજનપ્રભાવ;
મૃદુ મધુ શબ્દે એમણે શિશુને કર્યાં વિદાય.

વિનય પ્રેમ ભય ધારતાં સંકોચ સહિત બે,
પ્રણમ્યા મુનિને સાદર છેવટ બાંધવ એ.

(ચોપાઈ)

મુનિઆજ્ઞા થતાં સંધ્યાસમયે કર્યું સંધ્યાવંદન ઉભયે.
કથા ઈતિહાસ તેમ કહેતાં વીતી રાત ઘણી રસ લેતાં.

જ્યારે શયન મુનિવરે કીધું સેવાકાર્યને આરંભી દીધું,
પ્રેમે પાયને દાબવા લાગ્યા બની ભક્ત ગયા વણમાગ્યા.

તપયોગ કરે વૈરાગી જેના ચરણતણા અનુરાગી
તે જ મુનિના ચરણને સેવે ગણી જીવનને બડભાગી.
ધર્મમર્યાદાને જે સ્થાપે ધર્મમર્યાદ તે ન ઉથાપે.

વિશ્વામિત્રે કહ્યું વારંવાર ત્યારે પ્રસન્નતાથી અપાર,
કર્યું શ્રીરઘુનાથે શયન, બન્યું છેક સમાહિત મન.

લક્ષ્મણે પગ દાબ્યા ત્યારે રઘુનાથના ભાવથી ભારે,
આપ્યો આદેશ સૂવા માટે ત્યારે સૂતા જઈને નિરાંતે.

(દોહરા)

ઉરમાં ધારી ચરણને સૂતા લક્ષ્મણ એ;
જાગ્યા બ્રાહ્મમુહૂર્તમાં યોગી જેમ જ ને.

જગન્નાથ શ્રીરામ પણ મુનિ પહેલાં જાગ્યા,
સર્વભાવથી સાદર પ્રથમ પગે લાગ્યા.

સ્નાનાદિ કરી મુનિપદે પ્રેમે કરી પ્રણામ,
ચાલ્યા પૂજાપુષ્પને માટે લક્ષ્મણ રામ.

જોયો વિશાળ એમણે નૃપનો સુંદર બાગ,
વસંતઋતુ ત્યાં વિહરતી કરી અમર અનુરાગ.

નવપલ્લવ ફળફૂલથી શોભિત સુરદ્રુમશાં,
મનમોહન વૃક્ષો વિવિધ લતામંડપો ત્યાં

જોયાં પોપટ ચાતક કોયલ વળી ચકોર,
સુમધુર સ્વરથી નર્તતા વિહરતા વળી મોર.

મધ્યભાગમાં શોભતું સરોવર સુખદ એક,
મણિનાં મધુ સોપાન ત્યાં નિર્મલ નીરે છેક.

સરસિજ બહુરંગી સરસ, કુજે વારિવિહંગ,
ગૂંજે ભ્રમર પ્રસન્નતા પ્રગટાવી નવરંગ.

પ્રસન્ન નીરખીને બન્યા પરમ રમ્ય એ બાગ,
રામના હ્રદયમાં થયો અકલ્પ્ય અદભુત રાગ.

(ચોપાઈ)

કરી પ્રસન્ન સકળ માળીગણ, લેવા લાગ્યા ફૂલ મુદિતમન,
સીતા તે સમયે ત્યાં આવી સ્વર્ણપાત્ર પૂજાનું લાવી.

સંગ સખી સૌ સુંદર શાંત ગાતી સુમધુર સ્વરથી ગાન;
સરોવરમાંહી સ્નાન કર્યું તનમનઅંતર એથી ઠર્યું.

સરવરની છેક હતું પાસ પાર્વતીતણું મંદિર ખાસ,
વર્ણન એનું કેમ કરાય, જોતાંવેંત જ ચિત્ત ધરાય.

પ્રસન્ન મનથી મંદિરમાં પૂજા કરી પ્રણયથી ત્યાં
નિજ અનુરૂપ સુભગ ગુણવાન પતિની કરી કામના પ્રાણ.

સખી એક સૌને ત્યાગી બનતાં જાણે બડભાગી,
પુષ્પવાટિકા તરફ ગઈ જોતાંવેંત જ મુગ્ધ થઈ.

જોયાં લક્ષ્મણ તેમજ રામ એક ગૌર ને બીજા શ્યામ,
સીતા પાસે સત્વર આવી સુખમય સમાચાર લાવી.

(દોહરા)

રોમાંચ તને નેત્રમાં જોયું સૌએ નીર;
કારણ એના હર્ષનું સમજાયું ન લગીર.

પૂછયું કારણ એહની દશા અકળ જોઈ,
ત્યારે એણે ભાવથી કહ્યું અશ્રુ લોઈ.

(આખ્યાન)

જોવા આવ્યા બાગ કુમાર, કિશોર વય સૌન્દર્ય અપાર,
કેમ કરીને કરું વખાણ, લોચનને ના વદવા વાણ.

તેથી તે શકતાં ન કહી; વાણી લોચન વિના રહી
તેથી તેણે ના નીરખ્યા, કેમ શકે તે પૂર્ણ કહી ?

હરખી સખી સુણીને વાણી, સીતાની જિજ્ઞાસા જાણી
કોઈ વદી એ રાજકુમાર મુનિની સાથે આવ્યા કાલ.

રૂપમોહિની નાખી એવી પ્રજા બની છે પાગલ જેવી,
એમની જ સૌ કથા કરે સ્વરૂપકેરું ધ્યાન ધરે.

દર્શન કરવા યોગ્ય કુમાર, પામે કો મહિમાનો પાર;
સીતાને એ વચન ગમ્યાં, લોચન આતુર છેક બન્યાં.
પ્રીત પૂર્વની કોણ કળે, અજ્ઞાત છતાં માર્ગ કરે.

(દોહરા)

વચનો નારદનાં સ્મરી ઊપજી પ્રીત પુનિત,
ચકિત ચતુર્દિશ દેખતી મૃગલી જેમ સભીત.

સીતા ચાલી અનુસરણ સખીતણું કરતાં;
લોલ લોચનો બાગમાં બધે રહ્યાં ફરતાં.

*

## ૧૯. સીતાનું દર્શન

(આખ્યાન)

કડાં ઘૂઘરી નૂપુરસ્વર સુણી વદ્યા રસભર રઘુવર,
લક્ષ્મણ મુજને લાગે એમ વિશ્વવિજયનો મનથી જેમ,
કંદર્પે સંકલ્પ કર્યો પ્રભાવ એનો પરમ ફર્યો.

એમ કહી રામે જોયું મુખમંડળ મધુરું જોયું,
સીતાનું મુખમંડળ ઓર ચંદ્ર લોચનો બન્યાં ચકોર.

લોચન લોલ સુસ્થિર થયાં, સમાધિસુખમાં સરી રહ્યાં,
પલકાર બધા બંધ પડ્યા, અંતરને સંસ્કાર અડ્યા.

શોભાથી સુખ પામ્યા રામ બની રહ્યું અંતર કૃતકામ.
પ્રશંસા કરી પ્રીત રહી, વચન ન આવ્યું વદનમહીં.

બ્રહ્માએ સૌન્દર્યતણી હોય નિપુણતા પ્રગટ કરી
મૂર્તિમંત સીતા એવી અનુપમ રસેશ્વરી જેવી.

સુંદર વધુ સૌન્દર્ય કરે, રસને પણ રસ અધિક ધરે,
સુંદરતાના સદનમહીં દીપકશિખા જ હોય જલી,
દીઠું અદભુત એવું રૂપ સીતાનું સુખસભર સ્વરૂપ.

ઉપમા કેમ કરી આપું, કયા અલંકારે માપું,
ઉપમા કવિજનતણી અપૂર્ણ વર્ણન કરી શકે ના પૂર્ણ.

(દોહરા)

સીતાના સૌન્દર્યનું વર્ણન ઉરે કરી,
રામે પોતાની દશા રસમય ધ્યાન ધરી.

પવિત્ર મનથી અનુજને ઉદ્દેશી વચનો
વખતને વિચારી કહ્યાં હરતાં ભ્રમ મનનો.

સીતા આ છે જનકની ધનુષયજ્ઞ કારણ,
ગૌરીપૂજન કાજ છે આવી મનભાવન.

પુષ્પવાટિકામાં ફરી કરતી દિવ્ય પ્રકાશ,
રેલે રસને હૃદયમાં રેલી બધે સુહાસ.

અલૌકિક નિહાળી ખરે સુંદરતા એની,
સહજ પુનિત મુજ પ્રાણમાં ક્ષોભ થયો ગેબી.

કારણ એનું સત્ય તો વિધાતા જ સમજે,
સુખકારક શુંભ અંગ પણ મારું આ ફરકે.

રઘુવંશીનો સહજ છે પ્રસિદ્ધ શુદ્ધ સ્વભાવ,
મનમાં એના હોય છે પાપવિચાર અભાવ.

કદી કુમાર્ગે ના કરે પ્રયાણ મન એનું,
આસક્ત કુકર્મે બને જીવન તો શેનું ?

મારા મનનો છે મને પૂર્ણ ખરે વિશ્વાસ,
સ્વપ્ને પણ પરનારની કરી ન એણે આશ.

શત્રુ જેમની પીઠને રણમાં જુએ નહીં,
પરસ્ત્રી આકર્ષી શકે જેને નહીં કહીં;

નિરાશ યાચકને કદી જે ન કરી શકતા,
એવા નરપુંગવ મળે અધિક નહી જગમાં.

વાત રામ કરતા છતાં મોહાયેલું મન,
સીતાનું ન તજી શક્યું ક્ષણને માટે તન.

મુખસરોજ મકરંદનું કરે મધુપ સમ પાન,
પુલકિત બનતો એ થકી પવિત્ર પ્રેમળ પ્રાણ.

*

(આખ્યાન)

ચતુર્દિશ જુએ ચકિત થઈ ચિંતન સીતા એ જ કરી
શોધે લોચન ઉભય કિશોર ચાલ્યા ક્યાં ચિત્તતણા ચોર.
પેખે જ્યાં મૃગશાવક નેન દેખે શ્વેતકમળ સપ્રેમ.

લતા ઓથમાં ઉભય કુમાર જોયા ત્યાં સુંદર સુકુમાર;
લલચાયાં લોચન કૃતકામ જોઈ રૂપ અકળ અભિરામ.

દિવ્ય ખજાનો ગયો મળી ઓળખ એની તરત થઈ,
અનુભવી રહ્યું અંતર એમ, હરખાયાં નયનો મધુ તેમ.

મુગ્ધ થઈ સ્તબ્ધ બની આંખ, ફૂટી પંખીને હો પાંખ,
નીરખી એવો થયો ઉમંગ, ચાલ્યું ચિત્ત રામની સંગ.

તજ્યા પાંપણોએ પલકાર, મળ્યો એમને રસનો સાર;
ભાવે તનમન બન્યાં વિભોર, જુએ શરદનો ચંદ્ર ચકોર
સીતા એમ નિહાળી રહી રઘુનંદનને ભાવભરી.

હૃદયે ધારી રામ રસાળ બંધ કર્યાં પાપણનાં દ્વાર;
સીતાએ ના કશું કહ્યું, જીવનનું સુખ શ્રેષ્ઠ લહ્યું.

જાણી એને ભાવવિભોર સંકોચ થયો સત્વર ઓર
સખી છતાં ના કશું વદી જોતા રસની મૂર્તિ ઘડી.

(દોહરા)

ત્યાં જ લતામંડપ થકી પ્રગટ્યા બંને ભ્રાત,
પ્રગટે નિર્મળ ચંદ્ર બે જેવા એકીસાથ.

વાદળસમૂહને કરી દૂર એમ લાગ્યા,
પ્રકૃતિ પ્રાણે અવનવાં કામણ મધુ જાગ્યા.

*

(ચોપાઈ)

શોભાધામ હતા બંને વીર, કાંતિ કમળશી પીત ને નીલ.
મોરપંખ શિરે ચારુ સોહે, વચ્ચે કુસુમકળી મન મોહે.

ભાલે તિલક ને પ્રસ્વેદબિંદુ, કર્ણે ભૂષણ શોભાસિંધુ.
વક્ર ભ્રમર ને વાંકા કેશ, લાલ નૂતન કમળશાં નેત્ર.

ચારુ નાસિકા ચિબુક કપોલ, હરે હાસ હૈયાને લોલ;
શોભા મુખની કહી ના જાય, જોઈ કામ અનેક લજાય.

હૈયે સોહે મણિની માળ, ગ્રીવા શંખ સમાન રસાળ;
ભુજા સંમોહન શક્તિશાળી, વામ કરમાં ફૂલો માળ ન્યારી.

(દોહરા)

કટિ તનુ સિંહસમી વળી પીતાંબરધારી,
શ્રીગુણના ભંડારશા મધુ મંગલકારી

રઘુકુળભૂષણ રામને જોતાંવેંત સખી,
પોતાને ભૂલી ગઈ બનતાં મુગ્ધ ઘડી.

(ચોપાઈ)

સખી ચતુર ધીરજ ધરીને લાગી સીતાને કહેવા ફરીને,
ધરો પાર્વતીનું પછી ધ્યાન; શીલ સૌંદર્યકેરા પ્રાણ

કોટિ કામને કરતા અસાર જરી જુઓ એ રાજકુમાર.
આંખ ખોલી સીતાએ ત્યારે, પેખ્યા રાજકુમારોને પ્યારે

નખશીશ જોઈ રામશોભા, કિન્તુ સ્મરતાં પિતાની પ્રતિજ્ઞા,
મન પામ્યું એનું અતિ ક્ષોભ, થયો કેમે નહીં સંતોષ.

સ્નેહવશ સીતાને જોઈ સખી બોલી મોહિની ખોઈ,
જવું યોગ્ય છે આપણે આજે, કાલે આવીશું આ મધુબાગે.

ગૂઢ શબ્દો સુણીને સીતા પામી સંકોચ સહજપુનિતા.
ધરી ધીરજ છેવટે ચાલી મૂર્તિ રામની હૃદય ધારી.

(દોહરા)

વિલંબ ખૂબ થયો છતાં મન ના હજુ માન્યું,
ભાગ્ય અધિક અનુકુળ ના પોતાનું જાણ્યું.

વિહગ વૃક્ષ મૃગ બાગનાં જોવાને બહાને,
જોતી પાછળ જાનકી પ્રેમ ભરી પ્રાણે.

રૂપ રામનું નીરખતાં વધતો પ્રતિપળ પ્રેમ,
સંસ્કારો આત્માતણા કામ કરે ના કેમ ?

(ચોપાઈ)

શિવધનુને ભારે જાણી કલ્પના કરીને મનમાની
રઘુનંદન હૃદયે ધારી ચાલી સીતા પ્રાણને વાળી.

સુખ સ્નેહ શોભા ગુણખાણ થઈ રામને જ્યારે જાણ,
ચાલી બાગથી કે સુકુમારી અનુભૂતિ કરાવી ન્યારી.

સ્નેહશાહી બનાવી ત્યારે મૃદુ પ્રાણના ચારુ ચિતારે,
ધારી ભાવથી એને ભાલે કરી ચિત્રિત ચિત્તદીવાલે.

સીતા માત ભવાની મંદિરે આવી ભાવથી પગલે ધીરે,
વંદી ચરણકમળમાં માનાં કર્યા ભાવને વ્યક્ત મજાના.

(રાગ - જય દેવી જય દેવી)

જય જય ગિરિવરરાજકિશોરી, જય મહેશમુખચંદ્રચકોરી,
જય ગણપતિ-કાર્તિકની માત જગજનની વિદ્યુત દ્યુતિ માત્ર.

આદિ મધ્ય તવ ના અવસાન, પ્રભાવથી સૌ વેદ અજાણ;
ભવભવ સ્થિતિ કરતી સંહાર વિશ્વમોહન સ્વૈરવિહાર.

(દોહરા)

સતી સ્ત્રીઓમાં માત તુજ થતી પ્રથમ ગણના,
સહસ્ત્ર શેષ સરસ્વતી સમજે ના મહિમા.

અનંત મહિમાને શકે વર્ણવી નહીં તે,
માનવ યત્ન કરે છતાં વર્ણવી શકે શે ?

(આખ્યાન)

સેવ્યાથી સ્નેહે તુજને શ્રદ્ધાથી ભરપૂર મને,
સુલભ થાય છે ચારે ફળ, બની જાય જીવન ઉજ્જવળ.

ભજીને તારાં ચરણકમળ માનવ દેવ તથા મુનિવર,
સુખી શાંત ને ધન્ય બને પુરારિપ્રિય વરદાયિની હે!

જાણે માત મનોરથ મારા, વસે સર્વ ઉરનગરે ન્યારા;
પ્રગટ કર્યા ના એથી મેં, વદી જાનકી વંદીને.

વિનય પ્રેમવશ માત થઈ, કંઠે સરકી માળ રહી,
મંદ મધુર એ મૂર્તિ હસી આશિષને અર્પવા કશી.

માન્યો એને મહાપ્રસાદ કૃપાતણો મંગલ વરસાદ;
વચનને સુણી માતતણાં શમી ગયો સઘળો અવસાદ.

સીતા અર્પું આશીર્વાદ, મિથ્યા થશે ન મારી વાત,
મનોકામના પૂર્ણ થશે, નારદવચન સત્ય બનશે,
મન લાગ્યું જેમાં પ્રતિપળ મળશે શ્રેષ્ઠ તને તે વર.

(દોહરા)

મન જેમાં લાગી ગયું જેમાં સ્નેહ કરી,
સ્વભાવસુંદર શ્યામ વર રહેશે તને મળી.

કૃપાસિંધુ સર્વજ્ઞ તે સ્નેહ શીલ જાણે,
સ્વલ્પ સમર્પણ સ્નેહનું અધિક કરી માને.

સખી સાથ સીતા પરમ પામી આશીર્વાદ,
હરખી મંગલ વરસતાં અનુગ્રહનો વરસાદ.

પૂજી ગૌરીને પછી પ્રેમે વારંવાર,
સીતા પ્રસન્ન ચિત્તથી ચાલી તરત બહાર.

સમજી સર્વપ્રકાર એ ગૌરીને અનુકૂળ,
પ્રગટયું સીતાના ઉરે ઉલ્લાસ તણું પૂર.

વામ અંગ ફરકી રહ્યું મંજુલ મંગલમૂળ,
ચિત્ત થયું સાર્થક થઈ ચાહમહીં ચકચૂર.

*

(આખ્યાન)

કરતા સીતાશોભા વખાણ ગુરુપાસ ગયા પ્રેમપ્રાણ;
રામે કૌશિકને બધું કહ્યું, સ્રોત સ્વભાવિક રીતે વહ્યું.

હતો એમનો સરળ સ્વભાવ, વિશ્વામિત્રનો ગાઢ પ્રભાવ,
છળ સ્પર્શી શકતું ના કેમે, હતો અવિશ્વાસનો અભાવ.

પુષ્પો પામી કરીને પૂજા, હતા દેવ કોઈ ના દૂજા,
શુભાશીર્વાદ અર્પ્યા સ્નેહે જાણે કરુણા કરી હો મેહે.

મનોરથ સફળ સૌ થાવ, ગીત જીવનનું સુખે ગાવ;
રામ-લક્ષ્મણ આનંદ પામ્યા પામી શ્રેષ્ઠ એવો શિરપાવ.

કરી ભોજન મુનિવર જ્ઞાની લાગ્યા કહેવા કથાને પુરાણી;
થતાં શાંત ત્યાં સંધ્યાકાળ છૂટા પડયા બે રાજકુમાર.

પૂર્વે પ્રગટ્યો ચારુ ચંદ્ર એવો પ્રગટ્યો સીતામુખચંદ્ર,
રામ પેખી એને સુખ પામ્યા, શેષ સંકલ્પ સત્વર શામ્યા.

કર્યો મનમાં એમ વિચાર ચંદ્ર ચારુતાનો અવતાર,
તોય સીતાના મુખના જેવો એને કેમ કરીને કહેવો !

(દોહરા)

જન્મ સિંધુમાં બંધુ વિષ મંદ દિને સકલંક,
સીતામુખ સમતા કરે ચંદ્ર કેમ આ રંક?

(ચોપાઈ)

વધે ઘટે વિરહીને બાળે, દુઃખ અંતરને દે અકાળે,
રાહુ એને ગ્રસે ગ્રસે એમ પ્રેમી પ્રાણને અજ્ઞની જેમ.

ચક્રવાકને શોક કરાવે, કમળોને દ્રોહથી ડરાવે,
ઘણા અવગુણ એનામાં એમ, જેમ સુગંધ વિનાનું હેમ,
પરિપૂર્ણ કહેવાય કેમ?

વૈદેહીના વદનની ઉપમા આપું ચંદ્ર તને કવિતામાં,
અનુચિત કર્યાનો તો દોષ દીસે મુજને, કરીશ ન રોષ.

સીતાવદનની વર્ણવી કાંતિ આવી ગુરુ પાસે પામ્યા શાંતિ;
મુનિચરણે કરીને પ્રણામ આજ્ઞા પામી કર્યો વિશ્રામ.

જાગી ગયા પ્રગટતાં પ્રભાત, કહ્યું પ્રેમથી લક્ષ્મણ ભ્રાત,
ઊગ્યો પ્રાચીમાં પેલો અરૂણ દેતો પદ્મને લોકને સુખ.

ચક્રવાકને જીવન દેતો, વ્યથા વિયોગની હરી લેતો;
ત્યારે લક્ષ્મણે કોમળ વાણ કહી સાંભળો આપીને ધ્યાન.

(દોહરા)

અરૂણોદયથી કુમુદ સૌ પામ્યાં આ સંકોચ,
તારાગણના તેજનો ખૂટયો સઘળો કોશ.

એમ આગમનથી થયા રાજા સૌ ભયભીત,
તમારા ઉદયથી બન્યા નિર્બળ ને ચિંતીત.

(ચોપાઈ)

નૃપનક્ષત્ર દે અજવાળું પણ ધનુનું ના ટાળે અંધારું;
રાત વીતતાં ચક્રવાક પદ્મ મધુકર પામે ઉલ્લાસ

ભક્ત પ્રેમી તમારા તેમ ધનુ તૂટતાં પામશે ક્ષેમ,
સુખસાગરે સ્નાન કરીને થશે ધન્ય છેવટે સપ્રેમ

સૂર્ય ઊગ્યો ટળ્યો અંધકાર, શ્રમ વિના પ્રગટ્યો પ્રકાશ,
ઉડુગણો અદૃશ્ય થયા છે, નભ નવું નવીન હવા છે.

સૂર્યે પ્રગટ બનીને તમારા દર્શાવ્યો છે પ્રતાપને ન્યારા;
મહિમા અન્ય રાજાને બતાવ્યો, વીરતાનો વિવાદ શમાવ્યો.

ધનુ તોડવાની પ્રક્રિયા તો માત્ર અભિનય છે મહિમાનો,
જેથી જગત તમોને જાણે સર્વશ્રેષ્ઠ બલિષ્ઠ પ્રમાણે.

સુણી લક્ષ્મણનાં વચનો એ કર્યું મંગલ મધુ સ્મિત રામે,
કરી સ્નાન ગુરુ પાસે આવ્યા, લાગ્યા આજ્ઞા પ્રમાણે કામે.

જનકે શતાનંદને ત્યારે મોકલ્યા મુનિ પાસે પ્યારે,
સુણી સંદેશ પામ્યા આનંદ વિશ્વામિત્ર તપસ્વીવંદ્ય.

(દોહરા)

શતાનંદના ચરણમાં રામે કર્યા પ્રણામ,
મુનિએ ત્યારે જનકનાં વચનો કહ્યાં તમામ.

*

## ૨૦. સીતાના સ્વયંવરમાં

(દોહરા)

વિશ્વામિત્રે જનકના આમંત્રણ અનુસાર,
ધનુષયજ્ઞ જોવા કર્યા રઘુવરને તૈયાર.

કહ્યું લક્ષ્મણે આપનો અનુગ્રહ જેના પર,
તેને યશ શકશે મળી ભલે હો સ્વયંવર.

મુનિઓ પામી હર્ષ સૌ આપી આશીર્વાદ,
રામસાથ ચાલ્યા પછી જોવા કૃપાપ્રસાદ.

રંગભૂમિ પર રામ ને લક્ષ્મણને લાવ્યા,
મળતાં એવી માહિતી નગરજનો આવ્યા.

ગૌણ ગણી ગૃહકાર્યને જોવા લક્ષ્મણ રામ,
આબાલવૃદ્ધ ઊમટયાં નેહથકી નિષ્કામ.

દેખી ભારે ભીડને શુચિ સેવક જનકે,
કહ્યા પ્રમાણે આપવા લાગ્યા આસનને.

મૃદુ વિનીત વચનો વિવિધ પરિચારકે વદી,
સમુચિત સ્થાને સર્વનો કર્યો પ્રબંધ પછી.

(આખ્યાન)

આવ્યા બંને રાજકુમાર રૂપ તેમ ગુણના ભંડાર,
મનોહર હતાં ખૂબ શરીર, સુદર્શન હતા બંને વીર.

તારામંડળ વચ્ચે બે પૂર્ણ ચંદ્ર પ્રગટેલ નભે,
સોહી સુંદર એમ રહ્યા નૃપતિમંડળની મધ્યે.
જેની રહી ભાવના જેમ પ્રભુમૂર્તિ દેખાઈ તેમ.

જોયું નૃપે મહારણધીર વીરરસે કે ધર્યું શરીર,
ડર્યા કુટિલ નૃપ દેખી રામ, મૂર્તિ ભયાનક લાગી શ્યામ.

અસુરો છળથી વેશ ધરી નૃપતિતણો જે રહ્યા ભળી,
પ્રગટ તેમને કાળસમા દેખાયા રઘુવીર મહા.

નગરજનોએ માનવજાત અલંકારશા બંને ભ્રાત,
વરસાવી સુખશાંતિ રહ્યા જોયા ભવ્ય સ્વયંવરમાં.

(દોહરા)

નારી હર્ષાન્વિત બની નિજ મતિ રુચિ અનુસાર,
જોવા લાગી મૂર્તિમાં પ્રગટેલો શૃંગાર.

અનુપમ સોહી હો રહ્યો એવો કરી વિચાર;
દૃષ્ટિથી પામી નહીં માધુર્યતણો પાર.

(આખ્યાન)

વિદ્વાનોએ વિરાટરૂપ પ્રભુને પેખ્યા દિવ્યસ્વરૂપ,
બહુ મુખ કર પગ લોચન શીશ વર્ણવેલ વેદમહીં ઈશ.
જનકતણા પરિવારે તેમ પ્રિય કોઈક સ્વજનની જેમ.

જનકસહિત જોતી રાણી નિજ શિશુની જેમ જ શાણી.
પ્રીતિ વખાણી જાય નહીં, રાગે હૃદય રહેલું વહી.
રીતિ કથાય ન પ્રીતિતણી પ્રાણમહીં જે હોય વણી.

પરમ તત્ત્વમય સહજ પ્રકાશ શાંત શુદ્ધ સમ દિવ્ય અગાધ,
યોગીજને નિહાળ્યા એમ મૂલાધાર જગતના જેમ.

હરિભક્તોએ ઈષ્ટ સ્વરૂપ જોયું સુખદ પ્રશાંત અનૂપ,
સીતાનો સુખસ્નેહભર્યો ભાવ જાય કેમ ન કહ્યો.

અનુભવે છતાં કેમ કહે; કવિજન રહસ્ય કેમ લહે.
અવર્ણનીય અગોચર જે સ્વરમાં કોણ સમાવે તે ?

હતો જેમનો જેવો ભાવ પેખ્યા એવા કોશલરાવ.
દૃષ્ટિ તેવી સૃષ્ટિ કહી, બની વાત એ સત્ય રહી.

(દોહરા)

રાજ્યા રાજસમાજમાં કોશલરાજ કિશોર,
સુંદર શ્યામલ ગૌર તન, વિશ્વલોચન ચોર.

(આખ્યાન)

સહજ મનોહર મૂર્તિ બે, કોટિ કામની ઉપમા દે,
તોપણ લાગે તુચ્છ ખરે એવા લાવણ્યભર્યા એ.

શરદપૂનમના ચંદ્રથકી વદન ચારુ રસપૂર્ણ અતિ;
નીરજ નયન ગમે મનને, સમતા કરી શકે ન મતિ.

દૃષ્ટિ દિવ્ય ને મધુર ખરે કામદેવનું હૈયું હરે,
હૃદયને રુચે શાંતિ ધરે, વર્ણન એનું કોણ કરે?

મૃદુ કપોલ શ્રુતિ કુંડલ લોલ, ચિબુક અધર સુંદર મધુ બોલ.
ચારુ ચંદ્રકિરણોથી હાસ, ભ્રમર નાસિકા મનહર ખાસ.
તિલક કળાત્મક ભાલ વિશાળ, આકર્ષક અલિગણથી વાળ.

મુકુટ મસ્તકે પુષ્પકળી એની વચ્ચે સરસ ધરી;
ગરદન પર ત્રણ રેખ જણાય, ત્રિભુવનનું સૌન્દર્ય પમાય.

(દોહરા)

કંઠે મૌક્તિક માળ ને સોહે તુલસી હાર,
સિંહસમા ઊભા રહ્યા બલનિધિ બાહુ વિશાળ.

(ચોપાઈ)

પીતાંબર કટિ પર ભાથું કરમાં બાણધનુષ પાછું;
નખથી શિખા સુધી સૌ અંગ સુંદર ધારે ઓર જ રંગ.

જનતા જોઈ સુખી થઈ, એકાગ્ર બની આંખ ગઈ;
થયો જનકને હર્ષ અપાર, મુનિપદ ગ્રહ્યા પુનિત તત્કાળ.

સવિનય કથા સમસ્ત કહી રાજાએ પરિતોષ લહી,
રંગભૂમિ પ્રતિ કર્યું પ્રયાણ રામ-લક્ષ્મણે ખેંચ્યું ધ્યાન.

મુનિને સ્થાન બતાવ્યું સમસ્ત, બન્યા લોક જોવામાં વ્યસ્ત,
જ્યાં પણ જતા બે રાજકુમાર વિસ્મય સૌને થતો અપાર.

અભિમુખ સૌએ જોયા રામ મર્મ ન સમજ્યા કિન્તુ તમામ.
રંગભૂમિની રચના રમ્ય, આનંદ કર્યો પ્રગટ અદમ્ય
વિશ્વામિત્રે વદતાં એમ, માન્યું જનકે સુણતાં ક્ષેમ.

(દોહરા)

સર્વ મંચથી સુંદર ઉજ્જવળ મંચ વિશાળ,
બેસાડ્યા ત્યાં બંધુને મહિપાલે મુનિ સાથ.

*

(ચોપાઈ)

પ્રભુ પેખી બધા નૃપ હાર્યા જેમ પૂર્ણેન્દુ પ્રગટયે તારા;
સૌના મનમાં થયો વિશ્વાસ થશે સફળ ન આપણી આશ,
ધનુ તોડશે રાઘવ સાચે, ચિત્ત ભ્રમણામાં ના રાચે.

રઘુનંદન કંઠમાં માળા સીતા સ્નેહે આરોપશે ન્યારા,
શિવધનુષ તૂટયા પહેલાં, માનો મારાં વચનો કહેલાં.

યશ વીર્ય ને તેજ પ્રતાપ ખોઈ ભોગવતાં અભિશાપ,
લઈ મનના મનોરથ મનમાં ચાલો પોત પોતાના ઘરમાં.

અવિવેકી અજ્ઞાની માની હસી બોલ્યા બીજા નૃપ વાણી,
ધનુ તોડે કોઈ કરી ચાહ તોય કઠિન ખરે જ વિવાહ,
ધનુ તોડયા વિના સુકુમારી પામી કોણ શકે તો ન્યારી.

હોય કાળ ન કેમ કરાળ સીતા માટે કરીશું ના વાર,
યુદ્ધે જીતી લઈશું એને સુકુમારી વરીશું કેમે.

ધર્મપ્રેમી પ્રભુભક્ત શાણા, સુણી શબ્દોના તાણાવાણા,
લાગ્યા હસવા રાજવી અન્ય બોલી વચનો ધન્ય ધન્ય.

(દોહરા)

દર્પ દૂર નૃપનો કરી કરશે રામ વિવાહ,
દશરથસુતને જીતવા કોનામાં ઉત્સાહ.

(ચોપાઈ)

આત્મશ્લાઘામાં મિથ્યા મરો મા, સ્ત્રી સીતાને સામાન્ય ગણો ના;
મનના મોદકે ભૂખ ના ભાગે, ઘટે પાણી પીવું તૃષા જાગ્યે.

જગદંબા જાનકીને જાણો, રામ જગતપિતા પરમાણો,
ભરી લોચન નેહે નિહાળો, ભ્રમ ક્લેશ અશાંતિને ટાળો.

બંધુ સુખદ સદગુણભંડાર બંને શિવના ઉરે વસનાર;
વાળ વાંકો શકે કોણ કરી, ભાગ્ય એમને ગયું વરી.

છોડી સુધાસમુદ્ર સમીપ કરી મૃગ મરીચિકા પ્રીત,
દોડી શાને મરો જલ કાજે, બુદ્ધિમાનને એવું ના છાજે.

અમે જીવનનું ફળ પામ્યા, ક્લેશ દર્શનથી સર્વ શામ્યા;
અનુરાગભર્યા ભૂપ એમ બોલી જોવાને લાગ્યા સપ્રેમ
રઘુનંદનરૂપ અનૂપ તૃપ્તિ પામ્યા ના દેખી સ્વરૂપ.

દેવ વિરાજી વ્યોમ વિમાને જોતાં વારીવારીને જાણે
ગીત ગાઈ કરે પુષ્પવૃષ્ટિ; દીસે સાર્થક સઘળી સૃષ્ટિ.

(દોહરા)

સુયોગ્ય અવસર સમજતાં સીતાને જનકે,
તેડી સાદર લાવવા કહ્યું પ્રસન્ન મને.

(ચોપાઈ)

સીતાશોભા ન જાય વખાણી, લાગે સીમિત વૈખરી વાણી,
દિવ્ય રૂપ ને ગુણની ખાણ જગદંબિકા એ જગપ્રાણ.

ઉપમા સર્વ મને લઘુ લાગે પ્રાકૃત સ્ત્રીને અપાતી રાગે,
અંગને જ મહત્વનું માને જે ના આતમને પણ જાણે.

એવી સીતાને આપી ઉપમા પડે કુકવિ કો અપયશમાં;
કયી યુવતી સુંદર એવી જેને ઉપમા સીતાની દેવી ?

સરસ્વતીદેવી છે વાચાળ, પાર્વતી છે સુંદરતા સાર,
કિન્તુ એમનું અર્ધ શરીર અર્ધ શરીરમાં વસે શિવ.

રતિ પતિને તનુ વિણ જાણી કહે દુઃખી મહાહાનિ માની;
વિપ્ર વારુણી બાંધવ જેના સુખી દીસે રમા મને તે ના;
એને વૈદેહી જેવી ના જાણું કેવી રીતે અધિક તો માનું ?

સૌન્દર્યની સુધાનો હો સિંધુ, કૂર્મ પરમ સુંદર હો વિષ્ણુ,
મંદરાચલ હોય શૃંગાર રજ્જુ સૌન્દર્યનું કદીકાળ.

કરે કંદર્પ મંથન પોતે, બધી શક્તિઓ દૈવી જોતે,
એથી પ્રગટે લક્ષ્મીદેવી સુખસૌન્દર્યના મૂળ જેવી.

(દોહરા)

તોપણ કવિ સીતાસમી એને ના કહેશે,
સીતા વિશેષ સુંદરી એનાથી રહેશે.

(ચોપાઈ)

સીતા સાથ સખીરી શાણી ચાલી મનહર વદતી વાણી;
સુંદર સાડી સુભગ શરીરે, જગજનની ચાલે ધીરે.

શોભા અતુલિત અનુપમ એવી પૃથ્વીપટ પર પ્રગટી દેવી;
અંગપ્રત્યંગે આભૂષણ, નવ દેખાય કોઈ દૂષણ.

રંગભૂમિમાં સીતા પધારી, જોઈ રૂપ મોહ્યાં નરનારી;
બન્યાં દર્શનમાત્રથી મુગ્ધ, બન્યાં કોઈક શુદ્ધ પ્રબુદ્ધ.

દેવતાએ વાદ્યોને વગાડ્યાં, ગીત અપ્સરાઓએ જગાડ્યા;
પુષ્પવૃષ્ટિ કરીને પ્રેમે ભક્તિભાવ દર્શાવ્યો કેમે.

સોહે હાથમહીં જયમાળા આંખે ગંગાયમુનાની ધારા;
જોવા લાગ્યા બનીને ચકિત, સૌએ વિચાર્યું સૌને ઘટિત.

સીતા ચકિતચિત્તે લાગી જોવા રામને જોઈને ભાન ખોવા;
મુનિ પાસ વિરાજેલા જોયા, ભાવો પ્રેમરસે બધા ધોયા.
જૂનો જાણે ખજાનો લાધ્યો, સ્થિર નેત્ર થયાં, સ્નેહ વાધ્યો.

(દોહરા)

ગુરુની ઉપસ્થિતિ વળી જનસમાજ સુવિશાળ,
જોઈ સીતાને થયો પણ સંકોચ લગાર.

રઘુવરને રાખી હૃદય સખી તરફ જોયું,
લાગ્યું સીતાને કશું જાણે કે ખોયું.

રઘુનંદનનું રૂપ ને સીતાનું લાવણ્ય,
સ્તબ્ધ બની પેખી રહ્યાં નરનારી સૌ ધન્ય.

વિચારે છતાં ભાવને કથતાં સંકોચાય,
વિનય વિધાતાને કરે માની એ જ ઉપાય.

વિધિ, તમે જ જલદી હરો જડતા જનકતણી,
અર્પો સન્મતિ એમને અનુગ્રહથકી ઘણી

વિચાર્યા વિના જે થકી તજે પ્રતિજ્ઞા રાજ,
વિવાહ સીતા-રામનો કરે ઉમંગે આજ.

વખાણશે સર્વે વળી સૌને એ ગમશે,
હઠાગ્રહ કર્યાથી હૃદય વ્યર્થ સદા બળશે.

પ્રતીતિ સૌને છે થઈ સુયોગ્ય વર છે આ,
રામ શ્યામસુંદર વિના કોઈ ઉત્તમ ના.

બોલાવ્યા બંદીજનો જનકે પછી સપ્રેમ,
પ્રતિજ્ઞા કરી યાદ ને યાદ કરાવ્યો નેમ.

બંદીજન બોલ્યા વચન સુણો સકળ મહિપાલ,
પ્રતિજ્ઞા કહીએ અમે ભુજા પ્રસારી વિશાળ.

*

(ચોપાઈ)

નૃપભુજબળ ચંદ્ર છે ચારુ, ધનુ શંકરકેરું રાહુ,
એ છે ભારે પ્રબળ કઠોર, જામે દર્શક ચારે કોર.

રાવણ બાણાસુર સમા વીર આવ્યા ધનુષ પાસે અધીર,
જોતાંવેંત એને ગયા પાછા સ્પર્શવાની કરી ના આશા.

શિવધનુષ્ય આજે કઠોર તોડી દેશે કરીને શોર,
ત્રિભુવનના વિજયી એને સીતા વરશે સત્વર સ્નેહે.

વીરતાના અભિમાની ભૂપ સુણી શબ્દો રહ્યા ના ચૂપ;
ઊઠ્યા કમર કસી અકળાઈ ઈષ્ટદેવને શીશ નમાવી.

આવી આવેશમાં ધનુ જોયું એને ઉઠાવવા બળ ખોયું,
તોય હાલી શક્યું ના અલ્પ, એની શક્તિ હતી ના સ્વલ્પ.

(દોહરા)

વિવેકવાન ગયા નહીં ધનુષ્યની પાસે;
શરમાઈ ચાલ્યા ગયા આવેલા આશે.

વીરોનું બળ પામતાં અધિકાધિક ભારે
થતું ગયું ધનુ શંભુનું, કોણ કહો ધારે?

(ચોપાઈ)

દસ સહસ્ત્ર લાગ્યા ભૂપ એકસાથ ઊચકવા ધનુષ,
તોય હાલી શક્યું ના એમ કામી વચને સતી મન જેમ.

સર્વે નૃપનો થયો ઉપહાસ જેમ વૈરાગ્ય વગર સંન્યાસ,
કીર્તિ વીરતા ને જય ભારી ગયા ધનુષના હાથે હારી

થયા નિસ્તેજ હારેલા રાજ બેઠા પોતપોતાને સમાજ;
દેખી સૌને જનક અકળાયા, મુખે નૈરાશ્યના શબ્દ આવ્યા.

દ્વીપ દ્વીપના ભૂપતિ આવ્યા સુણી મારી પવિત્ર પ્રતિજ્ઞા,
આવ્યા દેવ ને દાનવ ધરી તન માનવનાં વીર વળી.

(દોહરા)

તોય ધનુષને તોડતાં વિજયશ્રી વરતાં,
રાજકુમારી કીર્તિને મનપસંદ વરતાં.

સાર્થક જીવન શૌર્યથી કરવાને કોઈ,
વિરંચિએ જાણે ઘડ્યો વીર નથી જોઈ.

લાભ ગમે કોને નહીં આવો મેળવવો,
તોય કરે સંધાન ના એવો વીર મળ્યો.

તોડવાતણી વાત તો ધનુને દૂર રહી,
હઠાવી શક્યું ભૂમિથી કો તિલમાત્ર નહીં.

અભિમાની કોઈ બની હવે ન કરશો ક્રોધ,
વીરહીન પૃથ્વી થઈ થયો છે મને બોધ.

આશાને છોડી હવે ગૃહપતિ થાવ વિદાય,
લખ્યો વિધાતાએ નથી સીતાતણો વિવાહ.

પ્રતિજ્ઞા તજું તો પછી થાય સુકૃતનો નાશ,
વૈદેહી અવિવાહિતા રહે એ જ છે આશ.

પ્રતિજ્ઞા કરી પ્રથમથી હાંસીપાત્ર ના થાત,
વીરહીન ધરતી બની જો હું જાણી જાત.

શબ્દ જનકના સાંભળી દુઃખી બન્યાં નરનાર;
લક્ષ્મણના મનમાં રહ્યો રોષતણો ના પાર.

ભ્રૂકુટિ બની વાંકી થયાં લોચન ક્રોધે લાલ,
હોઠ રહ્યા ફરકી ઉભય નીરખીને મહિપાલ.

રઘુનંદનની ભીતિથી શાંત પડેલી વાણ,
વાગ્યાં વચન પરંતુ એ સુતીક્ષ્ણ જાણે બાણ.

રઘુનંદનના ચરણમાં મસ્તકને નામી,
બોલ્યા લક્ષ્મણ વીરતાભર નિર્ભય વાણી.

(ચોપાઈ)

રઘુવંશી સભામાં જે હોય એમાં આવું કહે ના કોય;
રઘુકુળમણિ રામને જાણી વદ્યા જનક અનુચિત વાણી.

સુણો રઘુકુળપંકજભાણ, કહું સહજ છોડી અભિમાન,
અનુશાસન હોય તમારું જગ કંદુક જેમ ઉઠાવું.

ફોડી નાખું કાચા ઘટ જેમ, મેરુગિરિને તોડું તુરી જેમ,
પ્રભુ તમારા પ્રતાપની પાસ જીર્ણ પિનાકનો શો હિસાબ.

આપો આદેશ કરું કૌતુક એમાં થાય કશી ના ચૂક,
પદ્મનાળની પેઠે ચઢાવી દોડું ચાપને આજ ઉઠાવી.

(દોહરા)

તમારી કૃપાથી જઉં સો યોજનપર્યંત,
બિલાડીટોપ સમાન ને ધનુ તોડું ભગવંત.

એમ કરું ના તો કહું શપથ લઈને હું,
ધનુષબાણને હાથમાં સ્વપ્ને પણ ન ગ્રહું.

(ચોપાઈ)

બોલ્યા લક્ષ્મણ સકોપ વાણ, કંપ્યો પૃથ્વીતણો એથી પ્રાણ,
ડોલ્યા દિગ્ગજ, સઘળા લોક બન્યા ભયભીત ધારતાં શોક.

સીતા હર્ષ પામી નવ આશે, મિથિલાપતિ ન્હાયા હુલાસે,
થયો એમને સહજ સંકોચ, શક્યા સમજી લક્ષ્મણનો રોષ.

વિશ્વામિત્ર ઋષિમુનિ રામ થયા પ્રસન્ન આત્મારામ;
રામે લક્ષ્મણને સંકેતે શાંત પાડી બેસાડ્યા પ્રેમે.

વિશ્વામિત્રે સમય શુભ જાણી કહી સ્નેહછલેલી વાણી,
રામ ઊઠો ને તોડો ચાપ હરો જનકનો સંતાપ.

ગુરુવચન સુણીને રામ ઊઠી સાદર કરતાં પ્રણામ,
હર્ષશોક ઉભયથી મુક્ત ચાલ્યા સિંહસમાન સતૃપ્ત.

(દોહરા)

મંચરૂપી ઉદયાચલે પ્રગટ્યા સૂરજ રામ,
વિકસ્યાં સંતસરોજ, અલિ બન્યાં નેત્ર કૃતકામ.

*

## ૨૧. ધનુષ્યનો વિજય

(ચોપાઈ)

ગઈ નૃપની આશાનિશા નાસી, શક્યા શબ્દતારા ના પ્રકાશી;
માની મહિપકુમુદ કરમાયાં, શઠ ભૂપ ઉલૂક લપાયાં.

થયા શોકરહિત મુનિ દેવ ચક્રવાકસમા કરી સેવ,
પુષ્પોને વરસાવી પ્રેમે, રાગ રોકી શકાયો ના કેમે.

ગુરુચરણોમાં પ્રણમી પ્રેમે ધનુ તોડવાની પછી નેમે,
રામે માગ્યો મુનિઓનો આદેશ, ચાલ્યા શૌર્યનો ધારી આવેશ.

મત્તમંજુ કુંજરચાલે ચાલ્યા, હૈયાં દર્શકકેરાં હાલ્યાં;
સુખ પામ્યાં સઘળાં નરનારી, તન રોમાંચથી થયાં ભારી.

દેવ પિતૃને કરતાં પ્રણામ કર્યું સુકૃત સ્મરણ સકામ,
હોય પુણ્યપ્રભાવ અમારો, આવ્યો અવસર તો આ ન્યારો,
ધનુ ગણેશ ! શંકરકેરું તોડો રામ તો શીઘ્ર અનેરું.

(દોહરા)

સ્નેહે નીરખી રામને સીતામાતાએ,
સખીવૃંદ બોલાવતાં કહ્યું આર્ત હૃદયે.

(ચોપાઈ)

કહેવાય હિતૈષી જેઓ બની બેઠા કૌતુકપ્રિય તેઓ;
કોઈ વિશ્વામિત્રને કહે ના હઠ કરવી આવી ઘટે ના.

રામ બાળક રાજકુમાર કેમ સમજે ધનુષ્યનો સાર;
બાણાસુરે રાવણે ના સ્પર્શ કર્યો જેને, રાજાઓનો દર્પ
જેણે દૂર કર્યો તેને રામ તોડી પૂર્ણ કરે કેમ કામ ?

રાજહંસનું નાનું બાળ મંદરાચળ શે કરે પાર ?
મતિ ભૂપની મંદ પડી છે, ગતિ વિધિની અગમ્ય બની છે.

ત્યારે બોલી સખી એક રાણી ! તેજસ્વીની શક્તિ ના નાની;
ક્યાં અગસ્ત્ય ને સિંધુ અપાર છતાં યશ ફેલાયો સંસાર,
શોષી એમણે લીધો એને, સુણી અચરજ થયા ના કેમે.

રવિમંડળ લઘુ દેખાય તોય સામાન્ય ના કહેવાય,
એના થતાં ઉદય વિસ્તાર હઠે ત્રિભુવનનો અંધાર.

(દોહરા)

મંત્ર પરમ લઘુ વશ છતાં કરતો વશ સઘળા,
અંકુશ મત્ત ગજેન્દ્રની મુક્તિને હરતો.

(ચોપાઈ)

કામે કુસુમનાં ધનુષબાણ લઈ ત્રિભુવનનો હર્યો પ્રાણ,
એમ સમજીને સંશય છોડો, ધનુ તૂટશે વિશ્વાસ જોડો.

સુણી શબ્દોને થઈ પ્રતીતિ મટ્યો ખેદ ને વાધી પ્રીતિ;
દેખી રામને સીતાએ ત્યારે કરી પ્રાર્થના ભયભીત પ્રાણે.

રહી સીતા દેવોને મનાવી બનો પ્રસન્ન શંભુભવાની !
સેવા સફળ તમારી કરો ધનુષ્યની ગુરુતા હરો.

વરદાયક ગણપતિ દેવ, કરી સ્નેહે તમારી સેવ,
સુણી પ્રાર્થના સત્વર મારી હરો ભાર ધનુષનો ભારી.

(દોહરા)

રઘુવર તનને પેખતાં પ્રાર્થતી ધરી ધીર,
ભરી લોચને પ્રેમજલ પુલકાવલિ શરીર.

(ચોપાઈ)

શોભા રામની આંખે ભરીને પણ પિતાનું યાદ કરીને,
થયો સીતાના મનમાં ક્ષોભ, લાગ્યો પ્રાણને કેવો લોભ;

લાગી હઠ કઠોર પિતાની લાભહાનિને સમજ્યા વિનાની.
કોઈ મંત્રી સલાહ ના આપે, ભયને લીધે ભ્રાંતિ ના કાપે;
વિદ્વાનોની સભામાં આવું થાય અનુચિત નિંદ્ય નઠારું.

ધનુ કુલિશથકી ક્યાં કઠોર, મૃદુ ગાત્ર ક્યાં શ્યામ કિશોર,
કેમ ધીરજ હૃદયે ધારું કેમ ભીતિ કે સંશય ટાળું;
શિરીષ પુષ્પ પાંખડીએ હીરો વીંધે કેમ મળીને વીરો ?

શંભુચાપ તારો જ આધાર, હવે વરસ કૃપાતણી ધાર,
તારી જડતાને જન પર નાખી રઘુવીરને લક્ષમાં રાખી;
બન છેક જ હલકું આજે મારી પ્રાર્થના સુણવી છાજે.

કર્યો સીતાએ સંતાપ, થતી ઉરમાં અશાંતિ અમાપ,
જતી નિમિષ સો યુગ જેવી બની દશા દયનીય એવી.

(દોહરા)

જોતી ધરતી તરફ ને જોતી રામ વળી,
ચંચળ સીતાનાં નયન લોલ રહેલ ફરી,

વિધુમંડળના પાત્રમાં કામદેવનાં બે,
મીન હોય ખેલી રહ્યાં એવાં લાગ્યાં એ.

*

વાણીરૂપી ભ્રમરીને મુખકમળે પકડી,
દેખીને લજ્જા નિશા મુખમાં એ અટકી.

અશ્રુ આંખનાં આંખના ખૂણામાં જ રહ્યાં,
જેમ સુવર્ણ કૃપણતણું ના વપરાય જરા.

વ્યાકુળતા વધતાં થયો સીતાને સંકોચ,
ધૈર્ય ધરી વિશ્વાસથી પ્રગટાવ્યો સંતોષ.

તનમનવચને પણ હશે મારું જો સાચું,
ચરણસરોજે રામના મન મુજ હો રાચ્યું.

સર્વહૃદયવાસી સદા કરશે તો ભગવાન,
મુજને દાસી રામની જાણીને મુજ પ્રાણ.

(ચોપાઈ)

જેને જે પર સત્ય સનેહ, મળે તેને તે નિસ્સંદેહ.

(દોહરા)

રામને નિહાળી કર્યું તન પ્રેમે અર્પણ,
જાણી રામ ગયા બધું દેખી મુખદર્પણ.

ગરુડ નાના સર્પ પર દૃષ્ટિપાત કરે,
તેમ એમણે ધનુષ પ્રતિ જોયું એ જ પળે.

રઘુકુળમણિને લક્ષ્મણે નિહાળતા કોદંડ,
દેખી આવેશે કહ્યું દબાવતાં બ્રહ્માંડ.

દશિકુંજર હે કમઠ હે વરાહ તેમજ શેષ,
ધરતીને ધીરજ ધરી ધારો બળે અશેષ.

જેથી હાલે તે નહીં વચન સુણો મારાં,
શિવધનુષ્યને તોડવા રામ ચહે ન્યારાં.

*

(ચોપાઈ)

રામ ચાપ સમીપ પધાર્યા ત્યારે દર્શકે દેવ સંભાર્યા,
પુણ્યકર્મ કર્યાં નિજ યાદ, ટળી ગયો સૌનો અવસાદ.

શંકા સૌની સૌનું અજ્ઞાન, મહીપતિતણું અભિમાન
ઘોર દેવતાકેરો ગર્વ, કલૈબ્ય ઋષિમુનિઓનું સર્વ,

જનકનો બધો પશ્ચાત્તાપ, વિપરીત વૈદેહી વિષાદ,
વળી દારુણ દુ:ખ દાવાનળ રાજરાણી વ્યથા વડવાનળ,

સર્વ નૌકા શંકરધનુ કેરી પામી નિશ્ચિંતતાને અનેરી,
જઈ એની ઉપર વિરાજ્યાં, રઘુવરને નિહાળી લાજ્યાં.

રામશક્તિસાગરનો પાર બેઠાં પામવા કરી નિરધાર,
કિન્તુ સફળ થયાં ના કોઈ શક્યાં નાવિકને ના જોઈ.

(દોહરા)

ચિત્રાંકિતશા દર્શકો દેખી રામ રહ્યાં;
સીતા વ્યાકુળ દેખતાં રઘુવર આર્ત થયા.

(ચોપાઈ)

દેખી સીતાને વ્યાકુળ ખૂબ ક્ષણ કલ્પશી વીતી અખૂટ;
મરે વારિ વિના જો તૃષાર્ત પછી મળતાં શું સુધાતડાગ !

કૃષિ સુકાયે શું વરસાદ, કાળ વીત્યે શું પશ્ચાત્તાપ;
એવું સમજી સીતા પ્રતિ જોયું, પ્રીતિ પેખી અધિક મન મોહ્યું.

કર્યા ગુરુને પ્રણામ મનોમન, ધનુને ઉપાડી લીધું તત્ક્ષણ;
ચાપ ચપલાની પેઠે ચમક્યું વ્યોમે તેજમંડળશું દમક્યું.

લીધું સાંધ્યું ખેંચ્યું ચાપ સર્વ એથી રહ્યા અજ્ઞાત;
રામ ઊભા રહેલા જોયા, દર્શકોનાં મધુર મન મોહ્યાં.

રામે ચાપને વચ્ચેથી તોડ્યું, જાણે શસ્ત્ર સંહારક છોડ્યું
એવો સઘળે થઈ રહ્યો શોર ભય પેદા કરીને કઠોર.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

એના કઠોર અવાજથી લાગી ધરિત્રી હાલવા,
અશ્વો સૂરજના માર્ગ મૂકી વિપથ લાગ્યા ચાલવા;
ખળભળ્યું જગ, હાથી દિશાના સર્વ ચિત્કારી કહ્યા,
સુર અસુર મુનિએ શ્રવણ બંધ કર્યા, જન પડ્યા ભ્રાંતિમાં.

સૌને પ્રતીતિ થઈ ગઈ કે ચાપ તોડ્યું રઘુવરે,
ત્યારે કર્યા જયકાર સૌએ દિવ્ય અભિનંદન સ્વરે.

(દોહરા)

શંકરચાપ જહાજ, રામ બાહુબળ સાગર,
ડૂબ્યો સકળ સમાજ ચઢયો પ્રથમ જે મોહવશ.

(ચોપાઈ)

નાખ્યા ધરતી પર અનુખંડ, થયો હર્ષ દર્શકને અનંત;
કૌશિકરૂપી પયોનિધિ પાવન પ્રેમવારિ પ્રમત્ત સુહાવન,

પેખી પૂર્ણેન્દુ જેવા રામ ચિત્તાકર્ષક ને ઘનશ્યામ,
વીચિમાળશાં થયા રોમાંચ, એના ભાગ્યને આવી ના આંચ.

વાગ્યાં વાદ્ય વ્યોમે બધું જોઈ, નાચી દેવાંગના સૂધ ખોઈ,
સિદ્ધ મુનિવર બ્રહ્માદિ દેવ કરવા લાગ્યા સ્તવન સ્વયમેવ;

આશીર્વાદ સહિત મધુરંગી પુષ્પ વરસાવ્યાં માળાઓ તેમ,
ગીત કિન્નરે મધુમય ગાયાં, સુખી સૌ કોઈ સુખમાં નહાયાં.

બધે વ્યાપી રહ્યો જયકાર ધનુભંગના સ્વરથી અપાર;
કહેવા લાગ્યાં મુદિત નરનારી રામે તોડ્યું શંકરધનુ ભારી.

(દોહરા)

બંદી માગધ સૂત ગણ વદ્યા બિરદ મતિધાર;
ન્યોછાવર સૌએ કર્યા હય ગય ધન મણિ ચીર.

*

(ચોપાઈ)

ઝાંઝ પખાજ ઢોલ ને શંખ, શરણાઈ નગારાં મૃદંગ,
વાદ્ય વિવિધ રસાત્મક વાગ્યાં, ગીત સુંદરીએ મધુ ગાયાં.

સખી સહિત આનંદી રાણી સૂકા ધાને પડે જેમ પાણી;
રાજા શોક તજી સુખ પામ્યા, તર્કવિતર્ક સર્વ વિરામ્યા;
તરતાં શ્રમિત થયેલા કોઈ જેમ આધાર ભૂમિનો જોઈ.

બન્યા નિસ્તેજ સઘળા ભૂપ દીપ દિવસે થતા જેમ ચૂપ.
મુખ સીતાનું વર્ણવું કેમ, સ્વાતિજળ પામી ચાતકી જેમ.

પેખે ચંદ્રને જેમ ચકોર પેખે લક્ષ્મણ ભાવવિભોર,
તેમ રામને દિવ્ય કિશોર, ધનભંડારને જેમ ચોર.

(દોહરા)

શતાનંદ આદેશથી વૈદેહી ચાલી,
રામ તરફ અભિનવ રસે ઉમંગમાં મ્હાલી.

સંગ સખી સુંદર ચતુર ગાતી મંગલ ગાન;
અપાર શોભા અંગની બાલહંસિની ચાલ.

(ચોપાઈ)

સખી સાથ સીતા સોહે કેવી શોભા મધ્ય મહાશોભા જેવી,
કરસરોજમાં જયમાળા એમાં વિશ્વવિજયની ધારા.

તન સંકોચ મનમાં આહ્લાદ ગુપ્ત પ્રાણમાં પ્રેમપ્રસાદ,
કોઈ જાણી શક્યું ના એને; ભર્યાં પગલાં સીતાએ કેમે.

જઈ સમીપ રામને જોયા, રોમેરોમ એવાં તો મોહ્યાં,
હાલી કે ના શકાયું લેશ ચિત્રાંકિત જેવી કોઈ રેખ.

કહ્યું સમજુ સખીએ જ્યારે જયમાલા આરોપવા ત્યારે,
બંને હાથથી કર્યો પ્રયાસ, મળી સફળતા ના ખાસ.

નાળ સાથ બે કમળ જેમ ચંદ્રને માળ દેતાં હો તેમ,
બંને હાથ સીતાના સોહ્યા, સખીએ ગીતના સ્વર છોડ્યા.

(દોહરા)

ત્યારે રઘુવરકંઠમાં આરોપી જયમાળ,
પુષ્પવૃષ્ટિ દેવે કરી કરતાં જયજયકાર.

શરમાયા સૌ રાજવી સૂર્ય નિહાળી જેમ,
લજ્જા પામી કુમુદગણ સંકોચાયે તેમ.

*

(આખ્યાન)

વાગ્યા સઘળે વાદ્ય અપાર, પ્રસન્નતાનો રહ્યો ન પાર,
શઠનાં અંતર થયાં ઉદાસ, પરંતુ જે પામેલ પ્રકાશ.

સુરનર કિન્નર નાગ મુનીશ જય જય જય પ્રભુ કરુણાધીશ,
બોલી પામી પ્રેમપ્રસાદ અર્પી રહ્યા શુભાશીર્વાદ.

નૃત્યગાન કરવા લાગી દેવાંગના સકળ રાગી,
અર્પણ કરતાં પાવન પુષ્પ વ્યક્ત કરી આનંદ અનૂપ.

પંડિત બોલ્યા વેદધ્વનિ બંદી બિરદાવલી ઘણી,
પૃથ્વી સ્વર્ગ તથા પાતાળ બ્રહ્માંડમહીં શીઘ્ર વિશાળ

એ પ્રસંગનો થયો પ્રસાર પલટાયો જાણે કે કાળ.
નરનારીએ કરી આરતી કર્યાં દાન બનતાં સમુદાર.

સુંદરતા તેમજ શૃંગાર થયાં એકઠાં કરતાં પ્યાર,
જોડી રામ તથા સીતાની સોહે એવી સુખદ રસાળ.

(દોહરા)

ગૌતમનારીને સ્મરી ચરણસ્પર્શ ન કર્યો,
કથા સાંભળી મુક્તિની ભયનો ભાવ ભર્યો.

રઘુનંદન મનમાં હસ્યા સીતાની ત્યારે,
પ્રીત પૂર્ણ નિર્દોષતા વિચારતાં ભારે.

ક્રુર મલિન-મન રાજવી સીતાને જોઈ,
અભિલાષા કરતાં થયા ક્રોધભર્યા કોઈ.

બખ્તર પહેરી મંદગતિ એ સઘળાય અભાગ,
કરવા માડ્યા મત્તશા જેમતેમ બકવાદ.

કોઈ બોલ્યા તરત કે સીતાને પકડી,
રાખો રાજકુમારને બંધનમાં ઝકડી.

ધનુષ તોડવાથી કશો હેતુ નહી સરશે,
રાજકુમારીને સુખે કોણ વરી શકશે ?

જનક સહાયક જો બને તેને પણ જીતો,
સજ્જન એ સુણતાં વદ્યા, દંડ પૂર્ણ દીધો.

તમે છતાં શરમાવ ના, લજ્જા પામી લાજ;
તમારાથકી યશ નહીં પામે રાજસમાજ.

બળ પ્રતાપ ને વીરતા પ્રતિષ્ઠા ધનુષસાથ,
ગયાં રસાતળમાં બધાં, લાગ્યું કશું ના હાથ.

ઈર્ષા મદને ક્રોધને ત્યાગી આંખ ભરી,
દર્શનને શ્રીરામનાં લો સપ્રેમ કરી.

રોષ પ્રબળ પાવકસમો લક્ષ્મણનો જાણો,
શલભ બનો ના એ મહીં, લેશ હવે માનો.

(આખ્યાન)

ભાગ ગરુડનો ચાહે કાગ, શશ સિંહતણો માગે ભાગ,
કારણ વિના કરીને ક્રોધ કલ્યાણતણી કરતા શોધ,

ચહે સંપદા શિવદ્રોહી કીર્તિ લોલુપ જન મોહી,
કામી જો નિષ્કલંકતા, પામી શકે ન તો જગમાં.

પ્રભુપદવિમુખ પરમગતિ ચાહ તેમ લાલસા મનની માંહી,
સફળ નહીં તે શકે થઈ, શાંતિ આપશે વળી નહીં.

સુણ્યો સીતાએ શોરબકોર, તૂટયો ના સુરતાનો દોર,
પહોંચી ગઈ જનની પાસ, રામ ગયા મુનિ પાસે ખાસ.

સુણી નૃપતિનાં દુષ્ટ વચન થયું સીતાનું વિષણ્ણ વદન,
રાણીઓને ખેદ થયો, ઉત્તેજિત બન્યા લક્ષ્મણ.

(દોહરા)

અરુણનયન ભ્રૂકુટિ ચપલ જોઈ રહ્યા સકોપ;
ગજગણ પ્રમત્ત પેખતાં થયો સિંહસમ રોષ.

*

## ૨૨. પરશુરામનો મેળાપ

(આખ્યાન)

વ્યાકુળ બની સકળ પુરનાર દેવા લાગી નૃપને ગાળ;
એ સમયે સુણી શિવધનુભંગ આવ્યા ભૃગુકુલકમલ પતંગ.

કરે આક્રમણ બાજ કદી તેતર લપાય ભીત બની,
એમ રાજવી એ સઘળા જોતાંવેંત અશાંત બન્યા.

પરશુરામનું ગૌર શરીર, નેત્ર એમનાં પ્રદીપ્ત ધીર;
ભસ્મ લેપને દીપે કાય, ત્રીપુંડ સોહે ભાલ વિશાળ.

શીશ જટા શશિવદન રસાળ રોષથકી સહજ બન્યું લાલ;
તપસ્યાથકી દિવ્ય ગહન પરમ વિમળ દેખાય નયન.

વૃષભ કંધ ઉર બાહુ વિશાળ યજ્ઞોપવીત માળ મૃગછાલ,
મુનિનાં વસ્ત્ર ધનુષ ને બાણ ફરશી ખભે ખેંચતી ધ્યાન.

(દોહરા)

શાંત વેશ કરણી કઠિન અવર્ણનીય સ્વરૂપ,
મુનિતનધારી વીરરસ રહ્યા નિહાળી ભૂપ.

(આખ્યાન)

ભૃગુનંદનનો વેશ કરાળ વિકળ બન્યા જોતાં જ ભૂપાલ,
પિતા સહિત પોતાનાં નામ કથવા લાગ્યા કરી પ્રણામ.

સિંહને નિહાળી તત્કાળ મૃતપ્રાય બને જેમ મરાળ,
બની ગયા એવા ભયભીત સમીપસ્થ દેખાતાં કાળ.

જોતા પ્રેમથકી તોપણ પૂર્ણ થતું જોતાં જીવન.
જનકે પહોંચી કર્યા પ્રણામ સીતા સાથ ગણી કૃતકામ.

આશીર્વાદ તરત આપ્યા વૈદેહીને વણમાગ્યા,
પાછી સખી સમેત ફરી; ત્યાં તો સાદર ભાવ ભરી

મળ્યા મહામુનિ વિશ્વામિત્ર પદસરોજમાં કરતાં પ્રીત,
નમન કરાવ્યાં વારંવાર ઉભય બંધુ પાસે તત્કાળ.

પરિચય ઉભયતણો આપ્યો, એથી વ્યાપ્યો હરખ ઘણો,
આશીર્વાદ પરમ આપ્યા, પરશુરામે ધન્ય બનો.

રૂપ અપાર મારમદમોચન જોતાં નયન ન તૃપ્ત થયાં,
રઘુનંદનનું સ્વરૂપ પામી સ્થિર સુખમય કૃતકત્ય બન્યાં.

(દોહરા)

જ્ઞાત છતાં અજ્ઞાતની પેઠે પ્રશ્ન કર્યો,
ભીડ આટલી કેમ છે તે તો જનક, કહો.

વ્યાપ્યો ક્રોધ શરીરમાં તોપણ સ્વસ્થ બની,
પૂછ્યો પ્રશ્ન હૃદયતણી વ્યથા સમસ્ત વણી.

સમાચાર સઘળા સુણ્યા મિથિલાપતિ મુખથી,
ધનુષખંડ જોયા વળી ધરતી પર દુઃખથી.

પરશુરામ રોષે વચન કઠોર તરત વદ્યા,
કહે મંદમતિ જનક આ કોણે ખંડ કર્યા.

ધનુષભંગ કરનારને શીઘ્ર બતાવી દે,
નહિ તો સમસ્ત રાજ્યનો નાશ વહોરી લે.

ભયથી બોલ્યા રાજવી એક શબ્દ પણ ના,
કુટિલ ભૂપ સંકટથકી મલકાયા મનમાં.

સુરમુનિ નાગ નગરતણાં તેમજ નર નારી,
કરવા લાગ્યાં શોક સૌ ભીતિથકી ભારી.

સીતાની માતા કરી પશ્ચાત્તાપ વદ્યાં,
વિધિએ બદલી વિપળમાં જીવનકેરી કથા.

શુભના સ્થાને અશુભની સરજાઈ સૃષ્ટિ,
સીતાય વિલોકી રહી વિપત્તિની વૃષ્ટિ.

ભૃગુપતિ સ્વભાવ સાંભળી ચિંતા ઘણી થઈ,
નિમીષાર્ધ પણ કષ્ટથી કલ્પ સમાન ગઈ.

વખત વિલોકી, લોકને સીતાને ભયભીત,
જાણી રઘુનંદન વદ્યા હર્ષવિષાદાતીત.

*

(આખ્યાન)

નાથ શંભુધનુ ભંજનહાર હશે તમારો દાસ જ બાળ,
આપો મને તરત આદેશ; ધાર્યો તમે તપસ્વીવેશ.

પરશુરામ બોલ્યા કે દાસ કરે દાસનું કાર્ય જ ખાસ,
દુશ્મનનું જે કરતા કામ તે તો લે યુદ્ધતણું નામ.

તોડ્યું જેણે શિવનું ધનુષ ભલે ગમે તે હોય પુરુષ,
શત્રુ સહસ્ત્રાર્જુન જેવો; દોષિતને દંડ જ દેવો.

સમાજથી અલગ બને એ ભૂપ અન્ય જીવિત રહે કે,
લક્ષ્મણ હસી સુણી વચનો બોલ્યો તરત જ મર્મવચન.

શૈશવમાં ભગવંત અમે તોડ્યા ચાપ અસંખ્ય સુખે,
ત્યારે ક્રોધ કર્યો ન તમે, ઉદ્વિગ્ન બન્યા કેમ હવે ?

આ ધનુ પર મમતા શાને, વચનો એ પડતાં કાને,
બોલ્યા સકોપ ભૃગુનંદન કરાવતા અરિદળ ક્રંદન.

(દોહરા)

હે નૃપબાળક કાળવશ જેમતેમ બોલે,
શિવધનુ ના સંસારનાં અન્ય ધનુષ તોલે.

(આખ્યાન)

કહી લક્ષ્મણે હસતાં વાણ, સુણો દેવ ધનુ સકળ સમાન,
જીર્ણ ધનુષ તોડ્યાથી શો હાનિ-લાભ તે તમે કહો.

રામે અભિનવશું જોયું એને માત્ર અડી જોયું,
ત્યાં તો તૂટી તરત ગયું, દોષ એમને કેમ દઉં ?

કારણ વિના કરો છો ક્રોધ, બોલ્યા મુનિવર બાળ અબોધ,
જાણ્યો મારો નથી સ્વભાવ લોકોત્તર તેં પૂર્ણ પ્રભાવ.

હણું નહીં બાળક સમજી, માને મુજને મુનિ તપસી ?
બાળબ્રહ્મચારી ક્રોધી હણું ક્ષત્રિયોને શોધી.

વિશ્વવિદિત ક્ષત્રિયકુળદ્રોહી છતાં હું રહ્યો છું નિર્મોહી;
ભુજબળથી મેં ભૂમિને કરી ભૂપ વિનાની દાનમાં ધરી.
સહસ્ત્ર બાહુભુજ છેદનહાર પરશુ તરફ જો ભૂપકુમાર.

(દોહરા)

માતતાતને શોકવશ કરતો નહીં કિશોર,
અર્ભક ગર્ભતણાં હણે પરશુ આ અતિઘોર.

લક્ષ્મણ સ્મિત સાથે વદ્યો મૃદુ સત્વર વાણી,
મુનીશ પોતાને ગણે યોદ્ધા અભિમાની.

વારંવાર બતાવતા પરશુ વળી મુજને,
ફૂંકમાત્રથી ગિરિશિખર કરવા દૂર ચહે.

કાચું ફળ કોળાતણું નથી અહીં કોઈ,
મરી જાય કે તર્જની અંગુલિને જોઈ.

નિહાળતાં મેં હાથમાં પરશુ તેમ ધનુબાણ,
કહ્યા શબ્દ સામાન્યશા સહજ ધરી અભિમાન.

ભૃગુસુત મુનિ માની કથન સહુ શાંતિથી હું,
દેવ ભક્ત ભૂદેવ પ્રતિ શૌર્ય બતાવું શું !

શૌર્ય બતાવે એમને કુળ મારું ન કદી,
પાપ એમને મારતાં રહેતું નિત્ય નડી.

એમના થકી હારતાં ભારે અપયશ થાય,
માટે મારો તોય હું પડું તમારે પાય.

વચન તમારું એક છે કોટિ વજ્ર સમાન,
ધારો વ્યર્થ જ પરશુને તમે ધનુષ ને બાણ,

અનુચિત હો કાંઈ કહ્યું ક્ષમા કરો મુનિ ધીર,
ભૃગુવંશમણિ ક્રોધથી બોલ્યા ગિરા ગંભીર.

*

(ચોપાઈ)

મંદબુદ્ધિ આ કૌશિક, બાલ એના માથે ભમી રહ્યો કાળ;
કુળઘાતક છેક કુટિલ અજ્ઞ નિરંકુશ ભયહીન.

સૂર્યવંશ રાકેશકલંક, એના અપરાધનો ના અંત;
ક્ષણમાં થશે કાળનો ગ્રાસ, નથી જીવનકેરી આશ.

એને ઉગારવાને માગો મારા મહિમાજગે તો જાગો,
બળ રોષ પ્રતાપ મહારો જરા વર્ણવો અનુપમ ન્યારો.

કહ્યું લક્ષ્મણે મુનિવર, કરણી તમે વર્ણવી છે મનહરણી,
કોણ વર્ણવે યશને તમારા, તમે ફેરવી એમની માળા.

હજુ પામ્યા ના હો સંતોષ ખોલો આત્મશ્લાઘાનો કોશ,
રોકી રોષને કષ્ટ સહો ના, અપશબ્દો બોલીને રહો ના.

(દોહરા)

વીરવ્રતી અક્ષોભ છો ધીરજવાન તમે,
ભયને લીધે રાજવી તમને દેવ નમે.

શૂર સમરમાંહી લડે બોલે વ્યર્થ નહીં,
કાયર પ્રતાપને કહે રિપુને રણે લહી.

(ચોપાઈ)

બોલાવો છો મારી કાળ હાક જામે મારે માટે વિના વાંક;
સુણી લક્ષ્મણ શબ્દ કઠોર પરશુરામે પરશુ ગ્રહી ઘોર

કહ્યું જનતા મને ના દે દોષ, બાળ કટુભાષી છે વધ જોગ;
જાણી બાળક આને બચાવ્યો કિન્તુ કાળ હવે એનો આવ્યો.

કહ્યું કૌશિકે ના ગુણદોષ જુએ બાળકોના મુનિલોક,
પરશુરામ વદ્યા પરશુ હે તું જ ઉત્તર બાળકને દે.

કરુણારહિત ક્રોધી હું તોયે ગુરુદ્રોહી દોષી કેવું બોલે,
માર્યા વિના છોડી દઉં એને વિશ્વામિત્ર તમારા જ સ્નેહે.

નહિ તો ખંડેખંડ એના કરી મુક્ત ગુરુના ઋણથી બની,
કર્યું ક્યારનું હોત પ્રયાણ, રાખ્યું કિન્તુ તમારું ધ્યાન.

(દોહરા)

વિશ્વામિત્ર વિચારતા મુનિને ફૂલની માળ,
લાગે છે તે માળ ના પણ ખાંડાની ધાર.

કાષ્ઠ નથી પણ કુલિશ છે કિશોર ઉભય કઠોર,
અજાણ છે મુનિ એટલે કરતા અનુચિત શોર.

(ચોપાઈ)

કહ્યું લક્ષ્મણે કોણ સ્વભાવ જાણે નહીં તમારો પ્રભાવ;
માતાપિતાના ઋણને વાળ્યું હવે ઋણ ગુરુનું નિરધાર્યું.

દિન વીત્યા ઘણા વધ્યું વ્યાજ, ભરપાઈ કરી દઉં આજ;
તમે તેનો બતાવો હિસાબ આવો આવશે ના પછી લાગ.

સુણી કટુ વચનોને એવાં મુનિ સંતપ્ત સૂર્યના જેવા,
લઈ પરશુ થયા તૈયાર, થયો સઘળે એથી હાહાકાર.

તમે ભૃગુશ્રેષ્ઠ પરશુને ધારો તોય સ્વપ્ને મને ના ડારો;
નૃપદ્રોહી હે, બ્રાહ્મણ માની કરું રક્ષા દયાપાત્ર જાણી.

મળ્યો રણમાં તમોને ના વીર થયા ઘરના તમે રણધીર;
કર્યો અનુચિત સૌએ પોકાર નથી વાદવિવાદમાં સાર.

(દોહરા)

પરશુરામ ક્રોધાગ્નિમાં આહુતિ સમ સઘળાં,
વચનો લક્ષ્મણનાં બન્યાં કર્કશ મર્મભર્યાં.

રઘુવર લક્ષ્મણને તરત રોકી સંજ્ઞાથી,
શીતળ જળસમ વચનને બોલ્યા શાંતિથકી.

(ચોપાઈ)

પ્રભુ કૃપાપાત્ર આ બાળ ક્રોધ કરવા યોગ્ય ના લગાર;
અલ્પ જાણતો હોત પ્રભાવ છોડી દેત તો અજ્ઞ સ્વભાવ.

ચંચળતાને બાળકની જાણી વદે પિતૃગુરુ મધુવાણી.
વળી આનંદે અંતરમાં એ દુઃખકારક એને ના માને.

કરો અનુગ્રહ સેવક જાણી તમે સમદર્શી મુનિ જ્ઞાની,
વળી ધીર સુશીલ ગણાઓ, આ તો બાળક અજ્ઞ તમારો.

સુણી વચનો થયા જરા શાંત હસ્યો લક્ષ્મણ ત્યાં તો ભ્રાંત,
એથી એમને વ્યાપ્યો ક્રોધ, ચાલ્યો પાછો વાણીકેરો ધોધ.

રામ, બંધુ તારો છે ઘેલો તન ગૌર છતાં મને મેલો,
પયમુખ નથી વિષમુખ, એને અલ્પ પણ નથી દુઃખ.

પાપી કુટિલ સ્વભાવનો ભારે તને અનુસરતો ના ક્યારે,
મને દેખે ના કાળ સમાન, એને ક્ષુલ્લક નીચ જ માન.

(દોહરા)

કહ્યું હસીને લક્ષ્મણે ક્રોધ પાપનું મૂળ,
એને વશ અનુચિત કરે વર્તે ને પ્રતિકૂળ.

(ચોપાઈ)

મુનિવર, હું છું તમારો દાસ, તજી કોપ કૃપા કરો ખાસ,
ક્રોધે સંધાય ના ભગ્ન ચાપ, થાક લાગશે વિરાજો આપ.

પ્રિય હોય ધનુષ્ય તમોને, તલભાર ના શંકા અમોને;
કોઈ ગુણવાનને બોલાવી ખંડ ધનુના દઈએ જોડાવી.

રુચી જનકને ના વાણી, ભીતિ આશંકા એમણે માની;
લાગ્યાં કંપવા નર ને નારી ભવિતવ્ય અમંગલ ધારી.

સુણી નિર્ભય લક્ષ્મણવાણી થઈ ભૃગુપતિની બળહાનિ,
ક્રોધે જલવા લાગ્યું શરીર, ઘટયું તપનું તેજ ખમીર.

રામ આને લઘુભ્રાત જાણી સહી લઉં મારી માનહાનિ;
મેલું મનડું સુંદર તન કેવું, સોમલ સભર કનકઘટ જેવું.

(દોહરા)

નિહાળી રહ્યા બંધુને તીરછી નજરે રામ,
લક્ષ્મણ ગુરુ પાસે ગયો તજતાં વાણી વામ.

*

(ચોપાઈ)

અતિ વિનમ્ર મૃદુ શીતળ વાણી વદ્યા રામ જોડી જુગપાણિ;
સુણો પ્રભુ તમે સહજ સુજાણ બાળકવચન ધરો ના ધ્યાન.

વયોવૃદ્ધ ને શિશુનો એક સ્વભાવ કહ્યો જગતમાં છેક;
સંત ન એને આપે દોષ કરે અકારણ કે ના રોષ.

લક્ષ્મણે કર્યો નથી બગાડ, મારાથી જ થયો અપરાધ,
કૃપા કોપ વધ કે બંધન યોગ્ય ગણો તે ભૃગુનંદન,
સેવક સમજીને મારા પર કરો, કરો ક્રોધનિકંદન.

મુનિએ કહ્યું ક્રોધ શે જાય, દેખાય નહીં અન્ય ઉપાય;
વક્ર નજરથી લક્ષ્મણ જુએ, સુખે સ્વમાની કેમ જ સૂએ.

પરશુનો કર્યો મેં ન પ્રયોગ કરીને કર્યું તો શું ક્રોધ,
ધડથી મસ્તક દૂર કરું ત્યારે શાંતિ અનંત વરું.

(દોહરા)

ગર્ભ સ્ત્રવે રાણીતણા પરશુસ્વરે અતિઘોર,
પરશુ એ છતાં જીવતો વેરી ભૂપકિશોર.

હાથ ચાલતો આ નથી, ક્રોધે હૃદય બળે,
પરશુ પણ કરે કામ ના, મન ના સાથ ધરે;

વિપરીત વિધાતા થયા, સ્વભાવ બદલાયો,
નહિ તો પ્રગટે પ્રાણમાં કેમ કૃપાભાવો ?

પરશુરામ શ્રીરામ પ્રતિ બોલ્યા કરતાં ક્રોધ,
શંભુધનુષ તોડી શઠ, કરતો મને પ્રબોધ.

તારી સંમતિથી કહે કટુ શબ્દો તુજ ભ્રાત,
વિનય કરે છે છળથકી તું જોડીને હાથ.

સંતોષે ના યુદ્ધમાં રામ નામ તો છોડ;
પરશુ તીક્ષ્ણ તૈયાર છે બધા પૂરવા કોડ.

રઘુવરે કહ્યું ક્રોધને ત્યાગો મુનિવર હે,
પરશુ પાસ મૂકી દીધું મારું મસ્તક મેં.

સ્વામી સેવક સમરુ શું તજો વિપ્રવર રોષ,
વેશ વિલોકીને વદ્યો, બાળકનો ના દોષ.

(ચોપાઈ)

ધનુષબાણ ને પરશુ નિહાળી કર્યો ક્રોધ બલવાન વિચારી;
જાણ્યું નામ છતાં ન પ્રમાણ્યા, પ્રકૃતિ પ્રમાણે વચન સુણાવ્યાં.

મુનિ જેમ જ જો હોત પધાર્યા હોત લક્ષ્મણે પાય પખાળ્યા,
રજને શિર પર સાદર ધારી કરી હોત સ્તુતિને પણ ન્યારી.
અજ્ઞાતપણે ભૂલ થઈ આપો એ પર ધ્યાન નહીં.

તમે ક્યાં અમે ને ક્યાં નાથ, પગ ને શીશતણો ક્યાં સાથ;
રામ જ કેવળ મારું નામ તમારું મહાન પરશુરામ.

ધનુષ અમારે એક જ દોર, નવગુણ પરમ તમારા ઓર;
હાર્યા સર્વપ્રકાર અમે, ક્ષમા કરો હે વિપ્ર, તમે.

(દોહરા)

પરશુરામ ક્રોધાતુર કૃશાનુ જેમ બન્યા;
રામે મુનિવર વિપ્રવર વારંવાર કહ્યા.

વિપ્રનો અનાદર અમે ના કરતા મુનિરાજ,
એવો યોદ્ધો કોણ છે યુદ્ધમહીં જે બાથ

ભીડે અમને પામતાં કાળતણોયે સાથ,
નમે અમારું મસ્તક કોને ભયથી નાથ !

(આખ્યાન)

દેવદનુજ ભૂપતિ રણધીર સમાન હો કે હો વધુ વીર,
સુખથી લડશું કરતાં શોર રણમાં કાળ ભલેને હોય.

યુદ્ધથી ડરે ક્ષત્રિય જે કુળને કલંકરૂપ જ તે;
રઘુવંશીની પ્રકૃતિ ખરે રણમાં કાળથકી ન ડરે.

નીડર અમે છતાં વંદન કરતા તમને ભૃગુનંદન.
સુણતાં રઘુવરનાં વચનો દૂર થયો પડદો મુનિનો;

રામ રમાપતિ કહ્યું મુનિએ, ધારો કરમાં ધનુષ તમે,
ખેંચો તો સંદેહ મટે પરાક્રમ મને ખૂબ ગમે.

(દોહરા)

દેતાં ચાપ જતું રહ્યું અંતરીક્ષમાં એ,
પરશુરામ મનમાં કરી પેદા વિસ્મયને.

પ્રભાવ જાણ્યો રામનો, પુલકિત અંગ બન્યું,
સ્નેહ સમાયો ના ઉરે, શું આશ્ચર્ય થયું !

મહોત્સવ થયો મનમહીં મહિમાને જાણ્યે,
પ્રણામ કરતાં ભાવને વહાવતાં વાણે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રઘુવંશકેરા કમળવનના ભાનુ જય જય દિવ્ય હે,
રાક્ષસકુળોના વિકટ વનને બાળનાર કૃશાનુ હે;

જય વિપ્ર સુરનર ધેનુના કલ્યાણ કરનારા પ્રભો,
મદમોહક્રોધ હઠાવનારા ભ્રમનિકંદન જય વિભો !

કરુણાવિનય ને શીલસરખા સિંધુ સદગુણના પરમ,
હે વચનરચનામાં નિપુણ જય વેદશાસ્ત્રતણા મરમ;
સેવકસુખદ સર્વાંગસુંદર તમારો જયકાર હો,
કાયામહીં કંદર્પ કોટિક કાંતિને ધરનાર ઓ !

એક જ વદનથી કરું ક્યાંથી પ્રશસ્તિ પ્રભુ આપની,
હે હંસ શિવમનમાનસરના પ્રશાંતિ કરો તાપની;
અજ્ઞાનથી અનુચિત તમોને કહ્યું વારંવાર મેં
હે કૃપાના માંગલ્યમંદિર ક્ષમા કરજો સર્વ તે.

(દોહરા)

જયજય રઘુકુળકેતુ જય, જય રઘુનંદન રામ,
બોલી તપવા વન ગયા ભૃગુપતિ કરી પ્રણામ.

કુટિલ રાજવી ભીતિથી ગયા પછી ભાગી,
કાયર ના આપી શક્યા સલાહ વણમાગી.

દેવ વગાડી વાદ્યને વિભુ પર વરસ્યા ફૂલ,
પ્રસન્ન નરનારી બન્યાં, મટી મોહમય શૂળ.

*

## ૨૩. દશરથને ખબર આપે છે

(ચોપાઈ)

ગડગડ કરી વાગ્યાં વાજાં, સુખસાગરમાં ડૂબ્યા રાજા,
જન્મદરિદ્રે ધનભંડાર જાણે મેળવી લીધો અપાર.

એવો આનંદ અંતરે વ્યાપ્યો; હર્ષ સીતાનેયે વણમાપ્યો,
થયો; ચંદ્રના ઉદયે ચકોરી સમી સુખી બની એ કિશોરી.

સજ્યા મનહર મંગલ સાજ સૌએ કરતાં જયકાર અવાજ;
સુલોચના સુવદના સન્નારી મધુ કોયલના સ્વરવાળી;
ટોળે મળી ગાવા લાગી ગાન, કરતાં પ્રેમે પીયૂષનું પાન.

કરી કૌશિકમુનિને પ્રણામ બોલ્યા જનક કૃપાથી તમામ,
થયું કાર્યસાફલ્ય મહારું, ઋણ કેમ તમારું વાળું ?

રામે ધનુને કૃપાથી તોડયું ભાગ્ય આજે મારી સાથે જોડયું,
કર્યો મુજને પરમ કૃતાર્થ, મારે માટે આવ્યા બંને ભ્રાત.

હવે યોગ્ય લાગે તે જણાવો, લેવો ઘટે છે અનુપમ લ્હાવો.
ત્યારે મુનિએ કહ્યું સુણો રાજ, પૂરું થઈ ગયું બધું કાજ.

હતો ધનુને અધીન વિવાહ, ધનુ તૂટયે સંતોષાઈ ચાહ,
દેવ માનવે સૌએ જાણ્યું કાર્ય વિવાહનું પૂર્ણ માન્યું.

(દોહરા)

તોપણ કુળવ્યવહારને અનુસરતાં વ્યવહાર,
પૂછી ગુરુવરને કરો વેદવિહિત આચાર.

દૂત અવધપુર પાઠવો દશરથને માટે;
મિથિલાપતિએ મોકલ્યા દૂત એ જ કાજે.

મહાજનોને નગરના બોલાવ્યા સપ્રેમ,
કહ્યું નગર શણગારવા રાખી ઉત્સવ નેમ.

પરિચારકને મંડપો કરવા કાજ કહ્યું,
શિરોધાર્ય આજ્ઞા ગણી સુખ સૌએય લહ્યું.

કળાકારને પણ કહ્યું કરવા દિવ્ય વિતાન;
બ્રહ્માને વંદી સુખે આરંભીને કામ

કનક કદલિના સ્તંભને કર્યા પછી તૈયાર,
રચી એમણે અવનવી સૃષ્ટિ સદ્ય રસાળ.

લીલા મણિનાં પત્રફળ માણેકતણાં ફૂલ,
દેખી રચનાને બન્યું બ્રહ્મામન મશગૂલ.

(ચોપાઈ)

કર્યા હરિત મણિના વાંસ ગાંઠવાળા ને સીધા ખાસ;
કરી સુવર્ણ નાગરવેલ ચારુ ઓળખવી ના સહેલ.

એની રચનાથી સૂત્ર બનાવ્યાં, વચ્ચે મૌક્તિક મધુર સજાવ્યાં;
હીરા માણેક પાનાં પીરોજ વીંધી કોતરી કર્યાં સરોજ.

કર્યા ભૃંગ બહુરંગ વિહંગ ગૂંજે કૂજે જે પવનપ્રસંગ;
સર્વ મંગલદ્રવ્ય સહિત ઘડી દેવની પ્રતિમા પુનિત.

સ્તંભે પ્રતિમાની સાથે ચોક પૂર્યા ગજમૌક્તિકના ગોખ,
એની સુંદરતાનાં વખાણ શિલ્પકળાનાં શે કરે વાણ.

(દોહરા)

કોરી સુંદર નીલમણિ કર્યાં આમ્રદ્રુમપાન,
હેમમહોર રચ્યા વળી ખેંચે સત્વર ધ્યાન.

લીલા મણિમાંથી કર્યા ફળના ગુચ્છ અનેક,
બાંધ્યા રેશમદોરથી ચિત્તાકર્ષક છેક.

(ચોપાઈ)

રચ્યાં રમ્ય તોરણ બહુરંગી જાણે અનંગની ભાવભંગી;
કેવાં કળશ પતાકા સોહે ધજા ચામરપટ મન મોહે.

દીપ મનહર મણિમય કેવા, વર્ણન થાય વિતાન ના એવા;
જેમાં હોય વૈદેહી કુમારી કચી વર્ણવે કવિમતિ ન્યારી ?

વર રૂપ ગુણ સાગર રામ એવો મંડપ ખલુ કૃતકામ;
શોભા જનકના હર્મ્યના જેવી પ્રતિગૃહને વરેલી કેવી !

દેખી મિથિલાપુરીને જેણે ચૌદ ભુવન તુચ્છ ગણ્યાં તેણે,
ક્ષુદ્ર ગૃહની સંપદાને જોઈ રહ્યું સુરનાયક મન મોહી.

(દોહરા)

વસતી લક્ષ્મી સ્રી બની જે પુરમાં અજ્ઞાત,
એના રસલાવણ્યની કવિ કેમ કરે વાત.

શેષ શારદા અનુભવે વર્ણવતાં સંકોચ,
સાધારણ વિદ્વાનનો સ્વલ્પ શબ્દનો કોશ.

(ચોપાઈ)

દૂતે દેખી અવધપુરી પાવન, પામ્યા આનંદ સ્વર્ગસુહાવન;
પત્ર દશરથને આપ્યો એક, થયો વાંચતાં ઊર્મિ-ઉદ્રેક.

વારિ લોચને તરત છવાયાં, ભાવતરંગ પ્રાણે ભરાયાં,
હૈયું હેતે ભરાઈ આવ્યું, અંગે રોમાંચ અનહદ લાવ્યું.

રામલક્ષ્મણ હૈયામાં હસતા લાગ્યા પત્રની પંક્તિમાં વસતા;
ધરી ધૈર્યને પત્રિકા વાંચી, કથા જાણી સભાએ સાચી.

થયો આહલાદ સૌને અનેરો મળ્યો સંતોષ સુણતાં ઘણેરો;
આવ્યા ભરત-શત્રુઘ્ન બે ભાઈ, પૂછયું બંધુની ખબર છે કાંઈ ?

(દોહરા)

બંને બાંધવ કુશળ ને કયા દેશમાં છે ?
વાંચ્યો પત્ર પુનઃ નૃપે વચન સાંભળી એ.

(ચોપાઈ)

પત્ર સુણતાં થયા પુલકિત, પ્રેમ પ્રગટ્યો અંગાંગે અધિક;
ભાવ ભાળી ભરતનો પુનિત સભા બની સમસ્ત હર્ષિત.

પૂછયું દૂતોને દશરથે પ્યારે બંધુ બંને કેવા છે અત્યારે;
તમે એમને સ્વયં નિહાળ્યા, મધુવચનો કદીક ઉચ્ચાર્યાં ?

શ્યામગૌર ધરે ધનુબાણ જાણે કૌશિકમુનિ કેરા પ્રાણ;
તમે જાણો તો કહો સ્વભાવ, લઘુ તોપણ પરમપ્રભાવ.

આજે કેટલા દિવસે પાછા પામ્યા અમે સમાચાર સાચા;
કહો ઓળખ્યા જનકે કેમ, એ તો વિહરે છે પ્રાકૃત જેમ.

(દોહરા)

દૂત વચન સુણતાં હસ્યા બોલ્યા તેમ સપ્રેમ,
ભૂપમુકુટમણિ પ્રશ્ન એ પૂછો તમે ન કેમ ?

ધન્ય તમારા સમ નથી કોઈ પિતા અહીં,
વિશ્વવિભૂષણ જેમના પુત્રે પુનિત મહી.

*

(ચોપાઈ)

પુત્ર પ્રશ્નયોગ્ય ન તમારા સિંહ પુરુષોમાં અદભુત ન્યારા,
ત્રણ લોકના પરમપ્રકાશ, એમાં શંકાનો ના અવકાશ.

રવિ શીતળ ચંદ્ર મલિન સર્વે યશની આગળ હીન;
થઈ યોગ્યતા જોતાં પ્રતીત, સૂર્ય જોવા જોઈએ ના દીપ.

સ્વયંવરમાં ભૂપ અનેક હતા સુભટ શક્તિશાળી છેક,
શક્યા તોય ન કોઈ ફાવી શંભુધનુને શક્યા ન હઠાવી.

ત્રણે લોકે જે વીર ને માની ગયું ઊતરી એમનું પાણી;
મેરુગિરિને શકે જે ચળાવી બાણાસુર તે સમીપે આવી.

કરી પ્રદક્ષિણા ગયો હારી; જેની શક્તિ ગણાયે ન્યારી,
એવો ઉપાડનારો કૈલાસ બેઠો રાવણ બનતાં નિરાશ.

(દોહરા)

માત્ર રામ રઘુવંશમણિ સુણો મહા મહિપાલ,
શ્રમ વિણ તોડી ધનુ શક્યા ગજ જ્યમ પંકજનાલ.

(ચોપાઈ)

રોષે ભૃગુનાયક ત્યાં આવ્યા બોલ્યા વચનોને મનભાવ્યાં;
દેખી રઘુવરનું પણ બળ કરી વિનય ગયા પછી વન.

રામ અતુલિત છે બળવાળા તેમ લક્ષ્મણ મહિમાવાળા,
કંપે સિંહ શાવકથી હાથી એવા એમનાથી નૃપ ભાથી.

દેવપુત્ર તમારા જોઈ જોવા ગમતા હવે નવ કોઈ;
પ્રેમપ્રતાપ વીરરસવાળી લાગી દૂતની વાણી ન્યારી.

રાજા ભાવવિભોર તૈયાર થયા આપવા પુરસ્કાર,
કિન્તુ અનીતિ એને માની દૂતે ગ્રહણ કર્યું ના કાંઈ.

(દોહરા)

ગુરુ વસિષ્ઠ પાસે જઈ દૂત સાથ સઘળી,
કથા કહી ભૂપે પછી સાદર પત્ર ધરી.

(ચોપાઈ)

બોલ્યા મુનિવર અતિ સુખ પામી, પુણ્યાત્માને દુર્લભ નવ કાંઈ.
સૃષ્ટિ સુખથી ભરી એને માટે, પામે શ્રી એ વાટે ને ઘાટે.

જેમ સરિતા સાગરમાં સમાય, સિંધુને કામના ના જરાય,
ધર્મવાનની પાસે તેમ આવે સ્વેચ્છાએ સંપત્તિ ક્ષેમ.

તમે ગુરૂ ધેનુ સુર સેવી વળી પાવન કૌશલ્યાદેવી,
સુખ સામેથી એટલે આવે નવજીવન મંગલ લાવે.

કોઈ ભાગ્યશાળી તમ જેવો નથી, થવાનો ના, ના થયેલો;
પુણ્ય કોનું તમારાથી ભારે સુત રામશા જેમના દ્વારે ?

વીર વિવેકી ગુણસિંધુ ચાર પુત્ર તમારા ધર્મના સાર;
સર્વકાળે તમારું કલ્યાણ, કરો તૈયાર તેથી જાન.

(દોહરા)

વસિષ્ઠના આદેશને શિરોધાર્ય માની,
સ્થાન અપાવી દૂતને ભાગ્ય પરમ જાણી,

રાણીવાસમહીં જઈ કથા કહી સઘળી,
હર્ષાન્વિત ખૂબ જ બની સાંભળતાં રમણી.

(ચોપાઈ)

મેઘસ્વરને સુણીને મયૂરી તેમ પ્રફુલ્લિત થઈ પૂરી,
રાણી સર્વ સોહી રહી કેવી, જાણે તૃપ્તિ પામી હોય દેવી.

પત્રિકાને હૃદયે લગાવી નાચી નૂતન હર્ષ જગાવી;
કીર્તિ ભૂપે વખાણી અપાર રામ-લક્ષ્મણની વારંવાર.

મુનિ કૌશિક કેરો પ્રસાદ આ છે એમનો આશીર્વાદ,
બોલી દશરથ ચાલ્યા બહાર, રહ્યો ધન્યતાનો નવ પાર.

બોલાવીને ભૂદેવને રાણી રહી ભેટ આપી મનમાની;
આપી આશિષ પામીને દાન, દાન કોનું કરે ના કલ્યાણ ?

(દોહરા)

યાચક બીજા દાનને પામી થયા પ્રસન્ન,
બોલ્યા દશરથસુત સકળ જીવો કાળ અનંત.

સુંદર વસ્ત્રો ધારતા ચાલ્યા સઘળા તે,
અન્ય વગાડી જન રહ્યા નિશાન ડંકાને.

સીતા-રામ વિવાહના સમાચાર જાણી,
ચૌદ ભુવન ઉત્સાહમાં મગ્ન બન્યાં ભારી.

અયોધ્યા સદા સરસ છે મંગલમયી પુરી,
તોપણ અભિનવ પ્રીતથી શણગારી સઘળી.

ધજા પતાકા ચામરે ચારુ પટે અદભુત,
બજાર સર્વ બની રહ્યું ધરતાં અનુપમ રૂપ.

કનકકળશ મણિમાળ ને દધિ અક્ષત તોરણ,
મંગલ કરી રહ્યાં અધિક મનહર વળી ભવન.

ચંદન કેસર કસ્તુરી કપૂરયુત રસથી,
સુગંધિત કરી સડકને ચોક રચી સુખથી.

(ચોપાઈ)

દ્યુતિ દામિની જેવી ધારી વિધુવદની સુલોચના ન્યારી,
નિજ રૂપથી રતિનું ધ્યાન આકર્ષીને હરનારી ગુમાન,

સજી સન્નારી એવી શૃંગાર ટોળે વળી આનંદે અપાર,
ગાવા લાગી મંજુ રસગાન કોયલોના લજવીને પ્રાણ.

મધુ હર્મ્યનો મંડપ કેવો બન્યો વિશ્વવિમોહન જેવો,
રાજપ્રાસાદનું વર્ણન કરે કોણ કરીને દર્શન.

દ્રવ્ય મંગલ મનહર સોહે જાણે સુંદરતા રસ દોહે;
થતી ક્યાંક મધુર વેદધ્વનિ ક્યાંક બોલાતી બિરદાવલિ.

સ્ત્રીઓ ગાતી પામીને આરામ લેતાં સીતા ને રામનું નામ;
નાનું ભવન છતાં રસ ભારે કહો કેમ સમાય કિનારે ?

(દોહરા)

શોભા દશરથભવનની કવિ શે પામે પાર,
સુરશિરોમણિ રઘુવરે લીધો જ્યાં અવતાર.

*

## ૨૪. જાનની તૈયારી

(ચોપાઈ)

કહ્યું તરત ભરતને રાજે કરો હયગય તૈયાર આજે,
રથ જોડીને જાનમાં ચાલો સુખસરિતામહીં સર્વ મ્હાલો.

રથ રંગબેરંગી અશ્વ થયા તૈયાર સુંદર સદ્ય,
પગ ધરતી પર બધા ધારે જેમ સંતપ્ત લોહ જ બાળે.

કરે પવનકેરો અનાદર, શાંત રહે ના એકે પળ;
અશ્વ અનેક જાતિના એવા ચાલે વેગે મરુતના જેવા.

છેલછબીલા રાજકુમાર બેઠા એ પર બની તૈયાર,
ધારી ભૂષણ ભરત સમાન લઈ ભાથાં ધનુષ ને બાણ.

(દોહરા)

સુંદર શૂર ચતુર હતા નવયુવાન સૌ એ,
દરેકની સાથે વળી સોહે સૈનિક બે.

અસિકળાપ્રવર સર્વ એ ધૈર્ય-સ્થૈર્યવાળા,
યુદ્ધનિપુણ નિર્ભય સદા રઘુવરના પ્યારા.

(ચોપાઈ)

ધારી વીરતાબિરદ વીર આવ્યા પુરને છોડી રણધીર;
અશ્વ ફેરવે વિવિધ પ્રકારે, ઢોલનાદ સુણી હર્ષ ધારે.

ધ્વજમણિ અન્ય ભૂષણવાળા રથ સારથિઓએ સજાવ્યા,
ચારુ ચામર કિંકીનીસ્વર રવિરથની હરે શ્રી સકળ.

રથે અશ્વ જોડ્યા કૃષ્ણ કર્ણ અગણિત આકર્ષક વર્ણ,
ચાલે જળ પર સ્થળની જેમ, ડૂબે ચરણ રોકાય ના તેમ.

થતાં મુગ્ધ મુનિકેરાં મન, મોહે સામાન્ય કેમ ના જન;
જોઈ સર્વને અચરજ થાય, ઉરે ઉલ્લાસ કેમે ના માય.

(દોહરા)

નગર બહાર બધી મળી અવધપુરીની જાન,
શુકન થયા શુભ સર્વના પુલકિત કરતાં પ્રાણ.

અવર્ણનીય હાથી ઉપર અંબાડી શૃંગાર,
મત્ત ગજ આગળ વધ્યા, સજી ઘંટની માળ.

શ્રાવણમાસે અભ્રની ચાલે જેવી હાર;
શિબિકાવાહન અન્ય પણ સુંદર હતાં અપાર.

વિપ્ર વિરાજ્યા એ ઉપર શરીરધારી વેદ,
હોય વિરાજ્યા એમ સૌ ભૂલી સઘળા ભેદ.

માગધ બંદી સૂત જન ગુણ ગાનારા ભાટ,
ઊંટ વૃષભ ખચ્ચરતણી કેટકેટલી જાત.

કહાર કાવડમાં ભરી ચાલ્યા વિવિધ પદાર્થ;
કોણ વર્ણવે સાજ ને લોકસમાજ કૃતાર્થ.

હૈયે હર્ષ હતો પરમ પુલકિત હતાં શરીર,
જોવા સૌ ઝંખી રહ્યા લક્ષ્મણ રઘુવર વીર.

*

(ચોપાઈ)

ગરજે ગજ ઘંટધ્વનિ ઘોર ચારે તરફ રથોનો શોર,
હણહણાટ અશ્વોના થાય, વાત સુણી ના કોઈ જાય.

ધનને ગૌણ કરી દેનાર નિશાનડંકા બજે અપાર;
પથ્થર પણ તત્ક્ષણ પીસાય પડતાં ધૂલિમહીં પલટાય

દશરથદ્વારે એવી ભીડ; મનહર ગીત લલના ગીત,
મુગ્ધ અટારી ઉપર ચઢી લેતાં મંગળથાળ ઘડી.

હરખતણું વર્ણન ના થાય, બળ ભાષાનું હારી જાય.
બે રથને તૈયાર કરી પછી સુમંત્રે ભાવ ભરી,

સબળ સૂર્યના અશ્વથકી જોડી અશ્વ મુદિત મનથી,
દશરથની પાસે આણ્યા, અધિક ઈન્દ્રરથથી જાણ્યા.

(દોહરા)

એક રાજકુળ ખાતર રથ તૈયાર કર્યો;
અન્ય તેજના પુંજશો અતિ સૌન્દર્યભર્યો.

વસિષ્ઠને બેસાડતાં એ રથ ઉપર નરેશ
અન્ય રથે બેઠા સ્મરી શિવ ગુરુ ગૌરી ગણેશ.

(ચોપાઈ)

દશરથ સાથે વસિષ્ઠ એમ સોહે સુરગુરુ સાથે જેમ,
પરમપ્રતાપી ઈન્દ્ર મહાન, આકર્ષે સર્વતણું ધ્યાન.

કુળરીતિ કરી વેદાચાર મંગલ સર્વ થયા તૈયાર,
સ્મરી રામ પામી આદેશ ચાલ્યા સકળ શમાવી ક્લેશ.

શંખ મહીપતિએ બજવ્યો, ભાગ દેવતાએ ભજવ્યો,
વરસાવ્યાં હર્ષથકી ફૂલ જનસમાજને કરી પ્રફુલ્લ.

હયગય ગાજ્યા જાગ્યો શોર, વાદ્ય વાગવા લાગ્યાં ઓર;
શરણાઈઓ ભાવવિભોર બજી રહી ત્યાં ચારેકોર.

ઘંટ ઘંટડીતણા અવાજ આવ્યા જાણે બજ્યાં પખાજ;
વિદૂષકે કરી સુંદર ખેલ પીરસ્યું રંજનને નિર્ભેળ.

(દોહરા)

તાલબદ્ધ નચવી રહ્યા અશ્વો રાજકુમાર,
નિહાળતા એ નિપુણ નટ કરતાં શબ્દ અપાર.

(ચોપાઈ)

અવર્ણનીય ખરેખર જાન, શુભ શુકન બધે ખેંચે ધ્યાન;
પક્ષી ચાસ દિશામાં વામ ચારા સહિત જાય કૃતકામ.

જમણી તરફ ખેતરે કાગ સોહી રહ્યા ખેલતા ફાગ;
દર્શન થયું નકુળનું તેમ ત્રિવિધ વાયુ વાયો વર જેમ.

સૌભાગ્યવતી ઘટ ને બાળ લઈ આવતી સામે નાર;
જોવા મળતું ફરી શિયાય, ગૌ પાતી પય કરતી પ્યાર.

મૃગની મળી નીરખવા હાર, જમણી તરફ શુભાશિષ માળ;
શ્યામ-શ્વેત શિરની ચકલી ડાબી તરફ મળી સઘળી.

(દોહરા)

પંડિત પુસ્તક સાથ બે સામા વળી મળ્યા;
મંગલ ફળ દેનાર સૌ સાથે શુકન થયા.

*

(ચોપાઈ)

શ્રેષ્ઠ શુકન સુલભ સૌ તેને બ્રહ્મ સગુણ મળ્યા સુત જેને;
કન્યા સીતા જ્યાં વરરાજા રામ સમધી દશરથ જનક નિષ્કામ,

એવા લગ્નને સુણતાં નાચ્યા સર્વ શુકનો આનંદે રાચ્યા;
કર્યું જાને એ રીતે પ્રયાણ ગરજ્યા ઘોડા ખેંચીને ધ્યાન.

ભાનુકુળકેતુ આવતા જાણી દીધા સરિતાપે સેતુ બનાવી,
વચ્ચે ઉત્તમ રચ્યા આવાસ જનકે સ્વર્ગશા સમૃદ્ધ ખાસ.

શ્રેષ્ઠ શયન પામ્યા ત્યાં અશન મનવાંછિત સર્વ વસન,
નિત્યનૂતન અનુકૂળ સુખ, ભૂલ્યા જાનૈયા ઘર ને દુઃખ.

(દોહરા)

ગડગડ નિશાન સાંભળી ચાલ્યા આગેવાન,
ગજ રથ પદચર અશ્વ સહ વધાવવાને જાન.

શરબત દૂધ જળે ભર્યા કળશ સુવર્ણતણા,
અમૃતમય પકવાન ને ભોજનથાળ ઘણા.

વસ્તુ વર્ણનાતીત મધુ ઉત્તમ ફળકેરી,
ભેટ મોકલી નૃપતિએ રસ સાથ અનેરી.

ભૂષણ મણિ સુંદર વસન, ખગ મૃગ હયગય તેમ,
અર્પ્યાં અસંખ્ય વાહનો મંગલ દ્રવ્ય સપ્રેમ.

દધિ ફળના રસ સ્વાદુ ને અન્ય વિવિધ ઉપહાર,
ભરી ભરી કાવડમહીં થયા વિદાય કહાર.

પુલકિત આનંદે બન્યા નીરખી સુંદર જાન,
સામૈયું કરનાર સૌ, બજવી તરત નિશાન.

દેખી આગેવાનને જાનૈયા હરખ્યા
પરસ્પર મળ્યા પરિચિતો ભળી પ્રેમરસમાં.

મર્યાદા મૂકી મળ્યા સમુદ્ર જાણે બે,
મધુર મહોત્સવ સમ બન્યું દૃશ્ય ખરેખર એ.

*

(ચોપાઈ)

દ્રવ્ય દશરથે સાદર લીધું, બધું યાચકજનને દીધું;
પૂજા સત્કાર પામીને ખાસ ચાલ્યા સર્વે પછી જાનીવાસ.

શુચિ સુંદર જાનીવાસ પૂરે મનવાંછિત અભિલાષ;
રંગબેરંગી કર્યા શણગાર, જોઈ કુબેર કરે વિચાર.

જાન પુરમહીં જાણી પધારી સિદ્ધિ બોલાવી સીતાએ ન્યારી,
મહિમા પ્રગટ પોતાનો કરી; આજ્ઞા ભૂપતિસેવાની ધરી.

(દોહરા)

સીતાની આજ્ઞાથકી સિદ્ધિ સકળ ગઈ,
જાનીવાસે સંપદા સુખ ઐશ્વર્ય લઈ.

ઈન્દ્રપુરીના ભોગ ને ભેગા કર્યા વિલાસ,
રહ્યો નહીં સ્વપ્નેય ત્યાં અગવડનો અવકાશ.

*

(ચોપાઈ)

પેખી પોતપોતાના ઉતારા સૌએ માણી દૈવી સુખધારા;
જાણ્યો વૈભવનો નવ મર્મ, માન્યું સકળ જનકકેરું કર્મ.

રામે સીતાના મહિમાને જાણી હર્ષ અનુભવ્યો પ્રેમ પ્રમાણી;
સુણી પિતાનું શુભાગમન થયું સર્વ ચિંતાનું શમન.

મનમાં દર્શનની હતી ઈચ્છા, ગુરુઆજ્ઞાની કિન્તુ પ્રતીક્ષા,
કહ્યું સંકોચવશ ના કાંઈ, જોયા વિશ્વામિત્રે બંને ભાઈ.

પામી આનંદ આપ્યું આલિંગન, આંખ ઊભરાઈ ક્ષણ બે ક્ષણ,
સર તૃષાર્ત પાસે જાય શાંતિ તૃષાર્તને દેખી થાય
એવા ચાલ્યા દશરથને મળવા સુખશાંતિ સંતૃપ્તિ ધરવા.

(દોહરા)

પુત્રો સાથે આવતા મુનિવરને જોઈ,
દશરથ સુખના સિંધુમાં ડૂબ્યા સુધ ખોઈ.

(ચોપાઈ)

ભૂપે કર્યા દંડવત મુનિને ધારી મસ્તકે ચરણરજને;
મુનિએ ભાવથી એમને ભેટી આપ્યા આશીર્વાદ ઉરેથી

રામ લક્ષ્મણે કર્યા પ્રણામ ત્યારે દશરથ પુલકિત પ્રાણ,
આપી આલિંગન પામ્યા સુખ પ્રાણ પામ્યું જાણે તન મૃત.

કર્યા વસિષ્ઠમુનિને પ્રણામ પછી લક્ષ્મણ તેમજ રામ,
વંદ્યા વિપ્રસમાજને સ્નેહે, આપી આશિષ એમણે નેહે.

ભરતે શત્રુઘ્ન સહિત સપ્રેમ કર્યા પ્રણામ પૂછતાં ક્ષેમ;
રામલક્ષ્મણ ભાવભરેલા ભેટયા એમને સ્નેહછલેલા.

(દોહરા)

પુરજન પરિજન જ્ઞાતિજન યાચક મંત્રી મીત,
મળ્યા રામ સૌને સુખે પરમકૃપાળુ વિનીત.

(ચોપાઈ)

પેખી રામ સુખી પામી જાન, કરે પ્રીતનાં કોણ વખાણ,
નૃપ સાથે સોહે પુત્ર ચારે તન ધર્માદિ જેવિધ ધારે.

દેખી દશરથને પુત્ર સમેત પામ્યા પુરજન હર્ષ વિશેષ;
દેવો પુષ્પ વરસાવવા લાગ્યા, ગીત અપ્સરાનાં મધુ જાગ્યા,

લગ્નદિનથી વહેલી જાન આવી એથી મુદિત બન્યા પ્રાણ;
બ્રહ્માનંદાનુભવ કરી સર્વ પુરે ઊજવી રહ્યાં શુચિ પર્વ.

(દોહરા)

સુંદરતાની અવધિ છે સીતા તેમજ રામ,
સુકૃતતણી છે અવધિ આ નૃપ બંને કૃતકામ;

મિથિલાનગરીના કહી એમ રહ્યા સૌ લોક,
ટોળે સર્વસ્થળે મળી ઉત્સવમગ્ન અશોક.

*

(ચોપાઈ)

સીતા જનકના પુણ્યની મૂર્તિ, રામ દશરથ પુણ્યની સ્ફુર્તિ;
બંને નૃપે આરાધ્યા શિવ ફળ મેળવ્યું ચિરંજીવ.

કોઈ એમના સરખો થયો ના, નથી હાલ, થશેય કદી ના;
છીએ આપણે પુણ્યનાં રાશી થયાં જગ કે જનકપુરવાસી.

ભાગ્યશાળી કો આપણા જેવું, કોનું સુકૃત ઉત્તમ એવું,
સીતારામને જોયાં જેણે, લગ્ન જોઈશું નેહલ નેને.

વદી કોયલકંઠથી નારી મળી સુંદર લોચનવાળી,
લાભ લગ્નનો મળશે મોટો, જગમાં નથી જેમનો જોટો
પ્રિય આંખના અતિથિ થશે એ બંને બંધુ હવેથી વિશેષે.

(દોહરા)

જનક સ્નેહવશ તેડશે સીતા વારંવાર,
કોટિ કામ કમનીય બે બંધુ અવારનવાર

લેવા એને આવશે, આતિથ્ય થશે શ્રેષ્ઠ,
જોઈ સર્વ સુખી થશું જોયે જ્યમ પરમેશ.

સખી, રામ-લક્ષ્મણ સમા બીજા કુમાર બે,
શ્યામ-ગૌર સુંદર પરમ દશરથ સાથે છે.

બ્રહ્માએ નિજ હાથથી ઘડ્યા હોય એવા,
ઓળખાય જલદી નહીં ભરત રામ જેવા.

લક્ષ્મણ ને શત્રુઘ્ન પણ એક રૂપ વાળા,
નખશિખ છે સર્વાંગ એ અનુપમ ને ન્યારા.

મનને ગમે છતાં શકે વદન વર્ણવી ના,
ઉપમા કોઈ એમની મળે નહીં જગમાં.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ઉપમા મળે ના એમની કોવિદ અને કવિજન કહે,
બળ વિનય વિદ્યા શીલશોભ સિંધુ એ અનુપમ રહે;

નારી બધીયે વિધાતાને પ્રાર્થના પ્રેમે કરે,
ચારે વિવાહ કરે અહીં, અવસર સુખદ અમને મળે.

(દોહરા)

અશ્રુભરી આંખે કહે સઘળી સન્નારી,
પુણ્યપયોનિધિ નૃપતિ બે કૃપાળુ ત્રિપુરારી,

શંકર સર્વ મનોરથો પૂરણ એ કરશે;
એવા દિવ્ય મનોરથે ભરતી હૃદય રસે.

## ૨૫. વિવાહ

(દોહરા)

ઋતુ હેમંત સોહામણો માર્ગશીર્ષ ને માસ,
આવ્યો લગ્નદિવસ શુભ સૌ માંગલ્યનિવાસ.

બ્રહ્માએ દિન શોધતાં નારદ મુનિ દ્વારા,
મિથિલાપતિને મોકલ્યો ભાવથકી ન્યારા.

જ્યોતિષીપ્રવર જનકના સંમત સર્વ થયા,
મુહૂર્તને નિશ્ચિત કર્યું પ્રસન્ન અન્ય બન્યા.

ગોરજની વેળા વિમળ સકળ સુમંગલમૂળ,
આવી સમીપ ને થયા શુકન સરસ અનુકૂળ.

પુરોહિત શતાનંદની સૂચનાથી સઘળા,
લાવ્યા મંગલ દ્રવ્યને મંત્રી જનકતણા.

સાદર સાજ સજી બધા લેવા જાન ગયા,
વૈભવ કોશલપતિતણો પેખી ચકિત થયા.

વૈભવ લાગ્યો ઈન્દ્રનો એની આગળ શુષ્ક,
નરનારી અવલોકતાં થયા પૂર્ણ પરિતૃપ્ત.

વિનય સુણીને દશરથ કુળવિધિ સર્વ કરી,
ગુરુ મુનિ સાધુસમાજ સહ ચાલ્યા હર્ષ ધરી.

દશરથનું ઐશ્વર્ય ને ભાગ્ય નિહાળીને,
નિષ્ફળ સુર બ્રહ્માદિ નિજ જીવન જાણીને,

સહસ્ત્રવદને એમને વખાણવા લાગ્યા,
વરસાવ્યાં શુભ અવસરે સુમનો વણમાગ્યાં.

(ચોપાઈ)

શિવબ્રહ્માદિ દેવો વિમાને ચઢીને અવનવા ભાવ ઉલ્લાસે,
જોવા કાજ વિવાહને ચાલ્યા, કરી ઉત્સવ આનંદે મ્હાલ્યા.

પેખી મિથિલાપુરી થયો પ્રેમ એની સુંદરતા સુખ તેમ,
લાગ્યા તુચ્છ પોતાના લોક, ક્યાંય દેખાયો લેશ ન શોક.

નરનારી સૌ રૂપભંડાર શીલધર્મ ને જ્ઞાનનાં સાર,
થયાં દેવ દેવાંગના સહેજ ચંદ્રતેજે તારાશાં નિસ્તેજ.

પેખી બ્રહ્માય વિસ્મય પામ્યા, હતા જે જે પદાર્થો ન્યારા,
એમાં રચના ના એમની ભાળી, થઈ સૃષ્ટિ સ્વતંત્ર જ સારી.

(દોહરા)

કહ્યું શંકરે દેવને પામો અચરજ ના,
સીતા ને રઘુવીરનો વિવાહ અનુપમ આ.

*

(આખ્યાન)

લેતાં મધુમય જેનું નામ મટે અમંગલમૂળ તમામ,
બનતાં સુલભ પદારથ ચાર તેજ તત્ત્વ છે સીતારામ.

સમજાવીને સુરને એમ મહાદેવ ચાલ્યા સપ્રેમ;
પ્રસન્ન મન પુલકિત તનસાથ દેખ્યા દેવે દશરથરાજ.

સંગ સંત ભૂદેવસમાજ સુખ જેમ ફેર સજતા સાજ;
મોક્ષ ચતુર્વિધ ધારી અંગ આવ્યા એવા સુત પણ સંગ.

મરકત કનક વર્ણની જોડ જોઈ દેવે પૂર્યા કોડ;
રામ નિહાળી ફરીફરી વરસી સુમન પ્રશસ્તિ કરી.

(દોહરા)

રામના સુભગ રૂપને નીરખી વારંવાર,
નેત્રે પ્રગટી શિવતણા ઉમાસહિત રસધાર.

(આખ્યાન)

મોરકંઠ દ્યુતિ શ્યામ શરીર, વીજ વિનિંદક વસનો પીત,
મંગલ સુંદર સર્વપ્રકાર, ધાર્યા વિવિધ શુચિ અલંકાર.

શરદ વિમળ વિધુ વદન રસાળ, નયન નવલ રાજીવ સમાન;
સુંદરતા નવ કહી શકાય, જોતાંવેંત જ મુગ્ધ થવાય.

બંધુ મનોહર સોહે સંગ નચાવતા જે તરલ તુરંગ;
કોટિ કામથી અદભુત અંગ, રઘુવરનો આકર્ષક રંગ.

જે તુરંગ પર રાજ્યા રામ તુરંગ તે સુંદર કૃતકામ,
કામદેવ જાણે સાક્ષાત, એની ગતિની થાય ન વાત.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ગતિ નિહાળી એની ગરુડને પણ થતી લજ્જા ખરે,
વય રૂપ બળ ગુણ ચાલથી એ મુગ્ધ દર્શકને કરે;
માણેક મોતી મણિ થકી મંડિત પ્રકાશિત જીનને,
મોહિત થતા સુર મુનિ મનુજ દેખી સુચારુ લગામને.

(અનુષ્ટુપ)

લગામ ઘૂઘરીવાળી સજીને અશ્વ ચાલતો,
રામના મનની સાથે મનનો તાલ સાધતો.

મેઘ શોભી રહ્યો તારાગણ ને વીજળી વડે,
નચાવી હો રહ્યો જાણે કોઈ સુંદર મોરને.

(આખ્યાન)

રામ અશ્વ પર થયા સવાર એનું શું લાવણ્ય અપાર,
શારદા કરે કેમ વખાણ, મુગ્ધ કર્યો શંકરનો પ્રાણ.

રમા રમાપતિ મુગ્ધ બન્યાં સંમોહિત ક્ષણવાર થયાં,
રઘુવરનું સૌન્દર્ય અનંત, બ્રહ્મા પામી શક્યા ન અંત.

સુરપતિનો આનંદ અનંત, દેવગણ થયા પરમ પ્રસન્ન;
બંને પક્ષે હર્ષ અમાપ રઘુવરકેરો કેવળ જાપ.

વિવિધ વાગવા લાગ્યાં વાદ્ય; સજી જાનને માટે સાજ
સૌભાગ્યવતી સ્ત્રીઓ તેમ ચાલી કરવા કાજે ક્ષેમ.

(દોહરા)

સજી આરતી હરખથી વધાવવાને રામ,
લલનાઓ ગજગામિની ચાલી તજતાં કામ.

(આખ્યાન)

વિધુવદન નારી મૃગલોચન તન ચારુ રતિમદમોચન,
ધાર્યા રંગબેરંગી ચીર સજ્યાં ભૂષણ દિવ્ય શરીર.

શણગારીને સુંદર અંગ ગાતી રસની રેલીને ગંગ;
કડાં ઘૂઘરી નૂપુર વાગે જાણે કોઈને આમંત્રે રાગે.

શચી શારદા લક્ષ્મી ભવાની શુચિ દેવાંગના ન શાણી,
ધરી કપટ નારી વેશ સજી સુમનમાળથી કેશ

રાણીવાસમાં જઈ વિરાજી, એવું કરતાં લેશ ના લાજી,
શક્યું ઓળખી ત્યાં ન કોઈ, ગાયાં ગીતો અવસરને જોઈ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

કો ઓળખે કોને કહો સાનંદ સર્વે વર બન્યા,
પરબ્રહ્મને સત્કારવા ચાલી પરમ હર્ષિતમના;
આનંદકંદ વિલોકતાં વર આંખમાં પ્રેમાશ્રુનાં,
ફૂટયાં ઝરણ, ભાવો હૃદય પ્રગટ્યા સુખદ સૌભાગ્યના.

(દોહરા)

વેશ રામનો નીરખતાં હરખી સીતામાત,
સુખની એના કવિથકી કેમ કરાયે વાત.

શેષ શારદા લક્ષ હો લક્ષ વળી હો કલ્પ,
કરાય વર્ણન તોય તે વર્ણન કરાય અલ્પ.

(ચોપાઈ)

મંગલ અવસર આવ્યો જાણી લાગી પોંખવા પ્રેમથી રાણી;
વેદવિહિત કુળ-આચાર કર્યા વ્યવહાર સર્વપ્રકાર.

પંચશબ્દ ધ્વનિ ને ગાન થયાં કરતાં રસે ગુલતાન;
કરી આરતી ને અર્ઘ્ય આપ્યો; રામે માર્ગ મંડપનો કાપ્યો.

કર્યો રામે મંડપમાં પ્રવેશ, બેઠા તેમ અયોધ્યાનરેશ.
અર્ઘ્ય સહિત આરતી ઉતારી સુખ પામી નિહાળીને નારી

મણિ ભૂષણ વસ્ત્રની ભેટ, દેવ બ્રહ્માદિ વિપ્રના વેશ,
ધારી આવેલા જોવા લાગ્યા જાણે મોહનિદ્રાથી જાગ્યા.

(દોહરા)

રઘુકુળરૂપી કમળના સૂર્યસમા શ્રીરામ,
શોભા જોઈ એમની ભૂલ્યા સૌ નિજ ધામ.

નાઈ ખવાસ ભાટ નટ ભેટ મેળવીને,
આશિષ દેતા વંદતાં સ્નેહે મુદિતમને.

વૈદિક લૌકિક વિધિ કરી દશરથ જનક મળ્યા,
શોભાની કવિજન શક્યા શોધી ના ઉપમા.

ઉપમા મળી ન ક્યાંય તો માની હૈયે હાર,
માન્યું કે ઉપમા નથી શોધવામહીં સાર.

દેવો એ સંબંધને દેખી બની પ્રસન્ન,
બોલ્યા, જે દિનથી થયું જગત સકળ ઉત્પન્ન.

વિવાહ જોયા સાંભળ્યા અનેક એ દિનથી,
આવા સર્વપ્રકાર ના જોયા સમ સમધી.

પ્રીતિ છવાઈ દેવની વાણીને સુણતાં,
દશરથને લાવ્યા જનક સાદર મંડપમાં.

મંડપની રચનાથકી મુનિમન મુગ્ધ બન્યાં,
જનકે સિંહાસન વિવિધ નિજ હસ્તે જ ધર્યાં.

વસિષ્ઠ પૂજી ઈષ્ટસમ આશિષ પ્રાપ્ત કરી,
પૂજ્યા વિશ્વામિત્રને પ્રીતે પરમ વળી.

વામદેવ જેવા પરમ પૂજ્ય ઋષિવરને,
પ્રસન્ન મનથી આસનો અર્પ્યાં ને સહુને.

પ્રીતરીતનો કાવ્યમાં કહેતાં ના'વે પાર;
શુભેચ્છા સહજ પાઠવી સૌએ વારંવાર.

*

(ચોપાઈ)

કરી પૂજા કોશલપતિકેરી, ઈશ માનીને પ્રીતે અનેરી;
કહ્યું વૈભવ ભાગ્ય વિસ્તાર થયો તમારે લીધે અપાર.

પૂજી અર્પ્યાં જાનૈયાને આસન, કર્યો વિવેક શોકવિનાશન;
દાન માન વિનય ને વાણી થકી જાન સકળ સનમાની.

બ્રહ્મા વિષ્ણુ શિવ સૂર્ય દિગ્પાલ છદ્મવેશે વિરાજ્યા તે કાળ,
પૂજ્ય જનકે અજ્ઞાત છતાંયે કરી આદર બેસાડ્યા ભાવે.

રામે ઓળખી એમને લીધા, થઈ એમના મનમાં દ્વિધા;
કરી માનસપૂજા પ્રેમે, થયા દેવતા સંતુષ્ટ રે'મે.

(દોહરા)

રામચંદ્ર મુખચંદ્ર રસ, લોચન ચારુ ચકોર,
સાદર પાન કરી રહ્યાં, પ્રમોદ એનો ઓર.

(ચોપાઈ)

ઘડી જોઈ વસિષ્ઠે બોલાવ્યા, શતાનંદ આદર સાથે આવ્યા;
કહ્યું રાજકુમારીને લાવો થયું મુહૂર્ત મંગલ જાઓ.

સુણતાં શતાનંદની વાણી સખી સાથ આનંદી રાણી;
વિપ્રકુળની બોલાવી નારી કુળરીતિ કરાવી ન્યારી.

શ્રેષ્ઠ દેવાંગના હતી શ્યામા સર્વે સુંદરી નયનાભિરામા;
સ્ત્રીઓ સન્માનતાં સુખ પામી રહી રાણી દેવી જેવી જાણી.

સર્વે સીતાને શણગારી, સાજ અવનવા વળી ધારી,
લઈ સાદર સ્નેહથી ચાલી મત્ત કુંજરગામિની મ્હાલી.

લઈ સીતાને લગ્નમંડપમાં ચાલી દેવાંગના લલના ત્યાં,
સુણી એમનાં સ્વર્ગીય ગીત તજી મુનિઓએ ધ્યાનની પ્રીત.

કામદેવની કોયલ લાજી, રહ્યા કંકણનૂપુર વાગી,
એવી ચાલ ને એમની રીત થયાં ચંચળ સર્વનાં ચિત્ત.

(દોહરા)

સીતા વનિતાવૃંદમાં સહજ અધિક સોહે,
લલનાગણમાં શ્રી સ્વયં જાણે મન મોહે.

*

સીતાના સૌન્દર્યનું વર્ણન ના જ કરાય,
સૌંન્દર્ય પરમ અલ્પ મતિ, જાણે નહીં જરાય.

રૂપરાશિ સુપવિત્ર એ સીતાને જોઈ,
જાનૈયા પ્રણમી રહ્યા પ્રેમથકી મોહી.

નીરખી રઘુવરને બન્યા સૌએ પૂરણકામ,
દશરથ સુત સહ હર્ષને પામ્યા શાંતિઠામ.

શાંતિપાઠ મુનિએ કર્યા આશીર્વાદ દઈ,
આવી સીતા મંડપે રસનું મૂળ થઈ.

ગૌરીગણ પતિ વિપ્રને પૂજ્યા શ્રીગુરુએ,
દેવો પ્રગટ્યા પ્રેમથી અર્પી આશિષને.

મધુપર્કાદિ સુવર્ણનાં પાત્રે ને કળશે,
ભરતા સેવક મુનિતણી આજ્ઞાથી હરખે.

સૂર્યે દર્શાવી બધી કુળની રીતિ સપ્રેમ,
આદર સહિત પૂજાતણા સર્વ પળાયા નેમ.

પૂજા દેવોની કરી મુનિઓએ સ્થાપ્યું,
સુભગ સિંહાસન સ્નેહથી સીતાને આપ્યું.

સીતા ને શ્રીરામનો પરસ્પર પરમ પ્રેમ,
એકમેકનું દર્શન કહી શકાયે કેમ?

મન બુદ્ધિ વાણી થકી અનુભવ છે પર જે,
કવિ ઉત્તમ પણ એહને ક્યાંથી પ્રગટ કરે?

લેતા અગ્નિ તન ધરી આહુતિ હોમતણી,
વિપ્રવેશ વેદો વદે વિધિને લગ્નતણી.

(ચોપાઈ)

વિશ્વવિખ્યાત જનકની રાણી સીતામાત કહું શે વખાણી;
યશ સુકૃત સૌન્દર્ય સુખ સર્વ એકત્ર કરી અદભુત

વિધાતાએ બનાવી એને; આવી મુનિના સૂચનથી પ્રેમે,
ડાબી તરફ જનકના સોહે શ્રેષ્ઠ સુનયના મન મોહે.

શુચિ સુગંધ મંગલ પાણી ભર્યા કળશ સુવર્ણના આણી,
સુંદર કથરોટ શ્રેષ્ઠ મણિની મૂકી રામ પાસે રાજારાણી

બની મગ્ન લાગ્યાં પગ ધોવા, આવ્યા ત્રિદેવ એને જોવા,
મુનિ વેદધ્વનિ રહ્યા કરી, રામે લીધાં સૌનાં હૈયા હરી.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

પુલકિત બનીને પાદપંકજ પખાળી પ્રેમે રહ્યાં,
નભનાં નગરનાં ગાન જયધ્વનિ ચતુર્દિશ વ્યાપી ગયાં;
જે પદસરોજ મનોજ અરિઉરસર સદાય વિરાજતાં,
જેને સ્મર્યે મન વિમળ બનતું સકળ કલિમલ નાસતા.

જેનો કરીને સ્પર્શ મુનિવનિતા પરમગતિને લભી,
શિવમસ્તકે જેનો મધુર રસ વિરાજે ગંગા બની;
મન મધુપ કરતાં સેવતાં મુનિ પામતા ગતિ જેમને
સૌભાગ્યશાળી જનક ધોતા ધન્ય બનતા તેમને.

બંને કુળગુરુએ કરાવ્યું ઉભયનું પાણિગ્રહણ,
બ્રહ્માદિ દેવ મનુષ્ય મુનિમનમાં વહ્યું રસનું ઝરણ;
સુખમૂળ વરકન્યા નિહાળી પ્રસન્ન બન્યાં દંપતી,
વેદોક્ત વિધિથી કર્યું કન્યાદાન જનકે તે પછી.

લક્ષ્મી સમર્પી સિંધુએ હરિને, પવિત્ર હિમાલયે,
ગિરિજા મહેશ્વરને સમર્પી તેમ સીતા રામને;
કીર્તિ છવાઈ વિશ્વમાં; શું વિવેક જનક અધિક કરે,
એ શ્યામમૂર્તિને વિલોકી વિદેહ બનેલા ખરે.

(દોહરા)

હોમ થયો, ગાંઠો વળી, ને મંગલફેરા,
ફરાઈ રહ્યા, ધ્વનિ થયા વિવિધ હર્ષકેરા.

હર્ષ દેવ પામ્યા સુણી મંગલ ગાન નિશાન,
લાગ્યા સૌ વરસાવવા સુરતરુ સુમન સુજાણ.

(ચોપાઈ)

વરકન્યા ફરી રહ્યાં ફેરા જોતાં સ્નેહ સાથે સૌ અનેરા;
જાય વર્ણવી ના એ જોડી, ઉપમા સઘળી પડે થોડી.

રામસીતાની સુંદર છાયા મણિસ્તંભે પડે ધરી માયા;
કામદેવ ને રતિ જાણે રૂપ લઈ દેખે વિવાહ અનૂપ.

હતી દર્શન લાલસા ભારે છતાં સંકોચ બંનેને ત્યારે;
ક્ષણવાર જુએ ને લપાય, લોલ લોચન ક્લેશ કપાય.

બન્યા દર્શકો આનંદમગ્ન ભૂલ્યા ભાન બની સંલગ્ન;
મુનિ ફેરવી મંગલફેરા થયા કૃતકૃત્ય હર્ષે સવેળા.

સીતાશિર પર સીંદૂર રામે પછી લગાડયું પૂરણકામે,
શોભા અવર્ણનીય બની એ, બન્યાં ધન્ય વિલોકી બધાં તે.

રક્ત પરાગે પદ્મ ભરીને સર્પ સુધાનો લોભ કરીને,
જાણે ચંદ્રનો કરે શૃંગાર, એના આનંદનો ના પાર.

બંને બેઠાં આસન પર એક, દેખી દશરથ સુખી થયા છેક;
પુણ્ય કલ્પવૃક્ષ ફળ જોઈ રહ્યું અંતર રંગથી રોઈ.

*

(આખ્યાન)

ત્રિભુવનમાં ઉત્સાહ છવાયો લગ્ન થવાથી રામતણું,
મંગલ મહાન મધુમય ઉત્સવ વાણીમાં હું કેમ વણું ?

વસિષ્ઠના આદેશથી થયા અન્ય લગ્ન માટે તૈયાર,
રાજા જનકે લેશ લગાડી કલ્યાણક્રિયામાં ના વાર.

કુશધ્વજની કન્યા ગુણવાળી માંડવી હતું જેનું નામ,
ભરત સાથ પરણાવી એને કરતાં વિધિ સંપન્ન તમામ.

ઊર્મિલાને સકળ સુંદરી શિરોમણિ સરખી જાણી,
પરણાવી લક્ષ્મણની સાથે સર્વપ્રકારે સન્માની.

સુંદર વદન લોચનોવાળી રૂપ શીલ ગુણ ખાણસમી,
પરણાવી શત્રુઘ્ન સાથ શ્રુતકીર્તિ હૈયે ભરી અમી.

વરકન્યા અનુરૂપ પરસ્પર પામ્યાં હર્ષ તથા સંકોચ;
પ્રશસ્તિ કરવા લાગ્યા પુરજન, ખૂટયો શબ્દોકેરો કોશ.

સુંદર વર સહ સુંદર કન્યા સોહી મંડપ એક રહી,
ચાર અવસ્થા જીવહૃદયમાં જેવી વિભુ સંગાથ કહી.

(દોહરા)

મુદિત બન્યા નૃપ સુત સકળ નવવધુ સહ જોઈ,
જેમ ચાર ફળ પામતાં ક્રિયા સહિત કોઈ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

શ્રીરામ જેવી લગ્નવિધિ સઘળા કુમારોની કરી,
પહેરામણીની કથા અનુપમ જાય શી રીતે કહી;
મંડપ ભરાયો કનક મણિ કંબલ વિવિધ વસ્ત્રોથકી,
રથ અશ્વ હસ્તિ દાસ દાસી વિભૂષિત ગાયો ઘણી.

આનંદ પામ્યા લોકપાલો એ બધું જોઈ ખરે,
સંતોષ સુખપૂર્વક ગ્રહ્યું એ અયોધ્યાપતિ દશરથે;
ઈચ્છા પ્રમાણે યાચકોએ ગ્રહણ એમાંથી કર્યું,
જે વધ્યું જાનીવાસ લાવ્યા દ્રવ્ય ઉત્તમ તે બધું.

આદર વિનય ને દાનપૂર્વક જાનને સન્માનતાં,
મુનિવંદના પૂજા કરી સુરને સસ્નેહ મનાવતાં;

બોલ્યા જનક સુર સાધુ જન તો ભાવને જ ચહે સદા,
બેચાર જલનાં બિંદુથી તોષાય ના અર્ણવ કદા.

જનકે નમીને બંધુ સાથે કહ્યાં દશરથને વચન,
સંબધ તમ સાથે થવાથી થયા મોટા અમે પણ;
સેવક અમોને સમજજો આ રાજ સાથે આજથી,
દાસી ગણીને પાળજો કન્યા સદા સદભાવથી.
તમને અહીં તેડાવતાં મેં ધૃષ્ટતા મોટી કરી,
અપરાધ કરજો ક્ષમા સર્વે ભાવ અંતરમાં ભરી.

સન્માન જનકતણું પછીથી અવધપતિએ પણ કર્યું,
અંતર પરસ્પર પ્રેમપૂરણ સુખ પરમ એથી લહ્યું.
સુમનો સુરે વેર્યાં નૃપતિ આવાસ તરફ પછી ગયા,
વાજિંત્ર વેદ વિજયતણા ધ્વનિ નગરમાં સઘળે થયા.

આદેશ મુનિનો મેળવી કન્યા વર સહિત સુંદરી,
કુળદેવસ્થાન તરફ ગઈ ગાતાં પરમ પ્રીતે નરી.

(દોહરા)

સીતા જોતી રામને સહજ કરી સંકોચ,
મન પામે સંકોચ ના, હૈયે ઊંડી હોંશ.

તૃષાર્ત નયનો પ્રેમથી રામતને મળતાં,
મનહર જાણે મીનની શોભાને હરતાં.

*

## ૨૬. વિવાહ પછી

(આખ્યાન)

શ્યામ શરીર સરૂપ સુહાવન, શોભા કોટિ મનોજ લજાવન;
ચરણકમળ બે રક્ત સદાય, મુનિમન મધુપે સદા છવાય.

પીત પુનિત મનોહર ધોતી હરે બાલરવિ દામિની જ્યોતિ;
કટિ કિંકિની ને સૂત્ર મનોહર, બાહુ વિશાળ વિભૂષણ સુંદર.

બ્રહ્મસૂત્ર શુચિ મંગલ સોહે, કરમુદ્રિકા સરસ મન મોહે;
શોભે વિવાહના સૌ સાજ, હૃદય હરે ભૂષણની લાજ.

મોતીમંડિત પીળો ખેસ, સુંદર ચિત્તાકર્ષક વેશ;
કાને કુંડલ કાંતિભરેલ, વદન સકળ સૌંદર્યછલેલ.

સુંદર ભ્રુકુટિ મનોહર નાક, તિલક રુચિર રસધામ લલાટ;
મંગલ મોતી મણિમંડિત મસ્તક મોર મધુર અંકિત.

મણિમંડિત શુભ મુકુટ અમૂલ, અંગ ચિત્તને કરતાં મુગ્ધ;
એવા નીરખી નારી રામ ગાતી ગીત પરમ અભિરામ
આરતી કરી ધરતી ભેટ પ્રશંસા કરીને ભરપેટ.

(દોહરા)

કુળદેવતણા સ્થાનમાં વરકન્યા લાવી,
સુવાસિની સ્ત્રીઓ સુખે કરતાં મનભાવી.

લૌકિક વિધિને ગીતને ગાવા મધુ લાગી,
સર્વજન્મફળને રહી માણી સૌ રાણી.

વૈદેહીને શારદા ગૌરી રઘુવરને,
રીત પરમ કંસારની બતાવતી પ્રણયે.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

નિજ હાથના મણિમાં નિહાળી રામની છાયા સરસ,
સંતોષતી સીતા સુખદ દર્શનતણી તીખી તરસ,
એથી વિરહભયથી નજર કે હાથને ન હઠાવતી,
એ પ્રેમ એ કૌતુક વિનોદ કરી શકે શે ભારતી ?

(દોહરા)

વરકન્યા સાથે સખી ચાલી જાનીવાસ,
થયા એ સમે હર્ષ ને આશિષના ધ્વનિ ખાસ.

પિતાપાસ પહોંચ્યા સૌ વધુઓ સાથ કુમાર,
શોભા મંગલ મોદની વરસી ત્યારે ધાર.

જનકપુરીમાં નિતનવા મંગલ થતા પ્રસંગ,
રાતદિવસ વીતી જતાં રેલી અદભુત રંગ.

વરવધુને દેખી થતો દશરથને આનંદ;
એક દિવસ ગુરુને નમી બોલ્યા એ સાનંદ.

તમારી કૃપાથી થયો પૂર્ણકામ મુનિરાજ,
ગોદાન કરો પ્રેમથી ભૂદેવોને આજ.

વામદેવ મુનિ વાલ્મીકિ નારદ વિશ્વામિત્ર,
જાબાલિસમા મુનિવરો આવ્યા ત્યારે શીઘ્ર.

(આખ્યાન)

પૂજી સૌને કરી પ્રણામ અર્પીને આસન અભિરામ,
ચાર લાખ મંગાવી ગાય કામધેનુ સમ શીલસ્વભાવ.

અલંકૃત કરી સર્વપ્રકાર વસ્ત્રાભૂષણથકી અપાર,
ભૂદેવોને કરતાં દાન દશરથ બોલ્યા મધુરી વાણ.

યાચકગણની રુચિ જાણી, દશરથ રાજાએ દાની,
હય ગય સ્યંદન કનક વસન અર્પ્યાં; આશીર્વાદ વચન.

વદતાં યાચક થયા વિદાય સુખશાંતિ વિજય પામો રાય,
લગ્નોત્સવ ઉજવાયો એમ, શેષ પણ શકે ગાઈ કેમ ?

(દોહરા)

કૌશિકચરણે વંદતાં રાજા વારંવાર,
વદ્યા, કૃપાકટાક્ષનો સુખ આ સર્વે સાર.

તમારી કૃપાનો જ છે સુખ આ સકળ પ્રસાદ,
કૃપાકટાક્ષે ભય ટળ્યો શમ્યો વળી અવસાદ.

*

(ચોપાઈ)

સ્નેહ શીલ ઐશ્વર્ય આચાર ઉચ્ચ મિથિલાપતિના વિચાર,
કરી દશરથ સૌનાં વખાણ સદા સાર્થક કરતા વાણ.

નિત્ય નૂતન આદર પ્રેમ દિવ્ય સત્કાર આનંદ તેમ;
માગે દશરથ રોજ વિદાય, રોકે જનક અનેક ઉપાય.

છૂટા પડવું કરે ના પસંદ, એમ આવ્યો દિવસોનો અંત,
સૌએ બંધાયા પ્રેમને દોર, કામ કરતું ના કોઈનું જોર.

વિશ્વામિત્રે શતાનંદે ત્યારે કહ્યું જનકને શાંતિથી પ્યારે,
છોડી શકતા દશરથને તમે ના આપો આજ્ઞા જવાની છતાં હા !

(દોહરા)

મિથિલાપતિ માની ગયા સમજીને ત્યારે,
મંત્રીને બોલાવતાં જાણ કરી ભારે.

અવધનાથ ચાહે જવા સૌને જાણ કરી;
સમાચારને જાણતાં હર્ષ શમ્યો સઘળો.

(ચોપાઈ)

જાન કરશે હવે તો પ્રયાણ એવી પુરવાસીને થતાં જાણ,
થઈ વ્યાકુળ વળગ્યા વાતે બની મ્લાન કમળ જેમ રાતે.

વાટે કરેલો વિશ્રામ જ્યાંજ્યાં, જનકે પહોંચાડી સામગ્રી ત્યાંત્યાં;
સીધાં પકવાન મેવા દ્રવ્ય ખાદ્યસામગ્રીઓ પંચગવ્ય.

સુંદર શય્યા પલંગસમેત સ્વર્ગશય્યાથી સુખદ દરેક,
લક્ષ અશ્વ પચીસ સહસ્ત્ર રથ શણગારી નખથી શીશ.

મત્ત દસ સહસ્ત્ર ગય ગાજે દેખી દિગ્ગજ જેમને લાજે,
ભરી શકટ કનક વસન મણિમહિષી ને ધેનુનું ધન.

(દોહરા)

અમિત ભેટવસ્તુ ધરી મિથિલાપતિએ એમ;
લોકપાલની સંપદા લાગી ક્ષુલ્લક જેમ.

*

(ચોપાઈ)

સર્વ સામાન કરી તૈયાર કર્યો અયોધ્યાનગર વિદાય,
બની વ્યાકુળ રાણીઓ કેવી અલ્પ વારિમાં મીનના જેવી.

લેતાં ગોદમાં સીતાને પ્રેમે દીધી આશિષ સંયમે કેમે,
થજે પતિની સદા માટે પ્યારી વળી અવિચળ સૌભાગ્યશાળી.

સાસુ સસરા ગુરુસેવા ન્યારી કરજે પતિની આજ્ઞા સદા પાળી;
ભેટી વારંવાર વદી માતા રચી સ્ત્રીને શા માટે વિધાતા ?

(દોહરા)

રામ પ્રસન્નવદન તદા પામી બંધુસહાય,
ચાલ્યા જનકમહેલ પ્રતિ લેવા કાજ વિદાય.

સ્વભાવ સુંદર ચાર એ ભાઈને જોવા,
નરનારી દોડ્યાં બધે લાગ્યાં ને રોવા.

આજ જવાના બંધુ એ કોઈ એમ કહે,
સામાન કર્યો ક્યારથી છે તૈયાર નૃપે.

આંખ ભરીને અતિથિનાં દેખો સુભગ સ્વરૂપ,
વિધિએ આણ્યા એમને કોઈ કરતાં પુણ્ય.

મૃત અમૃતને મેળવે દરિદ્ર સુરતરુ જેમ,
જીવ નારકી પ્રભુપદ, દર્શન મંગલ તેમ.

નીરખી રામ હૃદયમહીં શોભા ધારી લો,
મનનો નાગ કરી મધુર મૂર્તિ કરી મણિ દો.

રૂપસિંધુ સૌ બંધુને દેખી રાણીવાસ,
ઉમંગ પામ્યો, ભેટ ને કરી આરતી ખાસ.

ભાવવિભોર બની પછી રાણી વદી વચન,
ગતિ સૌની જાણો તમે, લેતા ભક્ત શરણ.

પુરજનને પરિવારને રાજાને મુજને,
પ્રાણસમી પ્રિય જાનકી છે જાગૃતિ સ્વપ્ને.

શીલ સ્નેહ સંસ્કારિતા અવલોકી એની,
સેવિકા સમી સમજજો મંદિરની દેવી.

પ્રાજ્ઞશિરોમણિ ભાવપ્રિય કૃતકામ તમે તો,
દોષદલન કરુણાયતન જનગુણગ્રાહક છો.

(ચોપાઈ)

બોલી એમ ચરણ ગ્રહી રાણી, પ્રેમપંકે સમાઈ વાણી;
છલી સ્નેહથી સુણીને વાણી રામે એ સૌને સનમાની.

હાથ જોડીને માગી વિદાય, પામ્યા આશિષ લાગીને પાય;
વારંવાર કરીને પ્રણામ કર્યું બંધુની સાથે પ્રયાણ.

મધુમૂર્તિ હૃદયમાં ધારી ગઈ રાણી રઘુવર પર વારી;
ભેટી કન્યાને વારંવાર જેમ વાછરડીને ગાય.

(દોહરા)

પ્રેમવિવશ પુરજન સકળ સખી સહ રાણીવાસ,
જનકપુરે જાણે થયો કરુણા વિરહ નિવાસ.

(ચોપાઈ)

શુક સારિકા સ્વર્ણપીંજરમાં રાખી સીતાએ પાળ્યાં પ્રણયમાં,
વદી વ્યાકુળ વચન રહ્યાં તે, સીતા જનકનંદિની ક્યાં છે ?

કોનું ધૈર્ય ટકે સુણી, બન્યાં વિકળ વિહંગ ને પ્રાણી;
દશા કહેવાય માનવની શે, કરો કલ્પના કરવી હો તે.

અશ્રુ જનકની આંખે છવાયાં, અંગ વિરહવ્યથાથી ઘવાયાં,
હતા પરમ વૈરાગી ને જ્ઞાની વાતો કરતા ધૈર્યથી શાણી,
કિન્તુ મર્યાદા જ્ઞાનની તૂટી, પ્રેમ ધીરતાને ગયો લૂંટી.

(દોહરા)

મંત્રીઓએ એમને સમજાવ્યા પ્યારે,
અવસર ખેદતણો નથી પ્રતીતિ થઈ ત્યારે.

કન્યાઓને ભેટતાં સરસ પાલખીને,
મંગાવી, પરિજન થયા વ્યગ્ર નિહાળીને.

મંગલ મુહૂર્તમાં સ્મરી સિદ્ધિ સાથ ગણેશ,
કન્યા બેસાડી બધી બન્યા કૃતાર્થ નરેશ.

(ચોપાઈ)

કહી નારીધર્મતણો સાર શિક્ષા આપી અનેક પ્રકાર;
આપ્યાં અસંખ્ય દાસ ને દાસી ભૂપે વિદાય વખતે હાસી.

બન્યાં વ્યાકુલ સૌ પુરવાસી થયા શુકનો મંગલરાશી;
ચાલ્યા જનક વળાવવા જાન મંત્રી ભૂદેવ સંગ સુજાણ.

વાગ્યાં વાજાં ને ચાલી જાન કર્યું દશરથે એમ પ્રયાણ,
રજ ભૂદેવની શિરે ધારી લઈ આશિષ આનંદકારી.

(દોહરા)

ગણેશને સ્મરતાં કર્યું નૃપે સપ્રેમ પ્રયાણ,
વરસાવ્યાં સુમનો સુરે, થયાં અપ્સરાગાન.

*

(ચોપાઈ)

નૃપે ભાવથી અરજ કરી, મહાજન પાછા ગયા ફરી,
જનકને કહ્યું વારંવાર સુણ્યા સુણ્યા ન છતાં ઉદગાર.

દશરથે કહ્યાં કરી વચન, કરો નગરમાં હવે ગમન;
રથથી ઊતર્યા માર્ગમહીં, અશ્રુ રાગનાં રહ્યાં વહી.

સુધાસભર શબ્દો ત્યારે બોલ્યા મિથિલાપતિ પ્યારે,
કૃતજ્ઞતા દર્શાવું કેમ, ધરી શ્રેષ્ઠતા મને સપ્રેમ.

(દોહરા)

કોશલપતિએ જનકનું સ્વજન સાથ સન્માન,
કર્યું વિનય ને સ્નેહથી, દ્રવ્યા સર્વના પ્રાણ.

મુનિમંડળને વંદતાં પામી આશીર્વાદ,
વદ્યા જનક સ્તુતિ શે કરું, ચાખ્યો કૃપાપ્રસાદ.

મહેશ મુનિ મન માનસર તમે હંસ છો રામ,
જેને માટે ક્રોધ મદ તજી બની નિષ્કામ

યોગી યોગ કરે, કહ્યા ચિદાનંદ જેને,
વ્યાપક બ્રહ્મ અલક્ષ્ય ને અવિનાશી વેદે.

નિર્ગુણ ગુણભંડાર જે તર્કાતીત સદાય,
મનવાણી જાણે નહીં જેને કોટિ ઉપાય;

અનુમાન કરે વેદ ને કહે નેતિ સ્વરમાં,
નિર્વિકાર સમ એકરસ સર્વ કાળ સ્થળમાં

બન્યા નેત્રના વિષય તે તમે સર્વ સુખમૂળ;
લાભ જગે સૌ જીવને થતાં ઈશ અનુકૂળ

(ચોપાઈ)

ધરી શ્રેષ્ઠતા સર્વપ્રકાર કર્યો જાણતાં નિજજન પાર,
અપનાવી મુજને લીધો, યશ અક્ષય અઢળક દીધો.

દશ સહસ્ત્ર શારદ ને શેષ કોટિ કલ્પલગ કહે હમેશ,
તોપણ મારી ભાગ્યકથા ગુણો તમારા પૂર્ણ તથા;
કહી શકે સ્વપ્નેય નહીં, મનની મનમાં જાય રહી.

અલ્પ પ્રેમથી થાવ પ્રસન્ન, એ જ ભરોસો મારે મન.
કર જોડીને વારંવાર માગું હે પ્રભુ દીનદયાળ,
ભૂલેચૂકે મારું મન તજે તમારાં નહીં ચરણ,
લઉં સદાય સસ્નેહ શરણ.

રઘુનંદન પામ્યા પરિતોષ, વિનય કરી રાખીને હોંશ,
દશરથ વિશ્વામિત્ર વસિષ્ઠ સમાન સન્માન કર્યું શિષ્ટ.

(દોહરા)

શ્રેષ્ઠતા ધરી જનકને સાદર ચાલ્યા રામ;
જનકે વિશ્વામિત્રના ચરણે કર્યા પ્રણામ.

લગાડતાં શિરનેત્ર પર પુનિત ચરણરજને,
જનકે સ્નેહવચન કહ્યાં આર્દ્ર ગાધિસુતને.

(આખ્યાન)

મુનીશ્વર, મને છે વિશ્વાસ પૂર્ણ કરો છો સઘળી આશ,
દર્શન દિવ્ય તમારું થાય દુર્લભ સુલભ બની તો જાય.

લોકપાલ જે સુયશ ચહે સુખ માગે તોપણ ન લહે,
મુજને તે છે પ્રાપ્ત થયું, અનુગ્રહનું બળ માત્ર મળ્યું.

દર્શન અનુગામી સિદ્ધિ કૃપાથકી મળતી રિદ્ધિ,
દર્શન એક તમારું સાર, ચાલ્યા જનક કહી તત્કાળ.

(દોહરા)

મુકામ માર્ગમહીં કરી સૌને દેતી પ્રાણ,
પુનિત દિને પહોંચી ગઈ અવધસમીપે જાન.

નિશાનડંકા ગડગડ્યા, સુંદર વાગ્યાં ઢોલ,
ભેરી શંખ સ્વરો થયા બોલી સ્વાગત બોલ.

હયગય ગાજ્યા, ઝાંઝ ને વાગી રહ્યાં પખાજ,
શરણાઈ વાગી રહી કરતાં મધુર અવાજ.

પુરજન પુલકિત સૌ બન્યા, ઘર ને નગર બજાર,
શણગાર્યાં સુંદર કર્યાં સમસ્ત પુરનાં દ્વાર.

કેસર ચંદન માર્ગમાં છાંટયાં, પૂર્યા ચોક,
કેતુવિતાન કળશ થકી નગરી બની અશોક.

*

## ૨૭. અવધપુરીમાં

(ચોપાઈ)

રાજપ્રાસાદ સોહે કેવો કરે મોહિત મદનને એવો;
મંગલ શુકનો મનોહરતા ને રિદ્ધિ સિદ્ધિ સુખ ને સંપદાયે

એમાં છવાયાં હો તન ધારી સેવા રામસીતાની વિચારી,
એવું લાગતું દેખીને એને, સીતારામ ગમે ના કેને ?

સ્ત્રીઓ ટોળે વળીને ચાલી, રતિ કરતાં મધુર બની મ્હાલી;
ગાતી સુંદર આરતી કરી વેશ જાણે કે શારદા ધરી.

સુખ રાજભવનમાં કેવું વ્યાપ્યું અનુપમ અદભુત એવું;
માતા રામની કૌશલ્યા જેવી પ્રેમમગ્ન ભૂલી તન કેવી !

(દોહરા)

શિવ ગણેશને પૂજતાં પ્રસન્ન સર્વ બની,
પામી ભેટ દરિદ્ર જ્યમ ચાર પદાર્થતણી.

કનક થાળ શુચિ દ્રવ્યથી સંપન્ન લઈ માત,
ચાલી કરવા આરતી વિસરીને નિજ જાત.

(ચોપાઈ)

ધૂપધૂમ્રે થયું નભ શ્યામ જાણે શ્રાવણવાદળ અભિરામ;
કલ્પદ્રુમની વરસ્યા દેવ માળા જાણે આકર્ષતી બગધારા.

મંજુ મણિમય તોરણો ન્યારાં ઈન્દ્રચાપ જાણે કે રૂપાળાં;
આવે જાય અટારીએ લલના જાણે ચપલા કરી રહી છલના.

પામી આજ્ઞા વસિષ્ઠની રાજે સ્મરી ગૌરીશંકર સહુ સાથે,
કર્યો પ્રવેશ અવધપુરીમાં, વ્યાપ્યો ઉલ્લાસ સઘળે જરીમાં.

કર્યા એમને સૌએ પ્રણામ, થયા સુખી નિહાળીને રામ;
મણિવસ્ત્રોની ભેટ ધરીને બન્યા પુલકિત અશ્રુ ભરીને.

(દોહરા)

રાજદ્વાર આવી ગયા કુમાર સઘળા એમ,
ચાલી તરત જ પોંખવા માતાઓ સપ્રેમ.

(ચોપાઈ)

ચારે પુત્ર પેખી વધુ સાથ રહ્યું માતાહૈયું ના હાથ;
સીતારામની શોભાને જોઈ ડૂબી પરમાનંદે સૂધ ખોઈ.

માન્યું જીવન સંપૂર્ણ સાર્થ, સખી બની જોઈને કૃતાર્થ,
નિજ પુણ્યપ્રશંસા કરી રહી અંજલિ વિવિધ ધરી.

ચાર મનહર જોડીને દેખી રહી શારદા ઉપમાઓ પેખી,
લઘુ ઉપમા જ્યારે બધી લાગી, રૂપ જોઈ રહી અનુરાગી.

(દોહરા)

નિગમનીતિ કુળરીતિથી વધુ સાથે સુતને,
પોંખી માત લઈ ગઈ ભાવસહિત ભવને.

(ચોપાઈ)

હતાં સિંહાસનો ત્યાં ચાર કર્યાં અનંગે જાણે તૈયાર,
ચારે યુગલ ત્યાં પ્રેમે વિરાજ્યાં માતે ચરણોને ત્યારે પખાળ્યાં

ધૂપ દીપ નૈવેદ્યથી પૂજન કરી આરતી સાથ સુશોભન,
પંખા ચામર મસ્તકે ઢોળી રહી અંતર અમૃતે બોળી.

યોગી પામે પરમતત્ત્વ કોઈ, નિત્ય રોગી હસે સ્વાસ્થ્ય જોઈ,
જન્મદરિદ્ર પારસ પામે, આંખ અંધની લાગે કામે;
મૂક મુખમાં સરસ્વતી વ્યાપે, શૂર સમરે વિજયને ચાખે;

(દોહરા)

એ સુખ કરતાંયે અધિક સુખ પામી માતા,
લગ્ન કરીને કેમ કે આવ્યા સૌ ભ્રાતા.

પૂર્ણ થઈ સૌ કામના; પૂજી પિતૃદેવ,
કહ્યું એમણે બંધુઓ કરો પરસ્પર સેવ.

વંદી સૌને ભાવથી માગ્યું ને વરદાન,
બંધુ સહિત રઘુવરતણું થાય પરમ કલ્યાણ.

*

(ચોપાઈ)

પ્રેમે વિશ્વામિત્ર પૂજા કરી વદ્યા દશરથ પદરજ ધરી,
ધન્ય મારા સમો નવ કોઈ, રહ્યો અનુગ્રહે આપના સોહી.

રાણી સાથે કરીને પ્રણામ વળી બહુવિધ એમ વખાણ,
આપ્યો રાજપ્રાસાદમાં વાસ; પૂજ્યા વસિષ્ઠ મુનિને ખાસ.

(દોહરા)

રાજારાણી વધુ સહિત સર્વે રાજકુમાર,
પામી રહ્યા શુભાશિષ વંદી વારંવાર.

(ચોપાઈ)

કરી પ્રાર્થના અતિ અનુરાગે સુખસંપત્તિ રાખીને આગે,
તોય મુનિએ સ્વીકાર્યું ના કાંઈ, લીધી નિમિત્તમાત્રની પાઈ.

આપ્યા આશીર્વાદ અનેક પ્રાણે પરિતોષ પામીને છેક,
રાજા એથી પામ્યા આહ્લાદ સુખશાંતિતણો આસ્વાદ.

ગયા ઉત્સાહથી રાણીવાસ, જોયાં નવદંપતીને ખાસ;
સુખ કોણ કહે થયું કેવું, લાગ્યું જીવન કૃતકૃત્ય જેવું.

કહી વાત વિવાહની ભાવે ગુણશીલ જનકનાં રાવે,
પ્રીત રીત સંપત્તિ બડાઈ દેતાં વારંવાર વધાઈ.

(દોહરા)

ભાટ જેમ વર્ણન કર્યું, રાણી થઈ પ્રસન્ન,
કેટલાય વખતે મળ્યું જાણે જીવનધન.

પુરજન પ્રણમી રામને ચાલ્યાં ગૃહે પછી,
મંગલતા મધુતા રહી સૌના ઉરે વસી.

પ્રેમ પરમ આનંદ એ શ્રેષ્ઠતા તથા કાળ,
સુંદરતા એ વિનય એ રસની મધુરી ધાર

શેષ શારદા વેદ વિધિ શંકર તેમ ગણેશ,
કહી શકે ના, વર્ણવું ક્યાંથી તો હું લેશ.

સૃષ્ટિને શિર અળસિયું કેમ કરી ધારે,
મહાન કવિ પણ એવિધ વર્ણવતાં હારે.

સન્માની ભૂપે કહ્યું રાણીને ભાવે,
અજ્ઞાત સ્થળે જીવને જલદી ના ફાવે.

પાંપણ રાખે આંખને વધુઓને એવી,
રીતે સદાય રાખજો માનીને દેવી.

*

(ચોપાઈ)

મણિથી જડિત સુવર્ણપલંગ, ફીણ સરખી ચાદર બહુરંગ,
રત્નદીપ મધુ દ્રવ્ય સુગંધ, માળા સહિત શયનના ખંડ

જોતાં પામે લાજ અનંગ એવા સુંદર શ્યામલ અંગ,
સૂતા પલંગ પર શ્રીરામ યોગી જેમ જ આત્મારામ.

(આખ્યાન)

માતાઓ બોલી ત્યારે અશ્રુભરી આંખે પ્યારે,
તાડકા તમે શે મારી માર્ગે જતી મહાભારી.

(દોહરા)

ઘોર નિશાચર વિકટ સૌ યુદ્ધે વીર અજોડ,
એ મારીચ સુબાહુના પૂર્યા ક્યાંથી કોડ?

(આખ્યાન)

મળ્યે મહામુનિ કૃપા અનંત આવ્યો આપત્તિનો અંત,
સુરક્ષા કરી યજ્ઞતણી પામ્યા વિદ્યા વળી ઘણી.

મુનિપત્ની પદરજે તરી, કીર્તિ રહ્યું એ જગત સ્મરી;
કૂર્મપીઠ-ગિરિ-વજ્ર કઠોર તોડ્યું શિવધનુ કરતાં શોર.

પામ્યા વિશ્વવિજય યશ તેમ વૈદેહીને છાયા જેમ;
અમાનુષી સઘળાં સત્કર્મ, મુનિકૃપાથકી પાળ્યો ધર્મ.

આજ સફળ અમ જન્મ થયો દર્શનનો કે લ્હાવ મળ્યો;
દર્શન વિના દિન ગયા જે વિરંચિ ગણનામાં ના લે.

(દોહરા)

રામે વિનય વચન વડે ધર્યો માતને હર્ષ,
વિપ્ર શંભુ ગુરુને સ્મરી કર્યો નીંદને સ્પર્શ.

લાવણ્યસભર નીંદમાં શોભી વદન રહ્યું,
લાલ કમળ સંધ્યા સમે જાણે મૂર્ત થયું.

રાણી બોલી સોહતી નગરી વધુ સજની,
સોહે આજ, અધિક સુખદ દીસે છે રજની.

સુંદર વધુ સાથે સુતી સાસુઓ સઘળી,
સર્પે જાણે શિરમણિ રાખ્યા હૃદય ધરી.

મંગલ ઉત્સવ હર્ષ નિત, જતા દિવસ સૌ એમ,
ઊભરાતી હર્ષે પુરી સમુદ્રભરતી જેમ.

*

(ચોપાઈ)

છોડ્યાં મીંઢળ શુભ દિન દેખી જન્મ ધન્ય પુરોહિતે લેખી.
સુર બ્રહ્મા પાસે અનુરાગે જોઈ જન્મ અયોધ્યામાં માગે.

વિશ્વામિત્ર જવા રોજ માગે, રહે વશ છતાં રામના રાગે,
પ્રતિદિન શત ઘણો ભૂપનો ભાવ જોઈ આપે મુનિ શિરપાવ.

રજા છેવટ મુનિવરે માગી ત્યારે આવ્યું દશરથને લાગી;
કહ્યું સંપત્તિ સર્વ તમારી, હું તો દાસ સહિત સુતનારી.

રાખી શિશુ પર સ્નેહ સદાયે દેજો દર્શન દિવ્ય કદાયે;
રાજા બોલી શક્યા ના વધારે, પડયા મુનિના ચરણમાં પ્યારે.

અર્પી આશિષ મુનિવર ચાલ્યા, હૈયાં હેતથી સૌનાં હાલ્યાં;
કેમ વર્ણવું પ્રીતની રીત, જાણે તે જ જેને થાય પ્રીત.

(દોહરા)

રામરૂપ નૃપભક્તિ ને વિવાહનો આનંદ,
મનમાં વખાણતા જતા મુદિત ગાધિકુળચંદ.

(આખ્યાન)

ગુરુ વસિષ્ઠે ને વામદેવે કહી કૌશિકની કથા સ્નેહે;
સુણી યશને નૃપે ધન્ય માની શુચિ જિંદગીને નિજ જાણી.

*

કવિકુળ જીવન પાવન એવો મધુમંગલ ખાણના જેવો,
વાણી કરવા માટે વિશુદ્ધ ગાયો યશ મેં બનતાં પ્રબુદ્ધ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

નિજ ગિરાને કરવા પુનિત યશ રામનો મેં છે કહ્યો,
રઘુવીરચરિત અપાર અર્ણવ પાર છે કોણે લહ્યો;
ઉપવીત લગ્નપ્રસંગ મંગલ સુણી સાદર ગાય જે,
રઘુનાથ સીતાની કૃપાથી પામશે સુખશાંતિ તે.

(દોહરા)

સીતારામ વિવાહ જે કહે સુણે સપ્રેમ,
કરે સદા આનંદ એ પામે મંગલ તેમ.

મંગલાયતન રામયશ કલિમળને હરનાર,
પુરુષાર્થ ચતુર્વિધિ સુખદ દર્શનને ધરનાર.

કપટ તજી મન, પ્રભુપદે કરી અક્ષય અનુરાગ,
સૂતો સમય અધિક હવે મોહનિશાથી જાગ.


**(બાલકાંડ સમાપ્ત)**

*

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## અયોધ્યા કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વર

### ૧. આરંભ

यस्याङ्के च विभाति भूधरसुता देवापगा मस्तके ।
भाले बालविधुर्गले च गरलं यस्योरसि व्यालराट् ॥
सोऽयं भूतिविभूषणः सुरवरः सर्वाधिपः सर्वदा ।
शर्वः सर्वगतः शिवः शशिनिभः श्रीशंकरः पातु माम् ॥

(રાગ – શાર્દૂલવિક્રિડિત/જે ચૈતન્ય ચરાચરે)

જેના અંકમહીં હિમાલયસૂતા ભાગીરથી મસ્તકે,
ભાલે ક્લેન્દુ રહે ગળે ગરલ ને સોહે ઉરે પન્નગ;
દેવોના પણ દેવ નાથ સહુના જે ભસ્મથી ભૂષિત,
સર્વવ્યાપક ચંદ્રવર્ણ શિવ સૌ સંતાપના નાશક;
તે કલ્યાણસ્વરૂપ શંકર સદા કલ્યાણ મારું કરો,
રક્ષો સર્વસ્થળે મને સુખ ધરો ક્લેશો બધાયે હરો.

प्रसन्नतां या न गताभिषेकतस्तथा न मम्ले वनवासदुःखतः ।
मुखांबुजश्री रघुनंदनस्य मे सदास्तु सा मंजुलमंगलप्रदा ॥
नीलांबुजश्यामलकोमलांगं सीतासमारोपितवामभागम् ।
पाणौ महासायकचारुचापं नमामि रामं रघुवंशनाथम् ॥

(રાગ - ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ)

પ્રસન્નતા ના અભિષેકથી ધરી, ના કાંતિ જેની વનદુઃખથી મરી;
મુખાંબુજશ્રી રઘુનાથની એ, રહો સદા મંગલ સર્વનું કરી.
નીલાંબુજ શ્યામલ કોમલાંગ, ધારેલ સીતા શુભ વામભાગ;
હાથે મહાસાયક ચારુચાપ, શ્રીરામ વંદું રઘુવંશનાથ.

*

(દોહરા)

શ્રીગુરુચરણકમળરજે કરી મનમુકુરસુધાર,
વિમળ વર્ણવું રામયશ આપનાર ફળ ચાર.

(આખ્યાન)

રામ વિવાહ કરી પુર આવ્યા, અભિનવ મંગલ આનંદ લાવ્યા;
ચૌદ ભુવનના ભૂધર ભારી, વરસ્યા સુકૃતમેઘ સુખવારિ.

સિદ્ધિ-સંપદા સરિતા સોહી, મળી અવધઅર્ણવમાં મોહી;
પુરનરનારી મણિગણ જેવાં શુચિસુંદર અમૂલ્ય અતિ એવાં.

નગરવિભૂતિ કહી ન શકાય, રચના વિરંચિની જ જણાય;
નીરખી રામચંદ્ર મુખચંદ અનુભવતા સુખ સર્વ અનંત.

જોઈ ફળી મનોરથવેલ બની માત સુખશાંતિછલેલ;
રામ રૂપગુણ શીલ સ્વભાવ નૃપમાં જગાવતા નવભાવ.

(દોહરા)

મહેશને પ્રાર્થે બધાં રાખીને અભિલાષ,
જીવતાં જ દે રામને રાજા પદ યુવરાજ.

*

## ૨. રામના રાજ્યાભિષેકનો વિચાર

(આખ્યાન)

એક દિવસ દશરથ મહારાજ રાજસભામાં સહિત સમાજ,
હતા વિરાજ્યા મંગલમૂળ સુકૃતમૂર્તિ સાક્ષાત અમૂલ.

નૃપ રહેતા અનુગ્રહ અભિલાષી, લોકપાલ પણ મૈત્રી રાખી;
ત્રિભુવનમાં ત્રણ કાળમહીં ભાગ્યવાન વધુ અન્ય નહીં.

મંગલમૂળ રામ સુત જેના વખાણ કેમ કરાયે તેનાં;
હાથમાં લઈ ભૂપ મુકુર કરવા લાગ્યા ઠીક મુકુટ.

શ્વેત શ્રવણ પાસેના કેશ દઈ રહ્યા ઘડપણ સંદેશ,
કહી રહ્યા કરવા યુવરાજ સજાવતાં રઘુવરને સાજ.

(દોહરા)

ઉત્તમ જીવનલાભને સહજરૂપે લેવા,
સંકલ્પ કર્યો દશરથે ઉદાત્ત પદ દેવા.

શુભ દિવસે શુભ અવસરે વસિષ્ઠ પાસ જઈ,
રાજાએ સંકલ્પની કથા સમસ્ત કહી.

(આખ્યાન)

મુનિવર, સુણો યોગ્ય છે રામ સર્વપ્રકારે, દાસ તમામ,
મંત્રી પુરજન દુશ્મન મીત રામનાં સદા ગાતા ગીત.

રામને બધા પ્રિય માને, મારા સમાન નિજ જાણે,
આશીર્વાદ આપનો એ, પ્રિયતમ છે સર્વતણા તે.

ગુરુપદરજ જે ધારે શીશ બનતા તે વૈભવના ઈશ,
સ્વાનુભવ મળ્યો મુજને એ પામી પૂજી પદરજને.

પદરજથી છે સર્વ મળ્યું, દુર્લભ કાંઈ નથી રહ્યું.

હવે એક મનમાં છે આશ, ફળશે અનુગ્રહ પામી ખાસ;
વર્ષા કરો અનુગ્રહની જીવન રહે કૃતાર્થ બની.

(દોહરા)

મુનિ બોલ્યા તમ નામયશ છે અભિમત દાતાર;
અનુસરે તમારા સદા ફળને રાજ, વિચાર.

(આખ્યાન)

ગુરુને જાણી પૂર્ણ પ્રસન્ન બોલ્યા હર્ષિત ભૂપ વચન,
યુવરાજ ચહું કરવા રામ, કહો ઉચિત કરવાને કામ.

મુજ સંનિધિમાં ઉત્સવ થાય, દર્શક ધન્ય બની સૌ જાય;
ઈચ્છા અન્ય થઈ સંપૂર્ણ, પ્રભુપ્રસાદ ના રહે અપૂર્ણ.

પછી શરીર રહે કે જાય હર્ષશોક ના એનો થાય;
સતાવે નહીં પશ્ચાતાપ; આપો આદેશ મને આપ.

મુદિત મને મુનિરાજ વદ્યા, રામ તમારા પુત્ર બન્યા,
સામાન્ય નથી માનવ તે, સ્વામી ચરાચરતણા છે.

વિમુખ જીવ જેથી પસ્તાય, ભજન વિના સંતાપ ન જાય,
પુનિત પ્રેમના અનુગામી તમે તે રહ્યા પ્રભુ પામી.

(દોહરા)

ઘટે વિલંબ નહીં હવે પૂર્ણ કરી દો કાજ,
તે જ સુદિન મંગલ બને જ્યારે એ યુવરાજ.

*

પ્રસન્નચિત્ત નૃપે કર્યો પ્રવેશ હર્મ્યમહીં,
સેવક સચિવ સુમંત્રને મંગલ વાત કહી.

સુયોગ્ય લાગે પંચને મત જો આ મારો
કરો રામને તિલક તો દિન નીરખી ન્યારો.

મંત્રી મુદીત બન્યા સુણી નૃપની પ્રિય વાણી,
મનોરથરૂપી છોડ પર સીંચાયું પાણી.

મંત્રીઓ બોલ્યા તમે વિચાર્યું મંગલ કામ,
હવે વાર કરવી નથી, પ્રસન્ન અમે તમામ.

સચિવશબ્દ સુણતાં બન્યા વધુ પ્રસન્ન રાજા,
વધતા વેલાને મળી જાણે શુભ શાખા.

કહ્યું એમણે હોય જે મુનિવરનો આદેશ
અનુસરો તરત એહને, કરો પ્રમાદ ન લેશ.

*

(ચોપાઈ)

મુનિવર હરખી વદ્યા મૃદુવાણી, લાવો સકળ સુતીર્થનું પાણી;
ફૂલમૂળ ઔષધિ ફળપાન દોર્યું વિવિધ વસ્તુ પ્રતિ ધ્યાન.

ચામર મૃગચર્મ વસ્ત્ર અનેક સાદાં ગરમ ને રેશમી છેક;
મણિગણ મંગલ વસ્તુ વિશેષ કરવા મંગાવી રાજ્યાભિષેક.

વેદવિહિત બતાવી વિધાન પુરમાં રચવા જણાવ્યું વિતાન;
આંબા સોપારી ને ફળસાથ કહ્યું કેળને રોપવા કાજ.

ચારુ મણિમય ચોક પુરાવો, વેગે સકળ બજાર સજાવો;
પૂજો ગણપતિ ગુરુ કુળદેવ કરો ભૂદેવકેરી સેવ.

(દોહરા)

ધ્વજપતાક તોરણ કળશ સજો અશ્વ રથ નાગ,
કહ્યું મુનીશે સમય છે બનવાને બડભાગ.

જેને સોંપ્યું કામ જે, રામચરણમાં રાગ,
રાખી તેણે તે કર્યું બનતા રહી સજાગ.

(ચોપાઈ)

સુણી રામનો રાજ્યાભિષેક વાદ્ય વાગવા લાગ્યા અનેક;
રામસીતાનાં મંગલ અંગ ફરક્યાં સૂચવી શુકન અનંત.

બોલ્યાં બંને રોમાંચિત પ્રેમે, માનો કે માનો ના પણ કેમે;
થશે ભરતનું શુભ આગમન, પ્રેરે વિશ્વાસ એવો શુકન.

કોણ ભરતસમું પ્રિય જગમાં, પ્રેમ વહેતો એની પણ રગમાં;
રહે કૂર્મને અંડવિચાર તેમ ભાવ ભરીને અપાર,
કરે રામ ભરતને યાદ માણે સ્નેહકેરો મધુસ્વાદ.

(દોહરા)

સમાચાર મંગલ સુણી હરખ્યો રાણીવાસ,
જેમ ચંદ્રવૃદ્ધિથકી સાગર વીચિવિલાસ.

(ચોપાઈ)

જેણે પ્રથમ કહ્યા સમાચાર તેણે મેળવ્યાં વસ્ત્ર અપાર,
વળી આભૂષણો અણમોલ; રહ્યો પુરસ્કારનો ના તોલ.

રાણી પ્રેમપુલકિત અનુરાગી માની પોતાને બડભાગી,
લાગી સજવા સુમંગલ કળશ; શમી પ્રાણની જાણે તરસ.

પૂર્યો ચોક સુમિત્રાએ ચારુ મણિમય આંગણ કરતાં ન્યારું;
બની કૌશલ્યા આનંદે લીન, દાન દીધાં બોલાવીને દીન.

પૂજી ગ્રામદેવી દેવનાગ રાખી બાધા બનવા બડભાગ;
કહ્યું દેવા માટે વરદાન જેથી રામનું હો કલ્યાણ.

વિધુવદની ને કોકિલવચની નારી ગાવા લાગી સહસજની,
મૃગશાવકનયની રસીલી મંજુ ઉત્તમ વધારે રતિથી.

(દોહરા)

રાજ્યાભિષેકને સુણી હરખ્યો સકળ સમાજ,
વિધિને અનુકૂળ માનતાં માંડ્યો સજવા સાજ.

*

## ૩.રામનો પ્રતિભાવ

(દોહરા)

વસિષ્ઠ મુનિને મોકલ્યા ભૂપે રઘુવર પાસ,
પ્રાસાદમહીં એમના શિક્ષા દેવા ખાસ.

ગુરુપદ કર્યા પ્રણામ શ્રીરામે આવી દ્વાર,
લાવ્યા ભવને સાદર પૂજી વિવિધ પ્રકાર.

અર્ઘ્ય સહિત સન્માનતાં ને ષોડશ ઉપચાર,
સીતા સાથ નમી કર્યા પ્રગટ મધુર ઉદગાર.

સેવકસદને આગમન સ્વામીતણું સદાય,
મંગલમૂળ અમંગલનાશક તેમ ગણાય.

ભલે પધાર્યા એટલે; તોપણ કરવા કાજ,
સેવકને બોલાવવો ઘટે રાખવા લાજ.

પ્રભુત્વ છોડી પ્રભુ સ્વયં આવ્યા સ્નેહ કરી,
પવિત્ર તેથી ઘર થયું; આજ્ઞા કરો વળી.

સ્વામીની સેવામહીં સેવકનો છે લાભ;
કરીશ પાલન વચનનું પડે ભલેને આભ.

સ્નેહસભર શબ્દો સુણી બોલ્યા મુનિવર, રામ!
સૂર્યવંશભૂષણ કહો વચન કેમ ના આમ ?

ગુણ સ્વભાવ રઘુવીરના વળી વર્ણવી શીલ,
બોલ્યા પુલકિત પ્રાણથી મુનિવર વચન વસિષ્ઠ.

(ચોપાઈ)

કરી અભિષેકની તૈયારી રાજા દશરથે ઉમંગ ધારી,
ઈચ્છે યુવરાજપદને દેવા લ્હાવ જીવતાં જીવનનો લેવા.

કરો સંયમ સંપૂર્ણ આજે એથી કાર્યની સિદ્ધિને કાજે;
ચાલ્યા મુનિવર એવું બોલી દ્વાર નવજીવનનું ખોલી.

જાગ્યો રામના મનમાં વિચાર જન્મ્યા એકીસાથે અમે બાળ,
કર્ણવેધ ઉપવીત વિવાહ કર્યા ઉત્સવ સાથ રસાળ.

છતાં અભિષેક શાને મારો કરવા કરતાં વડીલ વિચારો;
વંશ વિમળ છતાં ત્રુટિ એક થાય જ્યેષ્ઠ સુતનો અભિષેક.

(દોહરા)

પ્રેમપૂર્ણ હિતકર વળી રઘુવરનો એ ખેદ,
કુટિલતા હરો ભક્તની ભાંગી મનના ભેદ.

પ્રેમાનંદે મગ્નશા આવ્યા ત્યાં લક્ષ્મણ;
રઘુકુળકમળ શશીસમા રામે કહ્યાં વચન.

*

## ૪. મંથરાની દુર્બુદ્ધિ

(ચોપાઈ)

વાગ્યાં વાજાં વિવિધ પ્રકાર, રહ્યો આનંદનો નવ પાર;
થયું ભરતતણું આગમન, કહ્યાં જનતાએ સ્નેહવચન.

હાટ-ઘાટ-વાટ-ગૃહે સઘળે થઈ વાત રહી આખા નગરે,
કાલે મંગલ મુહૂર્ત કયારે થશે ઉત્સવ અમૂલખ જ્યારે.

રામ રાજે સીતાની સાથ જોઈ હૈયું રહેશે ના હાથ;
હશે સ્વર્ણસિંહાસન કેવું ભાગ્યવંત સુદુર્લભ જેવું.

ઈચ્છે ચોર ના ચાંદની રાત, ગમી દેવોને તેમ ના વાત,
તેથી શારદાને બોલાવી બોલ્યા ઉદ્વેગવાળી વાણી.

(દોહરા)

વિપત્તિ અમ દેખી કરો માતા, એવું આજ,
રામ જાય વનમાં બને સિદ્ધ સકળ સુરકાજ.

*

(આખ્યાન)

સરસ્વતીએ સુણતાં વાત થવા સરોજ વિપિન હિમરાત,
પ્રગટ કર્યું પોતાનું દુઃખ, દેવોની પણ શમી ન ભૂખ.

ફરી પ્રાર્થના રહ્યા કરી લાગશે નહીં દોષ જરી;
રામ હર્ષશોકથકી મુક્ત, નથી તમારાથી એ ગુપ્ત.

જાણો રઘુવર પરમ પ્રભાવ અવિદ્યાતણો સદા અભાવ;
સુખદુઃખ પામે કર્મે જીવ બને બદ્ધ પોતે કે શિવ.

અયોધ્યાપુરી તરફ ગયાં સરસ્વતી મનમાં જ વદ્યાં,
મંદબુદ્ધિ છે દેવતણી, વિવેક તેથી કર્યો નહીં.

નિવાસ ઉચ્ચ નીચ વ્યવહાર, મલિનતાતણો છે ના પાર,
પરવિભૂતિ પેખી ન શકે, ચિત્ત યોગમાં ના જ ટકે.

ભાવિ કર્મનો કરી વિચાર, રામતણું માહાત્મ્ય અપાર,
સમજી આવ્યાં અવધપુરી ગ્રહદશા હતી જ્યાં અધુરી.

(દોહરા)

દાસી કૈકેયીતણી હતું મંથરા નામ,
બુદ્ધિ તેની ફેરવી કરવા અપયશકામ.

નગરતણો શણગાર ને મંગલ વાદ્ય વધાવ,
જોઈ બોલી મંથરા શાનો આ છે ભાવ ?

રામતિલકની સાંભળી વાત જલી મનમાં,
દુર્બુદ્ધિ દાસીતણું મન બગડ્યું ક્ષણમાં.

રાતોરાત બગાડવા કામ વિચાર કર્યો,
ભીલડી-મને મધપુડો લેવા લોભ થયો.

કૈકેયી પાસે ગઈ ઉદાસ બનતાં તે,
દીર્ઘ શ્વાસ લેતી રહી સારી અશ્રુને.

કારણ પૂછ્યું તે છતાં ઉત્તર આપ્યો ના,
કૈકેયી ત્યારે વદી અચરજથી હસતાં.

બોલકણી છે એટલે કર્યો લક્ષ્મણે દંડ ?
તોપણ દાસી મંથરા રડતી રહી અખંડ.

કાળી નાગણ જેમ એ છોડી શ્વાસ રહી,
ત્યારે રાણીએ કહ્યું બોલે કેમ નહીં ?

રાજા લક્ષ્મણ રામ ને શત્રુઘ્ન ભરત તેમ,
કુશળ સર્વ છે કે નહીં, પીડા પામી કેમ ?

(આખ્યાન)

મંથરા વદી રામ સિવાય કુશળ કોણ છે આજ જરાય,
બનવાના છે જે યુવરાજ રાજાકેરા પુણ્યપ્રતાપ.

કૌશલ્યાને વિધિ અનુકૂળ, થઈ અહંકારે ચકચૂર.
શોભાથી ન થયો સંતોષ, જાગ્યો મારા મનમાં ક્ષોભ.

પુત્ર તમારો છે પરદેશ વિચાર તેનો કરો ન લેશ;
સૂઈ રહ્યાં છો સુખની સેજ, જાણો ભૂપ-કપટ ન સહેજ.

સુણી મંથરાની મધુ વાણ જાણી મલિન એહનો પ્રાણ,
બોલી રાણી સખત બની, વાણી વદતી મલિન ઘણી.

(દોહરા)

ફરી એમ બોલીશ તો દંડ કરીશ કરાળ,
ખેંચી જીભ કઢાવતાં લગાડીશ ના વાર.

કાણાં લૂલાં કૂબડાં કુટિલ એમની ચાલ,
મલિન માનવાં, તે મહીં સ્ત્રી ને દાસી ખાસ.

*

(આખ્યાન)

શિખામણ તને આપી મેં પ્રિય કરવા પ્રિયવચના છે;
સ્વપ્ને પણ ના તુજ પર ક્રોધ, બોલે વચનો બની અબોધ.

શુભ દિન મંગલ તે જ હશે જ્યારે પણ અભિષેક થશે.
તારા શબ્દો સત્ય થશે સુખ એથી ના અધિક કશે.

સૂર્યવંશની રીત જ એ સ્વામી શ્રેષ્ઠ જ બંધુ બને;
નાનો સેવક રહે બની, કથા નથી એ કપટતણી.

કાલ રામનો હો અભિષેક તો માગી લે વસ્તુ વિશેષ.
કૌશલ્યાસમ માત બધી રામ માનતા પ્રિય અદકી,

સ્વભાવથી જ કરે છે પ્રેમ, મુજને ચાહે વિશેષ તેમ.
પરીક્ષા કરી પ્રીતતણી, શંકા મુજને રહી નહીં.

(દોહરા)

વિધાતા ફરી જન્મ દે તો વર માગું એક,
રામ પુત્ર હો પુત્રવધુ વૈદેહી હો નેક.

ભરત-શપથ તુજને કહે કપટ તજી સત તું,
આહ્લાદતણા અવસરે શોક કરે છે શું!

(આખ્યાન)

વદી મંથરા રીસભરી કડવી લાગે વાત ખરી,
સારું કહેતાં દુઃખ થયું તમને, ઉર સાશંક બન્યું.

સત્યાસત્ય કહેતા જે લાગે છે તમને પ્રિય તે;
કડવી હું જ એક લાગું મૌન રાખવા તો માગું.

કરી કુરૂપ મને વિધિએ; પરવશ સમજે છે સહુયે;
વાવ્યું છે તે રહી લણી, આપ્યું છે તે રહી ગ્રહી.

કોઈ નૃપ હો શું નુકશાન, વળી થવાનું શું કલ્યાણ;
દાસીની રાણી ન થઈશ, નરકથકી સ્વર્ગે ન જઈશ.

જોઈ અહિત શકું ન જરી તેથી જ રહ્યો પ્રાણ બળી;
કરી એટલે થોડી વાત, ભૂલ થઈ તો કરજો માફ.

(દોહરા)

ગૂઢ સાંભળી મધુર ને કપટ વચન રાણી,
માયાવશ અરિને રહી સુહ્રદ પરમ જાણી.

મિષ્ટ ગીતથી હોય કો સંમોહિત મૃગલી,
સંમોહિત તેવી બની બુદ્ધિ તજી સઘળી

રાણી સાદર પૂછવા લાગી વારંવાર;
દાવ સફળ જાણી થઈ દાસી મુદિત અપાર.

ભાવિ પ્રમાણે સર્વની ચંચળ બુદ્ધિ ફરી;
સાડાસાતી અવધની દાસી વદી વળી.

તમે રામને પ્રિય પ્રિય તમને સીતારામ,
સાચી વાત કહી છતાં વીત્યા દિવસ તમામ.

સમય ફરે તો મિત્ર પણ શત્રુબરાબર થાય,
સૂર્ય કમળકુળ પોષતો જલવિણ ભરખી જાય.

શોક્ય તમારા મૂળને ઉખેડવા માગે,
વાડ ઉપાયતણી કરો કામ તો જ લાગે.

નિર્ભર છો સોહાગ પર, જાણો વશ નૃપને,
મુખના મીઠા મલિન મન લાગે એ મુજને.

સરળ સ્વભાવ તમે, ચતુર કૌશલ્યા ગંભીર,
સાધી એણે વાતને પોતાની; અતિધીર

ભરતને નૃપે મોકલ્યા મોસાળે સ્નેહે,
કૌશલ્યાની પ્રેરણા એની પાછળ છે.

કૌશલ્યાને ખૂંચતાં તમે અહર્નિશ ખૂબ,
કપટી ચતુર હૃદયતણો ભાવ ન જાણો ગૂઢ.

ચાહે નૃપ તમને અધિક દેખી શકે ન એ,
પ્રપંચથી તેથી રચ્યો અભિષેક દિવસને.

તિલક રામનું ઉચિત છે સૌને વળી ગમે,
આહલાદ થતો સાંભળી ખબર બધીય મને.

કિન્તુ ભાવિકેરો કરી શાંત તટસ્થ વિચાર,
ભય લાગે છે, દૈવની લીલાનો ના પાર.

એમ કુટિલતાથી કર્યું દુષિત રાણીમન,
વિરોધની વાતો કહી દ્વેષે કરી મગન.

*

## ૫. કૈકેયીની કુબુદ્ધિ

(ચોપાઇ)

અંતે જાગી ગયો વિશ્વાસ, બની કૈકેયી છેક હતાશ,
પૂછ્યું શપથ સાથે એણે ફરી, જાણે ભાવિએ બુદ્ધિને હરી.

બોલી મંથરા પૂછો ફરી શું, સમજી ન શકો જે કહું હું?
હિતાહિતને તો પશુ પણ જાણે પછી માનવ કાં ના પ્રમાણે?

રાજતિલકની ચાલી તૈયારી પૂરા પખવાડિયાથી ભારી;
ખાઉં પહેરું છું રાજ્યે તમારા કહ્યા તેથી વિચારોને મારા.

સત્યકથનનો લાગે ના દોષ, થયો મુજને તો એથી સંતોષ;
કહ્યું અસત્ય હોય લગાર દંડ દે તો વિધાતા કરાળ.

કાલે કરાતાં રાજ્યાભિષેક વરસી રહેશે વિપત્તિ વિશેષ;
બન્યાં દૂધની મક્ષિકાના જેવાં, મળ્યું દૂધ ના, ના રહ્યાં એવાં.

(દોહરા)

સેવા કરતાં સુખસહિત શકશો ગૃહે રહી;
વિકલ્પ બીજો છે નહીં, સાચી વાત કહી.

કૌશલ્યા દુઃખ આપશે, ભરત સેવશે કેદ,
સચિવશ્રેષ્ઠ લક્ષ્મણ થશે, સમજી લેજો ભેદ.

*

(ચોપાઈ)

સુણી મંથરાની કટુ વાણી વદી કાંઈ શકી ના રાણી;
ડરી તેમ બની ગઈ મ્લાન, કંપ્યો કદલીપેઠે એનો પ્રાણ.

થયું ભીનું પ્રસ્વેદે તન, શંકા-કુશંકાએ ચઢ્યું મન;
દાબી દાસીએ દાંતે જીભ, કહ્યું ધારવા માટે ધીર.

કહી કપટકથાઓ કરોડ, લીધો રાણીના મનડે મરોડ;
ફર્યું ભાગ્ય અપ્રિય લાગ્યું પ્રિય, ગમ્યું શિવને બદલે અશિવ.

માની બગલીને હંસિની શાણી બોલી કરતાં પ્રશંસા રાણી;
આંખ જમણી મારી રોજ ફરકે, રાતે સ્વપ્ન અમંગલ ચળકે.

ડાબુ જમણું ના કાંઈ જાણું, બધું મારા જ હિતનું માનું;
મારો સરળ છે છેક સ્વભાવ, પડે પાપતણો ના પ્રભાવ.

(દોહરા)

આજ સુધી ના અન્યનું અમંગલ કર્યું મેં,
છતાં કયા પાપે ધર્યું અસહ્ય દુઃખ દૈવે.

(ચોપાઈ)

રહી પિયરે જન્મ વિતાવું, જીવી શોક સેવામાં ના આવું;
શત્રુને વશ જીવવું બનતાં એથી મરવું જ્ઞાની શુભ ગણતા.

સુણી રાણીવચનો એવાં દીન, બોલી મંથરા કુત્રિમ ખિન્ન,
ઓછું આણી બોલો શાને એવું, થશે સૌભાગ્ય દ્વિગુણિત જેવું.

વધે ચંદ્રકળા રોજ જેમ સુખ વધશે તમારું તેમ,
તાક્યું હશે અમંગલ જેણે ફળ મળશે અમંગલ એને.

પૂછી જોયું મેં જ્યોતિષીઓને, ભૂપ ભરત થશે કહ્યું સૌએ;
આપો આજ્ઞા બતાવું ઉપાય, કર્યા વશ તમે સ્નેહે રાય.

(દોહરા)

તારા કહેવાથી પડું કૂવામાં પણ હું;
પતિ સુતને છોડી શકું, અશક્ય નથી કશું.

કૈકેયી બોલી દ્રવે મારા દુઃખથી તું,
પોતાના હિત ખાતર તો ન કરું શું હું?

*

(ચોપાઈ)

બલિદાનની બકરી બનાવી, યુક્તિ રાણીને સઘળી જણાવી;
છળરૂપી છરી ઘસી દ્વેષે ઉર-પથ્થર પર સવિશેષે.

બલિદાન-પશુ ચરે ઘાસ રાખે મૃત્યુનો ભય ના ખાસ,
જાણી શકી કૈકેયી ના તેમ સમીપસ્થ સંકટ ગણી ક્ષેમ.

વાતો સુણતાં કોમળ લાગી, હતી અંતે કઠોર અભાગી;
પાયું સોમલ મધમાં ઘોળી, આપી દાસીએ ઘેનની ગોળી.

કહી વાત તમે મને ત્યારે ગૂઢ રહસ્ય ખોલેલું જ્યારે,
બોલી મંથરા થાપણશાં એ માગો વરદાન બંને પ્યારે.

માગી વરદાનમાં રાજા પાસે રાજ્ય પુત્ર ભરતને કાજે;
માગો રામ માટે વનવાસ, હરો કૌશલ્યાકેરો ઉલ્લાસ.

રાજા રામના શપથ લે જ્યારે વર માગજો અફર ત્યારે;
વીતી જશે જો આજની રાત જશે હાથથી તો બધી વાત.

(દોહરા)

કહ્યું પાપિણીએ પછી કરી કુઠારાઘાત,
પ્રાણથીય પ્રિય સમજજો મારી સઘળી વાત.

કોપગૃહે જાઓ કરો સજગ રહીને કામ,
રાજાનો વિશ્વાસ ના કરશો કળે તમામ.

(ચોપાઈ)

જાણી દાસીને પ્રાણસમાન કર્યાં બુદ્ધિમત્તાનાં વખાણ;
કોઈ અન્ય નથી હિતકારી, મને ડૂબતીને તેં ઉગારી.

વિધિ પૂરે મનોરથ મારો ગુણ ભૂલું નહીં તો તારો,
તને આંખની પુતળી બનાવું બોલી કૈકેયી સાદર આવું.

બીજ વિપદા વર્ષાઋતુ દાસી, ધરા કુમતિ કૈકેયીની ખાસી,
ઊગ્યા કપટજલે અંકુર, વર પર્ણ દુઃખ થશે ફળ.

સૂતી કોપગૃહે રાજરાણી, રેડ્યું કુમતિએ સુખ પર પાણી;
થતો ઉત્સવ નગરે અપાર, રહી યોજના ગુપ્ત કરાળ.

(દોહરા)

પ્રમુદિત પુરજન વિચરતાં સજી મંગલાચાર,
આવાગમનથકી થતી ભીડ ભૂપદરબાર.

બાલસખા હરખી જતા રઘુનંદનની પાસ,
આદર પામી એમનો કરતા પ્રશસ્તિ ખાસ.

રઘુવર જેવા કોણ છે સ્નેહશીલવાળા,
વળી શીલ ને સ્નેહનું પાલન કરનારા?

જવાનું જે જે યોનિમાં કર્માનુસાર થાય,
સ્વામી ત્યાં રામ જ બને, સેવક બની વસાય.

અંત સુધી સંબંધ એ અખંડ નિત્ય રહે,
સંનિધિમાં શ્રીરામની સુખનાં સ્રોત વહે.

સૌના અંતરમાં હતો એવો શુભ અભિલાષ,
કૈકેયીના પ્રાણમાં દાહ થતો પણ ખાસ.

કુસંગને પામી થતો કોનો નથી વિનાશ?
નીચ વિચારે ના રહે ચતુરાઈ-અવકાશ.

સાંજસમે આનંદ નૃપ રાણી પાસ ગયા,
નિષ્ઠુરતાની પાસ જ્યમ સજીવ સ્નેહ-દયા.

*

કોપભવનના નામથી નૃપ સાશંક બન્યા,
ભયને લીધે ચરણ ના આગળ શીઘ્ર વધ્યાં.

બાહુબળથકી જેમના નિર્ભય ઈન્દ્ર હતો,
નિશ્ચિંત હતા રાજવી સઘળા અન્ય અહો !

નૃપશિરોમણિ દશરથ રીસાઈ સ્ત્રી છે,
એવું સુણતા મ્લાનમુખ ઉદ્વિગ્ન બન્યા તે.

(ચોપાઈ)

એવો કામનો મહિમા અમાપ વ્યાપ્યો ચરાચરમાં પ્રતાપ;
સહે વજ્ર ત્રિશૂળ કઠોર તને તલવારને જે ઘોર.

તેય કંદર્પબાણે મરે છે શસ્ત્ર-સુમન દેખીને ડરે છે;
બલી નિર્બળ જ્ઞાની-અજ્ઞાની રંક-રાયની બુદ્ધિ હરે છે.

ચાલ્યા સભય પ્રિયાની પાસ, દશા દેખીને થયા નિરાશ;
સૂતી કૈકેયી પર્યંક છોડી ધારી જીર્ણ વસ્ત્રોની જોડી,

શ્રેષ્ઠ ભૂષણ સઘળાં ત્યાગી બની હોય જાણે કે વૈરાગી;
ભાવિ વૈધવ્યસૂચક વેશ રહ્યો સૌભાગ્યનો ના લેશ.

બોલ્યા રાજા મૃદુલ મંદ વાણી, પ્રાણપ્રિયા છે શાને રીસાણી,
સ્પર્શ સ્નેહથી કરવા લાગ્યા, નવ મોહનિદ્રાથી જાગ્યા.

હાથ પતિનો હઠાવવા લાગી રાણી પીડા દઈ વણમાગી,
રોષે ભરી ભુજંગભામિની જેવી જોઈ રહી કામિની.

(દોહરા)

વરદાનોની વાસના રસના નાગણની,
વર છે એના દાંત બે, ડસવાને ચહતી.

ભાવિવશ છતાં ભૂપ એ કઠોર અભિનયને,
કામદેવ કૌતુકસમો સમજ્યા મુગ્ધમને.

સુલોચના સુમુખી કહે કારણ કોપતણું,
પિકવચના ગજગામિની; રાજા વદ્યા ઘણું.

અહિત કર્યું કોણે કહે, કોને મસ્તક બે,
યમ કોને ગ્રસવા તથા મરવા કોણ ચહે?

(ચોપાઈ)

તારો દુશ્મન દેવ કો હોય તેને મારી શકું હું તોય;
કીડા-મંકોડાશાં નરનાર કરું ગણના નહીં સંસાર.

તારું મુખ મધુ ચંદ્રશું ઓર, મન મારું બન્યું છે ચકોર;
જાણે સ્નેહાળ મારો સ્વભાવ, અનુરાગતણો ન અભાવ.

પ્રાણ પુત્ર પ્રજા પરિવાર રાજ્ય જીવન તારું રસાળ;
નથી કપટ કરીને કહેતો, શત રામના શપથ ભલે હો.

રેલી હાસ મનગમતું માગ, સજી ભૂષણ જાડયથી જાગ;
શુભાશુભનો કરીને વિચાર પ્રિયા, શીઘ્ર કુવેશ ઉતાર.

(દોહરા)

શપથ સુણી હસતાં ઊઠી કૈકેયી મતિમંદ,
વિલોકતાં મૃગને કરે જેમ કિરાતિની ફંદ.

સજવા લાગી એમ એ પ્રમદા ભૂષણને;
સુહૃદ સમજતાં નૃપ વદ્યા ભૂલી દૂષણને.

મનમાન્યું તારું થયું બધું ભામિની હે,
નગરમહીં પ્રતિગૃહ મહામંગલ ઉત્સવ છે.

(આખ્યાન)

કાલ રામ બનશે યુવરાજ, સુલોચના સુંદર સજ સાજ;
સુણતાં ફાટયું હૃદય કરાળ તોડે ધરતી જેમ વરાળ.

પ્રગટ સ્તેનસ્ત્રી રડે નહીં પીડા એણે એમ સહી;
નૃપે ચાતુરી ના જાણી નીતિનિપુણ જો કે જ્ઞાની.

સ્ત્રીચરિત્રનો સિંધુ અપાર, સમજે એનો કોણ જ સાર,
કોટિ કુટિલ મણિ મળ્યા ગુરૂ, પાઠ છળથકી કર્યાં શરૂ.

શેષ પછી વિદ્યા શું રહે; બોલી રાણી કપટસ્વરે,
માગ માગ પ્રિય એમ કહો કિન્તુ આપો કે ન ગ્રહો.

(દોહરા)

બે વરદાનો આપવા પૂર્વે તમે કહ્યું,
મેળવવાને એમને મન સાશંક બન્યું.

(આખ્યાન)

બોલ્યા તરત હસીને રાજ, યાદ કર્યાં વરદાનો આજ,
સ્વભાવ વિસ્મૃતિનો મારો, ભૂલ્યો પ્રસંગને ન્યારો.

દોષ મને એનો ના દે, બમણાં વરને માગી લે;
રઘુકુળરીતિ સદા વખણાય, પ્રાણ જાય પણ વચન ન જાય.

નવ અસત્યસમ પાતકપુંજ, ગિરિસમ હોય કોટિ ના ગુંજ;
સત્ય મૂળ સૌ સુકૃતતણું વેદપુરાણે કહ્યું ઘણું.

શપથ રામના લીધા આજ કરવા માટે તારું કાજ;
રામ સુકૃત ને સ્નેહતણી અવધિ રહ્યા અણમોલ બની.

(દોહરા)

કુવિચારરૂપી વિહગને મુદ્રા તરત કરવા,
ખોલ્યું પીંજર પ્રબળ હો દાવ નવલ રમવા,

કૈકેયી તેમજ વદી કુમતિ હસી સપ્રેમ,
કરે કુઠારાઘાત કો કોમળ હૃદયે જેમ.

ભૂપ મનોરથ વન સુભગ, સુખ સુવિહંગસમાજ;
રાણી જાણે ભીલડી, વચન ભયંકર બાજ.

*

## ૬. કૈકેયીનાં વરદાન

(દોહરા)

સુણો પ્રાણપ્રિય, માગતી મનગમતું વરદાન,
રાજતિલક હો ભરતને, સત્ય કરી દો વાણ.

બીજું વર બે હાથને જોડીને માગું,
મનોરથ કરો પૂર્ણ એ કઠોર છો લાગું.

ચૌદ વરસ વનમાં વસે રામ તપસ્વીવેશ,
ઉદાસીન સવિશેષ હો રાગ ન રાખે લેશ.

વચન સુણીને નૃપતિના હૃદયમાં થયો શોક,
ચંદ્રકિરણસ્પર્શે કરે ચકવો જ્યમ અફસોસ.

(ચોપાઈ)

રાજા ખૂબ ગયા ગભરાઈ, વાણી કેમે કરી ના વદાઈ;
બાજે તેતરને પકડ્યું હો, તાડે તડિત પ્રહાર થયો કો,

એવા મ્લાન બની ગયા ભૂપ, માથે હાથ રાખી બેઠા ચૂપ,
શોકે આંખને બંધ કરીને, શોક બેઠો શરીર ધરીને.

કલ્પવૃક્ષ મનોરથકેરું ફળ્યું ના ફળ્યું ત્યાં તો અનેરું,
નાશ પામ્યું હાથિણીના હાથે, તૂટ્યું શોર ભયંકર સાથે.

કેવા અવસરે આ થયું કેવું, નાશ પામેલા યોગી જેવું;
સિદ્ધિ સમયે અવિદ્યા આવે યોગભ્રષ્ટ કરે થયું એવું.

(દોહરા)

બરબાદ બન્યો હું કરી નારીનો વિશ્વાસ,
વિપત્તિ જડથી અવધનો સ્ત્રીએ કર્યો વિનાશ.

દેખી રાજાની દશા કૈકેયી જલદી,
બોલી ઊઠી શબ્દને ક્રોધથકી તપતી.

ભરત તમારો પુત્ર ના, તમને ના પ્યારો ?
વેશ્યાની પેઠે તમે હાથ ગ્રહો મારો ?

વચન બાણ જેવા બધાં તમને લાગ્યાં જો,
વચનો વદતાં કેમ ના વિચાર કરતાં તો ?

આપવા કહ્યું વર ભલે ના મુજને આપો,
સત્ય તજીને જગતમાં અપયશને સ્થાપો.

વર દેવા માટે કહ્યું સત્ય-વખાણ કરી,
કોડી ત્યારે માગશે એવી આશ ધરી ?

બલિ દધિચિ શિબિએ તજી તન તેમજ ધનને,
પાળ્યાં પૂર્વે વચનને દ્રઢ રાખી મનને.

અતિકટુ શબ્દ કહી રહી કૈકેયી પ્રજળી,
દાઝ્યા ઉપર સતત રહી જાણે નમક ભરી.

ધર્મધૂરંધર નૃપ ધરી ધીર ઉઘાડી આંખ,
બોલ્યા, તોડી ક્રુરતાસહિત વિહગની પાંખ.

(આખ્યાન)

અતિક્રોધિત કૈકેયી કેવી ક્રોધથકી ભરી કૃપાણ જેવી;
મૂઠ કુબુદ્ધિ દુષ્ટતા ધાર, ચઢી મંથરારુપી સરાણ.

નૃપને થયું કઠોર કૃપાણ લેશે હરી ખરેખર પ્રાણ;
કઠિન કરી ઉરને એથી બોલ્યા નૃપ વચન વિવેકી.

પ્રિયા, કુવચન કહે કાં આમ હણી પ્રેમવિશ્વાસ તમામ,
ભરત-રામ બે મારે આંખ સત્ય કહું શંકરની શાખ.

દૂત મોકલું કાલ સવાર બંનેને માટે તત્કાળ;
શોધી સુદિન સજીને સાજ અર્પણ કરું ભરતને રાજ.

(દોહરા)

રાજ્યલોભ ના રામને ખૂબ ભરત પર પ્રીતિ,
હું લઘુ-જ્યેષ્ઠ વિચારતાં કરી રહ્યો નૃપનીતિ.

શપથ સેંકડો રામના લેતાં સત્ય કહું,
માતાએ ના રામની મુજને કશું કહ્યું.

પૂછ્યા વગર તને કર્યું મંગલ સઘળું મેં,
મનોરથ બધાયે બન્યા નિષ્ફળ તેથી છે.

(આખ્યાન)

ક્રોધ તજી સજ મંગલ સાજ, ભરત હવે બનશે યુવરાજ;
એક વાતનો છે અફસોસ વર માગ્યું તેં અન્ય અયોગ્ય.

એની આંચે ઉર આ બળે, ક્રોધ સત્ય પરિહાસ જ કરે ?
રામદોષ કહે તજતાં રોષ, રામ સાધુ દે સૌને તોષ.

તુંય વખાણ કરતી સ્નેહ, હવે થતો મુજને સંદેહ,
જેનો સ્વભાવ અરિ-અનુકૂળ તે ક્યમ કરે માત-પ્રતિકૂળ.

(દોહરા)

વિનોદ ક્રોધ તજી દઈ કરતાં માગ વિવેક,
આંખ ભરી જોઉં હવે ભરત રાજ-અભિષેક.

(આખ્યાન)

મીન જીવતું વારિવિહીન મણિવિણ ફણિ જીવે છો દીન,
છળ તજી કહું સહજપણે, રામ વિના નવ શાંતિ મને.

જીવન મારું રામાધીન થશે રામવિણ પ્રાણવિહીન,
સુણતાં વચન કુમતિ અતિ અનલે બળી, આહુતિ ધૃતની મળી.

બોલી, કોટિ ઉપાય કરો, પ્રયત્ન વ્યર્થ થશે સઘળો;
વર દો, અપયશ શાશ્વત લો, પ્રપંચે મને રસ ન કશો.

રામ સાધુ તમે સાધુ સુજાણ, રામમાત શુચિ, મુજને જાણ;
શુભ મુજ કૌશલ્યાએ ચહ્યું ફળ તેવું તેને પણ ધરું.

(દોહરા)

મુનિવેશ ધરી રામ ના પ્રભાતમાં વન જાય,
મારું મરણ અકીર્તિ તો ભલે તમારી થાય.

કુટિલ એમ ઊભી થઈ કૈકેયી બોલી,
તોફાની સરિતાસમી રોષ બધો ખોલી.

પાતક પર્વતથી હતી સરિતા એ પ્રગટી,
ક્રોધરૂપી જલથી ભરી મર્યાદા તજતી.

બે વર તટ હઠ ધાર ભમરી દાસીબોલ,
ભૂપવૃક્ષને તોડતાં જતી વિપત નદ ઓર.

નૃપ સમજ્યા નારી રૂપે આવ્યું મૃત્યુ ખરે,
કર પકડી બેસાડતાં સવિનય વદ્યા અરે.

સૂર્યવંશ માટે થતી આજે નહીં કુઠાર,
મસ્તક મારું માગ તો અર્પું હું તત્કાળ.

રામવિરહથી માર ના, જેમ તેમ પણ રામ,
રામ પુરે, જલશે સદા નહિ તો છાતી તમામ.

અસાધ્ય જાણી વ્યાધિને ઢળ્યા ધરા પર રાજ,
શીશ પછાડી બોલતાં રામ રામ રઘુનાથ.

વ્યાકુળ રાજ થઈ ગયા, શિથિલ થયાં સૌ અંગ,
બેઠી કરી હાથણી કલ્પવૃક્ષનો ભંગ.

કંઠ સુકાયો, મુખમહીં આવી ન શકી વાણ;
જળ વિના બન્યા મીનના દીન જેમ હો પ્રાણ.

(ચોપાઈ)

ઘામાં ભરતી હો જેવું ઝેર બોલી કૈકેયી એવું ફેર;
હસવું એક સમય ભૂપાલ બને કેમ ફુલાવવા ગાલ ?

દાની બનવું કૃપણ થવું છેક, લડવું રણમાં ને ચાહવું ક્ષેમ;
અંતે આમ જ કરવું હતું તો વર માગવા શાને કહ્યું હો !

છોડો વચન કે ધૈર્યને ધારો, અબલા જેમ વિલાપને ટાળો;
તન સ્ત્રી સુત ધન ને ધામ સત્ય પાસે છે તૃણશાં તમામ.

(દોહરા)

મર્મશબ્દ સુણતાં વદ્યા નૃપ, તુજ દોષ નહીં,
મારો કાળ પિશાચસમ વાણી રહ્યો કહી.

(ચોપાઈ)

ચાહે ભરત સ્વપ્ને નવ રાજ, વસી કુમતિ તારા મનમાં આજ;
મારા પાપનું એ પરિણામ થયું ભાગ્ય અકાળે વામ.

ફરી વસશે અવધપુરી ન્યારી પ્રભુતા પ્રગટશે રામની સારી;
કરશે બંધુ બધા સેવકાઈ, થશે ત્રિભુવનમાં રામબડાઈ.

કિન્તુ મૃત્યુ પછી પણ તારું મટશે કલંક કે દુ:ખ ના મારું;
હવે ઉચિત લાગે તે કરી લે, મુખ દ્રષ્ટિથી દૂર કરી દે.

કહું બે હાથ જોડી જીવું હું નવ ત્યાં સુધી બોલ કશું તું;
પછી કરશે કદી પશ્ચાતાપ, ક્લેશ કોરી ખાશે આપોઆપ.

(દોહરા)

ઢળ્યા ધરા પર બોલતાં કેમ કરે તું આમ;
પ્રમદા ચતુર વદી નહીં, જગવી રહી સ્મશાન.

રામ રામ રટતા રહ્યા વ્યાકુળ વધુ મહીપાલ,
પાંખ વિનાના વિહંગશા બની ગયા બેહાલ.

કરવા લાગ્યા પ્રાર્થના પ્રભાત થાય નહીં,
કોઈયે ના રામને હોયે વાત કહી.

(ચોપાઈ)

રવિ રઘુકુળગુરુ મુજ કાજે તમે ઉદય ના પામશો આજે;
પીડા પામશો અવધને જોઈ, ઉર રહેશે તમારું રોઈ.

ભૂપ પ્રીત, કૈકેયી નિષ્ઠુરતા, અવધિ બંનેની વિધિએ રચી હા !
થયું આખરે એમ સવાર; વીણા વેણુ શંખ રાજદ્વાર
વાગ્યાં વાદ્ય વિભિન્ન અપાર; લાગ્યા આજે ના નૃપને રસાળ.

ભાટ બિરદાવલી રહ્યા બોલી, ગાતા ગીત ગવૈયાઓ ડોલી;
લાગ્યાં બાણ જેવાં નૃપને એ, લાગ્યું નીરસ જગત બધુંયે.

(દોહરા)

રાજદ્વાર પર સચિવ ને સેવકભીડ થઈ,
નૃપતિ કેમ જાગ્યા નથી સૌએ વાત કહીં.

છેલ્લા પ્રહરે જાગતા રાતે જે મહારાજ
જાગ્યો રવિ તોપણ ન તે કેમ જાગતા આજ ?

જાઓ સુમંત્ર હર્મ્યમાં જગાડવાને રાજ;
પામીને આદેશ સૌ શીઘ્ર કરીએ કાજ.

સુમંત્ર દેખી હર્મ્યને ભયભીત થયા ખાસ;
વિપત્તિ વળી વિષાદનો દેખાયો ત્યાં વાસ.

શોકાકુલ નીરસ ઢળ્યા ધરતી પર રાજા,
મૂળસહિત તૂટી ગયા પદ્મસમા તાજા;

મંત્રી નીરખી એમને શક્યા કશું ન કહી;
કૈકેયી મલમૂર્તિશી બોલી શબ્દ રહી.

રાતે સૂતા કેમ ના મર્મ કહે ન મહીશ;
ભોર સુધી રામ જ રટયા, કારણ જાણે ઈશ.

(ચોપાઈ)

તમે રામને બોલાવો જલદી પછી વિગત પૂછી લેજો સઘળી;
ચાલ્યા મંત્રી મળી લઈ રાય થઈ શંકા મહા મનમાંહ્ય.

શોકાકુળ શક્યા નવ ચાલી તોય ધૈર્યને અંતરે ધારી,
ગયા સત્વર રઘુપતિ પાસ, કર્યો સત્કાર રામે સહાસ.

દેખી રામનું મધુમય મુખ કહ્યો સંદેશ પામીને સુખ;
ચાલ્યા મંત્રી સાથે રામ ત્યારે થઈ વેદના સર્વને ભારે.

*

## ૭. રામની પ્રતિક્રિયા

(દોહરા)

રામે દેખી નૃપતિની દશા અમંગલ દીન,
સિંહણ પાસે વૃદ્ધ કો ગજરાજ પડ્યો હીન.

(ચોપાઈ)

મ્લાન અધર જલી રહ્યાં અંગ દીન મણિહીન જેમ ભુજંગ;
પેખી ક્રોધી કૈકેયીને પાસ જાણે કાળ ગણે છેલ્લા શ્વાસ.

રામ કોમળ કરુણ સ્વભાવ, પડ્યો પીડાનો પ્રથમ પ્રભાવ;
દુઃખ સાંભળ્યું પૂર્વે ના કોદી, તોય ધીરજને નવ છોડી.

કહો માતા કારણ દુઃખ કેરું કરું દૂર સત્વર કે અનેરું,
સુણો રામ કારણ મુખ્ય એ જ નૃપને વધુ છે તમારાશું સ્નેહ.

કહ્યાં આપવા બે વરદાન, માગ્યા ત્યારે વ્યાકુળ થયો પ્રાણ;
મને પ્રિય જે લાગ્યું તે મેં માગ્યું, પ્રાણે એમના તોફાન જાગ્યું.

(દોહરા)

વચન તથા સુતસ્નેહથી પામ્યા ભ્રાંતિ નરેશ;
આજ્ઞા શિર પર ધારતાં કઠિન શમાવો ક્લેશ.

*

કૈકેયી કટુ શબ્દને બોલી એમ રહી,
કઠોરતા પણ સાંભળી એને આર્ત થઈ.

(આખ્યાન)

જીભ ધનુષ વિવિધ વચન બાણ, નૃપ જાણે કે મૃદુલ નિશાન;
કઠોરતા અતિ સજી શરીર ધનુષકલા શીખે બલવીર.

નિષ્ઠુરતા સાકાર બની, જડતા ધારી હૃદય ઘણી,
વર્ણવી રહી સકળ પ્રસંગ સજતાં કૈકેયીનું અંગ.

સુણતા રઘુકુળ રવિશા રામ પરમાનંદ પ્રગટ કૃતકામ,
દૂષણરહિત વિભૂષણ જેમ બોલ્યા મધુર વચન સપ્રેમ.

તે જ પુત્ર જનની બડભાગ જેને પિતૃવચન અનુરાગ;
માતપિતાને તૃપ્તિ ધરે દુર્લભ સુત તે શ્રેષ્ઠ ખરે.

(દોહરા)

વનમાં મુનિગણ મિલનથી સૌ પ્રકાર કલ્યાણ;
સંમતિ આપી છે તમે, પિતાતણી છે વાણ.

(આખ્યાન)

ભરત પ્રાણપ્રિય બનશે રાજ, વિધિ અનુકૂળ સર્વવિધિ આજ;
વનમાં જઉં ન કરવા કાજ પ્રથમ બનું તો મૂઢસમાજ.

વિષ માગે જે અમૃત તજી, એરંડાને નિશદિન ભજી,
કલ્પવૃક્ષ તજતાં જે રહે, પંડિત તેને કોણ કહે ?
આવો અવસર તે પણ મા, સ્વપ્નમહીંયે ચૂકે ના.

રાજાને નીરખી વ્યાકુળ થાય પ્રાણમાં મારા શૂળ,
નાની વાત વ્યથા સવિશેષ માન્યામાં આવે નવ લેશ.

ધૈર્યશીલના ઉદધિ અગાધ નૃપનો થયો હશે અપરાધ,
મુજથી, તેથી કરે ન વાત, કહો તમે જ કથાને સાચ.

(દોહરા)

સહજ સરળ રઘુવરતણી કુટિલ જણાઈ વાણ,
જળો વક્રગતિ ના તજે જોકે સલિલ સમાન.

કૈકેયી હર્ષિત બની થતાં રામ અનુકૂળ,
કપટવચન બોલી ભરી નયન પ્રેમનું પૂર.

તમારા તથા ભરતના કહું લઈ સોગંદ,
મુજને કોઈ આવતી કારણની ના ગંધ.

દોષિત નથી તમે, સદા સૌને સુખ દેતાં,
પિતૃવચનરત, મિષ્ટ ને સત્ય સદા કહેતા.

વૃદ્ધાવસ્થામાં પિતા અપયશ ના પામે,
સુબુદ્ધિ લાગે એમની શ્રેયસ્કર કામે;

જે પુણ્યથકી સાંપડ્યો પુત્ર તમારાશો,
તે પુણ્યતણો નાશ ના અજ્ઞાનથકી હો;

તે માટે ઉપદેશ દો તમે આજ પ્રેમે,
કલંક લાગે એમને જેથી ના કેમે.

કૈકેયીના કુમુખથી શબ્દો એમ સર્યા,
જેમ મગધદેશે પુનિત ગયાદિ તીર્થ રહ્યાં

ગંગામાં મળતાં બધાં પાણી વિમળ થતાં,
વચન તેમ શ્રીરામને શુભ લાગ્યાં સઘળાં.

મૂર્છા ટળતાં ફેરવ્યું પાસું રામ સ્મરી,
ત્યારે સચિવે નૃપતિને સુયોગ્ય અરજ કરી.

રામ પધાર્યા સાંભળી ધૈર્ય ધરી જાગ્યા,
રાજા; પ્રેમાદરથકી રામ પગે લાગ્યા.

સ્નેહસભર રાજે ધર્યું સુતને આલિંગન,
ખોવાયું હો સર્પને જેમ મણિતણું ધન.

રાજા જોતા રામને અશ્રુ ભરી નેને,
શોકમગ્ન વહવી શક્યા હૈયું ના વેણે.

ભેટીને શ્રીરામને અરજ કરી મનમાંહ્ય,
વિધાતા, કદી રામ ના જો જો વનમાં જાય.

શંકરને સ્મરતાં વળી કહેતા કૃપા કરો,
આશુતોષ દાની પરમ, દીનનદુઃખ હરો.

પ્રેરક સૌના, રામને એવી મતિ આપો,
વચન તજી ઘરમાં રહે, શીલ સ્નેહ ત્યાગો.

(આખ્યાન)

અપયશ મળે, યશ ભલે જાય, સ્વર્ગ ટળે, જન્મ નરક થાય,
સકળ દુસહ દુઃખ ભલે સહાય, રામ દુર ના મુજથી જાય.

ડોલે મન જ્યમ પીપરપાન, રાજા વદી શક્યા ના વાણ;
પ્રેમ પિતાનો અનુમાની દેશકાળ અવસર જાણી.

રામ વદ્યા વિનયે વાણી, કરું ધૃષ્ટતાને કાંઈ,
અયોગ્યતા એ જાણી બાળ કરજો ક્ષમા પિતા, તત્કાળ.

અતિ સાધારણ જેવી વાત, પામ્યા કેમ તમે આઘાત;
કેમ જાણ્યું પ્રથમ નહીં, માતાએ સૌ કથા કહી
તેથી શીતળ અંગ થયાં, સંશય મારા સકળ શમ્યા.

(દોહરા)

મંગલ સમયે સ્નેહવશ શોકથી રહિત હો,
પુલકિત બોલ્યા રામ કે આજ્ઞા હર્ષે દો.

જેનું ચરિત સુણી પરમ હર્ષ પિતાને થાય,
ધન્ય જન્મ તે પુત્રનો પૃથ્વી ઉપર ગણાય.

માતપિતા પ્રિય હોય છે પ્રાણસમાં જેને,
ચારે પદાર્થ સહજ છે કરતલમાં તેને.

(ચોપાઈ)

આપો અનુમતિ આજ્ઞાને પાળું જન્મફળને પામી પાછો આવું;
આવું જનનીની સંમતિ માગી પછી વનમાં જઉં પગે લાગી.

થયા બોલીને રામ વિદાય, વદ્યા નૃપ ના શોકિત અસહાય;
વ્યાપી નગરમાં વાત પછી તો જેમ સ્પર્શતાં ડંખ વીંછીનો.

બન્યાં વિકળ સકળ નરનાર વેલવિટપ જોઈ જેમ જ્વાળ;
સુણી સૌયે અતિખેદ પામ્યાં, રહી ધીરજ ના, સુખ શામ્યાં

(દોહરા)

શીર્ણ વદન, શોકિત હૃદય, આંખે અશ્રુ વહ્યાં,
કરુણરસ તણાં અવધ પર ઊતર્યાં સૈન્ય ઘણાં.

હતો સુમેળ કરી છતાં વિધિએ વિકૃત વાત,
બાજી બદલાઈ ગઈ છેક જ રાતોરાત.

કૈકેયીને ગાળ સૌ કટુ દેવા લાગ્યા,
પાપિણીતણા પ્રાણમાં ભાવ મલિન જાગ્યા.

(ચોપાઈ)

નાખી છાયેલા સદને અંગાર જગવી દીધી એણે અગ્નિજ્વાળ;
આંખ કાઢીને જોવા ચહે એ છોડી અમૃત વિષને ભજે છે;

થઈ કુટિલ કુબુદ્ધિ કઠોર વાંસવનમાં અગ્નિ જેવી ઘોર.
બેઠી શાંતિસહિત જેની ડાળે કાપે વૃક્ષને એ અસ્ત્રધારે.

રામ પ્રાણસમા હતા પ્યારા તોય બાંધ્યા શે પાપના ભારા?

કવિ સત્ય કહે સ્ત્રીસ્વભાવ, ગૂઢ અગમ અગાધ પ્રભાવ;
ભલે પકડાય પોતાની છાયા સ્ત્રીની સમજી શકાય ન માયા.

(દોહરા)

પાવક બાળે શું નહીં, શું ના નદે સમાય,
અબલા પ્રબળ કરે ન શું, કોને કાળ ન ખાય ?

યોગ્ય કર્યું ભૂપે નહીં, કોઈ બોલ્યા એમ,
દુર્મતિને આપ્યું વર વગર વિચાર્યે કેમ ?

હઠને લીધે સર્વવિધ પીડાપાત્ર થયા,
સ્ત્રીને વશ બનતાં સકળ ગુણ ને જ્ઞાન ગયા.

ધર્મતણી મર્યાદને જાણનાર કોઈ,
બેસતા નહીં નૃપતિનો દોષ વળી જોઈ.

શિબિ દધીચિ હરિશ્ચંદ્રની કથા કહેતા એ;
સંમતિ ભરતતણી કહે, ઉદાસ અન્ય રહે.

બંધ કરીને કાનને જીભ દબાવીને,
કહેતા કોઈ વાત આ અસત્ય સઘળી છે.

આમ કહેવાથી થશે સર્વ સુકૃતનો નાશ,
પ્રાણસમા પ્રિય રામ છે ભ્રાત ભરતને ખાસ.

વિધુ વરસે અંગારને, સુધા વિષસમી થાય,
સ્વપ્ને તોપણ રામની વિરુદ્ધ ભરત ન જાય.

*

અન્ય વિધાતાને વળી દેવા લાગ્યા દોષ,
જેણે સુધા બતાવતાં દીધું ઝેર સરોષ.

ઉમંગ સૌનો ઓસર્યો, થઈ રહ્યો સંક્ષોભ,
અસહ્ય દાહ થયો ઉરે, વ્યાપ્યો સઘળે શોક.

(ચોપાઈ)

વિપ્રનારી કૈકેયીની મિત્ર કુળની વૃદ્ધાઓ તેમ વિચિત્ર
દેવા લાગી શિખામણ પ્રેમે પ્રિય લાગી પરંતુ ના કેમે.

કહી શીલને વખાણીને વાણ, લાગ્યાં વચનો એને જાણે બાણ;
બોલી કોઈ કહેતાં તમે કે પ્રિય ભરત ના રામસમા છે;

કરો સહજ શ્રીરામને સ્નેહ, જાણે અખિલ જગત એ નેહ;
કયા અપરાધે વન તો આપો, નવ યુવરાજપદ પર સ્થાપો ?

કર્યો શોકો સાથે નવ ભેદ, જાણે સર્વ તમારો અભેદ;
હવે કૌશલ્યાએ શું બગાડ્યું તમે પુર પર કેં વજ્ર પાડ્યું ?

(દોહરા)

સીતા પતિને ત્યાગશે, લક્ષ્મણ રહેશે ધામ,
ભરત રાખશે રાજ્યને, નૃપ રહેશે વિના રામ ?

(ચોપાઈ)

એવું સમજીને ક્રોધને છોડો, શોક ક્લેશ કલંકને તોડો;
કરો ભરતને ભલે યુવરાજ, વનમાં રામનું કિન્તુ શું કાજ ?

નથી રામને રાજ્યની ભૂખ, નથી દુન્યવી વિષયોનું દુઃખ,
સદા ધર્મધુરંધર એ તો સ્વાર્થ એમને હોય પછી શો ?

તમે અન્ય માગો વરદાન ગુરુના ઘરમાં રહે કે રામ;
સ્નેહે આપો તમે અમને સાથ નહિ તો રહેશે કાંઈ નહિ હાથ.

રામ નવ છે કાનનને જોગ; કહેશે સુણનારા શું તમને લોગ ?
હવે એવો ઉપાય કરી દો દૂર શોક કલંક સદા હો.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

જેથી સુરક્ષિત કુળ રહે એવો ઉપાય હવે કરો,
ના જાય વનમાં રામ એવી પ્રાર્થના ધ્યાને ધરો;
દિન સૂર્યવિણ તન પ્રાણવિણ હો જેમ શશિવિણ યામિની
આ અવધ તુલસીદાસ પ્રભુવિણ તેમ બનશે, ભામિની !

(દોહરા)

સખીએ શીખ ધરી મધુર શ્રેયસ્કર સઘળી,
કુટિલ કૂબડી પ્રેરિત એને ના જ ગમી.

કૈકેયી બોલી નહીં અસહ્ય ક્રોધભરી,
મૃગલી તરફ નિહાળતી વાઘણ જેમ વળી.

અસાધ્ય સમજી વ્યાધિને ચાલી સખી પછી,
અભાગિનીને ઊર્મિ ના સ્પર્શી લેશ કશી.

આવું કોઈ ના કરે, દૈવે કીધો નાશ;
વિલાપ લોક કરી રહ્યા ગાળો દેતાં ખાસ.

વિષમ જ્વરે સંતપ્ત સૌ વદ્યાં લઈ ઉચ્છવાસ,
રામ વિના જીવનતણી હવે રહી ના આશ.

વિયોગની શંકાથકી વ્યાકુળ સર્વ બન્યાં,
જળ સુકાતાં જળચરો વ્યાકુળ જેમ થયાં.

કૌશલ્યા પાસે ગયા પ્રસન્નમુખ શ્રીરામ,
શમ્યો શોક, મનને મળ્યો દિવ્ય પરમ વિશ્રામ.

નવલ હસ્તિ રઘુવીર મન, બેડી તિલક મહાન,
વનગમન સુણી મુક્તિનો હર્ષ ઉદભવ્યો પ્રાણ.

*

## ૮. કૌશલ્યાની ભાવના

(આખ્યાન)

રઘુકુળતિલક જોડતાં હાથ નમ્યા માતૃપદ આદર સાથ;
આશિષ આપી ભેટી માત, અર્પી ભૂષણવસન અપાર.

મુખને ચૂમ્યું વારંવાર, વહી આંખથી અશ્રુધાર;
પ્રેમપ્રમોદ કથાય નહીં, જનની રંક કુબેર બની.

મુહૂર્ત કયારે મંગલ એ જન્મલાભ અતિ ઉત્તમ છે,
સુકૃતશીલના ફળ જેવું બોલી માત સુખદ એવું ?

(દોહરા)

શરદ સ્વાતિ વરસાદની ચાતક જોતાં રાહ,
આતુર સર્વે રાખતાં એમ જ એની ચાહ.

(આખ્યાન)

માતૃવચન સુણતાં અનુકૂળ સ્નેહ કલ્પવૃક્ષતણાં ફૂલ,
સુખ-સૌરભભીનાં શ્રીમૂળ સુત-મન-ભ્રમરે કરી ન ભૂલ.

ધર્મપ્રાણ ધર્મગતિજ્ઞાન વદ્યા શાંતિથી મૃદુ મધુ વાણ,
ધર્યું પિતાએ કાનનરાજ સિદ્ધ થશે જ્યાં મારું કાજ.

મુદિત મને આપો આદેશ, ડરશો સ્નેહથકી ના લેશ;
વનગમન થશે મંગલ માત, વરસાવો અનુગ્રહ વરસાદ.

(દોહરા)

ચૌદ વર્ષ વનમાં વસી પિતાવચન અનુસાર,
ફરી મળીશ ન ચિત્તને કરશો મ્લાન લગાર.

વચન નમ્ર મધુ રામનાં શર જેવાં લાગ્યાં,
માતાના અતંરમહીં કટુ સ્પંદન જાગ્યાં.

વર્ષાની ધારાથકી સુકાય જેમ જવાસ,
શીતળ શબ્દોથી થઈ માતા તેમ હતાશ.

(આખ્યાન)

હૃદયમાં થયો ઘોર વિષાદ, મૃગીએ સુણ્યો સાવજનાદ;
નયન ભરાયાં, કાયે કંપ, ટળી ગયો પ્રાણતણો જંપ.

વદન વિલોકી ધીરજ ધરી, ગદ્ ગદ કંઠે બોલી ફરી,
પ્રાણપ્રિય પિતાના છો તમે, ચરિત તમારાં સૌને ગમે.

શુભ દિન શોધ્યો દેવા રાજ, બદલ્યો વિચાર શાને આજ ?
એવો શો અપરાધ થયો વનનો કે આદેશ મળ્યો ?

(દોહરા)

સૂર્યવંશવન બાળવા પાવક કોણ થયું,
કારણ એવું શું બન્યું નૃપનું ચિત્ત ફર્યું ?

મંત્રીપુત્રે તે પછી કારણ સર્વ કહ્યું;
દશા બની દયનીય તે સુણતાં સ્થૈર્ય ગયું.

રાખી શકાય ઘેર ના, જાવ કહી ન શકાય,
બંને રીતે દિલ બન્યું દાહથકી અસહાય.

વિચિત્ર ગતિ છે વિધિતણી, માતે કર્યો વિચાર,
રાહુ રચાયો ચંદ્રને રચતાં ચાર રસાળ.

ઘેરી મતિ માતાતણી ધર્મ તથા પ્રેમે,
સાપ છછૂંદરશી દશા મટી નહીં કેમે.

રહેવા માટે રામને પુરે કરું અનુરોધ,
ધર્મ જાય ને બંધુમાં આખર થાય વિરોધ.

વનમાં વળી જવા કહું તોપણ શુભ નવ થાય,
સંકટ શોકતણો રહ્યો કોઈયે ન ઉપાય.

રામભરત સરખા ગણી ધીરજ સ્થૈર્ય ધરી,
વિચારતાં સ્ત્રીધર્મને ભોલી માત ફરી.

રામ, તમે ઉત્તમ કર્યું, શોક ન એનો લેશ;
પિતાવચનપાલન કહ્યું સર્વ ધર્મમાં શ્રેષ્ઠ.

રાજ્ય કહીને વન ધર્યું તેનું દુઃખ ન લેશ;
ભરત ભૂપ, સૌને થશે તમારા વિના ક્લેશ.

(ચોપાઈ)

હોય કેવળ આજ્ઞા પિતાની, જવું વન ના માતા મોટી માની;
કિન્તુ માતાપિતાએ કહ્યું હો વન સેંકડો અવધસમું તો.

માતા વનદેવી પિતા વનદેવ, કરશે પશુપક્ષી ચરણની સેવ;
નૃપને ઉચિત અંતે વનવાસ, જોતાં વચને ઉર થાય હતાશ.

વન બડભાગી અવધ અભાગી જેને રામ હશે તમે ત્યાગી;
જો હું સાથે આવું કરી સ્નેહ, મનમાં તમને થશે તો સંદેહ.

તમે સૌના પરમપ્રિય જેવા પ્રાણ પ્રાણના જીવન એવા;
કહો વનમાં જવા કાજે જ્યારે હૈયું હાથમાં ના રહે ત્યારે.

(દોહરા)

મિથ્યા સ્નેહ વધારતાં તોપણ હઠ ન કરું;
માતાના સંબંધથી કરજો સ્મરણ ખરું.

પાંપણ લોચનની કરે રક્ષા પ્રતિપળ જેમ,
રક્ષો તમને પિતૃ ને દેવ સદાયે તેમ.

(ચોપાઈ)

અવધિ પાણી પરિજન પ્રિય મીન, તમે કરુણાકર ધર્મધુરીણ,
એવું સમજીને કરજો ઉપાય મળે સૌ તમને જીવનમાંહીં.

જન પરિજન પુરને અનાથ કરી જાવ અરણ્યે સહાસ;
આજે સૌના સુકૃત થયાં પૂર્ણ, કાળ કઠિન થયો પ્રતિકૂળ.

દાહ હ્રદયમાં દારુણ વ્યાપ્યો થયો શોક અકળ વણમાપ્યો;
કર્યો માતાએ ઘોર વિલાપ, ધારી સ્થિરતા રઘુપતિ અમાપ.

(દોહરા)

સમાચાર સુણતાં સકળ સીતા આર્ત બની,
કૌશલ્યા પાસે જઈ વંદી ચરણ રહી.

કૌશલ્યાએ મૃદુ સ્વરે આશિર્વાદ ધર્યા,
અતિસુકુમારી નીરખતાં નેત્રો વિકળ થયાં.

સીતા ઢાળી વદનને વિચારવા લાગી,
રુપરાશિ પતિપ્રેમથી પુનિત પરમભાગી.

(ચોપાઈ)

વનમાં ચાહે જવા જીવનસાથ, મળશે કયા સત્કર્મીને સાથ;
સાથ કરશે તન કે કેવળ પ્રાણ, નથી વિધિની લીલાતણું જ્ઞાન.

ચારુ ચરણોથી ખોતરે પૃથ્વી, કરે નૂપુર સ્વરની સૃષ્ટિ;
કરે અરજ જાણે એ સપ્રેમ રાખે ચરણો અમને ગમેતેમ.

લોલ લોચનથી વહે પાણી, પેખી કૌશલ્યાએ કહી વાણી;
સીતા અતિસુકુમારી છે રામ, સાસુ-સસરા પરિવારની પ્રાણ.

(દોહરા)

પિતા જનક ભૂપાલમણિ, શ્વસુર ભાનુકુલભાણ,
પતિ રવિકુલ-કુમુદિની વિપિન વિધુગુણ રુપનિધાન.

એવી પામી પુત્રવધુ રૂપ શીલ ગુણધામ,
પ્રેમ વધાર્યો ભાવથી રાખ્યો એમાં પ્રાણ.

*

(ચોપાઈ)

કલ્પલતાસમ લડવી લાડ પાળી સ્નેહજળે દિનરાત;
ફૂલ્યે ફળ્યે વિધિ થયો વામ, સમજી શકાય ના પરિણામ.

તજતાં પલંગ-આસન ગોદ ચાલી પૃથ્વી પર ન કઠોર;
સંજીવની સમાન ગણું, બુઝાવવા બત્તી ન કહ્યું.

સીતા તે ચાહે છે સાથ, આજ્ઞા તો શી છે રઘુનાથ ?
ચંદ્રકિરણ-રસ રસિક ચકોર કેમ કરી દેખે રવિ ઓર ?

(દોહરા)

હસ્તિ સિંહ રાક્ષસ વને પ્રાણી દુષ્ટ ફરે;
વિષવનમાં સંજીવની ખૂટી શુભ શું કરે ?

કન્યા કોળી ભીલની વિષયોથી અણજાણ,
વન માટે વિધિએ રચી પથ્થર કૃમિશી પ્રાણ.

અથવા તપસ્વિની સ્ત્રીઓ વનને યોગ્ય કહી,
તપ માટે તે ભોગને તજતાં વને રહી.

ચિત્રાંકિત કપિ પેખતાં ડરતી સીતા જે,
કેમ કરીને વનમહીં વસશે સુખથી તે ?

સુરસર કમળવને વસે હંસકુમારી તે,
દુર્ગંધી ખાબોચિયે વેશ રહેશે શે ?

સીતા હર્મ્યમહીં રહી બનશે મુજ આધાર;
માટે આજ્ઞા આપજો કરતાં યોગ્ય વિચાર.

શીલ સ્નેહ અમૃતભરી સુણી માતની વાણ,
રામે પ્રિય શબ્દો કહી શીતળ કીધો પ્રાણ.

માતાને મધુ વચનથી અર્પીને પરિતોષ,
સીતાને સમજાવતાં કહ્યા વિપિનગુણદોષ.

*

(ચોપાઈ)

માતાપાસ થયો સંકોચ વદ્યા રામ પણ ધારી હોંશ;
ભલું તમારું મારું ચહો માની શીખ ગૃહે તો રહો.

આજ્ઞાપાલન ઉત્તમ હશે, સેવા સાસુતણી પણ થશે;
સર્વપ્રકારે શુભ ગૃહવાસ રાજકુમારી સમજો ખાસ.

સાસુ-શ્વસુર પદપૂજન કર્મ એથી અધિક નથી કો ધર્મ;
માતા મુજને યાદ કરે વ્યાકુળ જ્યારે ખૂબ બને
પુરાતન કથા ત્યારે કહી દેજો સાંત્વન સુંદર સાહી.

(દોહરા)

માતાને માટે જ હું તમને ગૃહ રાખું;
સ્વભાવથી જ સરળ અને સત્ય વચન ભાખું.

ગુરુશ્રુતિસંમત ધર્મફળ મળશે, ટળશે ક્લેશ;
હઠથી સંકટમાં પડ્યા ગાલવ નહુષ નરેશ.

(આખ્યાન)

પિતાવચનને સાચાં કરી સદ્ય રહીશ હું પાછો ફરી;
વખત જતાં નહિ લાગે વાર, ક્રીડા કરે નિરંતર કાળ.

હઠ કરશો જો રાખી હામ દુઃખદ આવશે તો પરિણામ;
કાનન કઠિન ભયંકર ઘોર, પ્રતિકૂળતા ત્યાં ચારેકોર.

ટાઢ-તાપ નદ-નદીપ્રપાત કંટક-કંકર શિલા અગાધ;
દુર્ગમ પર્વત માર્ગમહીં ગુફાકોતરો વિવિધ રહી.

(દોહરા)

રીંછ વાઘ વરુ સિંહશાં પ્રાણીઓ વનમાં,
શબ્દ કરીને ધૈર્ય ને સ્થૈર્ય ઉભય હણતાં

ઉઘાડા પગે ચાલવું, કઠોર વનના પંથ,
તમારાં ચરણ મૃદુલ છે, દુઃખનો ન હશે અંત.

ભૂમિશયન વલ્કલવસન અશન કંદ-ફળ-મૂળ,
તે પણ સૌ દિન ના મળે સર્વસમય અનુકૂળ.

(આખ્યાન)

રાક્ષસ નરનું ભક્ષણ કરે કપટવેશને કોટિક ધરે;
લાગે પર્વતવારિ અનેક, વિપત્તિ વનની અદભુત છેક.

વનમાં વ્યાલ વિહગ પશુ ઘોર નિશિચરનિકર પુરુષસ્ત્રીચોર;
વનની સ્મૃતિથી ડરતા ધીર, તમે તો નથી એવાં વીર.

હંસગામિની મૃગલોચના, વનને યોગ્ય તમે નત જરા;
માનસસલિલ સુધામાં રહી જીવે હંસી નદમાં નહીં.

સુણતાં અપયશ દેશે લોક થશે ઉભયને ત્યારે શોક;
નવ રસાળ વનવિહરણશીલ સુખી બને રણમાં કોકિલ.
એમ વિચારી ઘરમાં રહો, વનમાં સંકટ અગણિત અહો ?

(દોહરા)

સહજ સુહૃદ ગુરુ કંથની શીખ ન માને જે,
પેટ ભરી પસ્તાય ને અહિત જ પામે તે.

*

## ૯. સીતાની તૈયારી

(દોહરા)

પતિનાં મૃદુ વચનો સુણી આવ્યાં નયને નીર,
રડવા લાગ્યાં રોમ ને અંતર બન્યું અધીર.

રાત ચાંદની શરદની દાહક બનતી જેમ,
શીતળ વાણી રામની દાહક લાગી એમ.

રોકી લોચનવારિને ધીરજ ધરી અપાર,
કૌશલ્યાને વંદતાં બોલી સીતા વાણ.

ક્ષમ્ય ગણો અવિનય, મને અર્પી હિતની શીખ,
તોપણ તેને ના ગણે શ્રેયસ્કર મુજ ચિત્ત.

પતિના વિયોગશું નથી જગમાં કોઈ દુઃખ;
પતિસંનિધિમાં સાંપડે સ્ત્રીને સુખ બહુમૂલ.

પ્રાણનાથ કરુણાયતન સુંદર સુખદ સુજાણ,
રઘુકુળકુમુદ ચંદ્રવિણ સુરપુર નરક સમાન.

(આખ્યાન)

માતપિતા ભગિની પ્રિય ભ્રાત પ્રિય પરિવાર સુહૃદ સમુદાય,
સાસુ-શ્વસુર ગુરુ સ્વજન સહાય સુંદર સુશીલ સુત ઘરમાંહી,

સઘળા એવા સ્નેહસંબંધ સૂર્યથી અધિક તપવે અંગ,
પતિવિણ સ્ત્રીને ઘરે ન રંગ સ્વપ્ને નવ દે સુખનો સંગ.

તન ધન ધામ ધરા પુર રાજ  પતિવિહીન સૌ શોક સમાજ.

ભોગ રોગસમ ભૂષણ ભાર યમ યાતના સરિત સંસાર;
પ્રાણનાથ તમ વિણ સંસાર સુખ નવ કો ક્યાંયે ધરનાર.

જીવ વિના તન જળ વિણ જેમ સરિતા, પુરુષ વિના સ્ત્રી તેમ;
સકળ સુખ વસે જીવનનાથ, શરદ વિમલ વિધુવદનની સાથ.

(દોહરા)

ખગપશુ પરિજન, નગર વન, વલ્કલ વિમળ દુકૂલ,
નાથ સાથ સુરસદન સમ પર્ણશાળ સુખમુળ.

(આખ્યાન)

વનદેવી વનદેવ ઉદાર સદા રાખશે મારી ભાળ;
કુશકિસલયની કોમળ સેજ પ્રભુસહ શય્યા સુખદા એ જ.

કંદમૂળફળ અમૃતઆહાર, શતશત બનશે હર્મ્ય પહાડ;
પ્રતિપળ પ્રભુપદ પેખી મન બનશે ચકવી જેમ પ્રસન્ન.

વિવિધ કહ્યાં વનનાં દુઃખ નાથ, સંકટ ભય પરિતાપવિષાદ;
સર્વ મળી ના કૃપાનિધાન, પ્રભુવિયોગના કષ્ટસમાન.

જાણી એમ સમજતાં રાગ સાથ મને લો, કરો ન ત્યાગ;
કરુણામય હે અરજ કરું, અંતર્યામી ધ્યાન ધરું.

(દોહરા)

અવધ રાખશો અવધિ સુધી તો રહેશે ના પ્રાણ;
દીનબંધુ સુંદર સુખદ સદગુણ સ્નેહનિધાન !

*

(આખ્યાન)

પ્રતિપળ ચરણસરોજ નિહાળી માર્ગ થાક દૂર કરી ભારી,
સેવા કરતાં સર્વ પ્રકાર શ્રમને દૂર કરીશ અપાર.

ધોઈ પગ બેસી તરુછાંય પ્રસન્ન નિત્ય બની વનમાંહ્ય;
પંખો હું નાખીશ સુખે તમને; ભાગ્ય ન ઓછું એ.

શ્રમકણ સહિત તન હશે શ્યામ જોતાં મન બનશે કૃતકામ;
સમય કષ્ટનો રહેશે કેમ મળતાં દિવ્ય તમારો પ્રેમ ?

તૃણ તરુ પલ્લવ શય્યા સજી દબાવીશ પગ તમને ભજી;
ઝાંખીથકી મધુમૂર્તિતણી તાપ લાગશે મને નહીં.

સિંહણને જ્યમ સસલું શિયાળ મળવાનો ન કરે નિરધાર
મુજને પણ પ્રભુ સાથે તેમ જોઈ મળી શકે કો કેમ ?

(દોહરા)

સુકુમારી હું, નાથ છો વનને યોગ્ય તમે ?
તમને તપ છે ઉચિત ને મુજને ભોગ ગમે ?

આવા કટુ શબ્દો સુણી અંતર ના,
પામર પ્રાણ વિરહવ્યથા સહશે તો જડ આ.

(આખ્યાન)

સીતા વિકલ બની અતિ ભારી, વિરહ વચનને શકી ન ધારી;
રામે કર્યું ત્યારે અનુમાન વિરહમહીં નહિ રાખે પ્રાણ.

વદ્યા કૃપાળુ ભાનુકુળનાથ શોક તજી ચાલો વન સાથ;
વિષાદનો નવ અવસર આજ, તૈયાર બનો વનને કાજ.

પ્રિય વચન કહી શાંતિ ધરી, માતતણી આશિષ ગ્રહી;
જનની બોલી પાછા ફરી સંકટ સૌનું લેજો હરી.

વિસરી ના જનનીને જશો; વિષય નેત્રના ક્યારે થશો ?
દશા સુધરશે મારી ફરી, જોડી જોવા મળશે વળી ?

(દોહરા)

સુંદર દિન એ શુભ ઘડી પ્રાપ્ત થશે ક્યારે,
જોશે મધુમુખ માત આ જીવતાં જ જ્યારે ?

વત્સ લાલ રઘુપતિ વળી રઘુવર મધુર કહી,
બોલાવી ભેટીશ હું ક્યારે ફરી અહીં ?

માતા અધીર સ્નેહથી વ્યાકુળ વળી થયાં,
એથી વચનો વદનનાં વદને સર્વ રહ્યાં.

રઘુવર સમજાવી રહ્યા કરી એમને પ્રેમ ;
એ અવસરને સ્નેહને વર્ણવી શકું કેમ ?

*

નમન કરીને સાસુને વદી જાનકી માત,
મુજને મારી દીસતી પરમ અભાગી જાત.

સેવાના સમયે મને દૈવે દીધું વન,
મનોરથ થયા સફળ ના, તૃપ્ત બન્યું ના મન.

ક્ષોભ તજો, ના સ્નેહને કિન્તુ કદી છોડો;
કઠિન કર્મગતિ, દોષ ના મારો છે થોડો.

ધીરજ ધરતાં સાસુએ ભેટી વારંવાર,
આશિષ અર્પી જ્યાં સુધી ગંગા-યમુના ધાર

સૌભાગ્ય રહો ત્યાં સુધી અચળ તમારું ખાસ;
હિતનાં વચન કહ્યાં વળી બેસાડીને પાસ.

ચરણોમાં વંદન કરી વૈદેહી ચાલી,
સમાચાર સઘળા રહ્યા લક્ષ્મણ ઉર બાળી.

મ્લાન ઉદાસ વદન બન્યું, પુલકિત તનમાં કંપ;
અશ્રુ આંખમાં ઊમટ્યાં, આતુર અંગેઅંગ.

*

## ૧૦. લક્ષ્મણનો સંકલ્પ

(દોહરા)

આર્ત બની દોડી જઈ રામચરણ પકડ્યાં,
કહી શકાયું ના કશું, શોક વધ્યો ઉરમાં.

વિધાતા, હવે શું થશે ? સુખ ને પુણ્ય ગયાં ?
રામ રાખશે ઘેર ? શું કહેશે ? ભાવ થયાં.

નીતિનિપુણ સુખસાગર શીલ સ્નેહના ધામ,
લક્ષ્મણને જોઈ વદ્યા શાંતિ સહિત શ્રીરામ.

અંતે થનાર હર્ષને બનો વિચારી શાંત,
બનો પ્રેમવશ આર્ત ના વ્યથાગ્રસ્ત કે કલાંત.

સદગુરુ સ્વામી પિતૃની શીખ અનુસરે જે,
લાભ જન્મનો મેળવે વ્યર્થ ન જીવે તે.

(ચોપાઈ)

એવું સમજી સુણો શીખ ભાઈ, કરો પિતૃચરણસેવા કાંઈ;
નથી ભરત-શત્રુઘ્ન બે ઘેર, વૃદ્ધ રાયના કાળજે કેર.

વનમાં જઈએ જો આપણે સાથ થાય અવધ તો પૂર્ણ અનાથ;
ગુરૂ પિતૃ પ્રજા પરિવાર સૌને આવે દુસહ દુઃખભાર.

રહો અર્પો સૌને પરિતોષ, નહિ તો લાગશે ત્યાગથી દોષ;
પ્રજા જેની વેઠે વ્યથા ભારી બને નૃપ તે નરક અધિકારી.

રહો ઘેર એ નીતિ વિચારી; સુણી વ્યથિત લક્ષ્મણ થયા ભારી ;
હિમસ્પર્શે કમળ થાય મ્લાન તેમ મ્લાન થયા સુણી વાણ.

(દોહરા)

વદી ન શકાયું સ્નેહવશ, પકડી ચરણ કહ્યું,
સેવક હું સ્વામી તમે, ત્યાગો તો શું કરૂં ?

*

(ચોપાઈ)

તમે દીધી શિખામણ સારી લાગી મુજને પરંતુ નઠારી;
ધીર ધર્મધારી નર-નારી નીતિ નિગમના છે અધિકારી.

હું તો પ્રભુપ્રેમે પોષાયો બાળ, કેમ મેરુને ઊંચકે મરાલ,
કરો વચનોમાં મારા વિશ્વાસ જાણું ગુરૂ કે પિતૃને ના ખાસ.

જગમાં જ્યાં સુધી સ્નેહસગાઈ નિગમે પ્રીતિ પ્રતીતિને ગાઈ,
તમે સર્વ છો મારા સ્વામી દીનબંધુ હે અંતર્યામી !

કીર્તિ ભૂતિ સુગતિ પ્રિય લેશ તેને ધર્મનો દો ઉપદેશ;
જેને એક તમારો સહારો તેને તજવાને બદલે ઉગારો.

(દોહરા)

કૃપાસિંધુએ બંધુનાં સુણતાં વચન વિનીત,
આલિંગન આપી કહ્યું જાણી સ્નેહસભીત.

અનુમતિ માગી માતની ચાલો ભલે વને.
શબ્દ સુણીને સુખ મળ્યું લક્ષ્મણના મનને.

(ચોપાઈ)

પહોંચ્યા જનની પાસે પામી હર્ષ, અંધ પામ્યો લોચનનો સ્પર્શ;
કર્યા જનનીના પદમાં પ્રણામ, હૃદયે રમતાં'તાં સીતા ને રામ.

પૂછ્યું જનનીએ જોઈ વ્યથાને, કહી લક્ષ્મણે સઘળી કથાને;
કંપી શબ્દોને સુણતાં કઠોર જેમ મૃગલી દેખી દવ ઘોર.

થયો અનર્થ લક્ષ્મણે માન્યું આજ, જશે બગડી સ્નેહે બધું કાજ;
કેમ માગી શકાશે વિદાય, કરો મુજને વિધાતા સહાય.

(દોહરા)

સમજી સીતારામનાં રૂપ સુશીલ સ્વભાવ,
યાદ કરીને નૃપતિનો સાચો અદભુત ભાવ.

વદી સુમિત્રા ઘા કર્યો રાણીએ ભારે;
અમંગલ ગણી કાળને ધૈર્ય ધર્યું ત્યારે.

(ચોપાઈ)

કહ્યું માતા છે તારી વૈદેહી, પિતા રામ છે શાશ્વત સ્નેહી;
ત્યાં જ અવધ જ્યાં રામનિવાસ ત્યાં જ દિવસ જ્યાં સૂર્યપ્રકાશ.

સીતારામ જો વનમાં જાય તારું પુરમાં તો કામ ન કાંય;
ગુરુ માતા પિતા બંધુ દેવ કરવી પ્રાણ સમજી સૌની સેવ.

પ્રાણથી પ્રિય જીવન રામ સૌના સુહૃદ નિઃસ્વાર્થ નિષ્કામ;
સર્વે એમનાથી પ્રિય પૂજય શુભ સન્માનનીય ને સ્તુત્ય.

(દોહરા)

જાણી એવું એમની સાથે થઈ વિદાય,
વનમાં વસતાં માણજે જીવનકેરો લ્હાવ.

ભાગ્યવાન અત્યંત છે, વારી જાઉં હું,
રમે રામનાં ચરણમાં છળ છોડીને હું.

*

(ચોપાઈ)

પુત્રવતી તે સ્ત્રી જગમાંહ્ય રામભક્ત જેનો સુત થાય;
રામવિમુખ જેનો સુત હોય વંધ્યા રહે અહિત નવ તોય.

રામ વને તુજ ભાગ્યે જાય, અન્ય હેતુ ના એની માંહ્ય;
સકળ સુકૃતનું શુચિ ફળ એહ રામસીયપદ સહજ સનેહ.

રાગ-રોષ-ઈર્ષા-મદ જાય, મોહ સ્વપ્નમાં પણ નવ થાય;
વિકાર વિવિધ પ્રકાર તજી મન-ક્રમ-વચને રહે ભજી.

માત-પિતા સમ સીતારામ વનમાં પણ દેશે આરામ;
થાય રામને લેશ ન ક્લેશ, યાદ રાખજે મુજ ઉપદેશ.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

ઉપદેશ મારો યાદ રાખી ઉભયને સુખ આપજે,
માતાપિતા પરિવાર પુરનાં સ્મરણ સઘળાં કાપજે;
આદેશ આશીર્વાદ અર્પી માત લક્ષ્મણને રહી,
રતિ થાય અવિચળ રામસીતાપદે નિત્ય નવીનવી.

(દોહરા)

માતૃપદે લક્ષ્મણ નમી ચાલ્યા શંકા સાથ,
ભાગે તોડી જાળને મૃગ જ્યમ ભાગ્યવશાત.

સીતા-રઘુવરને કરી વંદન હર્ષથકી
પહોંચ્યા રાજમહેલમાં પ્રિયની સાથ પછી.

વિધિએ સુખદાયક કરી બધી બગાડી વાત,
પુર નરનારી બોલતાં એમ વાટ ને ઘાટ.

તન કૃશ મન વિહ્વળ અને મુખ પણ હતાં ઉદાસ,
જેમ વ્યગ્ર માખી બને ટળતાં મધની આશ.

પાંખહીન પંખીસમા મસળી હાથ રહ્યાં,
વ્યથા વેઠતાં આર્ત ને વિષાદમગ્ન બન્યાં.

સચિવે નૃપને માહિતી આપી રામતણી;
નૃપ સુતદ્વયને દેખતાં પામ્યા પીડ ઘણી.

સીતા સાથે બંધુને દેખી વ્યથિત થયા,
સ્નેહે ભેટી એમને વારંવાર રહ્યા.

ભૂપ શક્યા બોલી નહીં, વિકળ નાખતા આહ,
શોકજનિત પ્રગટી રહ્યો દિલમાં દારુણ દાહ.

રામે અતિ અનુરાગથી ઢાળી શિરને પાય,
આજ્ઞા માગી માગતાં વનમાં જવા વિદાય.

(આખ્યાન)

હર્ષસમય ના શોક કરો, મુજને આશીર્વાદ ધરો;
કરશો જો પ્રિય પ્રેમપ્રમાદ યશ મટશે, વધશે અપવાદ.

સુણતાં નૃપ ઊઠયા નિરુપાય, કહ્યું રામની પકડી બાંય,
કહે પવિત્ર પરમમુનિ તે રામ ચરાચર નાયક છે

શુભ ને અશુભ કર્મ અનુસાર ઈશ ફળ ધરે કરી વિચાર;
પામે ફળ જેવું હો કર્મ વેદતણો તે પ્રચલિત ધર્મ.

(દોહરા)

એક કરે અપરાધ ને અન્ય કરે ફળભોગ,
અતિ વિચિત્ર ભગવંત ગતિ, કોણ જાણવા જોગ ?

(ચોપાઈ)

રાયે રામને રાખવા કાજે કર્યું છળને છોડીને જે છાજે,
કિન્તુ ધર્મધુરંધર ધીર જાણ્યું રામ ના રહેશે વીર.

ત્યારે સીતાને હૃદયે લીધી, સ્નેહે વિવિધ શિખામણ દીધી;
વનનાં દુઃસહ દુઃખ સુણાવ્યાં, સુખ સ્વજન ને ગૃહનાં ગણાવ્યાં.

સીતા રામચરણ અનુરાગી, વાત વનની વિષમ ના લાગી;
શક્યું કોઈ એને ના ચળાવી ઘરમાં રહેવાને માટે મનાવી.

(દોહરા)

નારી મંત્રી ગુરુતણી સ્ત્રીઓ ને શાણી,
વિપત્તિ વનની વર્ણવી વદી રહી વાણી.

તુજને આપેલો નથી રાજાએ વનવાસ,
શ્વસુર-સાસુ ગુરુની ઘટે શીખ માનવી ખાસ.

શીતળ હિતકારક મધુર મૃદુ પરંતુ એ શીખ,
સીતાને રુચી નહીં, ઉદ્વિગ્ન બન્યું ચિત્ત.

(ચોપાઈ)

સીતા સંકોચવશ ના બોલી, કિન્તુ કૈકેયી ક્રોધથી ડોલી;
પાત્ર ભૂષણ મુનિનાં વસ્ત્ર રાખી રામની આગળ સદ્ય.

બોલી, નૃપને છો પ્રાણથી પ્રિય, સ્નેહ છોડશે એ ના જરીય;
થશે સુયશ સુકૃત લોકનાશ તોય આપશે ના વનવાસ.

કરો ઉચિત લાગે તે વિચારી; સુણી રામ રહ્યા હરખાઈ;
લાગ્યાં નૃપને વચન જાણે બાણ, કરે પ્રાણ ના જડ કાં પ્રયાણ?

રાજા મૂર્છા પામ્યા, લોક વ્યગ્ર બન્યા ઘટનાને નીરખી સમગ્ર;
સૂઝયું કોઈને ના શું કરવું, જોઈ જીવવું કે પછી મરવું!

*

## ૧૧. રામનું વનગમન

(ચોપાઈ)

રામ મુનિવેશને સુખે ધારી જનની જનકપદે શિર ઢાળી,
ચાલ્યા વનનો સજીને સાજ છોડી વચનને ખાતર રાજ.

(દોહરા)

ચાલ્યા પ્રભુ ઉલ્લાસથી વનિતા બંધુસમેત,
ગુરુ વિપ્ર પદે વંદતાં સૌને કરી અચેત.

*

(ચોપાઈ)

પહોંચ્યા વસિષ્ઠ મહામુનિદ્વારે જલ્યા વિરહજ્વાળે સર્વ ત્યારે;
બોલી મધુર વચન શાંતિ આપી દીધા ક્લેશ અનેકના કાપી.

દીધાં વિપ્રોને વર્ષાસન, દાન માને કર્યાં વશ મન;
આપ્યો યાચકોને સંતોષ મિત્રજનને પ્રેમે પરિતોષ.

પછી દાસદાસીને બોલાવી સોંપી ગુરુને કહ્યું નમી સ્વામી,
સૌની જનક જનનીની જેમ કરજો રક્ષા વરસાવતાં પ્રેમ.

જોડી વારંવાર બંને હાથ બોલ્યા રામ સંવેદન સાથ,
રાજા જેનાથી સુખમાં રહેશે મારો સુહૃદ હિતેચ્છુ થશે તે.

(દોહરા)

સર્વ માત મુજ વિરહથી થાય ન દુ:ખી દીન,
એ ઉપાય કરજો બધા પુરજન પરમ પ્રવીણ.

એમ કહી ગુરુચરણમાં હર્ષે કરી પ્રણામ,
ચાલ્યા ગણપતિ શિવ-શિવા આશિષ પામી રામ.

*

(ચોપાઈ)

રામ ચાલતાં વ્યાપ્યો વિષાદ વધ્યો પુરજનનો આર્તનાદ;
થયા કુશકુન લંકામાં ભારે, અવધે શોક છવાયો ત્યારે.

મૂર્છા ટળતાં જ દશરથ જાગ્યા કહેવા સચિવ સુમંત્રને લાગ્યા,
રામ જાય છે પ્રાણ ના જાય, કયા સુખ માટે રહે તનમાંહ્ય ?

વ્યથા આથી કયી બળવાન જેની પીડે તજશે તનને પ્રાણ?
ફરી ધીરજ ધરી કહ્યું રાજે, લઈ રથને જાઓ રામ સાથે.

(દોહરા)

સુકુમારી સીતા તથા કુમારદ્વય સુકુમાર,
રથમાં વન દેખાડતાં ફરો દિન પછી ચાર.

(આખ્યાન)

પાછા ફરે ઉભય ના ભ્રાત, સત્યસંધ દૃઢવ્રત રઘુનાથ,
કરજો અરજ પ્રણમતાં તો સીતા વળે પુરે પ્રભુ ઓ !

વનને દેખી સીતા ડરે કહેજો સુમધુર સ્વરે
સાસુ-શ્વસુરનો છે સંદેશ વનમાં સુખકેરો નવ લેશ.

માટે તરત જ પાછાં ફરો, અવધે કે મિથિલામાં રહો;
કરજો એ વિધ વિવિધ ઉપાય, મળશે મુજને પરમ સહાય.

નહિ તો મરણ થશે મારું બનતાં દૈવ અતિનઠારું;
જનકસુતા લક્ષ્મણ રઘુરાય વદી ઢળ્યા ધરતી પર રાય.

(દોહરા)

રથ તૈયાર કરી તરત નૃપની સંમતિથી,
સીતા લક્ષ્મણ રામને પુરથી દૂર જઈ.

વચન કહીને નૃપતણાં બેસાડયા રથમાં;
ચાલ્યા સર્વે અવધને નમી લઈ ઉરમાં.

(આખ્યાન)

અવલોકીને અવધ અનાથ ચાલ્યા લોક વિકળ સૌ સાથ;
કૃપાસિંધુએ વિવિધ પ્રકાર સમજાવ્યા પણ સર્વ અસાર.

પાછા જતા નગરજન જે પુનઃ પ્રેમવશ ફરતા તે.

અવધ ભયંકર અતિભારે કાળરાત લાગી ત્યારે;
ઘોર જંતુસમ પુર નર-નાર જોતાં ભયભીત બન્યાં અપાર.

ગૃહ સ્મશાન પરિજન સૌ ભૂત સુહૃદપુત્ર લાગ્યા યમદૂત;
બન્યાં વલ્લરી વૃક્ષો મ્લાન સર સરિતા સઘળાં નિષ્પ્રાણ.

(દોહરા)

હયગય અનંત કેલિમૃગ પુરપશુ ચાતક મોર,
પિક રથાંગ શુક સારિકા સાર સહંસ ચકોર.

ઊભાં રહ્યાં વ્યાકુળ બની રામવિયોગમહીં,
ચિત્રાંકિતશાં, લાગતું જીવન ક્યાંય નહીં.

નગર ગાઢ વનશું હતું, માનવ હતાં વિહંગ,
રામ જતાં કયાંયે રહ્યો એમાં ના રસરંગ.

કૈકેયીને ભીલડી વિધિએ ઘોર કરી,
દસે દિશામાં દુઃસહ દવની જ્વાળ ભરી.

રઘુવરનો વિરહાગ્નિ તે સહી શક્યા જન ના,
લાગ્યા તેથી નાસવા સૌ વ્યાકુળ બનતાં.

સૌએ કર્યો વિચાર કે સીતા લક્ષ્મણ રામ
સિવાય સુખ ના અવધમાં નહીં કામ આરામ.

રામ હશે ત્યાં સૌ હશે વિચારતાં સૌ એમ,
સુરદુર્લભ સુખસદનને છોડીને સપ્રેમ.

સાથે ચાલ્યા રામની; રામચરણમાં પ્રેમ,
હોય જેમને તેમને વિષય વશ કરે કેમ ?

બાળવૃદ્ધને છોડતાં સર્વે ચાલ્યા સાથ,
વાસ કર્યો તમસાતટે પ્રથમ દિવસ રઘુનાથ.

(આખ્યાન)

રઘુપતિ પ્રજા પ્રેમવશ પેખી પામ્યા પીડા સહજ વિશેષી;
કરુણામય રઘુનાથ ખરે અવર વ્યથાથી વ્યથિત બને.

મૃદુ વચનો સપ્રેમ કહી ધર્મતણો ઉપદેશ કરી
સમજાવી રઘુનાથ રહ્યા પાછા તોય ન લોક ફર્યા.

શીલ સ્નેહને કેમ તજાય, પડ્યા અસમંજસમાં રઘુરાય;
શોકિત શ્રમિત સુતા સૌ જન સુરમાયા મોહિત-મતિ મન.

વીત્યે બે પ્રહર સુધી રાત રામે કહી સચિવને વાત,
દોડાવો રથ જોર કરી જનતા પાછી જાય ફરી.

(દોહરા)

શિવને સ્નેહે વંદતાં રથમાં ત્રણે ચઢ્યાં;
સચિવે રથ હાંક્યો તરત; નિશાન સ્થિર ન પડ્યાં.

*

## ૧૨. નિષાદનો મેળાપ

(આખ્યાન)

જાગ્યા થતાં જન બધા ભોર, કર્યો રામ ના જોતાં શોર;
રથની ક્યાંય ન ભાળ મળી, ચતુર્દિશ રહ્યા વિકળ ફરી.

ડૂબ્યું અર્ણવ-જલે જહાજ, બન્યો અતિ વ્યથિત વણિકસમાજ;
એકમેકને દે ઉપદેશ, રામે તજ્યા સમજતાં ક્લેશ.

નિંદે સ્વને વખાણે મીન, ધિક્ જીવન રઘુવીર વિહીન;
વિધિએ પ્રિયનો કર્યો વિયોગ, કર્યો ન કેમ મરણનો યોગ ?

કરતાં એવાં વિવિધ પ્રલાપ, ગયા અવધ સહતાં પરિતાપ;
વિષમ વિયોગ ન થાય વખાણ, અવધિ આશથી રાખ્યા પ્રાણ.

(દોહરા)

દર્શન માટે નિયમવ્રત લઈ રહ્યાં નર-નાર,
કોકી-કોક કમળ વ્યથિત રવિ વિણ જેમ અપાર.

શૃંગવેરપુર પહોંચતાં સીતા લક્ષ્મણ રામ,
પેખી ગંગાને રહ્યાં પ્રેમે કરી પ્રણામ.

(આખ્યાન)

ગંગ સકળ મુદ મંગલમૂળ સુખને ધરે હરે સૌ શૂળ.
કહેતાં કોટિક કથાપ્રસંગ રામે નીરખ્યાં ગંગતરંગ.

સચિવ અનુજ સીતાને ખાસ કહ્યું નદી માહાત્મ્ય અગાધ.
મજ્જન કર્યે પંથ-શ્રમ ગયો, જળપાને પ્રાણ મુદિત થયો.
જેનું સ્મરણ હરે શ્રમભાર તેને શ્રમ લૌકિક વ્યવહાર.

(દોહરા)

શુદ્ધ સચ્ચિદાનંદમય રામ ભાનુકુળકેતુ,
મનુષ્ય જેમ ચરિત કરે સંસૃતિ સાગરસેતુ.

માહિતી બધી મેળવી નિષાદ પામી રંગ,
ચાલ્યો મળવા સ્વજનસહ મંગાવી ફળકંદ.

ભેટ ધરીને દંડવત પ્રેમે કરી પ્રણામ,
અતિ અનુરાગે નીરખવા લાગ્યો પ્રભુશ્રી રામ.

સહજ સ્નેહવશ રઘુવરે બેસાડી પાસે,
પૂછયા કુશળ, વદ્યો તદા અનુગ્રહની આશે,

ચરણકમળ પેખી બન્યું કુશળ બધું મારું;
ભાગ્યવાન જનમાં મળ્યું સ્થાન મને ન્યારું.

ધરતી ધન ને ધામ છે તમારું જ સઘળું,
પરિવાર સહિત ક્ષુદ્ર છું દાસ તમારો હું.

કૃપા કરીને પુરમહીં પદાર્પણ કરી આજ,
અપનાવો મુજને, ભલે વખાણે બધા ભાગ્ય.

વદ્યા રામ, સાચું કહ્યું સખા બંધુયે તેં,
આજ્ઞા આપી અન્ય છે જનકે કિન્તુ મને.

ચૌદ વરસ વનવાસ ને મુનિવ્રત ભોજન વેશ,
ગ્રામવાસ ના ઉચિત; સુણી ગુહને લાગી ઠેસ.

*

(ચોપાઈ)

લક્ષ્મણ સીતા રામ નિહાળી વદ્યાં સપ્રેમ ગ્રામ નર-નારી,
માત-તાત સહિયર તે કેવાં વન મોકલ્યાં બાળ સુર જેવાં !

એકે કહ્યું નૃપે શુભ કર્યું, વિધિએ લોચનને સુખ ધર્યું.
કર્યુ નિષાદે ઉર અનુમાન અશોકદ્રુમનું છે શુચિ સ્થાન.

સ્થાન બતાવ્યું રઘુપતિને, રઘુપતિને લાગ્યું પ્રિય તે;
પુરજન વંદી નિજગૃહ ગયા, સંધ્યા કરવા રઘુવર રહ્યા.

કુશકિસલયની શય્યા કરી ગુહે કંદ-ફળ મધુમય ધરી;
ભર્યું અમૃતમય પીવા નીર; નેહ હતો એનો ન લગીર.

(દોહરા)

સીતા સુમંત્ર ભ્રાત સહ અશન કરી રઘુરાય,
સૂતા ત્યારે લક્ષ્મણ રહ્યા દબાવી પાય.

પ્રભુને સૂતા સમજતાં ઊઠીને લક્ષ્મણ,
સુમંત્રને સૂવા કહી બોલી મધુર વચન.

ધનુષબાણ ધારણ કરી થોડે દૂર જઈ,
વીરાસનમાં જાગતાં બેઠા સ્વસ્થ થઈ.

(આખ્યાન)

અતિ વિશ્વસનીય પહેરેગીર ગુહે ગોઠવ્યા ત્યાં બળવીર;
કટિ પર ભાથું હાથ શરચાપ બેઠો લક્ષ્મણ પાસે આપ.

પ્રભુને નીરખી તરત નિષાદ બન્યો પ્રેમવશ હૃદય વિષાદ;
તન પુલકિત લોચન જલ વહ્યું, પ્રેમસહિત લક્ષ્મણને કહ્યું.

ભૂપતિભુવન સુરમ્ય મનાય ઈન્દ્રભુવનથી અધિક ગણાય,
મણિમંડિત ચાર સરસ દ્વાર રતિપતિએ જ કર્યું તૈયાર.

(દોહરા)

શુચિ સુવિચિત્ર સુભોગમય સુમન સુગંધ સુવાસ;
પલંગ ને મણિદીપ ત્યાં, પૂરે સઘળી આશ.

(આખ્યાન)

વિવિધ વસન ઉપધાન રજાઈ ક્ષીરફીણ મૃદુ વિશદ સોહાય;
સીતારામ શયન ત્યાં કરે રતિ મનોજના મદને હરે.

કરે પથારી પર તે શયન, વ્યથા અનુભવે નીરખી નયન;
માત-પિતા પરિજન પુરલોક દાસી-દાસ સુહૃદ અણમોલ
સેવે પ્રાણસમ ગણી રામ ધરા પર કરે તે આરામ.

પિતા જનક જગવિદિત પ્રભાવ શ્વસુર સુરેશ સખા રઘુરાવ,
રામચંદ્ર પતિ સીતા તે સૂતી ખુલ્લી ધરતી પરે.

વિધિ વિરોધ ના કોનો કરે, કોના સુખને ના કે હરે ?
સીતારામ યોગ્ય વનકાજ ? કર્મ પ્રધાન લાગતું આજ.

(દોહરા)

કૈકેયીએ મંદમતિ કુટિલતા કરી ઘોર,
સુખ સમયે સંકટ ધર્યું સીયરામને ઓર.

(આખ્યાન)

દિનકર કુળદ્રુમ બની કુઠાર જગને દીધું કષ્ટ અપાર;
અનુભવી રહ્યો પરમ વિષાદ એમ રાતભર ભક્ત નિષાદ.

કહી લક્ષ્મણે મધુ મૃદુ વાણ જ્ઞાન વિરક્તિ ભક્તિ રસખાણ,
સુખદુઃખ જન ના કોઈ ધરે, કર્મતણાં ફળ સૌને મળે.

યોગ-વિયોગ ભોગ શુભ મંદ હિત-અનહિત મધ્યમ ભ્રમ ફંદ,
જન્મ-મરણ જ્યાં લગ જંજાળ સંપદ-વિપદ કર્મ કે કાળ.

ધરા ધામ ધન પુર પરિવાર સ્વર્ગ નરક સરખા વ્યવહાર,
સુણતાં જોતાં કર્યે વિચાર દીસે છે એ સકળ અસાર.
મોહ મૂળ સર્વતણું એ નિશ્ચય કર્યો સમજતાં મેં.

(દોહરા)

રાજા ભિક્ષુક સ્વપ્નમાં રંક સ્વર્ગપતિ થાય,
લાભહાનિ ના જાગતાં; તેમ પ્રપંચ જણાય.

એમ વિચારી રોષ ના કરવો દેવો દોષ;
મોહનિશામાં સૌ સૂતા જુએ સ્વપ્નનો કોશ.

આ જગની રજનીમહીં યોગીજન જાગે,
પ્રપંચમુક્ત બની ગયા પરમાર્થી રાગી.

જાણી લેવો જીવને જાગેલો ત્યારે,
વિષય વિલાસોથી બધા વિરક્તિ હો જ્યારે.

(ચોપાઈ)

થતાં વિવેક મોહ ભ્રમ જાય, રામચરણરતિ ત્યારે થાય;
સખા પરમ પરમારથ એ જ મન-ક્રમ-વચન રામપદ નેહ.

રામ બ્રહ્મ પરમાર્થ સ્વરૂપ અવગતિ અલખ અનાદિ અનૂપ;
સકળ વિકારરહિત ગતભેદ, નેતિ નેતિ નિત્ય વદે વેદ.

(દોહરા)

ભક્તભૂમિ ભૂસુર સુરભિ સુરહિતકાજ કૃપાળ,
મનુજ રૂપે લીલા કરે સુણ્યે મટે જગજાળ.

*

(આખ્યાન)

એમ સમજતાં મોહ તજી સીતા-રાઘવ રહો ભજી;
વીતી રજની થયું પ્રભાત, જાગ્યા જગમંગલ જગતાત.

નિવૃત થઈ સ્નાન કર્યું, દૂધ વડતણું તરત ગ્રહ્યું,
અનુજ સહિત શિર જટા કરી, રહ્યાં સચિવ લોચન ઊભરી.

હૃદય દાહ અતિ વદન મલિન, વદ્યા વચન મંત્રી અતિદીન,
બોલ્યા એવું કોશલનાથ જાવ રથ સહિત રઘુપતિ સાથ.

કરાવતાં ગંગાનું સ્નાન દર્શાવી વનને રસપ્રાણ
સંશય ને સંકોચ હરી પુરમાં લાવો ત્રણે ફરી.

(દોહરા)

રાજાએ એવું કહ્યું, કહો કરું તે હું;
રામપદે પડતાં રડ્યાં શિશુસમ મંત્રી શું!

કૃપા કરી એવું કરો અવધ અનાથ ન થાય.
કહેવા લાગ્યા શાંતિથી ધર્મવાત રઘુરાય.

(આખ્યાન)

શિબિ દધિચિ હરિશ્ચંદ્ર નરેશ સહ્યા ધર્મહિત બહુવિધિ ક્લેશ;
રંતિદેવ બલિ ભૂપ સુજાન સંકટ સહ્યાં અનેક મહાન.

ધર્મ અવર ના સત્ય સમાન વદતાં આગમ નિગમ પુરાણ;
સુલભ મને તે ધર્મ થયો, અપયશ તેના ત્યાગે રહ્યો.

પ્રતિષ્ઠિત તણો અપયશ થાય કોટિ મૃત્યુસમ સહ્યો ન જાય;
દારુણ એ અપયશ સંતાપ, વડીલ સાથ વિવાદે પાપ.

(દોહરા)

કોટિ પ્રણામ વિનય સહિત કહેજો જોડી હાથ,
ચિંતા ના કરશો પિતા મારી કોઈ વાત.

તમેય હિતકારક સદા પિતા સમા મારા,
અરજ કરું એથી કરો ઉપાયને ન્યારા

જેથી પામે શોક કે પિતા નહીં પરિતાપ,
એ જ પરમ કર્તવ્યના જપો હવે તો જાપ.

રઘુનાથ તથા સચિવનો સાંભળતાં સંવાદ,
અતિ વ્યાકુળ પરિવારની સાથે બન્યો નિષાદ.

લક્ષ્મણે કહી રોષથી થોડી કટુ વાણી,
રામે ગણકારી નહીં અતિ અયોગ્ય જાણી.

રામે નિજ આપી શપથ સચિવને કહ્યું આ,
સંદેશો લક્ષ્મણ તણો ક્યાંય કહેશો ના.

સચિવ સુમંત્રે નૃપતિનો ફરી કહ્યો સંદેશ,
સીતા વનનાં સંકટો સહી ન શકશે લેશ.

માટે પુર પાછી ફરે એવો કરો ઉપાય,
જલવિણ મીન સમાન ના નહિ તો રહેશે કાય.

પિયર સાસરે સર્વ સુખ વિપત્તિ દૂર ના થાય;
મન માને ત્યાં ત્યાં સુધી ભલે જાનકી જાય.

ભૂપે અરજ કરી, કહ્યું પ્રીતિ વેદના કેમ;
કૃપાનિધાને એ સુણી દીધી શીખ સપ્રેમ.

(આખ્યાન)

સાસુ-શ્વસુર ગુરુ પ્રિય પરિવાર સૌના મનને ઊતરે ભાર,
પાછાં ફરો તમે જો ઘેર; વૈદેહી બોલી તે વેળ.

પ્રભુ કરુણામય કરો વિવેક, તનવિણ છાંય રહે શેં છેક,
પ્રભા જાય ક્યાં ભાનુ તજી, ચંદ્ર ચંદ્રિકા રહે ભજી.

કહી સચિવને સુંદર વાણ, તમે જનક કે શ્વસુર સમાન,
હિત કરનાર સદા મારા, વચન વદું કેમ અકારાં ?

(દોહરા)

દુ:ખીની મારી આપવા ઉત્તર છું તૈયાર,
આર્યપુત્ર પદપદ્મ વિણ સૌ સંબંધ અસાર.

નૃપમણિ મુકુટો જેમના ચરણમહીં ઢળતા,
વૈભવ વિલાસ દિવ્ય તે પિતાતણા સઘળા.

જોયા મેં, પણ સુખતણા ધામસમું ઘર એ,
ભૂલેચૂકે પતિ વિના લાગે પ્રિય ન મને.

(આખ્યાન)

શ્વસુર મહારા કોશલરાય ચૌદ ભુવનમાં પ્રગટ પ્રભાવ,
સુરપતિ સ્વાગત જેનું કરે અર્ધસિંહાસન આસન ધરે.

એવા શ્વસુર અયોધ્યાવાસ સાસુ માતસમ પ્રિયજન ખાસ,
રઘુપતિ ચરણ પરાગ સિવાય સ્વપ્ને સુખ નવ ધરે જરાય.

અગમ પંથ વનભૂમિ પહાડ, હસ્તિ સિંહ સર સરિત અપાર,
કોલકિરાત કુરંગ વિહંગ, સુખદ સર્વ પ્રાણેશ્વર સંગ.

(દોહરા)

સાસુ-શ્વસુર પગમાં પડી કરજો અરજ સપ્રેમ,
ચિંતા મારી ના કરે, સુખી હું સદા જેમ.

(આખ્યાન)

પ્રાણનાથ પ્રિય દિયર છે સાથ વીરશ્રેષ્ઠ ધનુ ને શર હાથ;
પથશ્રમ ભ્રમ કે દુ:ખ ન મને, કરશો શોક ન લેશ તમે.

સુણી સચિવ એ શીતળ વાણ બન્યા આર્ત અતિ વ્યાકુળ પ્રાણ;
નયન ન નીરખે સુણે ન કાન, વદી શકી શબ્દ નહીં વાણ.

રામે સમજ વિભિન્ન ધરી તોપણ શાંતિ ન લેશ મળી;
સચિવે યત્ન અનેક કર્યા સફળ છતાં પણ તે ન થયાં.

આજ્ઞા ઉલ્લંઘી ન શકાય, ભેદ કર્મગતિનો ન પમાય;
ચરણે નમતાં ચાલ્યા એમ વણિક દ્રવ્યને ખોઈ જેમ.

(દોહરા)

હણહણાટ અશ્વે કર્યો રથ હંકાર્યો ત્યાં,
થયો વિષાદ નિષાદને વિચારતાં મનમાં.

જેમના વિયોગે થતાં પશુ પણ વ્યાકુળ આ,
જીવે વિરહે એમના પિતૃપ્રજા શેં હા ?

પાછા વાળ્યા સચિવને રામે વિવશ કરી,
પહોંચ્યા ગંગાતટ ઉપર સુખથી સ્વયં ફરી.

*

## ૧૩. કેવટનો પ્રસંગ

(ચોપાઈ)

માગી નાવ ના કેવટ લાવ્યો, બોલ્યો મર્મ તમારો મેં જાણ્યો,
કહે સૌ કોઈ ચરણની રજ જડી કરનારી મનુજ સહજ.

એના સ્પર્શે શિલા બની નારી, કાષ્ઠ પથ્થરથી નવ ભારી;
નાવ મુનિની સન્નારી જો થાય, ઊડે, નિર્વાહ મારો તો જાય.

પાળું નાવે સકળ પરિવાર, જાણું અવર નહીં વ્યાપાર;
પાર કરવા ચાહો પ્રભુ હે જો મને પાય પખાળવા દો તો.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

પદકમળ ધોઈ ચઢાવું નાવે, નાથ ના ભાડું ચહું,
દશરથ શપથથી તમારી આણે બધું સાચું કહું;
લક્ષ્મણ ભલેને બાણ મારે, પગ ન ધોઉં જ્યાં સુધી,
તમને ઉતારું પાર નાથ કૃપાલુ ના હું ત્યાં સુધી.

(દોહરા)

પ્રેમભરેલાં અટપટાં સુણતાં કેવટ વેણ,
જોઈ સીતા અનુજને હસ્યા કૃપાળુ સપ્રેમ.

(ચોપાઈ)

કરુણાસિંધુ હસી બોલ્યા એવું નાવ જાય ના કર ભલે તેવું;
જલદી જળ લાવી પાય પખાળ વિના વિલંબ પાર ઉતાર.

જેનું નામ સ્મરી એક વાર ઊતરે નર ભવસિંધુ અપાર,
ત્રણ ડગથી કર્યું જગ નાનું જેણે ધરતાં સ્વરૂપ મજાનું,
કરે અરજ એ પરમકૃપાળુ, એવું પ્રેમનું સાધન ન્યારું.

મતિ ગંગાની મોહે ભરાઈ પ્રભુનાં વચનો સુણીને ધવાઈ,
કિન્તુ ચરણોની દીપ્તિ નિહાળી પ્રગટ્યો અંતરે આનંદ ભારી.

આજ્ઞા રામની કેવટ પામ્યો પાણી કથરોટમાં ભરી લાવ્યો,
અતિ આનંદે ને અનુરાગે ધોવા ચરણ લાગ્યો સુખ સાથે
સ્પર્શ દેવતાયે જેનો માગે.

(દોહરા)

પ્રશંસી રહ્યા દેવ આ પુનિત પુણ્ય ભંડાર,
સુમનો વરસી સૌ રહ્યાં સમજી સાધનસાર.

પગ ધોઈ ચરણામૃત લઈ સહિત પરિવાર,
પિતૃ પાર કરતાં કર્યા પ્રભુને ગંગાપાર.

(ચોપાઈ)

સ્પર્શી સુરસરીની શુચિ રેત સીતારામ ગુહ અનુજ સમેત,
કર્યા કેવટે ઊતરી પ્રણામ ત્યારે સંકોચાયા સહેજ રામ.

નવ કેવટ ને કશું આપ્યું, મન રામનું સીતાએ માપ્યું,
વીંટી મંડિત મણિથી ઉતારી, વદ્યા રઘુવર લો ઊતરાઈ.

ગ્રહ્યા કેવટે ચરણને પ્રેમે કહ્યું વ્યાકુળ અંતરે કેમે,
નાથ, આજ મળ્યું ના મને શું, દુઃખ દળદર મુક્ત બન્યો હું.
દીર્ઘ સમય સુધી કરી વેઠ, મળ્યું વળતર આજે સારીપેઠ.

નાથ, અનુગ્રહથી હવે મારે રહી આવશ્યકતા ના વધારે;
પાછા ફરતાં મને જે દેશો સ્વીકારીશ પ્રસાદ હું તે તો.

(દોહરા)

ઘણું કહ્યું તોપણ ગ્રહ્યું કેવટે કશું ના,
વિમળ ભક્તિનું વર ધર્યું છેવટ રામે ત્યાં.

*

(આખ્યાન)

સ્નાન કરી રઘુપતિએ ખાસ શિવની પૂજા કરી સહાસ;
સીતા બોલી ગંગામાત કૃતાર્થ કરજો મારી જાત.

કુશળ દિયર ને પતિની સાથ પૂજું વળતાં જોડી હાથ;
સુણતાં પ્રેમ વિનયમય વાણ વદ્યો તરત ગંગાનો પ્રાણ.

રઘુવર પ્રિયા પ્રભાવ અનંત જ્ઞાત તમારો છે બળવંત;
જોતાં લોકપ લોક બને, સિદ્ધિઓ સેવે તમને.

મોટાઈ મુજને આપી અરજ કરી કરુણા માપી;
તોપણ વાણ સફળ કરવા આશિષ આપું નિત્ય નવા.

(દોહરા)

કુશળ કોશલે આવશો રઘુવર લક્ષ્મણ સાથ,
પૂર્ણ થશે મનોકામના થશે યશ જગે વ્યાપ્ત.

મંગલ શબ્દ સુણી સકળ સીતા એ અનુકૂળ,
મુદિતમન બની, હૃદયની શમી બધીયે શૂળ.

નિષાદને પ્રભુએ કહ્યું અંતે ઘેર જવા;
મ્લાન બન્યું મુખ સાંભળી જાગ્યો દાહ મહા.

વંદી દીન વચન કહ્યાં ગુહે જોડતાં હાથ,
ચરણોની સેવા ધરો ચાર દિન મને નાથ !

વનમાં વસશો ત્યાં સરસ કુટિ કરીશ તૈયાર;
આજ્ઞા દો, સમજીશ હું સેવાને નિત સાર.

સહજ સ્નેહને દેખતાં લીધો તેને સાથ,
જાણે ગુહના મસ્તકે રામે મૂક્યો હાથ

મુદિત ગુહે નિજલોકને બોલાવી સપ્રેમ,
કર્યા વિદાય પ્રસન્નતા પરિતોષ ધરી તેમ.

ગણેશ શિવને પ્રભુ સ્મરી સખા અનુજ સ્ત્રી સાથ,
શીશ નમાવી ગંગને વન ચાલ્યા રઘુનાથ.

તે દિન વૃક્ષ નીચે વસ્યા વ્યવસ્થા કરી ખાસ;
તીર્થરાજના દર્શને ગયા પ્રભાતે પાસ.

(આખ્યાન)

સચિવ સત્ય શ્રદ્ધા પ્રિય નારી, માધવ સદૃશ મિત્ર હિતકારી;
ચાર પદાર્થ ભર્યો ભંડાર, પુણ્યપ્રદેશ દેશ સુરસાળ.

ક્ષેત્ર અગમ ગઢ સુદ્રઢ સોહાય, સ્વપ્ને શત્રુ ન એમાં જાય;
સૈન્ય સકળ તીર્થ પરમવીર કલુષ અનીકદલન રણધીર.

સંગમ સિંહાસન સોહાય, અક્ષય છત્રે મન મોહાય;
ચામર યમુના ગંગ તરંગ કરે દીનતા દુ:ખનો ભંગ.

(દોહરા)

સેવે શુચિ સત્પુરુષ સૌ સાર્થક કરતાં કામ;
વંદી વેદ પુરાણ ગણ ગાય વિમળ ગુણગ્રામ.

*

(આખ્યાન)

કો જન કહે પ્રયાગ પ્રભાવ કલુષપુંજ કુંજર મૃગરાવ;
કરી તીર્થપતિનું દર્શન થયું રામને આકર્ષણ.

સુખસાગર સુખ પામ્યા રામ, માહાત્મય કહી કરી પ્રણામ,
વિલોકતાં વન તેમજ બાગ આગળ વધ્યા સહિત અનુરાગ.

સ્મરણમાત્રથી મંગલ કરે ગયા એ મધુર ત્રિવેણી પરે;
સાનંદ સુખે સ્નાન કરી પૂજન શિવને સુખદ ધરી
વિધિપૂર્વક પૂજ્યા સૌ દેવ, ચાલ્યા કરવા મુનિની સેવ.

પહોચ્યાં ભરદ્વાજ મુનિપાસ, કર્યા દંડવત પ્રેમે ખાસ;
મુનિમન મોદ કહ્યો નવ જાય, સંતોષ થયો પરમ અપાર.

(દોહરા)

ભેટ્યા મુનિ નિધિ મેળવી બ્રહ્માનંદતણો,
આપ્યા આશીર્વાદને કરતાં સ્નેહ ઘણો.

લોચન ગોચર સુકૃત ફળ વિધિએ શ્રેષ્ઠ કર્યું,
મુનિએ માન્યું એટલે દર્શન દિવ્ય મળ્યું.

(આખ્યાન)

કુશળ પૂછતાં આસન ધર્યું, પરિપૂર્ણપણે પૂજન કર્યું;
કંદમૂળ ફળ અંકુર ધરી સત્કાર રહ્યા મુનિવર કરી.

ગુહ લક્ષ્મણ સીતાની સાથ માણ્યો રામે સહુનો સ્વાદ;
બન્યા વિગતશ્રમ રામ પ્રસન્ન રઘુવર ત્યારે વદ્યા વચન.

આજ સફળ તપ તીરથ ત્યાગ આજ સફળ જપ યોગ વિરાગ;
સફળ સકળ શુભ સાધનસાજ કરતાં રઘુવર, દર્શન આજ.

દર્શન એજ પરમસુખ લાભ, પૂર્ણ થઈ સૌ મુજ સુખઆશ;
કૃપા કરી વરને દો એહ નિજપદ સરસિજ સહજ સનેહ.

(દોહરા)

કર્મ વચન મન છળ તજી તમારો જ આધાર,
ના લે તેને સુખ મળે સ્વપ્ને પણ ન અપાર.

(આખ્યાન)

આવે કોટિ ઉપાય ન કામ; સુણતાં સંકોચાયા રામ;
રામે મુનિનો સુયશ કહ્યો વિવિધ રૂપે, પરિતોષ લહ્યો.

તે જ શ્રેષ્ઠ તે સૌ ગુણખાણ જેનું કરો તમે સન્માન;
બોલ્યા એવાં વચનો રામ; નમ્યા ઉભય બનતાં કૃતકામ.

માહિતી બધી તરત મળી, સિદ્ધ ઉદાસી મુનિ તપસી
બ્રહ્મચર્ય વ્રતધારી સર્વ આવ્યા આશ્રમ માની પર્વ.

રામે સૌને કર્યા પ્રણામ, પામ્યા સૌ સુખ ને વિશ્રામ;
સુંદરતાનાં કરી વખાણ આશિષ આપી થયા વિદાય.

(દોહરા)

રાત શાંતિથી ગાળતાં સવારે કરી સ્નાન,
ચાલ્યા રામ મુદિતમને મુનિને કરી પ્રણામ.

રામે પૂછ્યું પ્રેમથી માર્ગ વિશે મુનિને,
સુગમ માર્ગ સૌ આપને, કહ્યું સસ્મિત મુનિએ.

મુનિએ બોલાવ્યા પછી શિષ્યોને પ્રેમે,
પચાસેક આવ્યા તરત સાથ જવા કેમે.

ચાર શિષ્ય શ્રીરામને કરતા પ્રેમ અપાર,
ચાલ્યા મુનિ આદેશથી રામ સાથ તત્કાળ.

પુણ્ય કરેલાં એમણે જન્મોજન્મ ઘણાં,
પ્રસન્ન દેવ બની ગયા તેથી ભાગ્યતણા.

પ્રણામ મુનિવરને કરી રામે કર્યું પ્રયાણ;
ટોળે વળતાં માનવી ગામેગામ તમામ.

કૃતાર્થ બનતાં રૂપને અવલોકી અભિરામ,
જન્મોનું ફળ પામતાં બની જતાં નિષ્કામ.

વિદાય ચારેને કર્યા, ચાલ્યા પૂરણકામ;
સ્નાન કર્યું યમુનાજળે જે શરીરસમ શ્યામ.

(આખ્યાન)

યમુનાતટ પરનાં નરનારી દોડયાં સૌ નિજ કામ વિસારી;
સીતારામ અનુજ સુંદરતા વખાણતાં નિજ ભાગ્ય નીરખતાં.

અતિ લાલસા સકળ મનમાંહી, નામગામ પૂછતાં શરમાય;
વયોવૃદ્ધ ને ચતુર જને યુક્તિથકી જાણ્યા સહુને.

કહી એમણે સર્વ કથા પામ્યાં સુણતાં સકળ વ્યથા;
કરવા લાગ્યાં સખેદ શોક રાણીરાયે કર્યું ન યોગ્ય.

*

## ૧૪. તાપસ

(દોહરા)

તાપસ ત્યાં એ અવસરે આવ્યો યુવાન એક,
તેજપુંજ અતિ સુંદર અજ્ઞાત વળી છેક.

વૈરાગીના વેશમાં, રામચરણરાગી;
જોતાંવેંત જ રામને પ્રીત રહી જાગી.

સજલ નયન પુલકિત તને ઢળ્યો ધરા પર એ,
ઈષ્ટદેવને ઓળખી; દશા વર્ણવું શે?

રામે આલિંગન ધર્યું, પારસ પામે રંક,
બન્યો તપસ્વી ધન્ય એ એમ ખરે બળવંત.

પ્રેમ તથા પરમાર્થ બે મળ્યાં દેહ ધારી,
દર્શક એમ કહી રહ્યા હર્ષાશ્રુ સારી.

લક્ષ્મણના પગમાં પડ્યો તાપસ એ પ્રેમે,
અનુરાગી ઊઠ્યો નહીં ઉઠાડતાં કેમે.

સીતાની પદરજ પછી મસ્તક પર ધારી,
આશિષ માતાએ ધરી શિશુ સમજી ન્યારી.

નિષાદે કર્યાં દંડવત, રામભક્ત માની,
મળ્યો હર્ષથી એહને કૃપાપાત્ર જાણી.

નયનપુટે રઘુવર તણી રૂપસુધાનું પાન,
કરવા લાગ્યો, ક્ષુધિતસમ સુવ્યંજને ગુલતાન.

માત-તાત કેવાં હશે સખી, ખરેખર તે,
વનવાસ ધર્યો જેમણે આવાં બાળકને ?

સીતા લક્ષ્મણ રામનું દિવ્ય નિહાળી રૂપ,
સ્ત્રીપુરુષે વ્યાકુળ બની એવા છોડયા સૂર.

ઘેર જવા ગુહને કહ્યું રામે વિવિધ પ્રકાર,
આજ્ઞાંકિત બનતાં કર્યું ત્યારે ગુહે પ્રયાણ.

સીતા લક્ષ્મણ રઘુવરે કરતાં પુનઃ પ્રણામ,
પ્રશસ્તિ યમુનાની કરી મેળવતાં વિશ્રામ.

*

(ચોપાઈ)

પંથે મળતા અનેક પથિક વદતા પેખીને પ્રેમે અધિક,
રાજચિન્હોને અંગમાં જોઈ રહે હૃદય અમારું રોઈ.

પંથે ખુલ્લા પગે તમે ચાલો એમાં જ્યોતિષનો ક્યાં છે તાળો?
ગિરિ કાનન પંથ છે ભારી, વળી સાથમાં છે સુકુમારી.

હસ્તિ સિંહે ભર્યું વન ભારે, કરવી સેવા ઘટે છે અમારે;
અમે પહોંચાડીએ તમને વનમાં, ફરીશું પાછા પ્રણમતાં પદમાં..

(દોહરા)

એમ કહેતા પ્રેમથી પાંથ ભરીને નેમ,
વદતાં પાછા વાળતા કૃપાસિંધુ મૃદુ વેણ.

(ચોપાઈ)

વસતાં પંથે જે નગરે કે ગામે તેને સુર નાગ નગર વખાણે,
કોણે પુણ્યઘડીએ વસાવ્યાં સ્થાનો આવા તે કામમાં આવ્યાં ?

જ્યાંજ્યાં કરતા શ્રીરામ પ્રયાણ બનતું સ્વર્ગથી સુખદ તે સ્થાન;
પુણ્યશાળી પથ નિકટનિવાસી, કરતા પ્રશંસા સુરપુરવાસી.

ભરી નયન જે દેખતા રામ સીતા લક્ષ્મણ સહિત ઘનશ્યામ,
જે સર-સરિતામાં કરતા સ્નાન અન્ય એ સૌનાં કરતાં વખાણ.

(દોહરા)

જે વૃક્ષતણી છાંયમાં વિરાજતા પ્રભુ એ,
કલ્પવૃક્ષ પણ તેમની કરતાં સ્તુતિ સઘળે.

સુર સુમનો વરસાવતા, વાદળ કરતા છાંય,
જોતાં ગિરિવન વિહ મૃગ વધતા વન રઘુરાય.

(ચોપાઈ)

સીતા લક્ષ્મણ સહિત રઘુરાય કોઈ ગામની પાસેથી જાય,
ત્યારે શિશુ વૃદ્ધ નર ને નાર થતાં એકઠાં જોવા તત્કાળ.

રૂપ નીરખીને એ ત્રણે કેરાં નેત્ર ફળસુખ પામી અનેરાં,
થતાં પુલકિત પ્રેમે પ્રસન્ન બની રસમાં જતાં સૌ મગન.

રંક મણિનિધિ મેળવે જેમ બન્યાં બડભાગી સર્વ તે તેમ;
કહેતા લોચન લાભ લઈ લો, જશે અવસર વીતી પછી તો.

દેખી રામને કો અનુરાગે માર્ગે ચાલતાં પાછળ આગે;
કોઈ હૃદયમાં શોભાને ધારી સ્થિતિ પામતાં અદભુત ન્યારી.

(દોહરા)

દેખી શુચિ વટછાંયને બિછાવતાં તૃણપાન,
કહેતા કોઈકે કરો અહીં ભલે આરામ.

થાક ઉતારીને ભલે હમણાં કરો પ્રયાણ,
સવાર પડતાં કે પછી આગળ વધો સુજાણ !

કળશ લાવતાં પ્રાર્થતાં કોઈ કરવા પાન.
અનુનય રામે સર્વનો લેતાં સત્વરે ધ્યાન.

સીતાનો શ્રમ દેખતાં ત્યાં જ કર્યો વિશ્રામ;
રૂપ અનુપ વિલોકતાં બન્યાં સર્વ કૃતકામ.

નિર્નિમેષ જોતાં બધાં હર્ષ પામતાં ઓર,
રામચંદ્ર મુખચંદ્રને જાણે બની ચકોર.

તાજા તમાલ વૃક્ષશું શરીર સોહે શ્યામ,
કોટિ મદન મનને કરે સંમોહિત અભિરામ.

દામિની સમા વર્ણના લક્ષ્મણ લલિત જણાય,
નખશીખ સુભગ એમને જોતાં મોહ પમાય.

મુનિપટ પહેર્યાં, હાથમાં ગ્રહ્યાં ધનુષ ને બાણ,
કટિ પર ભાથાં, ઉભય એ હરે સર્વના પ્રાણ.

જટામુકુટ શિર પર સુભગ, ઉર ભુજ નયન વિશાળ,
શરદચંદ્રસમ વદન પર લસે સ્વેદકણમાળ.

(ચોપાઈ)

કેમ વર્ણવું મનહર જોડી, શોભા અધિક ને મતિ મારી થોડી;
રામ લક્ષ્મણ સીતા શોભાને જોતાં સર્વે વિસારીને તનને.

પેખી પ્રેમ તરસ્યાં નરનાર થતાં આશ્ચર્યચકિત અપાર;
દીપ દેખી મૃગી-મૃગ જેમ સ્તબ્ધ બનતાં નિહાળીને તેમ.

નારી ગામની જાનકી પાસે પહોંચી બોલતી અભિનવ આશે,
પગે લાગતી વારંવાર વદી વચન સરળ રસાળ.

કરજો અવિનય માફ અમારો, છેક અબુધ અમોને જાણો;
બંને સુંદર રાજકુમાર, નથી કાંતિતણો ખરે પાર.

(દોહરા)

સુવર્ણમણિએ મેળવી કાંતિ એમની આજ,
પૂર્ણપણે અવલોકતાં આવે અમને લાજ.

શ્યામલ ગૌર કિશોર બે સુંદર સુમધુર વેણ,
શરદ શર્વરીનાથ મુખ, શરદ સરોરુહ નેન.

કોટિ મનોજ લજાવતા સુમુખિ, તમારા કોણ ?
થયો મંજુ શબ્દો સુણી સીતાને સંકોચ.

શરમાઈ સીતા રહી ધરતીને જોઈ,
મૃગનયના બોલી વચન સૌનાં મન મોહી.

સ્વભાવિક સુંદર સુભગ ગૌર અંગના જે,
મારા નાના દિયર છે લક્ષ્મણ નામે તે.

પછી વદનવિધુ અંચલે ઢાંકી જોઈ રામ,
ભ્રમર કરી વાંકી કરી ખંજન નયનો વામ

ઓળખ આપી પતિતણી; મુદિત બની સૌ કોય,
રંકે ધનની રાશિને જાણે લૂંટી હોય.

સપ્રેમ સીતા પગ પડી આપીને આશિષ,
સૌભાગ્ય રહો જ્યાં સુધી મહી રહે અહિશીશ.

ઉમા જેમ પતિપ્રિય બનો, કૃપા કદી ન તજો,
દર્શન દાન ફરીફરી અમને મધુ ધરજો.

સીતાએ સૌને ધર્યો મધુશબ્દે સંતોષ,
અર્પે જેવી કૌમુદી કુમુદિનીને પરિતોષ.

(ચોપાઈ)

ઈચ્છા લક્ષ્મણે રામની જાણી પૂછયો માર્ગ કહી મૃદુ વાણી;
સુણી નર ને નારી એ દુભાયાં પુલકિત નેત્રોમાં નીર ભરાયાં.

મટ્યો મોદ, મલિન બન્યું મન, વિધિએ આપેલું છીનવ્યું ધન;
સમજી કર્મની ગતિ ધરી ધીર દીધો માર્ગ દર્શાવી રુચિર.

(દોહરા)

લક્ષ્મણ સીતા સહિત પછી ચાલ્યા શ્રીરઘુનાથ,
પાછાં વાળી સુવચને, સૌના મનની સાથ.

*

(ચોપાઈ)

ફર્યાં સઘળાં કરી પશ્ચાત્તાપ દેતાં દૈવને દોષ અમાપ,
કરતાં શોક પરસ્પર કહ્યું, કરે વિધાતા પોતાનું ચહ્યું.

ક્રૂર નીડર એ નિરંકુશ, એણે વૃક્ષ કર્યું કલ્પવૃક્ષ,
કર્યો શશિને કલંકિત રોગી વળી સાગરને ખારો ભોગી.

આપ્યો આ ત્રણને વનવાસ, સરજ્યા વ્યર્થ જ ભોગવિલાસ;
પંથે ચલવે વિના પદત્રાણ રચ્યાં વાહન વ્યર્થ મહાન.

કુશપર્ણ બિછાવી સૂતાં આ; શય્યા સુભગ રચે કાં વિધાતા ?
આપ્યો આમને તરુવરવાસ, રચી હર્મ્ય કર્યો શ્રમ ખાસ.

(દોહરા)

આ મુનિવસ્ત્ર ધરે જટા અતિસુંદર સુકુમાર;
વસન વિવિધ ભૂષણ ખરે વ્યર્થ કર્યાં કિરતાર.

કંદમૂળફળ ખાય તો સુધાદિ અશન અસાર;
કોઈ બોલ્યા, આમનું છે સૌન્દર્ય અપાર.

(ચોપાઈ)

થયાં પ્રગટ છે પોતાની રીતે, ઘડ્યાં વિધિએ ના એમને પ્રીતે;
જુઓ ચૌદ ભુવન તમે ભારી, ક્યાં છે પુરુષ આવા આવી નારી?

જોઈ વિધિને થયો અનુરાગ, કર્યો પરિશ્રમ એણે અગાધ,
કરી રચના શકાઈ ના આવી ત્યારે રાખ્યાં વનમાં ત્રણે લાવી.

નથી જ્ઞાન વિશેષ અમોને તોય સાચું કહીએ તમોને,
અમે દર્શનથી થયા ધન્ય, બનશે બડભાગી દર્શને અન્ય.

(દોહરા)

એવાં પ્રિય શબ્દો કહે ભરી નયનમાં નીર,
કઠોર માર્ગે ચાલશે શેં સુકુમાર શરીર ?

વિકળ ચક્રવાકી બને સંધ્યા સમયે જેમ
વ્યાકુળ સ્નેહભરી બની સન્નારી સૌ તેમ.

(ચોપાઈ)

મૃદુ ચરણ કઠિન પથ જાણી બોલી આર્ત ઉરે વળી વાણી,
પામી કોમળ ચરણોનો સ્પર્શ ધરતી અનુભવે લેશ ના હર્ષ.

દીધો જગદીશે જો વનવાસ કર્યો પંથ તો મૃદુ કાં ના ખાસ ?
વિધિ જો ઈપ્સિત વરદાન આપે સદા આંખે તો આમને રાખે.

(દોહરા)

દર્શન જેણે ના કર્યાં તે અધીર બનતાં,
પૂછી રહ્યાં, ગયા હશે ક્યાં લગ એ પથમાં ?

સશક્ત દોડીને કરી લેતાં શુભ દર્શન,
પાછાં ફરતાં જન્મફળ પામી આકર્ષણ.

અબલા બાળકવૃદ્ધ સૌ બનતાં ખિન્ન નિરાશ,
સફળ થતો ના એમનો દર્શનનો અભિલાષ.

રામ જતા જ્યાં ત્યાં થતા લોક પ્રેમવશ સર્વ,
ગામેગામ મનાવતાં પ્રસન્નતાથી પર્વ.

મળ્યો ભાનુકુળ-કુમુદિની વિધુને છે વનવાસ
સુણી દોષ દેતા બધા માતપિતાને ખાસ.

કોઈ કહેતા રાજવી છે અતિશય સારા,
દર્શનનો લ્હાવો ધર્યો એથી આ ન્યારા.

નરનારી સુંદર અને સરળ વાત કહેતાં,
સ્નેહભરેલાં લ્હાવને લોચનના લેતાં.

માતપિતા છે ધન્ય એ ધર્યો જેમણે જન્મ,
નગર ધન્ય; તે ગામને ગિરિવન સ્થળને ધન્ય.

જતાં જ્યાં ત્રણે; એમના પ્રેમી બ્રહ્મા ધન્ય,
રચી જેમણે એમને સફળ કર્યો છે જન્મ.

રઘુકુળકમળ રવીન્દ્રશા સૌને સુખ ધરતા,
રઘુપતિ નિર્ભય વનમહીં એ આગળ વધતા.

*

## ૧૫. વાલ્મીકિ આશ્રમમાં

(ચોપાઈ)

આગળ રામ ને લક્ષ્મણ પાછળ બંને તાપસવેશ ઉજાગર,
બંને વચ્ચે સીતા સોહે કેવી બ્રહ્મ જીવ વચ્ચે માયા જેવી.

જાણે સોહે વસંત ને કામ, વચ્ચે સોહે રતિ રસધામ;
કહું ઉપમા વિચારીને એવી બુધ વિધુ વચ્ચે રોહિણી એવી.

પ્રભુ પદચિન્હ વચ્ચે સીતા મૂકી ચાલતી ચરણ સભીતા;
છોડી રામસીતા પદચિન્હ જમણે ચાલતા લક્ષ્મણ વીર.

રામ લક્ષ્મણ સીતાની પ્રીતિ કેમ વાણીમાં વર્ણવું રીતિ,
પક્ષીપશુઓ જોતાં મુગ્ધ જેવાં રામે ચોર્યાં હો ચિત્તને એવાં.

(દોહરા)

સીતા સહિત પથિક ઉભય જોતા માનવ જે,
અનાયાસ ઓળંગતા પંથ ભવતણો તે.

આજે પણ હૃદયે વસે સીતા લક્ષ્મણ રામ,
તો તે પામે પંથને તેમ રામનું ધામ.
વિરલા કોઈ મુનિવરો એ પથને પામે,
એ પથને પામ્યા થકી ક્લેશ બધા શામે.

(ચોપાઈ)

રામે શ્રમિત સીતાને જાણી જોઈ વટવૃક્ષ શીતળ પાણી,
કર્યો રાતે તે સ્થળમાં આરામ, કર્યું આગે પ્રભાતે પ્રયાણ.

જોતાં વન સર શૈલ રસાળ દિવ્ય અનુભવી હર્ષ અપાર,
પ્રભુ વાલ્મીકિ આશ્રમે આવ્યા, જાણે જીવનનું ધન લાવ્યા.

રામે જોયું એ સ્થળને સુહાવન શૈલકાનન પાણી પાવન;
વૃક્ષો વનમાં ખીલ્યાં ને સરોજ સરમાં સોહે વધારીને ઓજ.

મંજુ મધુપ રસે મસ્ત ગૂંજે, પશુઓ શબ્દ કરે, પંખી કૂજે;
વિહરે વેરથી રહિત પ્રસન્ન, કોઈ દેખાયે ના અવસન્ન.

(દોહરા)

શુચિ મધુ આશ્રમ દેખતાં મુદિત બન્યા શ્રીરામ;
સુણી આગમન રામનું મુનિ આવ્યા કૃતકામ.

રામે મુનિને દંડવત પ્રેમપ્રણામ કર્યા,
વિપ્રશ્રેષ્ઠ મુનિએ તરત આશીર્વાદ ધર્યા.

સ્વરૂપ જોઈ રામનું શીતળ નેત્ર થયાં,
સન્માન કરી આશ્રમે મુનિ પ્રભુ સાથ ગયા.

અતિથિ પ્રાણપ્રિય પામતાં ધર્યા કંદફળમૂળ;
સીતા લક્ષ્મણ રઘુવરે માણ્યાં એ અનુકૂળ.

મુનિએ અર્પ્યાં સ્થાનને કરવાને વિશ્રામ,
મુદિત બન્યા મુનિ નીરખતાં મંગલ રસમય રામ.

હાથ જોડતાં રઘુવરે મુનિને વચન કહ્યાં,
ત્રિકાળદર્શી છો તમે જ્ઞાતા સર્વતણા.

હસ્તામલક સમાન છે જગ આખું તમને;
કથા કહું વનવાસની તોપણ મુક્ત મને.

તાતવચન, હિત માતનું, ભ્રાત ભરતસમ રાય,
દર્શન દૈવી આપનું, સૌ મુજ પુણ્યપ્રભાવ.

(ચોપાઈ)

કરી દર્શન દિવ્ય તમારું પુણ્ય સફળ થયું છે અમારું;
એવો આપો હવે તો આદેશ મુનિ ઉદ્વેગ પામે ના લેશ.

મુનિ તપસીને કષ્ટ ધરે જો નૃપ એ અગ્નિ વિના જ બળે તો;
મૂળ મંગલનું વિપ્રનો તોષ, બાળે કુળ કોટિ ભૂસુરરોષ.

એવું સમજી બતાવો સ્થાન કરું જેને માટે હું પ્રયાણ,
રચી એ સ્થળમાં પર્ણકુટિર કરું વાસ કૃપાળુ, રુચિર.

સુણી સહજ સરળ મધુ વાણી બોલ્યા ધન્ય ધન્ય મુનિ જ્ઞાની,
તમે કેમ કહો નહીં આમ વેદ મર્યાદાપાલક રામ !

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

શ્રુતિસેતુપાલક છો તમે જગદીશ, માયા જાનકી
જે રચે પાળે હણે જગ ઈચ્છા અનુસરી આપની;
લક્ષમણ અહીશ સહસ્ત્રશીશ મહીચરાચરને ધારતા,
સુરકાજ તન ધારી અમે ચાલ્યા નિશાચર મારવા.

(દોહરા)

રામ તમારું રૂપ મન બુદ્ધિ વાણી પર,
નેતિ નેતિ વેદે કહ્યું, અવિગત અકથ અચળ અકળ.

*

જગત દૃશ્ય દૃષ્ટા તમે, બ્રહ્મા વિષ્ણુ મહેશ,
સૌને નચાવતા તમે, મર્મ ન જાણે લેશ.

અન્ય તમોને તો પછી જાણી કોણ શકે,
અહંકાર વિદ્વાન ને તપસીના ન ટકે.

જણાવતા જેને તમે તે જ શકે જાણી,
બને તમારામય જ તે મહિમાને માણી.

(આખ્યાન)

કૃપા તમારી થતાં રઘુનંદન જાણે ભગત ભગતઉરચંદન !
ચિદાનંદમય કાય તમારી નિર્વિકાર જાણે અધિકારી;
નરતન ધર્યું સંતસુરકાજ કહો કરો જ્યમ પ્રાકૃત રાજ.

જોતાં સુણતાં ચરિત મહાન મોહે જડ હરખે વિદ્વાન;
વર્તન સત્ય તમારું સર્વ, સમજે જન છોડીને ગર્વ.

(દોહરા)

પૂછો છો કે ક્યાં રહું, પૂછું કૃપાનિધાન,
નથી ક્યાં તમે તે કહો પછી બતાવું સ્થાન.

મુનિનાં સ્નેહવચન સુણી સંકોચાયા રામ,
મનમાં હસ્યા; હસી ફરી બોલ્યા મુનિ કૃતકામ.

(આખ્યાન)

હવે બતાવું રામ, નિકેત વસો જ્યાં સીતા-અનુજ-સમેત;
શ્રવણ જેમના સિંધુ સમાન કથા આપની મધુ રસપ્રાણ

એમાં સરિતાસમી ભરાય તોપણ એ ના પૂર્ણ ધરાય,
હૃદય એમનાં સદન રસાળ, એમાં કરો નિવાસ દયાળ !

નેત્ર જેમનાં ચાતક જેમ દર્શન જલધર ઝંખે તેમ,
સરિત સિંધુ સરને ન ગણે, રૂપબિંદુ જલને જ ચહે;
એમના ઉરે સદન કરો, સીતા લક્ષ્મણ સહ વિહરો.

(દોહરા)

યશના નિર્મળ માનસે જીભ જેમની રોજ,
હંસિની બની માણતી ગુણમોતીની મોજ.

રામ, એમના હૃદયમાં કરો સદાયે વાસ,
સુખદાયક, દો એમને શાંતિ સનાતન ખાસ.

(આખ્યાન)

પ્રભુપ્રસાદ શુચિ સુભગ સુવાસ લેતી ઘ્રાણેન્દ્રિય અવિનાશ,
તમને અર્પી ભોજન કરે પ્રભુપ્રસાદરૂપ વસ્ત્રો ધરે;

સુરગુરુદ્વિજને નમવે શીશ દેખી સવિનય કરતાં પ્રીત;
કર નિત કરે રામપદસેવ, રામભક્તિ શ્રદ્ધાની ટેવ.

ચરણ રામતીર્થમહીં જાય રહો રામ એના મનમાંહ્ય;
મંત્રરાજ જે રામ જપે તમને સહપરિવાર ભજે

તર્પણ હોમ કરે વ્રત ધ્યાન, દ્વિજ જમાડતાં દે બહુ દાન,
અધિક આપથી ગુરુને ગણે સન્માને ને સર્વપણે.

(દોહરા)

સૌનું માગે એક ફળ, રામચરણરતિ થાય,
તેના મનમંદિર વસો સીતા ને રઘુરાય.

*

(આખ્યાન)

કામ ક્રોધ મદ માન ન મોહ, લોભ ન ક્ષોભ ન રાગ ન દ્રોહ;
દંભ કપટ માયા ન જરાય એના વસો હૃદય રઘુરાય !

સૌના પ્રિય ને હિત કરનાર, સુખ-દુઃખ સમાન સ્તુતિ કે ગાળ;
સત્ય પ્રિય વદે કરી વિચાર; શરણ તમારુ સર્વ સ્થળ કાળ.

તમારા વિના ગતિ નવ અન્ય વસો તેમના મનમાં ધન્ય;
જનનીસમ સમજે પરનાર પરધન વિષની જેમ અસાર.

પરસંપત્તિથકી હરખે, પરવિપત્તિથી વ્યથિત બને,
પ્રાણથકી પ્રિય તમને ગણે, સદન તેનું મન થાય ભલે.

(દોહરા)

જેના સ્વામી ને સખા ગુરુ માત તમે તાત,
વસો એહના મનમહીં સીતા ને બે ભ્રાત.

*

(આખ્યાન)

અવગુણ તજી સર્વગુણ ગ્રહે, વિપ્ર ધેનુ હિત સંકટ સહે,
નીતિ નિપુણ જે જગમાં થયા ઘર તેનું મનડું બની જાય.

ગુણ આપના ગણે નિજ દોષ, તમારો જ સંપૂર્ણ ભરોસ;
રામભક્ત અતિપ્રિય લાગે રહો હૃદય એના રાગે.

નાતજાત ધન ગુરુતા ધર્મ, પ્રિય પરિવાર ઘર સુખદ સર્વ,
તજી તમોને ફક્ત ભજે રામ એમના હૃદય વસે.

સ્વર્ગ નરક અપવર્ગ સમાન, જુએ બધે તમને જ મહાન,
વિચાર વાણી કર્મે દાસ રામ, કરો એને ઉર વાસ.

(દોહરા)

ચહે કશું ના, જેમને સહજ તમારો સ્નેહ,
વસો મનમહીં તેમના સમજીને નિજ ગેહ.

*

સ્થાન બતાવ્યાં મુનિવરે રહેવા માટે એમ,
ગમ્યાં રામને વચન એ વદાયેલ સપ્રેમ.

(આખ્યાન)

મુનિવર વદ્યા ભાનુકુળનાયક, આશ્રમ કહું સમય સુખદાયક;
ચિત્રકૂટગિરિ કરો નિવાસ સાંપડશે સુવિધા ત્યાં ખાસ.

શૈલ સુશોભિત વન સુવિશાળ, હસ્તિ સિંહ મૃગ વિહગ વિહાર;
સરિતા પુનિત પ્રસિદ્ધ પુરાણ અત્રિપ્રિયા લાવ્યાં તપપ્રાણ.
પાતકશિશુની એ ડાકિની ધાર ગંગની મંદાકિની.

અત્રિ આદિ મુનિવર ત્યાં વસે, જપ તપ યોગે તનને કસે;
જઈ શ્રમ તમે સૌના હરો ગિરિવરને વધુ ગૌરવ ધરો.

(દોહરા)

ચિત્રકૂટ મહિમા મહામુનિએ સર્વ કહ્યો;
સ્નાન કરી સરિતામહીં ત્રણેય હર્ષ લહ્યો.

કહ્યું રઘુવરે ઘાટ છે ઉત્તમ લક્ષ્મણ આ,
ક્યાંક કરો અનુકૂળતા રહેવા માટે ત્યાં.

પયસ્વિની સરિતાતણો ઉત્તરતટ સુવિશાળ
પસંદ લક્ષ્મણને પડી ત્યાં ધનુષ્યશી ધાર.

સરિતા ધનુની પણછ ને શર શમદમ ને દાન,
કવિના કિલ્મિષને સકળ હિંસક પશુઓ માન.

ચિત્રકૂટ શોભી રહ્યો અચળ શિકારીશો,
એના ઘોર પ્રહારથી શકે ન ઊગરી કો.

સુખ પામ્યા રઘુનાથ એ દેખી સુંદર સ્થાન;
દેવોનો પુલકિત બન્યો શીઘ્ર જાણતાં પ્રાણ.

ચાલ્યા સુર સાથે લઈ ઉત્તમ સ્થપતિ પ્રધાન,
કિરાત તેમજ કોલનો ધારી વેશ મહાન.

પર્ણ તથા તૃણનાં પછી સુંદર સદન કર્યાં,
બે સદનો રસમય રચી સૌનાં ચિત્ત હર્યાં.

લક્ષ્મણ સીતા સહિત પ્રભુ સોહે રુચિર નિકેત,
મુનિવેશે જાણે મદન રતિ ઋતુરાજ સમેત.

## ૧૬. ચિત્રકૂટમાં

(આખ્યાન)

અમર નાગ કિન્નર દિગપાલ ચિત્રકૂટ પહોંચ્યા તે કાળ;
કરી રામને પ્રેમપ્રણામ મુદિત બન્યા સુર ધન્ય તમામ.

વરસી સુમન વદ્યા સુર સર્વ પવિત્ર આજ અમારે પર્વ;
અરજ કરી દુઃખ દુસહ કહ્યાં, મુદિત મને નિજ ધામ ગયા.

ચિત્રકૂટ રઘુનંદન રહ્યા સમાચાર જાણી મુનિ મળ્યા;
જોતાં પુનિત મુદિત મુનિવૃંદ કર્યા દંડવત રઘુકુલચંદ

મુનિએ અર્પી આલિંગન કહ્યાં સફળતાતણાં વચન;
દેખી ત્રણનાં દિવ્ય સ્વરૂપ સમજ્યા સાધન સફળ અનૂપ.

(દોહરા)

સમુચિત સન્માની કર્યા પ્રભુએ સર્વ વિદાય;
યોગ યજ્ઞ જપ તપ થયાં મુનિના આશ્રમમાંહી.

કોલકિરાત શુભાગમન રામતણું સુણતાં,
નવ નિધિ સમજી સાંપડી હરખાયા મનમાં.

કંદ મૂળ ફળને ભરી પડિયામાં ચાલ્યા,
દરિદ્ર જાણે લૂંટવા સુવર્ણને આવ્યા.

(આખ્યાન)

જોયા પ્રથમ જેમણે ભ્રાત કરી એમણે માર્ગે વાત;
સુંદરતા રઘુવરની સુણી દર્શન કર્યાં અનેકે વળી.

ભેટ ધરીને વંદન કર્યા, અનુરાગ સહિત પ્રભુને મળ્યા;
પુલક તને જલ નયને વહ્યાં. ચિત્રાંકિત સૌ સ્તબ્ધ બન્યા.

રામે સ્નેહમગન સૌ જાણ્યા, સુમધુર વચન કહી સન્માન્યા;
પ્રભુને વંદી વારંવાર બોલ્યા સર્વે શબ્દ રસાળ.

(દોહરા)

હવે સનાથ થયા અમે દર્શન દિવ્ય કરી,
કોશલેશ, અમ ભાગ્યથી આવ્યા આપ અહીં.

(આખ્યાન)

ધન્ય ભૂમિ વનપંથ પહાડ જ્યાં જ્યાં પડ્યા તમારા પાય,
ધન્ય વિહગ પશુ વસતાં વન કર્યો સફળ દર્શનથી જન્મ.

ધન્ય અમે પણ સહપરિવાર પામ્યા મળતાં તૃપ્તિ અપાર;
કર્યો વિચારી શુભસ્થળવાસ, સદા પામશો સુખને ખાસ.

હસ્તિ સિંહ અહિ વાઘ અનેક, વનગિરિગુફા ભયંકર છેક,
અમે સુપરિચિત સૌથી એ, રક્ષીશું નિશદિન તમને.

મૃગયા સાથ મળી કરશું, સર ર્નિઝર સ્થળમાં ફરશું;
અમે કુટુંબસહિત સૌ દાસ, કરજો આજ્ઞા વિવિધ સહાસ.

(દોહરા)

વેદવચન મુનિમન અગમ પ્રભુ એ કૃપાનિધાન,
સુણી કિરાતવચન રહ્યા જેમ પિતા શિશુવાણ.

કેવળ પવિત્ર પ્રેમને પ્રિય રઘુવર માને,
રહસ્ય એ રઘુવરતણું કોઈ જન જાણે.

મધુ શબ્દ કહી રઘુવરે સંતોષ્યા સહુને;
થયા વિદાય નમી બધા સ્તવતાં મુક્ત મને.

*

સીતા સહિત વસ્યા વને બંને ભાઈ એમ,
સુરમુનિ સુખદાયક બની શાંતિથકી સપ્રેમ.

રઘુપતિએ જે દિવસથી વનમાં વાસ કર્યો,
મંગલપ્રદ તે દિવસથી વનનો પ્રાણ થયો.

ફૂલ્યાં ફાલ્યાં વૃક્ષ સૌ, મંડપ વેલતણા,
બંધાયા સૌની ઉપર મંજુલ લલિત ઘણા.

દેવોનાં વનને તજી કલ્પવૃક્ષ આવ્યાં,
સોહે એવાં સરસ એ, સૌરભને લાવ્યાં.

ભ્રમરપંક્તિ ગૂંજન કરી વારંવાર રહી,
ત્રિવિધ રહ્યો સુખ આપતો વાયુ બધેય વહી.

નીલકંઠ કલકંઠ શુક ચાતક ચક્ક ચકોર,
બોલી વિવિધ વિહગ રહ્યાં શ્રવણસુખદ ચિતચોર.

(આખ્યાન)

હસ્તિ સિંહ કપિ કોલકુરંગ વેર તજી વિચરે સહુ સંગ,
ફરતા કરવા રામ શિકાર દેખી પશુ ખુશ થયાં અપાર.

દેવવન હતાં જે જગમાંહી સુખદ રામવનથી નવ કાંચ;
ગંગા યમુના ગોદાવરી ધન્ય નર્મદા સરસ્વતી,
સરિતા સર સાગર સુવિશાળ મંદાકિનીનાં કરે વખાણ.

ઉદય અસ્ત ગિરિ ને કૈલાસ મંદરમેરુ સકલ સુરવાસ,
શૈલ હિમાચલ સરખા જે ગાતા ચિત્રકૂટયશ તે.

મુદિત બન્યો વિંધ્યાચળ ખૂબ, સમાયું નહીં હૃદયે સુખ;
અનાયાસ મોટાઈ મળી, શાશ્વત શ્રેષ્ઠ પ્રતિષ્ઠા વરી.

(દોહરા)

ચિત્રકૂટનાં વિહગ પશુ વેલ વૃક્ષ તૃણ ધન્ય,
પુણ્યાત્મા, સૌ દેવતા કહેતા એમ પ્રસન્ન.

(આખ્યાન)

નયનવંત નીરખીને રામ પામ્યા જન્મ સુફળ વિશ્રામ;
અચર પામતાં પદરજ સ્પર્શ પામ્યાં સુખ કૈવલ્ય સહર્ષ.

વિપિન ગિરિ સહજ સુંદર તે અતિપાવન પાવન મધુ ને,
સુખસાગર જ્યાં કરતા વાસ મહિમા એનો અદભૂત ખાસ.

પય પયોધિ ને અવધ તજી રહ્યાં ત્રણે જે વિપિન ભજી,
તેની શોભા દિવ્ય થઈ લક્ષ શેષ ના શકે કહી.
શોભાને શકું કેમ કહી, કૂર્મ શકે મંદર ના ગ્રહી.

(દોહરા)

કરવા લાગ્યા મન વચન કર્મે લક્ષ્મણ સેવ;
શીલ વર્ણવી ના શકે કોઈ તેમજ સ્નેહ.

પ્રતિપદ સીતારામપદ પેખી, માણી નેહ,
સ્મરતા સ્વપ્ને અનુજ ના બંધુ પિતા મા ગેહ.

રામસંગ સીતાતણો સુખથી વીત્યો કાળ,
પુર પરિજન ગૃહ ભૂલતાં માની સર્વ અસાર.

પ્રિય વિધુવદન વિલોકતાં પ્રતિપળ થતી પ્રસન્ન,
ચકોરીસમી ભૂલતાં ચંદ્ર વિનાનું અન્ય.

(ચોપાઈ)

વધતો પતિકેરો પેખીને પ્રેમ, પામે હર્ષ સીતા નવ કેમ ?
મનમાં રામચરણ અનુરાગ, બન્યું એથી બધું બડભાગ.
વન સહસ્ત્ર અવધ સમાન પ્રિય લાગ્યું સીતાને રસાળ.

પ્રિય પરિવાર કુરંગ વિહંગ, પ્રિય કુટિર જ્યાં પ્રિયતમ સંગ;
પત્ની મુનિની મુનિ સાસુ-શ્વસુર, કંદ મૂળ અમૃતસમ ફળ.

દર્ભ પર્ણની સુંદર સેજ કામસેજશી સુખ દે સહેજ;
કરુણા જેની કરે કામ નાશ તેને મોહે શું વિષય વિલાસ ?

(દોહરા)

રામતણા ભક્તો તજે તૃણસમ વિષય વિલાસ,
રામપ્રિયા જગદંબ તો કયાંથી રાખે આશ ?

(ચોપાઈ)

સીતા લક્ષ્મણ સુખને પામે તેવું કરતા ને કહેતા રામે;
કહેતા પ્રાચીન ઈતિહાસ પ્યારે સુણતા સીતા લક્ષ્મણ સુખે ત્યારે.

સ્મરતા અવધપુરીને જ્યારે, આંખ ઉભરાતી અશ્રુની ધારે;
માતતાત ને પરિજન ભ્રાત કરતાં ભરતના સ્નેહની વાત

શીલસેવાને કરતાં યાદ બનતા રઘુપતિ અતિશય આર્દ્ર,
ધરતા ધૈર્ય કુસમય વિચારી, થતાં વિકળ અનુજ સીતા ભાળી.

દેખી વિકળતાને રઘુનંદન કૃપાસિંધુ ભગત ઉરચંદન
કહેતા પુનિત કથાઓને પ્રેમે, સુણી સુખ માણતાં બંને કેમે.

(દોહરા)

લક્ષ્મણ ને સીતા સહિત સોહે રામ નિકેત,
અમરાપુરમાં ઈન્દ્રસમ શચી જયંત સમેત.

(ચોપાઈ)

રક્ષે પ્રભુ એ ઉભયને એમ રક્ષે પલક ગોલકને જેમ;
કરે લક્ષ્મણ ઉભયની સેવા તનને સેવતા અવિવેકી જેવા.

એમ વસતા મુદિત વિભુ વનમાં તપસી સુરમુનિ ખગમૃગ હિતમાં,
કહી વનના ગમનની કથા મેં, હવે સુણો જે અવધે થયું તે.

પ્રભુને પહોંચાડી આવ્યો નિષાદ; જોઈ સરથ સુમંત્રને આર્ત,
પામ્યો પીડ અનંત વિષાદ, આવી પ્રભુની વ્યથાભરી યાદ.

સીતા લક્ષ્મણ રામ પોકારી ઢળ્યા સચિવ વિકળ બની હારી;
અશ્વ હણહણ્યા દેખી દક્ષિણ ખગ જેવાં હો પાંખવિહીન.

(દોહરા)

ઘાસ ખાય ના, ના પીએ, વહે નેત્રથી નીર,
નિષાદ નીરખી ના શક્યો રામઅશ્વની પીડ.

*

વિમુખ વિધાતાને ગણી સુમંત્ર, તજો વિષાદ;
પંડિત પરમાર્થી તમે; બોલ્યો એમ નિષાદ.

*

## ૧૭. સુમંત્રનો શોક

(ચોપાઈ)

કથા વિવિધ કહી મધુ વાણી રથે બેસાડયા આગ્રહે આણી;
રથ શોકે ના હાંકી શકાયો, રામવિરહ હૃદયમાં છવાયો.

રસ્તે ચાલે ના, તરફડે ઘોડા, જાણે વનના મૃગને રથે જોડ્યાં;
ખાતાં ઠોકર પડી જાય પાછા, દેખે છોડીને મિલનની આશા.

કોઈ રામ લક્ષ્મણ સીતા નામ લેતાં જોતા તે ગરજી તમામ;
બાજી વિરહદશા કહું કેમ, સર્પ મણિ વિના વ્યાકુળ જેમ.

(દોહરા)

બન્યો નિષાદ વિષાદવશ દેખી સચિવ તુરંગ;
ચાર સુસેવક મોકલ્યા ઉત્તમ સારથિ સંગ.

ચાલ્યા અવધ તરફ લઈ રથ એ ચાર નિષાદ,
ક્ષણેક્ષણે પેદા થતો અસહ્ય ઘોર વિષાદ.

(ચોપાઈ)

કર્યો શોક સુમંત્રે દીન વ્યર્થ જીવન આ રઘુવરહીન;
અંતે રહેશે ના અધમ શરીર રહ્યું કેમ તો વેઠીને પીડ ?

પામી અપયશ ને અઘ પ્રાણ કરે કેમ ના હજુયે પ્રયાણ ?
મૂર્ખ મન આ અવસર ગયું ચૂકી, હૈયું કેમ ગયું નવ તૂટી ?

દ્રવ્ય નિધિને કૃપણ ખોવે જેમ, લાગ્યું દુઃખ સુમંત્રને તેમ;
બની સુભટ સમરમાં લડે ના દશા દારુણ તેવી થઈ હા !

(દોહરા)

વિપ્ર વિવેકી વેદવિદ સજ્જનમાન્ય કદી,
સુરાપાન ભૂલે કરે ને પસ્તાય ઘડી,
શોક સુમંત્રે ત્યમ કર્યો પશ્ચાતાપ રડી.

પતિને તન મન વચનથી જેમ માનતાં દેવ,
કરે પવિત્ર પતિવ્રતા કુલીન નારી સેવ;

તજાય પતિથી કર્મવશ વ્યથિત થાય તો જેમ,
સુમંતના હૈયે થઈ વ્યથા ભયંકર તેમ.

(આખ્યાન)

લોચન સજલ દ્રષ્ટિ બની અંધ, સુણે ન શ્રવણ, બની મતિ મંદ;
અધર સુકાયા, વ્યથિત વદન, અવધિ દ્વાર ઉર, ના'વ્યું મરણ.

થયા વિવર્ણ, ન સુલગ રહ્યા; ઘાતક પિતૃતણા ન થયા,
હોય ગ્લાનિ અતિ વ્યાપી એમ, યમલોક જતો શોકિત જેમ.

બોલાય નહીં વચન કશું, પશ્ચાતાપ થતો હૃદય હજુ;
રામરહિત રથને નીરખી બનશે અવધ સમસ્ત દુઃખી.

(દોહરા)

દોડી મુજને પૂછશે વિકલ નગર નર નાર,
વજ્ર ઉરે આપીશ હું ઉત્તર શું તે કાળ ?

*

(આખ્યાન)

દીન પૂછશે વ્યાકુળ માત ત્યારે કરીશ હું શી વાત,
લક્ષ્મણની જનનીને કેમ કહીશ શો સંદેશ સપ્રેમ ?

કહીશ રામમાતને શું સાંત્વનનાં વચનોને હું ?
ગયા રામ લક્ષ્મણ તો વન સીતા સહિત વદીશ વચન.

પૂછે તેને આજ કહું, અવધ જઈ સુખ એ જ લહું;
રાજ પૂછશે રામાધીન દશરથ વળી દુઃખથકી દીન

(દોહરા)

શું મુખ લઈ કહીશ કે કુમારને વનમાં,
પહોંચાડી આવ્યો સુખે ધૈર્ય ધરી વનમાં ?

સમાચાર સુણતાં જ એ રાજા તૃણની જેમ,
તનને તજશે, મુજથકી એ જોવાશે કેમ ?

ઉર નવ ફાટ્યું પંક સમ ન રહ્યો પ્રીતમ નીર;
વિધિએ દીધું છે મને આ યાતના શરીર.

એમ વિલપતાં સચિવરથ પહોંચ્યો તમસા તીર,
મંત્રીએ વિનયે કર્યા વિદાય નિષાદ વીર.

પુરમાં પ્રવેશતાં થયો સુમંત્રને સંકોચ,
જાણે ગુરુ દ્વિજ ગાયને હોય હણી અણમોલ.

દ્રુમ નીચે બેસી દિવસ આખોયે ગાળ્યો,
સાંજે અવસર પુરતણા પ્રવેશનો આવ્યો.

અંધાર થતાં અવધમાં ધીરે કર્યો પ્રવેશ,
રથ દ્વાર ઉપર રાખતાં પહોંચ્યા રાજમહેલ.

સમાચારને સાંભળી ભેગા લોક થયા,
રથ અશ્વોને ઓળખી વ્યાકુળ છેક બન્યા.

કરા ઓગળે તાપથી તેમ બન્યા મૃતપાય,
બન્યા વિકળ પાણી ઘટ્યે જેવાં મીન બધાંય.

વ્યથિત થયો એ ખબરથી રાણીતણો નિવાસ;
લાગ્યું ભવન ભયંકર જાણે પ્રેતનિવાસ.

*

## ૧૮. દશરથનો દેહત્યાગ

(આખ્યાન)

પૂછે રાણી વ્યથિત થઈ, સચિવ શકે કાંઈ ન કહી;
સુણે ન શ્રવણ જુએ ના નેન, પૂછે સૌને નૃપ ક્યાં એમ.

દાસી વ્યથિત સચિવને લઈ કૌશલ્યાના ભવને ગઈ;
દેખાયા નૃપ ત્યાં કેવા, શશિ હો સુધારહિત એવાં.

આસન શયન વિભૂષણહીન પડ્યા ધરા પર મલિન સુદીન;
સ્વર્ગપતિત જન શોક કરે કરતા તેમજ શોક ખરે.

ક્ષણેક્ષણે કરતા અતિશોક જાણે બળ્યો સુખતણો લોક;
વદતા રામ રામ પ્રિય રામ, લક્ષ્મણ સીતા હે પ્રિય રામ !

(દોહરા)

સચિવે જયવચનો વદી પ્રેમે કર્યા પ્રણામ,
વ્યાકુળ નૃપ સુણતાં ઊઠી બોલ્યા ક્યાં છે રામ ?

(આખ્યાન)

ધર્યું સચિવને આલિંગન, મળ્યું ડૂબતાં આલંબન;
પાસે બેસાડી નૃપ એ વદ્યા અશ્રુ ભરતાં નયને.

સખા, કુશળ કહે રામતણું, વિરહ દુઃખ અતિઘોર ગણું;
સીતા લક્ષ્મણ રઘુવર ક્યાં, આવ્યાં અથવા છે વનમાં ?

કહ્યો એમણે છે સંદેશ ? ધીરજ રહી શકે ના લેશ;
રામ રૂપ ગુણ સ્વભાવશીલ સ્મરી નૃપ ઉરે પ્રગટી પીડ.

રાજ્ય કહી દીધો વનવાસ થયો તોય નવ હર્ષ વિષાદ;
તે સુતવિરહે ગયા ન પ્રાણ, પાપી મુજસમ કોણ મહાન ?

(દોહરા)

લક્ષ્મણ સીતા રામની મને લઈ જા પાસ,
નહિ તો વધુ ટકશે નહીં મારો સાચે શ્વાસ.

ફરીફરી પૂછી રહ્યા મંત્રીને નૃપ એ,
મારા પ્રિય પુત્રોતણો શો સંદેશો છે ?

જોઉં સૌને નેત્રથી કર તું એજ ઉપાય;
કહ્યું સુમંત્રે છો તમે પંડિત જ્ઞાની રાય !

(આખ્યાન)

વીર સુધીર ધુરંધર દેવ કરો તમે સજ્જનની સેવ;
જન્મ-મરણ સહુ સુખ-દુઃખ ભોગ, હાનિલાભ પ્રિય મિલન-વિયોગ,
કાળ કર્મવશ મળ્યા કરે, રાતદિવસ સમ સદા રહે.

દુઃખમાં રડે સુખે જડ હસે, ધીર ઉભયને સરખાં ગણે;
ધૈર્ય ધરો કરતાં સુવિચાર, વિષાદને ત્યાગો તત્કાળ.

(દોહરા)

પ્રથમ વાસ તમસાતટે બીજો ગંગાતીર,
સ્નાન કરી જળ પર રહ્યા સીતા સહ બે વીર.

નિષાદરાજે સર્વની સેવા ખૂબ કરી;
શૃંગવેરપુરમાં કરી રાત પસાર બધી.

વડનું દૂધ પ્રભાતમાં મંગાવ્યું પ્રેમે,
રામ લક્ષ્મણે શિર કર્યો જટા મુકુટ કેમે.

નિષાદરાજે તે પછી સરસ મગાવી નાવ,
બેસાડી સીતા પ્રથમ રાજ્યા શ્રીરઘુરાય.

લક્ષ્મણ પણ શરચાપને પછી કરી તૈયાર,
બેઠા નાવે રામની અનુમતિ તત્કાળ.

(આખ્યાન)

વિકળ મને દેખી રઘુવીર વદ્યા વચન મધુ ધરતાં ધીર,
કરી પિતાને પ્રેમપ્રણામ પદપંકજ પકડી અભિરામ.

કરજો અરજ, પિતા ન કદી ચિંતા કરશો મારી ઘડી;
તમારી કૃપાથકી બધે વનપથમાં શુભ મંગલ થશે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અનુગ્રહ તમારો મેળવી પામીશ સુખ વનમાં સદા,
આદેશ પાળી ફરી આવી મળીશ બધાંને કદા;
જનની સકળ પરિતોષતાં કરજો અરજ નમતાં ઘણી,
કરજો પ્રયત્ન સદાય એવા કુશળ રહે કોશલધણી.

(દોહરા)

ગુરુને પ્રેમે પ્રણમતાં દેજો મુજ સંદેશ,
પિતા વિષાદ કરે નહીં દો એવો ઉપદેશ.

પુરજન પરિજનને સદા અરજ કહેજો એ જ,
જેનાથી નૃપ હો સુખી હિતકારી મુજ તે જ.

ભરતને મળી પ્રેમથી કહેજો મુજ સંદેશ,
નીતિ ન તજવી રાજપદ પામીને પણ લેશ.

મન વાણી કર્મે પ્રજાહિત પાલન કરવું,
માત સકળ સરખી ગણી સેવક શુચિ બનવું.

માતતાત સ્વજનોતણી કરવી સેવા રોજ,
ધ્યાન પિતાનું રાખવું કરે ન મારો શોક

કટુ વચનો અનુજે કહ્યાં પણ રોકી એને,
સૂચના આપી રાખવા ગુપ્ત વચન કેમે.

વંદી સીતા બોલવા થઈ કશું તૈયાર,
વાણી વિરમી, આંખમાં આવ્યાં અશ્રુ અપાર.

નાવ ચલાવી નાવિકે સરિતામહીં પછી,
હૃદયમહીં મારા રહ્યું જાણે વજ્ર વસી.

(આખ્યાન)

કહું કેમ હું મારો ક્લેશ, જીવ્યો લઈ રામસંદેશ;
સચિવતણી વિરમી વાણી, વિષાદ હાનિ થઈ ગ્લાનિ.

રાણી રહી વિલાપ કરી, વિપત્તિ વરસી ઘોર ખરી;
વિલાપથી દુઃખ દુઃખને થયું, ધૈર્ય ધૈર્યકેરું પણ ગયું,

(દોહરા)

કોલાહલ નગરે થયો સુણી હર્મ્યનો શોર,
વિહગવને રાતે પડ્યું જાણે કુલિશ કઠોર.

*

(આખ્યાન)

કંઠે પહોંચ્યા નૃપના પ્રાણ, મણિ વિણ વ્યાકુળ જાણે વ્યાલ;
વિકળ બની ઈન્દ્રિય સઘળી જળ વિણ સરસિજ રહ્યાં મરી.

દશરથને દેખીને મ્લાન અસ્ત થવા લાગ્યો છે ભાણ,
કૌશલ્યા જાણી બોલી ધૈર્ય સરે ઉરને બોળી.

નાથ, સમજતાં કરો વિચાર, રામવિયોગ પયોધિ અપાર,
કર્ણધાર તમે, અવધ જહાજ, ચઢયો સકળ પ્રિય પથિક સમાજ.

ધૈર્ય ધરો તો પહોંચે પાર, નહિ તો ડૂબે સહુ પરિવાર;
સીતા લક્ષ્મણ રામ ફરી મળશે ધારો સ્થૈર્ય જરી.

(દોહરા)

પ્રિયા શબ્દ સુણતાં નૃપે જોયું ખોલી આંખ,
દીન મીન જલબિંદુનો જાણે પામ્યું સાથ.

ધૈર્ય ધરી રાજા વદ્યા સુમંત્ર, ક્યાં છે રામ ?
ક્યાં છે લક્ષ્મણ જાનકી, ક્યાં છે પ્રિય શ્રીરામ ?

રાજા વ્યથિત થઈ રહ્યા વિવિધ વિલાપ કરી,
યુગસમાન વીતી નહીં કેમે રાત વળી.

અંધ તપસ્વી શાપની સ્મૃતિ ત્યારે જાગી;
કૌશલ્યાને વર્ણવી વાર્તા વણમાગી.

(આખ્યાન)

બન્યા વિકલ કહેતાં ઈતિહાસ, રામ વિના ધિક્ જીવનઆશ;
રાખી શું કરવું તનને પળાય જેથી ના પણને ?

રઘુકુળકંદ પ્રાણપ્રિય રામ, તમારા વિના ના આરામ;
સીતા લક્ષ્મણ રઘુવર હે પિતા ચિત્તહિત જલધર હે !

(દોહરા)

રામરામ હે રામ કહી રામરામ હે રામ
રઘુવર વિરહે તન તજી રાજ ગયા સુરધામ.

*

## ૧૯. ભરત-શત્રુઘ્નના પ્રતિભાવ

(દોહરા)

ફળ જીવન ને મરણનું પામ્યા દશરથ એમ,
નિર્મળ યશ વ્યાપે નહીં પછી વિશ્વમાં કેમ?

જીવતાં મધુર વદનને રઘુવરનું જોયું,
રામવિરહથી મરણના સ્વરૂપને ધોયું.

શોકિત સૌ રાણી રડી કરતાં વિવિધ વિલાપ,
પડી ધરા પર રૂપ ગુણ બળનાં કરી વખાણ.

વિલાપ દાસી દાસ ને પ્રજાજનેય કર્યો,
આજ ભાનુકુળભાનુ ને ગુણનિધિ અસ્ત થયો.

કૈકેયીને ક્રોધથી દીધી સૌએ ગાળ,
એણે નેત્રવિહિન કર્યો સઘળો આ સંસાર.

વિલાપ કરતાં એમ ત્યાં વીતી રાત ગઈ,
આવ્યા જ્ઞાની મુનિવરો સૌ કરુણાર્દ્ર થઈ.

કહી વસિષ્ઠે ઓળખી અવસર મધુ ઈતિહાસ,
શોક શમાવ્યો રેલતાં નિજ વિજ્ઞાનપ્રકાશ.

*

(આખ્યાન)

તેલમહીં રાખી નૃપતન દૂત બોલાવી કહ્યાં વચન,
ભરત પાસ પહોંચી જલદી કહેજો ગુરુને જરૂર પડી.

સમાચાર નૃપમૃત્યુતણા ના કહેશો ત્યાં ઘોર ઘણાં;
કહેજો ગુરુનો છે આદેશ વિલંબ કરશો ઉભય ન લેશ.

સુણતાં મુનિવરતણાં વચન દૂતે તરત જ કર્યું ગમન;
વાયુવેગને ધરતાં ગયા, લજ્જિત ગતિથી અશ્વ થયા.

(દોહરા)

અવધમાં થયો જ્યારથી અનર્થનો આરંભ,
ભરતને થતા ત્યારથી ત્યાં અપશુકન અનંત.

રાતે સ્વપ્ન વિચિત્રશાં દેખાતાં ભારે,
કોટિ કલ્પના કટુ થતી જાગૃતિમાં ત્યારે.

વિપ્ર જમાડી દાન દે; શિવ અભિષેક કરે,
શિવને પ્રાર્થી સ્વજનના સુખને રોજ ચહે.

એવા ભરત પાસ એ પહોંચી દૂત ગયા;
ગુરુનું અનુશાસન સુણી સત્વર સાથ થયા.

સ્મરી ગણેશ સમીરશા વેગવાન હયને,
હાંકી પાર કર્યાં વિવિધ શૈલ સરિત વનને.

શોક ઉરે આનંદ ના, પ્રતિપળ કરે વિચાર,
જઉં અવધમાં વિપળમાં ઊડીને તત્કાળ.

નિમીષ વર્ષ સમી ગઈ; પુરમાં થતાં પ્રવેશ.
અપશુકન થયા, કટુ સ્વરે બોલ્યા કાગ અનેક.

*

(આખ્યાન)

ખર શિયાલ બોલ્યાં પ્રતિકૂળ જગવી ભરત ચિત્તમાં શૂળ;
શ્રીહત સરસરિતા વનબાગ; લાગી નગરે જાણે આગ.

ખગ મૃગ હય ગય દીન બન્યાં, રામવિયોગ કુરોગભર્યાં,
નારીનર સહુ આર્ત થયાં, વૈભવ વંચિત છેક બન્યાં.

(દોહરા)

પુરજન બોલ્યાં ના કશું વંદી થયાં વિદાય,
ભરતે પૂછ્યું ના કશું, વિષાદ ભય મનમાંહી.

(આખ્યાન)

હાટવાટ જોયાં નવ જાય, લાગી સકળ નગરને લ્હાય;
ભરત આગમન વાત સુણી કૈકેયી અતિ મુદિત બની.

સજી આરતી સામે ગઈ, લાવી ભવને દ્વારે મળી;
દેખ્યો વ્યથિત સકળ પરિવાર વ્યાપ્યો સઘળે જાણે કાળ.

આગ લગાડી ભીષણ વને જેમ ભીલડી હર્ષિત બને,
હર્ષિત કૈકેયીનું મન હતું તેમ દવ વચ્ચે પણ.

(દોહરા)

ભરતે કુશળ કહ્યા પછી પૂછ્યું ક્યાં છે તાત,
સીતા ક્યાં છે રામ ને લક્ષ્મણ બંને ભ્રાત?

સુણતાં શબ્દો સ્નેહમય કપટજલ ભરી નેમ,
ભરત શ્રવણ મન શૂળસમ પ્રમદા બોલી વેણ.

(આખ્યાન)

સુધારી બધી લીધી વાત, મળ્યો મંથરાકેરો સાથ;
વિધિએ કાર્ય બગાડ્યું જરી, ભૂપતિ ગયા અમરપુરમહીં.

થયો ભરતને ગાઢ વિષાદ, હસ્તિ ડર્યો સુણતાં સિંહનાદ;
પિતા પિતા કરતાં પોકાર ઢળ્યા ધરા પર ત્યાં તત્કાળ.

અંતસમય ના શક્યો મળી, કથા શક્યો કાંઈ ન કરી;
તમે મને સોંપી ન ગયા રઘુપતિને લાવીને દયા.

(દોહરા)

મૃત્યુતણું કારણ કહે પિતાતણું મુજને;
શોક સ્પર્શ કરતો નથી કેમ લેશ તુજને ?

કહી કથા માતે પછી પ્રસન્નતાથી સર્વ;
કારણ પોતાને ગણી ભરત થયા અતિ સ્તબ્ધ.

રામ વનગમન સાંભળી પિતામરણ વિસર્યાં;
ઘા પર નમક લગાડતાં વદી તરત પ્રમદા.

શોક નૃપતિનો ના ઘટે; કર્યો પુણ્ય યશ ભોગ,
જીવન ધન્ય કરી ગયા અંતે છે સુરલોક.
તજી શોકને રાજ્યનો કર ઉત્તમ ઉપભોગ.

શબ્દ સુણી વ્યાકુળ બન્યા અતિશય રાજકુમાર,
પાકેલા ઘા પર પડ્યો જાણે કે અંગાર.

ભરતે ધારી ધૈર્યને છોડી શ્વાસ કહ્યું,
સર્વ પ્રકારે કુળ બધું તુજથી નષ્ટ થયું.

ઈચ્છા તારી પાપિણી હતી દુષ્ટ જો આમ,
મારી નાખ્યો તો નહીં જન્મ દઈ શું કામ ?

પર્ણ પોષવા કાજ તેં કાપ્યું વૃક્ષ બધું,
જીવન દેવા મીનને જળ સોસ્યું સઘળું.

સૂર્ય વંશ, દશરથ પિતા, બંધુ અનુજ ને રામ,
પરંતુ જનની તું બની; બન્યા વિધાતા વામ.

કુમત કુમતિ, એ જ્યારથી તુજ પ્રાણે સ્થાપ્યો
પ્રાણ ત્યારથી કેમ ના તૂટી પડ્યો આખો ?

વરદાન અશુભ માગતાં વ્યથિત થયું મન ના ?
જીભ પડી ના, ના પડ્યા કીડા કે મુખમાં ?

(ચોપાઈ)

ભૂપે કેમ કર્યો વિશ્વાસ, વિધિએ અંતે કર્યો બુદ્ધિનાશ;
રહ્યું નારીગતિ કેરું ન જ્ઞાન, છળકપટ અઘ અવગુણખાણ.

રાજા સરળ સુશીલ ધર્મપ્રાણ સ્ત્રીના ચરિતથી પૂર્ણ અજાણ;
રામ પ્રાણસમાન ના પ્રિય એવો જગતમાં કોણ છે જીવ ?

રામ વેરી તને પણ લાગ્યા, માથે વાજાં અમંગલનાં વાગ્યાં;
હવે ઊઠ કરી મુખ કાળું, દૂર મારાથી જાય તો સારું.

(દોહરા)

રામવિરોધી હૃદયથી પ્રગટ થયો હું કેમ ?
મુજ સમાન કો પાતકી ? વ્યર્થ વદું છું વેણ.

*

કુટિલતા સુણી માતાની ક્રોધે અંગ જલ્યાં,
શત્રુઘ્નહૃદયની મટી આપોઆપ દયા.

વિવિધ વસ્ત્રભૂષણ સહિત આવી ત્યાં દાસી;
અગ્નિને મળી ઘૃતતણી આહુતિ અવિનાશી.

લાત ખાંધ પર ક્રોધથી શત્રુઘ્ને મારી,
પડી ધરા પર મંથરા તરત જ પોકારી.

(ચોપાઈ)

તૂટી ખાંધ ને ફૂટયું કપાળ, તૂટયા દાંત, વહી રક્તધાર;
સારું કરતાં અશુભ ફળ આવ્યું, દૈવ, એવું તે મેં શું બગાડયું ?

એના શબ્દો સુણી ગ્રહી કેશ, ઘસડી શત્રુઘ્ને દાખવી દ્વેષ;
ભરતે ત્યારે છોડાવી એને; પહોંચ્યા કૌશલ્યા પાસે પ્રેમે.

(દોહરા)

મલિન વસ્ત્ર મુખ મ્લાન ને શરીર કૃશ દુઃખભાર,
કનક કલ્પવેલી હણી જાણે વને તુષાર.

કૌશલ્યા દોડી તરત દેખી ભરત સપ્રેમ,
બેશુદ્ધ બનીને ઢળી પણ નીચે જડ જેમ.

વ્યાકુળ ભરતે માતાના ચરણે ઢળી કહ્યું,
ક્યાં છે લક્ષ્મણ રામ ને સીતા પિતા સહુ ?

કૈકેયીએ જગતમાં જન્મ જ લીધો કેમ,
જન્મી તો એ ના બની કેમ વાંઝણી જેમ ?

(ચોપાઈ)

પ્રિયજનરિપુ અપયશપાત્ર કુળકલંક કોણ અભાગ,
ત્રણે લોકે મારા સરખો અન્ય, કર્યો પુત્રસ્વરૂપે ઉત્પન્ન ?

પિતા સુરપુર રઘુવર વન, થયું અનર્થકારક મુજ તન;
બન્યો વાંસવને વહ્નિ જેવો દાહ દોષદુઃખનો ભાગી કેવો ?

(દોહરા)

કોમળ ભરતવચન સુણી ફરી ઉઠીને માત,
ભેટી ભાવે ભરતને ધન્ય સમજતાં જાત.

ભેટીને શત્રુઘ્નને કૌશલ્યા સપ્રેમ,
સુખ પામી; મા રામની હોય ન એવી કેમ ?

(ચોપાઈ)

કહ્યું ભરતને ધીરજ ધારો, સમજી કુસમય શોકને ટાળો;
કાળકર્મની ગતિ કટુ જાણી લેશ અનુભવો ના હાનિ ગ્લાનિ.

થયા વિપરીત મુજથી વિધાતા, રાખી જીવંત દુઃખ છતાં આ;
કોણ જાણે કે કરશે હજી શું, ગતિ વિધિ શેં સમજી શકું હું ?

(દોહરા)

પિતાવચન ભૂષણ વસન છોડીને રઘુવીર,
ચાલ્યા ખેદહરખ વિના ધારી વલ્કલચીર.

*

(આખ્યાન)

મુખ પ્રસન્ન, મન રંગ ન રોષ, ધરી સર્વવિધ સૌને તોષ,
ચાલી સીતા વનમાં સંગ, રામચરણરસ હતો અભંગ.

સુણતાં લક્ષ્મણ ચાલ્યા સાથ, સમજાવ્યા ખૂબ જ રઘુનાથ,
તોપણ સમજ્યા લેશ નહીં, વિકલ્પ કોઈ રહ્યો નહીં.

સીતા લક્ષ્મણ રામ ગયા; હું ન ગઈ, મુજ પ્રાણ રહ્યા;
નયન સમક્ષ બધુંય બન્યું જીવે તોપણ તન ન તજ્યું.

આવે લેશ મને ના લાજ, રામસદૃશ સુતની હું માત;
જાણ્યો નવ જન્મ-મરણ ભેદ, ઉર મુજ શત વજ્રસમું છેક.

(દોહરા)

કૌશલ્યાના શબ્દથી સૌએ કર્યો વિલાપ,
રાજમહેલ બની ગયો જાણે શોકનિવાસ.

ભરત અને શત્રુઘ્ન પણ રહ્યા વિલાપ કરી,
કૌશલ્યાએ એમને સુંદર શીખ ધરી.

ભરતે સર્વે માતને વેદપુરાણ કથા,
કહી, શમાવી શુચિ સરળ વાણીથકી વ્યથા.

માત પિતા સુતને હણ્યે પાપ થાય છે જે,
ગોશાળા દ્વિજનગરનો નાશ કર્યાથી ને.

સ્ત્રીશિશુના વધથી વળી મિત્ર નૃપતિને ઝેર,
દેવામાં જે પાપ છે, થતાં વને કે ઘેર;

મનકર્મવચનથી થતાં કવિજન કહે અનેક,
નાનામોટાં પાપ સૌ પાતક તે પ્રત્યેક.

સંમતિ જો આ કામમાં મારી હોય જરાય,
માતા, તો લાગો મને ભલે કરાળ સદાય.

તજતાં હરિહર ચરણને ભજે ભૂતગણ ઘોર,
ગતિ મળે મને તેમની જો સંમતિ હો મોર.

(ચોપાઈ)

વેચે વેદ, ધરમધેનુ દોહે, કરે ચુગલી, નિંદાશબ્દો બોલે,
કપટી કુટિલ કલહપ્રિય ક્રોધી વેદવિદૂષક વિશ્વવિરોધી;

લોભી લંપટ લોલુપ ન્યારા ઈચ્છે જે પરધન પરદારા,
પામું તે સૌની ગતિને નઠારી હોય સંમતિ જો એમાં મારી.

જે ના સત્સંગના અનુરાગી, પરમાર્થવિમુખ ને અભાગી,
ભજે નરતન પામી ના હરિને માણે હરિહર યશ ના જરીયે;

છોડી શ્રુતિને ભળતા ચીલે ચાલે જગને ઠગતાં ઠગના વેશે મ્હાલે;
ગતિ તેમની શિવ મને દેજો, જાણ્યો ભેદને જો મેં પહેલો.

(દોહરા)

સરળ સહજ સતવચનને ભરતનાં સુણી માત,
બોલી, તનમનથી તમે પ્રિય રઘુપતિને સાચ.

(ચોપાઈ)

રામ પ્રાણના પ્રાણ તમારા, તમે રઘુપતિના પ્રાણપ્યારા;
વિધુ વિષને વરસે હિમ આગ કરે જળચર જળની ના માગ,

છૂટે મોહ ના મળવાથી જ્ઞાન તોય પ્રતિકૂળ રામથી પ્રાણ,
થઈ શકશે સ્વપ્ને ના તમારો એવો અભિપ્રાય સાચે અમારો.

કહેશે સંમતિ આમાં તમારી મળશે ગતિ શાંતિ તેને ના સારી.

આપ્યું કૌશલ્યાને આલિંગન, ઝરવા દૂધ લાગ્યું એને સ્તન;
એમ કરતાં કઠોર વિલાપ વીતી ગઈ બેઠે બધી રાત.

ત્યારે વસિષ્ઠ ને વામદેવ આવ્યા, મંત્રી મહાજનને બોલાવ્યા;
આપ્યો ઉપદેશ ભરતને ન્યારો મુનિએ સમયને જોઈને સારો.

(દોહરા)

ધીરજ ધરતાં કાર્યને કરવા યોગ્ય કરો;
ભરતે ગુરુવચનો સુણી કર્યો વિચાર ખરો.

વેદોક્ત રીતે નૃપતિને પછી કરાવી સ્નાન,
બનાવડાવ્યું તરત ત્યાં પરમ વિચિત્ર વિમાન.

ભરતે સર્વે માતને વહ્નિથી વાળી,
રામમિલનની એ રહી આશાથી ન્યારી.

ચંદન અગર અનંત ને આવ્યાં દ્રવ્ય અપાર;
ચિતા રચી સરયૂતટે જાણે સુરપુરદ્વાર.

દાહક્રિયા સઘળી કરી અંજલિ અર્પી તેમ,
ક્રિયા કરી દસ દિવસની ભરતે ત્યાં સપ્રેમ.

શ્રુતિસ્મૃતિ સર્વ પુરાણના મતને ધ્યાન ધરી,
મુનિવરના આદેશનું પાલન પૂર્ણ કરી.

કર્યું તે મુજબ ધેનુ ને હય ગજ વાહન દાન,
દીધાં ભરતે સર્વનું કરવાને કલ્યાણ.

સિંહાસન ભૂષણ વસન અન્ન ધરા ધન ધામ,
પ્રાપ્ત કરી ભૂદેવ સૌ બની ગયા કૃતકામ.

*

## ૨૦. મુનિનો ઉપદેશ

(આખ્યાન)

પિતાકાજ જે ભરતે કર્યું કર્મ અસાધારણ તે ઠર્યું;
મુનિએ શોધી શુભ દિન એક મંત્રી મહાજન તેડ્યા નેક.

નીતિ ધર્મમય વચન કહ્યાં, ભરતકાજ એ હિતકર થયાં;
કૈકેયી દશરથની વાત વળી વર્ણવી કરુણા સાથ.

(દોહરા)

વાત રામ ગુણ શીલ ને સ્વભાવની કરતાં,
શરીર રોમાંચિત બન્યું, અશ્રુ તરત ટપક્યાં.

લક્ષ્મણ સીતા સ્નેહની પ્રશસ્તિ ખૂબ કરી,
સ્નેહમગ્ન શોકિત બન્યા પ્રાજ્ઞ વસિષ્ઠ વળી.

સુણો ભરત ભાવિ પ્રબળ, વદ્યા વ્યથિત મુનિનાથ,
હાનિ-લાભ જીવન-મરણ યશ-અપયશ વિધિ હાથ.

(આખ્યાન)

કોને આખર દેવો દોષ કોના પર કે કરવો રોષ;
કરો વિચાર વિમળ મનમાંહ્ય, શોકયોગ્ય ના નૃપતિ જરાય.

શોકયોગ્ય દ્વિજ વેદવિહીન, ધર્મવિમુખ વિષયમહીં લીન;
નૃપ નીતિથકી છેક અજાણ પ્રજા ન માને પ્રાણસમાન.

વૈશ્ય કૃપણ સ્વાર્થી ધનવાન અતિથિ સ્નેહ શિવભક્તિ અજાણ;
કરે વિપ્રનું જે અપમાન મુખર માનપ્રિય કરે ગુમાન,
શોકયોગ્ય શૂદ્ર કહ્યો તે; નૃપતિ શોકને યોગ્ય ન છે.

શોકયોગ્ય પતિવંચક નાર કુટિલ કલહપ્રિય સ્વેચ્છાચાર;
ગુરુને બટુક જે ન અનુસરે શોકયોગ્ય નિજ વ્રતથી ચળે.

(દોહરા)

શોક યોગ્ય જન મોહવશ કરે કર્મપથ ત્યાગ;
યતિ પ્રપંચરત તેમ જે વિગત વિવેક વિરાગ.

(આખ્યાન)

વાનપ્રસ્થી તે શોકને જોગ તજી તપને જે ભોગવે ભોગ;
વળી પિશુન અકારણ ક્રોધી જનની જનક ગુરુ બંધુ વિરોધી.

શોક યોગ્ય કરતા અપકાર નિર્દય તનપોષક વિકરાળ;
છોડી છળ ના હરિજન થાય શોક તેમનો ભલે કરાય.

શોક યોગ્ય ના કોશલરાય ભુવન ચતુર્દશ પ્રગટ પ્રભાવ;
થયા નથી, છે ના, ના થશે, દશરથ સમ નૃપ ભરત કશે.
વિધિ હરિહર સુરપતિ દિગપાલ ગાય બધા ગુણ બનતાં ન્યાલ.

(દોહરા)

જેના લક્ષ્મણ રામ ને સુત શત્રુઘ્ન તમે,
કહી શકીએ શ્રેષ્ઠતા તેની કેમ અમે ?

*

રાજા બડભાગી બન્યા સર્વપ્રકાર ખરે,
વિષાદ કરવાથી નહીં હેતુ કશોય સરે.

રાજપદ ધર્યું નૃપતિએ તમને, શોક તજો,
વચન સત્ય કરવા તમે આજ્ઞાને જ ભજો.

વચન હતું પ્રિય નૃપતિને, પ્રાણ હતો પ્રિય ના;
વચનકાજ રઘુનાથને તજ્યા, તજ્યું તન હા !

પિતાવચનને પાળવા માતાને મારી,
પરશુરામની એ કથા પ્રસિદ્ધ છે ન્યારી.

યયાતિપુત્રે જનકને યૌવનદાન કર્યું;
પાપ ન લાગ્યું એમને, યશનું દાન મળ્યું.

પિતાવચન પાળે તજી યોગ્યાયોગ્ય વિચાર,
સુખ યશ પામી જાય તે અમરલોકને દ્વાર.

*

(આખ્યાન)

સત્ય વચન નૃપકેરાં કરો, પાળી પ્રજા શોક પરહરો;
નૃપ સુરપુર પામે પરિતોષ, તમને મળે યશ; નહીં દોષ.

વેદવિદિત સૌને છે માન્ય, પિતા કરે રાજતિલક દાન;
ગ્લાનિ તજીને રાજ્ય કરો, શ્રેયસ્કર મુજ વચન ગણો.

સુખી થશે સીતા ને રામ ઉચિત સમજશે સુણી તમામ;
સુખી થશે માતા સૌ પછી મુદિત પ્રજાને પેખી બધી.

તમારો તથા રામતણો સંબંધ જાણે ગાઢ ઘણો,
તે તો શુભ જ બધું ગણશે, અપયશ ના તમને ધરશે.

(દોહરા)

પાછા ફરતાં રામને રાજ્ય ધરી દેજો,
સુરદુર્લભ સેવાતણા લહાવાને લેજો.

સચિવે વંદીને કહ્યું, ગુરુઆજ્ઞા પાળો,
રામ મળે ત્યારે ભલે પથ ગ્રહજો ન્યારો.

કૌશલ્યા ધીરજ ધરી કહેવાને લાગી,
ગુરુની આજ્ઞા પાળવી શંકાને ત્યાગી.

હિતકારી આજ્ઞા ગણી તજી દો બધો ખેદ,
જાણી કોણ શકે કહો ગહન કાળનો ભેદ ?

રામ વને, સ્વર્ગે પિતા, કાયર કેમ બનો;
પરિજન માત પ્રજાતણા છો અવલંબ તમો.

વિધિને વામ ગણી વળી કઠોર સમજી કાળ,
પ્રજાતણું પાલન કરો ધૈર્ય ધરી તત્કાળ.

ગુરુના શબ્દો સચિવનાં તેમજ અભિનંદન,
વાણી કૌશલ્યાતણી બની ગઈ ચંદન.

*

## ૨૧. ભરતની ભાવના

(દોહરા)

ભરતે અશ્રુ વહાવતાં સીંચ્યો વિરહ સપ્રેમ;
પ્રજા ભાવભર ભરતના વખાણ ન કરે કેમ ?

ધૈર્ય ધરી કર જોડતાં અમૃતમય વચને,
ભરતે કહ્યું મળ્યો મધુર ગુરુ-ઉપદેશ મને.

પ્રજા સચિવને માતને માન્ય એ જ ઉપદેશ,
અનુસરવામાં એહને ઘટે વિલંબ ન લેશ.

(આખ્યાન)

માત-તાત ગુરુ સ્વામી વાણી સુણવી મુદિત મને હિત જાણી;
ઉચિત અનુચિતનો કર્યે વિચાર ધર્મ જાય, મળે પાપ અપાર.

ધરી શિખામણ એ જ તમે જેથી મંગલ મળે મને;
તોપણ થતો નથી પરિતોષ, સ્પષ્ટ કહું છું છોડી રોષ.

પ્રાર્થના સુણી મારી લો, સમુચિત ઉત્તર અંતે દો;
દુઃખી દોષગુણ ગણે ન સંત, ક્ષમા કરો અપરાધ અનંત.

(દોહરા)

રામ વને, સ્વર્ગે પિતા; કરવા કહેતા રાજ,
એથી મુજ કલ્યાણ કે થશે તમારું કાજ ?

હિત મારું તો રામની સેવામાં જ રહ્યું,
માત કુટિલતાએ ખરે એને હવે હર્યું.

સીતા લક્ષ્મણ-રામને જોવા ન મળે તો,
શોકમૂળ સામ્રાજ્યનું મૂલ્ય ન દીસે કો.

(આખ્યાન)

વ્યર્થ વસન વિણ ભૂષણ ભાર, વ્યર્થ વિરતિ વિણ બ્રહ્મવિચાર;
વ્યર્થ રુગ્ણ તનને બહુ ભોગ, વ્યર્થ ભક્તિ વિણ જપ કે યોગ.
જીવ વિના સુંદર તન વ્યર્થ તેમ રામ વિણ જીવન વ્યર્થ.

(દોહરા)

આજ્ઞા આપો કે હવે જાઉં રામની પાસ,
એ જ વાતમાં દીસતું કલ્યાણ મને ખાસ.

મુજને નૃપ કરતાં તમે મંગલ ભલે ચહો,
સ્નેહવશ બન્યા જડસમા એથી એમ કહો.

કૈકેયીસુત કુટિલમતિ રામવિમુખ ગતલાજ,
મને અધમને અર્પતાં રાજ ચહો સુખ આજ.

સત્ય કહું છું, સાંભળો સર્વ કરી વિશ્વાસ,
ધર્મપરાયણ રાજવી આદર્શ કહ્યો ખાસ.

દુરાગ્રહ કરીને મને તમે આપશો રાજ,
પૃથ્વી તો સઘળી જશે રસાતલમહીં આજ.

(આખ્યાન)

મુજસમાન કો પાપનિવાસ જેને કાજ મળ્યો વનવાસ;
રાયે દઈ રામને વન કર્યું વિયોગે સ્વર્ગગમન.

અનર્થહેતુ ખરે શઠ હું, સુણું વાતને સકળ હજુ;
રઘુવર વિના વિલોકી વાસ થાય નહીં જીવનનો નાશ.

વિષયરસે છે રત મુજ પ્રાણ લોલુપ ધરે ભોગ ભૂધ્યાન;
થયું હૃદય મુજ છેક કઠોર બન્યું કુલિશ કરતાંયે ઓર.

(દોહરા)

કાર્ય કઠિન કારણથકી, તેથી દોષ ન મોર;
વજ્ર અસ્થિથી શૈલથી લોહ કરાળ કઠોર.

*

કૈકેયીથી પ્રગટ આ તનમાં પ્રેમ કરી,
પામર પાપી પ્રાણ ના ગયા હજુય મરી.

પ્રિયના વિરહમહીંય એ પ્રિય લાગે છે પ્રાણ;
હજુ તો કોણ કહી શકે કેવી મળશે લ્હાણ !

લક્ષ્મણ સીતા રામને આપી વન પ્રેમે,
પતિને સ્વર્ગે મોકલી સાધ્યું હિત કેમે.

અપયશ ને વૈધવ્યની પોતે લ્હાણ લઈ,
શોક ભીતિ સંતાપની સૌને ભેટ દઈ,

મુજને સુંદર રાજ્ય ને યશ-સુખ દાન કરી,
કૈકેયીએ સર્વને શાંતિ અનંત ધરી.

તમે રાજગાદી ધરો એથી ઉત્તમ શું ?
મારે માટે જગતમાં ના જ અયોગ્ય કશું.

વાત વિધાતાએ જ છે મારી સર્વ રચી,
પ્રજા પંચ શાને કરો સ્વલ્પ સહાય પછી ?

ગ્રહ્યો ગ્રહોએ, વાયુવશ, પડ્યો વીંછીનો માર,
પાય એહને વારુણી એ કેવો ઉપચાર ?

કૈકેયી સુતકાજ જે જગમાં યોગ્ય હતું,
ચતુર વિધાતાએ મને સમજી તે જ ધર્યું.

પરંતુ દશરથપુત્ર ને રઘુપતિનો લઘુ ભ્રાત,
વિધિએ વ્યર્થ બનાવતાં અમંગલ કરી જાત.

રાજતિલકકાજે કહો પરંતુ શું કહું હું;
રુચિ અનુસાર વદે બધાં, ઉત્તર આપું શું ?

કોણ કહેશે ઉચિત કે બધું થયું છે કામ,
મુજ સિવાય કો પ્રાણપ્રિય જેને નવ છે રામ ?

પરમ હાનિમાં સર્વને મોટો લાભ જણાય;
દોષ નથી કોઈતણો, અશુભ દિવસ સઘળાય.

સંશય શીલ સ્નેહવશ યોગ્ય જ તમે કહો,
કૌશલ્યા અતિસરળ ને છે પ્રેમાળ અહો.

દેખી મારી દીનતા સ્નેહવશ થઈ એ,
સહજપણે જ સુયોગ્ય ને મીઠાં વચન વદે.

ગુરુ વિવેકસાગર સમા, જગ આખું માને,
કરમાં બોરસમાન એ ગતિ સૌની જાણે.

એ પણ કરવા તિલકને મને થયા તૈયાર,
થતાં વિમુખ વિધિ સૌ થતાં વિમુખ ન લાગે વાર.

*

(આખ્યાન)

જગત કહેશે મને ખરાબ એવો ભય ના મને જરાય;
શોક નથી પરલોકતણો, ધૃષ્ટતા ભલે છેક ગણો.

દિલમાં દાવાનલ છે એક, પીડિત થયાં ખરેખર છેક,
મારે લીધે સીતારામ, વનમાં વસ્યાં બની કૃતકામ.

(દોહરા)

શ્રેષ્ઠ લાભ તો લક્ષ્મણે જીવનનો લીધો,
સર્વ તજીને રામના અનુગ્રહને પીધો.

જન્મ મહારો રામના વનને કાજ થયો,
કમભાગી મુજને વિરલ લ્હાવો એ જ મળ્યો.

સૌને વંદીને કહું દૈન્ય પરમ મારું,
રામમિલન વિણ દર્દ ના દૂર થશે સારું.

*

(ચોપાઈ)

મારા દિલમાં લાગી ગઈ લ્હાય, સૂઝે અન્ય હવે ના ઉપાય;
મને રઘુવર વિના કોણ જાણે, જઉં મળવા માટે પ્રાતઃકાળે.

જોકે દુષ્ટ છું હું અપરાધી, મારે લીધે થઈ આ ઉપાધિ,
તોય શરણે જોઈ ક્ષમા કરશે કૃપાપાત્ર અધિક મને ગણશે.

શીલ સંકોચ સ્નેહના ધામ દીનબંધુ કૃપાળુ છે રામ;
બન્યો પ્રતિકૂળ તોપણ બાળ દાસ, રાખશે મારી સંભાળ.

તમે સમજીને મારું કલ્યાણ આપો આજ્ઞા કરું કે પ્રયાણ;
સુણી વિનય મને દાસ જાણી આવે રામ પાછા રાજધાની.

(દોહરા)

કુમાતથી જન્મ્યો ખરે હું શઠ સદા સદોષ,
તજશે નિજ જાણી નહીં, છે રઘુવીર ભરોસ.

ભરતવચન સૌને ગમ્યાં, અતિસુખકર લાગ્યાં,
રામસુધામાં સ્નેહને ન્હાઈ સૌ જાગ્યાં.

*

(ચોપાઈ)

માતા મંત્રી ગુરુ પુર નરનાર બન્યાં પ્રેમથી વિકળ અપાર,
કરવા લાગ્યા ભરતનાં વખાણ, પ્રેમપૂર્ણ તમારો છે પ્રાણ

તમે વચનો કાં આવાં વદો ના, પ્રિય રઘુવરને કેમ ગણો ના;
જોશે શંકાની નજરે જે તમને માતા કૈકેયીને લીધે સ્વપ્ને

કરશે સો કલ્પ નરકનિવાસ પીડા ભોગવતાં તે ખાસ;
મણિ નાગના અવગુણ ના લે, દુઃખ દૈન્ય ને વિષને હરી લે.

(દોહરા)

વનમાં ચાલો જ્યાં વસે સર્વ તજીને રામ;
શોકસિંધુ ડૂબેલને તમે ધર્યો વિશ્રામ.

*

(ચોપાઈ)

થયો સૌને આનંદ અપાર, સુણી મેઘના શબ્દ રસાળ,
બને ચાતક મોર પ્રસન્ન તેમ નાચી રહ્યાં સૌનાં મન.

કરી ભરત ને મુનિને પ્રણામ સઘળા પુરજને કીધું પ્રયાણ;
ધન્ય ભરતનું જીવન જગમાં, કરવા લાગ્યા પ્રશંસા સૌ પથમાં.

સઘળા કરવાને લાગ્યા તૈયારી; કોણ તકને ચૂકે એવી ન્યારી;
રાખ્યા ઘરના રક્ષણકાજ જેને લાગ્યું જીવન દુઃખમય તેને.

(દોહરા)

જલે સમૃદ્ધિ સદન સુખ સુહૃદ માત ને તાત,
રામમય થવા કાજ જે સ્વલ્પ કરે ન સદાય.

*

## ૨૨. રામને મળવાની તૈયારી

(ચોપાઈ)

સજ્યા વાહન હરખની સાથે સૌએ કરવા પ્રસ્થાન પ્રભાતે;
કર્યો ભવનમાં ભરતે વિચાર પુર ગજ અશ્વ ભવન ભંડાર.

સઘળી સંપત્તિ રઘુવરકેરી, ઘટે રક્ષવી એને અનેરી;
એને રક્ષા વિના જઉં છોડી થાય મંગલ તો નવ કોદી;

કોહ સ્વામીનો પાપભંડાર, કરે દાસ નહીં કદીકાળ.
દોષ કોટિ ભલે કોઈ આપે હિત સ્વામીનું સેવક સાધે.

(દોહરા)

વ્યવસ્થા કરી નગરની રાખી રક્ષકને,
કૌશલ્યા પાસે જઈ નીતિકુશળ ભરતે.

વ્યથિત માતને જાણતાં શિબિકા તેમજ અન્ય,
તૈયાર કર્યાં વાહનો સુખદાયક અતિધન્ય.

ચકવા-ચકવી જેમ સૌ નગરતણાં નર-નાર,
વિચારતાં ઉત્સુક બની ક્યારે પડે સવાર.

રાત અનિદ્રામાં વીતી પ્રગટયું પુનિત પ્રભાત,
ત્યારે બોલાવ્યા તરત ભરતે સચિવ સુજાણ.

(ચોપાઈ)

લીધો રાજતિલકનો સામાન, કહ્યું ઉત્સાહને ભરી પ્રાણ,
મુનિ રઘુપતિને રાજ્ય દેશે, રામ વનમાં માનીને રાજ્ય લેશે.

રથ અશ્વ હસ્તિને તૈયાર કર્યા સચિવે વંદીને તત્કાળ;
ચાલ્યા મુનિ અગ્નિહોત્રની સાથે લઈ રથમાં અરૂંધતી આગે.

તપ તેજના ભંડાર જેવા ચાલ્યા વિપ્ર વાહને ચઢી કેવા;
ચાલ્યા રથને સજીને લોક તજી ચિત્રકૂટ પ્રતિ શોક

(દોહરા)

સુંદર શિબિકા પર ચઢી સૌ ચાલી રાણી,
વર્ણન કેમ કરી શકે એ સૌનું વાણી ?

સોંપી પુર શુચિ દાસને, સાદર કરી વિદાય,
સીતારામ સ્મરી વને ચાલ્યા બંને ભાઈ.

*

(ચોપાઈ)

દર્શન માટે આતુર નરનારી તાકે તરસ્યાં પ્રાણી જેમ વારિ;
રામ હોવાથી વનમાં ન્યારા બંધુ બંને ચાલ્યા પગપાળા

લોકો એમનો નેહ નિહાળી ચાલ્યા પગપાળા વાહન ત્યાગી;
કહ્યું કૌશલ્યાએ ત્યારે પ્રેમે પહોંચી ભરત પાસે જઈ કેમે.

તમે ચાલશો જો પગપાળા, ચઢશે કોઈ રથે તો ના ન્યારા;
થશે વ્યથિત બધો પરિવાર, શક્તિ તનમાં રહી ના લગાર.

માટે બંને રથમાં જ વિરાજો, એથી પુરજન પાસે ના લાજો.

(દોહરા)

આજ્ઞા માની માતની ચરણોમાં નામી,
રથ પર બેઠા માર્ગમાં એ બંને ભાઈ.

પ્રથમ દિને તમસાતટે સૌએ કરી નિવાસ,
બીજે દિવસે ગોમતી તીરે કીધો વાસ.

કોઈ એક વખત જમ્યાં કોઈ પય ફળ સાથ,
ભૂષણભોગ તજી કર્યાં વ્રત રઘુવરને કાજ.

સઈ તટે રાતે રહી ચાલ્યાં સર્વ સવાર,
શૃંગવેરપુર પહોંચતાં ગુહને થયા વિચાર.

*

## ૨૩. ગુહના વિચાર

(ચોપાઇ)

શાને વનમાં ભરત આ જાય, મનમાં લાગે કપટનો ભાવ;
હોત ના જ કુટિલતા મનમાં, સેના સહિત આવત ના વનમાં.

માગે લક્ષ્મણ રામને મારી કરવા રાજ્ય નિષ્કંટક ભારી;
લાગ્યું પ્રથમ કલંક જ ત્યારે, જીવહાનિ થવાની અત્યારે.

દેવદૈત્ય યુદ્ધે ચઢી આવે તોય રઘુપતિ પાસ ના ફાવે;
નવ ભરત કરે કેમ આમ, ફળે વિષની વેલીમાં સુધા ન.

(દોહરા)

નિજ પરિચારકને કહ્યું બનવા ગુહે સચેત,
ડુબાડવા નૌકા બધી ઘાટ રોકવા છેક.

સજ્જ બનીને ઘાટને સઘળા રોકી દો,
મારીને મરવાતણાં સજી સાજને લો.

જીવતાં કરી ભરતનો પ્રેમે હું પ્રતિકાર,
થવા નહીં કેમે દઉં ગંગાકેરી પાર.

(ચોપાઈ)

સમરે મરણ ગંગા નદીતીર, રામકાર્ય ક્ષણભંગુર શરીર;
ભરત ભાઈ ને નૃપ હું દાસ, મૃત્યુ ભાગ્યે મળે એવું ખાસ.

સ્વામીકાજે લડી લઈ રણમાં, યશને ફેલાવીને ત્રિભુવનમાં
પ્રાણ ત્યાગીશ રઘુપતિ માટે, હશે મોદક મારા બંને હાથે.

જેની ગણના ના સાધુસમાજે, જેનું સ્થાન ના ભક્તોમાં રાજે,
જીવે વ્યર્થ તે ભાર બનીને જનની યૌવન વનને હણીને.

(દોહરા)

વિગત વિષાદ નિષાદ ધરી સૌને એમ ઉમંગ,
કવચ બાણ ધનુને સજી સ્મરતાં રામ તુરંત.

બોલ્યા, કાયર યુદ્ધમાં કોઈ ના બનશો;
અવસર આવ્યો, શૌર્યથી શત્રુને હણશો.

*

(ચોપાઈ)

ચાલ્યા વંદી બધાયે નિષાદ સુણી સમરનો શુરવીર સાદ;
સ્મરતાં રામનાં ચરણકમળને બાંધી ભાથાં સજ્યાં ધનુશરને.

અંગે કવચ મસ્તકે લોહટોપ, ફરસી ભાલા બરછીને અમોલ,
ચાલ્યા સૈનિકો તલવાર ધારી દોટ મૂકી જાણે નભમાં ન્યારી.

સાજ તેમ સમાજ સજીને ચાલ્યા વંદના ગુહને કરીને;
સઘળા સુભટને યોગ્ય ગણીને ગુહે સન્માન્યા નામ લઈને

(દોહરા)

ગભરાશો ના, આજ છે મારું મોટું કામ;
સુભટ સરોષ વદ્યા, અમે કરશું કાજ તમામ.

તમારા બળે રામના વળી પ્રતાપે નાથ,
ભરતસૈન્ય હણશું અમે રથ હય સૈનિક સાથ.

પાછી પાની જીવતાં કદી કરીશું ના,
રૂંડમુંડમય [12] મેદિની સર્વ કરીશું આ.

જોઈ સેના યુદ્ધનાં વિવિધ વગાડ્યાં ઢોલ;
છીંક થઈ ત્યાં શકુનની ડાબી બાજુ અમોલ.

---

[12] રૂંડમુંડમય - ધડ તથા માથાથી ભરેલી

વૃદ્ધે શકુન વિચારતાં કહ્યું, યુદ્ધ નહિ થાય;
મળો ભરતને; રામને મનાવવાને જાય.

ગુહે કહ્યું, સહસા કરી કામ મૂર્ખ પસ્તાય;
ઓળખ્યા વિના ભરતને યુદ્ધે હાનિ જ થાય.

યોદ્ધા રોકો ઘાટને, જાણું ભેદ જઈ;
મિત્રમધ્ય અરિભાવને જાણું ભરત મળી.

સ્વભાવ સુંદર દેખતાં લઈશ સમજી સ્નેહ;
છુપાવ્યા છુપાય ના કદી વેર કે નેહ.

સામગ્રી ઉપહારની ગુહે કરી તૈયાર,
કંદમૂળ ફળ વિહગ ને સુંદર હરણ અપાર.

ભોઈ પાસે પુષ્ટ ને સૂકા મીનતણા,
ભારા મંગાવ્યા; થયા માર્ગે શકુન ઘણા.

*

## ૨૪. ભરત તથા ગુહ

(ચોપાઈ)

દેખી મુનિને કહી નિજનામ કર્યાં દૂરથી દંડપ્રણામ;
મુનિએ અર્પી શુભાશિષ એને કહ્યું ભરતને સમજાવી સ્નેહે.

રામમિત્ર જાણી રથત્યાગ કરી ભરત ચાલ્યા સાનુરાગ;
ગુહે ગ્રામ કુળ નામ કહીને કરી વંદના સ્પર્શી મહીને.

(દોહરા)

દંડવત કર્યા તો ધર્યું ભરતે આલિંગન,
જાણે કે લક્ષ્મણ મળ્યા; એવા પ્રેમમગન.

(ચોપાઈ)

ભેટ્યા ભરત ભરી અતિપ્રીત, રુચી સૌને એ સ્નેહની રીત;
ધન્ય ધન્ય ધ્વનિ દેવે કીધા, સ્નેહે વરસાવી સુમનોને દીધાં.

લોકવેદમાં જે નીચ પ્રાણ, કરવું જેના છાયાસ્પર્શે સ્નાન,
એને ભરતે અર્પ્યું આલિંગન લઈ રોમાંચથી પૂર્ણ તન.

રામ બોલી બગાસું જે ખાય તેની પાસે પાતક ના જાય,
ભેટ્યા રામ છે ગુહને તો પ્યારે, કર્યો કુળ સાથે પાવન ત્યારે.

પડે કર્મનાશા નદી ગંગે છતાં કોણ ચઢાવે ના અંગે ?
ઊલટું નામ જપી પ્રેમપ્રાણ બન્યા વાલ્મીકિ બ્રહ્મસમાન.

(દોહરા)

સ્વપચ,[13] શબર, ખસ યવન જડ પામર કોલકિરાત,
રામ કહી પાવન પરમ થાય જગે વિખ્યાત.

એમાં અચરજ લેશ ના; યુગયુગની એ રીત,
રામે દીધી શ્રેષ્ઠતા જેણે બાંધી પ્રીત.

રામનામ મહિમા કહી દેવો એમ રહ્યા,
સુણી અવધના લોક સૌ સુખી કૃતાર્થ થયા.

[13] સ્વપચ - ચાંડાળ

*

(ચોપાઈ)

મળી ભરતે ગુહને સપ્રેમ પૂછયા કુશળ સુમંગલ ક્ષેમ;
દેખી ભરતનાં શીલ ને સ્નેહ બન્યો તરત નિષાદ વિદેહ.

વધ્યો સ્નેહ સંકોચ આનંદ, રહ્યો જોઈ એકીટસે અંગ;
ધરી ધીરજ કરતાં પ્રણામ બોલ્યો હાથ જોડી અભિરામ.

પેખી પદને કુશળમૂળ ન્યારાં પામ્યો શાશ્વત કુશળને મારા;
આપ પ્રભુના પરમ અનુગ્રહથી કોટિ કુળનું મંગલ આજ ક્ષણથી.

(દોહરા)

સમજી મુજ કુળકૃત્યને પ્રભુમહિમા જોઈ,
જે ન ભજે રઘુનાથપદ વિધિવંચિત સોઈ.

કપટી કાયર કુમતિ કે કુજાતિ લોકબહાર,
વેદવિરોધી મેં કર્યો રામચંદ્રને પ્યાર.

રામે મુજને ત્યારથી પોતાનો કીધો,
ભુવનતણો ભૂષણ કરી લ્હાવ પરમ દીધો,

પ્રેમ વિનયને દેખતાં મળ્યા પછી શત્રુઘ્ન;
રાણીને વંદન કર્યાં ગુહે બની કૃતકૃત્ય.

રાણીએ આશિષ ધરી લક્ષ્મણસમ માની,
સો લાખ વરસ જીવજો જ્ઞાની ને દાની.

પુર નરનારી નીરખતાં ગુહને સુખી થયાં,
જોઈ જાણે પ્રેમથી લક્ષ્મણને જ રહ્યાં.

બોલ્યાં, લ્હાવ ખરેખરો ગુહે જ છે લીધો,
આશ્લેષ પરમ એહને રઘુપતિએ દીધો.

મોટાઈ નિજ ભાગ્યની સુણતાંવેંત નિષાદ,
મુદિત મને સૌને લઈ ચાલ્યો તજી વિષાદ.

પામીને સંકેતને સેવકે કર્યાં સ્થાન,
ઘરમાં વનમાં બાગમાં વૃક્ષ જળાશય પાસ.

*

## ૨૫. શૃંગવેરપુરમાં

(દોહરા)

શૃંગવેરપુર પેખતાં પ્રેમ પરમ પ્રગટ્યો,
શિથિલ થયાં અગાંગ સૌ, ભાવ થયો અદકો.

નિષાદને ટેકો દઈ ઊભા રહ્યા કેવા,
શરીર ધાર્યું પ્રેમ ને વિનયે હો એવા.

(ચોપાઈ)

લઈ ભરતે સેનાને સંગ જોઈ જગપાવની શુચિ ગંગ;
રામઘાટને કીધા પ્રણામ હર્ષે જાણે મળી ગયા રામ.

વંદી મુદિત બન્યાં નરનારી વારિ પરબ્રહ્મમય ત્યાં નિહાળી;
કરી મજ્જન માગ્યું કર જોડી, રામપદમાં હો પ્રીત ન થોડી.

કહ્યું ભરતે સુરસરી તારી રેણુ સૌને સુખદ સેવકસુરઘેનુ;
હાથ જોડી વર માગું એ જ સીતારામનો સહજ સ્નેહ.

(દોહરા)

સ્નાન કરી ભરતે અને પામી ગુરુઆદેશ,
સ્નાતા માતાને લઈ આવ્યા અન્ય પ્રદેશ.

મુકામ જનતાએ કર્યો એ સ્થળમાં જ્યાં ત્યાં,
વિલંબ લાગ્યો ભરતને સૌને મળતાં ના.

સુરપૂજા પૂરી કરી આજ્ઞાને પામી,
કૌશલ્યા પાસે ગયા પ્રેમે બે ભાઈ.

*

(ચોપાઈ)

ચાંપી ચરણ કહી મધુવાણી ભરતે સઘળી માતાને સન્માની;
સોંપી ભ્રાતને માતની સેવા ચાલ્યા ભરત કરુણામૂર્તિ જેવા.

ચાલ્યા ગુહના હાથે રાખી હાથ, જાણે સાકાર સ્નેહની સાથ;
રામ લક્ષ્મણ સીતા સૂતાં હો સ્થળ બોલ્યા મને કે બતાવો.

શાંતિ નયન ને પ્રાણને આપું, ક્લેશ કાળજાકેરો કે કાપું;
આંખ અશ્રુથકી ઉભરાઈ, ચિંતા ચિત્તમાં ગુહના છવાઈ.

(દોહરા)

અશોકછાયામાં કર્યો રામે જ્યાં વિશ્રામ,
કર્યા દંડવત સાદર ભરતે ત્યાં અભિરામ.

*

(ચોપાઈ)

કુશકેરી પથારી નિહાળી કરી પ્રેમે પ્રદક્ષિણા ન્યારી;
રામચરણનાં ચિહ્નની રજને જોઈ તરત લગાડી નયને.

સીતાકેરી સોનાની નિશાની, એને સીતાસમી શુચિ જાણી,
મૂકી મસ્તકે; આંખ ભરાઈ, ગ્લાનિ અંતરે અધિક છવાઈ.

કહ્યું ગુહને, આ ટીલડી સોનાની સીતાકેરી વિરહવ્યથા માણી,
બની નિસ્તેજ શોભાવિહીન જેમ જનતા અયોધ્યાની ક્ષીણ.

પિતા સીતાના જનક છે કેવા, ભોગ યોગમાં સિદ્ધના જેવા,
કોની ઉપમા. હું એમને આપું, મહિમા એમનો શબ્દે શેં માપું ?

ભાનુકુળભાનુ શ્વસુર ભૂપાલ ઈન્દ્ર જેમનાં કરતો વખાણ;
પ્રાણનાથ રઘુનાથ છે એના, મહિમા મળતો આશીર્વાદે જેના

(દોહરા)

પતિને જ ગણે દેવતા સ્ત્રીમાં મણિરૂપ તે,
કુશશય્યા સીતાતણી દેખી દિલ ન દ્રવે.

કકળે કે ફાટે નહીં વજ્ર થકીય કઠોર,
કૃત્રિમ છતાં સ્નેહનો કરે સદાયે શોર.

લક્ષ્મણ લાલનયોગ્ય છે લઘુ ભાઈ મારો,
થયો નથી, છે ના, થશે એવો ના ન્યારો.

પુરજનપ્રિય ને પિતૃનો લાડકવાયો એ,
સીતા-રઘુપતિને સદા પ્રાણથકી પ્રિય છે.

*

(ચોપાઈ)

મૂર્તિ મૃદુ સુકુમાર સ્વભાવ, જેને તન તાપકેરો અભાવ;
સહે વનમાં વિપત્તિ તે ભાઈ, વજ્રહૃદયને થાય ના કાંઈ.

શીલ રૂપ સુખ ગુણસિંધુ જેવા જન્મી જગને ઉજાળતા કેવા,
રામ પુરજન પરિજન ગુરુને સુખદાયક પિતૃને સહુને.

કરે એમનાં અરિયે વખાણ, વચને મિલને વિનયે આકર્ષે પ્રાણ;
કોટિ શારદા શત કોટિ શેષ ગણી ગુણને શકે નવ લેશ.

(દોહરા)

સુખસ્વરૂપ રઘુવંશમણિ મંગલ મોદનિધાન,
સૂતા દર્ભ બિછાવતાં, વિધિ ગતિ અતિ બળવાન.

રામે જોયું સાંભળ્યું જીવનમાં ના દુઃખ,
સાચવતા નૃપ એમને સમજી જીવનવૃક્ષ.

મણિની સર્પ, નયનતણી પાંપણ રાખે ભાળ,
માતા તેમજ રાખતી રાતદિવસ સંભાળ.

(ચોપાઈ)

હવે વનમાં તે પગપાળા ફરતા, કંદમૂળ ને ફળફૂલ જમતા,
ધિક જનની અમંગલમૂળ બની પ્રાણ પ્રિયતમ પ્રતિકૂળ.

ધિક પાપસિંધુ હું અભાગી રહ્યા ઉત્પાત જેનાથી જાગી;
કર્યો કુળનો કલંક વિધાતા, સાઈદ્રોહી બનાવ્યો કુમાતા.

સુણી સપ્રેમ બોલ્યા નિષાદ, શાને વ્યર્થ કરો છો વિષાદ;
તમે રામને પ્રિય રામ તમને, દોષ દીસે છે વિધિનો જ અમને.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

પ્રતિકૂળ વિધિની કઠિન કરણી બુદ્ધિ બદલી માતની;
તે રાત પ્રભુ સાદર પ્રશંસા હતા કરતા આપની;
ના પરમપ્રિય શ્રીરામને કોઈ જગતમાં આપ શો;
પરિણામ મંગલ આવશે, સાચે કહું, ધીરજ ધરો.

(દોહરા)

અંતર્યામી રામ સરળ સપ્રેમ કૃપાયતન,
કરો હવે વિશ્રામ સમજી દઢ કરતાં મન.

*

## ૨૬. ભરત તથા ભરદ્વાજ મુનિ

(આખ્યાન)

સખાવચનથી ધારી ધીર ચાલ્યા ભરત સ્મરી રઘુવીર;
ખબર મળ્યે પુરનાં નરનાર જોવા આવ્યાં સ્થાન રસાળ.

પ્રદક્ષિણા ને કરી પ્રણામ દેવા લાગ્યાં દોષ તમામ,
વિધિને કૈકેયીને તેમ જળથી ભરીભરીને નેન.

એક વખાણે ભરતસનેહ, અન્ય સ્તવે દશરથનો નેહ;
નિષાદને માને બડભાગ પોતાને અતિ અધમ અભાગ;

કોણ કહે વ્યામોહવિષાદ; મટ્યો સર્વનો પ્રાણપ્રસાદ.
જાગ્યા જન એમ બધી રાત, ગંગા ઊતર્યાં થતાં પ્રભાત;

ગુરુને એક ચઢાવ્યા નાવ, બીજે માત દાખવી ભાવ,
ચાર ઘડીમાં સરિતાપાર થયાં સકળ રાખી સંભાળ.

(દોહરા)

પ્રાતઃક્રિયા કરી, નમી ગુરુમાતા ચરણે,
આગળ કરી નિષાદગણ, સાથ લઈ સહુને,

ગંગાને ભરતે નમી સીતારામ સ્મરી,
માંડયું પંથે ચાલવા પગપાળા જ ફરી.

સેવક અશ્વે બેસવા કહેતા વારંવાર,
ભરત વદે ત્યારે, બન્યા રામચંદ્ર ન સવાર.

પગપાળા પંથે ગયા; અશ્વ મને ન ઘટે;
અશ્વ હસ્તિ રથ ના રચ્યા મારેકાજ ખરે.

સેવકધર્મ કઠિન કહ્યો સૌથી આ જગમાં;
મારે શિરભર [14] ચાલવું ભરી વ્યથા રગમાં.

દશા ભરતની દેખતાં સુણતાં ને મૃદુ વાણ,
મ્લાન બન્યો અતિગ્લાનિથી સેવકગણનો પ્રાણ.

[14] શિરભર - ખાલી હાથે ચાલીને

ભરતે ત્રીજા પ્રહરમાં કર્યો પ્રવેશ પ્રયાગ,
સીતારામ કહી કહી ભરી હૃદય અનુરાગ.

*

કમળકળી પર બિંદુઓ હિમનાં ચળકે જેમ,
ખુલ્લાં ચરણે ચાલતાં ફોલ્લા ઝળકયા તેમ.

પગપાળા આવ્યા ભરત આખા રસ્તે આજ,
એવું સાંભળતાં થયો શોકિત સકળ સમાજ.

સ્નાન કર્યું સૌએ પછી ભરતે કરી પ્રણામ,
સ્નાન ત્રિવેણીમાં કરી દ્વિજને દીધું દાન.

શ્યામ-શ્વેત યમુના તથા તરંગ ગંગતણાં,
નિહાળતાં પુલકિત થયાં અંગેઅંગ ઘણાં.

વંદી બોલ્યા, વેદમાં પ્રસિદ્ધ પ્રગટ પ્રભાવ,
સકળ કામપ્રદ છો તમે સર્વ તીર્થના રાવ.

ત્યાગીને નિજ ધર્મને ભિક્ષા માગું હું,
આર્ત માનવી જગતમાં કુકર્મ ન કરે શું ?

ઉત્તમ દાની જગતમાં એમ સદા જાણી,
સફળ કરે સંતોષતાં યાચકની વાણી.

અર્થધર્મ કે કામરુચિ ચાહું ના નિર્વાણ,
જન્મ જન્મ રતિ રામપદ, માગું વર ના આન.

*

(ચોપાઈ)

જાણે રામ કુટિલ ભલે મુજને ગુરુ સ્વામી દ્રોહી વળી સહુયે,
સીતારામ ચરણરતિ મારી વધે આપના અનુગ્રહે ન્યારી.

મેઘ જીવનભર ભલે વિસરે પાણી માગતાં પથ્થર વરસે,
તોય રટશે ચાતકકેરો પ્રાણ, પ્રેમવૃદ્ધિમાં તેનું કલ્યાણ.

વાધે કનકકાંતિ તપવાથી તેમ નેહનિયમ નભવાથી
વાધે ગૌરવ સેવકકેરું, ત્યાં તો બોલી ત્રિવેણી અનેરું.

તમે ભરત છો સજ્જન સાચ, રામચરણે અનુરાગ અગાધ;
વ્યર્થ ગ્લાનિ કરો નવ લેશ, સૌથી પ્રિય રામને છો હંમેશ.

(દોહરા)

તન પુલકિત હર્ષે થયું સુણી શબ્દ અનુકૂળ;
દેવે ધન્ય ભરત કહી વરસાવ્યાં મધુ ફૂલ.

*

(ચોપાઇ)

ગૃહી તીરથરાજ નિવાસી વની બ્રહ્મચારી ને ઉદાસી,
મળી કહેવા લાગ્યા દસ પાંચ, સ્નેહ ભરતનો શુદ્ધ છે સાચ.

સુણતાં રામના ગુણને સપ્રેમ પહોંચ્યા ભરદ્વાજ આશ્રમે એમ;
કર્યાં સાષ્ટાંગ ભરતે પ્રણામ, મુનિવર પેખી બન્યા કૃતકામ.

દોડી આવ્યું પ્રેમે આલિંગન, કહ્યાં ભરતને આશીર્વચન;
દેતાં આસન ભરત બેઠા નમતાં અતિસંકોચે મનને દમતાં.

(દોહરા)

ભરત શીલસંકોચને બોલ્યા મુનિ જોઈ,
વિધિને અતિક્રમી શકે કોદી ના કોઈ.

માતાનાં કરતૂતને સ્મરી ના કરો શોક,
સરસ્વતીએ મતિ હરી; દોષ ધરો ના ફોક.

*

વિદ્વાનોને માન્ય છે લોકવેદ બે જે,
વિમળ તમારા યશથકી મહિમા ધરશે તે.

(ચોપાઈ)

લોક વેદસંમત કહે સૌયે, પિતા રાજ્ય દે જેને પામે તે;
રાજા સત્યવ્રત હતા ભારે; તમને બોલાવી તેમણે ત્યારે,
દીધું રાજ્ય જો પ્રેમથી હોત, ધર્મસુખનો વહેત તો સ્રોત.

રામ વનવાસ અનર્થનું મૂળ, સુણી સૌને થઈ અતિશૂળ;
એય વિધિવશ સાચે જ માનો, પ્રાણ કૈકેયીનો ભ્રાન્ત જાણો.

કરી કુચાલ પસ્તાય છે એ; દોષ અલ્પ તોયે તમને દે,
એ તો દુર્જન ઘોર અજ્ઞાની, એને અધમાધમ લેવો જાણી.

(દોહરા)

રાજ્ય કરત તોપણ નહીં લાગત તમને દોષ;
રામચંદ્રને થાત એ ઘટનાથી સંતોષ.

ભલું કર્યું અતિ ભરત હે, ઉચિત ખરેખર એ જ,
સકલ સુમંગલ મૂળ છે રામચરણનો સ્નેહ.

ધન જીવન ને પ્રાણ છે તે જ તમારે કાજ,
સદભાગી જન કોણ છે તમારા સમો આજ ?

(ચોપાઈ)

સુણો ભરત, શ્રીરામના મનમાં કોઈ પ્રિય ના તમારાશું જગમાં;
સીતારામ લક્ષ્મણની રાત વીતી કરતાં તમારી જ વાત.

જાણ્યો મર્મ મેં એનો પ્રયાગે, બન્યાં મગ્ન તમારા જ રાગે;
એવો અનુરાગ છે રઘુવરનો જેવો જગતસુખને કાજે જડનો.

એમાં રઘુવીરની ના બડાઈ, પ્રણત કુટુંબપાલક રઘુરાઈ;
મારો મત તો ભરત, છે એ જ, તમે રઘુપતિના સાકાર સ્નેહ.

(દોહરા)

કલંક જે માનો તમે તે અમને ઉપદેશ;
રામભક્તિ રસસિદ્ધિનો આ છે સમય ગણેશ.

નવલ ચંદ્ર યશ આપનો પ્રસર્યો ચારેકોર,
કદી નષ્ટ ના પામશે, વધશે પ્રતિદિન ઓર

(ચોપાઈ)

કરશે અનુરાગ ત્રૈલોક્ય કોક[15], ધરશે રામ રવિ ના એને શોક;
નિશદિન સુખદ થશે સૌને માટે, થશે રાણી રાહુ ના એને કાજે.

[15] કોક - ચકવાક

યશચંદ્ર પ્રેમામૃતપૂર્ણ દોષમુક્ત સદા છે સંપૂર્ણ;
કરી સુલભ સુધાને ધરાપે તમે રામભક્તો કાજે સાચે.

ભૂપ ભગીરથે સુરસરી આણી જેનું સ્મરણ મંગલમય ભારી;
ગુણ દશરથના ના વર્ણવાય, કોઈ એવા નથી જગમાંહ્ય.

(દોહરા)

શીલ સ્નેહવશ એમના પ્રગટ થયા શ્રીરામ,
તૃપ્ત થાય ના એમને જોતાં શિવ કૃતકામ.

(ચોપાઈ)

તમે યશચંદ્ર કીધો અનૂપ, એમાં રામપ્રણય મૃગરૂપ;
તમે વ્યર્થ કરી રહ્યા ગ્લાનિ, ડરો દૈન્યથી પારસ પામી.

સુણો ભરત, અસત્ય કહું ના વીતરાગ વસું હું વને આ,
મળ્યું સકળ સાધનકેરું ફળ રામસીતા ને આવ્યા લક્ષ્મણ.

તેનું ફળ છે દર્શન આ તમારું, ભાગ્ય પરમ પ્રયાગનું મારું;
તમે ધન્ય યશે જગ જીત્યું; વદ્યા મુનિ પ્રેમમગ્ન ના બીજું.

સુણી મુનિનાં વચન સૌ હરખ્યા, દેવો ધન્ય કહી ફૂલ વરસ્યા;
પ્રેમમગ્ન ભરત બન્યા સુણતાં ધન્ય ધન્ય ધ્વનિ પુરે નભમાં.

(દોહરા)

રોમાંચ, ઉરે રામ ને સીતા, જલભર નેન,
મુનિને પ્રણમીને ભરત બોલ્યા ગદગદ વેણ.

મુનિસમાજ સૌ તીર્થના રાજા તેમ અહીં,
લેતાં સાચા શપથ પણ પાપ અકાજ વળી.

બનાવટ કરીને કશું કથાય સ્થળમાં આ,
એના જેવી અધમતા પાપ ન કોઈ હા !

(ચોપાઈ)

તમે સર્વજ્ઞ જાણો સૌ કાંઈ, રઘુવર વળી અંતર્યામી;
નથી માતાના કર્મનો શોક મને જગનો વળી અફસોસ.

કરે ભયભીત ના પરલોક, પિતામરણનો મુજને ના શોક;
પિતા સુકૃત સુયશથી સોહે, સુત રામ-લક્ષ્મણસમા મોહે.

રામવિરહે ક્ષણિક તન છોડ્યું, એના શોકમાં મને ના જોડું;
રામ લક્ષ્મણ સીતા પગે ચાલે, વનમાં મુનિવેશ ધરીને મ્હાલે.

(દોહરા)

વલ્કલ, ફળ ભોજન, શયન બિછાવતાં કુશપાત,
તરુ નીચે વસતાં સહે શીતોષ્ણ વર્ષા વાત.

એ દુઃખદાહથકી જલે છાતી નિત મારી,
ક્ષુધા લેશ ના લાગતી, નીંદ ગઈ સારી.

એ કુરોગનું ઔષધ ક્યાંય નથી જગમાં,
શોધવા છતાં ના મળ્યું મને દિગેદિગમાં.

કુમત માતનો પાપનું મૂળ સુથાર ખરે,
મુજ હિતશસ્ત્ર કરી કર્યું કલહ કુમંત્ર અરે.

ચૌદ વર્ષની અવધિનો કઠિન કુમંત્ર ભણી,
દાટી દીધું યંત્ર એ અંતે ભૂમિમહીં.

મારે માટે એહણે સજ્યો અમંગલ સાજ,
છિન્નભિન્ન જગને કરી વિનષ્ટ કીધું આજ.

કુયોગ મટશે રામના પાછા ફરતાં એ,
મહિમા વધશે અવધનો; ઉપાય અન્ય ન છે.

ભરતશબ્દને સાંભળી મુનિ પામ્યા સુખને,
પ્રશંસા કરી એમની સૌએ મુક્તમને.

બોલ્યા મુનિ, શોકિત હવે વિશેષ ના બનશો,
દર્શન પામી રામનું પીડામુક્ત થશો.

પ્રબોધ કરતાં મુનિ વદ્યા, અતિથિ બનો પ્યારા,
કંદમૂળ ફળફૂલને ગ્રહણ કરો ન્યારાં.

મુનિના શબ્દોને સુણી ભરતને થયો શોક,
ગૌરવયુક્ત ગણી છતાં વદ્યા સજી સંકોચ.

(ચોપાઈ)

ધરવો આદેશ શિર પર તમારો ધર્મ પરમ એ નાથ અમારો;
ગમી મુનિવરને ભરતની વાણી શુચિ શિષ્યોને લીધા બોલાવી.

કહ્યું ભરતનું આતિથ્ય કરવા કંદમૂળ ને ફળફૂલ ધરવા;
ગયા પ્રમુદિત મનથી એ સઘળા, લાગ્યા કર્તવ્યને પ્રેમે કરવા.

મુનિએ કીધો પાછળથી વિચાર અતિથિ મોટા છે મહિમા અપાર,
જેવા દેવ પૂજા તેવી હોય, આપે અભિપ્રાય એવો સૌ કોય.

રિદ્ધિ અણિમાદિ સિદ્ધિઓ આવી, મુનિએ પરિચારિકાશી બોલાવી.

(દોહરા)

રામવિરહ વ્યાકુળ ભરત સાનુજ સહિત સમાજ,
આતિથ્યથકી શ્રમ હરો, વદ્યા મુદિત મુનિરાજ.

*

## ૨૭. ભરદ્વાજ મુનિનું આતિથ્ય

(દોહરા)

રિદ્ધિસિદ્ધિ શિર પર ધરી મુનિવરની આજ્ઞા,
કહેવા માંડી પ્રેમથી પરસ્પર કૃતાર્થા.

(ચોપાઈ)

અનુપમ અતિથિ ભરત છે સાચે, સુખી એમને કરવા છાજે;
રચ્યાં સરસ નિવાસનાં સ્થાન જેને જોઈ લજાય વિમાન.

ભોગવૈભવ સામગ્રી સરજી જેની દેવો કરે લેવા મરજી;
દાસદાસી દેખાયાં તૈયાર કરવા સેવાને સ્નેહે અપાર.

સ્વર્ગે સ્વપ્ને જોઈ ના શકાય થયું ઐશ્વર્ય એવું તૈયાર;
સૌને પ્રથમ તો રુચિ અનુસાર દીધાં સ્થાન રહેવાને રસાળ.

(દોહરા)

પરિવાર સહિત ભરતને સ્થાન પછી દીધું;
ઋષિએ એવું ભરતની અનુમતિથી કીધું.

તપપ્રભાવથી મુનિવરે વૈભવ રચ્યો રસાળ,
લોકપાલના લોક ત્યાં લાગ્યા તુચ્છ અસાર.

સુખસામગ્રી વર્ણવી વાણીથી ન શકાય,
જ્ઞાનીજન પણ વિરતિને જોતાં વિસરી જાય.

(આખ્યાન)

આસન શયન સુવસન વિતાન, વનવાટિકા વિહગ પશુ આન,
સુરભિ ફૂલ ફળ અમૃત સમાન, વિવિધ જલાશય વિવિધ વિધાન;

ખાનપાન શુચિ અમૃત જેમ દેખી મોહે જન ના કેમ,
કામધેનુ સુરતરુ સૌ પાસ, શચી ઈન્દ્ર લલચાયે ખાસ.

ઋતુ વસંતનો પવન રસાળ, ચાર પદાર્થ સુલભ તે કાળ;
ચંદનમાળા વનિતાભોગ દેખી પામ્યા વિસ્મય લોક.

(દોહરા)

સંપદ ચકવી ભરત ને ચક્રવાક એ રાત,
આશ્રમ પીંજરમાં રહ્યાં કરતા લેશ ન વાત.

ભરતે સ્પર્શ કર્યો નહીં ભોગોતણો જરાય,
મુનિઆજ્ઞા હોવા છતાં મોહ થયો ન કદાચ.

*

## ૨૮. ઈન્દ્રને ઉપદેશ

(દોહરા)

તીર્થરાજ મજ્જન કરી મુનિને કરી પ્રણામ,
આશીર્વાદ લઈ કહી ભરતે મીઠી વાણ.

માર્ગકુશળ બહુ ભોમિયા સાથ પછી લીધા,
ચિત્રકૂટ માર્ગે વધ્યા, પગપાળા સીધા.

(આખ્યાન)

ગુહના હાથે રાખ્યો હાથ, સ્નેહ જેમ હો તનની સાથ;
નવ પદત્રાણ, શિરે નવ છાંય; ધર્મ નિયમ વ્રત જીવનમાંહ્ય.

સીતારામ અનુજની કથા ગુહથી સુણતાં વિસરી વ્યથા.

રામવાસ સ્થળ દેખી વૃક્ષ પ્રેમ પ્રગટતો પ્રાણે ખૂબ;
દેવ વરસતા જોઈ ફૂલ, માર્ગ થતો મૃદુ મંગલમૂળ.

(દોહરા)

વાદળ કરતાં છાંયને, પવન સુખદ શુભ વાય;
રામપ્રયાણથકી સુખદ વિશેષ મારગ થાય.

(આખ્યાન)

જીવ પથે જડચેતન જે થયા પરમપદ લાયક તે,
પામ્યા જે પ્રભુદર્શનને પ્રભુએ પેખ્યા કે જેને;

પરંતુ દર્શન ભરતતણું પુણ્યપ્રદાયક બન્યું ઘણું;
દર્શનથી ભવરોગ ટળ્યો, પરમપદતણો લ્હાવ મળ્યો.

રામને જ મનમાં સ્મરતા વાત ભરતકાજે સત આ;
કહે રામ જે એક જ વાર તે બનતા તારક તરનાર.

ભરત રામના પ્રિય લઘુ ભ્રાત, બને કેમ ના મંગલ વાત;
કહેતા સિદ્ધ સાધુ મુનિ એમ દેખી ભરત મુદિતની જેમ.

પ્રભાવથી ઈન્દ્ર થયો ખિન્ન, શુભ ને અશુભ ઉભય છે જીવ;
ગુરુને કહ્યું કરો સુઉપાય ભરત રામની ભેટ ન થાય.

(દોહરા)

રામ સ્નેહસંકોચવશ, ભરત સિંધુ શુચિ પ્રેમ;
બની વાત બગડે નહીં ઉપાય શોધો એમ.

શબ્દ સાંભળી ઈન્દ્રના હસ્યા બૃહસ્પતિ લેશ,
વદ્યા, રામના ભક્તથી માયા ડરે હંમેશ.

પ્રથમ જાણતાં રામની મરજી કશુંક કર્યું,
કુચાલ કરવાથી હવે કરશો અહિત ઘણું.

પોતાનો અપરાધ ના રામ લક્ષમાં લે,
ભક્તોના અપરાધને સહી શકે ના એ.

લોકવેદમાં એ બધો પ્રસિદ્ધ છે ઈતિહાસ,
દુર્વાસા મુનિ સમજતા એનો મહિમા ખાસ.

ભરત બરાબર રામના પ્રેમી કોણ જ અન્ય,
જપે જગત શ્રીરામને રામ એમને ધન્ય.

રામભક્તનો એટલે વિરોધ ના કરશો,
નહિ તો અપયશ શોકને સદાકાજ વરશો.

સેવકને રઘુનાથ એ સૌથી પ્રિય માને,
વિરોધ સેવકનો થતાં નિજ વિરોધ જાણે.
સેવકની સેવાથકી મુદિત બને પ્રાણે.

(આખ્યાન)

સમાન રાખે રાગ ન રોષ, પુણ્ય-પાપ ગુણ ગ્રહે ન દોષ;
કર્મપ્રધાન વિશ્વને કર્યું, ફળ કર્મ મુજબ સહુને મળ્યું.

કરે તોય સમ વિષમ વિહાર ભક્ત-અભક્ત હૃદય અનુસાર,
અગુન અલેપ અમાન એકરસ રામ થયા સાકાર પ્રેમવશ.

રામ કૃપા સેવક પર કરે, સેવકભાવ હૃદયમાં ધરે;
કુટિલતા તજી જાણી એમ કરો ભરત પદપંકજ પ્રેમ.

(દોહરા)

રામભક્ત પરહિતનિરત, પરદુઃખ દુઃખી દયાળ,
ભક્તશિરોમણિ ભરત તો; ડરો નહીં સુરપાલ.

સુરહિતકારી પ્રભુ ખરે સત્યપ્રતિજ્ઞ ગણાય,
ભરત રામઆદેશને અનુસરતા જ મનાય.

સ્વાર્થવશ વિકળ થાવ છો વ્યર્થ સુરેશ, તમે,
એમાં દોષ ન ભરતનો; મોહ થયો તમને.

(આખ્યાન)

સુણતાં સુરગુરુકેરી વાણ ગ્લાનિ મટી હરખાયો પ્રાણ;
વરસી સુમન સુખે સુરરાય સ્તવવા લાગ્યા ભરત સ્વભાવ.

ચાલ્યા જતા માર્ગમાં એમ, વખાણતા મુનિસિદ્ધ સપ્રેમ;
રામ કહીને લેતા શ્વાસ પ્રેમ પ્રસારીને ચોપાસ.

દ્રવતા શબ્દ સુણી પાષાણ, કુલિશતણો પીગળતો પ્રાણ;
પુરજનનો પણ પ્રભુપ્રતિ પ્રેમ વર્ણવી શકે કોઈ કેમ ?

વચ્ચે કરતાં એક મુકામ, ભરત સ્મરી સૌ સાથે રામ,
યમુનાતટ પર શુચિ આવ્યા, જોતાં જળ અશ્રુ છવાયાં.

(દોહરા)

રામવર્ણના વારિને પેખી સહિત સમાજ,
વિરહસિંધુમાં ડૂબતા ચઢયા વિવેકજહાજ.

(આખ્યાન)

નિજગુણ સહિત રામ ગુણગાન સુણતાં, સ્મરતાં રામ મહાન,
જતા ભરત મુનિ આશ્રમધામ તીર્થે કરતાં સ્નાન પ્રણામ.

મનથી બસ વર માગે એક, સીતારામ પદકમળ સ્નેહ;
વનવાસી ને કોલકિરાત વાનપ્રસ્થ યતિ મળતા વાટ;

સૌને કરતાં પ્રેમપ્રણામ રઘુપતિની જ પૂછતા વાત;
સુણતાં વનની કથા કરાળ અંતર બનતું આર્ત અપાર.

(દોહરા)

ચાલ્યા બીજે દિન સ્મરી સવારમાં રઘુનાથ,
રામમિલનની લાલસા સાથે સૌની સાથ.

*

## ૨૯. લક્ષ્મણ તથા રામનો પ્રતિભાવ

(દોહરા)

શુભ શકુનો સૌને થયા સુખદ બાહુ ને આંખ,
ફરક્યાં; હર્ષિત ભરતની સાથે થયો સમાજ.

રામમિલનથી દુ:ખનો દાવાનળ મટશે,
કરતાં સર્વ મનોરથો, ક્લેશ સકળ હઠશે.

શિથિલ અંગ, પગ પંથમાં ડગમગતા કેવા,
સ્નેહસુરાથી મસ્ત સૌ, વદે વિકળ જેવાં.

ગુહે બતાવ્યો તે સમે શૈલશિરોમણિ શાંત,
સમીપ સરિતા, જ્યાં રહ્યા રામ બનીને કલાંત.

પર્વતને પેખી કર્યા સૌએ દંડ પ્રણામ,
બોલી જયજય જાનકી જીવનધન શ્રીરામ.

ફરી અવધમાં આવતા જાણે રઘુવર હોય,
જાણી એવું પ્રેમમાં મગ્ન બન્યા સૌ કોય.

ભરતસ્નેહ તે સમયનો કહી શકે ના શેષ;
અહં મમ મલિનને મળે બ્રહ્મસુખ નહીં લેશ,
કવિકાજે પણ એમ છે વર્ણન અગમ હંમેશ.

*

રઘુવરપ્રેમ શિથિલ બધા બે જ કોશ ચાલ્યા,
જળસ્થળ દેખીને રહ્યા રાતે પથ ન્યારા.

(ચોપાઈ)

જોયું સીતાએ સ્વપ્નને ત્યારે, આવ્યા ભરત સૌ સાથ અત્યારે;
પ્રભુવિરહનો તનમાં છે તાપ, સૌ છે દીન, દુઃખી ને ઉદાસ.

અન્ય સ્વરૂપે સાસુને જોઈ, હતી શાંત-પ્રસન્ન ન કોઈ;
સુણી ઉભરાયા રામનાં લોચન, બન્યા શોકિત શોકવિમોચન.

બોલ્યા લક્ષ્મણ સ્વપ્ન ના સારૂં, લાગે કઠિન સમાચારવાળું;
કર્યું લક્ષ્મણ સાથે પછી સ્નાન, પૂજી શિવ કર્યું સાધુ સન્માન.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

મુનિદેવને વંદી વિરાજ્યા રામ ઉત્તરમુખ કરી,
નભમાં છવાઈ ધૂળ ત્યારે વિહંગો વ્યાકુળ બની;
પ્રભુના નિવાસ તરફ જતાં, આશ્ચર્ય એ નીરખી થયું,
કોળીકિરાતે ભરતનું આગમન તે સમયે કહ્યું.

(દોહરા)

મન પ્રમોદ તન પુલકિત સુણી સુમંગલ વેણ;
સ્નેહજલે ભીનાં થયાં શરદકમળશાં નેન.

(ચોપાઈ)

કરવા રઘુપતિ લાગ્યા વિચાર, સેના ચતુરંગિણી ને અપાર,
આવે ભરત લઈ અહીં શાને; વ્યાપી વ્યગ્રતા એમના પ્રાણે.

એક તરફ પિતાનું વચન, સામે ભરત સંકોચસદન;
સમજ્યા ભરતનો મનમાં સ્વભાવ, સ્થિરતા સ્થાનનો લાગ્યો અભાવ.

કર્યું રામે સમાધાન ત્યારે, સાધુ ભરત છે વિદ્વાન ભારે;
ક્ષોભ રામના હૃદયે નિહાળી બોલ્યા લક્ષ્મણ નીતિની વાણી.

પૂછયા વગર કહી રહ્યો કાંઈ, તમે સર્વજ્ઞશ્રેષ્ઠ ગોસાંઈ;
કરે ધૃષ્ટતા સમયે દાસ કહે ધૃષ્ટતા તેને ના ખાસ.

(દોહરા)

આપ સુહૃદ ને સરળ છો શીલ સ્નેહનિધાન;
સૌને પ્રીતિ પ્રતિતીથી સમજો આપ સમાન.

(ચોપાઈ)

વિષયી જીવ પામી પ્રભુતાને મૂઢ મોહિત બનતો પરાણે;
ભરત નીતિપરાયણ સાચે સાધુ પ્રભુપદપ્રેમી સૌ જાણે.

રામપદને તે આજે પામી રહ્યો ધર્મની સીમા વટાવી;
તમને વનમાં એકાકી માની કુટિલ મૂર્ખ કુઅવસર જાણી

કરી કુવિચારે સજ્જ સમાજ આવ્યો બંધુ સાથે છોડી લાજ;
કરવા રાજ્ય નિષ્કંટક આખું ધારી કુટિલતાને, સાચું ભાખું.

હોય કપટ ના અંતરે એના લાવે રથ હસ્તિ તો સાથે શેના;
દોષ ભરતને કેમ દેવાય, પામી રાજ પાગલ સહુ થાય.

(દોહરા)

શશિ ગુરુસ્ત્રીગામી થયો, નહુષ ચઢયો દ્વિજપીઠ;
લોકવેદથી વિમુખ ને કોણ વેનશો નીચ ?

સહસ્ત્રબાહુ ત્રિશંકુ ને ઈન્દ્ર સમાન અનેક,
કલંકિત બન્યા રાજ્યના મદનો માણી કેફ.

ભરતે યોગ્ય જ છે કર્યું, ઋણને ને રિપુને,
કદી શેષ ના રાખવાં મને તેમ કમને.

(ચોપાઈ)

ભરતે એકલા તમને જાણી કર્યો અનાદર દુર્બળ માની;
સમરે રામના મુખને નિહાળી એને ભૂલ સમજાશે ભારી.

એવું કહેતાં નીતિરસ ભૂલી વીરરસથી રહ્યા એ ફૂલી;
વંદી પ્રભુને ચરણરજ ધારી, વદ્યા સત્ય સહજ વીર્યવાણી.

મારું કથન ના અનુચિત માનો, ત્રાસ ભરતનો અલ્પ ના જાણો;
મન ક્યાં સુધી મારી સહાય, તમે સાથે કર ચાપ સોહાય.

(દોહરા)

રઘુકુળ, ક્ષત્રિય જન્મ ને દાસ રામનો હું;
માર્યે મસ્તક પર ચઢે, નીચ ધૂળથી શું ?

*

(ચોપાઈ)

હાથ જોડીને આજ્ઞાને માગી, સૂતો વીરરસ રહ્યો જાગી;
જટા બાંધી કમરે ભાથું ધારી, બોલ્યા લક્ષ્મણ ધનુષ્યને તાણી,

આજે રામસેવક યશ પામું, શિક્ષા સંગ્રામે ભરતને આપું,
ફળ રામઅનાદર કેરું બંને બંધુ છો પામે અનેરું.

થયો એકત્ર સકળ સમાજ, ક્રોધ પાછલો ઠાલવું આજ;
હસ્તિમંડળને મૃગરાજ પકડે તેતરને જેમ બાજ,

પકડું ભરતને સમરે તેમ સેનાસહિત સંહારું સપ્રેમ;
કરશે મદદ શંકર પણ આવી તોયે સમરમાં શકશે ના ફાવી.

(દોહરા)

શપથ ક્રોધભર સાંભળી લક્ષ્મણના સઘળા,
લોકપાલ નાસી જવા લાગ્યા ભીતિભર્યા.

ભયમાં ડૂબ્યું જગ, થઈ ત્યાં તો નભવાણી,
લક્ષ્મણ, પ્રભાવને પરમ કોણ શકે જાણી ?

પરંતુ યોગ્યાયોગ્યનો વિચાર કરતાં થાય,
સંસારમહીં કર્મ તે શુભ સર્વત્ર ગણાય.

વિચાર્યા વિના જે કરી પાછળથી પસ્તાય,
સમજદાર તે વેદમાં વિદ્વાને ન મનાય.

દૈવી વાણીને સુણી લક્ષ્મણ શાંત થયા,
રામે ત્યારે નીતિનાં વચનો સરસ કહ્યાં.

કઠિન રાજમદ, સાધુની સભા નથી સેવી
તે રાજાની બુદ્ધિને કરે ભ્રમિત જેવી.

ઉત્તમ પુરુષ ભરતસમા નિહાળ્યા સુણ્યા ના,
બ્રહ્માની સૃષ્ટિમહીં ક્યાંય ખરે મેં આ.

વિધિ હરિહરપદ પામતાં પ્રમત્ત ભરત ન થાય,
કાંજી બિંદુથકી તૂટી ક્ષીરસમુદ્ર ન જાય.

*

(આખ્યાન)

તિમિર તરુણ રવિને છો ગળે, ગગન સમાઈ મેઘે મળે;
અગસ્ત્ય ગોપદ જલમાં મરે, ધરતી સહજ ક્ષમા પરહરે;

મશક ફૂંકથી મેરુય ચળે; ભરત તોય શુચિ ઉત્તમ ખરે,
રાજ્ય મદે ન પ્રભાવિત થાય, કહું શપથ સાથે મનમાંહ્ય.

સગુણ દૂધ અવગુણ જળસાથ રચે જગતને જગના નાથ;
ભરત હંસ રવિવંશ તડાગ, જન્મી કર્યા ગુણદોષ વિભાગ.

ગ્રહતાં ગુણને અવગુણ તજી, ભરતે યશથી જગને સજી,
અજવાળ્યું જીવન સપ્રેમ, વદ્યા રામ પ્રેમમગન જેમ.

(દોહરા)

રઘુવરની વાણી સુણી, પેખી ભરત પ્રતિ પ્રેમ,
કૃપાનિધાન ન રામશા, વદ્યા દેવતા એમ.

*

ભરતતણો જો જન્મ આ જગમાં થાત નહીં,
ધર્મધુરાને હોત તો કોણે કહો વહી ?

(આખ્યાન)

કવિકુળ અગમ ભરત ગુણ વાત જાણે એક પૂર્ણ રઘુનાથ.
સુરવચન સુણી સીતારામ લક્ષ્મણ પામ્યા સુખ અભિરામ;
મંદાકિની નદીમાં સ્નાન ભરતે કર્યું ધરી પ્રભુધ્યાન.

*

## ૩૦. ચિત્રકૂટમાં રામદર્શન

(આખ્યાન)

નદીપાસ રાખી સૌ લોક, માગી ગુરુજન સચિવ નિયોગ,
ભરત નિષાદ ભ્રાતની સાથ ચાલ્યા જ્યાં સીતા રઘુનાથ

કરતાં માત કુકર્મ વિચાર, અનુભવતાં સંકોચ અપાર,
રહ્યા કુતર્ક અનેક કરી, રઘુવર મુજને મળશે ફરી ?

સીતા લક્ષ્મણ ને શ્રીરામ હરખાશે સુણતાં મુજ નામ ?
જશે સ્થાન છોડીને ક્યાંય તિરસ્કાર સાથે મનમાંહ્ય ?

(દોહરા)

માતસાથ સંમત ગણી કહેશે કશુંક મને;
ક્ષમા કરી અઘ અવગુણો વદશે પ્રેમપણે.

મલિન ગણી મુજને તજે આપે કે સન્માન,
રામપાદુકાના વિના મારે શરણ ન આન.

ઉત્તમ સ્વામી રામ તો, દોષ બધો મારો,
મહિમા રઘુપતિ પ્રેમનો જાણે સૌ ન્યારો.

(આખ્યાન)

યશભાજન તો ચાતક મીન, નેમ પ્રેમ નિજ નિપુણ નવીન;
એમ વિચારી ચાલ્યા જાય, શિથિલ સ્નેહથી અંગો થાય.

ધીરજ ધુરા ધરીને વધે માર્ગે રટતા રઘુવર બધે;
દશા એમની અદભુત હતી જળમાં જ્યમ જળઅલિની થતી.

(દોહરા)

સ્નેહ નિહાળી ભરતનો મધુરો વળી વિષાદ,
રોમાંચિત બનતાં બન્યો તરત વિદેહ નિષાદ.

મંગલ શકુન વિચારતાં બોલ્યો સહજ નિષાદ,
મટશે શોક, હરખ થશે, પણ પરિણામ વિષાદ.

સેવકના શબ્દો બધા સાચા એ જાણ્યા,
આશ્રમ પાસે ભરત ને હર્ષથકી આવ્યા.

(આખ્યાન)

પેખી વન ને શૈલ રસાળ ભરત મન થયું મુદિત અપાર,
ક્ષુધાર્ત જાણે મળતાં અન્ન બની ગયો જોઈને ધન્ય.

પ્રજા ત્રસ્ત જે પ્રકાર સારી ત્રિવિધ તાપપીડિત ગ્રહ ભારી,
સુખમય મળતાં સુરાજ થાય, ભરતની મટી તેમજ લ્હાય.

વને સજ્યો સંપત્તિ સાજ સજે પ્રજા જ્યમ મળ્યે સુરાજ;
વિપિન સુહાવન પાવન દેશ, સચિવ વિરાગ વિવેક નરેશ.

ભટ યમ પાટનગર ને શૈલ, શાંતિ સુમતિ રાણી રસરેલ;
રાજા સકળ અંગસંપન્ન રામાશ્રયથી સુખી અનંત.

(દોહરા)

જીતી મોહ નરેશ દલ વિવેકરૂપ ભૂપાલ,
કરતો રાજ્ય અકંટક; સુખ શ્રી પુરે સુકાલ.

*

(આખ્યાન)

વનમાં મુનિના વાસ અનેક જેમ ગ્રામપુર અદભુત છેક;
વિપુલ વિચિત્ર વિહગ પશુ તેમ વસતાં વિવિધ પ્રજાની જેમ.

ગેંડા, કરિ, હરિ, વાઘ વરાહ, ભેંસ બળદ રાજાનો સાજ,
વિચરે વેર તજીને સંગ, જાણે તે જ સૈન્ય ચતુરંગ.

ગાજે હસ્તિ ઝરણ મધુ ઝરે, ડંકા નિશાન જ્યમ સૌ સ્થળે;
ચક-ચકોર ચાતક શુકપિક બોલે હંસગણ મુદિત ચિત્ત.

અલિગણ ગૂંજે નાચે મોર, મંગલ સુરાજમાં સૌ કોર;
વેલવિટપ તૃણ સફળ સફૂલ, સહુ સમાજ મુદ મંગલમૂળ.

(દોહરા)

રામશૈલ દેખી થયો ભરતહૃદયમાં પ્રેમ,
તપફળ પામીને બને સુખી તપસ્વી જેમ.

*

ગુહ દોડી, ઊંચે ચઢી, ભુજા ઉઠાવી તેમ,
બોલ્યો, જાંબુ તમાલ આ આમ્ર પીપળો દેવ !

સોહે એ વૃક્ષોમહીં વટનું વૃક્ષ વિશાળ,
જોઈ મન મોહિત બને દીસે એવું રસાળ.

(આખ્યાન)

નીલ સઘન પલ્લવ ફળ લાલ, શીતળ છાંય સુખદ સહુ કાળ.
તિમિરતેજની વિધિએ રાશી કરી રચી સુંદર સુષમા શી !
સરિતાસમીપ તરુવર એ, રામકુટિર ત્યાં અનુપમ છે.

તુલસીતરુ ત્યાં બહુ સોહાય, જોતાંવેંત જ મન મોહાય;
સીતા અનુજે કર્યાં સપ્રેમ જળ સીંચી રાખીને નેમ.

(દોહરા)

વટવૃક્ષતણી છાંયમાં કરી વેદિકા એક,
સીતાએ નિજ કરથકી ભાવ ભરીને છેક.

ત્યાં બેસી મુનિગણ સહિત સીતારામ સુજાણ,
સુણે કથા ઈતિહાસ નિત આગમ નિગમ પુરાણ.

વૃક્ષ વિલોકી ભરતનાં લોચન ઉભરાયાં;
પ્રણામ કરતાં વનમહીં ભ્રાત ઉભય ચાલ્યાં.

વર્ણન સ્નેહતણું કરી સરસ્વતી ન શકે,
સાધારણ કવિબુદ્ધિ તો ક્યાંથી લેશ ટકે ?

*

(આખ્યાન)

હરખ્યા મળ્યે રામપદચિહ્ન જેમ પામતાં પારસ દીન;
રજ શિર ધરી નયન ઉર તેમ, પામ્યા સુખ રામમિલન જેમ.

દેખી ગતિને અકથ અતીવ પ્રેમમગ્ન મૃગ ખગ જડ જીવ;
સ્નેહવિવશ પથ ભૂલ્યો ગુહ, સુર પથ ધરતાં વરસ્યાં ફૂલ.

સાધકસિદ્ધ પેખતાં પ્રેમ વખાણવા લાગ્યા સપ્રેમ;
ભાવ ભરતનો હોત ન તો પરમ પ્રેરણા પામત કો ?

(દોહરા)

જડને ચેતન ને કરત ચેતનને જડ કો,
ભરતપ્રેમ ના હોત તો સાર ન હોત કશો.

પ્રેમામૃત, મંદર વિરહ, ભરત પયોધિ ગભીર,
મથી કર્યું સુર સાધુ હિત કૃપાસિંધુ રઘુવીર.

*

ભરતે જોયો આખરે પ્રભુઆશ્રમ સુપવિત્ર,
સકળ સુમંગલ સદનશો ક્લેશો થકી અતીત.

પ્રવેશ કરતાંવેંત ત્યાં મટ્યાં દુઃખ ને દાહ,
યોગીની પરમાર્થની તૃપ્તિ પામી ચાહ.

ભરતે લક્ષ્મણને પુનિત પ્રભુ પાસે જોયા,
ઉત્તર કાંઈ આપતા; દેખીને મોહ્યા.

શીશ જટા, કટિ પર હતાં મુનિનાં વસ્ત્ર વળી,
ઊભેલા ભાથું તથા ધનુષ્ય બાણ ધરી.

વેદી પર મુનિનો હતો સાધુતણો સમુદાય,
સીતા સાથે શોભતા દિવ્ય પરમ રઘુરાય.

વલ્કલ વસ્ત્ર જટા વળી શરીર સુંદર શ્યામ;
રતિ અનંગ જાણે ઉભય મુનિવેશે અભિરામ.

ફેરવતાં ધનુબાણને કરકમળથકી રામ,
સ્મિતથી ઉરના તાપને હરતાં દે આરામ.

મંગલ મુનિમંડળમહીં સીતા ને રઘુચંદ,
જ્ઞાનસભામાં જેમ હો ભક્તિ સચ્ચિદાનંદ.

(આખ્યાન)

સાનુજ સખા સમેત મગન મન વિસર્યા હર્ષશોક સુખદુઃખ ગણ;
રક્ષો નાથ વદી સપ્રેમ ભૂતલ પડ્યા દંડની જેમ.

સુણ્યો લક્ષ્મણે સ્વર પ્રેમાળ, જોયા ભરત તરત સ્નેહાળ;
બંધુસ્નેહ એક તરફ ઓર, બીજે રઘુપતિ સેવા જોર.

મળી શકે ના શકે તજી, મન જે ભાવ રહેલ ભજી,
સુકવિ વર્ણવી શકે ન તે; સેવામાં જ રહ્યાં રત એ.

શીશ નમાવી તોપણ કહ્યું, ભાવે ભરતાં અંતર ઘણું,
ભરત કરે છે આજ પ્રણામ; સુણતાં ઊઠયા સત્વર રામ.

(દોહરા)

ક્યાંક વસ્ત્ર ભાથું પડ્યું ક્યાંક ધનુષ ને બાણ;
ચાંપ્યા હૃદયે ભરતને રામે કૃપાનિધાન.
ભરત-રામના મિલનથી સર્વે ભૂલ્યાં ભાન.

*

મેળાપ તથા પ્રેમનું વર્ણન કોણ કરે;
મનવાણી ને કર્મથી અગમ્ય કવિકુળને.

પરમપ્રેમથી પૂર્ણ એ બન્યા બેય ભાઈ,
અહંકાર મન બુદ્ધિ ના ચિત્ત રહ્યું કાંઈ.

(આખ્યાન)

કોણ પ્રેમ એ પ્રગટ કરે; કવિબુદ્ધિ છાયા અનુસરે;
કવિને અર્થતણું બળ સાચ, તાલ મુજબ નટ નાચે નાચ.

રામ-ભરતનો સ્નેહ અપાર, વિધિ હરિહર ના પામે પાર;
કુમતિ કહું તે કેમ કરી; રહે ના ગાડર [16] રાગ ધરી.

મિલન ભરત ને રામતણું દેખી અંતર વ્યગ્ર ઘણું,
થયું દેવનું પણ ગુરુએ કહેવાથી શાંત થયા તે.

---

[16] ગાડર - તળાવાદિમાં થતું મુંજના જેવું ઘાસ

(દોહરા)

મળ્યા સપ્રેમ નિષાદ ને રિપુસૂદનને રામ;
લક્ષ્મણને ભેટ્યા ભરત પેખી પ્રેમપ્રણામ.

લક્ષ્મણ પણ શત્રુઘ્ન ને ગુહને પછી મળ્યા;
મુનિને બંને બંધુએ નમ્ર પ્રણામ કર્યા.

અનુજ સાથ ભરતે નમી ઉમંગમાં આવી,
સીતાની પદધૂલિને મસ્તક પર ધારી.

સીતાએ એ ઉભયને કરકમળે સ્પર્શી,
સ્નેહમગ્ન મનથી પુનિત શુભાશિષ અર્પી.

સાનુકૂળ સર્વેપણે સીતાને ભાળી,
ભરત અશોક બની ગયા મિથ્યા ભય મારી.

કોઈ કશું કહે નહીં, કોઈ ના પૂછે,
પ્રેમપૂર્ણ ગતિરહિત મન ચઢયા ક્યાંક ઊંચે.

એ વખતે ધીરજ ધરી જોડી હાથ નિષાદ,
કહેવા લાગ્યો સ્નેહથી પ્રણમી તજી વિષાદ.

વશિષ્ઠ મુનિની સાથ સૌ માત તથા પુરલોગ,
સેનાપતિ સેવક સચિવ આવ્યાં વિકળ વિયોગ.

સીતાને શત્રુઘ્નને સોંપી શીલનિધાન,
ગુરુ આગમન સુણી તરત ધર્મધુરંધર રામ

દીનબંધુએ અનુજ સહ પહોંચી કર્યા પ્રણામ;
મુનિએ આલિંગી કર્યા બંનેને કૃતકામ.

*

(આખ્યાન)

પુલકિત ગુહે કહી નિજ નામ કર્યા દૂરથી દંડપ્રણામ;
રામસખા સમજી મુનિ મળ્યા, ધરતી પર પથરાયા ઘણા,
સમેટતા હો જેમ સપ્રેમ સ્નેહને; થયું સૌને એમ.

રઘુપતિ ભક્તિ સુમંગલ મૂળ વખાણતાં સુર વરસ્યા ફૂલ;
ગુહસમ કોણ જગતમાં નીચ, મહાન સૌથી ખરે વસિષ્ઠ.

(દોહરા)

લક્ષ્મણથી વધુ માનતાં ભેટ્યા પણ મુનિરાય,
સીતાપતિના ભજનનો પ્રગટ પ્રતાપ પ્રભાવ.

*

## ૩૧. સૌનો મેળાપ

(ચોપાઈ)

જાણી વ્યથિત બધાને રામે કરુણાસાગર શ્રીભગવાને
જેના મનમાં હતો ભાવ જેવો તેને સંતોષ આપ્યો એવો.

મળી સાનુજ સૌને ક્ષણમાં હર્યા દાહ ને દુઃખડાં સઘળાં;
એનો વિસ્મય ના રામને માટે, કોટિ ઘટમાં સૂરજછાયા ભાસે.

મળી કેવટને સાનુરાગ પુરજન લાગ્યા પ્રશંસવા ભાગ્ય;
રામે માતાઓને દુઃખી ભાળી, લતાપંક્તિ જાણે હિમે બાળી.

મળ્યા પ્રથમ કૈકેયીને રામ, ભાવે માતને કરી નિષ્કામ;
પડી ચરણે કરીને પ્રબોધ દીધો વિધિ કાળ કર્મને દોષ.

(દોહરા)

મળ્યા રામ સૌ માતને દઈ પ્રબોધ પરિતોષ;
માત, ઈશ આધીન જગ, કોઈનો ના દોષ.

અરુંધતી ને વિપ્રસ્ત્રી ચરણે કર્યા પ્રણામ,
ગંગા ગૌરીસમ કર્યું સર્વતણું સન્માન.

દેખી બંને બંધુનો એવો શુભ વ્યવહાર,
આશીર્વાદ દઈ વદી નારી મધુરી વાણ.

(ચોપાઈ)

બંને બંધુ મળ્યા સુમિત્રાને પામ્યા દીન જાણે સંપદાને;
પડ્યા પ્રેમે કૌશલ્યાના પદમાં, પ્રેમ વ્યાપ્યો ત્યારે સૌની રગમાં.

આપ્યું માતે મધુર આલિંગન, પ્રેમાશ્રુથી ભરાયાં નયન;
કેમ કહેવાય હર્ષ વિષાદ એ અવસરનો જ્યમ મૂકથી સ્વાદ.

કરી પ્રાર્થના ગુરુવરને રામે મળી લક્ષ્મણ સાથે કૌશલ્યાને,
આજ્ઞા પામી વસિષ્ઠની સર્વે એથી ઊતર્યા દેખી શુચિ સ્થળને.

(દોહરા)

દ્વિજ મંત્રી ગુરુ માત ને વિરલ જનોની સાથ,
ચાલ્યા સહર્ષ આશ્રમે ભરત અનુજ રઘુનાથ.

(ચોપાઈ)

સીતા મુનિને પ્રેમે પગે લાગી પામી ઉચિત આશિષ મનમાગી;
પછી ગુરુપત્નીને મળી પ્રેમે, પ્રેમ વર્ણવી ના શકું કેમે.

સૌનાં ચરણોમાં કરતાં પ્રણામ સીતા પૂર્ણ બની કૃતકામ;
જોઈ સકળ સાસુઓને જ્યારે મીંચી આંખ વ્યાકુળ બની ત્યારે.

રાજહંસી પડી વ્યાધ હાથ, દીધો દુષ્ટ વિધાતાએ સાથ,
દેખી સાસુઓને એવું લાગ્યું, હૈયે સીતાના તાંડવ જાગ્યું.

જોઈ સીતાને સૌ પીડા પામી, ચાલે દૈવ આગળ નવ કાંઈ;
સીતા ધૈર્ય ધારી અશ્રુ આણી મળી સાસુને સ્નેહ પ્રમાણી.

ત્યારે કરુણાની શીતળ છાયા વ્યાપી સર્વસ્થળે ભરી માયા.

(દોહરા)

સીતા વંદી સર્વને લઈ પરમ અનુરાગ,
સપ્રેમ આશિષ મેળવી રહો અમર સૌભાગ્ય.

*

સીતા સઘળી સાસુઓ વ્યાકુળ પૂર્ણ થઈ,
જ્ઞાની ગુરુએ બેસવા આજ્ઞા તરત કરી.

અનિત્યતા જગની કહી, માયા ખ્યાલ ધરી,
પરમાર્થ કથા વર્ણવી દીધી શાંતિ વળી.

(ચોપાઈ)

નૃપના સ્વર્ગગમનની વાત સુણી પામ્યા પીડા રઘુનાથ;
હેતુ મરણતણો નિજ નેહ સમજી વિકળ બની ગયા છેક.

કટુ કુલિશ કઠોરશી વાણી સુણી રડવાને લાગી રાણી;
સીતા લક્ષ્મણ વિકળ સમાજ બન્યો, રાજા મર્યા જાણે આજ.

મુનિએ સમજાવ્યા રામને પ્રેમે, કર્યું સ્નાન રામે ત્યારે કેમે;
પ્રભુએ નિર્જળ વ્રતદિન ગાળ્યો, સૌએ દિન એમ વીતાવ્યો સારો.

(દોહરા)

પ્રભાતમાં મુનિવરતણો અનુસરતાં આદેશ,
પ્રભુએ ક્રિયા બધી કરી શ્રદ્ધાભક્તિ સમેત.

પિતાતણી વેદોક્ત સૌ ઉત્તરક્રિયા કરી,
પાપ તિમિર રવિ રાઘવ પામ્યા શુદ્ધિ ફરી.

(ચોપાઈ)

જેનું નામ પાવક અઘતૂલ[17], સ્મરતાં સકલ સુમંગલ મૂળ,
એનું શુદ્ધ થવાનું છે એવું તીર્થ આહવાને ગંગાના જેવું.

વીત્યા બે દિન શુદ્ધિના જ્યારે કહ્યું રામે ગુરુવરને ત્યારે,
નાથ, લોક સૌ દુઃખી અપાર, કરે કંદ ફળ જળનો આહાર;
જોઈ ભરત સચિવ સહુ માત પીડા પામે છે અતિશય જાત.

[17] તૂલ - રૂ

માટે સૌ સાથે અવધ પધારો, એના મહિમાને પાછો વધારો;
તાત સ્વર્ગે તમે અહીં તેમ, કરો લાગે સમુચિત જેમ.

(દોહરા)

ધર્મસેતુ કરુણાળુ કાં કહો એમ ના રામ;
દુ:ખી લોક બે દિન લહે દર્શનથી વિશ્રામ.

*

## ૩૨. સત્કાર

(ચોપાઈ)

બન્યો ભયભીત સુણતાં સમાજ જેમ ડગમગે નદમાં જહાજ;
ગુરુની વાણી સુમંગલમૂળ, થયો જાણે મારુત અનુકૂળ.

જેના દર્શને પાતક જાય એવી નદીમાં ન્હાતાં ત્રણે કાળ;
જોતાં મંગલમૂર્તિ રામ ભરી આંખ કરીને પ્રણામ.

ચિત્રકૂટ ને વન જોવા જાય દુ:ખ જ્યાં ના સુખ સકળ સમાય;
ઝરણાં જળને સુધાસમ ઝરતાં, ત્રણે તાપ હરે વાયુ વહતાં.

તૃણ વેલ વિટપ અગણિત ફળફૂલ પલ્લવ હરે ચિત્ત;
શિલા સુંદર સુખદ તરુછાંય, શોભા વર્ણવી કોનાથી જાય ?

(દોહરા)

સરે સરોરુહ, જલ વિહગ કૂજે, ગૂંજે ભૃંગ;
વિગત વેર વિહરે વને મૃગવિહંગ બહુરંગ.

*

(આખ્યાન)

કોલકિરાત ભીલવનલોક, મધુ શુચિસુંદર સ્વાદુ અમોલ,
પર્ણપાત્રમાં પ્રણયે ભરી, કંદમૂળ ફળ અંકુર લઈ,

સવિનય દેતા કરી પ્રણામ કહી સ્વાદ ગુણપ્રકાર નામ;
મૂલ્ય લેશપણ લેતા નહીં, રઘુપતિકેરા શપથ દઈ.

વદતા પ્રેમમગન મૃદુ વાણ, સજ્જન કરે સ્નેહ સન્માન,
તમે ઉચ્ચ અમે નીચ નિષાદ, દર્શન પામ્યા રામ પ્રસાદ.

મરુભોમે ગંગાની ધાર દર્શન દુર્લભ એમ અપાર;
કૃપાળુ રામે કૃપા કરી, લીધા ભેદ સમસ્ત હરી.

(દોહરા)

સંકોચ તજી પ્રેમને પેખી કૃપા કરો,
કૃતાર્થ કરવાકાજ આ ક્ષુલ્લક ભેટ ગ્રહો.

પ્રિય અતિથિ આજે તમે આવ્યા છો વનમાં,
ભાગ્ય નથી સેવાતણું ચિંતા છે મનમાં.

ચોરી ના કરતા અમે સેવા મોટી એ,
કુટિલ કુચાલ કુમતિ જડ કુજાતિ હિંસક ને.

રાતદિવસ કરતા અમે અનેક પાપ છતાંય
કટિ પર વસ્ત્ર મળે નહીં, પેટ ન પૂર્ણ ભરાય.

પ્રભુપદપદ્મ નિહાળતાં દારુણ દુઃખ ટળ્યાં,
દોષ મટયા, સંકટ તથા ક્લેશ સમસ્ત શમ્યા.

શબ્દ સાંભળીને થયો જનતાને અનુરાગ,
વખાણી રહ્યા એમનું સર્વે ઉત્તમ ભાગ્ય.

રામચરણના પ્રેમથી સર્વે સુખ પામ્યાં,
સ્ત્રીપુરુષો નિજ જાતને લઘુ ગણવા લાગ્યાં.

વર્ષાજળથી મોર ને મેંઢક પુષ્ટ બને,
લોક હર્ષથી તેમ સૌ વિહર્યા સર્વ વને.

*

## 33. ભરતના વિચાર

(આખ્યાન)

પ્રેમમગ્ન પુરનાં નરનાર, વીત્યો પલક જેમ સહુ કાળ;
સીતા વેશ સાસુના જેવા ધરી કરી પૂર્ણ રહી સેવા.

લહ્યો નહીં કોઈયે મર્મ, માયા સીતા માયા સર્વ;
સેવાથી વશ સાસુ બની, અર્પી આશિષ શીખ ઘણી.

સ્વભાવ સીતા-રામતણો લક્ષ્મણનો પણ સરળ ઘણો,
દેખી થયો અસહ્ય અમાપ કૈકેયીને પશ્ચાત્તાપ.

કરી યાચના યમની પાસ વળી ધરિત્રી પાસે ખાસ,
ધરતી દેતી માર્ગ નહીં વિધાતા ન દે મૃત્યુ કહીં.

કહે લોક કવિ જન ને વેદ રામવિમુખ નર પામે ખેદ,
નરકમાંય પામે ના સ્થાન, સંતપ્ત બને સઘળે પ્રાણ.

(દોહરા)

સંદેહ થતો સર્વના મનમાં દિન ને રાત,
રામ અયોધ્યાગમનની સુણશે કે નવ વાત ?

નિદ્રા ના ને ના ક્ષુધા ભરત અનુભવે શોક,
અલ્પ વારિમાં મીનને જેમ થાય સંકોચ.

કુટિલ કાર્ય માતે કર્યું, ભરત વિચારે એમ,
રાજ્યાભિષેક રામનો કરી શકાશે કેમ ?

ગુરુની આજ્ઞા માનતાં પાછા ફરશે રામ,
જાણીને રુચિ રામની ગુરુ પણ કહેશે કામ.

માતાના આદેશથી પાછા રામ ફરે,
જનની પરંતુ રામની હઠ કોદીય કરે ?

ગણના મારી લેશ ના, મારો સમય ખરાબ,
કરું દુરાગ્રહ થાય તો એ અપરાધ અમાપ.

દાસધર્મ કૈલાસના કરતાં કહ્યો કઠોર;
ભરતચિત્તમાં ઉદભવ્યા વિચાર ચારેકોર.

એકે યુક્તિ ભરતને ઉત્તમ ના લાગી,
પસાર કીધી રાતને વિચારમાં જાગી.

સ્નાન કરી રઘુનાથને બેઠા કરી પ્રણામ
ત્યાં જ વસિષ્ઠે ભરતને બોલાવ્યા નિષ્કામ.

વંદી ગુરુપદકમળને બેઠા સાદર પાસ,
વિપ્ર મહાજન સચિવ જ્યાં હતા સભાસદ ખાસ.

(આખ્યાન)

બોલ્યા મુનિવર મંગલ વાણ, સુણો સભાસદ ભરત સુજાણ,
ધર્મધુરંધર રઘુકુળપ્રાણ રાજા રામ સ્વવશ ભગવાન.

સત્યવચન શ્રુતિપાલક રામ જન્મ્યા જગમંગલ કૃતકામ;
માત-તાત ગુરુને અનુસરે, ખલદલ દલન, દેવ હિત કરે.

નીતિ પ્રીતિ પરમારથ સ્વાર્થ જાણે કેવળ રામ યથાર્થ;
વિધિ હરિહર રવિ-શશિ દિગપાલ, માયા જીવ કર્મ ને કાળ;

શેષનાગ નૃપ સહુ પ્રભુતા, યોગસિદ્ધિ સુપ્રસિદ્ધ મહા,
જુઓ કરી સંપૂર્ણ વિચાર, રામ સર્વના છે પ્રતિપાળ.

(દોહરા)

આજ્ઞા ઈચ્છા રામની સુખપ્રદ સદા હશે;
બુદ્ધિમાન એવું ગણી કરજો સંમત તે.

(આખ્યાન)

સહુને સુખદ રામઅભિષેક મંગલ મોદ મૂલ મધુ એક;
આવે અવધ ફરીથી રામ કરવું ઘટે એ હવે કામ.

નીતિ ધર્મ સ્વાર્થભરી વાણ સૌએ સુણી ધરીને ધ્યાન,
ઉત્તર મળ્યો ઉચિત નવ કો, ભરતે કહ્યું વંદતાં તો.

સૂર્યવંશમાં ભૂપ અનેક, થયા અધિક ઉત્તમ પ્રત્યેક;
હેતુ જન્મકેરાં મા-બાપ, કર્મ શુભાશુભ વિધિને હાથ.

આશીર્વાદ આપના શ્રેષ્ઠ સંકટનાશક હિતકર છેક;
વિધિગતિને પણ રોકી તમે; ટેક તમારી કેમ જ ટળે ?

(દોહરા)

ઉપાય પૂછો છો મને એ મારું કમભાગ;
ગુરુઉરમાં શબ્દો સુણી પ્રગટ્યો અતિ અનુરાગ.

બોલ્યા ગુરુ, સાચું કહ્યું રામકૃપાથી એ;
રામવિમુખને સિદ્ધિ ના શાંતિ મળે સ્વપને.

સંકોચાઉં વાતને સત્ય કહેતાં એક,
બુધ છોડે અડધું જતું જ્યારે લાગે છેક.

(આખ્યાન)

ઉભય બંધુ જાઓ વનમાં, સીતારામ ફરે પુરમાં;
વચન સુણીને હરખ્યા ભ્રાત, પરિપૂર્ણ બન્યાં સુખથી ગાત્ર.

મન પ્રસન્ન, તન થયો પ્રકાશ, આવ્યા નૃપ રામ બન્યા રાજ;
અલ્પ હાનિ જનને વધુ લાભ; સમ સુખદુઃખ સૌ રોઈ માત.

ભરતે કહ્યું, મધુર મુનિકથન જગને અભિમતદાયક સકળ;
કરીશ જીવનભર વનવાસ, સુખ એથી સાંપડશે ખાસ.

(દોહરા)

અંતર્યામી રામસિય; છો સર્વજ્ઞ સુજાણ;
સત્ય કહો તો વચનને આજે કરો પ્રમાણ.

(આખ્યાન)

વચન સુણી દેખીને સ્નેહ સભાસહિત મુનિ થયા વિદેહ;
ભરત મહામહિમા જલરાશી મુનિમતિ ત્યાં ઊભી અબલાશી.

ઉપાય શોધ્યો કરવા પાર, પામી શક્યા નહીં નિસ્તાર;
નૌકાનાવ ન મછવો મળ્યો, મનનો ઉમંગ મનમાં રહ્યો.

ભરત શ્રેષ્ઠતા કોણ કહે, સરછીપે ના સાગર રહે.

ભરત મુનિના મનમાં ગમ્યા; રામપાસ મુનિ સૌ સહ ગયા;
પ્રભુએ પ્રણમી અર્પ્યું સુઆસન, બેઠાં સૌ રત મુનિ અનુશાસન.

બોલ્યા મુનિવર કરી વિચાર દેશકાળ અવસર અનુસાર,
સુણો રામ સર્વજ્ઞ સુજાણ ધર્મનીતિ ગુણ જ્ઞાનનિધાન.

(દોહરા)

વસો સર્વના હૃદયમાં, જાણો ભાવકુભાવ;
જન જનની હો ભરતહિત એવો કહો ઉપાય.

*

(આખ્યાન)

આર્ત વદે ના કરી વિચાર, રમે દાવ રમનાર જુગાર;
વદ્યા વચન સુણતાં રઘુરાય, નાથ, આપને હાથ ઉપાય.

આજ્ઞાપાલન પ્રેમે થાય, સૂચન તમારું ને સચવાય,
હિત એમાં સૌનુંય રહ્યું; આજ્ઞા જે હો તેમ કરું.

બોલ્યા મુનિ, સત્ય કહ્યું રામ, શમ્યા વિચાર ખરે જ તમામ;
ભરત રુચિ મુજબ જે પણ થશે, શિવસાક્ષીએ શુભ તે હશે.

(દોહરા)

બુદ્ધિ મારી ભરતની ભક્તિને વશ છે;
અરજ ભરતની સાંભળો સાદર આજ તમે.

પછી સાધુમત, લોકમત, રાજનીતિ ને વેદ,
વિચારી કરો યોગ્ય તે સમજી સૌનો ભેદ.

પ્રેમ ભરત પ્રતિ ગુરુતણો પેખી થયા પ્રસન્ન,
ધર્મધુરંધર ભરતને જાણી વદ્યા વચન

નિજ સેવક તનમન તથા વચને જાણીને,
રામ, ભરતશો ના જગે દીઠો ભાઈને.

(આખ્યાન)

જે ગુરુપદ પંકજ અનુરાગી લોકવેદમાં તે બડભાગી;
જેના પર આપતણો રાગ, ભરતતણું કોણ કહે ભાગ્ય ?

કરતાં લઘુબંધુનાં વખાણ સન્મુખ સંકોચાયે પ્રાણ;
ભરત કહે તે ઉચિત હશે, હિતકર તેનો અમલ થશે.

(દોહરા)

કહ્યું વસિષ્ઠે ભરતને, સંકોચ તજી તાત,
કૃપાસિંધુ પ્રિય બંધુને કહો હ્રદયની વાત.

*

મુનિશબ્દ સુણી રામની ઈચ્છાને જાણી,
અનુકૂળ ગણી ઉભયને, ભાર શિરે માની;

પુલકિત તન ઊભા થયા ભરત સભામાં ત્યાં,
બોલ્યા પ્રેમાશ્રુ ભરી લોચન પંકજમાં.

કથન કહ્યું મુજ મુનિવરે, અધિક કહું શું હું,
નિજ નાથતણો પૂર્ણ હું સ્વભાવ જાણું છું.

અપરાધી પર ના કરે સ્વપ્ને ક્રોધ કદી,
કૃપાસ્નેહની વરસતી મારી ઉપર ઝડી.

ખેલકૂદમાંયે કદી રીસ નથી જોઈ,
રીત કૃપાની એમની જાણે જન કોઈ.

(આખ્યાન)

શૈશવથી છોડ્યો ના સંગ, કર્યો કદી ના મુજ મનભંગ;
થઈ હોય મુજ રમતે હાર, પ્રભુ જીતાડતા તો તત્કાળ.

(દોહરા)

સ્નેહ તથા સંકોચવશ મેં પણ કહ્યું ન વેણ;
દર્શનતૃપ્ત થયાં ન હજુ પ્રેમે તરસ્યાં નેન.

વિધાતા સહી ના શક્યા પરંતુ મારાં લાડ,
અંતર પાડ્યું ઉભયનું નીચ કરીને માત.

એમ કહેવામાંય ના શોભા મારી આજ,
પોતાની સમજે થયો કોણ સાધુ સૌ કાજ ?

*

(ચોપાઈ)

માતા નીચ ને હું સદાચારી એવી માન્યતા સાચે નઠારી,
કરે કોદરા ડાંગર કોદી ? કાળી છીપ જન્માવે છે મોતી ?

દોષ સ્વપ્નમાં ના દઉં લેશ, મારું દુર્ભાગ્ય સિંધુ વિશેષ;
બધું મુજ પાપનું પરિણામ, કહે કુવચન માને તમામ.

કરી હૃદયમાં શોધ હું હાર્યો, શુભ સાધન તોય ના પામ્યો;
ભલું એક પ્રકાર છે મારું, લાગે પરિણામ છેવટે સારું.

ગુરુ સર્વસમર્થ છે મારા, સ્વામી સીતાના રામ છે ન્યારા;
પ્રેમે સંનિધિ એમની પામ્યો, તીર્થસ્થાને આ મહિમાને જાણ્યો.

(દોહરા)

પ્રપંચ છે કે પ્રેમ છે સત્યાસત્ય વળી,
વસિષ્ઠ મુનિ ને રામથી એ છે ગુપ્ત નહીં.

*

(ચોપાઈ)

છોડ્યો પણને લીધે નૃપે પ્રાણ, જનની કુમતિની જગને છે જાણ;
જોઈ વ્યાકુળ જનની ના જાય, તપ્ત નરનારી તાપથી થાય.

હું જ સકળ અનર્થોનું મૂળ, સુણી સમજી સહું સર્વ શૂળ;
વનગમન કર્યું રઘુનાથે મુનિવેશે લક્ષ્મણ સીતા સાથે.

પદત્રાણ વિના પગપાળા રહ્યો જીવતો સાંભળી ચાલ્યા;
વળી નીરખી નિષાદનો સ્નેહ પડ્યો કઠિન ઉરે નવ છેદ.

અહીં સઘળું સગી આંખે જોયું તોય જીવન મેં નવ ખોયું;
જોઈ જેમને વીંછી ને સર્પ તજે વિષ ક્રોધ તેમજ દર્પ.

(દોહરા)

તે રઘુનંદન અનુજ ને સીતાહિત ન કર્યું,
તેથી મુજને દુઃસહ દુઃખ એકાએક મળ્યું.

*

(ચોપાઈ)

અતિશય વિકળ સુણી એ વાણી દુઃખ પ્રીતિ નીતિ વિનયવાળી,
સઘળે શોક છવાયો પ્રાણે, પડ્યું કમળવને હિમ જાણે.

કહી વિવિધ કથાઓ પુરાણી આપી બોધ રહ્યા મુનિ જ્ઞાની;
બોલ્યા ઉચિત વચન રઘુનંદ દિનકર કુળરૂપ કુમુદવનચંદ.

તમે શોક વ્યથા વ્યર્થ માનો, જીવની ઈશ આધીન ગતિ જાણો;
ત્રણે ભુવને તથા ત્રણ કાળે તમે પુણ્યાત્મા સૌથી વધારે.

દેખે જેઓ કુટિલતા તમારી લોક-પરલોક તે જાય હારી;
દોષ જનનીને દે જડ એવા જેણે ગુરુની કરી નવ સેવા.

(દોહરા)

મટશે પાપ પ્રપંચ સૌ અખિલ અમંગલ ભાર,
સ્મર્યે તમારા નામને (આ લોકે મળશે યશ)
(આ લોકે મળશે યશ) પરલોકે સુખસાર.

*

(ચોપાઈ)

કહું સત્ય તમોને ભરત હે, પૃથ્વી રાખી તમારી રહી છે;
હવે વ્યર્થ કુતર્ક કરો ના, વેરપ્રેમ ઢાંકેલા રહે ના.

મુનિવર પાસે વિહગપશુ જાય, હિંસક જનને નીરખી નાસે ક્યાંય;
મિત્રરિપુને પશુપક્ષીયે જાણે, જ્ઞાની ગુણીજન કાં ન પ્રમાણે ?

તમને સારી રીતે સમજું છું, ઉરમાં ભાવોર્મિ જાગી રહી શું;
રાખ્યું સત્ય મને તજી રાજે, છોડી કાયાને પણને કાજે.

વચનો મિથ્યા કર્યે થાય શોક, એથી અધિક તમારો સંકોચ;
કિન્તુ ગુરુએ આપ્યો છે આદેશ, ઈચ્છું કરવા તમે કહો તે જ.

(દોહરા)

મુદિત મને સંકોચ વિણ કહો તે કરું આજ;
સુણી રામના શબ્દને થયો પ્રસન્ન સમાજ.

*

(ચોપાઇ)

સુરગણ સહિત સભય સુરરાજ બોલ્યા બનશે બધુંયે અકાજ;
કરતાં કાંઈ ઉપાય ના થાય, ચાલો રામશરણે મનમાંહ્ય.

દેવે દુઃખને વેઠ્યું અપાર ત્યારે લીધો નૃસિંહે અવતાર;
હવે કામ છે ભરતને હાથ, બોલ્યા દેવો સર્વે મળી સાથ.

રામ સેવા સેવકકેરી માને, શ્રેષ્ઠ સેવકને સદા જાણે;
માટે રામને વશ કરનારા સ્મરો સ્નેહે ભરતને જ પ્યારા.

(દોહરા)

વદ્યા બૃહસ્પતિ, દેવ સૌ તમે ખરે બડભાગ;
સકળ સુમંગલમૂળ છે ભરતચરણ અનુરાગ.

સીતાપતિ શ્રીરામના સેવકની સેવા,
કામધેનુ શતસમ કહી દેનારી મેવા.

ભરતભક્તિ મનમાં વસી તજો હવે તો શોક,
સુધરી વિધિથી વાત સૌ, ચિંતા છોડો ફોક.

(ચોપાઈ)

જુઓ ભરતનો પરમ પ્રભાવ, વશ રઘુવર સહજ સ્વભાવ;
જાણી ભરતને રામની છાયા મનને સ્થિર કરો તજી ભય માયા.

જાણી દેવોનો શોક વિચાર થયો સંકોચ પ્રભુને અપાર;
ભરતે નિજ શિર પર જાણ્યો ભાર, કર્યાં અનુમાનો વિવિધ તે કાળ.

કર્યો નિર્ણય મનમાં પછી કે, રામ કરશે સૌ હિતકર હશે તે;
છોડી નિજ પણ મુજ પણ રાખ્યું, એને અનુગ્રહ અલ્પ ના ભાખ્યું.

(દોહરા)

કર્યો અનુગ્રહ અમિત અતિ સૌ વિધ સીતાનાથ;
કરી પ્રણામ ભરતે કહ્યું જોડીને બે હાથ.

અંતર્યામી નાથ હે કૃપાસમુદ્ર મહાન,
કહું શું કહાવું વળી વદી તમોને વાણ ?

*

(આખ્યાન)

ગુરુ પ્રસન્ન સાહેબ અનુકૂળ, મટી મલિન મનકલ્પિત શૂળ.
કારણ શોકતણું નવ કશું, મિથ્યા ભય તમ મનમાં હતું.
માત કુટિલતા, મુજ દુર્ભાગ્ય, વિધિગતિ વિષમ, કાળ વિકરાળ,

સૌયે મળી કર્યો મુજ નાશ; તમે ઉગાર્યો મુજને ખાસ.
આપની ન એ નૂતન રીત, લોક વેદમાં પ્રસિદ્ધ પ્રીત.

જગત ખરાબ, ભલા છો આપ, જપવા કેમ ભલાઈ જાપ ?
કલ્પવૃક્ષસમ સહજ સ્વભાવ, રાગદ્વેષનો સદા અભાવ.

(દોહરા)

કલ્પવૃક્ષને ઓળખી એની પાસે જાય,
કેવળ છાયા પામતાં શોકમુક્ત તે થાય.

રાજા-રંક ભલા-બૂરા જ્ઞાની ને અજ્ઞાન,
મનમાન્યું ફળ મેળવે કરતાં કેવળ માંગ.

સ્વામી ગુરુના સ્નેહને દેખી ક્ષોભ મટ્યો,
ચિત્તમહીં સંદેહ કે શોક રહ્યો ન કશો.

કરુણાનિધિ, કરુણા કરી એવું હવે કરો,
થાય દાસહિત, ક્ષોભ હો પ્રભુને નહીં કશો.

સ્વામીને સંકોચમાં નાખી હિત ચાહે,
તે સેવકની બુદ્ધિને અધમ બધા ભાખે.

સેવકહિત સ્વામીતણી સેવામાં જ રહ્યું;
સકળ લોભ સુખ છોડતાં સેવક કરે કહ્યું.

પાછા ફરો તમે રહ્યો એમાં સૌનો સ્વાર્થ,
આજ્ઞાપાલન શુભ સદા, એ જ પરમ પરમાર્થ.

દેવ, અરજને સાંભળી કરવા યોગ્ય કરો,
તૈયાર કર્યો સાજ છે તિલકતણો સઘળો.

સફળ કરો તેને, કરો સૌને વળી સનાથ,
વનમાં મુજને મોકલો હર્ષે સાનુજ સાથ.

લક્ષ્મણ ને શત્રુઘ્નને પાછા કે વાળો,
કાપું વસતાં સાથ હું વનનો પથ ન્યારો.

જઈએ ત્રણે બંધુ કે અમે સાથ વનમાં,
સીતાસહ પાછા ફરો તમે અવધપુરમાં.

કરુણાસાગર પ્રભુ તમે પ્રસન્નમન હો જેમ,
ઉપાય તે જ કરો હવે, કરો યોગ્ય હો તેમ.

(આખ્યાન)

મૂક્યો મુજ પર સઘળો ભાર, મુજમાં નીતિ ન ધર્મવિચાર;
વચન કહું સ્વાર્થથકી છેક, હોય આર્તને નહીં વિવેક.

સ્વામીનો સુણતાં આદેશ સામો ઉત્તર આપે લેશ,
લજ્જા તેનાથી શરમાય, કૃપાતણું ધન તે ન કમાય.

હું છું અવગુણ ઉદધિ અગાધ, કરી રહ્યો સામેથી વાદ;
તોય સાધુ સમજી સસ્નેહ વખાણો મને નિસ્સંદેહ.

રુચે કૃપાળુ, મને મત એ જ, તમને હો સંકોચ ન લેશ;
પ્રભુપદશપથ વદું છું વાણ, રહ્યું એ મહીં જગ કલ્યાણ.

(દોહરા)

પ્રસન્ન મનથી આપશે પ્રભુ જે પણ આદેશ,
થશે અનુસરણ એહનું, મટશે ઉપદ્રવ ક્લેશ.

*

## ૩૪. જનકના દૂત

(આખ્યાન)

ભરતવચનથી હરખ્યા સુર, સાધુ કહેતાં વરસ્યા ફૂલ;
પડી દ્વિધામાં અવધપ્રજા, તપસ્વી બન્યા મુદિત ઘણા.

મૌન રહ્યા રઘુનાથ તદા ચઢી વિચારે સકળ સભા;
જનકદૂત આવ્યા તે સ્થળે, બોલાવ્યા મુનિએ તે ક્ષણે.

કર્યા રામને પ્રેમપ્રણામ; થયા વેશથી વ્યથિત તમામ;
કુશળ વિદેહી જનક ખરે, પૂછ્યું મુનિએ મધુર સ્વરે.

(દોહરા)

ઢાળીને શિર ધરતી પર જોડી પ્રેમે હાથ,
દૂત વદ્યા, પૂછ્યું તમે અમને આદર સાથ

એજ કુશળતાનું ખરું કારણ છે સાંઈ,
કુશળતા ગઈ દશરથ સાથે ગોસાંઈ !

આખું જગત થઈ ગયું એથી ખરે અનાથ,
મિથિલા અવધ અધિક થયાં અનાથ છેક જ નાથ !

(આખ્યાન)

કોશલપતિ ગતિથી સૌ લોક બન્યા વ્યથિત અનુભવતાં શોક;
ત્યારે જોઈ વ્યથિત વિદેહ થયો નામમાંહી સંદેહ.

(દોહરા)

કુચાલ રાણીની સુણી ખિન્ન બન્યા નરપાલ,
શૂન્યમનસ્ક થયા, બને જેમ મણિ વિના વ્યાલ.

રાજ્ય ભરતને રામને વળી ઘોર વનવાસ,
સુણિ હૃદય મિથિલેશનું પીડા પામ્યું ખાસ.

કહ્યું એ પછી નૃપતિએ, બુધ ને સચિવ સમાજ,
કહો વિચારી શાંતિથી ઉચિત હોય તે આજ.

કહી શક્યા નિર્ણય કરી કોઈ કાંઈ ના,
અવધપુરીની દેખતાં અતિશય દુઃખદ દશા.

રાજાએ ધીરજ ધરી અવધપુરીમાં ચાર,
ગુપ્તચરોને મોક્લ્યા વિચારતાં તત્કાળ.

કહ્યું ભરતનો જાણવા ભાવ તેમ દુર્ભાવ,
જલદી પાછા આવવા અજ્ઞાત રૂપે સાવ.

ગુપ્તચરે અવધે જઈ પરિસ્થિતિને જોઈ,
ભરત ચિત્રકૂટ પ્રતિ ગયા રાજ્યલોભ ખોઈ.

જનકસભામાં એમણે વર્ણન સર્વ કર્યું.
ગુરુપરિજન નૃપ સચિવનું ભાવે હૈયું ભર્યું.

પ્રશંસા કરી ભરતની જનકે ધૈર્ય ધરી,
સેનાપતિ ને સુભટને બોલાવ્યા જલદી.

ઘર, નગર અને દેશમાં રાખી રક્ષકને,
તૈયાર કર્યાં વાહનો, હયગય ને રથને.

મુહૂર્ત જોઈ નીકળ્યા ચાલી એ તત્કાળ,
માર્ગે ના વિશ્રામને કરી શક્યા ક્ષણવાર.

પ્રયાગમાં ચાલ્યા કરી આજ સવારે સ્નાન,
અમને આગળ મોકલ્યા કરતા યમુનાપાર.

એમ કહી વંદન કર્યાં ઢાળી સૌએ શીશ;
વિદાય આપી મુનિવરે રક્ષકસાથ સપ્રીત.

જનક આગમન સાંભળી હરખ્યો અવધસમાજ,
થયા રામ સંકોચવશ, વિચારવશ સુરરાજ.

*

(ચોપાઈ)

ગળતી ગ્લાનિથી કુટિલ કૈકેયી, કહે કોને કે દોષ દે અમથી;
જોઈ જનક મુદિત નરનાર કહે રહીશું દિવસ વળી ચાર.

એમ દિવસ વીતી ગયો એક, બીજે દિવસે ન્હાઈને દરેક,
ગૌરી ગણપતિ શિવરવિકેરું કરવા પૂજન લાગ્યા અનેરું.

વંદી લક્ષ્મીપતિ પદને પ્રેમે કરવા અરજ લાગ્યાં બધા કેમે,
રાજા રામ ને જાનકી રાણી, અવધિ સુખની અવધ રાજધાની,

વસો ફરીથી સહિત સમાજ, કરો ભરતને રામ યુવરાજ;
અર્પી એવો સરસ સુધાસ્વાદ ધરો જગને જીવનતણો લાભ.

(દોહરા)

ગુરુ સમાજ ભાઈ સમાજ રામરાજ્ય પુર હો,
રામ રહે હો અવધમાં મરણ, કહે સહુ કો.

*

(ચોપાઈ)

સુણી પુરજન પ્રેમળ વાણી નીંદે યોગ વિરતિ મુનિ જ્ઞાની;
કરી પુરજન કર્મ તમામ કરવા રામને લાગ્યા પ્રણામ.

ઉચ્ચ નીચ મધ્યમ નર-નાર પામ્યાં દર્શન ભાવાનુસાર;
રામે કીધું સૌનુંયે સન્માન, કર્યાં રામનાં સૌએ વખાણ.

હતી રામની પ્રથમથી ટેવ, નીતિ અનુસરતા પરખીને પ્રેમ;
શીલસંકોચસિંધુ શ્રીરામ, સરળ, વદનલોચન અભિરામ.

કહેતાં રઘુવર ગુણગણ રાગ વખાણતા સૌ નિજ ભડભાંગ;
જગમાં અલ્પ હશે જન એવા થયા રામના પોતાના જેવા.

*

## ૩૫. જનકનું આગમન

(દોહરા)

પ્રેમમગ્ન સૌ, સાંભળી પધારતા મિથિલેશ,
સભાસહિત ઊભા થયા રઘુકુલકમલ દિનેશ.

*

(ચોપાઈ)

બંધુ સચિવ ગુરુ પુરજન સાથ આગળ ચાલ્યા શ્રીરઘુનાથ;
જનકે ગિરિવર દર્શન કરી રથને છોડ્યો તરત જ નમી.

રામમિલન લાલસા ઉમંગ લાગ્યો પરિશ્રમ ક્લેશ ન પંથ;
હતાં રામસીતાસહ મન, સુખદુઃખ ક્યાંથી પામે તન ?

જનક આવતા ચાલ્યા એમ સહિત સમાજ પ્રેમરત જેમ;
પહોંચતાં પ્રેમ વધ્યો પાસ, મળ્યાં પરસ્પર સાદર ખાસ.

જનકે મુનિપદ કર્યા પ્રણામ, નમ્યા ભાવથી ઋષિને રામ;
બંધુસહ મળી નૃપને રામ આશ્રમ પ્રતિ ચાલ્યા કૃતકામ.

(દોહરા)

આશ્રમ સાગર શોભતો શાંત પુનિત જળ સાથ;
સેવા કરુણારસ નદી, લીધી રામે સાથ.

ડુબાડવા લાગી નદી જ્ઞાન-વિરતિ તટને,
શોકવચન નાળાં બની મળી રહ્યાં જળને.

શોકસભર નિઃશ્વાસના સુતીક્ષ્ણ વાયુ તરંગ,
ધીરજતટ તરુવર તણો કરતા સત્વર ભંગ.

(આખ્યાન)

વિષમ વિષાદ તીક્ષ્ણ નદીધારા, ભય ભ્રમ ભંવર આવર્ત અપાર;
બુધજન કેવટ વિદ્યા નાવ, મતિથી ચલવી શકે ન સાવ.

વનચર કોલકિરાત અપાર થાક્યા જોઈ પામ્યા હાર;
આશ્રમ અર્ણવમાં જ્યાં મળી અર્ણવ ઊઠયો ત્યાં ખળભળી.

ઉભય શોકરત રાજસમાજ, રહ્યાં જ્ઞાન ધીરજ ના લાજ;
કરી ભૂપ ગુણશીલ વખાણ કર્યું શોકસાગરમાં સ્નાન.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ન્હાતાં સમુદ્રે શોકના સ્ત્રીપુરુષ અતિવ્યાકુળ બન્યાં,
વિધિને દઈને દોષ શું કર્યું કહી ક્રોધે સૌ રહ્યાં;
સુર સિદ્ધ યોગી તપસ્વી મુનિ દશા દેખી જનકની
કોઈ સમર્થ હતા ન તરવા સ્વલ્પ સરિતા સ્નેહની.

(દોહરા)

જ્યાં ત્યાં મુનિઓએ કર્યો લોકોને ઉપદેશ;
કહ્યું વસિષ્ઠે જનકને ધીરજ ધરવા લેશ.

*

જ્ઞાનસૂર્ય જેનો કરે ભવરજનીનો નાશ,
વચનકિરણ જેનાં કરે મુનિમનકમળ વિકાસ,

એમને અડી મોહ કે મમતા કેમ શકે,
મહિમા સીતારામના હતો સ્નેહનો એ.

(આખ્યાન)

વિષયી સાધક જ્ઞાની સિદ્ધ ત્રિવિધ પુરુષ એ વેદપ્રસિદ્ધ,
જેનો રામપ્રેમમય પ્રાણ સાધુ મધ્ય તેનું સન્માન.

સોહે પ્રેમ વિના નવ જ્ઞાન, જેમ ખલાસી વગર વહાણ;
શીખ જનકને મુનિએ ધરી; સ્નાન કર્યું જનતાએ વળી.

શોકમગ્ન સઘળાં નરનાર, તે દિન જળ ના ગ્રહ્યું લગાર;
કર્યો ન વિહગ મૃગે આહાર, કેમ કરે પશુ પ્રિય પરિવાર ?

(દોહરા)

સ્નાન જનક રામે તથા સૌએ કર્યું પ્રભાત;
બેઠાં વડ નીચે બધાં ઉદાસ મન કૃશ ગાત્ર.

અવધ અને મિથિલામહીં રહેનારા દ્વિજ જે,
શતાનંદ ઉપદેશતા શ્રેય પ્રેય પથને,

દેવા લાગ્યા ધર્મ ને નીતિ વિરતિ ઉપદેશ,
ગુરુ વસિષ્ઠ પણ પ્રેમથી પરમજ્ઞાન સંદેશ.

વિશ્વામિત્રે સર્વને જૂની કથા કહી;
સુંદર વાણીને સુણી સૌએ શાંતિ લહી.

રામે વિશ્વામિત્રને સાદર પછી કહ્યું,
કાલે સૌએ શોકથી જળ પણ નથી ગ્રહ્યું.

ઈચ્છા વિશ્વામિત્રની જાણી જનક વદ્યા,
કરવું ભોજન ઉચિત ના આજે આ સ્થળમાં.

ઉત્તમ લાગી સર્વને મિથિલાપતિની વાણ;
આજ્ઞા પામી સૌ ગયાં કરવા માટે સ્નાન.

એ સમયે ફળફૂલદલ મૂળ અનેક પ્રકાર,
લાવ્યા વનવાસી વિપુલ ભરતાં કાવડ ભાર.

*

(આખ્યાન)

કામદ થયો ગિરિ રામપ્રસાદ, હરતો અવલોકતાં વિષાદ;
સરસરિતા વનભૂમિ વિભાગ રેલે પ્રસન્નતા અનુરાગ.

વેલવિટપ સહુ સફળ સફૂલ, બોલો ખગ મૃગ અલિ અનુકૂળ;
વનમાં વ્યાપ્યો અધિક ઉમંગ, ત્રિવિધ વાયુ રેલે રસ ગંધ.

સુંદરતા નવ કહી શકાય, કરે જનક આતિથ્ય ધરાય;
સ્નેહે સૌએ સ્નાન કરી, રામ જનક મુનિ સંમતિ ધરી,

દેખી તરુવર કરતાં રાગ ઊતર્યાં જ્યા ત્યાં કરતાં માગ.
કંદમૂળ ફળદલ રસપ્રાણ પાવન સુંદર સુધા સમાન.

(દોહરા)

વસિષ્ઠ મુનિએ મોકલ્યાં સાદર ભરતાં ભાર;
પૂજી પિતૃ સુર અતિથિ ગુરુ, શરૂ કર્યો આહાર.

ચાર દિવસ વીતી ગયા અદભુત રીતે એમ;
વિચારતાં સૌ રામવિણ ફરાય પાછાં કેમ ?

*

## ૩૬. સન્નારીઓના ભાવો

(આખ્યાન)

સીતા-રામ સંગ વનવાસ કોટિ સ્વર્ગસમ સુખમય ખાસ;
તજી કરે જે ઘરની પ્રીત તેનાથી છે વિધિ વિપરીત.

દૈવ સર્વનું કરે સહાય રામપાસ તો વને વસાય.
મંદાકિનીસ્નાન ત્રણ કાળ, દર્શન મધુ મુદ મંગલ માળ.

ગિરિવિહાર વન તાપસસ્થાન, કંદમૂળફળ સુધા સમાન;
ચૌદ વરસ સુખ સાથે જશે, પસાર પળની પેઠે થશે.

(દોહરા)

કહે બધાં એ સુખ મળે એવું છે ના ભાગ્ય;
ઉભય સમાજમહીં હતો રામચરણ અનુરાગ.

(આખ્યાન)

એમ મનોરથ સઘળાં કરે પ્રેમવચનથી મનને હરે;
દાસી સીતા-જનનીતણી આવી એ સમયે ત્યાં ઘણી.

સીતા સાસુતણો અવકાશ સુણી જનકનો રાણીવાસ,
પધારતાં કીધું સન્માન કૌશલ્યાએ પ્રાણસમાન.

શીલસ્નેહ બંનેના ઓર દ્રવે દેખતાં કુલિશ કઠોર;
શિથિલ થયાં તન પુલકિત તેમ, શોકિત ઉરથી ટપક્યો પ્રેમ.

(દોહરા)

પગથી ખોતરતી રહી જમીનને સઘળી,
પ્રેમમૂર્તિ પ્રગટી સ્વયં કરુણા વેશ ધરી.

સીતામાતા સુનયના ત્યારે બોલી કે,
વક્ર બુદ્ધિ વિધિની ખરે વિનાશકારક છે.

કોમળ કે નિર્દોષ પર વિપત્તિને નાખે,
અમૃતની વાતો થતી, ઝેર બધે રાખે.

વિધાતાતણાં છે કહ્યાં કામ બધાંય કરાળ;
જ્યાં ત્યાં કાગ ઉલૂક બક, માનસ સરે મરાલ.

*

(આખ્યાન)

વદી શોકિત ત્યાં દેવી સુમિત્રા, વિધિગતિ અતિવિપરીત વિચિત્રા;
રચે સૃષ્ટિ પાળે સંહારે, બાળ કેલિસમ વિધિમતિ ભારે.

કૌશલ્યાએ કહ્યું, ન દોષ કોઈનો, નવ કો પ્રતિ રોષ;
કર્મવિવશ દુઃખ-સુખ ક્ષતિ-લાભ, ગહન કર્મગતિ જાણે આભ.

જે શુભ અશુભ સકળ ફળ દે જાણે ફક્ત વિધાતા દે.
ઉત્પત્તિ સ્થિતિ લય સંહાર, અમૃત વિષ સુખ-દુઃખ અપાર.

ઈશ્વર ઈચ્છા સૌથી ચઢે, અનુસરવું બસ એને પડે.
વ્યર્થ મોહવશ કરવો શોક, વિધિગતિ અચળ અનાદિ અમોઘ.

ચિંતા નૃપના મરણતણી હાનિ સ્વહિતની સમજી ઘણી,
કરતાં સદા સ્વાર્થને કાજ, સમજી લેજો સઘળા આજ.

(દોહરા)

કહ્યું સુનયનાએ તમે વાણી સત્ય કહી;
રાણી સુકૃત અવધિસમા દશરથતણાં બની,
ઉત્તર વાણીને વદો આવી કેમ નહીં ?

સીતા લક્ષ્મણ રામનું શુભ વનગમન થશે,
ખરાબ એનું આવશે ના પરિણામ કશે.

મને ભરતની થાય છે ચિંતા કિન્તુ ખરે;
બોલી કૌશલ્યા તરત અતિશય આર્તસ્વરે.

ઈશકૃપા આશિષથકી દિવ્ય તમારી તેમ,
સુત ને સુતવધુ શુદ્ધ છે ગંગાના જળ જેમ.

રામશપથ કોદી નથી કયાંયે લીધા મેં,
છતાં લઈ આજે કહું સત્યભાવથી કે

ભરત શીલ ગુણ નમ્રતા બંધુપ્રેમ વિશ્વાસ,
ભદ્રતા શકે વર્ણવી સરસ્વતી ના ખાસ

છીપથી કદી સિંધુનું નીર ન ખાલી થાય;
સરસ્વતીની બુદ્ધિ પણ અસમર્થ બની જાય.

સદાય સમજું ભરતને સમસ્ત કુળનો દીપ;
કહેતા મુજને પ્રેમથી વારંવાર મહીપ.

સુવર્ણ કસતાં રત્ન ને પારખુથી પરખાય;
પુરુષપરીક્ષા સમય પર સ્વભાવથી જ કરાય.

અયોગ્ય દીસે કથન પણ મારું એવું છેક,
શોક સ્નેહમાં શાણપણ ઘટી જાય છે નેક.

કૌશલ્યાની ગંગસમ પવિત્ર સુણતાં વાણ,
રાણીનો વ્યાકુળ બન્યો શુદ્ધ સ્નેહથી પ્રાણ.

દેવી હે મિથિલેશ્વરી, કૌશલ્યા બોલી;
વિવેકનિધિ સ્ત્રીને શકે જ્ઞાન દઈ કોઈ ?

અવસર જોઈ નૃપતિને કહેજો જરા તમે,
લક્ષ્મણ ઘેર રહે, જતા વનમાં ભરત ભલે.

મન રાજાનું એમ હો કરવાને તૈયાર,
પૂર્ણ વિચારી તો કરે, લેશ કરે ના વાર.

ચિંતા ભરતતણી મને સતાવતી ભારી,
ગૂઢ ભરતના સ્નેહની વાત ખરે ન્યારી.

ઘરે રહે જો ભરત તો લાગે ઉચિત નહીં;
સ્વભાવ મુજબ સરળ મધુર ઉત્તમ વાણ કહી.

કૌશલ્યાના શબ્દને સુણતાં સૌ રાણી,
મગ્ન કરુણરસમાં બની વદ્યા વિના વાણી.

પુષ્પવૃષ્ટિ નભથી થઈ ધન્ય ધન્ય સ્વરસાથ,
સિદ્ધ પ્રાજ્ઞમુનિનાં થયાં શિથિલ સ્નેહથી ગાત્ર.

નિહાળતાં વિસ્મિત બન્યો સઘળો રાણીવાસ;
વીતી રજની બે ઘડી, વદી સુમિત્રા ખાસ.

કૌશલ્યાએ સ્નેહથી કહ્યું, જાવ સ્વસ્થાન,
ઈશ અમારી ગતિ તથા છે મિથિલેશ સહાય.

*

(આખ્યાન)

સુણી સ્નેહમય વચન વિનીત, સુનયના ગ્રહી પાય પવિત્ર,
દશરથપ્રિયા રામની માત, વદી, વિનય પ્રતિમા સાક્ષાત.

પ્રભુ ક્ષુદ્રતણો આદર કરે, અગ્નિ ધૂમ્ર ગિરિ તૃણ શિર ધરે;
મનકર્મવચન સેવક રાય, શિવપાર્વતી સદાય સહાય.

રામ વન રહી સુખ ધરશે, અચળ રાજ્ય આવી કરશે;
દેવ નાગર નર રામબળે સુરક્ષિત હશે નિજનિજ સ્થળે.

(દોહરા)

યાજ્ઞવલ્ક્ય મુનિએ કહ્યું પ્રથમથી બધું એ,
મુનિનું કથન હોય ના અસત્ય એ સ્વપ્ને.

પરિજનને સીતા મળી જનની સાથ જઈ;
તપસ્વિની વેશે વિકળ દેખી વ્યગ્ર થઈ.

*

## ૩૭. જનક અને સીતા

(દોહરા)

વસિષ્ઠની આજ્ઞા લઈ જનક પધાર્યા સ્થાન,
સીતાને ભેટ્યા તરત પ્રસન્ન કરતાં પ્રાણ.

(આખ્યાન)

ઉર ઉછળ્યો અંબુધિ અનુરાગ, બન્યું જનક મન પુનિત પ્રયાગ;
અક્ષયવટ ત્યાં સીતા પ્રેમ, સોહે રામસ્નેહ શિશુ તેમ.

(દોહરા)

ચિરંજીવી મુનિ [18] જનકના જ્ઞાનતણા જ્યારે,
વ્યાકુળ બનતાં ડૂબતા હતા વિવશ ત્યારે,

[18] મુનિ - માર્કંડેય મુનિ

અવલંબન પામ્યા પરમ રઘુપતિ શિશુકેરું,
મંગલકારક શાંતિપ્રદ અલૌકિક અનેરું.

મોહમગ્ન બુદ્ધિ બની મિથિલેશ્વરની ના,
મહિમા સીતારામના હતો સ્નેહનો હા !

માતતાતના સ્નેહથી સીતા વિકળ બની,
સમય સુધર્મ વિચારતાં ધીરજ કિન્તુ ધરી.

તપસ્વિનીના વેશમાં સીતાને ભાળી,
જનકને થઈ પ્રીતિ ને પરિતૃપ્તિ ન્યારી.

પુત્રી, પવિત્ર છે કર્યાં બંને કુળને તેં,
ઉજ્જવળ સુયશે છે કર્યું, કહે સર્વ, જગને.

*

(આખ્યાન)

તારી કીર્તિરૂપી સરિતા તજી સુરસરી શુચિ સલિલા,
વહે કોટિ બ્રહ્માંડમહીં, વિલુપ્ત સ્વપ્ને થયા નહીં.

ગંગાએ ત્રણ તીર્થ [19] કર્યાં, ગૌરવ સૌથી અધિક ધર્યાં,
પરંતુ તુજ યશસરિત વહી કરતાં અસંખ્ય સંત રહી.

સુણી સત્ય સ્નેહમયી વાણ સંકોચાયો સીતાપ્રાણ;
માતપિતાએ ભેટી ફરી શીખ શુભાશિષ મંગલ ધરી

[19] ત્રણ તીર્થ - હરદ્વાર, પ્રયાગ, ગંગાસાગર

કર્યો સીતાએ સહજ વિચાર, રાત રહેવામાં ના સાર;
જાણી સુનયના તથા રાય સ્તવવા લાગ્યાં શીલ સ્વભાવ.

(દોહરા)

વિદાય સીતાને કરી સન્માની ભેટી;
ભરતની દશા વર્ણન ઉચિત સમયે દેખી.

*

## ૩૮. જનક તથા ભરત

**(આખ્યાન)**

જનકે સુણી ભરત વ્યવહાર સ્વર્ણ સુગંધ સુધા શશિ સાર,
બંધ કર્યાં લોચન જળભર્યાં; વખાણવા યશ લાગ્યા ઘણા.

સુલોચના મધુવદના ખરે, ભરતકથા ભવબંધન હરે;
ધર્મ રાજનીતિ બ્રહ્મવિચાર સમજું છું મુજ મતિઅનુસાર.

ભરતતણો મહિમા ના કહે તે મતિ યશછાયા ના ગ્રહે;
બ્રહ્મા ગણપતિ શેષ મહેશ કવિ કોવિદ બુધ બુદ્ધિવિશેષ.

ભરતચરિત યશગુણ ને કર્મ સુણતાં વૈભવ સંયમધર્મ
પામે સુખ, મન પુનિત કરે, અમૃતની ઈચ્છા પરહરે.

(દોહરા)

અનંતગુણ નિરુપમ પુરુષ, ભરત ભરતસમ એક;
સુમેરુને કવિબુદ્ધિ શેં કહે શેરસમ છેક ?

મીન ધરા પર જળ વિના ચાલી ન શકે જેમ,
ભરતચરિત ના વર્ણવી શકાય સૌથી તેમ.

મહિમા અમાપ ભરતનો ફક્ત રામ જાણે,
પરંતુ એ પણ વર્ણવી શકે નહીં વાણે.

ભૂપે સપ્રેમ વર્ણવી દૈવી ભરતપ્રભાવ,
પત્નીની રુચિ જાણતાં જાણી વળી સ્વભાવ

કહ્યું, ફરે લક્ષ્મણ ગૃહે, ભરત વિપિનમાં જાય;
એમાં સૌનું શુભ રહ્યું, એ સૌના મનમાંહ્ય.

રામ-ભરતની પ્રીતિ ને શ્રદ્ધા તર્કાતીત;
સમતાસીમા રામ છે, મમતા પ્રેમ પવિત્ર,

અવધિ એમની ભરત છે; સ્વાર્થ અને પરમાર્થ,
સ્વપ્ને પણ જોયું નથી સુખ પ્રતિ કદી લગાર.

મનથી પણ પ્રિય જાત ના રામથકી જાણી,
રામચરણમાં સાધના સિદ્ધિને માની.

ભરતતણો આદર્શ એ મુજને શ્રેષ્ઠ જણાય;
ભાવવિભોર બની વદ્યા પ્રેમે ગદગદ રાય.

ભરત રામનો પાળશે સદાકાજ આદેશ,
માટે કરવી ના ઘટે ચિંતા સ્નેહે લેશ.

*

(આખ્યાન)

ગણતાં રામભરતગુણ એમ રાત દંપતીની પળ જેમ,
વીતી સુખપૂર્વક સુપ્રભાત પ્રગટયે જાગ્યા ઉભય સમાજ.

સ્નાન કરી સુરપૂજન કર્યું; રામે મુનિને પ્રણમી કહ્યું;
ભરત, નગરવાસી, સૌ માત શોકિત છે વનવાસે આર્ત.

મિથિલાપતિ પણ સહિત સમાજ ક્લેશ સહે બહુ દિનથી આજ;
ઉચિત કરો તેથી હે નાથ, હિત છે સૌનું તમારે હાથ.

પામ્યા રઘુપતિ અતિ સંકોચ; મુનિવર પુલકિત વદ્યા અમોઘ,
તમારા વિના સહુ સુખસાજ નરકસમ ગણે ઉભય સમાજ.

(દોહરા)

પ્રાણ પ્રાણના, આત્મ, ને સુખના સુખ છો રામ;
આપ વિના ઘર પ્રિય ગણે ભાગ્ય તેનું છે વામ.

*

ધર્મ કર્મ ને સુખ બધાં કાયમ કાજ બળે,
જેમાં રામચરણતણો પ્રેમ ન લેશ મળે.

(આખ્યાન)

યોગ કુયોગ જ્ઞાન અજ્ઞાન રામપ્રેમ જો હો ન પ્રધાન.

દુઃખી તમારા વિણ સહુયે, સુખી તમારાથી સહુ છે;
જેના મનમાંહી છે જે જાણો તમે બધુંયે તે.

આજ્ઞા સૌના શિર પર ફરે, જાણો સૌની સ્થિતિને ખરે.
એથી આવો આશ્રમમહીં, વદી ગયા મુનિ વ્યાકુળ થઈ;

રામ પધાર્યા પ્રણમી પછી, મળ્યા જનકને ધૃતિથી ઋષિ.

રામવચન સહુ નૃપને કહ્યાં સહજ શીલ ને સ્નેહે ભર્યાં;
ધર્મસહિત હિત સહુનું થાય કહ્યું, કરો તે જ મહારાય !

(દોહરા)

જ્ઞાનનિધાન સુજાણ શુચિ ધર્મપ્રાણ નરપાલ,
તમારા વિના ભ્રાંતિને શમવે કો તત્કાળ ?

*

(આખ્યાન)

થયો જનકને અતિ અનુરાગ, પામ્યાં વિરતિ જ્ઞાન વૈરાગ્ય;
કરવા લાગ્યા સ્નેહવિચાર, રહ્યો પ્રવાસતણો નવ સાર.

જવા રામને વનમાં કહ્યું, પ્રયાણ ભૂપે તનથી કર્યું;
અમે મોકલી વનથી વન ફરીશું પાછા પ્રમુદિતમન !

તાપસ મુનિ દ્વિજ દેખી સુણી વિકળ બન્યા પ્રીતિથકી ઘણી;
સમય વિચારી ધીરજ ધરી જનક ભરત પાસ ગયા ફરી.

ભરતે આગળ આવી કર્યું સ્વાગત સમુચિત આસન ધર્યું;
બોલ્યા જનક તમે રઘુવીર-સ્વભાવથી પરિચિત છો ધીર !

(દોહરા)

રામ સત્યવ્રત ધર્મરત શીલવાન સ્નેહાળ,
લજ્જાવશ સંકટ સહે, દો આદેશ લગાર.

પહોંચાડું આદેશ એ રઘુવરને તત્કાળ;
ભરત સુણી પુલકિત બન્યા, નયન વહી જળધાર.

ધૈર્ય ધરી બોલ્યા, પ્રિય પૂજ્ય પિતાસમ આપ;
કુળગુરુશા હિતકારક નથી માત ને બાપ.

કૌશિકાદિ મુનિઓ મળ્યા, આવ્યો સચિવસમાજ,
જ્ઞાનસમુદ્ર સમા તમે ઉપસ્થિત રહ્યા આજ.

શિશુસેવક માની મને આજ્ઞા અનુગામી,
આપો સુયોગ્ય હોય તે શીખ હવે સ્વામી !

આ સમાજ સ્થળમાં તમે પૂછો મને છતાં,
મલિન મૌનથી ગાંડપણ ગણાય વધુ વદતાં.

નાના મોઢે વાત હું મોટી તોયે કહું,
વામ ગણી વિધિને કરો ક્ષમા, સપ્રેમ ચહું.

પ્રસિદ્ધ વેદપુરાણમાં, જગત વળી જાણે,
સેવાધર્મ કઠિન કહ્યો, મર્મીઓ માને.

વિરોધ સ્વામીધર્મમાં તેમજ સ્વાર્થમહીં,
વેર અંધ છે, પ્રેમને પ્રબોધ તેમ નહીં.

પરાધીન ગણતાં મને, રામમત તથા ધર્મ,
વ્રતનો કરી વિચાર જે સર્વમાન્ય હો કર્મ

મંગલકારક કર્મ તે જાણી સૌનો પ્રેમ,
કરો, સલાહ ધરો મને, કહ્યાં વચનને એમ.

*

(ચોપાઈ)

સુણી ભરતને દેખી સ્વભાવ કર્યાં જનકે સૌ સાથે વખાણ;
સુગમ અગમ મૃદુ મંજુ કઠોર શબ્દો અલ્પ છતાં અર્થ ઓર.

મુકુરે મુખનું પ્રતિબિંબ ભાસે તોય પકડાય ના ભલે પાસે;
એમ ભરતની અદભુત વાણી સમજી ના શક્યો કોઈ શાણી.

ગયા જનક ભરત મુનિસાથ દેવકુમુદશશિ જ્યાં રઘુનાથ.

નવજળ યોગે વ્યાકુળ મીન, થાય લોકો થયા એવા ખિન્ન;
દેવે ગતિ કુળગુરુતણી જોઈ, સ્નેહ નીરખ્યો જનકનો મોહી.

રામભક્તિમય ભરતને ભાળી સુર સ્વાર્થી ગયા હૈયે હારી;
રામપ્રેમે ભર્યાં સૌ કોઈ દેખી અકળ શોકે રહ્યા રોઈ.

(દોહરા)

રામ સ્નેહસંકોચવશ, વદ્યા સશોક સુરરાજ,
રચો પ્રપંચ બધા મળી, નહિ તો થશે અકાજ.

(ચોપાઈ)

સુર શારદાને સ્મરી બોલ્યા, દેવો શરણાગત રક્ષો બધા આ;
હરો ભરતની મતિ કરી માયા, પાળો સુરને કરી છળછાયા.

સુણી વિનયભરી દેવવાણી, દેવી બોલી સ્વાર્થી સુર જાણી;
કહો ભરતની બુદ્ધિને હરવા, દેખો લક્ષ લોચનથી ગિરિ ના.

બ્રહ્મા હરિહરની માયા છે ભારી, શકે ભરતની મતિને ના ભાળી;
તેને ભોળવું કેમ કરી હું, ચોરે ચાંદની સૂરજને શું ?

ભરતહૃદયે સીતારામવાસ; હોય તિમિર જ્યાં રવિનો પ્રકાશ ?
ગઈ દેવી વદી બ્રહ્મલોક, સુર વિકળ રાતે જેમ કોક[20] .

(દોહરા)

સ્વાર્થી મલિન સુરે કરી કુમંત્ર માયાજાળ,
રચી, ભીતિ અપ્રીતિ ને સરજી ભ્રાંતિ અપાર.

દેવરાજ ઈન્દ્રે કર્યો કરી કુચાલ વિચાર,
કાજ અકાજ બધું રહ્યું એક ભરતને હાથ.

*

[20] કોક - ચક્વાક પક્ષી

## ૩૯. મુનિ વસિષ્ઠ, રામ, ભરત

(દોહરા)

ગયા જનક બીજી તરફ મુનિસહ રામ સમીપ,
સત્કાર કર્યો સર્વનો રામે રવિકુળદીપ.

રઘુકુળના ગુરુ મુનિવરે મધુમય વચન કહ્યાં,
સમય સમાજ સુધર્મને સાનુકૂળ સઘળાં.

પ્રથમ જનક ને ભરતનો સર્વ કહ્યો સંવાદ,
કરી ભરત કેરી પછી વાતો સુંદર યાદ.

પછી કહ્યું, આજ્ઞા કરો તેમજ સર્વ કરે;
રામ વદ્યા વંદી સરળ કોમળ સત્ય સ્વરે.

મિથિલેશ્વર ને આપ છો પછી કહું શું હું,
ઉભય ધરો આદેશ તે મુજબ સહર્ષ કરુ.

રામશપથથી સર્વને થઈ રહ્યો સંકોચ;
જોયું સૌએ ભરત પ્રતિ વ્યક્ત કરી સંતોષ.

સભાતણા સંકોચને દેખી ધૈર્ય ધરી,
કુસમય ભરત વિચારતાં બોલ્યા સ્નેહ સ્મરી.

અતિ અયોગ્ય વર્તન ક્ષમા કરજો આજ તમે,
કઠોર વચનોને કહું મૃદુ નાના વદને.

સ્મર્યે શારદા હૃદયથી મુખકમળે આવી;
મંજુ મરાલી ભરતની વિમળ ધર્મવાણી.

વિવેકનેત્રે નીરખતાં સ્નેહે શિથિલ સમાજ,
ભરત વદ્યા વંદી સ્મરી સીતા ને રઘુરાજ.

*

(ચોપાઈ)

માતતાત સુહૃદ ગુરુસ્વામી, પૂજ્ય હિતકારી અંતરયામી,
સરળ સ્વામી છો શીલનિધાન, પાલક સર્વજ્ઞ પ્રભુ હે સુજાણ !

સમરથ શરણાગત હિતકરતા, ગુણગ્રાહક અવગુણ અઘહરતા;
સ્વામી આપસમા તમે એક, સાંઈદ્રોહી હું જાણીતો છેક.

તાત આપવચન કોરે મેલી આવ્યો મોહે મતિને કરી ઘેલી;
શુભ-અશુભ ઉચ્ચ-નીચ ઝેર, અમૃત સુરપદ મૃત્યુની વેળ.

જોયું સાંભળ્યું કોઈ ના જગમાં રામઆજ્ઞા ઉલ્લંઘે જે મનમાં.
કરી ધૃષ્ટતા તે સર્વ રીતે, પ્રભુએ સ્નેહસેવા માન્યાં પ્રીતે.

(દોહરા)

કૃપા ભલાઈથી તમે ભલું કર્યું મારું;
દૂષણ મુજ ભૂષણ બન્યાં, યશ પ્રસર્યો ચારુ.

*

(આખ્યાન)

રીતિ આપની વિશદ સ્વભાવ જગતવિદિત નિગમાગમ ગાય;
ક્રુર કુટિલ ખલ કુમતિ અશુદ્ધ નીચ શીલવિણ નાસ્તિક ક્રુદ્ધ.

તે સૌને નિજ શરણ ધરો, પ્રણામથી પોતાના કરો.
દેખી દોષ ન ઉરમાં ગ્રહ્યા, ગુણને સાધુસમાજે કહ્યા.

સેવકને જે સ્વામી ભજે, સાજ સર્વ સેવકનો સજે,
કરે ન સ્વપ્ને કર્મવિચાર કરે દાસ સંકોચ વિચાર.

કહું પ્રતિજ્ઞાપૂર્વક આજ એવા સ્વામી આપ જ સાચ;
નાચે પશુ શુક પાઠપ્રવીણ, ગુણગતિ નટ પાઠક આધીન.

(દોહરા)

સુધારતાં સન્માનતાં ભક્ત કર્યા ઋષિશ્રેષ્ઠ;
કૃપાળુ વિણ પાળી શકે કોણ બિરદને લેશ ?

બાળસ્વભાવે શોક કે સ્નેહે હું આવ્યો,
કૃપાળુએ શુભ તાકતાં તોપણ અપનાવ્યો.

(આખ્યાન)

જોયાં ચરણ સુમંગલમૂળ, જાણ્યા નાથ સહજ અનુકૂળ;
મોટી ભૂલ છતાં અનુરાગ, સમાજમાં જોયું મુજ ભાગ્ય.

અનુગ્રહ કર્યો મુજ પર તમે સૌથી વિશેષ અદભુત અને;
સ્વીકારી મારી શુચિ પ્રીત લક્ષમાં લઈ નિજ શુભશીલ.

સ્વામીસમાજનો સંકોચ તજી ધૃષ્ટતા કરી અમોઘ,
કહી વિનય અવિનયની વાણ, ક્ષમા કરો સમજી અજ્ઞાન.

(દોહરા)

પંડિત સ્વામી સુહૃદને યોગ્ય ન વધુ કહેવું;
આજ્ઞા આપો, એ મુજબ દેવ, હવે રહેવું.

સત્ય સુકૃત સુખ અવધિશી પદરજ શ્રીપ્રભુની,
એના શપથ લઈ કહું ઈચ્છા મુજ મનની.

(આખ્યાન)

કપટ સ્વાર્થફળ ચાર તજી રહેવું સ્નેહે નાથ ભજી;
આજ્ઞાપાલન સેવા શ્રેષ્ઠ, પામે પ્રસાદ સેવક એ જ.

પ્રેમવિવશ ભરત વદ્યા એમ, પુલકિત તન લોચન સર જેમ;
પ્રભુપદકમળ ગ્રહ્યાં બની આર્ત; સ્નેહતણી કેમ કરું વાત ?

સુમધુર સ્વરે કરી સન્માન કર પકડી બેસાડયા પાસ;
સુણી ભરતનો સ્નેહસ્વભાવ પડ્યો બધા પર પરમપ્રભાવ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રઘુનાથ સાધુસમાજ મુનિ મિથિલેશ સ્નેહશિથિલ થયા,
મનમાં પ્રશંસા ભક્તિમહિમા ભાવની કરતા રહ્યા;
સુરમલિન મનથી સુમન વરસી ભરતને સ્તવતા ગયા,
સુણતાં વિકલ લોકો બન્યા રજની સમયના પદ્મશા.

(દોહરા)

દેખી દીન તથા દુ:ખી ઉભય પક્ષ નરનાર,
ઈન્દ્ર મલિન મન મારતાં મૃતને ચાહે સાર.

*

કપટ કુચાલ પરાયણ મલિન ચિત્ત સુરરાજ;
હાનિ કરે છે અન્યની, પ્રિય માને નિજ કાજ.

છળવાળો રાખી શકે ક્યાંય નહીં વિશ્વાસ;
કપટથકી સૌના શિરે મૂક્યો ઘોર ઉચાટ.

સુરમાયાથી સર્વના મોહિત પ્રાણ કર્યા,
તોપણ રઘુવર પ્રેમથી અલગ ન આત્મ થયા.

ભય ઉચાટવશ ચિત્ત ના રહ્યાં સર્વનાં સ્થિર,
ક્ષણમાં રુચિ વનની થઈ, ક્ષણ ઘર લાગ્યાં પ્રિય.

દ્વિવિધિ દશાથી ચિત્તની કષ્ટ પ્રજા પામી,
જાણે સરિતા-સિંધુના સંગમનું પાણી.

કૃપાસિંધુ રામે કહ્યું હસતાં જોઈ એ,
યુવાન, મઘવા, શ્વાન સૌ એક જ સરખા છે.

ભરત જનક મુનિજન સચિવ જ્ઞાની સાધુ સિવાય,
પડ્યો સર્વ પર દેવની માયાતણો પ્રભાવ.

કૃપાસિંધુએ જોયું કે દુઃખી છે સૌ લોક,
સુરપતિ છળથી સ્નેહથી વળી અનુભવે શોક.

સભા જનક ગુરુ દ્વિજ તથા મંત્રીની મતિને,
મુગ્ધ કરેલી ભરતની અનન્ય ભક્તિએ.

ચિત્રાંકિત સર્વે રહ્યા રામ તરફ જોઈ,
શીખવેલાં વચનો વદ્યા સંકોચે કોઈ.

નીતિ ભરતની નમ્રતા મોટાઈ ને પ્રીત
સુખદ હતી વર્ણનતણી છતાં સરળ ના રીત.

(ચોપાઈ)

જેની ભક્તિતણો જોતાં લેશ ડૂબ્યા પ્રેમમાં મુનિ મિથિલેશ,
મહિમા એમનો કહી શકું કેમ; સુમતિ જાગી ઉરમાં પેખી પ્રેમ.

સુમતિ પોતાને નાની ગણીને, મહિમા ભરતનો વધુ સમજીને,
માની મર્યાદા કવિકુળકેરી પામી સંકોચ સહેજે અનેરી.

રુચિ ગુણમાં અધિક એણે રાખી તોય લેશ શકી નહીં ભાખી;
બની બાળવચન જેવી એ તો, એને શક્તિ નવીન ધરે કો ?

(દોહરા)

ભરત વિમળ યશચંદ્ર છે, કવિની બુદ્ધિ ચકોર,
નિર્મળ ઉરનભમાં જુએ પ્રગટ્યો નજરે ઓર.

ભરત સ્વભાવ ખરે નથી સુગમ નિગમને કાજ,
લઘુમતિ ચંચળતા ક્ષમા કરજો કવિ મુજ આજ.

ભરતતણા સદભાવનું કથન શ્રવણ કરતાં
રતિ કોને નવ પ્રગટશે સીયરામપદમાં ?

(ચોપાઈ)

સ્મરતાં ભરતને રામનો પ્રેમ જાગે ના તે અભાગીની જેમ,
જગમાં માનવને એવા જાણો, સૌને દુઃખી સદા માટે માનો.

દેખી રામે દશા સઘળા જનની, સમજી સ્થિતિને ભરતના મનની,
દેશકાળ પ્રસંગ સમાજ કર્યો વ્યક્ત અમૃતશો અવાજ.

ધીર ધર્મધુરંધર શુદ્ધ, સત્ય શીલ સુખસ્નેહ સમુદ્ર,
નીતિપ્રીતિના પાલક રામ વદ્યા વચન હિતકર ને નિષ્કામ.

(દોહરા)

ધર્મધુરા ધરનાર છો લોકવેદજ્ઞાતા,
પ્રેમપ્રવીણ ભરત તમે સૌનાયે ત્રાતા.

કર્મ વચન મનથી વિમળ અનન્ય એક તમે,
ગુરુ સમક્ષ લઘુબંધુ ગુણ કસમય કોણ કહે ?

જાણો કુળની રીત ને પિતૃકીર્તિ ને પ્રીત,
સમય લોક ગુરુલાજને ઉદાસીન અરિમિત્ર.

(ચોપાઈ)

તમને વિદિત છે સર્વનાં કર્મ વળી પરમ હિતકર મુજ ધર્મ;
મને પૂર્ણ ભરોસો તમારો, તોય સમય નીરખી કહું ન્યારો.

રહ્યા જ્યારે ના આપણા તાત ગુરુના અનુગ્રહે સંભાળી વાત;
નહિ તો પરિજન જનપરિવાર થાત આપણે સહુયે ખુવાર.

વિના અવસર આથમી રવિ જાય કોને ક્લેશ તો જગમાં ન થાય?
કર્યો વિધિએ એવો ઉત્પાત, મુનિએ જનકે રક્ષ્યાં સૌને ભ્રાત !

(દોહરા)

રાજકાજ સૌ લાજ યશ ધર્મ ધરા ધન ધામ,
ગુરુપ્રભાવ સૌ રક્ષસે શુભ લાવી પરિણામ.

ઘરમાં વનમાં ગુરુકૃપા છે રક્ષા કરનાર;
માતતાત ગુરુ નાથનું આજ્ઞાપાલન સર્વ
શેષનાગસમ ધર્મરૂપ ધરતીને ધરનાર.

(ચોપાઈ)

તમે એ જ કરો ને કરાવો, કુળના તારક બનીને તરાવો;
એ જ સાધના સિદ્ધિ દેનારી કીર્તિ સદગતિ ભૂતિને ન્યારી.

સહી સંકટ કરતાં વિચાર કરો સુખી પ્રજા પરિવાર;
વહેંચી વિપત્તિ લીધી સૌએ મારી, તમને કષ્ટ અવધિ સુધી ભારી.

જાણી મૃદુ તમને કહું છું કઠોર, અનુચિત કસમયે કથન ના મોર;
મળે કસમયે બંધુસહાય, હાથે વજ્રપ્રહાર રોકાય.

(દોહરા)

સેવક કરપદ નયનશો, સ્વામી મુખસમ હોય,
પ્રિતરીત એ સાંભળી સુકવિ વખાણે કોય.

*

સ્નેહસમુદ્ર સુધામહીં મજ્જન કરતી વાણ,
સુણી શિથિલ સૌના બન્યા સ્નેહમગ્ન ને પ્રાણ.

સ્નેહસમાધિમહીં ગયા ડૂબી દર્શક સર્વ,
બની શારદા મૌન એ માણી મંગલ પર્વ.

*

## ૪૦. ભરતનો સંતોષ

(આખ્યાન)

ભરતને થયો અતિસંતોષ, સન્મુખ રામ ટળ્યાં દુઃખદોષ;
મુખ પ્રસન્નતા, મટ્યો વિષાદ, મૂંગો પામ્યો વાણીપ્રસાદ.

હાથ જોડતાં કરી પ્રણામ બોલ્યા ભરત નાથ નિષ્કામ,
હર્ષ સહગમન કેરો મળ્યો, લાભ જન્મનો દુર્લભ થયો.

આજ્ઞા શિર પર સાદર ધરું, કૃપાળુ, સ્નેહસહિત સૌ કરું;
આપો પણ એવો આધાર અવધિને કરું જેથી પાર.

(દોહરા)

લાવ્યો ગુરુઆદેશથી સર્વ તીર્થનું નીર,
કરવાને અભિષેક હું દિવ્ય તમારો વીર !

(આખ્યાન)

અન્ય મનોરથ મુજ મનમાંહ્ય, સંકોચ ભયે કહી ન શકાય;
રામે કહેવાકાજ કહ્યું, ભરતે ત્યારે કહ્યું પ્રભુ !

ચિત્રકૂટ શુચિસ્થળ તીરથવન ખગસર સરિતા નિર્ઝર ગિરિગણ,
પ્રભુપદ અંકિત ભૂમિવિશેષ દો આદેશ નીરખવા લેશ.

અત્રિમુનિતણી આજ્ઞા લઈ વનમાં વિચરો નિર્ભય થઈ;
મુનિપ્રસાદ વન મંગલ હશે, પાવન પરમપુનિત મધુ થશે.

ઋષિનાયક જ્યાં આજ્ઞા કરે તીર્થસલિલ ત્યાં રાખો ભલે;
સુખી ભરત પ્રભુવચને થયા, મુનિપદકમળ મુદિતમન નમ્યાં.

(દોહરા)

ભરત-રામ સંવાદ સુણી સકળ સુમંગળમૂળ,
સ્વાર્થી સુર કુળને સ્તવી વરસ્યા સુરતરુફૂલ.

ધન્ય ભરત, હો રામનો સદાય જયજયકાર;
એમ બોલતાં દેવ સૌ પામ્યા હર્ષ અપાર.

મુનિ મિથિલેશ સભાજનો સૌને હર્ષ થયો;
ભરતશબ્દને સાંભળી સર્વ વિષાદ ગયો.

(આખ્યાન)

ભરત-રામ ગુણગ્રામ સ્નેહ વખાણી રહ્યા સ્તબ્ધ વિદેહ;
સેવક સ્વામી સરસ સ્વભાવ નેમ પ્રેમ પાવન કરનાર.

સચિવ સભાસદ કરતાં રાગ રહ્યા વખાણી મતિ અનુસાર;
સુણતાં રામ ભરત સંવાદ થયો સર્વને હર્ષ વિષાદ.

સુખદુઃખને સમ સમજી માત કૌશલ્યાએ કરતાં વાત,
અન્ય માતને કર્યો પ્રબોધ દઈ રામગુણગણનો બોધ.

(દોહરા)

કોઈ કહેવા શ્રેષ્ઠતા રઘુવરની લાગ્યા,
ભરત ભલાઈ અન્ય ને વખાણવા લાગ્યા.

ભરતને કહ્યું અત્રિએ, શૈલ સમીપ સુકૂપ,
રાખો તેમાં તીર્થજળ પાવન સુધાસ્વરૂપ.

*

(આખ્યાન)

ભરતે પામી અનુશાસન રવાના કર્યા જલભાજન;
સાનુજ સાધુમુનિ સહિત આપ ગયા હતા જ્યાં કૂપ અગાધ.

પાવન જળ પુણ્યસ્થળે રહ્યું, મુદિત અત્રિએ પ્રેમે કહ્યું;
સિદ્ધ સ્થાન આ અનાદિ તાત, લુપ્ત થયેલ હતું અજ્ઞાત.

સ્થાન નિહાળી સરસ રસાળ કૂપ કર્યો દાસે તૈયાર;
વિધિવશ થયો વિશ્વ ઉપકાર સુગમ અગમ અતિ ધર્મવિચાર.

ભરતકૂપ હવે કહેશે લોક તીર્થજલે શુચિ થતાં અશોક;
નિયમસહિત ન્હાતાં સપ્રેમ થશે વિમળ જન મન ક્રમ વેણ.

(દોહરા)

કહેતાં મહિમા કૂપનો, પહોંચ્યા રઘુપતિ પાસ;
કહ્યો અત્રિએ રામને પ્રભાવ સ્થળનો ખાસ.

ધર્મતણા ઈતિહાસની કહેતાં કથા રસાળ,
સુખથી વીતી રાત તે, થયું પ્રસન્ન સવાર.

રામ અત્રિ ગુરુદેવની સંમતિને પામી,
ભરત તથા શત્રુઘ્ન સૌ નિત્ય ક્રિયામાંથી

પરવારી, સૌ સાથમાં સાદા સજતાં સાજ,
પગપાળા ચાલ્યા વને પ્રદક્ષિણાને કાજ.

પદત્રાણ વિના ચાલતાં મૃદુ ચરણો જોઈ,
ભૂમિ બની સંકોચથી મૃદુ જડતા ખોઈ.

કુશ કંટક કંકરસમા પદાર્થ તીક્ષ્ણ કઠોર,
છુપાવીને ભૂમિએ માર્ગ કર્યો મૃદુ ઓર.

ત્રિવિધ વાયુ સુખપ્રદ વળી વાવા લાગ્યો ત્યાં.
દેવોએ મધુ સુમનને વરસાવ્યાં પથમાં.

ઘન છાયાથી, વૃક્ષ સૌ ફૂલી તેમ ફળી,
તૃણ મૃદુતાથી નીરખતાં પશુ, ખગ મધુર વદી,

સર્વ ભરતને રામના અતિશય પ્રિય જાણી,
કરી રહ્યાં સેવા સુખે પ્રેમાસ્પદ માની.

બગાસું ખાતાં રામનું પ્રાકૃત જન લે નામ,
સર્વ સિદ્ધિ તો મેળવે ને પામે આરામ.

રામ પ્રાણપ્રિય ભરતને માટે તો શી વાત,
એમાં વિસ્મય લેશ ના ધન્ય થાય જો જાત.

*

(ચોપાઈ)

એમ ભરત વિહરે વનમાંહ્ય, નેમપ્રેમથી મુનિયે લજાય;
શુચિ જળસ્થળ ભૂમિવિભાગ, ખગ મૃગ તરુતૃણ ગિરિવન બાગ

ચારુ પુનિત વિચિત્ર વિશિષ્ટ જોઈ ભરત પૂછે પ્રશ્ન શિષ્ટ;
સુણી મુદિત કહે ઋષિરાય નામકારણ ગુણ પુણ્યપ્રભાવ.

ક્યાંક મજ્જન ક્યાંક પ્રણામ, ક્યાંક દર્શન નયનાભિરામ;
ક્યાંક બેસતા મુનિના આદેશે સ્મરતાં રામસીતા સાદા વેશે.

દેખી સ્નેહ સેવા ને સ્વભાવ દેવો વનના અનુભવતાં પ્રભાવ
દેતા ભરતને આશિષ પ્રેમે, હૈયું હાથ રહેતું ના કેમે.

(દોહરા)

અઢી પ્રહર દિન વીતતાં આવીને પાછા,
ભરતે રામમિલનતણી સફળ કરી આશા.

ભરતે જોયાં તીર્થ સૌ પાંચ દિવસની માંહ્ય,
સુણતાં હરિહર સુયશને પડી છેવટે સાંજ.

(ચોપાઈ)

કરી સ્નાન મળ્યો સૌ સમાજ દ્વિજ ભરત જનક તેમ રાજ;
જાણ્યો દિવસ વિદાયનો સારો તોય સંકોચ રામને ન્યારો.

રામે ગુરુ નૃપ ભરત સૌ દેખી, દૃષ્ટિ સંકોચાઈ ઢાળી હેઠી;
કર્યાં શીલકેરાં સહુયે વખાણ, સ્વામી રામ સરખા નવ ક્યાંય.

સમજી રઘુવરની ઈચ્છાનો લેશ ભરતે ઊઠીને ધૈર્યે વિશેષ
કહ્યું પ્રેમથી કરતાં પ્રણામ, રુચિ મારી રાખી અભિરામ.

મારે માટે સહીને સંતાપ તમે દુ:ખને પામ્યા અમાપ;
હવે આજ્ઞા આપો મને સ્વામી, સેવું અવધ અવધિ સુધી ન્યારી.

(દોહરા)

જે ઉપાયથી હું ફરી દેખું દીનદયાળ,
અવધિ સુધીની શીખ દો એ અવધેશ કૃપાળ.

*

(ચોપાઈ)

પુરજન પરિજન ને પ્રજા સઘળી શુદ્ધ સ્નેહસંબધે છે ગરવી;
ભવદુ:ખ જ્વાળામાં બળવાનું સારું બની આપના રહેવાનું ન્યારું,
પણ સાથ ના પ્રભુ હો તમારો લાભ મોક્ષનો તો નવ સારો.

સ્વામી સુજ્ઞ છો, ઉર સૌનું જાણો, રુચિ લાલસા જનની પ્રમાણો;
આપ પ્રણતપાલક સૌને પાળો, કરો ઘર વનનો નિર્વાહ ન્યારો.

મને સર્વ પ્રકારે ભરોસ, નથી વિચારતાં રહ્યો શોક;
મારી દીનતા સ્વામીનો પ્રેમ કરે સ્તબ્ધ મને નવ કેમ ?

દોષ દૂર કરી મોટો સ્વામી, તજી સંકોચ શીખ દો પ્યારી;
નીરક્ષીરને અલગ કરનારાં ગમ્યાં ભરતવચન સૌને સારાં.

(દોહરા)

દીનબંધુ સ્વર બંધુનો સુણી દીન છળહીન,
દેશ કાળ સ્થિતિ સમજતાં બોલ્યા રામ પ્રવીણ.

પરિવારતણી આપની મારી વનઘરની,
વસિષ્ઠને જનકને ચિંતા છે સઘળી.

શિર પર ગુરૂ, મિથિલેશ ને વિશ્વામિત્ર બધા,
પછી સ્વપ્નમાં ક્લેશ ના આપણને નડતા.

*

(આખ્યાન)

પરમ આપણો એ પુરુષાર્થ, સ્વાર્થ ધર્મ યશ કે પરમાર્થ,
પિતાતણું આજ્ઞાપાલન; સૌના હીતનું એ કારણ.

(દોહરા)

આજ્ઞા ગુરુ માતાપિતા સ્વામીની પાળ્યે,
કુમાર્ગગામી થાય પણ પડે ન કો કાળે.

આજ્ઞા એમ વિચારતાં મનનો તજી વિષાદ,
અવધિ સુધી અવધે જઈ પાળો ગણી પ્રસાદ.

(આખ્યાન)

દેશ કોશ પરિજન પરિવાર ગુરુપદરજ સૌનો આધાર;
સચિવ માત મુનિ મત અનુસાર બનો પ્રજાકેરા પ્રતિપાળ.

(દોહરા)

મુખ્ય માનવી મુખસમો ખાનપાનમાં એક,
પાળે પોષે અંગ સૌ રાખી તોય વિવેક.

રાજધર્મનો સાર એ રામે વિવિધ પ્રકાર,
કહ્યો છતાં સંતોષ ના થયો વિના-આધાર.

*

## ૪૧. પાદુકાપ્રદાન અને વિદાય

(આખ્યાન)

ભરતપ્રેમ ગુરુ સચિવસમાજ, સ્નેહવશ બન્યા વધુ રઘુરાજ,
દઈ પાદુકા કરુણા કરી, ભરતે સાદર શિર પર ધરી.

ચરણપીઠ [21] કરુણાનિધાનની રક્ષક બંને પ્રજાપ્રાણની,
સંપુટ ભરતસ્નેહ રતનના, અક્ષરદ્વય મધુ જીવજતનના.

(દોહરા)

રઘુકુળનાં બે બારણાં, કુશળ કર્મના હાથ,
સેવા સુધર્મ નીરખવા નિર્મળ બંને આંખ.

ભરત પ્રસન્ન બની ગયા મળતાં એ આધાર,
રામ-જાનકી સાથનું સુખ અનુભવ્યું અપાર.

વિદાય માગી વંદતાં; ભેટ્યા શ્રીરઘુરાય;
ઈન્દ્રે જગવી જનઉરે અશાંતિ તેમજ લ્હાય.

કુચાલ હિતકર એ થઈ સર્વકાજ સઘળી,
વિયોગ વ્યાધિગ્રસ્ત જન નહિ તો જાત મરી.

રામકૃપાથી સર્વની અશાંતિ કિન્તુ ટળી,
સુરસેના રક્ષક બની હિતકારક સઘળી.

આલિંગન આપી રહ્યા ભરતને મળી રામ;
રામ પ્રેમરસ વર્ણવી કેમ શકાય તમામ ?

[21] ચરણપીઠ - પાદુકા

તનમનવચને ઊમટ્યો સહજ શુદ્ધ અનુરાગ;
ધર્મધુરંધર રઘુવરે કર્યો ધૈર્યનો ત્યાગ.

નયનકમળથી જળ વહ્યું; દશા નિહાળી એ,
દેવસભા દુઃખી બની વિસ્મિત અતિશય ને.

મુનિગણ વસિષ્ઠ જનક સૌ ધર્મધુરંધર ધીર,
જ્ઞાનપાવકે અંતરે દોષ રહ્યો ન લગીર;

વિધિએ નિર્લેપ જ રચ્યા જેને; જળમાં જે,
જગના કમળસમા હતા આસક્તિ રહિત ને.

તે પણ રામ-ભરત તણી પેખી પ્રીત અપાર,
મગ્ન બન્યા તન મન વચન સહિત વિરાગ વિચાર.

ગતિમતિ જ્યાં ગુરુ જનકની કુંઠિત છેક થઈ,
દિવ્ય પ્રીતિ તે પ્રાકૃત કેમ શકાય કહી ?

રઘુવર ભરત વિયોગને વર્ણવતા કવિને,
કઠોર શ્રોતા સમજશે; અકથ ખરે રસ એ.

સંકોચાઈ સ્નેહને સ્મરતાં કવિવાણી;
રામ ભરત-શત્રુઘ્નને ભેટ્યા સુખ માની.

સેવક મંત્રી ભરતની ઈચ્છાને જાણી,
લાગ્યા કામે; લોક સૌ દુઃખ રહ્યા માણી.

પ્રભુપદ વંદી, શિર ધરી રઘુવરનો આદેશ,
ભરત તથા શત્રુઘ્ન બે ચાલ્યા છોડી ક્લેશ.

મુનિ તાપસ વનદેવ સૌ કરી રહ્યા સન્માન.
લક્ષ્મણને ભેટી નમી, પદરજ શિર ધારી,
સીતાની, આશિષ લઈ ઉભય રહ્યા ચાલી.

*

(આખ્યાન)

સાનુજ રામ જનકને નમ્યા, વદ્યા વિનયથી કરતાં દયા,
અતિશય દુઃખને પામ્યા આપ, આવ્યા છો વનમાં નિષ્પાપ.

નગર પધારો આશિષ દઈ; ગયા જનક સુણી ધીરજ ધરી;
મુનિ દ્વિજ સાધુતણું સન્માન કર્યું ગણી શિવ વિષ્ણુ સમાન.

સાધુ સમીપ જઈ બે ભ્રાત પ્રણમી પામ્યા આશીર્વાદ;
કૌશિક વામદેવ જાબાલ પુરજન પરિજન સચિવ સુચાલ

કરી વિનય સમુચિત સુપ્રણામ વિદાય આપી સાનુજ રામ,
નરનારી લઘુ મધ્યમહાન કરી રહ્યા સહુનું સન્માન.

(દોહરા)

ભરત માતપદ પ્રભુ નમી ભેટી નિર્મળ ભાવ,
હરી શોક સંકોચ, સજી શિબિકા, કરી વિદાય.

પ્રેમપુનિત પતિપ્રિય ફરી સીતા તરત વળી,
પરિજન માતપિતા તથા ગુરુજનને ય મળી.

મળી સાસુને પ્રેમથી પછી પ્રણામ કરી,
પ્રેમ વર્ણવે કેમ કવિ ઉર ઉલ્લાસ ભરી ?

*

(ચોપાઈ)

શીખ મનમાની આશિષ પામી, રહી પ્રીતિમાં ઉભય સમાઈ;
ચારુ પાલખી રામે મંગાવી, દેતાં સાંત્વન માત ચઢાવી.

એકસરખા સ્નેહે બંને ભાઈ મળ્યા માતાને જાણે ધરાઈ;
અશ્વગજ ને વાહન સજી સારાં ચાલ્યાં ભૂપ ભરતદળ ન્યારાં.

રામ લક્ષ્મણ સીતા હૈયે ધારી સર્વે ચાલ્યા દેહાધ્યાસ હારી;
અશ્વ ગજ પશુ હૈયાને હારી બની પરવશ ચાલ્યાં મન મારી.

(દોહરા)

પ્રભુ ગુરુ ગુરુસ્ત્રી પદ નમી સીતા અનુજ સમેત,
હર્ષ ખેદ સાથે ફરી પહોંચ્યા પર્ણનિકેત [22] .

*

(ચોપાઈ)

વાળ્યો પાછો સન્માની નિષાદ, ચાલ્યો વેઠી વિરહનો વિષાદ;
ભીલ કોળી કિરાત વનચારી સર્વે વંદી ચાલ્યા મન મારી.

પ્રભુ સીતા લક્ષ્મણ વટછાંયે ડૂબ્યા પ્રિયની વિરહવ્યથામાંહે;
ભરત સ્નેહસ્વભાવ સુવાણ રઘુવર કરવાને લાગ્યા વખાણ.

[22] પર્ણનિકેત - પર્ણકુટિ

પ્રેમ મનકર્મવચને વિશ્વાસ, રામે વર્ણવ્યો શ્રીમુખથી ખાસ;
ત્યારે પશુપક્ષી જળમીન ખાસ બન્યા જીવો ગિરિના સૌ ઉદાસ.

દેખી દેવ દશા રઘુવરની વરસ્યા સુમનો કથા કહી ઘરની;
વંદી આશ્વાસન રઘુનાથે આપ્યું, કરી નિર્ભય કષ્ટને કાપ્યું.

(દોહરા)

પ્રભુ સીતા લક્ષ્મણ સહિત સોહે પર્ણકુટિર,
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય જ્યમ સોહે ધરી શરીર.

*

## ૪૨. ભરતનું તપ

દ્વિજ મુનિ ગુરુ રાજા[23] ભરત સાથે સર્વ સમાજ,
રામવિરહ વ્યાકુળ બની માર્ગે વિના અવાજ.

પ્રભુના મહિમાને સ્મરી પામી શક્તિ અપાર,
ચાલ્યા જતા; પ્રથમ દિને પહોંચ્યા યમુના પાર.

એ દિન અન્ન વિના ગયો, ગંગા પાર કરી,
બીજા દિવસે; ગુહ રહ્યો સગવડ હર્ષ ધરી.

સઈ નદીને ઊતરી કર્યું ગોમતીસ્નાન,
ચોથે દિવસે અવધમાં આવ્યાં હર્ષિત પ્રાણ.

રહી ચાર દિન જનક ત્યાં રાજકાજ સૌ સાજ,
સંભાળીને, સચિવ ગુરુ ભરતને દઈ રાજ

[23] રાજા - રાજા જનક

ગયા જનકપુર; નગરમાં સઘળાંયે નરનાર,
માની ગુરુની શીખને સુખથી રહ્યાં અપાર.

રામમિલન માટે કરી નિયમો ને ઉપવાસ,
ભૂષણભોગ તજી રહ્યા ટકી અવધિની આશ.

*

સચિવ સેવકોને કર્યો ભરતે પ્રેમ પ્રબોધ,
કર્તવ્યે લાગી ગયા સઘળા પામી બોધ.

બોલાવી શત્રુઘ્નને દીધી શીખ વળી,
જવાબદારી માતની સેવાતણી ધરી.

(ચોપાઈ)

કહ્યું ભૂસુરને કરતાં પ્રણામ, કરી પ્રાર્થના વિનયે તમામ;
કરજો સેવા કરવાનો આદેશ, કરશો સંકોચ સ્વપ્ને ના લેશ.

પુરજન પરિજન સૌને વધાવી દીધાં સુખપૂર્વક સ્નેહે વસાવી;
પહોંચ્યા સાનુજ પછી ગુરુ પાસે, બોલ્યા પ્રણમી અનુમતિતણી આશે.

(દોહરા)

આજ્ઞા આપો તો હવે પાળી નિયમ રહું;
મુનિએ રોમાંચિત તને પ્રેમે તરત કહ્યું,

ભરત, તમે જે સમજશો કહેશો કરશો ને,
થશે ધર્મના સારરૂપ સકળ જગતમાં તે.

મળી જ્યોતિષીને પછી ભરતે દિન સાધી,
શુભાશિષે પ્રભુપાદુકા સિંહાસન સ્થાપી.

કૌશલ્યા ને ગુરુતણા પદે નમાવી શીશ,
ચરણપાદુકાની લઈ આજ્ઞા વળી પવિત્ર

ધર્મધુરા ધારક ભરત કુટિર કરી તૈયાર,
નંદીગ્રામ મહીં રહ્યા તુષ્ટિથકી અપાર.

*

(આખ્યાન)

જટા શિરે તન મુનિપટ ધરી, દર્ભાસન ધરતી પર વળી,
અશન વસન વાસણ વ્રત નેમ, પાળે ઋષિના ધર્મ સપ્રેમ.

ભૂષણ વસન ભોગ સુખ તેમ તન મન વચન તજ્યાં તૃણ જેમ.
અવધરાજ સ્તવતો સુરરાજ, દશરથના સુખ સાધન સાજ

શરમાતો સુણતાં જ કુબેર, વસી રહ્યા ત્યાં ભરત સુપેર,
ભ્રમર જેમ ચંપાને બાગ અલિપ્ત તેમજ તજતાં રાગ.

રમાવિલાસ રામઅનુરાગ પામી તજતા જન બડભાગ;
વમન જેમ ના એને ગ્રહે ભક્તિતણું સુખ નિશદિન લહે.

(દોહરા)

રામ પ્રેમભાજન ભરત, કઠિન એમને શું;
ચાતક હંસતણાં સ્તવે ટેક વિવેક સહુ.

(આખ્યાન)

પ્રતિદિન દુર્બળ દેહ થયો, ઘટ્યાં મેદબળ તેમ અહો !
કાંતિ વદનની અક્ષય રહી, રામપ્રીતિ નિત નૂતન વહી.

પ્રતિજ્ઞા થઈ તપની પુષ્ટ, અંતર લાગ્યું રહેવા તુષ્ટ;
અંશ ધર્મના વધતા ગયા, પ્રાણ પ્રસન્ન પુનિત વધુ થયા.

ઘટે જળ થતાં શરદ પ્રકાશ, શોભે નેતર પદ્મ વિકાસ;
શમદમ સંયમ વ્રત ઉપવાસ નક્ષત્ર ભરત ઉરઆકાશ.

અવધિ પુનમ ને ધ્રુવ વિશ્વાસ, રામસ્મરણ નભગંગા ખાસ.
રામપ્રેમવિધુ અચળ અદોષ સોહે સજી મધુરતા કોશ.

(દોહરા)

રહેણીકરણી સમજ ને ભક્તિ તથા વૈરાગ્ય,
નિર્મળ ગુણ સૌ ભરતના કહેતાં કવિ બડભાગ.

પામે છે સંકોચને, વર્ણન કોણ કરે,
શેષ ગણેશ સરસ્વતી બુદ્ધિ વિફળ ઠરે.

પૂજે નિત પ્રભુપાદુકા, પ્રીત ઉરે ન સમાય;
આજ્ઞા માગી મેળવી વિવિધ ચલાવે રાજ્ય.

*

પુલક તને, હૃદયે રહે કેવળ સીતારામ,
જપે નામને જીભ ને આંખે જળ અભિરામ.

રામ અનુજ સીતા વસે વનમાં; ભરત કસે
કાયાને તપથી સદા; ભવને શાંત વસે.

(આખ્યાન)

બંને તરફ વિચારી લોક કહેતા ભરત પ્રશંસાજોગ;
વ્રતનિયમે મુનિ સંકોચાય, લાજે દશા થકી ઋષિરાય.

ભરતઆચરણ પરમપવિત્ર મધુર મંજુ મંગલપ્રદ સિદ્ધ;
હરનાર કઠિન કલિ અઘ ક્લેશ, મહા મોહતમ દલન દિનેશ.

પાપપુંજ કુંજર મૃગરાજ, શમન સકળ સંતાપ સમાજ;
જનરંજન ભંજન ભવભાર, રઘુવરસ્નેહ સુધાકર સાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

સિયરામ પ્રેમપિયૂષ પૂરણ જન્મ હોત ન ભરતનો,
મુનિ મન અગમ યમ નિયમ શમ દમ વિષમ વ્રત આચરત કો ?
દુઃખ દાહ દંભ સુદૈન્ય દૂષણ સુયશથી પરહરત કો ?
કલિમાં હઠે તુલસીસમા શઠ રામ સન્મુખ કરત કો ?

(દોહરા)

ભરતચરિતને નિયમથી સાદર સુણશે જે,
પ્રેમ રામસીતાપદે કરશે અવશ્ય એ.

ભવરસથી વિષયોથકી એને વિરતિ થશે,
એના શો કૃતકૃત્ય ના જગમાં અન્ય હશે.

*

**(અયોધ્યાકાંડ સમાપ્ત)**

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## અરણ્ય કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વર

## આરંભ

मूलं धर्मतरोर्विवेकजलधेः पूर्णेन्दुमानन्ददं
वैराग्याम्बुजभास्करं ह्यघघनध्वान्तापहं तापहम ।
मोहाम्भोधरपूगपाटनविधौ स्वःसम्भवं शङ्करं
वन्दे ब्रह्मकुलं कलंकशमनं श्रीरामभूपप्रियम ॥१॥

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

જે છે મૂળ મહાન ધર્મતરુના, પૂર્ણેન્દુ પેઠે વળી,
દેતા દિવ્ય વિવેકના જલધિને આનંદ જે અદભૂત;
વૈરાગ્યામ્બુજ ભાનુશા અઘહર સંતાપના નાશક,
ટાળે નિર્મળ વ્યોમવાયુ બનતાં વ્યામોહનાં વાદળ;
જે કલ્યાણ સ્વરૂપ શંકર કરે કલ્યાણ ભક્તોતણું,
વંદુ બ્રહ્મસમા કલંકશમન તે રામભૂપપ્રિય.

सान्द्रानन्दपयोदसौभगतनुं पीताम्बरं सुन्दरं
पाणौ बाणशरासनं कटिलसत्तूणीरभारं वरम ।
राजीवायतलोचनं धृतजटाजूटेन संशोभितं
सीतालक्ष्मणसंयुतं पथिगतं रामाभिरामं भजे ॥२॥

(શાર્દૂલવિક્રિડિત)

દિવ્યાનંદપયોદ સુંદર વળી પીતાંબરે સોહતાં,
હાથે ચારુ ધનુષ્યબાણ કટિએ ભાથાસહ ઉત્તમ;
રાજીવાયતલોચને શિરજટાજૂટે સમાકર્ષતા,
સીતાલક્ષ્મણ સાથ સુંદર જતાં માર્ગે ભજું રામને.

*

(દોહરા)

વિરતિ પામતા પંડિતો મુનિવર મોટા તેમ,
ગૂઢ ગુણો શ્રીરામના શકું વર્ણવી કેમ.

પ્રભુથી વિમુખ અધર્મરત વિમૂઢ પામે મોહ,
કૃપા કરે સમજાય તો ચિદાનંદસંદોહ.

*

## જયંતનો પ્રસંગ

(આખ્યાન)

પુરનર ભરત પ્રીત મેં ગાઈ, મતિ અનુરૂપ અનૂપ સુહાઈ;
સુણો ચરિત પ્રભુનાં અતિપાવન અરણ્યનાં સુરનર મુનિભાવન.

એક વાર ચૂંટી મધુ ફૂલ રામે ભૂષણ કર્યાં અમૂલ;
બેસી સુંદર સ્ફટિકશિલા પર પહેરાવ્યાં સીતાને સાદર.

સુરપતિસુત ધરી વાયસવેશ રઘુપતિબળ જોવાને લેશ,
ગયો મંદમતિ શઠની જેમ, જાય સિંધુ પ્રતિ કીડી તેમ.

મૂઢ બનીને મોહ્યો કાગ; સીતાચરણ ચાંચ હતભાગ,
મારી એણે કપટ કરી, ભાગ્યો જોયા વિના ફરી.

(દોહરા)

ચાલ્યું રક્ત ચરણથકી જાણ્યું રઘુનાથે,
શર સળીતણું સાંધતા લીધું ધનુ હાથે.

અતિકૃપાળુ રઘુનાયક સદા દીન પર નેહ,
કર્યું જયંતે પાતક, એમાં ના સંદેહ.

(આખ્યાન)

બ્રહ્મબાણ મંત્રસહિત છોડ્યું, અગ્નિસમાન તરત તે દોડ્યું;
પિતા પાસ ભયભીત ગયો, રૂપ ધરીને મૂળ રહ્યો.

રામવિમુખને રાખ્યો ના, ઈન્દ્રે આશ્રય આપ્યો ના;
ફર્યો લોકલોકાંતરમાં નિરાશ શોકિત બનતાં હા !

બેસવા મળ્યું ક્યાંય ન સ્થાન, રાખે દ્રોહી કોણ મહાન,
માતાપિતા મૃત્યુયમ જેમ અમૃત ગરલ બને છે તેમ.

મિત્ર શતરિપુ સમાન ઠરે, વૈતરણી સુરનદી બને,
રામવિમુખને વિશ્વ ખરે પાવક બનતાં દગ્ધ કરે.

(દોહરા)

જયંતને જોઈ થઈ નારદને કરુણા,
સંત સુકોમળ ચિત્તના સઘળા હોય સદા.

પ્રભુની પ્રભુતાને કહી મહર્ષિએ સપ્રેમ;
ગયો રામ પાસે તરત કરવાને નિજ ક્ષેમ.

રઘુવર પાસ પહોંચતાં બોલ્યો અંતે એ,
શરણાગત વત્સલ પ્રભો રક્ષો આજ મને.

(આખ્યાન)

ભીત આતુર ગ્રહી ચરણ કહ્યું નેહથી કરી નમન,
અતુલિત બળ અનહદ પ્રભુતા જાણી ના પામી જડતા.

કુકર્મના ફળને પામ્યો, રક્ષો હવે શરણ આવ્યો;
અતિકૃપાળુ છે રઘુનંદન દુઃખ દરદ ક્લેશ નિકંદન;

સુણી એહનાં આર્તવચન કરવા માટે મોહશમન,
કરીને તરત એકનયન છોડી દીધો ધરી શરણ.
ઉચિત હતો વધ તોય ધરી મુક્તિ એને કૃપા કરી.

(દોહા)

કર્યો મોહવશ દ્રોહ ક્ષમા તોય એને ધરી,
કૃપાળુ રામસમાન ના અન્ય શકે કોઈ મળી.

*

## અત્રિમુનિના આશ્રમમાં

(આખ્યાન)

ચિત્રકૂટમાં રામ રહ્યા, ચરિત્ર એમ અનેક કર્યાં.
શ્રવણયોગ્ય સૌ સુધાસમાન કરતાં જીવનનું કલ્યાણ.

કર્યું એમણે ત્યાં અનુમાન, થઈ ગઈ છે સૌને જાણ,
ભીડ ભક્તની અહીં થશે, જવું ઘટે અન્યત્ર કશે.

વિદાય માંગી મુનિજન પાસ વંદી વિનય કરીને ખાસ,
સીતાસહિત ભ્રાત ઉભયે ચાલ્યા પુનિત કરી વનને.

અત્રિ મહામુનિ આશ્રમમાં આવ્યા પ્રભુ ચાલી વનમાં,
સુણતાં એવું હર્ષ થયો મુનિને નવ અવતાર મળ્યો.

દોડ્યાં પુલકિત તન સાથે રહ્યું નહીં હૈયું હાથે;
કરી રહ્યા સાષ્ટાંગ પ્રણામ ભેટ્યા લક્ષ્મણ તેમજ રામ.

નીરખી શોભા રામતણી નેત્રને મળી શાંતિ ઘણી;
લાવી આશ્રમમાં સાદર પૂજી ધર્યાં ફૂલ ને ફળ.

(દોહરા)

રામ આસને રાજતાં શોભાને નીરખી,
મુનિવર પરમ પ્રવીણ એ સ્તુતિ બોલ્યા પ્રણમી.

(છંદ - નમામિ દેવી નર્મદે)

પ્રણામ ભક્તવત્સલ કૃપાલુ શીલ કોમલ,
ભજું સદા પદામ્બુજ અકામને સ્વધામદ;
અતીવ શ્યામસુંદર ભવાંબુનાથમંદર,
પ્રફુલ્લકંજ લોચન મદાદિ દોષમોચન.

પ્રલંબ બાહુ વિક્રમ, અમાપ દિવ્યવૈભવ,
નિષંગચાપસાયક તમે ત્રિલોકનાયક,
દિનેશ વંશમંડન મહેશ ચાપખંડન,
મુનીન્દ્રસંત રંજન સુરારિવૃંદ ભંજન.

મનોજશત્રુવંદિત, અજાદિ દેવસેવિત,
વિશુદ્ધ જ્ઞાનવિગ્રહ સમસ્ત દોષનાશક;
પ્રણામ ઈન્દીરાપતિ સુખસ્વરૂપ સદગતિ,
ભજું સશક્તિસાનુજ શચીપતિપ્રિયાનુજ.

ભજે છે પાદ જે નર સદાય હીન મત્સર,
પડે ન તે ભવાર્ણવ વિતર્ક વીચિસંકુલ;
ભજે વિમુક્તિ માંગતા વિવિક્તવાસમાં સદા,
મથીને ઈન્દ્રિયો બધી યતીન્દ્ર પામતા ગતિ.

છો એક અદભૂત પ્રભો, અકામ છો વળી વિભો,
જગતગુરૂ છો શાશ્વત તુરીય નિત્ય કેવલ;
ભજું છું ભાવવલ્લભ, અસંયમીને દુર્લભ,
સ્વભક્ત કલ્પવૃક્ષશા નમું સુસેવ્ય ને સમ.

અનૂપરૂપ દેવ હે, મહીના નાથ પ્રાણ જે,
નમું પ્રસન્ન હો તમે અનંત ભક્તિ દો મને.
પ્રશસ્તિ આદરે કરે સ્વરૂપ ધ્યાનને ધરે,
બનીને ભક્તિસંયુત પ્રસન્ન પ્રાણ તે ફરે.

(દોહરા)

કરી સ્તવન મુનિએ નમી કહ્યું જોડતાં હાથ,
ચરણકમળ છોડે નહીં મન મારૂં હે નાથ !

*

## અનસૂયાનો ઉપદેશ

(ચોપાઈ)

ગ્રહી અનસૂયાકેરાં ચરણ બોલી સીતા સુમધુર વચન;
અર્પી આશિષ ઋષિપત્નીએ એને બેસાડી સ્નેહે સમીપે.

દિવ્ય વસન ભૂષણ પહેરાવ્યાં, નિતનૂતન નિર્મળ ચારુ લાગ્યાં;
કહી મનહર મધુ મૃદુ વાણી નારી ધર્મને પ્રેમે વખાણી.

માતા ભાઈ પિતા હિતકારી સર્વે મિતપ્રદ રાજકુમારી !
કિન્તુ ભર્તા અમિત ફળ આપે ક્લેશ બંધ અશાંતિને કાપે.

એવા પતિને સેવે ના નારી તે છે અધમ અભાગ નઠારી,
ધર્મ ધીરજ મિત્ર ને નાર ચારે પરખાય આપત્તિકાળ.

વૃદ્ધ રોગી નિર્ધન જડ અંધ દીન પતિની સેવા કરી બંધ,
ક્રોધી બધિરને ના આપી માન નારી કરી શકે ના કલ્યાણ.

એક ધર્મ નિયમ વ્રત એક તન મન વચને રાખી ટેક,
પતિચરણોમાં રાખવો પ્રેમ એથી નારીનું થાય છે ક્ષેમ.

(દોહરા)

પતિવ્રતા સ્ત્રીના કહ્યાં જગમાં ચાર પ્રકાર,
વેદપુરાણે સજ્જને એવો કર્યો વિચાર.

(ચોપાઈ)

ભાવ એ જ ઉત્તમના મનમાં સ્વપ્ને અન્ય નર નથી જગમાં;
મધ્યમ પરપતિ મનથી જાણે પિતા પુત્ર કે બંધુ પ્રમાણે.

ધર્મ તથા કુળનીતિ વિચારી રહે નિકૃષ્ટ કહી તે નારી;
ભયવશ અવસર ના મળવાથી અધમ સ્ત્રી રહે પતિવ્રતાશી.

પતિવંચક પરપતિ રતિવાળી રૌરવ નરક પડે છે ભારી;
ક્ષણિક અમંગલ સુખને માણે, દુઃખને આગામી ના જાણે.

એના સરખી અધમ ના કોઈ, પતિવ્રતધર્મ પાળતી જોઈ,
અનાયાસ તે સદગતિ પામે; પતિ પ્રતિકૂળ દુઃખ ના વામે.

(દોહરા)

પતિસેવાથી પરમ ગતિ પામે છે નારી,
તુલસી પ્રિય પ્રભુને બની ધર્મ પરમ પાળી.

નામ સ્મરી તુજ પાળશે નારી પતિવ્રતધર્મ,
રામ તને છે પ્રાણપ્રિય છતાં કહ્યો મેં મર્મ.

જગહિત માટે વર્ણવી તોપણ સર્વ કથા;
શમી ગઈ સ્નેહે છલ્યાં, સુણતાં શબ્દ વ્યથા.

(ચોપાઈ)

પામી જાનકી સુખને અપાર, મુક્યું મસ્તક ચરણે તે વાર,
કહ્યું મુનિવરને કૃપાનિધાને અન્ય વનમાં જવા રુચિ પ્રાણે.

કૃપા મુજ પર નિશદિન કરજો, જાણી સેવક ના પરહરજો;
સુણી ધર્મધુરંધર વાણી વદ્યા મુનિવર પ્રેમે જ્ઞાની.

શિવ સનકાદિ બ્રહ્મા માગે જેવાં પરમારથી સહુ જાગે,
કૃપા જેમની તે ભગવાન દીનબંધુ તમે ભક્તપ્રાણ.

છતાં નમ્રતાની બોલો વાણી, હવે લક્ષ્મીની ચાતુરી જાણી,
સર્વ દેવ તજી ભજ્યા તમને; શીલ સમજાય ક્યાંથી અમને?

કહું કેમ કે આપ પધારો; સ્વાર્થ જોઈએ અમે અમારો;
મુનિ પ્રભુને પેખી રહ્યા પ્રેમે, અશ્રુ રોકી શકાયા ના કેમે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

તન પુલકિત બન્યું પ્રેમપ્લાવિત, નયન મુખપંકજ ઠર્યાં,
મેં જ્ઞાનગુણ ગોતિત પ્રભુનાં આજ છે દર્શન કર્યાં.
ક્યારે કર્યાં મેં જપ તથા તપ મુનિ વિચારી એ રહ્યા,
જપ યોગ ધર્મથકી પમાયે ભક્તિ અનુપમ સર્વદા.

(દોહરા)

કલિમલશમન દમનમન રામ સુયશ સુખમૂળ,
સાદર સુણવાથી સદા રહે રામ અનુકૂળ.

મલભંડાર સમાન છે કઠિન કહ્યો કલિકાળ,
જ્ઞાન યોગ જપ એ મહીં નથી સાધનાસાર.

તજે ભરોસો સર્વનો ભજે એ મહીં રામ,
તે જ ચતુર તે પ્રાજ્ઞ નર પામી લે વિશ્રામ.

*

## રાક્ષસોના નાશની પ્રતિજ્ઞા

(ચોપાઈ)

મુનિચરણે નમાવી શીશ ચાલ્યા સુરનર મુનિવર ઈશ,
આગળ રામ પાછળ લક્ષ્મણ મુનિવેશે હરી લેતા મન.

બંને વચ્ચે સોહે સીતા કેવી બ્રહ્મ જીવ મધ્યે માયા જેવી;
ગિરિ સરિતા દુર્ગમ સ્થળ વન માર્ગ દેતાં જાણી જગધન.

વનમાં જ્યાં જ્યાં જતા રઘુરાય કરતાં વ્યોમ વાદળ ત્યાં છાંય,
ચારુ સરવર આંબાવાડી હતી ઋષિમુનિઓએ ઉગાડી.

દિવ્ય વૃક્ષો ફળો ચારેપાસે ભરે મનને મોહે ને ઉલ્લાસે.

(દોહરા)

વિરાધ રાક્ષસ માર્ગમાં મળ્યો રામને ત્યાં;
સપ્ત સર્પશરથી હણ્યો રામે ક્ષણભરમાં.

મુનિ શરભંગાશ્રમ સ્થળે સીતા લક્ષ્મણસાથ,
રામ પધાર્યા તે પછી સકળ જગતના નાથ.

રામચંદ્ર મુખપંકજ મુનિવર લોચનભૃંગ,
સાદર પાન કરી રહ્યા, ધન્ય જન્મ શરભંગ.

(ચોપાઈ)

બોલ્યા મુનિ રઘુવીર કૃપાળ શિવમાનસ રાજમરાલ,
રહ્યો બ્રહ્મલોકમાં જઈ ત્યારે માહિતી આપની મળી.

કરતો પ્રતિક્ષા ત્યારથી પ્રેમે સ્વપ્ન સિદ્ધ થયું આજ કેમે;
હું તો સકળ સાધનહીન નાથ, કૃપા કીધી જાણી નિજ દાસ.

નથી મારા પર એ ઉપકાર, એ તો પણ છે તમારું અપાર;
હવે દીનનું કરવા કલ્યાણ વસો પ્રેમથી મારે સ્થાન.

અર્પી યોગ ને જપ તપ યજ્ઞ મુનિએ લીધું ભક્તિકેરું વર,
બેઠા ચિતા ઉપર સંગ છોડી પ્રભુમાં પ્રાણને પ્રેમથી જોડી.

(દોહરા)

સીતા લક્ષ્મણ સહ પ્રભુ નીલ જલદસમ શ્યામ,
વસો નિરંતર અંતરે સગુણરૂપ શ્રીરામ.

એમ કહી યોગાગ્નિમાં શરીરને બાળ્યું;
વૈંકુઠ મળ્યું રામના અનુગ્રહથી ન્યારું.

પ્રથમથી જ માંગ્યુ હતું ભેદ ભક્તિવરને,
વિલીન તેથી હરિમહીં થયા નહીં મુનિ એ.

સદગતિ મુનિની દેખતાં ઋષિ સૌ સુખી થયા,
સ્તુતિ કરતાં શ્રીરામની જયજયકાર કર્યાં.

વનમાં મુનિમંડળ સહિત આગળ ચાલ્યા રામ,
અસ્થિસમૂહ નિહાળતાં હૃદય દ્રવ્યુ નિષ્કામ.

મુનિઓ બોલ્યાં પ્રભુ તમે અંતર્યામી છો,
સર્વજ્ઞ છતાં અજ્ઞની પેઠે કાં પૂછો.

નિશિચરનિકરે ભક્ષણ ઋષિમુનિઓનું કર્યું,
અસ્થિઢગ બધા એહના; સુણતાં હૃદય રડ્યું.

નિશિચરરહીત કરું મહી પ્રતિજ્ઞા કરી ત્યાં,
ભુજ ઉઠાવતાં રઘુવરે શોકભર્યા સ્વરમાં.

*

## સુતીક્ષ્ણ મુનિને દર્શન થાય છે

(આખ્યાન)

અગસ્ત્ય મુનિના શિષ્ય સુજાણ સુતીક્ષ્ણ નામે રતિ ભગવાન,
મન ક્રમ વચન રામપદ સેવક સ્વપ્ને સેવે કોઈ દેવ ન.

પ્રભુ આગમન સુણી સાનંદ કરી મનોરથ આર્ત અનંત,
દોડ્યા કરતાં પ્રેમવિચાર મારા સમ શઠ કોણ કરાળ?

દીનબંધુ લક્ષ્મણની સાથ મળશે મને ભરીને બાથ?
મુજમાં વિરતિ ભક્તિ ના જ્ઞાન, દૃઢ વિશ્વાસ પ્રેમ ના પ્રાણ.

યોગ યજ્ઞ જપ ના સત્સંગ, ચરણકમળમાં ના દૃઢ રંગ;
જેને નથી અન્ય આધાર કરુણાનિધાન કરતાં પાર.

(દોહરા)

પ્રતિજ્ઞા સુણી એમની એક એમની ટેક,
અપનાવીને પાળતા શરણાગતને નેક.

(આખ્યાન)

બનશે સફળ આજ મુજ લોચન પેખી મુખપંકજ ભવમોચન;
પૂરણ પ્રેમમગ્ન મુનિ જ્ઞાની દશા જાય ના મધુર વખાણી.

દિશા તથા પ્રદિશાનું ભાન રહ્યું નહીં પોતાનું જ્ઞાન;
આગળ પાછળ ચાલ્યા જાય, નૃત્ય કરીને પ્રભુગુણ ગાય.

પ્રેમભક્તિને પ્રાપ્ત કરી, પેખી રહ્યા પ્રસન્ન હરિ;
ભવભયભંજન શ્રીરઘુરાય પ્રગટ્યા પ્રેમે અંતરમાંહ્ય.

પ્રભુદર્શન પામી ઉરમાં મુનિ બેઠા સ્થિર ત્યાં વનમાં;
પાસ પહોંચ્યા ત્યારે રામ દેવોને અવિચલ આરામ.

(દોહરા)

જાગ્યા મુનિ ન જગાડતાં પામી સુખ ધ્યાને,
પ્રગટ્યા રામ ચતુર્ભૂજ રૂપ ધરી પ્રાણે.

(આખ્યાન)

મણિ વિણ સર્પ જેમ અકળાય વ્યાકુળ બન્યા તેમ મુનિરાય;
લક્ષ્મણ સીતા સાથે રામ જોયા આગળ ત્યાં સુખધામ.

પડ્યા પદે રેલી અનુરાગ મુનિવર પ્રેમમગન બડભાગ;
પકડી ભેટ્યા પ્રેમથકી રામ એમને અંતરથી.

સુવર્ણદ્રુમને વૃક્ષ તમાલ ભેટ્યું જાણે હોય રસાલ,
રહ્યા રામ એવા સોહી મન જોતાં જ રહ્યું મોહી.

નિર્નિમેષ નેને મુનિ એ જોવા લાગ્યા રઘુવરને,
ચિત્રાંકિત આકૃતિની જેમ પામી પ્રભુની પૂરણ રે'મ.

(દોહરા)

ચરણસ્પર્શ મુનિએ કર્યો ધૈર્ય પછી ધારી,
આશ્રમમાં લાવી કરી પૂજા સત્કારી.

(આખ્યાન)

મુનિએ કહ્યું સાંભળો નાથ, સ્તુતિ કેમ કરું અજ્ઞ અભાગ;
મહિમા અમિત બુદ્ધિ મુજ અલ્પ, અનુભૂતિ વળી છેક જ સ્વલ્પ.

રવિ સન્મુખ દુર્બળ ખદ્યોત ઝાંખી દીપકકેરી જ્યોત,
મહિમા દિવ્ય તમારો તેમ, બુદ્ધિ મારી પહોંચે કેમ?

નીલકમળસમ શ્યામ શરીર, જટામુકુટ ધાર્યા મુનિ ચીર,
કર શરચાપ કમર તૂણીર, નમું નિરંતર શ્રી રઘુવીર.

મોહવિપિન દહનાર કૃશાનુ, સંતકમળ કાનનના ભાનુ,
નિશિચરકરિમંડળ મૃગરાજ, રક્ષો અમને ભવખગબાજ.

અરુણ કમળસમ નયન સુવેશ, સીતાનયન ચકોરનિશેશ;
હરઉરમાનસ બાલમરાલ, નયન રામ ઉરબાહુ વિશાળ.

સંશય સર્પગ્રસન ઉરગાદ, શમન સુકર્કશતર્કવિષાદ;
ભવભંજન રંજન સૂર યૂથ, રક્ષો અમને કૃપાવરૂથ.

નિર્ગુણ સગુણ વિષમ સમરૂપ, જ્ઞાનગિરાગોતીત અનૂપ;
અમલ અખિલ અનવદ્ય અપાર, નમન રામ ભંજન ભવભાર.

ભક્ત કલ્પદ્રુમ આત્મારામ, હરતા ક્રોધ લોભ મદ કામ;
અતિ નાગર ભવસાગરસેતુ રક્ષો નિત દિનકર કુળકેતુ.

અતુલિત યશપ્રતાપ બળધામ, કલિમલ વિપુલ વિભંજનનામ,
ધર્મકવચ નર્મદ ગુણગ્રામ, કલ્યાણ કરો રઘુપતિ રામ.

વિરજ તમે વ્યાપક, અવિનાશ સૌના હ્રદયે કરતા વાસ;
તોપણ લક્ષ્મણ સીતા સંગ વસો ઉરે રેલી રસગંગ.

નિર્ગુણ સગુણ તમોને જાણે ભલેને અંતર્યામી માને,
કોશલપતિ રાજીવનયન કરો હૃદય મુજ દિવ્ય અયન.

(દોહરા)

સ્વામી મારા રામ ને હું રઘુવરનો દાસ,
ટળે નહીં અભિમાન એ સ્વપ્ને પણ વિશ્વાસ.

મુનિના વચન સુણી થઈ પ્રસન્ન રામ વદ્યા,
ઈચ્છાનુસાર પ્રેમથી માગો વર હમણાં.

મુનિ બોલ્યા મુજને નથી સમજ માગવાની,
જાણું સત્યાસત્યને ના હું અજ્ઞાની.

ભક્તોને સુખકર તમે રઘુનંદન રસરૂપ,
આપો સમજો યોગ્ય તે મુજને હે જગભૂપ !

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ને ગુણ વિવેક વિજ્ઞાન,
રઘુવરે કહ્યું, પામતાં બનો સદાય નિધાન.

મુનિ બોલ્યા માંગુ હવે મનગમતું વરદાન,
કરો પ્રદાન કૃપા કરી ધન્ય થાય કે પ્રાણ.

અનુજ જાનકી સહ પ્રભો ધનુષ બાણધર રામ,
હૃદયગગન મારા વસો ઈન્દુ જેમ નિષ્કામ.

રમાનિવાસે પ્રેમથી તરત તથાસ્તુ કહ્યું,
અગસ્ત્ય ઋષિ પાસે જવા સુખે પ્રયાણ કર્યું.

## અગસ્ત્ય ઋષિના આશ્રમમાં

(ચોપાઈ)

ગુરૂદેવ અગસ્ત્યને મળવા ચાલ્યા સત્સંગ મુનિવર કરવા,
વાટે વર્ણવતાં ભક્તિ અનૂપ આવ્યા આશ્રમે સુરનરભૂપ.

ગયા સુતીક્ષ્ણ મુનિ ગુરૂ પાસે, બોલ્યા હૈયાને ભરતાં હાસે,
જેની જપતાં કરો તમે સેવ તે જ આવ્યા છે દેવોના દેવ.

નાથ કોશલાધીશ કુમાર આવ્યા રામ જગત આધાર,
સુણી દોડ્યા મહામુનિ પ્રેમે, હૈયું હાથ રહ્યું ના કેમે.

નેત્ર પ્રેમના જલથી છવાયાં, બીજ રાગનાં હૃદયે વવાયાં;
નમ્યા ચરણકમળ બંને ભ્રાત, પૂછી મુનિએ કુશળતાની વાત.

ભેટી અર્પ્યાં સરસ આસન, બોલ્યા ધન્ય કો મારાશો જન;
પામ્યું સુખ ઋષિમુનિનું વૃંદ હરખ્યું અવલોકી આનંદકંદ.

(દોહરા)

મુનિમંડળ અભિમુખ બની શાંત વિરાજ્યા રામ;
શરદચંદ્રને નીરખતું ચકોરગણ અભિરામ.

તમારા થકી ગુપ્ત ના કાંઈયે મુનિરાજ,
માર્ગ બતાવો અસુરને સર્વ મારવા કાજ.

હરખાયા મુનિ સાંભળી પ્રભુકેરી વાણી,
મહિમા શેં સમજી શકે ભજન વિના પ્રાણી.

(ચોપાઈ)

માયા ઉંબરના વૃક્ષ જેવી સૃષ્ટિ એથી વિવિધ ફળી કેવી;
જીવ ચરાચર જંતુસમાન વસે એમાં ધરી અજ્ઞાન.

ફળભક્ષક કઠિન કરાળ ડરે ભયથી તમારા કાળ;
તમે સૃષ્ટિપતિ છો સ્વામી, પૂછો તોપણ મોહને પામી.

વસો હૃદયકમળમાં મારા સીતાલક્ષ્મણ સાથે પ્યારા,
ભક્તિ વૈરાગ્ય દો સત્સંગ પ્રીત ચરણકમળની અભંગ.

તમે બ્રહ્મ અખંડ અનંત અનુભવગમ્ય ભજે તેને સંત,
જાણું નિર્ગુણ એવું સ્વરૂપ છતાં ચાહું સગુણ વધુ રૂપ.

(દોહરા)

પંચવટી નામે પુનિત પરમ મનોહર સ્થાન,
દંડકવન પાવન કરો ધન્ય કરી મુનિપ્રાણ.

મુનિની અનુમતિ મેળવી ચાલ્યા ત્યાંથી રામ,
પંચવટી પાસે તરત પહોંચ્યા સુખના ધામ.

સંગ જટાયુતણો થયો, થયો પરસ્પર પ્રેમ;
કુટિ બાંધી ગોદાવરી પાસ રહ્યા પ્રભુ એમ.

*

## પંચવટીમાં

(ચોપાઈ)

કર્યો જ્યારથી રામે ત્યાં વાસ, થયા નિર્ભય મુની સુખી ખાસ,
નદી ગિરિવન તેમ તળાવ, બન્યાં પ્રતિદિન સુંદર સાવ.

ખગમૃગવૃંદ કરતાં આનંદ, ગૂંજે મધુપ મધુર સાનંદ;
રહે રામ પોતે જે વન, એનું ભાગ્ય જાણે કવિજન.

પેખી પ્રભુને વને સુખાસનમાં, કહ્યું લક્ષ્મણે છળહીન સ્વરમાં,
દેવમુનિને ચરાચરસ્વામી, પ્રભુ જાણે પૂછી રહ્યો નામી.

કહો સમજાવીને સર્વ મુજને, જેથી સેવું તમારી રજને;
કહો જ્ઞાન વૈરાગ્ય ને માયા, ભક્તિ જેથી કરો તમે દાયા.

(દોહરા)

જીવ ઈશના ભેદને સમજાવો રઘુરાય,
થાય ચરણરતિ, શોક ભ્રમ મોહ બધોયે જાય.

(ચોપાઈ)

કહું સંક્ષેપમાં સમજાવી, બોલ્યા રામ સુણો ધ્યાનમાં લાવી;
હું ને મારું તું તારું માયા, એણે વશ કર્યા રંકરાયા.

મન ઈન્દ્રિયો જ્યાં સુધી જાય, જાણ માયાતણી ત્યાં છાંય;
એના વિદ્યા અવિદ્યા ભેદ, બંને જાણ્યે મળે નિર્વેદ.

દુષ્ટ એક અતિદુઃખરૂપ પડ્યો જીવ જેથી ભવકૂપ,
ગુણવાળી રચે જગને જે પ્રભુપ્રેરિત બળહીન છે તે.

જેમાં માનાદિ દોષ ન કોઈ, રહે બ્રહ્મ ચરાચર જોઈ,
જ્ઞાન નકામું ગણ્યું વિદ્વાને, કોઈ વિરલાજનો એને માણે.

સિદ્ધિ ત્રિગુણને તૃણસમ ત્યાગે, જીવે રાગી પ્રભુના જ વૈરાગે;
માયા ઈશ પોતાને ન જાણે, તેને જીવ વિદ્વાનો માને.

(દોહરા)

બંધ મોક્ષપ્રદ સર્વ પર માયાપ્રેરક જે,
પૂર્ણ મુક્ત અજ અમર એ શિવ ઈશ કહ્યા છે.

ધર્મથકી વૈરાગ્ય ને થાય યોગથી જ્ઞાન,
જ્ઞાન મોક્ષપ્રદ છે સદા, કરતા વેદ વખાણ.

પરંતુ જેથી પીગળી પ્રસન્ન તરત બનું,
તે તો મારી ભક્તિ છે ભક્તનસુખદ ગણું.

એ સ્વતંત્ર એને નથી અવલંબન કો અન્ય,
જ્ઞાન અને વિજ્ઞાન છે એને અધીર ધન્ય.

ભક્તિ મેં અનુપમ કહી શાશ્વત સુખનું મૂળ,
સાંપડતી તે સંત જો થઈ જાય અનૂકુળ.

સુગમમાર્ગથી એ મને પ્રાણી પ્રાપ્ત કરે;
સાધન ભક્તિનાં કહું જેથી હેતુ સરે.

(ચોપાઈ)

પહેલાં વિપ્રચરણ અતિપ્રીત, કરવાં કર્મ રાખી શ્રુતિરીત,
એથી પ્રગટે વિષય વૈરાગ્ય ત્યારે ખીલે છે ભક્તનું ભાગ્ય.

ઉપજે મુજ ધર્મમાં અનુરાગ, પ્રાણ પામે નવીન સુહાગ;
દૃઢ શ્રવણાદિ નવભક્તિ થાય, મારી લીલામાં રતિ જાગી જાય.

સંતચરણોમાં જેને હો પ્રેમ, મન કર્મ વચને દૃઢ નેમ,
મને માતા પિતા ગુરૂદેવ પતિ બંધુ, જાણી કરે સેવ.

થાય રોમાંચ મુજ ગુણ ગાતાં, બને ગદગદ લોચન રાતાં,
કામ દંભ નથી મદ જેને સદા વશ હું રહું છું તેને.

(દોહરા)

મન વાણી કર્મે મને ગતિ ગણતાં નિષ્કામ,
ભજે ભાવથી એહના ઉરે કરું વિશ્રામ.

ભક્તિ યોગના શ્રવણથી લક્ષ્મણ સુખ પામી,
રહ્યો રામના ચરણમાં નેહથકી નામી.

*

## શૂર્પણખાનો પ્રસંગ

(દોહરા)

જ્ઞાન તથા વૈરાગ્યની વાત કહેતાં એમ,
વીત્યા થોડા દિવસ ત્યાં જળ પ્રવાહની જેમ.

(આખ્યાન)

શૂર્પણખા રાવણની બેન નાગિણીસમી દારુણ નેમ,
આવી પંચવટી સ્થળમાં બની વિકળ જેવી ક્ષણમાં.

પિતાપુત્ર કોઈ પણ હોય પુરૂષ મનોહર જોતાં કોય,
વિકળ બને અધમ સ્ત્રીજન રોક્યું ના રોકાયે મન.

રુચિર રુપને એ ધારી સ્મિત કરતાં બોલી નારી,
પ્રભુ પાસ જઈ મુગ્ધ બની પ્રકટ કરીને પ્રીતિ ઘણી.

તમારા સમો પુરુષ ન ક્યાંય, મારી મળે ન જગમાં છાંય,
યોગ રચ્યો વિધિએ કેવો વિરલ છતાં ચોક્કસ જેવો.

ત્રિભુવનમાં મેં શોધ કરી મારે યોગ્ય શક્યું ન મળી,
કુંવારી રહી એથી હું, પ્રસન્ન તમને પેખી છું.

તમને જોઈ મન માન્યું, અવસર આ અનુપમ જાણું.

બોલ્યા અખિલ જગતના તાત, અવિવાહિત મુજ નાનો ભ્રાત;
ત્યારે લક્ષ્મણ પાસ ગઈ, લક્ષ્મણે મધુર વાણ કહી.

હું તો એમનો ક્ષુલ્લક દાસ પરાધીન છું પડેલ પાશ,
તેથી મળશે તને ન સુખ સુંદરી થશે ઉલટું દુઃખ.

(દોહરા)

કોશલપુરના રાજ છે પ્રભુ સમર્થ પોતે,
શોભે સઘળું તેમને જે કરતાં હો તે.

(આખ્યાન)

દાસ ચહે સુખ ભિક્ષુક માન વ્યસની ધન યશ લોભી મહાન,
ઈચ્છે શુભ ગતિ વ્યભિચારી, ફળને ચાર અહંકારી.

નભને દોહી ચાહે દૂધ એ સૌ જનને કહ્યા અબુધ,
અસંભવ બને સંભવ કેમ, લોહ બને કેમ કરી હેમ?

આવી નારી રઘુવર પાસ, લક્ષ્મણ પાસ પાઠવી ખાસ;
કહ્યું લક્ષ્મણે જે નિર્લજ્જ થશે તે તને વરવા સજ્જ.

ત્યારે રઘુવર પાસ ગઈ રૂપ ભયંકર ધરી ફરી;
સીતાને જોઈ ભયભીત સૂચન રામે કર્યું સપ્રીત.

(દોહરા)

શૂર્પણખાને લક્ષ્મણે નાક કાનથી હીન,
કરી પછી લંકેશને પડકાર સમી દીન.

(આખ્યાન)

બની ગઈ અતિશય વિકરાળ, વહી રક્તની તનથી ધાર;
ખરદૂષણના જપતાં જાપ પહોંચી કરતાં ઘોર વિલાપ.

બંધુ ઉભય તમને ધિક્કાર પરાક્રમ ભલે હોય અપાર.
શૂર્પણખાની કથા સુણી સેના કરી સુસજ્જ ઘણી.

દોડ્યાં નિશિચર નિકર વરૂથ જ્યમ સપંખ કાજળગિરિજૂથ,
નાના વાહન નાનાકાર નાનાયુધધર ઘોર અપાર.
અશુભરૂપ શ્રુતિ નાકવિહીન અગ્ર કરી શૂર્પણખા ખિન્ન.

(દોહરા)

અનેક અપશુકનો થયા અતિકરાળ તે કાળ,
અસુરો ગણકાર્યા નહીં ખાવા યમના માર.

કરવા લાગ્યા ગર્જના શત્રુનો ધિક્કાર,
ઉડવા માંડ્યા વ્યોમમાં કરી હર્ષજયકાર.

બેય બંધુને કો કહે જીવતા પકડી લો,
મારી નાખો સ્ત્રી હરી ઘોર દંડને દો.

નભમંડળ ધૂળે ગયું છેક છવાઈ ત્યાં,
લક્ષ્મણને ત્યારે કહ્યાં વચનો રામે આ.

ગિરીગુફામહીં રાખવી સીતા હવે ઘટે,
રાક્ષસસેના વિણ આવા યુદ્ધ નહીં જ મટે.

પ્રભુની વાણી સાંભળી લક્ષ્મણ સીતા સાથ,
ધનુષબાણ ધારી ગયો ગિરમાં ઘડતાં ઘાટ.

રામે રાક્ષસ સૈન્યને આવેલું જાણી
ધનુષ્ય ચઢાવ્યું હરખતાં ક્રીડાસમ માની.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

કોદંડ કઠિન ચઢાવનાર શિર પર જટા બાંધતા,
શ્રીરામ શોભી રહ્યા કેવા કમર ભાથું ધારતાં;
રાક્ષસસમૂહ તરફ પ્રતાપી નેત્રથી નીરખી રહ્યા,
મદમત્ત હસ્તિસમૂહને વનરાજ જેમ તજી દયા.

(દોહરા)

પકડો પકડો બોલતાં આવ્યા રાક્ષસ મત્ત,
રઘુવરને દેખી બન્યા નિમીષમાત્રમાં સ્તબ્ધ.

બાણ શક્યાં ના રામ પર છોડી રાક્ષસ ઘોર;
ખરદૂષણ બોલ્યાં ખરે કુમાર આ છે ઓર.

માનવમાં ભૂષણસમા સુંદર રાજકુમાર,
નાગ સુરાસુર મનુજ નર જોયા અમે અપાર.

જીત્યા અનેકને હણ્યા જીવનભર પણ આ,
સુંદરતા જોઈ નથી ક્યાંયે ત્રિભુવનમાં.

(ચોપાઈ)

કરી ભગિનીને એણે કુરૂપ તોય વધ યોગ્ય છે ના અનૂપ,
આપી તરત છુપાવેલી નારી જાય શાંતિથકી ઘેર ન્યારી.

સુણી દૂત દ્વારા સંદેશ બોલ્યા સ્મિત કરતાં અખિલેશ,
અમે ક્ષત્રિય કરતાં શિકાર, પશુને શોધી રહ્યા હરકાળ.

બલી રિપુથી ના લેશ ડરીએ, કાળ આવે છતાંયે લડીએ;
અમે મનુજ દનુજ દમનારા, વનમાં રક્ષા મુનિની કરનારા.

અમે બાળક નાશક ખલના, જાવ પાછા જો બાહુમાં બળ ના;
અમે યુદ્ધવિમુખને કદીયે નવ શરણાગતોને હણીએ.

(દોહરા)

સમરે છલન શત્રુ પર કરવી કૃપા વળી,
કાયરતા એને કહી નિર્બળતા સઘળી.

ખરદૂષણનું હૃદય એ શબ્દે જલી રહ્યું,
પકડો કેદ કરો હવે ઉભયે એમ કહ્યું.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

શરચાપ તોમર સાંગ બરછી પરશુ પરિઘ કૃપાણની,
સાથે ભયંકર વીર અસુરો દોડતાં રણમાં ગયા;
રામે કર્યો ટંકાર ધનુનો ભયાનક સૌથી પ્રથમ,
સૌ બધિર વ્યાકુળ રાક્ષસો એથી અચેતસમા થયા.

(દોહરા)

સશક્ત રિપુને સમજતાં સાવધ બનતા સર્વ,
શસ્ત્રાસ્ત્રો વરસાવવા માંડ્યા માની પર્વ.

કાપી નાખ્યા આયુધો તલસમાન જાણી,
રામે શર છોડ્યાં ધનુષ કર્ણ સુધી તાણી.

સર્પસમાં ફુત્કારતાં કાળદૂતશાં બાણ,
નીરખી નાઠા સમરથી અસુર રક્ષવા પ્રાણ.

કરવા લાગ્યા રામ પર આયુધતણો પ્રહાર,
પ્રભુએ પણ બળ વાપરી છોડ્યાં બાણ અપાર.

કપાઈ રહ્યા રાક્ષસો, ઉર શિર ભુજ કર પાય,
જ્યાં ત્યાં પૃથ્વી પર પડ્યા, સર્વ બન્યા અસહાય.

ચિત્કારો કરતાં રહ્યા ઘોર વાગતાં બાણ,
ઢળ્યાં ધડો ધરતી પર કરતાં શબ્દ કરાળ.

તનના શત ભાગો થતાં છતાં કરી માયા,
લડવા માટે ઉઠતા જાતુધાનજાયા.

વ્યોમે મસ્તક ધડ ભુજ દોડી રહ્યાં ભમી,
કંક કાગ શૃંગાલની જોડી રહી જમી.

ખોપરી કરી એકઠી પિશાચપ્રેત રહ્યાં,
તાલ વીર વૈતાલ ને આપી રહ્યા ઘણાં.

નાચ યોગિની નાચતી, આંતરડા સાથે,
ગીધ ઉડતાં શિશુસમાં પતંગસહ હાથે.

નીરાઈ છાતી લઈ મરેલ પડછાયા,
કણસતા હતા વીર કૈં મૂકીને માયા.

વ્યાકુળ દેખી સૈન્યને ત્રિશિરા ખરદૂષણ,
લડવા લાગ્યા ઘેરતાં રઘુકુળનાં ભૂષણ.

માયાપતિએ એ સમે લીલા દિવ્ય કરી,
રામરૂપ જોઈ વિવિધ અસુરો રહ્યા મરી.

રામ રામ બોલી તજ્યાં શરીરને અસુરે,
રામકૃપાથી પળમહીં પહોંચ્યા મોક્ષપુરે.

દેવોએ હર્ષિત બની પુષ્પો વરસાવ્યાં,
વાદ્ય વગાડ્યાં સ્તુતિ કરી, આદર દરશાવ્યા.

*

(ચોપાઈ)

રામે રિપુને જીત્યા એવું જાણી, થયા નિર્ભય સુર મુનિ પ્રાણી;
સીતા લક્ષ્મણ સાથે આવી, મૂર્તિ મનહર રામની ભાવી.

શ્યામ મૃદુ અંગને લાગી જોવા, લાગી આંખ આનંદથી રોવા.
રામે પંચવટીમાં એમ કરી લીલા કરવા મુનિક્ષેમ.

સુખ સુરમુનિજનને આપ્યું, કષ્ટ મહીમંડળનું કાપ્યું;
દેખી ખરદૂષણનો નાશ ગઈ શૂર્પણખા રાવણ પાસ.

બોલી ક્રોધે ભરાઈ ભારે પાડ્યો દેશખજાનો વિસારે,
કરે પાન સુએ દિનરાત, શિર શત્રુ છતાં ભૂલ્યો જાત.

રાજ્ય નીતિ વિણ, ધર્મ વિના ધન, સમર્પણ વિના કર્મ,
વિદ્યા વિના વિવેક ન સોહે, ટાળે નહીં અધર્મ.

(રાગ - ભયે પ્રગટ કૃપાલા)

યતિ કુસંગથી, કુમંત્રથી નૃપ, અહંકારથી જ્ઞાન,
પ્રીત પ્રણયના વિના ના ટકે મદિરાપાને ભાન.

મદથી ગુણિયલ નાશ પામતા, નીતિ સુણી મેં ખાસ,
શત્રુ રોગ પાવક પાતક ને સર્પ વળી સ્વામી.

સ્વપ્ને પણ નાના ના ગણવા હો નામી અનામી,
એમ કહીને શૂર્પણખા ત્યાં રડવાને લાગી.

(દોહરા)

રડવા લાગી શોકથી કહેવાને લાગી,
દશકંધર જોને દશા મોહથકી જાગી.
જીવે છે તું તે છતાં અમંગલ દશા થાય,
સાધારણ જન તો પછી કહેવાને ક્યાં જાય?

(રાગ - ભયે પ્રગટ કૃપાલા)

સભાજનો અકળાઈ ઉઠ્યા સમજાવી એને,
શાંત પાડવા લાગ્યા સઘળા નેહ ભરી નેને.

કોણે કાપ્યા કાન નાકને કહે કથા મુજને,
જીવું છું ત્યાં સુધી કષ્ટ દે કોણ લેશ તુજને?

લંકાપતિના સુણી શબ્દને શૂર્પણખા બોલી;
અનુકૂળ થયો રાવણ એથી દિલડું રહ્યું ડોલી.

(ચોપાઇ)

અવધ નૃપતિ દશરથના જાયા મૃગયા માટે અરણ્ય આવ્યા;
પુરૂષસિંહની એવી કરણી નિશાચર રહિત કરશે ધરણી.

જેના ભૂજબળથકી દશાનન, નિર્ભય વિચરે ૠષિમુનિ કાનન,
શિશુસમ પણ એ કાળ સમાન પરમધીર ધન્વી ગુણવાન.

અતુલિત બળપ્રતાપ બે ભાઈ ખલવધરત સુરમુનિ સુખદાયી;
શોભાધામ રામ છે નામ, સંગ સુંદરી યુવતી શ્યામ.

રૂપરાશિ વિધિ નારી બનાવી, રતિ શતકોટિ જાય સૌ વારી;
રામાનુજે કરી ઉપહાસ કાપ્યાં નાક કાન મુજ ખાસ.

(આખ્યાન)

ભગિની તુજ મુજને જાણી કહી વ્યંગમય કટુ વાણી;
ખરદૂષણ મદદે આવ્યા સૈન્ય સહિત પણ ના ફાવ્યા.

ખરદૂષણ ત્રિશિરાનો નાશ સુણી થયો લંકેશ હતાશ;
અંગ બધાં બળવા લાગ્યાં, પાવક ક્રોધતણા જાગ્યા.

(દોહરા)

ભગિનીને સમજાવતાં બળનાં કર્યાં વખાણ,
ચિંતાતુર હર્મ્યે ગયો ઊંઘી શક્યો ન પ્રાણ.

(આખ્યાન)

સુરનર અસુર નાગ ખગમાંહ્ય મારા સેવકની ના છાંય,
ખરદૂષણ મુજશા બળવંત મારે કોણ વિના ભગવંત?

સુર રંજન ભંજન મહીભાર જો પ્રભુએ લીધો અવતાર,
વેર કરું હઠપૂર્વક હું તો પ્રભુબાણે પ્રાણ તજું.

તામસ તનથી ભજન ન થાય, મન ક્રમ વચને વેર ઉપાય;
હશે મનુજ એ રાજકુમાર જીતીને તો હરીશ નાર.

(દોહરા)

એમ વિચારી રથમહીં ગયો એકલો એ,
સમુદ્રતટ પર રાવણ મળવા મારીચને.

*

## રાવણ અને મારીચ

(દોહરા)

લક્ષ્મણ લેવાને ગયો અરણ્યમાં ફળકંદ,
જનકસુતા પ્રત્યે વદ્યા હસી કૃપાસુખવૃંદ.

(આખ્યાન)

પ્રિયા રુચિરવ્રત ધર્મસુશીલા, કરું મનોહર માનવલીલા;
કરું નિશાચરનો હું નાશ કર ત્યાં સુધી અનલમાં વાસ.

રામે વાર્તા કહી વખાણી; પ્રભુપદ પુનિત હૃદયમાં ધારી,
સમાઈ ગઈ અગ્નિમહીં, ખબર અન્યને પડી નહીં.

રાખ્યું સીતાએ પ્રતિબિંબ પોતાના સરખું સુવિનીત,
શીલ સ્વભાવ રૂપ નિજ જેમ, વસી રહી પોતે હો તેમ.

*

દસમુખ મળ્યો તરત મારીચ, નમ્યો સ્વાર્થરત સકામ નીચ;
નમન નીચનું દુ:ખદ ઠરે, અંકુશ ધનુ જ્યમ સર્પ ખરે.

નમે વળી માંજારી તોય વિશ્વાસ કદી કરે ન કોય.
ભયકારક ખલની પ્રિય વાણી હેમપાત્રમાં જ્યમ વિષપાણી.

(દોહરા)

મારીચે પૂજા કરી સાદર પૂછી વાત,
આવ્યા એકલ કેમ ને વ્યગ્ર કેમ છો તાત?

દશમુખે કથા સૌ કહી પછી સહિત અભિમાન;
માયા મૃગ બનવા કહ્યું હરવાને નૃપનાર.

મારીચ વદ્યો નરરૂપે ચરાચરતણા ઈશ,
વેર એમની સાથ ના કરીશ તું દસશીશ.

એ છે શાસક સર્વના જન્મ મરણ સ્વામી,
પ્રભાવ બળને એમના પુરા ગયો પામી.

વિશ્વામિત્રમખે મને ફરા વિનાનું બાણ,
માર્યું, સો યોજન પડ્યો પળમાં હું બેભાન.

વેર એમની સાથ ના કરવામાં કલ્યાણ,
છોડી દે તું એમનું મલિનભાવથી ધ્યાન.

ભૃંગકીટ જેવી થઈ મારી હવે દશા,
ઉભયબંધુને નીરખતો સર્વસ્થળે જગમાં.

માનવ છે તોપણ ઘણાં શૂરવીર છે તે;
વિરોધ કરવાથી નહીં ધાર્યો હેતુ સરે.

હણી સુબાહુ તાડકા તોડ્યું હરકોદંડ,
ખરદૂષણ ત્રિશિરા હણ્યાં તે ન મનુજ; ભગવંત.

કુશળ વિચારીને કરો ગૃહપતિ હવે પ્રયાણ;
સુણતાં રોષે રાવણે દીધી ગાળ કરાળ.

મૂઢ, બોધ આપે મને ગુરૂની પેઠે તું,
પરંતુ આખા જગતમાં અજોડ યોદ્ધો હું.

(આખ્યાન)

કર્યું તરત ત્યારે અનુમાન શસ્ત્રી મર્મી શઠ ધનવાન,
વૈદ ભાટ કવિ કે યજમાન નવ વિરોધથી ના કલ્યાણ.

કરી રહ્યો મારીચ વિચાર હણશે લંકાપતિ તત્કાળ;
મરવાનું તો છે જ ખરે, રામબાણથી મુક્તિ મળે.

બંને બાજુ મરણ જોયું, રામવિચારે મન મોહ્યું,
જાગ્યો હર્ષ પરમ મનમાં દર્શન કરવા રઘુવરનાં.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

નિજ પરમપ્રીતમને વિલોકી સફળ મુજ લોચન થશે,
પામીશ સુખ શ્રી અનુજ સાથે રામપદ મન લાગશે.
નિર્વાણપ્રદ છે ક્રોધ, ભક્તિ જેમની પ્રભુ વશ કરે,
સુખસિંધુ શ્રીહરિ તે સ્વહસ્તે હણે છો મુજને શરે.

(દોહરા)

મારી પાછળ દોડતાં ધારી ધનુ ને બાણ,
નિહાળીશ પ્રભુ ફરી ફરી ધન્ય કરીને પ્રાણ.

*

## સીતાહરણ

(ચોપાઈ)

વનની પાસે દશાનન આવ્યો ત્યારે મારીચે મૃગવેશ ધાર્યો;
રૂપ વિચિત્ર ના વર્ણવાય, મણિમંડિત કનકની કાય.

અંગેઅંગ મનોહર વેશ જોઈ વૈદેહી મૃગને વિશેષ,
બોલી, રઘુવર દેવ કૃપાલ, જુઓ મૃગની સુસુંદર છાલ.

સત્યવ્રત એને લાવો મારી; ઉઠ્યા રઘુપતિ હર્ષને ધારી,
જાણી લીધું બધુંયે કારણ કરવા સુરદુઃખ કેરું મારણ.

જોઈ મૃગને કમર લીધી બાંધી, દિવ્ય શરને ધનુષ પર સાંધી,
કહ્યું લક્ષ્મણને વનમાંહી ફરે અગણિત અસુરો આંહી;
બુદ્ધિબળને સંજોગ વિચારી રક્ષા સીતાની કરજે ન્યારી.

(દોહરા)

પ્રભુને નીરખી નાચવા માંડ્યો મૃગ વનમાં,
રઘુવર એને અનુસર્યા ધનુષસહિત કરમાં.

નિગમ નેતિથી ધ્યાનમાં શિવ પણ ના પામ્યા,
માયા મૃગને દેખતાં તે પાછળ ધાયા.

પાસ આવતો તે વળી દૂર જતો ભાગી,
પ્રગટ થતો ક્યારેક ને ગુપ્ત થતો રાગી.

પ્રગટ ગુપ્ત બનતો તથા પુષ્કળ છળ કરતો,
દૂર ગયો પ્રભુને લઈ હિંમતને હરતો.

રામે તાકી છેવટે માર્યું બાણ કરાળ,
તરત ધરિત્રી પર પડ્યો તીવ્ર કરી પોકાર.

ઉચ્ચાર્યું એણે પ્રથમ લક્ષ્મણકેરું નામ,
મનમાં યાદ કર્યા પછી સ્નેહ થકી શ્રીરામ.

અંતસમય નિજ દેહને પૂરો પ્રગટ કર્યો,
રામ રામ રટતાં રસે નશ્વર દેહ તજ્યો.

ઓળખતાં અંતરતણો એનો અતિ અનુરાગ,
મુનિને દુર્લભ ગતિ ધરી કર્યો પરમ બડભાગ.

પુષ્પો વરસાવ્યાં, સુરે ગાતાં પ્રભુ ગુણગાન;
નિજપદ અર્પ્યું અસુરને દીનબંધુ જગપ્રાણ.

(ચોપાઈ)

આર્તવચનો સુણીને સીતા બોલી લક્ષ્મણ પ્રત્યે સભીતા,
જાવ વેગે સંકટમાં છે ભ્રાત; કહ્યું લક્ષ્મણે હસતાં, માતા !

જેનો માત્ર ભ્રૂકુટિવિલાસ કરે સુષ્ટિ સર્જનને વિનાશ,
એને સ્વપ્નેય સંકટ ક્યાંથી, ભીતિ છોડી દો સઘળી આથી.

મર્મવચનો વૈદેહી બોલી, મન લક્ષ્મણનું ગયું ડોલી;
હરિપ્રેરિત હરિની માયા નિત્ય નચવે છે રંક ને રાયા.

(દોહરા)

વનદિશાતણા દેવને સોંપી સીતાને,
રાવણશશિના રાહુશા ચાલ્યા મળવાને.

લક્ષ્મણ અંતે રામને, મન પાછળ મૂકી;
માનવ પ્રેર્યા કાળના સમય જતા ચૂકી.

*

(આખ્યાન)

અવસર દેખીને લંકેશ આવ્યો ધારી યતિનો વેશ,
શ્વાન જેમ ચોરી કરવા સભીત સીતાને હરવા.

સુરાસુરો ભયથી જેના રાતે ના ઉંઘી શકતા,
દિવસે પૂરા ના જમતા આવ્યો તે ડરતાં વનમાં.

કુમાર્ગગામી બનતાં લેશ રહે નહીં બળબુદ્ધિતેજ,
જાણી અતિથિ કંદફળમૂળ સીતાએ અર્પ્યા બહુમૂલ,

બોલ્યો ત્યારે કપટ કરી ઘરની ભિક્ષા રહે મળી,
ગ્રહણ કરું ના કિન્તુ તે, સુંદરી મને ભિક્ષા દે.

બહાર આંગણથી આવી, ભિક્ષા એ જ ગમે ખાવી.
વિધિગતિ કાળ કઠિનતાથી સીતાએ રેખા ત્યાગી,
પગ મૂક્યા આંગણની બહાર, યતિરૂપે જોયો ના કાળ.

(દોહરા)

જગને પોષે, અઘ હણે, કરે સકળ સુરકાજ,
તે સીતા સમજી નહીં લંકેશ કપટ સાજ.

*

(ચોપાઈ)

વાર્તા વિવિધ સુસ્વાદુ સુણાવી નીતિ ભય બળ પ્રીત બતાવી;
કહ્યું વૈદેહીએ યતિરાજ, વદ્યાં વચનો દુષ્ટ જેવાં આજ.

ત્યારે રાવણે રૂપ બતાવ્યું નામ પોતાનું ને સંભળાવ્યું;
બોલી ભયથી સીતા ધારી ધીર, હવે આવી ગયા રઘુવીર.

ક્ષુદ્ર સસલું સિંહણને ચાહે, પડે પતંગ દીપકદાહે,
મને લંકેશ ચાહે તું એમ પડ્યો મૃત્યુના મુખમાં જેમ.

સુણી શબ્દ ભરાયો રોષે તોયે હસતાં અસામાન્ય હોંશે,
મનથી વંદી સીતાના ચરણે લંકાપતિએ અનુભવ્યું સુખને.

(દોહરા)

ક્રોધાતુર રાવણ લઈ સીતાને રથમાં,
સભય પછી આગળ વધ્યો ગગનતણા પથમાં.

*

સીતાએ આતુર બની કર્યો કઠોર વિલાપ,
અજોડ વીર સમસ્ત શ્રીરામ જગતમાં આપ.

કયો થયો અપરાધ કે દયાહીન બનતાં,
વિસર્યા મુજને આર્તિહર આશ્રિત સુખ ધરતાં !

રઘુકુળ સરોજ સુર્ય હે, લક્ષ્મણનો ના દોષ,
ફળ પામી હું, મેં કર્યો અનુચિત સાચે રોષ.

કૃપા અખૂટ છતાં તમે રહી ગયા છો દૂર,
તણાઈ રહી આર્ત હું ઘોર વિપત્તિપૂર.

વિપત્તિ તમને કોણ આ સંભળાવશે ઘોર;
જડચેતન જીવો બન્યા શોકિત સુણતાં શોર.

*

## જટાયુની સેવા

(ચોપાઈ)

ગીધરાજે સુણી આર્તવાણી નારી રઘુકુલતિલકની જાણી;
લઈ અધમ નિશાચર જાય મ્લેચ્છ જે રીતે કપિલા ગાય.

સીતા પુત્રી પામીશ ન ત્રાસ, કરું રાક્ષસકેરો નાશ,
દોડ્યો પક્ષીરાજ કહી એમ છૂટ્યું ગિરિ પ્રતિ વજ્ર હો જેમ.

દુષ્ટ કેમ ઊભો ના રહેતો, નભે નિર્ભય વધતો રહેતો,
મને ઓળખતો નવ લેશ, બોલ્યો પોકારી એમ ખગેશ.

એને દેખી કૃતાંતસમાન કર્યું દસકંધરે અનુમાન,
છે આ મૈનાક પર્વત ભારે, વિષ્ણુ ગરુડ મારું બળ જાણે.

(દોહરા)

વૃદ્ધ પળ પછી ઓળખ્યો જટાયુને એણે,
બોલ્યો મરશે યુદ્ધમાં લડશે તો કેમે.

(ચોપાઈ)

દોડ્યો ગીધ ક્રોધાતુર ત્યારે છોડી જાનકીને જા અત્યારે
ક્ષેમકુશળ નગરે તારે નહિં તો દંડ ભોગવશે ભારે.

રામરોષ પાવક અતિઘોર, જલશે શલભશું કુળ કરી શોર;
તારો દેખાવ આજનો ઓર, સુખી થાય કદી નવ ચોર.

એણે પકડી રાવણના કેશ મૂકી દયાતણો લવલેશ,
કરી વિરથ પૃથ્વી પર નાખ્યો, ઉરે રામના રાગને નાખ્યો.

(દોહરા)

ઘાયલ કાયાને કરી કર્યો ઘડી બેહોશ,
સીતાને મુક્તિ ધરી પાછો ફર્યો સરોષ.

લંકાપતિએ ક્રોધથી કાઢી ઘોર કટાર,
કાપ્યા બાહુ જટાયુના દયા તજી તત્કાળ.

અદભૂત કર્મ કરી સ્મરી સ્નેહે રામ વળી,
જટાયુ પૃથ્વી પર પડ્યો પ્રભુનું ધ્યાન ધરી.

સીતાને રથ પર પછી બેસાડી જલદી,
ચાલ્યો રાવણ ગગનના માર્ગથકી ભયથી.

વ્યાધવિવશ જાળે પડી મૃગલીશી ભયભીત,
ચાલી સીતા વ્યોમમાં સ્મરી રામની પ્રીત.

વાનર ગિરિ પર દેખતાં બોલીને હરિનામ,
નાખ્યું વસ્ત્ર ઉતાવળે કરવા માટે કામ.

ભયપ્રીત બતાવી છતાં દુષ્ટ ગયો હારી;
અશોકવન રાખી કરી સુવિધાને સારી.

*

## જટાયુને રામદર્શન

(દોહરા)

માયામૃગ પાછળ ગયા જે રીતે શ્રીરામ,
એ આકૃતિ અંતર ધરી સીતા રટતી નામ.

(ચોપાઈ)

રામે અનુજને આવતા જોઈ કહ્યું ઉલ્લાસ સઘળો ખોઈ,
છોડી એકલી જનકસુતાને મારી આજ્ઞા ઉલ્લંઘીને શાને ?

ફરે નિશિચર નિકર વને આ, હશે વૈદેહી આશ્રમમાં ના,
એવું મન મારું કહે આજે વાજાં જાણે વિપત્તિના વાજે.

વંદી ચરણમાં લક્ષ્મણ બોલ્યો, દોષ મારો ના, રોષ ના ઢોળો;
બંને ગોદાવરીતટ આવ્યા, શાંત આશ્રમે સૂના સિધાવ્યા.

દેખી આશ્રમ જાનકીહીન બની વ્યાકુળ સામાન્ય દીન,
જન પ્રાકૃત જેવા રામ લાગ્યા રડવા મુકી આરામ.

ગુણખાણ હે જાનકી સીતા, શીલસંયમ પ્રેમ પુનિતા,
માંડ્યા કરવા શ્રીરામ વિલાપ સીતા સીતા સીતા જપી જાપ.

(દોહરા)

સમજાવ્યાં અનુજે છતાં કરતાં શોક રહ્યા,
લતાવૃક્ષની પંક્તિને શબ્દો કરુણ કહ્યાં

(આખ્યાન)

હે ખગમૃગ હે મધુકર શ્રેણી દેખી સીતાને મૃગનૈની ?
ખંજન શુકકપોત મૃગમીન મધુપનિકર કોકિલા પ્રવીણ.

કુંદકળી દાડમ દામિની કમળ શરદશશિ અહિભામિની,
વરુણપાશ કામધનુષહંસ, સુણે પ્રશંસા સર્વ અનંત.

શ્રીફળ કનક કેળ હરખાય, શંકા નવ સંકોચ જરાય;
તુજ વિણ સીતા એ સૌ આજ આનંદે પામીને રાજ.

ગર્વ કરે એ સઘળાં ખાસ દેખી ના તુજને નિજ પાસ,
કેમ સહ્યું એ તુજથી જાય, પ્રિયા શીઘ્ર કાં પ્રગટ ન થાય ?

ખંજનમૃગશરસિજ ને મીન નિહાળતાં તુજ નેત્ર નવીન,
શરમાતાં, શુક દેખી નાક, કંઠ કપોત, ભ્રમર તુજ વાળ;

કોયલ સ્વર, દાડમ કળી દાંત, ચપલા કાંતિ નિહાળી હાસ,
વદન વિલોકી શશિ ને પદ્મ, ભ્રૂકુટિ દેખી સધનુ અનંગ.

અંબોડાની આગળ નાગ, હાથી ચાલતણો અનુરાગ,
સિંહ કમર સ્તન ને શ્રીફળ, કાંતિ નિહાળી તેમ સુવર્ણ;
કેળ સ્તંભ સાથળ સુરસાળ જોઈ શરમાતાં ક્ષણવાર.

(દોહરા)

સીતાને શોધી રહ્યા વિલાપ કરતાં એમ,
વિરહી અતિકામી સમા રામ પુરૂષની જેમ.

પૂર્ણકામ સુખસિંધુ ને અવિનાશી અજ એ,
ચરિત મનુષ્યસમાં કરી રહ્યા પૂર્ણ પ્રણયે.

આગળ જતાં ત્રુટિત ધનુષ બાણ વળી જોયાં,
રક્ત દેખતાં દિલ દ્રવ્યું અશ્રુને લોયાં.

વનમાં યુદ્ધ થયું હશે એમ કર્યું અનુમાન;
જોયો જટાયુ આગળ સ્મરતો રાખી પ્રાણ.

હાથ તરત મસ્તક મૂક્યો, કૃપાસિંધુ રઘુવીર,
શોભાધામ નિહાળતાં મટી બધીયે પીડ.

(આખ્યાન)

ગીધે કહ્યું ધરીને ધીર રામ ભવભયભંજનવીર,
દશાનને ગતિ આવી કરી, જનકસુતાને ગયો હરી.

દક્ષિણ તરફ સભય એ ગયો, સીતાવિલાપ મેં ન સહ્યો,
પ્રાણ ટકાવ્યો દર્શનકાજ કૃપાનિધાન જાય છે આજ.

રામ વદ્યા તન રાખો તાત, કહી સ્મિત કરી ત્યારે વાત,
મરતી વખતે જેનું નામ વદી અધમ બનતાં કૃતકામ;

લોચન સમક્ષ પ્રકટ્યા તે, હવે દેહ રાખું શાને ?
નેન ભરી જલ બોલ્યા રામ, પામ્યા ગતિ કર્મે નિષ્કામ.

પરહિત હો જેના મનમાંહ્ય તેને દુર્લભ ના જગ કાંય;
તન તજતાં જાઓ મુજ ધામ, બની ગયા છો પૂરણ કામ.

(દોહરા)

કથશો સીતાહરણની કથા પિતાને ના,
કુળ સાથે એ રાવણ કથશે આવી ત્યાં.

(ચોપાઈ)

તજી ગીધતનુ ધર્યું હરિરૂપ ભૂષણ પીતાંબર અનુરૂપ,
શ્યામ તન ભૂજા ચાર વિશાળ, સ્તવન કર્યું ધારી જલધાર.

*

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય રામ રૂપ અનૂપ નિર્ગુણ સગુણ ગુણપ્રેરક વળી,
દસશીશ બાહુ પ્રચંડ ખંડન ચંડશર મંડન મહી;
ઘનશ્યામ કમળ સમાન મુખ રાજીવ આયત લોચન,
નિત નમન રામકૃપાળુ બાહુ વિશાળ ભવભયમોચન.

બલ છે અમાપ અનાદિ અજ અવ્યક્ત એક અગોચર,
ગોવિંદ ગોપર દ્વંદ્વહર વિજ્ઞાનઘન ધરણીધર;
જે રામમંત્ર મુનીન્દ્ર જપતા એમના મનરંજન,
નિત નમન રામ અકામપ્રિય કામાદિ ખલદલ ગંજન.

શ્રુતિ જેમને વ્યાપક નિરંજન બ્રહ્મ અજ નિર્મળ કહે,
ધ્યાનાદિ યોગ વિરાગ જ્ઞાને મુનિવરો અંતે લહે;
જે પ્રકટ કરુણાકંદ શોભાવૃંદ જગ મોહિત કરે
તે મુજ હૃદયના ભૃંગ અંગ અનંગ અગણિત તમ હરે.

જે અગમ સુગમ સ્વભાવ નિર્મળ, વિષમસમ શીતળ સદા,
યોગી જુએ છે યત્નથી ઈન્દ્રિય વશ કરી સર્વદા;
તે ત્રિભુવનજનક ભક્તિવશ લક્ષ્મીનિવાસ હૃદય વસે,
યશ જેમનો નિર્મળ સમજતાં જન્મ ને મૃત્યુ મટે.

(દોહરા)

માગી અવિરલ ભક્તિને ગીધ ગયો હરિધામ;
ઉત્તરક્રિયા કરી રહ્યા સ્વયં એહની રામ.

(આખ્યાન)

કોમળ મન અતિ દીનદયાળ, કારણ વિણ રઘુનાથ કૃપાળ;
ગીધ અધમ કરે આમિષભોગ, આપી ગતિ જે આપે યોગ.

અજ્ઞજનો એ ખરે અભાગ કરે વિષયનો જે અનુરાગ,
હરિને તજે ભજે ન ઘડી, પામે પ્રશાંતિ તે ન કદી.

શોધ જાનકીની કરતા ચાલ્યા બંધુ ઉભય વનમાં.

કાનન વૃક્ષલતા ભરપૂર વસતા ખગમૃગગજ ત્યાં શૂર,
સિંહો સ્વૈરવિહાર કરે, હિંસક પશુઓ ઘોર ફરે.

(દોહરા)

કબંધ રાક્ષસને હણ્યો વધતાં વાટમહીં.

કહ્યું કબંધે જે મળ્યો દુર્વાસાથી શાપ,
ટળી ગયો તે દર્શને પ્રભુના આપોઆપ.

પ્રભુ બોલ્યા ગંધર્વ હે, દ્રોહ બ્રહ્મકુળનો,
કરનારો ન ગમે મને, ભાવ કહું ઉરનો.

મન ક્રમ વચન કપટ તજી કરતાં ભૂસુર સેવ,
મુજ સાથે વશ થાય છે બ્રહ્મ શિવ સૌ દેવ.

સમજાવ્યો એને પછી સ્વધર્મકેરો સાર,
પદપંકજમાં પેખતાં પ્રીત અખંડ અપાર.

રામપદે શિર રાખતાં ધારી દિવ્ય સ્વરૂપ,
ગયો ગગન ગંધર્વ એ પામી શાંતિ અનૂપ.

*

## શબરીનો સમાગમ

(ચોપાઈ)

આપી સદગતિ રામ ઉદાર આવ્યા શબરી આશ્રમે રસાળ;
દેખી શબરીગૃહમાં રામ આવ્યાં મુનિના વચનો સ્મરી મનભાવ્યાં.

થયો ઉત્સવ અંતરે ન્યારો, પ્રાણે પ્રગટી પ્રસન્નતાધારો.

નેત્ર પદ્મશાં બાહુ વિશાળ, જટામુકુટ ઉરે વનમાળ,
શ્યામગૌર સુંદર બંને ભાઈ, શબરી ચરણે પડી લપટાઈ.

પ્રેમમગ્ન શકી નવ બોલી, નમી ચરણે રહી હૈયુ ખોલી;
સ્નેહે સાદર ચરણ પખાળ્યાં, અર્પ્યાં આસન શુદ્ધ રૂપાળાં.

(દોહરા)

કંદમૂળફળ સ્વાદુ અતિ રઘુવરને દીધાં,
પ્રભુએ ખાધાં પ્રેમથી, વખાણ બહુ કીધાં.

(ચોપાઈ)

ઉભી શબરી સામે જોડી હાથ, આવી પ્રાણમાં પ્રેમની બાઢ;
કરું કેમ સ્તુતિ હું તમારી અધમાધમ જડ મતિ ભારી.

અધમોમાં અધમ અતિ નારી, એમાં હું મંદમતિ અધારી !
કહ્યું રામે ભામિની, સુણ વાતો, માનું એક ભક્તિનો જ નાતો.

નાત જાત કુળ ધર્મ બડાઈ, દ્રવ્ય બળ ગુણ જન ચતુરાઈ,
તોય ભક્તિ વિના નર એવો જલવિહીન જલદના જેવો.

નવધા ભક્તિ કહું હિતકાજે, બની સાવધ સુણજે આજે;
કરે ધારણ એને મનમાં મળે શાંતિ તેને ત્રિભુવનમાં.

*

(આખ્યાન)

પ્રથમ ભક્તિ સંતતણો સંગ, બીજી રતિ મુજ કથાપ્રસંગ.

(દોહરા)

ગુરૂ પદપંકજ સેવ ત્રીજી ભક્તિ અમાન;
ચોથી કપટ તજી કરે મુજ ગુણગણનું ગાન.

(આખ્યાન)

મંત્રજાપ મમ દૃઢ વિશ્વાસ પંચમ ભક્તિ છે વેદપ્રકાશ;
છઠ્ઠી શીલ વિરતિ દમકર્મ નિરત નિરંતર સજ્જનધર્મ.

મુજમય જુએ જગતને આ, મુજથી અધિક અંતગણના;
પ્રતિ અવસ્થામાં સંતોષ, સ્વપ્ને ના દેખે પરદોષ.

નવમી ભક્તિ સરળ છળહીન, મુજ ભરોસો ઉર હર્ષ ન દીન;
નવમાંથી ભલે એક જ હોય ચરાચર પુરૂષસ્ત્રીમાં કોય.

અતિપ્રિય ભામિની મુજને તે, તુજમાં ભક્તિ બધી દૃઢ છે;
યોગીજનને દુર્લભ જે સુલભ થઈ ગતિ તુજને એ.

મમ દર્શનફળ પરમ અનૂપ જીવ પામતો સહજ સ્વરૂપ.

(દોહરા)

પામી શબરી હર્ષ ત્યાં બોલ્યા રસમય રામ,
જનકસુતાની માહિતી છે તુજને નિષ્કામ ?

કરિવરગામિની ભામિની, સીતા વિના મને,
સુખ દીસે ના વનમહીં, સત્ય કહું છું તને.

શબરી બોલી પ્રેમથી પંપાસર જાઓ,
સુગ્રીવ ત્યાં મળશે પછી મિત્ર ઉભય થાઓ.

કથા કહેશે સર્વ તે ધીરબુદ્ધિ રઘુવીર,
જાણો પૂછો તે છતાં બનતાં આર્ત અધીર.

પ્રભુચરણે વંદી કહી કથા સર્વ એણે,
શ્રદ્ધા સુખને ભક્તિની જ્યોત જલી નેને.

(છંદ-શ્રીરામચંદ્ર કૃપાલુ)

નીરખી વદન હરિનું હૃદયમાં પુનિત પદપંકજ ધરી,
યોગાગ્નિથી તનને તજી પ્રભુપદ વિલીન પછી બની;
નર, વિવિધ કર્મ અધર્મ બહુમત શોકપ્રદ સૌ છોડતાં,
વિશ્વાસ કર ચરણાનુરાગે રામમાં મન જોડતાં.

(દોહરા)

હીનજાતિ અઘથી ભર્યા જનને મુક્ત કરે,
મંદબુદ્ધિ મન, ભૂલતાં પ્રભુને કેમ ફરે ?

*

## વનમાં આગળ

(આખ્યાન)

વનને છોડી ચાલ્યા રામ અતુલિત બળ અનુપમ નિષ્કામ;
કરતા વિરહી સમાન વિષાદ, કથતા કથા સરસ સંવાદ.

લક્ષ્મણ, વનની શોભા જો, ક્ષોભ ન પામે જોઈ કો;
નારી સહિત વિહગમૃગવૃંદ ઉપહાસ કરે મારો ગૂઢ.

મૃગમંડળ નિરખી નાસે મૃગલી કહે તદા હાસે,
નિર્ભય તમે ફરો સાનંદ, આ તો પૂર્ણ પુરૂષ ભગવંત.

સુવર્ણમૃગ માટે આવ્યા, તમે સત્યમૃગના જાયા.
હસ્તિ હસ્તિની સાથ ફરે, સર્વ શિખામણ મને ધરે;

શાસ્ત્ર સુચિંતિત જોવું ફરી; ભૂપ-સુસેવિત થકી ડરી,
રહેવું; વશ ના થાય કદી, બને કૃપાળુ કઠોર ઘડી.

રાખી હોય હૃદયમાં સ્ત્રી તોપણ શાસ્ત્ર નૃપતિ યુવતી,
વશ કોઈને રહે નહીં, લહર ને ઝરણ જાય વહી.

(દોહરા)

સુંદર વસંત આ મને પ્રિયાહીન જાણી,
ભયભીત કરે; વિરહથી વ્યાકુળ ને માની.

નિર્બળ એકલ સમજતાં મધુકર વિપિન વિહંગ,
સાથે જો હુમલા કરે મુજ પર આજ અનંગ.

કિન્તુ ભ્રાત છે સાથ એ સુણી દૂતની વાત,
સેનાને રોકી કરે પડાવ એ મનજાત.

(આખ્યાન)

લતા વિંટતી વૃક્ષ વિશાળ, બાંધ્યા જાણે વિવિધ વિતાન;
તાડકેળ શુભ ધજાસમાન, દેખી ધીર ન મોહે પ્રાણ.

વૃક્ષો ફાલ્યા વિવિધ પ્રકાર, બહુવિધ બાણાવળી રસાળ;
સુંદર વૃક્ષ ક્યાંક સોહે, અલગ પડાવ કર્યા કોયે.

કૂજે કોયલ ગજસમ મત્ત, બોલે સારસપક્ષી પ્રમત્ત;
મોર ચકોર હંસ શુક તેમ દીસે અશ્વ જ હોયે જેમ.

લાવક તેતર પદચરજૂથ, કોણ વર્ણવે કામવરૂથ;
રથ પર્વતની શિલા બની, ઝરણ નગારાં કરે ધ્વનિ;

ચાતક પક્ષી બનતા ભાટ, ગુણસમૂહની કરતાં વાત,
મધુકર સ્વર ભેરી શરણાઈ, ત્રિવિધ વાયુ દૂત બન્યો વાઈ.

ચતુરંગી સેના સહ એમ આવાહન કરે કામ સપ્રેમ.
જગમાં રહી શકે જે ધીર, અનંગથી ના બને અધીર,

તે જ વીર સાચો કહેવાય જેનાથી નિર્મળ રહેવાય.
એનું એક પરમબળ સ્ત્રી, એથી ઉગરે તે નરવીર.

(દોહરા)

ત્રણે કહ્યા અતિપ્રબળ ખલ કામ ક્રોધ ને લોભ,
જ્ઞાની મુનિ મનમાં કરે માત્ર વિપળમાં ક્ષોભ.

બળ લોભતણાં દંભ ને ઈચ્છા ઉભય ગણાય,
કામ ક્રોધ બળ સ્ત્રી તથા વચન કઠોર મનાય.

(આખ્યાન)

ગુણાતીત ત્રિભુવનના નાથ અંતર્યામી પરમ અગાધ,
રામે વદી વચન એવાં પ્રાકૃત બદ્ધ પુરૂષ જેવાં.

કામીજનનું દૈન્ય કહ્યું, ધીરજનોમાં જ્ઞાન ભર્યું,
વૈરાગ્ય કર્યો દૃઢ મનમાં, અજ્ઞાન તિમિર સર્વ હર્યું.

કામ ક્રોધ માયા મદ લોભ રામકૃપાથી કરે ન ક્ષોભ;
પ્રસન્ન નટ જેના પર થાય ઈન્દ્રજાળથી તે ન ઠગાય.

જાણો જગ આ સકળ સ્વપન, સત્ય પરમ શ્રી હરિનું ભજન;
એમ કહી પંપા સર પાસ રામ પહોંચ્યા પછી સહાસ.

સંતહૃદયશું નિર્મળ નીર, ઘાટ મનોહર સુભગ સમીર;
પીતાં જળ પશુ વિવિધ બધે, યાચક દાતાસદન વધે.

(દોહરા)

નિર્ગુણ બ્રહ્મ માયાથકી ઢંકાયા ન જણાય,
તેમ પોયણાં મધ્યમાં જળને ના નિરખાય.

ધર્મપરાયણ લે જનો સદાય સુખના શ્વાસ,
અગાધ જળમાં મીન સૌ એમ જ કરતાં વાસ.

*

(આખ્યાન)

ખીલ્યાં સરસિજ ત્યાં બહુરંગ, ગૂંજે સુમધુર સ્વરથી ભૃંગ,
જલકુક્કુટ કલહંસ વદે, સત્કારે પ્રભુ સ્તવન વડે.

ચક્રવાક બક ખગસમુદાય જોવા યોગ્ય ન વર્ણન થાય,
વિહંગગણોની મધુરી વાણ આકર્ષે પથિકતણું ધ્યાન,

આશ્રમ મુનિના સરની પાસ, ચતુર્દિશ હતા વૃક્ષો ખાસ,
ચંપક બકુલ કદંબ તમાલ પાટલ ફણસ પલાશ રસાળ.

નવપલ્લવ કુસુમે ભર એ, પટ પદ ત્યાં ગુંજાર કરે,
શીતળ મંદ સુગંધ ભરેલ વાયુ વહેતો સુધાછલેલ.

કોકિલ કુહૂ કુહૂ બોલે, મુનિમનને રસમાં બોળે;
ઋષિઓનાં પણ તૂટે ધ્યાન, સુણતાં એને નાચે પ્રાણ.

(દોહરા)

ફળના ભારે વૃક્ષ સૌ ધરતી તરફ ઢળ્યાં,
પરોપકારી પુરૂષ હો શ્રીથી જેમ નમ્યાં.

*

## નારદજીનો મેળાપ

(આખ્યાન)

રામે દેખી રુચિર તળાવ લીધો મજ્જનનો રસલ્હાવ;
પેખી શીતળ તરુવરછાંય બેઠા અનુજ સહિત રઘુરાય.

દેવ સકળ ત્યાં મુનિ આવ્યા, કરતાં સ્તુતિ ધામ સિધાવ્યા;
બેસી પરમ પ્રસન્ન કૃપાળ કહેવા લાગ્યા કથા રસાળ,

જોઈ વિરહ વ્યથિત અખિલેશ શોકિત નારદ થયા વિશેષ;
વીણા સહિત સમીપ ગયા, દર્શનથી અતિ ધન્ય બન્યા.

રામચરિત ગાતાં મૃદુવાણ પ્રેમસહિત બહુ કર્યા વખાણ;
કર્યા દંડવત પ્રેમપ્રણામ, આલિંગ્યા પ્રભુને કૃતકામ.

બેસાડી પાસે સત્કાર્યા; અનુજે સાદર ચરણ પખાળ્યા.

(દોહરા)

પ્રાર્થના કરી નારદે પ્રભુ પ્રસન્ન જાણી,
વચન કહ્યાં પુલકિત સ્વરે, કર જોડી નામી.

(આખ્યાન)

પરમ ઉદાર સહજ રઘુનાયક, સુંદર અગમ સુગમ વરદાયક,
વરદાન મને આપો સ્વામી, જાણો સઘળું અંતરયામી.

જાણો છો મુજ સ્વભાવ મુનિ હે, ભક્તોથી ન છુપાવું કશુંયે;
ભક્ત થકી વધુ પ્રિય ન માનું, મૂલયવાન કશું અધિક ન જાણું.

અદેય ભક્ત ન કાજ કશું ના, એ વિશ્વાસ કદિય તજો ના;
નારદ વચન સુણી હરખાયાં, વદ્યા તરત પ્રેમે રઘુરાય !

વેદે વિભિન્ન પ્રભુનાં નામ વર્ણવ્યાં મધુર સુખદ તમામ,
અઘ ખગ ગણને વ્યાધ સમાન, કરો તમે સ્વમુખે જ પ્રણામ,
સૌથી વિશિષ્ટ રામનું નામ, બને સર્વકાજે સુખધામ.

(દોહરા)

ભક્તિ તમારી પૂર્ણિમા, ચંદ્ર રામનું નામ,
અન્ય નામ તારા સમાં, કરો ભક્ત ઉર ઠામ.

તથાસ્તુ મુનિવરને કહ્યું કૃપાસિંધુએ ત્યાં;
દેવર્ષિ વંદી રહ્યા પ્રભુકેરાં પદમાં.

(આખ્યાન)

અતિ પ્રસન્ન રઘુવરને જાણી નારદ મુનિ બોલ્યાં મધુ વાણી,
મોહિત કરી ભક્ત માયાથી, માયા મુક્ત કરો છો શાથી ?

બોલ્યા રામ ભજે મુજને ને અન્ય તણો આધાર તજે જે
જનની શિશુની કરતી જેવી રક્ષા તેની કરતો તેવી.

અહિ કે અનલ પકડવા જાય મા શિશુની તો વ્હારે ધાય,
પ્રૌઢ થતાં પ્રેમ કરે માત રહે નહીં પણ એવી વાત.
પ્રૌઢ પુત્ર છે મુજ જ્ઞાની, શિશુ છે ભક્ત શુચિ અમાની.

(દોહરા)

જ્ઞાની જનને હોય છે પોતાનો આધાર,
મુજ ભક્તોને હોય છે બળ મારું જ અપાર.

કામક્રોધ રિપુ ભક્તને જ્ઞાનીને પણ હોય,
મુજ કૃપાથકી ભક્તને મારી શકે ન કોય.

કામ ક્રોધ મદ લોભની સેના અતિ બળવાન,
માયામય નારી કરે દારુણ દુઃખ પ્રદાન.

(આખ્યાન)

વેદપુરાણ કહે છે સંત મોહવિપિનની નારી વસંત;
જપ તપ વ્રત જળકેરાં સ્થાન, ગ્રીષ્મ બનીને શોષે નાર.

મેંઢક વર્ષાથી મોહાય પ્રસન્ન બનતાં સંમોહાય,
સ્ત્રીથી પ્રસન્ન તેમ બને કામક્રોધ મદ મત્સર ને.

દુર્વાસના કુમુદસમુદાય સુખદ શરદ સ્ત્રી તેને થાય;
સકળ ધર્મ છે પદ્મસમૂહ, સ્ત્રી હેમંત બનીને ગૂઢ
કરે દગ્ધ તરત જ તેને, કલ્યાણ કરે ના કેમે.

(દોહરા)

સુખ દે પાપઉલૂકને નારી રાત બની,
બળબુદ્ધિ સતશીલનાં લેતી મીન હણી.

બંસી સમાન વારિમાં સ્ત્રી ભવસાગરમાં,
એમ કહે વિદ્વાન સૌ ઉપદેશ વચનમાં.

અવગુણમૂળ શૂલપ્રદ પ્રમદા દુઃખની ખાણ,
મોહિત થવું ન એ થકી કરવા નિજ કલ્યાણ.

*

## સંતના લક્ષણો

(દોહરા)

સુણી રામના શબ્દોને મુનિ પામ્યા રોમાંચ,
પ્રેમપૂર્ણ પાણીથકી ઊભય ભરાઈ આંખ.

વિચારવા લાગ્યા કયા પ્રભુની એવી રીત,
સેવક પર મમતા કરે, કરે આટલી પ્રીત.

(આખ્યાન)

ભજે ન પ્રભુ કરતાં ભ્રમત્યાગ અજ્ઞાની મતિમંદ અભાગ.

(દોહરા)

સુણી પ્રશ્ન નારદતણો ભાંગનાર ભવભીર,
કહેવા લાગ્યા લક્ષણો સંતતણા રઘુવીર.

(આખ્યાન)

ષટવિકાર પર અનઘ અકામ, અચલ અકિંચન સુચિસુખધામ;
અમિતબોધ પંડિતમિતભોગી, સત્યનિષ્ઠ કવિ અનીહયોગી.

નિત જાગ્રત માનદમદહીન, ધીર ધર્મગતિ પરમ પ્રવીણ.

(દોહરા)

ગુણાગાર સંસાર દુઃખરહિત વિગતસંદેહ,
માને મુજ પદકમળથી વધુ પ્રિય દેહ ન ગેહ.

(આખ્યાન)

નિજ ગુણ શ્રવણે સંકોચાય, પરગુણ શ્રવણ થકી હરખાય,
સમશીતળ ત્યાગે ના નીતિ, સરળ કરે સૌ સાથે પ્રીત.

જપ તપ વ્રત દમ સંયમ નેમ, ગુરૂ ગોવિંદ વિપ્ર પદ પ્રેમ;
દયા ક્ષમા મૈત્રી વિશ્વાસ માયા રહિત મુદિત મમ આશ.

વિરતિ વિવેક વિનય વિજ્ઞાન જાણે સમજે વેદપુરાણ;
દંભ માન મદથી ન ચળે, પગ ભૂલે ન કુમાર્ગ ધરે.

લીલા સુણે તથા મુજ ગાય, પરહિતકાજે ધારે કાય;
શ્રુતિ સરસ્વતી કેમ કહે, મર્મ સંતનો કેમ લહે?

(દોહરા)

દીનબંધુએ સંતના ગુણ સ્વમુખે જ કહ્યા,
બ્રહ્મલોકમાં વંદતાં નારદ પછી ગયા.

આશા તજતાં અન્ય જે રંગાયા હરિરંગ,
ધન્ય એમને, અનુભવે રસને એ જ અભંગ.

પવિત્ર યશ શ્રીરામના સુણશે ગાશે જે,
વિરતિયોગ જપના વિના ભક્તિ પામશે તે.

દીપશિખા સમ સ્ત્રીતન, મન ન બનીશ પતંગ,
તજી કામ મદ રામ ભજ, સેવ સદા સત્સંગ.

**(અરણ્ય કાંડ સમાપ્ત)**

*

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## કિષ્કિન્ધા કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

### - શ્રી યોગેશ્વર

## આરંભ

कुन्देन्दीवरसुन्दरावतिबलौ विज्ञानधामावुभौ
शोभाढ्यौ वरधन्विनौ श्रुतिनुतौ गोविप्रवृन्दप्रियौ ।
मायामानुषरूपिणौ रघुवरौ सद्धर्मवर्मौं हितौ
सीतान्वेषणतत्परौ पथिगतौ भक्तिप्रदौ तौ हि नः ॥१॥

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

જે છે સુંદર નીલ પદ્મ સરખા ને કુંદ જેવા, બલી
શોભાસાગર જ્ઞાનધામ ધનુવિદ, વેદે સ્તવ્યા સર્વદા,
ગોવિપ્રપ્રિય ધર્મવર્મ હિતકૃત્ સૌ બંધનોને હરે,
સીતાન્વેષણલીન જે વિહરતા વેઠી વ્યથાને વને,
માયામાનુષ રામલક્ષ્મણ સદા, ભક્તિ અમોને ધરે.

ब्रह्माम्भोधिसमुद्भवं कलिमलप्रध्वंसनं चाव्ययं
श्रीमच्छम्भुमुखेन्दुसुन्दरवरे संशोभितं सर्वदा।
संसारामयभेषजं सुखकरं श्रीजानकीजीवनं
धन्यास्ते कृतिनः पिबन्ति सततं श्रीरामनामामृतम ॥२॥

(શાર્દૂલવિક્રિડિત)

લાધેલું શ્રુતિસિંધુથી, કલિમલવિધ્વંસક, અવ્યય,
શોભે સુંદર શ્રેષ્ઠ શંભુમુખમાં, દે શાંતિ જે અક્ષય;
સંસારામય દિવ્ય ઔષધ સમું, શ્રી જાનકીજીવન
પુણ્યાત્મા સહુ ધન્ય પાન કરતા શ્રી રામનામામૃત.

*

(દોહરા)

જ્ઞાનખાણ અઘનાશિની, માતા મુક્તિતણી,
શંભુ ભવાની જ્યાં વસે લેતાં ક્લેશ હણી;

કેમ સેવવી તે નહીં સ્નેહથકી કાશી;
તીર્થપુરી માને પરમ મુક્તિ અભિલાષી.

ઉગારતાં સુરવૃંદને કર્યું વિષમ વિષપાન
એ શંકરશા અન્ય છે જગમાં કોણ કૃપાળ.

મંદબુદ્ધિ મન ના ભજે એ શંકરને કેમ,
મૂઢતા તજી એમનાં ચરણોમાં કર પ્રેમ.

*

## હનુમાન અને સુગ્રીવ

(આખ્યાન)

શ્રી રઘુનંદન આગળ ચાલ્યા, ઋષ્યમૂક ગિરિ પાસે આવ્યાં;
સચિવસહિત સુગ્રીવ રહે ત્યાં, પેખ્યા ઉભય અતુલબળ વનમાં.

અતિ સભીત બોલ્યો હનુમાન, પુરૂષ ઉભય બળરૂપનિધાન,
ધરી બ્રહ્મચારીનું રૂપ જાણો સત્વર મૂળ સ્વરૂપ.
સુહૃદ હોય વાલિતણા જો ગિરિને છોડી નાસું તો.

વિપ્રરૂપ ધારી હનુમાન કહેવા લાગ્યા કરી પ્રણામ
કોણ શ્યામ ગૌર તમે વીર, ફરો કેમ ક્ષત્રિયશરીર,
કોમળ પદ છે ભૂમિ કઠોર, ચાલો લેશ કરી ના શોર.

મૃદુલ મનોહર સુંદર અંગ, સહો સંકટો છતાં અનંત;
નર નારાયણ બંને છો, ત્રિદેવમાંથી પ્રગટ્યા કો?

(દોહરા)

જગકારણ ભવતારણ ભંજન ધરણીભાર
અખિલ વિશ્વપતિ કે તમે ધર્યો મનુજ અવતાર?

*

(આખ્યાન)

કોશલેશ દશરથસુત બે, નામ રામ ને લક્ષ્મણ છે,
પાળવા અમે પિતાવચન આવ્યા સંકોચ વગર વન.

સુકુમારી સાથે નારી, હરી ગયો રાક્ષસ ભારી;
વનમાં શોધ અમે કરતા, વિરહવ્યથા સાથે ફરતા.

અમે અમારી કથા કહી, કથા તમે પણ કહો સહી,
પ્રભુને પરખીને હનુમાન પડ્યા પદમહીં કરી પ્રણામ.

એ સુખનું વર્ણન ના થાય, બની પ્રેમથી પુલકિત કાય;
પ્રભુનો વેશ સરળ જોયો, પ્રાણ ઓળખીને મોહ્યો.

ધીરજ ધરતાં સ્તવન કર્યું, સ્તોત્ર સુખતણું પરમ વહ્યું;
પૂછ્યું મેં તો સહજપણે, પૂછો નરસમ કેમ તમે?

માયાવશ ભૂલીને ભાન ફરું ધરીને હું અજ્ઞાન,
ઓળખ્યા નહીં પ્રભુને મેં, તમે ઓળખ્યો પણ ના શેં?

(દોહરા)

મંદ મોહવશ દીન હું કુટીલ હૃદય અજ્ઞાન
છતાં મને વિસરી ગયા દીનબંધુ ભગવાન.

(ચોપાઈ)

ઘણાં અવગુણ મારામાં નાથ, તોય છોડવો ના ઘટે સાથ;
તમે ભૂલો તો ચાલે કેમ, હોય પ્રભુનો તો પાવન પ્રેમ.

માયાસંમોહિત જોકે જીવ તરે અનુગ્રહથી તમ શિવ !
તમે વરસો કૃપાની ના વર્ષા તો તો જીવ રહે બધા તરસ્યા.

કર્યું ભજન નથી મેં કાંઈ, વળી સાધના ના કશી સાંઈ;
રહે સેવક સ્વામી ભરોસે માતા બાળકને વળી પોષે.
તેમ ભક્તને ચિંતા કશી ના, પ્રભુ સંભાળે એને જગે આ.

પડ્યા ચરણોમાં અંજનીપુત્ર, ધાર્યું પોતાનું અસલ સ્વરૂપ;
આપ્યું રામે આલિંગન ત્યારે, કર્યા શીતળ અશ્રુની ધારે.

તમે કપિવર ઓછું ના આણો, પ્રિય અનુજથી દ્વિગુણિત જાણો;
મને સમદર્શી સઘળા જાણે, છતાં ભક્ત વસે મારા પ્રાણે.

(દોહરા)

અનન્ય ગતિ સેવક મને પ્રિય છે અધિક ખરે,
પ્રિય અપ્રિય જોકે મને કોઈયે ન મળે.

એ અનન્ય જેની કદી મતિ ન મટે હનુમંત,
હું સેવક સચરાચર રૂપ પરમ ભગવંત.

(આખ્યાન)

પેખી પવનસુત પતિ અનુકૂળ હરખ્યા, મટી બધીયે શૂળ,
વદ્યા શૈલ પર કપિપતિવાસ, એ સુગ્રીવ આપનો દાસ.

કરો મિત્રતા એની સાથ દીન સમજતાં પકડી હાથ
અર્પો આલંબન પ્રેમે, અભય બનાવી દો રે'મે.

કરાવશે સીતાની ખોજ યોદ્ધાગણ મોકલતાં રોજ;
કહી શાંતિથી સર્વ કથા શમાવતાં સઘળીયે વ્યથા.

ખભા ઉપર આસન આપ્યું, અંતર ગિરિકેરું કાપ્યું;
સુગ્રીવે નિરખીને રામ માન્યો જન્મ ધન્ય કૃતકામ.

સાદર મળી કર્યા પ્રણિપાત, ભેટ્યાં ભાવે બંને ભ્રાત;
કપિવર વિચારવા લાગ્યો, સંશય ચિત્તમહીં જાગ્યો.

(દોહરા)

અરે વિધાતા રામ આ બનશે મારા મીત?
હનુમાને એ ઉભયની કહી કથા ને રીત
પાવકને સાક્ષી કરી બાંધી પાવન પ્રીત.

(આખ્યાન)

કરી પ્રીત અંતર ના રાખ્યું; રામચરિત અનુજે સહુ ભાખ્યું;
કહ્યું કપિએ નયનભરી વારિ, મળશે પ્રિય મિથિલેશકુમારી.

એક વાર મુજ મંત્રી સાથ બેઠો ગિરિ પર કરી વિચાર,
ગગનપંથ નિરખી નારી પરવશ વિલાપથી ભારી.

રામ રામ હા રામ કહી અસહ્ય સંકટને ન સહી,
નાખ્યું વસ્ત્ર હતું ત્યારે એણે પર્વત પર પ્યારે.

વસ્ત્ર વિલોકીને શ્રીરામ કરવા લાગ્યા શોક તમામ,
હૃદય લગાવી ઘડી રહ્યા, વ્યથા તણા બે વચન કહ્યાં

શોક તજો સુગ્રીવ વદ્યો, ધૈર્ય ધરો ને સ્થૈર્ય સજો;
સહાય સર્વપ્રકાર કરીશ, શોક તમારો સકળ હરીશ.

(દોહરા)

સીતાના મેળાપના કરીશ સર્વ ઉપાય;
હરખ્યા સાંત્વન પામતાં કૃપાસિંધુ રઘુરાય.

વનમાં કેમ વસો તમે, કહો પિતૃનાં નામ,
જન્મકથા મુજને કહો બોલ્યા તરત જ રામ.

(આખ્યાન)

નાથ વાલિ ને હું બે ભ્રાત, પ્રીત વર્ણવું કેમ અગાધ;
માયાવી મયસુતનું નામ આવ્યો શત્રુ અમારે ગામ.

(દોહરા)

મધરાતે પુરદ્વાર પર એણે મારી હાક,
વાલિએ પીછો કર્યો ભણાવવાને પાઠ.

સહાય ભાઈને કરી સાથે દોડી મેં;
ગિરિની ઘોર ગુફામહીં ગયો આક્રમક એ.

ત્યારે બોલ્યો વાલિ કે બે સપ્તાહ સુધી
ના આવું તો તું મને મૃત લેજે સમજી.

બે સપ્તાહ સુધી મને કહ્યું પ્રતીક્ષાકાજ
એક માસપર્યંત મેં કર્યો કિન્તુ ત્યાં વાસ.

રક્ત ગુફામાંથી વહ્યું ત્યારે સમજ્યો એમ
માર્યો એણે વાલિને, હવે ન મારું ક્ષેમ.

શિલા ગુફા પર મૂકતાં આવ્યો હું નગરે,
મંત્રીઓએ આગ્રહે આપ્યું રાજ્ય મને.

વાલિ પુરે આવ્યો પછી કરી પ્રખર વિદ્વેષ
માર્યો મુજને સ્ત્રી હણી, કરુણા કરી ન લેશ.

બેચેન બનીને ફરું એના ભયથી હું,
મતંગ મુનિના શાપથી અહીં સુરક્ષિત છું.

તોપણ ભયનો પાર ના સુણતાં દીનદયાળ
દ્રવી ગયા, ફરકી રહ્યા બંને બાહુ વિશાળ.

એક જ બાણે વાલિને હણીશ હું સુગ્રીવ,
બ્રહ્માશિવ શરણે જતાં બચી ન શકશે જીવ.

(ચોપાઈ)

જે ના મિત્રદુઃખે દુઃખી થાય તેને જોવાનું પાપ ગણાય;
દુઃખ ગિરિ નિજ રજસમ જાણે, મિત્રદુઃખ રજને મેરુ માને.

જેની બુદ્ધિ સહજ ના એવી એની મિત્રતા વ્યર્થ જ જેવી;
મિત્ર મિત્રને સન્માર્ગે વાળે, ગુણ પ્રગટાવે દુર્ગુણ ટાળે.

લેવાદેવામાં શંકા કરે ના, કરે કલ્યાણ બનતું બધું હા !
કરે વિપદમાં શતગણો સ્નેહ, સદા સ્નમિત્ર માનવો એહ.

બોલે સામે આવી મૃદુ વાણ, કિન્તુ પાછળથી હરે પ્રાણ,
કરે અનહિત કુટિલ બનીને, એનો સંગ ના કરવો જરીયે.

શઠ સેવક કંજૂસ રાજ મિત્ર કપટી કુનારી ના લાજ,
શૂળ સરખાં કરાળ એ ચાર કદી કરી શકે ના ઉદ્ધાર.

(દોહરા)

ચિંતા છોડી દો હવે રાખી મુજ વિશ્વાસ,
બોલ્યા રામ કરીશ હું પૂર્ણ બધીયે આશ.

સાત તાડનાં વૃક્ષને તોડ્યાં એક જ બાણ
ભારે શ્રદ્ધાથી થયો પુલકિત એનો પ્રાણ.

(આખ્યાન)

વારંવાર નમાવી શીશ હરખ્યો જાણી ઈશ કપીશ,
ઉપજ્યું જ્ઞાન વદ્યો ને વાણ, બન્યો સ્થિર આજે મુજ પ્રાણ.

છોડી સુખ સંપત પરિવાર અહં સદા સેવીશ દયાળ;
ભક્તિમહીં અવરોધક એ, આરાધક સૌ એમ કહે.

શત્રુમિત્ર સુખદુઃખ જગમાં માયાકૃત છે, યથાર્થ ના;
વાલિ પરમહિતકર મારો સંગ કરાવ્યો આ ન્યારો.
એનો પામી પુનિત પ્રસાદ મળ્યો તમોને શમનવિષાદ.

સ્વપ્ને યુદ્ધ થઈ જો જાય જાગૃતિમાં મન તો શરમાય;
કૃપાતણો વરસો વરસાદ, ભજુ તજી સઘળું દિનરાત.

(દોહરા)

વિરતિસભર શબ્દો સુણી બોલ્યા રામ સપ્રેમ,
શ્રદ્ધા ધારો સૌ થશે તમે કહો છો તેમ.

વચન થશે મિથ્યા નહીં મારું મિત્ર કદી,
વિધિએ સઘળી યોજના છે અનુકૂળ ઘડી.

*

## વાલિનો નાશ

(આખ્યાન)

નટ મરકટ સમ રામ નચાવે સૌને એમ વેદ સહુ ગાયે;
ધનુષબાણ લેતાં રઘુનાથ ચાલ્યા પછી સુહૃદની સાથ.

પામી શક્તિ રામતણી કરી ગર્જના ઘોર ઘણી,
વાલિ ક્રુદ્ધ દોડ્યો ભારે, સ્ત્રીએ સમજાવ્યો ત્યારે.

મળ્યો જેમને છે સુગ્રીવ બંધુ ઉભય તે છે અતિવીર,
કોશલેશસુત લક્ષ્મણ રામ કાળનેય જીતે સંગ્રામ.

(દોહરા)

વાલિ વદ્યો સાંભળ પ્રિયે, સમદર્શી રઘુનાથ,
મારશે મને જો કદી બનીશ તોય સનાથ.

એમ કહી સુગ્રીવને તૃણસમાન જાણી
ચાલ્યો લડવા વાલિ એ અતીવ અભિમાની.

ધમકાવ્યો સુગ્રીવને મુક્કો માર્યો તેમ
ગરજીને, સુગ્રીવ તો નાઠો વ્યાકુળ જેમ.

વજ્રસમો લાગ્યો કઠિન એને એક પ્રહાર,
રઘુવીર કહ્યું એહણે વાલિ ભ્રાત ના, કાળ.

એકરૂપ છો બંધુ બે રામે કહ્યું તમે,
એથી એને ના હણ્યો સંદેહથકી મેં.

સ્પર્શ કરી સુગ્રીવને કર્યું વજ્રસમ અંગ,
માળ પહેરાવી ધરી શક્તિ દિવ્ય અનંત.

વૃક્ષ ઓથથી રામ એ જોઈ યુદ્ધ રહ્યા,
સુગ્રીવે બળ વાપરી છળને ખૂબ કર્યાં.

કિન્તુ હૃદય હારી ગયું આર્ત એનું જ્યારે
રામે હૃદયે વાલિના શર માર્યું ત્યારે.

વ્યાકુળ પૃથ્વી પર પડ્યો તરત વાલિ એ ત્યાં,
બેઠો પૃથ્વી પર ફરી સામે શ્રીપ્રભુના.

શ્યામ અંગ શિર પર જટા અરુણ નયન સુવિશાળ,
પ્રભુનાં ચરણકમળમહીં મન જોડ્યું તત્કાળ.

ધનુધારી પ્રભુ ઓળખી જન્મ સફળ માન્યો,
પ્રીત પ્રાણ પ્રગટી છતાં મર્મ નહીં જાણ્યો.

બોલ્યો વચન કઠોર એ એથી આર્ત બની,
ધર્મહેતુ પ્રગટ્યા, રહ્યા પારધિ જેમ હણી.

માન્યો પ્રિય સુગ્રીવને વળી મને વેરી,
સજા ઘોર દીધી તમે કયા દોષ કેરી?

(આખ્યાન)

અનુજપ્રિયા ભગિની સુતનાર શઠ હે કન્યાસમ એ ચાર,
એમના પ્રતિ કુદ્રષ્ટિ કરે પાપ એમને નથી હણ્યે.

મૂઢ તને અતિશય અભિમાન, સ્ત્રીની સલાહ ન ધરી ધ્યાન;
ભુજબળઆશ્રિત જનને તેં મારવા ચહ્યો ગર્વ વડે.

(દોહરા)

ચતુરાઈ ના ચાલશે રામ તમારી પાસ;
પાપી રહ્યો હજીય હું તમને પામી ખાસ?

*

(ચોપાઈ)

સુણી શબ્દ એ કરુણા સાથ રામે વાલિમસ્તક મૂક્યો હાથ,
કરું અચળ તને રાખ પ્રાણ; કહ્યું વાલિએ કરુણાનિધાન !

મુનિ યત્ન કરે જન્મોજન્મ અંતે રામ તોયે ના'વે મન;
જેના નામે વસી શિવકાશી અર્પે સદગતિને અવિનાશી,
રામદર્શન તે મને થાય એવું બનશે શું કોટિ ઉપાય?

(છંદ – શ્રીરામચંદ્ર કૃપાલુ)

શ્રુતિ જેમનાં ગુણ નેતિનેતિ સ્વરે નિરંતર ગાય છે,
મન પ્રાણ જીતી વિષયથી મુનિ મુક્ત નીરસ થાય છે
ત્યારે જ ધ્યાને પ્રગટતા જે તે જ છે સામે રહ્યાં,
અભિમાનવશ માની મને તન રાખવા વચનો કહ્યાં.

પણ મૂર્ખ એવો કોણ કાપી કલ્પદ્રુમ આગ્રહ કરી
જે વાડ બાવળની કરે જીવનમહીં જાગી ફરી?

કરુણાતણી દ્રષ્ટિ કરો ને નાથ વર ઈપ્સિત ધરો,
જ્યાં કર્મવશ જન્મું મને ત્યાં ભક્ત નિજપદનો કરો.
આ પુત્ર વિનયી ને બલી મુજશો ગ્રહણ તેને કરો,
હે નાથ સુરનરના, બનાવો દાસ અંગદને ખરો.

(દોહરા)

કરી રામપદપ્રીત દ્રઢ કર્યો પછી તનત્યાગ,
માળા પડતી કંઠથી જેમ ન જાણે નાગ.

શીઘ્ર વાલિને મોકલ્યો શ્રીરામે નિજધામ,
નગરજનો વ્યાકુળ બની ઉભરાયા તે ઠામ.

સ્ત્રી તારા કરતી રહી વિવિધ પ્રકાર વિલાપ,
છૂટાં કેશે ભૂલતાં આર્ત બનીને આપ.

*

(ચોપાઈ)

તારા વિકળ દેખી રઘુરાયે હરી માયાને જ્ઞાન-ઉપાયે;
જલ ક્ષિતિ અગ્નિ ગગન સમીર પંચભૂતે રચાયું શરીર,
પડ્યું પ્રત્યક્ષ એ આજ સામે, જીવ નિત્ય છતાં રડે શાને?

જ્ઞાન જાગ્યું ત્યારે પગે લાગી, લીધું ભક્તિનું વરદાન માગી;
આપી આજ્ઞા સુગ્રીવને રામે જવા લાગી મરણોત્તર કાળે.

*

(દોહરા)

લક્ષ્મણને સુગ્રીવને કહ્યું આપવા રાજ,
ચાલ્યા પુરજન પ્રેમથી આજ્ઞાપાલનકાજ.

એકત્ર કરી લક્ષ્મણે પુરજનવિપ્રસમાજ,
કર્યા નૃપતિ સુગ્રીવને અંગદને યુવરાજ.

(આખ્યાન)

હિતકર રઘુવર સમ જગમાંહ્ય, ગુરૂપ્રભુબંધુમાત ના તાત;
સુરનરમુનિ સૌની એ રીત કરે સ્વાર્થ માટે સૌ પ્રીત.

વાલિ ત્રાસ વ્યાકુળ દિનરાત, તનમાં વ્રણ ચિંતાતુર આર્ત,
તે સુગ્રીવ કર્યો કપિરાય, રામ ખરે જ અતીવ કૃપાળ.

એવાં પ્રભુને ત્યાગે જે પડે વિપદની જાળે તે;
સરિતા છેક સમીપે હોય શકે સમાવી તરસ ન તોય.

પ્રભુએ કહ્યું સુણો સુગ્રીવ, ઋતુ વર્ષાની હવે સમીપ,
ચૌદ વરસ વનવાસ મળ્યો, ગિરિ પર કાળ વ્યતીત કરવો.

અંગદસહિત ચલાવો રાજ રાખી ઉરમાં મારું કાજ;
વિદાય નૃપ સુગ્રીવ થયો, રામે ગિરિ પર વાસ કર્યો.

(દોહરા)

ગુફા પ્રવર્ષણ પર્વતે દેવે સરસ કરી
રામ કૃપાનિધિ ત્યાં વસે એવી આશ ધરી.

*

## વનવર્ણન

(આખ્યાન)

સુંદર વન સુમને સોહાય, ગૂંજે અલિ મધુથી મોહાય;
કંદમૂળફળફૂલ અનેક પ્રભુને પેખી થયાં વિશેષ.

પેખી મનહર શૈલ અનૂપ વસ્યા અનુજ સાથે સુરભૂપ;
મધુકરખગમૃગતનધર દેવ કરે સિદ્ધમુનિ પ્રભુની સેવ.

મંગલરૂપ બન્યું વન ખાસ થતાં રમાપતિનો ત્યાં વાસ;
સ્ફટિકશિલા અતિસુંદર એક બેઠા ઉભય રસે ત્યાં છેક.

કહેતા રઘુવર કથા અનેક ભક્તિવિરતિ નૃપનીતિવિવેક;
નભમાં વર્ષામેઘ છવાય મધુર ગરજતા સુભગ સોહાય.

(દોહરા)

લક્ષ્મણ, જલદ નિહાળતાં નાચે મોર સપ્રેમ,
ગૃહી વિરક્ત વિલોકતાં વિષ્ણુભક્તને જેમ.

(આખ્યાન)

ઘન ઘમંડ નભ ગરજે ઘોર, પ્રિયાહીન ડરતું મન મોર;
રહે દામિની ના ઘનમાંહ્ય, ખલપ્રીત ટકે તેમ ન ક્યાંય.

વિદ્યાથી વિદ્વાન નમે, મેઘ તેમ ક્ષિતિ પર વરસે;
સહે શઠવચન સજ્જન જેમ સહે વૃષ્ટિને પર્વત તેમ.

સરિતા સ્વલ્પ તરત ઉભરાય, છકી અલ્પ ધનથી ખલ જાય;
જીવ પડે માયામાં જેમ મલિન વારિ પૃથ્વી પર તેમ.

સલિલ ભરી દે વિવિધ તળાવ જ્યમ સજ્જનને સદગુણભાવ;
સરિતાજલ જલનિધિમાં જાય જીવ જેમ શિવમાં સ્થિર થાય.

(દોહરા)

હરિત ભૂમિ તૃણ સંકુલ, સમજે પડે ના પંથ,
પાખંડ મતે થાય છે ગુપ્ત જેમ સદગ્રંથ.

*

(આખ્યાન)

ચોદિશ દાદુરસ્વરો સુણાય વેદ ભણે જ્યમ શિશુસમુદાય,
પલ્લવ પામ્યાં વિટપ અનેક, પામે સાધક જેમ વિવેક.

સુરાજ્યમાં ખલ નિષ્ક્રિય થાય પર્ણહીન ત્યમ અર્કજવાસ;
શોધી મળે ન ક્યાંયે ધૂળ ક્રોધ ધર્મ જ્યમ કરતો દૂર.

ઉપકારી વૈભવથી જેમ સોહે ધરતી શશિથી તેમ;
તમિસ્ત્રમાં ખદ્યોત મળે દંભીસમાજ જેમ ફરે.

મહાવૃષ્ટિ તોડે ક્યારી, સ્વચ્છંદે બગડે નારી;
નીંદે ખેતર ચતુર કિસાન, મોહ તજે બુધ જ્યમ મદમાન.

ધર્મ ના રહે કલિયુગમાંહ્ય ચક્રવાક ના તેમ જણાય;
ઉજ્જડ જમીનમાં ના ઘાસ હરિજન ઉર જ્યમ કામ ખલાસ.

વધતી પ્રજા સુરાજ્યમહીં વ્યાપ્ત જંતુથી તેમ મહી;
વટેમાર્ગુ કરતા વિશ્રામ ઈન્દ્રિય જેમ પ્રગટતાં જ્ઞાન.

(દોહરા)

પ્રબળ વાયુ વાતાં કદી અભ્ર બધે વિખરાય,
કુપુત્ર ઉપજ્યે કુળતણા ધર્મ જેમ ન પળાય.

ક્યારેક દિન નિબિડ તમ પ્રકટે તેમ પતંગ,
જ્ઞાન જેમ જાગે મટે પામી સંગ કુસંગ.

*

વર્ષા વીતી ને સુભગ આવી શરદ વળી,
કાસડાથકી છે રહી ઘડપણ પ્રગટ કરી.

લોભવૃતિ સંતોષને શોષી લે છે જેમ,
અગસ્ત્યતારાએ ઉગી શોષ્યાં પથજલ તેમ.

સરિતાસરમાં સ્વાદુ ને નિર્મળ જળ સોહાય,
મદ મમતા વિણ સંત મન નવ જેવાં મોહાય.

સુકાઈ સઘળે રહ્યાં સરિતાસરપાણી,
મમતાને ત્યાગે સદા જેમ પરમજ્ઞાની.

ખંજનપક્ષી શરદને અવલોકી આવ્યાં,
સુકૃત પ્રગટતાં સમય પર જેવિધ મનભાવ્યાં.

પંકરેણુ વિણ શોભતી કેવી સકળ ધરા,
કર્મ શોભતાં નીતિરત જેવાં નૃપતિ તણાં.

અબુધ કુટુંબી ધન વિના વ્યાકુળ બનતાં જેમ
પાણી ઘટતાં મીન સૌ વિકળ બને છે તેમ.

હરિજન છોડી આશા સૌ શાંતિ પામતો જેમ,
શાંત લાગતું સ્વચ્છ આ નિરભ્ર નભ પણ એમ.

ક્યાંક થતી કોઈ ક્ષણે શરદતણી વૃષ્ટિ
વિરલ માનવી પામતા જેમ ભક્તિસૃષ્ટિ.

(આખ્યાન)

સુખી મીન સૌ નીર અગાધ, હરિશરણ ગયે જેમ ન બાધ;
ખીલ્યે કમળ હસે સર એમ, નિર્ગુણ બ્રહ્મ સગુણ હો જેમ.

ગૂંજે મધુકર મુખર અનૂપ, સુંદર ખગરવ નાનારૂપ;
ચક્રવાક દુઃખ દેખી રાત જ્યમ દુર્જન પરદ્રવ્ય અમાપ.

તૃષાર્ત ચાતક કરે પુકાર, શિવદ્રોહી ના સુખી લગાર;
સંતદર્શને પાતક જાય તાપ ચંદ્રથી તેમ હરાય.

હરિજન હરિ પામી હરખાય, ચકોર શશિથી ત્યમ ખુશ થાય;
મચ્છરડાંસ મટ્યા હિમત્રાસ દ્વિજદ્રોહે કુળનો જ્યમ નાશ.

*

(દોહરા)

જીવ થયા અદ્રશ્ય સૌ શરદ આવતાં ખાસ,
સદગુરૂ મળતાં જેમ હો સંશયભ્રમનો હ્રાસ.

*

## સુગ્રીવને શિક્ષા

(ચોપાઈ)

વર્ષા વીતી શરદઋતુ આવી, નવ સંદેશ સીતાનો લાવી;
મળે કેમે મને માહિતી જો લાવું સીતાને કાળ જીતી તો.

ભલે હોય ગમે ત્યાં જીવંત લઈ આવીશ રાખીને ખંત;
પામી રાજ્ય નગરનિધિનારી દીધો સુગ્રીવે મુજને વિસારી.

માર્યો વાલિને મેં જે બાણે મારૂં મૂઢને તે બાણે કાલે;
ટાળે કૃપાથી જે મદમોહ તેને સ્વપ્નેય શું ક્રોધ હોય?

લીલા જાણે કોઈ મુનિજ્ઞાની જેણે રામચરણરતિ માની;
સુણી લક્ષ્મણે ક્રોધિત વાણી ધાર્યા હાથમાં ધનુષ્યબાણ.

(દોહરા)

સમજાવ્યો એને તરત દયાસિંધુ પ્રભુએ,
લાવવો ઘટે સુહૃદને ભય દર્શાવીને.

*

(ચોપાઈ)

કર્યો પવનસુતે ત્યાં વિચાર રામકાજનો આવ્યો ના પાર;
શીશ સુગ્રીવચરણે નમાવ્યું, મિત્રવચનને યાદ કરાવ્યું.

બન્યો ભયભીત સુગ્રીવપ્રાણ હર્યું વિષયોએ મારું જ્ઞાન,
હવે પાઠવો દૂતસમૂહ જ્યાં ત્યાં વાનરવીરોનાં જૂથ.

આવે પખવાડિયામાં જે ના રહી જીવિત શકશે તે ના.

પછી બોલાવ્યા હનુમાને વીર વળી સન્માન્યા બલવંત ધીર,
ભીતિપ્રીતિ ને નીતિ બતાવી; ચાલ્યા સર્વે સાદર સુખે નામી.

(દોહરા)

કર્યો લક્ષ્મણે પુરમહીં તે વખતે જ પ્રવેશ,
લાગ્યા વાનર નાસવા ક્રુદ્ધ દેખતાં વેશ.

ધનુષ ચઢાવી લક્ષ્મણે કહ્યું નગર બાળું;
અંગદ આવ્યો એ સમે નમન કરી ન્યારું.

ચરણે મસ્તક મૂકતાં અરજ કરી એણે;
હાથ ઉઠાવીને ધર્યું અભયદાન એને.

સુગ્રીવે હનુમાનને ક્રોધાતુર જાણી,
કહી પવનસુતને ભરી વ્યાકુળતા વાણી.

હનુમાને તારા સહિત કરતાં પદે પ્રણામ,
પ્રભુના સુંદર સુયશનાં સાદર કર્યાં વખાણ.

લાવી પછી મહેલમાં ધોઈ ચરણકમળ,
સુગ્રીવે પગમાં પડી કહ્યાં કરુણવચન.

નાથ, વિષયસમ મદ નથી, વ્યાપે મુનિઓને,
એક જ ક્ષણમાં, તો પછી છોડે તે કોને?

આલિંગનને આપતાં બંને સુખ પામ્યા;
હનુમાનમુખે દૂતના સમાચાર જાણ્યા.

ચાલ્યો હર્ષિત સુગ્રીવ અંગદાદિ કપિસાથ,
લક્ષ્મણને આગળ કરી આવ્યો જ્યાં રઘુનાથ.

(ચોપાઈ)

નમી ચરણે કહ્યું કર જોડી, ક્ષતિ મારી નથી નાથ, થોડી;
માયા અતિશય પ્રબળ તમારી, કૃપા વરસો છૂટે તો જ ભારી.

વિષયી સુરનરમુનિવર સ્વામી, હું તો પામર વાનર અતિકામી;
નારીનયનના બાણ ના વાગ્યાં, ઘોર ક્રોધનિશામાંથી જાગ્યા,

લોભપાશમાં જે ના બંધાયા, નર તમસરખા કો રઘુરાયા.
ગુણ સાધને ના મળે સોઈ, પામે અનુગ્રહથી કોઈકોઈ.

બોલ્યા રઘુપતિ મધુ મુસકાઈ, પ્રિય ભરતસમા તમે ભાઈ;
હવે યત્ન કરો ગણી સેવા મળે સીતાની માહિતી એવા.

(દોહરા)

એ વખતે નાનાવરણ આવ્યાં વાનરયૂથ
દિશા તથા પ્રદિશાથકી ઉમટ્યાં વિવિધ વરૂથ.

*

(ચોપાઈ)

કેવી વાનરની મહાસેના, વીર કોણ ગણી શકે એના;
રામચરણે નમાવી સૌ શીશ બન્યા ધન્ય નિહાળીને ઈશ.
હતો વાનર એવો ન એક રામે જેને કરીને વિવેક
પૂછ્યા કુશળ સમાચાર ના હો, વિશ્વરૂપ વ્યાપક રઘુવર તો.

કહ્યું સુગ્રીવે રામનું કાર્ય આ તો મંગલ ને અવિચાર્ય;
શોધો જનકસુતા કરી પ્રેમ, આવો માસ વીત્યે ધન્ય જેમ.

(દોહરા)

વિના માહિતી આવશે પાછા પુરમાં આ
જીવિત તે શકશે રહી કેમે કરતાં ના.

વચન સુણીને વાનરો ચાલ્યા બધે તુરંત,
સુગ્રીવે સ્નેહે કહ્યું અંગદ નલ હનુમંત

જાંબવાન ને નીલ સૌ દક્ષિણમાં જાઓ,
મન ક્રમ વચને સેવતાં સમાચાર લાવો.

ભાનુ સેવવો પીઠથી અગ્નિને ઉરથી,
સ્વામી સ્નેહે સેવવા મુક્ત બની છળથી.

(આખ્યાન)

તજી મોહ સેવો પરલોક મટે સકળ ભવકેરા શોક;
દેહતણું ફળ એ જ મહાન ભજવા રામ પરમકલ્યાણ.

એ ગુણવાન એ જ બડભાગ જેને રામચરણ અનુરાગ;
આજ્ઞા માગી કરી પ્રણામ ચાલ્યા હરખી રટતા રામ.

ઢાળ્યું પવનકુમારે શીશ, સમજી બોલાવીને ઈશ
કરથી શીતળ સ્પર્શ કરી મુદ્રિકા સરસ તરત ધરી.

વિરહવીર્યનો કહેતાં સાર સમજાવીને વિવિધ પ્રકાર,
સાંત્વન સીતાને ધરતાં ધન્ય બનો મુજને મળતાં.

જન્મ સફળ સમજી હનુમાન ચાલ્યાં સ્મરતાં કૃપાનિધાન
જાણતા હતા સઘળી વાત નીતિ તોય પાળી સાક્ષાત
પ્રભુએ લીલા બધી કરી વિરહવ્યથાને પ્રાણ ભરી.

(દોહરા)

ચાલ્યા વન પર્વત નદી સર શોધી સઘળે
રામકાજમાં લીન મન ભૂલી સૌ તનને.

(આખ્યાન)

થતો ક્યાંક નિશિચર મેળાપ, હણતા મારીને લપડાક;
કરતાં વનપર્વતમાં ખોજ મુનિને ખબર પૂછતાં રોજ.

થયા એક દિન ખૂબ તૃષાર્ત, વારિ મળ્યું ના, ભૂલ્યા વાટ;
હનુમાને મન કર્યું અનુમાન મરશે સૌ ન મળ્યે જલપાન.

ચઢી શિખર જોયું ચોપાસ, દેખાયું કૌતુકશું ખાસ,
ચક્રવાકબક હંસ અનેક ઉડતાં બીજાં ગુફાપ્રવેશ
પક્ષી અનેકવિધિ કરતાં, જનાર ના પાછા ફરતાં

ઉતર્યા ગિરિથી પવનકુમાર, કરવા લાગ્યા સર્વ વિચાર;
ગુફામહીં ચાલ્યા હનુમાન, પછી બધાં સ્મરતાં ભગવાન.

(દોહરા)

જોયું ઉપવન અંદર સર વિકસિત મધુકુંજ,
મંદિર મધુમય એક ત્યાં નારી ને તપપૂંજ.

દુરથી જ વંદી કહ્યું એને નિજ વૃતાંત,
આજ્ઞા પામી સ્નાનથી થયા પાનથી શાંત.

ફળ મધુમય આરોગતાં સુણી કથા એની;
થઈ રામ પાસે જવા મનોવૃતિ તેની.

સીતા મેળવશો તમે થશો નિરાશ ન લેશ;
આપું આશીર્વાદ હું પામો સરસ પ્રદેશ.

એના આશીર્વાદથી આંખ ઉઘાડી તો
સમુદ્રતટ પરનો સુભગ પ્રદેશ પેખ્યો કો.

તપસ્વિની તે રામની પાસે પછી ગઈ;
ધન્ય કરી રઘુનંદને અખંડ ભક્તિ દઈ.

પ્રભુ આજ્ઞાથી તે ગઈ શુચિ બદરીવનમાં
ધરી રામચરણકમળ પ્રેમથકી ઉરમાં.

*

## સંપાતિનો સમાગમ

(ચોપાઈ)

વીતી અવધિ થયું નવ કામ એવું સમજી કપિ હાર્યા હામ;
કરવા લાગ્યા પરસ્પર વાત, ખાલી હાથે ફરીશું શું ભ્રાત !

બોલ્યો અંગદ આંખે ભરી વારિ, ભમે મૃત્યુ મસ્તક પર ભારી;
સૂધ સીતાતણી નવ પામ્યા, જઈશું સુગ્રીવને હાથે માર્યા.

વાલિ મારી મને હોત માર્યો, કિન્તુ રામે જ મુજને ઉગાર્યો;
નથી સુગ્રીવનો ઉપકાર, હવે દીસે સમીપે જ કાળ.

સુણી વચન રહ્યા કપિવીર, વહ્યાં શીઘ્ર નયનથકી નીર;
બન્યા સર્વ વિચારમાં લીન, વદ્યા વચન પછીથી પ્રવીણ.

મળે સીતાની માહિતી ના જો, પાછા ફરવું નથી નગરે તો;
બેઠા સૌએ લવણસિંધુ પાસે દર્ભ પાથરી મૃત્યુની આશે.

(દોહરા)

દુઃખ દેખી અંગદતણું કહ્યું જાંબવાને,
રઘુનંદનને માનવી કોઈ ના માને.

નિર્ગુણ બ્રહ્મ અજિતઅજ સાચે તે તો છે,
બડભાગી અતિ આપણે બન્યા સેવકો કે.

સગુણ બ્રહ્મ શ્રીરામનો પામીને અનુરાગ
શ્વાસ લઈએ પ્રતિપળે અન્ય છોડતાં રાગ.

સ્વેચ્છાથી પ્રભુ અવતરે સુરક્ષિતિ ગોદ્વિજ કાજ,
સંગ સગુણ ભક્તો રહે કરી મોક્ષસુખત્યાગ.

(ચોપાઈ)

કથા એવી સુણી ભલીભાંતિ ગિરિકંદરામાંથી સંપાતિ
આવ્યો ઉલ્લાસ સાથે બહાર આપ્યો જગદીસે જાણી આહાર.

આજે આહાર સૌનો કરું હું, ઘણા દિવસે ભોજનને જમું હું;
ભરી ઉદર પામ્યો ના આહાર, આજે વિધિએ દીધો એક વાર.

સુણી શબ્દ સંપાતિના જાણ્યું ડરી મરણ સમીપે જ આવ્યું;
બોલ્યો અંગદ શાંતિથી ત્યારે, પ્રભુધામમાં જે ગયો પ્યારે
રામકાર્ય કાજે તન ત્યાગી એ જટાયુ પરમ બડભાગી.

સુણી સંપાતિએ ગૂઢ વાણી આપી અભય સૌને મિત્ર માની,
જાણી સઘળી જટાયુની કરણી પ્રીતિ ઠાલવી પ્રભુપ્રતિ મનની.

(દોહરા)

સમુદ્રતટ પર અંજલિ જટાયુને આપી
કથા કહી સંપાતિએ નિર્ભયતા સ્થાપી.

તરુણાવસ્થામાં અમે એક વાર નભમાં
ઉડી રવિ પાસે ગયા ડૂબી બળમદમાં.

પાછો ફર્યો જટાયુ તો સહેવાતાં ના તેજ,
પરંતુ ઘોર અમંગલ કર્યું તે દિને મેં જ.

અસહ્ય તેજે પાંખ બે મારી બળી ગઈ,
ઘોર કરી ચિત્કાર હું નીચે ગયો પડી.

કૃપાસિંધુ મુનિ ચંદ્રમાં મુજ પર દયા કરી,
દેહાભિમાનને રહ્યા જ્ઞાને ઘોર હરી.

પરમાત્મા ત્રેતાયુગે ધરશે મનુજશરીર,
હરશે પત્ની તેમની ત્યારે નિશિચરવીર.

દૂત એહની ખોજમાં પ્રભુ તે મોકલશે,
પવિત્ર બનશે તેમને જ્યારે તું મળશે.

પાંખ પ્રગટશે ત્યાં તને, ચિંતા ના કર તું,
રહસ્ય કહેજે એમને જનકનંદિનીનું.

મુનિવરના શબ્દો થયા આજ સત્ય લાગે,
અભિનવ ચેતન મુજમહીં આજ અહીં જાગે.

ત્રિકૂટ ગિરિ પર છે વસી લંકાપુરી મહાન,
સ્વભાવથી નિર્ભય વસે રાવણ ત્યાં બળવાન.

અશોકવનમાંહી વસે સીતા શોકિત ત્યાં;
કહું દિવ્ય દ્રષ્ટિથકી નીરખી રહસ્ય આ.

વૃદ્ધ થયો ના હોત તો કરત સપ્રેમ સહાય;
સમુદ્રને ઓળંગવા કરવો ઘટે ઉપાય.

(આખ્યાન)

ઓળંગે શતયોજન સાગર તે જ કાર્ય કરશે મતિઆગર;
રામકૃપાથી નવલ શરીર મળ્યું મને, સૌ ધારો ધીર.

પાપી જેનું નામ સ્મરી ભવસાગરને જાય તરી,
તેના જન છો, ક્લૈબ્ય તજી કરો ઉપાયો રામ ભજી.

એમ કહી સંપાતિ ગયો, વિસ્મય સૌને પરમ થયો;
સૌએ નિજબળમાપ કહ્યું, પાર જવા ના ઉચિત ગણ્યું.

જાંબવાન કહે વૃદ્ધ થયો, બલી પ્રથમ જેવો ન રહ્યો;
વામન ખરના શત્રુ બન્યા ત્યારે બળની કૈં ન મણા.

(દોહરા)

બાંધી બલિને પ્રભુ વધ્યા, વર્ણવાય ના કાય;
દોડી સાત પ્રદક્ષિણા કરી બે ઘડીમાંહ્ય.

તરુણાવસ્થાનું હતું બળ એવું ભારે,
અનેક અર્ણવ હોત મેં ઓળંગ્યા ત્યારે.

અંગદ બોલ્યો સિંધુની જઈ શકું હું પાર,
શંકા કિન્તુ મને રહે પાછા ફરતી વાર.

કહ્યું જાંબવાને તમે સુયોગ્ય સર્વ પ્રકાર
નાયક સર્વતણા છતાં, કરાય શેં તૈયાર ?

(આખ્યાન)

જાંબવાન બોલ્યા હનુમાન, મૌન કેમ બેઠા બલવાન;
પવનતનય બળ પવન સમાન વિવેક ગુણ વિજ્ઞાનનિધાન,
કાર્ય કઠિન એવું શું છે થાય તમારાથી ના જે ?

રામકાર્ય માટે અવતાર સુણતાં થયા પર્વતાકાર;
કનકવર્ણ તેજોમય કાય, જાણે અન્ય ગિરિતણા રાય.

સિંહનાદથી વારંવાર, બોલ્યા અર્ણવ હોય અપાર
રમતવાતમાં પાર કરું, રાવણ સુહૃદો સાથ હણું.

ત્રિકૂટ પર્વતને લાવું અનાયાસ પાછો આવું.
આદેશ મને ઉચિત ધરો રામકાર્યથી ધન્ય કરો.

કહ્યું જાંબવાને સ્મિતસાથ, ભીડી શકો કાળને બાથ,
સીતાદર્શન ફકત કરો, સમાચાર સંપૂર્ણ ધરો.

રામ બાહુબળથી હણશે નિશિચરને, રાક્ષસ મરશે,
સીતાને મેળવશે એમ, કપિસેના છે કૌતુક જેમ.

(છંદ – શ્રી રામચંદ્ર કૃપાલુ)

ત્રિભુવન સુપાવન સુયશ સુરમુનિ નારદાદિ વખાણશે,
નિશિચર સકળ સંહારતાં શ્રીજનકનંદિની લાવશે;
જન સુણી ગાઈ કહી સમજી પરમપદને પામશે,
રઘુવીર પદપાથોજ મધુકર દાસ તુલસી ગાય છે.

(દોહરા)

ભવભેષજ રઘુનાથયશ સુણશે જે નરનાર
સકળ મનોરથ એમના કરશે સિદ્ધ કૃપાળ.

નીલકમળસમ શ્યામ કોટિકામ શોભા અધિક
રામચરિત સુણવું ઘટે નામ જેનું ખગબગઅધિક.

## (કિષ્કિન્ધાકાંડ સમાપ્ત)

*

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## સુંદર કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વર

## આરંભ

शान्तं शाश्वतमप्रमेयमनघं निर्वाणशांतिप्रदं
ब्रह्माशंभुफणीन्द्रसेव्यमनीशं वेदांतवेद्यं विभुम ॥
रामाख्यं जगदीश्वरं सुरगुरुं मायामनुष्यं हरिं
वंदेऽहं करुणाकरं रघुवरं भूपालचूडामणिम् ॥१॥

(શાર્દૂલવિક્રીડીત – જે ચૈતન્ય ચરાચરે)

જે છે શાશ્વત શાંત શુદ્ધ અનલ નિર્વાણ શાંતિપ્રદ
બ્રહ્મા શંકર શેષસેવ્ય વિભુ ને વેદાંતવિદ્ તારક,
માયા માનવ રામ નામક ગુરુ દેવોતણા ઈશ્વર
વંદું એ કરુણાનિધાન હરિને માની નૃપોના નૃપ.

नान्या स्पृहा रघुपते हृदयेऽस्मदीये
सत्यं वदामि च भवानखिलान्तरात्मा ॥
भक्तिं प्रयच्छ रघुपुंगव निर्भरां मे
कामादिदोषरहितं कुरु मानसं च ॥२॥

(વસંતતિલકા – વિશ્વંભરી અખિલ વિશ્વ)

બીજી નથી મુજ ઉરે રઘુનાથ ઈચ્છા,
સાચુ કહું પ્રભુ તમે અખિલાન્તરાત્મા;
ભક્તિ અખંડ મુજને પરિપૂર્ણ આપો,
કામાદિદોષ વિણ માનસને કરી દો.

—

अतुलितबलधामं स्वर्णशैलाभदेहं
दनुजवनकृशानुं ज्ञानिनामग्रगण्यम् ।

सकलगुणनिधानं वानराणामधीशं
रघुपतिवरदूतं वातजातं नमामि ॥३॥

(અસિત ગિરિ સમં)

અતુલિતબળસ્વામી સ્વર્ણશૈલાભદેહ
દનુજવનતણા હે અગ્નિ, જ્ઞાનીન્દ્ર દેવ;
સકળગુણનિધાન વાનરોના અધીશ,
રઘુપતિવરદૂત વંદના વાતપુત્ર !

*

## સુરસા

(આખ્યાન)

જાંબવાનનાં વચન સુણીને થયા પવનસુત ખૂબ પ્રસન્ન,
કંદમૂળફળ ખાજો સહતાં સંકટ, બનતા નહીં વિષણ્ણ;

સીતાને અવલોકી આવું ત્યાં સુધી પ્રતીક્ષા કરજો,
હર્ષ વિશેષ થતો અંતરમાં, પ્રયત્ન સફળ થશે સઘળો.

એમ કહીને શીશ નમાવી સૌને એ ત્યાંથી ચાલ્યા,
કરી ભરોસો માત્ર રામનો, રઘુનંદન હૃદયે ધાર્યા.

સિંધુતીર એક ભૂધર સુંદર, ચઢ્યા અનાયાસે એની ઉપર;
વારંવાર રઘુવીર સંભારી, ચાલ્યા પવનતનય બળ ભારી.

(ચોપાઈ)

ચાલ્યા સ્પર્શી જેને હનુમંત, પેઠો પાતાળ ગિરિ તે તુરંત;
વધ્યા આગળ સામર્થ્યવાન, જેવું અમોઘ રઘુપતિબાણ.

સિંધુ રઘુપતિદૂત વિચારી બોલ્યો વાણી હૃદયથી ન્યારી,
જરી મૈનાક આપ વિશ્રામ, દૂત આવ્યા કરવા રામકામ.

(દોહરા)

હનુમાને મૈનાકને સ્પર્શી કરી પ્રણામ,
કહ્યું, રામના કામ વિણ મુજને કયાં વિશ્રામ ?

(ચોપાઈ)

દેવે દેખ્યા જતા હનુમાન, બળબુદ્ધિ ભંડાર સમાન,
માતા સર્પોની સુરસા નામ, એને સોંપ્યું પરીક્ષાનું કામ.

દેવે આપ્યો છે મુજને આહાર, કાઢ્યા સુરસાએ આવી ઉદ્‌ગાર,
બોલ્યા હનુમાન શાંતિથી ત્યારે, રામ-કાર્ય કરું હું અત્યારે.

સીતાકેરા સમાચાર લાવું મળી, રઘુપતિ પાસે આવું,
કરજે ભક્ષણ તે પછી મારું, હમણાં સદ્ય જવા દે તો સારું.

કિન્તુ સુરસાએ લેશ ના માન્યું, મુખ યોજનભર વિસ્તાર્યું;
કર્યું દ્વિગુણિત તન હનુમાને ધારી રામના રૂપને પ્રાણે.

સોળ યોજનનું મુખ કીધું, રૂપ બમણું પવનપુત્રે લીધું;
એમ વધતાં ગયાં તન બેનાં, અટકી સ્પર્ધા શક્તિતણી એ ના.

(દોહરા)

સો યોજનનું મુખ વળી સુરસાએ કીધું,
ત્યારે અતિ લઘુરૂપ શ્રી હનુમાને લીધું.

પ્રવેશતાં એના મુખે આવ્યા તરત બહાર,
શીશ નમાવી એહની માગી રહ્યા વિદાય.

ત્યારે સુરસાએ કહ્યું, દેવોએ મુજને,
મોકલી હતી માપવા તુજ બુદ્ધિબળને.

રામકાર્ય કરશો તમે, છો બળબુદ્ધિનિધાન;
આશિષ આપી હરખતાં ચાલ્યા ને હનુમાન.

*

એક રાક્ષસી સિંધુમાં વસનારી નભમાં,
ઊડતાં ગ્રહતી પક્ષીને માયાથી ક્ષણમાં.

પડછાયાને પકડતી વિહંગના જળમાં,
ઊડી શકતાં એ નહીં, પડી જતાં પળમાં.

એ જ કર્યો હનુમાનની સાથે કપટપ્રયોગ,
હનુમંત વધ્યા આગળ લેતાં એનો ભોગ.

વારિધિ પાર પહોંચતાં વનશોભા જોઈ,
ભ્રમર ગૂંજતા પુષ્પ પર મધુલોભે મોહી.

(આખ્યાન)

નાના તરુ ફળ ફૂલ સોહાય, ખગમૃગ જોઈ મન મોહાય;
સામે નીરખી શૈલ વિશાળ તે પર ચઢ્યા ભક્તપ્રતિપાળ.
અચરજ એથી લેશ ન થાય, કાળજીત પ્રભુ છે રઘુરાય;

ગિરિ પરથી લંકા ભાળી દુર્ગવિશેષથકી ન્યારી;
ઉચ્ચ દુર્ગ સાગર ચોપાસ, કનકકોટનો પરમપ્રકાશ.
કનકકોટ ત્યાં મણિથી જડિત, માર્ગ ગલી ઘર સરસ પુનિત;
ચૌટાં ચોક અનેક પ્રકાર, સૌન્દર્યતણો હતો ન પાર.

(શ્રીરામચંદ્ર કૃપાલુ)

ગજવાજિ ખચ્ચર નિકર પદચર રથોને કોણ જ ગણે,
બહુરૂપ નિશિચર જૂથ અતિબળ સૈન્યવર્ણન ના બને.

વન બાગ ઉપવન વાટિકા સર કૂપ વાપી સોહતાં,
નર નાગ સુર ગંધર્વ કન્યા રૂપ મુનિમન મોહતાં,

પર્વતસમાન પ્રચંડ તનના ક્યાંક મલ્લો ગરજતા,
વ્યાયામમંદિરમાં લડીને અન્ય સામે મરકતા.

યોદ્ધા કરોડો ઘોર તનના પુર ચતુર્દિશ રક્ષતા,
તો ક્યાંક રાક્ષસ મહિષ માનવ ધેનુ ખર અજ ભક્ષતા;

રઘુવીર સરવર તીર્થમાં એ તન તજી ગતિ પામશે,
છે કથા સંક્ષેપે કહી એ સર્વની એથી જ મેં.

(દોહરા)

પુર રક્ષક પેખી ઘણા કપિએ કર્યો વિચાર,
અતિ લઘુરૂપ ધરી થવું પુરથી ઘટે પસાર.

*

(આખ્યાન)

મસકસમાન રૂપ કપિ ધરી ચાલ્યા રાતે હરિને સ્મરી;
નિશાચરી નામે લંકિની બોલી જાય મને અવગણી.

મર્મ ન મારો શઠ સમજે, ચોર ગ્રાસ મારા ગણજે;
કપિએ મુષ્ટિપ્રહાર કર્યો, દેહ ધરા પર તરત ઢળ્યો.

ઊલટી કરતી રક્તતણી ઊઠી ફરી વિક્ષુબ્ધ બની;
વદી વિવેકે કરી પ્રણામ, બની ગઈ હું તો કૃતકામ.

રાવણને વરદાન ધરી, બોલ્યા બ્રહ્મા કૃપા કરી,
વાનરબળથી વ્યાકુળ થાય, બળ તારું સઘળુંય હણાય
ત્યારે નિશિચરનો સંહાર, મળ્યો સમજજે એ કરનાર.

અતિશય પુણ્ય ગણું મારું, રામદૂતદર્શન ન્યારું,
મુજ લોચનથી મળ્યું મને, તૃપ્તિ પામી પૂર્ણપણે.

(દોહરા)

સ્વર્ગ તેમ અપવર્ગસુખ મળે તુલા એક અંગ,
કરે ન સમતા તોય તે જે સુખ ક્ષણ સતસંગ.

*

## વિભીષણ અને હનુમાન

(આખ્યાન)

કરો પ્રવેશી પુર સૌ કાજ ઉર રાખી કોશલપુરરાજ;
જેને જુએ કૃપાથી રામ સિદ્ધ થાય તેનાં સૌ કામ.

ગરલ સુધા, રિપુ મિત્ર બને, ગોપદ સિંધુ, અનલ પણ ઠરે,
સુમેરુ રજસમ હલકો થાય, રસસાગર તે નિશદિન ન્હાય.

અશક્ય કશુંય ના એને, રામશરણ લીધું જેણે.
અતિ લઘુરૂપ ધરી હનુમાન, ચાલ્યા પુર સ્મરતાં ભગવાન.

મંદિર મંદિર શોધ કરી, સીતા પણ ના ક્યાંય મળી,
દેખ્યા અગણિત સઘળે વીર, ગયા દશાનન-ભવન રુચિર.

રાવણ જોયો નિંદ્રાધીન, બન્યા ન જોતાં સીતા ખિન્ન,
માર્ગે દીઠો સરસ મહેલ, હરિમંદિર ત્યાં અલગ રચેલ.

(દોહરા)

ગૃહ રામાયુધ અંકિત વર્ણવાય ના કેમ,
અભિનવ તુલસીવૃંદ ત્યાં પેખી પ્રગટ્યો પ્રેમ.

(આખ્યાન)

લંકા નિશિચર-નિકર-નિવાસ, એમાં ક્યાં સજ્જનનો વાસ ?
વિચારવા લાગ્યા હનુમાન, ત્યાં તો જાગ્યા ભક્ત મહાન.

રામ રામ સુણતાં સુમિરન, સજ્જન સમજી થયાં પ્રસન્ન,
પરિચય સાગ્રહ ભલે કરું, સંત હાનિપ્રદ નહીં ગણું.

વદ્યા વિપ્રનું રૂપ ધરી, વિભીષણે ના વાર કરી,
આવી પ્રેમે કર્યા પ્રણામ, પૂછી પરિચય-કથા તમામ

કોઈ છો હરિદાસ તમે, પ્રીત પેખતાં થાય મને.
રામ દીનજન પ્રતિ અનુરાગ, કરવા કે આવ્યા બડભાગ ?

(દોહરા)

હનુમંતે સઘળી કથા કહી કહ્યું નિજ નામ,
સુણી ઉભય પુલકિત બન્યા સ્મરી રામગુણગાન.

(આખ્યાન)

રહેણી પવનસુત સુણો અમારી દંતમધ્ય જ્યમ જીભ બિચારી;
સમજી કદીક મને અનાથ, કરશે કૃપા ભાનુકુળનાથ ?

તામસતન સાધન ના થાય, પ્રીતિ ન પદસરોજ મનમાંહ્ય,
થયો ભરોસ હવે હનુમંત હરિકૃપા વિના મળે ન સંત.

રામે અનુગ્રહ આજ કર્યો, દર્શન અવસર દિવ્ય ધર્યો;
સુણો વિભીષણ પ્રભુની રીત, કરે સદા સેવક પર પ્રીત.

જુઓ હું જ ક્યાં પરમ કુલીન, ચંચળ કપિ સર્વપણે હીન;
નામ મનુજ લે પ્રાતઃકાળ, તે દિન પામે ના આહાર.

(દોહરા)

સખા અધમ હું તે છતાં કૃપા કરે રઘુવીર;
કૃપા સ્મરી હનુમાનનાં નયન ભરાયાં નીર.

(આખ્યાન)

વિસરે જાણ્યા છતાંય સ્વામી, ફરે રહે તે દુઃખ જ પામી;
કહેતાં એમ રામગુણગ્રામ, પામ્યા અનિર્વાચ્ય વિશ્રામ.

વિભીષણે સૌ કથા કહી જે વિધ, જનકસુતા ત્યાં રહી;
હનુમંત વદ્યા ત્યારે ભ્રાત, ચહું નીરખવા સીતામાત.

સુણી મિલનનો સકળ ઉપાય, પછી પવનસુત થયા વિદાય;
ધરી પહેલાંશું લઘુ રૂપ, અશોકવનમાં ગયા અનુપ.

*

**અશોકવનમાં**

કર્યા મનોમન પ્રેમપ્રણામ, પેખી સીતા સ્મરતી રામ;
શરીર કૃશ શીર જટા વિશાળ, ચાર પ્રહર ના નીંદ લગાર.

(દોહરા)

નયન ચરણપ્રતિ છે ઢળ્યાં, મન રામચરણલીન,
પીડા પામ્યા પવનસુત પેખી સીતા દીન.

છુપાઈ તરુપલ્લ્વે, રહ્યા વિચાર કરી;
આવ્યો રાવણ તે સમે બહુ સ્ત્રીસંગ લઈ.

સામ દામ ભય ભેદથી ખલ એ વિવિધ પ્રકાર,
સીતાને સમજાવવા લાગ્યો વારંવાર.

મારી જે મંદોદરી સમી અન્ય રાણી,
સુમુખી, સૌને સેવિકા કરીશ હું તારી.

પ્રતિજ્ઞા સુણી મુજ પ્રતિ નિહાળ એક જ વાર;
તૃણની આડ કરી સ્મરી રઘુપતિ પરમકૃપાળ.

સીતા બોલી, કમલિની કો ખદ્યોતપ્રકાશ,
પામીને સ્વપ્નેય શું કરી શકે સુવિકાસ ?

દસમુખ, રઘુવરબાણની માહિતી તને ના,
નહિ તો વચન અધમ કદી ઉચ્ચારત ના આ.

અધમ અને નિર્લજ્જ તું લાવ્યો મને હરી,
સ્તેન જેમ બેઠો વળી વનમાં કેદ કરી.

પોતાને ખદ્યોત સમ, રઘુપતિ સૂર્ય સમાન,
કટુ શબ્દ સુણીને વધ્યો કાઢીને તલવાર.

(આખ્યાન)

કર્યું ઘોર તેં મુજ અપમાન, કાપું તુજ શિર કઠિન કૃપાણ,
વાત હજી પણ મારી માન, નહીં તો ખોશે સુમુખી ! પ્રાણ.

શ્યામ કમળની સુંદર માળ પ્રભુભુજ કરિકરસમ સુવિશાળ,
ભુજા એજ કે તુજ તલવાર કંઠે પડશે શઠ, વિકરાળ.

ચંદ્રહાસ, હર મુજ પરિતાપ રઘુપતિવિરહ અનલ સંજાત,
શીતળ સૂક્ષ્મ વહાવી ધાર, સીતા બોલી, હર દુઃખભાર.

હણવા દોડ્યો વચન સુણી, મંદોદરીએ નીતિતણી,
વાત કરીને શાંત કર્યો ત્યારે કટુ આદેશ ધર્યો.

કહ્યું રાક્ષસીને એણે દર્શાવો ભયને કેમે,
એક માસમાં નહિ માને હણીશ તો તરત કૃપાણે.

(દોહરા)

દસકંધર ભવને ગયો; પિશાચિની બહુરૂપ,
ડરાવવા લાગી ધરી વૈદેહીને ખૂબ.

*

(આખ્યાન)

ત્રિજટા નામ રાક્ષસી એક રામચરણરતિ વિમળવિવેક,
સૌને એણે સભય કહ્યું, સીતાપદ કલ્યાણ રહ્યું,
માટે સેવો સ્નેહ કરી સીતાને છળકપટ હરી.

એક સ્વપ્ન મુજને આવ્યું, કપિએ લંકાપુર બાળ્યું,
હણી અસુરકેરી સેના, વખાણ કેમ કરું એનાં ?

ખર આરૂઢ નગ્ન દસશીશ મુંડિત શિર ખંડિત ભુજ વીસ;
જતો હતો દક્ષિણમાં એ, રાજ્ય મળેલ વિભીષણને,
નગર ફરી રઘુવરની આણ, સીતા પામ્યા કૃપાનિધાન.

(દોહરા)

ચાર દિન પછી સ્વપ્ન એ સત્ય થશે મારું;
સૌએ સીતાચરણમાં શીશ ડરી ઢાળ્યું.

સ્વપ્નને સુણી રાક્ષસી સર્વે થઈ વિદાય,
સીતાને તત્પર બની કરવા ગુપ્ત સહાય.

વિચારવા લાગી પછી વૈદેહી વનમાં,
રાવણ મુજને મારશે મહિનો એક થતાં.

(ચોપાઈ)

કહ્યું ત્રિજટાને બે કર જોડી, માત સંકટસંગિની મોરી,
હવે વિરહવ્યથા ન સહાય, કર તન તજવાનો ઉપાય.

કર કાષ્ઠચિતાને તૈયાર, એમાં જગવી દે પાવકજ્વાળ;
કર પ્રીતિને સત્ય તું મારી, સુણે શૂલસમી કોણ વાણી?

સુણી શબ્દ ચરણ ગ્રહી પ્રેમે કરી શાંત ત્રિજટાએ કેમે;
બળયશ પ્રતાપ સુણાવ્યો, પ્રભુ કેરો વિશ્વાસ વધાર્યો.

રાતે અગ્નિ મળે નહિ કયાંય, વદી થઈ પછી એ વિદાય.
વદી વૈદેહી વિધિ પ્રતિકૂળ, મળ્યો અગ્નિ ના, ના શમી શૂળ;
પ્રગટયા આભે અનેક અંગારા આવે અવની પર કિન્તુ ના તારા.

વિધુ વહ્નિશો વરસે ના આગ માની મુજને અત્યંત અભાગ;
સુણ અરજ જરાક અશોક, નામ સત્ય કરી હર શોક.

નવાં કિસલય અનલસમાન, આપ અગ્નિ કરી લે નિદાન;
જોઈ વિરહથી વ્યાકુળ સીતા કલ્પ એક ક્ષણમાં બહુ વીત્યા.
વ્યથા હનુમંત પ્રાણમાં જાગી, આંખ કરુણાને વરસવા લાગી.

(દોહરા)

નાખી નીચે મુદ્રિકા કપિએ કરી વિચાર;
હરખી લીધી માનતાં અશોકનો અંગાર.

(ચોપાઈ)

દેખી મુદ્રિકા મનહર કેવી રામનામાંકિત સુંદર એવી;
થયું આશ્ચર્ય ઓળખી એને, હર્ષશોક વ્યાપી રહ્યો નેને.

જીતે કોણ અજય રઘુરાય, વીંટી માયાથી ના રચી જાય;
એવા ભાવો ઊઠ્યા સીતાપ્રાણ, બોલ્યા મધુર ત્યાં તો હનુમાન.

ગાવા ગુણ રામચંદ્રના લાગ્યા, સુણી સંકટ સીતાનાં ભાગ્યાં;
લાગી સુણવાને માંડીને કાન, કર્યું કથાનું આદ્યંત પાન.

સુધાઝરતી કથાને સુણાવી મળે કેમ ના તે મને આવી,
સુણી વચન એવાં હનુમાન કરી સીતાની પાસે પ્રયાણ.

બોલ્યા માત ના અચરજ માનો, મને દૂત શ્રીરામનો જાણો,
કહું રામના સોગંદ સાથે આપી મુદ્રિકા એમણે હાથે.

મને ઓળખ ખાતર આપી મારી શ્રદ્ધા ને ભક્તિને માપી,
નર વાનરનો સંગ કયાંથી; કહી વાત થયો સ્નેહ જ્યાંથી.

(દોહરા)

વચન સુણી હનુમાનનાં પ્રગટ્યો દૃઢ વિશ્વાસ,
જાણ્યા કર્મવચનમને કૃપાસિંધુના દાસ.

*

(ચોપાઈ)

જાણી હરિજન વાધ્યો પ્રેમ તન પુલકિત નીર વધ્યાં નેન;
ડૂબી વિરહજલધિ હનુમાન, તમે બન્યા છો દિવ્ય વહાણ.

રામ કુશળ છે પૂરણકામ લક્ષ્મણસહિત સદા સુખધામ ?
કોમળ ઉર કૃપાળુ અતિ રામ નિષ્ઠુર કેમ બન્યા છે આમ ?

સેવક સારું સહજ સુખદાયક સ્મરે કદી મુજને રઘુનાયક ?
રૂપ સુકોમળ નીરખી શ્યામ આંખ પામશે મુજ આરામ ?

બોલાયું ના રડ્યાં નયન, કેમ વિસારી મધુરવદન ?
દેખી સીતા વ્યથિત અતીવ બોલ્યા વચનો મૃદુલ વિનીત.

માત, કુશળ પ્રભુ લક્ષ્મણસાથ વેઠે વિયોગવિપદ અગાધ;
તમારાથકી દ્વિગુણિત પ્રેમ, શાંતિ મેળવે રઘુપતિ કેમ ?
માટે ઓછું ના આણો માત રામને પરમપ્રિય જાણો.

(દોહરા)

રઘુપતિના સંદેશને સુણો ધરીને ધીર,
હનુમાન વદ્યા ગદ્ ગદ ભરી નયનમાં નીર.

(આખ્યાન)

સીતા તારી એવી પ્રીત વિરહે થયું સકળ વિપરીત,
નવતરુકિસલય અગ્નિસમાન ચંદ્રસૂર્યસમ તપવે પ્રાણ.

કાળરાતસમ રાત બની, કંટક કમલસમૂહ વળી,
વાદળ તપ્ત વરસતાં તેલ, પલટાયા સૌ વિધિના ખેલ.
સર્પશ્વાસસમ ત્રિવિધ સમીર, હિત કરનારાં કરતાં પીડ.

કહેવાથી દુઃખ હળવું થાય, સમજે કો' કોને કહેવાય;
તત્ત્વ આપણા પ્રેમતણું પ્રિયા, સત્ય હું વચન કહું.

મન કેવળ મારું સમજે, તે મન તુજ પાસે વિહરે,
મારા સ્નેહરસતણો સાર સમજ એટલામાં તત્કાળ.

(દોહરા)

સુણી પ્રભુના સંદેશને વૈદેહી સપ્રેમ,
બની પ્રેમમાં મગ્ન ને સમાધિસ્થની જેમ.

હનુમાન વદ્યા ધૈર્યને ધારો માતા હે,
સ્મરો રામને ભક્તના શુચિસુખદાતાને.

પ્રભુતા ઉરમાં આણતાં રઘુપતિની ન્યારી,
તજો વ્યથા શંકા સુણી વાણીને મારી.

નિશિચરનિકર પતંગસમ પાવક રઘુપતિબાણ,
ધૈર્ય ધરો માતા, થશે નિશિચર સૌ નિષ્પ્રાણ.

હોત માહિતી રામને વિલંબ ન કરત તો;
રામબાણરવિ આણશે અંત અસુરતમનો.

માત, લઈ હમણાં જઉં પણ ના પ્રભુઆદેશ,
અલ્પ સમય ધીરજ ધરો, ચિંતા ન કરો લેશ.

વાનરસેનાને લઈ તરત આવશે રામ,
નિશિચરને હણતાં સકળ પૂરણ કરશે કામ.

સીતા બોલી વાનરો હશે તમારી જેમ,
જાતુધાન બળવાન અતિ જીતી શકશે કેમ ?

સંદેહ સુણી કપિવરે સ્વરૂપ પ્રગટ કર્યું,
પરમપ્રતાપે પ્રાણના પ્રતિપરમાણ ભર્યું.

સ્વર્ણશૈલશું વિશાળ ને સમર ભયંકર રૂપ,
અતિબળવાન પ્રચંડ એ હતું સ્વરૂપ અનૂપ.

સીતાના મનમાં થયો એ જોઈ વિશ્વાસ,
પવનસુતે લીધું તદા સ્વરૂપ નાનું ખાસ.

માતા કપિ નાના અમે, ના બળબુદ્ધિ વિશાળ,
પ્રભુપ્રતાપથી ગરુડને ગ્રસે પરમ લઘુ વ્યાલ.

(આખ્યાન)

સુણી શબ્દ સંતોષ થયો, હર્ષ ન કેમે જાય કહ્યો;
પ્રેમ પ્રતાપ તેજ બળવાળી આશિષ આપી સુણતાં વાણી.

બોલી રઘુપતિપ્રિય સમજી, દિનપ્રતિદિન શ્રીરામ ભજી
બળ મતિ શીલ નિધાન બનો અજર અમર ગુણસિંધુ તમો.
કરો અનુગ્રહ રામ સદાય, દૂર રામથી હો ન કદાય.

કરો કૃપા પ્રભુ સુણતાં કાન બન્યા મગ્ન પ્રેમે હનુમાન.
વારંવાર નમાવી શીશ બોલ્યા વચન સપ્રેમ કપીશ.

કૃતકૃત્ય થયો આજે માત, આશિષ તવ અમોઘ વિખ્યાત.
વિલોકતાં આ સુંદર વૃક્ષ લાગી અતિશય મુજને ભૂખ.

પરમ સુભટ રજનીચર દ્વાર અંદર તેમ બન્યા રખવાળ.
પરંતુ મુજને ભય ન જરી, આશિષ આપો તમે ફરી.

(દોહરા)

બુદ્ધિબળનિપુણ જાણતાં સીતા બોલી જાવ,
રઘુપતિચરણ હૃદય ધરી સુમધુર ફળને ખાવ.

સીતાને વંદી કર્યો પ્રવેશ ઉપવનમાં,
ફળ આરોગ્યાં વૃક્ષને તોડ્યાં બહુ ક્ષણમાં.

અનેક રક્ષકને હણ્યા; અન્ય દશાનન પાસ,
જેમતેમ પહોંચી વદ્યા કપિએ કીધો નાશ.

અશોકવન ઉજ્જડ કર્યું, વૃક્ષોને તોડ્યાં,
ફળને ખાધાં, મસ્તકો રક્ષકનાં ફોડ્યાં.

યોદ્ધા અનેક મોકલ્યા તરત રાવણે ત્યાં,
ગર્જના કરી કપિવરે પ્રાણ હર્યા સૌના.

અક્ષયકુમાર વીર અતિ યોદ્ધાસાથ ગયો,
વૃક્ષ લઈ લલકારતાં તેને તરત હણ્યો.

માર્યા મસળ્યા ધૂળમાં નાખ્યા રગદોળી,
અનેકને; ખેલી સતત હનુમાને હોળી.

(આખ્યાન)

સુતવધ સુણી સખત લંકેશ ક્રુદ્ધ બન્યો વાગ્યાથી ઠેસ,
મેઘનાદ અતિશય બળવાન કહ્યું પકડવાને હનુમાન.

ઈન્દ્રજિત ચાલ્યો બળવાન બંધુનિધનને રાખી ધ્યાન;
નિહાળતાં એને હનુમાન ગરજી દોડ્યા હરવા પ્રાણ.

લેતાં તરુવર એક વિશાળ વિરથ કર્યો લંકેશકુમાર;
યોદ્ધા અતિવિકરાળ હણી રહ્યા અનન્ય અજેય બની.

મેઘનાદ પર કર્યો પ્રહાર, બેહોશ બન્યો તે તત્કાળ,
માયા વિવિધ અપાર કરી ફાવી ન શક્યો કિન્તુ જરી.

(દોહરા)

બ્રહ્માસ્ત્ર ગ્રહ્યું એટલે કપિએ કર્યો વિચાર,
ના સન્માનું તો જશે મહિમા મટી અપાર.

(ચોપાઈ)

માર્યું હનુમાનને બ્રહ્મબાણ, પડ્યા હરતાં સેનાકેરો પ્રાણ,
થયા મૂર્છિત સ્વેચ્છાએ ખાસ, ચાલ્યો બાંધી તેથી નાગપાશ.

જેનું નામ જપીને ભવાની, તોડે ભવનાં બંધન નર જ્ઞાની
એના દૂતને બંધ ના હોય બદ્ધ પ્રભુને માટે બન્યા તોય.

*

## રાવણ અને હનુમાન

દોડ્યા નિશિચર બંધાયા જાણી હનુમાન હણાયા માની;
જોઈ રાજ્યસભા હનુમાને, એની કહેવાય ના પ્રભુતાને.

દેવો દિગ્પાલો જોડીને હાથ ઊભા ભીતિ ને નમ્રતા સાથ,
જોતા ભ્રુકુટિ દશમુખકેરી જાણે સુણતા હો કાળની ભેરી.

(દોહરા)

પ્રતાપ પેખી ભય થયો કપિવરને ના લેશ,
અહિગણ વચ્ચે ગરુડશા ઊભા અદભુત-વેશ.

રાવણ નીરખી એમને હસ્યો કરી બકવાદ;
સુતવધસ્મૃતિથી અંતરે ઊપજ્યો કિન્તુ વિષાદ.

હે વાનર, તું કોણ છે, કોના બળ પર તેં,
વનને નષ્ટ કર્યું, નથી ઓળખતો શું મને ?

નામ નથી મુજ સાંભળ્યું, નિશ્ચિંત બન્યો કેમ,
કહે કયા અપરાધથી હણ્યા અસુર શઠ જેમ ?

પ્રાણ નથી તુજને પ્રિય ? વચન સુણી હનુમાન,
બોલ્યા, રાવણ, જે સકળ સર્જનના છે પ્રાણ;

માયા બળથી જેમના રચે સકળ બ્રહ્માંડ,
બ્રહ્મા હરિહર સરજતા પાળે કરે વિનાશ;

શેષ સહસ્ત્રાનન જગત મસ્તક પર ધારે;
વિવિધ રૂપને જે લઈ દેવોને પાળે;

સુરનરત્રાતા પરમ જે ધારણ દેહ કરે,
શિક્ષા તારાશા સકળ શઠને યોગ્ય ધરે;

તોડ્યું ધનુ શંકરતણું, નૃપદળગર્વ હર્યો,
ખરદૂષણ જેનાથકી ત્રિશિરાવાલિ મર્યો;

જેના બળના લેશથી જીત્યું સકળ જગ તેં,
જેની સ્ત્રીને છે હરી સ્વામી મારા એ.

દૂત એમનો હું બન્યો, પ્રભુતા તુજ જાણી,
સહસ્ત્રાર્જુને સમરમાં માપ્યું તુજ પાણી.

વાલિસાથ યુદ્ધે ચઢી પામ્યો કીર્તિ મહાન;
મર્મવચન હનુમાનનાં ધર્યાં ન એણે ધ્યાન.

(આખ્યાન)

ખાધાં ફળ મેં લાગી ભૂખ કપિસ્વભાવથી તોડ્યાં વૃક્ષ;
દેહ પરમપ્રિય સૌને હોય કુમાર્ગગામી મુજને તોય,
મારવા મને લાગ્યા ત્યાં, મેં પણ માર્યા સૌને હા !

તારા સુતે મને બાંધ્યો મળ્યો લાભ એ વણમાગ્યો;
મને ન બંધાવાની લાજ કરવા માગું પ્રભુનું કાજ.

અરજ કરું કર જોડી રાવણ, ગર્વ તજી મુજ માન શિખામણ;
કર કુળકેરો લેશ વિચાર, ભજ ભ્રમ તજી ભક્તપ્રતિપાળ.

સુરાસુર ચરાચરને ખાય તે કાળતણા પણ જે રાય,
કર ન એમની સાથે વેર, સીતાને કર મુક્ત સુપેર.

(દોહરા)

પ્રણતપાલ રઘુનાયક કરુણાસિંધુ સદાય,
શરણ ગ્રહ્યે પ્રભુ રક્ષશે ભૂલી દોષ બધાય.

(આખ્યાન)

રામચરણપંકજ ઉર ધાર, અચળ રાજ્ય લંકાનું પાળ;
પુલસ્ત્ય ઋષિ યશ વિમળમયંક એમાં બન ના ઘોર કલંક.

રામનામ વિણ જડ છે વાણ, મદમોહ તજીને ધર ધ્યાન;
ભૂષણથી ભૂષિત હો નાર સોહે વસન વિના ન લગાર.

રામવિમુખ કોઈ જન હોય પામે પ્રભુતાસંપત તોય,
પ્રાપ્તિ એ અધુરી જ રહે, સુખ ન ધરે વિદ્વાન કહે.

વર્ષાઋતુમાં માત્ર વધે સરિતા વહે ઘડીક બધે,
સુકાઈ પણ સત્વર જાય, પ્રભુતાનું પણ તેવું થાય.

નિર્ણય સુણ મારો દસકંઠ, રામવિમુખનો આવે અંત,
સહસ્ત્ર બ્રહ્મા હરિહર હોય રક્ષી શકે ન તેને તોય,

(દોહરા)

દ્રોહી બચી શકે નહીં રામતણો કો'દી,
રક્ષે એને જગ નહીં આખુંયે દોડી.

મોહમૂળ અતિશૂલપ્રદ તજી મોહ અભિમાન,
રઘુનાયક શ્રીરામ ભજ કૃપાસિંધુ ભગવાન.

*

## લંકાદહન

(આખ્યાન)

કપિએ કહી પરમહિતવાણ વિરતિવિવેક ભરેલી જ્ઞાન,
તોપણ હસ્યો કરી અભિમાન રાવણ બોલ્યો કપિ વિદ્વાન

મળ્યો મને ગુરુ આજ મહાન. મૃત્યુ નિકટ તારું ખલ જાણ,
આપે એથી મને સલાહ બોલ્યા ત્યારે પવનકુમાર,

સમીપ તારી કાળ રહ્યો મતિભ્રમ તેથી તને થયો.
અતિ ક્રોધિત દસશીશ થયો; પ્રાણ મૂઢનો તરત હરો;

મારવા ગયા અસુર અનેક આવ્યા ત્યાં જ વિભીષણ નેક.
વંદી કહ્યાં વચનને ગૂઢ નીતિવિરુદ્ધ મારવો દૂત,

દંડ એટલે અન્ય કરો; બોલ્યા સર્વ વિચાર ખરો,
સુણી હસી બોલ્યો દસકંધર, અંગભંગ છો બનતો બંદર

(દોહરા)

કપિની મમતા પુચ્છ પર સાચેસાચ કહું,
વસ્ત્ર તેલમાં બોળતાં બાળો તે જ સહુ.

પુચ્છહીન શઠ છેવટે સ્વામીપાસ જશે,
વાનરસ્વામી પુરમહીં પ્રવેશ ને કરશે.

કરી બડાઈ જેહની પેટ ભરી એણે,
પ્રભુતા મળશે પેખવા એની ને એને.

વચન સુણી હનુમાન એ મલકાયા મનમાં,
માન્યું સહાય શારદા કરી રહી ક્ષણમાં.

વસન નગરમાં કે રહ્યાં તેલ તથા ઘૃત ના,
સુદીર્ઘ પુચ્છ કર્યું તરત હનુમાને હસતાં.

પુરવાસી કૌતુક મળ્યા જોવા ત્યાં ટોળે,
લાગ્યા લાત લગાવવા હાસ્ય અને શોરે.

ઢોલ વગાડ્યાં પુરજને તાળીઓ પાડી,
કપિને નગરે ફેરવી આગ અતિ લગાડી.

પાવક પેખી રૂપ લઘુ પવનસુતે લીધું,
શરીરને લવલેશ ના દગ્ધ થવા દીધું.

નાગપાશથી નીકળી કનકઅટારીપે,
ગયા પહોંચી, સ્ત્રી બની ભીત દેખતાં એ.

ઓગણપચાસ મરુત ત્યાં હરિપ્રેરિત પ્રગટ્યા,
વધી અટ્ટહાસે સતત કપિ નભને અડક્યા.

દેહ વિશાળ છતાં ગયો હળવો ખૂબ બની;
ભવન પ્રતિભવન પર જતાં નગરી રહી બળી.

ચારેકોર થઈ રહ્યો ભીષણ શોરબકોર,
કહેવા લાગ્યા પુરજનો વાનર આ તો ઓર.

વાનર ના સામાન્ય આ, ધરી સુરે કાયા,
બચાવી શકે કો હવે, રચી પ્રબળ માયા.

અનાથની પેઠે જલે પુર સઘળુંયે આ,
સાધુઅવજ્ઞાનું મળ્યું ફળ કેવું કટુ હા !

ક્ષણભરમાં સઘળું નગર દીધું સળગાવી,
એક વિભીષણભવનને નાખ્યું ના બાળી.

અનલતણા સ્વામીતણા દૂત હતા હનુમાન,
અનલે ન બળ્યા એટલે, સુરક્ષિત રહ્યો પ્રાણ.

લંકા સળગાવી પડ્યા કૂદી સિંધુમહીં,
પરિશ્રમ દૂર કર્યો, થઈ હાનિ જરાય નહીં.

લઘુસ્વરૂપ ધારી ફરી સીતાપાસ ગયા,
હાથ જોડતાં વંદતાં શબ્દો સરસ કહ્યા.

(આખ્યાન)

ચિહ્ન મને કો આપો માત, રઘુનાયકને કરવા વાત;
આપ્યો તરત ચૂડામણિ એક સીતાએ હરખાઈ છેક.

કહ્યું કહેજો પ્રેમપ્રણામ પ્રભુ સર્વપણે પૂરણકામ,
દીનદયાળ બિરદને યાદ કરી સાંભળો મારો સાદ.

સંકટ મારાં સર્વ હરો નાથ હવે તો મુક્તિ ધરો;
કહેજો કોણ કરે ઉદ્ધાર, કરો પરમપીડાથી પાર.

શક્રસુતતણી કથા વળી કહેજો બાણપ્રતાપ જરી;
નહિ આવે મહિનામાં એક મૃત મુજને તો જોશે છેક.

કેમ કરીને ધારું પ્રાણ, જવાના તમે પણ હનુમાન,
જોઈ કરતી શીતળ જાત ફરી એ જ દિન ને એ રાત.

(દોહરા)

સીતાને સમજાવતાં બહુવિધ ધૈર્ય ધરી,
વંદી ચરણે પવનસુત ચાલ્યા રામ સ્મરી.

*

## રામનું દર્શન

(ચોપાઈ)

કરી ગર્જના ચાલતાં ભારી, ડરી સુણતાં નિશાચરનારી;
સિંધુ ઓળંગી પહોંચ્યા પાર હર્ષનાદ કરીને અપાર.

હરખ્યા દેખી હનુમંતને સર્વ, થયું નૂતન જન્મનું પર્વ;
મુખે ઉલ્લાસ તન પર તેજ જાણ્યાં ચિહ્ન સફળતાનાં એ જ.

મળી હનુમાનને સુખ પામ્યા, લાવ્યા જીવન અંજનીજાયા,
મળ્યું વ્યાકુળ મીનને પાણી; હવે ચિંતા રહી ન કશાની.

ચાલ્યા હરખીને રામની પાસ કહી સુણતાં નવલ ઈતિહાસ;
આવ્યા મધુવનમાં પછી સઘળા, ફળ આરોગવા માંડ્યા મધુરાં.

(દોહરા)

ના પાડી સંરક્ષકે ત્યારે માર્યો માર,
નાસી સંરક્ષક ગયા કરતાં આર્ત પુકાર.

કહ્યું એમણે કે કરે ઉજ્જડ વન યુવરાજ;
થયો હર્ષ સુગ્રીવને સફળ ગણ્યું પ્રભુકાજ.

માહિતી મળી હોત ના જનકસુતાની તો,
મધુવનનાં ખાઈ શકત ફળને વાનર કો ?

સુગ્રીવે એવો કર્યો વિચાર ત્યાં સઘળા,
આવ્યા વાનર ચરણમાં આદરથી નમતાં.

સુગ્રીવે સૌને મળી પૂછ્યા કુશળ સપ્રેમ,
કહ્યું વાનરે શુચિ પદે કુશળ હોય ના કેમ ?

(ચોપાઈ)

આવ્યા કાર્ય કરી હનુમાન, રાખ્યા સકળ વાનર કેરા પ્રાણ,
મળ્યા હનુમાનને એથી ફરી ચાલ્યા રામ પાસે સૌ મળી.

રામે આવતા સૌને નિહાળ્યા, જાગી અંતરે ઉલ્લાસછાયા;
બેઠા સ્ફટિક શિલા પર ભાઈ, પડ્યા વાનર સૌ પદમાંહી.

(દોહરા)

સૌને પ્રેમસહિત મળ્યા રઘુપતિ કરુણાપુંજ;
પૂછ્યા કુશળ, કુશળ કહ્યું પેખી પ્રભુપદકુંજ.

(ચોપાઈ)

બોલ્યા જામવંત રઘુરાય, તમે જેને કરો છો સહાય,
શુભ કુશળ તે મંગલ તેનું, શકે કોણ બગાડી એનું ?

એની ઉપર સર્વ પ્રસન્ન થાય, કરો કૃપાનું વર્ષણ,
તે જ વિજયી વિનયી ગુણસાગર યશ પામે ત્રિલોકઉજાગર.

થયું પ્રભુની કૃપાથી કાજ, જન્મ સફળ અમારો આજ,
કરી પવનસુતે જે કરણી મુખે સહસ્ર જાય ના વરણી.

જામવંતે સુણાવ્યું ચરિત્ર, સુણ્યું રામે લગાડીને ચિત્ત;
થયા મુદિત કૃપાનિધિ રામ ભેટ્યા હનુમાનને કૃતકામ.

(દોહરા)

કેવી રીતે જાનકી વસી રહી વનમાં,
ધારે કેમ કરી વળી પ્રાણ કહો તનમાં ?

નામ પહેરેગીર ને ધ્યાન તમારું કમાડ,
લોચન નિજ પદમાં સ્થિર, પ્રાણ જાય કયી વાટ ?

રાતદિવસ અંતર કરે તમારી જ પૂજા,
બોલ્યા કપિવર દેવ ના કોઈએ દૂજા.

ચૂડામણિ અર્પ્યો મને વિદાયવેળા નાથ;
રઘુપતિએ ચાંપ્યો તરત એને હૈયાસાથ.

લોચનમાં પાણી ભરી વચનો મને કહ્યાં,
કહેજો પ્રેમે મુજવતી પ્રણમી પ્રભુપદમાં.

(આખ્યાન)

મનક્રમવચન ચરણ અનુરાગ કયે અપરાધ કર્યો છે ત્યાગ ?
મુજ અવગુણનું મુજને જ્ઞાન વિયોગથી ના છૂટ્યો પ્રાણ;

નાથ, નયનનો એ અપરાધ રોકે પ્રાણ એજ દિનરાત,
વિરહ અગ્નિ છે શ્વાસ સમીર બાળે ક્ષણમાં તૂલ શરીર;

વરસે જળ લોચન હિતકાજ, જલે ન દેહ વિરહની આગ.
વિપત્તિ સીતાતણી વિશાળ કહું કેમ હે દીનદયાળ ?

(દોહરા)

કરુણાનિધિ, પ્રત્યેક પળ વીતે કલ્પસમાન;
ભુજબળ ખલદલ જીતતાં રક્ષો સીતાપ્રાણ.

વિલંબ ના કરશો હવે સીતાને ચાલો,
લઈ આવીએ, બિરદને પ્રેમસિંધુ પાળો.

સીતાનું દુઃખ સાંભળી પ્રભુનાં સુખના ધામ,
લોચનમાં જાણે રહ્યા ઊઠી અશ્રુજામ.

બોલ્યા પ્રભુ મારો જ છે જેઓને આધાર,
તનમનવચને જે ગણે મુજને જીવનસાર

વિપત્તિ સ્વપ્ને પણ કહો કેમ તેમને હોય,
મારું શરણ ગ્રહી પડે સંકટમાં શું કોય ?

વિપત્તિ હનુમંતે કહ્યું પ્રભુ એજ ખરે છે,
સ્મરણભજન ના જીવથી થાય તમારું કે.

નિશાચરોની વાત શી, શત્રુને જીતી,
મેળવશો સીતા તમે દર્શાવી પ્રીતિ.

તમારાસમો અન્ય ના કપિવર, ઉપકારી,
સુરનરમુનિ કોઈય ના, જગમાં તનધારી.

સમજાયે મુજને નહીં કરું શું પ્રતિઉપકાર,
કરજમુક્ત ન બની શકું સાચે હું કદિકાળ.

પ્રભુવચન સુણી વદનને જોઈ પુલકિત અંગ,
પડ્યા પદે રક્ષા કરો બોલીને હનુમંત.

વારંવાર ઉઠાડવા પ્રભુ પ્રેમે લાગ્યા,
પ્રેમમગ્ન ના ચરણ પણ હનુમંતે ત્યાગ્યાં.

ભેટીને હનુમાનને બેસાડી નિજ પાસ,
હાથ પકડતાં રઘુવરે કહ્યાં વચનને ખાસ.

લંકા રાવણરક્ષિત દુર્ગ તથા દુર્ભેદ્ય,
કેમ કરી બાળી શક્યા, કહો એહનો ભેદ.

પ્રભુને પ્રસન્ન સમજતાં નમ્ર વચન હનુમાન,
બોલ્યા, વાનર ના કરે બળનું અધિક ગુમાન.

ઓળંગી અર્ણવ નગર સુવર્ણમય બાળ્યું,
અશોકવન ઉજ્જડ કરી રિપુદળ સંહાર્યું.

પ્રતાપ કેવળ આપનો એ સઘળો જાણું,
મારી પ્રભુતા એ મહીં કાંઈ ના માનું.

અશક્ય કાંઈ ના રહે તમે થતાં અનુકૂળ,
વડવાનલ બાળી શકે તવ પ્રભાવથી તૂલ.

(આખ્યાન)

તનમનવચન જાણતાં દાસ બોલ્યા પ્રભુ સુખ પામી ખાસ,
માગો કપિવર વર અનુકૂળ, આપું સત્વર તે સુખમૂળ.

નાથ, ભક્તિ અતિ સુખપ્રદ જે કૃપા કરી દો અવિરત તે;
એવમસ્તુ રઘુનાથ વદ્યા, શાંતિ પવનસુત પરમ લભ્યા.

સુણી પ્રભુવચન વદ્યું કપિવૃંદ, જય જય કૃપાળુ સુખકંદ;
પછી કહ્યું રામે કપિરાજ, કરો વિલંબ હવે શા કાજ ?

આપો વાનરને આદેશ પ્રતીક્ષા કરો ના લવલેશ.
સુમન વરસતાં સુર તે કાળ ચાલ્યા ગગનથકી તત્કાળ.

(દોહરા)

કપિપતિના આદેશથી આવ્યાં યોદ્ધાજૂથ,
વિવિધ વર્ણનાં અતુલ બળ વાનર ભાલુ વરૂથ.

(આખ્યાન)

પ્રભુપદપંકજ ઢાળી શીશ ગર્જ્યાં ભાલુ મહાબળ કીસ;
પેખી રહ્યા સકળ કપિસૈન્ય રામ કૃપાથી સરસિજનેન.

રામકૃપાબળ પ્રાપ્ત કરી ગિરિસમ કપિએ કાય ધરી;
કર્યું પછી સાનંદ પ્રયાણ રામે શુકનસહિત તત્કાળ.

કીર્તિ જેમની મંગલ સર્વ પ્રયાણ હોય તેમનું પર્વ;
જાણ્યું સીતાએ ન્યારું, વામઅંગ ફરક્યું સારું.

રાવણને અપશુકન થયા, વિધિએ લેશ કરી ન દયા;
વર્ણન સૈન્યતણું ન કરાય, ગર્જનાથકી ગગન ભરાય.

(દોહરા)

નખઆયુધ ગિરિવૃક્ષને ધારણ કરનારા,
સ્વેચ્છાએ ધરતી અને ગગને ફરનારા.

સિંહનાદ કરતા બધા કપિ ને ભાલુ અપાર,
ડોલી દિશા, કરી રહ્યા દિગ્ગજ સૌ ચિત્કાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ડોલી ધરિત્રી, દિગ્ગજો ચિત્કાર સૌ કરતા રહ્યા,
સાગર ખળભળ્યા, ગિરિવર હલ્યા, દેવમુનિ હર્ષિત થયા;
ગંધર્વ કિન્નરનાગ સમજ્યા દુઃખ દૂર હવે થશે;
વાનર કરી ગર્જન કરોડો દોડતા સુભટો હસે,
જય રામ પરમપ્રતાપ કોશલનાથ સૌ વદતા રસે.

ના શેષ ભાર સહી શક્યા સેનાતણો સંમોહથી,
લાગ્યા પકડવા કૂર્મકેરી પીઠને નિજ દાંતથી;
સોહી રહ્યાં ચિહ્નો કમઠ પર કથા દિવ્ય પ્રયાણની,
જાણે કહેતાં શેષઅંકિત રામની અતિપાવની.

(દોહરા)

એમ કૃપાનિધિ છેવટે પહોંચ્યા સાગરતીર;
લાગ્યા સઘળે વિહરવા વિપુલ ભાલુ કપિવીર.

*

## મંદોદરી તથા વિભીષણની સલાહ

(ચોપાઈ)

લંકા જ્યારથી કપિએ બાળી બની ભયભીત રાક્ષસ ભારી,
કરવા ત્યારથી લાગ્યા વિચાર થશે રાક્ષસકુળનો સંહાર.

કોઈ રક્ષી હવે શકશે ના; બળ દૂતનું દેખ્યું જરા આ,
એના સ્વામી હશે તો કેવા, થશે હાલ સૌના જોવા જેવા.

હાથ જોડી વિનયભરી વાણી બોલી મંદોદરી પ્રિય શાણી,
સ્વામી, હરિના વિરોધને છોડો પ્રેમ રઘુપતિની સાથે જોડો.

ધરો હિતનાં વચનોને ધ્યાન બની શાંત જેથી જાય પ્રાણ,
સ્નેહે સચિવને બોલાવી આજ, રાખો કુળની તમારી લાજ.

કુળકમળવિપિન દુઃખકારી શીત રાતસમી સીતા ભારી,
તેને પાઠવો પ્રેમથી પાછી, નથી કાંઈ ગયું હજી નાસી.

(દોહરા)

સીતાને રાખ્યાથકી સ્વપ્ને હિત નહિ થાય,
બ્રહ્મા શંભુ ભલે કરે તોપણ નાથ, કદાચ.

રામબાણ અહિગણસમાં મેંઢક અસુર અનેક,
ગ્રસે ન જ્યાં લગ ત્યાં સુધી રક્ષો કરી વિવેક.

(આખ્યાન)

સુણતાંવેંત મધુર એ વાણી હસ્યો તરત શઠ અતિ અભિમાની,
સ્વભાવ સ્ત્રીનો બીકણ સાચ, નિર્બળ મન છે તારું ખાસ.

પતિ તુજ લોકપાલના નાથ જીવે તોપણ તું ભયસાથ,
એથી વધું દયનીય ન કાંઈ ડરતા મુજથી સુરમુનિરાય.

આવે જો કપિસૈન્ય અપાર ખાશે તો અસુરો તત્કાળ;
આલિંગી બોલીને એમ ચાલ્યો અબુધ મનુજની જેમ.

વિધાતા બન્યા છે વિપરીત સન્નારી એ સમજી ચિત્ત;
સભામહીં બેઠો બળવાન ખેંચ્યું ત્યાં કોઈએ ધ્યાન,
સૈન્ય પહોંચ્યું સાગરપાર; પૂછ્યો મંત્રી તણો વિચાર.

(દોહરા)

સચિવ હસી બોલ્યા તમે જીત્યા દાનવદેવ,
અનાયાસ, તો નર અને વાનર હિસાબ કેમ ?

સચિવ વૈદ ગુરુ જો વદે પ્રિય રાખી ભય આશ,
રાજ્યધર્મતન તો ત્રણે પામે સત્વર નાશ.

રાવણનાં પણ સચિવ સૌ કરતા વ્યર્થ વખાણ;
આવ્યા ત્યાં જ વિભીષણ કરતાં પદે પ્રણામ.

બોલ્યા, કૃપાળુ, આપની આજ્ઞાથી બોલું,
હિતની વાત જણાવતાં દિલ મારું ખોલું.

સુયશ સુમતિ સુખને વળી જે ચાહે કલ્યાણ,
તે પરનારી ના ધરે ચોથચંદ્રસમ ધ્યાન.

તે પરનારીમુખ તજે, ચૌદ ભવનપતિ હોય,
તોપણ ટકી શકે નહીં ભૂતદ્રોહથી કોય.

ગુણસાગર નાગર ભલે હોય માનવી કો',
મનાય તે ઉત્તમ નહીં લોભ ધરાવે તો.

કામક્રોધ મદલોભને કહ્યા નરકના પંથ,
તજી સર્વ રઘુવર ભજે ભજે જેમને સંત.

*

(આખ્યાન)

રામ નથી નર કે ભૂપાલ, ભુવનેશ્વર કાળતણા કાળ;
બ્રહ્મ અનામય અજ ભગવંત વ્યાપક એક અનાદિ અનંત.

ગોદ્વિજધેનુ દેવહિતકારી કૃપાસિંધુ માનવતનુધારી;
જનરંજન ભંજનખલ નાથ વેદધર્મરક્ષક છે ભ્રાત !

વેર તજીને કરો પ્રણામ, પ્રણતારતિભંજન છે રામ;
વૈદેહીનો કરતાં ત્યાગ ભજો એમને કરતાં રાગ.

વિશ્વદ્રોહનું પાપ કરે તે પણ શરણ સસ્નેહ ગ્રહે,
કરે ન રઘુવર તેનો ત્યાગ, ઉરમાં રાખે સૌનો ભાગ.
નામ જેનું ત્રણ તાપ-નસાવન તે પ્રભુ પ્રગટ્યા પોતે પાવન.

(દોહરા)

વંદી વારંવાર હું વિનવું છું દસશીશ,
પરિહરી મનમોહમદ ભજો કોશલાધીશ.

પુલસ્ત્ય મુનિએ પાઠવ્યો કહી શિષ્યને વાત,
દેખી શુભ અવસર કહી તેજ તમોને ભ્રાત !

બુદ્ધિમાન મંત્રી હતો માલ્યવાન નામે,
એને એ શબ્દો સુણી શાંતિ થઈ પ્રાણે.

વિભીષણ કહ્યું એહણે, નીતિવિભૂષણ છે,
ધારણ અંતરમાં કરો, કહે સત્યને એ.

બોલ્યો રાવણ શઠ ઉભય રિપુનો મહિમા ગાય,
શીખ મને આપી રહ્યા, દૂર ભલે તે થાય.

સુમતિ કુમતિ સૌના ઉરે નિશદિન નાથ રહે,
વિભીષણ વદ્યા, વેદ ને પુરાણ એમ કહે.

સુમતિ હોય સંપત્તિ ત્યાં વિભિન્ન વાસ કરે,
કુમતિ હોય ત્યાં વરસતી વિવિધ વિપત્તિ ખરે.

કુમતિ વસી વિપરીત છે તમારા ઉરમહીં,
તેથી નિજ કલ્યાણનો કરો વિવેક નહીં.

હિતને અહિત ગણી રહ્યા રિપુને મિત્ર વળી,
રાક્ષસ કુળરાત્રીસમી સ્ત્રી પર પ્રીત કરી.

અરજ કરું છું પ્રેમથી પગ પકડીને ભ્રાત,
સીતા અર્પો રામને, દૂર કરી દો ઘાત.

*

(આખ્યાન)

બુધપુરાણ શ્રુતિસંમત વાણ વદ્યા વિભીષણ નીતિ મહાન,
ક્રોધિત થયો દશાનન તોય, ખલ છે મૃત્યુ નિકટ તુજ ઘોર.

જીવે શઠ મુજથી તું રોજ છતાં શત્રુની કરતો ખોજ,
પસંદ રિપુનો પક્ષ કરે, મારું હિત ના ધ્યાન ધરે.
એવું જગમાં કોણ નથી હાર્યું જે નવ શક્તિથકી ?

મુજ પુર વસી તપસ્વીપ્રીત; તેને મળતાં શીખવ નીતિ;
કહીને કર્યો ચરણપ્રહાર; ગ્રહ્યા પદ છતાં વારંવાર.

મહાનતા એ સંતતણી, કરે અમંગલ કદી નહીં,
દુર્જનનું પણ શુભ જ કરે, વિષને બદલે સુધા ધરે.

માર્યો મુજને ભલે તમે, માતાપિતાસમ પૂજ્ય તમે,
તોપણ વચનો સત્ય કહું રામભજનમાં શ્રેય રહ્યું.

(દોહરા)

વદતાં એમ વિભીષણ સચિવ લઈને સાથ,
નભમાર્ગે આગળ વધ્યા ફરી કહીને વાત.

રામ સત્યસંકલ્પ પ્રભુ, સભા કાળવશ આ,
દોષ ન દેશો રામના જઉં શુચિ ચરણમાં.

*

## વિભીષણ અને રામ

(ચોપાઈ)

ચાલ્યા એવું વદી વિભીષણ, આયુહીન થયા સૌ તે ક્ષણ;
સાધુકેરી અવજ્ઞા નાની કરે સકળ કલ્યાણની હાનિ.

કર્યો જ્યારથી અનુજે ત્યાગ બન્યો ત્યારથી અસુર અભાગ;
ચાલ્યા હરખીને રામની પાસે કરી મનોરથ અભિનવ આશે.

જોઉં ચરણકમળને આજે મૃદુ સુખપ્રદ સેવકકાજે,
તરી સ્પર્શતાં જે ઋષિનારી જે છે દંડક પાવનકારી.

જેને જનકસુતા ઉર ધારે, દોડ્યા દેખી કનકમૃગ ત્યારે;
રાજે શિવના હૃદયસરમાં જે જોવા મળશે મને ભાગ્યથી તે.

(દોહરા)

ભરતે જે પદપાદુકામહીં કર્યું મન લીન,
તે પદપુનિતજલે થશે મનડું મારું મીન.

(ચોપાઈ)

કરી એમ સપ્રેમ વિચાર આવ્યા શીઘ્ર સમુદ્રની પાર;
જોયા એમને વાનરે જ્યારે રિપુદૂત માન્યા ખાસ ત્યારે.

રોકી પહોંચ્યા સુગ્રીવની પાસ કહ્યું સુગ્રીવે ત્યારે ખાસ,
આવ્યા મળવા દશાનનભ્રાત મને લાગે વિશિષ્ટ એ વાત.

અતિગૂઢ નિશાચરમાયા, કામરૂપ શાને અહીં આવ્યા,
હશે જાણવાને આવ્યા ભેદ ઘટે બાંધવા તેથી સખેદ.

કહ્યું રામે નીતિને વિચારી હરું શરણાગતભય ભારી,
ખ્યાત એવી પ્રતિજ્ઞા મારી; હસ્યા હનુમાન એ સુણી ન્યારી.

(દોહરા)

અહિત વિચારીને તજે શરણાગતને જે,
દોષ દેખતાં તેમને, પામર પાપી તે.

(ચોપાઈ)

કોટિ વિપ્રવધ કર્યા જેણે તજું શરણે આવે તો ના તેને;
થાય મારી સન્મુખ જીવ જ્યારે, કોટિ જન્મપાતક ટળે ત્યારે.

પાપવંતનો સહજ સ્વભાવ થાય મારા ભજનનો ના ભાવ;
હોય દુષ્ટ હૃદયવાળો જો તે, મારી સન્મુખ આવી શકે શેં ?

મને નિર્મળમનજન પાવે છળછિદ્રકપટ નવ ભાવે;
ભેદ લેવા માગે દસશીશ તોય હાનિ ના લેશ, કપીશ !

અસુરો અવનીકેરા સઘળા, શકે લક્ષ્મણ હણી ક્ષણભરમાં;
હશે શરણે આવ્યો ભયભીત પ્રાણપેઠે રક્ષીશ સપ્રીત.

(દોહરા)

લાવો એને એટલે, બોલ્યા કૃપાનિધાન;
જય કૃપાળુ ચાલ્યા વદી કપિઅંગદહનુમાન.

*

(આખ્યાન)

આગળ કરી એમને વાનર આવ્યા જ્યાં રઘુપતિ કરુણાકર;
દેખ્યા દૂર રહી બે ભ્રાત ભક્તે કૃતાર્થ ગણતાં જાત.

નીરખી મધુમય રસભર રામ કરવા લાગ્યાં નેત્ર ન કામ;
પ્રલંબ ભુજ કંજારુણ લોચન શ્યામલ અંગ પ્રણતભયમોચન.

સિંહકંધ ઉર અતીવ વિશાળ, વદન મદન મનમોહન હાર;
નયન નીર અતિ પુલકિત ગાત્ર; કહી ધૈર્ય ધારીને વાત.

બંધુ દશાનનનો હું નાથ નિશિચરવંશ જન્મ જગતાત !
સહજ પાપપ્રિય તામસદેહ ઉલૂકને જ્યમ તમ પર નેહ.

(દોહરા)

આવ્યો સુયશ સુણી અહીં પ્રભુ ભંજન ભવભીર,
ત્રાહિ ત્રાહિ આર્તિહરણ શરણસુખદ રઘુવીર.

પ્રણામ કરતાં પેખતાં પામ્યા હર્ષ વિશેષ,
દીનવચન સુણતાં વળી ભેટ્યા પ્રભુ પ્રેમેશ.

અનુજ સહિત મળતાં સુખે બેસાડીને પાસ,
ભક્તનભયહર વચનને કહ્યાં એમણે ખાસ.

કુશળ તમે પરિવારસહ છો લંકેશ, ખરે?
ખલમંડળમાં વિહરતા દિન ને રાત તમે.

ધર્મ આચરો શેં તમે; રીત બધી જાણું,
નીતિનિપુણ છો, અનીતિ ના પ્રિય જરા, માનું.

નરકવાસ સારો ઘણો શ્રેયસ્કર લાગે,
વિધાતા ન દે દુષ્ટનો સંગ, પ્રાણ માગે.

વદ્યા વિભીષણ મેં સુખદ દર્શન દિવ્ય કર્યું,
કુશળ એટલે; નિજ ગણી ચરણે સ્થાન ધર્યું.

કુશળ જીવ ના ત્યાં સુધી સ્વપ્ને નવ વિશ્રામ,
ભજે રામ ના જ્યાં સુધી તજી શોકપ્રદ કામ.

લોભ મોહ મદ મત્સર, ખલ અભિમાન સમાન,
વસે હૃદયમાં જ્યાં સુધી લઈને ધનુષ બાણ,
ભાથા સહિત વસે નહીં રામ ભક્તના પ્રાણ.

મમતારૂપી જીવની અંધકારમય રાત,
રાગદ્વેષના ઘુવડને સુખ દેતી સાક્ષાત્.

રહે હૃદયમાં રાત તે પ્રભુપ્રતાપનો સૂર્ય,
પ્રગટ થાય ના જ્યાં સુધી તિમિરવિનાશક પૂર્ણ.

કૃતાર્થ દર્શનથી બન્યો, ભીતિ ટળી ભારે,
કૃપાળુ હો અનુકૂળ તો તાપ ટળે ત્યારે.

અસુર અધમ અતિ હું ખરે, શુભ નવ કર્મ કર્યું;
રૂપ જેમનું ધ્યાનમાં ઋષિમુનિએ ન ગ્રહ્યું.

તે પ્રભુએ હરખે મને આલિંગન આપ્યું,
કૃપાસિંધુ રામે કઠિન બંધનને કાપ્યું.

શિવવિરંચિથી સેવ્ય છે ચરણ તમારાં જે,
બડભાગી હું કે મને નીરખવા મળ્યાં તે.

સખા, સુણો મારા સહજ સ્વભાવ કેરી વાત,
ભુશુંડિ શંકરપાર્વતી જાણે છે પ્રખ્યાત.

(આખ્યાન)

માનવ કરે ચરાચર દ્રોહ આવે શરણ સભય મુજ કોય,
તજી છળકપટ મદ ને મોહ, સાધુ સમાન કરું છું તોય.

જનની જનક બંધુ સુતદાર તન ધન ભવન સુહૃદપરિવાર,
ભેગા કરી મમતના તાર, બાંધે મુજ પદ દોર રસાળ;

સમદર્શી ઇચ્છા ન જરાય, હર્ષશોકભય ના મનમાંહ્ય,
મુજ ઉર વસે સજ્જનો એ લોભી મન જ્યમ વસે ધને.
પ્રિય મુજને તમ સરખા સંત, અન્ય અરજથી ધરું ન અંગ.

(દોહરા)

પરહિત સગુણોપાસક નીતિ નિરત દૃઢ નેમ,
તે નર પ્રાણસમાન મમ જેને દ્વિજપદપ્રેમ.

લંકેશ, ખરે છો સકળ ગુણભંડાર તમે,
એથી અતિશય પ્રિય બન્યા પ્રિયજનમાંય મને.

રામવચન સુણતાં કર્યો કપિએ જયજયકાર,
કૃપાસિંધુ બોલ્યા બધા પ્રભુનો હો જયકાર.

(આખ્યાન)

સુણી વિભીષણ પ્રભુની વાણ કરી સુખદ શ્રવણામૃતપાન,
તૃપ્તિ પામ્યા લેશ નહીં, પ્રેમ હૃદયમાં રહ્યો વહી.

દેવ પરમ સચરાચરનાથ પ્રણતપાલ સર્વજ્ઞ અગાધ,
પ્રથમ વાસના મુજમાં રહી પ્રભુપદ પ્રીતસરિત તે વહી.

ભક્તિ પાવની દો મુજને પ્રિય જે લાગે છે શિવને;
એવમસ્તુ પ્રભુ તરત વદ્યા, સિંધુજલ લઇ શબ્દ કહ્યા.

ઇચ્છા લેશ તમારી ના પણ અમોઘ દર્શન મુજ આ;
તિલક કર્યું કરવાને ક્ષેમ, ટપક્યો લોચનમાંથી પ્રેમ.

(દોહરા)

રાવણ ક્રોધાનલમહીં જલતો નિત્ય પ્રચંડ,
રક્ષ્યો ભક્ત વિભીષણ, આપ્યું રાજ્ય અખંડ.

રાવણને જે ધન ધર્યું શિવે દસ શિર ધર્યે,
ધરી રઘુવરે સંપદા સંકોચ રહિત તે.

એવા પ્રભુને ત્યાગતાં અન્યને ભજે જે,
પુચ્છ શૃંગ વિણ નરરૂપે માની લો પશુ તે.

*

## દશાનનના દૂત

નિજ જન જાણી ભક્તને સત્વર અપનાવ્યો,
સ્વભાવ પ્રભુનો એ સકળ કપિકુળને ભાવ્યો.

સર્વરૂપ સર્વજ્ઞ ને વ્યાપક છતાં ઉદાસ,
સર્વરહિત સૌના ઉરે કરતા નિશદિન વાસ,

નીતિતણા રક્ષક બન્યા માનવ ભક્તો કાજ,
રાક્ષસકુળનાશક વદ્યા રામ ગરીબનિવાજ.

લંકાપતિ સુગ્રીવ બે વિચારી વદો વીર,
તરવો કયા ઉપાયથી જલધિ હવે ગંભીર.

મગર સર્પ મીને ભર્યો અર્ણવ ખરે અપાર,
દુસ્તર સર્વપણે કહ્યો શેં પહોંચાયે પાર ?

રામ, તમારું શર શકે કોટિ સિંધુ શોષી,
લંકેશ વદ્યા, નીતિ પણ દર્શાવું થોડી.

સમુદ્ર પાસ પહોંચતાં કરો વિનય પ્રેમે,
કુળગુરુ સિંધુ ઉપાય તો કહેશે એ કેમે.

સેના કપિ ને ભાલુની વિના પરિશ્રમ એમ,
તરશે દુસ્તર સિંધુને નિમીષમાં સપ્રેમ.

(આખ્યાન)

કહ્યો તમે છે ઉચિત ઉપાય, કરું કરે જો દૈવ સહાય.
સલાહ લક્ષ્મણને નવ ગમી, લાગી મનને દુઃખદ ઘણી.

નાથ, દેવનો શો વિશ્વાસ, કાયર રાખે એની આશ;
શોષો સાગર ક્રોધ કરી આળસુ દેખે દૈવભણી.

સુણી વચન વિહસ્યા રઘુવીર, એમ કરીશું ધર તું ધીર.
આવ્યા અર્ણવ પાસે રામ, કર્યા નમાવી શીશ પ્રણામ.

(દોહરા)

સિંધુતટે બેઠા પછી દર્ભ પાથરીને,
દૂત દશાનનના અસુર આવ્યા એ સમયે.

ધારી કપિતન કપટથી પ્રસંગ સૌ જોયા,
પ્રભુગુણ શરણાગત કૃપા દેખીને મોહ્યા.

ભેદ ભૂલતાં રામનાં કર્યા સપ્રેમ વખાણ,
રિપૂદૂત ગણી વાનરો બાંધીને તત્કાળ

લાવ્યા કપીશ પાસ તો સુગ્રીવ વદ્યા એ,
અંગભંગ કરતાં કરો વિદાય રાક્ષસને.

દોડ્યા વાનર, દૂતને બાંધી માર્યો માર;
સોગંદ દઈ રામના કર્યા અસુરે પોકાર.

દયા કરીને લક્ષ્મણે કર્યા એમને મુક્ત;
કહ્યું પત્રિકા આપતાં સંદેશ નથી ગુપ્ત.

કહેજો રાવણને તમે પત્રિકા આપી,
કુળનાશક તુજને હવે કાળ રહ્યો માપી.

સીતાને સુપ્રત કરી મળ રઘુવરને મૂઢ,
તારા મંગલની કહી વાત આટલી ગૂઢ.

લક્ષ્મણને વંદી કરી ગુણનાં વળી વખાણ,
યશ વર્ણવતાં રામનો દૂતે કર્યું પ્રયાણ.

*

(આખ્યાન)

હસી રાવણે પૂછી વાત, કુશળ સ્વસ્થ શુક, તારી જાત ?
મળ્યો વિભીષણને શો સાર, સમીપ એની ફરકે કાળ.
કર્યો રાજ્ય લંકાનો ત્યાગ, બનશે જવનો કીટ અભાગ.

ભાલુવાનરોની સેના કાળ ગ્રાસ કરશે એના;
સાગર કોમળચિત્ત કૃપાળ બન્યો જેમનો છે રખવાળ.

(દોહરા)

મુજથી ડરનારા કહે તપસ્વીતણી વાત;
મળ્યો તેમને તું જઈ સિંધુતટે સાક્ષાત્ ?

ઉત્તમ યશ મારો સુણી ઉભય ફર્યા પાછા,
મને જીતવાની તજી સીતાની આશા ?

રિપુદળબળને તેજને કેમ નથી કહેતો,
ચકિત થયો છે કેમ તું, શાંતિ નથી લહેતો ?

પૂછ્યું નાથ, કૃપા કરી તમે મને છે જેમ,
સત્ય માનજો કથનને ક્રોધ તજીને તેમ.

અનુજ આપનો રામને જઇ મળ્યો જ્યારે,
તેને સત્કારી કર્યું રાજતિલક ત્યારે.

(આખ્યાન)

દૂત તમારા જાણી અમને, દીધા દંડ ભયંકર કપિએ,
કાપ્યાં હોત નાસિકા કાન, રામશપથથી ઊગર્યા પ્રાણ.

સૈન્ય રામનું કેમ કથાય, કોટિ મુખે વર્ણન ન કરાય;
બહુવિધ વાનર ભાલુ સમેત, વિકટ વદન વિકરાળ અનેક.

પુરને દહી કર્યો સુતનાશ, તેનું બળ કપિમાં ના ખાસ;
અમિત નામ ભટ કઠિન કરાળ, અમિત હસ્તિબળ વિપુલ વિશાળ.

(દોહરા)

દ્વિવિદ મયંદ નીલનલ, અંગદગદવિકટાસ્ય,
દધિમુખ શઠ કેશરી વિશઠ જાંબવાન છે ખાસ.

*

(ચોપાઈ)

કપિ સૌ એ સુગ્રીવસમાન, કોટિ એવા છે સામર્થ્યવાન;
બળ અતુલિત રામકૃપાનું આખા વિશ્વને તૃણ જેવું જાણ્યું.

એવું સાંભળ્યું મેં દસકંધર, પદ્મ અઢાર જૂથપ બંદર;
એવો સેનામાં કપિ નવ એક જીતે તમને રણે જે ના નેક.

ક્રોધે મસળે છે સઘળા હાથ, આપે આદેશ ના રઘુનાથ;
શોષો સાગર સમીનવ્યાલ પૂરો પર્વતખંડે વિશાળ,

દસશીશને ધૂળે મિલાવો, કપિ વચનો વદે એવાં લાખો.
ગરજે નિર્ભય સર્વ નિશ્ચિંત ગ્રસવા લંકાને ચાહે છે ચિત્ત.

(દોહરા)

સહજ શૂર કપિભાલુ સૌ શિર પર છે પ્રભુ રામ,
કોટિ કાળને પણ શકે જીતી એ સંગ્રામ.

(ચોપાઈ)

રામ તેજ બળબુદ્ધિ વિપુલ લક્ષ શેષ નવ ગાય પ્રચુર;
એક શરથી શોષે શત સિંધુ, પૂછે માર્ગ છતાં દીનબંધુ.

મનમાં કરુણા રાખી માર્ગ માગે, સિંધુ અજ્ઞાનથી ભલે જાગે;
હસ્યો રાવણ એ સુણી બોલી, એની બુદ્ધિ બની ગઇ પોલી.

તેથી કપિની સહાય છે લીધી, ભીરુ વિભીષણે શીખ દીધી;
રિપુ બળબુદ્ધિનો મળ્યો તાગ, હવે ક્યાં છે બડાઈનો માર્ગ ?

મંત્રી ભીરુ વિભીષણ જેનો પામે વૈભવ જય તે શેનો ?
સુણી વચનો વધ્યો દૂતરોષ મટ્યો રહ્યોસહ્યો એનો તોષ.

(દોહરા)

કાઢી સત્વર પત્રિકા કહ્યું વાંચવા કાજ;
પકડી ડાબા હાથમાં મૂકી સઘળી લાજ.

મંત્રીએ વાંચી, અરે શઠ નવ કર કુળનાશ,
વાતોથી હરખી રખે કરતો જીવનઆશ.

શિવવિરંચિ કે વિષ્ણુનું શરણ ભલેને લે,
રામવિરોધથકી કદી ઊગરી ના શકશે.

અનુજ જેમ મદને તજી બન પ્રભુપદનો ભૃંગ,
જલ કે રામશરાનલે કુળસહ બની પતંગ.

*

ભય પામ્યો રાવણ છતાં બોલ્યો હસતાં મંદ,
નભને અડવાને મથે માનવ વામન અંધ

લઘુ તાપસ એવો કરે વાણીતણો વિલાસ;
દૂતે ફરીફરી કહ્યાં ઉપદેશવચન ખાસ.

વિરોધ છોડો રામ છે સકળ જગતસ્વામી,
અતિકોમળ કરશે કૃપા તમને પણ પામી.

અપરાધ નહીં એક પણ રાખે હૃદયમહીં,
જનકસીતા સુપ્રત કરો, કરો વિલંબ નહીં

દશાનને ત્યારે કર્યો ક્રોધે ચરણપ્રહાર,
ચાલ્યો રઘુપતિપાસ એ શુક તેથી તત્કાળ.

કથા કહી કરુણાથકી ઉત્તમ ગતિ પામ્યો,
રાવણ કમભાગી અધમ લેશ નહીં માન્યો.

*

અરજ ન માની જલધિએ, ત્રણ દિન વીત્યા તોય,
બોલ્યા રામ સરોષ કે ભયવિણ પ્રીત ન હોય.

(ચોપાઈ)

લક્ષ્મણ, લાવો ધનુષ ને બાણ શોષું પાવકે સાગરપ્રાણ;
શઠથી વિનય કુટિલથી પ્રીત કૃપણસાથ નીતિતણી રીત,

જ્ઞાનવાત મમતા રતસાથ અતિલોભીને વિરતિવખાણ,
ક્રોધિત પાસે રામસંદેશ કામી આગળ હરિઉપદેશ,
બીજ જમીને ખારી જેમ નિષ્ફળ જાય સર્વ એ તેમ.

(આખ્યાન)

સાંધ્યું બોલી બાણ કરાળ, ઉદધિ ઉરમહીં જાગી જ્વાળ,
વ્યાકુળ જલચર બધા બન્યા, હાહાકાર અનેક થયા.

કનકથાળમાં રત્ન ભરી, વિપ્રશ્રેષ્ઠનું રૂપ ધરી
અહં તજી અર્ણવ આવ્યો, શક્તિ સમક્ષ ના ફાવ્યો.

(દોહરા)

કદરી કાપ્યા વિણ કદી, સીંચ્યાથી ન ફળે,
નીચ ન માને વિનયથી, નમે સદાય ડર્યે.

(આખ્યાન)

પ્રભુપદ ગ્રહી સિંધુ ભયસાથ બોલ્યો ક્ષમા કરો ક્ષતિ નાથ,
ગગન સમીર અનલ જલ ધરણી સૌની સ્વભાવથી જડ કરણી.

તમારી જ માયાથી થયાં સૃષ્ટિ હેતુ શાસ્ત્રોએ કહ્યાં;
પામી પ્રભુકેરો આદેશ રહે લહે સુખ સૌ હંમેશ.

ધરી શીખ એ કીધું ઠીક, મર્યાદા પણ ઇશરચિત;
ઢોલ ગમાર શૂદ્ર પશુનાર સૌ પર તાડનનો અધિકાર.

પ્રભુપ્રતાપથી માર્ગ ધરું સેના સઘળી પાર કરું;
ઉલ્લંઘીશ નહીં આદેશ, કરું કહો તે હે પરમેશ !

(દોહરા)

વિનીત વચનોને સુણી, વદ્યા કૃપાળુ અહો,
સેના પાર જઈ શકે, ઉપાય એ જ કહો.

(આખ્યાન)

બંધુ નીલનલ કપિ બે છે પામ્યા ઋષિની આશિષ એ,
પ્રચંડ ગિરિને સ્પર્શ કરે પ્રભુપ્રતાપ તો સકળ તરે.

પ્રભુની પ્રભુતા હૃદય ધરી રહીશ શક્ય સહાય કરી,
સમુદ્ર એમ ભલે બંધાય, ત્રિભુવનમાં યશ દિવ્ય ગવાય.

મુજ ઉત્તર તટ પર વસતા ભલે અધમ ખલ નર મરતા;
પ્રભુએ સાગરપીડ હરી શરપ્રયોગને શીઘ્ર કરી.

પેખી બળપૌરુષને સર્વ હરખ્યો અર્ણવ માની પર્વ;
સકળ ખલચરિત પ્રભુને કહ્યું, પદડા જેવું કૈં ન રહ્યું.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

પ્રણમી પદે ભવને ગયો સાગર, મત ગમ્યો રામને;
એ ચરિત ગાયે દાસ તુલસી કલિકલુષ હરનારને;
સુખભવન સંશય શમન દમન વિષાદ રઘુપતિગુણ સકળ,
સૌ આશ તેમ ભરોસ તજતાં કર સદા શઠ મન, શ્રવણ.

(દોહરા)

સકળ સુમંગલદાયક રઘુનાયક ગુણગાન,
સાદર સુણનારા તરે ભવસિંધુ વિના યાન.


*

**(સુંદરકાંડ સમાપ્ત)**

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## લંકા કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

## - શ્રી યોગેશ્વર

## ૧.આરંભ

रामं कामारिसेव्यं भवभयहरणं कालमत्तेभसिंहं
योगीन्द्रं ज्ञानगम्यं गुणनिधिमजितं निर्गुणं निर्विकारम ।
मायातीतं सुरेशं खलवधनिरतं ब्रह्मवृन्दैकदेवं
वन्दे कन्दावदातं सरसिजनयनं देवमुर्वीशरूपम ॥१॥

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

વંદું કામારિસેવ્ય ભવભયહરતા કાળમત્તેભસિંહ
યોગી ને જ્ઞાનગમ્ય ગુણનિધિ અજિત નિર્ગુણ નિર્વિકાર,
માયાસ્વામી સુરેશ ખદ્યવધનિરત બ્રહ્મબ્રહ્માંડદેવ
મેઘશ્યામ પ્રતાપી સરસિજનયન રામ ઉર્વીશરૂપ.

*

शंखेन्द्वाभमतीवसुन्दरतनुं शार्दूलचर्माम्बरं
कालव्यालकरालभूषणधरं गंगाशशांकप्रियम ।
काशीशं कलिकल्मषौघशमनं कल्याणकल्पद्रुमं
नौमीड्यं गिरिजापतिं गुणनिधिं कन्दर्पहं शङ्करम ॥२॥

(શાર્દૂલવિક્રિડિત)

જે છે શંખ શશાંક કાંતિતન ને શાર્દૂલ ચર્મામ્બર
કાળવ્યાલ કરાળ ભૂષણધર ગંગા શશાંકપ્રિય,
પ્રાર્થું તે કલિકલ્મષૌધશમન કલ્યાણ કલ્પદ્રુમ
ગૌરીના પતિ શંભુ સદગુણનિધિ કંદર્પના નાશક.

*

यो ददाति सतां शम्भुः कैवल्यमपि दुर्लभम ।
खलानां दण्डकृद्योऽसौ शङ्करः शं तनोतु मे ॥३॥

(અનુષ્ટુપ)

સજ્જનો સમર્પે જે અતિદુર્લભ મુક્તિને,
દુષ્ટોને દંડ દેનારા ભક્તોના અભયંકર;
કાશીશને સ્તવું છું એ આશીર્વાદ મને ધરો,
કરો કલ્યાણ, સુખની અભિવૃદ્ધિ સદા કરો.

(દોહરા)

લવ નિમેષ પરમાણુ યુગ વર્ષ કલ્પ શર ચંડ,
ભજે ન કાં મન રામને કાળ જેનું કોદંડ ?

*

## ૨.સેતુરચના

સિંધુવચનને સાંભળી સચિવ વદ્યા હે રામ,
વિના વિલંબ કરો હવે સેતુતણું શુચિ કામ.

કહ્યું જાંબવાને તરત રામ ભાનુકુલ કેતુ,
નામ આપનું સેતુ છે ભવ તરવાને હેતુ.

અલ્પ સિંધુને તો પછી તરવામાં શી વાર ?
હનુમાન વદ્યા સિંધુને શોષી લો તત્કાળ.

વડવાનલસમ દિવ્ય છે પ્રભુપ્રતાપ ભારી,
રડવા લાગી કિન્તુ સૌ શોકે રિપુનારી.

અશ્રુધારથી એમની ફરી ભરાયો એ
વળી બની ખારો ગયો. અત્યુકિત સુણીને.

કપિ હર્ષિત સઘળા બન્યા; કહ્યું જાંબવાને,
નલનીલ ધરો રામના પ્રભાવને ધ્યાને.

રચના સેતુતણી કરો કપિ ને ભાલુ મળી,
રામચરણપંકજ ઉરે કરો સહાય ધરી.

કપિ ને ભાલુ પછી વદી જયજય શ્રીરઘુવીર,
પર્વત તેમજ વૃક્ષને ઉપાડી લઈ ધીર.

લાગ્યા નલ ને નીલને નેહથકી દેવા,
મંડાયા ત્યાં સેતુના શ્રીગણેશ એવા.

(આખ્યાન)

શૈલ વિશાળ વાનરે આણ્યા, નલનીલે કંદુકસમ જાણ્યા;
રચના સેતુતણી અતિસુંદર જોઈ બોલ્યા પ્રભુ અભયંકર.

ભૂમિ રમ્ય ઉત્તમ છે આ, વર્ણવાય મહિમાને ના;
સ્થાપું શિવને હવે અહીં, ભાવના પરમ હૃદય રહી.

દૂત જઈ સુગ્રીવતણા લાવ્યા મુનિવર શ્રેષ્ઠ ઘણા;
લિંગસ્થાપના તરત કરી પૂજા વિધિવત સર્વ ધરી.

શિવસમાન પ્રિય અન્ય નહીં રામે અનુભવવાત કહી;
શિવદ્રોહી મુજ ભક્ત મનાય સ્વપ્ને તો મુજને ન પમાય.
શંકરવિમુખ ભક્તિ મુજ ચહે મૂર્ખ અબુધ એ નરકે રહે.

(દોહરા)

શંકરપ્રિય મુજ દ્રોહી, શિવદ્રોહી મુજ દાસ,
તે બંને નર કલ્પ સુધી કરે નરકમાં વાસ.

(આખ્યાન)

જે રામેશ્વરદર્શન કરે તેને મારો લોક મળે;
ચઢાવશે ગંગાજલ જે સાયુજ્ય લભે મુક્તિ તે.

છળ છોડી નિષ્કામ બની કરશે રામેશ્વર સેવન;
ભક્તિ પામશે મુજ સ્વરૂપની શિવની કૃપાથકી તે પણ.

દર્શન સેતુતણું કરશે અનાયાસ તે ભવ તરશે.
રઘુપતિની છે એવી રીત પ્રણત ઉપર પ્રીત કરે નીત.

નીલનલે શુચિ સેતુ કર્યો, કૃપાથકી યશ શ્રેષ્ઠ મળ્યો.
ડૂબે ઉપલ ડુબાડે જે બન્યા વહાણ બરાબર તે.

પથ્થર ગુણ કપિની કરણી શક્તિ જલધિની ના સઘળી,
મહિમા રઘુવરનો સઘળો, પંડિત સમજે ભેદ ખરો.

(દોહરા)

જે રઘુવીર પ્રતાપથી સિંધુ તર્યા પાષાણ,
ભજે અન્ય તેને તજી તે નર મૂર્ખ સમાન.

(આખ્યાન)

સુદૃઢ સેતુની સૃષ્ટિ કરી કૃપાસિંધુ મન ગયું ઠરી;
સૈન્ય વધ્યું વર્ણન નવ થાય, ગરજ્યા મર્કટ ભટ સમુદાય.

ચઢી સેતુહૃદયે રઘુરાય જોવા લાગ્યા સિંધુ વિશાળ;
દર્શન કરવા કરુણાકંદ પ્રગટ્યાં સર્વે જલચરવૃંદ.

મગરમચ્છ મીન વળી વ્યાલ શત યોજન તનનાં સુવિશાળ,
ભક્ષણ કરે એમનું જે ડરે જંતુ બીજાથી ને

કરી રહ્યાં તે પ્રભુદર્શન પરમ અનુભવી આકર્ષણ,
મગ્ન બન્યાં પ્રભુરૂપમહીં, હઠ્યાં હઠાવ્યા છતાં નહીં.

ચાલ્યું સૈન્ય મળ્યે આદેશ, કોણ વર્ણવે એને લેશ ?

(દોહરા)

ભીડ સેતુબંધે થઈ ચાલ્યા કપિ નભપંથ,
ચાલ્યા જલચર પર ચઢી વાનરવીર અનંત.

કૌતુક દેખી અનુજસહ કૃપાસિંધુ રઘુરાય,
ઊતર્યા તટ પર સૈન્યસહ કરતાં દિવ્ય સહાય.

મુકામ સિંધુતટે થતાં આજ્ઞા તરત કરી,
ફળાદિને આરોગવા સેના ગઈ વળી.

ઋતુ કે કાળ વિચારને ત્યાગી વૃક્ષ ફળ્યાં,
રામકાજ સૌએ સરસ ફળને મધુર ધર્યાં.

વૃક્ષ હલાવ્યાં વાનરે ફળ ખાઈ રસસાથ,
પર્વતશિખરોનો કર્યો લંકા તરફ પ્રપાત.

ઘેરી રહ્યા નચાવતા રાક્ષસ કો મળતાં,
નાકકાન કાપી પરમયશ પ્રભુનો કથતા.

એવા અસુરોએ કહી રાવણને સૌ વાત;
સમુદ્ર બંધાયો સુણી કંપ્યાં એનાં ગાત.

બાંધ્યો વનનિધિ નીરનિધિ જલધિ સિંધુ વારીશ,
ખરે તોયનિધિ કંપતિ ઉદધિ પયોધિ નદીશ ?

*

## ૩.મંદોદરીની શિખામણ

(દોહરા)

વ્યાકુળ રાવણ ભય તજી કૃત્રિમ હાસ્ય હસી,
ગયો હર્મ્યમાં; મનમહીં શંકા ઘોર વસી.

આવ્યા પ્રભુ સાગર વળી બંધાયો જાણી,
મંદોદરી વદી પરમ સુધાછલી વાણી.

ચરણે શીશ નમાવતાં પાલવ પાથરતાં,
બોલી, ક્રોધ તજી સુણો પ્રિય, વચનોને આ.

બુદ્ધિબળથી જેહને જીતી નાથ શકાય,
વેર ઉચિત તેના થકી કરવું કહ્યું સદાય.

દિનકર ને ખદ્યોતશું અંતર ખરે રહ્યું,
રામમાં તમારામહીં સાચી વાત કહું.

મધુકૈટભ બળવાન ને દિતિસુતને માર્યા,
બલિને બાંધ્યો ને હણ્યો સહસ્ત્રભુજને હા,

તે પ્રભુ હરવાકાજ છે પ્રગટ્યા પૃથ્વીભાર
વિરોધ ન કરો તેમનો; જીવ કર્મ ને કાળ

દાસ તેમના; રામને સીતા સોંપી દો,
શ્રેય હોય જો સાધવું સર્વ પ્રકારે તો,

ચરણકમળ મસ્તક મૂકી પુત્રને દઈ રાજ,
વસી વને ભાવે ભજો રઘુનંદનને આજ.

(આખ્યાન)

દીનદયાળ નાથ રઘુરાય; વાઘ પણ શરણ જતાં ન ખાય;
તમે ચહ્યું તે સકળ કર્યું, ચરાચર જગત બળે હર્યું.

નીતિ કહે પંડિત મનભાવન વસે વૃદ્ધ બનતાં નૃપ કાનન;
ભજે તેમને જે છે ભર્તા કર્તા પાલક ને સંહર્તા

છે રઘુવીર પ્રણત અનુરાગી, ભજો એમને મમતા ત્યાગી;
કરે એમનો મુનિ અનુરાગ ભૂપ વળી તપ ખાતર ત્યાગ.

રામ કોશલાધીશ રસાળ આવ્યા કરવા કૃપા કૃપાળ;
માની મારી સત્ય શિખામણ પામો યશ ત્રિભુવનમાં પાવન.

(દોહરા)

કંપિત કાયે પદ ગ્રહી ભરી નયનમાં નીર,
બોલી રામ ભજો કરો સૌભાગ્ય અચળ, વીર !

(આખ્યાન)

કહ્યું રાવણે દંભ કરી મિથ્યા પ્રિયા, રહી તું ડરી;
વિશ્વે મારાસમ કો વીર, યુદ્ધે કોનું વધ્યું ખમીર ?

વરુણ કુબેર પવન યમકાળ જીત્યા ભુજબળ મેં દિગપાલ;
દેવદનુજ વશ સકળ કર્યા, મુજથી મુનિનરલોક ડર્યા.

સમજાવીને કહેતાં એમ મરણાસન્ન જીવની જેમ;
કર્યો સભામાં પછી પ્રવેશ પ્રકાશ ના પામી લવલેશ.

કરી રહી પ્રમદા અનુમાન કાળવશ કરે છે અભિમાન.

*

## 4.પ્રહસ્તની સલાહ

(દોહરા)

સચિવોને પૂછ્યું કહો યુદ્ધ કેમ કરવું,
કહ્યું એમણે નાથ, ના લેશ ઘટે ડરવું.

કોનો ભય છે, મનુજ સૌ વાનર ભાલુ વળી,
આહાર કહ્યા આપણા, જશે બધાય મરી.

રાવણપુત્ર પ્રહસ્ત પણ બોલ્યો, નીતિ તજી,
ઘટે વર્તવું ના, વખત વીત્યો નથી હજી.

સ્વલ્પ બુદ્ધિ સચિવોતણી, ખુશામત કરે સર્વ;
કપિ આવીને એક દિન હણી ગયેલો ગર્વ.

ચરિત્ર એનું આજ પણ નગરજનો સૌ ગાય;
ત્યારે ક્ષુધા ગયેલ કયાં, કેમ બન્યા અસહાય ?

પુરને બાળ્યું ના કર્યો ત્યારે કપિ-આહાર;
ચારેકોર કર્યો સતત એણે હાહાકાર.

સચિવોનો મત પ્રિય છતાં દુ:ખદાયક બનશે,
અહંકાર અજ્ઞાન ને પોતાને હણશે.

સિંધુ રમતમાં બાંધતાં ઊતર્યા સેના સાથ,
સુવેલ ગિરિ પર ભીડશો તેની સાથે બાથ ?

માનો માનવ એમને એ જ પરમ અજ્ઞાન;
કાયર ના માનો મને, ધરો વચનને ધ્યાન.

પ્રિય વચનોને સાંભળે અને કહે એવા,
અનેક માનવ છે જગે પ્રિય લાગે તેવા.

કઠોર પણ વચનો વદે હિતનાં તેમ સુણે,
એવા માનવ અધિક ના જગમાં કિન્તુ મળે.

દૂત પાઠવીને પ્રથમ સીતા મુક્ત કરો,
રામની કરો મિત્રતા, ઉપાય એ જ ખરો.

નારી પામી જાય તો વધારશો ના કલેશ,
સમરાંગણથી અન્યથા ગભરાશો ના લેશ.

સલાહ મારી માનશો યશ તો મેળવશો;
દસકંઠ વદ્યો રોષથી, શઠ પ્રલાપ કર શો ?

દુર્બુદ્ધિ કોણે ધરી, સંશય કેમ કરે,
અયોગ્ય વંશમહીં વિમળ વેલો બન્યો ખરે.

વાણી કઠોર તાતની સુણતાં પ્રહસ્ત એ,
ગૃહે ગયો અંતે કહી અંતિમ વચનોને.

હિતની સલાહ ના ગમે મારી આ તમને,
જેમ કાળવશ માનવી ઔષધને ન ગ્રહે.

*

રાવણ પર્વત શિખર પર સંધ્યાસમય થતાં,
આવ્યો હર્મ્યે કિન્નરો ગાતા જ્યાં સઘળા.

વીણા ઝાંઝ પખાજ ત્યાં મધુર રહ્યાં વાગી,
અપ્સરા વળી નર્તવા લાગી અનુરાગી.

સહસ્ત્ર ઈન્દ્રસમાન એ કરતો નિશદિન ભોગ,
ચિંતા છોડી શિર હતો જોકે રિપુનો યોગ.

પૂર્વ દિશામાં રઘુવરે પેખી પ્રગટ મયંક,
કહ્યું સર્વ ને વિધુ જુઓ સિંહસમો નિશ્શંક

(આખ્યાન)

પૂર્વદિશા ગિરિગુહાનિવાસી પરમપ્રતાપ તેજબળરાશી,
તમિસ્ત્રથર ગજશીશ વિદારી શશિકેસરી ગગન વનચારી.

વિખર્યાં મોતી નભના તારા નિશાસુંદરી ભૂષણ ન્યારાં;
શ્યામ ડાઘ છે વિધુમાં જે પૂછ્યું પ્રભુએ શું છે તે,
નિજ નિજ મતિ અનુસાર કહો અનુભવરસને લેશ લહો.

સુગ્રીવ વદ્યા હે રઘુરાય, શશિમાં પ્રગટે ધરતીછાંય,
વદ્યા અન્ય કે માર્યો માર ચંદ્રસાથ લડતાં કદિકાળ,
ઘોર રાહુએ અંતર શ્યામ તેથી થયું ચંદ્રનું રામ !

વિધિએ રતિનું વદન કર્યું રૂપ તે સમે વિધુનું હર્યું,
છિદ્ર હૃદયમાં વિધુના તે પ્રગટ કરે નભછાયાને.

બોલ્યા પ્રભુ વિષ વિધુનો ભ્રાત રાખ્યો એથી હૃદયે સાથ,
વિષમય કરનો કરી પ્રસાર બાળે વિરહવંત નરનાર.

(દોહરા)

હનુમંત વદ્યા પ્રભુ સુણો શશિ છે તમ પ્રિય દાસ,
પ્રભુપ્રતિમા વિધુ ઉર વસે એ શ્યામતા-આભાસ.

પવનતનયનાં વચનથી વિહસ્યા રામ સુજાણ;
અવલોકી દક્ષિણ દિશા બોલ્યા કૃપાનિધાન.

(આખ્યાન)

જુઓ વિભીષણ દક્ષિણ ખાસ ઘન ઘમંડ દામિની વિલાસ;
મધુર મધુર ગરજે ઘન ઘોર, વૃષ્ટિ કરે છે કરા કઠોર.

વદ્યા વિભીષણ સુણો કૃપાળ, નથી તડિત કે વાદળમાળ,
લંકાશિખર ઉપર આગાર રાવણ નીરખે નૃત્ય રસાળ.

છત્ર શ્યામ શિર મેઘસમાન ઘટા જલદની એ બળવાન;
ચમકે ચપલાશાં કુંડળ મંદોદરી શ્રવણ સુંદર.

વાગે મૃદંગ તાલ અનુપ એ જ શબ્દ સુમધુર સુરભૂપ !
વિહસ્યા પ્રભુ જાણી અભિમાન, ધનુષ ચઢાવી તાકયું બાણ.

(દોહરા)

છત્ર મુકુટ કુંડળ તરત તોડ્યાં એક જ બાણ,
પડ્યાં સર્વના દેખતાં, થયું ન મર્મનું જ્ઞાન.

કૌતુક કરતાં રામશર આવ્યું ફરી નિષંગ;
ભય પામી રાવણસભા થતાં મહારસભંગ.

*

## ૫. મંદોદરીનો ઉપદેશ

(આખ્યાન)

ભૂકંપ ન નવ વાયુવિશેષ અસ્ત્રશસ્ત્ર નવ નીરખે નેન;
કરી રહ્યા સૌ ક્ષણિક વિચાર અપશુકન થયા આજ કરાળ.

નીરખીને ભયભીત સભા હસી રાવણે વચન કહ્યાં,
પતન શીશનું જેને શુભ તેને મુકુટ પડ્યે શું અશુભ ?

સુખે ગૃહ જઈ શયન કરો, ગયા ગૃહે સઘળા અસુરો.

કુંડળ પડ્યાં ધરિત્રી ઉપર બની ત્યારથી સતત વિકળ,
સજલ નયનથી કર જોડી મંદોદરી વ્યથિત થોડી.

વદી પ્રાણપ્રિય અરજ કરું, સુણો શ્રેયનું વચન ખરું,
વિરોધ ત્યાગો રામતણો, તમે એમને નર ન ગણો.

(દોહરા)

વિશ્વરૂપ રઘુવંશમણિ કાંત, કરો વિશ્વાસ,
વેદ કલ્પતા એમના અંગમહીં બ્રહ્માંડ.

(આખ્યાન)

પદ પાતાળ શીશ અજધામ અપર લોક અંગે કૃતકામ,
ભ્રૂકુટિવિલાસ ભયંકર કાળ નયન દિવાકર કચ ઘનમાળ.

ઘ્રાણ ઉભય અશ્વિનીકુમાર, નિમેષ દિન ને રાત અપાર,
શ્રવણ દસ દિશા વેદ વખાણ વાયુ શ્વાસ વેદ વળી વાણ.

અધર લોભ યમ દશન કરાળ, માયા હાસ્ય બાહુ દિગપાલ;
આનન અનલ અંબુપતિ જીભ,સૃષ્ટિ સ્થિતિ લય ક્રિયા અમીટ.

અષ્ટાદશ ઔષધિઓ રોમ, શૈલ અસ્થિ નસ સરિતાસ્ત્રોત;
ઉદધિ ઉદર ઈન્દ્રિય યાતના નરક, કરે કો પ્રભુકલ્પના ?

(દોહરા)

અહંકાર શિવ બુદ્ધિ અજ મન શશિ ચિત્ત મહાન,
રામ મનુષ્ય રૂપે વસે વિશ્વાત્મા ભગવાન.

એમ વિચારી પ્રાણપ્રિય, મનનો મેલ હરો,
પ્રીત કરી રઘુપતિપદે અચલ સુહાગ ધરો.

(આખ્યાન)

હસ્યો સુણી નારીની વાણ અહો મોહમહિમા બળવાન,
વિચિત્ર સ્ત્રીનો ખરે સ્વભાવ, અવગુણ આઠ રહે ઉરમાંહ્ય.

સાહસ અનૃત ચપળતા છળ, ભય અવિનય નિર્દયતા મળ;
રિપુના ગુણ તેં કહ્યા વિશાળ, ભય દર્શાવ્યો મને કરાળ.

પ્રિયા, સહજ વશ વિશ્વ મને, સમજાયો મહિમા ન તને;
પ્રિયા, ચતુરતા તુજ જાણી, બોલી મુજ પ્રતાપવાણી.

ગૂઢ વાત તુજ મૃગલોચની, સમજ્યે સુખપ્રદ ભયમોચની;
કર્યો સતીએ એમ વિચાર પતિને મતિભ્રમ થયો અપાર.

(દોહરા)

વિનોદ કરતાં એમ એ પ્રભાતમાં દસકંધ,
સભામહીં આવ્યો સહજ નિર્ભય મદથી અંધ.

અમૃતજલ વરસે છતાં નેતર ના જ ફળે,
જાગે મૂર્ખ ન એમ જો ગુરુ બ્રહ્માય મળે.

*

## ૬.અંગદનું દૂતકાર્ય

(દોહરા)

પ્રાત:કાળે રઘુવરે પૂછી સચિવ સલાહ,
કહ્યો જાંબવાને કરી વંદન ઉચિત ઉપાય.

(આખ્યાન)

હે સર્વજ્ઞ સકળ ઉરવાસી, ધર્મ તેજ મતિ બળ ગુણરાશી,
કહી રહ્યો નિજ મતિ અનુસાર, દૂત પાઠવો વાલિકુમાર.

લાગી રુચિકર સૌને વાણ; અંગદ બોલ્યા કૃપાનિધાન,
વાલિતનય મતિબળગુણધામ, અવસર આવ્યો કરવા કામ.

રિપુથી વદવી એવી વાણ એનું હો જેથી કલ્યાણ,
હેતુ આપણો સકળ સરે, રોગી ઊગરે રોગ મરે.

(દોહરા)

આજ્ઞા શિર ધારી નમી બોલ્યો અંગદ વીર,
કૃપા કરો તે થાય છે ગુણસાગર ને ધીર.

સ્વયંસિદ્ધ કાર્યો છતાં મને નિમિત્ત કરો,
રોમાંચિત હર્ષિત બન્યો, આદર મને ધરો.

પ્રણમી પ્રભુને ઉર ધરી પ્રભુતા નમવી શિર,
સૌને ચાલ્યો વાલિસુત રણપરાક્રમી વીર.

પ્રવેશતાં પુરમાં થયો રાવણસુત મેળાપ,
લડવા લાગ્યા વાતમાં બળથી ઉભય અમાપ.

અસુરે મારી લાત તો તેનો પગ પકડી,
પૃથ્વી પર નાખ્યો તરત વાલિસુતે પટકી.

નિશિચરનિકર મહાન એ યોદ્ધાને ભાળી,
ભીત બની ભાગી ગયા, શક્યા ન પોકારી.

કહી શક્યા એ મર્મને કોઈને પણ ના;
કહ્યું પુરજને પ્રથમનો આવ્યો વાનર આ;
લંકા બાળી બાળશે તનને તે સહુનાં.

સ્મરી રામપદકમળને ગયો રાજ્યદરબાર,
ધીર વીર વનરાજસમ જોવા લાગ્યો દ્વાર.

રાવણના આદેશથી દૂત ગયા દોડી,
લાવ્યા અંગદને તરત હિંમતને જોડી.

સજીવ કાજળ ગિરિસમો બેઠેલો જોયો,
રાવણને ત્યાં અંગદે તો પણ ના મોહ્યો.

(આખ્યાન)

ભૂજા વિટપ શિર શૃંગસમાન રોમસમૂહ લતા જ પ્રમાણ;
નયન નાસિકા મુખ ને કાન ગિરિકંદરા ગુફા અનુમાન.

(દોહરા)

અંગદ અતિબલ નિર્ભય આવ્યો સભામહીં,
ઊઠ્યા સભાસદ દેખતાં કપિવર શ્રેષ્ઠ લહી.

સિંહ મત્ત ગજજૂથમાં ચાલે નિર્ભય જેમ,
રામપ્રતાપ સ્મરી નમી અંગદ બેઠો એમ.

(આખ્યાન)

દસકંઠ વદ્યો કવણ છે બંદર, હું રઘુવીર દૂત અભયંકર;
મારા પિતાસાથ તુજ સખ્ય, આવ્યો તુજ હિતકાજ સહર્ષ.

ઉત્તમ કુળ પુલસ્ત્ય ઋષિપૌત્ર પૂજ્યા બહુવિધ બ્રહ્મારુદ્ર;
વર પામી સિદ્ધ કર્યા કાજ, જીત્યા લોકપાલ સૌ રાજ.

રાજમદથકી મોહથકી વા હરી પુનિત સીતા જગદંબા,
હજુય માન શુભ વચન સલાહ ક્ષમા કરે પ્રભુ તો અપરાધ.

દશન તૃણ ગ્રહી કંઠ કુઠાર, પરિજનસહિત સંગ નિજનાર,
જનકસુતાને આગળ કરી સાદર ભયને ચાલ હરી.

(દોહરા)

પ્રણતપાલ રઘુવંશમણિ રક્ષા રામ કરો,
આર્ત ગિરાને સાંભળી ધરશે અભય ખરો.

સંભાળીને બોલજે કપિસુત, કોણ કહે,
તારો જનક તું કોણ ને ક્યાં એ મિત્ર રહે ?

મને ઓળખ્યો તેં નથી, દેવોનો રિપુ હું;
અંગદ બોલ્યો વાલિનો કુમાર અંગદ છું.

મેળાપ થયો તેમની સાથ કદી તારો ?
ક્ષોભિત બોલ્યો રાવણ, વાનર એ ન્યારો.

એ જ વાલિનો પુત્ર તું કુળઘાતક પાક્યો,
વંશાનલ તેં બાહુબળસ્વાદ નથી ચાખ્યો.

દૂત થયો તાપસતણો; વાલિ કુશળ ક્યાં છે ?
કહ્યું અંગદે દસ દિવસ વીત્યા પછી તને,

મેળાપ થશે વાલિનો, આલિંગી ત્યારે,
કુશળ એમનું પૂછજે ભાવથકી ભારે.

રામવિરોધીનું તને કુશળ કહેશે તે;
હોય હૃદય ના રામ તો કુશળ થવાયે શે ?

કુળઘાતક હું સત્ય તું કુળપાલક દસશીશ;
બધિર અંધ પણ ના કહે; નયન કાન તુજ વીસ.

(આખ્યાન)

શિવવિરંચિ સુરમુનિસમુદાય પ્રીત જેમની ચહે સદાય,
દૂત એમનો અલ્પ થયો, કુળતારક હું પરમ બન્યો.

બુદ્ધિ વિપરીત છે તારી, બંધ પડે ઉર ના ભારી;
કઠોર કપિની સુણતાં વાણ બોલ્યો રાવણ ક્રોધિત પ્રાણ,
નીતિધર્મની વાત લહું તેથી કટુ તુજ શબ્દ સહું.

બોલ્યો કપિ તું ધર્મપ્રાણ, પરસ્ત્રી ચોરી ધરતાં ધ્યાન.
કરી દૂતની રક્ષા તેં, ધર્મવ્રતી તું ઉત્તમ છે,

નાક કાન વિણ ભગિની થઈ તોય દંડ તેં કર્યો નહીં,
ધર્મ વિચારી ક્ષમા કરી, ધર્મશીલતા ખ્યાત ખરી.
દર્શન પામી તારું આજ બડભાગ થયો કાયમકાજ.

(દોહરા)

જડ કપિ, ના કર જલ્પના, નિહાળ મુજ ભુજને,
લોકપાલ બળ વિપુલ શશિ, રાહુ કાળરૂપ એ.

નભસર મમકરનિકરના કમળે કરતાં વાસ,
સુશોભિત બન્યો હંસસમ શંભુસહિત કૈલાસ.

અંગદ, તારા સૈન્યમાં યુદ્ધ કરે મુજ સાથ,
એવો યોદ્ધો કોણ છે ભીડે યમથી બાથ ?

(આખ્યાન)

તુજ પ્રભુ સ્ત્રીવિરહે બળહીન, અનુજ એજ દુ:ખથકી મલિન;
સરિતાતટના વૃક્ષસમાન તું ને એ સુગ્રીવ મહાન.

ભીરુ વિભીષણ મંત્રી વૃદ્ધ જાંબવાન શું કરશે યુદ્ધ ?
શિલ્પકળા જાણે નલનીલ; કપિ એક મહા છે બળશીલ,

બાળ્યું જેણે પુર તે કાળ; સુણીને વદ્યો વાલિકુમાર,
સત્ય કહે હે નિશિચરનાથ, નગર વાનરે બાળ્યું સાચ ?

યોદ્ધો માની કરે વખાણ સૈન્યમહીં તે નથી મહાન,
સુગ્રીવતણો પાર્ષદ તે, વીર નથી કહેવાતો એ,
સમાચાર લેવા આવ્યો સેવક છેક જ એ નાનો.

(દોહરા)

પ્રભુની અનુમતિ વિણ ખરે પુર એણે બાળ્યું,
એ ભયથી સુગ્રીવને વદન નવ બતાવ્યું.

સત્ય વદે રાવણ બધું, સુણી થતો ના રોષ,
લડતાં શોભે સંગ તુજ વીર ન એવો કોય.

પ્રીતિ વિરોધ સમાનથી એવી નીતિ ગણાય,
મૃગપતિ મંડૂકને હણે ઉત્તમ તો ન મનાય.

રામ હણે તુજને નથી શોભા એમાં લેશ,
તોપણ ક્ષત્રિય જાતિનો કઠિન ક્રોધ કે દ્વેષ.

વક્રોક્તિના બાણથી બાળ્યો રાવણપ્રાણ;
શબ્દસાણસે દસમુખે કાઢયાં જાણે બાણ.

રાવણ બોલ્યો, કપિતણો ગુણ છે ભારે એક,
પાળનારનું હિત કરે કરી ઉપાય અનેક.

(આખ્યાન)

કપિને ધન્ય જે નિજ પ્રભુકાજ નાચે જ્યાં ત્યાં તજતાં લાજ;
નાચીકૂદી હર્ષ ધરે, ધર્મનિપુણતા એ જ ખરે.

સ્વામીભક્ત ખરે તુજ જાત, કેમ કહે નવ પ્રભુગુણવાત ?
ગુણગ્રાહક હું પરમસુજાણ કટુ પ્રલાપ તુજ ન ધરું ધ્યાન.

બોલ્યો કપિ ગુણગ્રાહકતા પવનસુતે તુજ કહી પુરા;
કર્યો નગર સુત વનનો નાશ માન્યો તોપણ દોષ ન ખાસ.

સ્વભાવ સરસ વિચારી એ કરી ધૃષ્ટતા સાચે મેં;
કથન કપિતણું સત્ય થયું લાજ રોષ ના તને કશું.

(દોહરા)

વાલિ વિમળયશનું તને કારણ જાણીને,
નથી મારતો અધમ ને જડ અભિમાનીને.

જગમાં રાવણ કેટલા કહીશ રાવણ, તે ?
સાંભળજે મેં ખ્યાતિને સુણી કાનથી જે.

બલિરાજાને જીતવા એક ગયો પાતાળ,
બાંધ્યો તેને બાળકે અનાયાસ હયશાળ.

રમતાં બાળક એહના કરતાં ઉપર પ્રહાર,
બલિએ દાખવતાં દયા છોડાવ્યો તત્કાળ.

જંતુસમો પકડી વળી સહસ્ત્રભુજ લાવ્યો,
પુલસ્ત્યમુનિએ ત્યાં જઈ તેને છોડાવ્યો.

વળી વાલિએ એકને દાબ્યો ભરતાં બાથ,
એમાં તું રાવણ કયો કહે વીરતા સાથ.

(આખ્યાન)

શઠ, હું તે રાવણ બળવાન જેના બાહુબળતણું જ્ઞાન,
છે હરને હરગિરિને તેમ શિરસુમને સાધ્યાથી ક્ષેમ.

ઉતારતાં શિરકમળ સપ્રેમ પૂજ્યા શિવ મેં વાર અનેક;
ભુજપ્રતાપ જાણે દિગપાલ ડરે સદાયે સમજી કાળ.

મદોન્મત્ત ગજ ઉપર ચઢે નૌકા નાની તો ડગમગે,
ડોલે ધરતી સ્પર્શે તેમ જેના જાણી સ્વામી જેમ,

જગપ્રસિદ્ધ રાવણ તે હું પરમપ્રતાપી સત્ય કહું,
પ્રલાપ તોપણ કેમ કરે, નથી સાંભળ્યું નામ ખરે ?

(દોહરા)

તે રાવણને લઘુ કહી નરનાં કરે વખાણ,
રે કપિ બર્બર તુચ્છ ખલ, એ તારું અજ્ઞાન.

(આખ્યાન)

કહી અંગદે સકોપ વાણ, અરે અધમ માની અજ્ઞાન,
કાર્તવીર્યભુજ ગહન અપાર દહન અનલસમ પરશુ કરાળ.

જેની પરશુસિંધુની ધાર ડૂબ્યા નૃપ અનેક બહુ વાર,
હર્યું એમનું પણ અભિમાન પ્રથમ મુલાકાતે જ પુરાણ.

રામ તે મનુજ ના ભગવંત; ધન્વી કામ ન, નદી ન ગંગ;
કામધેનુ પશુ અન્ન ન દાન, સુધા ન રસ સાધારણ જાણ.

કલ્પવૃક્ષ ના પ્રાકૃત વૃક્ષ, લોક ન સાધારણ વૈકુંઠ;
ગરુડ વિહંગ સર્પ ના શેષ, ચિંતામણિ પથ્થર ના લેશ.
રામભક્તિ સામાન્ય ન લાભ, આલંબન સામાન્ય ન આભ.

(દોહરા)

માન હણી સેનાસહિત પુરવન નષ્ટ કરી,
માર્યો જેણે પુત્ર તે કપિ હનુમાન વળી ?

ચતુરતા બધી પરહરી ભજ કૃપાળુ રઘુરાય;
દ્રોહી રામતણો બચે કદી ન કોટિ ઉપાય.

બ્રહ્મા શંકરથીય ના કદી શકે ઊગરી;
રામશરે શિર તુજ જશે ધરતી ઉપર ઢળી.

ભાલુ તેમ કપિ શિરરૂપી કંદુકથી રમશે;
રઘુનાયક રણભૂમિમાં ઘોર કોપ કરશે,

સુતીક્ષ્ણ સાયક એમનાં ક્ષુધાર્તશાં છૂટશે,
મિથ્યાભિમાન તે સમે માટીમાં મળશે.

માટે ભજ શ્રીરામને. સુણતાં એ વચનો,
રાવણ પ્રજળ્યો, અગ્નિ જ્યમ હોમ થતાં ઘૃતનો.

કુંભકર્ણ છે બંધુ મુજ ઈન્દ્રજીત સુત ખ્યાત,
બોલ્યો રાવણ શૌર્યનું પ્રતીક હું સાક્ષાત.

(આખ્યાન)

શઠ, વાનરની લઈ સહાય સેતુ રચ્યો ના પ્રભુતા કાંય;
ઓળંગે ખગ લક્ષ સમુદ્ર ગણાય તેથી તે ના શૂર.

મમ ભૂજસાગર જળભરપૂર, ડૂબ્યા એમાં સુરનરશૂર;
પયોધિ વીસ અગાધ અપાર પામે કોઈ વીર ન પાર.

દિગપાલો છે મારા દાસ, યશ ગાય છતાં નૃપનો ખાસ;
જેની ગાતો ગુણની ગાથ હોય સુભટ તે તારો નાથ,

દૂત મોકલે તો શા કાજ, પ્રીતિ કર્યે ના આવે લાજ ?
હરગિરિમથન બાહુ મુજ જો, સ્તવ પછી પ્રભુ તુજ ચાહે તો.

(દોહરા)

શૂર કોણ રાવણસમો નિજ કર કાપી શીશ,
હોમ્યાં જેણે અનલ બહુ, સાક્ષી છે ગૌરીશ.

(આખ્યાન)

બળતાં જ્યારે હતાં કપાલ વાંચ્યા લેખ વિધિતણા ભાલ,
નરથી મરણ થશે મુજ કે, હસ્યો જાણતાં ભવિષ્ય તે.

થયો વૃદ્ધ વિધિને ભ્રમ ખૂબ, ભય લાગે મુજને નવ દૂત;
લાજ છતાં સઘળી ત્યાગી બન્યો અન્યનો તું રાગી.

(દોહરા)

બોલ્યો અંગદ તુજસમો લાજવાન જગમાં,
નથી અન્ય વર્ણન કરે જે નિત નિજ ગુણનાં.

કૈલાસ તથા શિરતણા બલિદાનતણી વાત,
વીસ વાર તેં વર્ણવી કરવા મુજને ભ્રાંત.

કાર્તવીર્ય બલિવાલિને જીત્યા જેથી તેં,
ઉરમાં રાખ્યું બાહુબળ જતન કરીને એ.

મસ્તક કાપ્યે થાય છે શૂરવીર કોઈ ?
કાપે નિજ હાથે તરત પોતાની કાયા,

તોય વીર એને કહે નહીં રંકરાયા,
ઈન્દ્રજાળ કરનારની માયાને જોઈ.

પતંગ મોહથકી જલે, ભાર વહે ખર તેમ,
તોપણ શૂર મનાય ના, સમજ સાનમાં એમ.

વાત વધાર નહીં, સુણી વચન છોડ અભિમાન;
સંધિકાજ આવ્યો નથી, રામ કૃપાળુ મહાન,

વાંરવાર વદે હણ્યે શિયાળને નવ લેશ,
યશ વાધે મૃગપતિતણો; વચનો એ લંકેશ,

યાદ કરીને કટુ સહ્યા શબ્દો મેં તારા,
નહિ તો તારી મોતને ધરી હોત માળા.

નિશિચરપતિ ગર્વિષ્ઠ તું, રઘુપતિ સેવકદૂત,
હું ડરતો અપમાનથી રઘુનંદનના ખૂબ.

નહિ તો પટકીને તને સેનાને મારી,
વેરાન કરી નગરને યુવતીસહ તારી,

લઈ જાત ક્ષણ વારમાં સીતાને સાથે,
સદગતિ પામ્યો હોત તું સત્વર મુજ હાથે.

એમ કરું તોપણ નહીં મોટાઈ એમાં,
મારવામહીં મૃતકને મનુષ્યતા છે ના.

(આખ્યાન)

કૌલ કામવશ કૃપણ વિમૂઢ અપયશમય અતિ દરિદ્ર વૃદ્ધ,
સદા વ્યાધિવશ સંતત ક્રુદ્ધ વિષ્ણુવિમુખ શ્રુતિ સંત વિરુદ્ધ,

તનપોષક નિંદક અઘખાણ, ચૌદ જીવતાં એ નિષ્પ્રાણ,
એમ વિચારી વધ ન કરું, શબ્દ ન તુજ ગંભીર ગણું.

બોલ્યો સકોપ નિશિચરનાથ અધર દબાવી મસળી હાથ,
કપિ તું મરવા અધમ ચહે, લઘુ મુખ મોટી વાત કહે.

(દોહરા)

રે જડ, જેના બળથકી પ્રલાપ કટુક કરે,
તેનામાં બળતેજ ના પ્રતાપબુદ્ધિ મળે.

અગુણ અમાની એહને મળ્યો વિકટ વનવાસ,
એ દુ:ખમાં સ્ત્રીનો વિરહ નિશદિન ને મુજ ત્રાસ.

એના બળનો ગર્વ પણ એવા મનુજ અનેક,
ખાય રાક્ષસો રાતદિન, પામ વિમૂઢ વિવેક.

(આખ્યાન)

નિંદા સુણતાં રઘુપતિતણી અંગદ ક્રોધિત ગયો બની;
હરિહરનિંદા સુણતાં કાન પાપ થાય ગોઘાતસમાન.

કરી તરત કિકિયારી ઘોર કર્યો પ્રહાર બાહુનો ઓર;
ધરતી ડોલી અસુર હલ્યા, ભયથી નાસી સકળ ગયા.

રાવણ પડતાં ઊગર્યો માંડ, ચાલુ થયો મુકુટોનો કાંડ;
મુકુટ પડ્યા પૃથ્વી પર સર્વ, પહેર્યા થોડા તજતાં ગર્વ.

અન્ય મુકુટ પ્રભુપાસ ગયા, અંગદ દ્વારા ભેટ થયા;
વાનર ઉલ્કાપાત ગણી ચાર વજ્ર અથવા સમજી,
નીરખી એ ભયભીત બન્યા રામે ત્યારે વચન કહ્યાં.

(દોહરા)

ઉલ્કા વજ્ર નથી, નથી રાહુ કેતુ કે આ,
રાવણમુકુટ જ અંગદે ફેંકેલા સઘળા.

હનુમાને મુકુટો સકળ મૂક્યા પ્રભુની પાસ;
જોતા કૌતુક ભાલુકપિ, સૂર્યસમાન પ્રકાશ.

બોલ્યો ક્રોધિત રાવણ વાનરને પકડો,
મારી નાખો, રીંછને કપિને સકળ હણો.

મર્કટહીન મહી કરો, ઉભય તપસ્વી ભ્રાત,
જીવતા જ બંદી કરો, સુણો સેવકો વાત.

અંગદ વદ્યો સકોપ, રે કુળનાશક તુજને,
લાજ નથી બકવાદની; કાપી ગરદનને,

હત્યા કર તારી હવે દેખી બળ મારું,
હૃદય તૂટતું કેમ ના જડતાભર તારું ?

કુમાર્ગગામી મંદમતિ ખલ મલનિધિ સ્ત્રીચોર,
કામી દાનવ દુષ્ટ તું કરે કાળવશ શોર,

સંનિપાતથી; પામશે તેનો બદલો તું;
રામ મનુજ કહેતાં નથી જીભ તૂટતી શું ?

કરશે વાનરભાલુ સૌ તુજ પર રણે પ્રહાર,
પડશે મસ્તક તૂટતાં જિહ્વા તરત બહાર.

વાલિને હણ્યો બાણથી નર તે ના દસકંધ,
જન્મ વૃથા તુજ અજ્ઞ હે છતે લોચને અંધ.

(અનુષ્ટુપ)

તુજ શોણિતની પ્યાસ તૃષિત રામસાયકનિકર,
તેને કાજ તજું તને કટુ જલ્પક રાક્ષસ અધમ.

*

(આખ્યાન)

દશન તોડવા છું તુજલાયક, આજ્ઞા પણ ન કરી રઘુનાયક,
રોષ થાય છે મુજને ખૂબ, તોડી નાખી તારાં મુખ,

ઉઠાવતાં લંકાને આજ નાખું સમુદ્રમાં સોલ્લાસ,
ઉંબરાતણા ફળશી પુરી કીટ તમે સૌ તેની મહીં;

ખાતાં મને ન લાગે વાર, પરંતુ ના આદેશ ઉદાર,
આપ્યો રઘુપતિએ મુજને, નહિ તો છોડત ના તુજને.

હસ્યો સાંભળી રાવણ વાત બોલ્યો કરે વ્યર્થ બકવાદ,
અસત્ય ભાષણ મૂઢ કરે, તપસી મળતાં બન્યો લબાડ.

(દોહરા)

દઢતાપૂર્વક અંગદે સ્મરતાં રામપ્રતાપ,
કહ્યું ક્રોધ સાથે બન્યો સૌનો તું અભિશાપ.

(આખ્યાન)

હઠાવશે જો મારો પાય કરશે મુજને તો નિરુપાય,
જશે છોડતા સીતા રામ સેનાસહિત નિરાશ તમામ.

(દોહરા)

ઈન્દ્રજીત જેવા વિવિધ યોદ્ધાઓ બળવાન,
રાવણના આદેશથી દ્વિગુણિત કરી ગુમાન,

હઠાવવા લાગ્યા બળે અંગદના પગને,
તોપણ સફળ થયા નહીં, નતમસ્તક શરમે,

બેઠા સ્વસ્થાને જઈ છેવટ એ સઘળા,
વારંવાર ઊઠ્યા સકળ, સફળ થયા ન છતાં.

વિષયીજનથી મોહનું વૃક્ષ શકે ન હઠી,
અંગદનો પગ એમ ના હઠ્યો ધરા પરથી.

કોટિ સંકટે સંતમન નીતિ તજે ન ચળે,
પગ તેમ ચળ્યો લેશ ના રિપુના પરમબળે.

મદ દૂર થયો સર્વનો; થતાં તરત પડકાર,
રાવણ લાગ્યો પકડવા પગને વિવિધ પ્રકાર.

બોલ્યો અંગદ મુજ ચરણ પકડ્યે શું વળશે,
ચરણને પકડ રામનાં શઠ, સંકટ ટળશે.

રાવણ એ સુણતાં ફર્યો પાછો શરમસમેત,
બની તેજશ્રીથી રહિત મધ્યદિવસ શશિ જેમ.

નતમસ્તક બેઠો જઈ છેવટ સિંહાસન,
દીન બન્યો ક્ષણ વારમાં જેમ ગુમાવી ધન.

(આખ્યાન)

પ્રાણનાથ જગદાત્મા રામ વિમુખ લહે ક્યાંથી વિશ્રામ ?
થતાં રામનો ભ્રકુટિવિલાસ થાય સૃષ્ટિસર્જન ને નાશ.
તૃણને કુલિશ કુલિશ તૃણ કરે, દૃતપ્રતિજ્ઞા કેમ જ ટળે ?

(દોહરા)

નિતિ કહી કપિએ છતાં રાવણ ના માન્યો,
કાળ નિકટ આવી રહ્યો મર્મ નહીં જાણ્યો.

રિપુમદ મથતાં અંગદે પ્રભુયશને ગાયો,
ભયભીત કરી અસુરને રામપાસ આવ્યો.

*

## ૭.મંદોદરીનાં વચન

(દોહરા)

સંધ્યાસમયે ભવનમાં રાવણ ગયો ઉદાસ;
મંદોદરી વદી વચન હજુ પણ છે અવકાશ.

(ચોપાઈ)

કાંત, સમજો કુમતિને છોડો, મન રઘુપતિપ્રીતથી જોડો;
કરી રામાનુજે રેખા નાની, તમે ઓળંગી ના શક્યા માની.
એવી વીરતા ખ્યાત તમારી યુદ્ધે દાખવશો કોને ન્યારી ?

જેના દૂતનાં દૈવી છે કામ તેને જીતશો કયાંથી સંગ્રામ ?
કપિ ઓળંગી સાગર આવ્યો તોય અસુરસમૂહ ના ફાવ્યો.

કર્યું ઉજ્જડ વનને આખું માર્યો સુતને બાળી પુર નાખ્યું,
ગર્વ બળનો ગયેલો ક્યાં ત્યારે, કરો અભિમાન નવ અત્યારે.

રાજા રઘુપતિને નવ માનો, નાથ જગના અમિતબળ જાણો;
જાણ્યો મારીચે બાણપ્રતાપ, માન્યા તેના કહ્યાથી ના આપ.

હતા મિથિલામાં મોટા ભૂપાલ, તમે બળવાળા અતુલ વિશાળ,
તોડી ધનુને વર્યા વૈદેહી એની વીરતા કલ્પો છો કેવી ?

જાણે બળને જયંત જરીક, બન્યો અંધ પ્રહારે ઘડીક;
દશા શૂર્પણખાતણી જોઈ તોય સન્મતિ સઘળી ખોઈ.

(દોહરા)

વિરાધ ખરદૂષણ તથા મારી વીર કબંધ,
હણ્યો વાલિને એક શર એ નર નવ દસકંધ !

બાંધી સાગર રમતમાં ઊતર્યા સદલ સુવેલ,
કરુણામય પ્રભુએ વળી દૂત પાઠવ્યો ઘેર.

હસ્તિ સમૂહે સિંહસમ આવીને એણે,
બળને માપ્યું, હિત તણાં વચન કહ્યાં પ્રેમે.

(ચોપાઈ)

દાસ અંગદ હનુમંત જેના અતિનિપુણ રણે યમ જેવા,
તેને માનવ કેમ કહો છો, વ્યર્થ મમતા મદમાન વહો છો.

કર્યો રામની સાથે વિરોધ કરી કાળના સદનની શોધ;
હજુ ઊપજે ના અંતરે જ્ઞાન, સમજી ના શકતા કલ્યાણ.

કાળ દંડ લઈને ના મારે, ધર્મબળ બુદ્ધિતર્કને ટાળે,
જેનો સાંઈ, સમીપે હો કાળ ભ્રમ થાય છે એને અપાર.

(દોહરા)

બે સુત મર્યા, નગર બળ્યું, સમજો હજુ પણ નાથ,
કૃપાસિંધુ રઘુનાથ ભજો રહે વિમળ યશ સાથ.

(ચોપાઈ)

સુણી શબ્દને શરના સમાન છોડ્યું દસકંધરે ના ગુમાન;
ભય ભૂલી પ્રગટતાં પ્રભાત ગયો સભામાં સચિવસંગાત.

રામે અંગદને બોલાવ્યો, આવી અંગદ ચરણોમાં નામ્યો;
ભાવે બોલ્યા બેસાડીને પાસે, પૂછું સત્યને સુણવાની આશે.

કુળતિલક જે રાક્ષસકેરું, બળ જેનું છે જગમાં અનેરું;
એવા મુકુટો રાવણકેરા ચાર પામ્યો ક્યાંથી તું શક્તિના સાર.

બોલ્યો અંગદ પ્રભુ સુખસાર, એ તો રાજાતણા ગુણ ચાર,
સામ દામ તથા દંડ ભેદ; વસે નૃપના ઉરે કહે વેદ.

(દોહરા)

નીતિધર્મનાં ચરણ એ કહ્યાં નૃપતિનાં ચાર;
ધર્મ નથી રાવણમહીં એથી થયાં અસાર.

ધર્મહીન પ્રભુપદ વિમુખ કાળવિવશ દસશીશ,
એથી આવ્યા ગુણ તજી સુણો કોશલાધીશ.

સુણી ચાતુરી કપિતણી રઘુપતિ હસ્યા ઉદાર;
વાલિકુમારે તે પછી કહ્યા પુર સમાચાર.

*

## ૮. યુદ્ધનો આરંભ

(ચોપાઈ)

સુણી શત્રુતણા સમાચાર મંત્રી તેડાવ્યા રામે તત્કાળ,
કહ્યું ચાર વિકટ લંકાદ્વાર, કેમ લડવું કરો એ વિચાર.

જાંબવાન સુગ્રીવ વિભીષણ સ્મરી રાઘવ રઘુકુળભૂષણ,
કરવા લાગ્યા કર્તવ્યવિચાર, દળ બનાવ્યાં એમણે ચાર.

સાનુકુળ સેનાપતિ નીમ્યા, યૂથપતિને બોલાવી ઘડીમાં,
કહ્યો પ્રભુનો અપાર પ્રતાપ, કર્યો કપિએ દોડી સિંહનાદ.

હર્ષે રામચરણ શિર ઢાળી દોડ્યા શૈલશિખર શૂર ધારી;
બોલ્યા ઉલ્લાસે ભાલુ-કપીશ જય રઘુવીર કોશલાધીશ.

દુર્ગ દુર્ભેદ્ય લંકાનો જાણ્યો, ભય પ્રભુના પ્રતાપે ના માન્યો,
ચાલ્યા લંકા ચતુર્દિશ ઘેરી બજવી ડંકા નિશાન ને ભેરી.

(દોહરા)

જય રઘુવર જય લક્ષ્મણ જય કપીશ સુગ્રીવ,
કરતા કપિ સૌ ગર્જના ભાલુ સિંહસમ વીર.

(ચોપાઈ)

થયો શોર લંકામહીં ભારે બોલ્યો અભિમાની રાવણ ત્યારે,
જુઓ ધૃષ્ટતા વાનર કેરી, સૌના માથે વાગે કાળભેરી.

આવ્યા કપિ ભલે કાળના પ્રેર્યા, મારા રાક્ષસ ભૂખ્યા બધા આ,
વિધિએ ભોજન સામેથી આપ્યું, અટ્ટહાસ્ય કરી એવું ભાખ્યું.

વીરો, ચારે દિશામાં જાઓ ભાલુ-વાનરને ભલે ખાઓ;
સુવે ચત્તી જ માની ટિટોડી પડે નભ તો પગે રાખું રોકી,
એવું રાવણનું મિથ્યાભિમાન, ઘોર વ્યાપેલું હૈયે અજ્ઞાન.

શૂલતોમર પરિઘ કૃપાણ પરશુ મુદગર શૈલ કરાળ,
ભિંડિપાલ બરછી સાંગ સાથે ચાલ્યા રાક્ષસો વાટે ને ઘાટે.

લાલ પથ્થર નિકર નિહાળી દોડે ખગ અજ્ઞ માંસાહારી,
ચાંચ તૂટવાનું નવ કલ્પે તેમ દોડ્યા અસુર એ સહુયે.

(દોહરા)

વિવિધ ચાપશરને લઈ જાતુધાન બલવીર,
કોટકાંગરા પર ચઢ્યા કોટિકોટિ રણધીર.

(ચોપાઈ)

મેરુશિખરે વાદળ મન મોહે તેમ કાંગરે કપિ સહુ સોહે;
વાગ્યાં યુદ્ધના ઢોલનિશાન, નાચ્યા યોદ્ધાના લડવાને પ્રાણ.

વાગી શરણાઈ અગણિત ભેરી છાતી કંપાવી કાયરકેરી;
જોયા યોદ્ધા વિશાળ અનેક ભાલુ વાનર વીર દરેક.

કોઈ દોડે તો ગરજે કોઈ પાડે કિકિયારી શત્રુને જોઈ;
તોડી પર્વત માર્ગ બનાવે, હોઠ કરડે ઉમંગ મનાવે.

રામ-રાવણના જયકારે થયો યુદ્ધનો આરંભ ત્યારે;
ફેંક્યા પર્વતખંડ અસુરે, ફેંક્યા પકડીને પાછા કપિએ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ગિરિખંડ ખૂબ પ્રચંડ વાનર ભાલુ ગઢ પર નાખતા,
પકડી અસુરનાં ચરણ પટકી ધરિત્રી પર નાસતાં;
પડકારતા ચંચળ પ્રતાપી ભાલુકપિ કિલ્લે ચઢી,
જ્યાં ત્યાં ભવનમાં પ્રવેશીને રામયશ હરખે વદી.

(દોહરા)

એક એક નિશિચર ગ્રહી ચાલ્યા કપિ બળવાન,
રાક્ષસ પર પડતા રહ્યા હરતાં સૌના પ્રાણ.

(ચોપાઈ)

રામબળથી બલી કપિજૂથ મસળે નિશિચર સૂભટવરૂથ;
ચઢે દુર્ગ ઉપર કપિ રંગે બોલી જય રઘુવરની ઉમંગે.

પવને વિખરાય ઘનસમુદાય તેમ રાક્ષસો નાઠા બધાય;
થયો પુરમાં હાહાકાર ભારે, કર્યાં ક્રંદન શિશુ રુગ્ણ નારે.

દેવા લાગ્યાં રાવણને સૌ ગાળ રાજ કરતાં બોલાવ્યો કે કાળ;
દળ વિચળ થયું જાણ્યું જ્યારે કહ્યું ક્રોધે દશાનને ત્યારે.

થશે સમરવિમુખ જે કોઈ તેને તલવારે મારીશ જોઈ;
ભોગો ભોગવી સર્વસ્વ ખાઈ પ્રિય પ્રાણ ગણ્યા કેમ ભાઈ ?

સુણી કટુ વચનો ગભરાયા, વીર લડવા ક્રોધે ભયે ચાલ્યા;
માની સમરમરણ શૂરશોભા પ્રાણલોભ તજી લડ્યા યોદ્ધા.

(દોહરા)

અનેક આયુધસહ સુભટ લડ્યા કરી પડકાર,
વ્યાકુળ કરતાં ભાલુકપિ ત્રિશૂળપરિઘપ્રહાર.

(ચોપાઈ)

મુખ્ય મુખ્ય યોદ્ધાઓને મારી દેતા પ્રભુ પાસે ફેંકી ભારી;
કહેતા સૌનાં વિભીષણ નામ, દેતા રામ સૌને નિજ ધામ.

ખલ મનુજ દ્વિજામિષભોગી ગતિ પામતા યાચે જે યોગી;
રામ કોમળ કરુણાનિધાન કરતા વેરે સ્મરતાનું કલ્યાણ.

એવા કોણ કૃપાળુ છે અન્ય, ભજે એમને માનવ ધન્ય;
ભજે ભ્રમણાને જે નવ ત્યાગી મંદમતિ તે મનુષ્ય અભાગી.

કર્યો દુર્ગે હનુમંતે પ્રવેશ બોલ્યા અંગદ ને અવધેશ;
સોહે લંકામાં એ બંને કેવા, સિંધુ મથનારા મંદર જેવા.

(દોહરા)

ભુજબળથી રિપુદળ હણી થતાં દિવસનો અંત,
કૂદી બંને શ્રમરહિત આવ્યા જ્યાં ભગવંત.

પ્રભુપદકમળે શીશને મૂકી કર્યા પ્રણામ;
બંનેને પેખી થયા પ્રસન્ન પુલકિત રામ.

કૃપા કરી મધુરો કર્યો દૈવી દૃષ્ટિપાત;
સુખી બન્યા એથી ઉભય, ઊતર્યો સઘળો થાક.

(ચોપાઈ)

ગયા જાણી અંગદ હનુમાન કર્યું વાનરસૈન્યે પ્રયાણ,
થતાં રાક્ષસો સાયંકાળ દોડ્યા લડવા માટે તત્કાળ.

ફર્યા વાનરયોદ્ધાઓ પાછા, લાગ્યા લડવા રાખી જય આશા;
બંને સેના હતી બળવાન, લડી ઉત્સાહે મૂકીને પ્રાણ.

હતા રાક્ષસો વીર ને કાળા, કપિ વિવિધરંગી પુષ્ટ ન્યારા,
વળી સઘળા વિશાળ-શરીર, ડરતા યુદ્ધથકી ના લગીર.

વર્ષા શરદનાં વાદળ જેવા બંને દેખાતા દૂરથી કેવા,
લડતા પવનથી પ્રેરિત જાણે, પ્રિય જીવનને નવ માને.

અતિકાય અકંપન માયા રચી અસુરો તરફથી આવ્યા,
થયો અંધાર એથી પળમાં, જાગ્યો ક્ષોભ વાનરના દળમાં.

(દોહરા)

લોહી પથ્થર રાખની વૃષ્ટિ થવા લાગી,
કપિ પોકાર કરી રહ્યા દૃષ્ટિને ત્યાગી.

(ચોપાઈ)

મર્મ સઘળો રઘુનાયકે જાણ્યો ભ્રમ વાનરસૈન્યનો ટાળ્યો;
દોડ્યા ક્રોધે અંગદ હનુમાન, દીધું રામે રહસ્યનું જ્ઞાન.

રામે ધનુષ હસીને ચઢાવ્યું, સદ્ય પાવકબાણ ચલાવ્યું;
થયું તેજ રહ્યું ના અંધારું જ્ઞાન પ્રગટ્યે સંશય જેમ ચારુ.

શ્રમભયથકી મુક્ત પ્રસન્ન થઈ વાનરસેના અનંત;
ગરજ્યા હનુમાનઅંગદ રણમાં, નાઠા રાક્ષસો હાકથી ક્ષણમાં.

જતા યોદ્ધાને પાડીને મારે કપિભાલુ ઉત્સાહથી ભારે;
પગ પકડી સમુદ્રમાં નાખે, ઝેરી જલચર એમને ચાખે.

(દોહરા)

મર્યા, થયા ઘાયલ, ગયા ગઢ પર ચઢી અનેક;
ખળભળાવતાં શત્રુદળ ગરજ્યા વાનર નેક.

*

## ૯. માલ્યવંતની સલાહ

(દોહરા)

રાતે કપિસેના ગઈ રામપાસ જ્યારે,
રામકૃપા દ્રષ્ટિથકી થાક મટ્યો ત્યારે.

(ચોપાઈ)

પુરમાં રાવણે સચિવો બોલાવ્યા, કહ્યું યોદ્ધા અનેક મરાયા,
થયો અડધી સેનાનો સંહાર, હવે કરવો ઘટે શો વિચાર ?

રાવણ માતપિતા મંત્રી શુદ્ધ માલ્યવંત નિશાચર વૃદ્ધ,
વદ્યો વચનો નીતિતણાં ત્યારે મારી શીખ સુણી લો અત્યારે.

તમે સીતાને લાવ્યા હરીને નથી મંગલ પામ્યા ફરીને;
યશ વર્ણવે વેદપુરાણ એના વિરોધે નવ કલ્યાણ.

(દોહરા)

રામવિમુખ સુખ ના લહે; અપશુકન થતા રોજ;
શાંતિ તેમ સુખ પામશો જશો શરણમાં તો જ.

હિરણ્યાક્ષ ભ્રાતાસહિત મધુકૈટભ બળવાન,
મારનાર છે અવતર્યા કૃપાસિંધુ ભગવાન.

કાળરૂપ ખલવનદહન ગુણાગાર શુચિબોધ,
શિવવિરંચિથી સેવ્યનો કરશો નહીં વિરોધ.

(ચોપાઈ)

છોડી વેર છોડો વૈદેહી, ભજો પરમકૃપાળુ સ્નેહી;
લાગ્યાં વચન તેનાં જાણે બાણ; કહ્યું કર અભાગી કલ્યાણ.

કાળું મોઢું કરી જાને ચાલી, મોઢું દેખાડતો નહીં આવી;
થયો વૃદ્ધ તું નહિ તો મારી કરી હોત ગતિ તારી ન્યારી.

કર્યું માલ્યવંતે અનુમાન હણવા ચાહે છે કરુણાનિધાન;
બોલ્યો મેઘનાદ ક્રોધે ત્યારે, જોજો શક્તિને મારી સવારે.

(દોહરા)

સુતના શબ્દોને સુણી પ્રગટ થયો વિશ્વાસ,
પ્રેમસહિત આસન ધર્યું એને અંકે ખાસ.

*

## ૧૦. મેઘનાદનો શક્તિપાત

(ચોપાઈ)

વીતી રજની થયું ને સવાર, કપિ ગોઠવાયા ચારે દ્વાર;
ઘેર્યો દુર્ગમ કિલ્લાને ત્યારે થયો નગરે કોલાહલ ભારે.

દોડ્યા રાક્ષસ આયુધ સાથે, ફેંક્યાં પર્વતશિખરોને હાથે;
ગોળા ગગડવા શૈલના લાગ્યા, મેઘ પ્રલયના જાણે કે જાગ્યા.

લડતાં કપિ થયા ઘાયલ રણમાં તોયે હિંમતને ધારી મનમાં,
કરવા કિલ્લા પર લાગ્યા પ્રહાર, મર્યા રાક્ષસો પડવાથી માર.

(દોહરા)

કિલ્લો ઘેર્યો વાનરે એમ સુણી ચાલ્યો,
કિલ્લા પરથી ઊતરતાં મેઘનાદ સામો.

કહ્યું ગરજતાં એહણે સકળ લોકવિખ્યાત,
ધન્વી કોશલરાજસુત ક્યાં છે બંને ભ્રાત ?

ક્યાં નલનીલ દ્વિવિદ વળી અંગદ ને હનુમાન,
ક્યાં સુગ્રીવ વિભીષણ બંધુદ્રોહમય પ્રાણ ?

આજ સર્વને તેમ તે દ્રોહીને મારું,
બાણ એમ બોલી કઠિન ધનુષ ઉપર ધાર્યું.

શરસમૂહ છૂટ્યાં વિવિધ સપક્ષ સર્પસમાં,
સન્મુખ કોઈ ના થયું, વાનર મર્યા ઘણા.

યુદ્ધતણી ઈચ્છા તજી પલાયન થયા સર્વ,
પ્રાણ શેષ કપિના રહ્યા, મટ્યા બધાંના ગર્વ.

દસ દસ શર માર્યા, પડ્યા પૃથ્વી પર કપિ વીર,
સિંહનાદ કરતો રહ્યો મેઘનાદ રણધીર.

(ચોપાઈ)

પેખી હનુમંત કટક બેહાલ દોડ્યા ક્રુદ્ધ બની જાણે કાળ;
મહાપર્વત તરત ઉપાડ્યો, રોષે મેઘનાદ પર નાખ્યો.

ગયો જોઈ એને એ આકાશે, આવ્યો પડકાર્યો તોય ના પાસે;
રથસારથિ અશ્વને માર્યા, યુદ્ધે પરચા અનેક બતાવ્યા.

મેઘનાદ ગયો રામપાસ કરવા લાગ્યો પ્રલાપને ખાસ;
અસ્ત્રશસ્ત્ર અનેક ચલાવ્યાં, રામે રમતમાં સૌને હઠાવ્યાં.

રામશક્તિ જોઈ મૂઢ લાજ્યો ભિન્ન માયા કરવા વળી લાગ્યો;
નાના સર્પો ગરુડને ડરાવે તેમ પ્રભુને ડરાવવા લાગ્યો.

(દોહરા)

જેની માયા વશ કરે બ્રહ્મા શિવ સૌને,
દર્શાવી માયા રહ્યો રાક્ષસ જડ તેને.

*

(ચોપાઈ)

નભથી વરસ્યા વિપુલ અંગાર, પ્રગટી પૃથ્વીથકી જલધાર,
લાગ્યાં નાચવા વિવિધ પિશાચ બોલી મારોકાપો નાચો નાચ.

વિષ્ટા રક્ત પરૂ વાળ હાડ, લાગ્યો વરસવા તેમ પહાડ;
કર્યું અંધારું વરસાવી ધૂળ, સૂઝ્યું કાંઈ ના એહના પુર.

કપિ માયા દેખી અકળાયા જોઈ મરણની સઘળે છાયા;
કર્યું રામે નિહાળીને સ્મિત જાણી વાનરોને ભયભીત.

એક બાણે મારી બધી માયા ટાળે જેવી રીતે રવિ છાયા;
કૃપાદૃષ્ટિથી સૌને નિહાળ્યા; બન્યા પ્રબળ રણે ન રોકાયા.

(દોહરા)

આજ્ઞા માગી રામની અંગદાદિ કપિ સાથ,
પ્રસ્થાન કર્યું લક્ષ્મણે ક્રુદ્ધ બાણ ધનુ હાથ.

(ચોપાઈ)

નેત્રો લાલ ઉરબાહુ વિશાળ, ગૌર હિમગિરિ તન લેશ લાલ.
યોદ્ધા રાવણના પણ આવ્યા, અસ્ત્રશસ્ત્રને ધારીને ધાયા.

નખ પર્વત વૃક્ષોને ધારી દોડ્યા વાનર રામ પોકારી;
દ્વંદ્વયુદ્ધ સમાનશું કરતા રહ્યા જયની અપેક્ષાથી લડતા.

મુષ્ટિ પાદપ્રહાર કરીને દાંતે કરડીને પ્રાણ હરીને,
પકડો શીશ તોડી નાખો મારો, લડતા શબ્દ કરાળ કરીને.

શબ્દ વ્યાપી રહ્યા ખંડેખંડ, ધડ દોડતાં જ્યાં ત્યાં પ્રચંડ;
જોતા કૌતુક દેવ અનંત પામી ખેદ આશ્ચર્ય આનંદ.

(દોહરા)

જામ્યા ખાડા રુધિરના ધૂળે ઢંકાઈ,
અંગારે હો શબતણી રાખ જેમ છાઈ.

(ચોપાઈ)

વીર ઘાયલ સોહતા કેવા વૃક્ષ કુસુમિત ખાખરા જેવા;
મેઘનાદ લક્ષ્મણ બંને વીર લાગ્યા લડવા બતાવતાં હીર.

એકમેકને જીતી શક્યા ના, કર્યા રાક્ષસે છળને ઘણા હા !
દેખી અનીતિને લક્ષ્મણે રથ તોડ્યો માર્યો સારથિને તરત.

કર્યા લક્ષ્મણે વિવિધ પ્રહાર, પડ્યો રાક્ષસને ઘણો માર;
કર્યું મેઘનાદે અનુમાન હવે હણી લેશે મારો પ્રાણ.

વીરઘાતિની શકિતને છોડી તેજે લક્ષ્મણઉરને તોડી;
થયો લક્ષ્મણ શીઘ્ર અચેત; ગયો મેઘનાદ પાસે છેક.

(દોહરા)

ઉપાડી રહ્યા અગણિત મેઘનાદ શા વીર,
ઉપાડી શક્યા તોય ના, ચાલ્યા છોડી ધીર.

ક્રોધાનલ જેનો શકે ચૌદ ભુવન બાળી,
સુરનર જડચેતન કરી સેવાને ન્યારી,

જેની જીવે તેમને કોણ શકે મારી,
કોનાથી સંગ્રામમાં તે બેસે હારી ?

રામકૃપા વિણ કોણ એ લીલાને જાણે,
જાણે તે વિષયો તજી ભક્તિરસ માણે.

*

સંધ્યા સમયે સૈન્ય બે પાછાં ફરી રહ્યાં,
કૃપાસિંધુ ભુવનેશ્વર વિભુએ વચન કહ્યાં.

લક્ષ્મણને તેથી લઈ આવ્યા ત્યાં હનુમંત,
તૂટ્યા પ્રભુના પેખતાં સઘળા સ્નેહસંબંધ.

જાંબવાનથી માહિતી મેળવતાં હનુમાન,
લઘુરૂપ લઈને ગયા લંકામાં તત્કાળ.

રામપદમહીં પ્રણમતાં પર્વત ઔષધનામ,
કહ્યું સુષેણે સૂચવ્યું પવનપુત્રને કામ.

*

## ૧૧. સંજીવની માટે પ્રયાણ

(દોહરા)

રામચરણ ઉરમાં ધરી ચાલ્યા પવનકુમાર;
દૂતે રાવણને કહ્યા ગુપ્ત સહુ સમાચાર.

કાલનેમિની રાવણે સહાયતા માગી;
કહ્યું રાક્ષસે વાત ના ઉચિત મને લાગી.

(ચોપાઈ)

સૌના જોતાં નગર જેણે બાળ્યું તેને કોઈ નથી રોકનારું,
ભજી રામને કરો કલ્યાણ, તજો મિથ્યા પદાર્થોનું ધ્યાન;
નીલકમળ સુંદરતન શ્યામ રાખો અંતરે નયનાભિરામ.

હું તું મારું એ મૂઢતા ત્યાગો, મહામોહની નિદ્રાથી જાગો.
કાળવ્યાલના ભક્ષક છે જે કદી સ્વપ્નેય જીતાય ના તે.

(દોહરા)

રાવણ કંપ્યો ક્રોધથી ત્યારે કર્યો વિચાર,
રામદૂત હાથે મરું પામું જીવનસાર.

રાવણ ખલ આસક્ત છે કુકર્મમાં, એને,
હાથે મરવાથી નહીં મુક્તિ મળે કેમે.

*

(આખ્યાન)

એણે રચી માર્ગમાં માયા, સરમંદિરને બાગ બનાવ્યાં;
મારુતસુત દેખી શુભ આશ્રમ જલ પી મટાડવા મારગશ્રમ.

મુનિ મળવા તૈયાર થયા આશ્રમમાં સુખસાથ ગયા;
કપટવેશમાં રાક્ષસ એ જ હરખાયો જોઈને છેક.

દૂત પરમ માયાપતિનો મોહિત કરવા ભાવ કર્યો,
પવનસુતે પણ કર્યા પ્રણામ, અસુરે ગાયાં પ્રભુ ગુણગાન.

લડી રહ્યા રાવણ ને રામ, રામ જીતશે ગુણના ધામ;
બોલ્યો અસુર દેખતો હું દિવ્યદૃષ્ટિથી દૃશ્ય બધું.

હનુમાને માગ્યાથી જલ એણે ધર્યું લઘુ કમંડલ;
થોડા જલથી નહીં ધરાઉં કહ્યું હનુમાન સહજ સ્વભાવ.

(દોહરા)

વદ્યો અસુર આવો તમે સરમાં સ્નાન કરી,
દીક્ષા આપું તે પછી રહેશે જ્ઞાન મળી.

સરમાં પ્રવેશતાં ગ્રહ્યો મગરીએ પગને,
હણતાં વિમાનમાં ગઈ દિવ્યદેહે ગગને.

(આખ્યાન)

કપિ, તુજ દર્શનથી નિષ્પાપ બની, મટ્યો મુનિવરનો શાપ;
મુનિ એ નથી, અસુર છે ઘોર, સત્ય વચન માની લે મોર.

અપ્સરા ગઈ વદતાં એમ, ચાલ્યા પવનપુત્ર સપ્રેમ;
બોલ્યા પ્રથમ દક્ષિણા લો, મંત્ર મને પાછળથી દો.

પટકયો પૃથ્વી પર તેને, પ્રાણ ટકી ન શકયો કેમે;
પ્રગટ કર્યું તન મરણસમે રામનામ લીધું અસુરે,
હરખી આગળ કર્યું પ્રયાણ હનુમાને એ સુણતાં વાણ.

ઓળખી શક્યા ઔષધિ ના હનુમંત પુનિત પર્વતમાં,
ઉપાડતાં ગિરિને હાથે અવધ પહોંચ્યા એ રાતે.

(દોહરા)

વિશાળ રૂપ નિહાળતા નિશિચર અનુમાની,
માર્યું બાણ ફરા વિના ભરતે ધનુ તાણી.

(આખ્યાન)

મૂર્છિત પડ્યા વાગતાં સાયક રટતાં રામરામ રઘુનાયક;
દોડ્યા ભરત વચન પ્રિય સુણી, સમીપ આવ્યા આતુર બની.

આપ્યું કપિને આલિંગન; જાગ્યા ના જગવ્યા તોપણ;
ખિન્નમુખ બન્યા પરમ દુ:ખી, બોલ્યા નયને અશ્રુ ભરી.

રામવિમુખ જીવનને કર્યું વિધિએ દારુણ દુ:ખ ધર્યું;
રામપદે તનમનવચને સત્ય પ્રેમ જો હોય મને,

હોય વળી રઘુપતિ અનુકૂળ કપિ તો બનો વિગતશ્રમશૂલ,
ઊઠ્યા વચન સુણતાં જ કપીશ જય હો કહી કોશલાધીશ.

(અનુષ્ટુપ)

કપિને આલિંગન ધર્યું તન પુલકિત લોચન સજલ;
પ્રીત સમાઈ ના ઉરે સ્મરી રામ રઘુકુલતિલક.

(આખ્યાન)

કહો કુશળતા સુખનિધાનની સહિત અનુજ અને માત જાનકી;
કપિએ કહ્યો કથાસંક્ષેપ, સુણતાં થયો ભરતને ખેદ.

દૈવ, જગે હું જનમ્યો કેમ; રામનો પ્રબળ પ્રાણે પ્રેમ,
તોપણ કામ ન આવ્યો એક, નિરર્થક થયું જીવન છેક.

ધૈર્ય ધર્યું અશુભ ગણી કાળ, કહ્યાં વચન ભરતે તત્કાળ,
જતાં લાગશે તમને વાર, કામ બગડશે થતાં સવાર;
ચઢો બાણ પર શૈલસમેત પહોંચાડું જ્યાં કૃપાનિકેત.

કપિમનમાં ઊપજ્યું અભિમાન, મુજ ભારે નહિ ચાલે બાણ;
કરતાં રામપ્રભાવ વિચાર કપિએ કહ્યું જોડતાં હાથ.

(દોહરા)

પ્રતાપ સ્મરતાં આપનો જઈશ નાથ, તુરંત;
ભરતચરણ વંદન કરી ચાલ્યા શ્રીહનુમંત.

ભરત બાહુબળ શીલગુણ પ્રભુપદપ્રીત અપાર,
વારંવાર વખાણતા ચાલ્યા પવનકુમાર.

*

(આખ્યાન)

લક્ષ્મણને જોઈને રામ બોલ્યા પ્રાકૃતજન અનુસાર,
કપિ ના'વ્યા મધરાત ગઈ; ભેટ્યા હૃદયે ભાવ ભરી.

કોમળ તારો બંધુ સ્વભાવ, દેખી શકે ન દુ:ખપ્રભાવ,
માતતાત મુજ કાજ તજ્યાં, ટાઢતાપ વન વાયુ સહ્યાં.

ગયો હવે ક્યાં ભાઈ પ્રેમ, ઊઠે આર્તવચને ના કેમ;
જાણત બંધુવિરહ વનમાં પિતાવચન પાળત ન બધાં.

સુત-વિત-નાર ભવન-પરિવાર મળે જાય જગ વારંવાર,
મળે ન કિન્તુ સહોદર ભ્રાત એમ વિચારી જલદી જાગ.

જેમ પાંખ વિણ ખગ અતિદીન મણિ વિણ ફણિ કરિવર કરહીન,
દૈવ ભલે મુજ રાખે જીવ, જીવન તુજ વિણ તેમજ દીન.

(દોહરા)

સ્ત્રી માટે પ્રિય બંધુને ખોઈ કયા મુખે,
જઉં અવધમાં; સહત હું અપયશ પૂર્ણ સુખે.

સ્ત્રીની હાનિ વિશેષ ના હાનિ જગતમાં હોત.
મારું જડ નિષ્ઠુર હૃદય અપયશ તેમજ શોક,
બંનેને સહશે હવે જીવી મૃત્યુલોક.

(આખ્યાન)

નિજ જનનીનો એક કુમાર એના પ્રાણતણો આધાર;
જાણી સુખદ હિતેચ્છુ મને સુપ્રત મુજને કર્યો તને.

કહીશ એ જનનીને શું, કેમ મને ન જણાવે તું ?
કરી રહ્યા એમ સતત શોક ભરી લોચને જલનો ધોધ.

રામ અખંડ એકરસ એક લીલા કરતા શ્રેષ્ઠ અનેક,
સાધારણ માનવની જેમ સધાય ભક્તતણું હિત તેમ.

(અનુષ્ટુપ)

પ્રભુપ્રલાપ સુણતાં સકળ તરત બન્યા વાનર વિકળ;
આવ્યા ત્યાં હનુમાન, કરુણ રસે જેમ વીરરસ.

*

## ૧૨. કુંભકર્ણનો નાશ

(આખ્યાન)

ભેટ્યા મુદિત રામ હનુમાન, અતિકૃતજ્ઞ પ્રભુ પરમસુજાણ;
સત્વર વૈદે કર્યો ઉપાય, લાવ્યા લક્ષ્મણ જાગૃતિમાંહ્ય.

ભેટ્યા લક્ષ્મણને શ્રીરામ, સેના હરખાઈ કૃતકામ;
સુષેણને લાવેલા જેમ પવનસુતે પહોંચાડ્યા તેમ.

(દોહરા)

વૃત્તાંત સુણી રાવણે વિષાદ વ્યક્ત કર્યો,
કુંભકર્ણને જતનથી નિદ્રાથી જગવ્યો.

(આખ્યાન)

કુંભકર્ણ દેખાયો કેવો કાળે દેહ ધર્યો હો એવો;
પૂછ્યું આર્ત બન્યો છે પ્રાણ મુખમંડળ કેમ બન્યું મ્લાન ?

કહી જાનકીહરણ કથા, અનુભવી નહીં લેશ વ્યથા;
કપિએ કર્યો અસુરસંહાર પ્રમુખ વીરને માર્યો માર.

દુર્મુખ સુરરિપુ નરભક્ષક અતિકાય અકંપન રક્ષક;
અન્ય મહોદર સરખા વીર રણે હણાયા સૌ રણધીર.

(દોહરા)

કુંભકર્ણ શબ્દો સુણી વ્યથાતુર વદ્યો વાણ,
જગદંબા લાવી હરી મૂર્ખ ચહે કલ્યાણ ?

(આખ્યાન)

સારું નવ કર્યું નિશિચરનાથ, જગવ્યો મુજને શાને કાજ ?
હજુય તજ તારું અભિમાન, ભજી રામને કર કલ્યાણ.

દૂત જેમના છે હનુમાન મનુજ તેમને ના તું જાણ;
બંધુ, ભૂલ તેં પરમ કરી, વાત કહી ના પ્રથમ જરી.

કર્યા વિરાધી એવા દેવ સુરશિવ કરતા જેની સેવ,
ભજે વળી બ્રહ્મા જેને રિપુ માન્યા શેને તેને ?

હવે કરી લે આલિંગન, કમળનયન શ્રી રઘુનંદન,
નિહાળતાં ધન્ય કરું નેન, ત્રિતાપમોચન કરશે ક્ષેમ.

(દોહરા)

રામરૂપગુણને સ્મરી મગ્ન બની ક્ષણ એક,
માગ્યા એણે કોટિ ઘટ મદ ને મહિષ અનેક.

(આખ્યાન)

કરી મહિષસહ મદિરાપાન ગરજ્યો વજ્રાઘાત સમાન,
કુંભકર્ણ દુર્મદ રણરંગ ચાલ્યો તજતાં દુર્ગ અસંગ.

જોતાવેંત જ કર્યા પ્રણામ વિભીષણે બોલીને નામ;
આપ્યું એને આલિંગન ભક્ત સમજતાં રઘુનંદન,
દર્શાવ્યો આનંદ અપાર; અનુજે કહ્યો કથાનો સાર.

કલ્યાણતણી કહેતાં વાત મારી મને રાવણે લાત;
આવ્યો એથી ગ્લાનિભર્યો, રઘુપતિ મનને તરત ગમ્યો.

બન્યો કાળવશ સાચે રાવણ તેથી માને કેમ શિખામણ;
ધન્યધન્ય તું ધન્ય વિભીષણ બની ગયો નિશિચર કુળભૂષણ,
કર્યો વંશને ખરે ઉજાગર ભજી રામ શોભાસુખસાગર.

(દોહરા)

વચન-કર્મ-મન છળ તજી ભજ રાઘવ રણધીર;
સૂઝે મને ન નિજ પર બન્યો કાળવશ, વીર !

વિભીષણ સુણી શબ્દને બંધુતણા ચાલ્યો,
ત્રિભુવનભૂષણ રામની પાસ તરત આવ્યો.

(આખ્યાન)

નાથ, ભૂધરાકાર શરીર કુંભકર્ણ આવે રણધીર,
સુણી વિભીષણકેરી વાણ દોડ્યા વાનર અતિબળવાન.

કોટિ વૃક્ષ ગિરિશિખરપ્રહાર કર્યા ભાલુ કપિએ વિકરાળ,
તોપણ તન ના લેશ ડગ્યું મન તેનું ના તેમ ચળ્યું.
આકડાતણો કર્યે પ્રહાર ગજ પર જેમ પડે ન પ્રભાવ.

મુક્કો હનુમાને માર્યો ધરતી પર એને ઢાળ્યો;
એણે તરત જ કરી પ્રહાર પાડ્યા કપિવરને તત્કાળ.

પાડ્યા નલનીલ વળી વીર, નાઠી સેના બની અધીર,
વરતાવ્યો ભય તેમજ ત્રાસ, રહી નહીં જયકેરી આશ.

(દોહરા)

અંગદાદિ સુગ્રીવને અચેત અન્ય કરી,
દાબી સુગ્રીવ બાહુમાં ચાલ્યો વીર ફરી.

અહિગણ સાથે જેમ કો ખેલ ગરુડ ખેલે,
તેમ કરી લીલા રહ્યા રઘુનંદન પ્રેમે.

ભ્રકુટિવિલાસે કાળનો કરે કોળિયો જે,
એવું યુદ્ધ લડી શકે સ્વપ્ને પણ ના તે.

પાવન યશનો વિશ્વમાં વિભુ વિસ્તાર કરે,
જેને ગાઈ માનવી ભવનિધિ ઘોર તરે.

સુગ્રીવે મૂર્છા મટ્યે કાખથકી સરકી,
કુંભકર્ણનાં નાક ને કાન તરત કરડી.

ગર્જના કરી ગગનના પંથે કર્યું પ્રયાણ,
ત્યારે તેના પ્રતિ ગયું કુંભકર્ણનું ધ્યાન.

પગ પકડી તેને તરત પૃથ્વી પર નાખ્યો,
સુગ્રીવતણા સ્વાદને એણે પણ ચાખ્યો.

નાક કાન વંચિત બન્યો કુંભકર્ણ શોકાર્ત,
ફર્યો ક્રોધથી યુદ્ધમાં જગાવવાને ત્રાસ.

જય જય જય રઘુવંશમણિ કરતાં કપિ જયકાર,
દોડ્યા એના પર કરી પર્વતવૃક્ષપ્રહાર.

*

(આખ્યાન)

કુંભકર્ણ રણરંગ વિરુદ્ધ, સન્મુખ ગયો કાળસમ ક્રુદ્ધ;
કોટિ કોટિ કપિ પકડી ખાય, જેમ ગુફામાં તીડ સમાય.

મસળ્યા કોટિ શરીરથી ગ્રહી, નાખ્યા કોટિ ચોળતાં મહીં;
નાસિકા વદન શ્રવણથકી નાઠા વાનરભાલુ ટકી.

રણમદમત્ત ધરીને દર્પ ગળવા લાગ્યો સર્જન સર્વ;
સુભટ ફર્યા નવ પાછા ફરી બન્યા અંધ પોકાર કરી.

(દોહરા)

કપિની સેના વિખરતાં દોડયું રાક્ષસસૈન્ય;
વ્યાકુળ દેખી સર્વને રજનીચરને ધન્ય,

બોલ્યા રામ, વિભીષણ લક્ષ્મણ ને સુગ્રીવ,
સંભાળો સેના તમે જોઉં રિપુબળવીર.

(આખ્યાન)

સજી ભાથું કટિ સારંગ હાથ અરિદલ દલનકાજ રઘુનાથ,
ચાલ્યા કરી ધનુષ ટંકાર, રિપુદલ બધિર બન્યું તત્કાળ.

સત્યસંઘ પ્રભુકેરાં બાણ કાળસર્પશાં સપક્ષપ્રાણ,
ચાલ્યાં જ્યાંત્યાં શોર કરી, અસુર ધરા પર રહ્યા ઢળી.

કાપ્યા પદ ઉર શિર ભુજ દંડ, કર્યા શૂરતનના શત ખંડ;
ઘાયલ પડ્યા મહી પર વીર, ફરી ઊઠ્યા કો વિરલ અધીર.

ગરજે વીર વાગતાં બાણ મેઘસમા; પ્રિય માની પ્રાણ,
કોઈ નાસે, ધડ દોડે, પાડો કાપો સ્વર છોડે.

(દોહરા)

પ્રભુનાં બાણો ક્ષણમહીં કાપી રાક્ષસ ઘોર,
નિષંગમાં પાછાં ફર્યાં શાંત કરીને શોર.

*

(આખ્યાન)

કુંભકર્ણને થયો વિચાર મરી અસુરસેના ક્ષણવાર;
ક્રુદ્ધ બનીને મહાબલવીર સિંહનાદ કરતાં ગંભીર,

એણે ઊંચકી પર્વતખંડ નાખ્યા વાનર ઉપર અખંડ,
પરંતુ પ્રભુએ મારી બાણ કાપ્યા એ સૌને તત્કાળ.

રામે ધનુ ખેંચી સક્રોધ વરસાવ્યો કટુ શરનો ધોધ;
અસુરશરીર પ્રવેશી સર્વ બહાર આવ્યાં માણી પર્વ.

શોણિત સ્ત્રવતું શરીર શ્યામ કજ્જલ ગિરિમાં મેરુસમાન;
વ્યાકુળ બન્યો છતાંય હસ્યો, રણથી ના તિલમાત્ર ખસ્યો.

(દોહરા)

મહાઘોર ગરજી રહ્યો કોટિ ગ્રહીને કીસ,
પછાડતાં ગજરાજશો શપથસહિત દસશીશ.

(આખ્યાન)

ભાગ્યાં ભાલુ તેમ કપિજૂથ વરુથી જેવાં મેષવરૂથ;
વિકળ પોકારી કરુણ વાણ નાઠાં બચાવવાને પ્રાણ.

કહેવા લાગ્યા, અસુર અકાળ કપિકુળ પર પડશે તત્કાળ,
કૃપાવારિધર રક્ષો રામ શરણાગતવત્સલ અભિરામ.

કરુણ વચન સુણતાં ભગવાન ચાલ્યા ધરી ધનુષ ને બાણ,
સૈન્ય સકળ રાખી પાછળ ચાલ્યા લડવાને આગળ.

શત શર માર્યાં રોષ કરી, અસુરશરીરે ગયાં મળી,
દોડ્યો કુપિત વાગતાં બાણ, ડોલ્યા ધરતી પર્વત પ્રાણ.

શૈલ ગ્રહ્યો કરમાં એણે, તોડ્યો રઘુપતિએ તેને;
વામ કરમહીં ગિરિ ધારી દોડ્યો ત્યારે શર મારી,

પ્રભુએ તે કર પણ કાપ્યો, તેના જુસ્સાને માપ્યો,
પંખહીન મંદરગિરિ જેમ જોવા લાગ્યો યમની જેમ.

(દોહરા)

ત્રિલોકને ગ્રસવા થયો હોય જેમ તૈયાર,
દોડ્યો ક્રોધે તેમ તે ઘોર કરી ચિત્કાર.

ભયભીત બની સિદ્ધ ને સુર સઘળા નભમાં,
હાહાકાર કરી રહ્યા શોક ભરી મનમાં.

(આખ્યાન)

દેવ સભય કરુણાનિધિ જાણી શ્રવણ સુધી ધનુ છેવટ તાણી,
શરનિકરે મુખ એનું ભર્યું તોપણ તન નીચે ન ઢળ્યું.

સામે દોડ્યો બનતાં કાળ શરભર વદનસહિત વિકરાળ;
પ્રભુએ સુતીક્ષ્ણ છોડી બાણ મસ્તક અલગ કર્યું તત્કાળ.

શિર તે પડયું દશાનન પાસ, વ્યાકુળ બની ગયો તે ખાસ,
સર્પ જેમ મણિ વિના અસાર જીવન લાગ્યું કરુણ અપાર.

(દોહરા)

ધડની દોટથકી ધરા ધસી ઘડીક અખંડ,
પ્રભુએ કાપીને કર્યા ધરતીના બે ખંડ.

ઉભય સૈન્યને દાબતા નીચે ખંડ પડ્યા,
બે પર્વત પૃથ્વી ઉપર પડે તેમ નભના.

તેજ સમાયું એહનું પ્રભુના વદનમહીં,
એથી સુરમુનિને રહ્યું અતિઆશ્ચર્ય થઈ.

દેવ દુંદુભિ વગાડતાં હરખ્યા, સ્તુતિ કરતાં,
પુષ્પો વરસાવી રહ્યા, નારદ ત્યાં પ્રગટ્યા.

(આખ્યાન)

કર્યું ગગન હરિગુણ ગણગાન, થયો ઉલ્લસિત પ્રભુનો પ્રાણ;
સત્વર શઠને હણો કહ્યું; તન રઘુપતિનું શોભી રહ્યું.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

સોહ્યા સમરમાં રામ કેવા અતુલબળ કોશલધણી,
શ્રમબિંદુ મુખ રાજીવલોચન અરુણ તન શોણિતકણી;
ભુજદ્વયમહીં ધનુબાણ ધાર્યું, ચતુર્દિશ કપિભાલુ છે,
બહુ વદનથી ના શેષ પણ ગાઈ શકે એ રૂપને.

(દોહરા)

અસુર અધમ અઘખાણશો અર્પ્યું એને ધામ,
મંદબુદ્ધિ તે માનવી ભજે નહીં જે રામ.

*

## ૧૩. મેઘનાદનું મૃત્યુ

(દોહરા)

દિનના અંતે સૈન્ય બે પાછાં ઉભય ફર્યાં;
યોદ્ધાઓ રણભૂમિમાં શ્રમિત થયેલ ઘણા.

પાવક પામી ઘાસને પ્રબળ બને છે જેમ,
વાનર દળ પણ વધ્યું રામકૃપાથી તેમ.

પોતાના મુખથી કહ્યે સુકૃત જેમ ઘટે,
નિશિચર એમ અહર્નિશ ઘટતા ગયા બધે.

બંધુશીશ ઉર રાખતાં કર્યો રાવણે શોક,
નારી છાતી કૂટતાં રડવા લાગી ફોક.

કહ્યું મેઘનાદે હવે જોજો મુજ પુરુષાર્થ,
ઈષ્ટદેવથી બળ અને રથને પામ્યો સાર્થ,

તે બળનું દર્શન નથી કદી કરાવ્યું મેં,
મહિમા મારો મુજ મુખે કહી બતાવું શે ?

સવાર પડતાં વાનરો ચઢ્યા ચતુર્દિશ દ્વાર;
રાક્ષસ પણ લડવા થયા કાળસમા તૈયાર.

માયામય રથ પર ગયો ગગને ને ગરજ્યો,
મેઘનાદ ભય જગવતો અટ્ટહાસ્ય કરતો.

(આખ્યાન)

શૂલશક્તિ તલવાર કૃપાણ અસ્ત્રશસ્ત્ર પરશુ વળી બાણ,
આયુધ વજ્રસમાન અપાર વૃષ્ટિ પરિઘની કરી કરાળ.

ગયાં છવાઈ નભમાં બાણ વરસ્યાં વાદળ જેમ રસાળ;
પકડો મારો વ્યાપ્યો શોર, પ્રહાર ચાલ્યા ચારેકોર.

ગિરિતરુસહ સેના દોડી, મારનાર ન મળ્યું કોઈ;
વિષાદગ્રસ્ત વળ્યા પાછા વાનર તેથી મદમાતા.

ઘાટ વાટ ને ગિરિ સઘળા સદન બન્યા જાણે શરના,
મેઘનાદ કેરી માયા વ્યાપી એમ સજી છાયા.

મારુતસુત અંગદ નલનીલ વ્યાકુળ કર્યા બધા બળશીલ,
પછી વિભીષણ ને સુગ્રીવ ઘાયલ કર્યા સુમિત્રાવીર.

રઘુપતિ સાથે યુદ્ધ કર્યું શરે સર્પનું રૂપ ધર્યું;
વાગ્યાં રઘુપતિને બહુ બાણ, રિપુએ હરવા લાગ્યો પ્રાણ.

(દોહરા)

એક અખંડ સ્વતંત્ર જે અવિનાશી સંપૂર્ણ,
નાગપાશથી રામ તે બંધાયા બહુમૂલ.

નટની પેઠે વિવિધ તે માયાચરિત કરે,
તોપણ સદા સ્વતંત્ર ને ઈશ્વર એક રહે.

નામ જપીને જેમનું મુનિ તોડે ભવપાશ,
કેમ કરી બંધાય તે વ્યાપક વિશ્વનિવાસ ?

પ્રભુ બંધાયા સમરની શોભાકાજ સપ્રેમ,
દેવોને ભય થાય ના એ દેખીને કેમ ?

(આખ્યાન)

ચરિત રામના સગુણ અગાધ પામે પાર ન બુદ્ધિવાણ,
વિરક્ત જ્ઞાની સમજી એમ તર્ક તજીને ભજે સપ્રેમ.

*

વ્યાકુળ સૈન્ય કરી ઘનનાદ પ્રગટ થયો કરતાં દુર્વાદ;
સુણતાં જાંબવાન પડકાર અસુરે કર્યો ત્રિશૂળપ્રહાર.

પકડી ત્રિશૂળ તે ન્યારું અસુરતણા ઉરમાં માર્યું;
જાંબવાનનો થતાં પ્રહાર પડ્યો ધરા પર રિપુ વિકરાળ.

પુન: ઘુમાવીને પટકયો પૃથ્વી પર પણ તે ન મર્યો,
નાખ્યો ત્યારે લંકા પર, નિરર્થક બન્યું રિપુનું બળ.

(દોહરા)

દેવર્ષિના સૂચનથી પહોંચી રઘુપતિપાસ,
માયા સર્પસમૂહનો ગરુડે કરતાં નાશ,

માયામુક્ત બની ગયા વાનર સઘળા એ,
દોડ્યા ધારી વૃક્ષ ને પર્વતપથ્થરને.

હર્ષાન્વિત કપિસૈન્યનો પામી પ્રબળ પ્રહાર,
વ્યાકુળ બનતાં રાક્ષસો નાઠા ગઢની પાર.

(આખ્યાન)

મેઘનાદને આવ્યું ભાન, થયો એહનો લજ્જિત પ્રાણ;
ગિરિગુફામહીં તરત ગયો, જપયજ્ઞસંકલ્પ કર્યો.

અતુલબળ વળી ઉદાર રામ વદ્યા વિભીષણ, પૂરણ કામ !
મેઘનાદ ખલ યજ્ઞ કરે, ફળે યજ્ઞ તો નહીં મરે.

રામે લક્ષ્મણ સાથ જઈ કપિને આજ્ઞા તરત કરી,
નાશ યજ્ઞનો કરવાકાજ; કહ્યું લક્ષ્મણે સજતાં સાજ,

ભાથું કમર પર બાંધી ધનુ પર સુંદર શર સાંધી,
રામપ્રતાપ હૃદય ધારી, દુશ્મનને નાખું મારી.

માર્યા વિના આજ આવું દાસ રામનો ન કહાવું,
શતશંકર પણ કરે સહાય, બચશે રિપુ તોપણ ન જરાય.

(દોહરા)

રઘુપતિચરણે શિર મૂકી ચાલ્યા તરત અનંત,
અંગદ નીલ મયંદનલ સુભટ સંગ હનુમંત.

*

(આખ્યાન)

પાડારુધિરની આહુતિ દેતો જઈ વાનરે એને દેખ્યો;
કર્યો યજ્ઞનો વાનરે નાશ ઊઠ્યો તોય ના બનતાં નિરાશ.

ત્યારે કપિએ પકડ્યા વાળ, મારી એને અગણિત લાત;
આવ્યો ત્રિશૂળસાથ ધસી લક્ષ્મણ સન્મુખ કમર કસી.

દોડ્યા અંગદ ને હનુમાન સંતપ્ત કરી ક્રોધે પ્રાણ,
કરી હૃદય પર કિન્તુ પ્રહાર પાડ્યા પૃથ્વી પર પળવાર.

ત્રિશૂળ લક્ષ્મણ પર છોડ્યું, શર મારી તેને તોડ્યું;
આવ્યા અંગદ ને હનુમાન, થયો ક્ષૂબ્ધ ના એનો પ્રાણ.

શર છૂટ્યાં લક્ષ્મણનાં ઘોર ચારેકોર કરીને શોર,
ત્યારે તે અદૃશ્ય થઈ વિવિધ રૂપથી રહ્યો લડી.

(દોહરા)

અસુરને અજય દેખતાં વાનર થયા નિરાશ;
નિરધાર કર્યો લક્ષ્મણે કરવા ખેલ ખલાસ.

(આખ્યાન)

સ્મરી કોશલાધીશ પ્રતાપ છોડ્યું શર બળસાથ અમાપ,
લાગ્યું હૃદયે તરત જ બાણ, કપટ તજીને ત્યાગ્યો પ્રાણ.

(દોહરા)

રામાનુજ ક્યાં રામ ક્યાં કહેતાં છોડ્યો પ્રાણ;
ધન્ય માત તારી, વદ્યા અંગદ ને હનુમાન.

*

વિના પરિશ્રમ દેહને એના પવનકુમાર,
ઉપાડતાં પાછા વળ્યા રાખી લંકાદ્વાર.

મૃત્યુ સુણી ગંધર્વસુર વિમાનમાં આવ્યા,
વ્યોમે, વરણી સુમનને યશ ગાવા લાગ્યા,

વાદ્ય વગાડી, આપનો જય હો જગદાધાર,
જય અનંત, સૌ દેવને કર્યા પીડથી પાર.

પ્રશસ્તિ કરતાં દેવ ને સિદ્ધ ગયા પાછા;
કપિસેનાની પાંગરી જયની અભિલાષા.

મંદોદરી રુદન કરી છાતી ફૂટી તેમ,
પોકારી ત્યારે રહી પ્રગટ કરીને પ્રેમ.

નગરજનો વ્યાકુળ બન્યા કહી નૃપતિને નીચ;
રાવણ સ્ત્રીઓને રહ્યો સમજાવી કે નીત,

જન્મે જીવ મરે જગે, નાશવંત છે રૂપ,
સમજી લો તો ક્ષણમહીં મળશે શાંતિ અનૂપ.

નીચ છતાંયે રાવણે કર્યો જ્ઞાનઉપદેશ,
વાણી વિશુદ્ધ શુભ છતાં વર્તનમાં ના લેશ.

પરોપદેશે કુશળ જન જગમાં ઘણા મળે,
કિન્તુ ચાલતા તે મુજબ માનવ વિરલ ખરે.

*

## ૧૪. રણમાં રાવણ

(ચોપાઈ)

રાત વીતી થયું ને સવાર, દોડ્યા ભાલુ કપિ ચારે દ્વાર;
બોલ્યો રાવણ સુભટ બોલાવી, યુદ્ધ જેમને ના શકે ફાવી,

દિલ લડતાં ડરે વળી જેનું, ઘેર રહેવામાં શ્રેય છે તેનું;
બાહુબળથી મેં વેર વધાર્યું, યોગ્ય ઉત્તર શત્રુને વાળું.

રથ વાયુસમા વેગવાળો કહી એમ તૈયાર કરાવ્યો,
વાગ્યાં વાજાં ને વીર સૌ ચાલ્યા જાણે કાજળવાદળાં ફાલ્યાં.
થયા અપશુકનો બધે ભારે, ગર્વે ગણકાર્યા ના એણે ત્યારે.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિગર્વને લીધે શુકન અપશુકન ગણકાર્યા નહીં;
હથિયાર હાથથકી પડ્યાં, યોદ્ધા પડ્યા રથથી મહી;
ગજ અશ્વ ચિત્કારો કરીને નાસવા લાગ્યા બધે,
ગર્દભ શિયાળો ગીધ કાગ વદી રહ્યા કર્કશપણે,
યમદૂત જેવા ઘુવડ બોલ્યા રડ્યા શ્વાનો કટુસ્વરે.

(દોહરા)

ભૂતદ્રોહરત મોહવશ રામવિમુખ રતિકામ,
તેને સંપદશુકન શુભ સ્વપ્ને નવ વિશ્રામ.

*

ચાલી સેના અસુરની ચતુરંગિણી અપાર,
વિવિધ સવારી વાહનો રથધ્વજસહિત વિશાળ.

(ચોપાઈ)

જૂથ મત્ત ચાલ્યાં ગજકેરાં જેમ વર્ષાવાદળ વાયુપ્રેર્યાં,
વેશ વિવિધ વરણના ધારી માયા જાણનારા વીર ભારી.

સેના વીર વસંતે સજેલી એવી ચિત્રવિચિત્ર બનેલી,
ચાલી ત્યારે દિગ્ગજ ડગ્યા, ડોલ્યા ગિરિ, સાગર ક્ષોભથી બોલ્યા.

સૂર્ય ધૂળે રહ્યો ઢંકાઈ, થાક્યો પવન, પૃથ્વી અકળાઈ;
ઢોલવાજાં ભયંકર વાગ્યાં જાણે પ્રલયનાં વાદળ ગાજ્યાં.

ભેરીનફેરી શરણાઈ વાદ્ય વાગ્યાં છોડી સુખદ મારુ રાગ;
સિંહનાદ કરી રહ્યા વીર બની યુદ્ધને માટે અધીર.

કહ્યું રાવણે સુભટ સુણી લો, ભાલુકપિને હવે મસળી દો;
બંને રાજપુત્રોને હું મારું કહી સૈન્યને સામે ચલાવ્યું.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

દોડ્યા વિશાળ કરાળ વાનર ભાલુ કાળસમાન એ,
પર્વતસમૂહો રહ્યા ઊડી ધરી જાણે પાંખને;

વર્ણે વિવિધ, નખ દાંત પર્વત વૃક્ષ હથિયારો લઈ,
શ્રીરામ રાવણ મત્ત ગજ મૃગરાજ યશ વર્ણન કરી.

(દોહરા)

જયકાર કરી બે તરફ શોધીને નિજ જોડ,
રાવણ રામ વખાણતાં લડ્યા લઈને કોડ.

*

## ૧૫. રામનો રથ

(આખ્યાન)

રાવણ રથી વિરથ રઘુવીર બન્યા વિભીષણ જોઈ અધીર;
પ્રીત અધિક થયો સંદેહ, વંદી ચરણે કહ્યું કરી નેહ.

નાથ, રથ ના કવચ પદત્રાણ, વીર જીતશો શે બળવાન;
વદ્યા મિત્ર હે કૃપાનિધાન, જય દેનારો છે રથ આન.

પૈડાં શૌર્ય ને ધૈર્ય તે રથનાં, નામ સત્ય ને શીલ છે ધ્વજનાં;
બળ દમ પરહિત ને વિવેક અશ્વ એના, નથી અતિરેક.

ઈશભજનનો સારથિ જાણ, ઢાલ વિરતિ સંતોષ કૃપાણ,
પરશુ દાન શક્તિ બુદ્ધિ ચંડ, શ્રેષ્ઠ વિજ્ઞાન કઠિન કોદંડ.

મન અમલ અચલ ભાથું ન્યારું, યમનિયમ ને શમ શર સારું,
વિપ્ર ગુરુપૂજા કવચ અભેદ્ય; અન્ય જયનો ઉપાય ના એક.

એવો ધર્મમય છે રથ જેનો શત્રુ જીતનારો નથી તેનો,
બને સર્વકાળે વિજયી તે એમાં સંશય ના જરીએ.

(દોહરા)

જેનો રથ દ્રઢ હોય તે સુણો સખા મતિધીર,
મહા અજય સંસારરિપુ જીતે એવો વીર.

વિભીષણે વચનો સુણી પ્રેમે કર્યા પ્રણામ;
એ બહાને શિક્ષા ધરી રામ કૃપાસુખધામ.

*

## ૧૬. રાવણ સાથે યુદ્ધ

(દોહરા)

રાવણ અગંદ પવનસુત કરી રહ્યા પડકાર,
લડ્યા નિશાચર ભાલુ કપિ ગણી સમરને સાર.

બ્રહ્મા જેવા દેવ ને સિદ્ધો મુનિવર એ,
વિમાનમાં બેસી રહ્યા જોઈ યુદ્ધ રસે.

મદોન્મત્ત યોદ્ધા પરમ બંને તરફ હતા,
વાનર રઘુપતિના બળે વિજયી કિન્તુ થતા.

લડતા ને પડકારતા યોદ્ધાઓ પકડી,
એકમેકને મસળતા પૃથ્વી પર પટકી.

(અનુષ્ટુપ)

મારતા કાપતા વીરો પકડીને પછાડતા,
તોડી મસ્તક તેનાથી અન્યને તેમ મારતા.
પેટને ચીરતા યોદ્ધા ભુજાઓને ઉખેડતા,
દાટી રાક્ષસયોદ્ધાને રેતી પુષ્કળ રેલતા.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ક્રોધી કૃતાંત સમાન કપિના અંગથી શોણિત વહે,
ગાજે છતાં પણ વીર તે લડવા અસુર સાથે ચહે;
લપડાક મારી કરડતાં ને પીસતાં લડતા બધા,
છળબળ કરીને નિશાચરનો નાશ નોતરતા હતા.

સૌ ગાલ પકડી ફાડતા છાતી કચરતા વાનરો,
ને અસુર આંતરડાં ગળામાં પહેરી ફરતા અહો;
પ્રહલાદપતિ તન વિવિધ ધારી રણમહીં જાણે રમે,
જે વજ્ર તૃણને, વજ્રને તૃણ, દિવ્ય લીલાથી કરે.

(દોહરા)

ક્ષુબ્ધ નિહાળી સૈન્યને વીસ ભુજા દસ તાપ,
રાવણ ચાલ્યો રથ ચઢી અભિમાનથકી આપ.

(આખ્યાન)

દોડ્યો પરમ ક્રુદ્ધ દસકંધર, સન્મુખ ગયા ગરજતા બંદર;
લેતાં પથ્થર વૃક્ષ પહાડ નાખ્યાં અરિ પર એકીસાથ.

વજ્ર તન પરે પર્વત પડી તૂટ્યા ખંડ અનેક બની;
રથને રોકી અચળ રહ્યો દુર્મદ રાવણ ક્રુદ્ધ ઘણો.

મસળતો રહ્યો કપિદળને, નાઠા કપિ છોડી રણને;
હે અંગદ હનુમાન કરો રક્ષા બોલી, મદદ ધરો.

રક્ષો હે રઘુનાથ તમે, કાળથકી ભયભીત અમે;
રાવણ ગ્રસી રહ્યો અમને, પોકાર કરીએ તમને.

(દોહરા)

વાનરને નાસી ગયા જાણીને એણે,
દસે ધનુષ પર બાણને સાંધ્યાં સમર વિશે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

સાંધ્યાં શરોને ધનુષ પર તે સર્પસમ ચાલી રહ્યાં,
ધરતી નભ દિશા તેમ પ્રદિશાને રહ્યાં વીંટી બધાં;
ક્યાં જાય કપિ, કોલાહલ વધ્યો, ભાલુકપિ વ્યાકુળ બન્યા,
રઘુવીર રક્ષક આર્તજનના, દયાસિંધુ, કહી રહ્યા.

(દોહરા)

નિજ દલ દેખીને વિકળ કટિ નિષંગ ધનુ હાથ,
ચાલ્યા લક્ષ્મણ કુપિત ત્યાં પ્રણમી જગના નાથ.

ભાલુ તેમ કપિને હણે હે શઠ તું શાને,
જો મુજને, છું કાળ હું આવ્યો તુજ માટે.

પુત્રનાશ કરનાર, હું તને રહ્યો શોધી;
કહ્યું રાવણે શરથકી રસ્તો અવરોધી.

શતખંડ કર્યા શરતણા તરત લક્ષ્મણે ત્યાં,
નિરર્થક વળી બળ કર્યાં કોટિ આયુધોના.

શરપ્રહારથી રથ અને સારથિ નાશ કર્યો,
માર્યાં શત શર ભાલમાં, રિપુ નવ તોય ડર્યો.

પેઠાં પર્વત શિખરમાં સર્પ જેમ સૌ તે;
ઉરમાં શત શર વાગતાં ઢળ્યો ધરા પર એ.

ભાન આવતાં અતિબલી ઊઠીને અસુરે,
ફેંકી શક્તિ ક્રોધથી અર્પી બ્રહ્માએ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એ શક્તિ લક્ષ્મણના હ્રદય પર બરાબર લાગી રહી,
વ્યાકુળ બન્યું અંતર ધરા પર તન રહ્યું સત્વર ઢળી;
રાવણ ઉપાડી ના શક્યો; શિર જેમના બ્રહ્માંડ આ,
રજકણસમાન વિરાજતું તેને સમર્થ ઉપાડવા,
રાવણ હતો સ્વપ્નેય ના; એ જાણતો'તો મર્મ ના.

(દોહરા)

દેખી દોડ્યા પવનસુત વચનો કહી કઠોર;
મુષ્ટિપ્રહાર કર્યો તરત વીર રાવણે ઘોર.

જાનુ ટેકવી ના પડ્યા પૃથ્વી પર હનુમાન,
ઊઠી રોષે કટુ કર્યો રિપુ પર મુષ્ટિપ્રહાર.

વજ્રપ્રહારે શૈલસમ રાવણ વિવશ પડ્યો;
સચેત બનતાં શક્તિની કરી પ્રશસ્તિ રહ્યો.

હનુમાન વદ્યા, જીવતો સુરદ્રોહી તું રહ્યો,
પૌરુષ ધિક્કાર હો મુજને વળી અહો !

કપિવર લક્ષ્મણકાયને લાવ્યા રામસમીપ,
રાવણને વિસ્મય થયો વિલોકતાં એ વીર્ય.

રામ વદ્યા, લક્ષ્મણ તમે સમજો અંતરમાં,
કૃતાંતભક્ષક બંધુ છો સુરરક્ષક જગના.

ઊઠ્યા સુણતાં વચનને લક્ષ્મણ પરમકૃપાળ;
ગગનમહીં શક્તિ ગઈ સત્વર એ વિકરાળ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ધનુબાણ સાથે બની આતુર શત્રુ સામે લક્ષ્મણે,
આવી કર્યો રથ તથા સારથિનાશ અતુલિતશા બળે;
શત શર ઉરે માર્યા, પડ્યો વ્યાકુળ ધરા પર રાવણ,
રથમાં લઈને અન્ય સારથિ ગયો પુરમાં સત્વર.

(દોહરા)

દશાનને જાગી કર્યો જયને માટે યજ્ઞ,
રામવિરોધી આગ્રહી અધિક બન્યો એ અજ્ઞ.

*

માહિતી એની મેળવી વદ્યા વિભીષણ, રામ,
સિદ્ધ યજ્ઞ બનતાં થશે અજય પૂર્ણ કૃતકામ.

માટે રાવણ યજ્ઞનો કરવો ઘટતો નાશ;
રામે યોદ્ધા મોકલ્યા અંગદ સરખા ખાસ.

રમતમાત્રમાં સૌ ગયા નિર્ભય ભવનમહીં,
કરી રહેલો યજ્ઞ ત્યાં રાવણ ધૈર્ય ધરી.

કપિ ક્રોધે બોલ્યા તજી રણને આવ્યો ઘેર,
લાજહીન, બક જેમ તું ધ્યાન કરે શી પેર ?

કર્યો અંગદે અસુર પર ક્રોધે લાતપ્રહાર,
તોપણ ઊઠ્યો એ નહીં, જોયું નહીં લગાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જોયું ન એણે લેશ ત્યારે ક્રોધથી વાનર બધા,
લાગ્યા પકડવા ને કરડવા દાંતથી એને અહા;

નાડી બધીયે બહાર કાઢી કેશને પકડી પછી,
પોકારતી અસહાય બનતાં, ક્રોધથી ત્યારે તપી.

ઊઠ્યો દશાનન કપિચરણને પકડતાં પટકી રહ્યો;
સંહાર યજ્ઞતણો કરાયો દીન એ દેખી થયો.

(દોહરા)

વિધ્વંસ કરી કુશળ કપિ પહોંચ્યા રઘુપતિ પાસ;
ચાલ્યો રાવણ રોષથી ત્યાગી જીવનઆશ.

(અનુષ્ટુપ)

ચાલતી વેળા ભયંકર વિવિધ અપશુકનો થયા,
ગીધ ઊડી દશાનનના શીશ પર બેસી ગયાં;
કાળવશ એણે ન માન્યું કિન્તુ એ સમયે કશું,
વગાડો ડંકા નિશાનો યુદ્ધનાં એવું કહ્યું.

(આખ્યાન)

ચાલ્યું રાક્ષસસૈન્ય અપાર ગજ રથ પદદળ તેમ સવાર;
પ્રભુસન્મુખ સૌ દોડ્યા ખલ જેમ શલભનાં વૃંદ અનલ.

દેવોએ સ્તુતિ અરજ કરી, અસુરે દારુણ વિપદ ધરી;
હવે રમાડો ના એને, જીવે વૈદેહી કેમે.

પ્રભુ મંદ હસ્યા સુણતાં વાણ, સજ્જ કર્યાં પોતાનાં બાણ;
શિર પર બાંધ્યો જટાસમૂહ, સોહે સુંદર વચ્ચે ફૂલ.

અરુણનયન તન મેઘશ્યામ, અખિલલોક લોચનાભિરામ;
કટિ પર પરિકર વળી નિષંગ, કર કોદંડ કઠિન સારંગ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

સારંગ કર કમરે નિષંગ ભરેલ સુંદર બાણથી,
ભુજદંડ પુષ્ટ વિશાળ શુભ ઉર પુનિત ભૃગુમુનિ પાદથી;
પ્રભુ દાસ તુલસી હાથમાં ધનુબાણ ફેરવતા થયા,
બ્રહ્માંડ દિગ્ગજ કમઠ અહિ ગિરિ ધરા નદ ત્યારે ડગ્યાં.

(દોહરા)

શોભા દેખી હરખતાં પુષ્પો સુર વરસ્યા,
જય કરુણાનિધિ શક્તિ ગુણ રૂપનિધાન, વદ્યા.

*

(અનુષ્ટુપ)

અસંખ્ય આસુરી સેના કોલાહલ મચાવતી,
આવી ત્યાં; વાનરો સામે ચાલ્યા નૂતનશક્તિથી,
થઈને સજ્જ જાણે કે વાદળાં પ્રલયંકર,
કટારો તલવારો શી ચમકી ચપલાસમ !

(આખ્યાન)

ગજ રથ તુરગ અવાજ કઠોર, ગરજે જાણે વાદળ ઘોર;
વ્યાપ્યાં વ્યોમે કપિનાં પુચ્છ જાણે સુંદર મેઘધનુષ,
ધૂળ ઊડતી જલની ધાર, બાણ બિંદુની વૃષ્ટિ અપાર.

ગિરિનો બંને તરફ પ્રહાર વજ્રપાત સમ વારંવાર;
વરસ્યા રઘુપતિ રોષે બાણ ઘાયલ થયો અસુર સમુદાય.

બાણ વાગતાં પાડી ચીસ પડતા અસુરો જ્યાં ત્યાં નીચ;
રક્ત વહેતું અંગ તજી ગિરિ જ્યમ ઝરણ રહે ન ભજી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ભયભીત કાયરને કરીને રુધિરની સરિતા વહી,
બે સૈન્યના તટ, રથો રેતી, ઘૂમરી પૈડાંતણી;
જલજંતુ ગજપદ ચરતુરગ ખર વિવિધ વાહનનાં બન્યાં,
શરશક્તિ તોમર સર્પ, ચાપ તરંગ, ઢાલ કમઠ થયા.

(દોહરા)

વીર તીર તરુસમ પડ્યા, મજ્જા જાણે ફીણ;
કાયર દેખીને ડર્યા, પેખે સુખે પ્રવીણ.

(આખ્યાન)

ન્હાય ભૂતપિશાચ વેતાલ શિવગણ તેમજ પ્રેત કરાળ,
કાક કંક લઈ ભુજા ફરે, એક છીનવે એક જમે.

સસ્તું ભોજન સદ્ય મળે, દરિદ્રતા સંપૂર્ણ ટળે;
તરફડી રહ્યા ઘાયલ વીર, ઢળતા કાળનદીને તીર.

ગીધ ખેંચતા આંતરડા માછી જાળસમેત બધાં;
શોણિતમાં સુભટો તરતા, પક્ષી નાવ ગણી રમતાં.

જોગણી ભરે ખપ્પર રક્ત, પિશાચિની નાચે મદમત્ત;
કપાલનાં કરતાલ બજે, ચામુંડાઓ ગાય બધે.

જંબુકવૃંદ કરે કટકટ શબને કાપે ભક્ષે ઝટ;
પરસ્પર કરે રોષ રુવાબ, કોટિ ધડથકી ખેલે ફાગ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય બોલતાં મસ્તક તથા ધડ દોડતાં મસ્તક વિના,
પક્ષી પરસ્પર લૂંટતાં, સુભટો સુભટને ખેંચતા;
કપિ રામબળ ગર્વિત નિકરને નિશાચરના મસળતા,
શર રામનાં પડતાં સુભટ ઢળતા તરત સૌ સમરમાં.

(દોહરા)

વિચાર લંકેશે કર્યો થતાં અસુરસંહાર,
એકલ હું, કપિ ભાલુ વધુ, માયા કરું અપાર.

*

પ્રભુનો રથ ના પેખતાં દેવો પામ્યા ક્ષોભ,
રથને ઈન્દ્રે મોકલ્યો માતલિસાથ અશોક.

(આખ્યાન)

તેજપુંજ રથ દિવ્ય અનૂપ, બેઠા રામ અવધપુર ભૂપ;
ચંચળ અશ્વ મનોહર ચાર અજર અમર મનસમ ફરનાર.

રથારૂઢ દેખીને રામ વાનર બન્યા અધિક બળવાન;
સહી શક્યો રાવણ ના માર કર્યો તદા માયાવિસ્તાર.

રઘુવરને માયા ન અડી, લક્ષ્મણ કપિએ સત્ય ગણી;
જોયા લક્ષ્મણસહ બહુ રામ કપિએ સેનામહીં તમામ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રિપુસૈન્યમાં બહુ રામલક્ષ્મણ દેખતાં વાનર ડર્યા,
સૌ સ્તબ્ધ ચિત્રાંકિતસમા કપિભાલુ ને લક્ષ્મણ બન્યા;
નિજ સૈન્ય ચકિત નિહાળતાં હસતાં સજી શર ચાપ પર,
માયા હણી ક્ષણવારમાં, સેના થઈ હર્ષિત સકળ.

(દોહરા)

રામે સૌને દેખતાં વચન કહ્યાં ગંભીર,
દ્વંદ્વયુદ્ધ પેખો હવે, શ્રમિત થયા સૌ વીર.

(આખ્યાન)

ચાલ્યા રથ સાથે રઘુનાથ વિપ્રપદ કમળવંદન સાથ,
લંકેશ ઉરે વ્યાપ્યો ક્રોધ, ગરજ્યો જાણે બળનો ધોધ.

બોલ્યો હે તાપસ સુણ વાત, અન્ય સમી ના મારી જાત;
રાવણ નામ જગતમાં ખ્યાત, લોકપાલ પણ મારા દાસ.

ખરદૂષણ વિરાધનો નાશ ભલે કર્યો તેં, બનતાં વ્યાધ;
વાલિને હણ્યો, અસુર હણ્યા, મેઘનાદ માર્યો મુજ ભ્રાત.

રણથી નાસે આજ નહીં વેર લઉં તો પૂર્ણ અહીં;
આવ્યો તું રાવણની પાસ, થઈ જશે કાળતણો ગ્રાસ.

કાળવશ ગણી સુણતાં વાણ વદ્યા સ્મિત કરી કૃપાનિધાન;
પ્રભુતા સત્ય બધી તારી, દાખવ બળ તારું ભારી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

બકવાદથી કર નાશ ના યશનો, સુણી લે નીતિને,
પુરુષો ત્રિવિધ આંબા ફણસ જગમાં ગુલાબસમાન છે;
દે ફૂલ ગુલ, ફળફૂલ આંબો, ફણસ કેવળ ફળ ધરે,
એવી રીતે જન એક બોલે, અન્ય બોલે તે કરે,
ને અન્ય કેવળ કરે, બોલી ના બતાવે, આચરે.

(દોહરા)

દશાનન હસ્યો સાંભળી, વદ્યો, મને દે જ્ઞાન,
ડર્યો વેર કરતાં નહીં, પ્રિય ગણે હવે પ્રાણ.

(ચોપાઈ)

કહી એમ ક્રોધી દશકંધર છોડી રહ્યો કુલિશ સરખાં શર;
દિગદિગંત ધરતી આકાશ રહ્યો નહીં ક્યાંયે અવકાશ.

પાવકશર છોડી રઘુવીર બાળી રહ્યા નિશાચરતીર;
તીક્ષ્ણ શક્તિ છોડી એણે, હાનિ કરી ન શકી કેમે.

ફેંકયાં અનેક ચક્રત્રિશૂળ, પ્રભુએ સૌને કીધાં ધૂળ;
શઠના સકળ મનોરથ જેમ અનાયાસ કાપ્યાં સપ્રેમ.

માર્યાં સારથિને સો બાણ, ઢળ્યો ધરા પર વ્યાકુળ પ્રાણ;
કૃપા કરીને એને રામ જગાડી રહ્યા અર્પી હામ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

થયા યુદ્ધે ક્રુદ્ધ રઘુપતિ, બાણ આતુર સૌ બન્યાં,
કોદંડ ધ્વનિ અતિ ઉગ્ર સુણતાં અસુર ભીતિથકી ડર્યાં;

મંદોદરીનું હૃદય કંપ્યું, નદકમઠ ભૂગિરિ ચળ્યા,
દિગ્ગજ દશનથી મહી પકડી ઘોર ચિત્કારી રહ્યા.

(દોહરા)

દેવ હસ્યા, ધનુ ખેંચતા દોડયાં બાણ કરાળ,
શર અસંખ્ય ફુત્કારતાં ચાલ્યા જાણે વ્યાલ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

પાંખવાળા સાપસરખાં શર બધાં ચાલી રહ્યાં,
અશ્વસારથિને હણી ધ્વજપતાકા પાડી ગયાં;
ગરજતો રાવણ રહ્યો અતિજોરથી પણ અંતરે,
શ્રમિત ખૂબ થઈ ગયો, રોષે ચઢયો બીજા રથે.

શસ્ત્રાસ્ત્ર છોડ્યાં વિવિધ તો પણ ગયાં નિષ્ફળ એ સકળ,
પરદ્રોહરત જનના પ્રયત્નો થાય છે જેવા અફળ.

(આખ્યાન)

દસ ત્રિશૂળ અસુરે માર્યા, ચાર અશ્વ નીચે પાડ્યા;
રામે અશ્વ ઉઠાડી એ સુતીક્ષ્ણ વરસાવ્યાં શરને.

(દોહરા)

રાવણ શિર સરોજવન ભ્રમર રામનાં બાણ,
પંક્તિ ચાલી તેમની પ્રમુદિત કરવા પ્રાણ.

દસ ભાલમહીં દસદસ માર્યા રામે બાણ,
રેલી રક્તપ્રવાહને છેદી ચાલ્યાં ભાલ.

(આખ્યાન)

સ્ત્રવત રુધિર દોડ્યો બળવાન, ફરી કરીને શરસંધાન,
પ્રભુએ ત્રીસ બાણ માર્યાં, ભુજાશીશ નીચે ઢાળ્યાં.

કાપ્યાં તો પણ થયાં નવીન, કાપ્યાં પ્રભુએ બની પ્રવીણ;
છેદ્યાં એ વિધ વારંવાર તો પણ આવી ન શક્યો પાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

મસ્તકભુજા નભમાં છવાઈ રાહુકેતુસમાં રહ્યાં,
રઘુવીરતીર સુતીક્ષ્ણ લાગ્યાં તોય ના નીચે પડ્યાં;
એકેક શરથી શિરસમૂહો કપાતાં ફરતાં નભે,
જાણે કુપિત રવિકિરણ ભળતાં રાહુગ્રહમાં હો બધે.

(દોહરા)

શિર હણતા પ્રભુ તેમ તે બનતાં વળી અપાર,
જેમ વિષય સેવ્યે વધે નિતનિત નૂતન માર.

દેખી મસ્તક વૃદ્ધિને રાવણ વિસર્યો મોત,
ગરજ્યો અભિમાની દસે ધનુસાથ મૂકી દોટ.

દેખાયો રથ ના ઘડી; ઝાકળ જ્યમ રવિને,
ક્રોધે તેમજ બાણથી ઢાંકયો પ્રભુરથને.

હાહાકાર કર્યો સુરે ત્યારે ક્રોધ કરી,
પ્રભુએ ધનુષ ઉપાડતાં છેદ્યાં શીશ ફરી.

ધરા દિશા પ્રદિશા ગગન તેનાથી ઢાંક્યાં;
કપાયલાં શિર દોડવા ગગનપથે લાગ્યાં.

કોશલપતિ ક્યાં, રામ ક્યાં, લક્ષ્મણ ક્યાં સુગ્રીવ,
બોલી દોડયાં જયસ્વરે સૈન્ય કરી ભયભીત.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ક્યાં રામ બોલી શીશ દોડયાં, વાનરો નાસી રહ્યાં,
ત્યારે હસી રઘુવંશમણિએ શીશને વીંધ્યાં બધાં;
શિર માલિકા સહ કાલિકા સંગ્રામમાં ટોળે મળી,
સૌ રુધિર સરસ્નાતા રહી રણવટતણી પૂજા કરી.

(દોહરા)

ક્રુદ્ધ રાવણે તે પછી છોડી શક્તિ પ્રચંડ,
વિભીષણ તરફ તે વધી જેમ કાળનો દંડ.

(આખ્યાન)

શક્તિ આવતી દેખી ઘોર ભક્ત ભીડભંજન પણ મોર,
એમ વિચારી રઘુપતિએ સહી શક્તિને લીધી તે.

શક્તિ લાગતાં મૂર્છિત થયા, વિલોકતાં સુર વ્યાકુળ બન્યાં;
પ્રભુનો પેખીને પરિશ્રમ ગદાસહિત દોડ્યો વિભીષણ.

કમભાગી શઠ હે મતિમંદ, કર્યો વિરોધ બનીને અંધ;
સાદર શિવને શિર તેં ધર્યાં, એકમેકનાં કોટિ કર્યાં.

તેથી ખલ તું ઊગરી શક્યો, કાળ હવે શિર નાચી રહ્યો;
રામવિમુખ સુખશાંતિ ચહે, ગતિ કેમ કરી શ્રેષ્ઠ લહે ?

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ઉર પર ગદાનો પ્રહાર થતાં ધરા પર રાવણ ઢળ્યો,
લોહી વદનથી નીકળ્યું તત્પર છતાં લડવા થયો;
એ દ્વંદ્વયુદ્ધે કાળસરખા લડી વીર ઉભય રહ્યા,
રઘુવીરબળથી રિપુ તૃણસમો ભક્ત લાગ્યો લેખવા.

(દોહરા)

રાવણ સામે ના કદી જોઈ શકતો જે,
રામપ્રતાપે કાળસમ લડયો વિભીષણ તે.

*

(આખ્યાન)

દેખી શ્રમિત વિભીષણ ભારી ગયા પવનસુત પર્વત ધારી;
કરી અશ્વરથ સારથિનાશ મારી રાવણહૃદયે લાત.

ઊભો રાવણ કંપિત ગાત્ર, ગયો વિભીષણ જ્યાં જગતાત;
કપિ પર અસુરે કર્યો પ્રહાર, ગયા ગગન કપિવર તત્કાળ.

રાવણે ગ્રહ્યું કપિનું પુચ્છ, ઊડયા કપિવર ગગને ઉચ્ચ;
લડવા લાગ્યા ક્રોધે ફરી, પ્રહાર કરતાં છળબળ કરી.

કજ્જલ સુમેરુપર્વત જેમ સોહી રહ્યા ઉભય શુર એમ;
બુદ્ધિબળે નિશિચર ના પડ્યો પ્રભુનો ત્યારે આશ્રય ગ્રહ્યો.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રઘુવીરને સ્મરતાં પવનસુત પ્રહારો કરતા ગયા,
પૃથ્વી પર પડી ઊઠતા લડતા, સુરે જયધ્વનિ કહ્યા;

હનુમંત સંકટને નિહાળી ભાલુકપિ દોડ્યા સકળ,
રણમત્ત અસુરે બાહુબળથી હણ્યા કિન્તુ બધા સુભટ.

(દોહરા)

રઘુપતિએ પોકારતાં દોડ્યા વીર પ્રચંડ,
કપિદળને પેખી પ્રબળ કર્યું પ્રગટ પાખંડ.

(આખ્યાન)

અંતર્ધાન થયો ક્ષણ એક, પ્રગટાવ્યાં ને રૂપ અનેક;
વાનરભાલુ હતા જ્યાં જ્યાં રાવણ પ્રગટ થયો ત્યાં ત્યાં.

અસંખ્ય અવલોકી દસશીશ ચોદિશ ભયથી પાડી ચીસ,
ભાગ્યા વાનર છોડી ધીર ત્રાહિ કહી લક્ષ્મણ રઘુવીર.

દસે દિશામાં દોડી રહ્યા કોટિ દશાનન ગરજી ઘણા,
ઘોર ભયંકર ક્રૂર કઠોર; દેવો કરવા લાગ્યા શોર.

જીત્યા દેવ રાવણે એક, આ તો રાવણ થયા અનેક;
ડરી દેવ ગિરિગુફામહીં, વસવા આતુર રહ્યા થઈ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

મુનિઓ જ જ્ઞાની શંભુબ્રહ્મા પ્રભુતણો મહિમા કળી,
લવલેશ ત્યાં ઊભા રહ્યા; ભયભીત વાનર સૌ બન્યા;
સમજ્યા અસત્ય ન શત્રુને, વ્યાકુળ બની નાસી ગયા;
નલ-નીલ અંગદ પવનસુત રિપુને રણે મસળી રહ્યા.

(દોહરા)

સુર વાનર દેખી વિકળ હસ્યા કોશલાધીશ,
સારંગ સજી એક શર હણ્યા સકળ દસશીશ.

ક્ષણમાં માયાને સકળ કાપી પ્રભુએ એ,
સૂર્ય ઉદય પામી હણે જેમ ગાઢ તમને.

એક જ રાવણ દેખતાં હરખ્યા છેવટ દેવ,
પ્રભુ પર વરસાવી રહ્યા પુષ્પો સૌ સ્વયમેવ.

ભુજા ઉઠાવી રઘુવરે બોલાવ્યા કપિને,
વેગે આવ્યા એ બધા પામી પ્રભુબળને.

દેવોને દેખી કરી રાવણ રહ્યો વિચાર,
એક છું છતાં પામશે કોઈ ના મુજ પાર.

એક જ છું પર્યાપ્ત હું, તમે સદા મૃત છો,
એમ દોડતાં રોષથી રાવણ તરત વદ્યો.

હાહાકાર કરી બધા દેવ ભયે ભાગ્યા,
ત્યારે આપી અંગદે હિંમત ને આશા.

(અનુષ્ટુપ)

લાત મારી અંગદે પકડી દશાનનને પ્રબળ,
ધરા પર પાડી, ગયો પ્રભુ પાસ સંતોષે પ્રખર;

રાવણે ઊઠી ગરજતાં કરી શરવર્ષા વળી,
સર્વને ઘાયલ ભયાકુળ કરી હરખાયો ફરી.

(દોહરા)

રામે રાવણનાં હણ્યાં શીશ ભુજા શર ચાપ,
છેદ્યાં તેમ વધ્યાં વળી જેમ તીર્થનાં પાપ,

ભુજા શિર વધ્યાં દેખતાં કપિભાલુ થયા ક્રુદ્ધ,
ભુજા શિર કપાયા છતાં કેમ મરે ના મૂઢ ?

(આખ્યાન)

વાલીતનય મારુતિ નલ-નીલ, વાનરરાજ દ્વિવિદ બલશીલ,
કરી રહ્યા ગિરિ વિટપ પ્રહાર, માર્યો તેથી વળતો માર.

ચીરે એક નખે રિપુકાય, મારી લાત અન્ય કપિ જાય;
ચઢ્યા નીલ-નલ રાવણશીશ, ભાલ ચીરવા બની અધીર.

રુધિર દેખતાં થયો વિષાદ, આવ્યા શત્રુ પરંતુ ન હાથ;
કમળવને બે ભ્રમર ફરે એવું લાગ્યું દૃશ્ય રણે.

અંતે બંનેને પકડ્યા, પૃથ્વી પર કોપે પટક્યા;
નાઠા મરડી એનો હાથ ત્યારે લીધાં ધનુ શરસાથ.

મારુતિસહ કપિ થયા અચેત, સંધ્યા સમય થયો ત્યાં છેક,
હરખાયો રાવણ રણધીર, જાંબવાન પણ દોડ્યો વીર.

સંગ ભાલુ ભૂધર તરુસાથ મારી રહ્યા નિશાચર નાથ,
બન્યો ક્રુદ્ધ રાવણ બળવાન, પટક્યા કપિને હરવા પ્રાણ.
નિહાળતાં નિજ દળનો ઘાત મારી રાવણહૃદયે લાત.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એ લાત મારી જાંબવાને વિકળ રાવણને કર્યો,
પાડયો ધરા પર રથથકી તોયે અસુર એ ના મર્યો;
મૂર્છિત નિહાળી લાત મારી જોરથી એને ફરી,
ત્યાં રાત પડતાં ગયો સારથિ રથમહીં અંતે લઈ.

(દોહરા)

ભાન આવતાં ભાલુકપિ સૌ પહોંચ્યા પ્રભુ પાસ;
રાક્ષસ રાવણને રહ્યા ઘેરી પામી ત્રાસ.

*

## ૧૭. સીતા તથા ત્રિજટા

(આખ્યાન)

રાતે પહોંચી સીતા પાસ કથા કહી ત્રિજટાએ ખાસ;
શિરભુજાતણી વૃદ્ધિ સુણી સીતા પામી ભીતિ ઘણી.

ચિંતા વધતાં બની ઉદાસ, બોલી મંદ થતાં અભિલાષ,
થશે શું હવે માત કહો, મરશે રાવણ કેમ અહો !

સકળ જગતને દુ:ખ ધરે, શિર કપાય તો પણ ન મરે;
વિધિનાં ચરિત બધાં વિપરીત, ઊલટી દીસે એની રીત.

હરિપદકમળ વિયોગ ધર્યો તે વિધિએ આ ઘાટ ઘડ્યો,
કપટ કનક મૃગખેલ રચ્યો, રૂઠ્યું હજુ એ દૈવ અહો!

જીવાડી દુર્ભાગ્ય રહ્યું, રિપુને એ અનુકૂળ થયું;
રઘુપતિ વિરહ હલાહલ બાણ મારી કરે ક્ષુબ્ધ મુજ ધ્યાન,
છતાંય ના લે મારો પ્રાણ તેજ ટકાવે તેનો જાન.

સીતા વિલાપ કરતાં એમ સ્મરી રામને રહી સપ્રેમ;
ત્રિજટા બોલી ત્યારે એમ, રાજકુમારી રડતી કેમ ?

હૃદય લાગતાં એક જ બાણ બની જશે રાવણ નિષ્પ્રાણ;
ઉરમાં એ તુજને ધારે બાણ એટલે ના મારે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એના ઉરે સીતા વસે, સીતા હૃદયમાં હું વસું,
મુજ ઉદર ભુવન અનેક વસતાં, શરથકી ન રહે કશું;
એવું વિચારે રામ માટે તજી દે સંદેહને,
રિપુ જરૂર મરશે; શાંતિ પામી સુણી સીતા શબ્દ એ.

(દોહરા)

વિકળ થશે શિર છેદતાં, છૂટી જશે તુજ ધ્યાન,
ત્યારે રાવણહૃદયમાં રામ મારશે બાણ.

સમજાવી એવું બધું ત્રિજટા ભવન ગઈ;
સ્મરતાં રામ સ્વભાવને સીતા વ્યથિત થઈ.

રાત ચંદ્રને નીંદતા રહી વિલાપ કરી,
રાત દીર્ઘ યુગશી બની વીતે નહીં જરી.

વિરહવ્યથા વધતાં ઉરે ફરકયાં ડાબાં અંગ,
શુકન ગણી ધીરજ ધરી મળશે રઘુવરસંગ.

*

## ૧૮. રાવણનો નાશ

(દોહરા)

સારથિ પર ગુસ્સે થયો જાગી મધરાતે,
અધમ મંદમતિ, રણથકી લાવ્યો શા માટે ?

સારથિએ ધિક્કારતાં વિનવ્યો ચરણ ગ્રહી;
પ્રભાતમાં રાવણ ગયો રથ પર સમરમહીં.

વાનરસેનામાં થયો ખળભળાટ ભારે,
પર્વતવૃક્ષ ઉપાડતાં દોડ્યા ભટ ત્યારે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

વિકરાળ વાનર ભાલુ પર્વતને લઈ દોડી રહ્યા,
ક્રોધે પ્રહાર થતાં નિશાચર ભયથકી ભાગી ગયા;
બળવાન કપિ લંકેશને ચારે તરફ ઘેરી વળ્યા,
લપડાક મારી અંગ ચીરી કર્યો વ્યાકુળ અતિ અહા.

(દોહરા)

પેખી કપિને અતિપ્રબળ અસુરે કર્યો વિચાર,
અંતર્હિત બનતાં કર્યો માયાનો વિસ્તાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

માયા રચી તેથી ભયંકર ભૂતવૈતાલો થયા,
પ્રગટ્યા ધનુષ ને બાણ સાથે પિશાચો જીવો ઘણા,
તલવાર ખપ્પરને લઈને જોગણી નાચી રહી,
ગાતી વિવિધ ગીતો હરખથી સ્વાદ શોણિતનો ગ્રહી.

મારો અને પકડો કહીને ઘોર સ્વરમાં દોડતી,
નાસી જતા કપિભાલુને આરોગવાને શોધતી.
વાનરો જ્યાં જ્યાં જતા ત્યાં આગ જલતી દેખતા,
વ્યાકુળ થતા સૌના ઉપર પડતા પહાડો રેતના.

શ્રમિત વાનરને કરીને ગર્જના અસુરે કરી,
સુગ્રીવ લક્ષ્મણ વીર સઘળા રહ્યા ધરતી પર ઢળી.

(અનુષ્ટુપ)

રઘુનાથ અહા રામ બોલી યોદ્ધા રડી રહ્યા,
રાવણે બળ તોડીને અન્ય માયા કરી મહા.

*

(દોહરા)

પ્રગટ કર્યા હનુમાન તે દોડ્યા શિલા લઈ,
દળ રચી જઈ સર્વને ઘેર્યા યુદ્ધમહીં.

પુચ્છ કરી ઊંચાં કહ્યું મારો પકડો એમ,
સોહી રહ્યા દસે દિશે રામ મધ્યમાં તેમ.

મેઘધનુષની વાડમાં તમાલનું દ્રુમ હોય,
રામ એમ શોભી રહ્યા આકર્ષી સૌ કોય.

દેવો હર્ષે જયસ્વરો કરવા લાગ્યા ત્યાં,
રામે માયાને હરી શરે એક ક્ષણમાં.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

માયા મટ્યે કપિભાલુ હરખ્યા ફરીથી પાછા ફર્યા,
શ્રીરામ શરથી બાહુ શિર રાવણતણાં નીચે પડ્યાં;
રઘુવીર રાવણ સમરને કલ્પો સુધી શત શેષ ને,
કવિ શારદા કે વેદ ગાયે તોય પામે પાર શે ?

(દોહરા)

એના અલ્પ ગુણો કહે જડમતિ તુલસીદાસ,
જેમ નિજબળે મક્ષિકા ઊડે છે આકાશ.

ભુજાશીશ છેદ્યાં સતત મર્યો ન પણ લંકેશ,
રમતા પ્રભુ; સુરસિદ્ધમુનિ વ્યાકુળ પામ્યા ક્લેશ.

(આખ્યાન)

વધ્યા કાપતાં શિરસમુદાય જેમ લોભ વધતો પ્રતિલાભ;
મર્યો ન રિપુ શ્રમ ખૂબ થયો, જાણ્યો ખ્યાલ વિભીષણનો.

કહ્યા કાળ કાળતણા જે પ્રીતિપરીક્ષા કરતા તે.
સર્વજ્ઞ ચરાચરના નાથ, શરણાગત પાલક જગતાત,

સુરમુનિ સુખદાયક પ્રભુ હે, વદ્યા વિભીષણ શાંત સ્વરે.
નાભિકુંડમાં અમૃતવાસ જીવે તેથી રાવણ ખાસ.

(દોહરા)

શબ્દ વિભીષણના સુણી રામે લીધું બાણ,
અનેક અપશુકનો થયા ત્યારે ખેંચી ધ્યાન.

રડવા લાગ્યાં જોરથી ખર શિયાળ ને શ્વાન,
અમંગલ રહ્યાં સૂચવી વિહંગ વદતાં વાણ.

ધૂમકેતુ પ્રગટી રહ્યા દસે દિશે નભમાં,
દાહ થયો સઘળે થયું સૂર્યગ્રહણ ક્ષણમાં.

કંપ્યું ઉર મંદોદરીકેરું, મૂર્તિ રડી,
વજ્રપાત નભથી થયા, ડોલી ને ધરતી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિચંડ વાયુ ફરી રહ્યો, વાદળ રુધિર રજ વાળને,
વરસી રહ્યાં, કો વર્ણવી એ શકે સઘળાં અશુભને;
ઉત્પાત દેખી દેવ અકળાઈ રહ્યા જય બોલતાં,
ભયભીત જાણી રઘુવર ધનુબાણ ધાર્યાં ડોલતાં.

(દોહરા)

છોડ્યાં શર ધનુ ખેંચતાં રામે એકત્રીસ,
કાળસર્પ સરખાં ગયાં સૌ વરસાવી રીસ.

એક સાયકે નાભિનું અમૃતસર શોષ્યું,
અન્ય શરે શિર ને ભુજા કાપી ધડ તોડ્યું.

શિરભુજારહિત નાચવા ધડ એ ત્યાં લાગ્યું,
પછી દોડવા; દિલ મૃદુલ ધરતીનું ભાગ્યું.

બે ખંડ કર્યા ધડતણા પ્રભુએ મારી બાણ,
બોલ્યો રાવણ 'રામ ક્યાં, મારું' મરતાં વાણ.

(આખ્યાન)

ડોલી ધરા પડયે દસકંધર, ક્ષોભ થયો ગિરિ સરિતા અંદર;
દિગ્ગજ સિંધુ અશાંત બન્યા, પૃથ્વી પર બે ખંડ પડયા.

(દોહરા)

ભુજાશીશ મંદોદરી આગળ રાખીને,
બાણ સકળ જગદીશની પાસ પહોંચીને,

પ્રવેશી નિષંગે ગયાં હરખ્યા સુર સઘળા;
તેજ સમાયું અસુરનું રામતણા મુખમાં.

દેવ વગાડી વાદ્યને પુષ્પોને વરસ્યા,
મુનિ બ્રહ્માએ શંકરે જયજયકાર કર્યા.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય કૃપામૂળ મુકુંદ દ્વંદ્વહરણ શરણ સુખપ્રદ પ્રભો,
ખલદલવિદારણ પરમકારણ દયાસિંધુ સદા વિભો;
સુર સુમન વરસ્યા તથા દુંદુભિ વગાડી પ્રેમે રહ્યા,
સંગ્રામમાં શ્રીરામનાં અંગો અનંગસમાં થયાં.

શિરજટામુકુટ પ્રસૂન વચ્ચે અતિમનોહર રાજતાં,
એ નીલગિરિ પર તડિત પટલસમેત ઉડ઼ગણ નાચતા;
ભુજદંડ શરકોદંડ દીસે રુધિરકણ તન પર વળી,
જાણે તમાલ ઉપર વિરાજે રાયમુનિપંખી ફરી.

(દોહરા)

કૃપાદૃષ્ટિથી રઘુવરે સુરને અભય કર્યા,
ભાલુ તથા કપિ જયસ્વરે સર્વ પ્રસન્ન થયા.

*

## ૧૯. મંદોદરીનો વિલાપ

(આખ્યાન)

પતિશિર પેખી મંદોદરી મૂર્છિત વિકળ ધરા પર ઢળી;
યુવતીવૃંદ રડતું ત્યાં આવ્યું, રાવણસમીપ એને લાવ્યું.

ગતિ પેખી કરતાં પોકાર, કચતનની ન રહી સંભાળ;
તાડન ઉરનું રહી કરી, શક્તિ વખાણી અશ્રુ ધરી.

ધરા ધ્રુજતી બળથી રોજ, અગ્નિ સૂર્ય શશિ ખોતાં ઓજ;
શેષકમઠ ના સહતા ભાર તન તે ઢળ્યું ધરા પર આજ.

વરુણ કુબેર સુરેશ સમીર લડ્યા રણે ના ધારી ધીર;
સાંઈ, જીત્યા યમ ને કાળ બળથી, આજ બન્યા અસહાય.

પ્રભુતાની છે જગને જાણ, સુતપરિજનની ફરતી આણ,
રહ્યું નહીં કોઈ રડનાર, રામવિમુખના એવા હાલ.

વશ સહુ વિધિસૃષ્ટિ હતી નાથ, નમતા લોકપાલ ભય સાથ;
હવે અંગને જંબુક ખાય, રામવિમુખનું એમ જ થાય.
કાળવિવશ માન્યું ન તમે, નર માન્યા જગના પતિને.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જાણ્યા મનુજશા દનુજ કાનન દહનપાવક પ્રભુ સ્વયં,
શિવ દેવ બ્રહ્મા નમે ન ભજ્યા તેમને કરુણામયં;
જન્મી કર્યું પરદ્રોહરત પાપૌઘમય તનને તમે,
અર્પ્યું છતાંય સ્વધામ વંદન એ નિરંજન બ્રહ્મને.

(દોહરા)

અહા નાથ, રઘુનાથસા કૃપાસિંધુ ના અન્ય,
યોગીદુર્લભ ગતિ ધરી કર્યા તમોને ધન્ય.

*

(આખ્યાન)

સુણી સતીકેરી એ વાણ સુખી થયા સુર ઋષિમુનિ પ્રાણ;
અજ મહેશ સનકાદિ મહાન નારદ પ્રભુદર્શી વિદ્વાન,

આંખ ભરીને નીરખી રામ પ્રસન્ન મગ્ન બન્યા કૃતકામ.
રડતી દેખી સઘળી નાર થયા વિભીષણ વ્યથિત અપાર.

બંધુદશાથી પામ્યા શોક, કરી રહ્યા ઊંડો અફસોસ;
શાંતિ લક્ષ્મણે કરી પ્રદાન અનુસરતાં રઘુપતિની વાણ.

(દોહરા)

કૃપાદૃષ્ટિ કરતાં કહ્યું પ્રભુએ તજવા શોક;
કરવા રાવણની ક્રિયા વ્યથા પરહરી ફોક.

પ્રભુની આજ્ઞા અનુસરી વિધિસહ ક્રિયા કરી,
દેશકાળને સમજતાં અંજલિ પછી ધરી.

મંદોદરી સમેત સૌ સ્ત્રી અંજલિ આપી,
ગઈ હર્મ્યમાં, રામના ગુણમાં મન સ્થાપી.

*

## ૨૦. વિભીષણનો રાજ્યાભિષેક

(દોહરા)

વિભીષણે શિરને પછી ઢાળ્યું રામપદે;
લક્ષ્મણને બોલાવતાં સૂચવ્યું રઘુપતિએ.

(આખ્યાન)

કપીશ અંગદ નલ ને નીલ, જાંબવાન મારુતિ નયશીલ,
જાવ બધાય વિભીષણ સાથ રાજતિલક કરવાને ભાલ;
પિતાવચનના પાલનકાજ પુરમાં નહીં પ્રવેશું આજ.

ચાલ્યા કપિ પ્રભુવચન સુણી, તિલક વ્યવસ્થા પૂર્ણ કરી;
રાજ્યાભિષેક તરત કર્યો, સ્તુતિ કરતાં શુભ હેતુ સર્યો.

શીશ નમાવી કર્યા પ્રણામ; પ્રભુ પાસે પહોંચ્યા કૃતકામ,
લંકેશ તથા અન્ય બધા; વિસર્યા દર્શનથકી વ્યથા.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અમૃતસ્વરે સૌને સુખ ધર્યું, રિપુ તમારાથી મર્યો,
પામ્યા વિભીષણ રાજ્ય; યશ રહેશે તમારો નિતનવો,

ત્રિભુવનમહીં; યશગાન ગાશે તમારું મુજસાથ જે,
ભવસિંધુપાર અપાર તે સૌ પરિશ્રમ વિણ પામશે.

(દોહરા)

પ્રભુના શબ્દોને સુણી તૃપ્તિ ન કપિ પામ્યા,
પદપંકજને પકડતાં પુનઃપુનઃ નામ્યા.

*

## ૨૧. અગ્નિપરીક્ષા

(આખ્યાન)

બોલાવી સત્વર હનુમાન લંકા જાવ વદ્યા ભગવાન;
વૈદેહીને ખબર કરો, પાછા પૂછી ખબર ફરો.

આવ્યા નગરમહીં હનુમાન થતાં શેષ અસુરોને જાણ,
પૂજા પ્રશસ્તિસાથ કરી, સીતાને સપ્રેમ ધરી.

કર્યા દૂરથી પ્રેમપ્રણામ, દૂત રામના શ્રીહનુમાન,
જાણી પૂછ્યું કૃપાનિકેત કુશળ છે અનુજ સૈન્યસમેત.

માત, કુશળ કોશલાધીશ, જીત્યો સમરમહીં દસ શીશ;
રાજ્ય વિભીષણ પાસ ગયું; મન કપિ વચને મુદિત બન્યું.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિહર્ષ મનમાં, પુલક તનમાં, સજલ લોચનથી કહ્યું,
હનુમાન શું અર્પું તમોને, નથી કશું આ વાણશું;
માતા, અખિલ જગરાજ્ય મુજને કહ્યું હનુમાને મળ્યું,
વિજયી બનેલા બંધુ સાથે રામનું દર્શન થયું.

(દોહરા)

સીતા બોલી, ગુણ સકળ હૃદય વસો હનુમંત,
સાનુકૂળ શ્રીરામ ને રહો સદાય અનંત.

(આખ્યાન)

એવો સત્વર કરો ઉપાય નીરખે નયન શ્યામ રઘુરાય;
હનુમાન ગયા રઘુપતિપાસ, કુશળ કહ્યા સીતાના ખાસ.

સુણતાં વેંત ભાનુકુલ ભૂષણ વદ્યા વચન, યુવરાજ વિભીષણ,
મારુતસુત સાથે જાઓ; સીતાને સાદર લાવો.

ગયા સર્વ સીતાની પાસ, હતી રાક્ષસીઓ ત્યાં ખાસ;
વિભીષણે કરતાં ફરમાન તરત થયું સીતાનું સ્નાન.

ભૂષણ વિવિધ પહેરાવ્યાં, સરસ પાલખીને લાવ્યા,
બેઠી સીતા તે પર રામ સ્મરતાં હર્ષસહિત સુખધામ.

છડીદાર રક્ષક ચોપાસ, ઉરમાં સૌના પરમોલ્લાસ;
દર્શનાર્થ કપિભાલુ ગયા, ખિન્ન રોકતાં બની વળ્યા.

(દોહરા)

વદ્યા રામ સીતા ભલે ચાલીને આવે,
જનની જેમ જ સર્વને જોવાનું ફાવે.

કપિભાલુ બન્યા તૃપ્ત ને સુર સુમનો વરસ્યા;
રાખી રામે પ્રથમની સીતા અગ્નિમાં,
તૈયાર થયા પ્રગટ તે કરવા વિભુ સહુના.

એથી કરુણાસિંધુએ કર્યો લેશ દુર્વાદ,
સુણતાં સઘળી રાક્ષસી કરવા લાગી વિષાદ

*

(આખ્યાન)

પ્રભુનાં વચન ચઢાવી શીશ વદી કર્મમનવચન પવિત્ર,
લક્ષ્મણ, ધર્મસહાય ધરો, પાવક સત્વર પ્રગટ કરો.

લક્ષ્મણ સુણી સીતાની વાણ વિરહવિવેક ધર્મનીતિ પ્રાણ,
ઊભા લોચન સજલ લઈ, પ્રભુને શક્યા કશું ન કહી.

રઘુપતિની ઈચ્છા અનુસરી પાવકજ્વાળા પ્રગટ કરી;
પ્રબળ અગ્નિ અતિ પ્રગટ થયો, સીતાને પણ ભય ન રહ્યો.

કર્મવચનમન મુજ ઉરમાંહી હો કોઈ ન વિના રઘુરાય,
અગ્નિદેવ મુજ માટે હો ચંદનસમાન શીતળ તો.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ચંદનસમા પાવકમહીં સીતા પ્રવેશી પ્રભુ સ્મરી,
જય કોશલેશ મહેશવંદિત ચરણરતિ હૃદયે ધરી;
પ્રતિબિંબ ને લૌકિક કલંક પ્રચંડ પાવકમાં બળ્યું,
પ્રભુચરિત સુરમુનિસિદ્ધ પણ સમજ્યા નહીં જોઈ ખરું.

સોંપેલ જેવી ઈન્દિરાને વિષ્ણુને ક્ષીરસાગરને,
તન ધરી પકડી હાથ અનલે વેદ જગવિખ્યાત તે,
સોંપી સ્વહસ્તે તેમ સુંદર જાનકીને રામને;

રાજી રહી એ વામ ભાગે રામના પંકજકળી,
નવનીલ નીરજ નિકટ સોહે તેમ રસ નૂતન ભરી.

(દોહરા)

સુર હર્ષે વરસ્યા સુમન; વાગ્યાં નભે નિશાન,
કિન્નર ગાતા, અપ્સરા નાચી ચઢી વિમાન.

જનકસુતાસહ પ્રભુતણી શોભા અમિત અપાર;
હરખી બોલ્યા ભાલુકપિ જય રઘુપતિ સુખસાર.

*

## ૨૨. દેવોની તથા બ્રહ્માની સ્તુતિ

(આખ્યાન)

રઘુપતિનું અનુશાસન પામી માતલિ ગયો ચરણ શિર નામી;
આવ્યા દેવ સદા સ્વારથી, વદ્યા વચન જેમ પરમારથી.

દીનબંધુ રઘુરાય દયાળ કરી દેવ પર કૃપા અપાર;
વિશ્વદ્રોહરત ખલ કામી નિજ અઘ મર્યો કુમારગગામી.

સદા એકરસ સમ અવિનાશ પરબ્રહ્મ તમે સહજ ઉદાસ;
અકલ અગુણ અજ અનઘ અમોઘ, અજય અનામય કરુણાસ્ત્રોત.

મીન કમઠ સૂકર નરહરી વામન પરશુરામ વપુ ધરી,
જ્યારે પણ દુ:ખ પામ્યા દેવ, તમે કરી સ્નેહથકી સેવ.

મલિન હૃદય ખલ આ સુરદ્રોહી કામલોભમદરત અતિક્રોધી,
અધમાધમ ગતિ પામ્યો શ્રેષ્ઠ આશ્ચર્ય થયું અમને એ જ.

ઉત્તમ અધિકારી અમ દેવ સ્વાર્થે વિસરી ભક્તિસેવ,
ભવસાગરમાં પડ્યા સદાય, આવ્યા શરણે પાહિ દયાળ !

(દોહરા)

અરજ સાથે સૌ સિદ્ધસુર રહ્યા પ્રણામ કરી,
પુલકિત તન બ્રહ્મા રહ્યા સ્તુતિ સપ્રેમ ધરી.

*

(સ્તુતિ – અધરમ્ મધુરમ્)

જય રામ સદા સુખધામ હરે, રઘુનાયક સાયક ચાપધરે,
ભવહસ્તિ વિનાશક સિંહ પ્રભો ગુણસાગર નાગર નાથ વિભો!

બહુ કામસમાન શરીરછબી, ગુણ ગાય છે સિદ્ધ મુનીન્દ્ર કવિ;
યશપાવન રાવણ નાગ મહા બની ક્રોધે ગ્રહ્યો ખગનાથ અહા

જનરંજન ભંજન શોકભય ગતક્રોધ સદા પ્રભુ બોધમય;
અવતાર ઉદાર અપાર ગુણ, ભૂભાર વિભંજન જ્ઞાનઘન.

અજવ્યાપક એક અનાદિ સદા, કરુણાકર રામ પ્રણામ મુદા;
રઘુવંશ વિભૂષણ દૂષણ હા, કર્યો ભૂપ વિભીષણ દીન મહા.

ગુણજ્ઞાનનિધાન અમાન અજ, વિભુ વંદન રામ સદા વિદજ;
ભુજદંડ પ્રચંડ પ્રતાપ બળ, ખલવૃંદ નિકંદન અતિકુશળ.

વિનાકારણ દીનદયાળ હિત રસધામ પ્રણામ રમાસહિત;
ભવતારક કારણ કાર્ય પર મનસંભવ દારુણ દોષહર.

શરચાપ ને ચારુ નિષંગધર, જલજારુણ લોચન ભૂપવર,
સુખમંદિર સુંદર શ્રીરમણ, મદમાર મહામમતા શમન.

અનવદ્ય અખંડ અગોચર છો, સદા સર્વ રૂપે છતાં મુક્ત રહો;
વદે વેદ બધા નવ દંતકથા, રવિતાપ છે ભિન્ન અભિન્ન યથા.

કૃતકૃત્ય વિભો સહુ વાનર આ નીરખે મુખમંડળ સાદર હા !
ધિક જીવન દેવશરીર હરે, પ્રભુભક્તિ વિના પથ ભૂલ્યા ખરે.

હવે દીનદયાળ દયા કરજો, મતિ ભેદભરી હરિવર હરજો;
વિપરીત ન કે વર્તન કરીએ, દુ:ખને સમજી સુખ નવ ફરીએ.

ખલખંડન મંડન ભૂમિતણા પદપંકજ સેવતાં શંભુઉમા;
નૃપનાયક દો વરદાન મને ચરણાંબુજ પ્રેમ પવિત્ર બને.

(દોહરા)

પુલકિત તનથી સ્તુતિ કરી બ્રહ્માએ પ્રેમે;
શોભા નીરખી ના થયાં નેત્ર તૃપ્તિ કેમે.

*

## ૨૩. ઈન્દ્રની સ્તુતિ

(આખ્યાન)

એ અવસર પર દશરથ આવ્યા સુત નિહાળતાં અશ્રુ છવાયાં,
રામલક્ષ્મણે કર્યા પ્રણામ; આશીર્વાદ ધર્યા અભિરામ.

તાત, સકળ તમ પુણ્યપ્રભાવ હાર્યો અજય નિશાચરરાવ;
સુણી વચન રોમાંચ થયાં, નયન ભરાઈ અશ્રુ ગયાં.

રામે પૂર્વ પ્રેમઅનુમાન કરી એમને આપ્યું જ્ઞાન;
ભેદભક્તિ પ્રગટેલી મન મળ્યું ન એથી મુક્તિધન.

સગુણોપાસક મોક્ષ ન લે, રામ એમને ભક્તિ દે;
પ્રભુને કરી અનેક પ્રણામ દશરથ ગયા મુદિત સુરધામ.

(દોહરા)

અનુજ જાનકી સહિત પ્રભુ કુશળ કોશલાધીશ,
શોભા જોઈ સ્તુતિ કરી રહ્યા સુખી સુર-ઈશ.

(આખ્યાન)

શોભાધામ પ્રણતવિશ્રામ શરણાગત વત્સલ જય રામ;
કરમાં નિષંગ શર ને ચાપ, જય રઘુપતિ અતિપ્રબળ પ્રતાપ.

ખરદૂષણના દુશ્મન હે, કર્યું નિશાચર મર્દનને;
દુષ્ટ તમે આ મારી નાથ, કર્યા દેવને સકળ સનાથ.

ભૂમિભારને હરનારા મહિમા અપાર ધરનારા,
કર્યા રાક્ષસોને બેહાલ જય રાવણના શત્રુ કૃપાળ.

લંકેશનો ભયંકર ગર્વ, કરેલ વશ સહુ સુરગંધર્વ,
સિદ્ધ તેમ મુનિનર ને નાગ (ખગ) જીવનમાં જગવી આગ.

પરદ્રોહપરાયણ અતિદુષ્ટ પામ્યો ફળ તેનું અતિપુષ્ટ;
સુણો હવે હે દીનદયાળ કમળસમાન નેત્ર સુવિશાળ !

હતું મને એવું અભિમાન કોઈ સમાન કે ન મહાન;
દર્શન હવે તમારું મળ્યું, માન કષ્ટપ્રદ સકળ ટળ્યું.

કોઈ નિર્ગુણ કે અવ્યક્ત પ્રભુના ધ્યાનમહીં છે રક્ત,
પરંતુ મુજને કોશલભૂપ ગમે તમારું સગુણસ્વરૂપ.

વૈદેહી ને અનુજસમેત મમ અંતરમાં કરો નિકેત;
મને તમારો માની દાસ ભક્તિદાન દો રમાનિવાસ !

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

દો ભક્તિ ભયહર રમાના પતિ શરણથી સુખદાયક,
સુખધામ રામ પ્રણામ બહુવિધ કામમય રઘુનાયક;
સુરવૃંદરંજન દ્વંદ્વભંજન મનુજતન અતુલિતબળ,
બ્રહ્માદિ શંકરસેવ્ય રામ પ્રણામ કરુણાકોમળ.

(દોહરા)

કૃપાદૃષ્ટિ કરતાં કરો આજ્ઞા મને કૃપાળ;
પ્રિય વચન સુણી ઈન્દ્રનાં બોલ્યા દીનદયાળ.

(આખ્યાન)

સુરપતિકપિ ને ભાલુ અમારા ઢળ્યા ધરા પર નિશિચર માર્યા,
મુજ હિત માટે છોડ્યા પ્રાણ, બક્ષો સુરેશ સૌને જાન.

પ્રભુની રહસ્યવાળી વાણી અતિઅગાધ જાણે મુનિજ્ઞાની;
પ્રભુ ત્રિભુવનને હણે પ્રાણ દે મહત્તા ધરે સુરપતિને તે.

સુધાવર્ષણે પામી પ્રાણ પ્રભુપાસ ગયા સુભટ મહાન;
વરસ્યા સુધા ઉભય દળ ઉપર તોપણ જીવ્યા ના રજનીચર.

રામાકાર થયેલાં મન છૂટ્યાં તેથી ભવબંધન;
કપિ ને ભાલુ હતા સુરઅંશ રહ્યો અટલે જીવિત વંશ.

રામસમા હિતકારક કો, નિશાચરે કર્યા મુક્ત અહો;
ખલમલધામ કામરત જે રાવણ મુનિગતિ પામ્યો તે.

(દોહરા)

સુર સુમનો વરસી ગયા બેસી રુચિર વિમાન;
ઉત્તમ અવસર જાણતાં આવ્યા શંભુ સુજાણ.

*

## ૨૪. શિવની સ્તુતિ

(દોહરા)

નમન પરમપ્રીતે કરી ભરી નયનમાં નીર,
પુલકિત તન ગદ્ ગદ સ્વરે બોલ્યા શંકર ધીર.

(જય દેવી જય દેવી જય જય)

રક્ષો મુજને રઘુકુળનાયક ધર્યાં ચાપ સુંદર ને સાયક;
મોહમહાઘન પટલપ્રભંજન, સંશયવિપિન અનલ, સુરરંજન.

અગુનસગુણ ગુણમંદિર નાગર ભ્રમતમપ્રબળ પ્રતાપદિવાકર,
કામક્રોધમદ ગજપંચાનન, વસો નિરંતર જનમન કાનન.

વિષય મનોરથ પુંજકંજવન પ્રબળ તુષાર, ઉદાર, પારમન;
ભવવારિધિ મંથનના મંદર, તારો ભવનદથી અભયંકર !

શ્યામગાત્ર હે પંકજલોચન, દીનબંધુ પ્રણતાર્તિવિમોચન;
અનુજ જાનકીસહિત નિરંતર વસો રામનૃપ પ્રભુ મુજ અંતર.
મુનિરંજન મહીમંડલ મંડન તુલસીદાસ પ્રભુ સંકટખંડન.

(દોહરા)

કોશલપુરમાં આપનું તિલક થશે જ્યારે,
નિહાળીશ આવી ચરિત કૃપાસિંધુ ત્યારે.

*

(આખ્યાન)

કરી પ્રાર્થના શંભુ સિધાવ્યા ત્યારે નિકટ વિભીષણ આવ્યા;
ચરણે વંદી વદ્યા મૃદુ વાણી, સુણો હે પ્રભુ સારંગપાણિ !

સેનાકુળ સાથે રાવણ માર્યો; યશ ત્રિભુવનમાં વિસ્તાર્યો;
દીનહીન મલિનમતિ મુજને કરી કરુણા રાખ્યો સદા શરણે.

કરો પાવન ગૃહ હવે મારું, મટે થાક કરો સ્નાન ન્યારું;
જોઈ સંપત્તિલક્ષ્મી ને હર્મ્ય આપો કપિને કૃપાળુ સહર્ષ.

મને અપનાવી લો બધી રીતે, જાઓ સાથે અવધપુરી પ્રીતે;
સુણી શબ્દને દીનદયાળ દ્રવ્યા, છલકાયાં નયન વિશાળ.

(દોહરા)

રામ વદ્યા, ગૃહકોશ તુજ મારું છે સૌ કાંય,
ભરતદશા સંભારતાં નિમીષ યુગશી જાય.

તાપસવેશ ગાત્ર કૃશ ભજે મને દિનરાત,
ઉપાય સદ્ય કરો મળું એને કે સાક્ષાત.

અવધિ વીતતાં જો જઉં જીવિત મળું ના વીર;
સ્મરતાં ભરતપ્રીતિ પ્રભુ પુલકિત બન્યા લગીર.

કરો કલ્પ સુધી રાજ્યને સ્મરો સદા મુજને,
પામી લેશો ધામ મુજ મળતું મુનિજનને.

(ચોપાઈ)

સુણી મધુરી વિભીષણે વાણી કર્યા નમન શ્રીરામને નામી;
હરખ્યા કપિભાલુ સઘળા મનમાં કર્યું ગુણનું સ્તવન ઢળી પદમાં.

પહોંચી ભવને વિભીષણે પ્રેમે મણિવસ્ત્રે વિમાનને કેમે,
ભરી રામની આગળ રાખ્યું; કૃપાસિંધુએ હસતાં ભાખ્યું.

ચઢી પુષ્પકે પહોંચીને નભમાં મણિવસ્ત્રને વરસાવો ક્ષણમાં;
કર્યું શીઘ્ર વિભીષણે એવું લીધું જેણે જેવું ફાવે તેવું

(દોહરા)

મણિને મુખમાં નાખતાં કપિ નાખી દેતા,
ખાદ્યપદાર્થ નથી લહી ક્ષણિક હસી લેતા.

મુનિ ધ્યાને પામે નહીં, નેતિ કહે છે વેદ,
કૃપાસિંધુ કપિસહ કરે લીલા ભૂલી ભેદ.

યોગ યજ્ઞ તપ દાન ને વ્રત તથા વિવિધ નેમ,
રામકૃપા અર્પે નહીં અર્પે પવિત્ર પ્રેમ.

*

(ચોપાઈ)

પટભૂષણ કપિભાલુ ધારી પહોંચ્યા સુંદરતા સજી ન્યારી;
લાગ્યા હસવાને કોશલાધીશ; બોલ્યા કરુણાસ્વરે જગદીશ.

માર્યો રાવણને બળથી તમારા, તમે પ્રાણ ખરે જ અમારા;
કર્યું તિલક વિભીષણ ભાલે, કર્યું અનુકૂળ સઘળું કાળે.

જઈ ઘેર સ્મરો મને સ્નેહે, હવે ડરશો ના કોઈથી કેમે;
થઈ વ્યાકુળ વચન સુણીને કપિ સાદર બોલ્યા નમીને.

પ્રભુ શબ્દ સૌ આપને સોહે કિન્તુ મનને અમારાં મોહે;
તમે ત્રિભુવનપતિ રઘુનાથ દીન સમજી દીધો અમને સાથ.

કરે મચ્છર ગરુડની સેવા, સુણી વચનો શરમાઈએ એવાં;
રહી ઘરની ઈચ્છા ના અમારે, આવ્યા શરણે અમે તો તમારે.

(દોહરા)

પ્રભુપ્રેરિત કપિભાલુ સૌ રાખી હૃદયે રામ,
ચાલ્યા હર્ષ વિષાદસહ અરજ કરી અભિરામ.

જાંબવાન સુગ્રીવ નીલ અંગદ નલ હનુમાન,
વિભીષણ સહિત અન્ય સૌ સેનાપતિ બળવાન,

કહી શક્યા ન કશું; ભરી લોચનમાં પાણી,
રહ્યા રામને પ્રેમવશ નિર્નિમેષ ભાળી.

*

## ૨૫. પુષ્પક વિમાનમાં પ્રયાણ

(આખ્યાન)

અતિશય પ્રીત પેખતાં પ્રાણ સૌને લીધા તરત વિમાન;
મનોમન નમી વિપ્રચરણ ચાલ્યા ઉત્તર દિશા તરફ.

થયા સતત ત્યાં શોરબકોર જય રઘુવર સ્વર ચારેકોર;
વિમાનમાં સિંહાસન ઉચ્ચ બેઠા પ્રભુ ત્યાં જગના ભૂપ.

બેઠા પ્રભુ ત્યાં સીતાસાથ, નીરખી હૈયું રહ્યું ના હાથ;
સુમેરુ પર ચપલા ઘનશ્યામ એમ જ સોહ્યાં સીતારામ.

વેગે આગળ વધ્યું વિમાન, વરસ્યા સુમનો દેવ તમામ;
ત્રિવિધ વાયુ વાવા લાગ્યો, મળ્યો લહાવો વણમાગ્યો.

સાગર સરિતા સર આકાશ નિર્મળ બની દિશાઓ ખાસ;
ચતુર્દિશ સરસ શુકન થયા, મન પ્રસન્ન સૌનાંય બન્યાં.

(દોહરા)

રામ વદ્યા, સીતા અહીં રણની ધરતીમાં,
હણ્યો લક્ષ્મણે શૌર્યથી મેઘનાદને હા !

અંગદને હનુમંતથી માર્યા અસુર ગયા,
કુંભકર્ણ રાવણ અહીં યમના ગ્રાસ થયા.

સેતુ રચી સ્થાપ્યા અહીં શંકરને સુખધામ;
સીતા સાથે રઘુવરે શિવને કર્યા પ્રણામ.

કૃપાસિંધુએ વનમહીં કરેલ જ્યાં વિશ્રામ,
સ્થાન બતાવ્યાં તે કહી વૈદેહીને નામ.

દંડક વનમાં એ પછી આવ્યું દિવ્ય વિમાન,
અગસ્ત્ય જેવા મુનિવરે સરસ કર્યાં ત્યાં સ્થાન.

આશિષ પામી એમની ચિત્રકૂટ પહોંચ્યાં;
મુનિઓને તૃપ્તિ ધરી યમુનાને જોયાં.

કલિમલ હરનારી નદી યમુના-ગંગા આ,
સીતા, પરમ પવિત્ર છે ઘટે નમન કરવાં.

પ્રયાગ તીરથરાજ આ દર્શનથી જેના,
કોટિ જન્મ કિલ્મિષ ટળે પુનિત ત્રિવેણી આ,

શોક હરે હરિધામની સીડી સમી કહી;
અયોધ્યાપુરીને જુઓ સુંદર શ્રેષ્ઠ અહીં.

ત્રિવિધ તાપ ભવરોગનો કરતી સદા વિનાશ,
સીતા ને રામે કર્યા પ્રણામ એને ખાસ.

સજલનેત્ર પુલકિત વળી હર્ષિત પ્રભુએ એ,
સ્નાન ત્રિવેણીમાં કર્યું પુનઃ પધારીને.

બ્રાહ્મણને કપિ સાથ બહુ દાન વળી દીધાં,
સમજાવી હનુમંતને વચન મધુર કીધાં.

બની બ્રહ્મચારી તમે અવધમહીં જાઓ,
ભરતને કહી કુશળતા સમાચાર લાવો.

*

(આખ્યાન)

કર્યું કપિવરે તરત પ્રયાણ; પ્રભુએ પણ કરતાં પ્રસ્થાન,
ભરદ્વાજની પાસ જઈ લહ્યા શુભાશિષ પૂજી સ્તવી.

મુનિપદ કરતાં પ્રેમ પ્રણામ ચાલ્યા રઘુવર ચઢી વિમાન;
પ્રભુ આવ્યા એ સુણી નિષાદ વદ્યો લાવવા માટે નાવ.

સુરસરીથકી આવ્યું વિમાન, ઊતર્યું તટ પર રાખી માન;
પૂજન સુરસરીતણું કરી સીતા સાદર પદે ઢળી.

અર્પી રહી શુભાશિષ ગંગ સૌભાગ્ય રહો સદા અભંગ;
દોડ્યો આતુર બની નિષાદ, પામ્યો પ્રભુનો પ્રેમપ્રસાદ.

પેખી પ્રભુને સીતા સાથ પડ્યો ધરા પર ભૂલી જાત;
ઊઠાડયો પેખીને પ્રેમ કરી રઘુવરે સત્વર રે'મ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એને લગાવીને ઉરે કરુણાર્દ્ર લક્ષ્મીકાન્ત એ,
પૂછી કુશળ પ્રેમે રહ્યા બેસાડતાં પાસે ખરે;
એણે કહ્યું વિધિશંભુસેવિત વિલોકી પદપદ્મને,
છું કુશળ હું, સુખધામ પૂરણકામ વંદન રામ હે !

હરિ હીન અધમ નિષાદને ભેટી ભરત પેઠે રહ્યા,
મતિમંદ તુલસીદાસ પ્રભુને મોહવશ વિસરી ગયા;
આ રાવણારિચરિત્ર પાવન રામપદ રતિપ્રદ ખરે,
કામાદિહર વિજ્ઞાનકર સુરસિદ્ધમુનિ ગાયા કરે.

(દોહરા)

રઘુવરસમર વિજયચરિત જે પણ સુણે સુજાન,
વિજય વિવેક વિભૂતિ દે તેને નિત ભગવાન.

મલાયતન કલિકાળ આ, લે મન કરી વિચાર,
શ્રીરઘુનાથ નામવિણ નથી અન્ય આધાર.

**(લંકાકાંડ સમાપ્ત)**

*

ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

## ઉત્તર કાંડ



## ભાવાત્મક પદ્યાનુવાદ

**- શ્રી યોગેશ્વર**

## ૧. આરંભ

केकीकण्ठाभनीलं सुरवर विलसद्विप्रपादाब्जचिह्नं
शोभाढ्यं पीतवस्त्रं सरसिजनयनं सर्वदा सुप्रसन्नम ।
पाणौ नाराचचापं कपिनिकरयुतं बन्धुना सेव्यमानं
नौमीड्यं जानकीशं रघुवरमनिशं पुष्पकारूढरामम ॥१॥

મયૂરકંઠ સરખો જેમનો નીલવર્ણ છે,
દેવોમાં શ્રેષ્ઠ, શોભે જે ભૃગુપાદાબ્જ ચિહ્નથી;
શોભાથી પૂર્ણ છે જે સરસિજનયન પીતવસ્ત્ર પ્રસન્ન,
હાથે સારંગબાણ કપિનિકરયુત બંધુથી સેવ્યમાન,
વંદુ છું જાનકીશ રઘુકુળવર એ પુષ્પકારૂઢ રામ.

कोसलेन्द्र पदकञ्ज मञ्जुलौ कोमलावजमहेशवन्दितौ ।
जानकी करसरोज लालितौ चिन्तकस्य मनभृङ्गसङ्गिनौ ॥२॥

કોશલેન્દ્ર પદકંજ કોમળ, મંજુ શંભુ અંજદેવ વંદિત,
જાનકી કરસરોજલાલિત, ચિંતનાર મનભૃંગનાં પ્રિય.

कुन्दइन्दुदरगौरसुन्दरं अम्बिकापतिमभीष्टसिद्धिदम ।
कारुणीककलकञ्जलोचनं नौमि शंकरमनंगमोचनम ॥३॥

કુંદઈન્દુદર[24] ગૌરસુંદર, અંબિકાપતિ અભીષ્ટસિદ્ધિદ,
કારુણીક કલકંજ લોચન, શંભુ વંદન અનંગમોચન.

[24] દર - શખ

## ૨. ભરત અને હનુમાન

(દોહરા)

રહ્યો એક દિન અવધિનો; અતિ આતુર પુરલોક,
જ્યાં ત્યાં રામવિયોગનો અનુભવી રહ્યો શોક.

ત્યાં જ થયા સુંદર શુકન, બન્યા બધાય પ્રસન્ન;
પ્રભુનું સ્વાગત સૂચવી નગર થઈ રહ્યું રમ્ય.

કૌશલ્યાશી માતને આનંદ થયો એમ,
સીતા લક્ષ્મણ રામની વધામણી હો જેમ.

જમણી ભુજા નયન વળી ફરક્યાં વારંવાર,
શુકન ગણી આનંદતાં ભરતે કર્યો વિચાર.

(આખ્યાન)

રહ્યો એક દિન અવધિતણો, થઈ રહ્યો સંતાપ ઘણો;
આવ્યા કેમ ન હજુ પણ નાથ, છોડયો કુટિલ ગણી મુજ સાથ ?

પરમધન્ય લક્ષ્મણ બડભાગ રામચરણ જગવ્યો અનુરાગ;
કપટી કુટિલ મને પ્રભુ ગણ્યો, સાથ ન નાથે સ્વપ્ને ધર્યો.

કરણી મારી ધ્યાન ધરે કલ્પશત ન તો મુક્તિ મળે;
જનઅવગુણ પ્રભુ પણ ન જુએ દીનબંધુ અતિમૃદુલ ખરે.

દૃઢ વિશ્વાસ થતો મનમાંહ્ય મળશે રામ શુકન શુભ થાય;
અવધિ પછી જો રહેશે પ્રાણ મુજસમાન તો અધમ ન આન.

(દોહરા)

રામવિરહ સાગરમહીં ડૂબ્યો પ્રેમળ પ્રાણ,
વિપ્રવેશ ત્યાં પવનસુત પહોંચ્યા નાવસમાન.

કૃશાસને જોયા ભરત જટામુકુટ કૃશકાય,
રામરામ જપતા સતત અશ્રુસહ નયનમાંહ્ય.

(આખ્યાન)

જોતાવેંત થયો અતિહર્ષ, પુલકિત તન લોચન જલસ્પર્શ;
મનમાં બહુ પ્રકાર સુખ માની બોલ્યા શ્રવણસુધાસમ વાણી.

જેની વિરહવ્યથા અનુભવો, જેના ગુણગણ સદા સ્તવો,
રઘુકુળતિલક સુજનસુખધામ સુરમુનિરક્ષક એ શ્રીરામ,

આવ્યા સીતાલક્ષ્મણસાથ ક્ષેમકુશળ જીતી રિપુ નાથ,
દેવ એમના યશને ગાય, દર્શક સઘળા પાવન થાય.

ભરત સુણીને ભૂલ્યા દુ:ખ તૃષાર્ત પામી જેમ પિયૂષ.

કોણ તમે ક્યાંથી આવ્યા, વચનો પરમપ્રિય સુણાવ્યાં;
મારુતસુત હું કૃપાનિધાન, નામ મારું છે કપિ હનુમાન.

(દોહરા)

દીનબંધુ છું રામનો નાનો સેવક હું;
સુણતાં તન પુલકિત બન્યું ભરતતણું સઘળું.

ભેટ્યા સાદર; ભેટતાં સ્નેહ સમાયો ના;
અશ્રુ વહેવા ઝરણશાં લાગ્યાં લોચનનાં.

દર્શનથી હનુમાન મુજ સંકટ સર્વ શમ્યાં,
રામ મળ્યા પ્રીતે મને તમારા જ રૂપમાં.

વારંવાર કુશળ સુણી બોલ્યા ભરત સપ્રેમ,
તમને શું આપું કહો, બદલો વાળું કેમ ?

(આખ્યાન)

આ સંદેશસદૃશ જગમાંહ્ય કર્યો વિચાર છે નહીં કાંચ;
છૂટી શકીશ ઋણથી ના, પ્રભુનું ચરિત કહો અધુના.

ઢાળી હનુમંતે પદ શીશ રઘુપતિકેરું કહ્યું ચરિત્ર;
વદ્યા ભરત કપિ, મુજને રામ સ્મરે છે કદી દાસ સમાન ?

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

નિજ દાસસમ રઘુવંશભૂષણ સ્મરણ રામે મુજ કર્યું ?
વચનો ભરતનાં નમ્ર સુણતાં કપિતણું અંતર દ્રવ્યું;
રઘુવીર જગના નાથ જેના ગુણોને સ્વમુખે કહે,
તે ભરત સદગુણસિંધુ નમ્ર પવિત્ર શાને ના રહે ?

(દોહરા)

રામપ્રાણપ્રિય છો તમે, સત્ય કહું છું પ્રભો;
સુણી ભરત ભેટ્યા ફરી, હર્ષ ન જાય કહ્યો.

ભરતપદે પ્રણમી તરત આવ્યા કપિ પ્રભુ પાસ,
કુશળ સુણી હરખી ચઢ્યા રામ પુષ્પકે ખાસ.

*

## ૩. સ્વાગતની તૈયારી

(દોહરા)

કોશલપુર પહોંચી કહ્યા સમાચાર ગુરુને,
ભરતે મહેલમાં કહી વાત વળી સહુને.

રઘુનંદન આવી રહ્યા ક્ષેમકુશળ નગરે,
સુણતાં દોડી માત ને દોડયા જન સઘળે.

દુર્વા ગોરોચન દહીં તુલસી મંગલમૂળ,
સુવર્ણથાળમહીં ભરી વિવિધ ફળો ને ફૂલ,

ગાતી ચાલી ભાવથી સૌભાગ્યવતી નાર,
હસ્તિનીસમી મદભરી, પ્રાણે પ્રેમ અપાર.

પ્રભુ આવ્યા જાણી બની સુંદરતાની ખાણ,
અવધપુરી, વાયો ત્રિવિધ વાયુ પ્રસન્ન રસાળ.

સરયૂ અતિનિર્મળ બની; પરિજન અનુજસમેત,
ભરત વિપ્રગુરુને લઈ ચાલ્યા કૃપાનિકેત,

વધાવવાને રામને મનમાં ભાવ ભરી,
ચઢી અટારી પર બધે સન્નારી સઘળી.

હર્ષાન્વિત હૈયાં બન્યાં નીરખી નભે વિમાન,
ગાવા લાગી મધુસ્વરે પ્રમદા મંગલ ગાન.

પૂર્ણેન્દુસમા રામ ને નગરી સિંધુ સમાન,
કોલાહલ ભરતીસમો, તરંગ જાણે નાર.

(આખ્યાન)

રામ ભાનુકુળકમળ દિવાકર બતાવતાં પુર વદ્યા મનોહર,
અંગદ કપીશ હે લંકેશ, પાવન પુરી રુચિર આ દેશ.

કરે બધા વૈકુંઠ વખાણ, વેદપુરાણ જગતમાં જાણ;
અવધપુરીસમ પ્રિય નવ તે, જાણે કોઈ વિરલ જ એ.

જન્મભૂમિ મુજ સુંદર પુરી, ઉત્તરે રહી સરિતા સરી;
મજ્જન કરતાં વિના પ્રયાસ મુજ સમીપ નર પામે વાસ.

પુરવાસી અતિપ્રિય મુજને, સુખ દે પુર મુજ ધામ ધરે;
હરખ્યા કપિ સુણતાં પ્રભુ વાણ; ધન્ય અવધ કરે રામવખાણ.

(દોહરા)

જોઈ જનને આવતા કૃપાસિંધુ ભગવાન,
પ્રેરી રહ્યા, નગર નિકટ ઊતર્યું દિવ્ય વિમાન.

પુષ્પકને પ્રભુએ કહ્યું કુબેર પાસ જવા,
ચાલ્યું તે હર્ષિત છતાં વિયોગ અનુભવતાં

*

## ૪. સ્વાગત તથા પ્રણામ

(આખ્યાન)

આવ્યા ભરત સંગ સૌ લોક કૃશ શરીર રઘુવીર વિયોગ;
વામદેવ વસિષ્ઠ મુનિનાયક પેખી પ્રભુ છોડી ધનુસાયક,

દોડી પડ્યા પદમહીં સહુના લક્ષ્મણ સહિત કૃતાર્થમના,
ભેટ્યા મુનિવર સ્નેહ સમેત, કૃતકૃત્ય બન્યા કૃપાનિકેત.

ભૂદેવને નમાવી શીશ પામ્યા રઘુકુળપતિ આશિષ;
ભરત નમ્યા પ્રભુપદપંકજ નમે જેમને શિવમુનિઅજ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

પૃથ્વી પર પડ્યા ભરત રામે ઉઠાડ્યા પણ ના ઊઠ્યા;
રામે ઉઠાડીને પરાણે ધર્યું આલિંગન અહા !
જળ કમળલોચનથી વહ્યું રોમાંચ શ્યામતને થયાં,
ત્રિભુવનતણા પતિ અનુજને અતિ પ્રેમ પ્રગટાવી મળ્યાં.

શોભા ઉભયની વ્યક્ત કરતી ના મળે ઉપમા મને,
શૃંગારસ્નેહ શરીર ધારી મળ્યાં જાણે ઉભયને.

રામે કુશળ પૂછયા ભરત પણ કહી કાંઈ ના શક્યા,
સુખ મનવચનથી પર અનુભવે એ જ કિંચિત જાણતા;
છું કુશળ કોશલનાથ દર્શન આર્ત જાણીને ધર્યું,
ડૂબી રહેલો વિરહમાં કરને ગ્રહી રક્ષણ કર્યું.

(દોહરા)

ભેટ્યા પ્રભુ શત્રુઘ્નને હર્ષિત બની પછી,
લક્ષ્મણ ભરત ઉભય રહ્યા પ્રેમે પરમ મળી.

લક્ષ્મણને ભેટી પછી શત્રુઘ્ને પ્રેમે,
શમવી વિરહતણી વ્યથા વરસોની કેમે.

ભરત અને શત્રુઘ્ન બે સીતાચરણ નમી,
પરમસુખ રહ્યા અનુભવી, રસમાં રહ્યા રમી.

(આખ્યાન)

પેખી પ્રભુ હરખ્યા પુરવાસી, વ્યથા ગઈ વિરહજનિત નાસી,
પ્રેમાતુર જન સર્વ નિહાળી કૌતુક પ્રભુએ કર્યું વિચારી.

અમિત સ્વરૂપે પ્રગટ થયા, યથાયોગ્ય સૌનેય મળ્યા;
કૃપાદૃષ્ટિ ક્ષણવાર કરી અશોક સૌને કર્યાં વળી.

ક્ષણમાં સુખે મળ્યા ભગવાન, થઈ રહસ્યતણી ના જાણ;
શાંતિ ધરી એ રીતે રામ ચાલ્યા પરમ શીલગુણધામ.

(દોહરા)

દોડે ગાય વિયાયલી વત્સ વિલોકી જેમ,
કૌશલ્યા ને માત પણ દોડી બીજી તેમ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ગાયો તજીને વિવશ બનતાં વત્સને વનમાં ગઈ,
સંધ્યાસમય સ્નેહે છલેલી દોડતી આવે બધી,
એવી જ આવી માત સૌ, રામે મધુર વચનો કહ્યાં,
સુખશાંતિ સૌ આનંદ પામી, અશ્રુ આંખથકી વહ્યાં.

(દોહરા)

સુમિત્રા મળી પુત્રને રામચરણરતિ જાણી;
કૈકેયી રઘુવર મળી સંકોચ રહી માની.

લક્ષ્મણે મળી માતને પામી આશીર્વાદ,
ફરી ફરી લીધું મળી સહજ ક્ષોભની સાથ,
કૈકેયીને, ના શક્યો પ્રગટી પ્રાણે રાગ.

સીતા સર્વે સાસુને મળી પગે લાગી;
મળી અચલ સૌભાગ્યની આશિષ વણમાગી.

રામમુખકમળ પેખતાં રોકી અશ્રુ રહી,
માત ઉતારી આરતી મંગલ શબ્દ કહી.

લેતી સહુ ઓવારણાં પરમાનંદ ભરી;
કૌશલ્યા રઘુનાથને જોતી ફરી ફરી.

લંકાપતિને શે હણ્યો મનમાં કર્યો વિચાર,
બંને આ સુકુમાર છે, અસુર વીર વિકરાળ.

લક્ષ્મણ સીતા સહિત શ્રી પ્રભુને પેખી માત,
પરમાનંદ મગન બની પુલકિત કૃતાર્થ જાત.

*

(આખ્યાન)

લંકાપતિ કપીશ નલનીલ જાંબવાન અંગદ શુભશીલ,
હનુમંત સમા વાનરવીર ધરી મનોહર મનુજશરીર.

ભરતસ્નેહ શુભ ગુણવ્રત નેમ વખાણી રહ્યા સાદર પ્રેમ;
નગરજનોની નીરખી રીત અભિનંદી પ્રભુપદની પ્રીત.

બોલ્યા રઘુપતિ સખા સુણો, મુનિપદકમળ સપ્રેમ નમો;
ગુરુ વસિષ્ઠ કુળપૂજ્ય ખરે, કૃપા એમની મળી મને,

તેથી દનુજ સકળ માર્યા તમને સંકટથી તાર્યા.
મુનિવર, મિત્ર બધા મારા સમરસિંધુ નૌકા ન્યારા,

સમર્પિત બન્યા છે મુજ કાજ, ભરતથી અધિક પ્રિય છે આજ.
પ્રભુવચને સૌ મગ્ન થયા, પ્રગટયા પ્રતિપળ ભાવ નવા.

(દોહરા)

કૌશલ્યાપદમાં પછી સૌએ કર્યા પ્રણામ;
બોલી કૌશલ્યા બધા પ્રિય જેવા પ્રિય રામ.

સુમન છવાયા વ્યોમમાં, હર્મ્યે ચાલ્યા રામ;
અટારીથકી પેખતાં નરનારી કૃતકામ.

(આખ્યાન)

કંચન કળશ સુશોભિત ત્યારે રાખ્યા સૌએ નિજ ગૃહદ્વારે;
મંગલમય ધ્વજ તોરણ બાંધ્યાં, સ્નેહસૂત્રથી સૌને સાંધ્યાં.

શેરી સકળ સુવાસિત કરી રંગોળી મધુ ચોકે ભરી;
સજ્યા વિવિધ શુભ મંગલ સાજ; થયા પુરે શુભ વાદ્યઅવાજ.

ઓવારણાં લઈને નાર મુદિત અર્પતી આશીર્વાદ;
કંચનથાળ આરતી સાથ યુવતી ગાતી સુંદર ગાન.

આરતિહર પ્રભુ પોતે પૂર્ણ રઘુકુળકમળ વિપિનના સૂર્ય,
કરી આરતી રામતણી મંત્રમુગ્ધ સંપૂર્ણ બની.

પુરશોભા વૈભવ કલ્યાણ શેષ શારદા કરે વખાણ.

(દોહરા)

ચરિત્ર જોઈને થયાં ચકિત એય સઘળાં;
જનસાધારણ ગુણ કહે કેમ કરી મધુરા ?

નાર કુમુદિની, અવધ સર, રઘુપતિવિરહ દિનેશ,
અસ્ત થતાં ખીલી રહી ઊગ્યે રામરાકેશ.

થયા વિવિધ શુકનો તથા વાગ્યાં વ્યોમ નિશાન;
સનાથ કરતાં સર્વને ભવન ગયા ભગવાન.

(ચોપાઈ)

લજ્જા કૈકેયીકેરી જાણી તેના ભવને ગયા પ્રભુ જ્ઞાની;
સુખ પ્રેમે પ્રબોધીને આપ્યું, જાળુ ક્લેશનું હૈયાનું કાપ્યું.

પછી પ્રભુ નિજ ભવનમાં ચાલ્યા, પુરનારી સુખમાં મહાલ્યા;
કહ્યું વશિષ્ઠે આજે યોગ શુભ ઘડી સુદિનનો સંયોગ.

*

## ૫. રાજ્યાભિષેક

(ચોપાઈ)

હર્ષે આજ્ઞા હવે વિપ્ર આપો, રઘુવરને સિંહાસને સ્થાપો;
થયા ભૂદેવ વચને પ્રસન્ન જાણે પામ્યા હો જીવનધન.

વદ્યા વચનો વિપ્ર અનેક, અભિરામ એ રાજ્યાભિષેક,
હવે મુનિવર વાર કરો ના, મહારાજાને તિલક કરો આ.

(દોહરા)

સુમંત્રે કર્યા અશ્વ રથ હસ્તિ વિવિધ તૈયાર,
દૂત ચતુર્દિશ મોકલ્યા આનંદે તત્કાળ.

મંગલ દ્રવ્યોને વળી મંગાવ્યાં રસ સાથ,
શણગારી નગરી બધી સુણતાંવેંત જ વાત.

વરસાવી દેવે મધુર પુષ્પતણી વૃષ્ટિ,
આનંદ તણી અવનવી થઈ બધે સૃષ્ટિ.

રઘુવરના આદેશથી મળી સેવકે ખાસ,
સુગ્રીવ તથા અન્યને ન્હવડાવ્યા સોલ્લાસ.

કરુણાનિધિ રામે પછી જટા ભરતની દૂર,
સ્વહસ્તે કરી પ્રેમમાં બની પૂર્ણ ચકચૂર.

ત્રણે બંધુને રઘુવરે સુભગ કરાવ્યું સ્નાન;
ભક્ત વત્સલ કૃપાળુ છે દીનબંધુ ભગવાન.

મૃદુતા પ્રભુની ભરતનું ભાગ્ય તથા બળવાન,
શેષ અબજ પણ ના શકે એનાં કરી વખાણ.

જટા ખોલતાં સ્નાન શ્રીરામે પછી કર્યું;
કામ લજાયા, અંગને ભૂષણથકી ભર્યું.

સીતાને પણ સાસુએ સદ્ય કરાવી સ્નાન,
શણગારી ભૂષણથકી થતાં વસ્ત્રપરિધાન.

રામ વામદિશ શોભતી રમા રૂપગુણખાણ,
માતા હરખી માનતાં સફળ જન્મ ને પ્રાણ.

આવ્યા એ શુભ અવસરે બ્રહ્મા શિવ મુનિવૃંદ,
સુર વિમાનમાં એ સ્થળે જોવાને સુખકંદ.

પ્રભુને પેખીને થયો મુનિઅંતર અનુરાગ,
કરી એમણે દિવ્ય ત્યાં સિંહાસનની માંગ.

રવિસમ તેના તેજનું વર્ણન ના જ કરાય;
દ્વિજને વંદી એ ઉપર બેઠા શ્રીરઘુરાય.

(ચોપાઈ)

સીતાસહિત નીરખી રઘુરાય હરખ્યા ઋષિમુનિના સમુદાય;
વેદમંત્રોને વિપ્રે ઉચ્ચાર્યા, દેવમુનિએ જયકાર સુણાવ્યા.

કરી પ્રથમ તિલક વસિષ્ઠે કરવા તિલક કહ્યું વિપ્રવરને;
જોઈ સુતને સિંહાસને માતા કરવા આરતી લાગી ગાતાં.

દાન વિપ્રને બહુવિધ દીધાં, યાચકોને અયાચક કીધા;
સિંહાસન પર ત્રિભુવનસાંઈ જોઈ દેવે દુંદુભી બજાવી.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

વાદ્યો નભે વાગી રહ્યાં, ગંધર્વકિન્નર રંગથી,
ગાઈ રહ્યા, નાચી રહી આનંદપૂર્વક અપ્સરા,
ભરતાદિ અનુજ વિભીષણાંગદ અન્ય ને હનુમાનશા,
સૌ છત્ર ચામર વ્યજન[25] ધનુ અસિચર્મ[26] શક્તિ ધરી રહ્યા.

શ્રી સહિત દિનકર વંશભૂષણ કામસમ સોહી રહ્યા,
નવઅંબુધરસમ શ્યામ તન પીતાંબરે મોહી રહ્યા;
મુકુટાંગદાદિ[27] વિચિત્ર ભૂષણ સજેલાં અંગાંગમાં,
અંભોજનયન વિશાળ ઉરભુજ ધન્ય જે નીરખી શક્યાં.

(દોહરા)

એ સૌન્દર્ય સમાજસુખ શકાય કેમ કહી,
કહે શારદા શેષશ્રુતિ, શંકર શક્યા લહી.

ભિન્ન ભિન્ન સ્તુતિને કરી દેવો ગયા સ્વધામ,
ચારણવેશે વેદ ત્યાં પ્રગટ થયા કૃતકામ.

સ્વાગત શુભ સર્વજ્ઞ શ્રી પ્રભુએ શીઘ્ર કર્યું,
મર્મ ન કોઈએ લહ્યો, વેદે તરત કહ્યું.

*

[25] વ્યજન - પંખા

[26] ચર્મ - ઢાલ

[27] અંગદ - બાજુબંધ

## ૬. વેદોની સ્તુતિ

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય સગુણ-નિર્ગુણરૂપ રૂપ અનૂપ ભૂપશિરોમણિ,
દસકંધરાદિ પ્રચંડ નિશિચર પ્રબળ દલ દીધું હણી;
અવતારથી સંસારભાર હર્યો પ્રખર સંકટ સહી,
જય પ્રણતપાલ દયાળ પ્રભુ વંદન સદા સીતાપતિ.

અતિવિષમ માયાવશ સુરાસુર નાગ નર જગ આ હરે,
ભવપંથમાં દિનરાત ગુણ ને કાળકર્મ સહિત ફરે;
કરુણા કરી જેને જુઓ તે ત્રિવિધ તાપ તરત તરે,
ભવશોક છેદનદક્ષ રક્ષો રામ, વંદીએ અમે.

જે જ્ઞાન માન વિમત્ત ભક્તિ ના કરે ભવનાશિની,
તે દેવદુર્લભ મેળવી પદ અધોગતિ પામે હરી !
વિશ્વાસથી સૌ આશ છોડી નિત્ય સેવક જે બને,
તે શ્રમ વિના નામે તરે ભવ; સ્મરીએ સ્વામી અમે.

જે ચરણ શિવઅજ પૂજ્ય સ્પર્શી અહલ્યા શુભ રજ તરી,
નખનિર્ગતા મુનિવંદિતા ત્રૈલોક્યપાવન સુરસરી,
ધ્વજકુલિશઅંકુશ કંજયુત ઘાયલ થયાં વનકંટકે,
તે ચરણકમળ મુકુંદરામ રમેશ નિત ભજીએ અમે.

અવ્યક્તમૂળ અનાદિ તરુ ત્વચ ચાર નિગમાગમ કહે;
પટ કંધ શાખા પંચવીસ અનેક સુમનો પર્ણ ને;
કટુ મધુર બે ફળ વેલ એક જ, આશ્રયે એના રહે,
ફૂલે સદા તે જગતદ્રુમરૂપ નમીએ તમને અમે.

જે બ્રહ્મ અજ અદ્વૈત અનુભવગમ્ય મનથી પર કહે,
તે ભલે જાણે કહે, ગાતા સગુણયશ નિશદિન અમે;
કરુણાયતન પ્રભુ સદગુણાકર દેવ વરને માગતા,
ચરણે કરીએ રાગ તનમન વચનદોષો ત્યાગતાં.

(દોહરા)

અરજ કરી સૌ દેખતાં વેદે એમ અપાર,
અંતર્ધાન થઈ ગયા બ્રહ્મલોક તત્કાળ.

શંકર આવ્યા એ સમય મળવાને રઘુવીર,
સ્તુતિ કરવા લાગ્યા સ્વરે ગદ્ ગદ્ પુલક શરીર.

*

## ૭. શંકરની સ્તુતિ

(રાગ-અધરમ્ મધુરમ)

જય રામ રમારમણ શમન ભવતાપ ભયાકુલ પાહિ જન;
અવધેશ સુરેશ રમેશ વિભુ, શરણાગત માગું છું પાહિ પ્રભુ !

દસશીશ વિનાશક વીસ ભુજા, કૃત દૂર મહા મહીભાર બધા;
રજનીચરવૃંદપતંગ રહ્યાં શરપાવકતેજ પ્રચંડ દહ્યાં.

મહીમંડલમંડન ચારુતર ધૃતસાયકચાપનિષંગ વર,
મદમોહમહા મમતા રજની તમપુંજ દિવાકર દિવ્ય બલી.

મનજાતકિરાતે અનેક હણ્યા મૃગમાનવ ભોગશરે જગમાં,
હરી પાપ-ત્રિતાપને રક્ષો તમે, વિષયોમાં પડ્યા સહુ ભૂલી અમે.

બહુરોગ વિયોગથી લોક મર્યા ભવદંઘ્રિનિરાદર પૂર્ણ થતાં;
ભવસિંધુ અગાધ પડે નર તે પદપકંજ પ્રેમ કરે નવ જે.

અતિદીન ને હીન સદાય દુ:ખી પદપંકજ જેમને પ્રીતિ નથી;
અવલંબ તમારો કથાનો વળી એણે સંતઅનંતની પ્રીત કરી.

નવ રાગ ન લોભ ન માનમદ સમ વૈભવ તેમ સદા વિપદ;
મુનિ યોગની આશ સહર્ષ તજે, બની ભક્ત સદા તમને જ ભજે.

કરી પ્રેમ નિરંતર નિયમ લઈ પદપંકજ સેવે છે શુદ્ધ બની;
સમ માની નિરાદર આદરને સહુ સંત સુખી સઘળે વિચરે.

મુનિમાનસપંકજભૃંગ ભજ રઘુવીર મહારણધીર અજ;
મધુનામ જપું છું નમું છું હરિ, ભવરોગના ઔષધ માનઅરિ !

ગુણશીલકૃપા પરમાયતન, પ્રણિપાત નિરંતર શ્રીરમણ;
રઘુનંદ નિકંદન દ્વંદ્વઘન, મહીપાલ નિહાળોને દીનજન.

(દોહરા)

માગું વારંવાર વર, હર્ષે દો શ્રીરંગ,
પદસરોજ અવિનાશિની ભક્તિ સદા સત્સંગ.

સ્તવી ઉમાપતિ રામગુણ સુખે ગયા કૈલાસ;
પ્રભુએ વાનરને ધર્યા સુખદ સર્વવિધ વાસ.

*

## ૮. સેવકોની વિદાય

(આખ્યાન)

કથા પાવની પરમ સુણો, ત્રિવિધ તાપ ભવભીતિ હણો;
મહારાજનો શુભ અભિષેક અર્પે સુણતાં વિરતિ વિવેક.

જે નર સુણે પ્રેમથી ગાય સુખી ધની તે બહુવિધ થાય;
સુરદુર્લભ સુખ જગ પામી, અંતકાલ રઘુપતિ પુર જાય.

વિમુક્ત વિષયી વિરત સુણે ભક્તિ મુક્તિ સંપત્તિ લહે;
મતિ અનુસાર કથા મેં કરી દુઃખદર્દ હરનાર ખરી.

વિરતિ વિવેક ભક્તિ દૃઢ કરતી, મોહનદીની નૌકા સરખી;
નિત નવમંગલ કોશલપુરી, હેતુ સર્વના રહ્યા સરી.

નિત નવ પ્રીતિ રામપદકંજ નમે જેમને શિવમુનિઅજ;
દ્વિજને બહુવિધ દાન કર્યાં, યાચકને બહુ વસ્ત્ર ધર્યાં.

(દોહરા)

કપિ બ્રહ્માનંદે મગન, સૌને પ્રભુપદપ્રેમ,
વીત્યા વેગે માસ છ સુખદ સ્વપ્નની જેમ.

વીસર્યા ગૃહને સુધ રહી સ્વપ્ને એની ના,
પરદ્રોહ રહે જેમ ના સંતતણા મનમાં.

(આખ્યાન)

રઘુપતિએ સૌને સપ્રેમ પાસે બેસાડ્યા નિજ જેમ;
કહ્યું તમે અતિ સેવા કરી કેમ શકું તે તમને કહી ?

ગૃહસુખને છોડયાં મુજકાજ અતિશય પ્રિય તેથી છો આજ,
વૈદેહી વૈભવ પરિવાર અનુજ દેહગેહ સુહૃદરાજ,

સર્વ પ્રિય છતાં અધિક તમે પ્રિય છો સાચેસાચ મને,
સૌને પ્રિય સેવક એ નેમ, મને અધિક દાસ ઉપર પ્રેમ.

(દોહરા)

ઘેર જઈ સર્વે સખા ભજો મને દૃઢ નેમ,
સર્વ સર્વગત સર્વહિત ગણી કરો અતિપ્રેમ.

(આખ્યાન)

સુણી મગન પ્રભુવચન થયા, કોણ કહીં વિસરી તન ગયા;
ચિત્રાંકિતસમ જોડી હાથ ઊભા મૂક સહિત અનુરાગ.

પેખી પ્રભુએ પાવન પ્રેમ દીધું જ્ઞાન કરીને રે'મ,
પ્રભુ સમક્ષ કૈં કહી ન શક્યા પેખી ચરણસરોજ સાથ.

વિવિધ વર્ણનાં આભૂષણ મંગાવ્યાં અણમોલ વસન,
ભરતે સ્વયં કર્યાં તૈયાર સુગ્રીવને ધર્યાં તત્કાલ,

પહેરાવ્યાં અતિ પ્રેમથકી; પ્રેરણાથકી શ્રી પ્રભુની,
તરત લક્ષ્મણે વિભીષણને; ગમી રીત એ રઘુપતિને.

(દોહરા)

અંગદ તો બેસી રહ્યો, હાલ્યો ના ચાલ્યો,
બોલાવ્યો પ્રભુએ નહીં પ્રેમ પણ નિહાળ્યો.

જાંબવાન નીલાદિને પહેરાવ્યાં પ્રભુએ,
રામ ધરી હૈયે નમી ચાલ્યા એ સહુયે.

ત્યારે અંગદ વંદતાં જોડીને બે હાથ,
અશ્રુ સહિત બોલ્યો વચન નમ્ર પ્રેમ રસ સાથ.

(આખ્યાન)

હે સર્વજ્ઞ કૃપાસુખસિંધો, દીનદયાકર આરતબંધો,
વાલી સોંપી ગયા મને મૃત્યુ સમય કેવળ તમને.

અશરણશરણ બિરદ સંભારી તજો મને ન ભગત હિતકારી,
પિતા તમે પ્રભુ મુજ ગુરુમાતા જઉં તજી ક્યાં પદજલજાતા.

કરો વિચાર તમે મહારાજ, પ્રભુવિણ મુજ ઘરમાં શું કાજ,
બાળક જ્ઞાન બુદ્ધિ બળહીન રાખો શરણ નાથ, જન દીન.

કામ બધાં સામાન્ય કરીશ, દર્શનથી ભવસિંધુ તરીશ,
એમ કહી ચરણ પડયો એ, ઘેર જવા ન કહો પ્રભુ હે !

(દોહરા)

અંગદના શબ્દો સુણી કરુણાનિધિ પ્રભુએ,
આલિંગન અર્પ્યું તરત સ્નેહસજલ નયને.

નિજ ઉરમાળ વસન મણિ પહેરાવી એને,
વિદાય આપી છેવટે સમજાવી કેમે.

લક્ષ્મણ ને શત્રુઘ્નની સાથ ભરત એને,
ભક્તકર્મ સ્મરતાં ગયા વળાવવા પ્રેમે.

અંગદ પ્રેમે રામને જોતો વારંવાર,
મનમાં એમ થતું કહે રામ રહેવાકાજ.

સાષ્ટાંગ કરી રામની દૃષ્ટિ વાણીને,
ચાલ યાદ કરતાં જતો હસવાની રીતને.

શોકિત તોપણ પ્રભુતણી ઈચ્છાને માની,
ચરણ હૃદયમાં રાખતાં ચાલ્યો મધુ ભાખી.

બંધુસાથ સાદર ભરત કપિને કરી વિદાય,
પાછા આવ્યા પ્રેમથી મળવાને રઘુરાય.

પગ પકડી સુગ્રીવના બોલ્યા શ્રીહનુમાન,
દસ દિન સેવા રામની કરવા માગે પ્રાણ.

સુગ્રીવ વદ્યા પુણ્યમય પાવન પવનકુમાર,
સેવો રઘુપતિને ભલે કૃપાનિધાન દયાળ.

કહ્યું અંગદે રામને પ્રણામ મુજ કહેજો,
હનુમંત તમે રામને સ્મૃતિ મારી દેજો.

અંગદ ચાલ્યો ને ફર્યા પાછા શ્રીહનુમંત;
પ્રીત કહી પ્રભુને; થયા મગન સુણી ભગવંત.

કઠોર કુલિશથકી અને કોમળ કુસુમથકી,
ચિત્ત રામનું કોણ એ શકે પૂર્ણ સમજી ?

*

(આખ્યાન)

બોલાવી રઘુવરે નિષાદ દીધાં ભૂષણ વસન પ્રસાદ;
જઈ ગૃહે મુજ સુમિરન કરો, મનક્રમવચન ધર્મ અનુસરો.

તમે સુહૃદ ભરતસમા ભ્રાત, આવો નગરે દિન કે રાત;
સુણી વચન સુખ શ્રેષ્ઠ મળ્યું, લોચનમાંથી અશ્રુ સર્યું.

ચરણ હૃદય રાખી ગૃહ ગયા, પ્રભુના ગુણ સહુ જનને કહ્યા;
જોઈ રઘુપતિ પરમચરિત બોલ્યા પુરજન ધન્ય પુનિત.

*

## ૯. રામરાજનું વર્ણન

રાજા રામ થતાં ત્રૈલોક પામ્યા હર્ષ શમ્યો સૌ શોક;
કરે ન કોથી કોઈ વેર, રામપ્રતાપે સમતાલ્હેર.

(દોહરા)

વર્ણાશ્રમધર્મે બની રત સઘળાયે લોક,
સુખી થતા, ના પામતા ભયરોગ તથા શોક.

(આખ્યાન)

દૈહિક દૈવિક ભૌતિક તાપ રામરાજમાં રહ્યાં ન પાપ;
પરસ્પર કરે સઘળાં પ્રીત સ્વધર્મરત રહેતાં શ્રુતિરીત.

ચારે ચરણ ધર્મ જગમાંહી રહે પૂર્ણ, અનૃત નવ કયાંય;
રામભક્તિરત નર ને નાર, સૌને સદગતિનો અધિકાર.

અલ્પમૃત્યુ કે ક્યાંય ન પીડ, સર્વ સરસ શુભ સ્વસ્થ શરીર;
દરિદ્ર ના કો દુ:ખીદીન અબુધ તેમ શુભલક્ષણહીન.

પુણ્યવંત સૌ ધર્મપ્રાણ દંભરહિત પંડિત ગુણવાન;
ગુણજ્ઞ કૃતજ્ઞ સૌ જ્ઞાની, ક્યાંય ન કપટી અભિમાની.

(દોહરા)

રામરાજ્યમાં લેશપણ ચરાચર જગતમાંહ્ય
સ્વભાવ ગુણ કૃતિકાળકૃત કષ્ટ રહ્યાં ના ક્યાંય.

(આખ્યાન)

ભૂમિ સપ્તસાગર મેખલા ભૂપ હતા રઘુપતિ એકલા;
જેના રોમે લોક અનેક એની પ્રભુતા અદભુત છેક.

મહિમા પ્રભુનો જે જાણે વર્ણન હીન જ તે માને;
મહિમા સમજે કિંચિત જે પ્રભુની પ્રીત જ માણે તે.

ફળ મહિમાના જ્ઞાનતણું લીલા, મુનિવર કહે ઘણું.

પરોપકારી સર્વ ઉદાર વિપ્રચરણ સેવક નરનાર;
પુરુષ એકપત્ની વ્રતવાન, સ્ત્રીને પણ પતિહિતનું જ્ઞાન.

(દોહરા)

રામરાજ્યમાં સુખ તથા ઐશ્વર્ય હતું જે,
શેષ શારદા પણ શકે વર્ણવી નહીં તે.

યતિના કરમાં દંડ ને નર્તક પાસે ભેદ,
રામરાજ્યમાં જીતવો રહ્યો મનતણો ખેદ.

*

(આખ્યાન)

ફૂલેફળે સદા તરુ કાનન, સાથ રહેતા ગજ પંચાનન;
ખગપશુ સહજ ભૂલતાં વેર પારસ્પરિક વધારે પ્રેમ.

કૂજે ખગમૃગકેરાં વૃંદ નિર્ભય વિચરે વન સાનંદ;
વહે પવન શીતળ શુભ મંદ, ગૂંજે અલિ માણી મકરંદ.

લતાવિટપ માગ્યે મધુ ધરે, ધેનુ સરસ પયદાન કરે;
સંપન્ન બની શુભ ધરણી, ત્રેતામાં સતયુગકરણી.

પ્રગટી પર્વતમાં મણિખાણ થતાં ભૂપ જગદાત્માજાણ;
સરિતા સકળ વહે મધુ નીર શીતળ વિમળ સુખદ નિજ તીર.

નદ નિજ મર્યાદા પાળે, રત્ન ધરે તે નર ધારે;
સરસિજ સંકુલ સકળ તડાગ, અતિપ્રસન્ન દસદિશાવિભાગ.

(દોહરા)

અમૃત દેતો ચંદ્રમા, રવિ તપતો સપ્રમાણ,
માગ્યા મેઘો વરસતા રામરાજ્ય રસપ્રાણ.

કોટિ અશ્વમેઘો કર્યા પ્રભુએ દીધાં દાન,
વેદમાર્ગને પાળતા ધર્મધુરંધર રામ,
ભોગપુરંદર શ્રેષ્ઠતમ ગુણાતીત ભગવાન.

પતિઅનુકૂળ સદા રહે સીતા શોભાખાણ,
પ્રભુતા જાણી સેવતી ચરણ સુશીલ મહાન.

સેવાકુશળ વિવિધ હતા દાસી તેમજ દાસ,
પોતે પણ સેવા કરે રામચંદ્રની ખાસ.

કૃપાસિંધુને સુખ મળે તેવાં કામ કરે,
તજી માનમદ સાસુને સુખ સંતોષ ધરે.

દેવોથી વંદિત અને નિત્ય અનિંદિત જે,
સર્વગુણોની મૂર્તિ ને જગદંબારૂપ છે,

દેવો કૃપાકટાક્ષને ઝંખે પણ ન જુએ,
સીતા તે શ્રીરામના પદમાં પ્રીતિ કરે.

(આખ્યાન)

સેવે સાનુકૂળ સહુ ભ્રાત રામચરણરતિ અતિ રળિયાત;
પ્રભુમુખકમલ વિલોકી રહે સેવા કૃપાળુ જેથી કહે.

રામ કરે બાંધવ પર પ્રીતિ સમજાવીને બહુવિધ નીતિ;
સાનંદ રહે સઘળા લોક કરે સકળ સુરદુર્લભ ભોગ.

મનાવતા વિધિને દિનરાત શ્રીરઘુવીર ચરણરતિકાજ;
સીતાને બે પુત્ર થયા લવકુશ વેદપુરાણ કહ્યા.

વિજયી વિનયી ગુણના ધામ હરિપ્રતિબિંબ સરસ કૃતકામ;
બે બે સુત સૌ ભ્રાતતણા રૂપશીલ ગુણસહિત ઘણા.

(દોહરા)

જ્ઞાનગિરા ગોતીતઅજ માયા મન ગુણ પાર,
કરે સચ્ચિદાનંદ તે માનવચરિત ઉદાર.

સવારમાં સરયૂમહીં સ્નેહે સ્નાન કરી,
સજ્જનસાથ સભામહીં વિરાજતા રસથી.

વેદપુરાણતણી કથા વસિષ્ઠ મુનિ કથતા,
રામ જાણતા સૌ છતાં શાંતિથકી સુણતા.

બંધુસાથ જમતા સુખી દેખી માત થતી,
શત્રુઘ્ન ભરત પવનસુત ઉપવન જતા પછી.

રામકથાને પૂછતા કહેતા તે હનુમાન,
સુણતાં અતિસુખ પામતા, તૃપ્ત થતો ના પ્રાણ.

પુરાણ પ્રતિગૃહ રામનાં ચરિત પવિત્ર થતાં,
દિવસરાત ના જાણતાં ગુણકીર્તન કરતાં.

અવધપુરીવાસીતણી સુખસંપત્તિ અપાર,
સહસ્ત્રમુખ ના વર્ણવી શકે શેષ કદીકાળ.

(આખ્યાન)

નારદાદિ સનકાદિ મુનીશ દર્શનકાજ કોશલાધીશ,
આવે નગરમહીં સપ્રેમ વિસરે વિરતિ તેમ વ્રતનેમ.

સુવર્ણમણિથી મઢી અટારી, લાદી બહુરંગી ત્યાં ન્યારી;
પુર ચોપાસ કોટ અતિસુંદર, ઉપર કાંગરા રંગભર્યા વર.

નવગ્રહની સેના ત્યાં મળી સ્વર્ગપુરીને ઘેરી વળી;
માર્ગે રત્ન વિવિધ સોહાય, પેખી મુનિવરમન મોહાય.

ધવલ ધામ આલિંગે વ્યોમ, નીંદે કળશ ચંદ્ર ને સોમ;
ઝરૂખા સુભગ મણિથી થયા, ઘેરઘેર મણિદીપ બન્યા.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

મણિદીપ રાજે ભવનમાં, ચમકે સરસ ત્યાં ઉંબરા,
મરકત મણિજડિત સ્વર્ણની શોભે દીવાલો દિવ્ય ત્યાં;
સુવિશાળ સુંદર રમ્ય હર્મ્ય, સ્ફટિકતણાં આંગણ રચ્યાં,
પ્રતિદ્વાર સ્વર્ણકપાટ હીરાજડિત દેખાયે ઘણાં.

(દોહરા)

ચારુ ચિત્રશાળા ઘણી પ્રતિગૃહ રહી બની,
રામચરિત આલેખતી; મુનિમન મુગ્ધ કરી.

સુમનવાટિકાઓ બધે થઈ હતી તૈયાર,
વસંત પેઠે ફૂલતી લતા સુલલિત અપાર.

(આખ્યાન)

ગૂંજે મધુકર મધુ સ્વરસાથ, ત્રિવિધ વાયુ વાયે સોલ્લાસ;
વિવિધ વિહગને પાળે બાળ ઊડે બોલે મનહર વાણ.

મોર કબૂતર સારસ હંસ કરતાં શોકતણો વિધ્વંસ,
નિજ પ્રતિબિંબ ભવનમાં જુએ, કૂજે રસમય નૃત્ય કરે.

શુકસારિકા ભણાવે બાળ કહો રામ રઘુપતિ જનપાળ;
ચારુ સકલ વિધ રાજદ્વાર, ચૌટાં મારગ સરસ બજાર.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ના વર્ણવાય સરસ બજાર, મળે પદાર્થ અમૂલ્ય ત્યાં,
સંપત્તિ કેમ જ વર્ણવાય રમારમણ હો ભૂપ જ્યાં;
બેઠા બજાજ [28] શરાફ વણિક અનેક દિવ્ય કુબેરશા,
નરનાર શિશુ ને વૃદ્ધ સુંદર શીલવાન સુખી બધાં.

(દોહરા)

ઉત્તરમાં સરયૂ વહે જલ નિર્મળ ગંભીર;
સોહે ઘાટ મનોહર, સ્વલ્પ પંક ના તીર.

[28] બજાજ - કાપડિયા

ગજ બાજી કાજે કર્યા અલગ ચારુ ત્યાં ઘાટ;
પનઘટ પરમ મનોહર ત્યાં ન પુરુષની વાત.

રાજઘાટ પર સ્નાન શુભ ચારે વર્ણ કરે;
તીરે મંદિર, ઉપવનો સુંદર બધે મળે.

વિરક્ત જ્ઞાની ત્યાગરત મુનિઓ ક્યાંક વસે;
તટ પર તુલસીવૃંદનાં દર્શન થાય બધે.

પુરશોભા શે વર્ણવું, અંદર ચારુ બહાર;
વન ઉપવન અતિ અદભુત તળાવ તેમજ વાવ,
અયોધ્યાપુરી પેખતાં પાતક ટળે અપાર.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

વાપી તળાવ અનૂપ કૂપ વિશાળ સુંદર શોભતાં,
સોપાન સુખકર નીર નિર્મળ નિહાળી મુનિ મોહતા;
બહુરંગ કંજ અસંખ્ય ખગ કૂજે, મધુપ ગૂંજે વળી,
ઉપવન નિમંત્રે પથિકને મધુમય વિહંગસ્વરો કરી.

(દોહરા)

રામનાથ રાજા કરું પુરવર્ણન તે કેમ,
અણિમાદિક સુખસંપદા વ્યાપી ત્યાં સપ્રેમ.

*

(આખ્યાન)

જ્યાં ત્યાં જન રઘુપતિગુણ ગાય, એક જ કથા બધે કહેવાય,
ભજો પ્રણત પ્રતિપાલક રામ શોભા શીલ રૂપ ગુણધામ.

સરસિજ લોચન શ્યામશરીર, પલક નયનસમ રક્ષે ધીર;
ધૃતશર સુંદર ચાપ તૂણીર, સંતકંજ વનરવિ બલવીર.

કાલકરાળ વ્યાલ ખગરાજ, મમતાહર સેવક શિરતાજ;
લોભ મોહ મૃગ યૂથકિરાત મનસિજકરિ શાર્દુલ રળિયાત.

સંશય શોક નિબિડ તમભાનુ, દનુજગહન વનદહન કૃશાનુ;
જનકસુતા સમેત રઘુવીર કાં ન ભજો ભંજન ભવભીર ?

વાસના મસક હિમશા ખાસ, સદા એકરસ અજ અવિનાશ;
મુનિરંજન ભંજન ભૂભાર તુલસીના પ્રભુ ભજો ઉદાર.

(દોહરા)

એ પ્રકાર પુરનારનર કરે રામ ગુણગાન,
સાનુકૂળ સૌ પર રહે કાયમ કૃપાનિધાન.

(આખ્યાન)

ભાસ્કર રામપ્રતાપતણો ઉદિત જ્યારથી પ્રબળ થયો,
પ્રકાશ પ્રગટ થયો ત્રણ લોક પામ્યા સુખ તો કોઈ શોક.

શોક રહ્યો ત્યાં કેમ ફરી, પ્રથમ અવિદ્યાનિશા ટળી,
છુપાયાં અઘઘુવડ બધે, કામક્રોધ ના રહ્યાં કશે.

વિવિધ કર્મ ગુણકાળ સ્વભાવ ચકોર પામ્યાં સુખ ન જરાય;
મત્સર માન મોહ મદચોર કરી રહ્યા ક્યાંયે ના શોર.

ધર્મતડાગ જ્ઞાનવિજ્ઞાન પંકજ પ્રગટ્યાં બહુ રસપ્રાણ;
સુખસંતોષ વિરાગ વિવેક થયા શોક વિણ કોક[29] અનેક.

(દોહરા)

ભાસ્કર રામપ્રતાપનો ઉરમાં કરે પ્રકાશ,
વધે પછીનાં પ્રથમનાં ત્યારે પામે નાશ.

(આખ્યાન)

ભ્રાતાસહિત રામ એક વાર સંગ પરમપ્રિય પવનકુમાર,
સુંદર ઉપવન જોવા ગયા, તરુ કુસુમતિ સૌ પલ્લવ નવા.

સુયોગ્ય સમય ગણી ગુણવાન સનકાદિ પરમદિવ્ય મહાન,
આવ્યા બ્રહ્માનંદે લીન, જોતાં શિશુ પણ બહુકાલીન.

સાકાર બન્યા ચારે વેદ, સમદર્શી મુનિ તેમ અભેદ;
દિશાવસન શ્રેષ્ઠ વ્યસન એક સુણવી રઘુપતિલીલા છેક.

(દોહરા)

અગસ્ત્ય મુનિની પાસથી આવેલા મુનિ એ
કથા સુણીને રામની જ્ઞાન અર્પતી તે.

રામે મુનિનાં ચરણમાં પ્રેમે કર્યા પ્રણામ,
પીતાંબરને પાથર્યું દેવાને વિશ્રામ.

પવનસુતે ત્રણ બંધુસહ પ્રેમે કર્યા પ્રણામ,
મુનિ મન ના રોકી શક્યા જોતાંવેંત જ રામ,
આનંદાર્ણવમાં ગયા ડૂબી અતિકૃતકામ.

[29] કોક - ચકવાક પક્ષી

(આખ્યાન)

શ્યામ શરીર સરોરૂહ લોચન સુંદરતામંદિર ભવમોચન,
અનિમેષ રહ્યા પ્રભુ નીરખી; પ્રભુ પણ નમ્યા તરત હરખી.

દશા એમની દેખી નીર નયને આવ્યાં પુલક શરીર;
પ્રભુએ બેસાડ્યા મુનિને, કહ્યાં વચન મધુ નમ્રપણે.

મુનિવર ધન્ય બન્યો હું આજ; થતો દર્શને પાતકનાશ;
ભાગ્યથકી મળતો સત્સંગ, અનાયાસ થાયે ભવભંગ.

(દોહરા)

સંતસંગ અપવર્ગનો કામીનો ભવપંથ;
કહે સંત કવિ કોવિદ શ્રુતિ પુરાણ સદગ્રંથ.

પ્રભુનાં વચનોને સુણી હરખ્યા મુનિવર ચાર,
પુલકિત તનથી સ્તુતિ રહ્યા કરી ભાવ અનુસાર.

*

## ૧૦. સનકાદિની સ્તુતિ

(રાગ-જય દેવી જય દેવી જય જય)

જય ભગવંત અનંત અનામય, અનઘ અનેક એક કરુણામય;
જય નિર્ગુણ જય જય ગુણસાગર, સુખમંદિર સુંદર અતિનાગર,
જય ઈન્દિરારમણ જય ભૂધર, અનુપમ અજ અનાદિ શોભાભર.

જ્ઞાનનિધાન અમાન માનપ્રદ વેદપુરાણ વિહિત પાવન યશ,
તજ્ઞ કૃતજ્ઞ અજ્ઞતાભંજન અનેકનામ અનામ નિરંજન.

સર્વ સર્વગત સર્વ ઉરાલય વસો, અમોને પાળો રસમય !
દ્વંદ્વ વિપદ કાપો ભવકંદ કરો કામમદ મમતા અંત.

(દોહરા)

પરમાનંદ કૃપાયતન પૂરણ કરતા કામ,
પ્રેમભક્તિ અવિચળ સદા આપો અમને રામ !

(રાગ-જય દેવી જય દેવી જય જય)

આપો રામ, ભક્તિ અતિપાવન ત્રિવિધ તાપ ભવક્લેશ નસાવન;
પ્રણતકામ સુરધેનુ કલ્પતરુ, વર દો પ્રસન્ન આજ બની પ્રભુ !

ભવવારિધિ કુંભજ રઘુનાયક, સેવ્યે સુલભ સકલ સુખદાયક;
મનનાં દારુણ દુઃખ નિવારો, દીનબંધુ સમતા વિસ્તારો.

આશ ત્રાસ ઈર્ષાદિ નિવારક વિનય વિવેક વિરતિ વિસ્તારક;
ભૂપમૌલિમણિ મંડન ધરણી, ભક્તિ ધરો ભવસરિતાતરણી.[30]

મુનિમનમાનસહંસ નિરંતર, વંદે ચરણકમળ અજશંકર;
રઘુકુળકેતુ સેતુ શ્રુતિરક્ષક કાળસ્વભાવ કર્મગુણભક્ષક.
તારણતરણ હરણ સૌ દૂષણ તુલસીના પ્રભુ ત્રિભુવનભૂષણ.

(દોહરા)

સ્તુતિ એ વિધ પ્રેમે કરી વંદી વારંવાર
બ્રહ્મલોકમાં મુનિ ગયા અતિ અભીષ્ટ વરસાથ.

*

[30] તરણી - નૌકા

## ૧૧. સંત અસંતનાં લક્ષણ

રામને કર્યા બંધુએ પ્રેમે પછી પ્રણામ,
પ્રશ્ન પૂછવા ચાહતા કિન્તુ હાર્યા હામ.

પ્રભુમુખની વાણી સુણી કરવા ભ્રમનો નાશ,
ભરતે માગી મદદને હનુમંત તણી ખાસ.

બોલ્યા પ્રભુ, મુજમાં તથા ભરતમાં નથી ભેદ;
ભરતે રામચરણ તરત પકડયાં છોડી ખેદ.

કહ્યું, નાથ સંદેહ ના સ્વપ્ને શોક ન મોહ;
કૃપા આપીને એ બધી કૃપાનંદ સંદોહ !

કરું ધૃષ્ટતા એક હું સેવક બનતાં આજ,
સેવક સુખદાતા તમે રાખો મારી લાજ,

વેદપુરાણે સંતના મહિમાને ગાયો,
તમેય મહિમા તેમનો સ્વમુખે જ વખાણ્યો.

લક્ષણ સઘળાં એમનાં સુણવા હું માગું;
જ્ઞાનનિપુણ ઉપદેશ દો, જડતાથી જાગું.

કૃપાસિંધુ ગુણધામ હે પ્રણતપાલ શ્રીરામ,
સંત અસંતતણા કહો મુજને ભેદ તમામ.

રામ વદ્યા અગણિત કહ્યાં લક્ષણ સંતતણા,
શ્રુતિ-સ્મૃતિમાં વિખ્યાત છે, સંતે કહ્યાં ઘણાં.

વર્તન સંત-અસંતનું કુઠાર ચંદન જેમ;
કુઠાર કાપે તોય દે ચંદન ગંધ સપ્રેમ.

સુરશિર પર તેથી ચઢે સૌને પ્રિય શ્રીખંડ;
બાળી અનલે પરશુને પીટીને દે દંડ.

(આખ્યાન)

વિષય-અલંપટ શીલગુણાકર, પરદુ:ખ દુ:ખસુખ સુખ પેખી પર;
સમ અભૂતરિપુ વિમદ વિરાગી, લોભ ક્રોધ ભય ચિંતા ત્યાગી.

કોમળચિત્ત દીન પર દયા, ભક્ત કર્મમનવચને થયા;
માનપ્રદ છતાં સ્વયં અમાન સંતો તે મુજ પ્રાણ સમાન.

વિગતકામ મુજ નામપરાયણ, શાંતિ વિરતિ વિનતી મુદિતાયન;
સરળતા સકળ પ્રત્યે પ્રેમ દ્વિજપદપ્રીતિ વિમળતા તેમ.

જેનામાં સૌ લક્ષણ એ સંત સદા કહેવાયે તે;
શમદમ નિયમ નીતિ ન તજે, કટુક વચન ના કદી ભજે.

નિંદા-સ્તુતિ સરખાં ગણે, મમતા મુજ પદકંજ;
તે સજ્જન મમ પ્રાણપ્રિય, ગુણમંદિર સુખપુંજ.

કહું અસંત સ્વભાવને, દુ:ખદ એમનો સંગ,
સ્વપ્ને પણ કરવો નહીં, સોમલ અંગેઅંગ,

(આખ્યાન)

ખલહૃદયે સંતાપ વિશેષ, પર સંપદથી જલે હમેશ;
પરનિંદાથી હરખે એમ નિધિ પામ્યા હો પથમાં જેમ.

કામ ક્રોધ મદ લોભ પ્રતીક નિર્દય કપટી કુટિલ મલિન;
અકારણ કરે સૌથી વેર હિત કરતાનું અહિત સવેળ.

જૂઠ ગ્રહે ને જૂઠ જ દે જૂઠ કરે ને જૂઠ કહે;
બોલે મધુર બનીને મોર ખાય સર્પ પણ હૃદય કઠોર.

(દોહરા)

પરદ્રોહી પરદારરત પરધન નિંદાવાદ,
માનવ રૂપે અસુર એ પામર પાપી સાચ.

લોભી શિશ્નોદર પર યમપુરથી ન ડરે,
સુણી શ્રેષ્ઠતા અન્યની મૃત્યુ વિના જ મરે.

વિપત્તિ દેખી અન્યની નૃપસમ સુખી બને;
કામી ક્રોધી સ્વાર્થરત કુળના શત્રુ ઠરે.

માતપિતા ગુરુ વિપ્રને માને સેવે ના,
સ્વયં નાશ પામી કરે નાશ અન્યનો હા !

મોહવશ બની અજ્ઞ એ પરનો દ્રોહ કરે;
કથા ભજન સત્સંગમાં મન ના લેશ ઠરે.

અવગુણસાગર મંદમતિ નિંદક વેદતણા,
પરધનરત દંભી શઠ, સજે સુવેશ ઘણા.

એવા અધમ મનુજ નહીં સતયુગ ત્રેતામાં,
અલ્પ દ્વાપરે ટોળલે કિન્તુ કલિયુગમાં.

પરહિત સરખો ધર્મ ના પરપીડા સમ પાપ,
નિર્ણય વેદપુરાણનો જાણે બુધજન આપ.

નરશરીર ધારી ધરે બીજાને જે પીડ,
સહન કરે તે સર્વદા અતિકરાળ ભવભીડ.

મોહસ્વાર્થવશ જે જનો પાતક વિવિધ કરે,
નષ્ટ કરે પરલોક તે આપોઆપ મરે.

કર્મફળ શુભાશુભ ધરું કાળ બનીને હું;
ભજે વિવેકી જેમણે જગ દુ:ખયુક્ત ગણ્યું.

શુભાશુભ ફળો અર્પતા કર્મોને ત્યાગી,
સુરનર મુનિનાયક મને ભજે બની રાગી.

સંત-અસંતતણા ગુણો વિવિધ વર્ણવ્યા મેં,
સમજી લેજે એમને પડે ન ભવમાં તે.

માયાકૃત છે જગતમાં ગુણ ને દોષ અનેક;
ગુણ જોવા ના ઉભયને, જોવા એ અવિવેક.

પ્રભુનાં વચનોને સુણી થયો ઉમંગ અપાર,
વાધ્યો પ્રેમ, વિનય કર્યો સૌએ વારંવાર.

કરતા લીલા અવનવી એમ સદાયે રામ;
ગાતા પુનિત ચરિત્રને નારદ સુખે તમામ,

બ્રહ્મલોકમાં તે સુણી બ્રહ્મા તૃપ્ત થતા,
વારંવાર જણાવતા કહેવા રામકથા.

બ્રહ્મનિષ્ઠ સનકાદિ સૌ સમાધિને વિસરી,
સુણતા સાદર મુનિતણાં વખાણ રોજ કરી.

મુક્ત બ્રહ્મરત પણ સુણે ચરિત તજીને ધ્યાન,
કરે કથાની રતિ નહીં ઉર એનું પાષાણ.

*

## ૧૨. રામનો સદુપદેશ

(ચોપાઈ)

એક વાર શ્રીરામે બોલાવ્યા, ગુરુ વિપ્ર ને પુરવાસી આવ્યા;
બોલ્યા ભક્ત ભવભંજન ત્યારે, સુણો વચનોને મારાં પ્યારે.

લાવી મમતા ઉરે નવ બોલું, નીતિ છોડીને હૈયું ના ખોલું;
નથી પ્રભુતા અહંતા ના કાંઈ, વર્તો યોગ્ય માનો તેમ ભાઈ !

તે જ સેવક મુજ અતિપ્યારો માને આદેશ પૂર્ણ જે મારો;
મારાં વચનો અયોગ્ય જણાય સુણો સંકોચે તો ના જરાય.

મહાભાગ્યે માનુષ તન મળિયું સુરદુર્લભ ગ્રંથોએ ગણિયું;
ધામ સાધનનું મોક્ષદ્વાર, કર્યો પરલોકનો ના સુધાર.

(દોહરા)

તે પરત્ર દુ:ખ પામતાં શિર ફૂટી પસ્તાય;
કાળકર્મ ને ઈશને દોષ ધરે નિરુપાય.

આ તનનું ફળ વિષય ના; સ્વલ્પ સ્વર્ગના ભોગ,
અંતે દુ:ખદાયક બને મટતાં સુખનો યોગ.

નરતન પામી વિષયમાં મનને જોડે જે,
અમૃતને બદલે ગ્રહે વિષને માનવ તે.

(ચોપાઈ)

જે લે ગુંજાને પારસ ખોઈ તેને જ્ઞાની કહે નવ કોઈ;
ચાર ખાણ[31] ને લક્ષ ચોરાસી યોનિ જીવ ભમે અવિનાશી.

ફરે માયાથી કર્મે પ્રેરાઈ કાળગુણ ને સ્વભાવે ઘેરાઈ;
ક્યારે કરુણા કરી નરદેહ આપે ઈશ એને કરી સ્નેહ.

[31] ચાર ખાણ - અંડજ, સ્વેદજ, જરાયુજ, ઉદભિજ્જ

નરદેહ ભવસિંધુવહાણ કૃપા મારી મરુત શુભ જાણ;
ગુરુ નાવિક એના મહાન, થયાં સાધન સુલભ બધાંય.

(દોહરા)

જે ન તરે ભવસાગર સાધન પામી એ,
આત્માને પોતે હણે અજ્ઞ કૃતઘ્ની તે.

*

(આખ્યાન)

ચહો અહીં પરલોકે સુખ વચન અનુસરો તો મુજ ઉચ્ચ;
સુલભ સુખદ સાધન આ ભ્રાત, ભક્તિ શુચિ પુરાણ શ્રુતિખ્યાત.

જ્ઞાન અગમ ને વિઘ્ન અપાર કઠિન ન કો મનનો આધાર;
કષ્ટથકી કોઈ પ્રાપ્ત કરે, ભક્તિહીન તે પ્રિય ન મને.

ભક્તિ સ્વતંત્ર સકળ સુખખાણ, સત્સંગથકી પામે પ્રાણ;
પુણ્યપુંજ વિણ મળે ન સંત, સત્સંગ કરે સંસૃતિ અંત.

પુણ્ય એક જગમાં ભૂદેવ મનક્રમવચન વિપ્રપદસેવ;
પ્રસન્ન એના પર મુનિદેવ ને છળ તજી કરે દ્વિજસેવ.

(દોહરા)

ગુપ્ત અન્ય અભિપ્રાયને કહું જોડતાં હાથ,
શંકર ભજન વિના મળે ના મુજ ભક્તિસાથ.

(આખ્યાન)

ભક્તિપથે છે કયો પ્રયાસ, યોગ ન જપ તપ મખ ઉપવાસ;
કુટિલતા નહીં સરલ સ્વભાવ યથાલાભ સંતોષ સદાય.

મારો દાસ અન્યની આશ કરે તો ઉત્તમ ના વિશ્વાસ;
વાત વધારીને શું કહું, એવા વશ વર્તનને રહું.

વેર ન વિગ્રહ આશ ન ત્રાસ, સુખમય એને સૌ અવકાશ;
અનારંભ અનિકેત અમાન અનઘ અરોષ દક્ષ વિજ્ઞાન.

પ્રીત સદા સજ્જન સંસર્ગ, તૃણસમ વિષય સ્વર્ગ અપવર્ગ;
આગ્રહ ભક્તિતણો દૃઢ કરે, શઠતા તર્ક વિતર્ક હરે.

(દોહરા)

મમ ગુણગ્રામ નામરત, નવ મમતા મદ મોહ,
તેનું જાણે તેજ સુખ પરાનંદ સંદોહ.

સુણી સુધાસમ શબ્દને સૌએ કર્યા પ્રણામ;
માતતાત ગુરુ પ્રાણપ્રિય આપ જ બંધુ કૃપાળ.

(આખ્યાન)

તન-ધનધામ તમે જ અમારા શરણાગત સંકટ હરનારા,
હિતકારક કોણ કહે આમ, પિતૃ સ્વાર્થરત હોય સકામ.

હેતુરહિત ઉપકારી બે તમે તમારા ભક્ત જગે;
સ્વાર્થી મિત્ર સકળ જગમાંહ્ય, પરમાર્થતણો ભાવ ન ક્યાંય.

(દોહરા)

પ્રેમભર્યાં વચનો સુણી પ્રસન્ન રામ થયા;
વર્ણવતાં પ્રભુની કથા સૌ નિજ ભવન ગયા.

અવધતણાં વાસી બધાં ધન્ય કૃતાર્થ અનૂપ;
બ્રહ્મ સચ્ચિદાનંદઘન રઘુનાયક જ્યાં ભૂપ.

*

મુનિ વસિષ્ઠ શ્રીરામની પાસ પછી આવ્યા,
ચરણામૃત લેતાં તરત રામે સત્કાર્યા.

બોલ્યા મુનિ, વિનતી સુણો કૃપાસિંધુ શ્રીરામ,
મોહ તમારા થાય છે વર્તનથી અભિરામ.

અનંત મહિમા આપનો વેદ જાણતા ના,
કેમ કરી વાણી કહે મારી તેને આ ?

પુરોહિતપણું નીચ છે નીંદે વેદપુરાણ,
તેથી તેમાં ના ગયું સહેજે મારું ધ્યાન.

બ્રહ્માએ મુજને કહ્યું, લાભ થશે ભારે,
રઘુકુળભૂષણ નૃપ થશે પરમાત્મા જ્યારે.

ત્યારે વિચાર મેં કર્યો, યોગ યજ્ઞ વ્રત દાન,
થાય જેમને કાજ તે મળશે જગના પ્રાણ.

(આખ્યાન)

જપતપ નિયમ યોગ નિજધર્મ શ્રુતિસંમત અનેક શુભકર્મ,
જ્ઞાન દયા દમ તીરથસ્નાન ધર્મ કહે જે શ્રુતિ વિદ્વાન.

આગમ નિગમ પુરાણ અનેક શ્રવણ મનનનું ફળ પ્રભુ એક,
પદ પંકજની પ્રીતિ અખંડ, સાધનનું એ સુફળ અનંત.

મળ ધોવાથી મળ શું જાય, જળ મથવાથી કે ઘૃત થાય ?
પ્રેમ ભક્તિ જલ વિણ રઘુરાય મળ આભ્યંતર લેશ ન જાય.

એ સર્વજ્ઞ તજ્ઞ ને પંડિત વિજ્ઞાની ગુણધામ અખંડિત,
દક્ષ સકળ લક્ષણયુત એ જ જેને પદસરોજરતિ સ્હેજ.

(દોહરા)

માગું વરને એક હું, નાથ કૃપાથી દો,
જન્મ જન્મ પ્રભુપદકમળ ઘટે પ્રેમ ના હો !

*

(આખ્યાન)

એમ કહી મુનિ ઘેર પધાર્યા, કૃપાસિંધુ મનને અતિ ભાવ્યા;
મારુતિસુત ભરતાદિક ભ્રાત રઘુપતિએ લેતાં નિજ સાથ.

કર્યું નગરની બહાર પ્રયાણ, ગજ રથ મંગાવ્યા તત્કાળ;
પ્રશંસા કરી ભેટ કર્યા મનપસંદ સ્મિત સહિત ધર્યા.

થયા શ્રમિત પ્રભુ શ્રમ હરનારા, ગયા આમ્રવનમાં તત્કાળ,
વસ્ત્ર પાથર્યું ભરતે એક, બેઠા શાંતિ સહિત પ્રભુ છેક.

પુલકિત તન લોચન જલ સાથ હનુમાન કરે પંખો હાથ;
કોણ એમના સમ બડભાગ કરતા રામચરણનો રાગ,
પ્રીત જેમની સેવા તેમ પ્રભુએ કહી સ્વમુખ સપ્રેમ.

(દોહરા)

નારદમુનિ એ અવસરે આવ્યા ધારી બીન,
ગાવા લાગ્યા રામની સુંદર કીર્તિ નવીન.

(ભજ ગોવિંદ ભજ ગોવિંદ)

પેખો પ્રેમે પંકજલોચન કૃપાદૃષ્ટિથી શોકવિમોચન;
નીલકમળસમ શ્યામ કામઅરિ હૃદયકંજ મકરંદ મધુપ હરિ !

જાતુધાન સેનાબળભંજન, મુનિસજ્જનરંજન અઘગંજન;
ભૂસુરધાન્ય નવલ વાદળમય અશરણશરણ દૈન્યહર નિર્ભય.

ભુજબલ વિપુલ ભાર જગ ખંડિત, ખરદૂષણ વિરાધ વધ પંડિત;
રાવણારિ સુખરૂપ ભૂપવર, જય દશરથકુળ કુમુદ સુધાકર.

સુયશ પુરાણવિદિત નિગમાગમ, સ્તવતા સુરમુનિ સંતસમાગમ;
કારુણીક મિથ્યામદખંડન, કુશળ કૃતાર્થ અવધના મંડન.
કલિમલ મથન નામ મમતાહન રક્ષો હે પ્રભુ સદા પ્રણતજન.

(દોહરા)

પ્રેમસહિત મુનિ નારદ સ્તવી રામ ગુણગ્રામ,
શોભાસિંધુ ઉરે ધરી પહોંચ્યા વિધિના ધામ.

(આખ્યાન)

કથા કહી અત્યંત રસાળ રઘુવરની મુજ મતિ અનુસાર;
રામચરિત શતકોટિ અપાર શ્રુતિ શારદા ન પામે પાર.

રામ અનંત ગુણોય અનંત જન્મ કર્મ ને નામ અનંત;
જલકણ રજગણ ગણી શકાય ચરિત તોય સંપૂર્ણ ન થાય.

વિમળ કથા હરિપદને ધરે, અવિચળ ભક્તિ પ્રગટ ને કરે;
રામકથા મેં સુંદર કહી ભુશુંડિમુખથી અદભુત વહી.

અલ્પ રામગુણ આજ કહ્યા, કોઈયે નવ પૂર્ણ લહ્યા;
સુણી કથાને હરખ્યો પ્રાણ, પ્રગટી અતિ વિનીત મૃદુ વાણ.

(દોહરા)

કૃપાયતન પામી કૃપા ધન્ય થયો મુજ પ્રાણ,
પ્રભુપ્રતાપ જાણ્યો, મટ્યો મનનો મોહ મહાન.

મુખચંદ્રથકી વરસતી કથાસુધા રઘુવીર,
મન તૃપ્તિ ના પામતું શ્રવણપુટે પી ધીર.

*

## ૧૩. કાકભુશુંડિની કથા

(આખ્યાન)

સુણતાં રામચરિત્ર ધરાય રસ તે જાણે વધુ ન જરાય;
જીવનમુક્ત મહામુનિ જે હરિગુણ સુણે નિરંતર તે.

ભવસાગર તરવાનો ભાવ તેને રામકથા દૃઢ નાવ;
વિષયીને પણ હરિગુણગ્રામ શ્રવણસુખદ મનને અભિરામ.

શ્રવણવંત એવો છે કોણ રામચરિત પ્રિય જે ના હોય,
જડ નાશક પોતાનો જે રામકથારસ ના લે તે.

રામચરિતમાનસનું ગાન સુણી મેળવ્યું મધુરસપાન;
કાકભુશુંડિ મુખેથી વહી કથા ગરુડને મધુર મળી.

(દોહરા)

વિરતિ જ્ઞાન વિજ્ઞાન દૃઢ રામચરણ અતિનેહ,
કાગશરીરે ભક્તિરસ, થાય પરમ સંદેહ.

સહસ્ત્ર નરમાં હોય કો એક ધર્મવ્રતવાન,
કોટિ ધર્મવાનોમહીં કોઈ હોય મહાન.

વિષયવિમુખ વૈરાગ્યરત; કોટિ વિરક્તોમાં,
પામે સમ્યક્ જ્ઞાનને કોઈ વિરલ મહા.

કોટિ જ્ઞાનવાનોમહીં જીવનમુક્ત વળી,
કોઈ એક બની શકે, ભાગ્યે શકે મળી.

સહસ્ત્ર જીવનમુક્તમાં વિરક્ત સૌ સુખખાણ,
ધર્મશીલ જ્ઞાની પરમ પરમાત્મારત પ્રાણ,

દુર્લભ સંસારે સદા, મળે ના મળે કે;
એ સૌમાં પણ દુર્લભ રામભક્તિરત તે.

મદમાયા પર ભક્તિ તે પ્રાપ્ત કરી કાગે,
કેવી રીતે વર્ણવો મુજને અનુરાગે.

રામપરાયણ જ્ઞાનરત ગુણાગાર મતિધીર,
ભુશુંડિને ક્યાંથી મળ્યું પ્રાકૃત કાગશરીર ?

પવિત્ર સુંદર પ્રભુચરિત મળ્યું કાગને કેમ;
કામારિ કહો તે વળી તમે સાંભળ્યું જેમ.

(આખ્યાન)

ગરુડ પરમ જ્ઞાની ગુણધામ હરિનિકટનિવાસી કૃતકામ,
મુનિનિકર તજી કેમ ગયા, કાગે વચનો કેમ કહ્યાં ?

સંવાદ થયો કેમ કહો, ઉભય હરિતણા ભક્ત અહો;
ઉમાતણી એ સુણતાં વાણ શંકર બોલ્યા પ્રભુપદધ્યાન.

ધન્ય સતી પાવન મતિ પ્રાણ રઘુપતિચરણ પ્રીતિ બળવાન,
કહું પવિત્ર પરમ ઈતિહાસ કરે શોક ભ્રમ શંકા નાશ.

(દોહરા)

સુણતાં એને ઊપજતો રામચરણ વિશ્વાસ,
ભવસાગર માનવ તરે સહેજે વિના પ્રયાસ.

ગરુડે ભુશુંડિને હતા પૂછ્યા પ્રશ્નો એમ,
સાદર સુણો કથા બધી પ્રગટાવીને પ્રેમ.

કથા મેં સુણી કેમ તે ઈતિહાસ કહું હું,
નામ પ્રથમ અવતારનું સતી થયું મધુરું.

(ચોપાઈ)

દક્ષયજ્ઞે થતાં અપમાન તમે ક્રોધે તજી દીધો પ્રાણ,
કર્યો સેવકે યજ્ઞનો ભંગ, જાણો સઘળો પ્રસિદ્ધ પ્રસંગ.

મારા મનમાં થયો શોક ભારે, થયો વ્યથિત વિયોગથી ત્યારે;
જોતાં વનગિરિ સરિત તડાગ ફરતો વનમાં હું પામી વૈરાગ્ય.

નીલ શૈલ સુંદર અતિ એક ગિરિ સુમેરુની ઊતરે છેક,
ચારુ સ્વર્ણશિખર તેનાં ચાર, થયો જોતાં આનંદ અપાર.

વટ પિપ્પલ પીપર આમ્ર વૃક્ષ પ્રત્યેક શિખરે વિશાળ,
સોહે સુંદર સર એક એમાં દિવ્ય મણિમય સોપાનો જેનાં.

(દોહરા)

શીતળ અમલ મધુર જલ, જલજ વિપુલ બહુરંગ,
કૂજે કલરવ હંસગણ, ગૂંજે મંજુલ ભૃંગ.

(ચોપાઈ)

એ જ ગિરિમાં વસે ખગ એક, નાશ એનો ના કલ્પાંતે છેક;
મોહ મનોજ અને અવિવેક માયાકૃત ગુણદોષ અનેક.

રહ્યા વ્યાપી સકળ જગમાંહી, પહોંચે ગિરિની નિકટ તે નાહીં;
ભજે હરિને વસી ત્યાં કાગ દિનરાત સહિત અનુરાગ.

ધ્યાન પિપ્પલ તરુએ ધરે છે, જપ પીપલ વૃક્ષે કરે છે,
પૂજા માનસ આમ્રની છાંયે, કામ ભજન વિના નવ કાંયે.

વટવૃક્ષે કથાના પ્રસંગ સુણવા આવે વિભિન્ન વિહંગ;
રામચરિત વિચિત્ર રસાળ, કરે સાદર સ્નેહથી ગાન.

સુણે સકળ સન્મતિના મરાલ વસે શાંત પ્રસન્ન જે તાલ;
જ્યારે કૌતુકને મેં જોયું થયો આનંદ ને મન મોહ્યું.

(દોહરા)

મરાલ તન ધારી કર્યો થોડો મેં ત્યાં વાસ,
સાદર રઘુપતિગુણ સુણી પહોંચ્યો ને કૈલાસ.

*

ભુશુંડિ સાથે ગરુડનો થયો કેમ મેળાપ,
કથા કહું તે શુભ હવે શમાવતી સંતાપ.

(ચોપાઈ)

કીધી રણમાં રઘુનાથે ક્રીડા તેને યાદ કરી થાય પીડા;
હાથે મેઘનાદના બંધાયા, રક્ષા માટે ગરુડ ત્યાં પધાર્યા.

કાપી બંધ ગયા ઉરગાદ, પ્રગટયો પ્રાણે પ્રચંડ વિષાદ;
પ્રભુબંધન સ્મરતાં અપાર કરવા લાગ્યા એ ભ્રાંત વિચાર.

બ્રહ્મ વ્યાપક વિરજ વાગીશ માયામોહથી પર વળી ઈશ,
લીધો એમણે છે અવતાર છતાં દેખાયો ના મને સાર.

(દોહરા)

છોડે ભવબંધનથકી નરને જેનું નામ,
બાંધ્યા તુચ્છ નિશાચરે નાગપાશ તે રામ.

મનને સમજાવ્યું છતાં ભ્રમ ના દૂર થયો,
જ્ઞાન થયું ના, તર્કથી ઘેરો મોહ બન્યો.

(ચોપાઈ)

ગયા વ્યાકુળ દેવર્ષિ પાસ, કહ્યો સંશય ચિત્તનો ખાસ;
થઈ અનુકંપા એમને ત્યારે, કહ્યું માયા તે પ્રભુની ભારે.

મન જ્ઞાનીતણાં જે હરે છે મિથ્યા મોહથકી ને ભરે છે,
જેણે નચવ્યો મને બહુ વાર માયા વ્યાપી તે તમને અપાર.

મહામોહ વ્યાપ્યો તમને જે મારા ઉપદેશે મટશે નહીં તે,
પહોંચો ચતુરાનન પાસ ખગેશ, કરો આપે જે મુજબ આદેશ.

(દોહરા)

ચાલ્યા દેવર્ષિ કહી કરતાં પ્રભુ ગુણગાન,
હરિમાયા બળ વર્ણવી વારંવાર સુજાણ.

બ્રહ્માને ગરુડે કહી શંકા પોતાની,
વંદી રઘુવરને તરત મહિમાને જાણી,

કરવા લાગ્યા શાંતિથી વિસ્મય સહિત વિચાર,
પ્રભાવ પ્રભુમાયાતણો સાચેસાચ અપાર.

કવિ કોવિદ જ્ઞાની બધા માયાવશ ફરતા,
નચાવ્યો મને પણ પૂરા મોહમુગ્ધ કરતાં.

મોહ ગરુડને થાય તો એમાં વિસ્મય ના;
મહાદેવ જાણે સદા રઘુપતિનો મહિમા.

મળો શંભુને થાય તો શંકાકેરો નાશ;
ગરુડ સુણી એ શબ્દને આવ્યા મારી પાસ.

ચરણે મસ્તક મૂકતાં શંકા મને કહી;
કહ્યું મેં તમે માર્ગમાં મુજને રહ્યા મળી.

કુબેરને મળવા કર્યું આજે મેં પ્રસ્થાન,
રઘુપતિ મહિમાનાં કરું પળમાં કેમ વખાણ ?

(ચોપાઈ)

દીર્ધકાળ કર્યે સત્સંગ થાય સકળ સંશયનો ભંગ,
કથા હરિતણી એમાં ગવાય, રામમહિમા જ સઘળે છવાય.

આદિમધ્ય ને અંતમાં રામ પ્રતિપાદ્ય કેવળ ભગવાન,
એવી હરિકથા રોજ જ્યાં થાય, સુણતાં ચિત્ત કદી ના ધરાય.

તમે જાવ ત્યાં સત્વર કેમે, શંકા સકળ શમાવી દો પ્રેમે;
થશે રામચરણમાં સ્નેહ એમાં લેશ નથી સંદેહ.

(દોહરા)

વિણ સત્સંગ ન હરિકથા વળી મોહનો નાશ,
મોહ મર્યાવિણ થાય ના રાગ રામનો ખાસ.

*

(આખ્યાન)

મળે ન રામ વિના અનુરાગ કર્યે યોગ તપ જ્ઞાન વિરાગ,
ઉત્તરમાં સુંદર ગિરિ નીલ ત્યાં રહે કાકભુશુંડિ સુશીલ.

રામભક્તિ પથ પરમપ્રવીણ જ્ઞાની ગુણનિધિ બહુકાલીન;
કહે રામની કથા સદા, સાદર સુણે વિહંગ બધાં.

સુણી મધુર હરિનાં ગુણગાન કરો મુક્ત મોહથકી પ્રાણ;
પ્રસન્ન મનથી ચાલ્યા તે ચરણે શીશ નમાવીને.

હર્યો એમનો નવ મેં ખેદ રામકૃપાનો જાણી ભેદ;
પ્રગટેલું પૂર્વે અભિમાન હણવા ચાહે કૃપાનિધાન.

રાખ્યા એથી નિકટ નહીં સમજે ખગ ખગવાણ સહી;
પ્રભુમાયા બળવંત અહો, મોહિત કોણ થયો ન કહો.

(દોહરા)

જ્ઞાની ભક્તશિરોમણિ પ્રભુના પાર્ષદ પ્રાણ,
મોહ્યા તે પણ; નર કરે પામર કેમ ગુમાન ?

શિવવિરંચિ મોહિત કરે કોણ તો પછી આન,
એવું જાણી મુનિ ભજે માયાપતિ ભગવાન.

*

## ૧૪. કાકભુશુંડિનો સત્સંગ

(આખ્યાન)

ગયા ગરુડ જ્યાં વસે ભુશુંડ નિર્મળમતિ હરિભક્તિ અખંડ;
દેખી શૈલ પ્રસન્ન થયા, માયા મોહ શોક સહુ ગયાં.

સરમાં સ્નાન કરી જલપાન વટતરુ પહોંચ્યા પુલકિત પ્રાણ;
વૃદ્ધ એકઠાં થયાં વિહંગ રામચરિત સુણવા સાનંદ.

કથારંભનો સમય  થયો ગરુડ ગયા ત્યાં તરત અહો;
આવ્યા જોઈને ખગરાજ હરખ્યા ભુશુંડિ સહિત સમાજ.

સાદર સ્વાગત કર્યું મહાન, આસન આપ્યું પુલકિત પ્રાણ,
પૂજા કરી સહિત અનુરાગ મધુર વચનને બોલ્યા કાગ.

(દોહરા)

દર્શન પામીને બન્યો કૃતાર્થ હું ખગરાજ,
આજ્ઞા આપો અનુસરું, પ્રભુ આવ્યા શે કાજ ?

સદા કૃતાર્થ સ્વરૂપ છો, વચનો વદ્યા ખગેશ,
જેમની કરે સાદર સ્તુતિ શ્રીમુખે મહેશ.

આગમનતણો હેતુ તો જોતાં સિદ્ધ થયો,
આશ્રમ પેખી મોહભ્રમ સંશય તથા ટળ્યો.

(આખ્યાન)

સુણવી રામકથા અતિપાવન સદા સુખદ દુ:ખપુંજન સાવન,
કહો હવે એને સપ્રેમ, વિનવું કરો સર્વનું ક્ષેમ.

સુણી ગરુડની ગિરા વિનીત સરળ સ્નેહમય સુખદ પવિત્ર,
થયો ઉરમહીં પરમ ઉમંગ કહી કથાને રસે અભંગ.

રામચરિતસર પ્રથમ કહ્યું, અતિઅનુરાગે નામ ધર્યું,
નારદમુનિનો મોહ અપાર વળી કહ્યો રાવણ અવતાર.

(દોહરા)

પ્રભુઅવતાર કથા કહી બાળચરિત્રતણી,
ઋષિ આગમન વિવાહને લીધો રસે વણી.

(આખ્યાન)

પછી રામઅભિષેક પ્રસંગ, નૃપનાં વચન રાજ્ય રસભંગ,
નગરજનોનો વિરહ વિષાદ, કહ્યો રામ-લક્ષ્મણ સંવાદ.

બિપિનગમન કેવટ અનુરાગ, પાર સુરસરી વાસ પ્રયાગ;
વાલ્મીકિ પ્રભુનાં મિલન વખાણ, વસ્યા ચિત્રકૂટે ભગવાન.

સચિવ આગમન નૃપતનત્યાગ, ભરતપ્રવેશ પ્રબળ અનુરાગ;
નૃપક્રિયા કરી પુરજન સાથ ભરત ગયા રઘુપતિની પાસ.

રઘુપતિએ બહુ સમજ ધરી, ફર્યા પાદુકા સહિત વળી;
ભરતવાસ સુરપતિ સુતપાપ, પ્રભુ મુનિ અત્રિતણો મેળાપ.

(દોહરા)

વિરાધવધ જેવી રીતે દેહ તજ્યો શરભંગ,
સુતીક્ષ્ણ પ્રેમ કહ્યો અને પ્રભુ અગસ્ત્ય સત્સંગ.

દંડકવન પાવન કર્યું, સખ્ય જટાયુતણું,
પંચવટી વસતાં હર્યું મુનિનું કષ્ટ ઘણું.

(આખ્યાન)

લક્ષ્મણને ઉપદેશ અનૂપ, શૂર્પણખાને કરી કુરૂપ;
ખરદૂષણવધ તણાં વખાણ, થયું દશાનનને એ ભાન.

દસકંધર મારીચ સલાહ, કર્યો હરણનો જેમ ઉપાય,
માયા સીતાહરણ કર્યું, વિરહદુ:ખ રઘુપતિને થયું.

ક્રિયા જટાયુતણી શુચિ કરી, કબંધ વધ શબરીગતિ ધરી;
વિરહમહીં ડૂબ્યા રઘુવીર, ગયા પછીથી સરવરતીર.

(દોહરા)

પ્રભુ નારદ સંવાદ ને મારુતિ મિલન પ્રસંગ,
મૈત્રી મધુ સુગ્રીવની, વાલિપ્રાણનો ભંગ.

રાજતિલક સુગ્રીવને શૈલ પ્રવર્ષણવાસ,
વર્ણન વર્ષા શરદનું, રામરોષ કપિત્રાસ

કપિપતિના આદેશથી સીતાજીની ખોજ,
કરવા વાનર ઊપડ્યા વિવિધ દિશામાં રોજ,
વિવરપ્રવેશ કહી કહ્યો સંપાતીનો બોધ.

(આખ્યાન)

સુણી કથાને પવનકુમાર કરી ગયા અર્ણવને પાર;
પ્રવેશ પુરમાં કપિએ કરી વૈદેહીને ધીરજ ધરી.

અશોકવનને ઉજ્જડ કર્યું મળી દશાનન પુરને દહ્યું;
કપિસહ પહોંચી રઘુપતિ પાસ કુશળ કહ્યા સીતાના ખાસ.

સૈન્યસમેત જેમ રઘુવીર ગયા પહોંચી સાગરતીર;
વિભીષણ મિલન સાગરદમન, કર્યું કથાનું રસથી કથન.

(દોહરા)

સેતુ રચી સેના પછી ઊતરી સાગરપાર,
દૂત બની પુરમાં ગયા દુર્જય વાલિકુમાર.

રાક્ષસ વાનર યુદ્ધનું વર્ણન વિવિધ પ્રકાર,
કુંભકર્ણ ઘનનાદનાં બળ પૌરુષ સંહાર.

નિશિચરનિકર મરણ તથા રઘુપતિ રાવણ જંગ,
રાવણવધ સ્ત્રીશોક ને સુરનો હર્ષ અનંત.

મિલન રામસીતાતણું, રાજ્ય વિભીષણને,
દેવોની સ્તુતિ વર્ણવી થયેલ મધુરમને.

કપિસમેત પુષ્પકમહીં કૃપાધામ શ્રીરામ,
ચાલ્યા અવધદિશામહીં કરવાને કૃતકામ.

નગર પધાર્યા રામ તે ચરિત પવિત્ર કહ્યું,
રાજ્યાભિષેક રામનો વદતાં હૈયું દ્રવ્યું.

સુણી કહ્યું ગરુડે મટી શંકા સર્વ હવે,
પ્રેમ રામપદનો મળ્યો અનુગ્રહથકી મને.

પ્રભુબંધન દેખી મને અતિશય વ્યાપ્યો મોહ,
વ્યાકુળ કેમ બની ગયા ચિદાનંદ સંદોહ.

(આખ્યાન)

ચરિત નીરખતાં નર અનુસાર સંશય મુજને થયો અપાર;
થયું પરમ એથી કલ્યાણ, વરસ્યા અનુગ્રહ કૃપાનિધાન.

અતિસંતપ્ત તાપથી જે તરુછાયાસુખ સમજે તે;
મોહ થાત મુજને ના જો મળત તમારો સંગ ન તો.

હરિની કથા સુણત તો કેમ તમે કહી બહુવિધ સપ્રેમ;
નિગમાગમ પુરાણ મત એ જ કહે સિદ્ધમુનિ ના સંદેહ.

કૃપાદૃષ્ટિ જો રઘુપતિ કરે પરમ સંત તો તેને મળે;
રામકૃપાથી દર્શન મળ્યું સંશયકેરું તિમિર ટળ્યું.

(દોહરા)

વિહંગપતિ વાણી સુણી સહિત વિનય અનુરાગ,
પુલકિત તન લોચન સજલ હરખ્યા અતિશય કાગ.

શ્રોતા સુમતિ સુશીલ શુચિ કથારસિક હરિદાસ,
પામી ગુપ્ત રહસ્યનો સજ્જન કરે પ્રકાશ.

કાકભુશુંડિ વદ્યા પછી પ્રેમભર્યા હૃદયે,
કૃપાપાત્ર છો રામના મારા પૂજ્ય તમે.

(ચોપાઈ)

નથી સંશય મોહ કે માયા, કરતાં કરુણા મારી પાસે આવ્યા;
રામે મોહ નિમિત્ત બનાવી મને આપવા માગી બડાઈ.

તમે મોહ કહ્યો ખગસાંઈ, એમાં અચરજ ના ગોસાંઈ;
બ્રહ્મા નારદ શિવ સનકાદિ મુનિનાયક આતમવાદી,

મોહે અંધ કોને ના કર્યા છે, કામે કોને નથી નચવ્યા ન,
કોને તૃષ્ણાએ દીન કર્યા ના, ક્રોધે દિલડાને કોના દહ્યું ના ?

(દોહરા)

જ્ઞાની તાપસ શૂર કવિ કોવિદ ગુણઆગાર,
લોભે ફજેત ના કર્યા કોને આ સંસાર ?

વક્ર શ્રીમદે ના બન્યો બધિર ન અધિકારે,
મૃગનયનાનાં બાણથી કોણ બચ્યો ભારે ?

સંનિપાત ગુણત્રયતણો કોને નથી થયો;
માનમદતણા સ્પર્શ વિણ જગમાં કોણ રહ્યો ?

જોબનજ્વરથી કોણ ના જન બેહોશ બન્યો,
મમતાએ કોના નથી યશને નષ્ટ કર્યો ?

કલંક મત્સરનું વળી કોને નવ લાગ્યું,
શોક સમીર થકી નથી કોનું મન હાલ્યું ?

ચિંતા નાગિન જગતમાં કોને ના ડંખી,
કોને માયા છે નહીં વ્યાપી બળવંતી ?

કીટ મનોરથ કાષ્ઠમય શરીરમાં ન રહ્યો,
જેના એવો ધીર છે ક્યાંયે કદી મળ્યો ?

સુતવિત લોકતણી ત્રિવિધ વાસનાથકી મન,
જેનું મલિન થયું નથી એવો ક્યાં છે જન ?

કોણ વર્ણવે પ્રબળ આ માયાનો પરિવાર,
બીજાની શી ગણતરી, શિવ વિધિ પામ્યા હાર.

વ્યાપ્યું આ સંસારમાં માયા કટક પ્રચંડ,
સેનાપતિ કામાદિ, ભટ દંભ કપટ પાખંડ.

દાસી તે રઘુવીરની, સમજ્યે મિથ્યા થાય,
રામકૃપા વિણ ના ટળે પૂર્ણપણે ના જાય.

(આખ્યાન)

જગને જે નચવે માયા સમજે ના જેને ડાહ્યા,
તે પ્રભુ ભૂવિલાસ ખગરાજ, નટીસમી નાચે સસમાજ.

અજવિજ્ઞાન રૂપ બળધામ સત ચિત આનંદ છે શ્રીરામ;
વ્યાપક વ્યાપ્ય અખંડ અનંત અખિલ અમોઘશક્તિ ભગવંત.

નિર્ગુણ તેમ ગિરાગોતીત સમદર્શી અનવદ્ય અજીત,
નિર્મમ નિરાકાર નિર્મોહ નિત્ય નિરંજન સુખસંદોહ.

પ્રકૃતિપાર પ્રભુ સહુ ઉરવાસ બ્રહ્મ નિરીહ[32] વિરજ અવિનાશ;
મોહતણું કારણ નવ ત્યાં તિમિર જતું રવિ સન્મુખ ના.

(દોહરા)

ભક્ત હેતુ ભગવાન પ્રભુ રામે બનતાં ભૂપ,
કર્યાં ચરિત પાવન પરમ પ્રાકૃત નર અનુરૂપ.

ધારી અસંખ્ય વેશને નૃત્ય કરે નટ જેમ,
તે તે ભાવ બતાવતાં પોતે હોય ન તેમ.

મોહ પમાડે દનુજને ભક્તોને સુખ દે,
રઘુપતિલીલા ગરુડજી, કઠિન સમજવી છે.

મલિનબુદ્ધિ વિષયી તથા કામી ના સમજે,
મોહિત માની લે સદા અજ્ઞાને પ્રભુને.

(આખ્યાન)

નેત્રરોગ જે જનને થાય ચંદ્ર પ્રીત તેને દેખાય,
થાય દિશાભ્રમ જેને લેશ પ્રગટયો પશ્ચિમ કહે દિનેશ.

નૌકારૂઢ ચલિત જગ જુએ, અચળ મોહવશ નિજને કહે;
બાળક ફરે ભવન ના ભમે, મિથ્યા વાદ પરસ્પર કરે.

હરિમાં એમ જ મોહ વિહંગ, સ્વપ્ને નવ અજ્ઞાન પ્રસંગ;
માયાવશ મતિમંદ અભાગ હૃદય જ્ઞાન માટે ના માગ,
તે શઠ હઠવશ સંશય કરે, નિજ અજ્ઞાન રામ પર ધરે.

[32] નિરીહ - ઇચ્છા વગરના

(દોહરા)

કામ ક્રોધ મદ લોભ રત ગૃહાસક્ત દુ:ખરૂપ,
તે જાણે શે રામને મૂઢ પડ્યા તમકૂપ ?

નિર્ગુણ રૂપ સુલભ અતિ, સગુણ ન જાણે કોય,
સુગમ અગમ લીલાચરિત, મુનિમનમાં ભ્રમ હોય.

(આખ્યાન)

સુણો ગરુડ રઘુપતિ પ્રભુતા, કહું મતિમુજબ સુરમ્ય કથા;
મને થયો જેવિધ સંમોહ થયો વળી જેથી નિર્મોહ.

રામકૃપાપાત્ર તમે છો, હરિગુણરસથી સુખપ્રદ છો;
એથી ગુપ્ત ન કશું રાખું, રહસ્યને રસમય ભાખું.

રામસ્વભાવ ખરે જ મહાન નિજ જનનું ન સહે અભિમાન;
સંસૃતિમૂળ શૂલપ્રદ એ સકલ શોકકારક કટુ છે.

કરે કૃપાનિધિ એને દૂર, સેવક પર મમતા ભરપૂર;
શિશુતનવ્રણને જનની જેમ કઠોર હૃદયે ચીરે તેમ.

(દોહરા)

પ્રથમ થઈ દુ:ખી રડે બાળક ભલે અધીર,
વ્યાધિનાશ માટે ગણે મા નવ પીડ લગીર.

રામ હરે અભિમાનને હિતને માટે તેમ;
એવા પ્રભુને ભ્રમ તજી ભજે ન માનવ કેમ ?

*

## ૧૫. કાકભુશુંડિની કથા

(દોહરા)

કથા રામકરુણા અને મારી જડતાની,
ધ્યાન દઈને સાંભળો ખગેશ હે જ્ઞાની !

(આખ્યાન)

રામ મનુજતન જ્યારે ધરે ભક્તકાજ લીલા બહુ કરે,
ત્યારે અવધપુરીમાં જઉં, પ્રસન્ન બાલચરિતથી બનું.

પાંચ વરસ ત્યાં વાસ કરું જન્મોત્સવરસ હૃદય ભરું,
ઈષ્ટદેવ મુજ બાળક રામ શોભા પરમ કોટિશત કામ,

નીરખી પ્રભુનું વદન રસાળ લોચન સફળ કરું સુવિશાળ,
લઘુ વાયસવપુ ધરતાં સંગ દેખું બાલચરિત બહુરંગ.

(દોહરા)

જ્યાં પણ શિશુ રૂપે ફરે ત્યાં ત્યાં સાથ જઉં,
ઉચ્છિષ્ટ પડે આંગણે એને ગ્રહી લઉં.

એક વાર કરતા રહ્યા લીલા સૌ રઘુવીર,
લીલા પ્રભુની એ સ્મરી પુલકિત થયું શરીર.

રામચરિતને સાંભળો સેવક સુખકર આજ,
ભવસાગરમાં સમજતાં તરવાકાજ જહાજ.

સુંદર સ્વર્ણમહેલમાં રત્ન જડેલ અનેક,
વર્ણન કરી શકાય ના સુરમ્ય આંગણ છેક.

ચારે ભાઈ ત્યાં રમે જનની સુખ ધરતાં,
બાળસહજ ક્રીડા કરી રઘુનંદન ફરતા.

મરકત મણિશું શ્યામ ને સોહે મૃદુલ શરીર,
અંગાંગમહીં કામની સુંદરતા સુચિ ધીર.

લાલ કમળશાં મૃદુલ ને લાલ ચરણ સોહે,
અંગુલિનખ શશિકાંતિને હરે, ચિત્ત મોહે.

ચાર ચિહ્ન ચરણે વળી નૂપુરશબ્દ રસાળ,
મણિમંડિત કટિકિંકિની રેલે સ્વરો અપાર.

રેખાત્રય સુંદર ઉદર, નાભિ સરસ ગંભીર;
હૃદયે સોહે શિશુસહજ વિવિધ વિભૂષણ ચીર.

(આખ્યાન)

અરુણ હથેળી અંગુલિ મનહર, બાહુ વિશાળ વિભૂષણ સુંદર,
કંધ બાલકેહરિ દરગ્રીવા, ચારુ ચિબુક મુખ રસપરિસીમા.

સુમધુર વચન અધર છે લાલ, દશન વિશદ અતિસુંદર ગાલ;
લલિત મનોહર અદભુત નાક, સકલ સુખદ શશિકરસમ હાસ.

નીલકંજલોચન ભવમોચન શોભે ભાલ તિલક ગોરોચન;
ભ્રુકુટિ વક્ર સમ કેશ રસાળ, કુંચિત કચ[33] સૌન્દર્ય અપાર.

[33] કચ - કેશ

ઝભલું પીત શોભતું અંગ, ગમે મને સ્મિત, દૃષ્ટિ, ઉમંગ;
નૃપઆંગણમાં કરે વિહાર, પેખી પ્રતિબિંબ કરે નાચ.

ક્રીડા એમ અનેક કરે, સંકોચ કહ્યે થાય મને;
પકડવા મને પાછળ પડે, દોડું ત્યારે વ્યંજન ધરે.

(દોહરા)

લીલા લૌકિક શિશુસમી થયો દેખતાં મોહ,
કેવાં ચરિત કરી રહ્યા ચિદાનંદ સંદોહ !

વિચારતાં એવું તરત રઘુપતિએ પ્રેરી,
માયા મુજ અંતરમહીં વ્યાપી અતિ ઘેરી.

એ માયા દુ:ખદ નથી મારેકાજ થઈ,
સંસૃતિમાં નાખી શકી બીજા જેમ નહીં.

અખંડ જ્ઞાનસ્વરૂપ છે સીતાનાથ જ એક,
જડચેતન જીવો બધા માયાને વશ છેક.

સૌ જીવોનું એકરસ જ્ઞાન સદાય રહે,
ભેદ જીવ-ઈશ્વરમહીં તો તો કોણ કહે ?

માયાને વશ જીવ આ અભિમાની કહેવાય,
માયા વશ છે ઈશને ગુણની ખાણ ગણાય.

પરવશ છે જીવો બધા, સ્વવશ સદા ભગવંત;
જીવ અસંખ્ય જગતમહીં, એક જ છે શ્રીકંત.

(દોહરા)

માયાકૃત એ ભેદને મિથ્યા કહ્યો ખરે,
હરિકૃપા વિના તોય ના કોટિ ઉપાય ટળે.

રામચંદ્રના ભજનવિણ પદ ચાહે નિર્વાણ,
તે નર પશુસરખો ગણો ભલે હોય વિદ્વાન.

પૂર્ણચંદ્ર પ્રગટે ભલે તારાગણ સમુદાય,
દવ લાગે ગિરિમાં સકળ, રવિવિણ રાત ન જાય.

(આખ્યાન)

હરિભજન વિના એમ ખગેશ, શમે નહીં જીવતણો ક્લેશ;
મુક્ત અવિદ્યાથી હરિદાસ, વિદ્યા વસે એમની પાસ.

એથી નાશ ન પામે દાસ, ભેદભક્તિમાં કરતો વાસ;
ભ્રમથી ચકિત નિહાળી રામ મુજને હસી રહ્યા કૃતકામ.

સમજી એ લીલા ન શક્યા માતપિતા કે અનુજ બધા;
લાલ ચરમકર તલસહ શ્યામ દોડયા મને પકડવા રામ.

દોડયો હું ત્યારે તત્કાળ, રામે કરનો કર્યો પ્રસાર;
જઈ રહ્યો હું નભમાં જેમ ભુજા નિહાળી હરિની તેમ.

(દોહરા)

બ્રહ્મલોક પાસે જઈ જોયું પાછળ મેં,
બે આંગળ પાછળ હતી ભુજા રામની એ.

સપ્ત આવરણ ભેદતાં ગયો ગતિ મુજબ દૂર,
ત્યાં પણ નીરખીને ભુજા બની ગયો વ્યાકુળ.

ભયભીત બની આંખ મેં બંને બંધ કરી,
અવધપુરીમાં ખોલતાં પહોંચ્યો આંખ ફરી.

મને વિલોકીને કર્યું રામે સુંદર હાસ,
બની ગયો હું એમના મુખમાં સત્વર ગ્રાસ.

*

(આખ્યાન)

રામઉદરમાં મેં ખગરાય, નીરખ્યા બહુ બ્રહ્માંડ નિકાય;
અતિવિચિત્ર મધુ લોક અનેક, રચના અધિક એકથી એક.

કરોડ ચતુરાનન ગૌરીશ, અગણિત ઉડુગણ રવિ રજનીશ,
અગણિત લોકપાલ યમ કાળ, અસંખ્ય ગિરિવર ભૂમિ વિશાળ.

સિંધુ સરિત સર વિપિન અપાર, બહુવિધ સૃષ્ટિતણો વિસ્તાર;
સુરમુનિ કિન્નર નર ને નાગ સિદ્ધ ચતુર્વિધ જીવ સ-રાગ.

(દોહરા)

જોયું ના ના સાંભળ્યું કલ્પ્યું પણ ના જે,
અદભુત ત્યાં જોયું બધું, કેમ વર્ણવું તે ?

એક એક બ્રહ્માંડમાં રહ્યો વર્ષ શત એક,
એ રીતે જોતાં ફર્યો હું બ્રહ્માંડ અનેક.

*

(આખ્યાન)

લોકલોકમાં વિવિધ વિધાતા, વિવિધ વિષ્ણુ શિવ મનુદિશિત્રાતા;
નર ગંધર્વ ભૂત વેતાલ, કિન્નર નિશિચર પશુ ખગ વ્યાલ.

દેવ દનુજ ગણ વિવિધ પ્રકાર, જીવ સકળ ત્યાં વિવિધ અપાર;
અનેક સરિતા સિંધુ જણાય પૃથ્વી ગિરિસર સૃષ્ટિ સમાય.

પેખ્યું પ્રતિબ્રહ્માંડ સ્વરૂપ, પદાર્થ સાથે જગત અનૂપ;
અવધપુરી પ્રતિભુવન રસાળ, સરયૂ ભિન્ન ભિન્ન નરનાર.

દશરથ કૌશલ્યા સમ માત વિવિધરૂપ ભરતાદિક ભ્રાત;
પ્રતિબ્રહ્માંડ રામઅવતાર જોયાં બાળચરિત્ર અપાર.

(દોહરા)

જુદું જુદું જોયું બધું અતિવિચિત્ર બહુ સ્થાન,
ફર્યો અનેક ભુવન પ્રભુ રામ ન જોયા આન.

એ શૈશવ સૌન્દર્ય એ એ કૃપાળુ રઘુવીર,
ભુવન ભુવન જોતાં ફર્યો પ્રેરિત મોહસમીર.

(આખ્યાન)

ભ્રમત મને બ્રહ્માંડ અનેક વીતી ગયા કલ્પ શત એક;
ફરતાં નિજ આશ્રમમાં ગયો, દીર્ઘ સમય ત્યાં સુખથી રહ્યો.

અવધમાં થયો પ્રભુનો જન્મ સુણતાં હું બનતા અતિધન્ય,
જન્મ મહોત્સવ જોવા ગયો, હર્ષ એહનો હમણાં કહ્યો.

રામઉદર જગ જોયાં જે કેમ વર્ણવું સઘળાં તે;
જોયા ત્યાં મેં રામ સુજાણ માયાપતિ કૃપાળુ ભગવાન.

વિચારતો હું વારંવાર મોહિત બુદ્ધિથકી અપાર,
પળમાં સઘળું જોઈ રહ્યો, મોહ વધ્યાથી શ્રમિત થયો.

(દોહરા)

વિકળ મને દેખી હસ્યા કૃપાસિંધુ રઘુવીર,
મુખ બહાર આવી ગયો હસતાંવેંત જ ધીર !

*

લીલા શૈશવની ફરી કરવા લાગ્યા રામ,
સમજાવ્યે પણ મન નહીં મુજ પામ્યું વિશ્રામ.

પ્રભુતા તથા ચરિત્રને સમજી મુગ્ધ બની,
રક્ષક હે જગના કરો રક્ષા આર્તતણી,

એમ કહી પૃથ્વી ઉપર બનતાં પડયો અચેત,
વચન શક્યો બોલી નહીં આશ્ચર્યથકી લેશ.

વ્યાકુળ દેખીને મને માયા સંકેલી,
પ્રભુએ દીધો હાથને મુજ શિર પર મેલી.

દીનદયાળે દુ:ખ હરી કર્યો મને નિર્મોહ,
સેવકને સુખ આપતા સદા કૃપાસંદોહ.

*

## ૧૬. કાકભુશુંડિને વરદાન

(દોહરા)

વિચારતાં પ્રભુતા મને અતિ આનંદ થયો,
પ્રભુની વત્સલતાથકી પ્રગટયો પ્રેમ ઘણો.

રોમાંચિત બનતાં નમી આંખે અશ્રુ ભરી,
કર જોડીને પ્રાર્થના વિવિધ પ્રકાર કરી.

સ્નેહસભર શબ્દો સુણી, દીન દેખતાં દાસ,
વચન સુખદ મધુમય મૃદુ બોલ્યા રમાનિવાસ.

માગો કાકભુશુંડિ વર, અતિપ્રસન્ન મુજ પ્રાણ;
અષ્ટ સિદ્ધિ રિદ્ધિ વળી મોક્ષ સકળ સુખખાણ.

(આખ્યાન)

જ્ઞાન વિવેક વિરતિ વિજ્ઞાન મુનિદુર્લભ ગુણ જે જગ આન,
આજ દઉં ના સંશય કાંઈ, માગ ભાવ જે હો મનમાંહ્ય.

પ્રભુવચન સુણી અતિઅનુરાગ કરવા હું લાગ્યો અનુમાન,
પ્રભુએ સૌ સુખભેટ ધરી, ભક્તિતણી ના વાત કરી.

ભક્તિરહિત ગુણસુખ સૌ એમ લવણ વિના વ્યંજન સહુ જેમ;
ભજનરહિત સુખનું શું કામ એમ વિચારી બોલ્યો, રામ !

પ્રસન્ન બનતાં અર્પો વર કૃપાસ્નેહ કરતાં રઘુવર,
ઉદાર છો અંતર્યામી મનગમતું તો દો સ્વામી !

(દોહરા)

અવિરલ ભક્તિ વિશુદ્ધ જે શ્રુતિપુરાણ સૌ ગાય,
યોગીશ્વર મુનિ શોધતા પ્રભુકૃપાથકી થાય.

ભક્ત કલ્પતરુ પ્રણતહિત કૃપાસિંધુ સુખધામ,
એ જ ભક્તિ આપો મને દયા કરીને રામ !

એવમસ્તુ બોલ્યા વચન રઘુકુળનાયક એ,
બુદ્ધિમાન તું કેમ ના માગે એ વરને ?

સર્વ સુખોની ખાણ તેં ભક્તિને માગી,
જગમાં તારા સમ નથી કોઈ બડભાગી.

તપ ને યોગાનલથકી મુનિ તનને બાળે,
હિમાલયમહીં હાડને નિશદિન ને ગાળે;

એવા કોટિ પ્રયત્નથી પણ ના પ્રાપ્ત કરે,
માગે તું તે ભક્તિને મારી શ્રેષ્ઠ ખરે.

ચતુરતા નિહાળી થયો પ્રસન્ન આજે હું;
સદન થશે તારું હૃદય સમસ્ત શુભગુણનું.

(આખ્યાન)

ભક્તિ જ્ઞાન વિજ્ઞાન વિરાગ યોગચરિત્ર રહસ્યવિભાગ,
સમજી શકીશ સૌનો ભેદ, મુજ પ્રસાદ નહિ સાધનખેદ.

(દોહરા)

માયાસંભવ ભ્રમ હવે તને વ્યાપશે ના,
અગુણ ગુણાકર બ્રહ્મ અજ મને જાણશે હા !

મને ભક્ત પ્રિય છે સદા એમ વિચારી કાગ,
તમમનવચને મમ પદે કર અવિચલ અનુરાગ.

સત્ય સુગમ નિર્મળ વળી વખાણેલ વેદે,
વાણી સુણ મારી હવે અનુભવની નેહે.

સુણી સત્ય સિદ્ધાંતને ધારણ કર મનમાં,
સર્વ તજીને ભજ મને ભાવથકી ભવમાં

*

(આખ્યાન)

મુજ માયાસંભવ સંસાર, જીવ ચરાચર વિવિધ પ્રકાર;
સૌ મુજને પ્રિય મુજથી થયા, સૌથી વધુ પ્રિય જનને ગણ્યા.

જનમાં દ્વિજ દ્વિજમાં શ્રુતિવાન, એમાં વેદધર્મ પ્રતિપાળ,
એમાં પ્રિય વિરક્ત વિદ્વાન, એમાં પણ પામ્યા વિજ્ઞાન.

એથી પ્રિય મુજને મુજ દાસ મુજ ગતિ જેને અન્ય ન આશ;
સત્ય કહું હું વારંવાર મને દાસસમ પ્રિય ન જરાય.

ભક્તિહીન બ્રહ્મા છો હોય સર્વ જીવસમ સમજું કોય,
ભક્તિવંત હો અતિશય નીચ પ્રાણસમો તે મુજને પ્રિય.

(દોહરા)

શુચિ સુશીલ સેવક સુમતિ કોને પ્રિય ના થાય,
શ્રુતિપુરાણ એવું કહે, સ્વસ્થ થઈ સુણ કાગ.

*

(આખ્યાન)

એક પિતાના વિપુલ કુમાર હોય વિવિધ ગુણશીલ આચાર,
પંડિત તાપસ કે વિદ્વાન શૂરવીર દાતા કે ધનવાન;

કો સર્વજ્ઞ ધર્મરત કો, સમ રાખે પ્રેમ પિતા તો;
તનમનવચને પરંતુ જે ભક્ત પિતાનો નિશદિન તે,

પિતા ગણે તે પ્રાણ સમાન હોય ભલેને ના વિદ્વાન;
એમ જ જીવ ચરાચર જે દાનવ દેવ મનુજ સૌ છે.

અખિલ જગત આ મેં જ કર્યું, દયાથકી છે ખરે ભર્યું,
એમાં માયા માન તજે તનમનવચને મને ભજે.

(દોહરા)

પુરુષ નપુંસક નાર કે જીવ ચરાચર જે,
કપટ તજી સૌ ભાવથી, મને પરમપ્રિય તે.

(અનુષ્ટુપ)

સત્ય જણાવું છું તને શુચિ સેવક મુજ પ્રાણપ્રિય;
એમ વિચારી ભજ મને તજતાં આશ ભરોસ સૌ.

*

(આખ્યાન)

કાળ કદી નહિ વ્યાપે તને સ્મરજે અવિરત ભજજે મને;
વચન સુણી નવ તૃપ્તિ થઈ, તન પુલકિત મન હરખ્યું વળી.

એ સુખ સમજે મન કે કાન, રસના ક્યાંથી કરે વખાણ;
પ્રભુશોભાસુખ સમજે નેન, કહે કેમ એને ના વેણ.

પ્રબોધી મને સુખ આપી કરી રહ્યા ક્રીડા પાછી;
સજલ નયન મુખ કરતાં રૂક્ષ કહ્યું માતને લાગી ભૂખ.

દોડી અતિશય આતુર માત, ભેટી મધુમય કરતાં વાત;
કરાવવા લાગી પયપાન ગાતાં રઘુપતિ લીલાગાન.

(અનુષ્ટુપ)

જે સુખખાતર વેશ, અશુભ ધરે શંકર સુખદ,
અવધપુરી નરનાર, સદાય તે સુખમાં મગન.

એ સુખનો લવલેશ જે, સ્વપ્ને પણ અનુભવે,
તે સન્મતિ સજ્જન, ગણે નહીં બ્રહ્મસુખને.

(આખ્યાન)

રહી અધિક અવધમહીં કાળ જોઈ લીલા વિવિધ રસાળ,
રામપ્રસાદ ભક્તિવર લઈ આવ્યો મુજ આશ્રમમાં ફરી.

મળી જ્યારથી પ્રભુછાયા વ્યાપી ના મુજને માયા;
અપનાવ્યો પ્રભુએ સપ્રેમ માયા પછી વશ કરે કેમ ?

હરિમાયાએ નચવ્યો નાચ તેની કથા કહી મેં સાચ;
નિજ અનુભવને કહું ખગેશ, વિણ હરિભજન ન છૂટે ક્લેશ.
પ્રભુતા રામતણી ન જરાય રઘુપતિકૃપા વિના સમજાય.

સમજ્યા વિના પ્રતીતિ ન થાય, પ્રીતિ પ્રતીતિ વિના ન જરાય;
ભક્તિ પ્રીતિવિણ દૃઢ ના બને, ચિકાશ જળવિણ ક્યાંથી જળે ?

(દોહરા)

જ્ઞાન ગુરુ વિના થાય શે, વિરતિ વિના શે જ્ઞાન,
હરિભક્તિ વિના સુખ નહીં, ગાયે વેદ પુરાણ.

સ્વાભાવિક સંતોષ વિણ પામે કો વિશ્રામ,
કોટિ યત્ન મરતાંય ના જલવિણ ચાલે નાવ.

સંતોષ વિના કામના નષ્ટ કદી ના થાય,
કામના રહ્યે સુખ કદી સ્વપ્ને પણ ન પમાય.

(આખ્યાન)

રામભજન વિણ શમે ન કામ, તરુને સ્થળ વિણ ન મળે ઠામ,
વિજ્ઞાન વિના સમતા કયાં, નભ વિણ અવકાશ રહે ના.
શ્રદ્ધા વગર ન ધર્મ બને, મહી વગર નવ ગંધ ટકે.

તપ વિણ તેજતણો વિસ્તાર જળ સિવાય રસ ના સંસાર;
પ્રકાશ વિણ નવ રૂપ રહે; બુધસેવા વિણ શીલ મળે ?

નિજ સુખ વિણ મન થાય ન સ્થિર, સ્પર્શ ન જો નવ હોય સમીર;
સિદ્ધિ મળે નવ વિણ વિશ્વાસ, ભજન વિના નવ ભવભયનાશ.

(દોહરા)

વિશ્વાસ વિના ભક્તિ ના, તે વિણ દ્રવે ન રામ,
રામકૃપા વિણ ના કદી જીવ લહે વિશ્રામ.

એમ વિચારી ધીર હે, સંશયતર્ક તજી,
સુંદર સુખદ રહો સદા રઘુપતિ રામ ભજી.

ગાયો મતિ અનુસાર મેં પ્રભુપ્રતાપ મહિમા,
નિજ નેને નીરખ્યું કહ્યું, વાત વધારી ના.

કથા રામગુણરૂપ ને મહિમા નામતણી,
ગરુડ, અનંત અગાધ શે શબ્દે શકું વણી ?

મુનિ હરિગુણને મતિ મુજબ ભાવ ભરીને ગાય,
વેદ શેષશિવ થાય ના એનો પાર પમાય.

તમે તથા મચ્છર સુધી જગમાં જીવ અનેક,
નભે ઊડતા તોય ના પાર પામતા છેક.

રઘુપતિનોય અનંત છે એમ કહ્યો મહિમા,
પંડિત પણ પામી શકે તાગ એહનો ના.

*

(આખ્યાન)

રામ કામ શતકોટિ સુભગતન, દુર્ગા કોટિ અમિત અરિમર્દન;
શક્રકોટિ શત સરિસવિલાસ, નભ શતકોટિ અમિત અવકાશ.

(દોહરા)

મરુત કોટિશત વિપુલ બળ, રવિ શતકોટિ પ્રકાશ;
શશિ શતકોટિ સુશીતલ, શમન સકળ ભવત્રાસ.

કાળ કોટિશત સરિસ અતિ દુસ્તર દુર્ગ દુરંત;
ધૂમકેતુ શતકોટિસમ દુરાધર્ષ ભગવંત,

(આખ્યાન)

પ્રભુ અગાધ શતકોટિ પાતાળ, મરણ કોટિશત સરિસ કરાળ;
તીરથ અમિત કોટિસમ પાવન, નામ અખિલ અઘપુંજનસાવન.

હિમગિરિ કોટિ અચળ રઘુવીર, સિંધુ કોટિશતસમ ગંભીર;
કામધેનુ શતકોટિ સમાન સકળ કામદાયક ભગવાન.

શરદ કોટિ અમિત ચાતુરી, વિધિ શતકોટિ નિપુણતા વળી;
કોટિ વિષ્ણુસમ પાલન કરે રુદ્ર કોટિ શતસમ સંહરે.

કોટિ શત ધનદસમ ધનવાન, માયા કોટિ પ્રપંચનિધાન;
ભારધરન શતકોટિ અહીશ, નિરવધિ નિરુપમ પ્રભુ જગદીશ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

નિરુપમ ન ઉપમા અન્ય, રામસમાન રામ નિગમ કહે,
જ્યમ કોટિશત ખદ્યોતસમ રવિને કહ્યે લઘુતા લહે;

એ મુજબ નિજ મતિને અનુસરી હરિગુણો મુનિ ગાય છે,
પ્રભુ ભાવગ્રાહક અતિકૃપાળુ સુખી સુણીને થાય છે.

(દોહરા)

રામ અમિત ગુણસાગર પામે ના કો પાર;
સંતોથી જે સાંભળ્યો તે જ કહ્યો મેં સાર.

સુખનિધાન કરુણાભવન ભક્તિવશ ભગવાન,
મમતામદ મૂકી અહં ભજવા સીતાપ્રાણ.

*

## ૧૭. પૂર્વકથા

(દોહરા)

ભુશુંડિના શબ્દો સુણી ખગપતિ હરખાયા,
નયન ભરાયાં, રામનો પ્રતાપ ઉર લાવ્યા.

પૂર્વમોહને તરત એ પસ્તાયા સ્મરતાં,
માનવ માન્યા બ્રહ્મને ભ્રાંતિમહીં પડતાં.

કાગપદે પ્રેમે કર્યાં ઢાળી શીશ પ્રણામ,
પ્રેમ વધાર્યો ભક્તના રૂપે જાણી રામ.

(આખ્યાન)

ગુરુવિણ ભવનિધિ તરે ન કોય છો વિરંચિ શંકરસમ હોય;
સંશયસર્પે મુજને ગ્રસ્યો, કુતર્ક લહરે અતિશય કસ્યો.

દિવ્ય ગારુડી તમે બન્યા, જીવનદાયક મારા થયા;
મોહ કૃપાથી પામ્યો નાશ રામરહસ્ય જણાયું ખાસ.

(દોહરા)

પ્રશંસા કરી વિવિધ વિધિ કરતાં પ્રેમપ્રણામ,
ગરુડ નમ્રતાને ધરી પ્રેમે બોલ્યા વાણ.

અવિવેકથકી આપને પૂછું સ્વામી હે,
કૃપાસિંધુ સ્નેહે કહો સેવક જાણીને.

(આખ્યાન)

સર્વજ્ઞ તમે તમથી પાર સુમતિ સુશીલ સરળ આચાર,
જ્ઞાનવિરતિ વિજ્ઞાનનિવાસ તજ્ઞ તથા રઘુનાયકદાસ.

કયા કારણે પામ્યા દેહ કહો મને તે નિસ્સંદેહ,
રામચરિત સુંદર સ્વામી, પામ્યા કયાંથી નભગામી !

સુણવા મળ્યું એમ શિવપાસ મહાપ્રલયમાં ના તમ નાશ;
મહેશ્વર કહે મિથ્યા નહીં, મુજ મનમાં એ શંકા રહી.

દેવ જીવ જગનાં નરનાગ ભસ્મ કરે કાળતણી આગ,
બ્રહ્માંડોનો નાશ કરે અજય ગણાયો કાળ ખરે.

(અનુષ્ટુપ)

વ્યાપે તમને કાળ ના અતિકરાળ કારણ કયું,
કહો કૃપાળુ મને જ્ઞાનપ્રભાવ કે યોગબળ ?

(દોહરા)

આવતાં જ આશ્રમમહીં થયો મોહનો નાશ,
સ્નેહસાથ મુજને કહો કારણ એનું ખાસ.

(આખ્યાન)

ગરુડગિરાથી હરખી કાગ બોલ્યા ધરી પરમ અનુરાગ,
ગરુડ, તમારી મતિને ધન્ય, પ્રશ્નથી થયો પ્રાણ પ્રસન્ન.

પ્રશ્ન તમારા સર્વ સુણી સ્મૃતિ જાણી બહુજન્મતણી,
કથા સવિસ્તર આજ કહું, સુણો સ્થિર કરી ચિત્ત બધું.

*

જપતપ મખ શમદમ વ્રતદાન વિરતિવિવેક યોગવિજ્ઞાન,
સૌનું ફળ રઘુપતિપદપ્રેમ તે વિણ કોઈ ન પામે ક્ષેમ.

રામભક્તિ આ તનથી મળી રાગ રહ્યો છું એથી કરી;
જેથી સ્વાર્થ સહેજ સધાય તેની સૌને મમતા થાય.

(દોહરા)

પન્નગારિ એ નીતિ શ્રુતિસંમત સજ્જન કહે
અતિ નીચતણી પ્રીત કરવી જાણી પરમહિત.

કીટથકી રેશમ બને વસન સરસ એથી વળી,
કીટ પાળતા સર્વ પરમ અપાવન પ્રાણસમ.

(આખ્યાન)

સાચો સ્વાર્થ જીવનો એ જ મનક્રમવચન રામપદનેહ;
અતિપવિત્ર એ સુભગ શરીર ભજાય જે પામી રઘુવીર.

રામવિમુખ બ્રહ્મા પણ બને કવિ તોપણ ન પ્રશંસા કરે;
રામભક્તિ આ તનમાં ઠરી પ્રીતિ એટલે એની કરી.

ઈચ્છામરણ છતાં તન ધર્યું, તનવિણ ભજન ન પ્રભુનું થતું;
મોહે દુર્ગતિ પૂર્વે કરી રામવિમુખ ના શાંતિ મળી.

અનેક જન્મ કર્યાં બહુ કર્મ યોગ દાન જપ તપ મખ ધર્મ,
કયી યોનિમાં જન્મ્યો નહીં ભમતાં અનેક વાર અહીં ?

કર્મ સર્વ મેં જોયાં કરી, સુખ કે શાંતિ છતાં ના મળી;
સ્મૃતિ અસંખ્ય જન્મોની રહી, મોહિત મતિ નવ થઈ કહીં.

(દોહરા)

પ્રથમ જન્મના ચરિતને કહું હવે વિહગેશ,
પ્રભુપદરતિ પ્રગટે તથા જેથી નાસે ક્લેશ.

એક પૂર્વકલ્પે હતો કલિયુગ યુગ મળમૂળ,
અધર્મમાં રત પુરુષસ્ત્રી સકળ નિગમ પ્રતિકૂળ.

અવધપુરીમાં એ યુગે જન્મ્યો શૂદ્ર બની,
મનક્રમવચને શંભુની કરતો ભક્તિ ઘણી.

અભિમાની નિંદક હતો અન્ય દેવનો હું,
મદોન્મત્ત ધનથી બન્યો ઘર દુર્બુદ્ધિતણું.

દંભી અતિ વાચાલ હું વસતો અવધમહીં,
મહિમાને પણ જાણતો એના લેશ નહીં.

હવે પ્રભાવ અવધતણો થોડો જાણ્યો મેં,
પુરાણ નિગમાગમમહીં એમ ગવાયું છે,

કે કોઈ પણ જન્મમાં રહે અવધમાં જે,
ભક્ત રામનો થાય છે રામપરાયણ તે.

પ્રાણી અવધપ્રભાવને જાણે છે ત્યારે,
રામ ધનુર્ધર હૃદયમાં વાસ કરે જ્યારે.

એ કલિકાળ કઠિન હતો, પાપી સૌ નરનાર,
થયા મોહવશ; શોક ને તૃષ્ણા ભીતિ અપાર.

ગ્રસ્યા કલિમળે ધર્મ સૌ, લુપ્ત બન્યા સદગ્રંથ,
મતિથી કલ્પી દાંભિકે પ્રગટ કર્યા બહુપંથ.

એ કલિકાળમહીં ગ્રસ્યાં લોભે સૌ શુભ કર્મ;
સંક્ષેપમહીં જ્ઞાનનિધિ, કહું કલિતણા ધર્મ.

*

## ૧૮. કલિના ધર્મ

(આખ્યાન)

વર્ણ ધર્મ ના આશ્રમ ચાર, શ્રુતિવિરોધરત સૌ નરનાર;
દ્વિજ શ્રુતિવંચક ભૂપ પ્રજાશન, માને કો ન નિગમ અનુશાસન.

માર્ગ તે જ જેને જે ગમે, પંડિત જે ફાવે તે કહે;
મિથ્યારંભ દંભરત જે સૌથી સંત ગણાયે તે.

તે જ ચતુર જે પરધન હરે, વ્યવહારકુશળ દંભ જ કરે;
કરે મશ્કરી બોલે જૂઠ ગણાય તે ગુણવંત અખૂટ.

આચારરહિત શ્રુતિપથ દૂર તે વિરક્ત વિદ્વાન અનૂપ;
જેને નખ ને જટા વિશાળ તે મનાય તાપસ કલિકાળ.

(દોહરા)

અશુભ વેશભૂષણ ધરે, ભક્ષ્યાભક્ષ્ય જે ખાય,
પૂજ્ય સિદ્ધ યોગીન્દ્ર તે ગણાય કલિયુગમાંહ્ય.

(આખ્યાન)

સ્ત્રીને વશ નર સકળ ભમે નટમર્કટની જેમ રમે,
શુદ્ર વિપ્રને આપે જ્ઞાન ધરી જનોઈ લેતા દાન.

સૌ નર કામલોભરત ક્રોધ, કરે દેવશ્રુતિ સંતવિરોધ;
કરી સદગુણી પતિનો ત્યાગ સેવે સ્ત્રી પરપુરુષ અભાગ.

સૌભાગ્યવતી ભૂષણહીન વિધવાના શૃંગાર નવીન;
શિષ્ય બધિર ગુરુ અંધસમાન, સુણે ન એક જુએ ના આન.

હરે શિષ્યધન હરે ન શોક તે ગુરુ પડે નરકમાં ઘોર;
માતાપિતા બાળકને કહે ઉદરધર્મને કરવા ચહે.

(દોહરા)

બ્રહ્મજ્ઞાન વિણ નારનર કરે ન બીજી વાત,
કોડી માટે લોભવશ કરે વિપ્રગુરુઘાત.

શૂદ્રો વાદવિવાદમાં દ્વિજ સાથે ઊતરે,
અમે ઊતરતા લેશ ના એવા દંભ ધરે.

ઉત્તમ બ્રાહ્મણ બ્રહ્મને જાણે તે જ ગણાય,
આંખ કાઢતાં બોલતા, વચનો ના જ સહાય.

*

(આખ્યાન)

પરસ્ત્રીરત કપટી મદમાતા, મોહ દ્રોહ મમતા લપટાતા,
અભેદવાદી જ્ઞાની નર એ, ચરિત્ર કલિયુગનું જોયું મેં.

સન્માર્ગ તરફ ગતિ જે કરે નાશ કરે તેનો ને મરે;
નીંદે વિતર્કે કરતાં વેદ પ્રતિકલ્પ પડે નરકે છેક.

તેલી અધમવરણ કુંભાર સ્વપચ કિરાત કોલકલવાર[34] ,
સ્ત્રી મરતાં ગૃહસંપદનાશ થતાં ગ્રહી મુંડન સંન્યાસ.

પુજન કરાવી બ્રાહ્મણ પાસ ઉભય લોકનો કરતા નાશ;
વિપ્ર નિરક્ષર લોલુપ કામી નિરાચાર શઠ વૃષલી[35] સ્વામી.

જપતપ શુદ્ધ અનેક કરે, વ્યાસ બની ઉપદેશ ધરે,
કહે પુરાણ; કરે આચાર નર અનીતિમય ભ્રાંત અપાર.

[34] કોલકલવાર - કોળી તથા ભોઇ

[35] વૃષલી - વ્યભિચારિણી સ્ત્રી

(દોહરા)

સ્વચ્છંદી સંકર થયા કલિયુગમાં સૌ લોક,
પાપ કરી દુ:ખ પામતા વિયોગ ભય ને શોક.

વ્યાધિ વધે; શ્રુતિ ભક્તિપથ સંયુત વિરતિ વિવેક,
ચાલે તે પર નર નહીં, કલ્પે પંથ અનેક.

(રાગ - અધરમ્ મધુરમ્)

બહુ દામથકી કરે ધામ જતી, વિષયે ધી હરી, શુચિ વિરતિ મટી;
તપસી ધનવંત દરિદ્ર ગૃહી, કલિકૌતુક લીલા ના જાય કહી.

કુળવાન સતી નિજ સ્ત્રીને તજી નર સેવિકાને રહે નિત્ય ભજી;
સુત ત્યાં સુધી માતપિતાને ગણે જુએ જ્યાં સુધી ના અબલાનનને.

પ્રિય સાસરું જ્યારથી છેક બન્યું રિપુસદૃશ કુટુંબ સમસ્ત થયું;
નૃપ પાપપરાયણ ધર્મ વિના નિત દંડતા પીડતા સૌને ઘણા.

અતિમલિન ધની કુળવાન બને, ઉપવીતને સૌ દ્વિજચિહ્ન ગણે;
કહે તાપસ નગ્ન શરીરથકી, જેને વેદપુરાણનું માન નથી,
હરિસેવક સંત ગણાય છે તે, કલિકાળનું કૌતુક અદભુત એ.

કવિવૃંદ છે, દાતા ઉદાર નહીં, પરદોષ જુએ, ન ગુણજ્ઞ કહીં ;
કલિમાં બહુ વાર અકાળ પડે, જન અન્ન વિના બની આર્ત મરે.

(દોહરા)

કલિયુગમાં છળકપટ હઠ દંભ દ્વેષ પાખંડ,
માન મોહ મારાદિ મદ વ્યાપે છે બ્રહ્માંડ.

તાપસભાવે સૌ કરે જપતપ વ્રત મખદાન,
વરસે ના વરસાદ ને વાવ્યું થાય ન ધાન.

સ્ત્રીનું ભૂષણ કેશ, ના તૃપ્તિ પામે તે,
દ્રવ્યહીન મમતાથકી તપ્ત બને કેમે.

મૂઢ ચહે સુખને છતાં ધર્મરત બને ના,
કઠોર અલ્પ વિચારની, તજતી કોમળતા.

(રાગ - અધરમ્ મધુરમ્)

નર વ્યાધિથી ગ્રસ્ત સુખી ન કહીં, અભિમાનવિરોધ રહે છે વહી;
લઘુ જીવન વર્ષ પચાસતણું તોયે જીવવાકેરું ગુમાન ઘણું.

કલિકાળે બેહાલ કર્યાં જનને અનુજાતનુજાને ન કોઈ ગણે;
નવ તોષ વિચાર કે શીતળતા, બન્યા માગણ જાતિકુજાતિ બધા.

*

(દોહરા)

ઈર્ષા કટુવચનો અને લાલચ અપરંપાર,
વિયોગશોકે સૌ મરે, રહ્યો ન સમતાસાર.

વર્ણાશ્રમધર્મો ગયા દાન દયા દમ જ્ઞાન,
જડતા પ્રવંચના વધી, સંતપ્ત થયા પ્રાણ.

તનપોષક પૂજક બન્યાં નરનારી સઘળે,
પરનિંદક જગમાં વધ્યાં સ્વાર્થી સ્થળે સ્થળે.

કલિકાળ કહ્યો ગરુડ હે, મલ અવગુણ આગાર;
ગુણ વિશિષ્ટ એનો કહ્યો અનાયાસ નિસ્તાર.

સતયુગ ત્રેતા દ્વાપરે પૂજામખ ને યોગ,
જે દે તે ગતિ મેળવે કલિમાં નામે લોક.

(આખ્યાન)

સતયુગમાં સૌ યોગી જ્ઞાની કરી ધ્યાન ભવ તરતાં પ્રાણી;
ત્રેતામાં યજ્ઞ વિવિધ કરે, કર્મ સમર્પી ભવને તરે.

દ્વાપર રઘુપતિપુજન કરી માનવ ભવને જાય તરી;
કલિમાં કેવળ હરિગુણગાન કરી કૃતાર્થ કરી દે પ્રાણ.

કલિમાં યોગયજ્ઞ ના જ્ઞાન, આશ્રય એક રામગુણગાન;
સ્મરે રામ સૌ આશ્રય તજી ગાય રામગુણ ભાવે ભજી.

નિસ્સંશય તે ભવને તરે, નામ જ સાધન કલિમાં ખરે;
કલિનો એક પવિત્ર પ્રતાપ માનસપુણ્ય મનાય ન પાપ.

(દોહરા)

કલિયુગ સમ યુગ અન્ય ના કરાયે જો વિશ્વાસ,
રામગુણો ગાઈ વિમળ તરાય વિના પ્રયાસ.

પ્રગટ ચાર પદ ધર્મના, કલિમાં એક પ્રધાન,
દાન કરેલું સર્વવિધ સદા કરે કલ્યાણ.

*

યુગધર્મ સદા હોય છે સૌના હૃદયમહીં,
માયાથી પ્રેરાયેલા, પામે નાશ નહીં.

શુદ્ધ સત્વગુણ સતયુગે સમતા ને વિજ્ઞાન,
એના પ્રભાવથી રહે નિશદિન પ્રસન્ન પ્રાણ.

સત્વ અધિક રજ અલ્પ ને રતિપૂર્વકનાં કર્મ,
સર્વ પ્રકારે સુખ, કહ્યા ત્રેતાયુગના ધર્મ.

રજોગુણ અધિક સત્વગુણ સ્વલ્પ તમોગુણ હો,
મનમાં ભય ને હર્ષ હો દ્વાપરયુગમાં તો.

તમોગુણ અધિક, અલ્પ રજ, વિરોધ ચારેકોર,
કલિપ્રભાવ એ જાણવો, અશાંતિ અનૃત શોર.

પંડિત મનમાં જાણતાં જુદાજુદા યુગધર્મ,
અધર્મ છોડી ધર્મને સેવે સમજી મર્મ.

રઘુપતિ ચરણમહીં સદા જેની પ્રીતિ રહી,
કાળધર્મ તેને કદી વ્યાપે વિવિધ નહીં.

લીલા બાજીગર તણી જોતાં ગહન જણાય,
માયા તોપણ દાસને વ્યાપે નહીં જરાય.

હરિમાયાકૃત દોષગુણ વિણ હરિભજન ન જાય,
કામ તજી રામ જ ભજો વિચારતાં મનમાંહ્ય.

એ કલિમાં હું વર્ષ બહુ વસ્યો અવધ વિહગેશ,
પડયો અકાલ વિપત્તિવશ ત્યારે ગયો વિદેશ.

*

## ૨૦. શાપની વાત

(ચોપાઈ)

ગયો ઉજ્જયિની નગરીમાં દીન મલિન ડૂબી અતિદુ:ખમાં,
પામ્યો સંપત્તિ કાળાંતરે ત્યાં સેવ્યાં ચરણ કૈલાસપતિનાં.

કરે શિવપૂજા વિપ્ર ત્યાં એક વેદવિધિ સાથે રાખીને ટેક;
બની સજ્જન પરમાર્થ જાણે શંભુભક્ત હરિને પણ માને.

કરી સેવા મેં છળ સાથે એની દ્વિજ દયાળુ સંનિષ્ઠ ને પ્રેમી,
નમ્ર જોઈને મુજને સાંઈ, સુત જાણી વિદ્યા અર્પી કાંઈ.

મને મંત્ર શંભુનો એણે આપ્યો, શુભ ઉપદેશે સંશય કાપ્યો;
જઈ શિવમંદિરે મંત્ર જપતો, દંભ ઉરમાં અહંતાથી તપતો.

(દોહરા)

હું ખલ મલથી મલિન મતિ, નીચ કરીને મોહ,
જલતો જોતાં ભક્તદ્વિજ, કરતો વિષ્ણુદ્રોહ.

પ્રબોધતા ગુરુ નિત મને મુજ આચરણે આર્ત,
ક્રોધ થતો મુજને, ચહે દંભી ના પરમાર્થ.

એક વાર ગુરુએ મને નીતિ ઘણી શિખવી,
શિવસેવાફળ રામની અવિચળ ભક્તિ કહી.

*

(ચોપાઈ)

બ્રહ્માશિવ પણ રામને ભજતા, કથા સામાન્ય જનની કહું કયાં;
જેના ચરણોના અજશિવ રાગી તેના દ્રોહથી સુખ ના અભાગી !

ગુરુએ શિવને હરિના દાસ માન્યા તેથી હૃદયે મારા જાગી જ્વાળા;
બન્યો અધમ હું વિદ્યાથી કેવો પય પાયે બને અહિ એવો.

માની કુટિલ કુભાગ્ય કુજાત ગુરુદ્રોહ કરતો દિનરાત;
ગુરુ કરતા કૃપાળુ ના ક્રોધ, મને દેતા સપ્રેમ સુબોધ.

નીચ જેનાથી શ્રેષ્ઠતા પામે તેને પ્રથમ મારે કે મરાવે;
ધૂમ્ર અનલથી ઉત્પન્ન થાય મેઘ બનતાં ઓલવવાને જાય.

રજ માર્ગે અનાદરે વસતી સૌના પાદપ્રહારોને સહતી,
ઊડી પવનથી એને ભરી દે, નૃપ નયને કિરીટે પડી રે'.

એવા ખગપતિ, સમજી પ્રસંગ કરતા સુજ્ઞ અધમનો ના સંગ;
કવિકોવિદ કહે એવી નીતિ ખલકલહ કે શુભ નવ પ્રીતિ.

ઉદાસીન રહી સદા સહેવું શ્વાન જેમ ખલથી દૂર રહેવું;
મારું હૃદય કપટી ને કુટિલ તેથી રુચ્યું મને નવ હિત.

*

(દોહરા)

એક વાર હરમંદિરે જપતો'તો શિવનામ,
ગુરુ આવ્યા, નવ માનથી ઊઠી કર્યા પ્રણામ.

એ દયાળુ બોલ્યા નહીં, ઉરમાં રોષ ન લેશ;
અઘ ગુરુના અપમાનનું સહી શક્યા ન મહેશ.

(ચોપાઈ)

થઈ મંદિરે આકાશવાણી અજ્ઞ હતભાગી રે અભિમાની,
તારા ગુરુને નથી થયો ક્રોધ ભારે કૃપાળુ સમ્યક બોધ.

તોય આપીશ શાપ તને હા, નીતિવિરોધ ગમે મુજને ના;
દઉં દંડ ના ખલ તુજને જો નષ્ટ વેદનો માર્ગ બને તો.

ઈર્ષ્યા શઠજન ગુરુની કરે જે પડે રૌરવ કોટિ યુગો તે;
પછી જન્મે પક્ષીપશુ બનતાં, જન્મ સહસ્ત્ર પામે દુ:ખે પડતાં.

બેસી અજગર પેઠે રહ્યો પાપી, તારી બુદ્ધિ મલે રહી વ્યાપી,
મહાવિટપ કોતરમાં જઈને રહે તેથી તું સર્પ બનીને,
અધોગતિ અધમાધમ પામ છોડી અંતરનો આરામ.

(દોહરા)

સુણતાં ક્ષુબ્ધ બની ગયા કઠોર એ શિવશાપ,
મુજને કંપિત દેખતાં ઉર પ્રગટયો પરિતાપ.

કરી દંડવત તરત દ્વિજ શિવને જોડી હાથ,
કરવા લાગ્યા વિનયને ગદગદ સ્વરની સાથ.

*

## ૧૧. શિવની સ્તુતિ તથા કૃપા

(સોરઠા- શિવોહમ શિવોહમ)

નમું ઈશ ઈશાનના મોક્ષરૂપ, વિભુ વ્યાપક બ્રહ્મ વેદસ્વરૂપ,
નિજ નિર્ગુણ નિર્વિકલ્પ નિરીહ, ચિદાકાશ આકાશવાસી ભજું હું.

નિરાકાર ઓમકારસ્વામી તુરીય ગિરાજ્ઞાનગોતીત ઈશ્વર ગિરીશ,
કરાલ મહાકાલ કાલ કૃપાલ ગુણાગાર સંસારપાર નમું હું.

તુષારાદ્રિશા ગૌર ગંભીર દિવ્ય મનોભૂત કોટિપ્રભા શ્રી શરીર;
સ્ફુરે મૌલિ કલ્લોલિની ચારુ ગંગ, ધર્યો ભાલપે ચંદ્ર કંઠે ભુજંગ.

ચલત્કુંડલ ભ્રૂ સુનેત્ર વિશાળ પ્રસન્નાનન નીલકંઠ દયાળ,
મૃગાધીશ ચર્મામ્બર મુંડમાળ પ્રિય શંકર સર્વનાથ ભજું છું.

પ્રચંડ પ્રકૃષ્ટ પ્રગલ્ભ પરેશ, અખંડ અજ ભાનુ કોટિપ્રકાશ,
ત્રય:શૂલનિર્મૂલન શૂલપાણિ, ભજું છું ભવાનીપતિ ભાવગમ્ય.

કલાતીત કલ્યાણ કલ્પાંતકારી, સદા સજ્જનાનંદદાતા પુરારી;
ચિદાનંદ સંદોહ મોહાપહારી બનો હે પ્રસન્ન પ્રભો મન્મથારિ.

ઉમાનાથનાં ચરણને જ્યાં સુધી ના ભજે માનવી લોકપરલોકમાં ના,
લહે ત્યાં સુધી શાંતિ સંતાપનાશ, પ્રસીદ પ્રભો સર્વભૂતાધિવાસ.

ન હું યોગ જાણું ન જપ કે ન પૂજા, નમું છું સદા શંભુ મધુરા પદોમાં
જરા જન્મ દુ:ખૌઘથી તપ્ત મુજને, પ્રભો શંભુ રક્ષો નમું દીન શરણે.

(અનુષ્ટુપ)

શિવની પ્રસન્નતા માટે રુદ્રાષ્ટક ગવાયેલું,
ભક્તિથી કરતાં પાઠ મળે શિવપ્રસન્નતા.

(દોહરા)

સર્વજ્ઞ શિવે સ્તુતિ સુણી, દેખ્યો દ્વિજનો રાગ;
નભવાણી મંદિર થઈ, દ્વિજવર વરને માગ.

પ્રસન્ન હો પ્રભુ મુજ ઉપર, હોય દીન પર પ્રેમ,
તો નિજ પદની ભક્તિ દો વર અન્ય પછી તેમ.

માયાવશ જડ જીવ આ ભૂલી ભાન ફરે,
કૃપાસિંધુ પ્રભુ ના કરો એ પર ક્રોધ તમે.

દીનબંધુ શિવ શિષ્ય પર કરો હવે કરુણા,
શાપ અનુગ્રહ થાય કે અલ્પ સમયમાં આ.

(આખ્યાન)

પરમ થાય આનું કલ્યાણ કરો એમ હે કૃપાનિધાન;
સુણી વિપ્રની પરહિતવાણ તથાસ્તુ બોલ્યો નભનો પ્રાણ.

કીધું એણે દારુણ પાપ, દીધો મેં કોપ કરી શાપ,
સાધુતાતણો કરી વિચાર કૃપા વિશેષ કરું તત્કાળ.

ક્ષમાશીલ પરહિતરત જે ખરારિસમ પ્રિય મુજને તે;
મુજ અભિશાપ ન વ્યર્થ જશે, આના જન્મ સહસ્ત્ર થશે.

જન્મમરણ દારુણ દુ:ખ જે લેશ થશે આને નવ તે;
મટશે કો જન્મે ના જ્ઞાન; શૂદ્ર સુણી લે વચન પ્રમાણ.

અવધમહીં કાયા ધારી સેવા સતત કરી મારી,
અનુગ્રહ મારો પુરીપ્રભાવ, રામભક્તિ પ્રગટ થશે પ્રાણ.

દ્વિજ સેવ્યે પ્રભુ થાય પ્રસન્ન, વચન સુણી લે બની પ્રપન્ન;
કરતો નહીં વિપ્ર અપમાન, ગણજે સંત અનંત સમાન.

ઈન્દ્રકુલિશ મુજ શૂલ વિશાળ કાળદંડ હરિચક્ર કરાળ,
એથી માર્યો ન મરે જે જલે વિપ્રદ્રોહાનલ તે.

એવો વિવેક સ્થિર જો થશે કશું નહીં દુર્લભ તો હશે;
અર્પું વળી શુભાશિષ હું મેળવ અપ્રતિહત ગતિ તું.

(દોહરા)

હરખ્યા ગુરુ શિવવચનથી, સમજાવી મુજને,
શંભુચરણ ધારી ઉરે ગયા સપ્રેમ ગૃહે.

*

કાળક્રમે વિંધ્યાચલે પછી બન્યો હું સાપ,
અલ્પ સમયમાં તે તજ્યું તન મેં આપોઆપ.

નૂતન વસ્ત્ર સજે નર છોડી વસ્ત્ર પુરાણ,
અનાયાસ હું ધારતો તેમજ તન ને પ્રાણ.

શિવના આશીર્વાદથી મને થયો ના ક્લેશ,
ધાર્યા દેહ વિવિધ છતાં જ્ઞાન મળ્યું ન ખગેશ !

દેવ મનુજ તિર્યંકનું જે પણ તન ધાર્યું,
રામભજન ત્યાં અનુસર્યો, સુખ તેથી માણ્યું.

કોમળ શીલ સ્વભાવને સદગુરુનો મારા,
કેમે ના વિસર્યો; શમી ના પીડાજ્વાળા.

(આખ્યાન)

પામ્યો પરમ દ્વિજતણી કાય, સુરદુર્લભ પુરાણ શ્રુતિ ગાય;
ત્યાં પણ રઘુપતિલીલા કરી શિશુ સાથે મેં સદા મળી.

(દોહરા)

વય વધતાં મુજને પિતા ભણાવવા લાગ્યા,
સમજવા છતાં રસ મને આવ્યો એમાં ના.

વાસના બધી મનથકી મારા નષ્ટ થઈ,
લગની રામચરણતણી લાગી ફક્ત ગઈ.

કામધેનુને છોડતાં સેવે સદા ખરી [36]
માનવ એવો મૂર્ખ કો જગમાં શકે મળી ?

હાર્યા પિતા ભણાવતાં, ભણી શક્યો ના હું;
પ્રેમમગ્ન મુજને ખરે રુચી શક્યું ન કશું.

માતપિતા મરતાં ગયો ભક્તિકાજ વનમાં;
ઋષિના આશ્રમમાં જઈ પડતો હું પદમાં.

રઘુપતિના ગુણગાનને હર્ષે સાંભળતો,
શિવકૃપાથકી અસ્ખલિત પામી ગતિ ફરતો.

ત્રિવિધ એષણા છૂટતાં લગન વધી ઉરમાં,
રામદર્શને કે કરું જન્મ ધન્ય મુજ આ.

સર્વભૂતમય ઈશ છે મુનિ કહેતા સૌ એમ,
નિર્ગુણ મત ગમતો નહીં, સગુણ પર અધિક પ્રેમ.

ગુરુનાં વચન સ્મરી કર્યો રામચરણ અનુરાગ,
ફરતો ગાતાં રામગુણ, બીજાનો ના માગ.

*

[36] ખરી - ગધેડી

## ૨૨. લોમશમુનિનો પ્રસંગ

(દોહરા)

વટવૃક્ષતણી છાંયમાં સુમેરુ શિખર પરે,
મુનિ લોમશ દર્શન થયું મુજને ધન્ય પળે.

દીન વચન મેં બોલતાં પ્રેમે કર્યાં પ્રણામ;
વિનીત મૃદુ શબ્દો સુણી મુનિ કૃપાળુ ખગરાજ,
બોલ્યા, દ્વિજ આવ્યા અહીં કયા હેતુથી આજ ?

કૃપાનિધિ, વદ્યો હું, તમે છો સર્વજ્ઞ સુજાણ,
સગુણ બ્રહ્મ આરાધના મને કહો ભગવાન !

(આખ્યાન)

મુનીશ્વરે રઘુપતિ ગુણવાત કહી અલ્પ સાદર ખગનાથ !
બ્રહ્મજ્ઞાનરત મુનિ વિદ્વાન સમજી મુજ અધિકાર મહાન.

કરવાને લાગ્યા ઉપદેશ, અજ અદ્વૈત અગુણ હૃદયેશ,
અકલ અનીહ અનામ અરૂપ, અનુભવગમ્ય અખંડ અનૂપ.

મનગોતીત અમલ અવિનાશ નિર્વિકાર નિરવધિ સુખવાસ;
તે તું, ના તુજ તેનો ભેદ વારિ વીચિસમ કથતા વેદ.

આપ્યો બ્રહ્મતણો ઉપદેશ, નિર્ગુણ મત ના ભાવ્યો લેશ;
બોલ્યો હું નમવી પદ શીશ સગુણભક્તિને કહો મુનીશ !

રામભક્તિ જલ મમ મન મીન, છૂટે કેમ મુનીશ પ્રવીણ ?
બતાવો હવે એ જ ઉપાય નિજ નયને નીરખું રઘુરાય.

નીરખું નયન ભરી અવધેશ પછી સુણું નિર્ગુણ ઉપદેશ;
ગાઈ મુનિએ કથા અનૂપ, હરિનું કહ્યું અગુણ સ્વરૂપ.

નિર્ગુણ મતને કરતાં દૂર સગુણ કહ્યો મેં હઠ ભરપૂર;
ઉત્તર પ્રત્યુત્તર મેં કર્યા મુનિવર ત્યારે ક્રોધિત થયા.

અધિક અવજ્ઞા કોઈ કરે ક્રોધ થાય તો જ્ઞાની ઉરે,
કરે જો અતિશય ઘર્ષણ કોય અનલ પ્રગટ ચંદનથી હોય.

(દોહરા)

વારંવાર સકોપ મુનિ કહેવા લાગ્યા જ્ઞાન,
ત્યારે હું મનમાં રહ્યો કરી વિવિધ અનુમાન.

ક્રોધ દ્વૈત વિણ થાય ના દ્વૈત વિના અજ્ઞાન;
માયાવશ પરિછિન્ન જડ જીવ શું ઈશ સમાન ?

સૌનું શુભ ચાહ્યે કદી દુ:ખ શકે આવી,
પારસમણિ જો હોય તો દૈન્ય શકે ફાવી ?

નિષ્કલંક કામી રહે પરદ્રોહી નિશ્શંક,
દ્વિજનું અહિત કર્યા થકી રહી શકે છે વંશ ?

સ્વરૂપજ્ઞાન પછી બને અહંકારમય કર્મ ?
દુષ્ટ સંગથી જાગતાં સદબુદ્ધિ કે ધર્મ ?

પરસ્ત્રીગામી સ્વપ્નમાં સદગતિ પ્રાપ્ત કરે ?
પરમાત્મા જાણ્યા પછી બંધ બધા ન ટળે ?

હરિનિંદકને સુખ મળે, નીતિ વિણ રહે રાજ ?
હરિચરિત્ર ગાયા પછી જીવે પાપસમાજ ?

પુણ્ય વિના શુચિ યશ મળે, અપયશ ના જો પાપ ?
શ્રુતિ પુરાણ સંતો કહે અન્ય ભક્તિશો લાભ ?

નરતન પામી રામને ભાવ કરી ન ભજાય,
એના સરખી હાનિ શી ? પશુતાને ન તજાય,

એથી વધુ પાતક કયું ? દયા સદાય ભજાય,
એથી ઉત્તમ ધર્મ શો સેવાભાવ સજાય ?

એમ વિચારી મેં સુણ્યો સાદર ના ઉપદેશ,
સગુણ પક્ષને સ્થાપતાં; ત્યારે મુનિ વિહગેશ,

વધ્યા ક્રોધથી મૂઢ ના મારી માને વાત,
વાદ કરે વાયસસમો ડરે પ્રિય ગણી જાત.

સ્વપક્ષનો આગ્રહ કરે માટે બન તું કાગ,
ભય કે દૈન્ય સિવાય મેં સ્વીકાર્યો એ શાપ.

*

સત્વર બનતાં કાગ હું મુનિપદ કરી પ્રણામ,
સ્મરી રામ રઘુવંશમણિ ચાલ્યો સુખે તમામ.

રામચરણરત ભક્ત જે વિગત કામમદક્રોધ,
નિજ પ્રભુમય જગ પેખતા કોનો કરે વિરોધ ?

(આખ્યાન)

ખગેશ, નવ કો ઋષિનું દૂષણ, ઉરપ્રેરક રઘુવંશ વિભૂષણ;
કૃપાસિંધુએ મુનિમતિ ટાળી લીધી પ્રેમપરીક્ષા મારી.

મનવચને જાણી નિજ પ્રાણ મુનિમતિ પલટાવી ભગવાન;
ઋષિ મુજ જોઈ શીલ સમેત રામચરણ વિશ્વાસ વિશેષ.

કરવા લાગ્યા પશ્ચાત્તાપ વિસ્મય પામી વારંવાર,
પ્રેમથકી બોલાવી પાસ સંતોષ ધર્યો મુજને ખાસ.

બાળસ્વરૂપ રામનું ધ્યાન મુજને આપ્યું કૃપાનિધાન,
રામમંત્રને કર્યો પ્રદાન, સુખદ ઠર્યું એ સુંદર ધ્યાન.

અલ્પ સમય ત્યાં રાખી મને કથા કહી સંપૂર્ણપણે,
રામચરિતમાનસને કહ્યું, રહસ્ય મુનિના મુખથી વહ્યું.

(દોહરા)

શંભુકૃપાથી મેળવ્યું રામચરિતસર ગુપ્ત,
રામભક્ત જાણી બધું આજ વર્ણવ્યું લુપ્ત.

રામભક્તિ પ્રગટી નથી જેના અંતરમાં,
એને ના કહેવું કદી ચરિત રામનું આ.

મુનિએ સમજાવ્યો મને વિવિધ પ્રકારે એમ,
મુનિચરણે મસ્તક ધર્યું ત્યારે મેં સપ્રેમ.

કરકમળે સ્પર્શી મને આપ્યા આશીર્વાદ,
રામભક્તિ તુજ અંતરે વસશે અવિચલ ગાઢ.

રામપ્રિય થશે નિત્ય તું શુભગુણધામ અમાન,
કામરૂપ ઈચ્છામરણ જ્ઞાન વિરક્તિ નિધાન.

વસશે રઘુવરને સ્મરી જે આશ્રમમાં તું,
ત્યાં રહેશે યોજન સુધી દળ ન અવિદ્યાનું.

*

(આખ્યાન)

કાળકર્મ ગુણદોષ સ્વભાવ હશે દુ:ખતણો સદા અભાવ;
રામરહસ્યચરિતનું જ્ઞાન ગુપ્ત પ્રગટ ઈતિહાસ પુરાણ.

અનાયાસ તું પ્રાપ્ત કરીશ, રામપદે નવ નેહ ધરીશ;
ઈચ્છા કરશે મનમાં જે હરિપ્રસાદ દુર્લભ ન હશે.

મુનિઆશિષ સુણી મતિધીર, ગિરા થઈ ગગને ગંભીર,
મુનિ હો સત્ય તમારી વાણ, આ મુજ ભક્ત કર્મ મન વાણ.

સુણી નભગિરા હરખ થયો, પ્રેમમગ્ન નવ સંશય રહ્યો;
અરજ કરી અતિ મુનિવરતણી ચરણે સ્નેહસમેત નમી.

(દોહરા)

હર્ષાન્વિત આ આશ્રમે અંતે આવ્યો હું,
દુર્લભ પ્રભુના અનુગ્રહે વરને પામ્યો છું.

*

આ સ્થળમાં વીતી ગયા કલ્પો સત્તાવીશ;
રઘુપતિનાં ગાઉં રસે ગુણગાન અહર્નિશ.

ભક્તોના હિતકાજ શ્રીરઘુવર ધારે અંગ,
ત્યારે અવધમહીં જઉં વસવા પ્રભુની સંગ.

શિશુલીલાતણા દર્શને અતિશય સુખ પામું,
શિશુસ્વરૂપ ધારી ઉરે આશ્રમમાં આવું.

કથા સકળ તમને કહી કાગદેહની મેં;
રામભક્તિમહિમા ખરે અમોઘ અદભુત છે.

આ તન છે પ્રિય કેમ કે થયો રામપદ નેહ,
નિજ પ્રભુનું દર્શન મળ્યું, શમ્યા સકળ સંદેહ.

ભક્તિમાર્ગ પર દૃઢ રહી પામ્યો ઋષિનો શાપ,
મુનિદુર્લભ વર મેળવ્યું, એવો ભજન પ્રતાપ.

*

## ૨૩. માયા વિશે

(આખ્યાન)

એવી ભક્તિ જે પરહરે, કેવળ જ્ઞાનકાજ શ્રમ કરે,
કરતાં કામધેનુનો ત્યાગ કરે આકડાનો તે રાગ.

કેમ તેમને દૂધ મળે, દૈન્ય ભક્તિ વિણ કેમ ટળે,
કુકર્મવાળા જડ જન તે નૌકા વિના પ્રયત્ન કરે,
તો પણ કોટિ પ્રયત્ન વડે સાગરને ન કદીય તરે.

ભુશુંડિનાં સુણતાં સુવચન બોલ્યા તરત જ ગરુડપ્રસન્ન,
તમારી કૃપાથી મનમાંહ્ય શોક મોહ ભ્રમ નથી જરાય.

સુણ્યા પુનિત રઘુપતિ ગુણગ્રામ કૃપાથકી પામ્યો વિશ્રામ,
પૂછું એક આપને વાત સમજાવી ધન્ય કરો જાત.

કહે સંતમુનિ વેદપુરાણ દુર્લભ કાંઈ નવ જ્ઞાન સમાન,
મુનિનો મત પણ એવો હતો, પ્રભાવ ન પડયો તમ પર કશો.

જ્ઞાન ભક્તિની વચ્ચે ભેદ કહો કેટલો કૃપાનિકેત;
ગરુડ વચન સુણતાં સાનંદ કાગ વદ્યા પ્રણમી ભગવંત.

જ્ઞાન ભક્તિમાં લેશ ન ભેદ ઉભય હરે ભવસંભવ ખેદ,
મુનિવર કથતા અંતર લેશ, સુણો શાંતિથી તે વિહગેશ !

જ્ઞાન ભક્તિ યોગ વિજ્ઞાન પુરુષ સર્વ છે એ હરિ પ્રાણ !
પુરુષપ્રતાપ પ્રબળ કહેવાય, અબલા જડ નિર્બળ જ મનાય

(દોહરા)

પુરુષ તજી સ્ત્રીને શકે જો વિરક્ત કે ધીર,
કામી વિષયી ના કદી જે ન ભજે રઘુવીર.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

તે મુનિ જ્ઞાનનિધાન પણ મૃગનયના વિધુમુખ નીરખી,
વિવશ બને; નારી સ્વયં વિષ્ણુ તણી માયા પ્રગટ.

*

(આખ્યાન)

પક્ષપાત અલ્પ પણ ના રાખું, વેદ પુરાણ સંતમત ભાખું,
મોહે સ્ત્રી નવસ્ત્રીને રૂપ પન્નગારિ એ રીત અનૂપ.

માયાભક્તિ ઉભય સ્ત્રીજાત વિચારો જરા મારી વાત;
ભક્તિ પ્રિય ઘણી રઘુવરને નર્તકી જ મળ્યા ખલુ છે.

રામભક્તિને અતિ અનુકૂળ જેના હૃદયે તે ભરપૂર,
ઉપમા ઉપાધિ રહિત રહે માયા તેનાથકી ડરે.

માયા તેનાથી શરમાય, ભક્ત ન એનાથી ભરમાય;
મુનિ એવું સમજી વિદ્વાન માગે ભક્તિ સકલ સુખપ્રાણ.

(દોહરા)

એ રહસ્ય રઘુનાથનું નવ જલદી સમજાય,
કૃપા થકી સમજાય તો સ્વપ્ને મોહ ન થાય.

*

## ૨૪. જ્ઞાન અને ભક્તિ

(દોહરા)

જ્ઞાનભક્તિનો અન્ય પણ ભેદ કહ્યો છે એક,
સુણતાં એને રામપદ પ્રીત પ્રગટતી છેક.

(આખ્યાન)

સુણો અકથ્ય છતાં પણ વાત વર્ણવાય ના સમજી તાત !
ઈશ્વર અંશ જીવ અવિનાશ ચેતન અમલ સહજ સુખવાસ.

(દોહરા)

તે માયાને વશ બન્યો મર્કટ પોપટ જેમ,
બંધાયો ગાંઠો પડી જડચેતનમાં એમ.

મિથ્યા ગ્રંથિ છતાંય તે કપટી ખૂબ ગણી,
જીવ ગયો છે ત્યારથી સંસારી જ બની.

ગ્રંથિ ન તૂટે જીવને સુખી પૂર્ણ ના થાય,
શ્રુતિ પુરાણ યત્ને અધિક બનતી સુદૃઢ જાય.

મોહતિમિર ઉરમાં રહે જીવતણા સવિશેષ,
દેખે ગ્રંથિ નહીં પછી છોડે તેને કેમ ?

કૃપા કરી સંજોગ જો ઈશ કરે એવો,
ગ્રંથિ શકે છૂટી પ્રબળ તરત કદાચિત તો.

(આખ્યાન)

સાત્વિક શ્રદ્ધાકેરી ગાય વસે હરિકૃપાથી મનમાંહ્ય,
જપતપ વ્રત યમ નિયમ અપાર વેદવિહિત શુભ ધર્મ આચાર.

તે તૃણ હરિત જો ગાય ચરે ભાવવચ્છને દૂધ ધરે,
દોર નિવૃત્તિ પાત્ર વિશ્વાસ, નિર્મળ મન આહીર નિજદાસ.

પરમ ધર્મમય કાઢી દૂધ તપવે અકામ અનલે ખૂબ,
ક્ષમાતોષથી ઠંડું કરે, ધીરજ શમનો સંગ ધરે,

તત્વવિચાર રવૈયૌ કરે, સત્યવચન દમરજ્જુ ધરે,
મંથનથી કાઢે નવનીત વૈરાગ્યતણું નિર્મળ નીત.

(દોહરા)

યોગાગ્નિ પ્રગટાવતાં સર્વ કર્મ બાળી,
ઠારે ધૃતને જ્ઞાનનું મમતામલ મારી.

વિજ્ઞાનમયી બુદ્ધિએ પવિત્ર ધૃત પામી,
દિવેટ સમતાની કરે મન દીવે ધારી.

ત્રણ ગુણકાળ તણો કહ્યો શ્રુતિએ દિવ્ય કપાસ,
તુર્યાવસ્થા રૂ વળી તેનું કાઢી ખાસ.

દિવેટ દૃઢ સુંદર કરે તેની, દીપક એ,
તેજપુંજ વિજ્ઞાનમય પછી જલાદી દે.

એની પાસે પહોંચતા મદાદિ શલભ બધા,
ભસ્મ થાય ક્ષણ વારમાં નાસે બધી વ્યથા.

*

(આખ્યાન)

સોહમસ્મિની વૃત્તિ અખંડ દીપશિખા એ પરમ પ્રચંડ,
આતમ અનુભવ સુખ સુપ્રકાશ કરે ભેદ ભવમૂલ વિનાશ.

પ્રબલ અવિદ્યાનો પરિવાર મોહ ભ્રાન્તિ તમ ટળે અપાર,
બુદ્ધિ પામીને સુપ્રકાશ ઉરની કરે ગ્રંથિનો નાશ.

ગ્રંથિ તૂટતાં પૂર્ણપણે જીવ કૃતાર્થ સદાય બને;
ગ્રંથિ તૂટતી પણ જાણી વિઘ્ન કરે માયા શાણી.

(દોહરા)

રિદ્ધિ સિદ્ધિથી બુદ્ધિને દર્શાવે બહુ લોભ,
છળ બળથી પાસે જઈ સિદ્ધિ જગવે ક્ષોભ.

પાલવના પવને કરે જ્ઞાનદીપને શાંત,
બુદ્ધિ શાણી હોય તો થાય કદી ના ભ્રાંત.

અમંગલ ગણી સિદ્ધિ પ્રતિ આપે લેશ ન ધ્યાન,
વિઘ્ન દેવતા નાખતા કરવા ચંચલ પ્રાણ.

દિવ્ય ઝરૂખા હૃદયના ઘરના ઈન્દ્રિયદ્વાર,
દેવો ત્યાં બેસી ગયા કરી સ્થાન નિરધાર.

વિષયવાયુને આવતો તે સઘળા જોઈ,
બળજબરીથી દ્વારને દેતા સૌ ખોલી.

પ્રબળ પવન ઉરમાં જતાં દીપ બુઝાઈ જાય,
ગ્રંથિ રહે, તમ નવ ટળે, બુદ્ધિ વ્યાકુળ થાય.

*

ઈન્દ્રિયોના દેવને જ્ઞાન નથી ગમતું,
વિષય ભોગ રસમાં રહે મન નિશદિન ભમતું.

વિષયવાયુએ બુદ્ધિને વ્યાકુળ હોય કરી,
જ્ઞાનદીપને તો પછી જગવે કોણ ફરી !

વિવિધ પામતો જીવ આ પાછો સંસૃતિ ક્લેશ,
હરિ માયા અતિ દુસ્તર તરાય ના વિહગેશ !

કઠિન કહેવું સમજવું તેમ સાધવું જ્ઞાન,
થઈ જાય તો પણ પડે સદા રાખવું ધ્યાન.

જ્ઞાનપંથને કઠિન છે કહ્યો કૃપણની [37] ધાર,
પડતાં તેની ઉપરથી નથી લાગતી વાર.

[37] કૃપણ - બેધારી તલવાર

એ પંથે આગળ વધે સારી પેઠે જે,
પામી લે કૈવલ્યરૂપ દિવ્ય પરમપદ તે.

(ચોપાઇ)

અતિદુર્લભ કૈવલ્ય પદ પરમ, કહે પુરાણ સંત નિગમાગમ;
રામભક્તિથી મુક્તિ પણ પરમ મળી જાય માગ્યા વિના સ્વયમ્.

અસંખ્ય કોઈ કરે ઉપાય સ્થળવિણ જળ ના રહે જરાય;
હરિભક્તિ વિના ના જ મળે તેમ મોક્ષસુખ ના જ ઠરે.

એમ વિચારી હરિના ભક્ત પ્રભુના પ્રેમમહીં અનુરક્ત,
અનાદર કરી મુક્તિતણો લોભ ભક્તિનો કરે ઘણો,
થાય ભક્તિથી વિનાપ્રયાસ સંસૃતિમૂળ અવિદ્યાનાશ.

(દોહરા)

તૃપ્તિકાજ ભોજન થતું જઠરાગ્નિ પચવે,
આપોઆપ જ ભક્તિ પણ તારે તેમ ભવે.

ભક્તિ સુગમ સુખદાયિની જેને ન ગમે લેશ,
વિમૂઢ એવો માનવી કોણ હશે વિહગેશ ?

સેવક સેવ્ય ભાવ વિણ ના સંસાર તરાય,
ભજો રામપદપંકજ સમજી એમ સદાય.

જે ચેતનને જડ કરે જડને ને ચૈતન્ય,
એવા સમર્થ રામને ભજે જીવ તે ધન્ય.

## 25 . ભક્તિપ્રતાપ

(ચોપાઈ)

કહ્યો સમજાવી જ્ઞાન સિદ્ધાંત, હવે સાંભળો ભક્તિપ્રતાપ;
રામભક્તિ ચિંતામણિ ન્યારો વસે જેના હૃદયમાં રૂપાળો.

વિના દીપક ઘી કે દિવેટ પામે દિનરાત તે તો તેજ,
મોહદૈન્ય નિકટ ના આવે લોભવાયુ ના એને બુઝાવે.

તમ અજ્ઞાનનું ટળી જાય, હારે સકલ શલભ સમુદાય,
ખલ કામાદિ નિકટ ન આવે વસે ભક્તિ જેના ઉર માંહે.

વિષ અમૃત શત્રુ મિત્ર થાય, પામી મણિ તે સુખી બની જાય,
વ્યાપે માનસરોગ ન ભારે જેથી જીવો દુ:ખી છે વધારે.

મણિ રામભક્તિનો જે ઉરમાં તેને શોક નથી કોઈ સ્થળમાં;
તે જ ચતુર શિરોમણિ જન જેનું મણિના પ્રયત્નમાં મન.

મણિ પ્રગટ જગતમાં સોઈ, નવ પામે કૃપા વિના કોઈ;
એને સુગમ મેળવવાના માર્ગ કિન્તુ અપનાવે ના હતભાગ્ય.

ગિરિ પાવન વેદપુરાણ કથા રામની સુંદર ખાણ;
મર્મી સજ્જન સુમતિ કુદારી, જ્ઞાન વૈરાગ્યની આંખ ન્યારી.

શોધે સ્નેહથી જે કોઈ પ્રાણ પામે ભક્તિ તે સૌ સુખખાણ;
મારા મનમાં એવો છે વિશ્વાસ રામ કરતાં અધિક રામદાસ.

રામસિંધુ સજ્જન ધન ધીર, હરિ ચંદન સંત સમીર;
ફળ હરિભક્તિ સૌનું મનાય, તેને સંત વિના ન પમાય.

(દોહરા)

એમ વિચારી જે કરે સદાકાજ સત્સંગ,
રામભક્તિ તેને થતી સાચે સુલભ વિહંગ !

*

બ્રહ્મ પયોનિધિ, મંદર જ્ઞાન, સંત છે દેવ,
કથા સુધા તે પામતા, મધુમંથનની ટેવ.

મધુરતા રહે ભક્તિની તે નવનીત મહીં,
જે ચાખે તેને કદી ચિંતા થાય નહીં.

વિરતિ ઢાલ ને જ્ઞાનની તલવારે મારે,
લોભ મોહ મદ શત્રુને, પામે જય ભારે,
હરિભક્તિની શક્તિ તે કહી આજ પ્યારે.

*

## ૨૬. સપ્તપ્રશ્નના ઉત્તર

(આખ્યાન)

વદ્યા સપ્રેમ ફરી ખગરાવ કૃપાળુ હો મારા પર ભાવ,
સેવક મુજને સમજી તો સપ્ત પ્રશ્નના ઉત્તર દો.

પ્રથમ કહો પ્રભુ હે મતિધીર, સૌથી દુર્લભ કવણ શરીર;
સુખ ને દુ:ખ કવણ છે શ્રેષ્ઠ, કહો કરી સંક્ષેપે વિવેક.

સમજો સંત-અસંત સ્વભાવ મર્મ તેમનો ભાવ અભાવ;
કવન પુણ્ય શ્રુતિવિદિત વિશાળ કહો કવન અઘ પરમ કરાળ.

સવિસ્તર કહો માનસરોગ, સર્વજ્ઞ તમે કરુણાઘોઘ;
કાગ વદ્યા સાદર સપ્રીત સુણો કહું સંક્ષેપ રીત.

નર તન સમ નવ કોઈ દેહ, જીવ ચરાચર યાચે તેહ;
સ્વર્ગ નરક અપવર્ગ નિસરણી જ્ઞાન વિરક્તિ ભક્તિ શુભ કરણી.

એ તનથી હરિ જે ન ભજે, વિષય સાજ અતિહીન સજે,
પારસમણિને તજતાં તે મૂર્ખ કાચને કરમાં લે.

દરિદ્રતા સમ દુ:ખ ન ખરે સંતમિલન સમ સુખ ન મળે;
પર ઉપકાર મનવચનકાય સંતસ્વભાવ સહજ ખગરાય !

સંત સહે દુ:ખ પરહિતકાજ પરદુ:ખકાજ અસંત અભાગ;
ભોજવૃક્ષ સમ સંત કૃપાલ પરહિત વેઠે વિપદ વિશાળ.

શણ સમાન શઠ બંધન કરે ખાલ કઢાવી કષ્ટે મરે,
કરે સ્વાર્થ વિણ પર અપકાર અહિ મૂષક સમ સતત અપાર.

હિમ કૃષિ હણતાં પામે નાશ, મરે અન્ય સુખ હણતાં ખાસ,
દુષ્ટ જગતમાં ઉદય કરી કેતુ જેમ લે શાંતિ હરી.

(દોહરા)

સંત ઉદય સુખ આપતો સદા સૂર્યશશિ જેમ;
અહિંસા પરમધર્મ છે પરનિંદા અઘ તેમ.

*

(આખ્યાન)

હરિ ગુરુ નિંદક દાદુર થાય, સહસ્ત્ર જન્મ ધરે તે કાય,
દ્વિજ નિંદક બહુ નરકે વાસ કરી ધરે વાયસ તન ખાસ.

માની શ્રુતિસુરનિંદક જે જન રૌરવ નરકે પડતા તે;
બને ઉલૂક સંતનિંદારત મોહનિશાપ્રિય જ્ઞાનભાનુગત.

સૌની નિંદા જે જન કરે [38] ચમગાદુરતન તેને મળે;
હવે વર્ણવું માનસરોગ જેથી દુ:ખ સૌ પામે લોક.

મોહ સર્વ વ્યાધિતણું મૂળ, તેમાંથી ઊપજે બહુ શૂલ;
કામ વાત કફ લોભ અપાર ક્રોધ પિત્ત છાતીની જ્વાળ.

ત્રણે બંધુ એ પ્રીતિ કરે સંનિપાત તો દુ:ખદ મળે;
વિષય મનોરથ દુર્ગમ શૂળ કરે સકળ જીવનને ધૂળ.

ઈર્ષ્યા ખસ દાદર છે રાગ, વ્યાધિ ગળાના હર્ષવિષાદ;
પરસુખથી જલવું ક્ષય તે, કોઢ કુટિલતા મનની જે.

[38] ચમગાદુર - ચામાચીડિયું

ગાંઠરોગ અતિ દુઃખદ અહં, નસરોગ કપટ મદ રતિ દંભ;
તૃષ્ણા ઉદરવૃદ્ધિ અતિઘોર ત્રિવિધ એષણા તાવ કઠોર.

દ્વિવિધ તાવ મત્સર અવિવેક, કહું કયાં લગ કુરોગ અનેક ?

(દોહરા)

એક વ્યાધિવશ નર મરે આ અસાધ્ય બહુ વ્યાધિ,
પીડે સદાય જીવને, પામે કેમ સમાધિ ?

*

નિયમ ધર્મ આચાર તપ જ્ઞાન યજ્ઞ જપ દાન,
ભેષજ કોટિ છતાંય ના સ્વાસ્થ્ય પામતો પ્રાણ.

જગના સઘળા જીવ છે એમ ખરે રોગી,
હર્ષશોક ભયશોકથી સંતપ્ત વિયોગી.

માનસરોગ જુદાજુદા સૌને જગમાં હોય,
કોઈ વિરલા જાણતા પીડા પામે તોય.

ઓછા થાયે ઓળખ્યે નવ પણ પામે નાશ,
વિષય કુપથ્યે પાંગરે, મુનિમન કરતા વાસ.

સાધારણ માનવ તણું કહેવું પછી શું;
ઉપાય એના નાશનો કહું અનુભવે હું.

*

(આખ્યાન)

બને કદી એવો સંયોગ રામકૃપાથી નાસે રોગ;
સદગુરુ વૈદ વચન વિશ્વાસ સંયમ વિષયોની ના આશ.

રામભક્તિની સંજીવની શ્રદ્ધા મતિ અનુપાન વળી;
એથી રોગ મટી સૌ જાય, પ્રયત્ન અન્ય સફળ ના થાય.

ગણાય રોગરહિત તે મન વધે વિરક્તિ તણું જો ધન;
સુમતિ ક્ષુધા જો નિત્ય વધે, આશ વિષયની વળી ઘટે.

વિમલ જ્ઞાનજલમાં જન નાહ્ય રામભક્તિ વ્યાપે ઉર માંહ્ય;
શિવ અજ શુક સનકાદિક નારદ સૌ મુનિ બ્રહ્મવિચાર વિશારદ.

સૌનો સંમત મત છે એમ રામચરણમાં કરવો પ્રેમ;
શ્રુતિપુરાણ સૌ ગ્રંથ કહે રામભક્તિ વિણ સુખ ન લહે.

કમઠપીઠ પર પ્રગટે વાળ, વંધ્યાસુત મારે છો માર,
ગગને ખીલે અગણિત ફૂલ, પામે સુખ ના હરિપ્રતિકૂલ.

તૃષા ટળે પી મૃગજલપાન, ગાઢ બને શશશીશ વિષાણ,
કરે તિમિર છો રવિનો નાશ, પ્રગટે અનલ બરફથી ખાસ,

તો પણ રામવિમુખ હો જે જીવ ન પામે સુખને તે.

(દોહરા)

જલમંથનથી ઘી મળે રેતીમાંથી તેલ,
હરિના ભજન વિના છતાં તરાય ભવને કેમ ?

મચ્છરને બ્રહ્મા કરે અજ મચ્છરથી હીન,
શંકા છોડી રામ તે પ્રભુને ભજો પ્રવીણ.

સુનિશ્ચિત કહું આજ હું, વચન ન ખોટાં લેશ,
તરે સુદુસ્તર સિંધુને ભજતા જે પરમેશ.

*

(આખ્યાન)

કહ્યું સકળ હરિચરિત અનૂપ સુંદર વિશાળ મતિઅનુરૂપ,
શ્રુતિસિદ્ધાંત કહ્યો મેં આજ ભજવા રામ વિસારી કાજ.

મુજસમ શઠ પર કરતા પ્રેમ તે રઘુપતિ ના ભજવા કેમ;
નિર્મોહ તમે જ્ઞાનસ્વરૂપ કરી કૃપા મારા પર ખૂબ.

પૂછી રામકથા અતિપાવન શુક સનકાદિ શંભુ મનભાવન;
સત્સંગ સુદુર્લભ સંસાર નિમિષતણો પણ એક જ વાર.

હૃદયમાં કરો ગરુડ વિચાર, મને ભજનકેરો અધિકાર ?
અધમ અપાવન સૌથી નીચ પ્રભુએ કર્યો પુનિત સુપ્રસિદ્ધ.

(દોહરા)

આજ ધન્ય હું ધન્ય અતિ યદ્યપિ સૌ વિધ હીન,
રામે ભક્ત ગણી ધર્યો સંતસમાગમ દિવ્ય.

બુદ્ધિ મુજબ મેં છે કહ્યું, છુપાવ્યું ન કશું;
કોણ રામરસસિંધુનો પામે તાગ તસુ ?

*

રામતણાં ગુણગાનને સ્મરતાં ફરીફરી,
ભુશુંડિ પ્રાજ્ઞ પરમ ગયા હર્ષે દિવ્ય મળી.

મહિમા ગાયો જેમનો વેદે નેતિ કહી,
અતુલિત બલ છે જેમનું પ્રભુત્વ ચરિત વળી.

ચરણ જેમનાં પૂજ્ય છે શિવ બ્રહ્મા માટે,
દયા તેમની, તેમણે મૂક્યો કર માથે.

મૃદુસ્વભાવ દેખાય ના સુણાય એવું કયાંય,
કોને રઘુપતિ રામ ગણું ખગેશ, આ જગ માહ્ય.

સાધક સિદ્ધ વિરક્ત કે મુક્ત મહાજન જે,
કવિ કૃતાર્થ કોવિદ વળી સંન્યાસી સૌ તે.

યોગી તાપસ સૂર ને જ્ઞાની વિજ્ઞાની,
ધર્મનિષ્ઠ પંડિત ભજે જો ના મુજસ્વામી,
તરે તો નહીં સિંધુને મુક્તિને પામી.

આશ્રય લેતાં જેમનો મુજ શા અઘભંડાર,
શુદ્ધ બને તે રામને વંદન વારંવાર.

નામ જેમનું ભેષજ ભવનું હરે ત્રિશૂલ,
કૃપાલુ તે હો આપણા ઉપર સદા અનુકૂલ.

*

## ૨૭. ગરુડની વિદાય

(દોહરા)

ભુશુંડિનાં વચનો સુણી પેખી પ્રભુનો નેહ,
બોલ્યા સ્નેહ સહિત ગિરા ગરુડ વિગત સંદેહ.

કૃતકૃત્ય થયો સાંભળી દિવ્ય મધુર વાણી,
રઘુપતિભક્તિ રસે ભરી શાંતિમયી શાણી.

રામચરણમાં અવનવી મુજને પ્રીતિ મળી,
માયાથી પેદા થતી સર્વ વિપત્તિ ટળી.

મોહસિંધુમાં ડૂબતા મારે માટે આપ,
નાવ બન્યા, સુખને ધર્યું, શાંત કર્યા સંતાપ.

એનો પ્રતિઉપકાર ના મારાથકી કરાય;
વંદુ ચારુ ચરણમહીં પ્રેમે વારંવાર.

(આખ્યાન)

પૂર્ણકામ રામઅનુરાગ કોણ તમારા સમ બડભાગ;
સંતવિટપ સરિતા ગિરિધરા પરહિત ખાતર સૌની ક્રિયા.

સંતહૃદય નવનીત સમાન કવિની પૂર્ણ નથી એ વાણ,
નિજ પરિતાપ દ્રવે નવનીત, પરદુ:ખ દ્રવે સંત સુપવિત્ર.

જીવનજન્મ સફળ મમ થયો, કૃપા થતાં સંશય સહુ ગયો;
જાણી સદા મને નિજ દાસ કરજો કરુણા સ્નેહે ખાસ.

(દોહરા)

ચરણે મસ્તક મૂકતાં પ્રેમસહિત મતિધીર,
ગરુડ ગયા વૈકુંઠમાં ઉર રાખી રઘુવીર.

સંતસમાગમસમ નથી લાભ જગતમાં આન,
હરિકૃપા વિના ના મળે, ગાયે વેદપુરાણ.

*

## ૨૮. ઉપસંહાર

(આખ્યાન)

કહ્યો પવિત્ર પરમ ઈતિહાસ; છૂટે શ્રવણથકી ભવપાશ;
પ્રણત કલ્પતરુ કરુણાપુંજ પ્રગટે પ્રીત રામપદકંજ.

મનક્રમવચન જનિત અઘ જાય કથાશ્રવણ જો મનથી થાય.

તીર્થાટન સાધક સમુદાય યોગ વિરક્તિ જ્ઞાનમહિમાય,
કર્મધર્મવ્રત તેમજ દાન, સંયમ જપ તપ યજ્ઞમહાન.

ભૂતદયા દ્વિજગુરુની સેવ વિદ્યા વિનય અખંડ વિવેક,
સાધન કહ્યાં વેદમાં જે સૌનું ફળ હરિભક્ત જ છે;

તે ભક્તિ રઘુનાથતણી ઠેરઠેર ના શકે મળી,
કોઈ વિરલ જ પ્રાપ્ત કરે રામતણી જો કૃપા મળે.

(દોહરા)

મુનિ-દુર્લભ હરિભક્તિ નર પામે વિના પ્રયાસ,
કથા નિરંતર આ સુણે જે રાખી વિશ્વાસ.

*

(આખ્યાન)

એ સર્વજ્ઞ ગુણી ને જ્ઞાતા પંડિત એ મંડિત મહાદાતા,
ધર્મનિષ્ઠ કુળરક્ષક એ રામચરણરત જગમાં જે.

નીતિનિપુણ તે પરમ સુજાણ શ્રુતિમતની છે જેને જાણ,
એ કવિકોવિદ એ રણધીર ભજે જે છળ છોડી રઘુવીર.

ધન્ય દેશ જ્યાં છે સુરસરી, ધન્ય નાર પતિવ્રત અનુસરી;
ધન્ય ભૂપ જે નીતિ કરે, ધન્ય ધર્મથી દ્વિજ ન ચળે.

ધન્ય દ્રવ્ય જે દાન કરાય, ધન્ય સુબુદ્ધિ પુણ્યપથ જાય;
ધન્ય ભવન જ્યાં છે સત્સંગ, ધન્ય જન્મ દ્વિજભક્તિ અખંડ.

(દોહરા)

એ કુળ સાર્થક ધન્ય ને જગતપૂજ્ય સુપવિત્ર,
જેમાં રામપરાયણ જન્મે પુરુષ વિનીત.

*

(આખ્યાન)

મતિ અનુસાર કથા મેં ભાખી જોકે પ્રથમ ગુપ્ત કરી રાખી;
મનમાં પ્રીતિ અધિકતા ભાળી કથા રામની સુખદ સુણાવી.

હઠાગ્રહી શઠમાનવ જે સુણે ન મનથી લીલાને,
લોભી ક્રોધી કામી હોય ભજે ન પ્રભુને પંડિત તોય.

બ્રાહ્મણ દ્રોહી સુરપતિ હોય કથા કહે તેને ના તોય;
તેનો રામકથા અધિકાર જેને સત્સંગતિ પર પ્યાર.

ગુરુપદ પ્રીતિ નીતિરત જે દ્વિજસેવક અધિકારી તે,
રઘુપતિ પ્રિય છે પ્રાણથકી તેને સુખકર કથા નકી.

(દોહરા)

રામચરણરતિ ને ચહે અથવા પદનિર્વાણ,
ભાવસહિત તે આ કથા કરે શ્રવણ પુટપાન.

રામકથાને વર્ણવી કલિમલ નાશક મેં,
મનના હરતી મેલ જે શાંતિપ્રદાયક છે.

અમોઘ છે સંજીવની સંસૃતિ રોગતણી,
રામકથા, વિદ્વાનને વેદે વાત કહી.

*

(આખ્યાન)

એમાં રુચિર સપ્તસોપાન રઘુપતિ ભક્તિ તણાં રસપ્રાણ,
અતિ હરિકૃપા મનુજ પર થાય ત્યારે તે એ માર્ગે જાય.

કથા કપટને તજતાં ગાય સિદ્ધ કામના તેની થાય;
કહે સુણે અનુમોદન કરે તે ગોપાદ સમ ભવને તરે.

કથા હૃદયને અતિશય ગમી, ઉમાવદી કૃતકૃત્ય સમી,
મટ્યો કૃપાથી મુજ સંદેહ, થયો રામપદ નૂતન નેહ.

(દોહરા)

બની ગઈ કૃતકૃત્ય હું કૃપા થકી વિશ્વેશ,
ઊપજી રામભક્તિ દૃઢ શાંત થયા સૌ ક્લેશ.

*

(આખ્યાન)

શંભુ-ઉમાનો શુભ સંવાદ સુખ દેતો કટુ હરી વિષાદ,
ભવભંજન ગંજન સંદેહે જનરંજન સજ્જન પ્રિય એહ.

રામઉપાસક જગમાં જે ગણે કથા તેથી પ્રિય તે,
રામકૃપાથી મતિ અનુસાર કહ્યું પવિત્ર ચરિત્ર રસાળ.

કલિકાલ નથી સાધન અન્ય યોગ યજ્ઞ તપ બનવા ધન્ય;
રામ જ સ્મરવા ગાવા રામ, સુણવા સદા રામ ગુણગ્રામ.

(દોહરા)

બિરદ જેમણે છે ધર્યું પૂર્ણપતિત પાવન,
ગવાયલા શ્રુતિ સંતને કવિથી મન ભાવન.

તેમને જ ભજ કુટિલતા તજતાં હે મન તું,
ભજવાથી શ્રીરામને નવ છે કોણ તર્યું ?

*

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

પામ્યું ન કો ગતિ પતિત પાવન રામ ભજવાથી મન,
ગણિકા અજામિલ ગીધ વ્યાધ ગજાદિ ખલ તાર્યા ઘણા;
આભીરયવન કિરાત ખસશ્વપચાદિ અતિ અઘયુક્ત જે,
લેતાં જ નામ પવિત્ર બનતા સદાય મનું રામ તે.

રઘુવંશભૂષણ ચરિતને જે કહે ગાયે સાંભળે,
કલિમલ મનોમલમુક્ત બનતાં રામધામે જાય તે;
શત પંચ ચોપાઈ મનોહર હૃદયમાં જાણી ધરે,
દારુણ અવિદ્યાજનિત તેના વિકારો રઘુવર હરે.

સુંદર સુજાણ કૃપાનિધાન અનાથના પ્રેમી ખરે,
નિષ્કામહિત કરનાર મુક્તિ રામવિણ કો ના ધરે;
જેની કૃપાના લેશથી મતિમંદ તુલસીદાસયે,
પામ્યો પરમવિશ્રામ રામસમાન પ્રભુ ના અન્ય એ.

*

(દોહરા)

મુજસમ દીન ન દીનહિત આપસમા રઘુવીર,
એથી ઓ રઘુવંશમણિ, હરો વિષમ ભવભીર.

કામીને સ્ત્રી જેમ પ્રિય લોભીને પ્રિય દામ,
પ્રિય તેમજ લાગો મને રઘુનાથ સદા રામ.

*

શ્લોક

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

જે પૂર્વે પ્રભુએ રચ્યું સુકવિએ શ્રીશંભુએ દુર્ગમ,
શ્રીમદ્ રામ પદાબ્જ ભક્તિ કરતાં સર્વોચ્ચ રામાયણ,
એ આત્માતમ શાંતિકાજ પ્રભુના નામે રહીને રત,
ભાષાબદ્ધ કર્યું પવિત્ર તુલસીદાસે ફરી માનસ.

દૈવી પાપહર સદા શિવકર વિજ્ઞાન ભક્તિપ્રદ,
માયા મોહ મલાપહ સુવિમલ પ્રેમામ્બુ પૂર્ણ શુભ,
શ્રીમદ રામચરિત્રમાનસમહીં જે સ્નાન સ્નેહે કરે,
તે સંસાર રવીન્દ્રનાં કિરણથી ના ઘોર કેમે બળે.

પૃથ્વીભાર ઉતારવા સુરથકી સંપ્રાર્થિત ચિન્મય,
જન્મ્યા જે પૃથિવી પરે રવિકુળે માયાથકી અવ્યય,
મારી રાક્ષસ છોડતાં યશ જગે પુણ્યપ્રદ શાશ્વત,
તે સીતાપતિને ભજું શુચિ મળ્યા બ્રહ્મત્વ આદ્ય સ્થિર.

**(ઉત્તરકાંડ સમાપ્ત)**

* * *

## રામચરિતમાનસનું માહાત્મ્ય

(દોહરા)

વાલ્મીકિ જે મુનિવર થયા ત્રેતાયુગને દ્વાર
એ જ થયા કલિકાળમાં તુલસીરૂપ અવતાર.

રામાયણ આ રુચિર છે નવરત્નોની માળ,
ઉર ધારે તે પામતા શોભા પરમરસાળ.

ભવસાગર તરવા ચહો વિના શ્રમ વિના પ્રીત
તો તુલસી રામાયણ વાંચો નેહે નિત્ય.

કરાળ કલિયુગમાં થયો જપતપ તણો વિનાશ,
રામાયણ હિતમય રચ્યું તુલસીદાસે ખાસ.

રામચરિત્ર વિચિત્ર છે ચિંતામણી કલિકાળ;
જતમ કરીને રાખતાં કરે સદાયે ન્યાલ.

ભાવસહિત હરિચરિતનું જ્યાં પણ કરાય ગાન
ત્યાં ત્યાં કપિ નાનારૂપે કરે શ્રવણપુટપાન.

* * *

# રામચરિતમાનસ



# વિહંગાવલોકન

# બાલકાંડ - વિહંગાવલોકન

## ૧. રચનાનો હેતુ

રામચરિતમાનસ.

રસથી રંગાયેલી રસાયેલી રામકથા.

સ્વયં રસસ્વરૂપ હોવાની સાથેસાથે રસના પિપાસુને, પારખુને, પ્રેમીને, ભોક્તાને પણ રસ ધરનારી, અન્યના હૃદયને, રોમરોમને, આત્માના અણુએ અણુને, અવનીતલ પરના સકલ અસ્તિત્વને, આત્માના અલૌકિક અવતરણને સાર્થક, સફળ, સરસ અને સારગર્ભિત કરનારી.

એક અનુપમ અમૂલખ અલૌકિક ઔષધિ. સુધાસભર સંજીવનીબુટી.

પરમ પ્રાણવાન, પ્રાણના પ્રત્યેક પરમાણુને પરિતોષનારી, નવ પ્રાણ પ્રદાન કરનારી પિયૂષપરબ.

સત્શાસ્ત્રોના, સદબુદ્ધિના, સ્વર્ગીય સ્વાનુભૂતિના ક્ષીરસાગરમંથનમાંથી સાંપડેલી સુખપ્રદ સર્વશ્રેયસ્કર સુધાધારા.

પ્રેમભક્તિના પરમદિવ્ય ઉદ્યાનમાં સ્વર્ગીય સૌરભભીનાં સુમનોની મનહર મંગલ માળા.

માનવ સંસ્કૃતિના મંથનનું નેહનવનીત.

પ્રેરણાત્મક પ્રેમપરબ.

જીવનને ઉજ્જવળ કરનારી ભક્તિજ્યોતિ.

પૂર્ણતાના પથિકની પવિત્ર પગદંડી.

સુખદ સરિતા, સરસ સુખપ્રદાયક સર્વોત્તમ સ્નેહશીલ સંયમ સાધનાસર.

ભવસાગરની નિત્યનવીન નૌકા.

વનમાં વિચરતા વટેમાર્ગુની વિકરાળતાને શમાવનારી સનાતન શાંતિદાયક વનસ્થલી.

એને રચાયે વરસોના વહાણાં વીતી ગયા તોપણ એ એવી જ નિત્યનૂતન, સુખમય, સારગર્ભિત લાગે છે. એનો રસ ખૂટતો નથી ને પુરાતન પણ નથી થતો.

એ વ્યાધિ ને વૃદ્ધાવસ્થાથી પર છે. દેશ કાળાતીત.

સૌમાં રમનારા રામનો, ઋષિવરો તથા રસિકોના ચિરવિરહધામ રામનો એ અવિનાશ અક્ષરદેહ.

ક્ષણેક્ષણે અભિનવ. સ્થળે સ્થળે રસમય. મધુરતાનો મધપૂડો.

કેવળ કવિતા નહીં કિન્તુ ક્લેશ, કિલ્મિષ, અવિદ્યાયુક્ત મોહને મટાડનાર શક્તિશાળી સવિતા.

એનો આસ્વાદ ગમે તે રૂપમાં હોય તોયે અહર્નિશ આવકારદાયક, આનંદજનક. આત્માને અનુપ્રાણિત કરનાર.

રામચરિતમાનસની રચના સ્વનામધન્ય રામકૃપાપાત્ર સંતશિરોમણિ તુલસીદાસ મહારાજે કરી.

એ રસમય રમણીય રચના પાછળનો મુખ્ય હેતુ એમના જ શબ્દોમાં કહી બતાવીએ તો પોતાના અંતઃકરણના અવિદ્યારૂપી અંધકારનો અંત આણવાનો. પ્રજ્ઞાના અથવા પ્રશાંતિના પવિત્રતમ પ્રસારનો.

રામચરિતમાનસની રસસભર પ્રભુપ્રેમપરિપ્લાવિત પરબની પ્રાણપ્રતિષ્ઠા પાછળનું પ્રમુખ પ્રયોજન એ જ.

એ સંબધમાં એ સ્વાનુભવસંપન્ન સંતપુરુષની, ભક્તિરસકવિતાગંગાના ભાગ્યવાન ભગીરથની શબ્દાવલિને સ્વીકારી લઈએ.

એ પ્રાણવાન પવિત્ર પ્રયોજનથી પ્રેરાઈને જ એમણે ભગીરથની પેઠે તીવ્રતમ તપ કરીને, ભગવાન શિવનો અસીમ અનુગ્રહ અનુભવીને, રામચરિતમાનસની રસગંગાનું અક્ષરદેહની અવની પર અવતરણ કર્યું.

એનું અવલોકન, આચમન, અવગાહન, અમૃતપાન અનેકને માટે આશીર્વાદરૂપ ઠરે છે, કલ્યાણકારક બને છે અને બનશે.

કિન્તુ કલિમલહારિણી કલ્યાણકારિણી એ કવિતાગંગાના પ્રાદુર્ભાવનું પ્રયોજન એટલું જ છે?

કોઈપણ ક્રાંતિકારિણી શાંતિદાયિની પરમરસપ્રદાયિની કવિતાકૃતિનું કે શકવર્તી, સ્વાભાવિક રીતે સરજાતી, સાહિત્યકૃતિનું પ્રયોજન એટલું જ હોઈ શકે?

સરિતા સમુદ્રની દિશામાં અભિસરણ કરે છે તોપણ એનું અભિસરણ એ ઈચ્છે અથવા ના ઈચ્છે તોપણ અનેકને માટે આશીર્વાદરૂપ ઠરે છે. પુષ્પો ઉદ્યાનમાં પ્રકટે છે ને સહજપણે જ પ્રકટે છે તોપણ એમનું પ્રાકટ્ય ઉદ્યાનને અને આજુબાજુના વાયુમંડળને પરિમલથી, પ્રસન્નતાથી, શ્રીથી પરિપ્લાવિત કરે છે. સૂર્યનો પ્રકાશ સ્વાભાવિક હોવા છતાં પણ અવનિના અંધકારનો અંત આણે છે. કવિની કવિતારચના પણ એજ રીતે પોતાના આત્માના અવિદ્યારૂપી અંધકારનો અંત માટે આરંભાયેલી હોય તોપણ અન્યને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે મદદરૂપ બને છે, પ્રેરક ઠરે છે અને અન્યના અવિદ્યારૂપી અંધકારનો ઓછાવત્તા અંશે અંત આણે છે. સ્વ અને પર - ઉભયને મદદ કરે છે. રામચરિતમાનસની રસકવિતાના સંબંધમાં એ વિધાન સર્વથા સાચું ઠરે છે. એણે પ્રેરણાની પવિત્રતમ પ્રાણવાન પરબ બનીને અત્યાર સુધી અનેકને અમૃતપાન કરાવ્યું છે. અનેકની તૃષા મટાડીને શાંતિ બક્ષી છે. અસંખ્ય આત્માઓને અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપી છે. એમના જીવનને જયોતિર્મય કરીને પ્રભુપ્રાપ્તિ માટેના સુસમૃદ્ધ સેતુ કર્યા છે.

એની રચનાથી કવિનો નિર્ધારિત હેતુ તો સર્યો જ છે, પરંતુ એની સાથે સાથે એની દ્વારા કરાયેલી ભક્તિરસલ્હાણને લીધે અનેકનાં પ્રયોજનોની પૂર્તિ થઈ છે.

અનેકનાં ઉજ્જડ જીવનોદ્યાન અભિનવ, રસકસથી સંપન્ન અને નવપલ્લવિત, નવકુસુમિત બન્યાં છે. એમાં પ્રેરણાના પરમ અલૌકિક અમૃતમય ફુવારા ફૂટ્યા છે. શક્તિની શતશત ધારાઓ વહી છે. અવનવી આશાઓના, જીવનોલ્લાસના, સાર્થકતાના વિહંગસ્વરો પ્રસાર પામ્યા છે. રામચરિતમાનસના સ્વનામધન્ય, સર્વશ્રેયસ્કરી સદભાવનાવાળા સંતકવિને માટે એ પરિણામ પ્રસન્નતાપ્રદાયક થઈ પડે તેવું છે.

રામચરિતમાનસની રસકવિતાના પ્રત્યેક કાંડની પરિસમાપ્તિએ કવિએ જે વિશિષ્ટ શબ્દપ્રયોગ કર્યો છે તે ખાસ લક્ષમાં લેવા જેવો છેઃ

इति श्रीमद्रामचरितमानसे सकलकलिकलुषविध्वंसने

કવિ સુચવે છે કે રામચરિતમાનસ સકળ કલિકાળનાં કલુષોનો નાશ કરવા માટે છે. એની અંદર એવી અસાધારણ અમોઘ શક્તિ સમાયેલી છે. એનું શ્રવણ-મનન, પઠન-પાઠન, પરિશીલન કરનારે, એનો

આસ્વાદ લેનારે, સકળ કલિકલુષોમાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, મનોરથ સેવવો જોઈએ, મુક્તિ મેળવવી જોઈએ, એવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

કલિકાળનાં કલુષ જેવાં વ્યસનો, દુર્ગુણો, દુર્ભાવો, દુષ્કર્મોમાંથી છૂટવા સિવાય અંતઃકરણના અવિદ્યારૂપી અંધકારનો આત્યંતિક અંત ના આવી શકે એ દેખીતું છે.

સંતશિરોમણી શ્રી તુલસીદાસકૃત રામચરિતમાનસની મહત્તા તથી મંગલમયતાનું વર્ણન પૂરેપૂરી ગંભીરતા, સભાનતા અને ગુણજ્ઞ બુદ્ધિ સાથે કરતાં બેની કવિએ સમુચિત રીતે જ કહ્યું છે કેઃ

વેદમત સોધિ, સોધિસોધિ કૈ પુરાન સબૈ
સંત ઔ અસંતનકો ભેદ કો બતાવતો,
કપટી કુરાહી કૂર કલિકે કુચાલી જીવ;
કૌન રામનામ હૂકી ચરચા ચલાવતો.
'બેની' કવિ કહે
માનો માનો હો પ્રતીતિ યહ
પાહન-હિયેમેં કૌન પ્રેમ ઉપજાવતો,
ભારી ભવસાગર ઉતરતો કવન પાર
જો પે યહ રામાયમ તુલસી ન ગાવતો.

રામચરિતમાનસ ભવસાગરને પાર કરવા માટે તો મહામૂલ્યવાન મદદ કરે જ છે અથવા આલંબન ધરે છે પરંતુ સાથેસાથે ભવસાગરનાં ભયંકર મોજાંની વચ્ચે, જુદાંજુદાં જીવલેણ જોખમી જલચરોની વચ્ચે, તોફાની તાંડવ કરનારા પ્રમાથિ, બળવાન, મહાપ્રલયંકર પવનોની વચ્ચે અડગ અથવા અલિપ્ત કેવી રીતે રહેવું ને પરમાત્મામાં પ્રતિપળ શી રીતે વસવું તે પણ શીખવે છે. એ કેવળ પરલોકનો દીક્ષાગ્રંથ નથી, આ લોકને આલોકિત, સુખી, સફળ, સાર્થક કરવામાં માનનારો શિક્ષાગ્રંથ છે. ઈહીલોકની અમુલખ આચારસંહિતા છે.

*

## ૨. સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ

રામચરિતમાનસના કવિને સંસ્કૃત ભાષા માટે વિશેષ, પાર વિનાનો પ્રેમ છે.

રામચરિતમાનસની રસમય હૃદયંગમ રચના પહેલાં એ વાલ્મીકિ રામાયણનો અભ્યાસ કરતા અને જનતાને કથારૂપે રસાસ્વાદ કરાવતા.

તે પહેલાં પણ જીવનના આરંભના કૌમાર્યકાળમાં કાશીપુરીમાં વિદ્યાગુરુ નરહરાનંદ સ્વામીનો સુખદ સંનિધિલાભ પામીને એમણે સંસ્કૃતનું અવિરત રીતે અધ્યયન કરેલું. એ સ્નેહયુક્ત સંસ્કારનો ભાષાવારસો કેવી રીતે મરી જાય?

જીવનની ઉત્તરાવસ્થાએ પહોંચ્યા પછી, સૂર્ય અસ્તાચળ પર પહોંચી ગયો ત્યારે એમણે રામચરિતમાનસની રસપ્રદ રસમય રચના આરંભી.

એનો અક્ષરદેહ આબાલવૃદ્ધોને સહેલાઈથી સમજાય એવી રીતે એ વખતની અયોધ્યા કાશી ચિત્રકૂટ પ્રદેશની લોકભાષામાં ઘડ્યો.

સાહિત્ય - પછી તે ગદ્યાત્મક હોય કે પદ્યાત્મક હોય - જનસાધારણનું ના બને, સામાન્ય જનસમાજ સુધી ના પહોંચે અને એને અનુપ્રાણિત કરવાનું સફળ શ્રેયસ્કર સમર્થ સાધન ના બને તો શું કામનું ? એ અન્યને ઉપયોગી ભાગ્યે જ થઈ શકે. કેવળ પંડિતોનો, સાક્ષરોનો વિદ્વાનોનો જ ઈજારો બની રહે. કવિને એવી સાહિત્યકૃતિ નહોતી સરજવી. જનતાની ભાષામાં બોલવું, ગાવું ને જનતાના અંતરના અંતરતમપર્યંત પહોંચવું હતું. એમણે એમની કવિતાકૃતિને જનતાની ભાષામાં તૈયાર કરવા માંડી.

પરંતુ એની એક વિશેષતા છે. કૃતિના આરંભમાં, અંતમા, પ્રત્યેક કાંડના આરંભે અને વચ્ચે પણ એમણે અનુકૂળતા અનુસાર અવારનવાર એમની પ્રિય સંસ્કૃતભાષામાં શ્લોકરચના કરી છે. એવી રીતે એમના અંતરના સંસ્કૃત ભાષા પ્રત્યેના અનુરાગની અભિવ્યક્તિ થઈ છે.

એ શ્લોકરચના સુસંગત અને સરસ બની છે. એ શ્ર્લોકોનો અનુવાદ આપણે મૂળ શ્ર્લોકોને આરંભે અને અંતે અક્ષરશઃ એવો જ અખંડ રહેવા દઈને કર્યો છે. રામચરિતમાનસના રસિકોને એ રસપ્રદાન કરશે અથવા આનંદ આપશે એ નિશ્શંક છે.

*

## ૩. રામાયણનું રહસ્ય

રામાયણનું રહસ્ય શેમાં સમાયેલું છે?

રામચરિતમાનસના એકમાત્ર આરાધ્યદેવ રામ છે. રામચરિતમાનસમાં મોટેભાગે એમનું જ જયગાન ગવાયેલું છે. એ રામ જીવનના મુખ્ય પ્રેરક, પ્રેમાસ્પદ, એકમાત્ર અધિષ્ઠાતા દેવ બને, જીવનમાં એમનો જ રાસ રમાય, જીવનમાં એમનો પુણ્યપ્રવેશ થાય અને જીવનનું સર્વકાંઈ એમનાં શ્રીચરણે સમર્પિત કરાય, એ રામાયણનો સર્વકાલીન, શાશ્વત સંદેશ છે. સમસ્ત જીવન રામના મંગલમય મંદિરનું પાવન પ્રવેશદ્વાર થાય એથી અધિક શ્રેયસ્કર બીજું શું હોઈ શકે?

*

## ૪. શિવસ્તુતિ અને અન્ય સ્તુતિ વિશે

કાશી એટલે વિશ્વનાથપુરી.

પ્રાચીનકાળથી એની એવી જ પ્રખ્યાતિ.

સંતશિરોમણી તુલસીદાસજીએ ત્યાં પોતાના જીવનનો બહુમૂલ્ય સમય નિર્ગમન કર્યો અને પાર્થિવ તનુના પરિત્યાગ સમયે ત્યાં જ, આજના અલિઘાટ પાસેના તુલસીઘાટના શાંત નિવાસસ્થાનમાં છેલ્લો શ્વાસ લીધો.

વિશ્વનાથની એ કાશીપુરી તથા સ્વયં વિશ્વનાથ પ્રત્યે એમને અસાધારણ આકર્ષણ, અનુરાગ, આદરભાવ શા માટે ના હોય? એમના પવિત્ર પ્રાણવાન પ્રતિઘોષો રામચરિતમાનસમાં સ્થળે સ્થળે સ્વાભાવિક રીતે જ પડેલા છે. જે રામને ભજે પરંતુ શંકરને ના ભજે એની રામભક્તિ અધૂરી છે, ફળતી નથી.

રામને ભજનારે શંકરને ભજવા જ જોઈએ, અને એવી રીતે શંકરના ભક્તે રામ પ્રત્યે પ્રેમાદરભાવ રાખવો જ જોઈએ એવી સુસ્પષટતા એમણે નિર્ભીક રીતે સ્વાનુભવના સુદ્રઢ આધાર પર કરેલી છે. એવું અનુમાન કરવાનું કારણ મળે છે કે કવિના સમયમાં રામભક્તો અને શિવભક્તો વચ્ચે સાંપ્રદાયિક મતભેદો, વિરોધો, કટુતા કે વૈમનસ્યનું પ્રમાણ વિશેષ હશે. એમની અંદર પારસ્પરિક સંપ, સહયોગ, સહાનુભૂતિ નહિ હોય, કિન્તુ અજ્ઞાનમૂલક નિરર્થક ચડસાચડસી કે તેજોદ્વેષ હશે. પરિણામે પ્રજાને એકત્વના ભાવનાસૂત્રથી સાંધવાનું શક્ય કે સરળ નહિ હોય. એ દ્રષ્ટિએ વિચારતાં, કવિએ પોતાના સમાજના સંશોધક તથા સુધારક તરીકે કાર્ય કરીને અવનવી પ્રરણા પૂરી પાડી છે. ભગવાન રામના અને શંકરના ભક્તોની વચ્ચે આત્મીયતા કેળવવા માટે પ્રાણવાન પથપ્રદર્શન પુરું પાડ્યું છે. કવિની અને એમની રામચરિતમાનસ કવિતાકૃતિની એ શકવર્તી સેવા છે.

કવિએ પોતાનો યુગધર્મ એવી રીતે તો બજાવ્યો જ છે કિન્તુ સાથસાથે સર્વકાળના શાશ્વત ધર્મભાવ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી બતાવ્યો છે, રામચરિતમાનસમાં રામ શિવને પૂજે, વખાણે અને શિવ રામને પૂજે, વખાણે. રામ શિવને અને શિવ રામને આરાધ્ય માને એ સિદ્ધિ કાંઈ નાનીસૂની ના કહેવાય. એમાં સાધકનું શ્રેય સમાયેલું છે.

બાલકાંડના આરંભમાં જ શિવની પ્રશસ્તિનો પરિચય કરાવતા કવિ કહે છેઃ

भवानीशङ्करौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाःस्वान्तःस्थमीश्वरम् ॥

"શ્રદ્ધા અને વિશ્વાસરૂપી શંકરપાર્વતીને વંદુ છું, જેમના અનુગ્રહ સિવાય સિદ્ધપુરુષો પોતાના અંતઃકરણમાં રહેલા ઈશ્વરને જોઈ શકતા નથી."

वन्दे बोधमयं नित्यं गुरुं शङ्कररूपिणम् ।
यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते ॥

"જ્ઞાનમય, નિત્ય, શંકરસ્વરૂપ સદગુરુને વંદું છું, જેમના આશ્રયને લીધે ચંદ્ર વક્ર હોવા છતાં સર્વત્ર સૌ કોઈનાથી વંદાય છે."

શિવપ્રશસ્તિના એ સદભાવસૂચક ઉદગારો ભગવાન શંકર પ્રત્યેના પરમપ્રેમના અને આદરભાવના સૂચક છે.

સિદ્ધપુરુષો ભગવાન શંકર અને પાર્વતીના પરમાનુગ્રહ વિના પરમાત્મદર્શન નથી કરી શકતા એવું કહીને સૂચવવામાં આવ્યું કે એમની શરણાગતિ અનિવાર્યરૂપે આવશ્યક છે. પ્રશસ્તિના શ્લોકમાં ભવાનીશંકરને શ્રદ્ધાવિશ્વાસ સ્વરૂપ કહ્યાં છે. એનું કારણ શું હોઈ શકે? શ્રદ્ધા અને વિશ્વાસમાં બાહ્ય રીતે, ભાષાની દ્રષ્ટિએ તફાવત હોઈ શકે પરંતુ ભાવનાત્મક રીતે કોઈ પ્રકારનો તફાવત દેખાતો નથી. શ્રદ્ધા અને વિશ્વાસ વસ્તુતઃ એક જ છે, એમ ભવાનીશંકર બાહ્ય રીતે દ્વિવિધ હોવા છતાં તત્ત્વતઃ એક જ છે. જે શંકર છે તે જ ભવાની અને જે ભવાની છે તે જ શંકર છે. પોતાની અમોઘ અભિનયલીલાને અનુસરીને એને માટે એક છે તે જ બે બન્યાં છે અથવા બે સ્વરૂપે પ્રતીત થાય છે. એમની અંતરંગ એકતાને એવી રીતે એ સુંદર સારગર્ભિત શ્લોક દ્વારા સૂચવવામાં આવી છે, કહો કે સિદ્ધ કરવામાં આવી છે.

બાલકાંડના પ્રારંભના પ્રથમ શ્લોક દ્વારા સરસ્વતીની અને વિનાયકની સ્તુતિ કરવામાં આવી છે. વાણી અને વિનાયક બંને જીવનનાં પરમપવિત્ર પ્રેરક પરિબળો.

કવિ પોતાની કલ્યાણકારિણી કવિતાકૃતિને માટે વાણીવિનાયકની સ્તુતિ કરે એ સહેજે સમજી શકાય તેમ છે. શંકર ભગવાનની સ્તુતિ કરે છે એ પણ સમજી શકાય તેમ છે. પોતાને સાધનાત્મક જીવનમાં અવારનવાર આલંબન આપનાર, પ્રબળ શ્રદ્ધાભક્તિથી સુસંપન્ન બનાવનાર, અનુગ્રહ વરસાવનાર, રામદર્શનનો મંગલ માર્ગ દર્શાવનાર પવનસુત હનુમાનની પ્રશસ્તિ કરે છે એ પણ સમુચિત કહેવાય.

उद्‌भवस्थितिसंहारकारिणीं क्लेशहारिणीम् ।
सर्वश्रेयस्करीं सीतां नतोऽहं रामवल्लभाम् ॥

સીતાની અને 'રામનામના ઈશ્વર શ્રીહરિ' ની પ્રશસ્તિ કરી એમને વંદે એ પણ સ્વાભાવિક લાગે છે. એ સૌની સાથે કરાયેલી સદગુરુની સુંદર શબ્દોની સ્તુતિ પણ હૃદયસ્પર્શી છે. એના અનુસંધાનમાં આગળ પર કવિ સંત તથા અસંતને પણ વંદે છે, એ સઘળી વંદના રસપ્રદાયક છે.

એ વિવિધ વંદનાનો આસ્વાદ લેતાં મને એક વિચાર આવ્યો, આજે પણ આવે છેઃ

માનવ મહાન બન્યા પછી પોતાને મહાન બનાવવામાં પરોક્ષ-અપરોક્ષ મદદ કરનારા પોતાનાથી મહાન, જેમને જીવનમાં શકવર્તી સહાયતા પહોંચાડી હોય એવા અસાધારણ આત્માઓને પ્રેમપૂર્વક કૃતજ્ઞભાવે સ્મરે છે, સ્તવે છે અથવા અનુરાગની અંજલિ ધરે છે. સંતશિરોમણી તુલસીદાસના જીવનમાં એક સમય એવો હતો જ્યારે એ સ્ત્રીથી સંમોહિત થયેલા.

ધર્મભાવનાને અનુસરીને એ કોઈ અપરાધ નહોતો. છતાં પણ સંજોગો જ એવા સરજાયા કે એ સંતપુરુષની ધર્મપત્નીએ સદબુદ્ધિથી પ્રેરાઈને એમને મોહનિંદ્રામાંથી જગાડ્યા. એમના પૂર્વસંસ્કારોને લીધે એ તરત જ જાગ્યા. મોહનું રહ્યું સહ્યું અલ્પ આવરણ દૂર થયું અને એમણે રામભક્તિ દ્વારા રામદર્શન માટે સંકલ્પ કરીને સંસારત્યાગ કર્યો. એમની એ પ્રાતઃસ્મરણીયા ધર્મપત્ની રત્નાવલિની સ્મૃતિ કવિના હૃદયમાં રહી જ હશે. તુલસીદાસ ગૃહત્યાગ કરી બહાર નીકળીને તપ્યા, રત્નાવલી ઘરમાં રહીને તપી. એણે પોતાના જીવનના બહુમૂલ્ય કર્તવ્યને જ્ઞાત-અજ્ઞાત રીતે પૂર્ણ કર્યું. માનવજાતિને એક મહાન લોકોત્તર સંતની, ભક્તની, કવિની, તપસ્વિની, પરમાત્માના પરમ કૃપાપાત્રની ભેટ ધરી. એ સન્નારીની સર્વોત્તમ સર્વશ્રેયસ્કર સેવાભાવનાની સંસ્મૃતિરૂપે, એની પુણ્યવંતી પ્રશસ્તિ માટે એકાદ શ્લોક કે ચરણનું સર્જન થયું હોત તો એમાં કશું અનુચિત જેવું નહોતું. કિન્તુ કવિના સમયની સમાજરચના એવી નહિ હોય જે કવિને એવા કૃતજ્ઞભાવના પ્રદર્શનની પ્રેરણા પૂરી પાડે. રત્નાવલીએ તુલસીને તુલસીદાસ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો તોપણ એ અંધારામાં જ રહી ગઈ.

*

## ૫. દુર્જનને વંદન

વંદન, સ્તવન કે પ્રણામનો વિષય નીકળ્યો છે ત્યારે બીજી એક અગત્યની વાત પ્રત્યે અંગૂલિનિર્દેશ કરી લઉં. સંસારમાં ધાર્મિક, આધ્યાત્મિક અને ઈતરવિષયક સાહિત્યકૃતિઓ અસંખ્ય રચાઈ છે. પરંતુ એવી સાહિત્યકૃતિ ભાગ્યે જ મળશે - અરે એવી સાહિત્યની ઉક્તિ પણ ભાગ્યે જ સાંપડશે જેમાં સજ્જનની સાથે

દુર્જનને અને સંતપુરુષની સાથે સાથે અસંતને વંદવામાં આવ્યા હોય. એને માટે ખૂબ જ વિશાળતા, તટસ્થતા, પ્રભુપરતા જોઈએ. અસંત અથવા દુર્જનને મોટે ભાગે નીંદવામાં, તિરસ્કારવામાં, ઉપેક્ષાની નજરે નિહાળવામાં આવે છે. એમની પ્રશસ્તિની વાત તો દૂર રહી, એમને યાદ કરીને મોં બગાડવામાં આવે છે. રામચરિતમાનસના કૃતાર્થ કવિ એમાં વિરલ, અસાધારણ અપવાદરૂપ છે. એમણે એમની આગવી રીતે ગાયું છે:

बहुरि बंदि खल गन सतिभाएँ । जे बिनु काज दाहिनेहु बाएँ ॥
पर हित हानि लाभ जिन्ह केरें । उजरें हरष बिषाद बसेरें ॥

"હવે હું દુષ્ટોના સમૂહને સાચા ભાવથી વંદન કરું છું. એ કોઈ પણ કારણ વિના પોતાનું હિત કરનારાનું પણ અહિત કરે છે. એમને બીજાના હિતની હાનિમાં લાભ લાગે છે, બીજાનું ઉજ્જડ કરવામાં હર્ષ થાય છે ને બીજાની ઉન્નતિમાં ખેદ કે વિષાદ."

बंदउँ संत असज्जन चरना । दुखप्रद उभय बीच कछु बरना ॥
बिछुरत एक प्रान हरि लेहीं । मिलत एक दुख दारुन देहीं ॥

"હું સંત અને અસંત બંનેના ચરણોમાં વંદન કરું છું. બંને દુઃખદાયક હોવા છતાં એમનામાં થોડોક ફેર છે. સંતપુરુષ છૂટા પડે છે તો પ્રાણને હરી લે છે અને અસંત અથવા દુર્જન મળે છે તો દારુણ દુઃખ આપે છે."

કેટલી સરસ કલ્પના અને એની અભિવ્યક્તિની ભાષા પણ કેટલી બધી અસરકારક અને ભાવવાહી?

खल परिहास होइ हित मोरा । काक कहहिं कलकंठ कठोरा ॥
हंसहि बक दादुर चातकही । हँसहिं मलिन खल बिमल बतकही ॥

"દુષ્ટોના હસવાથી મારું હિત જ થશે. મધુર કંઠવાળી કોયલને કાગડાઓ કઠોર જ કહેશે. બગલા હંસની અને દેડકા ચાતક પક્ષીની હાંસી કરે છે તેમ મલિન મનના દુર્જનો વિમળ વાણીનો ઉપહાસ કરે છે."

जड़ चेतन जग जीव जत सकल राममय जानि ।
बंदउँ सब के पद कमल सदा जोरि जुग पानि ॥

"જગતના જડચેતન સઘળા જીવોને રામમય જાણીને સૌના ચરણકમળમાં હું બંને હાથ જોડીને વંદું છું."

કવિની એક આગવી વિશેષતા છે. એ વિશેષતા કવિતાનું તટસ્થ સુસૂક્ષ્મ અવલોકન કરવાથી સહેજે સમજી શકાય છે. કવિ દુર્જનને અથવા અસંતને વંદે છે ખરા પરંતુ પાછળથી આકરા શબ્દપ્રયોગો દ્વારા એમની આલોચના કરવામાં કે ખબર લેવામાં પણ બાકી નથી રાખતા. એનું એક તર્કસંગત કારણ કદાચ એ પણ હોઈ શકે કે એમને એવા દુર્જનો દ્વારા એમના જીવનકાળ દરમ્યાન ખૂબખૂબ સોસવું પડેલું. એક વાર તો કાશી ત્યાગ પણ કરવો પડેલો. એટલે એમના પ્રત્યેના મીઠા આક્રોશથી પ્રેરાઈને એમના વાસ્તવિક સ્વરૂપને શબ્દાંકિત કરવામાં એ પાછી પાની નથી કરતા કે સંકોચ નથી અનુભવતા. એમને એ યથાર્થ રીતે ઓળખાવે છે. એવા ઉપરથી એવી છાપ પડવાનો સંભવ છે કે કવિની આરંભની દુર્જનવંદના વ્યંગાત્મક કે શિષ્ટાચાર પૂરતી છે. પરંતું ખરેખર તેવું નથી. કવિ દુર્જનની વંદના તો સાચા ભાવથી પ્રેરાઈને જ કરે છે છતાં પણ એમના સ્વરૂપનું ચિત્રણ કરવાનું પોતાનું કર્તવ્ય સમજીને અવસર આવ્યે એને યથાર્થ રીતે પૂરું કરે છે. એ ચિત્રણ કોઈકને કાંઈક અંશે કટુ લાગે તોપણ કવિનું હૃદય તો કટુતાથી મુક્ત જ છે. કવિ પરમાત્માના

પરમકૃપાપાત્ર ભક્ત કે સાચા સર્વોત્તમ સત્પુરુષ હોવાથી એમનામાં એવી કટુતા સ્વપ્ને પણ ના હોઈ શકે. નહોતી.

દુર્જનનો એમનો શાબ્દિક પરિચય સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

हरि हर जस राकेस राहु से । पर अकाज भट सहसबाहु से ॥
जे पर दोष लखहिं सहसाखी । पर हित घृत जिन्ह के मन माखी ॥

"વિષ્ણુ તથા શંકરના સુયશરૂપી પૂર્ણિમાના ચંદ્રને માટે જે રાહુરૂપ છે, બીજાનું બૂરું કરવામાં હજાર હાથવાળા યોદ્ધા જેવા છે; બીજાના દોષને હજાર આંખે જુએ છે અને બીજાના હિતરૂપી ઘીને બગાડવા માટે જેમનું મન માખી જેવું છે."

तेज कृसानु रोष महिषेसा । अघ अवगुन धन धनी धनेसा ॥
उदय केत सम हित सबही के । कुंभकरन सम सोवत नीके ॥

"જે દુષ્ટોનું તેજ અગ્નિ જેવું છે, જેમનો ક્રોધ અગ્નિ સરખો અસહ્ય છે. જે પાપ અને દુર્ગુણના ધનથી કુબેર જેવા ધનવાન છે; જેમનો ઉદય સૌ કોઈના નાશ માટે થાય છે; જે કુંભકર્ણની પેઠે સદા સૂતા રહે એમાં જ કલ્યાણ છે."

पर अकाजु लगि तनु परिहरहीं । जिमि हिम उपल कृषी दलि गरहीं ॥
बंदउँ खल जस सेष सरोषा । सहस बदन बरनइ पर दोषा ॥

"હિમ પાકનો નાશ કરીને નાશ પામે છે તેમ દુર્જન બીજાનું બગાડવા માટે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે છે. હું દુષ્ટ લોકોને શેષનાગ સમાન સમજીને વંદુ છું. તે બીજાના દોષોને રોષે ભરાઈને હજારો વદનથી વર્ણવે છે."

पुनि प्रनवउँ पृथुराज समाना । पर अघ सुनइ सहस दस काना ॥

"એમને પૃથુરાજ માનીને પ્રણામ કરું છું, તે બીજાના પાપને દસ હજાર કાનથી સાંભળે છે. તેમને ઈન્દ્રની પેઠે મદિરાપાન પ્રિય લાગે છે. કઠોર વચનરૂપી વજ્ર સદા ગમે છે. તે બીજાના દોષને હજાર આંખેથી જુએ છે."

उदासीन अरि मीत हित सुनत जरहिं खल रीति ।

"દુષ્ટોની રાત જ એવા હોય છે કે તે ઉગાસીન, શત્રુ કે મિત્ર કોઈનું પણ હિત સાંભળીને બળી જાય છે."

*

## ૬. હનુમાનની પ્રશસ્તિ

ભગવાન રામના પૂર્ણ કૃપાપાત્ર અને પ્રેમી પવનસુત હનુમાનની પ્રશસ્તિ સંતશિરોમણી તુલસીદાસને માટે છેક જ સ્વાભાવિક કહેવાય. સદગુરુએ એમને શૈશવાવસ્થામાં માતાપિતાની છત્રછાયાને ખોયા પછી સુદીર્ઘસમયપર્યંત આશ્રય આપ્યો અને વિદ્યા પ્રદાન કરી. રત્નાવલીએ એક આદર્શ આર્યસન્નારીની અદાથી રામકૃપાપાત્ર બનવાની ને રામમય જીવનને જીવવાની પ્રેરણા પાઈ તો હનુમાનજીએ એ પ્રેરણાને

પરિપૂર્ણપણે સાર્થક કરવાનો સાધનાત્મક રાહ દર્શાવીને એમના જીવનને જ્યોતિર્મય કરવાનું કલ્યાણકાર્ય કર્યું.

પરંપરાગત પ્રાચીન લોકકથા પ્રમાણે અમની ઉપર એક પ્રેતે વૃક્ષના મૂળમાં રોજની પેઠે પાણી નાખતી વખતે પ્રસન્ન થઈને એમની કથામાં વૃદ્ધરૂપે હનુમાનજી પોતે પધારે છે એવું જણાવેલું. એ પ્રેત રામદર્શન કરાવી શકે તેમ નહોતું પરંતુ રામદર્શનનો રસ્તો બતાવવા જેટલું શક્તિશાળી ઠર્યું. એણે આપેલી ઓળખાણને અનુસરીને કથામાં આવેલા એ વૃદ્ધ પુરુષને તુલસીદાસે કથાની પરિસમાપ્તિ સમયે વંદન કર્યાં. એમણે આરંભમાં તો છોડીક આનાકાની કરી પરંતુ પાછળથી પ્રાર્થતા હનુમાનસ્વરૂપે સાક્ષાત્ બનીને ચિત્રકૂટ જઈને રામકૃપા પામવા, રામદર્શન કરીને કૃતાર્થ બનવા માટે આરાધનાને આદરવાની સૂચના આપી. એ સુચનાને અનુસરીને તુલસીદાસે ચિત્રકૂટ પહોંચીને તપ કર્યું ને રામાનુગ્રહ મેળવ્યો.

એવા હનુમાનને તુલસીદાસ કેવી રીતે ભૂલી શકે? રામચરિતમાનસમાં એમની પ્રશસ્તિ કરીને તથા જીવનલીલાને વર્ણવીને એમને સંપૂર્ણ સંતોષ સાંપડ્યો છે એ તો સાચું જ પરંતુ એમણે એમને હનુમાનચાલીસા રચીને અલગ રીતે અંજલિ આપી છે. એમની એ રચના સુપ્રસિદ્ધ છે.

*

## ૭. રચનાની વિશિષ્ટતા

રામચરિતમાનસની રસમય રચના રામચરણકમલાનુરાગી સ્વનામધન્ય તુલસીદાસે પોતાના જીવનના ઉત્તરકાળમાં કરી. એંસી વરસની વયમર્યાદા વટાવ્યા પછી. એ દરમિયાન દુનિયાના અનેકવિધ શુભાશુભ, અનુકૂળ-પ્રતિકૂળ, વિરોધાભાસી અવુભવો કર્યા. ગૃહત્યાગના સીમાચિન્હસરખા સંક્રાતિસમય પછી ચિત્રકૂટ જેવા એકાંત પવિત્ર પર્વતપ્રદેશમાં વસીને, સર્વસંગપરિત્યાગી બનીને, રામદર્શન માટે કઠોર સાધના કરી. રામના અસાધારણ અલૌકિક અનુગ્રહને અનુભવવા આધ્યાત્મિક અનુશાસન અથવા અભ્યાસક્રમનો અનવરત રીતે આધાર લીધો. વિવેકસ વિરતિ, શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને તપઃપૂત આરાધના આદરી. મંથન પછી માખણ મળે તથા તીખા તાપ પછી વરસાદ વરસે એમ એમને રામકૃપાની સનાતન સુધા સાંપડી. તપશ્ચર્યા સફળ બનતાં કૃતકૃત્યતાનો અભિલષિત વરસાદ વરસ્યો. જીવન શાંત, મુક્ત, ધન્ય બન્યું. રામદર્શનથી કૃતાર્થ થયું. એ પછીથી સુદીર્ઘ સમયે રામચરિતમાનસની રચના થઈ. રામચરિતમાનસ પાછળ એકલી વિદ્વત્તા, એકલું શાસ્ત્રાધ્યયન, પરિશીલન, દેહદમન નથી. કવિની કેવળ કલ્પનાકળા કે નૈસર્ગિક જન્મજાત પ્રતિભા પણ કામ નથી કરતી. અસામાન્ય શૈલી કે નિરૂપણશક્તિ પણ નથી સમાઈ. એની પાછળ તો સાધના છે. તત્ત્વવિચાર નથી કિન્તુ તત્ત્વદર્શન છે. પરમાત્માનો અસીમ અનુગ્રહ એટલે રામચરિતમાનસમાં આટલી શક્તિ છે. અખૂટ પ્રેરણા છે. શાંતિની સામગ્રી છે. પ્રતીતિ છે. કેવળ કવિતા નથી, આરાધના છે. જીવનસાધના અને એની સિદ્ધિની રૂપરેખા કે છાયા છે. કવિ કેવળ શબ્દોનો શિલ્પી, કલ્પનાનો કળાકાર નહીં પરંતુ તત્ત્વદર્શી બને છે, અને કવિતા નથી રચતો પરંતુ એની દ્વારા કવિતા રચાઈ જાય છે, ત્યારે એની અંદરથી કેવી કળાત્મકતા અને સંજીવનીશક્તિ પ્રાદુર્ભાવ પામે છે તેની કલ્પનાત્મક પ્રતીતિ કરવી હોય તો રામચરિતમાનસ પરથી કરી શકાશે. તુલસીદાસે એ કૃતિ દ્વારા વરસોથી મૂંગે મોંઢે અથવા અજ્ઞાત રીતે અસંખ્ય આત્માઓને અનુપ્રાણિત કર્યા છે. પ્રકાશ પહોંચાડ્યો છે, શાંતિ બક્ષી છે, પથપ્રદર્શન કર્યું છે.

રાજપુરુષો, કથાકારો, કેળવણીકારો, પ્રખર પ્રવક્તાઓ અને સાહિત્યસ્વામીઓ જે નથી કરી શક્યા તે એક રામચરિતમાનસની રચના કરીને કર્યું છે. એ શું દર્શાવે છે? એ જ કે માનવે પોતાની જાતનું નવનિર્માણ કરવાની, પોતાને પ્રભુમય બનાવવાની, શક્તિ પેદા કરવાની આવશ્યકતા છે. એ પછી એની એક જ કૃતિ, રચના કે ઉક્તિ અન્યને માટે કલ્યાણકારક બનશે. એની સંકલ્પશક્તિ, પ્રવૃતિ કે ઉપસ્થિતિ શ્રેયસ્કર ઠરશે.

પુષ્પ પોતે પરિમલથી પરિપ્લાવિત બને એટલે પરિમલ આપોઆપ પ્રસરશે. દીપક પ્રકાશિત થાય એટલે પ્રકાશ આપોઆપ ફેલાશે. સરિતા સલીલવંતી બનશે એટલે અન્યને સલિલ ધરશે. બીજાને કાંઈક ચિરસ્થાયી, અમર, આવશ્યક, આશીર્વાદરૂપ આપી જવા માટે એની પૂર્વતૈયારીરૂપે, માનવે તપવું, સહવું, પરમાત્માપરાયણ બનવું પડશે, સ્વયં જ્યાતિર્મય થવું પડશે.

રામચરિતમાનસ અને એના રચયિતા કવિવરનો એ શાંત છતાં શાશ્વત સંદેશ છે.

કેટલાંક વિદ્વાનો કે વિચારકો શ્રીમદ ભાગવતને મહર્ષિ વ્યાસ દ્વારા સમાધિદશામાં રચાયેલો ગ્રંથ માને છે. એની દ્વારા શું અભિપ્રેત છે એ તો એ જ જાણે, પરંતુ એના અનુસંધાનમાં બીજી રીતે આપણે કહી શકીએ કે રામચરિતમાનસ રામના પરમકૃપાપાત્ર, રામપ્રેમપરિપ્લાવિત પ્રાણવાળા ભક્તકવિનો ભાવગ્રંથ છે. એની રચના પરમાત્મપ્રેમના પ્રેરક પરિબળની મદદથી પ્રેમની પરિભાષામાં થયેલી છે. એને સંપૂર્ણપણે સમજવા અથવા એનો આસ્વાદ અનુભવવા પરમાત્માના પ્રેમ અને વિશ્વાસથી સમલંકૃત થવાની આવશ્યકતા છે.

રામચરિતમાનસનાં ઠેરઠેર પારાયણો થાય છે, નવાહ્નનો ચાલે છે, પ્રવચનો યોજાય છે, પૂજન કરાય છે, એની શોભાયાત્રા નીકળે છે. આરતી ઉતરે છે. એવી રીતે એ મહાન લોકોપયોગી કલ્યાણકારક ગ્રંથરત્ન તરફ સામાન્ય જનસમાજનું ધ્યાન આકર્ષાય છે એ સારું છે પરંતુ એટલું પર્યાપ્ત નથી. રામચરિતમાનસ કેવળ પારાયણગ્રંથ, પૂજાગ્રંથ કે પ્રવચનગ્રંથ નથી. એનુ પૂજન ગમે તેવા પૂજ્યભાવે કરાતું હોય તોપણ પર્યાપ્ત નથી. એની શોભાયાત્રા, કથા કે પધરામણીથી પરિતૃપ્તિ નથી પામવાની. એ તો જીવનગ્રંથ છે. રટવાનો નહિ, જીવવાનો ગ્રંથ છે. એની ચોપાઈઓને અને એના દોહાઓને કંઠસ્થ કરીને કે ગાઈને ઈતિકર્તવ્યતા માનીને બેસી નથી રહેવાનું, એમાંથી પ્રેરણા મેળવીને એને જીવવા અથવા આત્મસાત કરવા તૈયાર થવાનું, સર્વ કાંઈ કરી છૂટવાનું છે. ત્યારે જ એ જીવનઉપયોગી બનશે ને જીવનમાં પવિત્ર પરિવર્તન પેદા થશે. સમાજમાં રામચરિતમાનસ આટલું બધું વંચાય કે વિચારાય છે તોપણ જરૂરી જીવનપરિવર્તન થાય છે ખરું? પોતાના અને અન્યના ઉત્કર્ષમાં માનનારે એ પશ્ન ખાસ પૂછવા જેવો છે. ગ્રંથો કેવળ પ્રશસ્તિ, પારાયણ, પ્રવચન કે પૂજાનાં સાધન બનવાને બદલે આચારનાં માધ્યમ બનવા જોઈએ.

રામચરિતમાનસ જેવા મહામૂલ્યવાન ગ્રંથરત્નની રચના એવા જ હેતુથી કરવામાં આવી છે.

*

## ૮. પરંપરાગત પ્રવાહ

રામચરિતમાનસનો પુણ્યપ્રવાહ ભક્તકવિ તુલસીદાસથી પ્રાદુર્ભાવ પામ્યો એવું કવિ પોતે કહેતા નથી. કવિનું મંતવ્ય કંઈક અંશે એવું છે કે રામકથા અનાદિ છે. અથિશય પ્રાચીન છે. પરંપરાથી ચાલી આવે છે. રામજન્મ પણ પ્રત્યેક યુગમાં થયા કરે છે. રામલીલાનો પણ અંત નથી. પ્રત્યેક યુગમાં એનો

અભિનય પોતાની વિશિષ્ટ રીતે થયા કરે છે. રામકથાની પરંપરા પોતાના સુધી કેવી રીતે પહોંચી તે દર્શાવતા સંતશિરોમણી તુલસીદાસે ગાયું છેઃ

जागबलिक जो कथा सुहाई । भरद्वाज मुनिबरहि सुनाई ॥
कहिहउँ सोइ संबाद बखानी । सुनहुँ सकल सज्जन सुखु मानी ॥

"જે કથા મહર્ષિ યાજ્ઞવલ્ક્યે મુનિવર ભારદ્વાજને સંભળાવેલી તે કથા હું સંવાદ સાથે વર્ણવું છું. સૌ સજ્જનો તેને સુખપૂર્વક સાંભળો."

संभु कीन्ह यह चरित सुहावा । बहुरि कृपा करि उमहि सुनावा ॥
सोइ सिव कागभुसुंडिहि दीन्हा । राम भगत अधिकारी चीन्हा ॥

"શંકર ભગવાને આ સુંદર રામચરિત્ર રચીને કૃપા કરીને ઉમાને સંભળાવ્યું. તે જ ચરિત્ર શંકરે કાકભુશુંડિને પરમ રામભક્ત અને અધિકારી જાણીને પ્રદાન કર્યું."

तेहि सन जागबलिक पुनि पावा । तिन्ह पुनि भरद्वाज प्रति गावा ॥
ते श्रोता बकता समसीला । सवँदरसी जानहिं हरिलीला ॥

"કાકભુશુંડિ દ્વારા એ ચરિત્ર યાજ્ઞવલ્ક્ય મુનિને મળ્યું. એમણે ભારદ્વાજને સંભળાવ્યું. એ શ્રોતાવક્તા સમાન શીલવાળા, સમદર્શી તથા પ્રભુની લીલાને જાણનારા હતા."

जानहिं तीनि काल निज ग्याना । करतल गत आमलक समाना ॥
औरउ जे हरिभगत सुजाना । कहहिं सुनहिं समुझहिं बिधि नाना ॥

"પોતાના જ્ઞાનથી તે ત્રણે કાળને હાથમાં રાખેલા આમળાની જેમ જાણી શકતા. બીજા પણ વિદ્વાન હરિભક્તો એ કથાને અનેક રીતે કહે છે, સાંભળે છે અને સમજે છે."

એ કથાની પ્રાપ્તિ પોતાને કેવી રીતે થઈ એના રહસ્યનું ઉદઘાટન કરતાં કવિ એના અનુસંધાનમાં લખે છેઃ

मै पुनि निज गुर सन सुनी कथा सो सूकरखेत ।
समुझी नहि तसि बालपन तब अति रहेउँ अचेत ॥

"એ કથાને મેં મારા ગુરુ પાસેથી વારાહક્ષેત્રમાં સાંભળેલી. એ વખતે મારી બાલ્યાવસ્થા હોવાથી હું તેને સારી પેઠે સમજી ના શક્યો."

तदपि कही गुर बारहिं बारा । समुझि परी कछु मति अनुसारा ॥
भाषाबद्ध करबि मैं सोई । मोरें मन प्रबोध जेहिं होई ॥

"તોપણ ગુરુએ તે કથાને વારંવાર કહી ત્યારે મારી બુદ્ધિના મર્યાદામાં રહીને હું એને થોડીક સમજી શક્યો. એ જ કથાને હવે હું ભાષાબદ્ધ કરી રહ્યો છું જેથી મારા મનમાં પ્રબોધ પેદા થાય."

કવિ આગળ કહે છે કે -

निज संदेह मोह भ्रम हरनी । करउँ कथा भव सरिता तरनी ॥
बुध बिश्राम सकल जन रंजनि । रामकथा कलि कलुष बिभंजनि ॥

"એ કથા વ્યક્તિગત સંદેહ, મોહ, ભ્રમને દુર કરનારી અને સંસારસરિતાને તરવા માટે નૌકારૂપ છે. વિદ્વાનોને આરામ આપનારી, સૌનું રંજન કરનારી અને કલિકાળનાં પાપો કે દોષોનો નાશ કરનારી છે."

એ બધાં અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે કથાનું આધુનીકરણ કવિનું છે. ભાષા, શૈલી, નિરુપણ એમનું છે. ચરિત્ર પુરાતન છે. પ્રસંગો મોટે ભાગે પરંપરાગત છે. ક્યાંક ક્યાંક સંશોધન સંવર્ધનવાળા. કવિની કળાની એ દ્વારા કસોટી થઈ છે. એમની કવિતાશક્તિ, સૂઝબૂઝ એરણ પર ચઢી છે. એમાં એ સફળતાસહિત પાર ઉતર્યા છે. એના પરિણામે એમનો રહ્યો સહ્યો સંદેહ, મોહ અને ભ્રમ તો મટ્યો જ હશે; અન્યનો પણ મટ્યો છે, મટે છે અને મટશે. એમને માટે એ સંસારસરિતાની નૌકા બની તેમ અન્ય અનેકને માટે બની છે, બને છે અને બનશે. વિદ્વાનોને માટે વિશ્રામરૂપ, સકળ જનસમાજને આનંદ આપનારી, કલિકાળનાં કિલ્મિષમાંથી મુક્તિ ધરનારી સિદ્ધ થઈ છે, થાય છે અને થશે એમાં સંદેહ નથી.

એની રચનાથી કવિને તો પ્રબોધની પ્રાપ્તિ થઈ જ હશે, પરંતુ એનો લાભ લેનારાને પણ પ્રબોધ સાંપડ્યો હશે, સાંપડ્યો છે અને સાંપડશે.

રામચરિતમાનસ પ્રબોધ પેદા કરવા તથા પરમાત્મપ્રેમ પ્રગટાવવા, પરિપુષ્ટ કરના માટે જ છે.

*

## ૯. નામ મહિમા

રામકથાના પરંપારગત પ્રાચીન પ્રવાહવર્ણન પહેલાં કવિએ કરેલું નામમહિમાનું વર્ણન શ્રવણમંગલસ હૃદયંગમ, સુખદ અને સરસ છે. કવિએ વિવિધ પ્રકારની વંદનાના અનુસંધાનમાં નામની વંદના કરી છે. એમણે એમના આરંભના સાધનાત્મક અભ્યાસકાળ દરમ્યાન રામનામનો જ આધાર લીધેલો. રામનામનો આધાર એમને માટે પરમશ્રેયસ્કર સાબિત થયેલો. એના આધારથી એમને રામકૃપાની અને રામદર્શનની અનુભૂતિ થયેલી. એટલા માટે સ્વાભાવિક રીતે જ નામને માટે એમને સવિશેષ સ્નેહ દેખાય છે. નામમાં શ્રદ્ધાભક્તિ છે. નામની અમોઘતામાં વિશ્વાસ, એ સૌના પ્રતિઘોષ એમણે કરેલા નામમહિમાના વર્ણનમાં પડેલા છે. એ પ્રતિઘોષ આનંદદાયક છે. એ પ્રતીતિપૂર્વક કહે છે કે કરાળ કલિકાળમાં નામ જેવું બીજું કોઈ જ સાધન નથી. એ દ્વારા માનવ આધિવ્યાધિઉપાદઈમાંથી મુક્તિ મેળવે છે, પ્રશાંતિ પામે છે, સર્વ પ્રકારે કૃતકૃત્ય બને છે.

શ્રેયમાર્ગના સર્વ સાધકોને એ નામનો આશ્રય લેવાની ભલામણ કરે છે.

बंदउँ नाम राम रघुवर को । हेतु कृसानु भानु हिमकर को ॥
बिधि हरि हरमय बेद प्रान सो । अगुन अनूपम गुन निधान सो ॥

"રઘુવરના રામનામને હું વંદન કરું છું જે અગ્નિ, સૂર્ય તથા ચંદ્રનું કારણ છે. એ રામનામ બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર છે. વેદ ના પ્રાણરૂપ છે; નિર્ગુણ ઉપમારહિત અને ગુણોના ભંડારસમાન છે."

राम नाम मनिदीप धरु जीह देहरी द्वार ।
तुलसी भीतर बाहेरहुँ जौं चाहसि उजिआर ॥

"જો અંદર અને બહાર અજવાળું જોઈતું હોય તો તુલસીદાસ કહે છે તેમ, મુખરૂપી દ્વારના જીભરૂપી ઉમરા પર રામનામના મણિમય દીપકને ધરી દે."

नाम जीहँ जपि जागहिं जोगी । बिरति बिरंचि प्रपंच बियोगी ॥
ब्रह्मसुखहि अनुभवहिं अनूपा । अकथ अनामय नाम न रूपा ॥

"બ્રહ્માએ રચેલા જગતપ્રપંચથી મુક્ત, વૈરાગી યોગીપુરુષો રામનામને જીભથી જપતા રહીને જાગે છે અને નામરૂપથી રહિત અનુપમ અનિર્વચનીય નિર્દોષ બ્રહ્મસુખને અનુભવે છે."

नामु राम को कलपतरु कलि कल्यान निवासु ।
जो सुमिरत भयो भाँग तें तुलसी तुलसीदासु ॥

"કલિયુગમાં શ્રીરામનું નામ કલ્પવૃક્ષ જેવું તથા કલ્યાણના નિવાસસ્થાન સમું છે. એના સ્મરણથી ભાંગ જેવો સામાન્ય તુલસીદાસ તુલસી જેવો પવિત્ર અને અસામાન્ય થયો છે."

નામમહિમાના વિસ્તૃત વિશદ વર્ણનમાં વ્યક્ત કરાયેલા કવિના વિચારો તથા ભાવો ખૂબ જ મૌલિક, સ્વાનુભવસભરપૂર અને મનનીય છે. એ વિચારો સૌ કોઈને માટે પ્રેરક ઠરશે. કલ્યાણકારસ બનશે.

*

## ૧૦. વાનરો વિશે

નામવિષયક વિચારોના અનુસંધાનમાં આગળ એક બીજો પણ દોહો દેખાય છે.

"પ્રભુ રામ વૃક્ષની નીચે રહેતા હતા અને વાનરો વૃક્ષની ડાળ પર. વાનરોની એવી અસભ્યતા હતી. તોપણ રામે એમને પોતાના જેવા બનાવી દીધા. તેથી તુલસીદાસ કહે છે કે રામસમાન શીલનિધાન સ્વામી બીજા કોઈયે નથી."

प्रभु तरु तर कपि डार पर ते किए आपु समान ॥
तुलसी कहूँ न राम से साहिब सीलनिधान ॥

એ દોહા પરથી અને રામચરિતમાનસમાં આવેલા એવા કેટલાક બીજા ભાવો પરથી કેટલાકને પ્રશ્ન થાય છે કે વાનરો ખરેખર વૃક્ષો પર વસનારા મનુષ્યેતર પ્રાણી હતા? ચિત્રકારોએ પણ એમને એવા ચિતર્યા છે. એ શુ સાચેસાચ અસભ્ય હતા?

એ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં આપણે કહીશું કે ના.

વાસ્તવિકતાને વફાદાર રહીને કહેવું હોય તો કહી શકાય ને શંકારહિત શબ્દોમાં કહી શકાય કે વાનરો માનવો જ હતા. રામાયણકાળમાં દક્ષિણ ભારતમાં માનવોની વાનરનામની વિશેષ જાતિ હતી. આજે નાગાલેન્ડમાં નાગજાતિ છે તેમ. વાનરો મનુષ્યેતર નહોતા, માનવો જ હતા. ચિત્રકારોએ અને કથાકારોએ એમને અન્યથા ચિતર્યા કે રજૂ કર્યા હોય તો તે બરાબર નથી. એમનામાં વાલિ, હનુમાન, સુગ્રીવ, અંગદ જેવા વીર યોદ્ધાઓ તથા વિદ્વાનો હતા. એમની આગવી સભ્યતા હતી. એમની વિદ્યા, સંપત્તિ, કળા સઘળું સુવિકસિત કે શકવર્તી હતું. વાલ્મીકિ રામાયણમાં એના પર સવિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે એટલે એ સિવાયની બીજી નિરાધાર ભ્રાંત માન્યતાને તિલાંજલિ આપવી જોઈએ.

*

## ૧૧. અતિ વિસ્તાર

રામચરિતમાનસની મૂળ કથા - રામકથાને આરંભાતા વાર લાગે છે. વંદના, નામમહિમા, રામચરિતમાનસનો વિસ્તારપૂર્વક પરિચય, રામજન્મની પૂર્વભૂમિકા અને એવાં એવાં વર્ણનો ઘણી જગ્યા

રોકી લે છે. એ વર્ણનો મૂળ વિષયથી કેટલીકવાર તદ્દન જુદાં, અસંગત અને વધારેપડતાં વિસ્તારવાળા લાગે છે. એવા વર્ણનો અબાધિત રીતે પૃષ્ઠોનાં પૃષ્ઠો સુધી ચાલે છે. વાચકની કસોટી કરે છે. કવિ એવા મૂળ વિષય સાથે સુસંગત ના કહી શકાય એવા વધારે પડતા વિસ્તારને ટાળી શક્યા હોત. કિન્તુ કોઈ કારણે ટાળી શક્યા નથી એ હકિકત છે.

એટલે રામચરિતમાનસનો રસાસ્વાદ લેનારને અવારનવાર થાય છે કે કવિ હવે બીજી આડીઅવળી વાતોને મૂકીને સીધા જ રામજન્મની વાત પર આવી જાય અને આગળની કથાને કહેવા માંડે તો સારું. મને પોતાને પણ વારંવાર કહેવાનું મન થતું કે, 'તુલસીજી, કથા કરોને! આવા વર્ણનોની પાછળ વખત વિતાવવાની આવશ્યકતા નથી.' પરંતુ તુલસીદાસને ધાર્યા કરતાં વધારે નિરાંત લાગે છે. એમને કથા કરવાની ઈચ્છા વધારે છે એટલે નવીનવી પૌરાણિક વાતો અને પેટાવાતોને વર્ણવતા જાય છે. એવી રીતે કથાનો વિસ્તાર વધતો જ જાય છે. રામચરિતમાનસના બાલકાંડનું કદ એવી કથાઓ અને ઉપકથાઓને લીધે વધ્યું છે. એને મૂળ રામકથાને વફાદાર રહીને, એની ગુણવત્તાને હાનિ પહોંચાડ્યા સિવાય ટૂંકાવી શકાયું હોત. એથી કવિતાકૃતિની શોભા વધત.

*

## ૧૨. પાર્વતીનું પાત્ર

રામચરિતમાનસમાં માતા પાર્વતીના મહાન પ્રાણવાન પાત્રને જે રીતે રજૂ કરાયું છે તે રીત અનોખી અને કરુણ છે.

પાર્વતી તથા શંકરને શ્રદ્ધા વિશ્વાસરૂપ માનીને કવિ આરંભમાં વંદન કરે છે. પાર્વતી જગદંબાસ્વરૂપ છે. રામને વનમાં વિલોકીને અને શંકરને એમની સ્તુતિ કરતા જોઈને પાર્વતીને સંદેહ થાય છે. સીતાના હરણ પછી રામ વિરહથી વ્યથિત થઈને સીતાને શોધવા નીકળે છે ત્યારે શિવપાર્વતીને માર્ગમાં એમનો મેળાપ થાય છે. ત્યારે શિવ દ્વારા રામની ભગવાનરૂપે કરાયેલી સ્તુતિનો મર્મ પાર્વતી સમજી શકતાં નથી. શંકરની સૂચનાનુસાર તે રામની પરીક્ષા કરવા તૈયાર થઈને સીતાના સ્વરૂપને ધારણ કરે છે. પરંતુ રામની પાસે પહોંચ્યા પછી રામ એમને તરત જ ઓળખી કાઢે છે ને પૂછે છે કે વનમાં આમ એકલા કેમ ફરો છો ? શંકર ક્યાં છે ? એ સાંભળીને પાર્વતી સ્ત્રીસહજ સંકોચ તથા લજ્જા પામે છે. એ એકાંત અરણ્યમાંથી રામની પાસેથી પાછા ફરે છે ત્યારે શંકરના પૂછવા છતાં પણ પોતાના કપટવેશની - રામચરિતમાનસના શબ્દપ્રયોગ પ્રમાણે - અને બીજી કથાને કહેતા નથી. એવું કહીને કવિએ માતા પાર્વતીના પાત્રને પ્રમાણમાં અતિસામાન્ય સ્તર પર લાવી મૂક્યું છે, અને અસત્યભાષણ કરતું બતાવ્યું છે. ભગવાન શંકર પણ, પોતાની આજ્ઞા અથવા અનુમતિથી પાર્વતીએ રામની કસોટી કરી હોવાં છતાં, એના પ્રત્યે પૂર્વની પેઠે પ્રેમ પ્રદર્શાવતા નથી. એ પણ ભગવાન આશુતોષ શંકરની પેઠે સહૃદયતાથી તથી ઉદારતાથી વર્તવાને બદલે એને અપરાધિની તરીકે અવલોકે છે. પરિણામે પાર્વતીને પોતાનું જીવન અકારું લાગે છે.

એ પછી દક્ષ પ્રજાપતિના યજ્ઞના અને એમાં પાર્વતીએ કરેલા દેહત્યાગની કથા આરંભાય છે. પાર્વતીની પેલી પરીક્ષાકથા શ્રોતઓને કે વાચકોને કદાચ આનંદ આપતી હશે પરંતુ પ્રસન્નતાપ્રેરક, આદર્શ, અભિનંદનીય નથી લાગતી. પ્રતીતિકારક પણ નથી પૂરવાર થતી. ભક્તકવિ તુલસીદાસે રામના દિવ્ય

મહિમાને દર્શાવવા અથવા રામની મહાનતાની ઝાંખી કરાવવા એ પ્રસંગ યોજ્યો હોય તોપણ, એમ કરતાં શંકર તથા પાર્વતી બંનેના પાત્રોને સાવ સામાન્ય બનાવી દીધા. અતિસામાન્ય સ્તર પર પહોંચાડી દીધાં છે. રામનું ગૌરવ વધારવા જતાં જાણ્યે-અજાણ્યે શંકર પાર્વતીના ગૌરવને ઘટાડ્યું છે. એમના લોકોત્તર વ્યક્તિત્વને અકારણ અસાધારણ અન્યાય કર્યો છે. એકને વિરાટ તરીકે વર્ણવતી વખતે બીજાં બે વિરાટને વામન રૂપે અંકિત કર્યા છે. શંકર પાર્વતીના પ્રેમી કે પ્રશંસકોને એવું ચિત્રણ ભાગ્યે જ ગમશે.

સંસારના સામાન્ય સુવિચારશીલ સુવિશાળ હૃદયના માનવો પણ પોતાની પત્ની કોઈક ભૂલ કરી બેસે તો વિશાળ હૃદયે ક્ષમા કરે છે. તો આ તો ભગવાન શંકર. એમનો પાર્વતી પ્રત્યેનો વ્યવહાર ઉત્તમ કે પ્રશસ્ય નથી લાગતો. પારવતીને પણ રામની પરીક્ષા કરવા માટે સીતાનો કપટવેશ લેતી બતાવવામાં પાર્વતીનું પરંપરાગત સમાજસુપ્રસિદ્ધ ગૌરવ નથી સચવાતું. એ જગજ્જનની એક અતિસામાન્ય શંકાશીલ સ્વભાવની ભ્રાંતિવશ સ્ત્રી હોઈ શકે એવું માનવા માટે મન તૈયાર થતું નથી.

*

## ૧૩. દેવર્ષિ નારદની વાત

જે શિવપાર્વતીના સંબધમાં તે જ વાત પપરમાત્માના પરમકૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય ભક્તશિરામણી દેવર્ષિ નારદના સંબધમાં.

રામચરિતમાનસમાં બાલકાંડના આરંભમાં કહેવાયેલી દેવર્ષિ નારદની કામજયની અને એના અનુસંધાનમાં આલેખાયેલી માયાના મોહની કથા એકંદરે રોચક તથા બોધક છે. કથાનું પ્રયોજન દેખીતી રીતે જ અહંકારમુક્તિનું અને મોહનિવૃતિનું છે.

એ કથા રામજન્મના કારણને દર્શાવવા માટે કહેવાઈ છે. દેવર્ષિ નારદે ભગવાનને આપેલા શાપને લીધે એક કલ્પમાં એમનો અવતાર થયેલો. એ હકિકતની પુષ્ટિને માટે આખીય કથા અંકિત કરવામાં આવી છે.

हिमगिरि गुहा एक अति पावनि । बह समीप सुरसरी सुहावनि ॥
आश्रम परम पुनीत सुहावा । देखि देवरिषि मन अति भावा ॥

"હિમાલય પર્વતની પવિત્ર ગુફા પાસે સુંદર ગંગા વહેતાં, દેવર્ષિ નારદને એ પરમ પવિત્ર આશ્રમ ખૂબ જ પસંદ પડ્યો."

निरखि सैल सरि बिपिन बिभागा । भयउ रमापति पद अनुरागा ॥
सुमिरत हरिहि श्राप गति बाधी । सहज बिमल मन लागि समाधी ॥

"પર્વત, નદી, વનના વિભાગોને વિલોકીને એમના મનમાં ભગવાન વિષ્ણુનાં ચરણનો અનુરાગ થયો. શ્રીહરિનું સ્મરણ થતાં એક સ્થળે સ્થિર થઈને નહીં રહેવાનો દક્ષનો શાપ મિથ્યા થયો. મન સહજ રીતે જ નિર્મળ થતાં સમાધિ થઈ."

પરંતુ -

मुनि गति देखि सुरेस डेराना । कामहि बोलि कीन्ह समाना ॥

"દેવર્ષિ નારદની અલૌકિક અવસ્થા જોઈને ઈન્દ્રને ભય લાગ્યો. એણે કામદેવને બોલાવીને, સન્માનીને એમની સમાધિમાં ભંગ પડાવવા જણાવ્યું."

કામદેવે ત્યાં પહોંચીને પોતાનો પરિપૂર્ણ પ્રભાવ પાથર્યો તોપણ કશું ના ચાલ્યું.

**काम कला कछु मुनिहि न ब्यापी । निज भयँ डरेउ मनोभव पापी ॥**

"કામની કોઈપણ કળા મુનિવરને ના વ્યાપી."

દેવર્ષિ પર પ્રભુની પૂર્ણ કૃપા હતી. જેના પર પ્રભુની કૃપા હોય છે તે શોક મોહ, કામ ક્રોધ ભયાદિમાંથી મુક્તિ મેળવે છે. દેવર્ષિ નારદના સંબંધમાં એ વિધાન સાચું ઠર્યું.

કામદેવે મુનિવરનાં શ્રીચરણે મસ્તક નમાવી વિદાય લીધી. ઈન્દ્રની પાસે પહોંચીને એણે એમના સહજ સંયમની પ્રશંસા કરી.

દેવર્ષિ નારદે એ વાત શિવને કહી. એમને કામને જીતવાનો અહંકાર થયેલો.

ભગવાન શંકરે તે વાત શ્રી હરિને ના કહેવાની સૂચના આપી. પરંતુ એ સુચનાનો અનાદર કરીને નારદે શ્રીહરિની પાસે પહોંચીને કામના વિજયની કથા કહી સંભળાવી.

ભગવાને એમને બોધપાઠ શીખવીને અહંકારરહિત કરવાનો વિચાર કર્યો. એમણે એમની માયાને પ્રેરણા કરી. એ માયાએ માર્ગમાં સો યાજનના વિસ્તારવાળું નગર રચ્યું. એની રચના વૈકુંઠથી પણ વિશિષ્ટ હતી.

**बिरचेउ मग महुँ नगर तेहिं सत जोजन बिस्तार ।**
**श्रीनिवासपुर तें अधिक रचना बिबिध प्रकार ॥**

રામચરિતમાનસમાં વર્ણવ્યા પ્રમાણે એ નગરમાં શીલનિધિ નામે રાજા હતો. એની વિશ્વમોહિની નામે કન્યા. તે કન્યા પ્રભુની જ માયા હતી.

તેના સ્વયંવરમાં અસંખ્ય રાજાઓ એકઠા થયેલા.

દેવર્ષિ નારદ સ્વયંવરના સમાચાર સાંભળીને રાજા પાસે પહોંચ્યા.

**देखि रूप मुनि बिरति बिसारी । बड़ी बार लगि रहे निहारी ॥**

રાજાએ દેવર્ષિને રાજકુમારી પાસે પહોંચાડીને એના ગુણદોષ જણાવવાની પ્રાર્થના કરી. પરંતુ રાજકુમારીના રૂપને નિહાળીને દેવર્ષિ વૈરાગ્યને વિસરી ગયા અને એને થોડાક સમય સુધી જોઈ રહ્યા.

દેવર્ષિ નારદે એને વરવા માટે સમુચિત સુંદરતાથી સંપન્ન થવાનો સંકલ્પ કર્યો.

ભગવાનને મળીને એમણે એમના અસાધારણ સૌદર્યને પ્રદાન કરવાની ને સ્વયંવર માટે સહાયભૂત બનવાની પ્રાર્થના કરી. ભગવાને જે ભક્તના પરમહિતમાં હશે તે કરવાની બાંયધરી આપી. એમને અતિશય કુરૂપ કર્યા.

રાજકુમારીના સ્વયંવરમાં પુનઃ પધારેલા દેવર્ષિના સ્વરૂપના મર્મને ત્યાં બેઠેલા ભગવાન શંકરના બે ગણોએ જાણી લીધો. એ ગણો એમને અવલોકીને વિનોદ કરવા લાગ્યા.

રાજકુમારીએ રાજાના રૂપે આવેલા ભગવાનને વરમાળા પહેરાવી તે જોઈને દેવર્ષિ દુઃખી થયા. શિવગણોની સુચના પ્રમાણે એમણે જળાશયમાં જઈને પોતાના વદનને વિલોક્યું તો વાનર જેવું રૂપ જોઈને એ ક્રોધે ભરાયા. એમણે એ બંને ગણોને રાક્ષસ થવા માટે શાપ આપ્યો. ભગવાનને પણ જણાવ્યું કે તમે મને

વાનર જેવું રૂપ આપ્યું તેથી વાનરો તમને સહાય કરશે. મને સ્ત્રીનો વિયોગ કરાવ્યો તેથી તમે પણ સ્ત્રીના વિયોગની વેદનાને ભોગવશો.

હરિની માયા મટી જતાં ત્યાં રાજકુમારી કે કશું રહ્યું નહીં. દેવર્ષિએ શ્રી હરિને પ્રણમીને પશ્ચાતાપ કર્યો ત્યારે એમણે શંકરના સો નામોનો જાપ કરવાનો આદેશ આપ્યો.

શિવના પેલા ગણોને પણ એમણે ક્ષમાપ્રાર્થના કરી ત્યારે જણાવ્યું કે તમે બંને રાક્ષસ થઈને અનંત બળ વૈભવ તથા તેજની પ્રાપ્તિ કરશો. યુદ્ધમાં શ્રીહરિના હાથે મૃત્યુ પામશો ત્યારે મુક્તિ મેળવશો. તે વખતે શ્રીહરિએ મનુષ્યશરીર ધાર્યું હશે.

એ પ્રસંગ પછી દેવર્ષિ નારદ સર્વ પ્રકારની વાસનાઓમાંથી મુક્તિ મેળવીને ભગવાનનું સુખદ પ્રશાંતિપ્રેરક સ્મરણ કરતા આગળ વધ્યા.

રામચરિતમાનસના બાલકાંડના આરંભમાં આલેખાયેલો એ પ્રસંગ સામાન્ય રીતે રોચક તથા પ્રેરક હોવા છતાં મૂળ રામકથાની સાથે સુસંગત નથી લાગતો. એ પ્રસંગ રામકથાને માટે અનિવાર્ય નથી. એ પ્રસંગમાં થયેલું દેવર્ષિ નારદનું પાત્રાલેખન આનંદપ્રદાયક નથી. દેવર્ષિ નારદ પરમાત્માના પરમ કૃપાપાત્ર હતા. એમને માયાવશ બતાવવા માટે જે ઘટનાચક્રને રજૂ કરવામાં આવ્યું છે તે એમના ગૌરવને વધારનારું નથી. માયાનો પ્રભાવ અતિશય બળવાન છે તે દર્શાવવાને માટે એમને બદલે કોઈક બીજા અપરિચિત અથવા અલ્પ પરિચિત પાત્રનું આલેખન કરી શકાયું હોત. એમની ઈચ્છા -જો હોત તો - કેવળ લગ્ન કરવાની હતી. એને અનુચિત અથવા અધર્મ્ય ના કહી શકાય. એટલા માટે જ શ્રીહરિએ એમને જે અનુભવ કરાવ્યો ને મર્કટમુખ આપ્યું એ શ્રીહરિને માટે પણ શોભાસ્પદ કહેવાય કે કેમ તે પ્રશ્ન છે. એ પ્રશ્નને બાજુએ મુકીએ તોપણ, એટલું તો અવશ્ય કહી શકાય કે દેવર્ષિ નારદ જેવા આપ્તકામ આત્મતૃપ્ત પૂર્ણ મુક્ત પરમાત્મપરાયણ પુરુષને આવી રીતે અંકિત કરવાનું યોગ્ય નથી. દેવર્ષિ નારદના નામે સમાજમાં જે અનેક સાચીખોટી વાતો વહેતી થઈ છે એમાં એકની અભિવૃદ્ધિ કરવાની આવશ્યકતા નહોતી. આપણાં નખશીખ નિર્મળ અતિશય ગૌરવવંતા પરમાદરણીય પૂજ્ય પુરુષપાત્રોને એવાં જ રાખવા જોઈએ. એથી આપણી સંસ્કૃતિની અને એના પ્રાચીન અર્વાચીન જ્યોતિર્ધરોના સાચી સેવા કરી શકાષે.

શિવપાર્વતીના, દેવર્ષિ નારદના અને પ્રતાપભાનુ રાજાના પ્રસંગોનો અનુવાદ મેં નથી કર્યો. મૂળ કથામાં એ પ્રસંગો વિના કશી જ ક્ષતિ નથી પહોંચતી માચે.

એ સઘળા પેટાપ્રસંગોને લીધે રામકથાના મુખ્ય પ્રવાહનો પ્રારંભ ધાર્યા કરતાં ઘણો મોડો થાય છે. રામચરિતમાનસના રસિક વાચક કે શ્રોતાને રામકથાના વાસ્તવિક પ્રવાહરસમાં સ્નાન કરવા માટે ખૂબ જ વિલંબ થાય છે અને ધીરજપૂર્વકની પ્રતિક્ષા કરવા પડે છે. એ પ્રસંગોને લીધે ગ્રંથનો વિસ્તાર અનાવશ્યક રીતે વધ્યો છે.

*

## ૧૪. વિવાહ વખતનું વર્ણન

શિવપાર્વતીના વિવાહના વર્ણનમાં નાચેની પંક્તિઓ ખાસ ધ્યાન ખેંચે છેઃ

**बिबिधि पाँति बैठी जेवनारा । लागे परुसन निपुन सुआरा ॥**

नारिबृंद सुर जेवँत जानी । लगीं देन गारीं मृदु बानी ॥
गारीं मधुर स्वर देहिं सुंदरि बिंग्य बचन सुनावहीं ।
भोजनु करहिं सुर अति बिलंबु बिनोदु सुनि सचु पावहीं ॥

"જમનારાની વિવિધ પંગતો બેઠી. ચતુર રસોઈયા પીરસવા લાગ્યા. સ્ત્રીઓના ટોળાં દેવોને જમતાં જાણીને કોમળ વાણીથી ગાળો દેવા લાગ્યાં અથવા ફટાણાં ગાવા લાગ્યાં"

"સ્ત્રીઓ સિમધુર સ્વરે ગાળો દેવા લાગી તથા વ્યંગ્ય વચનો સંભળાવવા માંડી. એ વિનોદને સાંભળીને દેવતાઓ સુખ પામે છે, ભોજન કરે છે અને એમાં ઘણો વિલંબ થાય છે."

એ ચોપાઈઓ કેવી લાગે છે ? રામચિતમાનસની એ કવિતાપંક્તિઓ શું દર્શાવે છે ? કવિની કવિતામાં એમના જ જમાનાના રીતરિવાજોનું જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પ્રતિબિંબ પડ્યું હોય એવું લાગે છે. શિવપાર્વતીના વિવાહ વખતે પણ સ્ત્રીઓ અત્યારની કેટલીક પછાત સ્ત્રીઓને પેઠે ગાળો દેતી કે ફટાણાં બોલતી હશે ? દેવો તેથી આનંદ અનુભવતાં હશે ? એ પશ્નો વિચારવા જેવા છે. તટસ્થ રીતે વિચારતાં જણાય છે કે એવી પ્રથા કે કુપ્રથા શિવપાર્વતીના સમયમાં પ્રવર્તતી નહિ હોય પરંતુ સંતશિરોમણી તુલસીદાસના વખતમાં વ્યાપેલી હશે. એટલે એમણે એ પ્રકારની કલ્પના કવિતામાં વણી લીધી લાગે છે.

*

## ૧૫. જન્માંતરમાં વિશ્વાસ

ભારતીય સંસ્કૃતિ જન્માંતરમાં માને છે કે વિશ્વાસ ધરાવે છે. વર્તમાન જીવન જ એકમાત્ર આદિ અને અંતિમ જીવન છે એવું એ નથી માનતી. હિમાલયની આકાશને આલિંગનારી ઉત્તુંગ પર્વતપંક્તિને પંખીને કેટલીકવાર એવું લાગે છે કે હવે એની પાછળ કોઈ પર્વત જ નહીં હોય. પરંતુ આગળ વધતાં અન્ય અનેક પર્વતપંક્તિઓને પેખી શકાય છે. પર્વતોનો એ વિસ્તાર અનંત હોય તેવું અનુભવાય. એ જ વાત પ્રકારાંતરે જન્માંતરના વિષયને લાગુ પડે છે. રામચરિતમાનસના બાલકાંડમાં એની પુષ્ટિ કરવામાં આવી છે.

શિવપાર્વતીના, દેવર્ષિ નારદના અને પ્રતાપભાનુના પ્રસંગો એનું સુખદ સમર્થન કરે છે. એમના અનુસંધાનમાં એક બીજો પ્રસંગ પણ જોવા મળે છે. મનુ અને શતરૂપાનો પ્રસંગ. એ પ્રસંગ દ્વારા નિશ્શંક રીતે જણાવવામાં આવ્યું છે કે મનુ અને શતરૂપા જ એમના જન્માંતરમાં મહારાજા દશરથ અને કૌશલ્યા રૂપે જન્મેલાં.

મનુ અને શતરૂપાના પ્રસંગને કવિએ ખૂબ જ સફળતાપૂર્વક, રોચક રીતે રજૂ કર્યો છે.

होइ न बिषय बिराग भवन बसत भा चौथपन ।
हृदयँ बहुत दुख लाग जनम गयउ हरिभगति बिनु ॥

"ઘરમાં રહેતા ઘડપણ આવ્યું તોપણ વિષયો પર વૈરાગ્ય ના થયો ત્યારે મનુને મનમાં અતિશય દુઃખ થયું કે હરિની ભક્તિ સિવાય માનવજન્મ જતો રહ્યો."

बरबस राज सुतहि तब दीन्हा । नारि समेत गवन बन कीन्हा ॥

"પુત્રને પરાણે રાજ્ય સોંપીને એમણે એમની સન્નારી શતરૂપા સાથે વનગમન કર્યું."

द्वादस अच्छर मंत्र पुनि जपहिं सहित अनुराग ।
बासुदेव पद पंकरुह दंपति मन अति लाग ॥

"નૈમિષારણ્યના પવિત્ર તીર્થપ્રદેશમાં રહીને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ દ્વાદશાક્ષર મંત્રનો પ્રેમપૂર્વક જાપ કરતાં ભગવાન વાસુદેવના ચરણકમળમાં તે બંનેનું મન જોડાઈ ગયું."

प्रभु सर्बग्य दास निज जानी । गति अनन्य तापस नृप रानी ॥
मागु मागु बरु भै नभ बानी । परम गभीर कृपामृत सानी ॥

"સર્વજ્ઞ પ્રભુએ અનન્ય ભાવે પોતાના શરણે આવેલાં એ પરમતપસ્વી રાજારાણીને પોતાનાં ભક્ત જાણીને પરમગંભીર કૃપારૂપી અમૃતરસથી છલેલી આકાશવાણી દ્વારા જણાવ્યું કે વરદાન માગો."

મનુ તથા શતરૂપાએ પ્રભુના દિવ્ય દર્શનની માંગણી કરી એટલે પ્રભુએ એમની સમક્ષ પ્રગટ થઈને કોઈક બીજા વરદાનને માગવા માટે આદેશ આપ્યો.

મનુએ અતિશય સંકોચ સાથે પ્રભુના જેવા પુત્રની માંગણી કરી. શતરૂપાને પૂછતાં તેણે તે માગણીનું સમર્થન કર્યું અને આગળ પર કહ્યું કે તમારા પોતાના ભક્તો જે સુખ પામે છે ને જે ગતિને મેળવે છે તે જ સુખ, તે જ ગતિ, તેવી ભક્તિ તમારાં ચારુ ચરણોનો તેવો પ્રેમ,તેવું જ્ઞાન અને તેવી રહેણીકરણી અમને આપો.

મનુએ જણાવ્યું કે મણિ વિના સર્પ અને પાણી વિના માછલી રહી શકતી નથી તેમ મારું જીવન તમારે આધીન રહો. તમારાં ચરણોમાં મારી પ્રીતિ પુત્ર પર પિતાની પ્રીતિ હોય તેવી થાય. ભગવાને એમની માગણીને માન્ય રાખીને જણાવ્યું કે તમારી સઘળી ઈચ્છા પૂરી થશે. હવે તમે દેવરાજ ઈન્દ્રની રાજધાનીમાં જઈને વસો. ત્યાં ભોગવિલાસ કરીને કેટલોક કાળ પસાર કર્યા પછી તમે અયોધ્યાના રાજા થશો ને હું તમારો પુત્ર થઈશ.

तहँ करि भोग बिसाल तात गउँ कछु काल पुनि ।
होइहहु अवध भुआल तब मैं होब तुम्हार सुत ॥
इच्छामय नरबेष सँवारें । होइहउँ प्रगट निकेत तुम्हारे ॥
अंसन्ह सहित देह धरि ताता । करिहउँ चरित भगत सुखदाता ॥

"હું ઈચ્છામય માનવશરીર ધારીને તમારે ત્યાં પ્રાદુર્ભાવ પામીશ. હે તાત, હું મારા અંશ સાથે દેહને ધારીને ભક્તોને સુખ આપનારાં ચરિત્રો કરીશ."

आदिसक्ति जेहिं जग उपजाया । सोउ अवतरिहि मोरि यह माया ॥

"જેણે જગતને ઉત્પન્ન કર્યું છે તે આદિ શક્તિ અથવા મારી માયા પણ મારી સાથે અવતાર ધારણ કરશે." એમ કહીને ભગવાન અંતર્ધાન થયા. એમના જણાવ્યા પ્રમાણે કાળાંતરે મનુ તથા શતરૂપાએ અમરાપુરીમાં વાસ કરીને રાજા દશરથ અને કૌશલ્યારૂપે જન્મ ધારણ કર્યો ત્યારે ભગવાને રામ રૂપે અને એમની માયાએ સીતારૂપે જન્મ લીધો. મનુ અને શતરૂપાની એ કથા રામજન્મના કારણને દર્શાવવા માટે કહેવામાં આવી છે. એ કથા જેમ જન્માંતરનું અથવા પુનર્જન્મનું સમર્થન કરે છે તેમ ભગવાનનાં દર્શનની ભાવનાનું અને ભગવાનના અવતારના આદર્શનું પણ પ્રતિપાદન કરે છે. અવતારની ભાવના રામાયણકાળ જેટલી જૂની છે એનું પ્રતિબિંબ વાલ્મીકિ રામાયણમાં પણ પડેલું જોવા મળે છે.

*

## ૧૬. રામાવતાર

રામચિતમાનસના કલ્યાણકવિએ રામને આરંભથી જ ઈશ્વરના અવતાર તરીકે અંકિત કર્યા છે. રામ ઈશ્વર છે એવી એમની શ્રદ્ધાભક્તિ અનુભૂતિમૂલક સુદ્રઢ માન્યતા છે. બાલકાંડના પ્રારંભમાં જ મંગલાચરણના સારગર્ભિત સરસ શ્લોકમાં એ માન્યતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં એમણે ગાયું છે કે સમગ્ર વિશ્વ, બ્રહ્માદિ દેવો અને અસુરો જેમની માયાને વશ છે, જેમની સત્તાથી સમગ્ર જગત રજ્જુમાં સર્પની ભ્રાંતિની પેઠે સત્ય જણાય છે અને સંસારસાગરને તરવાની ઈચ્છાવાળાને જેમનાં ચરણ એકમાત્ર નૌકારૂપ છે, તે સર્વે કારણોથી પર રામનામના ઈશ્વર શ્રીહરિને હું વંદુ છું.

यन्मायावशवर्तिं विश्वमखिलं ब्रह्मादिदेवासुरा
यत्सत्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ।
यत्पादप्लवमेकमेव हि भवाम्भोधेस्तितीर्षावतां
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥

વાલ્મીકિ રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ આરંભમાં રામને એક અખિલ અવની મંડળના સર્વગુણસંપન્ન સુયોગ્ય પુરુષ તરીકે વર્ણવીને પાછળથી પરમપુરુષ, પરમાત્મા અથવા પુરુષોત્તમરૂપે આલેખ્યા છે. સંતશિરોમણિ તુલસીદાસે રામચિતમાનસમાં રામને બદલે પ્રભુ શબ્દનો પ્રયોગ ખૂબ જ મુક્ત રીતે, છૂટથી કર્યો છે. તે સુંદર શબ્દપ્રયોગ એમની રામ પ્રત્યેની અસાધારણ શ્રદ્ધાભક્તિનો અને સુદ્રઢ માન્યતાનો સૂચક છે. અગત્યની ચિત્તાકર્ષક પરમ ઉલ્લેખનીય વાત તો એ છે કે એ શબ્દપ્રયોગ અવારનવાર થયો હોવા છતાં પણ કવિની કાવ્યરચનામાં ક્યાંય ક્લિષ્ટતા કે કૃત્રિમતા નથી લાગતી. કવિતારચનામાં એ શબ્દપ્રયોગ સહજ રીતે જ ભળી ગયો છે.

રામાયણના મહાત્મયમાં જણાવ્યું છે કે ત્રેતાયુગના પ્રારંભમાં પ્રગટેલા વાલ્મીકિ મુનિએ જ કલિયુગમાં તુલસીદાસ રૂપે અવતાર લીધેલો.

वाल्मीकि मुनि जो भये त्रोतायगके द्वार ।
सो अब इहि कलिकालमैं लिये तुलसी अवतार ॥

તુલસીદાસ વિશેના એ ઉદગારોમાં કશી અતિશયોક્તિ નથી દેખાતી. એ ઉદગારો સંપૂર્ણ સાચા લાગે છે. સંતશિરોમણિ તુલસીદાસ તથા મહામુનિ વાલ્મીકિ ઉભય ઈશ્વરદર્શી ઋષિ છે અને રામને ઈશ્વર માને છે. મહર્ષિ વાલ્મીકિ પછી વરસો પછી પ્રગટીને સંતશિરોમણિ તુલસીદાસે રામભક્તિપ્રસારનું ને જીવનશુદ્ધિનું અમુલખ કલ્યાણકાર્ય કરી બતાવ્યું. એમણે રામકથાના રૂપમાં વરસોની દેશકાળાતીત સનાતન પરબ પ્રસ્થાપી. મંગલ માર્ગદર્શિકાને મૂકી. મહામૂલ્યવાન મૂડી ધરી. એમની નિર્ભયતા ઓછી નહોતી. એમણે ભાષાની પરંપરાગત પૂજાપદ્ધતિને પસંદ કરવાને બદલે, એને ગૌણ ગણીને, સંસ્કૃતને બદલે લોકભાષામાં રામાયણની રચના કરી. એની પાછળ અસાધારણ હિંમત, આત્મબળ, સમયસૂચકતા તથા લોકાનુકંપા રહેલી. એ લોકોને માટે, બહુજનસમાજને માટે કાવ્યરચના કરવા માંગતા હતા. એટલે એમને પરંપરાની પૂજા પોસાય તેમ નહોતી. એ આર્ષદ્રષ્ટા હતા. એમનું આર્ષદર્શન સફળ થયું. એમની રામકથાએ વાલ્મીકિ કરતાં અધિક લોકપ્રિયતાને પ્રાપ્ત કરી. અધિક કલ્યાણકાર્ય કરી બતાવ્યું. એ પંડિતોની ઈજારાશાહી બનવાને બદલે જનસાધારણની પ્રેરણાદાત્રી સંજીવની બની. એનું એક અગત્યનું કારણ એની ભાષા પણ.

રામને ઈશ્વરના અવતાર તરીક વર્ણવતા કવિને કશો સંકોચ થતો નથી. કવિ એમના પ્રાગટ્યને સહજ રીતે જ વર્ણવે છે.

नौमी तिथि मधु मास पुनीता । सुकल पच्छ अभिजित हरिप्रीता ॥

"પવિત્ર ચૈત્રમાસ, શુકલ પક્ષ, નવમી અને હરિને પ્રિય અભિજિત મુહુર્ત."

सुर समूह बिनती करि पहुँचे निज निज धाम ।
जगनिवास प्रभु प्रगटे अखिल लोक बिश्राम ॥

"દેવો પ્રાર્થના કરીને પોતપોતાના ધામમાં પહોંચ્યા. સૌને શાંતિ અર્પનારા જગતના નિવાસ પ્રભુ પ્રકટ થયા." અને

भए प्रगट कृपाला दीनदयाला कौसल्या हितकारी ।

માતા કૌશલ્યાએ ભગવાનની સ્તુતિ કરી. એમણે કહ્યું કે આ અલૌકિક રૂપને તજીને સામાન્ય રૂપ ધારીને તમે અતિપ્રિય બાળલીલા કરો. એથી મને અનુપમ સુખાનુભવ થશે. એ સ્તુતિ તથા પ્રાર્થનાને સાંભળીને ભગવાને બાળસ્વરૂપ ધારીને રડવા માંડ્યું કવિ કહે છે કે ભગવાનનું શરીર દિવ્ય અને સ્વેચ્છાએ બનેલું છે. એમણે વિપ્ર, ગાય, દેવ તથા સંતના મંગલ માટે મનુષ્યાવતાર લીધો છે. એ માયાથી, એના ગુણથી તથા ઈન્દ્રિયોથી અતીત છે.

बिप्र धेनु सुर संत हित लीन्ह मनुज अवतार ।
निज इच्छा निर्मित तनु माया गुन गो पार ॥

એમનાં ચરિત્ર પણ કવિના કથન પ્રમાણે અલૌકિક હતાં.

ब्यापक अकल अनीह अज निर्गुन नाम न रूप ।
भगत हेतु नाना बिधि करत चरित्र अनूप ॥

"સર્વવ્યાક, અકળ, ઈચ્છારહિત, અજન્મા, નિર્ગુણ, નામરૂપથી રહિત ભગવાન ભક્તોને માટે અનેક પ્રકારનાં અનુપમ ચરિત્રો કરે છે.

રામને માટે કવિ એવી અવતારમૂલક મંગલમયી માન્યતા ધરાવતા હોય ત્યારે એમની કવિતામાં વિવિધ પ્રસંગોના નિરુપણ અથવા આલેખન સમયે એનો પ્રતિઘોષ પડે એ સ્વાભાવિક છે. રામચરિતમાનસના પ્રસંગોના સંબંધોમાં એ હકિકત સાચી ઠરે છે. તુલસીદાસજીએ રામને માટે વારંવાર પરમપૂજ્ય ભાવસૂચક પ્રભુ શબ્દનો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ એટલો બધો છૂટથી મુક્ત રીતે કરવામાં આવ્યો છે કે વાત નહીં. એ એમની રામ પ્રત્યેની વિશિષ્ટ ભાવનાને પ્રદર્શાવે છે.

જે હકિકત રામને લાગુ પડે છે તે સીતાને પણ લાગુ પડે છે. સીતાને પણ તે પરમાત્માની મહામાયાના, પરમશક્તિના પ્રતીકસમી સમજે છે અને રામચરિતમાનસમાં પ્રસંગોપાત્ત એવા રીતે આલેખે છે.

*

## ૧૭. વિશ્વામિત્ર મુનિનો પુણ્યપ્રવેશ

રામના કૌમાર્યકાળ દરમિયાન એક અગત્યનો પ્રસંગ બની ગયો. રામચરિતમાનસમાં કહ્યા પ્રમાણે એક દિવસ મહામુનિ વિશ્વામિત્રે વિચાર્યું કે પ્રભુએ અવતાર લીધો છે. એમના સિવાય રાક્ષસોનો સંહાર નહીં થઈ શકે. માટે એમનું દેવદુર્લભ દર્શન કરીને એમને મારા આશ્રમમાં લઈ આવું.

એ અયોધ્યા પહોંચ્યા.

દશરથે એમનું સાદર સપ્રેમ સ્વાગત કર્યું. મુનિને સુયોગ્ય સેવાકાર્ય બતાવવા જણાવ્યું. મુનિએ રાક્ષસોના ત્રાસમાંથી મુક્તિ મેળવવા રામ તથા લક્ષ્મણની માંગણી કરી.

देहु भूप मन हरषित तजहु मोह अग्यान ।
धर्म सुजस प्रभु तुम्ह कौं इन्ह कहँ अति कल्यान ॥

"હે રાજા, મોહ અને અજ્ઞાનને છોડીને મનમાં હર્ષ પામીને મેં જે માગ્યું છે તે આપ. તને ધર્મ તથા યશની પ્રાપ્તિ થશે અને એમનુ પરમકલ્યાણ."

રાજા દશરથને માટે રામ અને લક્ષ્મણને વિશ્વામિત્ર મુનિને સોંપવાનું કાર્ય એટલું સહેલું નહોતું. રાજાને મુનિની વાણી 'અતિ અપ્રિય' લાગી. પરંતુ મહામુનિ વશિષ્ઠે સમજાવવાથી એ માની ગયા.

વિશ્વામિત્ર મુનિએ એમને માર્ગમાં બલા તથા અતિબલા વિદ્યા શીખવી. એ વિદ્યાના પ્રભાવથી ભૂખતરસ ના લાગતી અને બળ તથા તેજનો પ્રવાહ અખંડ રહેતો.

મિથિલાનગરીમાં જનકરાજા સીતાના સ્વયંવરના ઉપલક્ષમાં ધનુષયજ્ઞ કરી રહેલા. વિશ્વામિત્ર મુનિ રામલક્ષ્મણને મિથિલાનગરીમાં લઈ ગયા. માર્ગમાં ગૌતમમુનિની સ્ત્રી અહલ્યાનો ઉદ્ધાર થયો.

મિથિલાનગરીમાં રામ અને સીતાનો પ્રથમ પરિચય અતિશય આહલાદક છે. રામચરિતમાનસના કવિની કવિતાકળા એ પરિચયપ્રસંગે અને એ પછી સફળ બનીને સુચારુરૂપે ખીલી ઉઠી છે.

સીતાની શોભાને નિહાળીમે રામ સુખ પામ્યા. એ વિશ્વામિત્ર મુનિની અનુજ્ઞાથી લક્ષ્મણ સાથે રાજા જનકના ઉદ્યાનમાં પુષ્પો લેવા માટે આવેલા. સીતા ત્યાં પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં સરવરતટ પર આવેલા માતા પાર્વતીના મંદિરનાં દર્શનપૂજન માટે આવેલી. એવી રીતે એ બંનેનો મેળાપ થયો. અલબત્ત ખૂબ જ દૂરથી. એ મેળાપ અદભૂત હતો. રામના મન પર એ મેળાપની કેવી અસર થઈ એ ખાસ જાણવા જેવું છે. એમણે સીતાના સ્વરૂપને નિહાળીને આશ્ચર્ય, આનંદ, આકર્ષણનો અનુભવ તો કર્યો જ પરંતુ સાથેસાથે લક્ષ્મણને જણાવ્યું કેઃ

"જેને માટે ધનુષયજ્ઞ થાય છે તે જ આ જનકપુત્રી સીતા છે. સખીઓ એને ગૌરીપૂજન માટે લાવી છે. તે ફૂલવાડીને પ્રકાશિત કરતી ફરે છે."

"એની અલૌકિક શોભા જોઈને મારા પવિત્ર મનને સ્વભાવથી જ ક્ષોભ થાય છે. તેનું કારણ તો વિધાતા જાણે. મારું શુભદાયક જમણું અંગ ફરકે છે."

"રઘુવંશીનો એવો સહજ સ્વભાવ હોય છે કે એમનું મન કદી કુમાર્ગે પગ મૂકતું નથી. મને મારા મનનો પૂરો વિશ્વાસ છે. એણે સ્વપ્નમાં પણ પરસ્ત્રીને નથી જોઈ."

रघुबंसिन्ह कर सहज सुभाऊ । मनु कुपंथ पगु धरइ न काऊ ॥
मोहि अतिसय प्रतीति मन केरी । जेहिं सपनेहुँ परनारि न हेरी ॥

રામના એ ઉદગારો એમના અંતઃકરણની ઉદાત્તતાના પરિચાયક છે. એમનું સીતાને માટેનું આકર્ષણ અત્યંત નૈસર્ગિક અને અસામાન્ય હોવા છતાં એ કેટલા બધા જાગ્રત છે તેની પ્રતીતિ કરાવે છે. એ માનવસહજ આકર્ષણના પ્રવાહમાં વહી જતા નથી પરંતુ એનું તટસ્થ રીતે અવલોકન અથવા પૃથ્થકરણ કરી શકે છે. એમના વિશદ વ્યક્તિત્વના એ નોંધપાત્ર વિશેષતાને કવિ સફળતાપૂર્વક સરસ રીતે રજૂ કરી શક્યા છે.

*

## ૧૮. રામના દર્શનની પ્રતિક્રિયા

સીતાના સ્વયંવરમાં ધનુષ્યભંગ માટે રામ પધાર્યા ત્યારે તેમનું સ્વરૂપ જુદાજુદા જનોને કેવું લાગ્યું, જુદાજુદા માનવો પર તેની પ્રતિક્રિયા કેવી થઈ, તેનું આલેખન રામચરિતમાનસમાં ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યું છે. એ આલેખન કંસના નાશ માટે ગયેલા ભગવાન કૃષ્ણનાં દર્શનની જુદીજુદી વ્યક્તિઓ પર પડેલી પ્રતિક્રિયાનું સ્મરણ કરાવે છે. શ્રીમદ ભાગવતના દશમા સ્કંધમાં એ પ્રતિક્રિયાને વર્ણવવામાં આવી છે. રામચરિતમાનસના વર્ણન સાથે એ વર્ણન સરખાવવા જેવું છે.

"બળરામ સાથે રંગમંડપમાં પ્રવેશેલા કૃષ્ણને મલ્લોએ વજ્રસમા, નરોમાં નરોત્તમ જોવા જોયા. સ્ત્રીઓએ મૂર્તિમાન કામદેવ જેવા. ગોપોએ સ્વજન જેવા, રાજાઓએ શાસક અધિનાયક જેવા, બાળકોએ માતાપિતા જેવા, કંસે મૃત્યુસરખા, વિદ્વાનોએ વિરાટ જેવા, યોગીઓએ પરમતત્ત્વ જેવા અને વૃષ્ણીવંશીઓએ સર્વશ્રેષ્ઠ દેવતા હરિ સરખા જોયા."

રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છેઃ

जिन्ह कें रही भावना जैसी । प्रभु मूरति तिन्ह देखी तैसी ॥

"જેની જેવી ભાવના હતી તેણે તે વખતે પ્રભુની મૂર્તિનું દર્શન કર્યું."

"મહારણધીર રાજાઓએ વીરરસે પોતે જ શરીર ધારણ કર્યું હોય તેવું પ્રભુનું રૂપ જોયું, પ્રભુની ભયંકર આકૃતિને નિહાળી કુટિલ રાજાઓ ડરી ગયા. પાછળથી છળથી રાજાઓનો વેશ ધરીને રહેલા અસુરોએ પ્રભુને પ્રત્યક્ષ કાળસમાન જોયા. નગરજનોને બંને બંધુઓ મનુષ્યોના અલંકારરૂપ અને નેત્રોને સુખદાયક દેખાયા."

नारि बिलोकहिं हरषि हियँ निज निज रुचि अनुरूप ।
जनु सोहत सिंगार धरि मूरति परम अनूप ॥

"સ્ત્રીઓ હૈયામાં હર્ષાન્વિત બનીને પોતપોતાની રુચિ અનુસાર જાણે શૃંગારરસ જ પરમ અનુપમ મૂર્તિ ધરીને શોભી રહ્યો હોય તેમ જોવા લાગી."

"વિદ્વાનોએ પ્રભુને વિરાટ સ્વરૂપે જોયા. એમને અનેક મુખ, પગ, નેત્રો અને મસ્તકો હતાં. જનકનાં કુટુંબીઓને સગાંસંબંધી જેવા પ્રિય દેખાયા. જનક સાથે રાણીઓ પ્રભુને પોતાના બાળકની પેઠે જોવા લાગી."

जोगिन्ह परम तत्वमय भासा । सांत सुद्ध सम सहज प्रकासा ॥

"યોગીઓને એ શાંત શુદ્ધ, સમ, સહજ પ્રકાશરૂપ, પરમ તત્ત્વમય લાગ્યા."

"હરિભક્તોએ બંને બંધુને સર્વસુખપ્રદાયક ઈષ્ટદેવસમાન જોયા. સીતાએ જે ભાવથી રામને નિહાળ્યા તે ભાવ, સ્નેહ તથા સુખ કહી શકાય તેમ નથી."

*

## ૧૯. વિશ્વામિત્રનું પાત્ર

જે વિશ્વામિત્ર મુનિએ રામના આરંભના જીવનમાં એમના લગ્નજીવન પ્રવેશનાં સાક્ષી અથવા પુરસ્કર્તા બનીને મહામૂલ્યવાન યોગદાન પ્રદાન કર્યું તે વિશ્વામિત્ર મુનિના પ્રાણવાન પાત્રનું પછીથી શું થાય છે ? વિશ્વામિત્રનું એ પાત્ર પછીથી લગભગ અદ્રશ્ય થઈ જાય છે. કવિ એને કથા અથવા કવિતામાંથી જ્ઞાતઅજ્ઞાત મુક્તિ આપે છે. વનવાસના વિકટ વખતમાં પણ રામ મહામુનિ વાલ્મીકિના આશ્રમમાં પધારે છે પરંતુ પોતાના શૈશવ કે કૌમાર્યકાળના શિલ્પી મહામુનિ વિશ્વામિત્ર પાસે નથી પહોંચતા. એમને યાદ કરવામાં નથી આવતા. રામચરિતમાનસમાં પછી છેવટ સુધી એ પ્રાણવાન પરમપ્રતાપી પાત્રનો પરિચય જ નથી થતો એ એક અસાધારણ આશ્ચર્ય છે. કવિ એમને વનવાસ પહેલાં કે વનવાસ વખતે કવિતામાં પાછા આલેખી શક્યા હોત. એમણે રામને ધીરજ, હિંમત, ઉત્સાહ પ્રદાન કર્યાં હોત. એ સમુચિત અથવા સુસંગત લાગત. પરંતુ એવું નથી થઈ શક્યું એ કરુણતા છે. કવિતાની કે કવિતાકથાની ત્રુટિ પણ કહી શકાય.

વનવાસ વખતે એમને ફકત એકાદ વાર જ યાદ કરવામાં આવે છે અને એ પણ એમના પૂર્વ વ્યક્તિત્વની સરખામણીમાં છેક જ સાધારણ રીતે. એમની એ સ્મૃતિ અયોધ્યાકાંડમાં કરવામાં આવે છે. ભરત નગરજનો સાથે ચિત્રકૂટમાં પહોંચે છે ત્યારે વિશ્વામિત્ર પ્રાચીન કથાઓ કહીને સૌને સમજાવે છે.

**कौसिक कहि कहि कथा पुरानीं। समुझाई सब सभा सुबानीं ॥**

રામે વિશ્વામિત્રને જણાવ્યું કે કાલે સૌ પાણી વિના જ રહ્યા છે. વિશ્વામિત્ર મુનિ બોલ્યા કે આજે પણ અઢી પ્રહર દિવસ પસાર થયો છે.

મહામુનિ વિશ્વામિત્ર જેવા પરમ પ્રાણવાન પાત્રની એ રજૂઆત ખૂબ જ ઝાંખી લાગે છે. એવી રજૂઆત ના કરાઈ હોત તો હરકત નહોતી.

*

## ૨૦. પરશુરામનું પાત્ર

સીતાના સુપ્રસિદ્ધ સ્વયંવરમાં રામે શિવના ધનુષ્યનો ભંગ કરીને સીતાને તથા મિથિલાપતિ રાજા જનકને સંતોષ અને આનંદ આપ્યો. એ પછી તરત જ પરશુરામનો પ્રવેશથયો. શૃંગારરસના આરંભમાં જાણે કે વીરરસ આવી પહોંચ્યો. રામચરિતમાનસના કવિએ એ પ્રસંગને સારી રીતે રજૂ કર્યો છે. એ પ્રસંગમાં લક્ષ્મણની નીડરતા તથા વિનોદવૃત્તિનું દર્શન થાય છે. એ પ્રસંગ કવિતાના પવિત્ર પ્રવાહમાં સહજ લાગે છે અને અવનવો રસ પૂરો પાડે છે.

પરશુરામ સાથેના સંવાદમાં રામના આ શબ્દો સરસ છેઃ

राम कहा मुनि कहहु बिचारी । रिस अति बड़ि लघु चूक हमारी ॥

छुअतहिं टूट पिनाक पुराना । मैं कहि हेतु करौं अभिमाना ॥

"રામે કહ્યું કે મુનિ તમે વિચારીને બોલો. તમારો ક્રોધ ઘણો વધારે અને અમારી ભૂલ છેક નાની છે. ધનુષ્ય પુરાતન હતું તે અડકતાં વેંત જ તૂટ્ટ ગયું. એને માટે હું શું કામ અભિમાન કરું ?"

*

### ૨૧. ગુરુનું સ્થાન

મહામુનિ વિશ્વામિત્રની સૂચનાનુસાર રાજા જનકે દૂતોને અયોધ્યા મોકલ્યા. રાજાનો પત્ર લઈને એ અયોધ્યા પહોંચ્યા. દશરથે પત્રિકાને વાંચીને પ્રસન્નતા દર્શાવી. રામલક્ષ્મણના સઘળા સમાચારને સાંભળીને દશરથે આનંદ અનુભવ્યો. એમણે સૌથી પહેલાં એ પત્રિકા ગુરુ વશિષ્ઠ પાસે પહોંચીને એમને વાંચવા આપી. એ પછી દશરથે એ સમાચાર રાણીવાસમાં જઈને રાણીઓને કહ્યા.

એ હકીકત વિશેષ રૂપે ઉલ્લેખનીય છે. દશરથે રામના વિવાહની વાત આવશ્યક સલાહ કે જાણ માટે સૌથી પહેલાં પોતાની રાણીઓને કરવાને બદલે ગુરુ વશિષ્ઠને કરી એ વાત સૂચવે છે કે ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સૌથી ઉંચું છે. પત્નીનુ સ્થાન એ પછી આવે છે. ગુરુનું માર્ગદર્શન આદર્શ અને મંગલમય મનાય છે. એ હકિકતમાં દશરથની ગુરુભક્તિનો કે ગુરુ પ્રત્યેની પૂજ્ય ભાવનાનો પડઘો પડે છે.

રામ તથા લક્ષ્મણ તો વિશ્વામિત્રની સાથે યજ્ઞરક્ષા માટે ગયેલા. ત્યાંથી વિશ્વામિત્ર સ્વયંવરમાં લઈ ગયા ને પરિણામે વિવાહના સમાચાર આવ્યા. તોપણ દશરથ કે વશિષ્ઠ એમ નથી કહેતા કે એ ક્યાં પહોંચી ગયા ને શું કરી આવ્યા. એમની ઉદારતા, વિશાળતા, સહજતા તથા મહામુનિ વિશ્વામિત્રને માટેની શ્રદ્ધાનું એમના વ્યવહારમાં દર્શન થાય છે.

*

## શિવ-પાર્વતી પ્રસંગ

### ૧. આરંભ

રામચરિતમાનસમાં સંતશિરોમણિ તુલસીદાસે ભગવાન શંકરના મહિમાનું પ્રસંગોપાત્ત જયગાન કર્યું છે. બાલકાંડના આરંભમાં જ "ભવાનીશંકરૌ વંદે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ" કહીને એમને માતા પાર્વતી સાથે અનુરાગની આદરયુક્ત અંજલિ આપી છે. મહાકવિ કાલિદાસે એમને એમની રઘુવંશ કવિતાકૃતિમાં જગતના માતાપિતા તથા પરમેશ્વર માન્યા છે. "જગતઃ પિતરૌ વંદે પાર્વતી પરમેશ્વરૌ." સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય ભક્તકવિ તુલસીદાસની માન્યતા પણ એવી જ આદરયુક્ત અને ઉદાત્ત દેખાય છે. એમણે રચેલા રામચરિતમાનસનો ગુજરાતીમાં પદ્યાનુવાદ કરતી વખતે મેં એમાં વર્ણવાયેલા શિવપાર્વતીના લીલાપ્રસંગોનો સમાવેશ નહોતો કર્યો. એનું કારણ એ કે એ લીલાપ્રસંગો રામચરિતમાનસની મૂળ અથવા મુખ્ય રામકથા માટે અનિવાર્ય રૂપે આવશ્યક નહોતા લાગ્યા. અને બીજું કારણ એ કે એમના સમાવેશથી પદ્યાનુવાદનો વિસ્તાર અકારણ વધે તેમ હતો. એને લીધે જ એમાં દેવર્ષિ નારદના મોહપ્રસંગને અને રાજા પ્રતાપભાનુના પ્રસંગને સમાવવામાં નહોતા આવ્યા. શિવપાર્વતીના લીલાપ્રસંગો અત્યંત રસમય હોવાથી

અને વિશેષ કરીને શિવભક્તોને માટે પરમ આદરપાત્ર અથવા મનનીય હોવાથી એમનો પદ્યાનુવાદ અલગ રીતે કરવાની ભાવના જાગી. આ કવિતાકૃતિ એ જ સદભાવનાનું સાકાર સ્વરૂપ.

રામચરિતમાનસના કવિની શ્રદ્ધાભક્તિયુક્ત દ્વિવિધ આધ્યાત્મિક આરાધનાથી અલંકૃત આંખ છેઃ રામભક્તિ તથા શિવપ્રીતિ. એમના એકમાત્ર આરાધ્યદેવ રામ હોવા છતાં એમને ભગવાન શંકર પ્રત્યે અસાધારણ આદરભાવ છે. એથી પ્રેરાઈને રામચરિતમાનસના બાલકાંડમાં એમણે એમના કેટલાક લીલાપ્રસંગોને આલેખ્યા છે. એ લીલાપ્રસંગોનું વિહંગાવલોકન રસપ્રદ થઈ પડશે અને અસ્થાને નહિ ગણાય.

રામચરિતમાનસની શૈલી ઈતિહાસલક્ષી હોવાની સાથે કથાલક્ષી વિશેષ છે. એમાં ઈતિહાસ તો છે જ પરંતુ સાથે સાથે કથારસ પણ ભળેલો છે. એ કથારસની પુષ્ટિ માટે કવિએ પોતાને સ્વતંત્ર કલ્પનાશક્તિને કામે લગાડીને કયાંક ક્યાંક પેટાકથાઓનું નિર્માણ કર્યું છે. ક્યાંક ક્ષેપકોનો સમાવેશ કરાયો છે. કવિએ શિવપાર્વતી પ્રસંગનો પ્રારંભ પોતાની મૌલિક કલ્પનાશક્તિ કે સર્જનકળા દ્વારા જનસમાજને રુચે તેવી નાટ્યાત્મક અને હૃદયંગમ રીતે કર્યો છે.

પંચવટીમાંથી રાવણદ્વારા સીતાનું હરણ થતાં રામ વિરહવ્યથાથી વ્યથિત બનીને લક્ષ્મણ સાથે વનમાં સીતાની શોધ માટે નીકળ્યા. એ સામાન્ય માનવની જેમ સંપૂર્ણ સંવેદનશીલ બનીને વાટે વિહરી રહેલા ત્યારે શંકરે એમને અવલોક્યા. હે જગતને પાવન કરનારા સચ્ચિદાનંદ, જય હો; એમ કહીને કામદેવના નાશક શંકર ભગવાન ત્યાંથી આગળ ચાલ્યા.

जय सच्चिदानंद जग पावन । अस कहि चलेउ मनोजनसावन ॥

*

## ૨. સતીની શંકા તથા પરીક્ષા

અવસરનો આરંભ એકાએક એવી રીતે થયો, પરંતુ ભગવાન શંકર સાથે વિહરતા સતી પાર્વતીને એ નિહાળીને શંકા થઈ. એમને થયું કે શંકરે જગદીશ્વર તથા જગતવંદ્ય હોવા છતાં એક રાજપુત્રને સચ્ચિદાનંદ કહીને પ્રણામ કર્યા અને એમનાથી પ્રભાવિત થયા તે બરાબર છે ? બ્રહ્મ શું માનવશરીર ધારી શકે ? એમની સ્ત્રીનું હરણ થાય અને એ એને શોધવા નીકળે ?

શંકરના શબ્દોમાં શ્રદ્ધા હોવા છતાં પાર્વતીને એવી શંકા જાગી.

શંકરે એમના મનોભાવોને જાણીને એમને રામની પરીક્ષા કરવાની ભલામણ કરી.

પાર્વતી સીતાનું સ્વરૂપ લઈને રામની પરીક્ષા માટે આગળ વધ્યાં. રામે એમને ઓળખી કાઢ્યાં અને એકલાં કેમ ફરો છો, શંકર ક્યાં છે, એવું પૂછ્યું. એથી પાર્વતી લજ્જાવશ થયાં. એમને સર્વત્ર રામલક્ષ્મણસીતાનું દર્શન થવા લાગ્યું. એમની સાથે અનેક સતી, બ્રહ્માણી, લક્ષ્મી દેખાઈ.

એ માર્ગમાં ભયભીત બનીને આંખ મીંચીને બેસી ગયાં. આંખ ઉઘાડી ત્યારે કશું જ ના દેખાયું.

રામને મનોમન વંદીને એ શંકર પાસે પહોંચ્યાં.

શંકરે એમને પૂછ્યું ત્યારે એમણે અસત્યભાષણ કરીને જણાવ્યું કે રામની પરીક્ષા નથી લીધી. એમને કેવળ તમારી પેઠે પ્રણામ કર્યા છે.

कछु न परीछा लीन्हि गोसाइ । कीन्ह प्रनामु तुम्हारिहि नाइ ॥

શંકરે ધ્યાન ધરીને પાર્વતીના ચરિત્રને જાણી લીધું. રામની માયાને મસ્તક નમાવીને એમણે છેવટે એમનો માનસિક પરિત્યાગ કર્યો. એ જાણીને સતી દુઃખી થયાં. એમને શરીરધારણ ભારરૂપ લાગ્યું.

પાર્વતી દ્વારા કરાયલી પરીક્ષાનો એ પ્રસંગ એકંદરે આહ્લાદક અને અભિનવ હોવા છતાં શિવપાર્વતીના વ્યક્તિત્વને પૂરો ન્યાય કરે છે એવું નથી લાગતું. રામની વિશિષ્ટતા તથા મહત્તાને પ્રદર્શાવવા કવિએ કલ્પનાપ્રસંગને આલેખ્યો લાગે છે; પરંતુ રામના વ્યક્તિત્વને અસામાન્ય અથવા મહાન બતાવવા જતાં શિવપાર્વતીના સંયુક્ત વ્યક્તિત્વને એમણે છેક જ વામન જેવું અતિસામાન્ય આલેખ્યું છે. અલબત્ત, અજ્ઞાત રીતે એ આખાય પ્રસંગને ટાળી શકાયો હોત તો સારું થાત.

એનું તટસ્થ અવલોકન રસપ્રદ થઈ પડશે.

મંગલાચરણના આરંભના શ્લોકમાં શિવપાર્વતીને વિશ્વાસ તથા શ્રદ્ધાસ્વરૂપ કહીને કહેવામાં આવ્યું છે કે એમના વિના યોગી પોતાના અંતઃકરણમાં રહેલા ઈશ્વરનું દર્શન નથી કરી શકતો. એવી અસાધારણ યોગ્યતાવાળી પાર્વતીને શંકા થઈ અને એથી પ્રેરાઈને એમણે રામની પરીક્ષા કરી એ આશ્ચર્યકારક છે. એમની પરીક્ષાપ્રવૃત્તિની પાછળ ભગવાન શંકરની પ્રેરણા અને અનુમતિ હતી. છતાં પણ એને લીધે શંકરે એમના પ્રત્યે સહાનુભૂતિ બતાવવાને બદલે એમની ઉપેક્ષા કરી. શંકરનો એવો વ્યવહાર એમને તદ્દન સામાન્ય કક્ષાના પુરુષની હરોળમાં મૂકી દે છે. અથવા એમનાં કરતાં પણ ઊતરતી શ્રેણીમાં મૂકી દે છે. કારણ કે સામાન્ય સંસારી પુરુષ પણ પોતાની પત્નીને બનતી સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરીને એની ક્ષતિ માટે પરમ પ્રેમથી પ્રેરાઈને ક્ષમા કરે છે. રામચરિતમાનસના વર્ણન પ્રમાણે શિવ એટલી ઉદારતા નથી દર્શાવી શક્તા.

એ વર્ણનમાં પાર્વતીને અસત્યભાષણ કરતાં આલેખીને એમને અજ્ઞાત રીતે પણ અન્યાય કરાયો છે. એમનું પાત્રાલેખન એમના જગદંબા સહજ ગૌરવને અનુરૂપ બનવાને બદલે છેક જ સાધારણ બની જાય છે.

ભગવાન શંકર સમજતા હતા કે પાર્વતી પરમ પવિત્ર ને પ્રામાણિક છે, તોપણ એમને જે સંતાપ થાય છે એ અસ્થાને લાગે છે. એમણે સંતાપવશ બનીને સમાધિમાં પ્રવેશ કર્યો. એ સમાધિ સત્યાશી હજાર વરસે છૂટી ત્યાં સુધી પાર્વતીની દશા કેવી કરુણ થઈ હશે તે વિચારવા જેવું છે. સત્યાશી હજાર વરસની કાળગણના કેવી રીતે કરવી તે વિદ્વાનોએ વિચારવાનું છે.

*

## ૩. સતીનો શરીરત્યાગ

શિવપાર્વતીના લીલાપ્રસંગની કથાનો આરંભ દક્ષ પ્રજાપતિના યજ્ઞપ્રસંગથી કરાયો હોત તો એમાં કશું અનૌચિત્ય નહોતું.

કથા, કવિતા કે નાટક અને ચિત્રાલેખનમાં આપણાં પરમારાધ્ય દેવીદેવતાઓને સ્થાન આપતી વખતે એમના સાંસ્કૃતિક આધ્યાત્મિક ગૌરવને અખંડ રાખીએ એ અત્યંત આવશ્યક છે. એકના મહિમાને વધારવાને માટે અન્યના મહિમાને ઘટાડવાની અથવા ઊતરતો બતાવવાની આવશ્યકતા નથી હોતી. શિવની પેઠે પાર્વતીને પણ પ્રથમથી જ રામનું જયગાન ગાતાં બતાવી શક્યાં હોત. રામને માટે શંકા કરતાં

ના આલેખીને અને છતાં પણ ધારેલો હેતુ સિદ્ધ કરીને એમના, શિવના અને રામનાં ત્રણેના વ્યક્તિત્વની ઉદાત્તતાને દર્શાવી શકાત.

પાર્વતી, ભગવાન શંકરની ઈચ્છા ના હોવા છતાં, પોતાના પિતા દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં જઈ પહોંચ્યાં પરંતુ એનું પરિણામ શંકરના પૂર્વકથનાનુસાર શુભ, સુખદ, સાનુકૂળ ના આવ્યું. એ યજ્ઞમાં શંકરને માટે સન્માનીય સ્થાન નહોતું મળ્યું. પાર્વતીથી શંકરની અવહેલના ના સહેવાઈ એ એમનો શંકર પ્રત્યેનો અવર્ણનીય અનુરાગ બતાવે છે.

એમણે યોગાગ્નિથી શરીરને બાળી નાખ્યું ત્યારે સઘળા યજ્ઞસ્થાનમાં હાહાકાર થઈ રહ્યો.

अस कहि जोग अगिनि तनु जारा । भयउ सकल मख हाहाकारा ॥

સતીએ પોતાના શરીરને યજ્ઞના અગ્નિથી બાળ્યું હોત તો રામચરિતમાનસમાં એનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરીને 'યજ્ઞ અગિનિ' અથવા ' યાગ અગિનિ ' જેવા સમાનાર્થી શબ્દોને યોજવામાં આવ્યા હોત. પરંતુ એવા શબ્દોને બદલે ' જોગ અગિનિ ' શબ્દ પ્રયોજાયો છે. એ સૂચવે છે કે સતીએ પોતાના શરીરને યોગની વિશિષ્ટ શક્તિથી પ્રગટાવેલા યોગાગ્નિની મદદથી પ્રજ્વલિત કરેલું. સતી સ્વયં યોગસિદ્ધ હોવાથી એમને માટે એવું મૃત્યુ અશક્ય ના લેખાય.

શરીરને છોડવાનો સંકલ્પ કરતી વખતે અને તે પછી પણ સતીનું મન શંકરમાં જ રમી રહેલું. એમના અંતરમાં શંકર વિના બીજું કશું જ નહોતું.

હોય પણ ક્યાંથી ? એમનું સમસ્ત જીવન શંકરમય હતું મરણ એમાં અપવાદરૂપ ક્યાંથી હોય ?

*

## ૪. હિમાલયને ત્યાં જન્મ

ભારતીય સંસ્કૃતિ જન્મજન્માંતરમાં વિશ્વાસ રાખે છે. રામચરિતમાનસમાં એ વિશ્વાસનો પ્રતિઘોષ પડ્યો છે. ભારતીય સંસ્કૃતિના સૌથી અધિક લોકપ્રિય મહાગ્રંથો ત્રણ : ભગવદગીતા, રામાયણ તથા ભાગવત. તે ત્રણે મહામૂલ્યવાન મહાગ્રંથો જનામાંતરના વિશ્વાસને વ્યક્ત કરે છે.

દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં દેહત્યાગ કર્યા પછી સતીનો હિમાલયને ત્યાં પુનર્જન્મ થયો. રામચરિતમાનસમાં હિમાલય, ગિરીશ, હિમવાન, હિમવંત, હિમગિરિ, શૈલ, ગિરિ જેવાં જુદાંજુદાં નામોનો નિર્દેશ કરાયો છે. એ નામો એક જ વ્યક્તિનાં સૂચક છે.

સતીનો જન્મ હિમાલયને ત્યાં થયો એનો અર્થ કોઈ ઘટાવતું હોય તો એવો ના ઘટાવે કે જડ અચળ પર્વતને ત્યાં થયો. એનો ભાવાર્થ એ છે કે હિમાલયના પર્વતીય પ્રદેશના રાજાને ત્યાં જન્મ થયો.

દેવર્ષિ નારદની પ્રેરણાથી એમની અંદર શંકરને માટે તપ કરવાની ભાવના જાગી. પૂર્વના પ્રબળ શુભ સંસ્કારોના સુપરિમામ રૂપે એમને નાનપણથી જ શંકર પ્રત્યે આકર્ષણ જાગ્યું. અને અદમ્ય અનુરાગ થયો. उपजेउ सिव पद कमल सनेहू ।

માતાપિતાની અનુમતિ મેળવીને પાર્વતી વનમાં તપ કરવા ગયાં.

उर धरि उमा प्रानपति चरना । जाइ बिपिन लागीं तपु करना ॥
अति सुकुमार न तनु तप जोगू । पति पद सुमिरि तजेउ सबु भोगू ॥

"પ્રાણપતિ શંકરનાં ચરણોને હૃદયમાં રાખીને ઉમાએ વનમાં વસીને તપ કરવા માંડ્યું. એમનું શરીર અતિશય સુકુમાર હોવાથી તપને યોગ્ય ના હોવા છતાં પણ, પતિનાં ચરણોને સ્મરીને સર્વ પ્રકારના ભોગોને છોડી દીધા."

*

## ૫. કઠોર તપ

પાર્વતીના તપની તીવ્રતાને દર્શાવતાં રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છે :

**नित नव चरन उपज अनुरागा । बिसरी देह तपहिं मनु लागा ॥**
**संबत सहस मूल फल खाए । सागु खाइ सत बरष गवाँए ॥**

"એમને ભગવાન શંકરના ચરણોમાં રોજ અભિનવ અનુરાગ પેદા થયો. દેહને ભૂલીને એમનું મન તીવ્રતમ તપમાં જ લાગી ગયું. એક હજાર વરસ સુધી કંદમૂળ તથા ફળ ખાધાં અને સો વરસ સુધી શાક ખાઈને તપ કર્યું."

"કેટલાક દિવસ પાણી તથા પવન પર રહીને પસાર કર્યા તો કેટલાક દિવસ કઠોર ઉપવાસ કર્યા. ત્રણ હજાર વર્ષ સુધી સુકાઈને પૃથ્વી પર પડેલાં વેલા અને પાંદડાં જ ખાધાં. પછી સૂકાં પાંદડાં પણ છોડી દીધાં ત્યારે એમનું નામ અપર્ણા પડ્યું. એમના શરીરને ક્ષીણ થયેલું જોઈને ગગનમાં ગંભીર બ્રહ્મવાણી થઈ કે તમારા સર્વ મનોરથ સફળ થયા છે. અસહ્ય ક્લેશોને છોડી દો. હવે તમને શંકર મળશે."

એ વર્ણનમાં લખવામાં આવેલાં પાર્વતીએ કરેલા તપનાં વરસો કોઈને વિચારાધીન કે વિવાદાસ્પદ લાગવાનો સંભવ હોવા છતાં, પાર્વતીના તપની તીવ્રતા સંબંધી કોઈ પ્રકારનો સંદેહ નથી રહેતો. કેટલું બધું કઠોર તપ ? એવું નિષ્ઠાપૂર્વકનું તપ ફળે જ એમાં શંકાને સ્થાન ના જ હોય.

પાર્વતીની પેઠે જગતમાં જન્મેલા જીવે પણ પરમાત્માની પ્રીતિ કરવાની છે. પ્રત્યેક જીવ પોતાના પૂર્વસંબંધથી પરમાત્મા સાથે સંકળાયેલો છે, પરમાત્માનો છે, પરમાત્માસ્વરૂપ છે, પરંતુ એને એનું વિસ્મરણ થયું છે. દેવર્ષિ નારદે પાર્વતીની પાસે પહોંચીને એમના શંકર સાથેના પૂર્વસંબંધનું સ્મરણ કરાવ્યું અને ઉજ્જવળ ભાવિનું રેખાદર્શન કરાવીને તપશ્ચર્યાની પ્રેરણા પ્રદાન કરી. એમ સદગુરૂ કે શાસ્ત્રો, માનવને પરમાત્મા સાથેના મૂળભૂત પરમદિવ્ય પૂર્વસંબંધનું સ્મરણ કરાવે છે. એવી સંસ્મૃતિથી અભિનવ સ્નેહ, અનુરાગ, લગનીને પામીને માનવ પરમાત્માના સાક્ષાત્કાર માટે સાધનાત્મક પુરુષાર્થમાં પ્રવૃત બને છે. પ્રત્યેક માનવે એવી રીતે પાર્વતી બનવાનું છે; પાર્વતીની પ્રેમભૂમિકામાંથી પસાર થઈને છેવટે શિવના, પરમાત્માના, થવાનું છે.

પરમાત્માને માટે સાચા દિલથી પ્રાર્થનાર, રડનાર, ઝંખનાર, સાધના કરનાર, તપનારને કદી પણ કોઈ કારણે નિરાશ થવું પડતું નથી. પરમાત્માના મંગલ મંદિરદ્વારે પાડેલો પ્રેમપૂર્વકનો મૂક પ્રામાણિક પોકાર કદી પણ વ્યર્થ જતો નથી. સંભળાય જ છે. એમની સ્નેહમયી સ્મૃતિમાં ચઢાવેલું આતુરતાપૂર્વકના અશ્રુનું એક જ ફૂલ, વેદનાનો ધૂપ, આરઝૂની આરતી, ફળે છે. સાધક જેને સાચા દિલથી ઝંખે છે, મેળવવા માગે છે, તે તેને મળે છે. એની સાધના છેવટે ફળે છે. પરંતુ એણે સર્વસમર્પિત થવું જોઈએ. લૌકિક પારલૌકિક

પદાર્થોમાંથી મનને પાછું વાળીને પોતાના પરમારાધ્ય પ્રેમાસ્પદ પરમાત્મામાં કેન્દ્રિત કરવું જોઈએ. ભોગ આપતાં, ફના થતાં, પાછું વાળીને ના જોવું જોઈએ.

પાર્વતીનો પાવન પ્રેમપ્રસંગ એવો પ્રેરક સનાતન સાધનાત્મક સંદેશ પૂરો પાડે છે.

*

## ૬. સુદૃઢતા

પરમાત્માના સાક્ષાત્કારની ઈચ્છાવાળા પરમાત્માના પ્રેમપંથના સાધકપ્રવાસીઓ પોતાના વિચારો, ભાવો, સંકલ્પો, આદર્શો તથા સાધનાત્મક અભ્યાસક્રમ અને વિશ્વાસમાં સુદૃઢ રહેવું જોઈએ. એવી સુદૃઢતા સિવાય સાધનાની સિદ્ધિ ના સાંપડે. પ્રવાસપંથમાં ક્રમેક્રમે આગળ વધીને એ સંસિદ્ધિના સુમેરુશિખરને સર ના કરી શકે. એવી સુદૃઢતા સિવાય એ સાધનાપંથમાં આવનારાં પાર વિનાનાં પ્રબળ પ્રલોભનોમાં પડીને પોતાના મૂળ માર્ગને ભૂલી ઝાય, વાસના-લાલસા તથા ભયસ્થાનોનો શિકાર બની જાય, અને નાનીમોટી પ્રાપ્તિ-અપ્રાપ્તિઓનાં આટાપાટામાં અટવાઈ જાય. એનું ધ્યેય અથવા પ્રાપ્તવ્ય સંપૂર્ણ સમજ સાથેનું, સુનિશ્ચિત અને એક જ હોવું જોઈએ. એની સિદ્ધિ માટે જ એનો પુરુષાર્થ જોઈએ. અન્ય આડ વાતોમાં કે ભળતી લાલચોમાં પડીને જીવનના સર્વોત્તમ સાધનાત્મક ધ્યેયને ગૌણ ગણવાની કે વિસ્મરવાની ભૂલ ના કરી બેસાય એને માટે એણે સુદૃઢ, સુસજ્જ, સાવધાન રહેવું જોઈએ. એનો પરમાત્મપ્રેમ અને વિશ્વાસ અવર્ણનીય, અચળ, અનન્ય અને પરાકાષ્ઠા પર પહોંચેલો હોવો જોઈએ. ત્યારે જ તે સંપૂર્ણ પણે સફળ મનોરથ બની શકે છે.

પાર્વતીના જ્યોતિર્મય તપઃપૂત જીવનમાંથી એ પણ શીખવા મળે છે.

શંકરની સૂચનાને અનુસરીને સપ્તર્ષિ પાર્વતીના પ્રેમની પરીક્ષા માટે તપસ્વિની પ્રેમમૂર્તિ પાર્વતી પાસે પહોંચીને એમને એમના નિશ્ચયમાંથી ચળાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

પાર્વતીના મનોરથને એમના શ્રીમુખે સાંભળીને એમણે હસીને કહ્યું કે નારદના ઉપદેશને સુણીને કોનાં ઘર વસ્યાં છે ?

नारद कर उपदेसु सुनि कहहु बसेउ किसु गेह ॥

"તેમણે દક્ષના પુત્રોને જે ઉપદેશ આપેલો તેથી તેમણે પાછા આવીને ઘરને નહોતું જોયું. ચિત્રકેતુ રાજાનું ઘર નારદે જ ભંગાવેલું અને હિરણ્યકશિપુના પણ બૂરા હાલ કરેલા. જે સ્ત્રીપુરુષો નારદની શિખામણ સાભળે છે તે ઘરને છોડીને અવશ્ય ભિક્ષુક બને છે. એમનું મન કપટી છે. માત્ર શરીર પર સજ્જનનાં ચિહ્નો છે. તે સૌ કોઈને પોતાના જેવા કરવા ઈચ્છે છે."

तेहि कें बचन मानि बिस्वासा । तुम्ह चाहहु पति सहज उदासा ॥
निर्गुन निलज कुबेष कपाली । अकुल अगेह दिगंबर ब्याली ॥

"તેમનો વિશ્વાસ રાખીને તમે સ્વભાવથી જ ઉદાસીન, ગુણરહિત, નિર્લજ્જ, ખરાબ વેશવાળા, ખોપરીઓની માળાવાળા, કુળ તથા ઘર વિનાના, નગ્ન અને સર્પોને ધારણ કરનારા પતિની ઈચ્છા રાખો છો."

"એવા વરને મેળવીને શી રીતે સુખી થશો ? ઠગના ભોળવવાથી તમે ભૂલ્યાં છો. પંચના કહેવાથી શિવે સતી સાથે વિવાહ કરેલો તોપણ તેને ત્યાગીને મરાવી નાખેલી. હવે એમને કશી ચિંતા નથી રહી. ભિક્ષાનું ખાય છે અને સુખથી સૂએ છે. સ્વભાવથી એકલા રહેનારાના ઘરમાં કદી સ્ત્રી ટકી શકે ?"

સપ્તર્ષિઓના મુખમાં મુકાયેલા એ શબ્દો વધારે પડતા અને કર્કશ લાગે છે. ખાસ કરીને નારદને માટે વપરાયેલા ઠગ જેવા શબ્દો અનુચિત દેખાય છે. સપ્તર્ષિઓના મુખની એ જ વાતને શંકર કે નારદ વગોવ્યા વિના જરાક વધારે સૌજન્યસભર શબ્દોમાં, વધારે સારી રીતે મૂકી શકાઈ હોત.

સપ્તર્ષિઓએ પતિ તરીકે વિષ્ણુનું સૂચવેલું નામ પાર્વતીને લેશપણ પસંદ ના પડ્યું. એ તો શિવને જ વરી ચૂકેલાં.

એમની નિષ્ઠાને જોઈને સપ્તર્ષિ પ્રસન્ન થયા એટલું જ નહીં પરંતુ એમનાં ચરણોમાં મસ્તક નમાવીને ચાલી નીકળ્યા.

*

## ૭. કામદેવની પરહિતભાવના

બ્રહ્માની સૂચનાનુસાર દેવતાઓ એ પ્રેમપૂર્વક સ્તુતિ કરી એટલે કામદેવ પ્રકટ થયા. દેવોએ એમને પોતાની વિપત્તિ કહી. તારકાસુરના નાશને માટે શિવનો લગ્નજીવનપ્રવેશ આવશ્યક હતો. શિવના સુપુત્ર કાર્તિક સ્વામીના હાથે જ તારકાસુરનો સંહાર શક્ય હતો. ભગવાન શંકર સમાધિમગ્ન હોવાથી એમને સમાધિમાંથી જગાડવાનું આવશ્યક હતું. કામદેવ એમના મનમાં ક્ષોભ પેદા કરે તો જ એમની જાગૃતિ શક્ય બને અને દેવોનું હિત સધાય.

કામદેવે દેવતાઓની આગળ પ્રકટ થઈને જે કાંઈ કહ્યું તે ખાસ નોંધવા જેવું છેઃ

**संभु बिरोध न कुसल मोहि बिहसि कहेउ अस मार ॥**

"કામદેવે દેવતાઓને હસીને જણાવ્યું કે શિવનો વિરોધ કરવાથી મારું કલ્યાણ નહિ થાય."

**तदपि करब मैं काजु तुम्हारा । श्रुति कह परम धरम उपकारा ॥**
**पर हित लागि तजइ जो देही । संतत संत प्रसंसहिं तेही ॥**

"તોપણ હું તમારું કાર્ય કરીશ. વેદ બીજાના ઉપકારને પરમ ધર્મ કહે છે. બીજાના કલ્યાણકાર્યને માટે જે પોતાના શરીરનું પણ બલિદાન આપે છે તેની સત્પુરુષો સદા પ્રશંસા કરે છે."

કામદેવની એ પરહિતભાવના. એ ભાવના સવિશેષ રૂપે તો એટલા માટે આદરપાત્ર અને અભિનંદનીય હતી કે એના પરિણામે પોતાનું શ્રેય નહિ સધાય એવી એમને પ્રતીતિ હતી.

થયું પણ અંતે એમ જ. કામદેવનો પ્રભાવ સર્વત્ર ફરી વળ્યો. એ પ્રભાવનું વર્ણન કવિએ ખૂબ જ સુંદર, કળાત્મક, હૃદયંગમ ભાષાશૈલીમાં કર્યું છે. કવિ એને માટે અભિનંદનના અધિકારી છે.

ભગવાન શંકરની સમાધિ છૂટી. કામદેવનું દહન થયું.

જ્ઞાની ત્રીજું નેત્ર ઉઘાડે, એની ઋતંભરા પ્રજ્ઞા જાગે, એટલે કામનો પ્રભાવ ઘટી જાય, નિર્મૂળ થાય.

કામદેવને પરહિતને માટે બનતો ભોગ આપ્યાનો સંતોષ થયો. એમનું સ્થૂળ શરીર ભલે ભસ્મિભૂત બન્યું, યશશરીર સદાને માટે અમર, અકબંધ રહ્યું.

*

## ૮. પાર્વતીની પ્રતિક્રિયા

સપ્તર્ષિઓએ પાર્વતીની પાસે પહોંચીને કામદહનના સમાચાર સંભળાવ્યા ત્યારે પાર્વતીએ જે પ્રતીભાવ પ્રકટ કર્યો એ અદભુત હતો. કવિએ એ પ્રતિભાવને સરસ રીતે રજૂ કર્યો છે.

सुनि बोलीं मुसकाइ भवानी । उचित कहेहु मुनिबर बिग्यानी ॥
तुम्हरें जान कामु अब जारा । अब लगि संभु रहे सबिकारा ॥

"એ સાંભળીને પાર્વતીએ સ્મિત કરતાં કહ્યું કે વિજ્ઞાની મુનિવરો ! તમે યોગ્ય જ કહ્યું છે. તમારી માહિતી મુજબ કામને હમણાં જ બાળવામાં આવ્યો છે, અને અત્યાર સુધી શંકર વિકારી હતા."

"પરંતુ મારી સમજ પ્રમાણે શંકર સદા યોગી, અજન્મા, અનિંદ્ય, અકામ, ભોગરહિત છે. મેં એમને એવું માનીને જ સેવ્યા છે. એ કૃપાનિધાન ભગવાન મારી પ્રતિજ્ઞાને સાર્થક કરશે. તમે જે કહ્યું કે શંકરે કામને બાળી નાખ્યો તે તમારું અતિઘોર અજ્ઞાન છે. અગ્નિનો સહજ સ્વભાવ છે કે હિમ તેની પાસે નથી પહોંચતું. પહોંચે તો નાશ પામે છે. મહેશ તથા કામદેવના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે."

तात अनल कर सहज सुभाऊ । हिम तेहि निकट जाइ नहिं काऊ ॥
गएँ समीप सो अवसि नसाई । असि मन्मथ महेस की नाई ॥

એવા પરિપૂર્ણ પ્રતીતિકર શબ્દો પાર્વતી સિવાય બીજું કોણ કહી શકે ?

સાધકને અથવા આરાધકને પોતાના સદગુરૂમાં અથવા આરાધ્યદેવમાં એવો સમજપૂર્વકનો અચળ અગાધ વિશ્વાસ હોવો જોઈએ. તો જ તેની સાધના સફળ થાય.

*

## ૯. જાનાદિનું વર્ણન

પાર્વતી સાથેના ભગવાન શંકરના લગ્નની વાત નક્કી થઈ ગઈ.

રામચરિતમાનસના સ્વનામધન્ય ભક્તકવિ સંતશિરોમણિ તુલસીદાસે લગ્નની પૂર્વતૈયારીનું, જાનનું ને લગ્નનું વર્ણન અતિશય રોચક રીતે કર્યું છે. વર્ણનમાં કથાદૃષ્ટિ દેખાઈ આવે છે. એમાં વિનોદનો પણ સમાવેશ થયો છે. શિવભક્તોને એ વર્ણન વિશેષ રુચિકર ના પણ લાગે.

सिवहि संभु गन करहिं सिंगारा । जटा मुकुट अहि मौरु सँवारा ॥
कुंडल कंकन पहिरे ब्याला । तन बिभूति पट केहरि छाला ॥

"શિવના ગણો શિવને શણગારવા લાગ્યા. જટાનો મુકુટ કરીને તેના પર સર્પની કલગી સજાવી. શિવે સર્પોનાં કુંડળ તથા કંકણ પહેર્યાં, શરીર પર ભસ્મ લગાવી, અને વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રને ધારણ કર્યું."

"એક હાથમાં ત્રિશૂળ ને બીજા હાથમાં ડમરુ લીધું. વૃષભ પર ચઢીને એમણે પ્રયાણ કર્યું ત્યારે વાજાં વાગવા લાગ્યાં. દેવોની સ્ત્રીઓએ એમને દેખીને સ્મિતપૂર્વક કહ્યું કે આ વરને યોગ્ય કન્યા જગતમાં નથી."

શિવના ગણોનું વર્ણન એથી વધારે વિનોદયુક્ત લાગે છે.વળી,

नाचहिं गावहिं गीत परम तरंगी भूत सब ।
देखत अति बिपरीत बोलहिं बचन बिचित्र बिधि ॥

"ભાતભાતનાં તરંગી ભૂતો નાચતાં ને ગીત ગાતાં. તે દેખાવે ખૂબ જ કુરુપ હતાં અને વિચિત્ર પ્રકારનાં વચનો બોલતાં."

કવિ કહે છે કે, "જગતમાં નાનામોટા જેટલા પર્વતો છે તેમને, તથા જેમને વર્ણવતાં પાર આવતો નથી તે વનો, સમુદ્રો, સરિતાઓ તથા તળાવોને હિમાલયે આમંત્રણ આપ્યાં. ઈચ્છાનુસાર રૂપને ધરનારા તે સૌ સુંદર શરીરને ધારણ કરીને, સુંદર સ્ત્રીઓ તથા સમાજ સાથે હિમાલયને ઘેર જઈને મંગલ ગીતો ગાવા માંડ્યા. હિમાલયે પ્રથમથી જ તૈયાર કરાવેલાં ઘરોમાં સૌએ ઉતારો કર્યો."

કવિનું એ કથન સૂચવે છે કે હિમાલયે જડ પદાર્થોને નહીં પરંતુ એમના અધીશ્વરોને અથવા નાનામોટા શાસકોને આમંત્રણ આપેલાં. જડ પદાર્થો સુંદર સ્ત્રીઓ સાથે આવીને તૈયાર કરાવેલાં મકાનોમાં વસી શકે નહીં એ સહજ સમજાય તેવું છે. કવિના કથનનો એ સંબંધમાં શબ્દાર્થ લેવાને બદલે ભાવાર્થ જ લેવો જોઈએ.

*

## ૧૦. સ્ત્રીઓને ગાળો

રામચરિતમાનસના શિવપાર્વતી પ્રસંગમાં શિવપાર્વતીના લગ્નના અનોખા અવસર પર કવિ દ્વારા કરાયેલું સમૂહભોજન વખતનું વર્ણન ખાસ ઉલ્લેખનીય છે. એ વર્ણનને અનુસરીને કહીએ તો, "જમનારાની અનેક પંક્તિઓ બેઠી. ચતુર રસોઈયા પીરસવા લાગ્યા. સ્ત્રીઓ દેવોને જમતા જાણીને કોમળ વાણીથી ગાળો દેવા લાગી."

એના અનુસંધાનમાં જણાવ્યું કે-

गारीं मधुर स्वर देहिं सुंदरि बिंग्य बचन सुनावहीं ।
भोजनु करहिं सुर अति बिलंबु बिनोदु सुनि सचु पावहीं ॥
जेवँत जो बढ़्यो अनंदु सो मुख कोटिहूँ न परै कह्यो ।
अचवाँइ दीन्हे पान गवने बास जहँ जाको रह्यो ॥

"સ્ત્રીઓ મધુર સ્વરે ગાળો દેવા લાગી તથા વ્યંગશબ્દો સંભળાવવા લાગી. એ વિનોદને સાંભળીને દેવતા સુખ પામે છે, ભોજન કરે છે અને અતિશય સુખ પામે છે. ભોજન કરતાં જે આનંદ વધ્યો તેને કરોડો મુખે પણ વર્ણવી શકાય તેમ નથી. જમી રહ્યા પછી હાથ-મોંને ધોવડાવીને પાન અપાયાં. પછી બધા પોતપોતાના ઉતારા પર ગયા."

એ વર્ણન પરથી પ્રશ્ન ઉદભવે છે કે શિવપાર્વતીના વખતમાં આજની જેમ સ્ત્રીઓમાં લગ્નપ્રસંગે ગાળો દેવાની કે ફટાણાં ગાવાની પ્રથા પ્રવર્તમાન હશે, કે પછી કવિએ એવું વર્ણન પોતાના સમયની અસર નીચે આવીને કર્યું હશે ? બીજી સંભાવના સવિશેષ લાગે છે. તોપણ અભ્યાસીઓએ એ પ્રશ્ન વિચારવા જેવો છે.

તાંબુલ ખાવાની પ્રથા તો પરાપૂર્વથી, પ્રાગૈતિહાસિક કાળથી, પ્રવર્તમાન હતી જ, એવું લાગે છે.

*

## ૧૧. દહેજ

પાર્વતીના લગ્ન પછી એમના પિતા હિમાલયે એમને જે કાંઈ મદદ કે ભેટ રૂપે આપ્યું તેનું વર્ણન કરતાં કવિએ લખ્યું છેઃ

दासीं दास तुरग रथ नागा । धेनु बसन मनि बस्तु बिभागा ॥
अन्न कनकभाजन भरि जाना । दाइज दीन्ह न जाइ बखाना ॥

"દાસી, દાસ, ઘોડા, રથ, હાથી, ગાયો, વસ્ત્રો, મણિઓ, બીજી વસ્તુઓ, અન્ન તથા સોનાનાં વાસણો ગાડાં ભરીને દહેજમાં આપ્યાં. એમનું વર્ણન થઈ શકતું નથી."

હિમાલયે પાર્વતી તથા શંકરને તે વસ્તુઓ કોઈ પણ પ્રકારના ભય, દુરાગ્રહ કે દબાણને વશ થયા સિવાય સ્વેચ્છાથી તથા કર્તવ્યબુદ્ધિથી આપેલી. એ ખાસ યાદ રાખવા જેવું છે.

સાંપ્રત સમયમાં કેટલેક ઠેકાણે દહેજની પ્રથાએ જે વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે તેવા વિકૃત અનિષ્ટકારક સ્વરૂપનો સમાવેશ એમાં નહોતો થયો. એ એક જાતની પ્રેમપૂર્વકની પહેરામણી હતી.

*

## ૧૨. પૂર્ણાહુતિ

રામચરિતમાનસની કલ્યાણકારિણી, ક્લેશહારિણી કવિતાકૃતિમાં કવિની નમ્રતા તથા સરળતાની ઝાંખી આરંભથી માંડીને અંત સુધી સ્થળેસ્થળે થયા કરે છે.

શિવપાર્વતીના લીલાપ્રસંગોના આલેખનના અંતે કવિ કહે છે કે શિવનું ચરિત્ર સાગર સમાન અપાર છે. વેદ પણ તેનો પાર પામતા નથી તો અત્યંત મંદમતિ ગમાર તુલસીદાસ તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? એમની નિરભિમાનીતાને વ્યક્ત કરતો એ ભાવનો દોહો આ રહ્યોઃ

चरित सिंधु गिरिजा रमन बेद न पावहिं पारु ।
बरनै तुलसीदासु किमि अति मतिमंद गवाँरु ॥

ભક્ત કવિ તુલસીદાસની સરળતા, સહજતા, નમ્રતાના મહામૂલ્યવાન શાશ્વત દસ્તાવેજ સરખા એ શબ્દોને વાંચી વિચારીને આપણે કહીશું કે કવિવર, તમે તમારા કર્તવ્યને ખૂબ જ સરસ રીતે સફળતાપૂર્વક પૂરું કર્યું છે. મોટામોટા મેધાવી મહાબુદ્ધિશાળી પુરુષો કે પંડિતપ્રવરો પણ ના આલેખી શકે એવી સરસ રીતે તમે શિવપાર્વતી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એમના લીલાપ્રસંગોને આલેખ્યા છે. એમના સુવિશાળ ચરિત્રસિંધુમાં નિમજ્જન કરીને જનતાને એનો દેવદુર્લભ લાભ આપ્યો છે. એવી રીતે હે ભક્તપ્રવર, સંતશિરોમણિ, ભગવાન શંકર, રામ, સીતા તથા સત્પુરુષોના પરમકૃપાપાત્ર, તમે જે મહાન લોકોત્તર સાંસ્કૃતિક સત્કાર્ય કર્યું છે એને માટે સંસ્કૃતિ તમારી ઋણી રહેશે. તમને અમારાં આત્મિક અભિનંદન !

*

શિવપાર્વતીપ્રસંગની પૂર્ણાહુતિ સમયે એક બીજી વાત પ્રત્યે અંગુલિનિર્દેશ કરી દઉં.

પાર્વતીને વળાવતી વખતે એમની માતા મેનાએ શિખામણ આપતાં જણાવ્યું કે શંકરના પવિત્ર ચરણોની સદા પૂજા કરજે. સ્ત્રીનો ધર્મ એ જ છે. એને માટે પતિ બીજોથી કોઈ મોટો કે નાનો દેવ નથી.

नारिधरमु पति देउ न दूजा ॥

વળી કહ્યું કે વિધાતાએ સ્ત્રીને જગતમાં શા માટે પેદા કરી ? પરાધીનને સ્વપ્ને પણ સુખ હોતું નથી.

**कत बिधि सृजीं नारि जग माहीं । पराधीन सपनेहुँ सुखु नाहीं ॥**

મેનાના મુખમાં મુકાયેલા એ શબ્દો વ્યથામાં ઉચ્ચારાયેલા છે. આપણે તટસ્થ રીતે શાંતિપૂર્વક વિચારીશું તો સમજાશે કે સ્ત્રી સર્જનની શોભા છે. એના સિવાયનું સર્જન નીરસ અથવા અપૂર્ણ લાગે. પુરુષ તથા પ્રકૃતિની સંયુક્ત રાસલીલા કે રસલીલા એ જ જગત. સ્ત્રી પરાધીન નથી, સર્વતંત્ર સ્વતંત્ર, સ્વાધીન છે. પુત્રી રૂપે, ભગિની રૂપે સંપૂર્ણ સન્માનનીય છે. પત્ની થઈને પણ ગુલામ બનવાને બદલે ઘરની સ્વામિની, સામ્રાજ્ઞી બને છે. માતા રૂપે સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરે છે. દેશ તથા દુનિયાને મહત્વની મહામૂલ્યવાન ભેટ ધરે છે. વિધાતાએ કરેલું એનું સર્જન અભિશાપ નથી, આશીર્વાદ છે. એ વિભુનું વરદાન છે.

*

શિવપાર્વતીના સુંદર લીલાપ્રસંગો કેવળ પાઠ કે પારાયણ માટે નથી, પરંતુ ભગવાન શંકર તથા પાર્વતીના પવિત્ર પદારવિંદમાં પ્રેમ પ્રકટાવીને જીવનનું શ્રેય સાધવા માટે છે, એ યાદ રાખીએ. સાચું શાશ્વત સુખ એમાં જ સમાયેલું છેઃ જીવનને પરમાત્માપરાયણ કરવામાં.

* * *

# અયોધ્યા કાંડ

## ૧. સફેદ વાળનું દર્શન

બહારથી નાની અથવા સર્વસાધારણ જેવી દેખાતી વસ્તુઓમાંથી જાગ્રત અથવા વિવેકી પુરુષને કોઈવાર અવનવી પ્રેરણાની પ્રાપ્તિ થતી હોય છે. એ પ્રેરણા એના જીવનપ્રવાહને પલટાવવા માટે કે પરિશુદ્ધ કરવા માટે મહત્વનો મહામૂલ્યવાન ફાળો પ્રદાન કરતી હોય છે. એની અસર શકવર્તી બને છે અને સમસ્ત જીવનને અસર પહોંચાડે છે.

વસ્તુ છેક જ નાની હતી. લક્ષમાં ના લઈએ તોપણ ચાલે એવી. પરંતુ રાજા દશરથે ગંભીરતાથી લીધી.

રામચરિતમાનસના કથનાનુસાર રઘુકુળના રાજા દશરથ એક વાર રાજસભામાં વિરાજેલા. એમણે સ્વાભાવિક રીતે જ હાથમાં દર્પણ લઈને મુખને નિહાળીને મસ્તક પરના મુકુટને સરખો કર્યો.

એમણે એકાએક જોયું કે કાન પાસેના કેશ ધોળા થયા છે.

**श्रवन समीप भए सित केसा। मनहुँ जरठपनु अस उपदेसा ॥**

કેશ ધોળા થવાની હકિકત દેખીતી રીતે જ છેક સાધારણ હતી તોપણ રાજાએ એને ગંભીરતાથી લઈને વિચાર્યું કે વૃદ્ધાવસ્થા જાણે ઉપદેશ આપી રહી છે કે રામને યુવરાજપદ આપી મારે જીવન તથા જન્મની પરમ ધન્યતાનો લ્હાવો લેવો જોઈએ.

સફેદ વાળનું દર્શન કરનારા સઘળા એવી સમજપૂર્વકની સ્વૈચ્છિક નિવૃતિનો વિચાર તથા નિર્ણય નથી કરતા. નહિ તો સમાજમાં જાહેરજીવનનું ચિત્ર કેટલું બધું બદલાઈ જાય અને તંદુરસ્ત થાય ? કેટલીક વાર વાળ અકાળે જ સફેદ બની જાય છે. તોપણ અમુક વયમર્યાદા કે વૃદ્ધાવસ્થા પછી જાહેરજીવનમાંથી સ્વેચ્છાપૂર્વક નિવૃતિ લેવાની ને પોતાની જવાબદારી બીજા સુપાત્ર પુરુષને સોંપવાની પરંપરા આવકારદાયક છે. એથી મમત્વ ઘટે છે ને બીજાને લાભ મળે છે.

રાજા દશરથનો વિચાર એ દ્રષ્ટિએ આદર્શ અને અભિનંદનીય હતો. જોકે એમાં આગળ પર આવનારી અસાધારણ આપત્તિનું બીજ છુપાયેલું એની ખબર એમને ન હતી. એમણે રામના રાજ્યાભિષેકનો કે યુવરાજપદનો વિચાર જ ના કર્યો હોત તો આગળ પરની એના પરિણામે પેદા થયેલી રામવનવાસની માગણીને અને ઘટનાને કદાચ ટાળી શકાઈ હોત. એમનું પોતાનું મૃત્યુ પણ અનિવાર્ય ના બન્યું હોત. પરંતુ માનવ વિચારે છે કાંઈક અને બને છે કાંઈક. જે કાંઈ થાય છે તે સઘળું એના હાથમાં, એની ઈચ્છા પ્રમાણેનું નથી હોતું. રાજાનો સંકલ્પ સારો હતો પરંતુ એનો પ્રતિભાવ સર્વ પર, ખાસ કરીને મંથરા પર અને એની સતત સમજાવટથી કૈકેયી પર સાનુકૂળ ના પડ્યો. એથી જ આગળની અણધારી આપત્તિ આવી પડી.

એક બીજી વાત પ્રત્યે અંગુલિનિર્દેશ કરી લઉં. રાજા દશરથે રાજસભામાં બેસીને હાથમાં લીધેલા દર્પણમાં જોયું એવું વર્ણવવાને બદલે, એમના રાજપ્રાસાદમાં દર્પણમાં જોયું એવું વર્ણન સુસંગત ના લાગત ? રાજસભા કરતાં રાજપ્રાસાદ જ દર્પણમાં જોવાનું સુયોગ્ય સ્થાન લેખી શકાય. રાજાને પોતાને જ

રાજસભામાં દર્પણમાં, અને હાથમાં રાખેલા દર્પણમાં દેખતા વર્ણવવા એ રઘુકુળના આદર્શ રાજા દશરથની રાજસભાની ગંભીરતા તથા પવિત્રતાને નથી સૂચવતું.

*

## ૨. સાંસ્કૃતિક પરંપરા

અયોધ્યાના રાજા દશરથે રામને યુવરાજપદે સ્થાપવાનો સંકલ્પ કરી લીધો, પરંતુ વાત એટલેથી જ પૂરી નથી થતી. મહત્વની, સમજવા જેવી, એ સમયની ભારતીય સંસ્કૃતિના પરંપરાગત શિષ્ટાચારની વિશેષ નોંધપાત્ર વાત તો હવે આવે છે, અને કવિ એને અતિશય સફળતાપૂર્વક સરસ રીતે વર્ણવે છે. કવિની દ્રષ્ટિ તથા શક્તિનો ત્યાં વિજય થાય છે. એ વર્ણનમાં ભારતીય સંસ્કૃતિની પરંપરાનું દર્શન થાય છે. એ દર્શન આહલાદક અને પ્રેરક છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સદગુરુનું મહત્વ ને માન સૌના કરતાં સવિશેષ છે. રાજા દશરથ સદગુરુ વશિષ્ઠને મળીને એમની અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરે છે.

એ પ્રયત્ન સફળ થાય છે. મુનિ વશિષ્ઠ રાજા દશરથના શુભ સંકલ્પ સાથે સંમત થઈને રામને યુવરાજપદે પ્રતિષ્ઠિત કરવા માટે વિલંબ ના કરવાનો ને સઘળી તૈયારી કરવાનો આદેશ આપે છે.

રાજા પ્રસન્ન થઈને પોતાના મહેલમાં આવે છે અને સચિવ સુમંત્રને અને સેવકોને બોલાવીને સઘળી વાત કહી સંભળાવે છે ને જણાવે છે કે પંચને રામને યુવરાજ બનાવવાનો અભિપ્રાય ઉચિત લાગે છે. તમે તેમને હર્ષપૂર્વક રાજતિલક કરો.

એ સાંભળીને સૌ પ્રસન્ન થાય છે.

મહામુનિ વશિષ્ઠની સુચનાનુસાર રામના રાજ્યાભિષેકની પૂર્વતૈયારી કરવામાં આવે છે.

રાજા દશરથની રાણીઓને એ સમાચાર પાછળથી મળે છે. સૌથી છેલ્લે જેમનો રાજ્યાભિષેક થવાનો છે તે રામને.

પ્રથમ ગુરુની અનુમતિ, પછી સચિવની ને પંચની. રાણીઓ છેક છેલ્લે જાણે છે.

આપણે ત્યાં સામાન્ય રાતે અથવા બદલાયેલા સંજોગોમાં વધારે ભાગે શું થાય છે ? તદ્દન ઊલટું જ. સૌથી પહેલાં કોઈ અગત્યની ગુહ્ય વાત હોય છે તો એનું રહસ્યોદ્ઘાટન અને એની અનુમતિ પત્ની પાસે કરવામાં ને માગવામાં આવે છે. પછી શ્વસુરપક્ષ તથા મિત્રમંડળ પાસે. ગુરુ તો છેક છેવટે કહેવાય છે, પુછાય છે અને કહેવાતું કે પુછાતું નથી પણ ખરું. ઘટનાચક્ર સાથે જેનો સીધો સંબંધ હોય છે એને પ્રથમથી પણ કહેવામાં આવે છે. રામાયણકાળની સાંસ્કૃતિક પરંપરા કેવી હતી એનો ખ્યાલ રામચરિતમાનસના ઉપર્યુક્ત વર્ણન પરથી સહેલાઈથી આવી શકે છે.

*

## ૩. રામની પ્રતિક્રિયા

રામચરિતમાનસનું એ વર્ણન આગળ વધે છે. રાજા દશરથના રહેવાથી મુનિ વશિષ્ઠ રામના રાજપ્રાસાદે પહોંચ્યા ત્યારે રામે દ્વાર પર આવીને એમનાં ચરણે મસ્તક નમાવીને, સાદર અર્ઘ્ય આપી, ઘરમાં લાવીને એમનું પૂજન-સન્માન કર્યું. સીતા સાથે એમને ચરણસ્પર્શ કર્યો.

એ વર્ણન રામની ગુરુ પ્રત્યેની પ્રીતિ અને એમની નમ્રતા દર્શાવે છે.

જેનું લગ્ન લેવાયું હોય તે ઉમેદવારને કશી માહિતી જ ના હોય અને લગ્નની બધી તૈયારી કરી હોય; બેન્ડવાળાને બોલાવવામાં આવ્યા હોય, કંકોત્રીઓ પાઠવી હોય, જમણવારની તૈયારી થઈ ગઈ હોય અને જાનૈયાઓ પણ એકઠા થયા હોય; જેનું લગ્ન લેવાયું હોય તેને છેક છેલ્લી ઘડીએ ખબર આપવામાં આવતી હોય તેમ, રામને એમના રાજ્યાભિષેક વિશે હજુ હવે કહેવામાં આવે છે. રાજા દશરથને કદાચ એવો વિશ્વાસ હશે કે આજ્ઞાંકિત રામ પોતાની અને વશિષ્ઠની આજ્ઞાને કોઈ પણ પ્રકારના વિરોધ, તર્કવિતર્ક કે સંકોચ સિવાય આનંદપૂર્વક અનુસરશે.

મુનિ વશિષ્ઠે રામને જણાવ્યું કે રાજા તમને યુવરાજપદ આપવા ઈચ્છે છે. એમણે એને માટેની પૂર્વતૈયારી કરી લીધી છે.

भूप सजेउ अभिषेक समाजू। चाहत देन तुम्हहि जुबराजू ॥

મુનિ વશિષ્ઠ દ્વારા રાજ્યાભિષેકના એ સર્વસુખદ સમાચાર સાંભળ્યા પછી રામની પ્રતિક્રિયા જાણવા જેવી છે. એમને એક અસાધારણ કહી શકાય એવો વિચાર ઉદભવ્યો.

जनमे एक संग सब भाई। भोजन सयन केलि लरिकाई ॥
करनबेध उपबीत बिआहा। संग संग सब भए उछाहा ॥

"અમે બધા ભાઈઓ એકસાથે જનમ્યા. અમારું ભોજન, શયન, બાલ્યાવસ્થાનું રમવાનું અને અમારા કર્ણવેધ, યજ્ઞોપવિત સંસ્કાર તથા લગ્નપ્રસંગના ઉત્સવો પણ સાથેસાથે જ થયા."

बिमल बंस यहु अनुचित एकू। बंधु बिहाइ बड़ेहि अभिषेकू ॥

"આ નિર્મળ રઘુવંશમાં મને એક વસ્તુ ખરેખર અયોગ્ય લાગે છે અને તે વસ્તુ એ કે બીજા બધા બંધુઓને મૂકીને મોટા બંધુનો અભિષેક થાય છે."

કવિએ રામના મુખમાં ખૂબ જ સુંદર, આદર્શ, પ્રેરક, ક્રાંતિકારી, સત્યમૂલક શબ્દો મૂક્યા છે. મોટાભાઈનો રાજ્યાભિષેક શા માટે ? વચલા કે નાના ભાઈનો શા માટે નહીં ? અથવા મોટા કે નાના - ગમે તેવા પરંતુ સુયોગ્ય ભાઈનો શા માટે નહીં ? એવી અતિઅગત્યની, જાહેર જનતાનું હિત ધરાવતી વાતોમાં જન્મ કે વયને બદલે યોગ્યતા કે પાત્રતા પ્રમાણેની પસંદગી જ અધિક આદર્શ અને આવકારદાયક થઈ પડે. રામનો વિચાર પ્રશંસનીય હતો. પરંતુ વિચાર વિચાર જ રહ્યો. અમલમાં ના મૂકાયો. વિચાર ગમે તેટલો આદર્શ, અસાધારણ, ક્રાંતિકારક હોય પરંતુ તે ક્રાંતિ કરે જ નહીં, આચારમાં અનુવાદિત ન બને તો શું કામનું ? રામ આગળ ના વધ્યા, એમની લાગણી અને એમના સાત્વિક મનોમંથનમાંથી ઉદભવેલી સદભાવનાને એ દશરથ, વશિષ્ઠ, સચિવ અથવા અન્યની આગળ રજૂ કરી શક્યા હોત. એવી દલીલ દ્વારા કવિ એ વિચારને સગૌરવ આગળ વધારી શક્યા હોત. પરંતુ એમ નથી થઈ શક્યું. એ વસ્તુ ચૂકી જવાઈ કે ત્યાં જ મુકી દેવાઈ છે.

રામ એમની વિચારસરણીને વડીલો સમક્ષ રજૂ કરત તોપણ એને કોઈ માનત નહીં. તોપણ એવી રજૂઆત એમને માટે સંતોષકારક લેખાત. એને લીધે કવિતામાં નવો રસ પેદા થાત. એવી રીતે રામની રાજ્યાભિષેક માટેની નિર્મમતાને વધારે સારી રીતે બતાવી શકાઈ હોત.

*

## ૪. દેવોનો ઉદ્યોગ

રામચરિતમાનસમાં કહ્યા પ્રમાણે રામના રાજ્યાભિષેકની વાત બીજા બધાને તો ગમી પરંતુ દેવોને ના ગમી. એમણે સરસ્વતીને બોલાવીને એના પગ પકડીને અવારનવાર અરજ કરીને જણાવ્યું કે અમારી આપત્તિ જોઈને તમે એવું કરો કે રામ રાજ્યને છોડીને વનમાં જાય ને દેવોનું સઘળું કાર્ય સિદ્ધ થાય.

**बिपति हमारि बिलोकि बड़ि मातु करिअ सोइ आजु।**
**रामु जाहिं बन राजु तजि होइ सकल सुरकाजु ॥**

દેવોની અરજ સરસ્વતીને સહેજ પણ ના ગમી. દેવોએ એને પુનઃ પ્રાર્થીને પોતાના હિતકાર્ય માટે અયોધ્યા જવા જણાવ્યું. દેવોએ વારંવાર એને ચરણ પકડીને સંકોચમાં નાખી એટલે દેવોની બુદ્ધિ ઓછી છે એવું વિચારીને તેણે ત્યાંથી પ્રયાણ કર્યું.

**नामु मंथरा मंदमति चेरी कैकेइ केरि।**
**अजस पेटारी ताहि करि गई गिरा मति फेरि ॥**

"અયોધ્યામાં મંથરા કૈકેયીની દાસી હતી. એને અપયશની ભાગિની બનાવીને, એની બુદ્ધિ ફેરવીને કે બગાડીને સરસ્વતી જતી રહી."

કવિનું આલેખન કથાની દ્રષ્ટિએ કદાચ રોચક લાગે પરંતુ બીજી રીતે વિચારતાં ત્રુટિપૂર્ણ દેખાય છે. કવિ અનાવશ્યક રીતે કલ્પનાનો આશ્રય લઈ રહ્યા છે. દેવોની વાતને વચ્ચે લાવ્યા વગર કથા કહી શકાઈ હોત. દેવોની અરજ સ્વીકારવાનો સૌથી પ્રથમ સરસ્વતીએ ઈન્કાર કર્યો ને વિચાર્યું કે દેવો મંદબુદ્ધિ છે. પરંતુ આગળ પર દેવોના અત્યાગ્રહને વશ થઈને એની દ્રષ્ટિએ જે અયોગ્ય હતું તે કર્મ કરવાની એણે તૈયારી બતાવીને, મંથરાની બુદ્ધિને બદલાવી, એવા આલેખનથી એનું વ્યક્તિત્વ તદ્દન સામાન્ય કક્ષાએ ઉતરી પડે છે. એ આવશ્યક અથવા અપેક્ષિત આત્મબળથી વંચિત બનીને પોતાનું સ્વાભાવિક ગૌરવ ખોઈ બેસે છે. એક કુકર્મમાં મુખ્ય પક્ષકાર બને છે. પરોક્ષ રીતે બધા જ દોષનો ટોપલો એના માથા પર નાખી દેવામાં આવે છે. આપણાં સર્વહિતમાં માનનારાં, અકલંક, આદર્શ, પરમારાધ્ય, પરમ વંદનીય, દૈવી પાત્રોનું એવું આલેખન એમને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે અન્યાય કરનારું અને લોકનજરે ઉતરાતાં બતાવનારું બનવાનો સંભવ છે.

સરસ્વતીને અતિશય આગ્રહપૂર્વક અયોધ્યામાં અશુભ આશયથી પ્રેરાઈને મોકલવાનો દેવોનો ઉદ્યોગ અભિનંદનીય નથી લાગતો. એ આખુંય આલોખન ક્ષેપક પણ હોઈ શકે. જો એ યથાર્થ જ હોય તો આદર્શ અને શોભાસ્પદ નથી. માનવ સન્મતિ અને દુર્મતિ - બંનેનો બનેલો છે. એની અંદર ક્યારે કોનું પ્રાબલ્ય થઈ જાય તે વિશે ચોક્કસપણે કશું જ કહી શકાય નહીં. એવા સીધાસાદા સર્વસામાન્ય આધાર પર, દેવોની કે સરસ્વતીની વાતને વચ્ચે લાવ્યા સિવાય, સીધું જ કહી શકાયું હોત કે મંથરાની બુદ્ધિ એની પોતાની દ્વેષવૃતિ, દુર્ભાવના કે બીજા કોઈ કારણથી બગડી ગઈ, અને એણે કૈકેયીના કાનને ભંભેર્યા, તો કોઈ પ્રકારની હરકત ના પેદા થાત. એવું આલેખન સવિશેષ સુંદર અને સુસંગત થઈ પડત.

રામચરિતમાનસના રસિક તથા મર્મજ્ઞ કવિએ મંથરાના પાત્રને ખૂબ જ કળાત્મક રીતે સહજતા અને સફળતા સહિત રજૂ કર્યું છે. એમનું એ પાત્રાલેખન આદર્શ અને અદભૂત છે. એમને કુશળ સફળ

મનોવૈજ્ઞાનિક સિદ્ધ કરે છે. કૈકેયીનું પાત્રાલેખન પણ એવું જ પ્રાણવાન ને કુશળ છે. મંથરાના પાત્રાલેખન સાથે એ તાણા ને વાણાની પેઠે મળી જાય છે. એકરૂપ થાય છે.

કૈકેયીના કાનને ભંભેરવાનો ને મનને મલિન બનાવવાનો મંથરાનો ઉદ્યોગ શરૂઆતમાં તો સફળ નથી થતો, પરંતુ છેવટે યશસ્વી ઠરે છે. રામ પ્રત્યે પ્રખર સ્નેહ અને સદભાવને સેવનારી કૈકેયી મંથરાની રામવિરોધી વાતને માની લે છે. એ એના વ્યક્તિત્વનો ને કવિની કવિતાકળાનો નાનો સરખો વિજય ના લેખાય.

મંથરાના માર્ગદર્શન પ્રમાણે એ કઠોરતાની મૂર્તિ બનીને કોપભવનમાં પ્રવેશે છે ને દશરથની પરવશતાનો લાભ ઉઠાવીને પૂર્વનાં શેષ રહેલાં બે વરદાન મેળવે છે. કૈકેયી તથા દશરથનો આ સંવાદ કેટલો બધો સૂચક છે ?

मागु मागु पै कहहु पिय कबहुँ न देहु न लेहु।
देन कहेहु बरदान दुइ तेउ पावत संदेहु ॥ २७ ॥

"હે પ્રિયતમ, તમે માગ માગ કહો છો પણ કોઈ વાર આપતા નથી ને લેતા નથી. તમે મને બે વરદાન માટે કહેલું પરંતુ તે મળવામાં પણ સંદેહ છે."

जानेउँ मरमु राउ हँसि कहई। तुम्हहि कोहाब परम प्रिय अहई ॥
थाति राखि न मागिहु काऊ। बिसरि गयउ मोहि भोर सुभाऊ ॥ १ ॥

"રાજાએ હસીને કહ્યું કે તારો મર્મ સમજ્યો. તને કોપાયમાન થવાનું ગમે છે. તે વરદાનોને થાપણ તરીકે રાખીને તે કદી માગ્યા જ નથી. મારો સ્વભાવ ભૂલકણો હોવાથી હું તે ભૂલી ગયો છું."

झूठेहुँ हमहि दोषु जनि देहू। दुइ कै चारि मागि मकु लेहू ॥
रघुकुल रीति सदा चलि आई। प्रान जाहुँ बरु बचनु न जाई ॥

"મને ખોટો દોષ ના દે. બેને બદલે ચાર વરદાન માગી લે. રઘુકુળમાં સદાને માટે એવી પરંપરા ચાલી આવે છે કે પ્રાણ જાય તો ભલે જાય પરંતુ વચન ના જવું જોઈએ."

એવી રીતે સઘળી પૂર્વભૂમિકાને તૈયાર કરીને કૈકેયીએ વરદાન માગી લીધાં. રાજા દશરથ પર વજ્રપ્રહાર થયો. પરંતુ હવે કોઈ વિકલ્પ નહોતા રહ્યો. એ કૈકેયીના સાણસા-વ્યૂહમાં સારી પેઠે સપડાઈ ગયા.

જે કૈકેયી રામને ભરત કરતાં પણ વધારે પ્રિય સમજતી હતી તે ભરતને માટે રાજતિલકનું અને રામના ચૌદ વરસના વનવાસનું વરદાન માગી બેઠી. સંજોગોનો પ્રભાવ માનવ પર કેટલો બધો પ્રબળપણે પડે છે ? સંજોગોની અસર નીચે આવીને સજ્જન દુર્જન બને છે ને દુર્જન સજ્જન. સંજોગો માનવને દેવ પણ કરે છે ને દાનવ પણ. અનુકૂળ બનાવે છે ન પ્રતિકૂળ પણ. જોકે સંજોગોની સત્તા સર્વોપરિ નથી તોપણ નિર્બળ મનના માનવો એમની અસર નીચે સહેલાઈથી આવી જાય છે. કૈકેયી તથા મંથરાના પાત્રો એવો સારગર્ભિત સંદેશો સંભળાવે છે.

*

## ૫. સીતા તથા રામની પ્રતિક્રિયા

રામના મળરહિત મન પર એ પ્રતિકૂળ પરિસ્થિતિનો કશો જ પ્રતિકૂળ પ્રભાવ ના પડ્યો. એમને પ્રથમથી જ રાજ્યની લાલસા ન હતી. એમણે કૈકેયી દ્વારા સઘળી વાત સાંભળીને દશરથને આશ્વાસન આપ્યું,

કૈકેયીનો આભાર માન્યો, ને વનગમનની તૈયારી દર્શાવી. એમના શ્રીમુખમાં કેટલા બધા સરસ શબ્દો મુકાયા છે ?

सुनु जननी सोइ सुतु बड़भागी। जो पितु मातु बचन अनुरागी ॥
तनय मातु पितु तोषनिहारा। दुर्लभ जननि सकल संसारा ॥

"હે માતા સાંભળો. જે માતાપિતાનાં વચનો પર પ્રેમ રાખતો હોય તે જ પુત્ર ભાગ્યશાળી કહેવાય છે. માતા તથા પિતાને સંતોષનારો સુપુત્ર સમસ્ત સંસારમાં દુર્લભ છે."

"વનમાં ખાસ કરીને મુનિવરોનો મેળાપ થશે. એથી મારું સર્વપ્રકારે શ્રેય સધાશે. તેમાં વળી તે માટે પિતાજીની આજ્ઞા છે ને તમારી સંમતિ."

"પ્રાણપ્રિય ભરત રાજ્ય પામશે. મને આજે વિધિ સર્વ રીતે અનુકૂળ છે. જો આવા કાર્યને માટે વનમાં ના જઉં તો મૂર્ખના સમાજમાં મને પ્રથમ ગણવો જોઈએ."

अंब एक दुखु मोहि बिसेषी। निपट बिकल नरनायकु देखी ॥
थोरिहिं बात पितहि दुख भारी। होति प्रतीति न मोहि महतारी ॥

"માતા, રાજા ખૂબ જ વ્યાકુળ બની ગયા છે એથી મને મોટું દુઃખ થાય છે. વાત ઘણી નાની હોવા છતાં પિતાને ભારે દુઃખ થઈ રહ્યું છે એનો મને વિશ્વાસ નથી થતો."

કેવી સાનુકૂળ પ્રતિક્રિયા !

રામે કૌશલ્યાની અનુમતિ મેળવી લીધી. કૌશલ્યા પાસે પહોંચેલી સીતાને ઘરમાં રહીને સૌની સેવા કરવાનું કહ્યું. વનની વિષમતાઓનો અને વિપત્તિઓનો પણ ખ્યાલ આપ્યો. છતાં પણ સીતાનું મન ઘરમાં રહેવા માટે ના માન્યું. સીતાના શબ્દોનો સારભાગ સમજવા જેવો છેઃ "હે પ્રાણનાથ, હે કરુણાધામ, સુંદર, સુખદાયક, સર્વાન્તરયામી ! હે રઘુકુળરૂપી કુમુદના ચંદ્ર ! તમારા સિવાયનું સ્વર્ગ પણ મારે માટે નરકસમાન છે."

जिय बिनु देह नदी बिनु बारी। तैसिअ नाथ पुरुष बिनु नारी ॥
नाथ सकल सुख साथ तुम्हारें। सरद बिमल बिधु बदनु निहारें ॥ ४ ॥

"જીવ સિવાય જેમ શરીર અને જળ વિનાની નદી તે જ પ્રમાણે પુરુષ વિના સ્ત્રી હોય છે. હે નાથ, તમારી સાથે રહીને તમારું શરદ ઋતુના નિર્મળ ચંદ્ર જેવું મુખમંડળ જોતાં મને સર્વપ્રકારનું સુખ મળી રહેશે."

खग मृग परिजन नगरु बनु बलकल बिमल दुकूल।
नाथ साथ सुरसदन सम परनसाल सुख मूल ॥ ६५ ॥

"તમારી સાથે પશુપક્ષીઓ મારાં કુટુંબી થશે. વન નગર બનશે અને વૃક્ષોની છાલ સુંદર નિર્મળ વસ્ત્ર. પર્ણકુટી સરસ સુખના મૂળરૂપ થઈ રહેશે."

"ઉગાર હૃદયના વનનાં દેવદેવીઓ સાસુ-સસરાની પેઠે મારી સંભાળ રાખશે. દર્ભ તથા કોમળ પાંદડાની સુંદર પથારી પ્રભુની સાથે કામદેવની મનહર તળાઈ થશે. કંદમૂલફળનો આહાર અમૃતસમાન થશે. પર્વતો અયોધ્યાના સેંકડો રાજમહેલ સમાન. દિવસે આનંદમાં રહેતી ચકવીની જેમ પ્રભુના ચારુ ચરણકમળને નિહાળીને હું પ્રત્યેક પળે પ્રસન્ન રહીશ."

"હે નાથ, તમે વનના વિવિધ દુઃખો તથા ભય, વિષાદ, પરિતાપ વિશે કહ્યું. પરંતુ હે કૃપાનિધાન, તે સઘળાં ભેગાં થાય તોપણ પ્રભુના વિયોગના દુઃખના લવલેશ સમાન પણ ના થઈ શકે."

"હે દીનબંધુ, સુંદર સુખદાતા ! શીલ સ્નેહના ભંડાર ! ચૌદ વરસની અવધિ સુધી મને અયોધ્યામાં રાખશો તો મારો પ્રાણ નહીં રહે."

"ક્ષણે ક્ષણે તમારાં ચરણકમળને નિહાળીને ચાલવાથી મને થાક નહિ લાગે. હું તમારી સર્વ પ્રકારે સેવા કરીશ. માર્ગનો તમારો થાક દુર કરીશ. તમારા પગ ધોઈને, વૃક્ષોની છાયામાં બેસીને, તમને પંખો નાખીશ. પ્રસ્વેદ કણોવાળું તમારું શ્યામ શરીર જોવાથી દુઃખનો વખત ક્યાં રહેશે ?"

"સપાટ ભૂમિ પર ઘાસ તથા કૂંપળો બિછાવીને આ દાસી આખી રાત તમારા પગ દબાવશે. તમારી મનહર મૂર્તિના દર્શનથી મને થાક નહિ લાગે. સિંહણને સસલું કે શિયાળ જેમ જોઈ શકતું નથી તેમ પ્રભુની સાથે મને આંખ ઉંચી કરીને જોનારું કોણ છે ? હું સુકુમારી છું તો તમે વનને યોગ્ય છો ? તમને તપ યોગ્ય છે ને મારે માટે વિષયોનો ઉપભોગ ?"

સીતાના ઉદગારો એના પ્રાણમાં પ્રકટેલા તથા પ્રબળ બનેલા પતિપ્રેમને પ્રકટ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને માટે પુરુષ અને પુરુષને માટે સ્ત્રી શરીરના સુખોપભોગનું કે જીવનના અંગત આમોદપ્રમોદનું સાધન નથી પરંતુ જીવનનું સારસર્વસ્વ છે. જીવનસાધનાના સ્વર્ણસોપાનની સામગ્રી છે. સૌથી અધિક છે. એની સ્વર્ગીય સંનિધિમાં રહેવું અને એની સેવા કરવી એ એનું કર્તવ્ય મનાય છે. સીતાએ એ કર્તવ્યને વાચા આપી. એને પૂર્ણપણે વફાદાર રહીં. એના ઉદગારો વીરતાના, સહનશીલતાના, નિર્ભયતાના, રામ પ્રત્યેના પરમપવિત્ર પ્રબળતમ પ્રેમના ને શ્રદ્ધાભક્તિના દ્યોતક છે.

એ શબ્દોને સાંભળ્યા પછી રામે એને સાથે આવવાની અનુમતિ આપી.

સીતાને એથી શાંતિ થઈ.

*

## ૬. ઉર્મિલાની વિસ્મૃતિ

રામકથાના પાવન પ્રવાહમાં એક પ્રાણવાન પરમપવિત્ર પાત્રની વિસ્મૃતિ થઈ છે. મહર્ષિ વાલ્મીકિએ કે સંતશિરોમણી તુલસીદાસે એને અનુરાગની અંજલિ આપી નથી. એનું ગૌરવગાન ગાવાનું તો બાજુએ રહ્યું પણ એનો ઉલ્લેખ પણ નથી કર્યો. એ પાત્ર ઉર્મિલાનું છે. એ પાત્રની વિસ્મૃતિ થઈ છે કે ઉપેક્ષા કરાઈ છે એવું અનેક રામકથારસિકોને લાગ્યા કરે છે. એવા લાગણી સર્વથા નિરાધાર અથવા અસ્થાને નથી.

સીતા તથા ઉર્મિલાનાં લગ્ન એકસાથે જ લેવાયા. શ્રુતકીર્તિ તથા માંડવી સાથે. પરંતુ સીતા સિવાયની એ ત્રણે બેનો રામકથાના પંરપરાગત પ્રવાહમાંથી અદ્રશ્ય રહી છે. ઉર્મિલા પર રામકથાનો ઘણો મોટો આધાર હતો. એના અંતરમાં પણ સીતાના અંતરમાં રામને માટે જાગ્યા તેવા પ્રેમભાવો લક્ષ્મણને માટે જાગ્યા જ હશે. એ લક્ષ્મણને રામ-સીતા સાથે વનમાં જવા અનુમતિ ના આપત અને અયોધ્યાના રાજપ્રાસાદમાં જ પોતાની પાસે રહેવાનો આગ્રહ કરત તો લક્ષ્મણની સ્થિતિ વિચિત્ર થઈ પડત. રામાયણની કથા જુદો જ વળાંક લેત.

પરંતુ ઉર્મિલાએ એવું ના કર્યું. એણે અનોખો ત્યાગ કરી બતાવ્યો. લક્ષ્મણને અનુમતિ આપી. પતિ તરીકે તમારું પ્રથમ કર્તવ્ય મારા પ્રત્યે છે; તમે મને પરણ્યા છો, રામને નહિ એવી દલીલનો વિચારસરખો ના કર્યો. રામની સંનિધિ તથા સેવામાં જીવનનું પરમકલ્યાણ સમજીને લક્ષ્મણને તેને માટે પ્રેરણા પૂરી પાડી. પોતાના તરફથી કોઈ પ્રકારનો અવરોધ ના ઉભો કર્યો. પોતે ઘરમાં રહીને તપ કર્યું, સેવા કરી, શાંતિ રાખી. ચૌદ વરસની અવધિ સુધી તિતિક્ષા તથા પવિત્રતા પાળી. ભરત ચિત્રકૂટ ગયા ત્યારે પણ ઉર્મિલા લક્ષ્મણને મળવા લઈ જવાત. એ ઘટના, એ અવસરને અનુરૂપ ગણાત. ઉર્મિલાનો ઉલ્લેખ તે વખતે કરી શકાયો હોત; પણ નથી થયો.

સીતાનો પંથ કંઈક અંશે સરળ હતો. એની સાથે રામ હતા. ઉર્મિલાનો પ્રમાણમાં વિકટ, વધારે વિકટ પંથ હતો તોપણ એણે એને સસ્મિત પાર કર્યો. એ સીતા કરતાં લેશપણ ઉતરતી નહોતી. થતાં પણ એનો ઉલ્લેખ નથી થયો. એના ઉલ્લેખ દ્વારા કવિતા વિશેષ રસમય તથા પ્રેરક બનાવી શકાઈ હોત.

*

## ૭. દશરથની દશા

રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન લગ્ન કરીને અયોધ્યામાં આવ્યા ત્યારે સ્ત્રીઓને, દશરથને અને કૌશલ્યાદિ રાણીઓને કેટલો બધો આનંદ હતો ? એમના જીવનમાં મહાન પર્વદિન પેદા થયેલો. રામનો ને અન્ય સૌનો એમણે અંતરના ઊંડા ઉમળકાભેર સત્કાર કરેલો. એ વખતે એમને કલ્પના પણ નહિ કે એ આનંદ, પર્વપ્રસંગ અથવા સત્કાર ક્ષણજીવી છે. એની પાછળ ચિંતા, વિષાદ, વેદનાના ઘેરા ઓળા પથરાયેલા છે. રામના રાજ્યાભિષેકનો અસાધારણ ઉલ્લાસાનુભવ હજુ તો તાજો જ હતો. એ ઉલ્લાસરસમાં સ્નાન કરનારા દશરથને ખબર પણ નહીં કે એ ઉલ્લાસનું શમન ધાર્યા કરતાં ઘણાં ઓછા સમયમાં થઈ જવાનું છે. "ન જાણ્યે જાનકીનાથે સવારે શું થવાનું છે" એ સુપ્રસિદ્ધ કાવ્યપંક્તિ પ્રમાણે રામ અને સીતાને પણ પોતાના વનગમનની માહિતી ન હતી. સુખથી સંભ્રાંત બનેલો માનવ એ જ સુખના સમીપવર્તી સંકટને જોઈ શકતો નથી.

રામ,લક્ષ્મણ તથા સીતાને વનમાં જતા જોઈને રાજા દશરથનું હૃદય રડી રહ્યું. એમની દશા અતિશય કરુણ બની ગઈ. એ અચેત બનીને ધરતી પર ઢળી પડ્યા.

રામ, લક્ષ્મણ તથા સીતાને વનમાં મૂકીને થોડા દિવસ પછી સચિવ સુમંત્રે અયોધ્યામાં પ્રવેશ કર્યો ત્યારે દશરથે સઘળા સમાચાર સાંભળીને અતિશય શોક દર્શાવ્યો. એમના દિલમાં દાહ થયો. એમના જીવન પર કાળનો પડદો પડી ગયો. રામના વારંવારના રટણ સાછે એમણે છેલ્લો શ્વાસ લીધો.

राम राम कहि राम कहि राम राम कहि राम।
तनु परिहरि रघुबर बिरहँ राउ गयउ सुरधाम ॥

જીવાત્માને પરમાત્મા માટે કેવો પરમપવિત્ર પ્રબળ પ્રેમભાવ જોઈએ એનો ખ્યાલ દશરથના પાત્ર પરથી સારી પેઠે આવી શકે છે. એને પરમાત્મા વિના ગમે જ નહીં અને પરમાત્મા વિના જીવવાનું મન ના થાય એવા ભૂમિકા આવશ્યક છે.

*

## ૮. કેવટનો પ્રસંગ

ગુહનો રામને માટેનો પ્રેમભાવ પ્રબળ હતો. રામને પણ એને માટે એવો જ અસાધારણ પ્રેમ હતો. રામ જનતાના એના સામાન્ય શ્રેણીના ભક્તપુરુષો પર પ્રેમભાવ રાખતા એ એમની વિશેષતા હતી.

ગુહે રામની સારી રીતે સેવા કરી.

કવિએ રામચરિતમાનસમાં વર્ણવેલો કેવટનો પ્રસંગ અતિશય રોચક છે. કેવટનું હૃદય નિર્દોષ હોવાથી એ રામચરણને ધોવાની ઈચ્છા દર્શાવે છે. એ ચરણના સંજીવન સ્પર્શે શિલાની અહલ્યા થઈ ગયેલી તેમ એની નાવ નારી થઈ જાય એવી આશંકાથી. કેવટ નિર્દોષ હોવાથી જ એવું બોલી શકેલો.

સરિતા પાર કરી, નાવમાંથી ઉતરીને સીતાએ એને રત્નજડિત વીંટી આપવા માંડી. રામે એવી રીતે એને ભાડું લેવા જણાવ્યું.

કેવટે એને લેવાની ના પાડી. રામે એને ભક્તિનું વરદાન આપ્યું.

એ આખોય પ્રસંગ ખૂબ જ સુંદર, રસમય તથા પ્રેરક બન્યો છે. એને માટે કવિને જેટલા પણ અભિનંદન આપીએ એટલાં ઓછા છે.

*

## ૯. મહર્ષિ વાલ્મીકિનો મેળાપ

વનમાં વિચરતી વખતે રામ, લક્ષ્મણ, સીતાને મહર્ષિ વાલ્મીકિનાં દર્શનનો લાભ મળ્યો. વાલ્મીકિએ એમનો આશ્રમમાં લઈ જઈને સમુચિત સત્કાર કર્યો અને આશીર્વાદ આપ્યા. એને વર્ણવતી વખતે તુલસીદાસજીએ મહર્ષિ વાલ્મીકિને માટે બિપ્રબર શબ્દનો પ્રયોગ કર્યો છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

मुनि कहुँ राम दंडवत कीन्हा। आसिरबादु बिप्रबर दीन्हा ॥

મહર્ષિ વાલ્મીકિના પરિચયનો પ્રત્યક્ષ ને સુદ્રઢ પાયો એ સમય દરમિયાન નંખાયો હોય એવું લાગે છે.

મહર્ષિનો એ પરિચય પ્રગાઢ બન્યો અને આગળ પર આશીર્વાદરૂપ ઠર્યો. છેવટનાં વરસોમાં રામના આદેશાનુસાર સીતાને વનમાં તમસા નદીના પવિત્ર તટપ્રદેશ પર છોડી દેવામાં આવી ત્યારે મહર્ષિ વાલ્મીકિ એને એમના સમીપસ્થ શાંત એકાંત આશ્રમે લાવેલા. એમણે એને આશ્રય આપેલો. લવ અને કુશને સ્વચરિત રામાયણના ગાનમાં પારંગત કર્યા પછી એમને અને સીતાને રામસભામાં રામની પાસે લાવનારા પણ એ જ હતા. એમનુ રચેલું રામાયણ વિદ્વાનો તથા સામાન્ય જનસમાજમાં સુપ્રસિદ્ધ છે.

મહર્ષિ વાલ્મીકિ સાથેનો રામનો વાર્તાલાપ મહર્ષિના ઉદગારોને લીધે ચિરસ્મરણીય બન્યો છે. એ ઉદગારો કવિની અસામાન્ય કવિત્વશક્તિના સૂચક છે. રામ મહર્ષિ વાલ્મીકિને પોતાને રહેવા માટેના કોઈક સુયોગ્ય સાનુકૂળ સ્થળ વિશે પૂછે છે. એ પશ્નને નિમિત્ત બનાવીને મહર્ષિ જણાવે છે કેઃ

"આપના યશરૂપી નિર્મળ માનસરોવરમાં જેમની જીભ હંસિની બનીને આપના ગુણસમુહરૂપી મોતીને ચણે છે તેમના હૃદયમાં વાસ કરો. જેમને કામ, ક્રોધ, મદ કે માન નથી; મોહ-લોભ, ક્ષોભ, રાગદ્વેષ નથી; કપટ-દંભ કે માયા નથી, એમના અંતરમાં વસો."

"જે સૌને પ્રિય ને સૌનું હિત કરનારા છે, સુખદુઃખને તથા સ્તુતિનિંદાને સમાન સમજે છે, વિચાર કરીને સત્ય તથા પ્રિય વચન બોલે છે ને જેને જાગતાંસૂતાં આપનું જ શરણ હોય છે; જે પરસ્ત્રીને માતા માને છે ને પરધનને વિષ બરાબર સમજે છે; બીજાની સંપત્તિથી હરખાય છે ને વિપત્તિથી દુઃખી થાય છે, તેમના મન તમારાં શુભ ઘર છે."

"જે અવગુણને છોડીને સૌના ગુણને ગ્રહણ કરે છે; આપને જ ભરોસે ચાલે છે, કેવળ આપને જ હૃદયમાં ધારે છે, મન વચન કર્મથી આપના જ દાસ છે, એમના હૃદયમાં વાસ કરો."

એ પછી મહર્ષિએ એમને ચિત્રકૂટના પવિત્ર પ્રદેશમાં રહેવાની સૂચના કરી.

મહર્ષિ વાલ્મીકિના એ ઉદગારોમાં આદર્શ ભક્તનું રેખાચિત્ર સમાયેલું છે. ભગવાન એવા ભક્ત કે સાધક પર પોતાની કૃપાવર્ષા વરસાવે છે અથવા એને પોતાનું દેવદુર્લભ દર્શન આપે છે એવી સ્પષ્ટતા એ પ્રત્યુત્તર દ્વારા સારી પેઠે કરાઈ છે.

*

## ૧૦. ભરતનો ભ્રાતૃપ્રેમ

ભરતના તેજસ્વી પાત્રનું ચિત્રણ એ રામચરિતમાનસની આગવી વિશીષ્ટતા છે. ભરતનો ભ્રાતૃપ્રેમ - રામને માટેનો પ્રેમ અસાધારણ અથવા અકલ્પનીય છે. એ પ્રેમથી પ્રેરાઈને એણે પોતાની માતા કૈકેયીની માંગણીને મંજૂર ના કરી. એને રાજ્યપ્રાપ્તિ કે રાજ્યસુખની જરા પણ અપેક્ષા ન હતી. એને થયું કે પોતે રામાદિના વનગમન માટે નિમિત્ત બન્યો છે. એણે વનમાં જઈને રામને મળીને રામને પાછા લાવવા માટે સંકલ્પ કર્યો.

ભરતે રામને ચિત્રકૂટના પાવન પ્રદેશમાં મળીને પોતાના મનોભાવોથી માહિતગાર કર્યા. ત્યાં સુધી કૈકેયીનો પશ્ચાતાપ પરાકાષ્ઠા પર પહોંચેલો. રામે એને એમની રીતે આશ્વાસન આપીને એના હૃદયભારને હળવો કર્યો અને ભરતને રાજ્યની સંભાળ રાખવાની સૂચના કરી.

ભરતે રામ પ્રત્યેના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઈને એ સૂચનાનો અમલ કરવાની તૈયારી બતાવી.

રામચરિતમાનસના અયોધ્યાકાંડમાં ભરતના એક જ પ્રકારના મનોભાવોને દર્શાવવા માટે વધારે પડતું વર્ણન કરવામાં આવ્યું હોય તેવું લાગ્યા વિના નથી રહેતું. એ મનોભાવોની અને અન્ય વર્ણનની અતિશયતાને લીધે અયોધ્યાકાંડનો છેવટનો કેટલોય ભાગ કંટાળો ઉપજાવે તેવો, નીરસ અને અનાવશ્યક લાગે છે. એ વર્ણનનો કેટલોક ભાગ ટૂંકાવીને રામ તથા ભરતના ઐતિહાસિક મધુર મિલન તથા મુખ્ય વાર્તાલાપની સીધી વેળાસરની રજૂઆત કરી શકાઈ હોત.

અયોધ્યાકાંડના ઉપસંહાર સમયે કહેવામાં આવ્યું છે કે રામે આપેલી પાદુકાનું રોજ પ્રેમપૂર્વક પૂજન કરી, એમના આદેશાનુસાર ભરત રાજ્યકાર્ય સંભાળતા.

नित पूजत प्रभु पाँवरी प्रीति न हृदयँ समाति ॥
मागि मागि आयसु करत राज काज बहु भाँति ॥

ભરતનું શરીર રોમાંચિત રહેતું; એમના હૃદયમાં સીતારામ હતાં. જીભ રામનામ જપતી અને આંખોમાં પ્રેમપાણી આવતું. રામ, લક્ષ્મણ, સીતા વનમાં વસતા ને ભરત ઘેર રહીને શરીરને કસતા. એમના

વ્રતો તથા નિયમોની વાતો સાંભળીને સંતો તથા સજ્જનો સંકોચાતા. એમની અવસ્થાથી મુનિવરો પણ લજાતા.

કવિએ છેલ્લે છેલ્લે યોગ્ય જ કહ્યું છે કે ભરતનુ પરમ પવિત્ર આચરણ સુમધુર, સુંદર, આનંદદાયક, મંગલ, કલિયુગના કલેશો અને પાપોને હરનાર અને મહામોહરૂપી રજનીનો નાશ કરનાર સૂર્ય સમાન છે.

परम पुनीत भरत आचरनू। मधुर मंजु मुद मंगल करनू ॥
हरन कठिन कलि कलुष कलेसू। महामोह निसि दलन दिनेसू ॥

ભરતના ચરિત્રના ચિંતનમનનથી સીતારામનાં ચરણોમાં પ્રેમ થવાની સાથે સાથે સંસારના રસ પરથી વૈરાગ્ય થશે, એ વાત સાચી છે.

*

## ૧૧. એક અગત્યની વાત

અયોધ્યાનું વિહંગાવલોકન પૂરું કરતી વખતે એક અગત્યની વાતને વિચારી લઈએ.

રામના રાજ્યાભિષેક જેવા અતિ અગત્યના અવસર પર, રાજ્યાભિષેકનો નિર્ણય અગાઉથી લેવાયેલો હોવાં છતાં પણ ભરતને એના સમાચાર મોકલીને શત્રુઘ્નની સાથે બોલાવવામાં નથી આવતો એ જરા વિચિત્ર લાગે છે. મુનિ વશિષ્ઠ, દશરથ કે રામ પણ એને બોલાવવાની ઈચ્છા નથી પ્રદર્શાવતા. રામના વનગમન પછી સચિવના પાછા ફર્યા બાદ દશરથનું મૃત્યુ થાય છે. તે પછી ભરત દિવસો પછી અયોધ્યામાં આવે છે. એટલે ભરતનો અયોધ્યાપ્રવેશ કોઈ કારણ સિવાય ખૂબ જ મોડો કરાવવામાં આવ્યો છે. એ પ્રવેશ રાજ્યાભિષેકના અમુલખ અવસર પર થયો હોત તો ઠીક થાત.

ચિત્રકૂટ પર ભરત પ્રજાના સર્વ પ્રતિનિધિઓ સાથે મુનિ વશિષ્ઠને અને માતાઓને લઈને રામને પાછા લાવવા પહોંચ્યા તોપણ રામ પાછા ના ફર્યા. કૈકેયીએ પશ્ચાતાપ કર્યો, ભરતે વ્યથા દર્શાવી, પ્રજાજનોને પાછા ફરવા પ્રાર્થના કરી, તો રામે પાછા ફરવું નહોતું જોઈતું ?

એક જ પ્રજાજનના કથનને મહત્વનું માનીને જે રામે પાછળથી સીતાનો ત્યાગ કર્યો તે રામ પ્રજાજનોના સંયુક્ત અવાજને શી રીતે અવગણી શક્યા ? એ પાછા ફર્યા હોત તો લોકલાગણીનો વિજય થાત. એમાં કશું અનુચિત નહોતું છતાં રામ અચળ રહ્યા. એમણે માન્યું કે વચનપાલન ગમે તે પરિસ્થિતિમાં પૂર્ણપણે થવું જ જોઈએ. એમાં કશી બાંધછોડને અવકાશ ના હોય. એ પાછા ફરત તો કેટલાકને એમાં રાજ્યશ્રીને ભોગવવાની ભાવનાનું દર્શન થાત એટલે એમના વચનપાલનની દ્રઢતાને સમજવાની આવશ્યકતા છે. એને સમજવાથી એમને અન્યાય નહીં થાય.

* * *

# અરણ્ય કાંડ

## ૧. જયંતની કથા

અરણ્યકાંડના આરંભમાં સંત શિરોમણિ કવિવર તુલસીદાસે ઈન્દ્રના પુત્ર જયંતની કથાને રજૂ કરી છે.

પ્રકૃતિ તથા પુરૂષની સ્નેહલીલા સર્જનની શરૂઆતથી જ ચાલ્યા કરે છે. રામ તથા સીતાના જીવનમાં પણ તેનું દર્શન થતું. અરણ્યની અનેકવિધ આપત્તિઓ વચ્ચે વસવા છતાં પણ એમના સ્નેહનું શુચિ સ્ત્રોત લેશપણ મંદ પડ્યું કે સુકાયું નહોતું. એની પ્રતિતી સહેલાઈથી થઈ શકે છે. પવિત્ર પ્રભુમય પ્રેમનું કેવું સરસ, સુમધુર, સંક્ષિપ્ત છતાં પણ સચોટ વર્ણન છે?

एक बार चुनि कुसुम सुहाए। निज कर भूषन राम बनाए ॥
सीतहि पहिराए प्रभु सादर। बैठे फटिक सिला पर सुंदर ॥

'એકવાર રામે સુંદર સુમનો એકઠાં કરીને, પોતાના હાથથી આભૂષણો બનાવીને, સુંદર સ્ફટિક શિલા પર બેસીને સીતાને સ્નેહ અને સન્માનથી પહેરાવ્યા.'

વાત આનંદજનક હતી પરંતુ સંજોગોએ જુદું જ સ્વરૂપ ધારણ કર્યું. ઈન્દ્રના પુત્ર જયંતે કાગડાનું રૂપ ધારણ કરીને સીતાના ચરણોમાં ચાંચ મારીને નાસવા માંડ્યું.

રંગમાં ભંગ પડ્યો.

રામે સીતાના ચરણમાંથી વહેતા લોહીને જોઈને, જયંતના કુકર્મનો દંડ દેવા માટે મંત્રથી પ્રેરેલું બ્રહ્મબાણ છોડ્યું.

જયંત એનાથી ભયભીત બનીને નાસી છૂટ્યો. મૂળ રૂપને ધારીને એ ઈન્દ્રની પાસે પહોંચ્યો, પરંતુ રામનો વિરોધ જાણીને ઈન્દ્રે એને આશ્રય આપ્યો નહીં. એને બ્રહ્મલોક કે શિવલોકમાંય શાંતિ ના મળી.

દેવર્ષિ નારદના કથનાનુસાર એણે છેવટે રામના શરણમાં જઈને રક્ષા માટે પ્રાર્થના કરી.

રામે એને એક નેત્રવાળો કરીને છોડી દીધો.

કવિ લખે છે કે રામ જેવા કૃપાળુ કોણ ?

को कृपाल रघुबीर सम

કોઈને પ્રશ્ન થવાનો સંભવ છે કે જયંતને અપરાધી ગણીને રામે કાણો કર્યો એમાં રામની કૃપા ક્યાં રહી ? રામે એને ક્ષમાપ્રદાન કરીને હાનિ પહોંચાડ્યા સિવાય જવા દેવો જોઈતો હતો. રામચરિતમાનસમાં લખ્યું છે કે एकनयन करि तजा भवानी।

'એકનયન' નો અર્થ વિકાર કે વાસના વગરનાં, નિર્મળ, એકમાત્ર પ્રભુને - રામને નિહાળનારાં દિવ્ય નયન એવો કરીએ અથવા એકનયન એટલે પ્રામાણિક પવિત્ર નયન એવો કરીએ તો તેમાં કૃપાળુ રામની કૃપા દેખાય છે. જીવને જ્યોતિર્મય નવજીવન મળે તે જ શિવની સાચી કૃપા છે. એનાથી અધિક ઉત્તમ, કલ્યાણકારિણી રક્ષા બીજી કોઈ જ નથી.

*

## ૨. અનસૂયાનો ઉપદેશ

પ્રત્યેક પરિસ્થિતિને પરમાત્માની પ્રસાદી સમજીને પ્રત્યેક પરિસ્થિતિમાં શાંત ને પ્રસન્ન રહેવાની સાધના રામ જેવા કોઈક વિરલ પુરૂષવિશેષ જ કરી શકે. એવા પુરૂષો પ્રત્યેક પરિસ્થિતિમાંથી કોઈ ને કોઈ જીવનોપયોગી પદાર્થપાઠ પામી શકે. રામે કૈકૈયીને કહેલું કે તમે વનવાસનું વરદાન માગીને મારું કલ્યાણ જ કર્યું છે. વનમાં મને ઋષિવરોનાં દર્શનનો દેવદુર્લભ લાભ મળશે. કેવો અદભૂત અભિગમ ! એનું પરિણામ એમનાં વનવાસ દરમ્યાન દેખાયું. મહર્ષિ અત્રિ, અનસૂયા, શરભંગ, સુતીક્ષ્ણ, અગસ્ત્ય મુનિસરખા પરમ પ્રતાપી, પરમાત્મા પરાયણ સંતપુરૂષોનો એમને સુખદ સમાગમ થયો.

મહર્ષિ અત્રિનું દર્શન અતિશય આનંદદાયક ઠર્યું. એમનાં તપસ્વિની સહધર્મિણી સતી અનસૂયાએ સીતાને જે સદુપદેશ આપ્યો એ સવિશેષ ઉલ્લેખનીય છે. એ સદુપદેશ દ્વારા અનસૂયાએ સ્ત્રીના ધર્મોનું વર્ણન કરી બતાવ્યું.

'હે રાજકુમારી, પિતામાતા તથા ભાઈ સર્વે હિત કરનારાં છે પણ માપેલું ફળ દેનારા છે. પતિ અમાપ ફળ આપે છે. એવા પતિની સેવા ના કરનારી સ્ત્રી અધમ છે. ધીરજ, ધર્મ, મિત્ર તથા સ્ત્રી ચારેની પરિક્ષા વિપત્તિ વખતે થાય છે.

વૃદ્ધ, રોગી, મૂર્ખ, નિર્ધન, અંધ, બધિર, ક્રોધી, અતિશય દીન પતિનું પણ અપમાન કરવાથી સ્ત્રી યમપુરમાં જઈને પાર વિનાના દુઃખને પામે છે. સ્ત્રીને માટે એક જ ધર્મ, વ્રત, નિયમ છેઃ તન મન વચનથી પતિનાં ચરણોમાં પ્રેમ કરવાનો.

જે સ્ત્રી છળને છોડીને પતિવ્રતધર્મ પાળે છે તે વિના પરિશ્રમે જ પરમગતિને પામે છે.

જન્મથી જ અપવિત્ર સ્ત્રી પતિની સેવાથી સહેલાઈથી શુભ ગતિને મેળવી લે છે.'

અનસૂયાનો એ ઉપદેશ આજના સમયમાં કેટલાકને એકાંગી લાગશે. એમાં સ્ત્રીના ધર્મને વિચારીને સ્ત્રીએ પતિસેવા કરવી અને પવિત્ર, પતિપરાયણ, આદર્શ જીવન જીવવું એવો સંદેશ અપાયો છે. પરંતુ સ્ત્રી પ્રત્યેના પુરૂષના કર્તવ્ય કે ધર્મ વિશે એક અક્ષર પણ ઉચ્ચારવામાં આવ્યો નથી. જેમ સ્ત્રીનું પુરૂષ પ્રત્યે તેમ જ પુરૂષનું સ્ત્રી પ્રત્યે કર્તવ્ય હોય છે. એનો અંગૂલિનિર્દેશ સમુચિત લેખાત. પરંતુ એનો અંગૂલિનિર્દેશ નથી થયો. અત્રિ મુનિ દ્વારા રામને પુરૂષના સ્ત્રી પ્રત્યેના ધર્મકર્મનો ઉપદેશ અપાયો હોત તો એ ઉપદેશ અવસરને અનુરૂપ જ લાગત.

સ્ત્રી જન્મથી જ અપવિત્ર છે - सहज अपावनि नारि - એ વિધાન સ્ત્રીઓને આદર્શ ના લાગે તો નવાઈ પામવા જેવું નથી.

*

## ૩. શૂપર્ણખાનો પ્રસંગ

શૂર્પણખાનો પ્રસંગ નવેસરથી, તટસ્થ રીતે, શાંતિથી, વિવેકપૂર્વક વિચારવા જેવો છે.

રાવણની બેન શૂર્પણખા, રામલક્ષ્મણને પંચવટીમાં દેખીને, આકર્ષાઈને વ્યાકુળ બની. કવિ કહે છે કે ભાઈ, પિતા, પુત્ર, ગમે તે મનોહર પુરૂષને પેખીને સ્ત્રી કામથી વ્યાકુળ બનીને મનને રોકી શકતી નથી.

भ्राता पिता पुत्र उरगारी। पुरुष मनोहर निरखत नारी ॥

होइ बिकल सक मनहि न रोकी। जिमि रबिमनि द्रव रबिहि बिलोकी ॥

એ વિધાન સ્ત્રીઓને પોતાને અન્યાય કરનારું અને એકપક્ષીય લાગશે. સમાજમાં સઘળાં પુરૂષો ડાહીમાના દીકરા હોય અને સ્ત્રીઓ જ દોષિત હોય એવી અસર ઉપજાવનારા એ ઉદગારો ઉત્તમ નથી. કવિને રત્નાવલિનો અનુભવ યાદ રહ્યો હોય એવું લાગતું નથી.

શૂર્પણખા સુંદર સ્વરૂપને ધારીને રામ પાસે પહોંચીને બોલી કે તમારા સમાન પુરૂષ તથા મારા સમાન સ્ત્રી નથી. વિધાતાએ આ સંયોગ ખૂબ જ વિચારપૂર્વક કર્યો છે. મેં ત્રણે લોકને જોયા. મારે યોગ્ય પુરૂષ જગતમાં ન મળવાથી હું કુંવારી રહી છું. તમને જોઈને મારું મન માની ગયું છે.

રામે કહ્યું કે મારો નાનો ભાઈ કુંવારો છે.

લક્ષ્મણે જણાવ્યું કે હું તો પરાધીન છું, રામનો દાસ છું.

શૂર્પણખા પછી રામ પાસે પહોંચી. રામે એને પુનઃ લક્ષ્મણ પાસે મોકલી. લક્ષ્મણે કહ્યું કે જે નિર્લજ્જ હશે તે જ તને પરણશે.

શૂર્પણખા ભયંકર રૂપ ધારીને રામ તરફ આગળ વધી ત્યારે લક્ષ્મણે ક્રોધે ભરાઈને એનાં નાક કાન કાપી લીધાં.

એ આખોય પ્રસંગ રામલક્ષ્મણ જેવા નીતિમાન આદર્શ પુરૂષોને માટે શોભાસ્પદ નથી લાગતો. એમનો શૂર્પણખા સાથેનો વ્યવહાર અભિનંદનીય નથી. રામે મારો ભાઈ કુંવારો છે એવું ખોટું કહીને શૂર્પણખાની વારંવાર મશ્કરી કરી અને લક્ષ્મણે તેમાં સાથ આપ્યો એ એમના વ્યક્તિત્વને હલકું કરી બતાવે છે. કથાની દ્રષ્ટિએ એવો વ્યવહાર રસપ્રદ હોય તે ભલે, પરંતુ આદર્શ વ્યક્તિત્વની દ્રષ્ટિએ શોભાસ્પદ કે સ્તુત્ય નથી જણાતો. કવિએ એના આલેખન દ્વારા રામ લક્ષ્મણને ખૂબ જ છીછરા બનાવી દીધા છે.

*

## ૪. સીતાની છાયામૂર્તિ

રામભક્ત તુલસીદાસ રામને ભગવાન તથા સીતાને જગદંબા માને છે. રાવણ સીતાનું હરણ કરે અને એના સ્થૂળ શરીરને સ્પર્શે એવી કલ્પના પણ એ નથી કરી શકતા. એટલે એમણે એક પ્રસંગ આલેખ્યો છે. એ પ્રસંગ આ પ્રમાણે છેઃ

'લક્ષ્મણ જ્યારે વનમાં કંદમૂળ તથા ફળ લેવા ગયા ત્યારે કૃપા તથા સુખના ભંડાર રામે સીતાને કહ્યું કે હું હવે કાંઈક મનોહર મનુષ્યલીલા કરું છું. માટે જ્યાં સુધી હું રાક્ષસોનો નાશ ન કરું ત્યાં સુધી તમે અગ્નિમાં વાસ કરો.'

तुम्ह पावक महुँ करहु निवासा । जौ लगि करौं निसाचर नासा ॥

'રામે બધું સમજાવી કહ્યું ત્યારે સીતા પ્રભુનાં ચરણોને હૃદયમાં ધરીને અગ્નિમાં સમાઈ ગઈ. સીતાએ ત્યાં પોતાની છાયામૂર્તિ રાખી. તે તેના જેવી જ રૂપ, ગુણ, શીલ, સ્વભાવ અને ઉત્તમ વિનયવાળી હતી. ભગવાનના એ ચરિત્રનુ રહસ્ય લક્ષ્મણે ના જાણ્યું.'

એ પ્રસંગ એકંદરે ચમત્કૃતિજનક હોવા છતાં પ્રેરક અને કલ્યાણકારક નથી. એના દ્વારા રામાન્ય માનવને પ્રેરણા નથી મળતી. સીતા સાચી સીતા ના હોય અને એનું હરણ થાય તો શો બોધપાઠ મળે? એના સંયમની, શીલની, એની નીડરતાની, પવિત્રતાની, અગ્નિપરિક્ષાની, સતીત્વની કથા કાલ્પનિક જ ઠરે. એ સાચી સીતાની, એક સન્નારીની કથા ના રહે. સીતા છાયામૂર્તિ રૂપે નહોતી પરંતુ સાચા સ્વરૂપે રહીને સઘળું સહી શકી અને શીલને સાચવી શકી, એ હકીકત સામાન્ય રીતે વધારે લાભકારક અને પ્રેરક બની શકે.

એમ તો રામને પણ કષ્ટો ક્યાં નથી પડ્યાં ? પ્રત્યેક શરીરધારીને અનૂકુળ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. અવતારી દૈવી આત્માઓ પરિસ્થિતિથી પ્રભાવિત નથી થતા એવો સંદેશ રામસીતાને સાચા માનવ તરીકે માનવાથી જ સાંપડી શકશે.

*

## ૫. રામનો વિલાપ

શૂર્પણખાની પાસેથી સઘળી વાતને સાંભળીને રાવણે સીતાહરણની યોજના કરી. એણે મારીચની પાસે પહોંચીને એને સુવર્ણમૃગ બનવાની આજ્ઞા આપી. મારીચે પહેલાં તો એને નીતિની વાતો કરીને સારી પેઠે સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાવણે તલવાર તાણી ત્યારે ભયભીત અને વિવશ બનીને એના સહભાગી થવાનું કબૂલ્યું. મારીચનું મનોબળ મજબૂત હોત ને એ સિદ્ધાંતપ્રેમી કે આદર્શનિષ્ઠ હોત તો તલવારથી ડરીને રાવણને સાથ આપવા તૈયાર ના થાત.

રાવણની પૂર્વયોજનાનુસાર સીતાનું હરણ થયું એમાં સીતાનો ફાળો પણ નાનોસરખો નથી દેખાતો. સીતાએ સુવર્ણમૃગથી સંમોહિત બનીને રામ પાસે એની માગણી કરી અને એ માંગણીને ચાલુ રાખી. લક્ષ્મણે સાવધાનીસૂચક વિરોધી વિચાર રજૂ કર્યો તોપણ રામ મૃગની પાછળ દોડી ગયા. માયાના મિથ્યા સુવર્ણમૃગોથી સંમોહિત બનીને એમને હસ્તગત કરવા માગનારો માનવ છેવટે દુઃખી થાય છે. એની શાંતિરૂપી સીતા હરાઈ જાય છે. સીતાહરણનો પ્રસંગ એવો આધ્યાત્મિક બોધપાઠ પૂરો પાડે છે.

પંચવટીના ગોદાવરી તટવર્તી એકાંત આવાસમાં સીતાને ના નિહાળવાથી રામ દેખીતી રીતે જ અતિશય દુઃખી બનીને વિરહવ્યથિત હૃદયે વિલાપ કરવા લાગ્યા. કવિએ એ વિલાપમાં રામના સીતા પ્રત્યેના પ્રેમભાવની સફળ, સુંદર, સંપૂર્ણ અભિવ્યક્તિ કરી છે. એ અભિવ્યક્તિ આનંદદાયક છે.

કોઈને એવી આશંકા થવાનો સંભવ છે કે રામે ઈશ્વરાવતાર હોવા છતાં સીતાના વિયોગથી વ્યથિત બનીને ક્રંદન કેમ કર્યું ? આપણે કહીશું કે રામ બીજું કરે પણ શું ? એમને માટેનો એક વિકલ્પ પંચવટીને સૂની જોઈને ઉલ્લાસ વ્યક્ત કરવાનો હતો. હે સીતા, તું ગઈ તે સારું થયું. તારું હરણ આનંદદાયક છે. તારા સિવાય આ સ્થળ સરસ લાગે છે ને શાંતિ આપે છે. - આવી અભિવ્યક્તિ શું સારી ગણાત ? રામ જડની જેમ સંવેદનરહિત બનીને કંઈ બોલત નહીં તોપણ એમ કહેવાત કે એમને કશી લાગણી નથી. સીતાનું હરણ થયું છે તોપણ એમનું રુંવાડુંયે નથી હાલતું. કાળજું ક્રંદન નથી કરતું. એમણે વિરહની વ્યક્ત કરી એ અપરાધ નહોતો. માનવોચિત વ્યવહાર હતો. એમને માટે એ શોભાસ્પદ હતો. વિરહથી વ્યથિત થવા છતાં એ વનમાં વિહર્યા, એમણે સીતાની શોધ કરી અને બીજી સ્ત્રીને વરવાનો વિચાર પણ ના કર્યો; નીતિની મંગલમય

મર્યાદિત માર્ગથી એ ચલિત ના થયા તથા ભાન ના ભૂલ્યા એ એમની મહાનતા. વિશેષતા. એવી અસાધારણતા સૌ કોઈમાં ના હોય.

*

## ૬. શબરીનું વ્યક્તિત્વ

અરણ્યકાંડમાં શબરીનો સમાગમ પ્રસંગ વર્ણવેલો છે. કથાકારો શબરીના વ્યક્તિત્વને કલ્પનાના આધાર પર કોઈપણ પ્રકારના શાસ્ત્રાધાર સિવાય કોઈવાર જનરંજન માટે રજૂ કરતા હોય છે. વાલ્મિકી રામાયણમાં શબરીનું પાત્ર અતિશય ધીર, ગંભીર, ગૌરવશાળી છે. રામચરિતમાનસમાં એનું વ્યક્તિત્વ ભક્તિભાવપ્રધાન બને છે. છતાં પણ એ વ્યક્તિત્વ છે તો પ્રશસ્ય અને ગૌરવશાળી.

રામ લક્ષ્મણ સાથે શબરીના આશ્રમમાં પહોંચ્યા ત્યારે શબરીએ એમનું સાદર સ્વાગત કર્યું. પ્રભુનાં પવિત્ર પદપ્રક્ષાલન પછી એમની સ્તુતિ કરીને એમને ફળફૂલ ધર્યાં. રામે એ ફળને વખાણ્યાં. કેટલાંક કવિએ કે કથાકારો એણે રામને એંઠા બોર આપ્યા એવું જણાવે છે, એની પાછળ કશી વાસ્તવિકતા નથી. રામચરિતમાનસમાં એવું વર્ણન ક્યાંય નથી. વાલ્મીકિ રામાયણમાં પણ નથી.

શબરીએ કહ્યું

**अधम ते अधम अधम अति नारी।**
**तिन्ह महँ मैं मतिमंद अघारी ॥**

શબરીના એ કથનમાં કેટલીક વ્યક્તિઓને દોષ દેખાય છે. એ કહે છે કે રામાયણમાં સ્ત્રીઓને અધમ કહી છે. પરંતુ ઉપર્યુક્ત શબ્દો શબરીના નમ્રતાના સૂચક હોઈ શકે. અધમાધમ સ્ત્રીઓમાં પણ હું અધમ, મંદબુદ્ધિ એવું એ કહી બતાવે છે.

શબરી પરમસિદ્ધ તપસ્વિની અને દિવ્યદ્રષ્ટિથી સંપન્ન સન્નારી હોવાથી બોલી કે રામ, તમે પંપાસરોવર જાવ. ત્યાં સુગ્રીવ સાથે તમારી મૈત્રી થશે. તે બધું કહેશે.

શબરીએ રામદર્શનથી કૃતકૃત્ય બનીને યોગાગ્નિથી શરીરત્યાગ કર્યો.

કવિએ એવી રીતે શબરીનો અને એની દ્વારા ઉત્તમ સુસંસ્કારી સ્ત્રીનો મહિમા ગાયો છે.

રામે શબરીની સમક્ષ કરેલું નવધા ભક્તિનું વર્ણન ખરેખર રસમય છે.

*

## ૭. સ્ત્રી વિષયક ઉદગાર

શબરીના આશ્રમને છોડીને રામ અને લક્ષ્મણ અરણ્યમાં આગળ વધ્યા ત્યારે રામે કરેલું વનની શોભાનું વર્ણન ખૂબ જ રસપ્રદ છે. એ વર્ણન એમની વિરહાવસ્થાને અનૂકુળ લાગે છે.

એ વખતે દેવર્ષિ નારદ સાથે એમનો જે વાર્તાલાપ થાય છે તે વાર્તાલાપના નિમ્નલિખિત ઉદગારો ખાસ જાણવા જેવા છેઃ ' હે મુનિ ! જે સઘળો ભરોસો છોડીને કેવળ મને જ ભજે છે તેની, માતા બાળકની રક્ષા કરે તેમ હું સદા રક્ષા કરું છું. નાનું બાળક અગ્નિ અથવા સાપને પકડવા દોડે છે ત્યારે માતા તેને એનાથી દૂર રાખીને ઉગારે છે.'

'કામક્રોધમદ તથા લોભ વગેરે મોહની પ્રબળ સેના છે. એમાં માયમયી સ્ત્રી અતિ દારુણ દુઃખ દેનારી છે.'

**काम क्रोध लोभादि मद प्रबल मोह कै धारि।**

**तिन्ह महँ अति दारुन दुखद मायारूपी नारि ॥**

'પુરાણ , વેદ અને સંતો કહે છે કે સ્ત્રી મોહરૂપી વનને વિકસિત કરનારી વસંતઋતુ સમાન છે. સ્ત્રી જપ, તપ, નિયમરૂપી સઘળાં જલાશયોને ગ્રીષ્મઋતુની પેઠે સંપૂર્ણપણે શોષી લે છે.

કામક્રોધમદમત્સર દેડકાં છે. સ્ત્રી તેમને વર્ષાઋતુ બનીને હર્ષ આપે છે. અશુભ વાસના કુમુદસમૂહને સ્ત્રી શરદઋતુની જેમ સુખ આપે છે.

સર્વ ધર્મો કમળસમૂહો છે. મંદ વિષયસુખ આપનારી સ્ત્રી હેમંત બનીને તેમને બાળી નાખે છે. મમતારૂપી જવાસાનો સમૂહ સ્ત્રીરૂપી શિશિરઋતુથી પ્રફુલ્લ બને છે. સ્ત્રી પાપરૂપી ઘુવડને સુખ દેનારી ઘોર અંધારરાત છે. સ્ત્રી બળ બુદ્ધિ સત્ય શીલરૂપી માછલીઓને ફસાવનાર બંસી છે. પ્રમદા અવગુણનું મુળ, ક્લેશકારક, સર્વ દુઃખોની ખાણ છે. માટે હે મુનિ, મેં તમને હ્રદયમાં એવું જાણીને વિવાહથી દૂર રાખેલા.'

**अवगुन मूल सूलप्रद प्रमदा सब दुख खानि।**

**ताते कीन्ह निवारन मुनि मैं यह जियँ जानि ॥**

સન્નારી સ્ત્રીઓને એ ઉદગારો ભાગ્યે જ ગમશે. એકતરફી, અરુચિકર, અસ્થાને અને અપમાનજનક લાગશે. પુરૂષોને માટે એવા ઉદગારો ક્યાંય ના હોવાથી, એ ઉદગારો પુરૂષોનો પરોક્ષ પક્ષ લેનારા અને પૂર્વગ્રહપ્રેરિત જણાશે.

સાચી વાત તો એ છે કે સ્ત્રી કે પુરૂષ કોઈને પણ દોષિત અથવા અધમ માનવાને-મનાવવાને બદલે બંનેના સર્વસામાન્ય આંશિક શત્રુ કામથી જ પર થવાની વાત પર ભાર મૂકવાની આવશ્યકતા છે. હતી. કવિ એવી રજૂઆત દ્વારા કવિતાને વધારે સારી, આહલાદક, કોઈ વિશેષ જાતિ પ્રત્યેની ફરિયાદ, દોષવૃતિ કે કટુતાથી રહિત કરી શક્યા હોત. કવિનો હેતુ સારો હોવા છતાં ભાષાપ્રયોગ સારો છે એવું ઘણાંને નહીં લાગે. ખાસ કરીને સ્ત્રીઓને અને એમની વિશિષ્ટતા, મહાનતા તથા ઉપકારકતા સમજનારા ગુણજ્ઞ જનોને.

* * *

# કિષ્કિન્ધા કાંડ

## ૧. રામ તથા હનુમાન

રામ હનુમાનના પરમ આરાધ્ય કે ઉપાસ્ય દેવ.

હનુમાન એમના અનાદિકાળના એકનિષ્ઠ અનન્ય આરાધક અથવા ભક્ત.

એમના જીવનકાર્યમાં મદદરૂપ થવા માટે આવેલા. એમના એક અવિભાજ્ય અંગ જેવા.

એમના વિના રામજીવનની કલ્પના થઈ જ ના શકે.

મહાપુરૂષો પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામે છે ત્યારે એમને મદદરૂપ થવા માટે એમની આગળપાછળ એમના પ્રાણવાન પાર્ષદો પણ પધારતા હોય છે. હનુમાન રામના પવિત્ર પાર્ષદ હતા. એ એમને સુયોગ્ય સમય પર મળી ગયા.

રામ લક્ષ્મણ સાથે ઋષ્યમૂક પર્વત પાસે પહોંચ્યા ત્યારે એમને દૂરથી દેખીને સુગ્રીવે હનુમાનને એમની માહિતી મેળવવા મોકલ્યા. એવી રીતે વિપ્રરૂપવાળા હનુમાનને એમના સમાગમનું સુરદુર્લભ સૌભાગ્ય સાંપડ્યું.

હનુમાનની જિજ્ઞાસાના જવાબમાં રામે પોતાનો પરિચય આપ્યો એટલે હનુમાને એમને ઓળખીને પ્રણિપાત કરીને કહ્યું કે મેં મારી અલ્પબુદ્ધિને અનુસરીને આપને પૂછ્યું પરંતુ આપ મને કેમ ભૂલી ગયા ? આપની માયાથી મોહિત જીવ આપના અનુગ્રહ સિવાય તરી શકતો નથી.

**मोर न्याउ मैं पूछा साईं। तुम्ह पूछहु कस नर की नाईं ॥**

રામચરિતમાનસમાં સાંઈ તથા ગોસાંઈ શબ્દપ્રયોગ કેટલીયવાર કરવામાં આવ્યા છે - ભગવાનના ભાવાર્થમાં.

સામાન્ય રીતે ભક્ત ભગવાનને મળવા આતુર હોય છે ને સાધના કરે છે, ભગવાન પાસે પહોંચે છે. પરંતુ અહીં ભગવાન સ્વયં સામે ચાલીને ભક્તને આવી મળે છે. ભક્ત એથી પોતાને પરમ સૌભાગ્યશાળી સમજે છે. સાચો ભક્ત પરમ યોગ્યતાથી સુસંપન્ન હોવા છતાં નમ્રાતિનમ્ર હોય છે એ હકિકત હનુમાન પોતાને 'મંદ મોહવશ, કુટિલ હૃદય અજ્ઞાની કહે છે તેના પરથી સમજી શકાય છે.

હનુમાન એમને બંનેને પોતાની પીઠ પર બેસાડીને પર્વત પર બિરાજેલા સુગ્રીવ પાસે લઈ જાય છે એ વર્ણન પરથી એમનું શરીરબળ કેટલું બધું અસાધારણ હશે એનું અનુમાન કરી શકાય છે.

સુગ્રીવ અને રામની મિત્રતા એમને લીધે જ થઈ શકી. સુગ્રીવે એમને લીધે જ રામને અગ્નિસાક્ષીમાં પોતાના મિત્ર માનીને સીતાની શોધ માટે સર્વકાંઈ કરી છૂટવાનો સંકલ્પ કર્યો. હનુમાનનું એ અસાધારણ કાર્ય કેવી રીતે ભૂલાય ?

*

## ૨.વાલિનો નાશ

રામ જેવી રીતે પોતાના સન્મિત્ર સુગ્રીવનો પક્ષ લઈને વાલિનો નાશ કર્યો તેવી રીતે બીજા કોઈનો નાશ કર્યો નથી. રામકથાના રસિકો કહે છે કે રામ જેવા પરમપ્રતાપી પુરૂષ માટે કોઈ જ નૈતિક નિયમો નથી,

દોષ નથી. **समरथको नहीं दोष गोसांइ** એ જે ચાહે તે કરે. એને કોઈ પ્રકારનું બંધન નથી. ના હોય. એ જે વખતે જે યોગ્ય લાગે તે કરતો હોય છે.

જો કે રામને માટે એ કથન સંપૂર્ણપણે લાગુ ન પાડી શકાય. રામ મર્યાદા પુરુષોત્તમ કહેવાતા. ધર્મ અને નીતિની પરંપરાગત પ્રસ્થાપિત મર્યાદામાં રહીને જીવન ચલાવતા. એટલે ફાવે તેવું ના કરી શકે. વગરવિચાર્યે જડની પેઠે પગલાં ના ભરે. એમનાં પગલાં પ્રથમથી માંડીને છેવટ સુધી ગણતરીપૂર્વકનાં જ હોય.

રામે વાલિને વૃક્ષની ઓથે રહીને મારવાને બદલે યુદ્ધવિદ્યાના એ વખતના નિયમ પ્રમાણે યુદ્ધ દરમિયાન સામે રહીને, એને શક્તિ અનુસાર સામનો કરવાનો અવસર આપીને માર્યો હોત તો એ કાર્ય ઉત્તમ લેખાત. પરંતુ રામે એનો પીઠ પાછળ ઘા કરીને નાશ કરવાનું સમુચિત ધાર્યું. એમનું એ કાર્ય એ મર્યાદા પુરુષોત્તમ હોવાથી સદાને માટે ને કેટલાંક લોકોમાં ટીકાપાત્ર બન્યું.

વાલિએ પોતે પોતાના પ્રતિભાવને પ્રગટ કરતાં કહ્યું કે

**धर्म हेतु अवतरेहु गोसाई। मारेहु मोहि ब्याध की नाई ॥**
**मैं बैरी सुग्रीव पिआरा। अवगुन कबन नाथ मोहि मारा ॥**

'તમે ધર્મની રક્ષા માટે અવતર્યા છો તોપણ મને શિકારીની પેઠે છુપાઈને માર્યો. મને વેરી અને સુગ્રીવને મિત્ર માન્યો. મને ક્યા દુર્ગુણને લીધે માર્યો ?'

રામે જણાવ્યું કે, 'હે શઠ! નાના ભાઈની સ્ત્રી, પુત્રની સ્ત્રી, બેન તથા કન્યા ચારે સમાન છે. એમને કુદ્રષ્ટિથી જોનારાને મારવામાં પાપ નથી. મૂઢ, તેં અતિશય અભિમાનને લીધે તારી સ્ત્રીની શિખામણ સામે ધ્યાન આપ્યું નહીં સુગ્રીવને મારા બાહુબળનો આશ્રિત જાણીને પણ હે અધમ, અભિમાની તું એને મારવાને માટે તૈયાર થયો.'

એ શબ્દો દ્વારા રામે વાલિનો અપરાધ કહી બતાવ્યો પરંતુ 'મને શિકારીની પેઠે માર્યો' એવી વાલિની વાતનો સંતોષકારક ખુલાસો ના કર્યો. પોતાના પ્રત્યુત્તરમાં રામ આ મુદ્દાને સ્પર્શ્યા જ નહીં. એ કહી શક્યા હોત કે તારા જેવા નરાધમને વ્યાધની પેઠે મારવા-મરાવવામાં પણ દોષ નથી. પરંતુ એમની આદર્શ ધર્મમર્યાદાનું શું ? એમણે કહી હોત તે જ ધર્મમર્યાદા અથવા એનો સમયોચિત અવસરાનુરૂપ વ્યક્તિગત અપવાદ?

એના જ અનુસંધાનમાં એક બીજી વાત કહો કે વિસ્મૃત વાત. રામે સુગ્રીવ સાથે મૈત્રી સ્થાપીને એને સર્વ પ્રકારે સહાયતા પહોંચાડવાની પ્રતિજ્ઞા કરી. સુગ્રીવની કથા સાંભળી. એને સમય પર વાલિ સાથે લડવા મોકલ્યો. એ બધું બરાબર, કિન્તુ એમણે વાલિની વાતને સાંભળી જ નથી. આદર્શ પુરૂષ કે મિત્ર તરીકે મિત્રની વાત કે લાગણીથી દોરવાઈ જવાને બદલે, વાલિની વાતને સાંભળવાનું એમનું કે કોઈનું પણ કર્તવ્ય લેખાય. એમણે વાલિનો સંપર્ક સાધીને, એની સાથે વાતચીત ગોઠવીને એને સમજાવવાનો પ્રયત્ન કરીને, દુર્ગુણમુક્ત કરીને, બંને બંધુઓ વચ્ચે પારસ્પરિક પ્રતિ કે સદભાવના સ્થાપવાની કોશિશ કરી હોત તો એવી કોશિશ આવકારદાયક અને સ્તુત્ય ગણાત. એવી કોશિશ નિષ્ફળ જતાં છેવટે યુદ્ધનો માર્ગ રહેત. સુગ્રીવને એને માટે ભલામણ કરાત. સુધરવાનો જેવો અવસર એમણે પાછળથી રાવણને આપ્યો એવો અવસર

વાલિને આપ્યો જ નથી. પોતાના તરફથી એવો કશો પ્રયત્ન નથી કર્યો. એને સુધારવાની વાત જ વિસરાઈ ગઈ છે.

એમ તો રાજ્યને પામ્યા પછી સુગ્રીવ પણ રામને ભૂલી, પ્રતિજ્ઞાને વિસરીને ભોગવિલાસમાં ડૂબી ગયેલો. તોપણ એમણે એને સુધરવાનો કે જાગ્રત બનવાનો અવસર આપ્યો. વાલિ એવો અવસરથી વંચિત રહ્યો. નહિ તો બંને બંધુઓ કદાચ મિત્રો બનીને રામના પડખે ઉભા રહ્યા હોત.

એ દ્રશ્ય કાંઈ અનોખુ જ હોત.

રામકથાનો પ્રવાહ વધારે વિમળ અને વિશાળ બન્યો હોત.

*

## ૩. વર્ષા તથા શરદ ઋતુનું વર્ણન

કવિએ કરેલું વર્ષાઋતુનું અને શરદનું વર્ણન અનુપમ, અવનવું અને આહલાદક છે. એમણે વર્ણનની સાથે રજૂ કરેલી આધ્યાત્મિક સરખામણી મૌલિક છે. રામના મુખમાં મુકાયેલા ઉદગારો કાવ્યકળાના સર્વોત્તમ પરિચાયક અને સુંદર છે.

लछिमन देखु मोर गन नाचत बारिद पैखि।
गृही बिरति रत हरष जस बिष्नु भगत कहुँ देखि ॥

'લક્ષ્મણ જો, કોઈક વૈરાગ્યવાન ગૃહસ્થ જેમ વિષ્ણુભક્તને જોઈને હરખાય તેમ મોરસમૂહ વાદળને વિલોકીને નાચી રહ્યો છે.'

घन घमंड नभ गरजत घोरा। प्रिया हीन डरपत मन मोरा ॥
दामिनि दमक रह न घन माहीं। खल कै प्रीति जथा थिर नाहीं॥

"આકાશમાં વાદળાં ઘેરાઈને ઘોર ગર્જના કરી રહ્યાં છે. પ્રિયા વિના મારું મન ડરી રહ્યું છે. દુષ્ટની પ્રીતિ જેમ સ્થિર હોતી નથી તેમ ચપલાના ચમકાર વાદળમાં સ્થિર રહેતા નથી."

"વિદ્વાન વિદ્યાને મેળવીને નમ્ર બને છે. તેમ વાદળાં પૃથ્વી પાસે આવીને વરસી રહ્યાં છે. દુષ્ટોનાં વચનોને સંત સહન કરે છે તેવી રીતે વરસાદની ધારાઓનો માર પર્વત સહી રહ્યો છે. પાખંડ મતના પ્રસારથી સદગ્રંથ ગુપ્ત થાય છે તેમ પૃથ્વી ઘાસથી છવાઈને લીલી બનેલી હોવાથી પંથની સમજ પડતી નથી. રાતના ગાઢ અંધકારમાં દંભીનો સમાજ મળ્યો હોય તેમ આગિયાઓ શોભે છે."

"જ્ઞાની જેમ મમતાનો ત્યાગ કરે છે તેમ નદી તથા તળાવનાં પાણી ધીમેધીમે શરદઋતુમાં સુકાઈ રહ્યા છે. ઉત્તમ અવસર આવ્યે સત્કર્મો ભેગા થાય છે તેમ શરદઋતુના શુભાગમનથી ખંજનપક્ષીઓ એકઠાં થયા છે."

સઘળી આશાઓથી મુક્ત ભગવાનનો ભક્ત શોભે છે તેમ વાદળો વગરનું નિર્મળ આકાશ સોહે છે. મારી ભક્તિને વિરલ પુરૂષવિશેષ જ પામી શકે છે તેમ કોઈકોઈ સ્થાનમાં જ વરસાદ વરસે છે. અજ્ઞાની સંસારી માનવ ધન વિના બેચેન બને છે તેમ જળ ઓછું થતાં માછલાં વ્યાકુળ થયાં છે. શ્રી હરિના શરણમાં જવાથી એકે આપત્તિ નથી રહેતી તેમ ઉંડા પાણીમાં રહેનારાં માછલાં સુખી છે. નિર્ગુણ બ્રહ્મ સગુણ બનીને

શોભે છે. તેમ તળાવો કમળ ખીલતાં શોભે છે. સદગુરુ સાંપડતાં સંદેહ તથા બ્રહ્મના સમૂહો નથી રહેતા તેમ શરદઋતુ આવતાં પૃથ્વી પરના જીવો નાશ પામ્યાં છે."

*

## ૪. સંપાતિની દૈવી દ્રષ્ટિ

અરણ્યકાંડમાં સંપાતિનું પાત્ર સવિશેષ ઉલ્લેખનીય છે. સંપાતિ દૈવી દ્રષ્ટિથી સંપન્ન હતો.

સાગરના પ્રશાંત તટપ્રદેશ પર સુગ્રીવના આદેશથી સીતાની શોધમાં નીકળેલા વાનરોને એનો સહસા સમાગમ થયો. એણે વાનરોને જણાવ્યું કે મારા વચનને સાંભળીને તમે પ્રભુકાર્યમાં પ્રવૃત બનો. ત્રિકૂટ પર્વત પર લંકાપુરી વસેલી છે. ત્યાં સ્વભાવથી જ નિર્ભય રાવણ રહે છે. અને અશોક નામનું ઉપવન છે. એમાં સીતા ચિંતાતુર બનીને વિરાજમાન છે. હું એને જોઈ શકું છું. જે સો યોજન સમુદ્રને ઓળંગશે અને બુદ્ધિનો ભંડાર હશે તે જ રામનું કાર્ય કરી શકશે.

जो नाघइ सत जोजन सागर।
करइ सो राम काज मति आगर॥

જટાયુના ભાઈ સંપાતિનું એ માર્ગદર્શન સૌને માટે ઉપયોગી થઈ પડ્યું.

*

## ૫. હનુમાનની તૈયારી

શત યોજન અર્ણવને ઓળંગે કોણ ? વાનરવીરોને માટે એ પ્રશ્ન ભારે અટપટો થઈ પડ્યો.

જાંબવાને જણાવ્યું કે હું હવે વૃદ્ધ થયો છું મારા શરીરમાં પહેલાં જેવું બળ નથી રહ્યું. વામન અવતારમાં બલિને બાંધતી વખતે પ્રભુ એટલા બધા વધ્યા હતા કે તેમના શરીરનું વર્ણન ન થાય. મેં બે ઘડીમાં દોડીને એ શરીરની સાત પ્રદક્ષિણા કરેલી.

દધિમુખે જણાવ્યું કે હું સત્યાશી યોજન દોડી શકું છું.

અંગદે કહ્યું કે હું સમુદ્રને પાર કરી શકું પરંતુ પાછા આવવામાં સહેજ સંશય રહે છે.

હનુમાન એ સઘળો વાર્તાલાપ શાંતિથી બેસીને સાંભળી રહેલાં. એમને જાંબવાને જણાવ્યું કે હે બળવાન હનુમાન, તમે શા માટે મૂંગા બનીને બેસી રહ્યા છો ? તમે પવનપુત્ર છો. બળમાં પવનસમાન છો. બુદ્ધિ, વિવેક, વિજ્ઞાનની ખાણ છો. જગતમાં એવું ક્યું કઠિન કાર્ય છે જે તમારાથી ના થઈ શકે ? તમારો અવતાર રામના કાર્યને માટે જ થયેલો છે.

राम काज लगि तब अवतारा। सुनतहिं भयउ पर्वताकारा ॥

એ શબ્દોએ હનુમાનના અંતરાત્મામાં શક્તિસંચાર કર્યો. પરવત જેવા વિશાળકાય બની ગયા. એ બોલ્યા કે હું ખારા સમુદ્રને રમતમાત્રમાં ઓળંગી શકું. સહાયકો સહિત રાવણને અને ત્રિકૂટ પર્વતને લાવી શકું.

એ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા.

જાંબવાને એમને સીતાને મળીને એમના સમાચાર લાવવા જણાવ્યું ને કહ્યું કે રામ પોતે રાક્ષસોનો નાશ કરીને સીતાને પાછી મેળવશે.

પ્રત્યેક આત્મા એવી રીતે અલૌકિક છે. અસાધારણ યોગ્યતા કે શક્તિથી સંપન્ન છે. એની અલૌકિકતા અજ્ઞાત અથવા દબાયેલી હોવાથી એ દીનતા, હીનતા, પરવશતાને અનુભવે છે. અવિદ્યારૂપી અર્ણવને પાર કરવાની શ્રદ્ધાને ખોઈ બેઠો છે. અશાંત છે. એને જાંબવાન જેવા સમર્થ સ્વાનુભવસંપન્ન સદગુરૂ સાંપડે તો એમના સદુપદેશથી એ એના વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપને સમજે અને જાણે કે હું શુદ્ધબુદ્ધમુક્ત છું. મોહરહિત છું. એની સુષુપ્ત આત્મશક્તિ, ચેતના ઝંકૃત બનીને જાગી ઉઠે. પછી તો એ હનુમાનની પેઠે સુદુસ્તર સુવિશાળ સંમોહસાગરને પાર કરવા કટિબદ્ધ બને. શાંતિરૂપી સીતાનો સંસર્ગ સાધે. કૃતસંકલ્પ કે કૃતકૃત્ય બને.

હનુમાનની એ કથા એવો સારગર્ભિત જીવનોપયોગી સંદેશ પૂરો પાડે છે.

*

## ૬. સાગર ઓળંગાયેલો

હનુમાન અર્ણવને ઓળંગીને સામા કિનારે પહોંચેલા કે સુદુસ્તર સિંધુને તરી ગયેલા એવો વિવાદ કોઈ કોઈ વિદ્વાનોએ ઉભો કરેયો છે. એ કહે છે કે અર્ણવને ઓળંગી શકાય નહીં માટે હનુમાન એને તરીને ગયા હોવા જોઈએ. પરંતુ હનુમાન વિશિષ્ટ શક્તિસંપન્ન સિદ્ધ મહામાનવ હતા. એ લંકામાં નાનું રૂપ લઈને પ્રવેશેલાં. એ હકીકત બતાવે છે કે એમનામાં ઈચ્છાનુસાર રૂપને લેવાની સવિશેષ શક્તિ હતી. રામાયણમાં આવે છે કે એ સાગરને પાર કરવા તૈયાર થયા અને ચાલ્યા ત્યારે પાણીમાં એમની છાયા પડી. એનો અર્થ એવો થયો કે હનુમાન પાણી ઉપરથી પસાર થયા હોય તો જ એમની છાયા પાણીમાં પડી શકે. સીતાને પણ એ પીઠ પર બેસાડીને લઈ જવાની વાત કરે છે.

જે નાનપણમાં સૂર્યને પકડવા આકાશમાં દોડી ગયા એમને માટે અર્ણવને ઓળંગવાનું અશક્ય નથી. એ એવી આકાશગમનની જન્મજાત શક્તિથી સંપન્ન હતા. એ જ શક્તિથી એ લક્ષ્મણને માટે સંજીવનીબુટી લાવવા એક જ રાતમાં વ્યોમમાર્ગે આગળ વધીને પાછા ફરેલા.

સીતાના હરણ પછી રાવણે ગગનગામી રથ કે વાહન દ્વારા આગળ વધીને સાગર પરથી પસાર થઈને લંકામાં પ્રવેશ કરેલો. પર્વત પર બેઠેલા સુગ્રીવે એને જોયેલો પરંતુ ઓળખેલો નહીં. હનુમાને એ જ સાગરને કોઈ વાહન વિના જ ઓળંગીને લંકાપ્રવેશ કરેલો.

* * *

# સુંદર કાંડ

## ૧. વિભીષણ તથા હનુમાન

ઉત્તર રામચરિત નાટકગ્રંથમાં કવિ ભવભૂતિએ લખ્યું છે કે સત્પુરૂષોનો સત્પુરૂષો સાથેનો સમાગમ પૂર્વનાં કે વર્તમાનનાં કોઈક પુણ્યોદયને લીધે જ થતો હોય છે. લંકાની ધરતી પર એવા બે સત્કર્મપરાયણ પુણ્યાત્મા પુરૂષોનો સુખદ સમાગમ થયો - હનુમાન અને વિભીષણ.

પૂર્વનાં પુણ્ય હોય અને પ્રભુની અનુકંપા વરસે ત્યારે સંતો કે સત્પુરૂષો સામેથી આવીને મળે. હનુમાન પણ વિભીષણને સામેથી મળ્યા. દેશકાળનાં અંતરને અતિક્રમીને બંને ભેગા થયા અને એકમેકને અવલોકીને આનંદ પામ્યા. હનુમાનને વિભીષણના નિવાસસ્થાનને નિહાળીને નવાઈ લાગી. એના પર રામના આયુધની નિશાની હતી. સામે તુલસી ઉગાડેલી હતી.

रामायुध अंकित गृह सोभा बरनि न जाइ ।
नव तुलसिका बृंद तहँ देखि हरष कपिराइ ॥

હનુમાનને થયું કે નિશિચરનિકરનિવાસ લંકામાં સજ્જનનો વાસ ક્યાંથી ? વિભીષણ રામના રસમય નામને ઉચ્ચારતાં બહાર આવ્યા. હનુમાને એમની જિજ્ઞાસાના જવાબમાં સઘળી કથા કહી. વિભીષણે સીતાના સમાચાર સંભળાવ્યા. એમને પ્રતિતી થઈ કે હરિકૃપા વિના સંતોનો સમાગમ નથી સાંપડતો.

વિભીષણ લંકામાં રહેતા પરંતુ એકદમ અલિપ્ત રીતે. માનવે પણ એવી રીતે જગતના વિરોધીભાસી વાતાવરણમાં વિભીષણ બનીને રહેવાનું છે. જેની અંદર વિચાર, વાણી, વર્તનની ભીષણતા નથી તે વિભીષણ. સાત્વિકતા, મધુતા, પ્રભુતાની પ્રતિમા. માનવ પોતે મધુમય કે મંગલ બને તો વાતાવરણની અસરથી અલિપ્ત રહી શકે.

*

## ૨. મંદોદરી

રામકથામાં આવનારાં કેટલાંક મહત્વનાં પાત્રોમાં મંદોદરીનો સમાવેશ થાય છે. મંદોદરીના પવિત્ર, તેજસ્વી નિર્ભય, પતિપરાયણ પાત્રનો કવિતામાં વિશેષ વિકાસ કરી શકાયો હોત. એ પ્રાણવાન પાત્રમાં વિકાસની સઘળી શક્યતા સમાયેલી છે. છતાં પણ એ પાત્રનો સમુચિત કાવ્યોચિત વિકાસ નથી કરી શકાયો એ હકિકત છે.

સ્ત્રીનો મુખ્ય શાશ્વત ધર્મ પતિને સન્માર્ગે વાળવાનો છે. પતિનું સર્વપ્રકારે શ્રેય સધાય તે જોવાનું અને એવી રીતે વર્તવાનું સ્ત્રીનું કર્તવ્ય છે. મંદોદરીએ એ કર્તવ્ય સરસ રીતે બજાવ્યું. સીતા અને રામ પરસ્પર અનુકૂળ હોવાથી એમનો સ્નેહ સંબધ સહજ હતો. સીતાને માટે રામને વળગી રહેવાનું, વફાદાર રહેવાનું પણ એટલું જ સહજ હતું. પરંતુ રાવણ અને મંદોદરીનાં વ્યક્તિત્વો પરસ્પર વિરોધી હોવાથી મંદોદરીનું કાર્ય ધાર્યા જેટલું સહેલું નહોતું. વિપરિત વાતાવરણમાં વસીને પણ એણે સત્યના માર્ગે સફર કરી; રાવણ એ માર્ગનો રાહબર બને એવી અપેક્ષા રાખી. એ કાર્ય ધાર્યા જેટલું સહજ કે સરળ નહોતું એની એને પ્રતિતી થઈ. સીતા કરતાં એની ગુણવત્તા કાંઈ ઓછી ન હતી. સીતાને રામ મળ્યા અને એને રાવણ મળ્યા એટલો જ તફાવત. શીલની કસોટીએ બંને સરખી ઠરી. મંદોદરી રાવણના રાજપ્રાસાદનું જ નહીં પરંતુ

સમસ્ત લંકાનું રત્ન હતું. આસુરી સંપત્તિની ઝેરજ્વાળાઓ વચ્ચે વસવા છતાં પણ એ એનાથી પર રહીં. એણે સીતાહરણના સમાચાર સાંભળીને રાવણને વ્યથિત હૃદયે કહેવા માંડ્યું કેઃ

**कंत करष हरिसन परहरहू । मोर कहा अति हित हिँय धरहू ॥**

'હે નાથ, શ્રીહરિનો વિરોધ છોડી દો. મારા કથનને અતિશય હિતકારક સમજીને હૃદયમાં ધારણ કરો.'

'જો તમારું ભલું ચાહતા હો તો મંત્રીને બોલાવીને તેની સાથે સીતાને મોકલી દો. સીતા તમારા કુળરૂપી કમળવનને દુઃખ દેનારી શિયાળાની રાત છે. સીતાને પાછી આપ્યા વિના શંકર તથા બ્રહ્મા કરાયેલા કલ્યાણનો લાભ પણ તમને નહિ મળી શકે. રામનાં શર સર્પોનાં સમૂહસમાન છે તથા રાક્ષસો દેડકા જેવા. એમને એમનાં શરરૂપી સર્પો ગળી ન જાય ત્યાં સુધી હઠને છોડી ઉપાય કરો.'

મંદોદરીએ રાવણને એવી રીતે અનેકવાર સમજાવ્યો પરંતુ રાવણ માન્યો નહીં. એ એનું દુર્ભાગ્ય. મંદોદરી રાવણને માટે શોભારૂપ હતીં. કોઈયે પુરૂષને માટે અલંકાર રૂપ, મહિમામયી. એના સત્કર્મે કે સદભાગ્યે એને એવી સર્વોત્તમ સન્નારી સાંપડેલી. છતાંપણ એ એને સમજીને એનો સમુચિત સમાદર ના કરી શક્યો. એ એના સદ્દુપદેશને અનુસરત તો સર્વનાશમાંથી ઉગરી જાત; અન્યને ઉગારી શકત. રામાયણને પ્રવાહ કંઈક જુદી જ દિશામાં પ્રવાહિત થાત. પરંતુ બન્યું એથી ઉલટું જ. મંદોદરીએ પોતાનું કર્તવ્ય બજાવ્યું એ એની મહાનતા.

રાવણે અશોકવાટિકામાં સીતા પાસે જઈને એને કહ્યું કે હું મંદોદરૂ જેવી સઘળી રાણીઓને તારી દાસી બનાવીશ. તું મારા તરફ દ્રષ્ટિપાત કર. સીતાએ એને સણસણતો ઉત્તર આપ્યો ત્યારે એ ખૂબ જ ક્રોધે ભરાયો ને તલવાર તાણીને સીતાના મસ્તકને કાપવા તૈયાર થયો. એની તલવારને દેખીને સીતાને ભય લાગ્યો નહીં. એ વખતે પણ મંદોદરીએ વચ્ચે પડીને એને સમજાવીને શાંત પાડતા જણાવ્યું કે સ્ત્રીઓને મારવાનું ઉચિત નથી કહેવાતું. પશુપક્ષીની યોનિની સ્ત્રીઓનોય વધ ના કરવો જોઈએ.

રાવણે સીતાને પુનર્વિચાર કરવાની સૂચના આપી કહ્યું કે સીતા જો એક મહિનામાં મારું કહ્યુ નહીં માને તો એનો તલવારથી નાશ કરીશ.

રામચરિતમાનસનું એ આલેખન પુરવાર કરે છે કે મંદોદરીને સીતા પ્રત્યે સહાનુભૂતિ હતી. સીતાને કષ્ટમુક્ત કરવા - કરાવવામાં એને રસ હતો. કેટલું બધું સુંદર, ભવ્ય, આદર્શ અને સર્વોત્તમ સ્ત્રીપાત્ર !

*

## ૩. સીતાનો સંદેહ

અશોકવાટિકામાં હનુમાન અને સીતાનો પ્રથમ મેળાપ.

રામચરિતમાનસમાં એનું વર્ણન સંક્ષેપમાં પણ ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું છે.

અશોકવાટિકામાંથી રાવણે વિદાય લીધી તે પછી હનુમાને સીતા પાસે પહોંચી સીતાને આશ્વાસન આપ્યું. છેવટે જણાવ્યું કે માતા, હું તમને લઈને હમણાં જ રામ પાસે પહોંચી જાઉં, પરંતુ રામના સોગંદ ખાઈને કહું છું કે એમની આજ્ઞા એવી નથી. માતા, થોડોક વખત ધીરજ ધરો. રઘુવીર અહીં વાનરો સાથે આવી પહોંચશે ને રાવણને નાશ કરીને તમને મુક્ત કરશે.

એ વખતે સીતાના મનમાં એક સંદેહ થયોઃ

हैं सुत कपि सब तुम्हहि समाना । जातुधान अति भट बलवाना ॥

मोरें हृदय परम संदेहा ।

હે પુત્ર, રામની સેનાના સઘળા વાનરો તમારા જેટલા નાના હશે. રાવણના રાક્ષસયોદ્ધાઓ અતિશય બળવાન છે. વાનરો પ્રચંડ બળવાળા રાક્ષસોને શી રીતે જીતી શકશે ?

सुनि कपि प्रगट कीन्हि निज देहा ॥

સીતાના સંશયને દૂર કરવા માટે હનુમાનજીએ સત્વર પોતાના સ્વરૂપને પ્રગટ કર્યું. એ સ્વરૂપ સુમેરુ પર્વત જેવું સુવિશાળ, અતિશય બળવાન અને ભયંકર હતું.

એવા અસાધારણ અલૌકિક સ્વરૂપને નિહાળીને સીતાનો સંશય મટી ગયો. હનુમાને પહેલાં જેવું સ્વરૂપ ધારણ કર્યું અને કહ્યું કે અમે સાધારણ બળબુદ્ધિવાળા વાનરો છીએ પરંતુ પ્રભુની કૃપાદ્રષ્ટિ પામ્યા છીએ. અમારી પાછળ એમની અસામાન્ય ચેતના, સત્તા કે શક્તિ કાર્ય કરી રહી છે. એટલે અમે નિર્ભય અને નિશ્ચિંત છીએ. પ્રભુના પ્રતાપથી સાધારણ સર્પ ગરુડને ખાઈ શકે છે.

सुनु मात साखामृग नहिं बल बुद्धि बिसाल ।

प्रभु प्रताप तें गरुड़हि खाइ परम लघु ब्याल ॥

સીતાએ સંતુષ્ટ થઈને હનુમાનને આશીર્વાદ આપ્યાઃ તમે બળ, શીલ, ગુણના ભંડાર, વૃદ્ધાવસ્થાથી રહિત અને અમર બનો. હનુમાને સીતાના ચરણે મસ્તક નમાવ્યું.

માનવ મોટેભાગે ભૂલી જાય છે કે એની પાછળ, અંદર, બહાર, સર્વત્ર પ્રભુની પરમ પ્રતાપી મહાન શક્તિ, ચેતના કે સત્તા કામ કરે છે. એને લીધે જ એનું જીવન કાર્ય કરે છે. એ શક્તિ, ચેતના કે સત્તામાં શ્રદ્ધાભક્તિ પ્રગટતાં એ નિશ્ચિંત અને નિર્ભય બને છે. એના મહિમાને જાણ્યા પછી પોતાનું સમગ્ર જીવન એમનાં શ્રીચરણે સમર્પિત કરે છે. એમનો બને છે, એમનું કાર્ય કરે છે, જીવનની ધન્યતાને અનુભવે છે. પ્રભુની સર્વશક્તિમત્તામાં કે વિરાટ શક્તિ અથવા કૃપામાં વિશ્વાસ ધરાવે છે.

*

## ૪. હનુમાન અને રાવણ

હનુમાન અને રાવણનો મેળાપ ઐતિહાસિક હતો. એમની વચ્ચેનો વાર્તાલાપ ચિરસ્મરણીય.

હનુમાને અવસર આવ્યો ત્યારે રાવણને પોતાની રીતે સમજાવવાનો, સીતાનો ત્યાગ કરી રામનું શરણ લેવા માટે તૈયાર કરવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'ની જેમ એની વિપરીત બુદ્ધિ સન્માર્ગગામિની ના બની શકી. એણે હનુમાનનો વધ કરવાનો આદેશ આપ્યો ત્યારે રાજ્યસભામાં આવેલ વિભીષણે જણાવ્યું કે નીતિશાસ્ત્ર દૂતના વધની અનુમતિ નથી આપતું. એને બદલે બીજો દંડ કરી શકાશે. ત્યારે રાવણે જણાવ્યું કે વાનરની મમતા પુચ્છ પર હોય છે માટે તેલમાં કપડાને બોળીને એને વાનરનાં પુચ્છ પર બાંધીને અગ્નિ લગાડી દો.

कपि कें ममता पूँछ पर सबहि कहउँ समुझाइ ।

तेल बोरि पट बाँधि पुनि पावक देहु लगाइ ॥

રાવણની આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું. હનુમાને પોતાના પુચ્છને ખૂબ જ લાંબુ કર્યું. એમની દ્વારા લંકાદહન થયું. એ કથા સુપ્રસિદ્ધ છે.

પ્રશ્ન એટલો જ રહે છે કે હનુમાનજીને પુચ્છ હતું ખરું ? વાલ્મીકિ રામાયણમાં ને રામચરિતમાનસમાં પુચ્છનો ઉલ્લેખ કરેલો છે. રામચરિતમાનસમાં લખેલું છે કે રાવણે હનુમાનને અંગભંગ કરીને મોકલવાની આજ્ઞા કરી. પુચ્છનો વિચાર પાછળથી ક્ષેપક તરીકે રામકથામાં અને રામાયણમાં પ્રવેશ પામ્યો હોય તો આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે વાનરજાતિના યોદ્ધાઓને - સુગ્રીવ તથા વાલિ જેવા યોદ્ધાઓને પુચ્છ હતાં એવો ઉલ્લેખ ક્યાંય નથી મળતો. પુચ્છનો ઉલ્લેખ હનુમાનને માટે અને એ પણ પ્રસ્તુત પ્રસંગપૂરતો જ થયેલો જોવા મળે છે. એ ઉલ્લેખ વાસ્તવિકતાં કરતાં વિપરીત લાગે છે. વિદ્વાનો અને સંશોધકો એ સંબધમાં સવિશેષ પ્રકાશ પાડે એ ઈચ્છવા જેવું છે.

*

## ૫. વિભીષણ

વિભીષણે રાવણને સમજાવવાનો અને દોષમુક્ત બનાવવાનો પ્રયત્ન કર્યો, એને અનેક રીતે ઉપદેશ આપી જોયો, પરંતુ એની ધારેલી અસર ના થઈ. રાવણે એની સલાહને અવગણી ને એને ક્રોધે ભરાઈને લાત મારી એ પ્રસંગ એને માટે અમોઘ આશીર્વાદરૂપ સાબિત થયો. એણે સત્વર રામનું શરણ લેવાનો સંકલ્પ કર્યો. લંકાપુરીને પરિત્યાગીને એ રામને મળવા માટે ચાલી નીકળ્યો.

વિભીષણને દૂરથી આવતો જોઈને સુગ્રીવના મનમાં શંકા થઈ કે એ દુશ્મનનો દૂત બનીને આપણો ભેદ ઉકેલવા માટે આવતો લાગે છે. ત્યારે રામે જે વચન કહ્યાં તે વચનો એમની અસાધારણ ઉદારતા, સ્નેહમયતા અને ભક્તવત્સલતાના સૂચક છેઃ 'શરણાગતના ભયને દૂર કરવો એ મારી પ્રતિજ્ઞા છે.'

मम प्रण शरनागत भयहारी

'પોતાને શરણે આવેલાને જે પોતાના અહિતને વિચારી છોડી દે છે તે પામર તથા પાપમય છે. તેને જોવાથી પણ હાનિ પહોંચે છે.'

'જેને કરોડો બ્રાહ્મણોની હત્યા લાગી હોય તેને પણ હું શરણે આવ્યા પછી છોડતો નથી. જીવ જ્યારે મારી સન્મુખ થાય છે ત્યારે તેનાં કરોડો જન્મોનાં પાપો નાશ પામે છે.'

'પાપી પુરૂષોને મારું ભજન કદી ગમતું નથી. જો તે દુષ્ટ હૃદયનો હોત તો કદી મારા પ્રત્યે અભિમુખ થઈ શકત ખરો?'

'નિર્મળ મનના માનવો જ મને પામે છે. મને છળકપટ કે દોષદૂષણ નથી ગમતાં. રાવણે એને ભેદ લેવા મોકલ્યો હશે તોપણ આપણને ભીતિ કે હાનિ નથી. કારણ કે જગતનાં સઘળા રાક્ષસોને લક્ષ્મણ નિમીષમાત્રમાં જ મારી શકે તેમ છે. જો તે ભયથી શરણે આવ્યો હશે તોપણ હું પ્રાણની પેઠે એની રક્ષા કરીશ.'

વિભીષણે રામની પાસે પહોંચીને જણાવ્યું કે હું તમારા સુશને સાંભળીને આવ્યો છું. તમે સંસારના ભયના નાશક છો. હે દુઃખીના દુઃખને હરનાર, શરણાગતને સુખ ધરનાર રઘુવીર, મારી રક્ષા કરો. મારો જન્મ

રાક્ષસકુળમાં થયેલો છે. મારું શરીર તામસ છે. ઘુવડને અંદકાર પ્રિય લાગે તેમ મને સ્વભાવથી જ પાપકર્મ પ્રિય લાગે છે.

રામની ભક્તવત્સલતા તો જુઓ. એમણે વિભીષણને સન્માનતી વખતે એને લંકેશ કહીને સમુદ્રનું પાણી મંગાવીને રાજતિલક કર્યું. કવિ સરસ રીતે નોંધે છે કે જે સંપત્તિ શંકરે રાવણને દસ મસ્તકના બદલામાં આપેલી તે સંપત્તિ રામે વિભીષણને અતિશય સંકોચસહિત પ્રદાન કરી.

**जो संपति सिव रावनहि दीन्ह दिएँ दस माथ ।**
**सोइ संपदा बिभीषनहि सकुचि दीन्ह रघुनाथ ॥**

શરણાગત ભક્ત પર ભગવાન કેવી અસાધારણ એમોઘ કૃપા કરે છે તેનો ખ્યાલ એ પ્રસંગ પરથી સહેલાઈથી સુસ્પષ્ટ રીતે આવી શકશે. ચોપણ વિવેકરહિત અજ્ઞાની જીવ પ્રભુના શરણે જતો નથી. વિભીષણે રામનો સમાશ્રય લીધો ત્યારે રાવણ લંકાનો અધીશ્વર હોવાં છતાં રામે એને લંકેશ કહી રાજ્યતિલક કર્યું એ શું સુચવે છે? એ જ કે રાવણનો નાશ નજીકના ભવિષ્યમાં થવાનો જ છે એવું સુસ્પષ્ટ ભવિષ્યકથન એમણે કરી લીધું. બીજું એ કે વિભીષણની યોગ્યતાને એમણે સૌની વચ્ચે મહોર મારી બતાવી.

*

## ૬. સમુદ્રને દંડ

લંકાની સામે સમુદ્રતટ પર પડેલી રામની સેના સમુદ્રને પાર કરે તો જ લંકાપુરીમાં પ્રવેશી શકે તેમ હોવાથી રામે સૌથી પ્રથમ સમુદ્રને પ્રાર્થના દ્વારા પ્રસન્ન કરીને સમુદ્રને પાર કરવાનો ઉપાય જાણવાનો વિચાર કર્યો.

લક્ષ્મણને પ્રાર્થનાની વાત રુચી નહીં. એણે સમુદ્રને બાણ મારી સુકવી નાખવાની બલામણ કરી.

એટલી વાતને વર્ણવ્યા પછી કવિએ એ વાતને અધૂરી રાખીને રાવણના દૂતોની ઉપકથાને રજૂ કરી છે. એ ઉપકથાને પાછળથી રજૂ કરી શકાઈ હોત. ઉપકથાની વચ્ચેની રજૂઆત કાંઈક અંશે કવિતાના મૂળ પ્રવાહમાં રસક્ષતિ પહોંચાડનારી છે.

મૂળ પરંપરાગત કથાપ્રવાહ પ્રમાણે ત્રણ દિવસ વીત્યા તોપણ સમુદ્રે વિનય માન્યો નહીં ત્યારે રામ એને અગ્નિબાણથી સૂકવી નાખવા તૈયાર થયા. સમુદ્રમાં જ્વાળાઓ જાગી. છેવટે સમુદ્ર સોનાના થાળમાં રત્નો સાથે અભિમાનને છોડીને, બ્રાહ્મણના રૂપમાં આગળ આવ્યો. એના મુખમાં મૂકવામાં આવેલાં ઉદગારો

**'ढोल गँवार सूद्र पसु नारी । सकल ताड़ना के अधिकारी ॥ '**

વિવાદાસ્પદ અને અસ્થાને લાગે છે. કોઈ વર્ગવિશેષને એ ઉદગારો અન્યાય કરનારા જણાય તો નવાઈ નહીં.

સમુદ્રે રામને સાગર પાર કરવાનો ઉપાય બતાવ્યો. રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છે કે સમુદ્ર છેવટે પોતાના ભવનમાં ગયો. **'निज भवन गवनेउ सिंधु'** એ કથન સૂચવે છે કે સમુદ્ર એ પ્રદેશના તટવર્તી વિસ્તારનો અધિનાયક અથવા સમ્રાટ હશે. રામના દંડના ભયથી પ્રસન્ન બનીને એણે સમુદ્રને પાર કરવાનો માર્ગ બતાવ્યો હશે.

એ માર્ગ કાંઈક અંશે ચમત્કૃતિજનક દેખાય છે. 'નલ ને નીલને ઋષિના આશીર્વાદ મળ્યા છે. એમના સ્પર્શથી પ્રચંડ પર્વતો પણ આપના પ્રતાપથી સમુદ્ર પર તરશે. હું તમને સહાય કરીશ. એવી રીતે સેતુ બંધાવો કે ત્રણે લોકમાં આપનો ઉત્તમ યશ ગવાય.'

વાલ્મીકિ રામાયણમાં સ્પષ્ટ રીતે વર્ણવેલું છે કે નલ અને નીલ એ જમાનાના મહાન ઈજનેરો હતા. તેમણે અન્યની મદદથી સેતુની રચના કરેલી. એવા વર્ણનથી દેશની પ્રાચીન ભૌતિક સંસ્કૃતિ કે વિદ્યાનું ગૌરવ સચવાય છે. રામચરિતમાનસમાં પણ સેતુ બાંધવાની વાત તો આવે જ છે એટલે એ દ્વારા પ્રયોજનની પરોક્ષ રીતે પુષ્ટિ થાય છે. પથ્થરો કેવળ તર્યા નહોતા પરંતુ સેતુરચના માટે કામ લાગેલા એ હકીકતને ખાસ યાદ રાખવાની છે.

* * *

# લંકા કાંડ

## ૧. શંકરની ભક્તિ

સમુદ્ર પર સેતુના રમણીય રચના પૂરી થઈ.

રામ એ સરસ સેતુરચનાથી પ્રસન્ન થયા.

એમણે એ ચિરસ્મરણીય સુખદ ભૂમિમાં શિવલિંગને સ્થાપીને પૂજા કરી.

વિષ્ણુ તથા શંકર તત્વતઃ બે નથી પરંતુ એક જ છે. કેટલાક કટ્ટર ઉપાસકો એમને અજ્ઞાનને લીધે અલગ માને છે અને એમની વચ્ચે ભેદભાવ રાખે છે. રામચરિતમાનસના કલ્યાણકવિ ભેદભાવની એ દુર્ભેદ્ય દિવાલને દૂર કરીને સાંપ્રદાયિક સંકીર્ણતામાં સપડાયેલા સમાજને એમાંથી મુક્ત કરીને સમાજની શક્તિ વધારવાની દિશામાં અતિશય ઉપયોગી અગત્યનું શકવર્તી કલ્યાણકાર્ય કરી બતાવ્યું છે. સમાજમાંથી સાંપ્રદાયિક વૈમનસ્યને હઠાવવા માટે એમણે ઉપયોગી ફાળો પ્રદાન કર્યો છે. એને માટે એમને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. લંકાકાંડના આરંભમાં એમણે રામના શ્રીમુખમાં વચનો મુક્યાં છેઃ

सिव समान प्रिय मोहि न दूजा ॥
सिव द्रोही मम भगत कहावा। सो नर सपनेहुँ मोहि न पावा ॥
संकर बिमुख भगति चह मोरी। सो नारकी मूढ़ मति थोरी ॥

"શંકર સમાન મને બીજું કોઈ પ્રિય નથી. શંકરનો દ્રોહી થઈને જે મારો ભક્ત કહેવડાવે છે તે મનુષ્ય મને સ્વપ્નમાં પણ નથી પામતો. જે શંકરથી વિમુખ બનીને મારી ભક્તિ ઈચ્છે છે તે નરકમાં જનારો, મૂઢ અને મંદ બુદ્ધિવાળો છે."

संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास।
ते नर करहि कलप भरि धोर नरक महुँ बास ॥

"જે શંકરનો પ્રેમી પરંતુ મારો દ્રોહી હોય અને શંકરનો દ્રોહી બનીને મારો દાસ થવા ઈચ્છતો હોય, તે નર કલ્પો લગી નરકમાં વાસ કરે છે."

जे रामेस्वर दरसनु करिहहिं। ते तनु तजि मम लोक सिधरिहहिं ॥
जो गंगाजलु आनि चढ़ाइहि। सो साजुज्य मुक्ति नर पाइहि ॥

"જે રામેશ્વરનાં દર્શન કરશે તે શરીરને છોડીને મારા લોકમાં જશે. જે ગંગાજળને લાવીને આની ઉપર ચઢાવશે તે સાયુજ્ય મુક્તિને મેળવીને મારા સ્વરુપમાં મળી જશે."

"જે છળને છોડી, નિષ્કામ થઈ, રામેશ્વરને સેવશે તેને શંકર મારી ભક્તિ આપશે."

શિવ અને વિષ્ણુના નામે જ નહીં પરંતુ ધર્મ, સંપ્રદાય, સાધના તથા જાતિના નામે ચાલતા અને ફાલતાફૂલતા સર્વપ્રકારના ભેદભાવોને તથા એમનામાંથી જાગનારી વિકૃતિઓ કે ઝેરજ્વાલાઓને તિલાંજલિ આપવાની અનિવાર્ય આવશ્યકતા છે. સમાજ એવી રીતે સ્વસ્થ, સુદ્રઢ, સુસંવાદિ અને શાંતિમય બની શકે.

*

## ૨. શબ્દપ્રયોગ

રાવણને સમુદ્ર પર સેતુરચનાના સમાચાર સાંપડ્યા ત્યારે એણે આશ્ચર્યચકિત બનીને ઉદગાર કાઢ્યાઃ

बांध्यो बननिधि नीरनिधि जलधि सिंधु बारीस।

सत्य तोयनिधि कंपति उदधि पयोधि नदीस ॥

"વનનિધિ, નીરનિધિ, જલધિ, સિંધુ, વારીશ, તોયનિધિ, કંપતિ, ઉદધિ, પયોધિ, નદીશને શું ખરેખર બાંધ્યો ?"

રાવણના મુખમાં મુકાયેલા એ શબ્દો કવિના અસાધારણ ભાષાવૈભવજ્ઞાનને અને શબ્દલાલિત્યને સુચવે છે. કવિ સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હોવાથી વિભિન્ન શબ્દોનો વિનિયોગ એમને સારુ સહજ દેખાય છે. ઉપર્યુક્ત દોહામાં સાગર શબ્દના જુદાજુદા અગિયાર પર્યાયોનો પ્રયોગ એમણે અતિશય કુશળતાપૂર્વક સફળતાસહિત કરી બતાવ્યો છે. એ પ્રયોગ આહલાદક બન્યો છે.

*

## ૩. ચંદ્રની ચર્ચા

પ્રકૃતિના વર્ણન વખતે કવિ કેટલીકવાર અસામાન્ય કલ્પનાશક્તિનો અને આલેખનકળાનો પરિચય કરાવે છે. કવિની કવિતાશક્તિ એવા વખતે સોળે કળાએ ખીલી ઉઠે છે. એની પ્રતીતિ માટે આ પ્રસંગ જોવા જેવો છેઃ

પૂર્વ દિશામાં રામે ચંદ્રને ઉદય પામેલો જોઈને પૂછ્યું કે ચંદ્રમાં જે કાળાશ દેખાય છે તેનું રહસ્ય શું હશે ? બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બોલવા લાગ્યા.

સુગ્રીવે કહ્યું કે ચંદ્રમાં પૃથ્વીની છાયા દેખાય છે.

કોઈક બીજાએ કહ્યું કે રાહુએ ચંદ્રને મારેલો. તે મારની કાળાશ તેના હૃદય પર પડી છે. કોઈક બીજાએ કહ્યું કે બ્રહ્માએ રતિનું મુખ બનાવ્યું ત્યારે ચંદ્રનો સારભાગ લેવાથી ચંદ્રના હૃદયમાં છિદ્ર રહ્યું છે.

कोउ कह जब बिधि रति मुख कीन्हा। सार भाग ससि कर हरि लीन्हा ॥

छिद्र सो प्रगट इंदु उर माहीं।

રામ બોલ્યાઃ ચંદ્રનો અતિપ્રિય બંધુ વિષ હોવાથી એણે એને પોતાના હૃદયમાં સ્થાન દીધું છે. એ વિષવાળાં કિરણોને પ્રસારી વિરહી નરનારીઓને બાળી રહ્યો છે.

હનુમાને સ્પષ્ટીકરણ કર્યું કે

कह हनुमंत सुनहु प्रभु ससि तुम्हारा प्रिय दास।

तव मूरति बिधु उर बसति सोइ स्यामता अभास ॥

"હે પ્રભુ, સાંભળો. ચંદ્ર તમારો પ્રિય દાસ છે, તમારી મૂર્તિ ચંદ્રના હૃદયમાં વસે છે. શ્યામતારૂપે એની જ ઝાંખી થાય છે."

હનુમાનજી પોતે રામભક્ત હોવાથી ચંદ્રને પણ રામભક્ત તરીકે કલ્પી કે પેખી શક્યા. આગળ પર રામે એમની સાથેના વાર્તાલાપ દરમ્યાન જણાવેલું કે અનન્ય ભક્ત પોતાને સેવક સમજીને ચરાચર જગતને પોતાના સ્વામી ભગવાનનું જ રૂપ માને છે. હનુમાનજીએ અનન્ય ભક્તની એ ભાવનાને યથાર્થ કરી બતાવી.

*

## ૪. અંગદનું દૂતકાર્ય

પોતાની પાસે સૌથી પ્રથમ પહોંચેલા હનુમાનને અને એ પછી આવેલા અંગદને રાવણ જે પ્રકારે સંબોધે છે તે પ્રકાર લગભગ એકસરખો લાગે છે. રાવણે હનુમાનને "કવન તૈં કીસા", 'હે વાનર, તું કોણ છે?' એવું કહ્યું તો અંગદને "કવન તૈં બંદર" કહ્યું. ઉભયની સાથે કરાયેલો વાર્તાલાપનો એ પ્રકાર સરખાવવા જેવો છે.

અંગદને રામે રાવણ પાસે પોતાના દૂત તરીકે મોકલ્યો. એને જણાવ્યું કે, "મારા કામને માટે લંકામાં જા. તું ખૂબ જ ચતુર છે. શત્રુ સાથે એવી રીતે વાતચીત કરવા કે જેથી આપણું કામ થાય ને તેનું કલ્યાણ સધાય."

દૂતનું કાર્ય બને તેટલી સ્થિરતા તથા સ્વસ્થતાથી કરવાનું શાંતિપૂર્વકનું કલ્યાણકાર્ય હોય છે. કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગરની તટસ્થ વિચારશક્તિની અને સત્યલક્ષી મધુમયી વાણીની એને પોતાના કાર્યની સફળતા માટે અનિવાર્ય આવશ્યકતા હોય છે. રામચરિતમાનસને વાંચવાથી પશ્ન ઉદભને કે અંગદનું કાર્ય આદર્શ દૂતકાર્ય છે ખરું ? એનું કાર્ય આરંભથી જ ભારેલા અગ્નિને ચેતાવવાનું અથવા વાઘના મોંમા હાથ નાખવાનું છે. એનો મિજાજ લડાયક લાગે છે. એ વિવાદ કે ઘર્ષણ ઘટાડવાને બદલે વધારવાની પ્રવૃતિ કરી રહ્યો છે. એની અંદર દૂતનો આદર્શ લક્ષણોનો અભાવ છે. રામ દ્વારા એની દૂત તરીકેની પસંદગી યથાર્થ રીતે નથી થઈ, અથવા બીજી રીતે, વધારે સારા શબ્દોમાં કહીએ તો કવિ દ્વારા એની દૂત તરીકેની પાત્રતા કે પ્રવૃતિ સુયોગ્ય રીતે રજૂ નથી થઈ.

અંગદ આરંભ જ વિનોદ, આક્ષેપ, અવહેલનાથી કરે છે. એ બાબતમાં એ રાવણ કરતાં લેશ પણ ઉતરતો નથી દેખાતો. રાવણને શાંતિથી, મીઠાશથી સમજાવવાનો પ્રયાસ કરવાને બદલે એ વાર્તાલાપના શરૂઆતના તબક્કામાં જ એવી ભળતી અને કડવી વાત કરે છે કે જે રાવણને વધારે ઉગ્ર બનાવે.

दसन गहहु तृन कंठ कुठारी। परिजन सहित संग निज नारी ॥
सादर जनकसुता करि आगें। एहि बिधि चलहु सकल भय त्यागें ॥

"દાંતમાં તણખલું અને કંઠમાં કુહાડી લઈને, કુટુંબીજનોને તથા તારી સ્ત્રીઓને લઈને, સીતાને સન્માનપૂર્વક આગળ કરીને, સર્વ ભયને છોડીને ચાલ."

"હે શરણાગતનું પાલન કરનારા રઘુવંશમણિ રામ, મારી રક્ષા કરો, એવું જણાવ. એટલે તારી વેદનામયી વાણી સાંભળીને પ્રભુ રામ તને નિર્ભય કરશે."

રાવણ અને અંગદનો વાર્તાલાપ એવી રીતે મલ્લવિદ્યાનું કે કુસ્તી રમતા પહેલવાનોના દ્વંદ્વનું સ્મરણ કરાવે છે. એમનો સંવાદ કે વિસંવાદી વિવાદ ધાર્યા કરતાં વધારે પૃષ્ઠોને રોકે છે. સંક્ષેપમાં કહીએ તો અંગદે રાવણ પાસે પહોંચીને બીજું ગમે તે કર્યું હોય પરંતુ વિષ્ટિકાર્ય તો નથી જ કર્યું. એની દ્વારા રામના દૂતને છાજે અથવા શોભે એવું ઠંડા મગજનું પ્રેમમય ગૌરવકાર્ય નથી થયું. પ્રજ્જ્વલિત પ્રચંડ અગ્નિજ્વાળાને શમાવવાનો પ્રયત્ન કરવાને બદલે એમાં આહુતિઓ જ નાખી છે. રામે કે સુગ્રીવે એને એ માટે સહેજે ઠપકો નથી આપ્યો.

*

## ૫. કુંભકર્ણ

લંકાપુરીમાં આસુરી સંપત્તિવાળા જે રાક્ષસો રહેતા તેમાં રાવણનો ભાઈ કુંભકર્ણનો પણ સમાવેશ થતો. એને ચિરનિદ્રામાંથી જગાડીને રાવણે સીતાહરણની ને બીજી કથાઓથી માહિતગાર કર્યો. વાનરસેના સાથેના યુદ્ધમાં દુર્મુખ, દેવશત્રુ, મનુષ્યભક્ષક, પ્રચંડ યોદ્ધાઓ અતિકાય, અકંપન તથા મહોદરાદિ વીરોનો નાશ થયેલો. કુંભકર્ણે સઘળા સમાચાર સાંભળીને રાવણને ઠપકો આપ્યોઃ "મૂર્ખ, જગદંબાને હરી લાવીને તું કલ્યાણ ચાહે છે ? અહંકારને છોડીને રામને ભજવા માંડ તો તારું કલ્યાણ થશે. તેં મને પહેલેથી આ બધુ કહ્યું હોત તો સારું થાત,"

કુંભકર્ણ રાવણને ઠપકો અને ઉપદેશ આપે છે પરંતુ એની નિર્બળતાને લીધે એવાથી એ ઉપદેશનું અનુસરણ નથી થતું. રાવણના કુકર્મના વિરોધમાં એ રાવણ સાથે અસહકાર નથી કરતો. પંડિતની પેઠે વદવા છતાં પણ રાવણનો સંબંધવિચ્છેદ કરવાને બદલે એના જ પક્ષમાં રહીને લડવા તૈયાર થાય છે. વિભીષણે જેમ રામનું શરણ લીધું એમ એનાથી ના લઈ શકાયું. એ જો રાવણની મદદ કરવાનો ઈન્કાર કરી દેત તો કદાચ રાવણની હિંમત ઓછી થાત. પરંતુ એની પોતાની નૈતિક હિંમત એટલી નહોતી. એ સંબંધમાં એની સરખામણી મારીચ સાથે કરી શકાય. પોતે જેને આદર્શ માનતા હોય એનું જ અનુસરણ કરનારા માનવો મહિમંડળમાં ઓછા - અતિવિરલ મળે છે. આદર્શોની વાતો કરનારા વધારે. વાતો કરીને એમનાથી વિરુદ્ધ વાટે ચાલનારા એમનાથી પણ વધારે.

રામ સાથેના યુદ્ધમાં કુંભકર્ણનો નાશ તો થયો જ પરંતુ એ રાવણને પણ ના બચાવી શક્યો.

*

## ૬. શુકન-અપશુકન

રામચરિતમાનસના કવિ શુકન-અપશુકનને મહત્વના માને છે. એમની કવિતામાં એમના સમયની લોકમાન્યતાના પ્રતિઘોષ પડ્યા છે. એ પ્રતિઘોષ સવિશેષ ઉલ્લેખનીય છે. બાલકાંડમાં વર્ણવ્યા પ્રમાણે રાજા દશરથના રામલગ્ન માટે અયોધ્યાથી વિદાય થયા ત્યારે કવિએ એમને થયેલા શુભ શુકનો વિશે લખ્યું છેઃ

"ચાસ નામનાં પક્ષી ડાબી તરફ ચારો લઈ રહ્યાં. તે પૂર્ણ મંગલ સૂચવી રહ્યાં. કાગડાઓ સુંદર ખેતરમાં જમણી તરફ શોભવા લાગ્યા. સૌને નોળિયાનાં દર્શન થયાં. શીતળ, મંદ, સુવાસિત, ત્રિવિધ વાયુ વાવા લાગ્યો. ભરેલા ઘડા તથા બાળકો સાથે સ્ત્રીઓ સામેથી આવી."

"શિયાળ ફરી ફરી દેખાવા માંડ્યું. સામે ઉભેલી ગાયો વાછરડાંને ધવડાવવા લાગી. મૃગોની પંક્તિ ડાબી તરફથી ફરીને જમણી તરફ આવતી દેખાઈ. જાણે મંગળોનો સમૂહ દેખાયો."

"સફેદ માથાવાળી ક્ષેમકરી ચકલીઓ વિશેષ રીતે કલ્યાણ કહેવા લાગી. કાળી ચકલીઓ ડાબી બાજુ સરસ વૃક્ષો પર જોવા મળી. દહીં તથા માછલાં સાથેના માનવો તથા હાથમાં પુસ્તકવાળા બે વિદ્વાન બ્રાહ્મણો સામે મળ્યા."

"એ મંગલમય ઈચ્છાનુસાર ફળ આપનારાં શુભ શુકનો એકસાથે થઈ રહ્યાં."

લંકાકાંડમાં રાવણે રામ સાથે યુદ્ધ કરવા પ્રયાણ કર્યું ત્યારે એને થયેલા અપશુકનોનું વર્ણન કરાયું છે. એમના પ્રત્યે સહેજ દ્રષ્ટિપાત કરી જઈએ.

"હાથમાંથી હથિયારો પડી જતાં હતા. યોદ્ધાઓ રથ પરથી ગબડી પડવા લાગ્યા. ઘોડા તથા હાથી ચિત્કાર કરતા નાસવા માંડ્યા. શિયાળ, ગીધ, કાગડા, ગધેડા અવાજો કરી રહ્યાં. કૂતરાં અને ઘુવડો અતિ ભયાનક કાળદૂત સરખાં શબ્દો કરવા લાગ્યા."

રાવણના સંહાર માચે રામે ભયંકર બાણ લીધું તે વખતનું વર્ણનઃ

"એ વખતે અનેક પ્રકારના અપશુકનો થવા લાગ્યા. ગધેડાં, શિયાળ, કૂતરાંનું રુદન. પંખીઓનું ક્રંદન. આકાશમાં જ્યાં ત્યાં ધૂમકેતુ દેખાયા. દસે દિશામાં દાહ થયો. કવખતે સૂર્યગ્રહણ થયું. મંદોદરીનું કાળજું કંપવા માંડ્યું. મૂર્તિઓ નેત્રોમાંથી પાણી વહાવવા લાગી. રોવા લાગી."

"આકાશમાંથી વજ્રપાત થયા. પ્રચંડ પવન ફૂંકાયો. પૃથ્વી ડોલવા લાગી. વાદળાં લોહી, વાળ, ધૂળ વરસાવી રહ્યાં."

"સીતાની ડાબી આંખ ફરકવા લાગી. ડાબો બાહુપ્રદેશ ફરકવા માંડ્યો."

*

## ૭. રાવણ

રામચરિતમાનસમાં રામ અને રાવણના યુદ્ધનું વર્ણન વધારે પડતા વિસ્તારથી કરાયું હોવાથી વાચકને વચ્ચે વચ્ચે કંટાળો ઉપજવાનો સંભવ રહે છે. વાચક કોઈવાર એવું વિચારે છે કે હવે આ બંન્નેનું યુદ્ધ પૂરું થાય તો સારું. યુદ્ધના એ વર્ણનને રસ સચવાય અને હેતુ સધાય એવી રીતે, અતિવિસ્તારને ટાળીને કરવામાં આવ્યું હોત તો સારું રહેત.

રામે રાવણનો નાશ કર્યો. રાવણને સમજાવવાના પ્રયત્નો કોણે કોણે કર્યા એ જાણવા જેવું છે. સૌથી પ્રથમ એને મારીચે સમજાવવાનો પ્રયત્ન કર્યો. પછી સીતાએ, જટાયુએ. લંકામાં સીતાને લઈને પહોંચ્યા પછી મંદોદરીએ, હનુમાને, વિભીષણે, એના દૂત શુકે, અંગદે, એના સુપુત્ર પ્રહસ્તે, માલ્યવંતે, કુંભકર્ણે. એવી રીતે સમજાવવાના અનેકાનેક સુઅવસરો આવ્યા તોપણ એ સમજ્યો નહીં. અથવા સમજવા છતાં પણ વિપરીત બુદ્ધિને લીધે એ પ્રમાણે ચાલ્યો નહીં.

રાવણને કથાકારોએ ખૂબ જ ખરાબ ચિતર્યો છે. એની અંદર દુર્ગુણો તથા દુરાચારનો ભંડાર ભર્યો હોય એવું માન્યું-મનાવ્યું છે. પરંતુ એનાં વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંક પાસાંઓને તટસ્થતાપૂર્વક સહાનુભૂતિસહિત સમજવા જેવા છે. એ મહાન પંડિત હતો. કુશળ શાસક, રાજનીતિજ્ઞ, યોદ્ધો. શંકરનો એકનિષ્ઠ મહાન ભક્ત ને ઉપાસક. સીતાસમી સન્નારીના હરણના અસાધારણ અક્ષમ્ય અપરાધ આગળ એના ગુણો ગૌણ બની ગયા. ઢંકાઈ કે ભૂલાઈ ગયા.

રામાયણની કથામાં એને અધમાધમ કહેવામાં આવ્યો છે. પરંતુ સીતાના હરણ જેવી અન્ય અધમતા પ્રત્યે અંગૂલિનિર્દેશ નથી કરાયો. સીતાના હરણ પછી પણ એણે એને અશોકવાટિકામાં રાખી. એના પર બળજબરીપૂર્વક આક્રમણ નથી કર્યું. સીતાને પોતાની પટરાણી બનવા માટે વિચારવાનું જ કહ્યું છે. અધમ પુરુષ એવી ધીરજ ના રાખી શકે. કામનાવાસનાની પૂર્તિનો માટે માનવ ગમે તેવા નાનામોટા શાપને પણ

ભૂલી જાય છે. રાવણે એવું વિસ્મરણ કરીને કુકર્મ નથી કર્યું. એ એના વ્યક્તિત્વની સારી બાજુ છે. એના તરફ અધિકાંશ માનવોનું ધ્યાન નથી જતું. એ સીતાનો શિરચ્છેદ કરવા તૈયાર થાય છે, પરંતુ છોકરીઓના અપહરણ કરનારા આધુનિક કાળના ગુંડાઓ અથવા આક્રમકોની જેમ તલવાર, પિસ્તોલ કે બંદુકની અણીએ સીતા પર બળાત્કાર નથી કરતો. આપણે એની વ્યર્થ વધારે પડતી વકીલાત નથી કરતા પરંતુ એને થોડીક જુદી જાતની ન્યાયપૂર્ણ દ્રષ્ટિથી મૂલવીએ છીએ.

કુકર્મપરાયણ માનવોમાં પણ એકાદ-બે સારી વસ્તુઓ હોઈ શકે છે. એમને અવલોકવાથી હાનિને બદલે લાભ જ થાય છે.

*

## ૮. રામનો રથ

રામચરિતમાનસના રસજ્ઞ સ્વનામધન્ય કુશળ કળાકાર કવિ પ્રસંગોપાત્ત અવસરને અનુરૂપ વિચારકણિકાઓ રજૂ કરે છે. અત્રિમુનિના આશ્રમમાં અનસૂયા પાસે સીતાને પતિવ્રતા સ્ત્રીઓ વિશે ઉપદેશ અપાવે છે; શબરી તથા રામના સંવાદ વખતે નવધા ભક્તિને વર્ણવે છે; રામના માટે યોગ્ય કોઈ રહેવાનું સ્થાન બતાવો એવી જિજ્ઞાસાના જવાબમાં ભગવાનને વસવા લાયક સુયોગ્ય સ્થાન કેવું હોઈ શકે તેની મહર્ષિ વાલ્મીકિને નિમિત્ત બનાવીને ચર્ચાવિચારણા કરે છે; અને એવી રીતે રામ તથા રાવણના યુદ્ધ વખતે રથની સુંદર મૌલિક વિચારધારાનો પરિચય કરાવે છે. એ વિચારધારા કવિની પોતાની છે તોપણ કવિતામાં એવી અદભૂત રીતે વણાઈ ગઈ છે કે વાત નહીં. એ સર્વથા સ્વાભાવિક લાગે છે.

કવિ કહે છે કે રાવણને રથ પર અને રઘુવીરને રથ વિનાના જોઈને વિભીષણે પુછ્યું કે તમે રથ, કવચ તથા પદત્રાણ વિના વીર રાવણને કેવી રીતે જીતશો ? રામે તરત જ જણાવ્યું કે યુદ્ધમાં વિજય અપાવનારો રથ જુદો જ હોય છે.

"એ રથનાં શૌર્ય તથા ધૈર્ય પૈંડા છે. સત્ય અને શીલની મજબૂત ધજાપતાકા છે. બળ, વિવેક, દમ તથા પરોપકાર ચાર ઘોડા છે. તે ક્ષમા, દયા, સમતારૂપી દોરીથી જોડેલાં છે."

ईस भजनु सारथी सुजाना। बिरति चर्म संतोष कृपाना ॥
दान परसु बुधि सक्ति प्रचंड़ा। बर बिग्यान कठिन कोदंडा ॥

"ઈશ્વરનું ભજન ચતુર સારથિ છે. વૈરાગ્ય ઢાલ, સંતોષ તલવાર, દાન ફરશી, બુદ્ધિ પ્રચંડ શક્તિ અને શ્રેષ્ઠ વિજ્ઞાન કઠીન ધનુષ્ય."

"નિર્મળ અચળ મન ભાથા સમાન; શમયમનિયમ જુદાં જુદાં બાણ. બ્રાહ્મણ તથા ગુરુનું પૂજન અભેદ્ય કવચ. એના વિના વિજયનો કોઈ બીજો ઉપાય નથી."

"જેની પાસે એવા સુદ્રઢ રથ હોય તે વીર સંસારરૂપી મહાદુર્જય શત્રુને પણ જીતી શકે છે."

महा अजय संसार रिपु जीति सकइ सो बीर।
जाकें अस रथ होइ दृढ़ सुनहु सखा मतिधीर ॥

રામના શબ્દો સાંભળીને વિભીષણને હર્ષ થયો. એણે રામનાં ચરણ પકડીને જણાવ્યું કે તમે કૃપાળુ હોવાથી મને એ બહાને ઉપદેશ આપ્યો.

આપણે એ જ ઉદગારો કવિને લાગુ પાડીને કહીશુ કે તમે પોતે જ રામને નિમિત્ત બનાવીને એમના નામે એ બહાને ઉપદેશ આપ્યો.

કવિની કળાની વિશેષતા હોય છે. કથા, કવિતા અને ઉપદેશ અથવા કથયિતવ્ય - ત્રણે એવાં એકરૂપ બની જાય છે કે એમની અંદર કશી કૃત્રિમતા દેખાતી નથી. કવિતા એમને લીધે શુષ્ક લાગવાને બદલે વધારે રસમય ભાસે છે કે શક્તિશાળી લાગે છે.

*

## ૯. સીતાની અગ્નિપરીક્ષા

સીતા રામના પવિત્ર પ્રેમની પ્રતિમા. શીલ, સંયમ, શુદ્ધિનું સાકાર સ્વરૂપ.

અશોકવાટિકામાં પોતાના પ્રાણપ્યારા હ્રદયાભિરામ રામથી દિવસો સુધી દુર રહીને એ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલી. હવે એને પોતાની શીલવૃતિને સાચી ઠરાવતા કોઈ બીજી સ્થૂળ આકરી અગ્નિપરીક્ષાની આવશ્યકતા હતી ? જરા પણ નહોતી. એવી સર્વોત્તમ સ્નેહમૂર્તિ સન્નારીની અગ્નિપરીક્ષા કરવામાં આવે, અને એ પણ એના જીવન આરાધ્ય, જીવનના સારસર્વસ્વ જેવા રામ દ્વારા, એ કલ્પના જ કેટલી બધી કરુણ લાગે છે ? છતાં પણ એ એક હકીકત છે. રાવણના નાશ પછી સીતાને લંકાની અશોકવાટિકામાંથી મુક્ત કરીને રામ પાસે લાવવામાં આવી ત્યારે રામે જ એની અગ્નિપરીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો.

સીતાની અગ્નિપરીક્ષાનો વિચાર કવિને એટલો બધો આહલાદક નથી લાગતો એટલે એમણે સ્પષ્ટીકરણ કર્યું છે કે પ્રથમ પાવકમાં રાખેલા સીતાના મૂળ સ્વરૂપને ભગવાન હવે પ્રકટ કરવા માંગતા હતા, પરંતુ એ સ્પષ્ટીકરણ સંતોષકારક નથી લાગતું.

રામના આદેશાનુસાર લક્ષ્મણે અગ્નિજ્વાળા સળગાવી. સીતાએ મનોમન વિચાર્યું કે જો મારા હ્રદયમાં મન, વચન, કર્મથી રઘુવીર વિના બીજી ગતિ ના હોય તો સર્વના મનની ગતિને જાણનારા અગ્નિદેવ, તમે મારા માટે ચંદનસમાન શીતળ બનો.

સીતાએ પાવકમાં પ્રવેશ કર્યો. અગ્નિદેવે એનો હાથ પકડી, એને માટે ચંદન સમાન શીતળ બનીને, એને બહાર કાઢીને રામને અર્પણ કરી.

સીતાને રામ સિવાય બીજી કોઈ ગતિ નહોતી; એનું મન રામ સિવાય બીજે ક્યાંય નહોતું; એના હ્રદયમાં રામ સિવાય બીજા કોઈને માટે સ્વપ્ને પણ સ્થાન નહોતું; મનવચનકર્મથી એ એકમાત્ર રામને જ ભજી રહેલી; એની સુખદ પ્રતીતિ એ પ્રસંગ પરથી થઈ શકી. સંસારની સામાન્ય સ્ત્રી એવી અદભૂત નિષ્ઠા, પવિત્રતા તથા પ્રીતિથી સંપન્ન ના હોઈ શકે. અને એવી સ્નેહમૂર્તિ સીતાને હ્રદયમાં ને રોમેરોમમાં ધારી, મનવચનકર્મથી ભજનારા રસમૂર્તિ રામ પણ કેટલાં ? રામાયણના રામ અને સીતા એક હતાં. એકમેકને અનુકૂળ, એકમેકને માટે જ જીવનારા, શ્વાસોશ્વાસ લેનારાં. એટલે તો રામના પ્રસ્તાવથી સીતાને લેશ પણ માઠું ના લાગ્યું. એણે એનો વિરોધ કરવાનું વિચાર્યું પણ નહીં. એણે લક્ષ્મણને પાવક પ્રગટાવવા જણાવ્યું.

સીતાની અગ્નિપરીક્ષાની એ કથાને સાંભળીને પ્રશ્ન ઉદભવે છે કે સીતાની પવિત્રતાની કોઈયે શંકા કરેલી ? એની અગ્નિપરીક્ષાની કોઈયે માંગણી કરેલી ? વિશાળ વાનરસેનામાંથી કે લંકાના નિવાસીઓમાંથી

કોઈને એની વિશુદ્ધિ અથવા નિષ્ઠા માટે શંકા હતી ? એવી કોઈ શંકા રજૂ કરાયેલી ? અગ્નિપરીક્ષાનો વિચાર એકમાત્ર રામને જ ઉદભવેલો. એ વિચાર આદર્શ અને અનુમોદનીય હતો ? રામ શું સીતાને સાશંક નજરે નિહાળતા ? નિહાળી શકતા ? સીતાની જન્મજાત સ્વભાવગત શુદ્ધિથી, સંનિષ્ઠાથી, સ્નેહવૃતિથી સુપરિચિત નહોતા ? અગ્નિપરીક્ષા દ્વારા એમણે ક્યો વિશેષ લૌકિક પારલૌકિક હેતુ સિદ્ધ કરવાનો હતો ? ઊલટું, એક અનુચિત આધારરહિત શંકાને જગાવવાનું નિમિત્ત ઊભું કરવાનું નહોતું ? સમાજને માટે એક અનુકરણીય પ્રથાને પ્રારંભવાની નહોતી ? તો પછી એમણે એવો વિચાર કેમ કર્યો ?

સીતાની જગ્યાએ બીજી કોઈ સામાન્ય સ્ત્રી હોત તો તરત જ જણાવી શકી હોત કે હું વરસો સુધી અશોકવાટિકામાં રહી છું તેમ તમે વનમાં વસ્યા તથા વિહર્યા છો. એક બાજુ મારી અગ્નિપરીક્ષા થાય તો બીજી બાજુ તમારી. તમારે માટે પણ અગ્નિજ્વાળા સળગાવો. જગત આપણા બંનેની નિષ્ઠા, પ્રીતિ તથા પવિત્રતાને ભલે જાણે. પરંતુ સીતાને એવો વિચાર સ્વપ્ને પણ નથી આવ્યો. એ ભારતીય સંસ્કૃતિની આદર્શ, સર્વોત્તમ સન્નારીનું પ્રતિનિધિત્વ કરે છે. એનું દ્રષ્ટિબિંદુ જુદું છે. પ્રત્યેક સ્થળે, પ્રત્યેક પરિસ્થિતિમાં, એને પોતાના પ્રિય પતિ રામની ઈચ્છાને અનુસરવામાં જ આનંદ આવે છે. એમાં જ જીવનનું સાચું સાર્થક્ય સમાયેલું લાગે છે.

સીતાની અગ્નિપરીક્ષાનું અનુકરણ સમાજમાં કોણ કરવાનું હતું ? અને પોતાની તૈયારીથી કરે તોપણ શું નુકસાન થવાનું હતું ?

*

## ૧૦. દશરથનું પુનરાગમન

રામચરિતમાનસના કવિએ દશરથના પુનરાગમનનો વિશેષ પ્રસંગ આલેખ્યો છે. રાવણના મૃત્યુ પછી સીતાની અગ્નિપરીક્ષા કરવામાં આવી. તે પછી દેવોએ રામની સ્તુતિ કરી. બ્રહ્માએ પણ એમની આગવી રીતે સ્તુતિ કરી ત્યારે ત્યાં દશરથ આવ્યાં. રામને નિહાળીને એમની આંખમાં પ્રેમાશ્રુ પ્રકટ્યાં. રામે એમને લક્ષ્મણ સાથે વંદન કર્યું. દશરથે એમને આશીર્વાદ આપ્યા.

કવિ શિવના શ્રીમુખે પાર્વતીને કહેવડાવે છે કે દશરથે પોતાના મનને ભેદબુદ્ધિમાં જોડેલું હોવાથી મુક્તિ મેળવી ન હતી. સગુણની ઉપાસના કરનારા ભક્તો મોક્ષને ગ્રહણ કરતા નથી. રામ એમને પોતાની ભક્તિ આપે છે.

सगुनोपासक मोच्छ न लेहीं। तिन्ह कहुँ राम भगति निज देहीं ॥
बार बार करि प्रभुहि प्रनामा। दसरथ हरषि गए सुरधामा ॥

"પ્રભુને પૂજ્યભાવે વારંવાર પ્રણામ કરી દશરથ પ્રસન્નતાપૂર્વક દેવલોકમાં ગયા."

એ પ્રસંગનો ઉલ્લેખ સવિશેષ તો એટલા માટે કરવા જેવો છે કે રામચરિતમાનસ અન્ય પુરોગામી ગ્રંથોની જેમ મૃત્યુ પછીના દિવ્ય જીવનમાં ને દેવલોક જેવો દૈવી લોકવિશેષમાં માને છે. દશરથ પોતાના મૃત્યુના સુદીર્ઘ સમય પછી દેવલોકમાંથી આવીને રામ સમક્ષ પ્રકટ થયા. રામે લક્ષ્મણ સાથે એમના આશીર્વાદ મેળવ્યા એ ઉલ્લેખ દર્શાવે છે કે એવા અલૌકિક આત્માઓ અન્યત્ર, અન્ય સ્વરૂપે રહીને પણ, પોતાનાં પ્રિયજનોને પેખતા, મદદ પહોંચાડતા અને આશીર્વાદ આપતા હોય છે.

*

## ૧૧. પુષ્પક વિમાન

લંકાના અતિભીષણ સંગ્રામમાં રામે ઐતિહાસિક વિજય પ્રાપ્ય કર્યો અને વિભીષણને લંકેશ બનાવ્યો. એ પછી વિભીષણને આદેશ આપ્યો એટલે વિભીષણે પુષ્પક વિમાનમાં મણિ, ઘરેણાં અને વસ્ત્રોને લઈને વ્યોમમાંથી વરસાવ્યા.

રામચરિતમાનસમાં લખ્યું છે કે રીંછો તથા વાનરોએ કપડાં તથા ઘરેણાંને ધારણ કર્યાં. એમને દેખીને રામ ભાવવિભોર બનીને હસવા લાગ્યા.

**भालु कपिन्ह पट भूषन पाए। पहिरि पहिरि रघुपति पहिं आए ॥**
**नाना जिनस देखि सब कीसा। पुनि पुनि हँसत कोसलाधीसा ॥**

ઉપર્યુક્ત વર્ણન સ્પષ્ટ રીતે સુચવે છે કે રીંછો તથા વાનરો પશુઓને બદલે માનવો જ હતા. ભાલુ તથા વાનર માનવોની જાતિ જ હતી. પશુઓ કપડાં તથા ઘરેણાંને પહેરતાં નથી; મનુષ્યો જ પહેરે છે. વિમાનમાંથી વસ્ત્રો ને ઘરેણાંને પશુઓને માટે વરસાવવાની કલ્પના પણ કોઈ કરતું નથી. તેવી પ્રવૃતિ અને વૃતિ અજ્ઞાનમૂલક કહેવાય છે ને મૂર્ખતામાં ખપે છે. કપડાં અને ઘરેણાં માનવોને માટે જ વરસાવવામાં આવે છે.

લંકામાંથી રામે સીતા લક્ષ્મણ અને અન્ય સહયોગીઓ સાથે અયોધ્યા પહોંચવા માટે પુષ્પક વિમાનમાં બેસી પ્રયાણ કર્યું. એ ઉલ્લેખ બતાવે છે કે રામાયણકાળમાં સેતુ રચનાની જેમ રાવણના દિવ્ય ગગનગામી રથ અને વિમાનના નિર્માણની વિદ્યા હસ્તગત હતી. પ્રજા ભૌતિક વિકાસના ક્ષેત્રમાં પણ આશ્ચર્યકારક રીતે આગળ વધેલી અને સુસમૃદ્ધ બનેલી.

*

# ઉત્તર કાંડ

## ૧. રામરાજ્યનું વર્ણન

ભગવાન રામ અયોધ્યામાં પાછા ફર્યા પછી પ્રજાએ એમનો રાજ્યાભિષેક કર્યો. રામ જેવા પ્રજાપાલક રાજા હોય પછી પ્રજાની સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિ, શાંતિ અને પ્રસનન્નતાનો પાર ના હોય એ સહેજે સમજી શકાય તેવું છે. રામનું રાજ્ય એટલે આદર્શ રાજ્ય. એવા રામરાજ્યની આકાંક્ષા સૌ કોઈ રાખતા હોય છે. રામચરિતમાનસના ઉત્તરકાંડમાં એનો પરિચય કરાવતાં કહેવામાં આવ્યું છેઃ

**राम राज बैठें त्रेलोका। हरषित भए गए सब सोका ॥**

**बयरु न कर काहू सन कोई। राम प्रताप बिषमता खोई ॥**

"રામચંદ્રજી રાજા બનતાં ત્રણે લોક હર્ષ પામ્યા. સર્વ પ્રકારના શોક દૂર થયા. કોઈ કોઈની સાથે વેર નહોતું કરતું. રામની કૃપાથી સૌ ભેદભાવથી મુક્ત થયા."

"સૌ લોકો પોતપોતાના વર્ણાશ્રમધર્મમાં રત રહીને વેદમાર્ગે આગળ ચાલતા અને સુખ પામતા. કોઈને કોઈ પ્રકારનો ભય, શોક કે રોગ ન હતો."

"રામરાજ્યમાં કોઈને આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક તાપ વ્યાપતા નહોતા. સૌ પરસ્પર પ્રેમ કરતાં અને વેદોક્ત નીતિમર્યાદા પ્રમાણે ચાલતાં પોતાપોતાના ધર્મમાં રત રહેતાં."

**चारिउ चरन धर्म जग माहीं। पूरि रहा सपनेहुँ अघ नाहीं ॥**

**राम भगति रत नर अरु नारी। सकल परम गति के अधिकारी ॥**

"ધર્મ ચારે ચરણથી જગતમાં પૂર્ણપણે પ્રસરેલો. સ્વપ્ને પણ કોઈ પાપ નહોતું કરતું. સ્ત્રીપુરુષો રામભક્તિરત હતાં ને પરમગતિના અધિકારી બનેલાં."

"નાની ઉંમરમાં કોઈનું મૃત્યુ થતું નહોતું. કોઈ પીડાગ્રસ્ત નહોતું. સૌ સુંદર તથા નિરોગી હતા. કોઈ પણ દરિદ્ર, દુઃખી કે દીન નહોતું. કોઈ મૂર્ખ કે અશુભ લક્ષણોવાળું દેખાતું નહોતું."

"બધાં દંભરહિત, ધર્મપરાયણ, પુણ્યશાળી હતાં. પુરુષો તથા સ્ત્રીઓ ચતુર અને ગુણવાન. સર્વે ગુણોનો આદર કરનાર અને પંડિત. જ્ઞાની તથા કૃતજ્ઞ. કપટ તથા ધૂર્તતાથી મુક્ત."

"રામના રાજ્યમાં હે પક્ષીરાજ ગરુડ, સાંભળો. જડચેતનાત્મક જગતમાં કોઈને કાળ, કર્મ, સ્વભાવ તથા ગુણોથી દુઃખો ન હતાં."

**राम राज नभगेस सुनु सचराचर जग माहिं ॥**

**काल कर्म सुभाव गुन कृत दुख काहुहि नाहिं ॥ २१ ॥**

"સૌ ઉદાર, પરોપકારી. સઘળાં બ્રાહ્મણોનાં ચરણોનાં સેવક. સર્વ પુરુષો એકપત્નીવ્રતવાળા. સ્ત્રીઓ પણ મન, વચન, કર્મથી પતિનું હિત કરનારી. દંડ કેવળ સંન્યાસીઓના હાથમાં હતો, ને ભેદ નૃત્ય કરનારાના નર્તકસમાજમાં. જીતવાની વાત કેવળ મનને જીતવા પૂરતી જ સંભળાતી. ગાયો ઈચ્છા પ્રમાણે દુધ આપતી. ધરતી સદા ધાન્યપૂર્ણ રહેતી. ત્રેતાયુગમાં જાણે સત્યુગની સ્થિતિ થયેલી. પક્ષીઓ સુમધુર શબ્દો બોલતાં. વિવિધ પશુવૃંદ વનમાં નિર્ભય બનીને વિહરતાં; આનંદ કરતાં. હાથી તથા સિંહો વેરભાવને ભૂલીને એકસાથે રહેતાં. પક્ષી તથા પશુઓ સ્વાભાવિક વેરને વિસારીને પરસ્પર પ્રેમથી રહેતાં."

फूलहिं फरहिं सदा तरु कानन। रहहि एक सँग गज पंचानन ॥
खग मृग सहज बयरु बिसराई। सबन्हि परस्पर प्रीति बढ़ाई ॥

"પર્વતોએ મણિઓની ખાણો ખોલેલી. સૂર્ય જરૂર જેટલું તપતો. મેઘ માગ્યા પ્રમાણે પાણી દેતા."

રામાયણની રામરાજ્યની એ ભાવના આજે પણ વખણાય છે. આજે રામરાજ્યની એટલે આદર્શ રાજ્યની વિભાવનામાં સહેજ ફેર પડ્યો છે. એટલે એનું અલગ, થોડુંક સંશોધન-સંવર્ધન સાથેનું રેખાચિત્ર રજૂ કરવાનું આવશ્યક લેખાય. આજના આદર્શ રામરાજ્યમાં ભૌતિક સમૃદ્ધિ સંપત્તિ શાંતિ તો હોય જ પરંતુ સાથે સાથે માનવમનની ઉદાત્તતા હોય; વિચાર, વાણી, વ્યવહારને વ્યક્ત કરવાની નિર્ભીકતા, સ્વતંત્રતા, સહજતા હોય. માનવનું માન કરાતું હોય. એના અંતરાત્માનું અપમાન નહીં કિન્તુ સન્માન, એના આત્માનું ઊર્ધ્વીકરણ હોય. આજના આદર્શ રામરાજ્યમાં કાયદાની અટપટી ઈન્દ્રજાળો ના હોય. ભ્રષ્ટાચારની, છળકપટની, લાંચરુશ્વતની, મોંઘવારીની, સત્તાના એકાધિકારવાદ કે કુટુંબ પરિવારવાદની ભ્રમજાળ ના હોય. વ્યસન, હિંસા, શોષણનો સર્વથા અભાવ હોય. સૌની સુખાકારી સમુન્નતિ હોય. યુદ્ધ, ઘર્ષણ, શસ્ત્રદોટ, બીજાનું પચાવી પાડવાની, હડપવાની આસુરી વૃતિ તથા પ્રવૃતિ ના હોય. વ્યાધિ, વેદના, વિટંબણામાંથી મુક્તિ હોય. માનવતાની માવજત હોય. સર્વત્ર કર્તવ્યનિષ્ઠા હોય.

*

## ૨. કાકભુશુંડિની કથા

ઉત્તરકાંડમાં કાકભુશુંડિ ઋષિની રસમય કથાને મૂકવામાં આવી છે. એ કથા અદભૂત અને પ્રેરક છે.

ભગવાન શંકરની સુચનાનુસાર ગરુડજી પોતાની રામવિષયક શંકાના સમાધાન માટે કાકભુશુંડિ ઋષિની પાસે ગયા. ઋષિના દર્શન પહેલાં પર્વતના દર્શનથી જ એમનો પ્રાણ પ્રસન્ન થયો. એમનું મન સર્વપ્રકારની માયા તથા શોકમોહની દુઃખદ વિપરીત વૃતિમાંથી મુક્તિ પામ્યું.

કાકભુશુંડિ કથાનો આરંભ કરવાના હતા તે વખતે ગરુડજી એમની પાસે પહોંચી ગયા.

કાકભુશુંડિ ઋષિની અતિ અદભૂત લોકોત્તર શક્તિ પ્રત્યે એ વર્ણન દ્વારા પરોક્ષ રીતે અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે. ઋષિ, મુનિ, યોગી પોતાના દર્શન કે સમાગમથી શાંતિ આપે છે ને રાહત બક્ષે છે, પરંતુ કાકભુશુંડિ જે શાંત સુંદર સ્થાનમાં વસે છે તે સ્થાનની આસપાસના પ્રદેશનાં પરમાણુઓ જ એટલાં બધાં પવિત્ર ને શક્તિશાળી હતાં કે એમને લીધે ગરુડની કાયાપલટ થઈ ગઈ. સાધનાનું કેવું અમોઘ અસાધારણ શક્તિપરિણામ ? કાકભુશુંડિનું વ્યક્તિત્વ સૂચવે છે કે પરમાત્મદર્શી પરમ પવિત્ર મહાપુરુષના તનમન અંતરમાંથી પ્રાદુર્ભાવ પામતાં દિવ્ય પરમાણુઓ એની આજુબાજુના વાયુમંડળમાં ફરી વળે છે તે અન્યને ઉપયોગી થાય છે.

કાકભુશુંડિ ઋષિની યોગ્યતાનું ઉપલક વર્ણન ગરુડજીના પોતાના શબ્દોમાં આ પ્રમાણેઃ

तुम्ह सर्बग्य तन्य तम पारा। सुमति सुसील सरल आचारा ॥
ग्यान बिरति बिग्यान निवासा। रघुनायक के तुम्ह प्रिय दासा ॥

" તમે સર્વજ્ઞ, પરમવિદ્વાન, માયારૂપી અંધકારથી પર, સન્મતિસંપન્ન, સુશીલ, સરળ આચરણવાળા, જ્ઞાનવૈરાગ્ય વિજ્ઞાનના ભંડાર તથા રઘુનાથના પ્રિય દાસ છો."

नाथ सुना मैं अस सिव पाहीं। महा प्रलयहुँ नास तव नाहीं ॥

"મેં શંકર પાસેથી એવું સાંભળ્યું છે કે મહાપ્રલયમાં પણ તમારો નાશ નથી થતો. તમને અતિભયંકર કાળ વ્યાપતો નથી તેનું કારણ શું ? એ જ્ઞાનનો પ્રભાવ છે કે યોગનું બળ ?"

तुम्हहि न ब्यापत काल अति कराल कारन कवन।
मोहि सो कहहु कृपाल ग्यान प्रभाव कि जोग बल ॥

કાકભુશુંડિ પોતાની અસાધારણ યોગ્યતાનો સમગ્ર યશ જ્ઞાનપ્રભાવને કે યોગબળને આપવાને બદલે ભગવાનની ભક્તિને ને કૃપાને આપે છે. એમનો વિકાસ ભક્તિની સાધના પદ્ધતિથી જ થયેલો છે.

*

## ૩. કાકભુશુંડિનો પૂર્વવૃતાંત

રામચરિતમાનસમાં કાકભુશુંડિએ ગરુડને પોતાનો પૂર્વવૃતાંત કહ્યો છે. એ પૂર્વજન્મોના વૃતાંતથી પૂરવાર થાય છે કે રામચરિતમાનસના કવિ જન્માંતરમાં અને જન્માંતરના જ્ઞાનમાં વિશ્વાસ ધરાવે છે.

કાકભુશુંડિ એમના એક જન્મમાં અયોધ્યાપુરીમાં શૂદ્રરૂપે જન્મેલા. કેટલાંય વરસો સુધી અયોધ્યામાં રહ્યા પછી અકાળ પડવાથી વિપત્તિને વશ થઈને પરદેશ ગયા. ઉજ્જૈનમાં વસીને સંપત્તિ પામીને શંકરની સેવા કરવા લાગ્યા.

ત્યાં એક પરમાર્થજ્ઞાતા શિવભક્ત બ્રાહ્મણે એમને ભગવાન શંકરનો મંત્ર અને ઉપદેશ આપ્યો. એ શંકરના મંદિરમાં બેસીને મંત્રનો જપ જપવા લાગ્યા. એક દિવસે એ એમના નિયમ મુજબ મંત્રજપમાં પ્રવૃત હતા ત્યારે શિવમંદિરમાં એમના ગુરુએ પ્રવેશ કર્યો. એમણે એમને અભિમાનને લીધે ઉઠીને પ્રણામ ના કર્યા. દયાળુ ગુરુને તો એથી કશું ખરાબ ના લાગ્યું પરંતુ એમના અપમાનને ભગવાન શંકર સહી ના શક્યા. ભગવાન શંકરે એમને આકાશવાણી દ્વારા કોઈક વિશાળ વૃક્ષના કોતરમાં સર્પ બનીને પડી રહેવાનો આદેશ આપ્યો.

શાપને સાંભળીને દુઃખી બનેલા ગુરુએ ભગવાન શંકરની સ્તુતિ કરી. એથી પ્રસન્ન બનેલા ભગવાને વરદાન માંગવા જણાવ્યું. ગુરુએ દયા માટે માગણી કરી ત્યારે ભગવાને કહ્યું કે મારો શાપ વ્યર્થ નહિ જાય. એ હજારો જન્મો પામશે, પરંતુ જન્મમરણના અસહ્ય દુઃખમાંથી મુક્તિ મેળવશે અને કોઈપણ જન્મમાં એનું પૂર્વજ્ઞાન નહિ મટે.

ભગવાને કાકભુશુંડિને અસ્ખલિત ગતિનો એટલે ઈચ્છાનુસાર જ્યાં પણ જવું હોય ત્યાં જઈ શકાય એવો આશીર્વાદ આપ્યો. ગુરુને એથી આનંદ થયો.

કાકભુશુંડિને શાપને અનુસરીને વિંધ્યાચળમાં સર્પનું શરીર મળ્યું.

કાકભુશુંડિના પૂર્વવૃતાંતનો એ પ્રસંગ રસદાયક હોવા છતાં એના પરથી છાપ પડવાનો સંભવ રહે છે કે કાકભુશુંડિના ગુરુ કરતાં ભગવાન શંકર વધારે ઉગ્ર હતા અને એટલે જ સહેલાઈથી ક્રોધે ભરાઈને શાપ આપી બેઠા. કોમળ હૃદયના ગુરુએ એ શાપશ્રવણથી વ્યથિત બનીને એના નિવારણ માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને લક્ષમાં લઈને ભગવાને વિશેષ અનુગ્રહાત્મક વચનો કહ્યા. એ ઘટનાપ્રસંગ એવું માનવા-મનાવવા

પ્રેરે કે ગુરુનું વ્યક્તિત્વ ભગવાન શંકરના વ્યક્તિત્વ કરતાં વધારે વિશુદ્ધ, વિવેકી, શાંત અને સમુદાર હોવું જોઈએ.

કાકભુશુંડિ મંદિરમાં મંત્રજપ કરવા બેઠેલા તે વખતે ગુરુ પધારેલા. ગુરુને જોઈને ઊભા થઈને એમનો સમુચિત સત્કાર ના કર્યો એ એમનો અપરાધ. તટસ્થ રીતે વિચારીએ તો એને અપરાધ અથવા અક્ષમ્ય અપરાધ, સર્પ બનવાનો શાપ આપવા પ્રેરે એવો અક્ષમ્ય અપરાધ ગણી શકાય ? કોઈ સાધક મંત્રજપ કરતો હોય તો તેણે ગુરુ આવે તો જપને અધૂરા મૂકીને ઊભા થઈ જવું જોઈએ ? તે જપ કે પાઠપ્રાર્થનાને ચાલુ રાખે ને પોતાના સાધનાત્મક અભ્યાસક્રમને કે નિયમને વળગી રહે તો તેથી ગુરુનું કે કોઈનું અપમાન કેવી રીતે થાય અને ભગવાન કોપાયમાન શા માટે થાય ? ગુરુ કે ભગવાન તો તેની સાધનાપરાયણતાને પેખીને પ્રસન્ન થાય.

એ ઘટનાપ્રસંગ કવિકલ્પના હોય એ બનવાજોગ છે. એ કલ્પનાના મૂળમાં ગુરુમહિમાનો વિચાર રહેલો છે.

એ પ્રસંગે કરાયેલી શિવસ્તુતિને ભગવાન શંકરની સર્વોત્તમ અમર સ્તુતિએમાંની એક તરીકે લેખી શકાય. એના ભાષા, ભાવમયતા, તાલબદ્ધતા, સરળતા, સહજતા, પ્રાસાદિકતા ખરેખર અનુપમ, અદ્વિતીય, અવર્ણનીય છે. રામચરિતમાનસની અન્ય અનેક સ્તુતિઓમાં એ સ્તુતિ નોંધપાત્ર, અગ્રગણ્ય સ્થાન ધરાવે છે, ધરાવશે ને ભક્તોને તથા પંડિતોને પ્રેરણા પાશે. એ સ્તુતિ શિવભક્તોએ અને સંસ્કૃત સાહિત્યપ્રેમીઓએ કંઠસ્થ કરવા જેવી ને વારંવાર વાંચવા જેવી છે.

*

## ૪. બીજો શાપપ્રસંગ

કાકભુશુંડિના જીવનમાં શાપનો બીજો એક પ્રસંગ બન્યો. કેટલાક જન્મો પછી બ્રાહ્મણકુળમાં જન્મ મળતાં એમણે ભગવાન રામની ભક્તિમાં મન પરોવ્યું. માતાપિતાના મૃત્યુ પછી એમણે ગૃહત્યાગ કરીને વનમાં વિહરવા માંડ્યું. એક ધન્ય દિવસે એ સુમેરુ પર્વતના શિખર પર વિરાજમાન લોમશમુનિ પાસે પહોંચ્યા. મુનિને એમણે પરબ્રહ્મની આરાધના વિશે પ્રશ્ન પૂછતાં મુનિએ નિર્ગુણની ઉપાસનાનો ઉપદેશ આપ્યો. એમણે સગુણ ઉપાસનાનો આગ્રહ અવારનવાર ચાલુ રાખતાં મુનિએ ક્રોધે ભરાઈને એમને કાકપક્ષી થવાનો શાપ આપ્યો.

મુનિએ પાછળથી એમને રામમંત્ર પ્રદાન કર્યો. એ ઉપરાંત કહ્યું કે તું સદા રામને પ્રિય, મંગલ ગુણોનો ભંડાર, ઈચ્છાનુસાર રૂપ ધરનાર, માનરહિત, ઈચ્છામૃત્યુવાળો તથા જ્ઞાનવૈરાગ્યનો ભંડાર બન. તું જે આશ્રમમાં ભગવાનનું સ્મરણ કરતો રહીશ ત્યાંથી એક યોજનના વિસ્તાર સુધી અવિદ્યા નહીં વ્યાપે. કાળધર્મ, ગુણદોષ તથા સ્વભાવથી થતાં દુઃખો તને મહિ થાય. તને રામચરણમાં નિત્ય નૂતન પ્રેમ થશે, ને તું જે ઈચ્છીશ તે શ્રીહરિની કૃપાથી સુલભ બનશે.

શાપ એવી રીતે અનુગ્રહમાં પરીણમ્યો.

કાકભુશુંડિને કાગડાની કાયાની પ્રાપ્તિ થઈ. એમાં રહીને એમણે રામભક્તિ કરવા માંડી, રામકૃપા મેળવી, ને જીવનમુક્તિનો આનંદ અનુભવ્યો.

*

## ૫. ભક્તિનો મહિમા

ઉત્તરકાંડમાં મોટેભાગે કાકભુશુંડિ ઋષિ તથા ગરૂડનો સંવાદ છે. એને ઉત્તરકાંડને બદલે કાકભુશુંડિકાંડ પણ કહી શકાય. એમાં ભક્તિનો મહિમા વર્ણવેલો છે. ભક્તિ સઘળાં સાધનોના સારરૂપ હોવાથી બીજાં સાધનોને ગૌણ ગણીને એનો જ આધાર લેવો જોઈએ એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

सब कर मत खगनायक एहा। करिअ राम पद पंकज नेहा ॥
श्रुति पुरान सब ग्रंथ कहाहीं। रघुपति भगति बिना सुख नाहीं ॥

"હે પક્ષીરાજ ગરૂડ, સૌનો મત રામચંદ્રના ચરણકમળમાં પ્રેમ કરવો તે જ છે. વેદપુરાણ તથા બીજા બધા ધર્મગ્રંથો જણાવે છે કે રામની ભક્તિ સિવાય સુખ નથી સાંપડતું."

एहिं कलिकाल न साधन दूजा। जोग जग्य जप तप ब्रत पूजा ॥
रामहि सुमिरिअ गाइअ रामहि। संतत सुनिअ राम गुन ग्रामहि ॥

"આ કલિયુગમાં યોગ, યજ્ઞ, જપતપ, પૂજા, વ્રત, કોઈપણ સાધન કામ નથી લાગતું. રામનું જ સ્મરણ, રામના ગુણોનું જ્ઞાન, રામગુણશ્રવણ અથવા રામનામનું સંકીર્તન એ જ કેવળ સાધન છે."

રામકથાનું શ્રવણમનન પણ રામની ભક્તિને પામીને જીવનને રામમય તથા ધન્ય બનાવવા માટે જ છે.

*

## ૬. ઉપસંહાર

રામચરિતમાનસના કવિ ઉપસંહાર વખતે અધિકાર-અનધિકારની વિચારણા કરતાં લખે છેઃ

यह न कहिअ सठही हठसीलहि। जो मन लाइ न सुन हरि लीलहि ॥
कहिअ न लोभिहि क्रोधहि कामिहि। जो न भजइ सचराचर स्वामिहि ॥

"જે શઠ હોય, હઠીલો હોય, શ્રીહરિની લીલાઓને સાંભળવાની રુચિ રાખતો ના હોય, એને આ કથા ના કહેવી. જે લોભી, કામી, ક્રોધી હોય અને ચરાચરના સ્વામી શ્રીરામને ના ભજતો હોય તેને પણ આ કથા ના કહેવી."

द्विज द्रोहिहि न सुनाइअ कबहूँ। सुरपति सरिस होइ नृप जबहूँ ॥
राम कथा के तेइ अधिकारी। जिन्ह कें सतसंगति अति प्यारी ॥

"જે બ્રાહ્મણોના દ્રોહી હોય, તે ઈન્દ્ર જેવો ઐશ્વર્યશાળી સમ્રાટ હોય તોપણ આ કથા કદી ના સંભળાવવી. જેને સંતસમાગમ અતિશય પ્રિય હોય તે જ રામકથાનો અધિકારી છે."

गुर पद प्रीति नीति रत जेई। द्विज सेवक अधिकारी तेई ॥
ता कहँ यह बिसेष सुखदाई। जाहि प्रानप्रिय श्रीरघुराई ॥

"જેને ગુરુનાં ચરણોમાં પ્રીતિ હોય, જે નીતિપરાયણ તથા બ્રાહ્મણોનો સેવક હોય. તે રામકથાનો અધિકારી છે. જેને રામ પ્રાણપ્રિય હોય તેને આ કથા સવિશેષ સુખ આપનારી થાય છે."

કવિ છેલ્લે છેલ્લે જણાવે છેઃ

राम चरन रति जो चह अथवा पद निर्बान।
भाव सहित सो यह कथा करउ श्रवन पुट पान ॥

"જે રામચરણમાં પ્રેમ અથવા નિર્વાણને ઈચ્છતો હોય તે આ કથારસનું પોતાના કાનરૂપી પડિયાથી પ્રેમપૂર્વક પાન કરે."

રામચરિતમાનસના અધિકાર-અનધિકાર પ્રત્યે કવિએ એવી રીતે અંગૂલિનિર્દેશ કર્યો છે. એ બધી અસાધારણ યોગ્યતાઓનો આગ્રહ રાખવામાં આવે તો ઘણા ઓછા રસિકો રામકથાનો લાભ લઈ શકે. હજારોની સંખ્યામાં કથાશ્રવણ માટે એકઠા થનારા શ્રોતાઓની સંખ્યા પણ ઘટી જાય. વક્તાઓ પણ ઓછા થાય. આપણે એટલું અવશ્ય કહીએ કે રામકથાના અધિકારી ભલે સૌ કોઈને માનવામાં આવે, પરંતુ મહત્વની વાત એ છે કે કથાનો લાભ લેનાર કેવળ કથાથી જ કૃતકૃત્ય બનીને બેસી રહેવાને બદલે એને માટે જરૂરી યોગ્યતાને મેળવવાનું ધ્યાન રાખે ને જીવનને પ્રભુપરાયણ બનાવે. કવિનો હેતુ ત્યારે જ સિદ્ધ થઈ શકે. રામચરિતમાનસનો લાભ લેનારે પાર્વતીની પેઠે અનુભવવું જોઈએ કે

मैं कृतकृत्य भइउँ अब तव प्रसाद बिस्वेस।
उपजी राम भगति दृढ़ बीते सकल कलेस ॥

"હે વિશ્વેશ, હું આપના અનુગ્રહથી કૃતકૃત્ય છું. મારા હૃદયમાં દ્રઢ રામભક્તિ જાગી છે ને મારા સઘળા ક્લેશો શાંત થયા છે."

ઉત્તરકાંડમાં કરવામાં આવેલું માનસરોગનું વર્ણન ખાસ વાંચવા જેવું છે.

માનસરોગ શબ્દપ્રયોગ મૌલિક, સારગર્ભિત અને સુંદર છે.

એમાં ચર્ચાયેલા, પૂછાયેલા ને પ્રત્યુત્તર પામેલા સાત પ્રશ્નો પણ રસમય છે.

*

## ૭. પૂર્ણાહુતિ

રામચરિતમાનસમાં વિદ્વાનોને અથવા ભાષાશાસ્ત્રશુદ્ધિના હિમાયતીઓને જોડણીની વિકૃતિ અને ભાષાની અશુદ્ધિ સ્થળે સ્થળે દેખાશે. પરંતુ કવિએ પોતાની પ્રાદેશિક પ્રચલિત તળપદી ભાષામાં કવિતારચના કરી હોવાથી એમને એવી રીતે સમજવાથી ન્યાય કરી શકાશે. અલબત્ત, ભાષા તથા જોડણીની શુદ્ધિવાળી હિંદીની એક અલગ આવૃતિ મૂળ રામચરિતમાનસ પરથી તૈયાર થઈ શકે. એવી આવૃતિ આવકારદાયક લેખાય. એ કાર્ય હિંદી ભાષાના રસજ્ઞોએ કરવા જેવું છે. રામચરિતમાનસના કવિ પાસે વિપુલ ભાષાવૈભવ છે, મૌલિક કલ્પનાશક્તિ છે. થોડામાં વધારે રહેવાની કુદરતી શક્તિ છે. એમની કવિતાશક્તિ સહજ છે. શબ્દો, ભાવો, ઉપમાઓ, સમયોચિત સંવાદો, અલંકારો અનાયાસે રચાતા જાય છે.

કથામાં દેવો અવારનવાર રાહ જોઈને બેઠા હોય તેમ વાદ્યો વગાડે છે ને પુષ્પો વરસાવે છે. એવાં વર્ણનો વારંવાર આવે છે. તોપણ કવિતા એકંદરે અદભૂત, આનંદદાયક, અંતરને અનુપ્રાણિત કરનારી બની છે એમાં સંદેહ નથી. એની અંદર આવતી ઉપકથાઓ અને કથાના વધારે પડતા વિસ્તારો, સમય સમય પર અપાતા સીધા ઉપદેશો અને વારંવારની કરવાને ખાતર કરવામાં આવતી સ્તુતિઓ કેટલીકવાર કૃત્રિમતા

પેદા કરે છે. એમનાથી કૃતિને મુક્ત રખાય તો એ કૃતિ સર્વોત્કૃષ્ટ સાહિત્યકૃતિમાં સ્થાન પામી શકે. એના એ અવરોધને દૂર કરવાની આવશ્યકતા હતી.


રામચરિતમાનસનું આ વિહંગાવલોકન એના પ્રાતઃસ્મરણીય કવિ અને એની પ્રત્યેના પ્રેમાદરભાવથી પ્રરાઈને તટસ્થભાવે કરાયેલું છે. એના અંતે એ કૃતિ અને એના સ્વનામધન્ય કવિ પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. રામચરિતમાનસની રચના દ્વારા કવિએ મહાન કલ્યાણકાર્ય કર્યું છે. એને માટે એમનો જેટલો પણ ઉપકાર માનીએ એટલો ઓછો છે. એ સર્વપ્રકારે સન્માનનીય, આદરના અધિકારી છે. એનો લાભ જનતા જેટલા પણ વધારે પ્રમાણમાં લે એટલો ઓછો છે.

* * * * *

સમાપ્ત

* * * * *

**About the Author**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ – ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા

શાસ્ત્રાધ્યયનને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર

હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

# શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં(In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas) |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય -▪ મા સર્વેશ્વરી એક પરિચય - |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા |
| **ભજનો** | અભીપ્સા ▪ અર્પણ ▪ અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર)▪ **રામચરિતમાનસ** ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મિણી ▪ ગાંધી ગૌરવ ▪રસામૃત (રામકૃષ્ણ) |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર)▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on the Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**